6. GROUND OF ORDER OF DETENTION TO BE DISCLOSED TO PERSON AFFECTED BY THE ORDER.-Where an order is made in respect to any person under clause (b) of sub-section (1) of section 2 as soon as may be after the order is made, and where before the commencement of this Ordinace an order has been made in respect of any person under clause (b) of sub-rule (1) of rule 26 of the Defence of India Rules as applied to the Kutch State, as soon as may be after the commencement of this Ordinance, the authority making or which made the order shall communicate to the person affected thereby so far as such communication can be made without disclosing facts which the said authority considers it would be against the public interest to disclose, the grounds on which the order has been made against him and such other particulars as are in the opinin of such authority sufficient to enable him to make if he wishes a representation against the order, and such person may at any time thereafter make a representation in writing to such authority against the order, and it shall be the duty of such authority to inform such person of his right of making such representation and to afford him the earliest practical opportunity of doing so.

7. ORDER OF DETENTION MADE IN PURSUANCE OF DELEGATION UNDER SECTION 4 TO BE REPORTED TO GOVERNMENT FOR CONFIRMATION.- When any order is made in respect of any person under clause (b) of sub-section (1) of section 2 by an Officer or authority empowered in pursuance of section 4, that, officer or authority shall forthwith report the fact to the Kutch Government, and the Government shall, after considering all the circumstances of the case incuding any representation made by the person affected by the order, make an order confirming or cancelling the order.

8. DURATION OF ORDERS OF DETENTION MADE UNDER SECTION 2.- No order made or deemed under the provisions of section 5 to have been made under clause (b) of sub-section (1) of section 2 shall be in force for more than six months from the date on which it is made:

Provided that the Kutch Government may, after a further consideration

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર
શ્રી હજુર કોર્ટ

નં. ખા. દી. પ. અપીલ નંબર ૪૨ સંવત ૧૯૯૯
ઠા. મુલજી આસુ લખપત એપેન્લેટ
ઠા. ઉમરસી વેલજી વિ. લખપત રીસ્પોડેન્ટ
બાબત
નાદાર ન ઠરાવવાનો ઠરાવ રદ થવા

ઠા. ઉમરસી વેલજી લખપતનાને ખબર આપવામાં આવે છે કે આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલ છે તેનો તપાસ સવંત ૨૦૦૧ ના અષાડ વીદ ૧૦ શનીવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેસર થશે.

મિતી જેઠ વીદ ૧૨ શનીવાર સંવત ૨૦૦૦

જયસુખલાલ હરજીવન શુકલ
મે જ્યુ. આસી. સાહેબના હુકમથી
For શિરસ્તેદાર હજુર કોર્ટ

જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે નુધાતડના જાડેજા આસારીયાજી મદારસંગજીએ વિજાણુના જાડેજા હમીરજી સાહેબજી ઉપર નુધાતડ જાગીરના ગામ ખારવા તથા વિજાણુ જાગીરના ગામ મોટી રાયધણુજર વચેનાસીમાસેડા જે નકી થએલ છે તેની ઉતરાદી તથા ઉગમણી તરફની જમીન નુંધાતડ જાગીરની છે તેવુ ડેકલેરેસન મળવા તથા કાઢી નાખેલ હદના પથરા નખાવી પારીઓ ખોડી આપવા તથા તૈયાર કરી આપવાનુ Mandatory injunction મળવા બાબતનો દાવો કર્યો છે અને તેમાં તેણે મારજી નામાં લખ્યા ભાયાતોની વતીથી દાવો કરવામાં આવેલ છે

૧ જાડેજા જેસલજી માનસંગજીનુ ધાતડ હાલે ભુજ
૨ જાડેજા જીવુભા લખાજી નુધાતડ હાલે ભુજ
૩ ,, ખેગારજી જેઠીજી નુધાતડ ,, ,,
૪ ,, વીરમજી પચાણજી ,, ,,
૫ ,, માનસંગજી નોંગણજી નુધાતડ હાલે ભુજ
૬ ,, ગોવીંદજી સાહેબજી નુધાતડ

અને તેમાં તેણે એવી અરજ કરી છે કે કચ્છ દીવાની કાયદાની કલમ ૨૨ મુજબ આ દાવો ગામ નુધાતડના બધા ભાયાતો તરફથી તથા અમારા તરફથી ચલાવવા પરવાનગી અપાવશો તો અરજદાર જણાવે છે તે પ્રમાણે બધા ભાયાતોની વતીથી દાવો ચલાવવાની પરવાનગી શા માટે ન આપવી તે બાબતનો જવાબ દેવા સાં. ૨૦૦૧ના અષાડ વીદ ૯ શુક્રવાર તા. ૧૪-૭-૪૪ના રોજ હાજર થઇ જે કાઇ તકરાર લેવી હોય તે તારીખે હાજર થજો જો મુદતસર હાજર નહી થાઓ તો પાછળથી કોઇનુ કાઈ સાંભળવામાં આવશે નહી.

જેઠ વીદ ૧૦ ગુરૂ શા ૨૦૦૦

શીવલાલ છગનલાલ
મે. પ્રેસીડન્ટ જાડેજા કોર્ટના હુકમથી

દુશ્મનોએ પાથરેલી માઇન્સને લગતી બાતમી આપવા બદલ પબ્લીકને આપવામાં આવનારૂં ઇનામ.

—— 0 ——

નામદાર હિંદુસ્તાનની સરકારે દુષ્મનોની લડાયક જહાજો દુષ્મનો તરફથી પાથરવામાં આવતી માઇન્સની પ્રવૃતિ તથા માઇન્સ દરીયામાં અગર કીનારા ઉપર નાખેલી હોય તેને લગતી કીંમતી અને ભરોષા પાત્ર બાતમી આપવા બદલ આમ જનતાને ઇનામો આપવાની જાહેરાત કરી છે. ઇનામની વિગત નીચે મુજબ છે:—

ખરી બાતમી જે વહેલી તકે આપવામાં આવી હોય અને જેના થકી કોઇ પણ દુષ્મનનું મહત્વનું લડાયક જહાજ પકડાય અગર નાશ પામે તે બદલ રૂપીયા ૧૨૫૦૦ બાર હજાર પાંચસો જેટલી રકમ વધુમાં વધુ ઇનામ તરીકે આપવામાં આવશે.

દુષ્મનના લડાયક જહાજની હીલચાલ અને પ્રવૃતિ જેમાં તે જહાજો કે જે માઇન્સ નાંખે છે તેનો પણ સમાવેશ થઈ જાય છે, તેને લગતી ખરી બાતમી વહેલી તકે આપવા બદલ રૂપીઆ ૬૦૦ છસો ઇનામ આપવામાં આવશે.

દુષ્મનની તરતી અગર સ્થીર માઇન્સ અગર પેરેસ્યુટ માઇન્સના પડવાથી અગર બ્રીટીસ તરતી યા એરક્રાફ્ટ માઇન્સ, કોઇ પણ વહાણ અગર સ્ટીમર વગેરે જઇ શકે તેવા દરીયા અગર પાણીમાં હોવાની જે સલ્લ અગર જહાજ પહેલવહેલી સાચી બાતમી આપશે તેને રૂપીયા ૬૦ સાઠ ઇનામ આપવામાં આવશે.

બ્રીટીસ અગર પરદેશી માઇન્સ દરીયા કીનારે ઘસડાઇ આવી હોય અને પાછી મેળવવામાં આવી હોય તેની પહેલવહેલી બાતમી આપવા બદલ રૂ. ૧૨ બાર ઇનામ આપવામાં આવશે.

૬. રા. રાપર અવલ કારકુન ગોકલદાસ મોતીરામને મળતા પગાર કોરી ૮૦ એંસીથી રેવન્યુ ખાતામાં બદલાવવામાં આવે છે અને તેની જગ્યાએ રા. વેલજી શીવજી જેને હાલ પગાર કોરી ૧૧૦ મળે છે તેને કોરી ૧૧૫ ના પગારથી નીમવામાં આવે છે.

૭. મુંદરા અવલકારકુનની જગ્યા ખાલી છે તે જગ્યાએ રા. ભચાઉ અવલ કારકુન ધનજીજાદવજી જેને હાલે કોરી ૯૫ મળે છે તેને કોરી ૧૧૫ ના પગારથી બદલાવવામાં આવે છે.

૮. રા. લખપત અવલકારકુન મુળસંકર ઉદેશંકરને હાલ પગાર કોરી ૭૫+૨૦ મળે છે તેને કોરી ૧૧૫ પગાર કરી આપવામાં આવે છે.

૯. રા. માંડવી અવલકારકુન નરોતમરાય દયાશંકરને હાલ પગાર કોરી ૭૫+૨૦ મળેછે તેને કોરી ૧૧૫ પગાર કરી આપવામાં આવે છે.

૧૦. રા. અબડાસા અવલ કારકુન કરશનદાસ શીવજીને હાલ પગાર કોરી ૮૫ મળે છે તેને કોરી ૧૧૫ પગાર કરી આપવામાં આવે છે.

૧૧. રા. ખાવડા અવલ કારકુન ભાઇલાલ દયાંકરને હાલ પગાર કોરી ૮૫ મળે છે તેને પગાર કોરી ૧૧૫ કરી આપવામાં આવે છે.

એ રીતે.

ઉપર જે જે નોકરોની પ્રોબેશન ઉપર નીમણુંક થઇ છે તેમની મુદત પુરી થએ તેમની કાયમીરીની હકીકત સહીત રા. રા. રેવન્યુ કમીશ્નર સાહેબે ભલામણ કરવી.

અશાડ સુદ ૧૨ રવીવાર શાં. ૨૦૦૧ તા. ૨-૭-૪૪

એસ. કે. નાયમપલ્લી,
ઓરી દીવાન-કચ્છ.

યાદી.

હ. ઓ. નં. ૨૩૬/૪૪.

મુંબઇથી આવેલા નિરાશ્રીતોની તપાસ કરી તેમને રાહત આપવા વીશે શ્રી હજુર ઓર્ડર નં. ૨૧૬ તા. ૧૦-૬-૪૪ વાળાથી કમીટી નીમવામાં આવેલ છે તેના અનુસંધાનમાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી નીચે મુજબ ફરમાન થયું છે.

૧. સદરહુ ઠરાવમાં દરેક નીરાશ્રીત કુટુંબ દીઠ ત્રણ માસ માટે માસીક કોરી ૨૦૦ સુધી ગુજરાન માટે એલાવન્સ આપવા રા. રા. દિવાન સાહેબને અંગત અધિકાર આપવામાં આવેલ છે તેમાંથી તાત્કાલીક મદદ માટે કોરી ૫૦ સુધી અનાજ માટે તથા કોરી ૩૦ સુધી ઘરવખરીની નાની વસ્તુઓ માટે એમ કોરી ૮૦ સુધી આપવા કમીટીને અધીકાર આપવામાં આવે છે. આ રકમ તે તે કુટુંબને ત્યારપછી આપવાની માસીક રકમમાંથી બાદ કરાવી બાકીની ઠરેલ ધોરણે કમીટીની ભલામણ મુજબ રા. રા. દીવાન સાહેબે અપાવવી. આ પ્રમાણે કમીટીએ ૮૦૦૦ કોરી જેટલી તાત્કાલીક મદદ આપ્યા પછી એટલે ૧૦૦ કુટુંબ આસરેને તાત્કાલીક મદદ આપ્યા પછી રા. રા. દીવાનજી સાહેબને જાહેર કરી આગળના માટે મંજુરી મેળવવી.

૨. રાવળા સીલાયના ગામોના જે નીરાશ્રીતો મુંબઇથી આવ્યા હોય અને તેમને પોતાના ગામોમાં ખેડવા પુરતી જમીન નહોય તેમને જો તેઓ દરબારી ગામોમાં આવી કાયમી વસવાટ કરવા કબુલ હોય તો પોતે ખેડ કરવાની સરતે તેમને જરૂર તેટલી જમીન આપવા કમીટીએ ભલામણ કરવી તેમજ રહેવા માટે જરૂર તેટલી જમીન આપવા સીફારસ કરવી. પડતર જમીન ખેડવા સંબંધે રાહત આપવા થએલ સરક્યુલર નં. ૧૦૨૫૧ તા. ૨૯-૩-૪૨ વાળા મુજબ દસ વર્ષ ઉપરાંતના પડતર ઠામો ખેડે તે માટે તેમાં લખ્યા મુજબ રાહત આપવા સીફારસ કરવી તથા જે ઠામો દસ વર્ષની અંદરના પડતર હોય તે ઠામો ખેડવા માટે ખાસ સવલત તરીકે એક વર્ષનો ભોગ માફ કરી બીજા વર્ષથી ½ ઉંચો ભોગ પાળી આપી દર વરસ બે ભાગ ઉતરતાં ગામની રસમ પ્રમાણે ભોગ લેવાની સરતે ખેડવા આપવા શીફારસ કરવી તથા સરક્યુલર નં. ૧૦૨૫૧ તા. ૨૯-૩-૪૨ મુજબ આવી જમીન રસમમાં પડી ગયા પછી લાગલગાટ પાંચ વરસ સુધી તે જમીનનો ભોગ ભરાવનારને તે જમીનના ખુટા કરી આપવામાં આવશે ઉપરનું ધોરણ કમીટીએ માર્ગદર્શક સુચના તરીકે લક્ષમાં રાખવું.

ઉપર પ્રમાણે જમીન ખેડનાર શક્ષને બળદો ઓજારો વીગેરે ખરીદવા ધોરણ મુજબ તકાવી આપવા કમીટીએ શીફારશ કરવી અને તેનો અધીકાર પરત્વે નીકાલ રા. રા. રેવન્યુ કમીશ્નરે વેળાસર કરવો.

અસાડ સુદ ૧૨ રવીવાર શાં. ૨૦૦૧ તા. ૨-૭-૪૪

એસ. કે. નાયમપલ્લી,
ઓરી. દીવાન-કચ્છ.

ન્યાયાધીશની નીમણુંક કરવા બાબત. થઇ આવેલ ભલામણ ધ્યાનમા લઇ રા. કુંદનલાલ સવાઇલાલ રાણાને બાર માસના પ્રોબેશન પર ભુજ અદાલતના વધારાના ન્યાયાધીશ તરીકે માસીક કોરી ૩૦૦ ના પગારથી નીમવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

અશાડ શુદ ૧૦ શુક્રવાર શા. ૨૦૦૧ તા: ૩૦–૬–૪૪.

એસ. કે. નાયમપલી,
ઓપ્રી. દીવાન–કચ્છ.

ઠરાવ. હુ. ઓ. નાં ૨૩૪/૪૪

ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરના ફરમાનથી નીચે પ્રમાણે ફેરફારો તથા નીમનોંકો કરવામાં આવે છે.

વહીવટદારો.

૧. રા. રાપર વહીવટદાર વિશ્રામ જાદવજીને મળતા પગાર કોરી ૩૧૦ થી અબડાસા વહીવટદારની જગ્યાએ બદલાવવામાં આવે છે.

૨ રા. અબડાસા વહીવટદાર ખટાઉ નારાણજીને મળતા પગાર કોરી ૩૧૦ થી રાપર વહીવટદારની જગ્યાએ બદલાવવામાં આવે છે.

૩. રા. મુંદરા એકટીંગ વહીવટદાર અબ્દુલઅઝીઝ શાહબુદીનને કોરી ૩૦૦ ના પગારથી લખપત વહીવટદારની જગ્યાએ બદલાવવામાં આવે છે અને રા. પ્રભાશંકર વિશ્રામને પેનશન ઉપર ઉતારવા.

૪. રા. તેરા મેનેજર હરીલાલ સોમજીને કોરી ૩૦૦ ના પગારથી મુંદરા વહીવટદારની જગ્યાએ બાર માસના પ્રોબેશન ઉપર નીમવામાં આવે છે.

૫. રા. ભચાઉ વહીવટદાર મગનલાલ ગંગાશંકરને મળતાપગાર કોરી ૩૫૦થી રેવન્યુખાતે બદલાવવામાં આવેછે

૬. રા. જંગી અવલકારકુન રેવાશંકર વિશ્રામને આસીસ્ટંટ વહીવટદાર ગ્રેડ કોરી ૨૦૦–૧૦–૩૫૦ માં કોરી ૨૦૦ના પગારથી નીમવામાં આવે છે અને તેજ પગારે આકટીંગ ભચાઉ વહીવટદાર તરીકે બાર માસ માટે પ્રોબેશન ઉપર નીમવામાં આવે છે.

૭. રા. નખત્રાણા થાણદાર જયસુખલાલ દયારામ વોરાને મળતા પગાર કોરી ૨૨૫ થી રેવન્યુ ખાતામા બદલાવવામાં આવે છે અને નખત્રાણા થાણદારની જગ્યા ઇલાવદા ઠરાવથી વહીવટદારની ઠરાવવામાં આવી છે. તે જગ્યાએ ધીણોધર જાગીરના મેનેજર રા. પ્રાણશંકર ઇશ્વરલાલને મળતા પગાર કોરી ૧૬૫ ઉપરાંત એકટીંગ એલાવન્સ કોરી ૮૦ થી નખત્રાણા વહીવટદારની જગ્યાએ એક વર્ષના પ્રોબેશન ઉપર નીમવામાં આવે છે.

આસીસ્ટંટ વહીવટદારો તથા થાણદારો.

૧. રા. ભુજ આસીસ્ટંટ વહીવટદાર શંકરલાલ પ્રેમજીને પેનશન ઉપર ઉતારવા અને તેમની જગ્યાએ રા. પ્રાણશંકર કલ્યાણજી બાવાને કોરી ૨૦૦ ના પગારથી બાર માસના પ્રોબેશન ઉપર નીમવામાં આવે છે.

૨. રા. આણંદલાલ જદુરામ વોરાને કોરી ૨૦૦ ના પગારથી બાર માસના પ્રોબેશન ઉપર માંડવી આસીસ્ટંટ વહીવટદારની જગ્યાએ નીમવામાં આવે છે.

૩. રા. ખડીર થાણદાર તલકશી જેઠાને જેને હાલે કોરી ૨૧૦ મળે છે તેને કોરી ૨૩૦ ના પગારથી બાર માસના પ્રોબેશન ઉપર રાપર આસીસ્ટંટ વહીવટદારની જગ્યાએ નીમવામાં આવે છે.

૪. રા. ખાવડા થાણદાર ચંચળલાલ દેવશંકરને મળતા પગાર કોરી ૨૧૦ થી રેવન્યુ ખાતામાં બદલાવવામાં આવે છે અને તેની જગ્યાએ વરીષ્ટ કોર્ટના શીરસ્તેદાર રા. મુનસી અબ્દલરશીદ મહમદકાઝમને બાર માસના પ્રોબેશન ઉપર કોરી ૨૦૦ ના પગારથી નીમવામાં આવે છે.

અવલકારકુનો.

૧. રા. અંજાર અવલકારકુન હરીરામ સામજીને મળતા પગાર કોરી ૧૧૦ થી સરવેખાતે કોરી ૧૦૦–૧૦–૧૫૦ ની જગ્યા ખાલી છે તે જગ્યાએ બદલાવવામાં આવે છે અને તેની જગ્યાએ રા. અંજાર તજવીજદાર લાલજી જીવરાજને કોરી ૧૧૫ ના પગારથી નીમવામાં આવે છે.

૨. રા. નખત્રાણા અવલકારકુન ભાઇલાલ છગનલાલને મળતા પગાર કોરી ૮૫ થી રેવન્યુ ખાતામાં ખળાં અધીકારીની જગ્યાએ બદલાવવામાં આવે છે અને તેની જગ્યાએ રા. શાન્તીલાલ કેવળચંદ જેને હાલે કોરી ૧૦૦ મળે છે તેને કોરી ૧૧૫ ના પગારથી નીમવામાં આવે છે.

૩. રા. જંગી અવલકારકુનની જગ્યાએ માધાપરના ફુ રા. બેચરલાલ તેજસીને જેને હાલે કોરી ૧૧૦ મળે છે તેને કોરી ૧૧૫ ના પગારથી નીમવામાં આવે છે.

૪. ખડીર થાણદારની જગ્યા ઇલાવદા ઠરાવથી અવલકારકુનની ઠરાવવામાં આવે છે માટે તે અવલકારકુનની જગ્યાએ રા. કાનજી વલભજીને જેને હાલે કોરી ૧૩૫ મળે છે તેને કોરી ૧૫૦ ના પગાર ઉપરાંત કોરી ૨૫ ખડીર એલાવન્સથી નીમવામાં આવે છે આ ખડીર એલાવન્સ તેને તે જ્યાં સુધી ખડીર હોય ત્યાં સુધી અને ત્યાર પછી તે જગ્યા ઉપર જેની નીમનોંક થાય તેને મળશે.

૫. રા. ભુજપર ફુ મુલજી દેવશી જેને હાલે પગાર કોરી ૬૦ મળે છે તેને કોરી ૭૦+૩૦=૧૦૦ ના પગારથી ભચાઉ અવલકારકુનની જગ્યાએ એક વર્ષના પ્રોબેશન ઉપર નીમવામાં આવે છે.

of all the circumstances of the case, direct that the order shall continue in force notwithstanding the said period of six months has expired, and the order as so extended shall continue in force for a further period of six months and thereafter if and so often as it is again extended by a further similar direction made in the same manner.

9. SAVING AS TO ORDERS.– (1) No order made under this Ordinance, and no order having effect by virtue of section 5 as if it has been made under this Ordinance, shall be called in question in any court, and no court shall have power to make any order under section 491 of the Government of India Code of Criminal Procedure in respect of any order made under or having effect under this Ordinance, or in respect of any person the subject of such an order.

(2) If at the commencement of this Ordinance there is pending in any court any proceeding by which the validity of an order having effect by virtue of section 5 as if it had been made under this Ordinance is called in question, that proceeding is hereby discharged

3. Where an order purports to have been made by any authortiy in exercise of any power conferred by or under this Ordinance, the court shall, within the meaning of the Indian Evidence Act, 1872, presume that such order was so made by that authority.

10. DISCLOSURE OF GROUNDS OF DETENTION, ETC., COMMUNICATED OR OF CONTENTS OF WRITTEN REPRESENTATION MADE UNDER SECTION 6.– (1) No court shall allow any statement to be made or any evidence to be given before it of the substance of any communication made under section 6 of the ground on which an order under clause (b) of sub-section (1) of section 2 has been made against any person, or of any particulars disclosed in connection therewith under section 6, or of any representation made under that section against any order, and, notwithstanding anything contained in the Indian Evidence Act, 1872, no court shall be entitled to require any public officer to produce before it, or to disclose the substance of any such communication on grounds, particulars disclosed, or representation made.

(2) It shall be an offence punishable with imprisonment for a term which may extend to two year, or with fine, or with both, for any person to disclose or publish without the previsous authorization of the Kutch Government any contents of any such communication of grounds, particulars disclosed or representation made:

Provided that nothing in this sub-section shall apply to a disclosure made by a person the subject of an order made under this Ordinance to his legal adviser.

11. PROTECTION OF ACTION TAKEN UNDER THIS ORDINANCE.– No suit, prosecution or other legal proceeding shall lie against any person for anything in good faith done or intended to be done in pursuance of this Ordinance.

12. APPLICATON OF OTHER LAWS NOT BARRED.– The provisions of this Ordinance shall be in addition to, and not in derogation of, the provisions of any other Act, Ordinance or Regulation for the time being in force.

Dewan's Office,
Bhuj 26th June 1944.

S. K. Nayampalli,
Offg. Dewan of Kutch.

હુ. ઓ. નં. ૨૩૩/૪૪ ઠરાવ.

ભુજ અદાલતમાં દીવાની તથા ફોજદારી કામોની સંખ્યા વધારે પ્રમાણમાં હોવાથી તેનો કાયદેસર તરત નીકાલ થવાની જરૂરીઆત હોવાના કારણે રા. રા. વરીષ્ટ કોર્ટના ચીફ જડજ સાહેબ તથા રા. રા. જ્યુડીસીઅલ આસીસ્ટંટ સાહેબ તરફથી તે અદાલત માટે એક વધારાના

અગર એવી કોઇ નવી અગર ખાસ મહત્વની ટાઇપ એટલે જાતની હશે તો તે બદલ રૂા. ૬૦ સાઠ ઇનામ આપવામાં આવશે.

મુળ દુષ્મનો તરફથી નાંખવામાં આવેલી તરતી ચીજો, માઇનસીંકસ માઇન કગ્મેન્ટસ અગર એવી વસ્તુઓ જેનાં પેટાં એટલે નમુના અગાઉ જણાવ્યા ન હોય તેવા અગર જે મેળવવાથી કંઇ નવી હકીકત અજવાળામાં લાવવામાં તે ઉપયોગી થાય તેને લગતી બાતમી આપી મેળવી આપનારને રૂપીયા ૬૦ સાઠ ઇનામ આપવામાં આવશે.

ઉપર જે ઇનામની રકમો જણાવવામાં આવેલી છે તેમાંથી કેટલીક રકમ ઇનામ તરીકે આપવી તેનો નીર્ણય નામદાર હિંદુસ્તાનની સરકાર બાતમીની મહતા પરથી કરશે, જો કોઈ જહાઝ તરફથી બાતમી આપવામાં આવી હશે તો ઇનામની રકમ તે જહાઝના માસ્ટર અને ખલાસીઓ વચ્ચે વહેંચી આપવા સબંધમાં વીચારણા કરવામાં આવશે.

આવી જાતની બાતમી આપનારે નજીકના કોઇ પણ વોરવોચીંગ સ્ટેશન નેવલ સત્તાવાળા ઓ પોટ'ના અધિકારીઓ, કોસ્ટ ગાર્ડ, કસ્ટમ અગર પોલીસ ઓફીસરને બાતમી આપવી. બાતમીમાં વખત તારીખ અને સ્થળ વગેરેની સંપુર્ણ હકીકત પુરી પાડવી, દુષ્મનોનાં લડાયક જહાઝ સબંધમાં બાતમી આપતી વખતે તેનું નામ, વર્ણન, રસ્તો અને ઝડપ વગેરેની પુરતી વીગત જણાવવી, જો બની શકે તો રીપોર્ટ લેખીત કરવો, પણ તેમાં કોઇ પણ સંયોગોમાં ઢીલ થવી જોઇએ નહિં.

કીનારાપર ઘસડાઈ આવેલી માઇન્સને અડકવામાં અગર તેની નજીક રહેવામાં જે અતી ઘણું જોખમ રહેલું છે તે તરત પબ્લીકના માણસો તથા બીજા બીન સત્તાવાર ઇસમોનું સખ્ત ધ્યાન ખેંચવામાં આવે છે.

.....

દુષ્મનના જાશુશોને પકડવા બદલ પબ્લીકનાં માણસોને આપવામાં આવનારૂં ઇનામ.

—00—

દુષ્મનો તરફથી હિંદુસ્તાનમાં ખુશ્કી રસ્તે બર્માથી હવાઈ છત્રીથી અગર દરીયા રસ્તે કીનારા ઉપર જાશુસોને ઉતારવાની કોશેષ કરવામાં આવે એ મુમકીન છે આવા સક્ષોને જેમ બને તેમ તરતજ પકડવાની આમ જનતાના લોકોની ફરજ છે તેમને જાતે પકડવા અગર નજીકના વોરવોચીંગ સ્ટેશન પોલીસ સ્ટેશન અગર સ્થાનીક મીલીટરી સત્તાવાળાઓને ખબર આપી તેમને પકડવાં જોઇએ.

નામદાર હિંદુસ્તાનની સરકારે એવો ઠરાવ કર્યો છે કે જે પબ્લીકનો સક્ષ કોઇ પણ એવા માણસને જીવતો ગીરફતાર કરશે કે જે માણસને પાછળથી દુષ્મનના જાસુસ તરીકે સજા ફરમાવવામાં આવે અગર જે માણસ દુષ્મનોને સીધી મદદ કરવામાં ખંતપુર્વક રોકાયેલ હોવાનું સીકયુરીટી સત્તાવાળાઓને સંતોષકારક રીતે ખાત્રી થાય તેવા પબ્લીકના સક્ષને રૂપીયા ૫૦૦૦ પાંચ હજારની રકમ સુધી ઇનામ આપવામાં આવશે, તેમજ એવા કોઇ માણસને પકડનાર પબ્લીકના માણસને રૂપીઆ ૧૦૦૦ એક હજારની રકમ સુધી ઇનામ આપવામાં આવશે.

બરોબર કાળજીથી રીપોર્ટ કરવાની એટલે બાતમી આપવાની જરૂરત પર ભાર.

—000—

નીચે લખી જાતની હકીકત જો કોઇ પબ્લીકના આસામીના જાણવામાં આવે તો તેની બાતમી નજીકના વોરવોચીંગ સ્ટેશન પોલીસ અગર મીલીટરી સત્તાવાળાઓને જેમ બને તેમ તાકીદે પહોંચાડવાની અગત્યતા તરફ આમ જનતાનું ધ્યાન ખેંચવામાં આવે છે:—

જહાઝોની શકમંદ હીલચાલ, ખાસ કરીને જ્યારે આવા જહાઝો કીનારાથી નજીક જણાય ત્યારે—

હિંદુસ્તાનના કીનારા ઉપર અગર બીજે કયાંય પણ શકમંદ અજાણ્યા માણસોની ટોળકીઓ હથીયારબંધ યુનીફોર્મ પહેરેલી અગર બીજી રીતે જણાઇ આવે ત્યારે—

મીત્ર રાજ્યો સીવાયના કોઈ પણ વીમાનના ઉતરવા અગર પસાર થવાના ખબર—અગર માણસો યા કોઇ પણ જાતની વસ્તુઓ વીમાનની છત્રીથી ઉતરતા જોવામાં આવે ત્યારે—

એવો કોઇ પણ બનાવ જેનાથી અતરાફમાં કયાંય પણ દુષ્મનોની પ્રવૃત્તિ ચાલુ રહી છે એમ માનવાને કારણ મળે પછી તે દરીયામાં, ખુશ્કી પર અગર હવામાં બને ત્યારે—

જો બાતમી મહત્વની અને દુષ્મનોના જાશુશોને પકડવાને લગતી હોય ત્યારે તે જેમ બને તેમ તરત પહોંચાડવી જોઇએ જો કોઇ પણ દુષ્મનના જાસુસ પકડાય તો તેમને અગર તેમને લગતી બાતમી હોય તો તે બાતમી ગામડાંની હદ હોય ત્યાં વોર વોચીંગ સ્ટેશન,ગામનો મુખી, અગર પોલીસ ઓફીસરને પહોંચાડવી, અને શહેરની હદ હોય તો નજીકના પોલીસ ઓફીસર અગર પોલીસ સ્ટેશનમાં પહોંચાડવી.

ઇનામ માટેના દાવાને લગતી અરજી લખીત જીલ્લાનાં કલેકટરને મોકલવી, દેશી રાજ્ય હોય તો રેસીડેન્ટ અગર પોલીટીકલ એજન્ટને મોકલવી, અને તેમાં કીસ્સાની પુરતી વિગત, તારીખ વાર ટાઇમ અને શાક્ષીઓનાં નામ તથા ઠેકાણાં સહીત જણાવવી.

આ ઇનામો નેવી, આર્મી અને એરફોર્સના માણસોને અગર ગેઝેટેડ ગવર્નમેંટ નોકરોને આપવામાં આવશે નહિ, સીવાય કે તે મેળવવા માટે નામદાર હિંદની સરકારની અગાઉથી મંજુરી મેળવવામાં આવી હોય, તોજ આપવામાં આવશે. સીવીલ ખાતાંઓમાં નોકરી કરતા નોકરો જે નોનગેઝેટેડ હશે તેમને ઇનામ આપી શકાશે.

—————00—————

શ્રી પોલીસ હેડ ઓફીસ,
ભુજ કચ્છ
તારીખ ૨૩મી જુન સને ૧૯૪૪.

એમ. આર. કોઠાવાલા,
વોર ડીટેઇનીંગ ઓફીસર અને
પોલીસ કમિસ્નર કચ્છ સ્ટેટ.

જાહેર ખબર ચી ક. જા. નાં ૮૬

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના નીચે લખ્યા સનદી દલાલો ગુજરી જવાથી તેમની સનદો હાથ ન આવવાથી કસ્ટે રજુ થઇ નથી,

૧ ગ્રતનાં દલાલ દોશી ધનજી ધારસીની રેવન્યુ ખાતાની સનદ નાં ૪૮૦ તારીખ સાલ રજીસ્ટરે દાખલ નથી

૨ લાકડાના દલાલ ઠા. ભીમજી દેવકરણની રેવન્યુ ખાતાની સનદ નાં ૨૯ સાં ૧૯૬૭ના માગસર વિદ ૩ની મીતીની

ઉપરની સનદો આ દલાલો ગુજરી ગયેલા હોવાથી કેન્સલ થવા માટે અંજાર કસ્ટમેથી લખાઇ આવેલી હકીકતે કેન્સલ કરવામાં આવેલ છે માટે તે સનદો જેને હાથ આવે તેણે કસ્ટમે રજુ કરવી તેમજ તેનો ઉપયોગ કરવો નહિ; જો ઉપયોગ કરવામાં આવશે તો દરબારશ્રીજીને ગુન્હેગાર કરશે અને તે માટે કાયદેશર કરવામાં આવશે.

અશાડ સુદ ૪ શનીવાર શાં ૨૦૦૧ તા ૨૪-૬-૪૪

P. M. Khambata,
ચીફ કસ્ટમ્સ ઓફિસર

-Wanted-

A. B. A. with Maths. & a B. Sc. with Physics & Chemistry for Sheth D. V. High school, Anjar. Scale of pay Ks. 180—10—350. Present rate of exchange Ks – 3 = 1 Re. apply sharp to;-

The Director of Education, Kutch State, Bhuj.

ભુજ નગર સભા.

જાહેર નોટીશ.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજમાં ગી ગંધો ઉગરાવવાનું કામ હાલે શ્રી ભુજ નગરસભા પાસે આવેલ છે પરંતુ એવું જાણવા મલ્યું છે કે ભુજના એક લોહાણા ઠકર હરીરામ વેલજી કેટલાક દુકાનદાર પાસેથી પોતાને ગીગંધો ઉગરાવવાની સતા હોવાનું જણાવી નગરસભાના નામે વસુલ કરે છે પરંતુ સદરહુ ઠકર હરીરામ વેલજીને આ ગીગંધાની લાગત ઉગરાવવા માટે કોઈ પણ જાતની સતા આપેલ નથી તેમજ તે નગરસભાનો નોકર કે ઇજારદાર નથી જેથી કોઇ પણ દુકાનદાર કે તેના માલીકે સદરહુ ઠકર હરીરમ વેલજી કે બીજા કોઇ સખ્સને ગીગંધાની લાગત આપવાની નથી .

આ ગીગંધાની લાગત ભુજ નગરસભા તરફથી સતા આપવામાં આવેલ માણસ તરફથી ઉગરાવવામાં આવશે ને તેને તે લાગત પહોંચ આપેથી આપવાની રહેશે અને જો નગરસભા તરફથી સતા અપાયા સિવાય કોઇ સખ્સને ગીગંધાની લાગત આપવામાં આવશે તો નગરસભા જવાબદાર નથી.

અસાડ સુદ ૧૨ સોમે સાં. ૨૦૦૧.

તા. ૨-૭-૪૪ **વેલજી લધુભાઇ,**
પ્રેસીડેન્ટ ભુજ નગરસભા.

શ્રી ભુજ નગરસભા.

જાહેર-નોટીશ

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે બાળકોના જન્મ અહીં કેટલાક લોકો તરફથી નોંધાવવામાં આવતા નથી દરેક જણે આ બાબતમાં પુરતી કાળજી રાખી મંજુર થએલ બાય ફ્રેસ મુજબ બાળકોનો જન્મ નગરસભાની ઓફીસમાં વખતસર

નોંધાવી જવો આ પ્રમાણે ન કરનાર પર કાયદેશર કરવામાં આવશે.

અશાડ સુદ ૧૨ સોમે શાં ૨૦૦૧

વેલજી લખુભાઇ,
પ્રેસીડેન્ટ ભુજ નગરસભા.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર
શ્રી ભુજ અદાલત
ખા દી કામ નાં ૨૭૪ શાં. ૨૦૦૦
ઓઝા મહાશંકર વેજનાથ ભુજ વાદી
ભટ રામચંદ્ર નથુભાઇ વી. ભુજ પ્રતિવાદી
દાવો
કોરી ૨૪૬૭ા ચડતે વ્યાજે મળવા

મુંબઇ મધે રહેનાર ભટ રામચંદ્ર નથુભાઇને માલમ થાય જે આ કામના વાદીએ તમારા પર કોરી ૨૪૬૭ા ચડતે વ્યાજે મળવા દાવો કર્યો છે તેનો દાવા જવાબ આપવા શાં ૨૦૦૧ના શ્રાવણ વીદ ૧૨ ભોમેના રોજે કોર્ટના ટાઇમે હાજર થજો નહીતર મુદત વીતે કાયદેસર થશે

જેઠ વીદ ૧૨ શનીવાર શાં. ૨૦૦૦

Narottam D. Mehta
ભુજ ન્યાયાધીસ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી ભુજ કોર્ટ તરફથી
નોટીશ નાં. શા. ૨૦૦૧
બાબત
પાસપોર્ટના રૂપીઆ લઇ જવા બાબત

દહીસરાના કણબી વાલજી હરજી જેઠાને માલમ થાયકે કેન્યાગવર્નમેન્ટે ઇસ્યુ કરેલ એન્ટ્રીપરમીટ રજુ કર્યા વગર તેને પાસપોર્ટની સગવડ આપવામાં આવશે નહી એવા ખબર આપવા અને રૂા. ૬ની ટીકટ પાછી આપવા પો અ. જા. ના. ૪૨૦ તા ૨૫-૩-૪૪ વાળું મે. રા. રા. ચીફ સેક્રેટરી સાહેબનું ફરમાન થઇ આવતાં તમને બોલાવવામાં આવતા રા ભુજ ડી. ફોજદાર સાહેબ તરફથી દહીસરામા વાલજી હરજી નામનો કોઇ માણસ નહોવાનુ લખાઇ આવતા પો અંજા.ન. ૭૪૫ તા ૧૯-૬—૪૪વાળુ ફરમાન સાદર થયું છે તેમા કચ્છ રાજ્ય પત્રકમાં નોટીશ છપાવવા ફરમાન છે વાસ્તે આ નોટીશ પ્રસિદ્ધ થએથી એક માસમા તમારે હાજર થઈ પૈસા લઇ જવા નહીતર પૈસા શ્રી, દરબાર દાખલ થશે

અષાડ સુદ ૫ શની શાં૨૦૦૧

Narottam D. mehta
ભુજ ન્યાયાધીસ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી માંડવી સ્મોલ કોઝ કોર્ટ તરફથી
સ્મો. શ. નાં ૧૪૦૦
લુ. ઠા. હરીરામ રામજી બીદડા વાદી
મેરાઇ ધનજી વીભા બીદડા હાલે કોડાય પ્રતિવાદી
દાવો લેણાં બાબત

કોડાય મધે મેરાઈ ધનજી વીભાને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર ઉપર મુજબનો દાવો કર્યો છે માટે તેનો જવાબ દેવા માટે તમે શા. ૨૦૦૧ ના અષાડ વીદ ૫ ભોમવારના રોજે કોર્ટમાં કોર્ટના ટાઇમશર હાજર થજો નહિતર કાયદેસર થસે

શાં. ૨૦૦૦ના જેઠ વીદ ૮ ભોમવાર

જીવરામ જાદવજી
માંડવી ન્યાયાધીશ ના. હુ. થી.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી માંડવી દીવાની કોર્ટ તરફથી
ખા.દી. કામ નાં.૩૩૮ શાં. ૨૦૦૦
નોટીસ નાં ૧૧૬૪ શાં ૨૦૦૦
દીવાની કાયદાની કલમ ૨૨ મુજબ
શા. આસુ ખીમા બાડા વાદી
ગામ બાડાના જૈન મહાજનના મેમ્બર શા કરમશી મોના વિગેરે બાડા. } પ્રતિવાદી
દાવો
મને છેક આપવા અને મારાથી વ્યવહાર બંધ કરવા કરેલ ઠરાવ રદ છે એવુ ઠરાવી અપાવવા વીગેર

ગામ બાડાના નીચે લખ્યા શખ્શોને માલમ થાય કે સદરહુ વાદીએ પ્રતિવાદીઓ પર ઉપર મુજબ દાવો કરી દીવાની કાયદાની કલમ ૨૨ મુજબ એવી અરજ કરી છે કે આ દાવામા ગામ બાડાના જૈન મહાજનના તમામ શખ્યોનો હીત સબંધ રહેલ છે. જેથી કલમ ૨૨ મુજબ જ્ઞાતીના શખ્યોને જાહેર નોટીશ છપાવવા અરજ કરેલ છે જેથી બાડાના નીચે લખ્યા જૈન મહાજનના તમામ શખ્સોને ખબર આપવામાં આવે છે કે જેઓને આ દાવામાં દાખલ થવા ઇચ્છા હોય તેવા શખ્સોએ શા. ૨૦૦૧ના અષાડ વીદ ૬ બુધવારના રોજ કોર્ટમાં કોર્ટના ટાઇમશર હાજર થઇ અરજ કરવી નહિતર મુદત વીતે કાયદેશર થશે

૧ શા. ઠાકરશી કુરપાર
૨ શા. ઓભાયા જેઠા
૩ શા. પોપટ ઠાકરસી
૪ શા. તેજશી ખીયરા
૫ શા. કેસુ શામત
૬ શા. પદમશી ઠાકરશી
૭ શા. વિજપાર મોણસી
૮ શા. ગાંગજી વીજપાર
૯ શા. આસુ રતનસી
૧૦ શા. રામજી ટોકરશી
૧૧ શા. માવજી ભવાનજી
૧૨ શા. દેવજી ઠાકરસી

૧૩ શા. ખીમજી કરમસી
૧૪ શા. મેગજી શીવરાજ
૧૫ શા. નાગજી ભાણજી
૧૬ શા. જવેર વેલજી
૧૭ શા. રવજી જેઠા
૧૮ શા. જેઠા નેણસી
૧૯ શા. વલભજી કાનજી
૨૦ શા જેસગ માલસી
૨૧ શા. દેવરાજ પુજા
૨૨ શા. ઠાકરસી માણક
૨૩ શા. નાનજી કાનજી
૨૪ શા. પુંજા લધા
૨૫ શા. મેગજી લધા
૨૬ શા. ડુંગરસી આસુ
૨૭ શા. ડુંગરસી આણંધ
૨૮ શા. ખેતશી પાલણ
૨૯ શા. ભારમલ લખમશી
૩૦ શા. દેરાજ નાગસી
૩૧ શા. વેલા લાલજી
૩૨ શા. શામજી મુરારજી
૩૩ શા. દામજી કેશવજી
૩૪ શા. ધનજી કેસવજી
૩૫ શા. ભાણજી તેજસી
૩૬ શા. હીરા ચાંપુ
૩૭ શા. ભાણજી વિજપાર
૩૮ શા. કારસી વિજપાર
૩૯ શા. જખુ વીરજી
૪૦ શા. ગોસર વરસંગ
૪૧ શા. જમુ માદણુ
૪૨ શા. દેવરાજ ટોકરસી
૪૩ શા. ભાણજી દેવજી
૪૪ શા. નાગસી ખીયરા
૪૫ શા. ગાભુ લખમશી
૪૬ શા. કેશુ ખીયરા
૪૭ શા. તેજસી ગેલા
૪૮ શા. કારસી કાંગા
૪૯ શા. ભાણજી કેશવજી
૫૦ શા. હીરજી કેસવજી
૫૧ શા. કરમસી હરસી
૫૨ શા. લાલજી હરસી
૫૩ શા. કેશુ ગણસી
૫૪ શા. લખુ ગણસી
૫૫ શા. ગોસર ગણસી
૫૬ શા. શીવજી માણક
૫૭ શા. રતનસી ઠાકરસી
૫૮ શા. પાલણ આશપાર
૫૯ શા. રામજી વેલજી
૬૦ શા. કુવરજી નાગજી
૬૧ શા. લખુ શ્રવણ
૬૨ શા. વેલા લખુ
૬૩ શા. પાલણ વેલા
૬૪ શા. કારસી હસરાજ
૬૫ શા. નથુ કરમશી
૬૬ શા. કારૂ કરમસી
૬૭ શા. ભુલા માલા
૬૮ શા. ધારસી નથુ
૬૯ શા. શોજપાર નરપાર
૭૦ શા રતનસી વેલા
૭૧ શા. દામજી નરપાર
૭૨ શા. નાનજી દેવજી
૭૩ શા. ગાગજી ભીમસી
૭૪ શા. હરસી ડુંગરસી
૭૫ શા. દેવશી ચાંપુ
૭૬ શા. કુવરજી ઉમરસી
૭૭ શા. ગોસર નાગજી
૭૮ શા. ભાણજી નાગસી
૭૯ શા. વેલા ધારસી
૮૦ શા. હેમા માણક
૮૧ શા, દેરાજ માલસી
૮૨ શા. તેજસી કારૂ
૮૩ શા. મુરારજી આણંધ
૮૪ શા. મુરજી સારંગ
૮૫ શા. કાનજી વેલજી
૮૬ શા વેલજી સારંગ
૮૭ શા. નાનજી મોણસી
૮૮ શા. જેઠા મોણસી
૮૯ શા. નાગસી વેલા
૯૦ શા. કેસુ માદણુ
૯૧ શા પાલણ માદણુ
૯૨ શા. પાસુ માલસી
૯૩ શા. શ્રવણ વણવીર
૯૪ શા. જેઠા વેલા
૯૫ શા. શીવજી મેઘજી
૯૬ શા. લખધીર ખીમજી
૯૭ શા. પુંજા ભીમલા
૯૮ શા. નાગસી હેમા
૯૯ શા. ધારસી કારસી
૧૦૦ શા. વેલા ભીમા
૧૦૧ શા. વીરજી સવા
૧૦૨ સા. માણસી થોભણ
૧૦૩ શા. રતનસી ખીયરા
૧૦૪ શા. પાલણ કાનજી
૧૦૫ શા. ખીમજી પદુ
૧૦૬ શા. દેવજી પદુ
૧૦૭ શા. મુરજી કાનજી
૧૦૮ શા. જાદવા મેગલા
૧૦૯ શા. ઊમરસી ઓભાયા
૧૧૦ શા. કેસુ ઓભાયા
૧૧૧ શા. લાધા નેણસી
૧૧૨ શા. ઓલુ આસપાર
૧૧૩ શા. આસુ મણસી
૧૧૪ શા. લાલજી દેવજી

૧૧૫ શા. શિવજી ખેતશી
૧૧૬ શા. કેશુ હંસરાજ
૧૧૭ શા કાનજી હંસરાજ
૧૧૮ શા. લાલજી વેલા
૧૧૯ શા. જેઠા મુરજી
૧૨૦ શા. ટોકા પદુ
૧૨૧ શા. રતનશી ખીમા
૧૨૨ શા. ધારસી ખીમા
૧૨૩ શા. માણેક કોરસી
૧૨૪ શા. લાલજી લખમસી
૧૨૫ શા, પાલણ ઊંમરશી
૧૨૬ શા. જીવરાજ આસમ
૧૨૭ શા. દેવજી રાઘુ
૧૨૮ શા. જાદવ લખમશી
૧૨૯ શા. રણસી લખમશી
૧૩૦ શા. શીવજી મેગરાજ
૧૩૧ શા. સુદરજી કાનજી

એ રીતે

શાં. ૨૦૦૦ જેઠ સુદ ૧૨ શનીવાર

જીવરામ મોનજી

માંડવી ન્યાયાધીશ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી માડવી દીવાની કોર્ટ તરફથી
ખા દી કામ નાં ૧૪૧ શા ૨૦૦૦
નોટીસ નાં. ૧૧૬૩ શાં ૨૦૦૦

કોડાય વાણીઆ માજનના વહીવટ કરનાર શા. મગન મોમાયા કોડાય } વાદી

ગોહેલ હેમતસંગજી હોથીજી ગુજરી જતાં તેના વારસ પોત્રા ગોહેલ રામસંગજી વિજયરાજજી ભુજ } પ્રતિવાદી

દાવો

ચીત ઠામના ખાતાની રૂએ મુદલવ્યાજ સીખે કોરી ૪૦૦૦ મળવા

ગામ કોડાયના વાણીઆ માજનના દરેક શખ્શોને માલમ થાય કે આ વાદીએ આ પ્રતીવાદી પર ઉપર મુજબ દાવો કરી આ દાવો ગામ કોડાયના વાણીઆ માજન વતી ચલાવવા માટે પરવાનગી મળવા અરજ કરેલ છે અને આ દાવામાં જેને દાખલ થવા ઇચ્છા હોય તેઓને ખબર અપાવવાની નોટીશ છપાવવા અરજ કરેલ છે જેથી ગામ કોડાયના વાણીઆ મહાજનના દરેક શખ્શોને ખબર આપવામાં આવે છે કે જે શખ્શોને આ દાવામા દાખલ થવા ઇચ્છા હોય તેવા શખ્શોએ શા. ૨૦૦૧ ના અષાડવીદ ૫ ભોમેના રોજ હાજર થઇ અરજ કરવી નહીતર મુદત વીતે કાયદેસર થશે

શા ૨૦૦૦ના જેઠ સુદ ૧૨ શની

જીવરામ મોનજી

માંડવી ન્યાયાધીશ

નાં. ૨૭૭

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર
શ્રી અંજાર અદાલત.
ખા. દી. તામીલ કામ નાં. ૭૨ શાં. ૨૦૦૦

ઠા. ગોકલ કરશન રે. **અંજાર** વાદી

ઠા. લધુ દેવજી રે. લાખાપર હાલ કરાચી } પ્રતિવાદી

બાબત.

હુકમેનામાં મુજબ તામીલ થવા

કરાચી મધ્યે ઠા. લધુ દેવજીને માલમ થાય જે આ વાદીએ શાં. ૨૦૦૦ના પોષ વીદ ૦)) સોમવાર નાં રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૧૧૯૩ તથા વાડા અને જગ્યાનો કબજો મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરવી નહીંતો કાયદેશર થશે.

મિતી અશાડ સુદ ૧ બુધવાર શાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ.

અંજાર ન્યાયાધીશ સા. કુ થા.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
શાહેબ સવાઇ બહાદુર
શ્રીમુંદ્રા ખાલશા દીવાની કોર્ટ ના ૧૨

શા. કુંવરજી મુરારજીનાં વારશ શા ટોકરશી કુંવરજી વગેરે રે. બારોઇ } વાદી

હાલા ગગુભા વડાબાવા વીગેરે રે. ભદ્રેસર પ્રતિવાદી

દાવો જમીનનો કબજો લેવા બા.

વડાલાનાં શા. મુરારજી વીજપારને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આ કોર્ટમાં શા. ૨૦૦૧નાં અશાડ વીદ ૧૪ બુધેનાં રોજ સવારનાં ૭ વાગેથી હાજર થાવું નેતર કાયદેસર થશે.

જેઠ વીદ ૧૪ શોમે શા. ૨૦૦૦

હીરજી શુરજી સોમૈયા

મે. મુંદ્રા ન્યા. શા. ના હુકમથી

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
શાહેબ સવાઈ બહાદુરની
શ્રીમુંદ્રા ખાલશા દીવાની કોર્ટ ના ૧૩

ઠા ગોરધનદાસ કુંવરજી નાં વારસ ઠા. મથરાદાસ ગોરધનદાશ વીગેરે ભદ્રેસર } વાદી

હાલા ઉમરશંગ બનેશંગજી વીગેરે વાવડીઆરા પ્રતિવાદી

દાવો લેણાં બાબત

ભદ્રેસરનાં ઠા મેગજી ગોરધનદાશને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આહીં કોર્ટમાં શાં ૨૦૦૧નાં અશાડ વીદ ૧૪ બુધેના રોજ સવારનાં ૭ વાગેથી હાજર થાવું નેતર કાયદેશર થશે.

જેઠ વીદ ૧૪ શોમે શાં ૨૦૦૦

હીરજી શુરજી સોમૈયા,

મે. મુંદ્રા ન્યાયાધિશ સાહેબનાં હુકમથી

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રીમુંદ્રા ખાલસા દીવાની કોર્ટ નાં ૧૪
વાણીઆણી ભાગબાઇ લાલજીની મીલકતનાં વારસ તેના પિતા લાલજી ભાણજી રે લાખાપર } વાદી
શા શીવજી નેણસીની કુંપનીનાં ભાગીદારો શા રવજી દેવશી વીગેર રે ભુજપર } પ્રતિવાદી
ભુજપરના મારજીનમાં લખ્યા શખ્શોને માલમ થાય
૧ શા શીવજી રણશીં
૨ શા નેણશી રણસીં
૩ શા મોણશી રણશીં
૪ શા કાકુ રણશીં
જે આ કામે દાવા જવાબ આપવા તમારે આહીં કોર્ટમાં શાં ૨૦૦૧નાં અશાડ વીદ ૧૪ બુધેનાં રોજ સવારનાં ૭ વાગે થી હાજર થાવું નૈતર કાયદેશર થશે.
જેઠ સુદ ૧૪ શની શા. ૨૦૦૦
રજી શૂરજી સોમૈયા.
મે ભુદ્રા ન્યાયાધીશ સાહેબના હુ. થી.

મહારાજા ધિરાજ મીરજાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ખા. દી. તા. કામ નાં. ૯૪ ૨૦૦૦
નો નાં ૨૦૪૪
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી
દાવો તામીલ થવા
ઠકર દેવચંદ ગાંગજી બંધડી વાદી
ચાવડા વલા હાજા હુંસડી પ્રતિવાદી
સીન્ધ હુંસડી મધે ચાવડા વલા હાજા તથા ચાવડા વસા ગોવાના વાલી ચાવડા વલા હાજાને માલમ થાય જે વાદીએ તમારા પર સાં. ૧૯૯૯નાં આસુ સુદ ૮ ના ખુલાસા પ્રમાણે કોરી ૨૬૭)૩ ની ચડતે વ્યાજે તામીલ થવા દરખાસ્ત કરી છે માટે આ નોટીસ પોચેથીવાદીની તામીલ રોજ ૧૫ પંદરની અંદર કરજો નહી તો મુદત વીતે કાયદેસર થશે
મિતિ જેઠ વીદ ૫ શની શાં. ૨૦૦૦
Harilal C. Jethi
ભચાઉ ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી રાપર દીવાની કોર્ટ
શમન નાં. ૭૦૧૩
ગ્યા દી. કામ નાં. ૨૬૨ સં. ૨૦૦૦
ગઢેચા પ્રભુલાલ મંગલજી ફતેગઢ વાદી
કુંભાર હેમા નરસંગ વી. પલાંસ્વા પ્રતિવાદી
દાવો કોરી ૧૦૫૦) મલવાનો
પલાંસવાના તે હાલે સીંધ હૈદરાબાદના કુંભાર રાયસંગ લખમણ તા ભચા લખમણ સગીરો વાલા રાયસંગ લખમણને માલમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૧૦૫૦ મલવાનો દાવો કરેલ છે. તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં શા.૨૦૦૧ના અષાડ સુદ ૧૫ બુધવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો નહીતર મુદતવીતે કાયદેસર થાસે
જેઠ વીદ ૬ સોમવાર શાં. ૨૦૦૦
અમૃતલાલ તારાચંદ
મે. રાપર ન્યાયાધીશ સા. ના. હુકમથી.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
શાહેબ સવાઇ બહાદુર
શ્રી રાપર દીવાની કોર્ટ
ખા. દી. કામ નાં ૧૩૧ સા. ૨૦૦૦
ઠકર રતનસી મોરાર રવ વાદી
રબારી સુરા રવા વી. ખાસમીરપુર પ્રતિવાદી
દાવો સં. નાં ૭૦૧૪
કોરી ૧૮૮)૧ મલવાનો
ખાસમીરપુરના રબારી સુરા રવાને માલમ થાય કે આ વાદીએ તમારા ઉપર કોરી ૧૮૮)૧ મલવાનો દાવો કરેલ છે માટે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શાં. ૨૦૦૧ના અષાડ વીદ ૮ ગુરૂવારના રોજ કોર્ટના ટાઇમે હાજર થાજો નહીતર મુદત વીતે કાયદેસર થાશે
જેઠ વીદ ૬ સોમવાર શાં. ૨૦૦૦
અમૃતલાલ તારાચંદ
મે. રાપર ન્યાયાધીશ સા. ના હુ. થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ખા. દી. તા. કા. નાં. ૨૭ શાં ૧૯૯૯.
રા જા નાં ૩૨૭૮ મનાઇ હુકમ.
શ્રી રાપર દી. કોર્ટ.
મોરબીયા છગનલાલ લાલચંદ રાપર વાદી.
ઠકર જીવરાજ ગોકળ મોટીચંદુર પ્રતિવાદી.
દાવો
ઠરાવથી કોરી ૬૦૨૩૩ મળવાનો
મોટીચંદુર મધ્યે ઠકર જીવરાજ ગોકળ તથા લવજી તથા હરચંદ ગોકળ શગીરનાં વાલી ઠકર જીવરાજ ગોકળને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર તામીલ દરખાસ્ત રજુ કરી તમારી નીચે લખેલ ચતુર દીશાવાળી મીલકત જપ્તીમાં લેવા બતાવતાં તે કોર્ટ તરફથી જપ્તીમાં લેવામાં આવેલ છે માટે તમારે સદરહુ આ નીચે લખેલ ચતુરદીશા વાલાં ઠામો ઉપર કોઇ પારોથી પૈશા ઉપાડી વેચશાટ કે આલાંપ.છાં ન કરવાનો આથી મનાઇ હુકમ કરવામાં આવે છે જો તે વીરૂધ્ધ વરતશો તો દરબારશ્રીજીના ગુન્હેગાર થશો
૧ જગ્યાઓ બે જોડાજોડ રાપર મધ્યે કુએલીવારા વાશની ઉગમણા બારની છે તેમાં ૧ જગ્યા પ્રા નાં ૪ વાળા ઠા રવજી અરજણના કબજાની કોરી ૬૦૧ ઉપરાંતના વધારાની જગ્યા તથા બીજી જગ્યા પ્રા નાં ૫ વાળા વોરા જીવરાજ ભગવાનજીના કબજાની જગ્યા છે તે બન્ને જગ્યાની ચતુરદીશા નીચે પ્રમાણે છે
૧ વાશમાં જવાનો ઉતરદક્ષીણ રાજમારગ ચાલે છે તેથી આ જગ્યાઓ આથમણી કોરે છે
૨ શ્રી દરબારી ગઢની રાંગથી આ જગ્યાઓ ઉગમણી કોરે છે
૩ મોરબીયા લખમીચંદ ગલાલચંદ વારી જગ્યા મેતા

ન્યાલ ગોડીદાશ પાશે છે તેથી દખણાદી કોરે છે
૪ દોશી શાંકરચંદ લધા વાશી જગ્યાથી આ જગ્યા ઉતરા દી કોરે છે
૨ વખાર નાં ૧(ઓરડી) ભેજવાશની પ્રા નાં ૬ વાળા ના કબજાની છે તેની ચતુરદીશાની વીગત
૧ વાશમાં જવાનો રાજમારગ ઉત્તરદક્ષીણ ચાલે છે તેથી આ વખાર આથમણી છે
૨ પ્રા નાં ૫ વાળા વોરા જીવરાજ ભગવાનજીના કબજાની જગ્યાનો ડેલો છે તેથી આ વખાર દખણાદી છે
૩ ઉપરની વોરા જીવરાજ ભગવાનજીના કબજાની જગ્યાના આંગણાથી આ વખાર ઉગમણી છે
૪ પ્રા નાં ૪ વાળા ઠા. રવજી અરજણના કબજાના ડેલાથી આ જગ્યા વખાર ઉતરાદી છે
એ રીતે ચતુર દીશા છે
શાં ૨૦૦૦ના જેઠ વીદ ૭ શોમવાર

Thakershi.P.
રાપર ન્યાયાધીશ.

જાહેર ખબર રે. જા. નાં ૨૪૧૪

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે કાઠડાથી ભાડા સુધી તથા પાંચટીઆની દરીઆની રેલમાંથી કપાસીઆ ગુણી ૬૧ એકસઠ દરીઆના ખારા પાણીથી ભીંજાએલ ઓલમાં નીકળેલ તેની એકઠી કરાવવાની મજુરી તેમજ ત્યાંથી ઊપડાવી અહી લઇ આવવાનુ ભાડુ વગેરે ખર્ચ શદરહુ માલ ઉપર પોશાય તેવુ નહી જણાતા ચડાખડીથી વેચાણ ત્યાં કરતાં છેવટ કોરી.૩૯૨॥ ત્રણસો સાડીબાણુમાં વેચાણ કરી તે તે કોરી અમાનત જમા રાખવામાં આવી છે માટે તે માલ જેનુ હોય તેણે આ જાહેર નામાની તારીખથી માસ એકની અંદર અમારી કચેરીએ હાજર થઇ ખાત્રી પુરાવો આપી લઇ જવો જો તે મુદતની અંદર કોઈ માલીક હાજર નહી થાય તો તેના ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે

જેઠ વીદ ૫ શની શાં. ૨૦૦૦ તા. ૧૦-૬-૪૪

અંબાલાલ મનસુખરામ
માંડવી વેવટદાર

જાહેર ખબર

રે. જા. આ. ન. ૪૫૬૮ નમર ૨૩૯૪

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા. માંડવી વોટર પોલીશ ઇનસપેકટર સાહેબની યાદ નાં ૧૧૧૨ જેઠ સુદ ૧૫ સોમવારવાલીમાં ખુઅડા તથા છછી સામેની દરીઆઇ રેલમાંથી નીચે પ્રમાણે ભોઇ સીંગની ગુણી ઓલમાં આવેલ છે

૧ ખુઅડા સામેની રેલમાંથી ભોઇસીંગ ગુણી ૩૧ એકત્રીસ
૧ છછી સામેની દરીઆઇ રેલમાંથી ભોઇસીંગ ગુણી ૧૬ સોલ

એ રીતે માલ આવેલ છે તે જેનો હોય તેણે જાહેર નામાની મુદતની તારીખથી એક માશમા હાજર થઇ ખાત્રી પુરાવો આપી લઇ જવો નહી તો મુદત વીતે શ્રી દરબાર દાખલ કરવામા આવશે

જેઠ વદ ૮ ને વાર ભોમે શા ૨૦૦૦
તા ૧૩—૬—૪૪

ખટાઉ નારાણજી
અબડાસા વહીવટદાર

જાહેર ખબર આ. જા. જા નાં. ૩૭૯

વરણુંના મસુરીઆ કરણા જેઠા થોડા વર્ષ અગાઉ પુત્રશંતતી વીના, પાછળ એક વીધવા મુકી ગુજરી ગએલ હાલે તે વીધવા પણ ગુજરી ગએલ છે એટલે મસુરીઆ કરણા જેઠાના વંશની શીધી લાઇન બંધ થાય છે. આથી તમામ લોકોને ખબર આપવામાં આવે છે કે મરનાર મસુરીઆ કરણા જેઠાનો જો કોઇ વારશ હોય તો તેણે આ જાહેર ખબર ગેઝેટમાં છપાયાની તારીખથી માસ એકની મુદતમાં અમારી પાશે હાજર થઇ રીતસર જાહેર કરવુ, મુદત અંદર કોઇ વારશ જાહેર નહી થાય તો મરનારનો કોઈ વારશ નથી એમ માની મરનારની જે કાંઇ મીલ્કત સ્થાવર કે જંગમ માલુમ પડશે તે શ્રી જાગીર દાખલ કરવામાં આવશે. પાછળથી કોઇનો વાંધો માન્ય રાખવામાં આવશે નહી

મીતી જેઠ સુદ ૧૫ મંગલવાર શાં. ૨૦૦૦
તા. ૬-૬-૧૯૪૪.

Pravinsinhji.
આડેશર જાગીદાર.

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

આ જાહેર નામાથી સર્વે લાગતાવળગતા અને જાહેર પ્રજાને ખબર આપવાની કે હું શા. વેરશી ગેલા નાગડા ગામ કચ્છ ચાંગડાઈના રહીશ હાલે વસવાટ મુંબઈ, મારા પિતાશ્રીની હૈયાતી દરમ્યાન અમોએ અમારી વડીલોપાર્જીત સ્થાવર જંગમ મીલ્કતની વહેચણી કરી અરસપરસ ફારગતી કરેલ છે. મારા ફાળે આવેલ સ્થાવર મીલ્કત મેં મારા નામ પર ચડાવી લીધી છે. છતાં મારાં ઓરમાન માતુશ્રી ખેતબાઈ મારી સદરહુ મીલ્કતમાં હસ્તક્ષેપ કરી, મારાં નામનો ઉપયોગ કરી, મારી સદરહુ મીલ્કતનો ખોટી રીતે

વહીવટ કરવાની કોશીશ કરે છે. જેમ કરવાનો તેણીને કશો અધીકાર નથી. આથી સર્વ લાગતાવળગતા અને જાહેર પ્રજાને ચેતવણી આપવાની કે મારી સદરહુ મીલ્કત બાબતે મારી ઓરમાન માતુ શ્રી ખેતબાઈ સાથે કોઈ પણ વ્યક્તીએ કોઈ પણ જાતનો કરાર, સાટો સોદો અગર ધીરધારનો વ્યવહાર કરવો નહિ. તેમ છતાં પણ જો કોઈ વ્યક્તી તેવી રીતનાં વ્યવહાર કરશે તે પોતાના હિસાબે અને જોખમે કર્યું ગણાશે મને તે કોઈ રીતે બંધનકર્તા ગણાશે નહિ.

તા. ૭–૬–૪૪

લી. શા. વેરસી ગેલા નાગડા.

દા. પોતે.

ખાનગી જાહેર ખબર

જત નીચે સહી કરનાર હું જાહેરને જણાવું છઉં જે મારી જેઠાણી નામે રામીબાઈ તે ઠા. હંશરાજ હરીદાસ મુલાણીની વીધવા જેના હસ્તક માંડવીની અમારી વડીલોપાર્જીત જગ્યાઓ જે તેમના કબજે હતી જેનું ભાડું વીગેરે તેઓ લેતા હતા તેઓ શાં ૨૦૦૦ના ચૈત્ર સુદ ૬ (રામનવમી) ના દીને ગુજરી ગયા છે તેને કંઇ પણ સંતતી નહોવાથી હું તેની પુરેપુરી વારશદાર છું માટે જેઠા મુલાણીની જગ્યાઓમાં હીસ્સો અરધો તથા મારા સાસરીઆની જગ્યાની પુરી હકદાર હું છું જેથી કોઈ પણ શખ્સ રામીબાઈના નામથી કંઇ પણ લેતીદેતી એના સબંધમાં કરી શકશે નહી અને કરશે તો તે પોતાને જોખમે છે.

૧૨–૬–૪૪

લી. મીઠીબાઈ તે ઠા. ત્રીકમદાસ હરીદાસની વીધવાની સહી દા. મેતા નાનાલાલ માણેકલાલના બાઈના આપેલ પાવરથી.

ખાનગી જાહેર ખબર

જત આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અમારા અસીલ ડોકટર કુરેસી કાસમ પીરમામદે માંડવી તાલુકે ખાડાના વેદાંત રામદાસ હીરજીનાં કબજા ભોગવટાની નીચે લખી ચતુર દિશાવાલી જગ્યા જે હાલ ખંડેર સ્થીતીમાં પડેલ છે તે પર વશેણ વંજી પણ નથી. તે કોરી ૩૦૦૦) ત્રણ હજારમાં પોતાનાં તથા પોતાનાં ભાઇ નારાણજી હીરજીનાં મતાંથી નવાણું વરસની મંધીએ વટાંતર આપવાનું નક્કી કરેલું છે માટે આ બાબતમાં આ જગ્યાપર કોઇનું લેણું લેખુ હોય અથવા કોઈ પણ સખ્સનો હોય તો આ છપાયાની તારીખથી દિવસ પંદરની અંદર અમારી ઓફીસે પોતાનાં તેવા હકનાં જે કંઇ લખીત આધારો હોય તે રજુ કરવા અને તેનાં હકની ખાત્રી કરી આપવી નહિતર મુદત વીતે અમારા અસીલનાં મતાંદાર ધણીનાં શીવાય કોઇનું પણ કંઇ હક આ જગ્યામાં નથી એમ ગણી અમારા અસીલનાં ધનીકપણાનું પાકો દસ્તાવેજ મંડાવી રજીસ્ટર કરાવી લેવામાં આવશે અને પાછળથી કોઇપણ શખ્સ પોતાનો કાંઈ હક જણાવશે તો તેનાં માટે અમારા અસીલ કે સદરહુ જગ્યા જવાબદાર થશે નહિ.

૧ ઉગમણીકોરે રાજમારગ છે તથા દરવાજો છે.
૨ આથમણીકોરે શા. આસપાળ સીવાની જગ્યા છે વચે વીચરણી છે.
૩ ઉતરાદીકોરે શા. ભાણજી નાગસીની જગ્યા છે તે ભીત મજમું છે.
૪ દખણાદી કોરે કેશવજી હંશરાજની જગ્યા છે તે ભીત મજમું છે.

મીતી જેઠ વદ ૬ શોમવાર શાં. ૨૦૦૦.

શણેશ્વરનાં મંદીર) મેતા હીરાલાલ સોમચંદ
પાસે કચ્છમાંડવી) ખરીદનાર ડોકટર કુરેસી કાસમ પીરમામદના વકીલ.

ખાનગી જાહેર ખબર

મારા અસીલ માંડવી તાલુકાનાં ગામ મોટાઆસંબીયાનાં રહીશ શા મુળજી વિજપાળ તરફથી સળેલ સુચનાની રૂએ, આથી સર્વ લોકોને જાણ કરવામાં આવેછે કે, મારા અસીલ પાસે જે મિલ્કત છે તે તેની સ્વપાર્જીત અને અંગત માલેકીની છે. મારા અસીલનાં નામે કે અસીલની વતી કોઈ પુત્રને કાંઇ વહીવટ કે વેપાર કરવા અધીકાર નથી. એટલે મારા અસીલનાં પુત્ર કે પુત્રો સાથે કોઇએ વહીવટ કે વેપાર કર્યો હશે તો તેનાં અંગત હોઈ તે માટે મારો અસીલ કે અસીલની મીલ્કત જવાબદાર નથી.

મારા અસીલ પાશેની મીલ્કતમાં તેનાં પુત્રોનો કાયદેસર કાંઇ હક નથી, તેમ છતાં મારા અસીલે

પોતાના મોટા પુત્ર પ્રેમજીને ખુશી થઇ જે આપવાનુ હતું તે આપી મિલ્કતે વિભક્ત કરેલ છે. જેનું લખાણ મજકુર પ્રેમજીએ મારા અસીલને શાં ૧૯૯૯નાં વૈશાખ સુદ ૫ રવિવારની મીતીએ કરી આપેલ છે. ત્યારથી મજકુર પ્રેમજી મારા અસીલથી મીલ્કતે છુટો છે અને પોતાનો વહીવટ પોતે પોતાની જવાબદારીએ કરે છે અને તેની ફરી રજીષ્ટર ફારકતી તેણે શાં ૨૦૦૦ના જેઠ શુદ ૧૪ સોમની મીતીએ કરી આપલે છે માટે મારા અસીલના પુત્ર પ્રેમજી મુળજી વિજપાળ સાથે કોઇએ કાંઇ લેતીદેતી, ધીરધાર કે વહીવટ કર્યો હશે યા કરશે તો તેમાટે મારા અસીલ કે તેની મીલ્કત જવાબદાર નથી પરંતુ મજકુર પ્રેમજી અંગત જવાબદારછે અને રહેશે તેની નોંધ લેવી

અશાડ શુદ ૩ શુંકરવાર શાં ૨૦૦૧

કચ્છ માંડવી
તા. ૨૩-૬-૪૪ } સુબોધચંદ્ર અમૃતલાલ અંજારીઆ એડવોકેટ શા મુળજી વિજપાળના વકીલ

ખાનગી જાહેર ખબર

અમારા અસીલો શા ખીમજી ઠાકરસીનાં વારસોની વતીથી.

અમે જાહેર જનતાને આથી ખબર આપીએ છીએ કે શા ખીમજી ઠાકરસી તથા શા હંશરાજ ઠાકરશીની માતાજી ભાણુબાઇને તેમનાં પીતા કોડાયનાં શા કોરસી નથુની કોડાયની સ્થાવર મીલ્કતો તથા જંગમ મીલ્કત વારસામાં આવી હતી અને તે મીલ્કતો તેમનાં કબજા ભોગવટામાં હતી તે મીલ્કતો બાબતમાં ભાણુબાઇએ શાં. ૧૯૯૧નાં વૈશાખ વીદ ૧૪ની મીતીએ વીલ કર્યું છે અને તે વીલમાં પોતાનાં વારસ તરીકે અમારા અસીલો તથા શા હંશરાજ ઠાકરસીને ઠરાવી ગએલ છે આ શાં. ૧૯૯૧નાં વૈશાખ વદ ૧૪ની મીતીનું તેમનું છેલું વીલ છે અને તે રજીસ્ટર્ડ થએલ છેજેથી આ મીલ્કતોમાં શા ભવાનજી ઠાકરસી કે તેમનાં વારસોનો કશો હક નથી તેથી આ મીલ્કતો બાબતમાં કોઈએ તેમની સાથે લેતીદેતી કરવી નહી અને કાંઇ કરી હશે તો તેનાં જોખમદાર અમારા અસીલો નથી.

મિતી. અશાડ સુદ ૩ શુકરવાર શાં ૨૦૦૧

વકીલ મનહરરાય માવજીની સઈ દા. પોતાના. તે શા. ખીમજી ઠાકરશીના વારસ પુત્રના વકીલ.

ખાનગી જાહેર ખબર

લી. ભુજના શા. ભગવાનજી ભાણજી ખેંગારની વીધવા બાઈ મણિબાઈ

જત. આથી હું જાહેર કરૂં છું કે મારો ઓરમાન દીકરો નાનાલાલ ઉ. વ. ૨૦ વીશ આશરે નો છે જેની ચાલચલગત તથા વર્તણુક બરાબર નથી તેમજ પૈશાનો ખોટો વ્યય કરવા માટે મારા ધણી તથા શશરાના નામેથી ચીજખાતે મંડાવી લઈ પરબારો ક્યાંક લઈ જવાનું સાંભરેલ છે જો તેવું હોય તો તેને મારા ધણી કે શશરાના નામથી કંઇ આપશો નહિ. જો આપશો તો તેના જવાબદાર હું તથા મારા ધણી શશરાની મીલ્કત પર જવાબદારી રહેશે નહિ જેનો આથી નોંધ લેશો એજ

મીતી. શાં. ૨૦૦૧ના અશાડ સુદ ૮ વારબુધે.

અંગુઠાની નીશાની

ઉપરનાં અંગુઠાની નીશાની બાઈ મણી બાઇ હેમચંદની છે. દાઃ શા. ગુલાબચંદ લખમીચંદનાં બાઇનાં કહેવાથી દાઃ પોતાના

ભુજ તા ૨૮-૬-૪૪.

ખાનગી જાહેર ખબર

અમે નીચે સહી કરનાર કાઠીઆવાડના તે હાલે ભુજ રહેનાર ઔદીચ બ્રાહ્મણ ગીરજાશંકર ભગવાનજી આથી જાહેર જનતાને ખબર આપું છું કે

અમારા વડીલો મુળ કાઠીઆવાડના રહીશ છે અને અમારી સ્થાવર જંગમ મીલ્કત છે તે પણ કાઠીઆવાડમાં છે

અમારા પીતા ભગવાનજી વીઠલજી જુનાગઢ તાબે ગામ કાગદલીમાં પોલીશ પટેલનો ધંધો કરતા હતા અને તેઓ ઘણા વરશ થયા ગુજરી ગયા છે તેમના અમો ત્રણ પુત્રો નામે રામકૃષ્ણ તથા કાન્તીલાલ તથા હું અને અમારી બેન નામે શાન્તાબાઇ છીએ તે અમારી બેન નાં લગ્ન અમારા પીતાના વખતમાં થઇ ગયા છે અમારા વડીલ ગુજરી ગયા પછી થોડી મુદત અમો સાથે રહેતા હતા. તે પછી પોત પોતાનો સ્વતંત્ર ધંધો કરી ગુજરાન ચલાવીએ છીએ અને અમારી સ્વતંત્ર કમાણીમાં કોઈપણ ભાઈ

નો કાંઇ પણ હક્ક નથી એવુ આથી જાહેર કરીએ છીએ.

બાકી અમારા વડીલોની સ્થાવર જંગમ મીલ્કત છે જે કાઠીઆવાડ તરફ છે જેની માહીતી અમારા મોટા ભાઇ રામકૃષ્ણને છે અને તેટલા પુરતીજ અમારા વડીલોની સ્થાવર મીલ્કત મજમુ છે તથા અમારા પિતાશ્રીની જંગમ મિલ્કત રામકૃષ્ણ અમારો મોટો ભાઇ થતો હોવાથી તેના કબજામાં છે તેજ મજમુ છે. તે શીવાય અમો ભાઇઓ પોતપોતાનો ધંધો કરી જે કમાણી કરીએ છીએ તે પોત પોતાની છે તેમાં કોઇ પણ ભાઇનો કાંઇ પણ હક્ક નથી એવુ આથી જાહેર કરૂ છુ એજ

મીતી અષાડ સુદ ૧૦ શનીવાર શાં. ૨૦૦૧

લી. ગીરજાશંકર ભગવાનની સહી દઃ પોતાના

લી. ભટ કાન્તીલાલ ભગવાનજીની સહી દઃ પોતાના

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિંમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિ ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીખે આ વર્ષની કોરી ૨૪।૩ સવા ચોવીસને છુટ. ત્રણ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૯॥ લેવામાં આવશે મુદત વીત્યા પછી ભરે તો તેની પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥.

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH DARBAR GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[પુસ્તક ૭૨ મું.] અષાડ શુદ ૧૩ મંગળવાર સં. ૨૦૦૧ તારીખ ૪થી જુલાઈ સને ૧૯૪૪ [વિશેષ અંક]

ચુકાદો.

NOTIFICATION

No. 4864

In connection with the inquiry held by Mr. Indravadan N. Mehta, Bar-at-Law, requiring the number of villages owned by fourteen jurisdiction-holders during the months of November and December 1943, and the report submitted by him, H. E. the Crown Representative in consultation with His Highness the Maharao of Kutch thinks it desirable that another inquiry should be held with the following term of reference:-

> "To ascertain and report on the annual income of the jurisdiction-holders in Kutch who should give satisfactory evidence".

All the jurisdiction-holders in the State are therefore informed that, for holding this inquiry, Mr. Indravadan N. Mehta, Bar-at-Law, has been appointed as Special Officer with the approval of H. E. the Crown Representative. In order to enable the jurisdiction-holders to be ready to furnish evidence before the Special Officer, with regard to the term of reference as mentioned above, the Special Officer has decided to commence the inquiry not earlier than six weeks after the date of this notification.

The place of inquiry and the dates when such jurisdiction-holders will be required to furnish the evidence before the Special Officer, will be notified in the Kutch Darbar Gazette at least three weeks before the actual commencement of the inquiry. The Special Officer, Mr. Mehta, thinks it desirable to state that, while furnishing satisfactory evidence with regard to the term of reference, evidence of the annual income of Samvat years 1995, 1996, 1997, 1998 and 1999 should be produced. If any of the jurisdiction-holders fails to furnish evidence as aforesaid before the Special Officer, it will be assumed that he has no satisfactory evidence to offer as regards his annual income.

Dewan's Office,
4th July 1944

S. K. Nayampalli,
Offg. Dewan of K. Kutch.

નં. ૧૮૬૧.

જાહેરાત

સને ૧૯૪૩ના માસ નવેમ્બર અને ડીસેમ્બરમાં મી. ઇન્દ્રવદન એન. મહેતા બાર-એટ-લો તરફથી ચોદ હકુમત ધરાવનારા (જ્યુરીસ્ડીકશન હોલડર્સ) જાગીરદારોના કબજામાં જે ગામો હતાં તેની તપાસ થતાં અને તે તપાસ ઉપરથી તેમના તરફથી જે રીપોર્ટ પેશ કરવામાં આવ્યો તે તપાસના અનુસંધાનમાં નામદાર વાઇસિરોય સાહેબ, ખુદાવંદ મહારાઓશ્રી સાથે વિચારણા કરી એવા નિશ્ચય ઉપર આવ્યા છે કે નીચે જણાવેલ બાબતસર બીજી તપાસ કરવાનું જરૂરી જણાય છે:—

"હકુમત ધરાવનારા કચ્છમાંના દરેક જાગીરદારની વાર્ષિક આવક કેટલી છે તે નકકી કરવી અને તેના ઉપર મી. ઈન્દ્રવદન એન. મહેતાએ તુરત રીપોર્ટ પેશ કરવો; આ બાબતનો સંતોષકારક પુરાવો હકુમત ધરાવનારા જાગીરદારોએ આપવો પડશે."

કચ્છ રાજ્યમાંના તમામ હકુમત ધરાવનારા જાગીરદારોને આથી ખબર આપવામાં આવે છે કે, આ તપાસ કરવાને માટે નામદાર વાઇસિરોય સાહેબની સંમતિથી મી. ઇન્દ્રવદન એન. મહેતા, બાર-એટ-લોને ખાસ અમલદાર તરીકે નીમવામાં આવેલા છે. ખાસ નીમાએલ અમલદાર પાસે ઉપર જણાવેલ બાબતસર પુરાવો રજુ કરવાને માટે હકુમત ધરાવનારા જાગીરદારો તૈયાર થઇ શકે તેના માટે આ તપાલ અંગે આ જાહેરાતની તારીખથી છ અઠવાડીયાંની મુદત આપવા ઠરાવ્યું છે.

તપાસનું સ્થળ, અને હકુમત ધરાવનાર જાગીરદારોએ ખાસ નીમાએલ અમલદાર પાસે પુરાવો રજુ કરવાની તારીખ, તપાસ શરૂ થયા પહેલાં ઓછામાં ઓછા ત્રણ અઠવાડીયાં અગાઉ કચ્છ રાજ્ય પત્રમાં જાહેર કરવામાં આવશે. ખાસ નીમાયલ અમલદાર મી. ઈન્દ્રવદન એન. મહેતા આથી વિશેષ જણાવવાનું જરૂરી ધારે છે કે ઉપર જણાવેલ બાબતની તપાસ માટે સાં. ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૭, ૧૯૯૮, અને ૧૯૯૯ની એમ પાંચ સાલની વાર્ષિક આવક સબંધી સંતોષકારક પુરાવો રજુ કરવો પડશે. જો કોઇપણ હકુમત ધરાવનાર જાગીરદાર ખાસ નીમાયલ અમલદાર પાસે ઉપર જણાવેલ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ નીવડશે તો તેની વાર્ષિક આવક સબંધમાં તેના પાસે કાંઇપણ સંતોષકારક પુરાવો રજુ કરવાને નથી એમ ગણવામાં આવશે.

અશાડ શુદ ૧૩ મંગળવાર શાં. ૨૦૦૧ તા. ૪-૭-૪૪.

S. K. Nayampalli,
Offg. દિવાન - કચ્છ.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH DARBAR GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 72 JULY 21st FRIDAY 1944. [NO. 3]

[પુ૦ ૭૨] શ્રાવણ શુદિ ૨ શુક્રવાર સંવત ૨૦૦૧ તારીખ ૨૧મી જુલાઇ સને ૧૯૪૪ [અંક ૩]

ઠરાવ

હ. ઓ. નાં. ૨૩૭/૪૪

નખત્રાણા તાલુકામાં રેવન્યુ તથા ન્યાય ખાતાની કામગીરી સાથે હોવાથી ત્યાં થાણદારની જગ્યા મુકરર કરવામાં આવેલ પરંતુ ન્યાયની કામગીરી અંગે ન્યાયધીશની જુદી નીમણોક થતાં નખત્રાણા તાલુકાની રેવન્યુ કામગીરી અંગે થાણદારને બદલે વહીવટદારની નીમણોક કરવામાં આવે છે. ઉપર પ્રમાણે ખુદાવંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

અશાડ સુદ ૧૨ સોમવાર શાં. ૨૦૦૧
તારીખ ૩-૭-૪૪.

એસ. કે. નાયમપલી
ઓફી દીવાન—કચ્છ.

નોટીફીકેશન

હ- ઓ. નાં ૨૩૯/૪૪

દરેક વહીવટદારે પોતાની ઓફીસમાં તથા તાલુકાના કુઓ હસ્તે હાલે જમીન બાબત, તથા જુના લેણા બાબત, તથાં બીજા પડતર ફાઇલના કેસો સહીત કઇ કઇ સાલના કેટલા કેસો પેલેન્સમાં છે તથા કઇ કઇ સાલના કયા કયા ગામોના કુઓના ખડાબંધો વહીવટદાર ઓફીસે તથા રેવન્યુ ઓફીસે તપાસવા માફીમાં છે, કઇ સાલના જમાબંધી વહીવટદાર ઓફીસે તૈયાર થયા નથી, તેમજ કઇ સાલથી કઇ સાલના સરવૈયાં નીકળેલાં નથી અને કઇ સાલનાં હીસાબો-ની મેળવણી એકાઉન્ટ ઓફીસથી થઇ નથી તેનું વર્ગવાર વીગતવાર પત્રક સંવત ૨૦૦૧ના ભાદરવા સુદ ૨ સુધીમાં તૈયાર કરી તેની એક નકલ રા. રા. હજુર આસીસ્ટંટ તરફ એક નકલ રા. રા. દીવાન સાહેબ તરફ અને એક નકલ રા. રા. રેવન્યુ કમીશ્નર તરફ મોકલવી

ઉપર જણાવેલ ચડત કામગીરી પૈકી કેટલી કામગીરી પુર્ણ કરવામાં આવી તેનો દર છ માસે નવા આવેલ કેસો સહીતના એલેન્સનો રીપોર્ટ કરવો.

દરેક વહીવટદારે પોતાના તાલુકામાં પડતર જમીન ખેડાવવા બાંધા બંધાવવા અને નવા કુવા કરાવવા ખેડુતોને ઉતેજન આપવું અને દર વર્ષે આખરે કેટલી પડતર જમીન નવેશર ખેડવાણ કરાવવામાં આવી, કેટલા, નવા કુવા કરાવ્યા કેટલા જુના પડેતર ચાલુ કરાવ્યા, અને કેટલા ખેતરોના બાંધા બંધાવ્યા તેનો વિગતવાર રીપોર્ટ કરવો.

એ વરસને અંતે આવેલ રીપોર્ટ ઉપરથી ખાતરી થઇ જે વહીવટદારોએ સારૂં કામ કરેલ હોવા જણાશે તેઓની ખુદવિંદ નામદાર મહારાવશ્રીજી તરફથી સારી કદર કરવામાં આવશે

ઉપર પ્રમાણે ખુદાવિંદ નામદાર મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

મીતી અશાડ સુદ ૧૨ સોમવાર શાં ૨૦૦૧
તારીખ ૩-૭-૪૪.

એસ. કે. નાયમપલી
ઓફી. દીવાન—કચ્છ

NOTIFICATION.

No. 1858 of 1944

The following Press Communique dated 21--4--44 issued by the Government of India, Commerce Department, and received with Agency letterNo.D/40-4--W dated 28th June 1944 is published below for general information.

Dewan's Office
Bhuj, 4th July 1944

S. K. Nayampalli
Offg. Dewan of Kutch

PRESS COMMUNIQUE

RESUMPTION OF TRADE WITH CORSICA

Corsica is no longer enemy territory. Trade with it may be resumed subject to any Regulations in force India or in that territory.

Commerce Department
New Delhi, April 21, 1944.

નોટીફીકેશન નં. ૩૨.

૧. ભુજ-માંડવી-અંજાર અને મુંદરા શહેરના જે વેપારી પાસે સાથેના લિષ્ટમાં જણાવેલ વસ્તુઓ તેમાં જણાવેલ જથ્થાથી વધારે હોય તેમણે સવંત ૨૦૦૧ના શ્રાવણ સુદ ૫ મંગલવાર તા. ૨૫ જુલાઈ સને ૧૯૪૪ પહેલાં તે સબંધી રા. રા. ડાયરેકટર ઓફ ફુડ સપ્લાઇઝ, ભુજ ને લખીત ખબર આપવા અને ત્યારબાદ દરેક અંગ્રેજી માસની તા. ૧૦ મી તથા તા. ૨૫મી સુધીમાં દર-પખવાડીએ લખીત ખબર આપવા.

૨. નોંધ મોકલાવ્યા બાદ જે વસ્તુઓ પોતે ખરીદ કરે અથવા આયાત કરે તેનો નોંધ થવા તાત્કાલીક લેખીત ખબર મોકલવા.

૩. આ માલ જે ગોડાઉનમાં કે દુકાનમાં રાખવામાં આવેલ હોય તે દુકાન તથા ગોડાઉનનું પુરેપુરૂં ઠેકાણું તેમાં જણાવવું.

૪. આડતીઆ કે ભલામણીઆ તરીકે જેની પાસે માલ હોય તેઓએ પણ તે માલીકોની વતી નોંધ કરાવવો અને માલીકોએ પોતાનો માલ નોંધવવા તજવીજ કરવી.

૫. જે દિવસ નોંધ મોકલાવવામાં આવે તે દિવસ તથા એક પખવાડીઆ પહેલાં તે ચીજોના શા ભાવ હતા તેપણ લખી મોકલવું.

૬. આ હુકમ અન્વય કોઇ વેપારીએ પોતાનો માલ નોંધાવેલ નહી હોવાનું જાહેર થઇ સાબીત થશે તો વધારાની વસ્તુઓ બદલ કોરી પાંચહજાર સુધીના દંડને પાત્ર થશે અને વસ્તુઓ દરબાર દાખલ કરવામાં આવશે અને વધારામાં કચ્છમાં લાગુ પડતા હિંદ સંરક્ષણ ધારા અન્વય તેના વિરૂધ્ધ પગલાં લેવામાં આવશે.

૭. ઉપર જણાવ્યા પ્રમાણે કોઇ વેપારીએ પોતાનો માલ નોંધાવેલ ન હોવાની લેખીત જાહેરાત થાય તો રા. તાલુકા વહીવટદાર રા. કંટ્રોલ ખાતાના ઇન્સ્પેકટર અથવા રા. કષ્ટમ દરોગા જેની પાસે તે જાહેરાત

થાય તેણે પંચો રૂબરૂ ગોદાઉન અથવા દુકાનની ઝડતી લઇ જે માલનો નોંધ થએલ ન હોય તે માલ જપ્ત કરી રા. રા. ડાયરેક્ટર ઓફ સપ્લાઇઝને બીજેજ દિવસે લખીત રીપોર્ટ કરવો.

૮. આ નોટીફીકેશન અંગેના ગુન્હાની તપાસ કરી શીક્ષા કરવાનો તથા માલ જપ્ત કરવા વિગેર અધીકારો રા. રા. ડાયરેકટર ઓફ ફુડ સપ્લાઇઝને હેશે પરંતુ તેઓને જો ન્યાય કોર્ટમાં કામ ચલાવવા સરખું જણાય તો રા. રા. દીવાન સાહેબની કામ ચલાવવા બાબત મંજુરી મેળવવી. તેવી મંજુરી મલ્યા પ્રમાણે રા તાલુકા અધીકારીને રા. મેજીસ્ટ્રેટ પાસે કેશ દાખલ કરવા રા. રા. ડાયરેકટર ઓફ ફુડ સપ્લાઇઝ હુકમ કરી શકશે.

૯. આ હુકમ અન્વય કોઇ વેપારીએ અમલ કર્યો નથી એમ જાહેરાત કરનારને ગુન્હો સાબીત થયે દંડની રકમમાંથી પચીશ ટકા સુધી અને જપ્ત થએલ માલની કિમતમાંથી દશ ટકા સુધીની રકમ ઇનામ તરીકે આપી શકાશે.

૧૦. ઉપર જણાવેલ અધીકારીઓ પૈકી જે અધિકારી ઝડતી લેવા જાય તેમણે ગોડાઉન કે વખારની ઝડતી લેવાનું શરૂ કરતી વખત થએલ જાહેરાતની ખરી નકલ તે વેપારીને આપવી.

મીતી અશાડ સુદ ૧૩ વાર મંગળ શં. ૨૦૦૧. તા. ૪-૭-૧૯૪૪.

એસ. કે. નાયમપલી,
ઓફી. દીવાન-કચ્છ.

વસ્તુઓનું લીષ્ટ.

૧. દરેક જાતના નામવાર ટિન્ડ ફુડ (Tinned food). એકંદરે બાર ડબાથી વધારે.
૨. દરેક જાતના નામવાર ચિલ્ડ્રન્સ ફુડ (Children's food) એકંદરે બાર ડબાથી વધારે.
૩. દરેક જાતના ઘઉં-નામવાર.....એકંદરે બે ગુણીથી વધારે.
૪. બાજરો.....એકંદરે ત્રણ ગુણીથી વધારે.
૫. કઠોળ તથા દાળ-દરેક જાતની નામવાર.....એકંદરે બે ગુણીથી વધારે
૬. ખાંડ.....એક ગુણીથી વધારે.
૭. ગોળ-દરેક જાતનો નામવાર.....પાંચ મણથી વધારે.
૮. ચોખા દરેક જાતના નામવાર .....બે ગુણીથી વધારે.

જે દીવસ નોંધ મોકલાવવામાં આવે તે દિવસના ભાવો તથા એક પખવાડીઆ પહેલાના ભાવો લખી મોકલવા.

૯. ઘી.....દરેક જાતનું.....એકંદરે પાંચ મણથી વધારે.
૧૦. વેજીટેબલ ઘી.....એકંદરે પાંચ મણથી વધારે.
૧૧. વેજીટેબલ તેલો.....એકંદરે પાંચ મણથી વધારે.
૧૨. ઓવલટાઇન .....એકંદરે બાર રતલથી વધારે.

હ. ઓ. નં. ૫૪૨-૪૪ ઠરાવ. તા ૨૩-૬-૪૪

માંડવી-જખૌ-લખપત-મુંદરા-અંજારના બંદરેના દરીયામાંથી પકડેલ મછી ઉપર દાણ લેવા ટ્યું છે તે દાણનો ઇજારો બંધાય છે માંડવી-જખૌ-અને લખપતના લોધીઓએ ઇજારા પધ્ધતીથી ઇજારદાર તરફથી નાના મોટા પ્રકારની કોચવણ થતી હોવાથી દાણની ઇજારા પધ્ધતી બંધ થઇ લાયસન્સ પધ્ધતી દાખલ કરવાનું કબુલ કર્યું છે.

આ સબંધમાં રેવન્યુ ખાતેથી તેમજ પોલીસ ખાતેથી થઇ આવેલ ભલામણ ધ્યાનમાં લઇ નીચે પ્રમાણે ધોરણ રખાવવાનું ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરનું ફરમાન થયું છે.

૧. લોધ કરનાર દરેક લોધીના લાયસન્સ દીઠ માસીક કોરી ૨ બે ફી લેવી. જે લોધીની ઉમર ૧૫ વરસની હોય તેણે લાયસન્સ લેવું જોઇએ. તે પ્રમાણે ફી લેવાથી કેટલી રકમ થાય તેના પત્રકો રેવન્યુ ખાતે આવેલ છે તેમાં માંડવી તાલુકાના લોધીની સંખ્યા ૨૩૫ અબડાસા તાલુકાના લોધીની સંખ્યા ૫૬ અને લખપત તાલુકાના લોધીની સંખ્યા ૨૯ લખાઇ આવેલ છે તેઓને લાયસન્સ આપવા તેથી ઓછા લોકોને લાયસન્સ આપવા નહીં અને તે ઉપરાંત જે જે લોધી લોધનો ધંધો કરે તેને દરેકને લાયસન્સ આપવા જોઇએ.

૨. વળી એક કુટુંબમાં એક કરતાં વધારે શક્ષો લોધ કરનારા હોય તો જેટલા શક્ષો લોધ કરતા હોય તેટલા બધાએ પાસ (લાયસન્સ) લેવો પડશે એકજ (લાયસન્સ) પાસથી કુંટુંબના બધા શક્ષો લોધ કરી શકશે નહી.

૩. ઉપર જણાવ્યા મુજબ માંડવી-જખૌ અને લખપત તરફના લોધીઓ લાયસન્સ પધ્ધતી કબુલ રાખે છે તેમને નીચે મુજબ લાયસન્સ આપવા.

૧. મોટા સલાયા, ગુંદીઆળી, કાઠડા, નાના લાયજા, ત્રગરી
૨. જખૌ, નલીયા, મોટી ચરેપડી, કેરાવાલી વાઢ, અકરી, મોટી સીધોડી, લાલા, રાપર ગઢવાલી, સાંધણ, સુથરી,
૩. લખપત, કોટેશ્વર, નારાણસરોવર, ઢેઢાપર, મોટી છેર, નાની છેર, પીપર

૪. મુંદરા તુણા વીગેરના લોધીઓ ઇજારાનું ધોરણ હજુ પણ પસંદ કરે છે તેમને માટે જુનું ઇજારો બાંધવાનું ધોરણ ચાલુ રાખવું.
૫. આ સબંધમાં થતા ગુન્હા રા. મેજીસ્ટ્રેટ પાસે ધોરણસર કમીટ કરવા
૬. લાયસન્સો રા. રા. પોલીસ કમીશ્નરસાહેબની ઓફીસેથી અપાવવા.
૭ કચ્છ બહારના મુલકમાંથી લોધીઓ વહાણો લઈ લોધ કરવા આવે છે તેના પાસેથી નીચેના ધોરણે લાગત લેવી.

૩૦ ખાંડીથી નીચેના વહાણના રૂપીઆ ૩૦
૩૦ થી ૪૦ ખાંડી સુધીના વહાણના રૂપીઆ ૪૦
૪૦ અને તેથી ઉપરના વહાણના રૂપીઆ ૫૦

૮. કચ્છના મછવાઓ લોધ કરે તે મછવા દીઠ લાયસન્સ ફી કોરી ૫ રાખવી
૯. કલમ ૭—૮ની તજવીજ હાલ જેમ વોટર પોલીસ તરફથી થાય છે તેમ થવાની છે
૧૦. આ ધોરણ બાર માસ માટે અખતરા તરીકે ચાલુ રાખવું પછી લાયસન્સ ફીમાંથી જે આવક થઇ હોય તેની સાથે સને ૧૯૩૯-૪૦-૪૧ની સાલોમાં ઇજારાના ધોરણે જે રકમ ઉત્પન થઇ હોય તેનુ મુકાબલા પત્રક શ્રી હજુરમાં રજુ થવા આવવુ જોઇએ.

મીતી અસાડ સુદ ૬ સોમવાર શાં ૨૦૦૧

એસ કે નાયમપલી
ઓફી. દીવાન કચ્છ

D. C. S. O. 89.

નોટીફીકેશન.

૧. ભુજ, માંડવી, અંજાર અને મુંદરા શહેરના જે વેપારી પાસે સાથેના લીષ્ટમાં જણાવેલ વસ્તુઓ તેમાં જણાવેલા જથ્થાથી વધારે હોય તેમણે સવંત ૨૦૦૧ના શ્રાવણ સુદ ૫ મંગળવાર તા. ૨૫ જુલાઇ સને ૧૯૪૪ પહેલાં તે સબંધી રા. રા. ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ ભુજને લેખીત ખબર આપવા અને ત્યારબાદ દરેક અંગ્રેજી માસની તા. ૧૦મી તથા ૨૫મી સુધીમાં દર પખવાડીએ લેખીત ખબર આપવા.
૨. નોંધ મોકલાવ્યા બાદ જે વસ્તુઓ પોતે ખરીદ કરે અથવા આયાત કરે તેનો નોંધ થવા તાત્કાલીક ખબર લેખીત મોકલવા.
૩. આ માલ જે ગોડાઉનમાં કે દુકાનમાં રાખવામાં આવેલ હોય તે દુકાન તથા ગોડાઉનનું પુરેપુરૂં ઠેકાણું તેમાં જણાવવું.
૪. આડતીઆ કે ભલામણીઆ તરીકે જેની પાસે માલ હોય તેઓએ પણ તે માલીકોની વતી નોંધ કરાવવી અને માલીકોએ પોતાનો માલ નોંધવવા તજવીજ કરવી.
૫. જે દિવસ નોંધ મોકલાવવામાં આવે તે દિવસ તથા એક પખવાડીઆ પહેલાં તે ચીજોના શા ભાવ હતા તે પણ લખી મોકલવું.
૬. આ હુકમ અન્વયે કોઇ વેપારીએ પોતાનો માલ નોંધાવેલ નહી હોવાનું જાહેર થઇ સાબીત થશે તો વધારાની વસ્તુઓ બદલ કોરી પાંચહજાર સુધીના દંડને પાત્ર થશે અને વસ્તુઓ દરબાર દાખલ કરવામાં આવશે અને વધારામાં કચ્છમાં લાગુ પડતા હિંદ સંરક્ષણ ધારા અન્વય તેના વિરૂધ્ધ પગલાં લેવામાં આવશે.
૭. ઉપર જણાવ્યા પ્રમાણે કોઇ વેપારીએ પોતાનો માલ નોંધાવેલ ન હોવાની લેખીત જાહેરાત થાય તો રા તાલુકા વહીવટદાર, રા. કંટ્રોલ ખાતાના ઇન્સ્પેક્ટર, અથવા રા. કસ્ટમ દરોગા જેની પાસે તે જાહેરાત થાય તેણે પંચો રૂબરૂ ગોડાઉન અથવા દુકાનની ઝડતી લઈ જે માલનો નોંધ થએલ ન હોય તે માલ જપ્ત કરી રા. રા. ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝને બીજેજ દીવસ લેખીત રીપોર્ટ કરવો.
૮. આ નોટીફીકેશન અંગેના ગુન્હાની તપાસ કરી શીક્ષા કરવાનો તથા માલ જપ્ત કરવા વિગેરે અધીકારો રા. રા. ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝને રહેશે. પરંતુ તેઓને જો ન્યાય કોર્ટમાં કામ ચલાવવા સરખું જણાય તો રા. રા. દીવાન સાહેબની કામ ચલાવવા બાબત મંજુરી મેળવવી તેવી મંજુરી મલ્યા પ્રમાણે રા. તાલુકા અધીકારીને રા. મેજીસ્ટ્રેટ પાસે કેશ દાખલ કરવા રા. રા. ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ હુકમ કરી શકશે

૯. આ હુકમ અન્વય કોઇ વેપારીએ અમલ કર્યો નથી એમ જાહેરાત કરનારને ગુન્હો સાબીત થએ દંડની રકમમાંથી ૨૫ ટકા સુધી અને જપ્ત થએલ માલની કીમતમાંથી દશ ટકા સુધીની રકમ ઇનામ તરીકે આપી શકાશે.

૧૦. ઉપર જણાવેલ અધીકારીઓ પૈકી જે અધીકારી ઝડતી લેવા જાય તેમણે ગોડાઉન કે વખારની ઝડતી લેવાનું શરૂ કરતી વખત થએલ જાહેરાતની ખરી નકલ તે વેપારી કે શખ્સને આપવી.

અશાડ સુદ ૧૫ વાર ગુરૂ શં. ૨૦૦૧ તારીખ ૬-૭-૪૪.

એસ. કે. નાયમ્પલી,
ઓફી. દીવાન—કચ્છ.

વસ્તુઓનું નામ.	જથ્થો.
૧. દરેક જાતની ઇલેકટ્રીક વસ્તુઓ અને તેને લગતી બીજી ચીજો (નામ તથા વર્ણન સહીત.)	દરેક ૧ ડઝન.
૨. દરેક જાતની ફોટોગ્રાફીને લગતી વસ્તુઓ (નામ અને જાત સહીત.)	દરેક ૧ ડઝન.
૩. દરેક જાતની ઉનની બનાવટ (નામ અને જાત સહીત.)	દરેક ૧ ડઝન.
૪. દરેક જાતની ચામડાની વસ્તુઓ અને ચામડા (નામવાર-જાતવાર.)	દરેક ૧ ડઝન.
૫. દરેક જાતની સ્ટેશનરી-કાગળ (નામ અને જાતવાર.)	દરેક ૧ ડઝન રીમ.
૬. રેડીઓ (નામ અને જાતવાર)	દરેક ૧ નંગ.
૭. સીગારેટસ. (નામ અને જાતવાર.)	દરેક ૧ ગ્રોસ.
૮. ઘડીઆળો. નાનાં અને મોટાં (નામ તથા જાતવાર.)	દરેક ૧ ડઝન.
૯. કટલરી, રમકડાં, કાચની વસ્તુઓ અને સન્ડ્રીઝ (નામ અને જાતવાર)	દરેક ૧ ગ્રોસ.
૧૦ રેઝર બ્લેડઝ. (દરેક જાતની નામવાર.)	દરેક ૧ ગ્રોસ
૧૧. દરેક જાતના દારૂ. (જાત તથા નામ સહીત)	દરેક ૧ ડઝન બાટલીઓ cwart.
૧૨. બાઈસિકલ્સ. (દરેક જાતની નામવાર.)	દરેક ½ ડઝન.
૧૩. ફાઉન્ટનપેન. (દરેક જાતની નામવાર.)	દરેક ૧ ડઝન.
૧૪. ક્રોકરી. (નામ અને જાતવાર.)	દરેક ૧ ગ્રોસ.
૧૫. આર્ટીફીસીયલ સિલ્ક કાપડ. બનાવટી રેશમ. (દરેક જાતનું નામવાર.)	દરેક ૧ ડઝન પીસીસ
૧૬. આર્ટીફીસીયલ સીલ્ક યાર્ન. (નામ અને જાતવાર)	દરેક ૧૦ રતલ
૧૭. રેશમી સુતર. (નામ અને જાતવાર.)	દરેક ૧૦ રતલ.
૧૮. ટાંકો (નામ અને જાતવાર.)	દરેક ૧ ગ્રોસ.
૧૯. સાહી. (નામ અને જાતવાર)	દરેક ૧૦ રતલ.
૨૦. ચાહ. (નામ અને જાતવાર)	દરેક ૧૨ રતલ.
૨૧. કોફી. (નામ અને જાતવાર.)	દરેક ૧૨ રતલ.
૨૨. સુતરાઉ કાપડ. (નામ તથા જાતવાર)	દરેક ૧ ડઝન પીસીસ તાકા.
૨૩. સુતર. (નામ તથા જાતવાર.)	દરેક ૧ ગાંસડી.
૨૪. કપાસ. (નામ તથા જાતવાર)	દરેક ૧ ગાંસડી.
૨૫. કપાસીઆ. (નામ તથા જાતવાર.)	દરેક ૫ ગુણી.
૨૬. જાનવરોનો ચારો. નામવાર.	દરેક જાત ૫૦ મણ.
૨૭. દિવાસળી	દરેક ૧ ગ્રોસ.
૨૮. છત્રીઓ. (નામ અને જાતવાર.)	દરેક ૧ ડઝન.
૨૯. સીમેન્ટ (નામ અને જાતવાર).	દરેક ૧ ડઝન.
૩૦. કેરોસીન.	૨ ટીન

ઉપરની દરેક વસ્તુઓની જુદી જુદી જાત અને નામવાર જુદી જુદી હકીકત મોકલવાની છે. જે દીવસ નોંધ મોકલવામાં આવે તે દીવસના ભાવો જણાવવાના છે.

D. 6-7-44.

S. K. Nayampalli,
Offg. દીવાન કચ્છ.

No. 1883 of 1944.

The Government of Kutch is pleased to publish for general information the below mentioned Government of India, Defence Department Notification

42

No. 529-OR/44 dated the 27th May 1944, received with Agency letter No. D/45-1-W dated the 29th June 1944.

Dewan's Office
Bhuj, 6th July 1944.

S. K. Nayampalli
offg. Dewan of Kutch.

Government of India,
Defence Department.

New Delhi, the 27th May 1944.

No. 529-OR/44. It is notified for general information that the following territories being in the occupation of His Majesty shall for the purposes of the Defence of India Rules, be treated as Allied territories:-

Cyrenaica,
Tripolitania.

C Macl G. Ogilvie Secy

હ. ઓ. નંબર ૨૪૪/૪૪ ઠરાવ તા ૧૦-૭—૪૪

ખડીર તાલુકા રા થાણદારની સ્વતંત્ર દેખરેખ નીચે છે પરંતુ તે તાલુકાની કામગીરી નજરે હાલે બે વરસ અજમાયશ દાખલ રાં. રાપર વહીવટદારના પેટામાં રાખવા અને ખડીરને માટે જુદા અવલકારકુનની નીમનોક કરવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

રા ખડીર અવલકારકુનને તે ખડીરમાં કામ કરે ત્યાં સુધી કોરી ૨૫ એડવાન્સ તરીકે આપવી.

અશાડ વીદ ૫ સોમવાર શાં ૨૦૦૧

એસ. કે. નાયમપલ્લી
ઓફી. દીવાન—કચ્છ.

હ. ઓ. નં. ૨૪૮-૪૪. ઠરાવ. તા. ૧૦-૭-૪૪

આસીસ્ટંટ વહીવટદારો તથા અવલકારકુનોની ગ્રેડમાં સુધારો કરી નીચે મુજબ ગ્રેડ રાખવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે

૧. આસીસ્ટંટર વહીવટદારની ગ્રેડ હાલે કોરી ૨૦૦-૧૦-૨૫૦ની છે તેને બદલે કોરી ૨૦૦-૧૦-૩૫૦ ની રાખવી.

૨. અવલ કારકુનોની ગ્રેડ કોરી ૧૧૫-૧૦/૨-૧૫૦ની છે તેને બદલે કોરી ૧૧૫-૧૦-૨૦૦ની રાખવામાં આવે છે.

૩. ખાવડા નખત્રાણા અને જંગી અવલકારકુનની ગ્રેડ હાલે ૯૦-૫-૧૧૦ની છે તે પણ કોરી ૧૧૫-૧૦ ૨૦૦ની કરવામાં આવે છે.

મીતી અશાડ સુદ ૫ સોમવાર શાં ૨૦૦૧
તા: ૧૦-૭-૪૪

એસ. કે. નાયમપલ્લી.
ઓફી. દીવાન - કચ્છ

ઠરાવ હ. ઓ. નં. ૨૫૩

ચાલતી સાલે કચ્છમાં બધે સ્થળે સારા વરસાદ થયા હોવાથી જમીનમાં બને તેટલું વધારે વાવેતર થાય તથા તે માટે ખેડુતોને શ્રીરાજ્ય તરફથી પુરતા પ્રમાણમા બીજભાત, ખેડનો સમંચો તથા બળદો વીગેરે માટે તકાવી મલે તથા તેમને બીજી કાંઈ નાની મોટી મુશ્કેલીઓ હોય તે દુર થાય તે માટે નીચે મુજબ સ્પેસીઅલ એગ્રીકલ્ચરલ (Special Agricultural) કમીટી નીમવા અને તેની કાર્યપધ્ધતી નક્કી કરવા ખુદાવીંદ મહારાજાઓ હજુર સાહેબ હજુરથી કૃપાવંત ફરમાન થયું છે.

૧. શ્રીયુત તુલસીદાસ મુલજી શેઠ — પ્રમુખ.
૨. કેપ્ટન રાજકુમારશ્રી રસિકકુમાર સાહેબ — મેમ્બર.

૩. રા. રા. પ્રાણલાલ વાવજી મેમ્બર.

આ ઉપરાંત કમીટી પોતાને યોગ્ય લાગે તે એક શક્ષને કામગીરીની સરળતા ખાતર મેમ્બર તરીકે શ્રી હજુરની પરવાનગીથી કોઓપ્ટ કરી શકશે.

કમીટીએ નીચે દરશાવેલા ક્રમે તાલુકા તપાસવાઃ

ભુજ, અંજાર, ભચાઉ, રાપર, નખત્રાણા, માંડવી, મુંદરા.

બીજભાત વીગેરે માટે કોરી ૧૦૦૦૦ સુધીની રકમ કમીટી તકાવીને રીતે આપી શકશે, આ રકમ ખેડુતો પાસેની જમીન તથા તેની સ્થિતી તપાસી જરૂરીઆત નજરે ધોરણસર વસુલ થવા સંબંધમાં યોગ્ય ખાત્રી કરી ચાલતા ધોરણ પ્રમાણે કમીટીએ આપવી. આ પ્રમાણે તજવીજ કરતી વખતે તાલુકા અધીકારીઓએ જે ખેડુતોને પ્રથમથીજ આ સાલે બીજભાત વીગેરે માટે તકાવી આપી દીધી હોય તેની પણ તપાસ કરી વધુ રકમ આપવી કે કેમ તેનો કમીટીએ વીચાર કરી નીકાલ કરવો. સદરહુ કોરી ૧૦૦૦૦ ની રકમ પુરી થઈ ગએથી યોગ્ય સમયમાં કમીટીનો રીપોર્ટ અને ભલામણ આવેથી કોરી ૧૦૦૦૦ ના હફ્તે બીજી કોરી ૪૦૦૦૦ સુધી રા. રા. દીવાન સાહેબ મંજુર કરી શકશે.

કમીટીને તકાવીને માટે ઉપરની રકમની અંદર તાત્કાલીક રકમ મળી શકે તે માટે તાલુકા ત્રીજોરીએ જોઇતી રકમ અપાવવી, અને કમીટીની માગણી પ્રમાણે આપતી રહેવી.

દરેક તાલુકાના મુખ્ય મુખ્ય ગામોમાં કમીટીએ જવું અને તેના ખબર તથા તારીખો વેળાસર કમીટીએ તાલુકા અધીકારીઓ મારફત પહોંચાડવા. તાલુકા અધીકારીઓએ ગામે ગામે જાહેરાત કરી બંદોબસ્ત કરવો કે આનો લાભ બધા ખેડુતો લઇ શકે તેમજ આ ઠરાવની નકલ તે તે ગામે જાહેર જગ્યા પર ચોડાવવી.

એક તાલુકાની તપાસ થયેથી જે જે સુચનાઓ કરવાની તે કમીટીએ કરવી, છેવટે કમીટીનું કામ પુરૂં થયા પછી કામગીરીનો General Report કમીટીએ કરવો કે જે આયંદા પણ ઉપયોગી થાય.

ઉપરના તાલુકાઓની તજવીજ પુરી થયા પછી જરૂર જણાય અને જવાનું સગવડ ભર્યું હોય અને વાવણીનો વખત રહેતો હોય તો અબડાસા, લખપત, ખાવડા અને ખડીરમાં પણ કમીટી જઇ શકે છે.

કમીટીને મુસાફરીની દરમ્યાન શ્રી રાજ્ય તરફથી રા. રા. સ્ટોર સુપ્રીન્ટેન્ડેન્ટે સર્વ ગોઠવણ કરવાની છે તથા મુસાફરી માટે સ્ટેટ ગેરેજમાંથી એક સારી મોટરકાર તથા બે ઇન્ટરનેશનલ ટ્રકસ આપવી. જ્યાં મોટરની મુસાફરી કરવાનું બની શકે એમ ન હોય ત્યાં જરૂર પ્રમાણે ઉંઠોની સગવડ ધોડારમાંથી કરવી. અને જે તાલુકામાં જરૂર હોય ત્યાં આગળથી મોકલી દેવા અને ભાડેથી રેંકડા રાખવાની સગવડ વહીવટદાર મારફત કરી લેવી.

આ કામગીરીમાં તાલુકાના વહીવટદાર તથા ફોજદારે સંપૂર્ણ સહકાર આપવો.

અશાડ વીદ ૧૨ સોમવાર સં. ૨૦૦૧ તા. ૧૭-૭-૪૪

S. K. Nayampalli,
Offg દીવાન-કચ્છ.

જાહેર ખબર

વ. જા દી જા નાં હપ

આથી સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે મેરાઉના જાડેજા કરશનજી મદારસંગજી વારસ જાડેજા હાજીજી કરશનજી વીગેરાએ મેરાઉના સીરૂ બાવલાઆણી વીગેર પર દાવો જગ્યા વેચાણ રદ કરી જગ્યાનો કબજો સોપાવવા બાબત દાવો કર્યો છે તેમાં પક્ષકારની ખામી હોવાનું ઠર્યું છે જેથી સુધારેલા પ્લેન્ટ

રજુ કરી જરૂરી પક્ષકારને દાખલ કરવા અથવા કચ્છ દીવાની કાયદાની કલમ ૨૨ મુજબ નોટીશ આપી દાવો આગળ ચલાવવા ફરમાન થયેલ છે તેથી આ કામે કચ્છ કાયદાની કલમ ૨૨ મુજબ જે કોઇ આ કામે હિત સબંધ ધરાવનાર પક્ષકારને દાખલ થવું હોય તે દાખલ થવા માટે નોટીશ કઢાવી આ કામ આગળ ચલાવવા કૃપા કરશો વીગેર બાબતની અરજ કરેલ છે તો આ કામે જેને પક્ષકારમાં દાખલ થવું હોય યાતો જવાબ આપવો હોય યાતો કોઇને કાંઈ તકરાર લેવી હોય તો તેણે ચાલતી શાલના શ્રાવણ સુદ ૯ શની ૨૮-૭-૪૪ના રોજ હાજર થઇ જે કાંઇ તકરાર કરવી હોય તો તે તારીખ સુધીમાં કરવી પાછળથી કોઇનું કાંઇ સાંભળવામાં આવશે નહિ ને દાવો આગળ ચલાવવામાં આવશે.

અશાડ સુદ ૧૩ સોમે શાં ૨૦૦૧

શીવલાલ છગનલાલ

મે. પ્રેસીડન્ટ જાડેજા કોર્ટના હુકમથી

-Wanted-

A. B A. with Maths. & a B. Sc with Physics & Chemistry for Sheth D. V. High school, Anjar. Scale of pay Ks. 180—10—350. Present rate of exchange Ks – 3 = 1 Re. apply sharp to;-

The Director of Education, Kutch State, Bhuj.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી ભુજ અદાલત
ખા દી. કામ નાં ૨૪૪ શાં ૨૦૦૦

ઠા કલ્યાણજી દેવજી મોટારેહા વાદી
ઠા ત્રીકમજી સુદરજી વીગેર મુંબઇ પ્રતિવાદી

દાવો

કોરી ૧૫૩૦॥૧॥ ચડતે વ્યાજે મળવા

મુંબઇ મધે નીચે લખ્યા શખ્શોને માલુમ થાય કે આ કામના વાદીએ તમારા પર કોરી ૧૫૩૦॥૧॥ ચડતે વ્યાજે મળવા દાવો કર્યો છે તેનો દાવા જવાબ આપવા શાં ૨૦૦૧ના શ્રાવણ વીદ ૬ બુધેના રોજે સવાર ૭॥ વાગે હાજર થજો નહીતર મુદત વીતે કાયદેશર થશે.

અશાડ સુદ ૪ શની શાં ૨૦૦૧

૧ ઠા ત્રીકમજી સુંદરજી
૨ ઠા ખીમજી ભાણજી

Narottam D. Mehta
ભુજ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી ભુજ અદાલત
ખા દી. કામ નાં ૨૮૯ શાં ૨૦૦૦

જોશી પ્રાણશંકર નારાણજી ભુજ વાદી
મીસ્ત્રી જગમાલ રાજા વી. ભુજ પ્રતિવાદી

દાવો

નવું કરેલ પાયખાનું કઢાવી નખાવવા

નાગોર મધે મીસ્ત્રી જગમાલ રાજાને માલુમ થાય કે આ કામના વાદીએ તમારા પર નવું કરેલ પાયખાનું કઢાવી નંખાવવા બાબત દાવો કર્યો છે તેનો દાવા જવાબ આપવા શા ૨૦૦૧ના ભાદરવા સુદ ૧૦ સોમેના રોજે સવારના ૭॥ બજે હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેશર થશે.

અશાડ વીદ ૫ સોમે શાં ૨૦૦૧

Narottam D. Mehta,
ભુજ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી ભુજ કોર્ટ

નોટીશ

દી. તા. કે. નં. ૪૦ સંવત ૨૦૦૦

ઠા. લીલધર તથા લખમશી તથા કરશનજી વાલજી ગુજરી જતાં તેના વારસ ઠા. હંસરાજ લખમશી ગુજરી જતાં તેના પુત્ર ઠા પરસોતમ હંસરાજ વગેર ભુજ — વાદી
લોહાર નારણજી પ્રાગજી વગેર ભુજ પ્રતિવાદી

બજાવણી દાવો કોરી ૨૦૧૩॥ લઇ જગાનો કબજો સોંપવા

નીચે લખ્યા રહેવારી ભુજને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સંવત ૨૦૦૦ના અશાડ સુદ ૧ ગુરૂવારના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદી તરફથી વટાંત્રની કોરી ૨૩૫૦) રજુ કરેથી પ્રતિવાદીઓ દસ્તાવેજો સહીત દાવાવાળી જગાનો સોંપી આપે તે ન સોંપે તો વાદી રીતસર કોર્ટ મારફત અમલ કરાવે મુકદમા ખર્ચ પા. નાં. ૨ થી ૧૯વાળાને શીર

તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી રોજ ૩૦માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

લોહાર નારાણજી પ્રાગજી લોહાર ગોવંદ નેણસી
લોહાર ખીમજી નાનજી લોહાર ભીમજી હીરજી
લોહાર પરશોતમ મનજી લોહાર ગોપાલજી મોનજી
લોહાર શીવજી રવજી લોહાર બચુ લવજી

સંવત ૨૦૦૧ના અશાડ વીદ ૭ વાર ભોમે મુ. ભુજ

બળવંતરાય કેશવલાલ
મે. ભુજ ન્યાયાધીશના હુકમથી.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ખા. દી. કામ નાં ૧૩૮ શાં ૨૦૦૦

નામદાર શ્રી રાપર દીવાની કોર્ટમાં સ નાં ૫૮
મોરબીયા ખેંગાર દાસજી વીગેર રાપર વાદી

પશાયા જોરૂભા ઉર્ફે જુવારશંગજી મા-
ધવશંગજી શગીરની વાલીમા બાઇ રામબા } પ્રતિવાદી
પારકર તાબે ગામ લીઆરા

દાવો લેણાં બાબત

પારકર તાબે ગામ લીઆરાના પશાયા જોરૂભા ઉર્ફે જુવારશંગજી માધવશંગજી શગીરની વાલીમા બાઇ રામબાને માલુમ થાય જે આ વાદીઓએ તમારા વીગેર ઉપર લેણી કોરી ૧૪૦૨ મલવા દાવો કર્યો છે તેનો જવાબ દેવા શાં ૨૦૦૧ના શ્રાવણ સુદ ૧૨ ભોમવારના રોજે કોર્ટના ટાઇમે આ કોર્ટમાં હાજર થજો નહિતર મુદત વીતે કાયદેશર થવાનું

મીતી જેઠ વીદ ૧૪ સોમવાર શાં ૨૦૦૦

અમૃતલાલ તારાચંદ,
રાપર ન્યાયાધીશ હુ. થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ખા. દી. કામ નાં ૨૪૫ શાં ૨૦૦૦
શ્રી રાપર દી. કોર્ટમાં સ નાં ૫૭

ઠકર રામજી હંશરાજ ગાગોદર વાદી
મેઘવાર ગોવીંદા માલા વી શીંધગ પ્રા.

દાવો કોરી ૧૨૭૫) મલવાનો

શીંધગના મેઘવાર ધના માલાને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૧૨૭૫) મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શાં ૨૦૦૧ના શ્રાવણ સુદ ૮ શુક્રવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેશર થાશે.

જેઠ વીદ ૦)) ભોમવાર સાં ૨૦૦૦

અમૃતલાલ તારાચંદ,
રાપર ન્યાયાધીશ હુ.થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી રાપર દી. કોર્ટમાં શમન નાં ૫૯

પુજ છગનલાલ રાઘવજી વી ચીત્રોડ વાદી
ધોટા રાયધણ ભારા વી એજ પ્ર.

દાવો કોરી ૫૦૦) મલવાનો

ચીત્રોડના ધોટા મેઘા ડોસાને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૫૦૦) મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શાં ૨૦૦૧ના શ્રાવણ સુદ ૮ શુક્રવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેસર થાસે.

જેઠ વીદ ૦)) ભોમવાર શાં ૨૦૦૦

અમૃતલાલ તારાચંદ,
રાપર ન્યાયાધીશ હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી રાપર દી. કોર્ટ શ નાં ૨૧૪
ખા દી. કા નાં ૨૧૪/૨૦૦૦

ઠા લવજી ચત્રભુજ વી રાપર વાદી
ખોજા સાંમદ પીર માસદ વી રાપર પ્રતિવાદી

દાવો કોરી ૧૩૦૨) મલવાનો

રાપર તે હાલે રીંધના ખોજા સુરા પીરમામદને માલમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૧૩૦૨) મલવા દાવો કર્યો છે માટે તેનો જવાબ દેવા શા ૨૦૦૧ ના શ્રાવણ વીદ ૧૪ ગુરૂવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થજો નહિતર કાયદેશર થશે

અસાડ વીદ ૩ શુક્રે શાં ૨૦૦૧

Thakershi. P.
રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી રાપર દીવાની કોર્ટ

ગ્યા. દી. કામ નાં ૨૮૩ સા. ૨૦૦૦
શમન નાં ૨૧૨

મેતા નાગજી મુલજી વી મોડા વાદી
મોર દાના વાલા વી કરાંચી પ્રતિવાદી

દાવો કોરી ૮૯૬) મલવાનો

કરાંચીના નીચે લખ્યા શખ્સોને માલુમ થાય જે આ વાદીએ તમારાં ઉપર કોરી ૮૯૬) મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો શાં ૨૦૦૧ના શ્રાવણ વીદ ૧૩ બુધવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થાશે

શાં ૨૦૦૧ના અશાડ વીદ ૧ ગુરૂવાર

૧ મોર દાના વાલા કરાંચી
૨ મોર કરમણ વાલા એજ
૩ મોર જગા વાલા એજ
૪ મોર હીરા વાલા એજ
૫ મોર લખમણ વાલા એજ

Thakershi P,
રાપર ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુરની
નાં ૧૧ શ્રી નખત્રાણા અદાલત તરફથી
ગે દી. કામ નં. ૧૦ શાં ૨૦૦૦

શા હીરજી ખેરાજ વીગેરે દેવપુરગઢવાલી વાદી
કણબી મનજી મેગજી હુજાપર હાલ ગુજરાત પ્રતિવાદી

દાવો કોરી ૩૬૦૦ મળવા બાબત

હુજાપરના તે હાલે ગુજરાતના કણબી મનજી મેગજીને માલમ થાય કે વાદીઓએ તમારા ઉપર ઉપર મુજબ દાવો કર્યો છે માટે તમારે દાવા જવાબ દેવા ભાદરવા સુદ ૫ ગુરૂવાર શાં. ૨૦૦૧ ના રોજ તમારે અથવા તમારા મુખત્યારે રાજર થવું નહીતર કાયદેશર થશે.

અસાડ વીદ ૭ બુધે શાં. ૨૦૦૧

લક્ષમીદાસ ગોપાલજી ઠક્કર
મે. નખત્રાણા ન્યાયાધીશ સાહેબના હુકમથી

જાહેર ખબર

પ. જા. નાં. ૧૭૧

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના કેશવજી ઇંદરજીએ સીધલ વેલજી ગોવા તથા શીવજી ગોવા તથા મોહન ગોવા પાસેથી જગ્યા ૧ જાલમશંગજી વાળી શેરી નજીક છે તે કોરી ૩૫૦૦) પાંત્રીશશોમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહીં શંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

અશાડ વીદ ૬ ભોમે શાં ૨૦૦૧

તા ૧૧–૭–૪૪

Harilal N.

ભુજ વહીવટદાર

જાહેર ખબર

પ જા નાં ૧૭૨

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે ભુજના ત્રવાડી દેવશંકર ભવાનીદાશ ઉર્ફે પોપટે ભુજના ત્રવાડી ફુલશંકર મુળજી પાસેથી જગ્યા ૧ ભુજ મધ્યે નવી કન્યાશાળા નજીક છે તે કોરી ૧૨૬૦૦) બાર હજાર છશોમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર્ડ થઇ છાપો થવા માટે આવેલ છે માટે શદરહુ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહીં શંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અશાડ વીદ ૬ ભોમે શાં ૨૦૦૧ તા. ૧૧–૭–૪૪

Harilal N,

ભુજ વહીવટદાર

જાહેર ખબર.

વ. જા. નં. ૨૩૧

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના સારસ્વત જેશી પ્રાણશંકર નારાણજીની ધરવાલી પ્રેમાબાઇ નારાણજીએ ભુજના મોઢ બ્રાહ્મણ પંડયા ગીરજાશંકર ખીમજી પાસેથી જગ્યા ૧ કોરી ૧૧૦૦૦) અગીયાર હજારમાં જે ભુજ મધ્યે મોહનરાયનાં મંદીર નજીક રૂગાણી ફલીયામાં છે તે અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઈ છાપો થવા માટે આવેલ છે માટે શદરહુ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહિની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઈ નહીં શંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

અશાડ વીદ ૯ ગુરૂવારે શં. ૨૦૦૧ તા. ૧૩ ૭.૪૪

Harilal Narbheram,

ભુજ વહીવટદાર

મહારાજા વિરાજ મીજાં મહારાઓથી ૭ વિજયરાજજી સવાઇ બહાદુર સાહેબ સુંદરા વહીવટદાર તરફથી

જાહેર ખબર

મા. જા. નાં. ૯૬

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ધનીક નામ મુંદરાના મેમણ હાસમ તારમામદની વિધવા ફાતમાબાઇના વહીવટ કરનાર તેના સગા ભાઇ મેમણ જાકબ નુરમામદે મુંદરાના મેમણ હારૂન ઇબ્રામની દીકરી બાઇ હનીફાબાઇ તથા અબ્દુલકરીમ જાનમામદ તથા અબ્દલકાદર જાનમામદ તથા જકરીઆ જાનમામદ તથા હાજીમહમદ જાનમામદ તથા મહમદ હુસબ જાનમામદ તથા અબ્દુલલતીબ જાનમામદ તથા મહમદ હુશેન જાનમામદ પાસેથી જગ્યા ૧ નીચે લખી ચતુરદીશાવાલી શાં. ૨૦૦૦ના ફાગણ વીદ ૮ના દસ્તાવેજથી કોરી ૩૫૦૦) માં અઘાટ વેચાણ રાખતાં તે દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીષ્ટર થઈ છાપો થવા માટે આ ખાતે આવેલ છે માટે સદરહુ જગ્યામાં જેનો કાંઇ હક હીસો હોય તેણે આ જાહેરનામા પ્રસીધ થયાની તારીખથી તે એક માસની અંદર હાજર થઇ જાહેર કરવું નહીતર મુદત વીત્યા કોઇની પણ કાંઇ તકરાર સાંભળ્યા સીવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવામાં આવશે

ચતુર દીશા

- ૧ ઉત્તરાદી બાજુ આ મતાદારોની જગ્યા હાલે લોવાર કાસુ અલરખ્યા પાસે છે તેના વધતા માલની માલીકી આ મતાદારોની છે તે જગ્યામાંથી આ જગ્યાની ગલી છે
- ૧ દખણાદી બાજુ આ ધનીકના ભાઇ મેમણ જાકબ નુરમામદની રેણાકની જગ્યા છે
- ૧ ઉગમણી બાજુ ખોજા અલી જાનાણીવાળી શેરી કહેવાય છે તે શેરી છે
- ૧ આથમણી બાજુ સોતાથી મહમદમીયાંની મસ્જીદ આવેલ છે

મિતી આસાડ સુદ ૭ ભોમે શાં. ૨૦૦૧

અબ્દુલખલીક શાહબુદીન

સુંદરા વહીવટદાર

જાહેર ખબર ક. જા. નાં ૧૭

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા. માંડવી વોટર પોલીશ ઇનશપેકટર સાહેબની યાદ ના ૧૧૮૭ જેઠ વદ ૦)) સાં ૨૦૦૦ વાલીમાકાલા ઢુઆની રેલ તથા લુણાવાલી રેલ તથા પટાર વાલી રેલમાંથી કપાશીઆ ગુણી ૬૮ અણસડ કીમત કોરી ૩૪૦ ત્રણસોચાલીસ આશરેના ઓલયાં આવતાં વ્યવસ્થા થવા આવેલ છે માટે એ કપાશીઆની ગુણીઓ જેની હોય તેણે આ જાહેર નામુ પ્રસિધ થવાની તારીખથી એક માસની અંદર હાજર થઈ ખાત્રી પુરાવો આપી ખરચ દઇ લઇ જવા નહીતર મુદત વિતે શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

અશાડ શુદ ૫ શની શાં ૨૦૦૧

ખટાઉ નારણજી,

અબડાસા વહીવટદાર

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

આથી સર્વને અમો નિચે સહી કરનાર જાણ કરીએ છીએ કે, શ્રી કચ્છ માંડવી મધ્યે નવાં નાકાં બહાર ઉગમણી બાજુ અમારો નાનકનો વાડો અમો તથા માંડવીના નાનક છોટુશા હીરાશા તથા કાકુશા હીરાશા વચ્ચે મજીઆરો છે. હાલે અમારા સાંભળવામાં આવ્યું છે કે, સદરહુ નાનક છોટુશા હીરાશા તથા કાકુશા હીરાશાએ મજીઆરી મીલ્કત હોવા છતાં અમોને જાણ કર્યા વગર પૈશા ઉપાડયા છે અને હજુ પણ વધારે પૈશા ઉપાડવાની કોશીષ કરે છે. સદરહુ મીલ્કત મજીઆરી હોતાં અમોને જાણ કર્યા વગર ઉપર લખ્યા બન્ને શખ્સોથી પૈશા ઉપડી શકે નહિ. માટે આથી સર્વને જાણ કરવામાં આવે છે કે, ઉપર લખ્યો નાનકનો વાડો કે, જેની અંદર; મકાન, મંદીર, વાવકુવા સહીત હદ મજુદ વાળો છે તે ઉપર, ઉપર લખ્યા બન્ને શખ્સોને કોઇએ પણ વીટાંતર ચીતઠામ કે અધાટ પૈશા ધીરવા નહિ. કેમકે સદરહુ મિલ્કત અમારી વડીલો પારજીત મજીઆરી હોતાં તથા તે ઉપર અમારા ઠેલાયદા પૈસા રોકાતા હોતાં અને તે હકીકત ઉપર લખ્યા બન્ને સખ્સો જાણતા હોવા છતાં, જો તેઓ કંઇ સદરહુ મિલ્કત ઉપર ભારણ કરશે તો તેની જવાબદારી અમારા હક્ક હિસ્સા તથા અમારાં રોકાતાં નાણાં ઉપર રહેશે નહિ અને તેના પૈશાની જવાબદારી લેનાર તથા દેનાર ઉપર રહેશે

શા. ૨૦૦૧ના અશાડ શુદ ૧૩ સોમવાર

તા. ૩-૭-૧૯૪૪

૧ નાનક પુરબાઇ લખમીશાની સૈ દા વોરા લાભશંકર નંદરામ ધણીના કેવાથી સૈ કરી છે.

ખાનગી જાહેર ખબર

આથી અમારા અસીલ ભુજપરનાં શા પ્રેમજી હેમરાજ તથા શા કેશવજી હેમરાજની મળેલ સુચનાથી સર્વ જનતાને નીચે મુજબ ખબર આપવામાં આવે છે કે —

સદરહુ અમારા અસીલો પોતામાં ભાઈઓ થાય છે તે પ્રમાણે તેમણે પોતાનામાં સમજુત કરી તમામ પ્રકારની મીલ્કતની વહેંચણી કરી આમને સામને ફારકતીઓ શ.૨૦૦૦ના જેઠ સુદ ૧૨ શનીવારની મીતીની કરી નાંખી જુદા થઇ ગએલ છે એટલે સદરહુ અમારા અસીલોએ રાજી ખુશીથી એક સંપ થઇ ફારકતી કરેલ છે જે તેઓએ રજીસ્ટર પણ કરાવેલ છે.

એટલે ફારકતીની મીતીથી બન્ને ભાઇઓનો તમામ પ્રકારનો વ્યવહાર જુદો થયો છે અને કોઇ જાતનો લેવા દેવા નથી એમ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે અને તે બદલ અમારા અસીલોએ આ નીચે સહીઓ કરેલ છે એટલે હવે આ બન્ને ભાઈઓ સાથે કોઈએ કાંઇ વ્યવહાર કરવો હોય તે અલગ અલગ કરવો.

મિતી શાં.૨૦૦૧નાં અસાડ સુદ ૧૨ સોમવાર

શા કેશવજી હેમરાજની શાઇ દઃ પોતાના

શા પ્રેમજી હેમરાજની શાઇ દઃ પોતાના

પદ્મકાન્ત મીતમલાલ

શા પ્રેમજી હેમરાજ તથા

શા કેશવજી હેમરાજનાં

વકીલ

ખાનગી જાહેર ખબર

આથી ગામ ભુજપરના અમારા અસીલ શા કેશવજી હેમરાજની મળેલ સુચનાથી સર્વ જનતાને ખબર આપવામાં આવે છે—

અમારાં અસીલનાં માતાજી દેવકાંબાઈનો હાલે અમારા અસીલ સાથે સારો સબંધ ન હોવાથી અને અમારા અસીલને નુકશાન કરવાના ઇરાદાથી અમારા અસીલની સ્થાવર જંગમ મીલ્કત જે અમારા અસીલની માલીકીની છે તે વેચસાટ કરવા કે તે પર બોજો કરવા અમારા અસીલના માતાજી હીલચાલ કરી રહ્યાં છે એમ જાણવા મળેલ છે જેમ કરવા અમારા અસીલની માતાજી દેવકાંબાઈને કશો હક્ક કે અધીકાર નથી છતાં જો કોઇ શખ્સ અમારા અસીલના માતાજી સાથે કાંઇ પણ કોઇ પણ જાતનો લેતીદેતીનો કે તેમની કબજામાંની સ્થાવર જંગમ મીલ્કત સબંધમાં વ્યવહાર કરશે તો તેની જવાબદારી અમારા અસીલ કે તેની

મીલ્કત સર રહેશે નહી તે છતાં કોઈ પણ જાતનો વ્યવહાર કોઇ પણ શખ્સ કરશે તેની જવાબદારી તેની પોતાની રહેશે.

ામતી. અસાડ સુદ ૧૨ સોમવાર શાં. ૨૦૦૧

શા કેશવજી હંશરાજની સઇ દઃ પોતાના
પદ્મકાન્ત પ્રીતમલાલ
શા કેશવજી હંશરાજનાં
વકીલ

ખાનગી જાહેર ખબર

હું નીચે સહિ કરનાર નખત્રાણા (તાલુકે) ગામ વિરાણીનાં કણબી ધનજી હીરજી આથી લાગતા વળગતા તમામ લોકોને ખબર આપું છું કે મારા પિતા હિરજી દેવજી ભોળા સ્વભાવનાં છે. અને તેઓને પડખે હાલે કેટલાક સ્વાર્થી લોકો ચડવાથી તેમની પાસેથી કોઇ પણ જાતનો અવેજ આપ્યા વગર કે જુજ રકમ આપી મોટી રકમોના ખાતાઓ મંડાવી લે છે જેથી આથી જાહેર જનતાને જાણ કરવામાં આવેછે કે અમારી સમંતી વગર કોઇએ અમારા પિતા સાથે લેતી દેતીનો વહેવાર કરવો નહિ. અગર જો કોઇ કરશે તો તેના માટે ભવિષ્યમાં અમો કે અમારી મિલ્કત જવાબદાર થસું નહિં. એજ.

મીતી. આસાડ વીદ ૬ ભોમવાર શાં.૨૦૦૧

કણબી ધનજી હીરજીની શઇ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર મોડાના મેતા નાગજી મુલજી જત આથી જાહેર જનતાને જાણ કરૂં છું કે મોડામાં મારા શગા કાકા દેવજી લાધા હતા તે ગુજરી ગએલા છે પાછલ તે મારા કાકાનો પુત્ર કેશવલાલ નાની ઉમરનો શગીર છે તથા મારાં કાકી દેવજીની વીધવા છે મારા કાકા દેવજીનો શાળો દુંગોણી અદેશંગ નીલાધર હાલે મારાં કાકી જે ભોળા રદયનાં અને કમ અકલનાં છે તેની ઓછી બુધીનો લાભ લઇ મારા કાકા દેવજીની મીલ્કતની ગેર વ્યવસ્થા કરે છે અને તેથી શગીરની મીલ્કતને પારાવાર નુકસાન પોચાડે છે

મારા કાકા દેવજીનાં કેટલાંક લેણાં છે શબબ આથી જાહેર જનતાને જાણ કરૂં છું કે મજકુર અદેશંગ સાથે કોઇએ દેવજીના લેણાનો નીકાલ કરવાનો નથી તેમજ દેવજી લાધાની કાંઇ પણ મીલ્કત અદેશંગ પાશેથી વેચાણ કે બીજી રીતે લેવાધી નથી તેમ છતાં કોઇ પણ શખ્શ અદેશંગ પાશેથી દેવજીની મીલ્કત વેચાણ કે બીજી રીતે લેશે તો તે મીલ્કત જવાબદાર થશે નહી અને અદેશંગની અંગત જવાબદારી પર રહેશે તેમજ દેવજી લાધાનાં લેણાં મજકુર અદેશંગને કોઇએ પણ આપવાનાં નથી તેમ છતાં કોઇ પણ શખ્શ અદેશંગ સાથે નીકાલ કરસે તો તે નીર્થક ગણાશે અને તે બાબતમાં શગીર પુખ્ત ઉમરે પોચતાં કાયદેશર જવાબ આપવો પડશે તેમજ હાલે મારાં કાકી ચતુરી પાશેથી અદેશંગે મુખત્યારનામું (પાવર) લખાવેલ છે તે પણ તેની ઓછી બુધીનો લાભ લઈ લખાવેલ છે અને તે વ્યવહાર પણ નીર્થક છે શબબ આ પવરના આધારે પણ તેને કોઇએ કાંઇ પણ દેવજીના લેણાનું આપવાનું નથી એ જાહેર જનતાને જાણ કરૂં છું—

મીતી અશાડ વીદ ૮ ગુરવાર શાં ૨૦૦૧

મેતા નાગજી મુરજીની શે દઃ પોતાના

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિ ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીખે આ વર્ષની કોરી ૨૪૩ સવા ચોવીસને છુટા ત્રણ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૬ા લેવામાં આવશે મુદત વીત્યાપછી ભરે તો તેની પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧ા.

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવા.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH DARBAR GAZETTE

કચ્છ દરબાર પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 72] AUGUST 5th SATURDAY 1944. [NO. 4]

[પુ૦ ૭૨] શ્રાવણ વદિ ૨ શનિવાર સંવત ૨૦૦૧ તારીખ ૫મી ઓગષ્ટ સને ૧૯૪૪ [અંક ૪]

No. 1949 of 1944.

With reference to No. 663 of 44 published in Kutch Darbar Gezette dated 1st March 1944 (Extra Number) it is hereby notified that the said Kutch State Motor Vehicles Spare Parts Control Order 1944 is hereby cancelled and the following Kutch State Motor Vehicles Spare Parts Control Order is promulgated in its place..

Dewan's Office,
Bhuj 13th July 1944.

S. K. Nayampalli,
Offg. Dewan of Kutch

No. 1950 of 1944

KUTCH STATE MOTOR VEHICLES SPARE PARTS CONTROL ORDER 1944.

In exercise of the powers conferred by sub-rule (2) of rule 81 of the Defence of India Rules as applied to this State, the Government of Kutch is pleased to make the following Order, namely:—

1. (1) This order may be called the Kutch State Motor Vehicles Spare Parts Control Order, 1944.
   (2) It extends to the whole of the State.
2. In the Order
   (a) "approved sub-dealer" means a person appointed as such under clause 3 of this Order;

(b) "controlled spare parts" means spare parts commonly referred to in the trade as "fast moving" spare parts (Including those specified in the First Schedule) which are made for, or adapted for use on, the makes of motor vehicles specified in the Second Schedule;

(c) "essential motor vehicle" means a motor vehicle diclared to be essential in accordance with the provisions of clause 5 of this Order; or any similar order for the time being in force in any State specified in the fifth schedule.

(d) "fleet-owner" means a person owning or operating twenty or more transport vehicles not including motor cobs;

(e) "goods vehicles" means any motor vehicle constucted or adapted for use for the carrage of goods or any another motor vehicle not so constructed or adapted when used for the carriage of goods solely or in addition to passengers;

(f) "transport vehicle" means a public service vehicle, a goods vehicle, a locomotive or a tractor used solely for agricultural purposes;

(g) "Motor Transport Controller" means the officer appointed as such by the Government of Kutch.

(h) "registered dealer" means a person for the time being specified in the Third Schedule;

(i) "Spare part" means a counter part of any component or regular accessory of a motor vehicle other than

(i) the body or any part thereof,

(ii) pneumatic tyres and tubes, and

(iii) valves, and parts of valves, of pneumatic tubes.

3. (1) The Motor Transport Controller may by order in writing appoint such persons as he deems fit to be approved sub-dealers in respect of such descriptions or categories of controlled spare parts as he may specify, and may at any time by order in writing revoke or modify any such appointment.

(2) All orders made under sub-clause (1) shall be communicated without delay to the persons concerned.

(3) Any person aggrieved by an order made under sub-clause (1) may within one month of the date on which the order is communicated to him appeal to the Government of Kutch whose decision thereon shall be final.

(4) The Motor Transport Controller shall as soon as may be after the commencement of this Order publish in the State Gazette a list of all approved sub-dealers and shall thereafter similarly publish from time to time any alterations requiring to be made in the list by reason of orders made under the preceding provisions of this clause.

4. (1) The Motor Transport Controller and every registered dealer and approved sub-dealer in the State authorised to sell controlled spare parts shall

be furnished from time to time by the Government of Kutch with a list of all such spare parts, together with a statement of the retail price of each, and with such additions to or alterations in the list and statement as may be necessary. Order, 1944.

(2) Any spare part specifically or generally described in a list furnished under sub-clause (1) shall, unless the contrary is proved, be presumed to be a controlled spare part for the purposes of this Order.

5. (1) The Motor Transport Controller may, having regard to the use, actual or anticipated, of the vehicle, declare any motor vehicle to be an essential motor vehicle for the purposes of this Order by endorsing on the certificate of registration of the vehicle the words "Essential Motor Vehicle for purposes of the Kutch State Motor Vehicle Spare Parts Control Order 1944. This Fudorsement is valid. up to the and..... ....194.

(2) Endorsements under sub-clause (1) shall be made valid for a period not exceeding 3 months, but their validity may be extended by the Motor Transport Controller from time to time for any period not exceeding three months.

(3) The Motor Transport Controller may by order in writing for reasons to be recorded authorise the registered owner of any motor vehicle to obtain from a registered dealer or approved sub-dealer such controlled spare parts as may be specified in the order.

(4) The powers conferred on the Motor Transport Controller by this clause shall also be exercisable by such other persons as the Kutch Government may by order in writing authorise in this behalf.

6. (1) The Motor Transport Controller, or such other person as may be authorised by the Kutch Government in this behalf, shall upon application by or on behalf of the registered owner. issue a Parts Record Sheet in the from set out in the Fourth Schedule—

(a) in respect of any essential motor vehicle being a transport vehicle, if he is satisfied that it is or will shortly be necessary that controlled spare parts should be obtained for the repair of that vehicle;

(b) in respect of any essential motor vehicle not being a transport vehicle, if he is satisfied that the number of controlled spare parts required, or likely to be required for the repair of the vehicle, is such that the particulars of the same cannot conveniently be entered on the certificate of registration of the vehicle.

(2) The authority issuing a Parts Record Sheet in respect of any vehicle under sub-clause (1) shall endorse upon the certificate of registration of the vehicle over his signature and designation the serial number of the Parts Record Sheet and the date of issue.

(3) The registered owner of any motor vehicle in respect of which a Parts Record Sheet has been issued shall maintain it in a legible manner and shall produce it for inspection at any time on demand by the Motor Transport Controller or by any other officer authorised by him in this behalf or by a police officer not below the rank of Sub-Inspector.

(4) A registered dealer, an approved sub-dealer, a repairer of motor

vehicles or a fleet owner in the State shall, at the time of selling, using or otherwise disposing of any controlled spare part not less than three rupees in value for use on any specific motor vehicle, enter particulars thereof in the certificate of registration of, or the Spare Parts Record appertaining to, the vehicle in respect of which the spare part is supplied:

Provided that in relation to any such transaction in the State the Motor Transport Controller, may by a general or special order exempt any transactions or class of transactions from the provisions of this Sub-clause.

(5) The value of any controlled spare part for the purposes of sub-clause (4) shall be in the value stated in the list furnished under clause 4 or, if the value is not stated in any such list, the price actually charged in the transaction.

(6) Notwithstanding anything contained in sub-clause (4) it shall not until the first day of May 1944 be necessary for the registered owner or other person in charge of a motor vehicle to produce a Parts Record Sheet at the time of obtaining any controlled spare part, but the particulars of any controlled spare parts supplied shall be endorsed by the supplier:-

(a) on the certificate of registration or on a paper firmly attached to it; or,

(b) on a separate sheet, a note of the fact of the supply and of the total value of the parts supplied being endorsed on the certificate of registration or on a paper firmly attached to it.

7. (1) No registered dealer in the State shall sell or otherwise dispose of, or offer to sell or otherwise dispose of any controlled spare part, except—

(a) to a sub-dealer approved under the provisions of clause 3 of this Order or any similar order for the time being in force in any state specified in the fifth schedule.

(b) for the immediate repair of an essential motor vehicle in the course of his business as a repairer of motor vehicles; or.

(c) to the owner of an essential motor vehicle for necessary repairs thereto; or

(d) to the owner of a motor vehicle in accordance with an order made under sub-clause (3) of clause 5 of this Order; or any similar order for the time being in force in any state specified in the fifth schedule.

(e) to a repairer of motor vehicles for necessary repairs to an essential motor vehicle; or

(f) to a fleet owner in accordance with a general or special order of the Kutch Government; or of the Government/ Darbar of any state specified in the fifth schedule.

(g) to an officer of the State authorised by the Kutch Government in this behalf or;

(h) to an officer of any state specified in the fifth schedule authorised by his Government/ Darbar in this behalf.

(2) A registered dealer may before selling or otherwise disposing of any controlled spare part to the owner of an essential motor vehicle or to a repairer of motor vehicles call upon such owner or repairer to produce the certificate of registration of the essential motor vehicle and the Parts Records Sheet, if any, partaining thereto, and to give him an opportunity to inspect the vehicle

with a view to satisfy himself that the controlled spare parts demanded by th owner or repairer are in fact necessary for repairing the vehicle.

(3) No registered dealer shall issue any controlled spare parts in respect of any motor vehicle in the absence of a valid endorsement or authorisation under clause 5 of this Order, or any similar order for the time being in force in any state specified in the fifth schedule.

(4) Notwithstanding anything contained in the preceding sub-clause registered dealer may up to and including the 15th Apr 1944 issue controlled spare part for the repair of a motor vehicle.

(a) on being satisfied that the motor vehicle.

(i) is the property of the State; or any state specified in fifth schedule

(ii) is under a contract of hire for a period of not less than one month to the Kutch Government or the Government/ Darbar af any state mentioned in the fifth schedule.

(iii) being a goods vehicle is fitted with a gas producer plant; or

(iv) was granted during the preceding month a ration of not less than 50 gallons of motor spirit in the case of a transport vehicle, or in the case of any other vehicle a supplementary ration of not less than two-thirds of the basic ration for the quarter in which the month fell under the Motor Spirit rationing Order, 1911, published below this office No. 2018 D/ 24-10-41, or any similar order for the time being in force in any State specified in the fifth schedule.

8. No, aproved sub-dealer in the State shall sell or otherwise dispose of, or offer to sell or otherwise dispose of, any controlled spare part except—

(a) for the immediate repair of an essential motor vehicle in the course of his business as a repairer of motor vehicles; or

(b) to the owner of an essential motor vehicle for necessary repairs thereto; or

(c) to the owner of a motor vehicle in accordance with an order made under sub-clause (3) of clause 5 of this order; or any similar order for the time being in force in any State specified in the fifth schedule.

(d) to a repairer of motor vehicles for necessary repairs to an essential motor vehicle.

9. (a) Where a registered dealer or approved sub-dealer in the State is also a fleet owner, he shall not appropriate any controlled spare parts towards his business as a fleet-owner except in accordance with a general or special order in writing;—

(a) in the case of a registered dealer, of the Kutch Government, and.

(b) in the case of an approved sub-dealer, of the Motor Transport Controller.

(2) No fleet-owner shall use or otherwise dispose of any controlled spare part except for necessary repairs to motor vehicle belonging to or operated by him, and where such motor vehicle is not an essential motor vehicle, except with the written permission of the Motor Transport Controller.

10. (1) The Kutch Government may from time to time issue such instructions, as it thinks fit to registered dealers and approved sub-dealers in the State regulating the price at which and the condition subject to which the controlled spare parts may be sold or disposed of by them under the provisions of this Order; and different prices may be fixed in such instructions for different classes of transactions.

(2) In respect of registered dealers in the State the Kutch Government and in respect of approved sub-dealers in the State the Motor Transport Controller may from time to time, issue instructions regulating—

(3) A registered dealer or an approved sub-dealer in the State shall furnish every month to the Motor Transport Controller of any State mentioned in the fifth Schedule, a statement of controlled spare parts of not less than Rs. 3 in value each issued during the month for essential Motor vehicles in, or in accordance with orders issued by the appropriate authoritees in that State giving details of the vehicles to which or the orders under which such issues were

Provided that if any month the value of the spare parts (excluding parts costing less than Rs. 3) does not exceed Rs. 100 the Statement need not be furnished.

(a) the classes and quantity of controlled spare parts which may be issued by them for the repair of motor vehicles or sold or otherwise disposed of by them.

(b) the supply by them of controlled spare parts to other persons in accordance with the provisions of this Order, including the priority to be given by them in such supply;

(c) the accounts and records to be maintained, and returns to be submitted by them in regard to their transactions in controlled spare parts.

11. Every registered dealer, and approved sub- dealer in the State shall—

(a) comply with all instructions issued to him under clause 10,

(b) permit any officer authorised by the Kutch Government or by the Motor Transport Controller in this behalf to enter and inspect any premises in which spare parts are kept with a view check the stocks.

12. (1) Every registered dealer and approved sub-dealer in the State shall, at the time of selling or otherwise disposing of any controlled spare part, issue to the transferee an invoice, bill or cash memo, setting out the name and address of the transfere and the particulars and price of the controlled spare parts transferred, and shall keep a copy thereof which copy he shall make available for inspection by any authorised officer of the Kutch Government at any time during a period of one year from the date of such sale or disposal.

(2) Every registered dealer and approved sub-dealer in the State who at the time of selling or otherwise disposing of any controlled spare part, is required under the provisions of this Order to enter the particulars, thereof upon the Parts Record Sheet or the certificate of registration of the motor vehicle concerned, shall enter upon the original and copy of the invoice bill or cash memo, the registration mark of the motor vehicle for use on which the spare part has been issued.

(3) An officer who obtains for official use controlled spare parts under the provisions of clause 7 of this Order shall keep a record of the particulars of the motor vehicle for use on which any such spare parts are issued and enter the particulars of the spare parts issued on the Parts Record Sheet or the certificate of registration of the motor vehicle concerned.

13. Every registered dealer and approved sub-dealer in the State shall maintain up to date the list of price furnished to him under clause 4 in a clean and legible condition available for inspection at any time on demand by any customer and shall exhibit on his premises, in such form as the Motor Transport Controller may require, a notice indicating that the price list is available for such inspection.

14. (1) No registered dealer and no approved sub-dealer in the State shall sell or otherwise dispose of, or offer to sell or otherwise dispose of any controlled spare part at a price exceeding the price specified in the list furnished under clause 4, plus the State customs duty, if any, acually charged on such part.

(2) No registered dealer and no approved sub-dealer in the State shall without reasonable cause refuse to deliver any controlled spare part on tender of proper price by any person lawfully entitled under the provisions of this Order to demand the spare part.

15. The Kutch Government may, without prejudice to any other action that may be taken against him, direct the removal of any person's name from the Third Schedule if in the opinion of the Kutch Government that person has

(a) contravened any of the provisions of this Order; or

(b) made any false declaration or statement in relation to any transaction in controlled spare parts; or

(c) committed a breach of terms of any contract with the Kutch Government relating to the operation or maintenance of transport vehicles.

(d) been declared an insolvent; or

(e) otherwise shown himself unfit to continue as a registered dealer under the provisions of this order.

and the Motor Transport Controller may for like reasons cancel the appointment of any person as an approved sub-dealer.

16. Any court trying a contravention of the provisions of this Order may direct that any spare parts in respect of which the court is satisfied that any such provisions has been contravened shall be forfeited to the State.

THE FIRST SCHEDULE.

(See clause 2 (c).

Illustrative list of "fast-moving" spare parts.

Engine Part.
- Pistons.
- Piston Pins.
- Piston rings
- Crank shafts.
- Crank shaft bearings.
- Cylinder heads.
- Valves and all valve parts.
- Connecting rods, bearings and small parts.
- All engine and manifold gaskets.

Clutch.
- Clutch springs.
- Disc with facings.
- Pressure plate.
- Release bearings.

Cooling system.
- Water pump and components.
- Radiator assembly and core.
- Radiator hose

Front axle-
- Hub, breakdrum and parts.
- King pins and bushes.
- King pin thrust bearing.
- Steering arms.
- Tie rod ends.
- Stub axles.
- Wheel bearings.

Rear axle–
- Ring gear and pinion.
- All ball and raller Bearings.
- Hub.
- Brakedrums.
- Propellors, shaft & parts.

Fan belts (all maker)
Oil pump and parts.
Electrical parts.
Generator and its components.
Cut-out relay.
Voltage regulator.
Batteries (all markes).
Ignition and Distributor parts:-
(a) Ignition coil.
(b) Breaker points.
(c) Condenser.
(d) Rotor.
(e) Distributor cap.
Spark plugs (all marks).
Wiring harness.
All light bulbs.
Wheel bearings.
Wheel bearing oil seal.
Axle shaft.
U joint and parts.
Carburetter and parts.
All carburettor parts.
Fuel pump parts and assemblies
All fuel pump parts & assemblies.
Transmission:-
Gears.
All ball and roller bearings
Shift forks.
Brakes.
Brake fluid.
Brake hose.
Brake lining.
Master cylinder assembly & parts.
Wheel cylinder assembly & parts.
Brakeshoe springs.
Cables.

THE SECOND SCHEDULE.

[See clause 2 (c).]

Makes of motor vehicles, certain spare parts for which are controlled.

Transport Vehicles.	Other Vehicles.
1	2
1. Chevrolet.	1. Chevrolet
2. "G. M. C."	2. Vauxhall.
3. Oldsmobile.	3 Ford - Other than motor cars of 8 and 10 Horse Power.
4 Bedford.	
5. Ford.	

THE THIRD SCHEDULE.

[See clause 2 (b).]

Registered Dealers.

Serial No.	Name of Registered Dealer	Locality	Descriptions of controlled parts to be dealt in A. Parts for the following makes of	
			Transport Vehicle	Other Vehicle
1	Messers Kalyanji Dhanji & Co.	Mandvi		
2	Messers Kutch Automobiles	Bhuj		

THE FOURTH SCHEDULE

[See clause 6]

Parts Record Sheet.

(Issued under the Motor Vehicle Spare parts Control Order, 1944).

Vehicle Registration Mark.....

.....Serial No. of Parts Record Sheet issued for vehicle.....

Date of issue.....Signature and designation of issuing authority.....

(Entries to be made in ink, by registered dealer or approved sub-dealer supplying the parts No entry for any part below the value of Rs. 3.)

Date	Quantity	Part No.	Name of Part.	Supplied by

THE FIFTH SCHEDULE

[See clauses 2 (c) 7, 8 and 10]

States

The names of the State will be notified later.

ઠરાવ ડી. સી. એસ. નાં ૧૬૧/૪૪

(૧) નીચેના સપ્લાઇઝ ખાતાના ઇન્સ્પેકટર રા. પ્રબોધચંદ્ર ગીરધરલાલ માંકડ, બી. એસ. સી ને સદરહુ ખાતાના ઓફીસ એસીસ્ટન્ટ તરીકે નીમવામાં આવે છે

(૨) ઉપર પ્રમાણે ગોઠવણ કરતાં બે ઇન્સ્પેકટરોની ખાલી જગ્યાએ નીચે પ્રમાણે નીમણુંક કરવામાં આવે છે રા. લાખીલાલ શંકરજી વોરા, બી. એ, એલ. એલ. બી ને કોરી ૨૫૦-૧૦-૩૦૦ ના ગ્રેડમાં ઇન્સ્પેકટર તરીકે માસિક કોરી ૨૫૦) બસો પચાસના પગારથી સદરહુ ખાતાની કામગીરી ચાલે ત્યાં સુધી નીમવામાં આવે છે.

રા. ઉમીયાશંકર પુરૂષોત્તમ ગોર, બી. એ એલ. એલ. બી.ને કોરી ૨૫૦-૧૦-૩૦૦ ગ્રેડમાં ઇન્સ્પેકટર તરીકે માસિક કોરી ૨૫૦) બસો પચાસના પગારથી સદરહુ ખાતાની કામગીરી ચાલે ત્યાંસુધી નીમવામાં આવે છે.

ઉપર પ્રમાણે ખુદાવિંદ મહારાઓશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુર હજુરથી ફરમાન થયું છે સદરહુ ઠરાવનો અસલ સાં. ૨૦૦૧ ના શ્રાવણ શુદ ૩ થી કરવાનો છે.

આશાડ વીદ ૧૨ મેમે સાં. ૨૦૦૧
તા. ૧૭-૭ ૪૪

S. K. Nayampalli,
Offg દીવાન-કચ્છ.

ઠરાવ.

હ. ઓ. નાં. ૨૫૧/૪૪

દેશી બનાવટના ચાકુઓ તથા દેશી બનાવટની સુડીઓ ઉપર નિકાસ દાણ માફ કરવા ખુદાવંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

અશાડ વીદ ૧૨ સોમવાર શાં. ૨૦૦૧

તા. ૧૭-૭-૪૪

એસ. કે. નાયમપલી.
ઓફી. દીવાન—કચ્છ.

ડી. સી. એસ.નાં. ૧૯૯/૪૪ નોટીફીકેશન.

ભુજ શહેરમાં માશ ઓગસ્ટથી ખાંડ તથા કેરોશીનનાં નવાં રેશન-કાર્ડ દાખલ કરવાનાં હોઇ જાહેર પ્રજાને નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે:-

૧ સીવીલ અને ફુડ સપ્લાઇઝ ખાતાના અધિકારીઓ દરેક ઘરને ઘર નંબર આપવા આવે ત્યારે દરેક જણે પોતાના ઘરને ઘર નંબર લગાડવા સવડ કરી આપવી.

૨ ઘરના નંબર આપવા આવનાર અધિકારીને ઘરના મુખ્ય માણસે પોતાનું નામ વિગેરે જોઇતી માહિતી પુરી પાડી પુરતો સહકાર આપવો અને તેમને તેમના કામમાં સરળતા પડે તે પ્રમાણે સગવડ આપવી.

૩ ઘરના નંબર આપવા આવનાર અધિકારી ઘરના મુખ્ય માણસને રેશનકાર્ડ માટેની માહિતી માગતું ફોર્મ આપશે, જે ઘરના મુખ્ય માણસે તે ફોર્મ લઇ તે ભરી, રોજ ચારની અંદર ફુડ સપ્લાઇઝ ખાતાની ઓફીસે રેશનીંગ-ઇન્સપેકટરને આપી જવું. ખોટી હકીકત કાર્ડમાં ભરવી તે ગુન્હાહિત કૃત્ય ગણાશે.

૪ ફોર્મ ભરતી વખતે ફોર્મમા લખેલ દરેક સુચનાનું મનન કરી જોઇતી માહિતી ફોર્મમાં ભરવાની છે, અધુરી માહિતી હશે તો રેશન કાર્ડ આપવામાં આવશે નહિ.

૫ રેશન કાર્ડ મળ્યા પછી કોઇના તરફથી રેશન કાર્ડ ગુમ થશે અગર બીજી રીતે રેશન કાર્ડ બગાડી નાખશે તો ડુપ્લીકેટ રેશન કાર્ડની કિંમત કોરી ૧) એક લઇ ડુપ્લીકેટ રેશન કાર્ડ કાઢી આપવામાં આવશે

૬ ઘરના માણસોની સંખ્યામા વધઘટ થાય ત્યારે સીવીલ અને ફુડ સપ્લાઇઝ ખાતામાં તાત્કાલિક જાહેર કરવું. રેશન કાર્ડ ધરાવનારનું આખું કુટુંબ બહાર ગામ જાય ત્યારે રેશન કાર્ડ અમારી ઓફીસે આપી જવું બહાર ગામ રહેનારા અને મત્યુ પામેલા માણસોનું રેશન લેવું એ ગુન્હો છે.

૭ કોઇ પણ જણે પોતાના ઘરના નંબર બગાડવા કે ભુંસી નાખવાના નથી

૮ રેશન કાર્ડ Not transferable છે એટલે પોતાના ઉપયોગ માટે પોતાનાં રેશન કાર્ડ વાપરવાનાં છે. તે રેશન કાર્ડનો તેથી વિરૂધ્ધ જાઇ દુરૂપયોગ કરવો તે ગુન્હાહિત ગણાશે.

૯ ઉપર પ્રમાણે દરેક ઘર ઉપર આ ખાતાના અધિકારીઓ પોતાની સરકારી ફરજ બજાવતા હોય તેમાં જે કોઇ અડચણ કે દખલગીરી કરશે અગરતો બીજી કોઇ રીતે તેમના કામમાં ખલેલ પાડશે તે ગુન્હાહિત કૃત્ય ગણાશે.

૧૦ આ નોટીફીકેશનનો ભંગ કરનાર કોરી ૧૦૦૦) સુધીના દંડને પાત્ર થશે અને તે બાબત શિક્ષા કરવાનો અધિકાર બન્ને ડાયરેકટરોને રહેશે. તે ઉપર એક માસની અંદર અમો રૂબરૂ અપીલ થઇ શકશે.

૧૧ કોઇ પણ શખ્સનું ઉપરની સુચનાથી વિરૂધ્ધ વર્તન જણાશે તો તેનું રેશન કાર્ડ હમેશ માટે બંધ કરવામાં આવશે. અને તેના વિરૂધ્ધ કાયદેસર પગલાં ભરવામાં આવશે.

દીવાન ઓફીસ,
ભુજ, તા. ૧૮-૭-૧૯૪૪

S. K. Nayampalli,
Offg. દીવાન—કચ્છ.

શ્રી હજુર ઓફિસ જા નં પરર સં ૨૦૦૧

તા: ૧૧-૩ ૪૪ વાળી કચ્છ ગેઝેટમાં છપાયલ બાયલોઝ જે કાઉન્સીલ ઓર્ડરથી મંજુર થયેલ તે કાઉન્સીલ ઓર્ડર ના. ૭૧ તા: ૨૫-૨-૪૪ વાળો આ હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે છે. સદરહુ બાયલોઝનો અમલ ગેઝેટમાં છપાયાની તારીખથી સમજવો.

અશાડ વીદ ૧૧ રવીવાર શાં ૨૦૦૧

તા. ૧૧-૭-૪૪

S. K. Nayampalli,
ઓફી. દીવાન—કચ્છ.

કા. ઓ. નં. ૭૧:૪૪ ઠરાવ

નગરસભાના બાયલોઝનો ડ્રાફટ રજુ થયો. સદરહુ બાયલોઝ મંજુર કરવા નામદાર કાઉન્સીલનું ફરમાન થયું છે.

ફાગણ શુદ ૧ શુક્રવાર શાં ૨૦૦૦. તા: ૨૫-૨-૪૪

જે. જે. આશર
ચીફ સેક્રેટરી

નાં ૧૧૬૮ જાહેરાત.

દિવાન ઓફીસ,
જ્યુડીશીયલ બ્રેન્ચ,
તા: ૨૪-૧૦-૪૪

એસ. કે. નાયમપલી,
ઓફી. દિવાન-કચ્છ.

182

હ. ઓ. નં. ૩૫૭. [illegible]

યુવરાજ મહારાજ કુમાર અદનસિંહજી સાહેબના ફરમાનથી કામગીરીની સગવડ ખાતર નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે: આ ઠરાવનો અમલ અજમાયશ દાખલ હાલે એક વર્ષ માટે મુદત પુરી થયા પહેલાં આ અધિકારો જારી રાખવા કે તેમાં કંઇ ફેરફાર કરવો તે સબંધમાં હુકમ મેળવવો:—

ક: સા. રા. જ્યુડીશીયલ આસીસ્ટંટ સાહેબના ખાતાના વિભાગના માટે તથા રા. રા. ગાઇડ કોર્ટના પ્રેસીડન્ટના ગેરહાજરી વિભાગ માટે નીચે મુજબ અધીકારો મંજુર કરવામાં આવે છે:—

૧. નિમણુંક:—

પોતાના તાબાના કોરી ૧૦૦ સુધીના કે તેથી નીચેના પગારદાર નોકરોની નીમણુંક કરવા.

૨. ફેરબદલી:—

પોતાના તાબાના કોરી ૧૦૦ સુધીના કે તેથી નીચેના પગારદાર નોકરોની ફેરબદલી કરવા.

૩. સસ્પેન્સન:

પોતાના તાબાના કોરી ૧૦૦ સુધીના કે તેથી નીચેના પગારદાર નોકરોને સસ્પેન્ડ કરવા,

૪. બરતરફી:—

પોતાના તાબાના કોરી ૧૦૦ સુધીના કે તેથી નીચેના પગારદાર નોકરોને બરતરફ કરવા,

૫. દંડ:—

પોતાના તાબાના કોરી ૧૦૦ સુધીના પગારદાર નોકરોને અરધા મહીનાના પગાર સુધી રકમ દંડ કરવા.

૬. રજા:—

પોતાના તાબાના તમામ નોકરોની કેજ્યુઅલ રજા અને કોરી ૨૦૦થી ઓછા પગારદાર નોકરોની, હક હોય તો હકક રજાની મંજુર કરવા.

૭. દશ વરસ કે તેથી વધુ મુદતની કોરી ૨૦૦ સુધીના દંડની અથવા તેટલે સુધીની બીજ વસુલ લેવાની રકમ જે વસુલ થઈ શકે તેમ ન હોય તેવી રકમ માંડી વાળવા. આ પ્રમાણે માંડી વાળેલ રકમનું રજીસ્ટર રાખવું કે કોની કેટલી રકમ કયા સંજોગોમાં માંડી વાળી તે જાણી શકાય.

૮. કોર્ટમાં ચાલુ કેસોને અગે પક્ષકારો તરફથી અમાનત રાખવામાં આવતી રકમો, કેસનું પરિણામ આવે સાલ બદલની મંજુરીના પ્રસંગે દિવાન ઓફીસની મંજુરીની હવેથી જરૂર ન હોતાં પરબારે પછી અપાવવી

૯. ફોજદારી કેશોમાં દંડેલ દંડની રકમ, અપીલમાં કેસ નાસાબિત થયે સાલ બદલની મંજુરી પ્રસંગે દિવાન ઓફીસની મંજુરીની હવેથી જરૂર ન હોતાં પરબારે પાછી અપાવવી.

નોટ:—

ખાલસા વિભાગ માટે સા. રા. વરિષ્ઠ કોર્ટના ચીફ જડજના ઠરાવના વિભાગ 'અ' ની કલમ ૧ થી ૬ મુજબ અધીકાર મંજુર રહેલ છે તે પગારથી નિચેના પગારના નોકરોને માટે ઉપના અધીકારો સા. રા. જ્યુડીશીયલ આસીસ્ટંટને છે એમ સમજવું.

ખ: દિવાન ઓફીસ સાથે સીધો સબંધ ધરાવનારા સા. અધીકારીઓના ખાતા માટે તથા મેનેજમેન્ટ જાગીરો વાસ્તે સા. સા. ચીફ સેક્રેટરીના નીચે મુજબ અધીકારો મંજુર કરવામાં આવે છે દિવાન ઓફીસ પુરતા શ્રી હજુર હુકમ નં. ૧૬૪ તા: ૧૩-૬-૪૩ વાળાથી મંજુર થએલ તેમના અધીકારો જેમના તેમ સમજવાના છે:—

૧. નિમણુંક:—

જે ખાતાઓ દિવાનની સીધી દેખરેખ નીચે છે તે ખાતામાં કોરી ૭૫ સુધીના તથા મેનેજમેન્ટ જાગીરોમાં મેનેજર સિવાયના નોકરોની નીમણુંક કરવા.

૨. ફેરબદલી:—

જે ખાતાઓ દિવાનની સીધી દેખરેખ નીચે છે તે ખાતામાં કોરી ૭૫ સુધીના તથા મેનેજમેન્ટ જાગીરોમાં મેનેજર સિવાયના નોકરોની ફેરબદલી કરવા,

૩. સસ્પેન્સન:—

જે ખાતાઓ દિવાનની સીધી દેખરેખ નીચે છે તે ખાતામાં કોરી ૭૫ સુધીના તથા મેનેજમેન્ટ જાગીરોમાં મેનેજર સિવાયના નોકરોને સસ્પેન્ડ કરવા,

૪. બરતરફી:—

જે ખાતાઓ દિવાનની સીધી દેખરેખ નીચે છે તે ખાતામાં કોરી ૭૫ સુધીના તથા મેનેજમેન્ટ જાગીરોમાં મેનેજર સિવાયના નોકરોને બરતરફ કરવા.

૫. દંડ:—

ઉપરનાં ખાતાઓમાં કોરી ૭૫ સુધીના પગારદારનો અરધા માસના પગાર સુધી દંડ કરી શકે, પરંતુ તેમાં મેનેજમેન્ટ જાગીરોના મેનેજરનો સમાશ થતો નથી.

૬. રજા:—

નાં. ખ–૧ મુજબના નોકરોની ચડત રજા મંજુર કરી શકે

૭. મેનેજમેન્ટ જાગીરોના કોરી ૧૦૦૦ સુધીના ઇજારા મંજુર કરવા,

ગ: રા. રા. હજુર આસીસ્ટંટ, રા. રા. વરિષ્ટ કોર્ટના ચીફ જડજ, રા. રા. સ્ટેટ ઇન્જીનીઅર, રા. રા. ઈરીગેશન ઇન્જીનીઅર, રા. રા. સ્ટેટ ઇલેકટ્રીકલ ઇન્જીનીઅર, રા. રા. સ્ટેટ મિકેનીકલ ઇન્જીનીઅર, રા. રા. ખાનગી ખાતાના ઉપરી રા. રા. ન્યુ મીન્ટ સુપ્રીન્ટેન્ડન્ટ, જ્યાં સુધી આ ખાતાના ઉપરી તથા રા. રા. ખાનગી ખાતાના ઉપરી એકજ છે ત્યાં સુધી–એ અધિકારીઓને નીચે મુજબ અધીકારો મંજુર કરવામાં આવે છે.

૧. નિમણુંક:—

પોતાના તાબાના કોરી ૭૫ સુધીના કે તેથી નીચેના નોકરોની નિમણુંક કરી શકે.

૨. ફેરબદલી:—

પોતાના તાબાના કોરી ૭૫ સુધીના કે તેથી નીચેના નોકરોની ફેરબદલી કરવા.

૩. સસ્પેન્સન:—

પોતાના તાબાના કોરી ૭૫ સુધીના કે તેથી નીચેના પગારદાર નોકરોને સસ્પેન્ડ કરવા,

૪. બરતરફી:—

પોતાના તાબાના કોરી ૭૫ સુધીના કે તેથી નીચેના પગારદાર નોકરોને બરતરફ કરવા,

૫. દંડ:—

પોતાના તાબાના કોરી ૭૫ સુધીના કે તેથી નીચેના પગારદાર નોકરોને અરધા મહીનાના પગાર સુધી રકમ દંડ કરવા,

૬. રજા:—

પોતાના તાબાના તમામ નોકરોને કેજયુઅલ રજા અને કોરી ૧૦૦થી ઓછા પગારવાળા નોકરોની હકક રજા મંજુર કરવા,

ઉપર અપાએલ અધીકારો અનવય નીમણુંક કરવાના પ્રસંગે કોઇપણ શખ્સને ઠરેલ ગ્રેડમાં મીનીમમ કરતાં વધારે પગારથી દાખલ કરી શકાશે નહી. પરંતુ એવું ઠરાવવામાં આવે છે કે નીમણુંકનો શરૂઆતનો પગાર એટલે–મીનીમમ પગારથી–ઉપરે નીમણુંક માટે ઠરેલ ધોરણની અંદર હોય તો તેટલે સુધીના પગારથી–એટલે કોરી ૧૦૦ અને ૭૫ અનુક્રમે–નીમણુંક કરી શકાશે અને મેકિસમમ પગાર, ઠરેલ ધોરણ–એટલે કોરી ૧૦૦ અને ૭૫–થી વધુ હોય તો પણ તેનો બાધ લાગશે નહી.

મીતી કારતક સુદ ૧૦ શુક્રે સાં. ૨૦૦૧ તા. ૨૭મી ઓકટોબર સને ૧૯૪૪.

S. K. Nayampalli,
Offg. દીવાન કચ્છ.

હ.ઓ. નંબર ૩૭૮/૪૪ ઠરાવ.

ઠરાવ નાં૦ ૨૯૫ તા. ૯–૧૦–૪૩ વાળાથી રા. ચાંદી ખાતાના ઉપરી પ્રાણલાલ વાઘજીએ બીજો હુકમ થતાં સુધી આસીસ્ટંટ રેવન્યુ કમીશ્નરનું કામ કરવા ઠર્યું હતું તે પ્રમાણે બીજો હુકમ થતાં સુધી રા. પ્રાણલાલ વાઘજીએ હાલે મળતાં અલાવન્સ કોરી ૧૨૦થી આસીસ્ટંટ રેવન્યુ કમીશ્નર (પશ્ચિમવિભાગ)નું કામ કરવું

ઉપર પ્રમાણે ખુદાવિંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

કારતક વીદ ૩ શુક્રવાર સા.૨૦૦૧ તારીખ ૩–૧૧–૪૪.

એસ. કે. નાયમપલ્લી.
ઓફી. દીવાન કચ્છ.

હ. ઓ નંબર ૩૮૨/૪૪ ઠરાવ

ગામ સામત્રાની હીંદુ વસ્તી તરફથી ગામને દખણાદે ઝાંપે કરણારી પડેનર જમીનમાં શબને અગ્નિસંસ્કાર કરવા માટે લાકડાનું બળતણ રાખવા ડેલો કરવા માટે જમીન મલવા થએલ અરજ યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ હજુર રજુ થતાં ફરમાન થયું કે નકશામાં બતાવેલ માંગણીવાળી જમીન ૪૮ ૦૭ × ૨૫ સાર્વજનીક ઉપયોગમાં આવતી હોવાથી કંઇ કીમત લીધા વીના આપવી.

આ જમીન ઉપર કોઇનો માલીકી હક રહેશે નહી. તથા જે ઉપયોગ માટે અપાઈ છે તેથી બીજો ઉપયોગ થઇ શકશે નહી.

કારતક વીદ ૪ શનીવાર શાં. ૨૦૦૧ તારીખ ૪-૧૧-૪૪.

S. K. Nayampalli,
Offg. દીવાન કચ્છ.

હ. ઓ. નંબર ૩૮૩/૪૪ ઠરાવ

ગામ સામત્રાની હીંદુ વસ્તી તરફથી ચોમાસાના દીવસોમાં શબને અગ્નિસંસ્કાર કરવા અગવડ પડતી હોવાથી દાણુને બેસવાનો ડેલો તથા સોળથંભી કરવા માટે જમીન ફીટ ૧૦૦ × ૭૫ મફત મળવા માગણી થતાં યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબે સ્થાનિક જોઇ માગણીવાળે સ્થળે નહી પરંતુ તેઓ નામદારે પસંદ કરેલ સ્થળે આવેલ આપ પ્રમાણે જમીન કાયમ લીધા વીના આપવા તેઓ નામદારનું ફરમાન થયું છે.

આ જમીન સાર્વજનીક ઉપયોગ માટે હોઇ કોઇનો માલીકી હક રહેશે નહી તથા જે ઉપયોગ માટે આપવામાં આવેલ છે તેજ ઉપયોગ થઇ શકશે.

કારતક વીદ ૪ શનીવાર શાં. ૨૦૦૧ તારીખ ૪-૧૧-૪૪.

S. K. Nayampalli.
Offg Dewan Kutch.

PRESS COMMUIQUE.

CARGOES *EX* GERMAN SHIPS AT MARMUGAO.

In their Commerce Department Press Communique dated April, 29, 1943, the Government of India announced that the three German ships "Braunfels", Ehrenfels" and "Drachenfels" which had been sheltering in Marmugao, were scuttled there on March 9, 1943. From information so far received by the Government of India, it appears that most of the cargoes which were on board those ships at the time have either been destroyed or are irrecoverable.

The Government of India also understand that the London Chamber of Commerce Scheme for the recovery of the cargoes ex- German ships has fallon through as the Chamber find themselves unable to do anything further in view of the present changed circumstances. Messrs Cox & Kings (Agents) Ltd., Bombay, who were the agents in India of the London Chamber of Commerce, are accordingly returning to cargo-owners the shipping documents which were lodged with them.

Owners of cargoes and those interested in consignments ex the above ships are, therefore, advised to register their claims in respect of such cargoes with the Director of Commercial Intelligence, I, Council House Street, Culcutta, with a view to facilitating any settlement that may be possible after the conclusion of the war. It is emphasised that this step must be reguarded as being without prejudice to the scope and mathod of any such settlement and that the Government of India do not accept any responsibility regarding the validity of the claims nor guarantee that the claims will eventually be met or compensated for.

Commerce Department.
New Delhi, October 5, 1944.

ડી. સી. એસ. નાં. ૬૯૬ ઠરાવ.

ડી. સી. એસ. નં૧૪૫૧ તા. ૫-૬-૪૪ વાળા ઠરાવથી કેરોશીન નાં છુટક વેંચાણનો ભાવ કચ્છી શેર ૧ એકના ડોકડા ૧૦ દશ રાખવામાં આવ્યો હતો પણ હાલના હુંડીનાં ભાવની દૃષ્ટીએ બીજો હુકમ થતાં સુધી કેરોસીનનાં છુટક વેંચાણનો ભાવ કચ્છી શેર ૧ એકના ડોકડા ૧૧ અગીયાર રાખવાનું ઠરાવવામાં આવે છે.

કારતક વીદ ૮ બુધવાર શા. ૨૦૦૧. તા. ૮-૧૧-૪૪

S. K. Nayamplli.
Offg. દિવાન—કચ્છ

નોટીફિકેશન

સી. જા. નં. ૭૪૧.

આથી સર્વને જણાવવામાં આવે છે કે તેમના કબજામાં એક તાકાથી વધુ મીરીખાની સફેદ કે રંગીનનો જે જથ્થો હોય તે જથ્થા બાબતની નોંધ રા. રા. ડીરેકટર ઓફ સીવીલ સપ્લાઇઝ સાહેબને તારીખ ૩૦-૧૧-૪૪ સુધીમાં મોકલી આપવી.

આડતીઆ કે ભલામણીઆ તરીકે જેમની પાસે મીરીખાની હોય તેમણે તે માલીકોની વતીથી તેમની પાસે જે જથ્થો હોય તે પણ જણાવવાનો છે.

જેમના મીરીખાનીના સ્ટોકમાંથી રાજ્ય તરફથી વહેંચણ કરવામાં આવી હોય તેમણે તે બાબતનો સંપૂર્ણ હિસાબ પણ રા. રા. ડીરેકટર ઓફ સીવીલ સપ્લાઇઝ સાહેબને તા. ૩૦-૧૧-૪૪ સુધીમાં મોકલવાનો છે.

જે રાહત સમિતિઓ કે ખાંડ કે કેરોસીન કમીટીઓ કે અન્ય ગૃહસ્થો કે સંસ્થાઓ દ્વારા રાજ્ય તરફથી મીરીખાનીની વહેંચણી કરવામાં આવી હોય તેમણે પોતાનો હિસાબ મોકલી હાલ તેમની પાસે મીરીખાનીનો જથ્થો હોય તે પણ તારીખ ૩૦-૧૧-૪૪ સુધીમાં રા. રા. ડીરેકટર ઓફ સીવીલ સપ્લાઇઝ સાહેબને મોકલવાનો છે.

આ હુકમ મુજબ મીરીખાનીનો જથ્થો જે નોંધાવશે નહિ અગર ઓછો નોંધાવશે તે મીરીખાનીના ન નોંધાવેલા એક તાકા દીઠ કોરી ૧૦૦) એક હજાર સુધીના દંડને પાત્ર થશે અને વધુમાં તેની મીરીખાની રાજ્ય જપ્તીને પાત્ર થશે.

દીવાન ઓફીસ
ભુજ તા ૧૭-૧૧-૪૪.

S. K. Nayampalli
દીવાન કચ્છ.

પોલીસ જા. નં ૯૮૩ — જાહેર ખબર

એજન્સી તરફથી નં એચ/૩-૫ તા.૨૬-૧૦-૪૪ વાળો પત્ર અહિં આવેલ છે. તેમાં જણાવ્યું છે. કે દીલ્હી અને કાનપુરથી આવનારાઓ સામે પેલેસ્ટાઇને, કોલેરાને લીધે કવોરનટાઇનનો પ્રતિબંધ કરેલ છે.

સદરહુ હકીકત મુસાફરોની માહિતી માટે પ્રસીદ્ધ કરવામાં આવે છે.

કારતક વદ ૪ શનિવાર સં ૨૦૦૧ તા. ૪-૧૧-૪૪

દિવાન ઓફીસ,
પોલીટીકલ બ્રેન્ચ ભુજ

J. J. Ashar,
ચીફ સેક્રેટરી.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી હજુર કોર્ટ.

વ. ખા. દી. અપીલ નંબર ૭૨ સંવત ૨૦૦૦

મુંન્દ્રાની વોરાની જમાતના વેવટકરનાર મુલ્લા અબ્દુલહુશેન નુરભાઇ રે. મુંન્દ્રા } અપેલેન્ટ

બારોટ ડાયા સુરા આશા વીગેરે. રે. મોરાણા } રીસ્પોડેન્ટ

સુખડીની લેણી કોરી ૭૮૮॥ મળવા બાબત.

૧ બારોટ ડાયા સુરા આશા રે. મોરાણા
૨ બારોટ પુંજા લખમણની વિધવા ધનબાઇ મોરાણા } ને

ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે, તેનો તપાસ સંવત ૨૦૦૧ના માગશર વીદ ૫ સોમવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના હાજર રહેવું નહીંતર કાયદેસર થશે.

મિતી કારતક વીદ ૧૧ શનિવાર સંવત ૨૦૦૧
જયસુખલાલ હરજીવન શુકલ,
મે. જુ. આસી. સાહેબના હુકમથી.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી વરીષ્ટ કોર્ટ.

નાદારીનું પ્રકરણ શાં. ૨૦૦૦ નાં. ૫૫૮

કણબી રામજી જાદવા સુખપર વાદી
ઠા. રામજી લીલાધર ભુજનાં પ્રતિવાદી

દાવો—લેણા બાબત

ભુજનાં ઠા. રામજી લીલાધરને માલમ થાય કે વાદીએ નાદારીમાં દાવો દાખલ કરવા અરજ કરી છે સદરહુ માટે વાદીનો દાવો નાદારીમાં સ્યા માટે દાખલ ન કરવો તે બાબતમાં જવાબ આપવાની તારીખ સંવત ૨૦૦૧ના કારતક વીદ ૦)) બુધેની નીમવામાં આવી છે. તે તારીખે તમો જાતે અથવા તમારા મુખત્યાર વકીલ મારફતે આ કોર્ટમાં સવારના વાગેથી હાજર થજો નહીતર કાયદેસર કરવામાં આવશે.

મિતી કારતક સુદ ૧૦ શુકરે સંવત ૨૦૦૧.
સવાઇલાલ લક્ષ્મીશંકર,
મે. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
૩૧૫
શ્રી વરીષ્ટ અદાલત
દાવો નં. ૨૦૮ સંવત ૨૦૦૦

મેસર્સ રતનસી એન્ડ કું. ના એકલા માલીક રતનસી ગોપાલજી માંડવી } વાદી
ઠા. સુંદરદાસ દામોદર હાલે કલકતા પ્રતિવાદી

દાવો–લેણા બાબત

હાલે કલકત્તાના રહેનાર ઠા. સુંદરદાસ દામોદરને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, સંવત ૨૦૦૧ના માસ કારતક વદ ૧૪ મંગળવારને રોજે સવારના ૧૧॥ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સંબંધના જરૂરીયાત સવાલોના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્સને વકીલની સાથે હાજર રાખવા અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા માગતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મિતી કારતક સુદ ૧૪ વારસોમ સવત ૨૦૦૧.

પુંડરીકરાય મહાદેવ પાઠક,
મે. એડી. જજ વ. કોર્ટના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી મુંદ્રા કોર્ટ નંબર ૫૨૧.
ખા. દી. કામ નં. ૮૬ સં. ૨૦૦૧.

શા. કુંવરજી મુલજી રે. ભોરારા વાદી
શા. હીરજી રતનશી વીગેરે રે. વાંકી પ્રતિવાદી

દાવો લેણા બાબત

નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આંહી કોર્ટમાં શં ૨૦૦૧ ના કારતક વીદ ૦)) બુધેના રોજ બપોરના ૧૧ વાગેથી હાજર થાવું નહીતર કામદેસર થશે-

૧ શા. નાનજી હીરજી રે. વાંકી હાલે મુંબઈ
૨ શા. કાનજી હીરજી એજ

કરાતક શુદ ૩ શુકરે શં. ૨૦૦૧

હીરજી સુરજી સોમૈયા,
મુંદ્રા ન્યાયાધીશ શા. ના હુ.થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી મુંદ્રા કોર્ટ નંબર ૫૨૨.
ખા. દી કામ નં. ૮૫ શં. ૨૦૦૧.

શા. મોના ઉકેડાની દીકરી પદમાંબાઇ ઉર્ફે માલુબાઈ રે. હાલે ભુજપર } વાદી
શા. દેવજી સોજુ વીગેરે રે. સડાઉ પ્રતિવાદી

દાવો વાડીબંધ તથા ખેતર વડો વીટાંત્ર છોડાવવાને

જારોઇ તે હાલે મુંબઇના શા. પ્રેમજી શીવજીને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આંહી કોર્ટમાં શં. ૨૦૦૧ના કારતક વીદ ૦)) બુધેના રોજ બપોરના ૧૧ વાગેથી હાજર થાવું નહીતર કાયદેસર થશે.

કારતક શુદ ૩ શુકરે શં. ૨૦૦૧.

હીરજી સુરજી સોમૈયા,
મે. મુંદ્રા ન્યાયાધીશ શા.ના હુ.થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુરની
શ્રી મુંદ્રા કોર્ટ નંબર ૫૨૩.
ખા દી. કામ નં. ૪૬ સં. ૨૦૦૧.

શા. વરજાંગ ખેરાજના વારસ શા. વીરજી ઉર્ફે ભુલા માણેક રે. વાંકી } વાદી
જાડેજા માભુભા ઉર્ફે જેઠુભા લાધાજી વીગેર રે. વાંકી } પ્રતિવાદી

દાવો જગ્યાનો કબજો મળવા બાબત

નીચે મારજીનમાં લખ્યા શખ્શોને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આંહી કોર્ટમાં શં. ૨૦૦૧ના માગશર શુદ ૧૦ શનીના રોજ બપોરના ૧૧ વાગે થી હાજર થાવું નેતર કામદેશર થશે.

૧. શા. રવજી રતનશી રે. વાંકી હાલે નેરોબી
૨. શા. રામજી મેગજી રે. વાંકી હાલે મુંબઇ.

કારતક શુદ ૩ શુકરે શં. ૨૦૦૧.

હીરજી સુરજી સોમૈયા,
મે. મુંદ્રા ન્યાયાધીશ શા. ના. હુ.થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુરની
શ્રી મુંદ્રા દીવાની કોર્ટ નંબર ૫૨૪.
ખા. દી. તા. કામ નંબર ૪ સં. ૨૦૦૧

શા. પુનસી ગાંગજી મોટી ખાખર વાદી
શા. પાસુ તેજપાળ ડેપા પ્રતિવાદી

દાવો લેણાનો

હાલે મુંબઈના શા. પાસુ તેજપાળને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ કોરી ૭૩) તથા રૂ. ૨૨૬–૧–૬ મળવા લાયક દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીસ પોચેથી રોજ ૪૫માં વાદીની

તામીલ બજવણી કરતે નહીંતર કાયદેસર થશે.

કારતક શુદ ૬ સોમે સં. ૨૦૦૧

હીરજી સુરજી સોમૈયા,

મે. મુંદ્રા ન્યા. ખા. ના હુકમથી.

જમીનો મનાઈ હુકમ. નં. ૫૯

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઈ બહાદુરની

શ્રી મુંદ્રા દીવાની કોર્ટ.

શા. ભોજરાજ [illegible] શાહડે વાદી

વેરાંતે વીરાનજી શામજી વિ. ખાસંબીબા પ્રતિવાદી

દાવો લેવાનો

અંકડીના નીચે લખ્યા શખ્શોને અત્રે આપવામાં આવે છે કે સદરહુ વાદીએ તમારા પર લેવાં બાબત દાવો કરતાં તે ખા. દી. કામ નં. ૨૬૬૬ વાળામાં સદરહુ વાદીનું તમારા પર અર્થે રૂ. ૧૪૮૮ તથા કોર્ટ ખર્ચના મુદત રૂ. ૬૦૦) પર ટકા વા૨ લેખે ચડતે બાકી હુકમનામું થતાં તેની તામીલ બજવણી કરાવી આપવા વાદીએ દરખાસ્ત કરતાં તમારા પર કાયદેસરની તામીલ થવા છતાં તમે તામીલ બજવણી કરેલ નથી અને વાદીએ તમારી નીચે લખ્યા મીલ્કત જેમાં પ્ર. નં. ૩નો સર્વે હક છે તે જપ્તીમાં લેવા અરજ કરતાં તે આમદણી તાકદા જપ્તીમાં લેવામાં આવે છે માટે તમને સદરહુ મીલ્કત તમારે બોજાને વેચાણ ગીરો કે બહીસ કે બીજી કોઇ રીતે કોઇને આપવા કે લેવા નહિ જો મનાઈ હુકમનો ભંગ કરશો તો કાયદેસર થશે.

જપ્તીના ચતુર્દિશા.

૧-૨ ઉત્તરે ઉગરશી શાહડે જગીરનો દરવાજો જેમાં આ જપ્તીનાં તેલ પડે છે

૩ દક્ષણદિ વેરાંત વીરજી જીવરાજની જપ્તી છે

૪ આગ્નેયે આ જપ્તીનું તથા જપ્તીનું આંગણું છે તેમાં બારણા ઝગીતનાકે જપ્તીનું બારણું દખણદે મુવાડે કે ઉત્તરે આથમતે કુળદેવીના ઓરડી તથા પ્ર. નં. ૧-૨ની જપ્તીનો ચોતરો ભાગ છે

૧ વેરાંત બાબુ શામજી

૨ વેરાંત નાનજી માંજી

કારતક શુદ ૬ સોમે સં ૨૦૦૧

N. D. Mehta,

મુંદ્રા ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઈ બહાદુર

શ્રી મુંદ્રા કોર્ટ

ખા. દી. કામ નં. ૨૦ સાં ૨૦૦૧

ચારણ વાઝીબા હરદાસ શેખડીબા વાદી

શા જીવરાજ કેશવ વગેરે શાહડે પ્રતિવાદી

દાવો બેનર વગેરે ઉતાર કોરાવવા બાબત

શેખડીબાના નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આ કોર્ટમાં સાં ૨૦૦૧ માગશર શુદ ૧૪ સોમેનાં રોજ બપોરનાં ૧૧ વાગેથી હાજર થવું નેતર કાયદેસર થશે.

કારતક શુદ ૧૨ શનિ સાં ૨૦૦૧

૧ ચારણ ડાડા પાનુ
૨ ચારણ જાનુ ગમા
૩ ચારણ કાજણ અજા
૪ ચારણ પુંજા અજા
૫ ચારણ કાનીબા પુનશી
૬ ચારણ નાનશી અજા
૭ ચારણ દેવા કારા
૮ ચારણ હરી મગરાજ
૯ ચારણ નાગડા મેઘરાજ

હીરજી સુરજી સોમૈયા

મે. મુંદ્રા ન્યા. ખાતાં હુકમી.

મહારાજાધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઈ બહાદુર

શ્રી મુંદ્રા કોર્ટ

ખા. દી. કામ નં. ૨૦ સાં ૨૦૦૧

ચારણ વાઝીબા હરદાસ શેખડીબા વાદી

શા પદમશી પુનશી વગેરે શાહડે પ્રતિવાદી

દાવો બેનર વગેરે ઉતાર કોરાવવાનો

શેખડીબાના નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આ કોર્ટમાં સાં ૨૦૦૧ માગશર શુદ ૧૪ સોમેનાં રોજ બપોરનાં ૧૧ વાગેથી હાજર થવું નેતર કાયદેસર થશે.

કારતક શુદ ૧૨ શનિ સાં ૨૦૦૧

૧ ચારણ ડાડા પાનુ
૨ ચારણ જાનુ ગમા
૩ ચારણ કાજણ અજા
૪ ચારણ પુંજા અજા
૫ ચારણ કાનીબા પુનશી
૬ ચારણ નાનશી અજા
૭ ચારણ દેવા કારા
૮ ચારણ હરી મગરાજ
૯ ચારણ નાગડા મેઘરાજ

હીરજી સુરજી સોમૈયા

મે. મુંદ્રા ન્યા. ખાતાં હુકમી.

જાહેર જાહેર. નં ૧૧૦૪

સર્વ લોકોને જાહેર આપવામાં આવે છે કે શ. શપર હોજદાર સાહેબની વાડ નં ૬૮૭ વાળી ઓટ જાત ૧ વાંટે સોળ વરસ અઢી માટે ઝવેરાત ખાતરેલી સુ. ખરજ તે ઓટ કાજમાંથી કડાં થાણાથી પાકર તરફ સાં ૨૦૦૧ના જેઠ વદ ૭ સોમવારને રાજ લઈ જવાનું કરતાં થાણાવાળાએ તે ઓટ તેનો હોવાની ખાત્રી મળતાં તે ઓટની ખાત્રી તેણે રજુ ન કરતાં અને પરદેશ ચાલ્યો જતાં સદરહુ ઓટ કલમ ૧૪-૧૫ મુજબ વેચાણ વ્યવસ્થા થતા માટે અહીં આરજી આથી સર્વેને જણાવવામાં આવે છે. સદરહુ ઓટ જેનો હોય તેણે આ જાહેરનામાની તરીખથી માસ છતની અંદર આ કોર્ટમાં હાજર થઇ ખાત્રી પુરાવો આપી તે ઓટની ઉપજેલ કીંમત કોરી ૩૬૦) વણુરેશાડ લઇ જવી નહીંતર મુદત વીતે તે પૈસા બી દરબાર દાખલ કરવામાં આવશે.

મીતી કારતક શુદ ૬ સોમવાર સાં ૨૦૦૧

Thakersi P,

શપર ન્યાયાધી

જાહેર ખબર.

હ. જા. નાં ૧૭૬૨

માંડવી વહીવટદાર કચેરી તરફથી.

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના ખડતરગઢના વૈષ્ણવદાર શા. ડામજી મોણસીએ માંડવીના સોની ગેલા ઉકાણી તથા શભુ કેશવજીની વાલીમા રભાબાઇ તથા કાળા કલ્યાણજીની વિધવા ધારીબાઇ વગેરે પાસેથી કોરી ૧૨૫૦) બારસો પચાસમાં અઘાટનો વટાગે આપીને તપાગચ્છના અપાસરા પાસે બજારમાં હાટ બે અઘાટ વેચાણ ૧૯૧૪ ના કારતક વીદ ૧ ની તારીખના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખેલ છે. આ હાટ સંબંધે કોઇનો કોઇ પણ જાતનો હિત શબંધ હોય તેણે આ જાહેર ખબર છપાયાની તારીખથી એક માસની અંદર આંહી આવી જાહેર કરવું. મુદત વીતે છાપો કરી આપવા સંબંધમાં ઘટતુ કરવામાં આવશે.

કારતક સુદ ૧૧ શુક્રવાર સાં. ૨૦૦૧.

તા. ૨૭-૧૦-૪૪.

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર.

જાહેર ખબર

હ. જા. નાં ૧૦૬૩

માંડવી વહીવટદાર કચેરી તરફથી

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના ભણશાળી હરીદાસ રોશાએ સાં. ૧૯૯૪ ના ભાદરવા વીદ ૪ ની મીતીના દસ્તાવેજથી કોરી ૪૬૦૦) છેંતાલીસસોમાં ભાટીયા ઠકર ગોપાલજી કલ્યાણજી પાસેથી જગ્યા એક અઘાટ વેચાણ રાખેલ છે. તેનો છાપો થવા માટે ધનીક તરફથી અરજ થતાં આ જગ્યા શંબંધમાં કોઇનો કોઇપણ જાતનો હક હિસ્સો હોય તેણે આ જાહેર ખબર પ્રસિદ્ધ થયાની તારીખથી એક માશની અંદર આંહી આવી જાહેર કરવું નહીંતર મુદત વીતે છાપો કરી આપવા સંબંધમાં ઘટતુ કરવામાં આવશે.

કારતક સુદ ૧૧ શુક્રે સાં ૨૦૦૧.

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર.

જાહેર ખબર

હ. જા. નાં. ૧૦૬૫

માંડવી વહીવટદાર કચેરી તરફથી

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે ગુદીયાલીના ભાટીયા ઠકર હરીદાશ વિશનજીએ સાં ૧૯૬૮ના ફાગણ વીદ ૧૨ની મીતીના દસ્તવેજથી હા. નાગજી રોશાણીની વિધવા મગાબાઈ પાસેથી કોરી ૪૪૫૦) માં જગ્યા એક મુરલીમનોહરના મંદીર પાસેની અઘાટ રાખેલ છે. આ દસ્તાવેજ અહી છાપો થવા માટે આવેલ છે. માટે એ જગ્યા શંબંધમાં કોઇનો કોઇ પણ જાતનો હક હિસ્સો હોય તેણે આંહી આવી આ જાહેર ખબર છપાયાની એક માશની અંદર આવી જાહેર કરવું નહીતો મુદત વીતે છાપો કરી આપવા શંબંધમાં ઘટતું કરવામા આવશે.

કારતક સુદ ૧૧ શુક્રવાર સાં. ૨૦૦૧.

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર.

જાહેર ખબર

હ. જા. નાં. ૧૦૬૪

માંડવી વહીવટદાર કચેરી તરફથી.

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના હિન્દુ મેટરનાટીહોમના ત્રસ્ટી ભાટીયા ઠકર ચત્રભુજ રવજીને કામ ૧૭૨૦૦ માં નામદાર શ્રી વરીષ્ટ કોર્ટનાં સાં. ૧૯૯૭ના શર્ટીફીકેટની રૂએ જગ્યા ૧ માંડવી મધે સુંદરજી સોદાગરવાળી ડેલીમાં આવેલી છે. તેનો છાપો થવા માટે શર્ટીફીકેટ રજુ થએલ છે. આ જગ્યા પર કોઇનો કોઇ પણ જાતનો હક હિસ્સો હોય તેણે આ જાહેર ખબર છપાયાની તારીખથી એક માશની અંદર આંહી આવી જાહેર કરવું. નહીં તો મુદત વીતે છાપો કરી આપવા વિષે ઘટતું કરવામાં આવશે.

કારતક સુદ ૧૨ શનીવાર સાં. ૨૦૦૧.

અંબાલાલ મનસુખ રામ,
માંડવી વહીવટદાર

સમન્સ નંબર ૩૪

વાઘેલા રાણાશ્રી જીવણસીંહજીની
દીવાની કોર્ટમાં
કામ નંબર ૩ સાં. ૨૦૦૧

દોશી વાલજી સેજપાર ગુજરેલાની વિધવા સકીબાઇ પલાંસવા } વાદી

જોગુ માનસંગ માલાણી ગુજરેલાને દીકરો જોગુ ભુરા માનસંગ પલાંસવા } પ્રતિવાદી

દાવો

મતની રૂએ વ્યાજ સહીત કોરી ૬૦૦ અપાવવા બાબત

પ્રતિવાદી પલાંસવાના જોગુ માનસંગ માલાણી ગુજરેલાનો દીકરો જોગુ ભુરા માનસંગને માલુમ થાય જે આ વાદીએ તમારા પર ખતની રૂએ વ્યાજ સહીત કોરી ૬૦૦ અપાવવા બાબત આ કોર્ટમાં દાવો કર્યો છે માટે તેનો જવાબ આપવા વાસ્તે તમારે જાતે અથવા મુખત્યાર વકીલ મારફત સાં. ૨૦૦૧ના માગસર વીદ ૬ સોમવારના રોજ સવારના દસ બજે આ કોર્ટમાં હાજર થજો. મુદતે હાજર નહિ થાઓ તો કાયદેસર થાસે.

સાં. ૨૦૦૧ના કારતક સુદ ૧

G. M. Vaghela
જાગીરદાર પલાંસવા

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની જ્હાલી અમર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકાને ખબર આપવામાં આવે છે કે અમારા અસીલ શ્રી કચ્છ કોટડાનાં તે હાલે શ્રી કચ્છ તેરાનાં રહીશ શા વાંકમજી કુંવરજીની મળેલ સુચનાં અનુસાર નીચે મુજબ જાહેર ખબર પ્રસિધ્ધ કરાવવા સુચનાં મલતાં જણાવવાનું કે,

સાં. ૧૯૬૨નાં આસુ સુદ ૫ ની મીતીનાં દસ્તાવેજ કોરી (૧૦૫૦) વલામાં લખેલી જગ્યા જે કોટડારા મધે આવેલી છે તે કોઠારનાં શા ખીમજી કશવદશનાં મતાથી અમારા પાસે ચીતડમ કબજે છે જેનાં આચરીયા તથા દસ્તાવેજો હાલે શ્રી મુંબઈમા બનેલી છેલી હોલ તમાં દાણા બંદરનાં બળી ગએલ છે. એટલે સદરહુ જગ્યા પર કામને પણ ધીરધાર કરવી નહીં. અને જો કરશે તો ત્યા અમારી જગ્યા જવાબદાર નથી તેવુ કરજ કરજદારને તેના અંગ ઉપર રહેશે એમ સમજવું.

લખી મીતી આસુ સુદ ૭ રવિવાર સાં. ૨૦૦૧. તા. ૨૬-૬-૧૯૪૫.

વકીલ બા વેલજી કેશવજી

શા વાંકમજી કુંવરજીનાં વકીલ.

ખાનગી જાહેર ખબર

હું નીચે શહી કરનાર કોઠારી મોતીચંદ ભગવાનજીની વિધવા આ જાહેર ખબર થી સર્વ લોકોને માહીતી આપુ છું કે મારા પતિ મોતીચંદ ભગવાનજી સ્વપાર્જીત મિલકત મુકી સ્વર્ગ વાસ પામ્યા છે, તેમના પાછળ હું તેમની કાયદાશરનીવારસ છું. મારા પતિએ મારા હયાતી બાદ અમારી મીલકતનો વારસા મારા પતિના ભત્રીજા વેલજીના પુત્ર ચુનીલાલને બનાવવા માટે એક વીલ કરેલું છે. પરતુ જો ચુનીલાલની રીતભાત સારી જણાય નહિ તો તેને વારશો આપવો નહિ. એવું ફરમાન પણ કરી ગએલ છે. ચુનીલાલની રીતભાત બીલકુલ સારી નથી. મિલકતની વ્યવસ્થા તથા બરબાદી કરે તેવી સ્થિતી તેણે ઉત્પન્ન કરેલી છે. એટલે તેનામાં મને કોઇ પણ જાતનો ભરોસો ન રહેતાં મારા મરહુમ પતિનાં વીલનાં ફરમાન તથા મને આપેલ સતા મુજબ હું તેને અમારી મિલકતનો વારશ બનાવવા માગતી નથી જેથી તેને હું રદ કરું છું. માટે મજકુર ચુનીલાલ સાથે કોઇએ કંઇપણ વહેવાર અમારી મિલકતને અંગે કરવો નહિ. છતા જો કોઇએ કર્યો હશે યા કરશે તો તેની જોખમદારી અમારા ઉપર કે અમારી મિલકત ઉપર રહેશે નહિ.

૨૦૦૦ના ફાગણ વદ ૧૪ ગુરૂવાર

છાપખાનામાં રજુ કરી કારતક વીદ ૩ શુક્રે

સાં ૨૦૦૧.

કોઠારી મોતીચંદ ભગવાનજીની વિધવા જમના નાઇ ફુલચંદની સહી દા. પોતાના

ખાનગી જાહેર ખબર

શ્રી કચ્છ માંડવીના સ્વ શેઠ ગોરધનદાસ ખેતસીના છેલ્લા વીલ અને કોડીસીલના એકઝીકયુટર અને ટ્રસ્ટી ડા ચત્રભુજ વલભદાસ મનકરમી તરફથી સર્વે પ્રજાને ખબર આપવામાં આવે છે કે મરહુમ શેઠ ગોરધનદાસ ખેતસીની નીચે બતાવેલ જગ્યાઓ તથા ખેતર આ જાહેર ખબરમાં જણાવેલ નાશીયે તમાં મુકરર કરેલા ટાઈએ જાહેર ચડા પડીત વેચવામાં આવશે. અને ખરીદનાર મરહુમ શેઠ ગોરધનદાસ ખેતસીની આ જગ્યા તથા ખેતરમાં જે હક કે તે હકના માલીક થશે.

૧ ડા વીસુ મોનજીવાલી જગ્યા મેડી ૪ ચાર ડેલીમધે કુવા તથા સંડાસ સીએ માંડવીમાં ત્રવાડીવાલી કહેવાતી હેરીના સાંન ચેરીનાં છે.

૨ ભાટીયા ડા ચત્રભુજ આંપશીવાલી જગ્યા મોચી બજાર દખણાદી તરફની ઉપમણા બારણાવાલી ડેલીની અંદર મેડી ત્રમોઈ વખાર સીએ.

૩ ખત્રી મુલા આરબાણી વાલી જગ્યાઓ હાલા સીપાઇઓના ફલીઆ મધેની તે બંધી જગ્યાઓ તે પડી જતાં તે જમીન પડેલ છે તે જમીન.

૪ ખેતર નામે જાડાઇ ટોળની સીમ ઇ.

એ રીતે જગ્યાના સં. ૨૦૦૧ના માગશર સુદ ૬ ને વાર મંગળવાર તા. ૨૧-૧૧-૪૪ ના રોજ બપોરના નવા સ્ટાન્ડર્ડ ટાઈમ ત્રણ વાગ્યા થી અનુક્રમે જાહેર હીલામથી વેચવામાં આવશે. તે રોજ સાંજના લાડાપાંચ વાગ્યા સુધી હીલામ કરતાં જે મીકત તે દિવસે વેચાતા બાંડવી બધેની બાકી રહેશે તે મીકત બીજે દિવસે બપોરના ત્રણ વાગ્યાથી જાહેર ચડાઉપડીથી વેચવામાં આવશે આ હીલામ સદરહુ જગ્યા પર કરવામાં આવશે.

ખેતર નામે જાડાઇ સં. ૨૦૦૧ના માગશર સુદ ૧૧ ને વાર રવિવાર તા. ૨૬-૧૧-૪૪ના રોજ બપોરના ત્રણ વાગે જાહેર ચડાઉપડીથી સદરહુ જગ્યા પર કરવામાં આવશે.

વેચાણની વધુ વિગતો અને શરતો માટે ઠા. ચત્રભુજ વલભદાસ મનકરમીના વકીલ કેશવજી ગોતીયાને કચ્છ માંડવી મધે આવેલી તેમની ઓફીસમાં સવારના ૮ થી ૧૦ (સ્ટા. ટા.) ની અંદર મલવું.

મીતિ કારતક સુદ ૧૪ સોમવાર શાં. ૨૦૦૧

ઠા. ચત્રભુજ વલભદાસ મનકરમી.

ખાનગી જાહેર જાહેર

હું શા ભુજનાં ફરાશ અબ્દુરેમાન હાજી અજુ આ જાહેર ખબરથી માલુમ કરૂં છું કે મારી જગ્યા ૧ શા ભુજમધે વોરા ફકીરાનાં છે તે નીચે લખી ચતુર્દશાવાળી મારા વકીલ ચખતની ખબર છે તેનાં દસ્તાવેજોની બાબે મને ખબર પડતાં મેં ઘરમાં તપાસ કરી તો જાણ્યા નહ તે ખોટાર્થી ખબર જણાયું કે જેની સદરહ દસ્તાવેજો જે કોઇ શખસ હાથ આવ્યા હોય તેણે મને પોચતા કરવા ને એ રીતે જો કોઇ શક્ષ મારા દસ્તાવેજોને મને શોધશે કે તે મળે એવી પૂરતી માહીતી આપશે તેને રૂા. ૨૫) પચીસ ઇનામ આપવા હું બંધાઉં છું શિવાય એ જગ્યા કે તેના દસ્તાવેજોશર મેં કે આગ આવીને કેમ પાસેથી કાંઇ પણ કરજે પૈસા લીધેલ નથી તેમ ગીરવી કે બીજી રીતે કોઇને કાઢી દઇ આપેલ નથી ને હવે એ જગ્યાનો એકલો માલીક હું છું ને તે છતાં એ જગ્યાશર કે દસ્તાવેજો પર કોઇનું કાંઇ વેણ દેણ હક હિસો લાગતું વળગતું હોય કે તે સમજવો હોય તો તેણે મને આ જાહેર ખબર પ્રસિધ્ધ થયેથી માશ ૧ એકની અંદર જાણ કરવી કે જેથી તે માટે હું ઘટતું કરી શકું ને તે પ્રમાણે મુદત સુધીમાં કાંઇ જાહેર નહી કરે તો એ મુદત પછી હું કે મારી જગ્યા તે માટે જવાબદાર નથી એમ શમજવું ને એ જગ્યાશર કે તેનાં દસ્તાવેજો પર મારા સિવાય બીજા કોઇને કોઇ પણ શક્ષે ગીરવાર કે વેચ દેવ કરી નહિ ને તે છતાં કરશે તો તે માટે હું કે મારી જગ્યા જવાબદાર રહેશે નહિ પણ તેવી રીતે વેચાણ કરનાર પોતે જવાબદાર રહેશે એમ જાણે જાણ કરવા આ જાહેર ખબર છપાવી છે. એ જગ્યાની ચતુર દશાની વિગત છે.

૧ કબલાદી કારે રાજ દરબારમાં ડેલીનું બાંધણું તથા જગ્યાનો કબજો પડે છે.

૨ આગળાણી કારે વોરા મદમદ અલી ગુલામ ભીડાવાલાની જગ્યા તથા શીરી હુસેનબાની અલીબાઇની જગ્યા એમ બે જગ્યાઓની પછીતો તથા વેરા આ જગ્યાનાં આંગણાં માં પડે છે.

૩ ઉત્તરીકારે વોરાઓની એક જગ્યાનું ખંડેર લગતું છે.

૪ ઉનબાણી કારે વેગવાલ ફકીરાનો રાજમાર્ગ છે તેમાં પછીત તથા નેવા પડે છે તથા એક નાનું બારણું બારી ઘાટે તે પણ એ તરફ પડે છે.

એમ ચતુર્દશા છે.

મી તી કારતક સુદ ૧૫ બુધે સાં. ૨૦૦૧)નાં

ફરાશ અબ્દુરેમાન હાજી અજુની

સહી : નિશાન

શુદ્ધિ પત્ર

કચ્છ રાજ્ય પત્ર પુસ્તક ૭૨ અંક ૩૫ને ૪૮ માં શા. કેશવજી હેમરાજની ખાનગી જાહેર ખબર છપાણી છે તેમાં લીટી ૭માં "શા. કેશવજી હંસરાજને બદલે શા. કેશવજી હેમરાજ વાંચવું"

આ પત્ર શ્રી કચ્છ દરબારે ગવર્નમેન્ટમાં છાપ્યું.

KUTCH DARBAR GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 72] DECEMBER 2nd SATURDAY 1944 [NO. 12]

[વ૦ ૭૨ ; માગશર વદ ૨ શનીવાર સંવત ૧૯૦૧ તારીખ ૨ જી ડીસેમ્બર સન ૧૯૪૪ [અંક ૧૨]

ઠરાવ:

એ. જા. નાં. ૧૧૦૬

ધર્માદા જાગીરોને લાગુ પાડવા માટેના રે. જા. નાં. ૫૧૭૦ કારતક શુદ ૮ શનીવાર શાં. ૧૯૬૩ વળા ઠરાવથી કરવાનાં આવેલ નિયમોમાં નાં ૨ નો નિયમ નીચે પ્રમાણે છે:—

"જાગીરના અધ્યક્ષે મંજુરી સિવાય જમીન વેચાણ કરવી નહીં."

એનો ઉદેશ, જાગીરદાર તરફથી થતા કેવળ વ્યવહાર વેચાણ પરજ પ્રતિબંધ રાખવાનો નથી પરંતુ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે જેથી જાગીરની મીલકત જાગીર પાસેથી જતી કરવામાં આવતી હોય તેવા દરેક પ્રકારના વ્યવહાર પર પ્રતિબંધ રાખવાનો આ નિયમનો ઉદેશ છે કારણ કે ધર્માદા જાગીરના અધ્યક્ષે, જાગીરની મીલકતની એક ટ્રસ્ટી તરીકે વ્યવસ્થા કરવાની હોતાં જાગીરની મીલકત જાગીર પાસેથી કોઈ પણ રીતે જતી કરવા તેને અધીકાર હોઈ શકે નહી, છતાં સદરહુ નાં. ૨ ના નિયમમાં માત્ર 'વેંચાણ' એ શબ્દ રાખવામાં આવેલ હોવાના કારણે ગેરસમજુત થવા ન પામે એ માટે હાલના નાં. ૨ નો નિયમ રદ કરી તેને બદલે નાં. ૨ ના નિયમ તરીકે નીચે પ્રમાણે રાખવા યુવરાજ મુદ્રાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ બહાદુરનું ફરમાન થએલ છે:—

"જાગીરના અધ્યક્ષે એ કચ્છ રાજ્યની મંજુરી સિવાય કોઈ પણ જમીન, વેંચાણથી, બક્ષીસથી, કૃષ્ણાર્પણથી કે કોઈ પણ પ્રકારના ગીરાણે કોઈને પણ આપવી નહીં તેમ તેના ઉપર બોજો કરવો નહીં."

આ પ્રમાણે નાં ૨ ના નિયમ પુરતા સુધારા સિવાય તે ઠરાવના બાકીના નિયમો જેમના

તેમ કાયમ રહે છે એમ સમજવાનું છે.

કારતક વીદ ૬ ગુરૂવાર શાં. ૨૦૦૧. તાઃ ૯-૧૧-૪૪.

દિવાન ઓફીસ,
પોલીટીકલ બ્રેન્ચ. ભુજ.

S. K Nayampalli.
ઓફી દીવાન-કચ્છ.

સરકયુલર.

જ્યુ. જા. નં, ૨૨૮૨ સં. ૨૦૦૧

કા. ઓ. નં. ૨૧૮ તાઃ ૨૮-૮-૪૩ વાળા તેમજ તેનાં અનુસંધાનમાં થએલ જ્યુ. જા. નં. ૫૪૫ તાઃ ૧૭-૭-૪૪ વાળા સરકયુલરના અનુસંધાનમાં રા. રા. જ્યુડીશીયલ આસીસ્ટંટ સાહેબ તરફથી લખાઇ આવેલ અભિપ્રાય ધ્યાનમાં લઇ સદરહુ બને હુકમો, દસ્તાવેજો રજીષ્ટર કરાવવાની અરજી રીપોર્ટ લખનારા ઉમેદવારોને પણ લાગું પાડવાનો હુકમ કરવામાં આવે છે.

કારતક વીદ ૨ ગુરૂવાર શાં. ૨૦૦૧. તાઃ ૨-૧૧-૪૪.

દિવાન ઓફીસ,
જ્યુડીશીયલ બ્રન્ચ ભુજ.

S. K. Nayampalli
ઓફી. દીવાન કચ્છ.

હુ. ઓ. નં. ૪૦૪/૪૪ ઠરાવ

નીચા સેડા નોંધવાનો વખત મુકરર કરવા સમંધમાં રેવન્યુ ખાતે પુછાવતાં ત્યાંથી લખાઇ આવેલ હકીકત ધ્યાનમાં લઇ નીચે મુજબ ધોરણ મુકરર કરવામાં આવે છે

૧. પીત બાજરાનો નોંધ ભાદરવા સુદ ૧૫ થી શરૂ કરી પંદર રોજની અંદર કરી લેવો.
૨. રમમોલ કડોળનો નોંધ આસુ સુદ ૩ થી શરૂ કરી પંદર રોજની અંદર કરી લેવો.
૩. શીયાળુ પાકનો નોંધ કારતક સુદ ૨ સુધીમાં કરી લેવો.
૪. ઉનાળુ પાકનોનોંધ જેઠ સુદ ૧૫ થી શરૂ કરી આઠ રોજની અંદર કરી લેવો.

વરસાદની અનીયમીતતાને કારણે જો ઉપરની તારીખો મુજબનું નોંધ કરવાનું બની શકે તેમ ન હોય ને કોઈ પખ્તે ફેરફાર કરવો જરૂર જણાય તો તેવા જરૂરી પ્રસંગે રા. મહીવટદારે ફેરફાર કરી રા. રા. રેવન્યુ કમીશ્નરને જાહેર કરવું.

આ કામગીરી સરળતાથી થાય તે માટે જુની પ્રથા પ્રમાણે ગામ લોક તરફથી નીચે મુજબ ફરજીયાત અપાવવો.

૧. સદરહુ કાયગીરી કરવા માટે કુને તથા તેના સાથે ચોકરીઆઓ રહે તેને માટેના ખાડીકાની સગડ ગામે આપવી.
૨. જે ગામની આ કામગીરી શરૂ થાય તે ગામમાંથી પાંચ સારા ચોકરીઆ કુ સાથે હાજર રહે.
૩. આ કામગીરી શરૂ થવાના હોય તેનો કુએ ગામમાં સાદ પડાવવો, ને તે પરથી જે દીવસે તે સીમની સદર કામગીરી શરૂ થવાના હોય તે દીવસે તે સીમના ઢોરોના માલીક પોત પોતાનાં ઢોરો પર હાજર રહે. જો કોઇ બેદુ કોઇ કારણસર પોતાનાં ઢોર પર હાજર રહી શકે નહી ને આજુબાજુના કામ વળે તે જલામણ કરે તો તેવ ચલાવવું.

ઉપર પ્રમાણે યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ હજુરથી ફરમાન થયું છે.

કારતક વદ ૧૩ સોમવાર સં. ૨૦૦૧ તારીખ ૧૩-૧૧-૪૪

S. K. Nayampalli,
Offg. દીવાન કચ્છ.

NOTIFICATION.

No 3158 of 1944.

In exercise of the powers conferred by sub-rule (2) of the Rule 81 of the Defence of India Rules, as applied to this State, the Kutch Government is pleased to make the following amendment in "The Control of Imported Engineering Stores Order, 1944."

In sub-clause (i) of Clause 2 of the said Order, the words "State Mechanical Engineer" shall be substituted. by words "State Electrical Engineer."

Dewan's Office,
Bhuj. 16th Novr. 1944

S. K. Nayampalli.
Offg. Dewan of Kutch.

ઠરાવ: જ્યુ. જા. નં. ૨૪૫૫ સાં. ૨૦૦૧.

લખપત તાલુકાની પ્રજાને વદકીય મદદ બાબત બહુ અદચણ હોવાથી લખપતના દરબારશ્રી તરફથી દવાખાનું ખોલવા બાબતના કાગળો સ્થાનિક, યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ હજુર રજુ થતાં ફરમાન થયું કે

આ દવાખાનાં અંગે વારસીક એસ્ટાબ્લીશમેન્ટની કોરી ૪૬૭૦ અને દવા વીગેરેની કોરી ૧૬૨૦ મળી કોરી ૧૧૫૨૦ અગીયાર હજાર પાચસો વીસ ખર્ચ થયાનું રા. ગ. ચીફ મેડીકલ ઓફીસર તરફથી લખાઇ આવેલ હોવાં તેટલી રકમ સુધીના ખર્ચની વારસીકની મંજુરી આપવી

આ દવાખાનાં માટે જોઇતું મકાન હાલે ભાડેથી રાખવું અને પાછળથી સ્ટેટનું મકાન બંધાવવા ઘટીત થશે.

માગશર સુદ ૫ સોમવાર સાં. ૨૦૦૧. તા. ૨૦-૧૧-૪૪

S. K. Nayampalli,
કોર્ટી. દીવાન કચ્છ

જ્યુ. જા. નાં. ૨૪૬૦ ઠરાવ.

રા. ડોક્ટર ભાનુશંકર કેશવલાલ જાયા તરફથી પોતાની નોકરીનું રાજીનામું આપવામાં આવતાં તે મંજુર કરી તે ખાલી પડતી જગોએ રા. ડોક્ટર હરીરામ મેઘજીભાઇને કોરી ૬૦૦ થી ૫૦૦ ના ગ્રેડમાં માસીક કોરી ૩૦૦ ના પગારથી, ડોક્ટર દેવેન્દ્રરાય ગોરા જેઓ આવતા લગીની મુદત માટે નીમવા યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ બહાદરનું ફરમાન થયું છે.

માગશર સુદ ૮ ગુરૂવાર સાં. ૨૦૦૧. તા: ૨૩-૧૧-૪૪.

દિવાન ઓફીસ,
જ્યુડીશીયલ બ્રેન્ચ, ભુજ.

S. K. Nayampalli,
Offg. દિવાન કચ્છ.

હુ. ઓ. નાં. ૪૩૭/૪૪ ઠરાવ

કોન્સીલ હુકમ નાં. ૧૨ તા: ૨૨-૨-૪૪થી સાં. ૨૦૦૦ના કારતક સુદ ૨ સુધી કચ્છ રાજ્યના તમામ ખેડુતો વીરૂધ્ધ અગાઉ હુકમનામાની ચાલતી તામીલ તેમજ ખેડવાણ જમીન અને તે લગતા ખેતીના સાધનો વીરૂધ્ધ ચાલતી તામીલ બંધ રાખવા ફરમાન થયેલ તેની મુદત હરાવ નાં. ૮ તા. ૩-૧-૪૪ થી અમલમાં તેની મુદત પુરી થતાં લખપત તાલુકાના કેટલાક ખેડુતોએ યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબની લખપત ટુર પ્રસંગે થયેલ હરાવની મુદત વધારવા અરજ કરતાં તે લોકોની નબળી સ્થીતિ લક્ષમાં લઇ લખપત તાલુકાના જે રાવળા ખેડુતોની તામીલો હરાવ નાં. ૮થી બંધ રહેલ છે તેવા રાવળાખેડુતો પુરતીજ સાં. ૨૦૦૨ના કારતક સુદ ૨ લગી બંધ રખાવવા યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ હજુરથી ફરમાન થયું છે

માગશર સુદ ૬ સોમવાર સાં. ૨૦૦૧ તા: ૨૧-૧૧-૪૪.

S. K. Nayampalli,
Offg. દીવાન-કચ્છ

જાહેર ખબર જ્યુ. જા. નં. ૨૪૫૪

શ્રી. માંડવી નગર સભામાં શિક્ષકો અને શિક્ષકોના પ્રતિનિધિ ભાટીયા શ્રી ગોકુલદાસ ખીમજી એ રાજીનામું આપતાં તેમની ખાલી પડતી જગ્યાએ શ્રી નગર સભાની કારતક વદ ૧૦ ગુરૂવાર તા:૧૦-૧૧-૪૪ ના બેઠકમાં ચુટણી થતાં બહુ મતે ભાટીયા શ્રી લક્ષ્મીદાસ ત્રાંબજી ઠોપરશી ઉર્ફે ચતુરભાઇ સાહેબ ગ્રુપના પ્રતિનિધિ તરીકે ચુટવામાં આવ્યા છે.

હુ. ઓ. નંબર ૪૩૧/૪૪ ઠરાવ

નખત્રાણા તાલુકાના ગામ વડાણીના સ્વામીનારાયણ ખાના પંથી કણબી લોકો તરફથી ગામની ખારવાડની આથમણી બાજુ જમીન ૫૬ રા.૪૨ા પોતાને બસવે કુવો કરવા માટે મળવા અરજ કરી છે.

આ કુવો તૈયાર થઇ ગયે સમસ્ત હાંદુ કોમ માટે સાર્વજનીક ઉપયોગમાં લેવા તથા કોઇનો માલીકી હક ન રહેવાની શરતે કુવો કરવા માટે જમીન આપવા યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ હજુરથી ફરમાન થયું છે.

માગસર સુદ ૬ સોમવાર સાં. ૨૦૦૧ તારીખ ૨૧-૧૧-૪૪

S. K. Nayampalli,
Offg. દિવાન-કચ્છ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી હજુર કોર્ટ.
તા. આ. ડી. અપીલ નંબર ૮૮ સંવત ૨૦૦૦

ખારવા વલભજી પીતાંબર રે. માંડવી અપેલેન્ટ
ખારવા હરજી હંસા વગેરે રે. માંડવી રીસ્પોન્ડેન્ટ

નીચેના શ્રી વરીષ્ટ કોર્ટ દરમ્યાન જગ્યાના કબજા બાબત જે હુકમ કરેલ છે તે રદ થવા બાબત

માંડવીનાં નીચે લખ્યા શખ્સોને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે, તેનો તપાસ સંવત ૨૦૦૧ના માગશર વીદ ૦)) શુક્રવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલનાં મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીંતર કાયદેસર થશે.

મિતી કારતક વીદ ૧૧ શનીવાર સંવત ૨૦૦૧

જયસુખલાલ હરજીવન શુકલ,
મે. જયુ. આસી. સાહેબના હુકમથી.
for શિરસ્તેદાર હજુર કોર્ટ.

૧ ખારવા જીવા હંસા રે. માંડવી.
૨ ખારવા હરજી પીતાંબર રે. માંડવી.
૩ ખારવા લાલજી પીતાંબર રે માંડવી.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી વરીષ્ટ અદાલત નાં. ૬૦૯
દીવાની દાવા નંબર ૮૯ સંવત ૨૦૦૦.

શા લાલચંદ ધારશી વી. રામપરનાં વાદી
ખોજા હસનઅલી શાલેમામદ વી. ભારાપર હાલે કમ્પાલા (યુગાંડા) પ્રતિવાદી

દાવો—લેણા બાબત

ભારાપરના તે હાલે કમ્પાલા (યુગાંડા)ના રહેનાર ખોજા હસનઅલી શાલેમામદને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦ ના મહિના માગશર સુદ ૬ શુક્રવારને રોજે સવારના ૧૧ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપએલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તે ને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુરીમાં જે સ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મિતી કારતક વીદ ૨ ગુરૂવાર સંવત ૨૦૦૧

સવાઇલાલ લક્ષ્મીશંકર
મે. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
નાં. ૭૧૪
શ્રી વરીષ્ટ કોર્ટ
કોર્ટના ફેસલા ઉપર
ફો. રે. અપીલ નંબર ૧૩૬ સંવત ૨૦૦૦

ભા ઠા. ચત્રભુજ દયાળજી પીત્રવા જમનાદાસ માંડવી } મુળ અપીલ કરનાર
ભા ઠા લક્ષ્મીદાસ રણછોડદાસ વી માંડવી હાલ મુંબઇ } મુળ જવાબ દેનાર

દાવો—ભાડાં બાબત

જવાબ દેનાર માંડવી તે હાલે મુંબઇ વાલા ઠા. લક્ષ્મીદાસ રણછોડદાસ જોગ જત આ અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરી છે, વાસ્તે તમને ફરમાવવામાં આવે છે કે, એ અપીલની એકમી સં ૨૦૦૧ પોષ સુદ ૩ સોમે ને રોજ થશે. તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે કાર્યવાહીઓ સહીત સવારના ૧૧ કલાક વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહીં રહો તો અપીલનો એક તરફો ફેસલો કરવામાં આવશે.

મિતી માગશર સુદ ૩ શનીવાર સંવત ૨૦૦૧

સવાઇલાલ લક્ષ્મીશંકર,
મે. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી.

નોટીફીકેશન:

સી જા. નાં ૭૧૮

આથી કચ્છ રાજ્યના તમામ વેપારીઓને ખબર આપવામાં આવે છે કે નાં. ૧૭૧૪:૪૪ તા: ૧૭-૬-૪૪ થી પ્રસીધ્ધ કરેલા સને ૧૯૪૪નો હોર્ડીંગ એન્ડ પ્રોફીટીયરીંગ પ્રીવેન્શન ઓર્ડીનન્સ જે જે વસ્તુઓને લાગુ કરવામાં આવ્યો છે તે પત્ર નીચે જણાવેલાં શીડયુલમાં દર્શાવેલી વસ્તુઓનો જથ્થો મેળવવાનું સુગમ પડે તે માટે તેઓએ તા: ૧૫-૧૨-૪૪ સુધીમાં નીચે જણાવ્યા પ્રમાણેની વિગતો સાથે અમારી ઓફીસ માં અરજી કરી મોકલવી જેથી તે તે વસ્તુઓ મેળવવા માટેના યોગ્ય પ્રયાસો કરી શકાય:—

૧. વેપારીનું નામ, ધંધો, વતન વિગેરે.
૨. પોતાને જોઇતી વસ્તુઓનાં નામ તથા જથ્થો.

૩. સરકારી વસ્તુઓનો વેપાર તેઓ કઇરીતે વરસથી કરે છે.
૪ સરકારી વસ્તુઓ અગાઉ તેઓ ક્યાંથી મેળવતા હતા તે હકીકત.

ડાયરેક્ટર ઓફ સાવાલ સપ્લાઇઝ ઓફીસ, ભુજ, તા: ૧૧-૧૧-૪૪. } કે. એચ. દેશાઈ, ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઈઝ, કચ્છ.

શીડયુલ:

૧. વાઇન, સ્પીરીટસ એન્ડ લીકર્સ.
૨. લેડ પેન્સીલ્સ,
૩. સ્લેટ પેન્સીલ્સ,
૪. ટોઇલેટની વસ્તુઓ,
૫. બ્રુ અને મેઇલ પેઇન્ટીસ,
૬. સ્ટીલ પેન્સ,
૭. ફાઉન્ટન પેન અને તેને લગતા ભાગો,
૮. રેશમી સુતર,
૯ બનાવટી રત્નો અને બેડઝ,
૧૦. પ્યોર અને આર્ટીફીશીયલ સીલ્ક કપડાં,
૧૧. હાથ વણાટનું ઉન.
૧૨. ઉનન દોરા.
૧૩. છત્રીઓ અને તેના ભાગો
૧૪. એનામેલનાં વાસણો.
૧૫ કેરોસીન ઓઇલના લેમ્પસ,
૧૬. પેટ્રોમેક્ષ બતીનાં મેન્ટલ્સ.
૧૭. ઝિપફાસ્ટનર્સ.
૧૮. અસ્ત્રા અને અસ્ત્રાની બ્લાડ.
૧૯. કટલરીની વસ્તુઓ,
૨૦. ટાઇપરાઇટરો અને તેના ભાગો.
૨૧. ટાઇપરાઇટરની રીબન્સ,
૨૨. વાયરલેસ સેટસ–તેના વિભાગો અને વાયરલેસ વાલ્વ્સ.
૨૩. બાઇસાઇકલ્સ, તેના ભાગો અને તેને લગતી બીજી વસ્તુઓ.
૨૪. ફોટોગ્રાફીના નેગેટીવ્ઝ અને તેનાં પ્રીન્ટીંગ પેપર્સ,
૨૫. ઘડીઆલો–ક્લોકસ, ટાઇમપીસીસ. વોચીસ અને તેના ભાગો.
૨૬. કાટ્રીજીસ,
૨૭. ફોકરી.
૨૮. ચશ્માંની ફ્રેમો.
૨૯. સેનીટરી ફીટીંગ્સ
૩૦. રમત ગમતને લગતો સામાન
૩૧. બાસ્કેટરી.

મહારાજા વિજયરાજજી મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર
નો. નં. ૩૧૭
શ્રી માંડવી દીવાની કોર્ટ તરફથી
ખા. દી તા કામ નં. ૧૩૬ શાં. ૨૦૦૦

ખોજા નાનજી દેવરાજના વેવરકરનાર ખોજા હસનભાઇ મહમદભાઇ રેવાશી માંડવી. } વાદી

વિ.

ખોજા જાફર કાનજીના નામથી વેવટ કરનાર ખોજા હસનઅલી ફકીરમામદ મેગપર રેવાશી } પ્રતિવાદી

ડાય.—ડે , જાબતા

પેઇ ગરનો ખોજા જાફર કાનજીના નામથી વેવટ કરનાર ખોજા હસનઅલી ફકીરમામદને ખબર આપવામાં આવે છે કે સરકારી વાદીએ તમારા પર લેણા બાબત દાવો કરેલ જે કામનો ખુલાશો આ કોર્ટથી શાં. ૨૦૦૦ના માગશર સુદ ૪ ના રોજે થયું છે તે મુજબ તાબાલ કરાવા આપત્ર વાદીએ દરખાસ્ત રજુ કરી છે માટે કોરી ૩૧૫૩૫ ત્યા તામીલના ખર્ચની તામીલ આ નોટીસ પહોંચેથી રોજ ૧૫ પનરની અંદર કરજો. નહીંતર મુદત વીતે કાયદેસર કરવામાં આવશે.

કારતક વદ ૯ ગુરૂવાર શાં. ૧૦૦૧.

જીવરામ જાદવજી,
મે. માંડવી ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર
શ્રી માંડવી દીવાની કોર્ટ તરફથી
આ. દી. કામ નં. ૫૧ સાં. ૨૦૦૧
નોટીસ નં. ૪૫ સાં ૨૦૦૧

મોદી મગનલાલ કરસનજી માંડવી વાદી
માંડવીના શ્રી તપગચ્છ દેરાસરના વહેવટ કરનાર શા પોપટ લખમીચંદ વિ માંડવી } પ્રતિવાદી

દાવો—ગીરો રાખેલ જગ્યા છોડાવવા.

આથી સર્વે માંડવીના શ્રી તપગચ્છ દેરાસરના તમામ શખ્શોને ખબર આપવામાં આવે છે કે આ વાદીએ આ પ્રતિવાદીઓ પર દાવો કરી દરમ્યાન કલમ ૨૨ મુજબ એવી અરજ કરે છે કે તપગચ્છ દેરાસરના તમામ શખ્શોને આ દાવાની જાણ કરવા તથા પ્રતિવાદી શા પોપટ લખમીચંદ વિરૂધ આ દાવો આગળ ચલાવવા વિશે નોટીસ છપાવવા અરજ કરેલ છે. જેથી તપગચ્છના દેરાસરના તમામ શખ્શોને ખબર આપવામાં આવે છે કે જે શખ્શોને આ દાવામાં દાખલ થવા ઇચ્છા તેવા શખ્શોએ શાં ૨૦૦૧ ના પોષ સુદ ૭ સુકરેના રોજ હાજર થઇ પક્ષકારમા દાખલ થવા અરજ કરવી. નહિતર મુદત વિતે કાયદેશર થશે

કારતક વદ ૧૦ શની શાં. ૨૦૦૧.

જીવરામ મોનજી,
માંડવી ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર
નામદાર શ્રી માંડવી દીવાની કોર્ટ તરફથી
આ. દી. કામ નં. ૧૦ સાં. ૧૯૯૯
નોટીસ નં. ૨૫૦ સાં ૨૦૦૧

શા લવજી વેલજી વી. મોટાઆશબીયા વાદી
શા જમુ ગેલના વારસ શા ધનજી જમુ વીગેરે મોટાઆશબીઆ } પ્રતિવાદી

દાવો—અમારી માલેકાની જમીનમાં નાખેલ બારણું કહાવવા બાબત.

મોટાઆશબીઆના જૈન મહાજનના તમામ શખ્શોને ખબર આપવામાં આવે છે કે આ વાદીએ આ પ્રતિવાદીઓ વીરૂધ પર દાવો કર્યો પ્રા. નં. ૫ વાલા શા નાનજી રીવાની વિધવા વેલબાઇ ગુજરી જતા તેની મીલકતનો કબજેદાર મોટા આશબીઆના મહાજનના વેવટ કરનાર મોટાબા વેલજીને પ્રા. નં. દાખલ કરી તેના વિરૂધ આ દાવો ચલાવવા અરજ કરેલ છે. અને તે સબંધની નોટીસ મોટાઆશબીઆના મહાજનને આપવા અરજ કરેલ છે જેથી મોટાઆશબીઆના મહાજનના તમામ શખ્શોને ખબર આપવામાં આવે છે કે જે શખ્શોને આ દાવામાં દાખલ થવા ઇચ્છા હોય તેવા શખ્શોએ શાં. ૨૦૦૧ન પોષ સુદ ૭ શુક્રવારના રોજે કોર્ટમાં દાખલ હાજર થઇ પક્ષકારમાં દાખલ થવા અરજ કરવી નહીતર મુદત વિતે કાયદેશર થશે.

શાં. ૨૦૦૧ના માગશર સુદ ૧ ગુરૂ.

જીવરામ મોનજી,
માંડવી ન્યાયાધીશ

જાહેર ખબર

નાં ૬૭૫

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ફોજદારી કેશોનો મુદામાલ જે પોલીસ તરફથી રજુ થાય છે તે તથા જાહેર કરનાર તરફથી રજુ થાય છે તે કામ નીકાલ થતા વખતે જેનો તેને સોપવાનો ઠરાવ થયો છતાં હાલ લગી તેવો મુદામાલ જેને સોપવા ઠરાવ થયેલ છે તે લે ગયેલ ન હોતાં પરીણામે મુદામાલ વધતો જતો હોવાથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ જાહેર ખબર શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી એક માસની અંદર શ્રી માંડવી કોર્ટમાં હાજર થઇ લે જવો નેતર મુદત વીતે પાછળથી કોઇનું પણ કાંઇ નહી સાભળી રીતસર જાહેર લીલામ કરાશે. ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામા આવશે.

કારતક વદ ૮ બુધે શાં. ૨૦૦૧.

જીવરામ મોનજી,
માંડવી ફ. ક મેજીસ્ટ્રેટ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર
શ્રી અંજાર દી. કોર્ટ
ખા. દી. કા. નાં ૫૫ શા. ૨૦૦૧

ખોજા જેસાબાઈ મનજી બંદાલી સીનુગરા હાલે હેમ્બા યુગાન્ડા પ્રાંતમાં વાદી
ખોજા હુશેન કાસમ. વી. સીનુગરા પ્રતિવાદી.

દાવો

રૂા.૧૦૮૦) તથા કોર્ટ ફી ચડતા ખાજે મળવા તો નીચે લખ્યા ગામ તથા નામ વાળાઓને માલમ થાય જે આ કામનાં વાદીએ તમારા ઉપર શદરહુ દાવો કરેલ છે તેનો જવાબ દેવા તમો આ કોર્ટમાં બપોરનાં ૧૧॥ વગેથી શા.૨૦૦૧ નાં માગશર વીદ ૬ સોમવ ૨ નાં રોજે અને ત્યાર પછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહીતર કાયદેશર થશે

૨. ખોજા ગુલામઅલી ઉર્ફે ગુલામ હુશેન કાસમ જંગબાર
૩. ખોજા રજબઅલી કાસમ.....જરાર
૪. ખોજા અબ્દુલા કાસમ.....કુચો
૫ ખોજા શેરઅલી કરીમ કાસમ.....બુગાન્ડા
૬. ખોજા હસનઅલી કરીમ કાસમ.....એજ
૭ ખોજા રૂસ્તમઅલી કરીમ કાસમ સગાનો વાલી પ્રા નાંપ વાળો. } બુગાન્ડા
૮-ખોજા અલીદના કાસમ .....હાટીનાં માંડીઆ

કારતક વીદ૧૧ શનીવાર શા-૨૦૦૧

મણુરામ જેઠાભાઈ
અંજાર ન્યાયધીશ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી મુંદ્રા ખાલસા દીવાની કોર્ટ
શા ભવાનજી ગોમજી રે. દેશલપર હાલે માંડવી વાદી
શા રામજી ધારસી રે. માંડવી પ્રતિવાદી
દાવો—લેણા બાબત

માંડવીનાં શા ગોમજી ધારશીને માલમ થાય કે આ કામે દાવા જવાબ આપવા તમારે આ કોર્ટમાં સાં. ૨૦૦૧નાં પોષ શુદ ૮ શનીનાં રોજે બપોરનાં ૧૧ વાગેથી હાજર થાવું નેતર કાયદેશર થશે.

માગશર સુદ ૨ સુકરે સાં. ૨૦૦૧

હીરજી સુરજી સોમૈયા,
મે. મુંદ્રા ન્યાયાધીશ સાહેબનાં હુકમથી.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી મુંદ્રા કોર્ટ
શા હીરજી શામજી માગપુર વાદી
શા ધારસી તેજા ,, પ્રતિવાદી
દાવો—લેણાનો

હાલે મુબૈના શા ધારશી તેજાને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ ખર્ચ સૈત કોરી ૩૭૩૩ મળવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે રોજ ૪૫ માં વાદીની તામીલ બજાવણી કરજો નેતર કાયદેશર થશે.

માગશર સુદ ૩ શની સાં. ૨૦૦૧

હીરજી સુરજી સોમૈયા,
મે. મું. ન્યા. સા. ના હુકમથી

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શા મુદરા કોર્ટ
ગુરજી કલ્યાણજી જવેરચંદજી મુંદ્રા વાદી
જોશી લક્ષ્મીદાસ દયાળ ભદ્રેશ્વર પ્રતિવાદી
દાવો—વણાનો

ભદ્રેશ્વરના જોશી લક્ષ્મીદાસ દયાળને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ ખર્ચ સૈત કોરી ૬૫૬૩ મળવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે રોજ ૪૫ માં વાદીની તામીલ બજાવણી કરજો નેતર કાયદેશર થશે.

માગશર સુદ ૩ શની સાં. ૨૦૦૧

હીરજી સુરજી સોમૈયા,
મે. મું. ન્યા. સા. ના હુકમથી

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
મુંદ્રા કોર્ટ
શા કરમશી મોમાયાની વીધવા
ડેમતબાઇ ગુદાળા } વા
ખત્રી સુરજી ગરજણ વગેર ત્યાંના પ્રતિવાદી
દાવો—લેણાનો

મુદતાના નીચે લખ્યા શખ્શોને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ કોરી ૧૬૫૨૩ મળવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે રોજ ૪૫ માં વાદીની તામીલ બજાવણી કરજો નેતર કાયદેશર થશે.

માગશર સુદ ૩ શની સાં ૨૦૦૧

૧ ખત્રી નરસી જેરામ
૨ ,, હંસરાજ જેરામ } હીરજી સુરજી સોમૈયા,
૩ ,, હીરજી નારાણ મે. મું. ન્યા. સા. ના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
નાં. ૨૭૮
શ્રી ભચાઉ દાવાની કોર્ટ તરફથી

ખોજા કારા ભાણજી લાકડીયા વાદી
જોશી પરશોતમ પીતાબર ગુજરનારના
વારસ તેનાં દીકરા જોશી નરભેરામ } પ્રતિવાદી
પરશોતમ વી. રે લાકડીયા

દાવો-લેણા બાબત

મુંબઇ અંધે જોશી રામકરશન પરશોતમને માલુમ થાય કે વાદીએ તમ વીરૂદ્ધ પર દાવો કર્યો છે તેના દાવા જવાબ આપવા માટે સાં. ૨૦૦૧નાં પોષ સુદ ૧૨ મંગળવારનાં રોજ સવારનાં કોર્ટનાં ટાઇમે તમે જાતે અથવા તમારા મુ. કે વકીલ મારફતે હાજર થાજો નહીંતર મુદત વીતે કાયદેશર થશે.

મીતી કારતક વીદ ૧૦ સાં. ૨૦૦૧

જયંતીલાલ મચારામ,
મે ભચાઉ ન્યાયાધીશ સાહેબના હુકમથી.

જાહેર ખબર

ક. જા નાં. ૧૧૯૪

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના લોહાણા ઠા. મંગળજી મુલજી કોઠારીએ સાં. ૨૦૦૦ ના ભાદરવા વીદ ૧૩ ગુરૂના રોજ સબંધે દસ્તાવેજથી માંડવીના હીંદુ ખત્રી વીસરામ તેજપાર રાવજીના વીધવ સામાબાઇ લાખજી પાસેથી અંજાર મધ્યે મંગાના નાકા નજીક જીઠના ચોકમાં ખંડ બે જોડા જોડ ઉમરણે બાંધ્યે હતા તે દાબ પડી ગયેલ છે તેનો પટ પડયો છે તે પરના આડે આઠ અઢાર કોરી ૧૦૦) એક સો માં અઘટ ઉમીરાવાર વેચાણ લેતાં તેના દકાની લાગત વસુલ થયા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મિલકત ઉપર કોઇનું કોઇ જાતનું લહેણું લેણું અગર હક કે હીસો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસા ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિંતર મુદત વીતે ઝાપો થયા વીસે વટીત થશે.

કારતક વીદ ૬ સોમવાર સાં. ૨૦૦૧
તા. ૬-૧૧-૪૪.

લક્ષ્મીદાસ ગોકળદાસ,
અંજાર વહીવટદાર.

જાહેર ખબર

રે. જા. નાં. ૧૧૯૫

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના બ્રહ્મભટ્ટ નારાણજી ઉર્ફે નથુરામ ઓધવજીએ સં. ૨૦૦૧ ના અસાઢ વીદ ૮ ના રોજ લખેલ દસ્તાવેજથી અંજારના મુસલમાન નાકેજા અલારખ્યા લધા તથા સલેમાન લધા તથા મામદ લધા પાસેથી અંજાર મધ્યે વરસામેડીના નાકા બહાર ગંગાના દરવાજા તરફ જતી સડકથી આથમણી તરફ જગ્યા ૧ છે તે આડે આકે કોરી ૨૫૦) બસોપચાસ માં વેચાણ લેતાં તેની ટકાની લાગત વસુલ થવા દસ્તાવેજ અને રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકના અંદર અહીં કચેરીએ આવી જાહેર કરવું નહિતર મુદત વીત્યે છાપો થયા વાસે વટીત થસે.

કારતક વીદ ૬ સોમે સં ૨૦૦૧ તા. ૬-૧૧-૪૪.

લ મીઠાદાસ ગોકળદાસ,
અંજાર વહીવટદાર.

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર,
સા. જા. નાં. ૧૧૭૭
શ્રી મુંદરા વૈવટદાર તરફથી
જાહેર ખબર

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદરા પાંજરાપોળ હાલના રણછોડ નાથાએ મુંદરાનાં ભાટીયા કા નેણશી વીરાજીના મતાથી જગ્યા ૧ નાએ લખી ચતુરદીશાવાળી સં. ૧૯૬૮ના વૈશાખ વીદ ૭)) નાં ખતથી કોરા ૨૧૦૦૧) માં જગ્યા અઘાટ રાખેલ. આ દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીષ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલ છે. માટે સદરહુ જગ્યામાં જેના કાંઇ હક હીસો હોય તેણે આ જાહેર નામુ પ્રસીધ્ધ થયાની તારીખથી તે એક માસની અંદર હાજર થઇ જાહેર કરવું નહાંતર મુદત વીત ગયેના પછી કાંઇ તકરાર સાંભળવા સાવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવામાં આવશે.

ચતુર દીશા

૧. ઉગમણી કોર બાજા રવજી લીલાધરની જગ્યા છે
૨. આથમણી કોર જેઠા નારાણજી હરજીની જગ્યા છે
૩. ઉત્તરે રાજમારગ છે
૪ દખણાદે રાજમારગ છે તેમાં આ ઓરડાનાં નેવાં પડે છે

કારતક વીદ ૯ ગુરૂવે સાં. ૨૦૦૧

Harilal Somji.
મુંદરા વૈવટદાર

જાહેર ખબર
નં. ૩૧૦૪

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા. ધીણુધર મેનેજર સાહેબ તરફથી ગામ ઓલટની ઉગમણી સીમેથી રોજુ થઇ રજુ થએલ ઊંટ જીવ ૧ રંગે રાતો ઊ. વ ૩ ત્રણ આશરેનો કીમત કોરી ૪૦૦ ચારશોનો શેરા નાં ૮૬૦ જેઠ વદ ૯ ગુરૂ સાં. ૨૦૦૧ વલ્લા સાથે રજુ થએલ છે. તે જેનો હોય તેણે દોઢ માસની અંદર ખરચ ખાતી આપી લઇ જવો નેતર શ્રી દરબાર તાબેત કરવામાં આવશે.

મી. કારતક વદ ૧૦ શુક્રવાર સાં. ૨૦૦૧.

પ્રાણશંકર દલ્લેરલાલ,
નખત્રાણા વૈવટદાર.

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની જાહેરી અગર તો મંજુરી અપે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

આથી હું કચ્છની તેમજ કચ્છ બહાર વસતી દરેક પ્રજાને ખબર આપું છું કે મારો પુત્ર મેગજી ઉર્ફે (બાપટ) દેવજીને મે મારી સાથે સર્વે સબંધથી છુટો કરેલ છે. અટલે મારી પોતાની જાત મહેનતથી ઉભી કરેલ સ્થાવર તેમજ જંગમ મીલ્કત કચ્છમાં અગર તો કચ્છની બહાર જ્યાં હોય ત્યાં તેનો વારસા હક હું નામુદ કરું છું તેથી તે સાથે તેને કાંઇ પણ લેવા દેવા નથી. અટલે હવે પછી તેની સાથે જે કોઇ વહેવાર કરશે તેનો હું તથા મારા વંશવારસ અને વકીલો કોઇ પણ રીતે જોખમદાર નથી જેની નોંધ લેશો.

તારીખ ૬-૧૧-૧૯૪૪

દેવજી કરમશી સઇ ઠા. પોતે
કચ્છ-લુણી જીલ્લા મુંદરા

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર ભુજના લુહાર જેઠાલાલ દેવકરણ આથી જાહેર જનતાને ખબર આપું છું કે મે ભુજના મેમણ ઇબ્રાહીમ અબુબ પાસેથી તમના સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની નીચે લખી ચતુર દીશાવાળી શ્રી ભુજ મધ્યે ભીડના નાકા પાસે આવેલી જગ્યા ૯૬ વર્ષની બંધીએ વીટાતર કોરી ૪૫૦૦) માં લીધેલ છે.

અને તેનો સાટા કરાર કારતક વીદ ૪ ની મીતી નો થે પલ છે સબબ જે કોઇનો આ જગ્યાસર કાંઇ લેણું લેણું કે હક હીસો હોય તો તેણે આ નોટીસ છપાયેથી માસ એકની અંદર જાહેર કરવું નહિતર મુદત વીતે મજકુર લેણો કે હક હીસા માટે અમો ધનીક ધણી તથા મીલ્કત જવાબદાર નથી તેની આથી નોંધ લેશો.

૧ ઉતરાદી કોરે આ જગ્યાનું બાણું ગજ સડક ઉપર પડે છે તે આગળ ચોડી પગથીઉં ચડવા ઉતરવાનું છે ને ડેલીના પગથીયાં માં ખાળ રસ્તાઉપરથી નીકળવાની છે.

૨ દખણાદી કોરે મેમણ ફાયલ આથમની દુકાન આવેલી છે અને તેવચે વીચરણી છે તેમાં આ જગ્યાના નેવા પડે છે તેમાં જગ્યાની જળીઆ પડે છે.

૩ ઉગમણી કોરે મેમણ ફાયલ કાઠીઆવાડની જગ્યા આવેલી તે તેના આગણામાં આ જગ્યાનો કરો પડે છે તે કરો આ જગ્યાનો અવગો છે.

૪ આથમણી કોરે લુહારોની નાતની જગ્યા જે હાલે લુહાર જયુ લવજી ભાડે રહ્યો છે તેમાં આ જગ્યાનો કરો પડે છે તે આવગો છે

મીતી કારતક વદ અમાસ સવંત ૨૦૦૧

સહી જેઠાલાલ દેવકરણનાં
હાઃ પોતાનાં

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર અકરોના કુંવર માનસંગજી વી મેરામણજી અત્રેથી સર્વની માહેતી માટે જાહેર કરૂં છું કે

મારા પીતા પાસે જે કાંઇ મીલ્કત છે, તે સર્વે અમારી કુટુંબની વડીલોપાર્જીત મીલ્કત છે તેમને તે મીલ્કત સબંધી કાંઇપણ વ્યવસ્થા કરવાનો હીંદુ ધર્મશાસ્ત્ર ઉપરાંત કાંઇ પણ અધીકાર નથી. તેમ હયાતીબાદની વ્યવસ્થા કરવાનો તેમનો કાંઇ અધીકાર જ નથી. કારણકે આ જાગીર અમારા વડીલોના વખતથી છે અને તેમાં મીલ્કતના ભાગો વંસ પરંપરાની રીતે થાય છે.

બીજું મારી પાસે જે કાંઇ ખેતરો વૈશાખ વીદ ૭ શાં ૨૦૦૦ની જાહેર મજરમાં બતાવેલ છે. તે ઉપરાંત મેતરવાડી હાલવાડી તથા ખતરાર ગાંતવાડ પણ મેં પડતર ખેડવાણ કરેલ છે અને તે તથા તે સીવાય બધુ મીલ્કતો, ઉગરાણીનો અર્થ તથા સરાપરના મેરીસનો તીજે ભાગ વીગેરે સબંધનો મારા પર અધર અને હાલ બર્ષ માટે અમાલ રાખા સબંધીઓ વિચ્ચમાન નક્કી થયેલુ છે. બાકી બગદો, ગાડાખેડનો સમાન દાગીનાં વીંસણો કપડાં તથા ઘરનું વસ્તુઓ તથા કોરો ૭૫૦૦૦નો માલ મને મારા પીતાએ આપેલ હોવાની જાહેરાત ખરી નથી તેમ કાંઇ વેચાણ થએલ જ નથી

મારા પીતા પીએ ઓરમાઇ સબંધના કારણો મારા વિરૂધ જે આક્ષેપો કરેલ છે અને વલણ બતાવેલ છે તેમ મને તેમણે બીજી વખત પોતાના ઘરથી પરણાવેલ હોવાની બીના જણાવેલ છે તેમાં સાંચ વજુદ નથી. અને તેમની કુટુંબના વડા તરીકેની વર્તણુક મને નુકસાન કરવાના હેતુથી રીતે પ્રેરાયલ છે તેથી તેઓ વડીલોપાર્જીત મીલ્કત સબંધી જે કાંઇ વ્યવસ્થા કરશે તે મને બંધન કારક નથી. તે સર્વેને જાણ થાય.

મીતી માગસર સુદ ૧ ગુરૂવાર શાં. ૨૦૦૧.

તા. ૧૬–૧૧–૪૪.

જાડેજા કું માનસંગજી મેરામણજીની
શાહ હા. પોતાના.

આનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર જુજના સોની ગોકલદાસ હરજીવન આથી સર્વ લેકોને ખબર આપુ છુ કે મારો મોટા ભાઇ સોની ગોપાલજી હરજીવન જે જગ્યામાં હાલે રહે છે તે જગ્યા પબુરાઇ ફરીઆમાં આવેલ છે તેની ચતુર દીશાની વીગત

૧ દખણાદી કોરે એતા નારણજી પીતાંબરની જગ્યા છે

૨ ઉતરાદી કોરે વડીલ માધવલાલ ગીરધરલાલની જગ્યા છે

૩ ઉગમણી કોરે જેઠી અબુલાલની જગ્યા છે

૪ આથમણી કોરે રાજમાર્ગ છે

ઉપર જણાવેલ ચતુર દીશાવાળી જગ્યા અમારા પીતા શા. ૧૯૮૬ની સાલે ગુજરી ગયા બાદ પીતા શા. ૧૯૮૭ની સાલે લીધી અમો અને

ભાઈઓ શા. ૧૯૬૪ ના સાલ સુધી સાથે રહેતા હતા અને વહેવારમા પણ સાથેજ હતા મજકુર જગ્યામાં મારો અર્ધ ભાગ છે તેથી તે જગ્યા મારી સંમતી વગર ગીવી મુકવા કે વેચવા અધીકાર નથી વાસ્તે તે જગ્યા પર કોઇ પસા ધીરસે અગર વેચાતી રાખસે તેથી મારા અર્ધ ભાગને કાંઇ બંધન કરતા નથી એજ.

સીતી સા ૨૦૦૧ના માગસર સુદ ૬ મંગળવાર

સોની ગોકલદાસ હરજીવનની સહી દા. પોતાના

ખાનગી ઝાહેર ખબર

હું નીચે સહી કરનાર અબડાસા તાબે ગામ સુથરીના રહેવાસી શા ઉમરશી વેરશી અર્થી લખી જણાવું છું કે તા. ૧૪ મી એપ્રીલ સને ૧૯૪૪ને દિને મુંબઇમાં ભયંકર હોનારત થતાં અમારૂં રહેવાનું મકાન સઈ રાચ રચીલાં સહિત તથા અમારી કચ્છની મીલ્કતમાં દસ્તાવેજો ખત, ખાતાં, ઓચરીઆં સઈ નાશ પામ્યું છે. તેની સાથે સુથરીની સીમમાં આવેલ ખેતર નામે ' મુઆપીરવારો " તેનાં દસ્તાવેજો તથા તેને લગતાં સઈ કાગળીયાં તેજ હોનારતમાં નાશ પામ્યા છે.

હવે સર્વ જણ તથા લાગતા વળગતા આથી નોંધ લે કે મજકુર ખેતરનાં દસ્તાવેજો કોરી ૩૧૦૦) ના છે એ ખેતરોના અર્ધો ભાગ અવાટ છે. અને બાકીનો અર્ધો ભાગ વટાંતર છે. દસ્તાવેજો કાગળીયાં સઈ નાશ પામતાં પણ અમારી માલકી ટળતી નથી. તે તો કાયમજ રહે છે. જેનો ભોગવટો કબજો આજ શ તેર વરસથી ભોગવી રહ્યા છીએ. પરંતુ જે કોઇ શખ્શને આ બારા અગે કઇ પુછપરછ કરવી હોય અથવા કંઇ શંકા હોય, કે વાંધો વિગેરે હુત કિતુર ઉઠવવાં હોય તેમણે આ લખાણ છપાઈ બહાર પડયા ની તારીખથી માસ એકની અંદર નાયદર કોર્ટ મારફત લખાણ કરી અમારી પાસેથી દાદ મેળવવી કે ખુલાસો માગવો.

સાં ૨૦૦૧ માગશર સુદ ૮ ગરેઉ.

શા ઉમરસી વેરસી શાહી દા. ૧.

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિંમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદ્રવા શુદિ ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીએ આ વર્ષની કોરી ૨૪.૩ સવા ચોવીસને છુટા ત્રણ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૬॥ લેવામાં આવશે મુદત વીત્યાપછી ભરે તો તેના પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥.

ઝાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૨ ત્યા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

પરતુ એવું ઠરાવવામાં આવે છે કે આ રીતે વ્યાજબી ભાડું ફરીથી મુકરર થવાથી ભાડાંમાં જેટલી રકમના વધારો થએલ હોય તે વધારાની રકમ, તે મકાનમાં કરવામાં આવેલ વધારા, સુધારા કે ફેરફાર વાસ્તે થએલ ખર્ચના દર વરસે દર સેકડે ૬ કરતાં વિશેષ ન હોવી જોઇએ અને તે વધારાના ભાડાની રકમ, તે મકાનમાં કરવામાં આવેલ વધારો, સુધારો કે ફેરફાર સપુર્ણ થઇ રહેલ હોય તે તારીખ પહેલાની કોઇ તારીખથી વસુલ લઇ શકાશે નહીં.

નિયામકના તપાસ કરવાના અધિકાર.

૬. આ નિયમો અનવય કરવાની તપાસ માટે નિયામક:

અ: મકાનને લગતા કોઈપણ ચોપડા, દસ્તાવેજ અથવા બીજી હકીકત રજુ કરવાની મકાન ધણીને ફરજ પાડી શકશે.

બ મકાનની અંદર પ્રવેશ કરી શકશે તેમજ મકાન તપાસી શકશે, અને—

ક પોતાના તાબામાં હોય તેવા કોઈ અમલદારને મકાનમાં પ્રવેશ કરવાનો તેનજ મકાન તપાસવાનો અધિકાર આપી શકશે.

મુકરર થએલ મકાન ભાડાં ઉપરાંત પાઘડી કે એવા પ્રકારની બીજી કાંઈ રકમ ન લેવા બાબત.

૭. અ: કોઇ મકાન ધણીએ અથવા મકાન ધણી તરફથી કામ કરતા કે કામ કરવાનો આશય રાખનાર કોઇ શખસે મકાનનો પટો આપવા, તાજો કરવા અથવા ચાલુ રાખવાના અવેજમાં ભાડાંની રકમ ઉપરાંત કાંઇપણ પાઘડી —અવેજ ખંડામણ-અથવા તેવા પ્રકારની બીજી કંઇ રકમ લેવી નહીં તેમજ આ નિયમો અનવય મુકરર થએલ ભાડાં કરતાં વધારે ભાડુ લેવુ નહીં.

બ. કોઇપણ કરાર કે જે અનવય આ નિયમો મુજબ મુકરર થએલ ભાડાં કરતાં વધારે ભાડું આપવાનું ઠરાવેલ હશે તેવા હરકોઇ કરાર તે વધારાનાં ઠરાવેલ ભાડાં પુરતો નિરર્થક તેમજ રદબાતલ ગણવો અને તે કરારનો, જાણે તેમાં જણાવેલ બીજી હકીકતો પરત્વે કે તે આ નિયમો મુજબ મુકરર થએલ ભાડું આપવા માટેનો કરાર હોય તે પ્રમાણે અર્થ કરવો.

મુકરર થએલ ભાડાં કરતાં વધારે રકમ લેવા માટે મકાન ધણી તકસીરવાન ઠરે તેવા પ્રસંગે નિયામકનો હુકમ કરવા બાબત અખત્યાર.

૮. આ નિયમો મુજબ મુકરર થએલ ભાડાં કરતાં વધારે રકમ લેવાની કસુર માટે કોઇ મકાન ધણી તકસીરવાન ઠરશે તો તેવા પ્રસંગે નિયામક નીચે પ્રમાણે હુકમ કરવા મુખત્યાર છે:—

અ: તેવા તકસીરવાન ઠરેલ મકાન ધણીની, આ નિયમો જે જે સ્થળે લાગુ છે તે સ્થળોમાં આવેલાં, બધી મિલકત અથવા તેના અમુક ભાગનો પટો અથવા પટાઓ, તેણે, તેને નિયામક તરફથી કરવામાં આવેલ હુકમ મળ્યા તા તારીખથી એક માસની મુદત વીત્યા બાદ, કરી આપવાં કે તાજાં કરી આપવાં નહી, અને—

બ. નિયામક તરફથી, પાછળથી લેખીત હુકમો દવારા નક્કી કરવામાં આવે તેજ શખસોને સદર મકાન ધણીએ તેવા પટાઓ આપવા અથવા તાજા કરી દેવા.

ભાડુતની પટાની મુદતમાં વધારો કરવાની માગણી કેવા પ્રસંગે રદ થઇ શકે:

૯. અ. કોઈ કબજેદાર ભાડુત, જો પટાની મુદત, છ માસ કરતાં ઓછી નહીં અને બાર માસ કરતાં વધારે નહીં હોય તેટલી મુદત સુધી, વધારવા ઇચ્છતો હોય તો, જો તે પટો અમુક મુકરર થએલ મુદતના માટે હોય તો તેવા પ્રસંગે તે મુકરર થએલ મુદત પુરી થવાના અગાઉ એક માસથી ઓછી નહીં તેટલી મુદતની, અને તે સિવાયના બીજા કોઈ પટાના પ્રસંગે ચોક્ખા પંદર દીવસથી ઓછી નહી તેટલી મુદતની, પોતાના દસ્તાવેજની લેખીત નોટીસ મકાન ધણીને તે આપી

શકશે અને તેવી નોટીસ મકાન ધણીને પહોંચેલી, હવે પછી ઠરાવવામાં આવશે તે સિવાયના પ્રસંગે અને ઉપરના નિયમ ૮ માં ગમે તેમ ઠરાવ્યું હોય તેમ છતાં, તે પટાની મુદતમાં નોટીસમાં જણાવેલ મુદત સુધીનો વધારો થએલ હોવાનું ગણાશે.

પરંતુ એવું ઠરાવવામાં આવે છે કે જો ભાડુત તરફથી ઉપર દર્શાવ્યા પ્રમાણેની રીતે પટો બાર માસ કરતાં ઓછી મુદત સુધીના વખત માટે વધારવામાં આવ્યો હોય અને તેવા પ્રસંગે જો મકાન ધણી એક આખાં વર્ષનાં ભાડાં કરતાં ઓછું ભાડું સ્વીકારવા કબુલ ન થાય તો તેવા પ્રસંગે વધારાની મુદતના માટે, આ નિયમો અનવય મુકરર થયેલ, એક આખા વર્ષનું ભાડું ભાડુતે આપવું પડશે.

૩. જે મકાન ધણીને, ઉપરના પેટાં નિયમ 'અ' મુજબ ભાડુત તરફથી નોટીસ આપવામાં આવી હોય, તે મકાન ધણી, ભાડુત ની પટાની મુદત વધારવાની માંગણી સામે જો વાંધો દર્શાવવા માગતો હોય તો તેણે, પોતાને તેવી નોટીસ પહોંચ્યાની તારીખથી ૧૫ દીવસની અંદર તે બાબતમાં નિયામકને અરજી કરવી.

જો તેવી અરજી પરથી નિયામકને સંતોષકારક રીતે એવી ખાત્રી થાય કે:—

૧. મકાન ધણીને, વ્યાજબી રીતે અને શુદ્ધ બુદ્ધિથી, તેના પોતાના ઉપયોગ માટે અથવા જેના હિત માટે તે મકાન તેના હસ્તક હોય તેવા કોઈ શખસના ઉપયોગ માટે તે મકાનની જરૂર છે, અથવા—

૨ પટાની શરતો પૈકીની કોઈ શરત ફુજબ ભાડુત વર્તતો આવેલ નથી, અથવા—

૩. મુકરર થએલ મુળ મુદત પુરી થયે પટો ખતમ કરવાનું મકાન ધણીને બીજું કોઇ વ્યાજબી અથવા પુરતું કારણ છે.

તો નિયામકે, ભાડુત તરફથી પટાની મુદત વધારવાની કરવામાં આવેલ માંગણી રદ કરવાનો હુકમ કરવો

કલમ 'બ' પ્રમાણે કરેલો હુકમ રદ કરવા નિયામકના અધિકાર.

૪. ભાડુત તરફથી પટાની મુદત વધારવા માટેની કરવામાં આવેલ માંગણી, ઉપરે પેટાં નિયમ 'અ' માં દર્શાવ્યા પ્રમાણે નિયામક તરફથી:—

૧. પેટાં નિયમ 'બ' ના પેટાં નિયમ ૧ મુજબના કારણોસર અથવા —

૨. ચાલુ પટો પુરો થયા બાદ તુરતજ બીજા શખ્સને તે મકાન ભાડે આપવાનો કરાર, આ નિયમો અમલમાં

આવ્યાની તારીખ પહેલાં મકાન ધણી તરફથી કરવામાં આવેલ હોવાના કારણોસર, રદ કરવામાં આવેલ હોય, અને—

૧. મુળ ભાડુતે તે મકાન ખાલી કર્યાની તારીખથી ૧૫ દીવસની અંદર ઉપર્યુક્ત શખસો તરફથી તે મકાન ઉપયોગમાં લઇ લેવામાં આવેલ ન હોય તેવા પ્રસંગે, અથવા—

૨ ઉપર્યુક્ત શખસો તરફથી તે મકાન ઉપયોગમાં લઇ લેવામા આવ્યા બાદ તે તારીખથી બે માસની અંદર મુળ ભાડુત સિવાયના બીજા કોઈ શખસને તે મકાન ફરીથી ભાડે આપવામાં આવેલું હોય તેવા પ્રસંગે—

મુળ ભાડુત તરફથી, તેણે તે મકાન ખાલી કર્યાની તારીખથી ત્રણ માસની અંદર, અરજ કરવામાં આવેલ હોય તો તેવી અરજ ઉપરથી પેટાં નિયમ 'બ' મુજબ પોતા તરફથી પ્રથમ થએલ હુકમ રદ કરવાને તેમજ મુળ ભાડુતને તે મકાનનો કબજો સોંપવાનો તથા કોરી ૧૦૦૦ થી વધારે નહીં એટલી રકમ સુધીમાં નિયામકને યોગ્ય જણાય તેટલી નુકશાની ભાડુતને આપવાનો મકાન ધણી પર હુકમ કરવા નિયામક મુખત્યાર છે.

પટાનો નવેસર કરાર કરવા અથવા મકાન નવેસર ભાડે આપવા બાબત.

૧૦. કોઇ મકાન ધણીએ, નિયામકની અગાઉથી મંજુરી મેળવ્યા વિના કોઇ ભાડુત સાથે પટાનો નવેસર કરાર કરવો નહીં અથવા પોતાનું મકાન નવેસર ભાડે આપવું નહીં.

તાલુકા નિયામક બાબત.

૧૧. નિયામક પોતાની સત્તા અને અધિકારો વહીવટદારથી ઉતરતા દરજ્જાના નહીં એવા અમલદારને ખાસ હુકમથી આપી શકશે, તેવા સંયોગોમાં તે અધિકારી જાણે કે તે તાલુકા પુરતો નિયામક હોય એમ સમજવાનું છે.

શિક્ષા બાબત

૧૨. જે કોઇ શખસ આ નિયમો પૈકી કોઇ નિયમનો અથવા તો આ નિયમોને અનુસરીને નિયામક તરફથી થએલ હુકમનો ભંગ કરશે તેવા શખસને તેણે કરેલ તકસીર પુરવાર થયેથી નિયામક કોરી ૨૦૦ સુધીના દંડની શિક્ષા કરી શકશે પરંતુ આથી ઉપરે દર્શાવેલ નિયમ ૯ અનવયના, નિયામકના અધિકારોને બાધ આવતો નથી.

આ નિયમ અનવય થએલ દંડની રકમ મુલ્કી લેણાની રીતે વસુલ કરી શકશે.

અપીલ બાબત.

૧૩. અ: નિયમ ૧૧ પ્રમાણે અધિકાર અપાએલ તાલુકા નિયામક તરફથી થએલ હુકમ ઉપર નિયામક પાસે રોજ ૧૫ ની અંદર અપીલ થઇ શકશે.

બ: નિયામકના કોઇ હુકમથી નારાજ થનાર શખસ તેવા

3 મા

હુકમની તેને જાણ થયાની તારીખથી માસ એકની અંદર મે. રા. રા. દિવાન સાહેબ પાસે અપીલ કરી શકશે

૬. આ રીતે કોઈ શખસ તરફથી અપીલ કરવામાં આવેથી મે. રા. રા. દિવાન સાહેબ, નિયામક પાસેથી તે હુકમને લગતા કાગળો મંગાવી અને તે કાગળો પરથી જો વિશેષ તપાસ કરાવવાની જરૂરીયાત જણાય તો યોગ્ય લાગ્યા મુજબની વિશેષ તપાસ કરાવી એકંદર કાગળો નજરે યોગ્ય તે નિર્ણય કરશે અને નિર્ણય આખરી ગણાશે.

મિતિ– પ્રથમ ચૈત્ર વીદ ૩૦ ગુરૂવાર શાં. ૨૦૦૧.

દિવાન ઓફીસ,
જ્યુડીશીયલ બ્રેન્ચ,
તા: ૧૨–૪–૪૫.

J. J Ashar,
for દિવાન—કચ્છ.

સી. અં. જા. નાં. ૩૦૨ સરકયુલર.

એજન્સીના નાં. આર. એમ. ૩–૧ તા: ૨૦–૩–૪૫ વાળ એક્સપ્રેસ લેટરથી આવેલ ખબર સર્વની જાણ માટે આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

"હવાઇ માર્ગે કાનપુરમાંથી આવનારાઓ સામે કોલેરાને લીધે મુકેલ કવોરન્ટાઇનો પ્રતિબંધ પેલેસ્ટાઇને પાછો ખેંચી લીધો છે."

પોલીટીકલ બ્રેન્ચ,
તા: ૩૦–૩–૪૫.

J J Ashar,
ચીફ સેક્રેટરી.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી હજુર કોર્ટ

અપીલ નંબર સંવત ૨૦૦૦

હા નરસી ભાણજી ગુજરી જતાં તેના વારસો ૧ અપેલેન્ટ
હા પ્રાગજી નરસી વીગેરે રે અંજાર

હા પ્રાગજી દયાળ વાલા હા મવજી પ્રાગજી વીગેરે અંજારના હા માવજી પ્રાગજીના તા મથી ચાલતા પાટલાનો વેવટ કરનાર હા મેઘજી રામજી રે અંજાર } રીસ્પોન્ડેન્ટ

બાબત

દસ્તાવેજમાં સુધારો કરાવવા બાબત

અંજારનાં હા. માવજી પ્રાગજીના નામથી ચાલતા પાટલાના વેવટ કરનાર હા મેઘજી રામજીનો પતો ન મલતા તેને ખબર આપવામા આવે છે કે આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમા અપીલ કરેલીછે તેનો તપાસ સવત ૨૦૦૧ના બીજા ચૈત્ર સુદ ૧૧સોમવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ નમારે જાતે અથવા કાયદાશર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેશર થશે.

મીતી પ્રથમ ચૈત્ર સુદ ૧૩ સોમવાર સંવત ૨૦૦૧

Biharilal N. Mehta
મે. જ્યુ. આસા. સાહેબનાં હુકમથી.
શિરસ્તેદાર હજુર કોર્ટ

જાહેર ખબર વ. જા. ના ૧૮૧૫

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે કોઠારાના અમોટા ગેલાભાઇ ત્રીકમજીના વીલના ટ્રસ્ટીઓ ઠા રતનસી કેસવજી વગેરાએ કોઠારાના અમોટી ગેલાભાઇ ત્રીકમજીએ સાં. ૧૯૯૯ના અષાડ સુદ ૧૨ શુક્રવારનાં મિતીનું રજી ઇડ વીલ કરેલ છે તેનુ પ્રોબેટ મળવા અરજ કરી છે તો તેમાં જણાવ્યા પ્રમાણે અરજદારોને પ્રોબેટ આ માટે ન આપવું તે બાબતમાં કોઇને કાંઇ વાંધો કે તકરાર હોય તો તેમણે ચાલતી સાલના બીજા ચૈત્ર સુદ ૧૪ ગુરૂવાર ના રોજ હાજર થઇ જે કાંઇ જાહેર કરવુ હોય તો તે જાહેર કરજો જો લખી મુદત સુધીમા જો કોઇ હાજર નહિ થાય તો કોઇનો કાંઇ વાંધો નથી એમ ગણી પ્રોબેટ આપવામા આવશે ને પાછળથી કોઇનુ કાંઇ સાભળવામા આવશે નહી

પ્રથમ ચૈત્ર સુદ ૬ સોમે શા ૨૦૦૧

શિવલાલ છગનલાલ
મે. પ્રેસીડન્ટ જાડેજા કોર્ટના હુકમથી

જાહેર નોટીશ:

ડી. સી. એસ. નાં ૨૧૦૪

હોર્ડીંગ અને પ્રોપીટીયરીંગ પ્રીવેન્સન ઓર્ડીનન્સની કલમ ૧૧ ની પેટા કલમ ૧ નીચે આથી લાગતા વળગતા દુકાનદારોને ખબર આપવામાં આવે છે કે આ કચ્છ રાજ્ય તરફથી હોર્ડીંગ એન્ડ પ્રોપીટીયરીંગ પ્રીવેન્સન ઓર્ડીનન્સ નીચે જે જે વસ્તુઓનાં

વેંચાણ ભાવ નક્કી કરવામાં આવે તે તે વસ્તુઓના દુકાનદારોએ પોતાની દુકાનના અગ્રભાગ ઉપર જે તે વસ્તુઓના વેચાણ ભાવ દર્શાવતાં પાટીઓ લટકાવવાં જોઇશે. જે દુકાનદારો ઉપર જણાવ્યા પ્રમાણે પોતાની દુકાનની પ્રસિદ્ધ જગોએ પાટીયાં નહીં લગાડે તેઓ સદરહુ ઓર્ડીનન્સનો ભંગ કરવા બદલ શિક્ષાને પાત્ર થશે એ બાબત લાગતા વળગતા વેપારીઓનું ધ્યાન ખેંચવામાં આવે છે.

હા. એસ.એસ. ઓફીસ,
ભુજ તા; ૩૦-૩-૪૫

K. H. Desai
ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ, કચ્છ

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રીઇવિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી અજાર અદાલત

ફો. નં. ૨૯૨

ખા, દી. તામીલ કામ નં. ૧૧૮ શ ૨૦૦૧

ઠા ભગવાનદાસ જાદવજી અજાર વાદી
આહેર જસમ સવા વી૦ નાનીખાખર પ્રતિવાદી
બાબત હુકમનામાની તામીલ થવા

નાનીખાખર મધ્યે આહેર જેસંગ સવા તથા બીજલ સવા વતી દાવાવાળા ઠામોના કબજેદાર જેસંગ સવાને મલમ થય જે આ વાદીએ શા ૨૦૦૦ ના પોશ સુદ ૨ ભોમેના રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૧૭૯૬૧૪૦ ચતાં ખર્ચ સીખે આપે જો ન આપે તો દાવાવાળા ઠામો વેચી વેચાવી ને અને ઘટતો પા ના ૧ ૨ ના માલ્કત થા વસુલ કરે તે રીતે મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ છપાયાની તારીખથી રોજ ૧૫ મા વાદીના તામીલ બજવણી કરવી નહીં તો કાયદેશર થશે

મીતી પ્રા ચૈત્ર સુદ ૧૩ સોમવાર શ ૨૦૦૧

કાંન્તીલાલ મોહનલાલ
મે અજાર ન્યાયાધીસ સાહેબના હુકમથી

મહારાજા ધીરાજ મિરઝા મહારાઓ શ્રીઇવિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
નંબર ૮૦૪.

શ્રી અંજાર અદાલત

ખા. દી. કામ નાં. ૨૮ શં. ૨૦૦૧

ખોજા જાફર બંદાલી વી નાગલપર વાદી
વિરૂધ્ધ
મિસ્ત્રી નારાણ મનજી વી. નાગલપર પ્રતીવાદી
દાવો કોરી ૨૨૧૫૦ મળવાનો

રાજકોટ મધ્યે મીસ્ત્રી કારા મનજીને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર સદરહુ દાવો કરે લછે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં સવારના સ્ટા. ૭૦ા વાગેથી આ સમન્સ શ્રી કચ્છ રાજ્યપત્રમાં છપાયાની તારીખથી ૧૫ દિવસની રોજ હાજર થજો અને ત્યારપછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહીંતર કાયદેશર થશે

મિતી પ્ર. ચૈત્ર સુદ ૧૩ સોમવાર શં. ૨૦૦૧.

કાન્તીલાલ મોહનલાલ
મે. અંજાર ન્યાયાધીસ સાહેબના હુકમથી.

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ના ૩૫૭૮.

શ્રી રાપર દી. કોર્ટમાં.

ખા દી કામ નાં. ૮૬ શાં ૨૦૦૧

મારડીઆ કસ્તુર કુંવરજી ફનેગર વાદી
વેરા ધરમસી ધના વી. ,, પ્રતિવાદી
દાવો—કોરી ૪૩૨) મળવા.

ફનેગરના નીચે લખ્યા શક્ષોને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૪૩૨) મળવા નો દાવો કરેલ છે માટે તમો તે બાબતનો જવાબ આપવા શાં. ૨૦૦૧ના વૈશાખ વીદ ૧ શોમવારના રોજે કોર્ટમાં ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થશે

૧ વેરા હરી હીરા
૨ વેરા પાંચા હીરા શગીરનો
વાલી પાંચા હીરા

શાં. ૨૦૦૧ના પ્ર. ચૈત્ર વીદ ૨ ગુરૂવાર

Thakarshi P.
રાપર ન્યાયાધીસ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ગ. દી. તા કામ નં ૫૨ શં. ૨૦૦૧.

શ્રી રાપર દીવાની કોર્ટ

મેતા ખીમજી પુંજા હમીરપર વાદી
કુંભાર વશા લગધીર સીધડેદરાબાદ પ્રતીવાદી
દાવો કરારથી કોરી ૮૭૦ા મળવાનો

સીધડેદરાબાદ મધ્યે નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ વાદીએ તમારા પર દાવો કર્યો જેનો કરાર શા ૧૯૯૯ના જેઠ સુદ ૨ ગુરૂવારના રોજે થએલછે તે મુજબ વાદીએ કોરી ૮૭૦ ની તામીલ દરખાસ્ત રજુ કરે છે માટે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રની અંદર છપાયાની તારીખથી ૧૫ દીની અંદર વાદીના મેણાની તામીલ કરી પહોંચ રજુ કરજો મુદત વીતે કાયદેસર થશે

૧ કુંભાર વશા લગધીર
૨ કુંભાર લખા લગધીર

પ્ર. ચત્રતર વીદ ૫ શોમવાર શ. ૨૦૦૧

Thakarshi P
રાપર ન્યાયધીસ

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી લખપત દીવાની કોર્ટ
ખા દિવાની કામ નાં ૨૨૨ શ ૨૦૦૧

૧ ઠા કેશવજી માધવજી રે લખપત વાદી
૧ હોવા તેજમાલજી માનસંગજી રૈયાવાના પ્રતીવાદી
દાવો વ્યાજ સીખે કોરી ૬૦૨ મળવાનો

લૈયાવાના હોયા તેજમાલજી માણસંગજીને માલમ થાય કે મજકુર વાદીએ તમારા પર આ કોર્ટમાં કોરી ૬૦૨ મળવા દાવો કર્યો છે તેનો દાવા જવાબ દેવાતમારે ચાલતી શાલનાબીજા ચઇતર શુદ ૭ બુધવાર ના રોજ કોર્ટમાં કોર્ટના ટાઇમશર હાજર થવું નહીં-તર કાયદેશર થશે

સં. ૨૦૦૧ના ફાગણ શુદ ૫ શનીવાર

S D. Rana

લખપત ન્યાયાધીસ

નાં ૨૨૩૯ જાહેર ખબર

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના દવે રવજી વાછડાણી સુત પીતાંબર દેવજી એ સ ૧૮૧૯ના આસુ સુદ ૩ ગુરૂના લખેલ દસ્તાવેજ થી કોરી ૧૭૫૨) એક હજાર બાવનમાં અંજારના દવે મેચર તથા રદેકૃષ્ન મીઠાણીએ અંજાર મધ્યે જગ્યા ૨ વેદીજા કરીયામાં આવેલી છે તે અઘાટ હમીશાવાર વેચાણ રાખના તેનો છાપો થવા ધનીકના પરપોત્રા દવે ઈશ્વરલાલ ભગવાનજી એ રજુ કરેલ છે માટે સ દરહુ સ્થાવર મિલ્કત ઉપર કોઈનુ કોઈ જાતનું લેણુ લેણુ અગર હક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહી કચેરીએ હાજર થઇ જાહેર કરવુ નહીંતર મુદત વીતે છાપો થવા વીસે ધરીત થશે

પ્રા ચૈત્ર સુદ ૯ બુધે ૨૦૦૧

લાલજી જીવરામ

અંજાર વહીવટદાર

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓથી ૭ વીજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર

મુંદરા વેવટદાર તરફથી

જાહેર ખબર

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુદરાના ભાટીયા ઠા દયાલ ખટાઉ એ મુદરાના ઠા રતનસી જીવણદાસ વીગેરના મતાથી જગ્યા ૧ ડેલીબંધ કોરી ૩૬૫૦) ત્રણ હજાર છસો પચાસમાં મુદરા શહેર મધ્યે દખણાદા ભાગમાં આથમણી બાજુ આવેલ છે જે નીચે લખી ચતુર દીશા વાલી જગ્યા શાં ૨૦૦૧ના મહા વીદ ૧૩ની મીતિના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખલાં તે દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીસ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલ છે માટે સરરહુ જગ્યામાં જેનો કાઇ હક હીસ્સો હોય તેણે આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી તે એક માશની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે કોઇની પણ કાંઇ તકરાર શાંભળયા સીવાય સરરહુ જગ્યાનો છાપો કરી આપવામાં આવશે.

ચતુર દીશા

૧ ઉત્તરાદી બાજુ વોરાઓની મસજીદ તરફ જવાની ચાલના ડેલી બારણે ઉગમણેથી છે તે ચાલમાં આ જગ્યાના કરા કોટડી અંગત છે.

૧ દખણાદી બાજુ ધનીકની જગ્યા આવેલ છે

૧ આથમણી તરફ વોરાની નાતની મસજીદ છે તેમાં આ જગ્યાની પછીત પડે છે

૧ ઉગમણી તરફ રાજ્ય મારગ છે

એ રીતે

પ્રા ચૈત્ર વીદ ૨ શુક્રવાર શાં ૨૦૦૧ તા ૨૯-૩-૪૫

Harilal. Somji.

મુદરા વેવટદાર

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની મ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

ખેડોઇનાં મીસ્ત્રી રામજી મનજીનાં વહીવટ કરનાર મીસ્ત્રી ધારસી રામજી જણાવવાનું જે ખેડોઇમાં અમારા ભાઇયોની પજીયારી મીલ્કત વાડી ખેત ખોયણાં તથા દાગીનાં વગેરા હતાં તેમાં સૌ ભાઇઓની ગેર હાજરીમાં નાના ભાઇ પ્રેમજી તથા માતાજી કુંવરનાં મતાંથી સર્વ દાગીનાં વગેરે તથા ખેતર તથા ખોયડા વગેરે ઉપર કરજો કર્યો તે સર્વેની ચોખ કરતાં એકજ ભાઇ પ્રેમજી તથા ડોસીમાં કુંવરબાઈએ કેડાડયું છતાં સર્વ ભાઇઓએ સહન કર્યું તો છેવટે ખોયડાનાં દસ્તાવેજ રહ્યા છે ને પર કોઇ પણ માણશે પોતાની જોખમદારીથી નાણાં ધીર ધાર કરવા તે રહ છે. તેમાં નાણાં આપશે તે નાણાં તથા વ્યાજ તે કોઈ પણનાં જોખમદાર વહીવટ રામજી મનજીનાં કરનાર મી ધારસી રામજી અગર તેમનાં કોઈ પણ ભાઇ નથી.

ત. ૧૭-૨-૪૫ ફાગણ શુદ ૫ ને શનીવાર

દા. મી ધારસી રામજી રાઠોડ,

કચ્છ-ખેડોઈ જીલો અંજાર.

ખાનગી જાહેર ખબર

માંડવી તાબે ચોટી રાયણના અમારા અસીલ શા રતનશી મેમજી ગેલા વગીરના વાલી માતાજી રાણીબાઇની વતી જાહેર જનતાને જાણ કરવામા આવે છે કે અમારા અસીલણ મજકુર રાણીબાઇ અને તેની સાસુ સોનબાઇ વચ્ચે મિલ્કત સંબંધ-

ધમાં સમજુત થએલ છે. તે અન્વય હાલે સોનબાઇ જે જગ્યામાં રહે છે તેમાં તેણીનો માત્ર જીંદગી પર્યંતનો રહેવાનો હક છે. અને એ જગ્યાનો તથા બીજી સુખપરવાલી જગ્યાનો એમ બે દસ્તાવેજો સોનબાઈ પાસે અનામત રાખવામાં આવેલછે તે બે દસ્તાવેજો પર સોનબાઇનો કશો હક નથી. માટે એ બે દસ્તાવેજો પર કોઇએ કંઈ ધીંધાર કે લેતી દેતી કરવી નહિ તે છતાં જો કોઇ સખ્સ તેના પર કંઈ લેતી દેતી કરશે તો તે પોતાના અંગત હિસાબે અને જોખમે કરશે અને તેથી સગીર રતનશીના હકને કશું બંધન થશે નહિ.

સાં. ૨૦૦૧ના પ્રથમ ચૈત્ર સુદ ૧૩ સોમવાર.

પ્રેમજી ભવાનજી વકીલ,
કચ્છ–માંડવી.

ખાનગી જાહેર ખબર.

મારા અસીલ કચ્છ માંડવીનાં ભાટીયા ઠા. નારાણજી હીરજીનાં નામથી વહીવટ કરનાર ઠા. હંશરાજ નારાણજી તરફથી મળેલ સૂચનાં મુજબ આથી સર્વ લોકોને જાણ કરવામાં આવે છે કે મારા અસીલે માંડવીનાં તે હાલે મુબઇ વસતા ભાટીયા ઠા પરસોતમ તથા રતનસી તથા ગોવિંદજી જેઠમલ પાસેથી તેમના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલેકીની જગ્યા માંડવીમાં મોચી બજારમાં દક્ષણાદી મુવાડવાલી ડેલીમાં આવેલી મારજીનમાં લખી ચતુર્દિશાવાળી વેંચાણ રાખી છે. માટે સદરહુ જગ્યા પર કોઈનો વેંચાણથી, ગીરાથી, બક્ષિસથી, વારસાથી, ભરણપોષણથી, ઇઝમેન્ટથી કે બીજી કોઇ રીતે કાંઇ હક હિસ્સો કે ઇલાખો હોય તો તેમણે આ જાહેરનામાંમાં નીચે લખી તારીખથી રોજ ૧૫) પંદરની અંદર અમારી ઓફીસે આવી પોતાના હકનો આધારો રજુ કરી ખાત્રી કરાવી જવી. જો તે પ્રમાણે મુદતની અંદર કોઇ તરફથી કોઈ જાહેર નહિ થાય તો આ વેંચાણનો પાકો દસ્તાવેજ અમારા અસીલો કરાવી લેશે અને ત્યાર પછી કોઇનો આ મીલ્કત સર કે અમારા અસીલો પર કાંઇ હક રહેશે નહિ. અને તે હક ઇરાદા પૂર્વક જતો કર્યો છે એમ ગણાશે.

૧ ઊતરાદી કોરે અમો ધનિક ધણીની જગ્યા છે. અને થોડા ભાગ માજનવાલી જગ્યા ઠા. કાનજી દ્વારકાદાસવાલા પાસે છે.
૨ ઊગમણી કોરે અમો ધનક ધણીની જગ્યા છે
૩ દક્ષણાદી કોરે ડેલીનો ચોક તથા અમો ધનિક ધણીની જગ્યા છે.
૪ આથમણી કોરે અમો ધનિક ધણીની જગ્યાનો પટ છે.

પ્રા. ચૈત્ર વિદ ૬ બુધે શાં. ૨૦૦૧.

કચ્છ માંડવી } વકીલ સુબોધચંદ્ર
તા. ૪-૪-૪૫ } અમૃતલાલ, એડવોકેટ.

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિંમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિ ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીખે આ વર્ષની કોરી ૨૪ાા સવા ચોવીસને છુટા ત્રણ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૯ા લેવામાં આવશે મુદત વીત્યાપછી ભરે તો તેની પાસેથી બગણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧ાા.

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

345

KUTCH DARBAR GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL. 72] APRIL 28th. SATURDAY 1945. [NO. 22]

[પુ૦ ૭૨ । બીજા ચૈત્ર વદ ૨ શનીવાર સંવત ૨૦૦૧ તારીખ ૨૮મી એપ્રીલ સને ૧૯૪૫ [અંક ૨૨]

No. 1096 1945.

NOTIFICATION

Whereas during the times of this war when under the order of His Highness the Maharao Saheb the Kutch State Forces may be called out to aid Civil authorities on an emergency, such as rounding up dacoits or pursuing dangerous smugglers it is hereby ordered as follows:

"Nothing is an offence which is done in good faith by any member of the Kutch State Forces under orders or his immediate commander, in discharge of his duty such as rounding up dacoits or pursuing dangerous smugglers".

Dewan's Office,
Bhuj, 11th April, 1945.

J. J. Ashar,
for Dewan of Kutch.

No. 1100 of 1945.

NOTIFICATION

Dewan's Office,
Bhuj, 11th April, 1945.

The Government of Kutch are pleased to order that the Indian War Injuries Ordinance, 1941 (as amended by Ordinance No. 1 of 1942), together with the War Injuries Scheme, 1942 and the War Injuries Regulations, 1942, issued thereunder shall, for the duration of the presnt war, be deemed mutatis mutandis, to be applicable to the Kutch State as part of the laws of Kutch, with effect from 1st June 1942.

Provided that the allowance, disability pensions and family pensions mentioned in the above scheme shall be deemed to have been reduced by a third in its application to this State, except in the case of an allowance to a child which shall be payable at the

346

rate of the equivalent of Rs. 2/--per month. All payments under this Notification shall be made in Koris.

The Assistant Revenue Commissioners are hereby appointed to be Claims Officers for the areas within their respective jurisdictions.

J. J. Ashar,
for Dewan of Kutch.

ઠરાવ.

રે. જા. નાં. ૬૩.

ઠરાવ નાં. ૪૭૧ તા: ૩૦-૧૨-૪૪ વાળાથી દરબારી નોકરો રજાપર જવા પ્રસંગે એકટીંગ એલાઉન્સ અપાવવા સબંધે જે સ્પષ્ટતા કરવામાં આવી છે તે હુકમમાં ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબનાં ફરમાનથી નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

રે. જા. નાં. ૭૯૧૮ તા. ૧૭-૩-૪૩ વાળા નિયમ અનવયે જેમને એકટીંગ એલાઉન્સ આપી શકાય તેમને નીચેના ધોરણે આપવું.

અ: પંદર દીવસ કે તેથી ઓછા દીવસ સુધી ચઢતા દરજ્જાની જગોનું કામ પોતાના કામ ઉપરાંત કર્યા બદલ કાંઇ પણ એલાઉન્સ મળી શકશે નહી.

બ: પંદર દીવસ ઉપરાંત એક માસ સુધીની મુદત માટે ચઢતા દરજ્જાની જગોનું કામ સ્વતંત્ર રીતે કરનારને તેમ પોતાના કામ ઉપરાંત કરનાર નોકરને ચઢતા દરજ્જાની જગાના સરેરાસ પગાર ઉપર સેંકડે પાંચ ટકા એલાઉન્સ મળી શકશે.

ક: એક માસથી વધુ મુદત માટે અને બે માસ સુધી પોતાનાં કામ સાથે યા સ્વતંત્ર રીતે ચઢતા દરજ્જાની જગોનું કામ કરનાર નોકરને તે જગાના સરેરાસ પગાર ઉપર સેંકડે ૧૦ દસ ટકા એલાઉન્સ મળી શકશે.

ડ: બે માસથી વધુ મુદત માટે પોતાના કામની સાથે અથવા સ્વતંત્ર રીતે ચઢતા દરજ્જાની જગોનું કામ કરે તો તે જગ્યાના સરેરાસ પગાર પર ૧૫ ટકા એલાઉન્સ મળી શકશે.

ઇ: એકટીંગ એલાઉન્સ તરીકે જગાના ઠરેલ પગારના ૨૦ ટકા આપવાનું ધોરણ આથી બંધ થાયછે અને હાલ જેમને ૨૦ ટકા લેખે એકટીંગ એલાઉન્સ મળતું હોય તેમને પણ આ હુકમ લાગુ પડશે.

બીજા ચૈત્ર સુદ ૨ શનીવાર શા. ૨૦૦૧.
તા. ૧૪-૪-૪૫

J. J. Ashar,
ફોર દીવાન કચ્છ.

હ. ઓ. નં. ૬૭

યાદી

મુંદરા તાલુકે ગામ ડેપાનો શા મુરજી વેલજી નામનો ઇસમ સંવત ૨૦૦૦ ના મહા માસના અરસામાં ગુમ થએલ અને ત્યારબાદ તેનું મૃત્યુ થએલ હોવાનું માલમ પડતાં પોલીસ તરફથી તે મૃત્યુ આત્મઘાત હોવાનું તપાસમાં નીકળેલ હોવાનું જણાવવામાં આવેલ પરંતુ મરનારના કુટુંબીઓ તથા ગામના લોકો તરફથી તે મૃત્યુ શકમંદ હોવા અને મરનારનું ખુન થએલ હોવાની માન્યતા ધરાવાઇ મરનારના મૃત્યુ સબંધમાં સ્વતંત્ર તપાસ થવાની કરવામાં આવેલ માંગણીઓ ઉપરથી સદરહુ મૃત્યુ બાબત તપાસ કરવા શ્રી વરીષ્ટ કોર્ટના આસીસ્ટંટ જડજ રા. રા. ઇશ્વરલાલ રતનલાલ અંતાણીને હુકમ કરવામાં આવેલ જે અનવય એમના તરફથી તપાસ થઇ પરીણામનો રીપોર્ટ રજુ કરવામાં આવ્યો

રા રા. ઇશ્વરલાલ રતનલાલ અંતાણીનો રીપોર્ટ વાંચન પર લીધો તો મરનારનું ખુન કે મનુષ્યવધ થએલ હોવાની હકીકત સાબીત થતી નથી પરંતુ તેણે આત્મઘાત કરેલ હોવાનું નીકળતું હોતાં તે સબંધમાં કાંઇ કરવાપણું રહેતું નથી.

રા રા. ઇશ્વરલાલના રીપોર્ટમાં મરનારના આત્મઘાત થવાના અંગે કેટલાંએક ગુન્હાહિત કૃત્યો થએલ હોવાનું જણાવવામાં આવે છે જે હકીકત ધ્યાનમાં લઇ નીચે પ્રમાણે હુકમ કરવા ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે:-

૧. દેપાના શા કાકુ ઉરફે દેવજી નાનજી તથા દેપાની બાઇ ગંગાબાઇ મેઘજી તથા દેપાના શા રામજી રવજી એ ત્રણ જણાએ કચ્છ પીનલ કોડની કલમ ૧૩૧ તથા ૯૪ મુજબના ગુન્હા કરેલ હોવાનું નીકળેછે પરંતુ આ ત્રણ જણાઓ પૈકી શા રામજી રવજીને કચ્છ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૮૭ મુજબ માફીનું વચન અપાએલ હોઇ બાકીના બે ઇસમો નામે કાકુ ઉરફે દેવજી નાનજી તથા ગંગાબાઇ મેઘજી પર કલમ ૧૩૧ તથા ૯૪ મુજબના તોમતો મુકી પોલીસે તેમને ન્યાયભાગે કમીટ કરવા.

૨. રામાણીના શા કાંનજી ધેલાએ રૂા, ૧૭૫ તથા કોરી ૪૫ બાબત ઠગાઇનો ગુનો કરેલ હોવાની હકીકત નીકળે છે પરંતુ ઠગાઇને ગુનો નેન-કોગ્નીઝેબલ હોવાથી મરનારના બાપ વેલજી દેવશીએ જો સદરહુ કાનજી

ઘેલા વિરૂધ્ધ કાયદેશરના કાંઇ ઇલાજ લેવા હોય તો તે લેવા તેને પરવાનગી આપવામાં આવે છે.

મિતી– બીજ ચૈત્ર શુદ ૫ સોમવાર શાં. ૨૦૦૧. તા: ૧૭–૪–૪૫.

દીવાન ઓફીસ,
જ્યુડીશીયલ બેન્ચ,

જે. જે. આસર,
for દીવાન–કચ્છ.

No 1182 of 1945.

NOTIFICATION

In exercise of the powers conferred by sub-rule (2) of rule 81 of the Defence of India Rules as applied to Kutch, the Kutch Government is pleased to make the following amendments in the Kutch State Motor Vehicle Spare Parts Control Order, 1945 :—

I. After clause 12, of the Model State Control Order, 1945, the following new clause should be inserted:—

"12A" Where the owner of a motor vehicle or a repairer of motor vehicles has purchased or otherwise obtained any controlled Spare Part under the provisions of clause 10 or clause 11, he shall not use it for any purpose other than that for which it has been sold or given to him and shall not sell or otherwise dispose of it to any other person".

II. For sub-Clause (1)of clause 8 the following sub-clause should be substituted

"8. (1)The Motor Transport Controller may, having regard to the use, actual or anticipated, of the vehicle, its mechanical condition, and the necessity of conserving supplies of controlled spare parts, declare any motor vehicle to be an essential motor vehicle for the purposes of this Order by endorsing on the certificate of registration of the vehicle and upon the Parts Record Sheet issued under clause 9 of the words "Essential motor vehicle for purposes of the State Motor Vehicle Spare Parts Control Order, 1945. So long as the registered ownership of the vehicle is not transferred, this endorsement is valid upto the. ....day of.....194 ".

III. In the Fourth Schedule the follwing note and form shall be added:—

Note–Entries to be made,by registered dealer or approved sub dealer supplying controlled spare parts or any other person authorised by the Government of Kutch by an order in writing to sell controlled Spare Parts.

Date.	Quantity.	Part No.	Name of control -led spare part.	Supplied by.	Value at list price.

IV. In the First Schedule to the Order entries numbered 39 and 88 shall be omitted.

V The explanation below clauses 10 and 11 shall be numbered as explanation 1,and the folloing further explanation shall be added in each of the clauses 10 and 11.

"Explanation 2.-A motor vehicle declared to be essential under the provisions of any law in force inBritish India in any Administered Area including the British Reserve in Manipur or any other Indian State for the control of motor vehicle spare parts, substantially corresponding to the provisions of this Order, shall be deemed to be an essential motor vehicle for the purposes of sub-clause(e)for clause 10 and (c) for clause 11.

VI. After clause 20, the following clause should be inserted.

"20A. An officer empowered in this behalf by the Kutch Government may, with a view to securing compliance with this order --

(a) require any dealer in spare parts in the State (including a registered dealer and an approved sub-dealer in the State) to furnish any information the officer may require as to the business carried on by such dealer.

(b) inspect or cause to be inspected any books or other documents belonging to such dealer.

(c) enter and search, or authorise any person to enter and search, the business premises of such dealer, and

(d) seize, or authorise any person to seize any article in respect of which the officer has reason to believe that a contravention of this Order has been committed and any books or other documents which are in his opinion relevant to prove the contravention, and thereafter take or authorise the taking of all measures necessary for securing the production of the article and documents in a Court."

Dewan's Office,
Bhuj, 17th April, 1945

J. J. Ashar,
f. Dewan of Kutch.

હુ. ઓ નં. ૬૬ યાદી

લાંબો સમય થયા ભાયાતી સ્કુલોના નોકરોને તેમના વાસ્તે મંજુર થએલ પગાર તેમજ મોંઘવારી એલાઉન્સ ગળતું નથી જેથી તે સબંધમાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનાં ફરમાનથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છેઃ—

૧. ભાયાતી સ્કુલના શિક્ષકો વાસ્તે માસીક કોરી ૧૦ આઠ લેખે પગાર આપવાનું મંજુર થએલ છે તે મુજબનો પગાર જે તારીખથી ન અપાએલ હોય તે તારીખથી દરેક શિક્ષકને માસીક કોરી ૧૦ લેખે ચડત થએલ પગારો આપી દેવા.

૨. ભાયાતી સ્કુલોના નોકરોને, શા. ૨૦૦૧ના અશાડ શુદ ૩થી, શ્રી રાજ્યના ધોરણે મોંઘવારી એલાઉન્સ આપવાનું મંજુર કરવામાં આવે છે, હાલ સુધીનું ચડત એલાઉન્સ વેળાસર અપાવી દેવું અને હવેથી દર મહીને જ્યાં સુધી તે એલાઉન્સ શ્રી રાજ્યના નોકરોને મળવાનું જારી હોય ત્યાં સુધી આપવાનું જારી રાખવું.

૩ આ રીતે શિક્ષકોને આપવાના પગારની તેમજ નોકરોના મોંઘવારી એલાઉન્સની જે રકમ થાય તે પ્રથમ દરજ્જે જે જાગીરની સ્કુલના તે નોકર હોય તે જાગીરની જનરલ અનામતમાંથી આપી દેવી જો કોઇ જાગીરની તેવી અનામત ન હોય તો તે રકમ શ્રી રાજ્યની તિજોરીએથી આપવી અને આ રીતે જે રકમ શ્રી રાજ્યની તિજોરીમાંથી, જાગીરદારને ખાતે મંડાઇ અપાએલ હોય તે બાબતનું વિગતવાર પત્રક આ ઓફીસે વેળાસર મોકલવું કે જે પરથી તે રકમ મજકુર જાગીર પાસેથી વસુલ લેવા ઘટીત થઇ શકે.

૪ ભાયાતી સ્કુલોના શિક્ષકો વાસ્તે, તે દરેક શિક્ષકની નોકરીના વર્ષો, કામગીરી વીગેરે હકીકત ધ્યાનમા લઇ તેમના શ્રી રાજ્યની સ્કુલોના શિક્ષકોના ધોરણે ગ્રેડેશન માટે કેળવણી ખાતાંએ આ ઓફીસે યોગ્ય ભલામણ કરવી.

૫. હવેથી ભાયાતી સ્કુલોના નોકરોને તેઓ દરેકના માસીક પગાર તેમજ મોંઘવારી એલાઉન્સની રકમ તેઓ દરેકને દર મહીને રીતસર મળી જાય તેવો બંદોબસ્ત કરવો, આ દરમાસીક કોઇ રકમ જાગીરમાંથી ન મળે તો તેવી રકમ પણ પ્રથમ દરજ્જે તેવી જાગીરની જનરલ અનામતમાંથી રીતસર આપી દેવી, જો તેવી કોઇ અનામત ન હોય તો તે રકમ તે જાગીરને ખાતે માંડી શ્રી રાજ્યની તિજોરીએથી ધોરણસર આપી તે બાબતનું દરમાસીક પત્રક આ ઓફીસે મોકલવું કે જે પરથી તે રકમ જાગીરદાર પાસેથી વસુલ લેવા અહીંથી ઘટીત થશે.

૬. ભાયાતી સ્કુલોના નોકરો વાસ્તે પેન્સન આપવા સબંધમાં પેન્સન કોન્ટ્રીબ્યુશન તરીકે તે નોકરને મળતા પગારના અમુક ટકા વસુલ લેવાનું ઠરેલ છે. આ રીતે કઇ કઇ જાગીર તરફથી તે પેન્સન કોન્ટ્રીબ્યુશન અપાએલ નથી અને ક્યારથી અપાએલ નથી અને આ રીતે તે જાગીર પર પેન્સન કોન્ટ્રીબ્યુશનના હાલ લગી કેટલી રકમ, કયા નોકરની ચડત થએલ છે તે હકીકત પત્રક સ્વરૂપે જણાવવાની સાથે તેવું ખર્ચ દરેક જાગીર વાસ્તે દરમાસીક કેટલું થાય છે તે પણ પત્રક સ્વરૂપે કેળવણી ખાતાંએ જણાવવું.

349

૭ આ બેજાના અમલમાં આવ્યાથી તેની શી અસર થાય છે તે બાબત એક વર્ષ બાદ દેખરેખી ખાતાએ આ ઓફીસને રીપોર્ટ કરવો.

મીતી–શાં. ૨૦૦૧ના બીજા ચૈત્ર સુદ ૬ બુધવાર તા: ૧૮–૪–૪૫.

દિવાન ઓફીસ
જ્યુડીશીયલ બ્રેંચ.

J. J. Ashar,
for દિવાન–કચ્છ.

હુ. ઓ નાં. ૬૮ ઠરાવ

રેવન્યુ ખાતેથી તે ખાતાના કુઓ હરતક ત્રણથી ચાર ગામો હોય છે તથા દરેક કુની કરવાને અંગે તેમને દરેક ગામોમાં જવાનું રહે છે તથા તાલુકા કચેરીએ પણ અવાર નવાર જવાનું રહે છે પરંતુ તેમને કાંઇપણ ચાડીકા એલાવન્સ આપવામાં આવતું નથી માટે અખતરા દાખલ બાર માસ માટે દરેક કુને માસીક કોરી ૩૦ ચાડીકા એલાવન્સ અપાવવા સંબંધે લખાઇ આવ્યું છે તે નજરે હાલે અખતરા દાખલ બાર માસ માટે અથવા તે અગાઉ બીજી રીતે પ્રબંધ કરવામાં આવે તો ત્યાં સુધી દરેક કુને ચાડીકા એલાવન્સ માસીક કોરી ૩૦ ત્રીસ અપાવવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

મીતી: બીજા ચૈત્ર સુદ ૬ બુધે શાં. ૨૦૦૧ તા: ૧૮–૪–૪૫.

J. J. Ashar,
For દીવાન–કચ્છ

ઠરાવ હુ. ઓ. નાં ૬૯

ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરના ફરમાનથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧, ગ ના મહાપ્રસાદ નૃસીંહપ્રસાદ દેશાઇને શાં: ૨૦૦૧ ના બીજા ચૈત્ર સુદ ૩ થી સ્ટેટ ઇન્જીનીઅરની જગ્યાએ કાયમ કરવામાં આવે છે.

૨. તેમને તે જગ્યાએ કાયમ થયાની તારીખથી હાલે મળતા પગાર રૂા. ૫૫૦ માં રૂા. ૧૦૦ નો વધારો આપી પગાર રૂા ૬૫૦ કરી આપવામાં આવે છે.

૩ સ્ટેટ ઇજનેરની જગ્યાનો હરેલ ગ્રેડ રૂા. ૩૦૦–૬૦૦ નો હોઇ રા. ગ. મહાપ્રસાદનો રૂા. ૬૫૦ પગાર તેમની જાત માટે ગણાશે

બીજા ચૈત્ર સુદ ૮ ગુરૂવાર શાં. ૨૦૦૧ તા: ૧૯–૪–૪૫.

જે. જે. આશાર,
ફોર. દીવાન કચ્છ.

No. D/ 11--1.

From- The Officer on Special Duty,
Western India States Rajkot.

To – The Dewan, Cutch State, Bhuj.

Rajkot, the 13th April, 1945

Employment of Major M.W.Reed, as
Chief of the Staff, Cutch State Forces.

Sir,

I am directed to refer to your letter No. 802 dated the 10th March 1945 and to say that His Excellency the Crown Representative, with concurrence of the Central Government, has approved of the retention of Major M.W.Reed by the Cutch Darbar, on the existing terms for a futher period of one year.

I have the honour to be,
Sir,
Your most obedient servant
J. R. Cotton.
Officer on Special Duty,
Western India States.

જાહેર ખબર પો. જા નં ૩૨૩

એજન્સી તરફથી નં. આર એમ. ૩-૧ તા: ૭–૪–૪૫ વાળો એક્સપ્રેસ લેટર આવેલ છે. સદરહુ

લેતરમાં જણાવ્યું છે કે મદ્રાસથી હવાઇ તથા દરીઆઇ માર્ગે આવનારા મુસાફરો સામે સિલોને શિતળાને લીધે ક્વોરન્ટાઇનનો પ્રતિબંધ મુક્યો છે.

ઉપર પ્રમાણેના ખબર સર્વની માહીતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા: ૧૮-૪-૪૫.

J. J. Ashar
ચીફ સેક્રેટરી.

જાહેર નોટીસ

ડી. સી. એસ નાં. ૨૨૭૩

હાલે પાક્ષ પુસ્તકો તેમજ બીજાં પુસ્તકોના ભાવમાં છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લઈ તેના વેંચાણમાંથી નફાખોરી થતી હોવાનું જાહેર થાય છે; તો આથી આ પુસ્તકોનું વેંચાણ કરનાર લાગના વળગના દરેકનું ધ્યાન ખેંચવામાં આવે છે કે આ પ્રમાણે પુસ્તકોનાં વેંચાણમાંથી વધુ નફાખોરી કરવી એ ગેર કાયદેસર કૃત્ય છે અને તે પ્રમાણે કરનારાઓ નિયમન અંગે થએલા હુકમો અનવયે શિક્ષાને પાત્ર થાય છે.

ડી. સી. એસ. ઓફીસ,
ભુજ તા. ૨૧-૪-૪૫.

K. H. Desai,
ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ કચ્છ

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી ભુજ અદાલત.

પ્રા. દી. કે.મ નાં ૬૨૫ સાં. ૨૦૦૧

ભુજની ગાંચીની જ્ઞાતીના અગ્રેસરો
ગાંચી કાશમ લધા વીગેર ભુજ } વાદી
ખોજા હાજી કાશમ ભુજ પ્રતિવાદી

દાવો

ડેલા તથા વાડાનો ગેરહક ધણી લીધેલ
કબજો પાછો મળવા વીગેર બાબત

નીચે લખ્યા ગામ વાલા નીચે લખ્યા શખ્શોને આથી જાહેર કરવામાં આવે છે કે ઉપર જણાવ્યા-વાદીઓએ ભુજની ગાંચીના જ્ઞાતીના અગ્રેસરો ત રીકે ભુજની ગાંચીની જ્ઞાતીવતી આ કોર્ટમાં ઉપર જણાવેલ પ્રતિવાદી વીરૂધ્ધ શ્રી ભુજ મધે ગાંચી ફલીબામાં આવેલ દાવાવાલા બે ડેલા તથા વાડીનો કબજો મળવા બાબત દાવો કરેલ છે ને તે દાવામાં કચ્છ દીવાની કાયદાની કલમ ૨૨ અનવયે ભુજની ગાંચીની જ્ઞાતીના સભ્યોને નોટીસ થવા અરજ કરતાં તે કલમ અનવયે તમને ખબર આપવામાં આવે છે કે આ દાવામાં તમારામાંથી જે કોઈનો વાદી પક્ષે પક્ષકારમાં દાખલ થવા અરજી હોય તેણે સાં. ૨૦૦૧નાં બીજા ચૈત્ર સુદ ૧૩ બુધવાર રોજે આ કોર્ટમા હાજર થઇ અરજ કરવા નહીતર મુદત વાતે કાયદેસર કરવામાં આવશે.

૧ ધાંચી ઉમર ઈસા ફકમા
૨ ધાંચી લધા શલેમ મદ ભુજ
૩ ધાંચી શીદીક કાશમ ભુજ
૪ ધાંચી એ કાશમ માધાપર
૫ ધાંચી ભચુ જુમા ભુજ
૬ ધાંચી ભુદા રેમતુલા ભુજ
૭ ધાંચી નુરમામદ લધા ભુજ
૮ ધાંચી ઇબ્રિરામ અબ્દલા ભુજ
૯ ધાંચી શાલમામદ કાશમ ભુજ
૧૦ ધાંચી દાદા હાજી ભુજ
૧૧ ધાંચી કાધા અલારખ્યા ભુજ
૧૨ ધાંચી અબ્દલા કાશમ ભુજ
૧૩ ધાંચી ભુદા ઇબ્રિરામ ભુજ

પ્રા. ચૈત્ર સુદ ૧૧ શની સાં. ૨૦૦૧

Vrajlal K. Purohitt.
ભુજ ન્યાયાધિશ.

નાં. ૨૩૭૨

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી ભુજ અદાલત.

શ્રી અચળ ગચ્છ દેરાવરના વહીવટ કરનાર શા સાકરચંદ પાનાચંદ ભુજ } વાદી.
શા ફુંગરશી વીજપાલ વારસ તથા દાવા વાળી મીલકતના કબજેદાર શા જગજીવન રાયશી ભુજ } પ્રતિવાદી

દાવો– કોરી ૧૯૦૦/ નો વીટનર
રાખેલ જગા છોડાવ } બાબત

આથી શ્રી અચલગચ્છ દેરાવરના વહીવટ કરનારાઓને ખબર આપવામાં આવે છે કે વાદી શા સાકરચંદ પાનાચંદે આ દાવો કરેલ છે તેમાં પક્ષકાર તરીકે જે કોઇ દાખલ થવા માગતા હોય તેમણે આ કોર્ટ પાસે શા ૨૦૦૧ ના બી. ચૈત્ર સુદ ૮ શુક્રવારના રોજ હાજર થઈ જાહેર કરવું નહીતર મુદત વાતે કાયદેસર થશે.

પ્રા. ચૈત્ર વદ ૩ શની સાં ૨૦૦૧

બળવંતરાય કેશવલાલ
બે એટી ભુજ ન્યાયાધિસ સા હુકમથી

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
શાહેબ સવાઇ બહાદુર
શ્રી નુંદ્રા ખાલસા દીવાની કોર્ટ નાં. ૬૮૧

શા લધા કેશવ રે– ભુજપર વાદી
ચારણ ગોપાલ પાલા વીગેર રે– નાની ભુજપર } પ્રતિવાદી

દાવો કોરી ૧૮૨૧ ચડતે વ્યાજે મલવાનો

નાની ભુજપરનાં નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આ કોર્ટમાં સાં. ૨૦૦૧ ના બીજા ચૈત્ર વદ ૮ શુક્રવારનાં રોજ સવારનાં ૭ વાગેથી હાજર

થવું નહીંતર કાયદેશર થશે.

૧ ચારણ આશવીર પાલા નાની ભુજપર
૨ ચારણ રતન પાલા નાની ભુજપર

પ્રા ચૈત્ર વીદ ૦)) ગુરૂ શાં. ૨૦૦૧

N. D. Mehta,
મુંદ્રા ન્યાયાધિશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નોટીશ નં ૨૯૫

ખા. દી તામીલ કામ નં ૫૮ શ ૨૦૦૧

ગામ નેત્રા મધે રહેનાર દરજી ઉમરસી ભૂધાની વારસ તેની ઘરવાલી લખીબાઇ તથા દરજી ઉમરસી ભૂધાનાં વારસ દરજી શવજી ઉમરશી શગીરની વાલી મા બબીબાઇને માલમ થાય કે, લખપતનાં ઠા કલ્યાણજી મેઘજીએ ખા. દી કામ નંબર ૧૬૧ શા૧૯૯૯ નાં ફેશલા અનુસાર કારી ૩૬૩૮૨ ત્રણશો શાઠ ત્રેશઠ છુટા બે ની તામીલ થવા દરખાસ્ત રજુ કરી છે માટે તમારે મજકુર વાદીની શદરહુ રકમનાં આ નોટીશ બજેથી રોજ ૧૫ માં તાબલ કરી આપી આ કોર્ટ પાશે પોંચ રજુ કરવી નેતર કાયદેશર થશે

શ ૨૦૦૧નાં મહા વીદ ૧૦ બુધે

S. D. Rana
લખપત ન્યાયાધીસ

જાહેર ખબર

પ. જા. નાં. ૨૫૧૮.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના વોરા નથુ વેલજી હુત નાનાલાલ તથા મણીલાલ નથુના પાવરદાર શા. કાનજી રવજીએ શા. પરમાનંદ વછરાજ પાસેથી જગ્યા ૧ કારી ૨૭૫૫૮) બાવીશ હજાર નવશો અઠાવનમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ છાપો થવા માટે રજુ થએલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહિની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કઇ નહીં શંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામા આવશે.

પ્રાં ચૈત્ર વીદ ૧૩ ભોમે શાં. ૨૦૦૧

Harilal N.
ભુજ વહીવટ ૧૨
ડી સ.

જાહેર ખબર

હ. જા. નં. ૩૨૭૯

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે ચારણના કૂના રીપોર્ટ નાં ૨૩૩ પ્રથમ ચૈત્ર સુદ ૧૪ શાં ૨૦૦૧ વાલા સાથે ઉઠ ૧ વાને રાતો ઉ-વ-૫ આશરેનો તેના ઇડરના પાશામા ડાબી ત્થા જમણી બાજુ પેટારમાં ઉભા ડાંમ બે છે કીમત કોરી ૪૦૦થી૪૫૦ આશરેના છે તે ગેયાળ તરીકે હાથ આવતા તેનો માલીક પાધરો થતાં લગી રા. ચીરઇના કૂ પાસે રખાવવામાં આવેલ છે માટે તે ઉઠ જેનો હોય તેણે એક માશની અંદર ખાતો પુરવો આપી લઇ જવો મુદત વીત્યે શ્રી દરબાર દાખલ કરવામાં આવશે

પ્રથમ ચૈત્ર વીદ ૩ શનીવાર શા ૨૦૦૧

મુલજી કેવજી
આ-ક-ભચાઉ વહીવટદાર

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

માંડવીના શા. વીજયશેન રવજી ઉ.વ.૭ તથા શા ચીત્રશેન રવજી ઉ. વ ૫ શગીરની વાલી મા જવેરબાઇ તે શા. રવજી દામજીની વી.વા આપી સર્વેને જાણ કરૂં છું કે.

અમો સગીરના પીતા ચૈદેક માસ ઉપરે ગુજરી ગયેલ છે, વડીલ પાર્જીત મીલકતમાં જગ્યા ૧ ચુકાને ઠ નાં ચતુર દીશા નીચે મુજબ છે.

૧ આથમણી કોરે જગ્યાની મુવાડના બારણાં છે તે નીચે ચોડી પગથીયાં છે તે સાને વશા નથુ તેજપાલની જગ્યા છે.

૨ ઉગમણી કોરે વીચરણી છે.

૩ ઉતરાદી કોરે વશા નથુ તેજપાળની જગ્યા છે.

૪ દખણાદી કોરે ધનીકનો ખડેર છે.

અમો સગા ભાઇઓમાંથી અમારો મોટા ભાઇ વીરશેન રવજી ત્રીજો છે, તેની ચાલચલગત સારી નથી અને અમો સગીરના હીતને નુકશાન થાય તેવી વર્તણુક ચલાવી રહેલ છે, આ મીલકતમાં અમારી માતુશ્રી જવેરબાઇ તથા અમારા ડાડીમા માણકબાઇ કેશવજીનો પણ ભણણ પોષણ વિગેરાનો બોજો છે તેમજ અમારી બહેન બે છે નામે સેનપ્રભા તથા કમળપ્રભા છે. આ પણ શગીર અવસ્થામાં છે તેનું શગપણ પરણેતર વિગેરાનો બોજો આ મીલકત પર ઉભેલો છે અને એ વાત અમો સગીરના મોટા ભાઇ વીરશેન

રવજી જાણે છે તથા માને છે છતાં ખોટી રીતના ખરાબ સોબતના પરિણામે ખરચો કરી કરજ વિગેરા કરે છે, અને કેટલાક સ્વાર્થી લોકો આવી સ્થીતી વચે તેમનાથી ધીરધારની કંઇ આપ લે કરે છે એમ અમારા સાંભળવામાં આવ્યું છે તેથી સર્વેને આથી જાણ કરવામાં આવે છે કે.

મજકુર અમારા મોટાભાઇ વીરસેન રવજીને જે કોઇ ધીરધાર વિગેરાં કરશે અને તેવું કરજ જે વીરસેને કર્યું હોય કે હવે પછી તે કરે તે માટે અમો શગીરો કે આ મીલકત પરના ભરણ પોશણ વીગેરાના હક ધરાવનારાઓને કોઇ રાતે અમારા વડીલના કે અમારી મીલકત પર તેમની જવાબદારી પડી શકશે નહીં તેમ તેવું કંઇ તેમનું કૃત્ય કેવરીતે અમને બંધનકારક થશે નહીં એમ સૌએ આથી સમજવાનું છે.

મીતી પ્રથમ ચઇતર વદ ૭ ગુરૂવાર સંવત ૨૦૦૧.

વકીલ હીરાલાલ સોમચંદ

દ.ા. વીજ્યસેન રવજી તથા શા. ચીત્રસેન રવજી શગીરની વાલી મા જવેરબાઇ ના વકીલ.

ખાનગી જાહેર ખબર

અમારા અશીલ માંડવી તાલુકે ગામ દેવપરના શા રવજી હેમરાજની શુચનાથી આથી દેવપર ગામના અને બીજા સર્વે લાગતા વળગતા ઓને આથી જાહેર નોટીશ આપવામાં આવે છે કે અમારા અશીલના પિતા શા હેમરાજ હરગણની ઉમર હાલે વરશ ૭૬ આશરેના છે અને તેઓ અભણ છે તથા તેમની યદદાસ્ત અને મગજની સ્થીતી ઘણી નબળી છે અને તેઓ બહેરા છે અમારા અશીલ સાથે તેઓ રહે છે અને એ સયોગોમાં કુટુબના કર્તા અમારા અશીલ છે અમારા અશીલના ભાઇઓ તેમનાથી ઘણાં વરશો થયા જુદા થઈ ગયા છે

અમારા અસીલના પિતા શા હેમરાજ હરગણ પરનાં તમામ લેણાં લેખાં શં. ૧૯૮૦ લગભગ ચુકતે થઇ ગયાં છે અને હવે કશી લેતી દેતી રહેલ નથી. ત્યારબાદની તમામ લેતીદેતી અમારા અશીલના નામથી થાય છે

શબબ આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપર જણાવ્યા સંયોગો હોવા છતાં હજીપણ કોઈનું લેણું લેખું અમારા અશીલના પિતાના નામનું હોય તો તેમણે આ જાહેર ખબર પ્રસીધ્ધ થયાથી એક માશની અંદર અમારે શરનામે લેખીત આધારો શહીત રજુ કરવું અને જો તેમ નહી કરવામાં આવે તો અમારા અશીલને કશું બંધન થશે નહીં અને હવે પછી અમારા અશીલના પિતાની આવી સ્થીતીનો લાભ લઈ કોઇ કંઇ લેણું લેખું અમારા અશીલની લેખીત સમંતી શિવાય કરશે તેનું બંધન અમારા અશીલને કે કુટુંબની કોઇ મીલ્કતને થશે નહીં તેની આથી ચેતવણી આપવામાં આવે છે એજ.

મીતી પ્રથમ ચૈત્ર વદ ૧૩ મંગળવાર સં. ૨૦૦૧.

શા રવજી હેમરાજની સઇ દ. પોતાના

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર શ્રી અબડાસા તાલુકાના ગામ ચીઆશરના શા. દામજી ભાણજી આ જાહેર ખબરથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને ખબર આપું છું કે અમો ત્રણ ભાઇઓ છીએ અમારામાં શા. ધરશી ભાણજી સૌથી મોટા છે તેમજ તેઓ અમારાથી મીલ્કતે જુદા છે હું તથા મુલજી મીલ્કતે ભેળા છીએ હું મોટો હોતાં વેવટ હું કરૂં છું અમારા પીતા ભાણજી આજે બે વરશ થયાં હોલેદીલ જેવા થઇ ગયા છે તેમને પોતાના હીતનું ભાન નથી તેવી સ્થીતિનો કોઇ સ્વાર્થી માણશ ખોટો લાભ લે નહીં તે માટે આ ચેતવણી આપું છું કે મારા પીતાને કોઈ અમારી સ્થાવર જંગમ મીલ્કત પર પૈસાની ધીરધાર કરશો નહી કે તેના પાસેથી કંઇ બક્ષીશ પણ લેશો નહીં તેનું ભરણ પોશણ કપડુંલતુ ખર્ચ પુત્ર તરીકેની ફરજ શમજી બજાવીએ છીએ જેથી તેમને પૈસાના જરૂર રહેતી નથી. તો પોતાની મગજની સ્થીતિ બરાબર ન હોતાં તે કોઇથી કંઈ પૈસાની લેતી દેતીનો તેમજ સ્થાવર મીલ્કત વેચાણનો વહેવાર કરશે કે તેનાથી કોઇ કંઇ ઉપર લખ્યા પ્રમાણે વહેવાર કરશે તે. તે રદ સમજશો અને ખર્ચ કે અમારા કંઇ સ્વતંત્ર કે વડીલો પારજીત મીલ્કત જવાબદાર રહેશે નહીં તેનો નોંધ લેશો.

મીતી મી. ચૈત્ર શુદ ૩ શની શં. ૨૦૦૧

શા. દામજી ભાણજીની સઇ દ. પોતાના.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH GOVERNMENT GAZETTE

કચ્છ સરકારી પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL. 72] MAY 13th, SUNDAY 1945. [NO. 23]

[પુ૦ ૭૨] વૈશાખ સુદિ ૨ રવિવાર સંવત ૧૯૦૧ તારીખ ૧૩મી મે સને ૧૯૪૫ [અંક ૨૩]

હ. ઓ. નાં. ૭૩ ઠરાવ

ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબના ફરમાનથી રા. રા. હુશેનભાઈ મહમદભાઇ હાજીભાઇને રૂ. ૪૫૦ ચારસો પચાસના માસીક પગારથી મુંબઇ ખાતેના કચ્છ રાજ્યના એજન્ટ તથા એસ્ટેટ મેનેજર તરીકે હાલે બે વરસ માટે નીમવામાં આવે છે.

બી. ચૈત્ર સુદ ૧૩ મંગલવાર સાં. ૨૦૦૧ તારીખ ૨૪-૪-૪૫.

J. J. Ashar,
ફોર દીવાન કચ્છ.

હ. ઓ. નાં. ૭૪ ઠરાવ

રા. રા. કચ્છ એસ્ટેટ મેનેજર હરીલાલ જે. આચાર્યને શ્રી કચ્છ રાજ્યની નોકરીમાંથી તારીખ ૧-૫-૪૫થી મુક્ત કરવા તથા તેમને માસ ત્રણનો પગાર એટલે રૂપિયા ૩૭૫ કાયદા કરતાં ફરમાવી આપવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

તેમના હસ્તેનો તમામ ચાર્જ તેમણે તા. ૩૦મી એપ્રીલ સને ૧૯૪૫ સુધીમાં રા. રા. હુશેનભાઇ મહમદ ભાઇ હાજીભાઇને સોંપી આપવો.

બીજા ચૈત્ર સુદ ૧૩ મંગલવાર સાં. ૨૦૦૧ તા. ૨૪-૪-૪૫.

J. J. Ashar.
for દિવાન-કચ્છ.

હ. ઓ. નાં. ૭૯. ઠરાવ

મેડીકલ ખાતાના નાં. ૨૭૭૬ સાં. ૨૦૦૧ ચળાયી લખાઇ આવેલ ભલામણ ધ્યાનમાં લઇ ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનાં ફરમાનથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે:—

૧. કંડલા મુકામે એક એલ. સી. પી. એન્ડ એસ. ડોક્ટર નીમવાની મંજુરી આપવામાં આવે છે.

૨. કંડલા દવાખાનાં વાસ્તેના એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચનાં વધારો કરી નીચે મુજબનું વિગતે એસ્ટાબ્લીશમેન્ટ-ના ખર્ચનું બજેટ મંજુર કરવામાં આવે છે.—

નં.	નામ.	ગ્રેડ.	માસીક કોરી.	વાર્ષિક કોરી.
૧.	સબ આસીસ્ટંટ સર્જન...	૨૨૫-$\frac{૧૫}{૨}$-૩૦૦.....	૨૫૦.....	૩૦૦૦
૨.	કમ્પાઉન્ડર.....	૧૦-$\frac{૫}{૨}$-૮૦.....	૭૫.....	૯૦૦
૩.	ડ્રેસર બે,			
૪.	દરેક કોરી ૪૦.....		૮૦.....	૯૬૦.
૫.	પાણીવાળી.....		૧૦.....	૧૨૦
૬.	ભંગી.....		૧૦.....	૧૨૦
			૪૨૫	૫૧૦૦

એ રીતે હાલ કોરી ૧૩૨૦ નાં ખર્ચનું જે બજેટ છે તેને બદલે હવે ઉપરની વિગતે વાર્ષિક કોરી ૫૧૦૦ પાંચ હજાર એસોનાં ખર્ચનું બજેટ મંજુર કરવામાં આવે છે.

બીજા ચૈત્ર શુદ ૧૨ ભોમવાર શાં ૨૦૦૧

દીવાન ઓફીસ
જયુડીશીયલ બ્રેન્ચ
તા: ૨૪-૪-૪૫.

J. J. Ashar,
for દિવાન-કચ્છ.

હ. મો. નાં. ૮૦ ઠરાવ.

ભેલ ભંજવાડ ઓછી થાય તે ખાતર ભેલ પગારના બંધારણ સંબંધમાં ૨ વરસ માટે ઠરાવ નાં. ૧૯૪૭ ચૈત્ર સુદ ૩ બુધે શાં. ૧૯૯૯ તા: ૭-૩-૪૩ વાળો કરવામાં આવેલ છે. તેની મુદત પુરી થતાં બીજા બે વરસની મુદત વધારવા રેલ્વે ખાતેથી ભલામણ થઈ આવતાં તે ભલામણ પ્રમાણે બે વરસની વીસેક મુદત વધારવા ખુશાલીંદ મહારાજાથી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

બી. ચૈત્ર સુદ ૧૪ ગુરૂવાર શાં. ૨૦૦૧ તા: ૨૬-૪-૪૫.

J. J. Ashar,
for દીવાન કચ્છ.

રે. જા. નાં. ૩૫૧૫ ચાકરી.

સંવત ૧૯૯૯ની સાલે મંજુર થયેલ ભાડાં ભથાં ફલમના બાબ ૨ કલમ ૬ (૧) મુજબ બદલી સીવાયના પ્રસંગે પોતાની નોકરીનું તળનું સ્થળ છોડી યોગ્ય અધીકારના હુકમથી બીજે સ્થળે જવા બદલ લાયું મલવાનું ઠરેલ છે તે બાબત સ્પષ્ટતા ખાતર ઠરાવવામાં આવે છે કે:—

કોઈ નોકરની જગ્યાએ તેની રજા દરમ્યાન કે બીજી રીતે પગની ખોડવણ માટે બીજા નોકરને ખોડલવામાં આવે તે બદલીનો પ્રસંગ છે એટલે કલમ ૬ (૧) અનવયે મલતા બાબ રોકડું લાયું તેને મળી શકે નહી.

બીતી: બી. ચૈત્ર સુદ ૧૪ ગુરૂવાર શાં. ૨૦૦૧ તા: ૨૬-૪-૪૫.

J. J. Ashar,
for દીવાન કચ્છ.

NO. 1304-A of 1945.

Dewan's Office,
Bhuj, 27th April, 1945

NOTIFICATION

In exercise of the powers conferred by Sub Rule (2) read with Sub Rule (5) of rule 89 of the Defence of India Rules the Government of Kutch are pleased to pass the following order with immediate effect:

1. No person shall hire any countrycraft, or any part of the space or accommodation available in any countrycraft, for the purpose of transporting goods or persons by any of the routes specified below except through the Agency of the Route Agent specified against that route:-

(1) Karachi - any port in Cutch, Kathiawar or Gujarat and vice versa Mr. Ratansey

Lalji Lakhamidas, Karachi (Sub Agents for Cutch -Messrs. Popatlal Hiralal & Co., Mandvi.)

(2) (a) Cutch-Kathiawar- Gujarat -Bombay (including intermediate ports)and vice versa.

(b) Any port in route (2) (a) above but excluding Bombay Harbour to Mormugoa and to any port south of Mormugoa upto Tuticorin and vice versa but including interports traffic between Mormugoa and Tuticorin.

Vishram Khimji, Bombay.

(Sub Agents for Cutch Messrs. Popatlal Hiralal & Co., Mandvi).

2. The restriction contained in paragraph 1 shall not apply to:

(a) the hiring of countrycraft for transporting cargo to Africa or the Persian Gulf, for transporting sand in the Bombay harbour area or for fishing; and

(b) The hiring of lighters ordinarily used in harbours and road steads for shipment and landing of goods from steamers and from craft which cannot come along side the jetty.

2A. No port clearance will be granted by any Customs Authority to any countrycraft in respect of which that Authority is satisfied that the requirements of paragraph 1 have not been complied with.

3. Where any countrycraft or any part of the space or accommodation in any countrycraft is hired for the purpose of transporting goods of the typee specified in column 1 of the schedule hereto annexed, by the route specified therein -

(i) the rates of total freight (including agent's commission and brokerage) payable by the shipper for such hiring shall be as specified in column 5 of the said schedule subject to such modifications as may be introduced from time to time, after consulting the Shipping Controller, by Notification in the State Gazette, so far as the countrycraft registered in Cutch are concerned; and

(ii) the rates of agent's commission and brokerage in respect of such hiring shall be as specified in column 3 and 4 respectively.

J. J. Ashar,

for Dewan of kutch.

SCHEDULE

Rates of freight for the Country Craft Season 1944-45.

Routes & Commodities	Net freight			Brokerage			Agents commission.			Total freight		
	Rs.	a.	p.	Rs.	a.	p.	Rs.	a.	p.	Rs.	a.	p.
Karachi to Okha Bedi & Navlakhi:												
Cotton	2	11	2	0	2	2	0	2	8	3	0	0
Cotton seeds	12	11	0	0	9	4	0	11	8	13	0	0
General and foodgrains	10	12	7	0	8	8	0	10	9	12	0	0
ii Cutch & Kathiawar (Okha, Bedi and Navlakhi) to Karachi.												
Oils in drums	8	15	10	0	7	2	0	9	0	10	0	0
Oils and general cargo	7	3	1	0	5	9	0	7	2	8	0	0
Cement	6	4	9	0	5	0	0	6	3	7	0	0
Wool	1	12	9	0	1	5	0	1	10	2	0	0
Hay	3	9	6	0	2	11	0	3	7	4	0	0
Glassware	10	12	7	0	8	8	0	10	9	12	0	0
Groundnuts--shelled	7	3	1	0	5	9	0	7	2	8	0	0
Groundnuts unshelled	10	12	7	0	8	8	0	10	9	12	0	0
Chillies	10	12	7	0	8	8	0	10	9	12	0	0
iii Cutch-Kathiawar (Okha, Bedi and Navlakhi) to Bombay.												
Cement	8	1	5	0	6	6	0	8	1	9	0	0
Groundnuts shelled	9	14	2	0	7	11	0	9	11	11	0	0
Groundnuts unshelled	14	6	1	0	11	6	0	14	5	16	0	0

Genreal cargo	9	14	2	0	7	11	0	9	11	11	0	0
Glassware	14	6	1	0	11	6	0	14	5	16	0	0
Chillies	14	6	1	0	11	6	0	14	5	16	0	0
Wood	3	11	2	0	2	2	0	2	8	3	0	0
Cotton	2	11	2	0	2	2	0	2	8	3	0	0
iv Gujrat Ports to Kutch-Kathiawar North (Okha, Bedi & Navlakhi).												
Cotton Seeds	9	14	2	0	7	11	0	9	11	11	0	0
Timber logs	13	2	11	0	12	11	1	0	2	18	0	0
Cotton	2	3	10	0	1	10	10	2	4	2	8	0
General cargo & foodgrains	9	14	2	0	7	11	0	9	11	11	0	0
v Bombay to Kutch & Kathiawar North (Okha, Bedi, Navlakhi).												
Cotton piecegoods	13	0	7	0	10	5	0	13	0	14	8	0
General cargo	13	0	7	0	10	5	0	13	0	14	8	0
Coal	13	15	0	0	11	1	0	13	11	15	8	0
vi Malbar to Kathiawar Ports.												
Timber logs	40	7	3	2	0	4	2	8	5	45	0	0
Timber scantlings	26	15	6	1	5	6	1	11	0	30	0	0
Tiles	40	7	3	2	0	4	2	8	5	45	0	0
Coir	22	7	8	1	1	11	1	6	5	25	0	0
General cargo	22	7	8	1	1	11	1	6	5	25	0	0

Note 1:- The above rates are per ton, weight or measurement, according to the nature of the cargo except in the following cases:-

(i) Cotton .. per bale of about 400 lbs.
(ii) Timber (logs & scantlings) per ton of 50 cubic ft.
(iii) Wood .. per bale of about 500 lbs.
(iv) Hay -- per bale.
(v) Bricks .. per 1000.
(vi) Loose cocoanuts in husk .. per 1000.
(vii) Charcoal .. per ton of 100 cubic feet.
(viii) Tiles .. per 1000,
(ix) Coconuts in shell .. per bag of 100 to 380 according to the size of the cocoanuts.

Note 2:- The rates of total freight are exclusive of lighterage and shore-rase handling charges but inclusive of charges for bailding or breaking the storage.

હુ ઓ. નં. ૬૬. ઠરાવ.

રા. રા. માણેકલાલ ચંદુલાલને આસી. રેવીન્યુ કમીશ્નર તરીકે કોરી ૬૦૦-૫૦-૮૦૦ના ગ્રેડમાં કોરી ૬૦૦ છસોના આસીક દરજ્જાથી નીમવામાં આવે છે.

તેમનો ચીઠી ખાતા ઉપરનો ચાર્જ હાલે રા. મેહતાલાલ હરીદાસે સંભાળવો અને તેમને ચાલતા ધોરણ પ્રમાણે તે જગ્યાનું ચાર્જ એલાઉન્સ મળશે.

આ ઠરાવનો અમલ વૈશાખ સુદ ૩ સં. ૨૦૦૧ થી કરવાનો છે.

ઉપર પ્રમાણે ખુદાવિંદ મહારાજશ્રીની હજુર આલેજા હજુરથી ફરમાન થયું છે.

બીજા ચૈત્ર વદ ૬ ફરવાર સં. ૨૦૦૧ તારીખ ૨-૫-૪૫.

J. J. Ashar,
for દિવાન-કચ્છ.

ડી. સી. એસ. નં. ૨૪૩૨ નોટીફીકેશન

નોટીફીકેશનના ડી.સી.એસ.નં.૨૦૮૪થી શ્રી કચ્છ રાજ્યને લાગુ કરવામાં આવેલા સને૧૯૪૪ના હોર્ડીંગ અને પ્રોસીડીંગ્સ ઓફ કોર્ટ ઓફ વોર્ડ્સ ઓફ કચ્છ સ્ટેટ ક્લમ '૩" ની પેટા કલમ 'સી' બાબત શ્રી કચ્છ રાજ્ય તરફથી ઇલેક્ટ્રીક બલ્બસના જે ભાવ ભાવ નક્કી કરવામાં આવ્યા છે તેમાં ફેરફાર કરી ઇલેક્ટ્રીક બલ્બસના ભાવ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે. બાકીના ભાવ ઉપરોક્ત નોટીફીકેશન પ્રમાણેજ રહેશે.

ઇલેકટ્રીક બલ્બસ.

બલ્બની જાત	વોલ્ટેજ	વોટેજ	રીટેલ કીંમત રૂ. -આ.- પા.	રિમાર્કસ
કોસમોસ એન્ડ રેડીઓ	૨૩૦ અને ૧૧૦	૫	૧—૧૪—૯	બી. સી. વેક્યુમ કલીયર
,,	,,	૧૦	૧—૧૪—૯	,,
,,	,,	૧૫-૨૦-૨૫-૩૦	૧—૧૨—૦	,,
,,	,,	૪૦	૧—૧૪—૯	,,
,,	,,	૫૦	૨— ૨—૦	,,
,,	,,	૬૦	૨— ૨—૦	,,
,,	,,	૩૦	૨— ૨—૦	બી. સી. ગેસફીલ્ડ કલીયર
,,	,,	૪૦	૨— ૬—૦	
,,	,,	૬૦	૨— ૫—૩	,,
,,	,,	૭૫	૨—૧૩—૦	,,
,,	,,	૧૦૦	૩— ૯—૦	,,
,,	,,	૧૫૦	૫—૧૨—૦	,,
,,	,,	૨૦૦	૮— ૭—૬	,,
,,	,,	૩૦૦	૧૦—૧૫—૦	,,
				,,

ઉપર પ્રમાણે ભાવો જે રૂપીઆમાં નક્કી કરવામાં આવ્યા છે, તે બાબતમાં હજુર ઓર્ડર નાં. ૪૧૬ તા. ૨૦-૧૧-૪૪ ના હુકમ અનુસાર જે વેંચાણ કોરીમાં કરવાનું હોય તે પણ બજાર ભાવે ઉપરના નક્કી કરેલા ભાવની કોરી ગણી તે પ્રમાણે વેંચાણ કરવાનું છે.

દીવાન ઓફીસ,
તા. ૨-૫-૪૫.

J. J. Ashar,
for દીવાન-કચ્છ.

ડી. સી. એસ. નાં. ૨૪૧૭/૧૯૪૫ **નોટીફીકેશન**

શ્રી કચ્છ રાજ્યમાં કાપડનું વિતરણ સારી રીતે થાય તથા કાપડ સર્વને યોગ્ય ભાવે મળે અને કાળાં બજારો થતાં અટકે એ ઉદેશથી ખુદાવિન્દ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે:

૧. તા. ૧લી જુન, સને ૧૯૪૫ અને ત્યાર બાદ કચ્છ રાજ્યમાં કાપડના કોઇ પણ પ્રકારનો વેપાર કરનારે રા. રા. ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ સાહેબથી કાપડના વેપાર કરવા બાબતનો પરવાનો મેળવવો પડશે. આ પરવાનો કાંઇ પણ ફી લીધા વગર આપવામાં આવશે અને આ પ્રમાણે પરવાના વગર કોઈ શખ્સ કાપડનો વેપાર કરી શકશે નહિં. આ પરવાનો દરેક વેપારીએ પોતાની દુકાનમાં મહત્વની જગ્યાએ ચોંટાડવો પડશે અને ફેરીઆઓએ આ પરવાનો પોતાની સાથે રાખવો પડશે.

૨. ઉપરની કલમ ૧ માં જણાવ્યા પ્રમાણે પરવાનો ધરાવનાર સિવાયના વેપારી કાપડનું જથાબંધ વેંચાણ ફક્ત બીજા પરવાના ધરાવનાર વેપારી સિવાય બીજા કોઈને કરી શકશે નહિં. પોતાના કુટુંબ વિગેરેના અંગત ખાનગી ઉપયોગ સારૂ યોગ્ય પ્રમાણમાં જથ્થાબંધ કે છુટક કાપડ ખરીદનારને કાપડનું વેંચાણ કરવા આથી પ્રતિબંધ આવશે નહિં. પણ વેપાર અર્થે કાપડ ખરીદનારને વેંચવામાં આ પ્રતિબંધ લાગુ પડશે.

૩. દરેક જાતનાં કાપડનાં વેંચાણ સારૂં ડુપ્લીકેટ વેંચાણ આંકડો-(Cash memo)-રાખવો પડશે. કાપડનો છુટક તથા ઉધાર કે રોકડ વેંચાણનો આ પ્રમાણે વેંચાણ આંકડો-(Cash memo)- રાખ્યા સિવાય કાપડનું વેંચાણ કરી શકાશે નહિં.

૪. આ વેંચાણ આંકડામાં સીરીયલ નંબર, તારીખ, ખરીદનારનું પુરૂ નામ અને સરનામું, કાપડની જાત તેના માર્કા સહિત, કાપડની જે કિંમત લેવામાં આવી હોય તે તથા વેંચનારની સહી એટલી હકીકત લખવી પડશે.

૫. હાલ કચ્છ રાજ્યને કાપડનો જે કવોટા મળ્યો છે અને હવે પછી જે કવોટા મળશે તે ઉપર કચ્છ રાજ્યમાં કાપડની છુટક વેંચાણ કિંમત રા. રા. ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ તરફથી છાપવામાં આવશે. આ પ્રમાણે છાપેલી કિંમતથી વધુ કિંમત કોઇ લઈ શકશે નહિં. સરહદ કિંમત રૂપીયામાં

છાપવામાં આવશે પણ તે બાબત ખરીદનાર પાસેથી કોરી કે રૂપીઆ લેવા તે બાબત શ્રી હજુર ઓર્ડર નાં. ૪૨૬ તારીખ ૨૦–૧૧–૪૪ વાળાનો અમલ કરવાનો રહેશે.

૬. ઉપર પ્રમાણે જે છેડા ઉપર વેંચાણ કિંમત છાપવામાં આવી હોય તે છેડો સહુથી છેલ્લો વેંચી શકાશે એટલે કે જે છેડા ઉપર વેચાણ કિંમત છાપવામાં આવી હોય તેથી બીજા છેડાથી વેચાણ કરવું પડશે.

૭. હાલ સુતરાઉ કાપડનો જે જથ્થો વેપારીઓ પાસે હોય તેના ભાવ બાબત એમ ઠરાવવામાં આવે છે કે જથ્થાબંધ વેપાર કરનાર પોતાની પડત કિંમત ઉપર વધુમ વધુ સવાબ્ટકા અને છુટક વેચાણું કરનાર પોતાની પડત કિંમત ઉપર વધુમાં વધુ સાડા બાર ટકા નફો લઇ શકશે એથી વધુ નફો લઈ કાપડનું વેચાણ થઇ શકશે નહિં. આ ભાવનું ધોરણ વેપારીઓ પાસે હાલે જે જથ્થો હોય તેને લાગુ પડશે અને રાજ્ય તરફથી જે કાપડનો કવોટા હવે પછી આપવામાં આવે તેને આ ધોરણ લાગુ પડશે નહિં. અને તે બાબતનો ઉપરની કલમ ૫ અન્વયે છાપેલા ભાવે કાપડ વેંચી શકાશે.

૮. હાલ કાપડનો જે જથ્થો હોય અને હવે પછી રાજ્યને કાપડનો જે જથ્થો મળે અને જે વેપારીઓને વહેંચવામાં આવે તે બન્નેના જુદા જુદા વેંચાણ આંકડા-(Cash memo)-રાખવા પડશે.

૯. ઉપર મુજબની કોઇ પણ કલમનો ભંગ કરનાર દરેક ગુન્હા સારૂં કોરી ૫૦૦૦, પાંચ હજાર સુધીના દંડને પાત્ર થશે અને વધુમાં જે કાપડ અંગે ગુન્હો થયેલ હશે તે જપ્ત થવાને તથા વેપારીનો પરવાનો રદ થવાને પાત્ર થશે.

૧૦. આ હુકમનો અમલ કરવાનો અને તેને અંગે થતા ગુન્હાઓની તપાસ કરવાનો અને ઉપરની કલમ ૯ અન્વયે સજા કરવાનો અધિકાર રા. રા. ડીરેકટર ઓફ સીવીલ સપ્લાઇઝને આપવામાં આવે છે. તેમના હુકમ ઉપર માસ ૧ એકની અંદર મે. રા. રા. દીવાનજી સાહેબ સમક્ષ અપીલ થઈ શકશે.

દિવાન ઓફીસ,
ભુજ, તા. ૩–૫–૪૫

J. J. Ashar,
for દિવાન-કચ્છ.

D. C. S. No. 2452 ઠરાવ

રા. સ. જા. નાં. ૧૧૭૪ વાળા ઠરાવથી કેરોસીનના છુટક વેંચાણ ભાવ કચ્છી શેર એકના દોકડા ૧૦ દશ રાખવામાં આવ્યા હતા પણ હાલના હુંડીના ભાવની દ્રષ્ટીએ બીજો હુકમ થતાં સુધી કેરોસીનના છુટક વેંચાણના ભાવ કચ્છી શેર ૧ એકના દોકડા અગીઆર રાખવાનું ઠરાવવામાં આવે છે.

દીવાન ઓફીસ
ભુજ, તા. ૫–૫–૪૫

જે. જે. આશર,
ફોર દીવાન કચ્છ.

જયુ. જા. નાં. ૪૬૮૧

વિષયઃ– સીતુગરાના સેવક વેલજી રણછોડની ફરીયાદ.

—— ૦૦૦ ——

યાદી

અંજાર તાલુકાના ગામ સીતુગરાના રહીસ સેવક પરશોતમ રામજીનું તાઃ ૧–૫–૪૫ના રોજની આગલી રાત્રે, અંજાર ગામે મૃત્યુ નીપજતાં મરનારના ભત્રીજા સેવક વેલજી રણછોડ તરફથી, તે મૃત્યુ અંજાર પોલીસના જુલમથી નીપજેલ હોવાનુ જણાવાઇ તે સબંધમાં તપાસ કરવા બાબત તાઃ ૧–૫–૪૫ના રોજ તારથી અરજ કરવામાં આવી જે પરથી ફરીયાદ ગંભીર પ્રકારની હોતાં તે બાબતની તાત્કાલીક તપાસ કરી રીપોર્ટ કરવા રા. રા પોલીસ કમીસ્નર તરફ તેમજ મરનારની લાશની મરણોતર તપાસ કરાવી રીપોર્ટ કરવા રા. રા. ચીફ મેડીકલ ઓફીસર તરફ, તાર મળતાંની સાથેજ તેજ વખતે લખવામાં આવ્યું જે જાનવર તેજ દીવસે રા. રા. પોલીસ કમીસ્નર તરફથી જાતે સ્થાનીકે જઇ પુરતી તપાસ કરવામાં આવી અને રા. રા. ચીફ મેડીકલ ઓફીસર તરફથી પણ તેજ દીવસે જાતે સ્થાનીકે જઇ મરનારની લાશ સબંધમાં ડોકટરી તપાસ કરવામાં આવી.

આ રીતે રા. રા. પોલીસ કમીસ્નર તેમજ રા. રા. ચીફ મેડીકલ ઓફીસર એ બંને અધીકારીઓ તરફથી જાતે પુરતી તપાસ થયા બાદ રા. રા. પોલીસ કમીસ્નર તરફથી આવેલ રીપોર્ટ તથા લાશની મરણોતર તપાસના રીપોર્ટની હકીકત ધ્યાનમાં લીધી તો મરનારનું મૃત્યુ અંજાર પોલીસના જુલમથી નીપજેલ હોવાની હકીકત સત્ય હોવાનું નીકળતું નથી.

રા. રા. પોલીસ કમીસ્નર તરફથી આવેલ રીપોર્ટ તથા તે સાથેના તપાસના કાગળો ધ્યાન પર લેતાં મરનાર તેનું મૃત્યુ થયાના દીવસે સીતુગરાથી ગાડાં પર અંજાર આવેલ હોવાનું નીકળે છે. મરનાર વૃદ્ધ ઉંમરનો માણસ હતો અને આ રાતે તડકામાં ખુલ્લાં ગાડામાં સીતુગરાથી અંજાર આવેલ હોય તેવા સંયોગોમાં તેની

વૃધ્ધાવસ્થા તેમજ નબળાઇનાં કારણે તેના મગજમાં ગરમી ચડી જતાં મગજના રકતસ્રાવ અને તેના કારણે હૃદયનું બંધ પડી જવું, એ કારણે મરનારનું મૃત્યુ થએલ હોવાનું જણાય છે. મરનાર રા ફોજદારને, એમના ઘેર અગરતો પોલીસ ઓરીશમાં મળેલ હોવાની હકીકત પણ નીકળી નથી, વળી લાશની મરણોતર તપાસના રીપોર્ટમાં પણ મરણના કારણ તરીકે Apoplexly i. e. hemarrhage in brain & heart failureનું કારણ દર્શાવવામાં આવેલ છે. રા. રા ચીફ મેડીકલ ઓફીસર તરફથી પણ આ રીપોર્ટ સબંધમાં ખાત્રી કરવામાં આવેલ હોવાનુ જણાય છે. આ મરણોતર તપાસના રીપોર્ટમાં લાશના શરીર પર મરણથી અગાઉની કોઇ ઇજા ન હોવાનું પણ દર્શાવવામાં આવેલ છે રા. મેજીસ્ટ્રેટ રૂબરૂનાં પંચનામામાં પણ લાશના શરીર પર જોરજુલમનાં કાંઈ નીશાન ન હોવાનું દર્શાવવામાં આવેલ છે. આ પ્રમાણે તમામ હકીકત ધ્યાન પર લેતાં મરનારનું મૃત્યુ પોલીસના કોઇ જુલમના પરીણામે નીપજેલ હોવાનું નીકળતું નથી જેથી અરજદાર સેવક વેલજી રણછોડની અરજ ખોટી હોવાનું ઠરાવવામાં આવે છે.

રા. રા. પોલીસ કમીશ્નર તરફથી અરજદાર વિરૂધ્ધ ઇન્ડીયન પીનલ કોડની કલમ ૨૧૧ મુજબ કામ ચલાવવાની પરવાનગી મળવા સબંધની કરવામાં આવેલ માંગણી સબંધમાં જોતું તો અરજદાર તરફથી પોલીસ વિરૂધ્ધ કરવામાં આવેલ આક્ષેપો ગંભીર પ્રકારના છે અને તપાસના પરીણામે આ આક્ષેપો સત્ય હોવાનુ નીકળેલ નથી. આવી રીતે કોઇપણ ખાતાં વિરૂધ્ધ કાંઇપણ કારણ વિના ગંભીર પ્રકારના ખોટા આક્ષેપો કરવામાં આવે એ ચલાવી લેવા જેવું જણાતું નથી અને આવા ગંભીર પ્રકારના આક્ષેપો બીનજવાબદારપણે થતા અટકાવવાની ખાસ જરૂરીયાત હોઇ પોલીસ ખાતાંની માંગણી મુજબ અરજદાર સેવક વેલજી રણછોડ વિરૂધ્ધ ઇન્ડીયન પીનલ કોડની કલમ ૨૧૧ મુજબ કામ ચલાવવાની પરવાનગી આપવામાં આવે છે.

બીજા ચૈત્ર વીદ ૧૧ મંગળવાર શાં. ૨૦૦૧. તા: ૮ ૫-૪૫

શ્રી દિવાન ઓફીસ,
જયુડીશીયલ બ્રેન્ચ.

J. J. Ashar,
ફોર, દિવાન-કચ્છ.

પો. અં. જા. નાં. ૩૩૮. જાહેર ખબર

એજન્સી લેટર નાં. બી. એમ ૨-૧ તા: ૧૯-૪-૪૫ વાળો આવ્યો છે તેમાં યુનાઇટેડ કીંગડમ જનારા મુસાફરોની તંદુરસ્તીની જરૂરીયાત સબંધમાં લખે છે કે આવા દરેક શખ્સ પાસે તાજેતરમાં શિતળા કઢાવ્યાનું તથા કોલેરાની રસી મુકાવ્યાનું સર્ટીફીકેટ હોવું જોઇએ ઇજા મટેના મુસાફરોના શિતળાનાં સર્ટીફીકેટમાં એવું હોવું જોઇએ કે શિતળા સદરહુ દેશમાં દાખલ થયાની તારીખથી ૨૧ દીવસ પહેલાં કઢાવ્યાં છે અને બે વર્ષની મુદતથી પહેલાંનાં નથી. કોલેરા સબંધમાં દરેક દેશોને ૭ દીવસ અને ૭ માસની મુદત ઠરાવી છે.

આ ખબર સર્વ મુસાફરોની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પોલીટીકલ બ્રેન્ચ,
તા: ૨૭-૪-૪૫.

J. J. Ashar,
ચીફ સેક્રેટરી.

પો. અં. જા. નાં. ૩૪૦ જાહેર ખબર.

એજન્સી તરફથી નાં. આર. એમ: ૩-૧ તા. ૧૯-૪-૪૫ વાળો એક્ષપ્રેસ લેટર અત્રે આવેલ છે તેમાં જણાવે છે કે સીલોને શિતળાને લીધે વિઝાગાપટમમાંથી દરેકને તેમજ હવાઇ માર્ગે આવનારાઓ સામે કોરનટાઇનનો પ્રતિબન્ધ મુકેલ છે.

આ ખબર સર્વ મુસાફરોની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પોલીટીકલ બ્રેન્ચ,
તા: ૨૭-૪-૪૫.

J. J. Ashar,
ચીફ સેક્રેટરી.

મહારાજા ધીરાજ મીરજા મહારાઓ શ્રી ૭ વીજયરાજજી
સાહેબ સાવાઇ બહાદુર
શ્રી વરિષ્ટ કોર્ટથી
તા. ખા નાં. ૮૫૯ સંવત ૨૦૦૧

ઠા. જેરામ કરશન માંડવી વાદી
વસંતકુમાર નરોતમની કુલનાં નામથી વહીવટ કરનાર ત્થા માલીકો ૧ ભાટીઆ ઠા. લક્ષ્મીદાશ રણછોડદાશ અંજાર ત્થા મીસ્ત્રી કાનજી રાજાભાઇ અંજાર } પ્રતિવાદી

વજવણી દાવો કોરી ૧૦૮૦॥ ત્થાશા- ૨૪૯૩॥ ત્થા હવે પછીનું મુકદમા ખર્ચ ત્થા ચડતું વ્યાજ વિગેરે મળવા ભાટીઆ ઠા. લક્ષ્મીદાશ રણછોડદાશ રે. અંજારના હાલ કોચીન ને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર પર વાળો સંવત ૧૯૯૭ના માગશર સુદ ૭ ના રોજે આ કોર્ટમાં તેમજ શ્રી હજુર અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે અપીલેન્ટની અપીલ અશત મંજુર નીચેની કોર્ટનો ઠરાવ સુધારી બન પ્રતિવાદીઓ વિરૂદ્ધ એક તરફી હુકમનામું કરી આપવામાં આવે છે અને બાકીનો નીચેની કોર્ટનો ઠરાવ બહાલ રાખવામાં આવે છે મંજુર થએલ અપીલનુ ખર્ચ રીસ્પોડેન્ટને શીર. રીસ્પોન્ડેન્ટનું ખર્ચ તેમને પોતાને શીર શદરહુ ઠરાવ પ્રમાણે રૂા ૧૫૨૮)= ત્થા રૂા ૬૯૫॥ વ્યાજના ત્થા કોરી ૮૫૦॥ તામીલ સાથે ખર્ચની કોરી ૨૩૦। એ રૂા. ૨૪૯૩॥ ત્થા કોરી ૧૦૮૦॥ થઇ તે ત્થા હવે પછીનુ તામીલ ખર્ચ ત્થા ચડતું વ્યાજ વાદીને મળવા તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા

વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી રોજ ૩૦માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિ તો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

સંવત ૨૦૦૧ ના માહા વીદ ૧૩ વાર શની મુ ભુજ

પરમાર ધનજી લખુભાઇ

મે આશી જજ વરિષ્ટ કોર્ટના હુકમથી

નાજર ડી. શ–

D C. S. No. 2444 **જાહેર નોટીસ**

આથી શ્રી કચ્છ રાજ્યના ખેડુતોને ખબર આપવામાં આવે છે કે હાલે કચ્છ રાજ્યને ખેતીવાડીનાં ઓજારો માટે લોખંડનો જે કવોટા મળેલો છે તે પૈકીનો માલ ભુજ, માંડવી. અને અંજાર એમ ત્રણ સેન્ટરોએ આપવામાં આવશે સબબ જે ખેડુતોને લોખંડની જરૂરીઆત હોય તેમણે પોતાની માગણી યોગ્ય ખાત્રી સાથે અમારી તરફ મોકલી આપવી, જે ઉપરથી અમારા તરફથી ઉપરોક્ત સેન્ટરો ઉપરની પરમીટો કાઢી આપવામાં આવશે.

ડી. સી. એસ. ઓફીસ
ભુજ. તા. ૫–૫–૪૫,

K. H. Desai,
ડાયરેકટર ઓફ સીવીલ સપ્લાઇઝ.

મહારાજા ધિરાજ મીરઝાં માહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર

શ્રી માંડવી દિવાની કોર્ટ તરફથી

ખા. દી. કામ નં. ૧૮૮ શાં. ૨૦૦૧

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૨ મુજબ.

મેતા કાન્તીપ્રસાદ ચંદ્રશંકર અંતાણી વિગેર ભુજ } વાદી

ભટ ગંગારામ વેલજી વિગેર માંડવી. પ્રતિવાદી

દાવો જગ્યા છોડાવી અપાવવા

માંડવીના ગીરનારાની નાતના તમામ શખ્સોને ખબર આપવામાં આવે છે કે આ વાદીઓએ આ પ્રતિવાદીઓ પર દાવો કરી માંડવીની ગીરનારાની નાતના વેવટ કરનાર તરીકે ઠાકર કલ્યાણજી હરીશંકર તથા ભટ ગંગારામ વેલજી તથા મેતા રવીશંકર દયાશંકરને પ્રતિમાં દાખલ કરી પ્રતિઓ વિરૂધ આ દાવો ચલાવવા દેવાની પરવાનગી મળવા તથા ગીરનારાની નાતને આ દાવો થયાની નોટીશ અપાવવા અરજ કરતા તે અરજ તેની મંજુર થયેલ છે વાસ્તે ગીરનારાની નાતના તમામ શખ્સોને ખબર આપવામાં આવે છે કે જે શખ્સોને આ દાવામાં દાખલ થવા ઇચ્છા હોય તેવા શખ્શોએ શાં. ૨૦૦૧ના વૈશાખ શુદ ૭ સુકરવાર રોજ હાજર થઇ પક્ષકારમાં દાખલ વિશે કાયદેશર અરજ કરવી નહીતર મુદત વિતે કાયદેશર થશે.

બીજા ચઇત્ર સુદ ૨ શની ૨૦૦૧

જીવરામ જાદવજી,

માંડવી ન્યાયાધીશ ભુ. સ.

જાહેર ખબર

નંબર ૧૯૨૬.

સવ લોકોને ખબર આપવામાં આવે છે કે નાની ખાખરના શા. નાગજીભાઇ ગણપતે પોતાની જગ્યાનો ભાડુત પંચોળી ભાનુરાય રાજારામ જગ્યાને તાળુ આપી ભાગી ગયેલ છે અને તેનો કશો પતો નથી એથી એવું ઇકરાર પર જાહેર કરી પોતાની જગ્યા દેશ શિરસ્તા સંગ્રહની કલમ ૫૦૭ મુજબ કબજે મળવા અરજ કરી છે માટે ભાડુત ભાનુરામ રાજારામે અગર તેના વંશ વારશ જે હોય તેણે આ જાહેર ખબર છપાયાની તારીખથી એક માશની અંદર હાજર થઇ આંહી જાહેર કરવું નહિતર કાયદેશર જગ્યાનો કબજો સોપવામાં આવશે.

બી. ચૈતર સુદ ૧૨ સોમે સં. ૨૦૦૧.

જીવરાજ ઓનજી,

માંડવી ફ. ક. મા.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર

શ્રી અંજાર અદાલત નાં. ૨૮૫

ખા. દી. તામીલ કામ નાં. ૧૦૦ શાં ૨૦૦૧

ખોજા ગુલામહુસેન લાલજી આંબેડી વાદી

ધાંચી મુસા મમુ વીગેર આંબેડી પ્રતિવાદી

બાબત

હુકમનામાની તામીલ થવા

આંબેડી મધ્યે ધાંચી મુસા મમુ અને જુસા તથા બાબુના વાલી મુસા મમુ ને માલમ થાય જે આ વાદીએ શાં. ૨૦૦૧ ના શ્રાવણ સુદ ૭ રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૨૮૮૦ ના મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરવી નહીંતો કાયદેશર થશે.

મિતી બી. ચૈત્ર સુદ ૧૩ બુધવાર શાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ

મે. અંજાર ન્યાયાધીશસાહેબના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર

શ્રી અંજાર અદાલત, નાં. ૫૬૫

ખા. દી. કામ નાં. ૮૯ શાં. ૨૦૦૧

ભા. ઠા. ભગવાનદાશ જાદવજી અંજાર વાદી

આહેર લોખીલ જેસંગ શવા નાનીખાખર પ્રતિવાદી

બાબત

કોરી ૨૦૦૨ મળવાનો

નાનીખાખર મધ્યે આહેર લોખીલ જેસંગ શવા ને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર મુદ્દો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે અ. કોર્ટમાં સવારના ૭॥ વાગેથી આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી ૧૫ દીવશની અંદર

અને સાર પછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહીતો કાયદેશર થશે.

મિતી બી. ચૈત્ર વીદ ૩ સોમવાર શાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ
મે. અજાર ન્યાયાધીશ-
સા-હુ થી.

મહારાજા ધિરાજ મરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી અંજાર અદાલત નાં. ૬૦૮
ખા. દી કામ નાં ૯૦ શાં. ૨૦૦૧
લોહાણા ઠા. લક્ષ્મીદાશ તુલસીદાશ ખેડોઇ વાદી
લોહાણા ઠા. માધવજી કુંવરજી વી. ખેડોઇ પ્રતિવાદી
બાબત
કોરી ૭૫૦) મળવાનો

ખોડોત્ર મધ્યે લોહાણા ઠકર માધવજી કુંવરજી ને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદહું દાવા કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં સવારના ૭॥ આ સમન્સ થી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી ૧૫ દીવસની અંદર અને સાર પછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહીં તો કાયદેશર થશે.

મિતી બી. ચૈત્ર વીદ ૩ સોમે શાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ
મે. અંજાર ન્યાયાધીશ સા. હુ થી

મહારાજા ધીરાજ મી ઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
અંજાર દી. કોર્ટ.
ખા. દી. કામ નંબર ૨૬૭ સં ૨૦૦૧.
ક. દી. હા.ની કલમ ૨૨ મુજબની નોટીશ
સુતાર કુંવરશી સુરાજી અંજાર હાલે કરાચી વાદી
વિરૂધ્ધ

શ્રી અંજાર મેમણ જમાતના વહીવટ કરનાર
૧ મેમણ અબ્દુલ કાદર હાજી વલીમામદ અંજાર
૨ મેમણ ઇબ્રાહીમ ઇશા એજ
૩ મેમણ દાદા નુરમામદ એજ
૪ મેમણ ઇબ્રાહીમ અમા એજ
૫ મેમણ હારૂન જાફર એજ
૬ મેમણ અબ્દુલા એ.શમાણ એજ
૭ મેમણ હાશમ આદમ એજ
૮ ઠ ધરમશી તથુ એજ
૯ મેમણ હારૂન અમા એજ
૧૦ મેમણ ઉકા ઉર્ફે જાફર સાલેમામદ એજ
પ્રતિવાદીઓ

દાવો જગ્યા વગોડાવવાનો.

આ કામના વાદીએ શ્રી અંજાર મેમણ જમાતના વહીવટ કરનાર તરીકે આ પ્રતિવાદીઓ ઉપર દાવો કરેલ છે અને કચ્છ દીવાની કાયદાની કલમ ૨૨ મુજબની અરજ ગુજારેલી છે માટે શ્રી અંજાર મેમણ જમાતના તમામ શખ્સોને આથી ખબર આપવામાં આવે છે કે જે શખ્સોને આ દાવામાં પ્રતિવાદી તરીકે દાખલ થવા ઇચ્છા હોય તેવા તમામ શખ્સોએ આ નોટીશ છપાયાની તારીખથી દીવસ ૧૫) પંદરની અંદર કોર્ટના ટાઇમે સવારના ૭॥ વાગેથી હાજર થઇ અરજ કરવી નહીતર મુદત વીતે કાયદેસર કરવામાં આવશે.

બા. ચઇત્ર વીદ ૭ શુક્રે સં ૨૦૦૧

Harilal C. Jethi,
અંજાર ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરજા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
નંબર ૭૩૬
શ્રી મુંદ્રા કોર્ટ.
ખા. દી. કામ નં. ૧૬૭ શં. ૨૦૦૧.
શા. ઉમરશી જેઠા રે. પત્રી વાદી
શા હરશી ઉર્ફે મીઠુ ખીશી વીગેરે રે. પત્રી પ્રતિવાદી
દાવો રૂપીઆ ૧૨૧૨) મળવા બા.

પત્રી તે હાલે મુંબઇના મારજીનમાં લખ્યા શખ્સોને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આંહી કોર્ટમાં ૨૦૦૧ના વૈશાખ શુદ ૧૪
૧ શા. કુંવરજી ખીશી
૨ શા. પોપટ ખીશી
૩ શા. પ્રેમજી મેકણ ઉર્ફે મેગજી આશારેઆ.
શુક્રેના રોજ સવારના ૭॥ વાગેથી હાજર થાવું નહીંતર કાયદેસર થશે.

એ રીતે મી. ચૈત્ર શુદ ૧૪ બુધે સં. ૨૦૦૧

N. D. Mehta,
મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
મ હુ નાં ૧૭૪
શ્રી ભચાઉ અદાલત તરફથી
ઠા જગજીવન ગોકલની વાલીમા ચાંપુબાઈ આંબલીઆરા વાદી
જાડેજા પ્રભાતસંગજી દજુભા વી એજ પ્રતીવાદી
દાવો તામીલ થવા

ગુજરાત મધ્યે આંબલીઆરાના મારજીનમા લખ્યા શખ્શીને માલમ થાય જે વાદોની તામીલ તમે કરી નથી
૧ જાડેજા પ્રભાતસંગજી દજુભા
૨ જાડેજા સહેબજી દજુભા
માટે આ અદાલતનો બીજો હુકમ થતાં સુધી તમારો આંબલીઆરાનો ગામ ગરાસ તમારા ભાગનો વેચાણથી બક્ષીસથી કે બીજી કોઇ રીતે કોઇને આપી દેવાની મનાઇ કરવામાં આવે છે તેમજ એ ગરાસ તમારા પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતીબંધ છે એમ સમજવું

પ્રથમ ચઇતર વિદ ૦)) સા ૨૦૦૧

Narottam D. Mehta
ભચાઉ ન્યાયાધીસ

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી
નો. ના ૧૦૯૮

સોની ડાયા વાઘજી વેંધ વાદી
ઠા ડોશા માવજી વી ભચાઉ પ્રતીવાદી

દાવો તામીલ થવા

કરાંચી મધે ઠા જેરામ રતનશીને માલમ થાય જે વાદીએ તમારા પર કરેલ દાવાનાં સાં ૨૦૦૧ના શ્રાવણ વિદ ૩ ના ખુલાસા મુજબ મુકદમા ખર્ચ કોરી ૧૩૦ાની તામીલ થવા દરખાસ્ત કરીછે માટે આ નોટીશ ગેજેટમાં પ્રસીધ્ધ થયાથી ૧૫ રોજમાં તામીલ કરજો મુદત વીતે કાયદેશર થશે

પ્રથમ ચઇતર વિદ૦)) સા ૨૦૦૧
Narottam D. Mehta
ભચાઉ ન્યાયાધીસ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર

શ્રી ભચાઉ દીવાની કોર્ટ — ના ૧૧૦૮
ગાલા ભચુ ઉર્ફે શામજી વાલા રે લાકડીયા વાદી
રાઉમા અભરામ નાથા વીગેર રે. જુનાકટારીયા પ્રતીવાદી

દાવો લેણા બાબત

જુના કટારીયા મધે રાઉમા બાવાજી શગરામ તથા રાઉમા તુરમામદ તથા કાશુ શગરામ નાની ઉમરના હોવાથી તેઓના વાલી તેના શગાભાઇ રાઉમાં બાવાજી શગરામને માલુમ થાય કે વાદીએ તમ વીગેર પર દાવો કર્યો છે તેનો દાવાજવાબ આપવા માટે ગેજેટમા છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર તમે જાતે અથવા તમારા મુ. કે વકીલ મારફતે હાજર થાજો નહીતર મુદત વીતે કાયદેશર થશે

બીજા ચઇતર શુદ ૪ શોમે સા ૨૦૦૧
Narottam D. Mehta
ભચાઉ ન્યાયાધીશ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ખા. દી. તા. કા. નં. ૨૭૧ સં. ૨૦૦૧
નંબર ૩૮૪.
શ્રી રાપર દી. કોર્ટ.

મોરબીઆ ખેંગાર ડામજી રાપર વાદી
દોશી સરૂપચંદ હેમચંદ ફતેગઢ પ્રતિવાદી

દાવો ઠરાવથી કોરી ૨૯૧ાા મળવા

ફતેગઢના દોશી શરૂપચંદ હેમચંદને માલુમ થાય જે આ વાદીએ તમારા પર દાવો કરેલ જેનો ઠરાવ નામદાર શ્રી હજુર કોર્ટથી સને ૧૯૩૫ના માર્ચ તા. ૨૬ શં. ૧૯૯૧ની સાલે થયેલ છે તે મુજબ વાદી કોરી ૨૯૧ાાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીસથી કચ્છ રાજ્ય પત્રની અંદર છપાયાની તારીખથી માશ ૧ની અંદર વાદીના લેણાની તામીલ કરી પહોંચ રજુ કરજો મુદત વીતે કાયદેશર થશે.

બી. ચઇત્ર સુદ ૭ બુધવાર સં. ૨૦૦૧
Thakarshi P.
રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
નંબર ૧૪૬
ખા. દી તા. કામ નં. ૨ શં. ૨૦૦૧.

પંડયા લક્ષ્મીશંકર ગોપાલજી મંજલ વાદી
ઠ. ચત્રભુજ ખેતસી રવાપર પ્રતીવાદી

બાબત ઠરાવ પ્રમાણે તામીલ થવા

રવાપરના તે હાલે મુંબઇ મધે ઠ. ચત્રભુજ ખેતસીને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર દાવો કરતાં ખા. દી. કામ નં. ૬ શં. ૨૦૦૦ વાલા મુજબ વાદીએ કોરી ૩૭૫ા ચડતા ૦ાજે મળવાની તામીલ કરાવી દેવા વાદીએ દરખાસ્ત કરેલી છે માટે આ નોટીસ પહોંચેથી માશ ૧ એકની અંદર તામીલ પુરી કરી જશો નહીંતો કાયદેસર કરવામાં આવશે.

બીજા ચઇત્ર સુદ ૧૩ ભોમે શં. ૨૦૦૧
Kirtikishor A. Mehta,
નખત્રાણા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર.
નંબર ૧૦૫.
શ્રી નખત્રાણા અદાલત
ખા. દી. કામ નં. ૭૮ શં. ૨૦૦૧

કણબી લધા ગોપાલના વારશ પુત્ર
કણબી લધા રતના આંબારા } વાદી

વિરૂધ્ધ

કણબી મનજી હંશરાજ ગુજરી જતાં
તેના વારશ પુત્રો કણબી કરમશી મનજી
રે. આંબારા
કણબી રતના મનજી ઉગમણી કાદીઆય } પ્રતિવાદી

દાવો કોરી ૫૦) મળવાનો.

ગામ આંબારા તથા ઉગમણી કાદીઆયના કણબી કરમસી મનજી તથા કણબી રતના મનજીને માલમ થાય જે વાદીએ તમારા પર કોરી ૫૦) મળવાનો દાવો કરેલો છે જેનો દાવા જવાબ આપવા સારૂ ચાલતી સાલના વૈશાખ શુદ ૮ શનીના રોજે કોર્ટના ટાઈમસર તમારે જાતે અથવા તો તમારા કાયદેશરના મુખત્યાર મારફત હાજર થવું તેમાં તફાવત કરશો તો સદરહુ દાવાનો તમારા વિરૂધ્ધ એક તરફી નીકાલ આપવામાં આવશે.

મીતી બી. ચૈત્ર સુદ ૧૩ બુધે શં. ૨૦૦૧.
Kirtikishor A. Mehta,
નખત્રાણા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુરની
નંબર ૧૦૬.
શ્રી નખત્રાણા અદાલત
ખા. દી. કામ નં. ૧૯ શં. ૨૦૦૧
શેઠ મણીલાલ શાકરચંદ નખત્રાણા વાદી
વિ.
૧ મેગવાર હીરા લધા નખત્રાણા } પ્રતિવાદી
૨ મેગવાર વેલા હીરા એજ }

દાવો કોરી ૯૧૦૩ ચડતે વ્યાજે મળવા બાબત

નામ નખત્રાણાના તે હાલે સીધના મેગવાર વેલા હીરાને માલમ થાય જે વાદીએ તમારા પર કોરી ૯૧૦૩ મળવા બાબતનો દાવો કરેલો છે જેનો દાવા જવાબ આપવા સારૂ ચાલતી શાલના વૈશાખ શુદ ૮ શનીના રોજે કોર્ટના ટાઇમસર તમારે જાતે અથવા તો તમારા કાયદેશરના મુખત્યાર મારફત હાજર થવું તેમાં તફાવત કરશો તો શદરહુ દાવાનો તમારા વિરૂધ એક તરફી નીકાલ આપવામાં આવશે.

મીતી બી. ચૈત્ર શુદ ૧૩ બુધે શં. ૨૦૦૧

Kirtikishor A. Mehta,
નખત્રાણા ન્યાયાધીશ.

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજ ના મુસલમાન ખત્રી હારૂન ઉર્ફે લધા માંમદ તથા જકરીયા માંમદે ભુજના હીંદુ ખત્રી કુંવરજી મુળજી સુત હીરજી તથા આણંદજી વિ. કુંવરજી પાસેથી ખોરડાં ખત્રી ચકલામાં છે તે કોરી ૭૨૫૦)માં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ ખોરડાં ઉપર કોઇનું કંઇ હોણું હક હીસો હોય તેમણે ૧ માશની અંદર આંહીના કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યાબાદ કોઇનું કંઇ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

બી. ચૈત્ર વીદ ૧ શુકરે સં. ૨૦૦૧

Harilal N.,
ભુજ વહીવટદાર.

જાહેર ખબર
નં. ૨૨૦૨

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે રા. માંડવી વોટર પોલીશ ઇન્સપેકટર શાહેબની યાદ નં. ૧૧૯૮ બીજા ચૈત્ર સુદ ૧૦ શની સા. ૨૦૦૧ વાલા થી લખાઇ આવેલછે કે છછી બાંભડાઇ બાડા શામે ની દરીઆની રેલમાથી નીચે લખ્યા ઓલનો માલ લાકડાના કટકા નંગ ૨૦ વીશ તથા પરમણાઓ. એક અને ધવર એક એમ કુલ નંગ ૨૨ બાવીશ હાથ આવતાં તેની યોગ્ય વ્યવસ્થા થવા માટે અહી લખાઇ આવેલછે માટે શદરહુ માલ જેનુ હોય તેણે આ જાહેર નામાની તારીખથી એક માશની મુદતમાં આવી ખાત્રી પુરાવો આપી તથા શદરહુ માલના અંગે થએલ માડા ભાડું મજુરી વીગેરે ખર્ચ આપી લઇ જવો નહીતો મુદત વીત્યા બાદ તે માલનું જાહેર ચડાખડીથી વેચાણ કરી તેના ઉપજેલ પૈસાની રકમ શ્રી દરબાર દાખલ કરવામાં આવશે

૨૦૦ શાગલો ખડધો એક લાંબો ફુટ ૧૭ કીમત કોરી બસો

૫૦ જંગલી હેદનો કટકો એક લાંબો ફુટ ૧૧ કીમત કોરી પચાશ

૩૦ જંગલી હેદનો કટકો બીજો લાંબો ફુટ ૧૧ કીમત કોરી ત્રીશ

૨૫ જંગલી હેદનો કટકો ત્રીજો લાંબો ફુટ ૧૩ કીમત કોરી પચીશ

૭૦ જંગલી હેદનો કટકો ચોથો લાંબો ફુટ ૧૭ કીમત કોરી શીનતેર

૪૦ પાકાંગ ખડધો લાંબો ફુટ ૧૪ કીમત કોરી ચાલીશ

૭૫ જંગલી હેદનો કટકો એક લાંબો ફુટ ૧૬ કીમત કોરી પચોતેર

૩૦ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૧૩ કીમત કોરી ત્રીશ

૩૫ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૧૫ કીમત કોરી પાત્રીશ

૭૫ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૨૩ કીમત કોરી પચોતેર

૩૫ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૧૨ કીમત કોરી પાંત્રીશ

૪૫ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૧૭ કીમત કોરી પુશતાલીશ

૨૫ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૧૪ કીમત કોરી પચીશ

૨૦ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૯ કીમત કોરી વીશ

૩૦ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૧૩ કીમત કોરી ત્રીશ

૪૦ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૧૫ કીમત કોરી ચાલીશ

૪૦ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૧૪ કીમત કોરી ચાલીશ

૧૦૦ પાકા શાગનો ખડધો લાંબો ફુટ ૧૩ કીમત કોરી એકશો

૫૦ જંગલી હેદનો કટકો લાંબો ફુટ ૨૧ કીમત કોરી પચાશ

૭૦ પાકા શાગનો કટકો લાંબો ફુટ ૧૪ કીમત કોરી શીનતેર

૪૦૦ પાકો પુનેનો પરમણીઓ લાંબો ફુટ ૩૬ કીમત કોરી ચારશો

૧૦૦ વહાણને. ઘવર જુનો એક કીમત કોરી નિકરો
==

૬૫૮૫ એ રીતે કોરી પંદરસો પચ્યાશી આશરેનો માલછે

બીજા ચૈત્ર વીદ ૪ શોમે શાં ૨૦૦૧

તા. ૩૦-૪-૪૫

ત્રંબળદાસ ડેવશંકર
માંડવી વેવટદાર ભુ. શ.

જાહેર ખબર.

નંબર ૨૪૫૯

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે સીનોગ્રાના મીસ્ત્રી કરમસી ખોડલાઇની ફરીયાદ અંજારના મીસ્ત્રી પ્રેમજી લાવજીના વારસ પોત્રા ઓધવજી ઉર્ફે ઓધવદાસ ફેરજી ઉપરે દાવો નં. ૮૨ શાં. ૨૦૯૦ના લેણાના કામે અંજાર અદાલત તરફથી વાદીને પ્રતિવાદી કોરી ૪૯૯૩ આપે એમ ઠરતાં પ્રતિવાદીએ તામીલ નહીં કરતાં તેની અંજાર મધ્યે ચોરા ફલીય માંની જગ્યા ૧ કોરી ૨૩૦)માં જગ્યા ૨ કોરી ૧૧૦૦)માં ડેલો ૧ કોરી ૭૭૫માં મળી કોરી ૩૯૭૫) ત્રણહજાર નવસો પંચોતેરનાં વાદી સીનોગ્રાના મીસ્ત્રી કરમસી ખોડલાઇએ જાહેર લીલામથી વેચાણ થતાં તેની વાદીને મલે મંજુર થતાં વાદીને અંજાર અદાલત તરફથી જા. નં. ૧૭૭૧ મહા વીદ ૬ શની શં. ૨૦૦૧થી સ્થાવર મીલ્કતનું અધાટ વેચાણનું સર્ટીફીકેટ ત્રનના ખરીદનાર વાદી મજકુરે અધાટ વેચાણનું સર્ટીફીકેટ રજુ કરતાં તેનો છાપો થતા અત્રે રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનું કોઇ જાતનું લેણુ લેણું અગર હક્ક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું, નહીંતર મુદત વીતે છાપો થવા વિસે ઘટીત થશે.

બીજા ચૈત્ર શુદ ૧૦ શની શં. ૨૦૦૧.

લક્ષ્મીદાસ ગોકળદાસ,
અંજાર વહીવટદાર.

જાહેર ખબર હ. જા. નં. ૨૪૫૬

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના પટેલ જીવતમ સાહણે શાં. ૧૯૬૯ના કારતક વીદ ૯ના રોજ લખ્યા દસ્તાવેજથી અંજારના નદવાણા પાટક હરીશંકર નંદરાજની વાંધવા રેવાકુંવરબાઈ પાસેથી અંજાર મધ્યે જગ્યા ૧ છ કોટી વાણીઆઓના સ્થાનક પાસેની પાટક ડેલીની અંદર ઉત્તાદે બારવાલી રૂ. ૫૦૦) પાંચસોમાં બાડેઆંક અધાટ લીધેલ છે તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે છાપો થવા વીસે ઘટીત થશે

બીજા ચૈત્ર શુદ ૧૪ બુધે સાં ૨૦૦૧.

લક્ષ્મીદાસ ગોકલદાસ,
અંજાર વહીવટદાર

હ. જા. નાં. ૨૪૫૮ જાહેર ખબર

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના નદવાણા પાટક જાદવજી ખરભેરાયે શાં. ૧૯૯૧ના અષાડ સુદ ૧૦ના રોજ લખેલ દસ્તાવેજથી અંજારના મીસ્ત્રી પટેલ જીવરાજ સાંઠણ પાસેથી અંજાર મધ્યે જગ્યા ૧ છ કોટી વાણીઓના સ્થાન પાસેની પાટક ડેલીમાંની ઉત્તાદી બારણાવાલી કોરી ૨૨૫) બાવીસસો પચીસમાં આડેઆંક અધાટ વેચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે છાપો થવા વીસે ઘટીત થશે.

બીજા ચૈત્ર શુદ ૧૪ બુધે સાં. ૨૦૦૧.

લક્ષ્મીદાસ ગોકલદાસ,
અંજાર વહીવટદાર.

હ. જા. નાં ૨૪૫૭ જાહેર ખબર

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના લોહાણા ઠકર હીરજી તેજપારના વહીવટ કરનાર ઠકર ત્રીકમજી હીરજીએ સાં. ૨૦૦૧ના ફાગણ વીદ ૧૩ના રોજ લખેલ દસ્તાવેજથી અંજારના ખોજા અબદુલા કરીમ ખટાઉ તથા ગુલામઅલી કરીમ ખટાઉ તથા જાફરઅલી કરીમ ખટાઉ પાસેથી અંજાર મધ્યે હાટ ૧ કબ્જા હાઉસ સાથે આથમણી બજારમાં દખણદી લાઇન વાળું કોરી ૨૬૫૦૧) છવીસ હજાર પાંચસો એકમાં અધાટ વેચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલછે માટે સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે છાપો થવા વીસે ઘટીત થશે.

બીજા ચૈત્ર વીદ ૧ સુકરે સાં ૨૦૦૧.

લક્ષ્મીદાસ ગોકલદાસ,
અંજાર વેવટદાર.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ મ જયરાજજી સાહેબ સવાઈ બહાદુર
રા. મુંદરા વહીવટદાર તરફથી,

જાહેર ખબર

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદરાના ભાટીઆ ઠ. મુરજી મુરારજીએ મુદરાના ભાટીઆ ઠ. વીશનજી દામોદરની વીધવા ભુધીબાઇ પાસેથી જગ્યા ૧ ડેલીબંધ રૂપીઆ ૨૬૦૦) બેહજાર છસોમાં મુંદરા શહેર મધ્યે દખણાદી તરફ નીચે લખી ચતુર દીશા વાલી જગ્યા શં. ૧૯૬૬ના માગશર વીદ ૧૧ની મીતિના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખતાં તે દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીષ્ટર થઈ ગયો માટે આ ખાતે આવેલ છે માટે સદરહુ જગ્યામાં જેનો કઇ હક હીસો હોય તેણે આ જાહેરનામું પ્રસીધ્ધ થવાની તારીખથી એક માસની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે કોઇની પણ કાંઇ તકરાર સાંભળવા સીવાય સદરહુ જગ્યાનો બાધો કરી આપવામાં આવશે.

ચતુરદીશા

૧ ઉગમણી તરફ ઠ. પરશોતમ લાલજીની જગ્યાનું આંગણું છે તેમાં આ જગ્યાનો કરો છે.
૧ દખણાદી તરફ ઠ. પરશોતમ લાલજીની જગ્યા છે તેમાં આ જગ્યાની પછીત છે.
૧ આથમણી તરફ રાજમારગની શેરી છે.
૧ ઉતરાદી તરફ રાજમારગની શેરી છે તેમાં આ જગ્યાની ડેલીનું બારણું છે.
એ રીતે

બીજા ચઇત્ર શુદ ૫ શોમવાર સં. ૨૦૦૧.

Harilal N.
મુંદરા વહીવટદાર.

જાહેર સુચના.

નીચની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની મ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

મુંબઇ તા ૨૭-૩ ૧૯૪૫.

"શ્રી ક. વી. ઓ. જૈન બાળાશ્રમ કચ્છ કુમરાખાતે મેટ્રીક યા નોનમેટ્રીક શિક્ષકોની જરૂર છે પગાર લાયકાત પ્રમાણે આપવામાં આવશે. અનુભવ ઓળખાણ અને પ્રમાણપત્ર સહિત જણાવ્યા સ્થળે અરજી કરવી:—જે મંત્રીઓ, શ્રી ક. વી. ઓ. જૈન (કચ્છ કુમરા) બાળાશ્રમ, ઠે. શા. ગોવીંદજી ભારમલ કું., કલાવરોડ દાણાબંદર, મુંબઈ."

આણંદજી ગોવીંદજી શાહ લીલાધર પાસુ

ખાનગી જાહેર ખબર

હું, પલાંસવાના જોસી માનકુંવરબાઈ લાધા આથી જાહેર જનતાને ખબર આપુ છું કે મારા પીતા નામે લાધા જગુ માખેલમાં હતા તેઓ શાં. ૧૯૫૨ના અરસામાં ગુજરી ગએલ છે તેની પાછલ તેને કાંઇ પુત્ર સંતતી નહી હોવાથી હું તેની દીકરી એકજ વારસ છું અને મારા પીતાની મીલ્કતની કાયદેસર હકદાર પણ હું છું.

મારા પીતાએ અમુક પોતાનાં ઠામો ધનીક પાસે પૈશામાં ગીટાતેર મુકેલ છે તે પર વધારા લેવા કે છોડાવવા માટે ભુટકીઆના જોસી પોપટ રામજી તથા પલાસવાના જોસી જમનાદાસકાલીદાસ વીગેર તજવીજો કરે છે આ સક્ષોનો મારા પીતાની મીલ્કત પર કાંઇ પણ હક નહી હોવા છતાં ખોટી રીતે પૈસાલઈ ખાઇ જવા માંગેછે તેમજ મારા પીતાનો ગરાસ પણ ખોટી રીતે પચાવી પાડવા માંગે છે જેથી જાહેર જનતાને આથી ખબર આપું છું કે મારા પીતાની કાયદેસર વારસ હું છું જેથી મારા પીતાના ગરાસનો કોઇ પણ વહીવટ તે લોકોથી કરવો નહી કે વધારા પર તે લોકોને કાંઇ પણ રકમો આપવી નહીં છતાં કોઇ તેથી વીરૂધ્ધ રીતે વર્તસે તો તે પોતાને હીસાબે અને જોખમે છે હું કે મારા પીતાની મીલ્કત તે માટે જવાબદાર નથી.

એવી આથી જાહેર જનતાને ખબર આપું છું
શાં. ૨૦૦૧નાં પ્રથમ ચૈત્ર વીદ ૫ સોમવાર

જોસી માનકુંવરબાઇ લાધાની સહી
હા. ઠા. ઓધવજી રતનસી બાઇ માનકુંવરના કેવાથી.

ખાનગી જાહેર ખબર

હું કચ્છ માંડવીના ઠા. વેલજી શીવજી આથી જાહેર જનતાને જાણ કરૂં છુ કે મારો નાનો છોકરો ઠા. ગોવીંદજી વેલજી કે જેની ચાલ સારી નથી તેને મેં મારાથી છુટો કરેલ છે ને મારી માંડવીમાં કરીઆણાની દુકાન ઠા. માધવજી વેલજીના નામથી ચાલે છે એ તેમજ મારી બીજી

મિલ્કત મારી સ્વ કમાઈની છે અને તેમાં મારા પુત્રનો કાંઇ પણ હક્ક પોહચતો નથી અટલે ઠા. ગોવિંદજી વેલજી સાથે કોઈ પણ જાતની લેતી દેતી કે વહેવાર કોઈએ કરવો નહિ તે છતાં પણ કોઇ કરશે તો તેના હિસાબે અને જોખમે રહેશે તે માટે હું કે મારી મિલ્કત જવાબદાર નથી અને થશે નહિ તે સર્વેએ નોંધ લેવી. એજ

સાં. ૨૦૦૧ના બીજા ચૈત્ર સુદ ૫ સોમવાર

વેલજી શીવજીની સૈ દા. પોતાના

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે વિગોડીના પટેલ મનજી ખીમજીના પાવદાર પટેલ લધા હરજીએ વિગોડીના સોઢા રાયમલજી લખમણજી પાસેથી તેના ખેત્ર ખંડ ૧૬ ઓગણીસ વિગોડીની સીમના મારજીનમાં જણાવ્યા મુજબના વિટાંત્ર બંધી વરસ ૧૫ પંદરથી વ્હેંચાણ લેવાનું મજકુર સોઢા રાયમલજી લખમણજી થી સાટું કરેલછે તે ઠામો મારજીનમાં લખ્યા સ. ખ્સો પાસે વિટાંત્ર કબજેછે તે ઠામો ઉપર તેમના સિવાય કોઇનો કાંઇ પણ લેણો કે બોજો કે કોઇ પણ જાતનો હક કે બોજો હોયતો અમારા અસીલને નખત્રાણા તાલુકાના ગામ વિગોડી મધે અથવા અમારી ઓફીસે નખત્રાણા મુકામે શાં૨૦૦૧ નાવૈશાખ સુદ ૩ પહેલાં ખબર આપવા તો તે સબંધી યોગ્ય થઇ શકશે તે મુદત વીત્યા બાદ સદરહુ ગરાસનો રીતસરનો દસ્તાવેજ અંડાવી લઇ રજીસ્ટર કરાવી લેવામાં આવશે અને તે મુદત દરમ્યાન જો કોઇપણ બાબર કોઈના તરફથી અમોને આપવામાં આવશે નહિ તો તે ગરાશ ઉપર કોઇપણ જાતનો કોઇ પણ સખ્સનો હક કે બોજો નથી એમ ગણી વહેવાણ પાકું કરવામાં આવશે અને ત્યાર બાદ અમારા અસીલો કોઇ પણ જાતના લેણાના કે બોજાના કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહિ તેવા આથી સર્વેને જાણ કરવામાં આવે છે.

૧ ખેત્ર અજોર ઠણબી હરદાસ લધા પાસે વિટાંત્ર છે.
૨ ખેત્ર અજીઆઇ ગડાનીના શા. દેવકરણ જગનાથ વાલા પાસે વિટાંત્ર છે.
૩ ખેત્ર ખંડ ૧૭નીચે મુજબના જાડેજા ભોજરાજજી વેરાજી પાસે વિટાંત્ર છે.
૧ ખેત્ર અજોર દેવાજી વારો
૨ ખેત્ર ખરાવારો
૩ ખેત્ર છછ પછેર
૪ ખેત્ર મેકડી.
૫ ખેત્ર બેનઇયો
૬ ખેત્ર ધ્રમોડીયો
૭ ખેત્ર ખારો
૮ ખેત્ર માવાતર
૯-૧૦ ખેત્ર તલેવારા કટકા બે
૧૧ ખેત્ર જોડ
૧૨ ખેત્ર પાસાડો
૧૩ ખેત્ર લંકવારી ટુકરી સીખે
૧૪ ખેત્ર છીપરાવારો
૧૫ ખેત્ર ઝાંરે વારો
૧૬-૧૭ખેત્ર લોંટે વારોકટકાબે

બીજા ચૈત્ર સુદ ૫ મંગલવાર સં. ૨૦૦૧

જોશી જટાશંકર ગોકલદાસ

પટેલ મનજી ખીમજીના પાવરદાર

પટેલ લધા હરજીના વકીલ

ખાનગી જાહેર ખબર

હું કચ્છ અંજારનો લુહાણા ઠકર રાઘવજી અખઈ આ જાહેર ખબરથી જણાવું છું કે મારા દીકરા જમનાદાસ રાઘવજી ને મેં છેલા બે વર્ષ થયા મિલકત આપી નોખો કરેલ છે તેવુ છતા મારા શાભળવા પ્રમાણે મારા વિદ્ય શત્રુઓએ પડખે ચડી કોઇની ખોટી ઉસ્કેરી મને નુકશાન કરવાના ઇરાદે મારે ખાતે રકમો ઉપાડવાની તજવીજમાં પડયો છે માટે આથી શત્રુ લોકોને જાણ કરૂ છુ શદરહુ જમનાદાશને કાંઇ પણ રકમ આપી ધીરધાર કરવી નહી તેવુ છતાં કોઈપણ શખ્શ કાંઇ પણ જાતની ધીરધાર કરશે તો તેનો જોખમદાર તે પોતે થશે હુ કે મારી મિલ્કત જવાબદાર નથી એમ શઉએ આથી જાણવુ

બી ચઇતર વિદ ૩ સોમવાર સાં૨૦૦૧

ઠા. રાઘવજી અખઇની સઇ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર અબડાસા તાલુકાના ગામ ડુંમરાનાં શા વીરજી પાનુની ધરવાલીવેજબાઇ આથી જાહેર જનતાને ખબર આપું છું કે મારા પતીનાં વહીલો પાર્જીત મીલ્કતમાં રેણાકની જગ્યાએ ગામ ડુમરાના વાંઝા ફલીયાની ઊતરાદી મુઆડે છે તે તથા તેમાના વારાણ તથા રાચરચીલા ની મલીકી મારી સ્વતંત્રછે અને તે સંબંધમાં મારા પતીએ તો મીલ્કત પર પોતાનો હક છોડયાની ફારકતી શાં ૨૦૦૧નાં બીજા ચૈત્ર સુદ ૧૫ની મીતીની લખી આપી છે તેમજ રજીષ્ટર કરાવી આપી છે. એટલે તે જગ્યા વીગેરે મીલ્કત

પર મારા પતીનો કંઇ હક નથી માટે તે ઉપરવાળી જગ્યા પર કોઈએ મારા પતી શા વીરજી પાશુને ધીરધાર કરવી નહી તેમજ તેના પાશેથી બક્ષીસ પણ લેવી નહી. એમ છતાં કોઈ ધીરધાર કરશે તો તેને માટે મારી ઉપરવાળી જગ્યા કે તેમાંનું રાચરચીલું જવાબદાર રહેશે નહી જગ્યાની ચતુરદીશા નીચે પ્રમાણે છે

૧. પુર્વે શા થોભણ ઘેલાની જગ્યા છે

૨. ઉત્તરે થોભણ ગેલાની જગ્યા પર ત્થા ઉપર કહેલી મારી જગ્યા પર જવાનો રસ્તો છે.

૩. પશ્ચિમે શા નગજી માણકની જગ્યા છે

૪. દક્ષીણે સમ ઇબ્રહલાની જગ્યા છે.

એ રીતે

મીતી બી ચૈત્ર વીદ ૪ ભોમે શાં ૨૦૦૧

શા વીરજી પાશુની મરનારી વેજબાઇનો શાઈ દા. મુરજી કુવરજી બાઇના કેવાશી.

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિ ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સીવે આ વર્ષની કોરી ૨૪૩ સવા ચોવીસને છુટા ત્રણ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૯॥ લેવામાં આવશે મુદત વીત્યાપછી ભરે તો તેની પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥.

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ફ. ત્થા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીનાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH DARBAR GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL. 72] MAY 28th MONDAY 1945. [No 24]

[પુ૦ ૭૨] વૈશાખ વદિ ૨ સોમવાર સં. ૨૦૦૧ તા. ૨૮ મી મે સને ૧૯૪૫ [અંક ૨૪]

ઠરાવ.

શ્રી હ. ઓ. નં. ૧૩૦.

રા. ભુજ સદર જેલના જેલર હીરાસીંગ તરફથી પોતાની નોકરીનું અપાએલ રાજીનામું મંજુર કરી, જેલરની જગો વાસ્તે યોગ્ય લાયકાત ધરાવનારો બીજો ઇસમ મળતાં લગી હાલ પીર કાશમશા જનતઅલીને આસીક કેરી ૨૫૦ બસોપચાસના પગારથી જેલરની જગેએ નીમવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

વૈશાખ શુદ ૫ બુધવાર સં. ૨૦૦૧.

તા: ૧૬-૫-૪૫.

જ્યુડીશીયલ બ્રેન્ચ

J. J. Ashar,
ફોર દિવાન કચ્છ.

ઠરાવ.

શ્રી હ. ઓ. નં. ૧૩૧.

ભુજ સદર જેલના વહીવટની અંદર રા. હેડકવાર્ટર્સ ફોજદાર તરફથી ડખલગીરી કરવામાં આવતી હોવા બાબતની જાહેર થએલ હકીકતના તુમારે રા. હેડકવાર્ટર્સ ફોજદાર પીરોજખાન તરફથી રજુ થએલ ખુલાસો તેમજ તેના અંગેની એમની વર્તણુક સંતોષકારક ન હોવાથી એમને નોકરીમાંથી મુક્ત કરવામાં આવે છે.

આ રીતે ખાલી થતી મજકુર જગા પુરવા વાસ્તે રા. રા. પોલીસ કમીશ્નરે દરખાસ્ત રજુ કરવી.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

વૈશાખ શુદ ૫ બુધવાર સં. ૨૦૦૧. તા. ૧૬-૫-૪૫.

જ્યુડીશીયલ બ્રેન્ચ

J. J. Ashar,
ફોર દિવાન-કચ્છ.

D. C. S, No. 2516 of 1945 NOTIFICATION

In exercise of the powers conferred by sub-rule (2) of Rule 81 of the Defence of India Rules as applied to the Kutch State, the Government. of Kutch are pleased to make the following amendments in the Foot-wear Control Order, 1944 published under Notification No. 3335 dated 5-12-44:—

(1) For sub-clause (b) of section 3, the following sub-clause shall be substituted:—

(b) foot-wear which is specially made to measure for the particular person for his own use provided that if the Director of Civil Supplies has reason to believe that the prices charged in respect of such foot-wear required to be controlled, he is authorised to make such measures as he may deem proper for controlling the prices etc; of such foot-wear.

Dewan's Office
Bhuj, 11th May, 1945.

J. J. Ashar
for Dewan of Kutch

ડી. સી. એસ. નાં. ૨૫૧૮ ઠરાવ

ડી. સી. એસ. નાં ૧૮૦૦ તારીખ ૧-૩-૪૫ વાળા ઠરાવથી અંજાર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ લીમીટેડમાં તૈયાર થતાં સુતરના જે ભાવ તારીખ ૩૦-૪-૪૫ સુધીની મુદત માટે મુકરર કરવામાં આવ્યા છે તે મુદતમાં વધારો કરી આપવા અંજાર મીલના મેનેજર તરફથી અરજ કરવામાં આવતાં તેના જણાવેલા સંજોગો ધ્યાનમાં લઈ ઉપર ઠરાવેલી મુદતમાં એક માસનો વધારો કરી આપી ઉપરોક્ત ઠરાવમાં જણાવ્યા પ્રમાણે અંજાર મીલમાં તૈયાર થતાં કાઉન્ટ નાં. ૪, ૬½. ૮½ નાં સુતરના ભાવ તા. ૩૧-૫-૪૫ સુધીને માટે મુકરર કરવામાં આવે છે.

દિવાન ઓફીસ,
તા. ૧૧-૫-૪૫.

J. J. Ashar,
for દિવાન—કચ્છ

ડી. સી. એસ. ૨૫૧૯ નોટીફીકેશન

પુટવેર કોન્ટ્રોલ ઓર્ડર સને ૧૯૪૪ અંગેના ગુન્હાઓ તે ઓર્ડર મુજબ ન્યાયખાતે ડીફેન્સ ઓફ ઇન્ડીઆ રૂલ્સ નીચે નિકાલ થવા ઠરેલું છે તે ધોરણ અબાધિત રાખી આ ઓર્ડરનો અમલ યોગ્ય અને ત્વરિત રીતે થાય એ ઉદ્દેશથી ખુદાવિન્દ મહારાજા શ્રી હજુર સાહેબ સવાઇ બહાદુર તરફથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

૧ પુટવેર કોન્ટ્રોલ ઓર્ડર સને ૧૯૪૪ની કોઇપણ કલમોનો ભંગ માટે ડીપાર્ટમેન્ટલ તપાસ કરી દરેક ગુન્હા માટે કોરી ૫૦૦) પાંચસો સુધીનો દંડ કરવા તથા જે પુટવેર બાબતમાં ગુન્હો થયો હોય તે જપ્ત કરવાનો અધીકાર રા. રા. ડીરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝને આપવામાં આવે છે

૨ ઉપરની કલમ ૧ અનવયે રા. રા ડીરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ કરેલા હુકમ ઉપર એક માશની અંદર મે. રા. રા દિવાનજી સાહેબ સમક્ષ અપીલ થઇ શકશે.

૩ કોઇ કેસમા ઉપરની કલમ ૧ એકમાં જણાવ્યા પ્રમાણે તે કેશનો પોતાના અધિકારની અંદર નિકાલ કરવાનો રા રા ડીરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ ને વ્યાજબી ન જણાયતો તેવા કેશો રા. રા. ડીરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ નિકાલ થવા સારૂ ન્યાયકોર્ટમાં મોકલી શકશે

દીવાન ઓફીસ
ભુજ તા૧૧-૫ ૪૫

J. J. Ashar,
for દીવાન કચ્છ.

No. 1449 of 1945.

ORDER

In exercise of the powers conferred by sub-rule (1A) of rule 58 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to make the following Order, namely:—

THE CAMPS AND PARADES (CONTROL) ORDER 1945.

1. (1) This order may be called the Camps & Parades (Control) Order, 1945.

(2) It extends to the whole of Kutch State.

(3) It shall come into force at once.

2. No camp or parade shall be held by any Political or communal organization in any place, whether public or private, except with the previous permission in writing of the Commissioner of Police.

3. The Commissioner of Police when an application for permission to hold a camp or parade is made by or on behalf of any organization—

(a) shall, if he has reason to belive that any exercise, movement, evolution or drill of a military nature is likely to be performed at the camp or parade reject the application;

(b) may, if he sanctions the application, impose such conditions as he thinks fit on the holding of, or taking part in, the camp or parade with a view to securing that no exercise, movement, evolution or drill of a military nature is performed there at.

4. No person shall take part in any camp or parade which is held in contravention of the provisions of clause 2 or of any of the conditions imposed under sub-clause (b) of clause 3.

5. If any question arises whether an organization is an organization to which clause 2 applies, a certificate of the Kutch Government shall be conclusive proof on the point.

Dewan's Office,
Bhuj, 12th May 1945

J. J. Ashar,
for Dewan of Kutch.

હુકમ નાં ૧૪૪૯ ૧૯૪૫

શ્રી કચ્છ રાજ્યને લાગુ કરવામાં આવેલા ડીફેન્સ ઓફ ઇન્ડીઆ રૂલ્સની કલમ ૫૮ની પેટા કલમ (1A) થી મળેલા અધીકાર અન્વયે કચ્છ ગવનમેન્ટ નીચે પ્રમાણેનો હુકમ કરે છે.

કેમ્પ અને પરેડ નીયમન હુકમ ૧૯૪૫.

૧ ૧ આ હુકમને કેમ્પ અને પરેડ નીયમન હુકમ કહેવામાં આવશે
૨ તે આખા કચ્છ રાજ્યને લાગુ પડશે.
૨ તે તરતજ અમલમાં આવશે

૨ રા. રા. પોલીસ કમીશ્નરની પ્રથમથી મેળવેલી લેખીત પરવાનગી સીવાય કોઇપણ રાજકીય કે કોમી સંસ્થાથી કોઈપણ સાર્વજનીક કે ખાનગી સ્થળે કેમ્પ કે પરેડ કરી શકાશે નહી.

૩ કોઇ સંસ્થાની કે સંસ્થા તરફથી છાવણી કે કવાયત કરવાની રજા બાબતની અરજી આવેથી રા. રા. પોલીસ કમીશ્નર,

અ:- જો તેમને એમ માનવાને કારણ હોય કે આવી છાવણી કે કવાયતમાં લશ્કરી પ્રકારની કશરત હીલચાલ, એવોલ્યુશન કે ડ્રીલ કરવામા આવશે તો અરજી નાં મંજુર કરશે.

બ:- જો અરજી મંજુર કરે તો લશ્કરી પ્રકારની કસરત, હીલચાલ, એવોલ્યુશન કે ડ્રીલ ત્યા કરવામા ન આવે તે દૃષ્ટિથી છાવણી કે કવાયત કરવા ઉપર કે તેમાં ભાગ લેવા ઉપર તેમને યોગ્ય જણાય તેવી સરતો મુકી શકશે.

૪ આ હુકમની કલમ ૨ મજકુરની અગર કલમ ૩ ની પેટા કલમ બ અન્વયે જે સરતો મુકવા આવી હોય તેનો ભંગ કરી જઇ કોઈ છાવણી કે કવાયત કરવામાં આવે તેમાં કોઇ શખ્શ ભાગ લઇ શકશે નહી.

૫ કોઈ સંસ્થા આ હુકમની કલમ ૨ લાગુ થાય એવી સસ્થા છે કે કેમ એવો પ્રશ્ન જો ઉપસ્થિત થાય તો તે ઉપર શ્રી કચ્છ સરકારનુ સર્ટીફીકેટ નિણયાત્મક સાબીત ગણાશે

દિવાન એપ્રીસ
ભુજ. તા: ૧૨-૫-૪૫

J. J. Ashar
for. દિવાન-કચ્છ

No 1450 of 1945

NOTIFICATION

In exercise of the powers conferred by sub-rule (1) of rule 58 of the Defence of India Rules, as applied to Kutch the Kutch Government is pleased to prohibit the performance within Kutch State of any exercise, movement, evolution or drill of a military nature with or without arms or articles capable of being used as arms:-

Provided that the prohibition hereinbefore imposed shall not apply to the performance of any such exercise, movement, evolution or drill -

(1) by members of Kutch State Forces or His Highness' Body Guards or of an Official Police force or of any force constituted under any law for the time being in force in the exercise of their duty as such;

(2) by members of the association commonly known as the Boy Scouts Association in India or of the association commonly known as the Girl Guides Association in India in their capacity as such;

(3) by members in their capacity as such of any organization specified in an order in writing by the Kutch Government; or

(4) within the precincts or premises of any Kutch Government school or of any

school recognised by Government in this behalf, by persons whose participation in such exercise, movement, evolution or drill is part of the ordinary curriculam of such school.

Dewan's Office,
Bhuj, 12 th May 1945.

J. J. Ashar,
for Dewan of Kutch.

નં. ૧૪૫૦ ૧૯૪૫

નોટીફીકેશન

શ્રી કચ્છ રાજ્યને લાગુ કરવામાં આવેલા ડીફેન્સ ઓફ ઇન્ડીઆ રૂલ્સની કલમ ૫૮ ની પેટા કલમ ૨ થી મળેલા અધીકાર અન્વયે કચ્છ રાજ્યમાં શસ્ત્ર કે શસ્ત્ર તરીકે વપરાય તેવી ચીજો સાથે અગર તે વીના લશ્કરી પ્રકારની કસરત, હીલચાલ, એવોલ્યુશન અને કવાયત કરવા ઉપર કચ્છ ગવર્નમેન્ટ પ્રતીબંધ મુકે છે.

પરંતુ ઉપર પ્રમાણે મુકવામાં આવેલ પ્રતિબંધ:-

૧. કચ્છ સ્ટેટ ફોર્સીસના સભ્યો અગર હીઝ હાઇનેસના બોડી ગાર્ડઝ અથવા રાજ્યનું પોલીસ દળ અગર જે તે વખતે અમલમાં હોય તેવા કાયદાથી અસ્તિત્વમાં આવ્યું હોય તેવું દળ પોતાની તે અન્વયે ફરજ અદા કરવામાં કરે તે,

૨. હિન્દ બોય સ્કાઉટ એસોસીએસનથી સાધારણ રીતે ઓળખાતી અથવા હિન્દની ગર્લ ગાઇડઝ એસોસીએશનથી સાધારણ રીતે ઓળખાતી સંસ્થાના સભ્યો તે અન્વયે કરે તે,

૩. કચ્છ ગવર્નમેન્ટના લેખીત હુકમમાં દર્શાવવામાં આવેલી સંસ્થાના સભ્યો તે અન્વયે કરે તે,

૪. કચ્છ રાજ્ય અથવા કચ્છ રાજ્યે માન્ય કરેલી શાળાઓનાં મકાનો અગર હદની અંદર કોઇ શખ્સો આવી કસરત, હીલચાલ, એવોલ્યુશન અથવા ડ્રીલ આવી શાળાના સાધારણ અભ્યાસક્રમ અન્વયે કરતા હોય તે,

કસરત, હીલચાલ, એવોલ્યુશન કે કવાયત ને લાગુ પડશે નહી.

દીવાન ઓફીસ
ભુજ તા. ૧૨-૫-૪૫.

J. J. Ashar,
ફોર દીવાન કચ્છ.

No 1451 of 1945.

NOTIFICATION

Whereas the Kutch Government is satisfied that the wearing in public of any dress resembling a uniform required to be worn by a member of Kutch State Forces or of His Higness' Body Guards or by a member of any official Police Force or of any force constituted under any law for the time being in force is likely to prejudice the public safety, the maintenance of public order and the defence of Kutch State;

Now, therefore, in exercise of the powers conferred by sub-rule (1) of rule 59 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to prohibit the wearing in public of any such dress by any person who is not a member of the said forces or a member of an association which has been authorised by the Kutch Government, to wear a specified uniform.

Dewan's Office,
Bhuj, 12th May 1945

J. J. Ashar,
for Dewan of Kutch.

નં. ૧૪૫૧ ૧૯૪૫

નોટીફીકેશન.

કચ્છ સ્ટેટ ફોર્સીઝ સભ્યો અથવા હિઝ હાઇનેસના બોડી ગાર્ડઝ અથવા રાજ્યના પોલીસ દળ અથવા જે તે વખતે અમલમાં હોય એવા કાયદાથી અસ્તિત્વમાં આવેલ કોઇ દળના સભ્યો જે પોશાક (Uniform) પહેરતા હોય તેને મળતો પોશાક જાહેરમાં પહેરવાથી, જાહેર સલામતીને, જાહેર વ્યવસ્થાની જાળવણીને અને કચ્છ રાજ્યના સરક્ષણને હાનિકર્તા હોવાનું કચ્છ ગવર્મેન્ટને લાગ્યાથી

શ્રી કચ્છ રાજ્યને લાગુ કરવામાં આવેલા ડીફેન્સ ઓફ ઇન્ડીઆ રૂલ્સની કલમ ૫૮ ની પેટા કલમ ૧ અન્વયે ઉપર જણાવેલા દળોનો સભ્ય ન હોય અથવા કચ્છ ગવર્મેન્ટ તરફથી અમુક પ્રકારનો પોશાક પહેરવા અધીકાર આપવામાં આવ્યો હોય તેવી સંસ્થાનો સભ્ય ન હોય તેવા કોઇ શખ્સે આવો કોઇ પોશાક જાહેરમાં પહેરવા ઉપર કચ્છ ગવર્મેન્ટ પ્રતિબંધ મુકે છે.

દિવાન ઓફીસ,
ભુજ, તા. ૧૨-૫-૪૫.

J. J. Ashar,
ફોર. દીવાન કચ્છ.

હ. ઓ. નાં. ૧૨૩. ઠરાવ

ન્યાય ખાતામાં નીચે પ્રમાણેની ફેરબદલીઓ તેમજ નીમણુંક કરવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદૂરનું ફરમાન થયું છે:—

૧. રા. લખપત ન્યાયાધીશ સવાઇલાલ ડી. રાણાને ભુજ ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૨. રા. એકટીંગ ભુજ ન્યાયાધીશ નરોતમ ડી. મહેતાને મુંદરા ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૩. રા. મુંદરા ન્યાયાધીશ નર્મદાશંકર ડી. મહેતાને અબડાસા ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૪. રા. અબડાસા ન્યાયાધીશ વ્રજલાલ હરીલાલ ધોળકીઆને ભચાઉ ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૫. રા. ભચાઉ ન્યાયાધીશ હરીલાલ ચત્રભુજ જેઠીને અંજાર ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૬. રા. નખત્રાણા ન્યાયાધીશ કીર્તીકીશોર અમૃતલાલ મહેતાને માંડવી ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૭. રા. માંડવી ન્યાયાધીશ જીવરામ મોનજી ગોરને રાપર ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૮. રા. રાપર ન્યાયાધીશ ઠાકરસી પુરૂષોતમ કંસારાને નખત્રાણા ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૯. રા ભુજ એડીશનલ ન્યાયાધીશ કુંદનલાલ સવાઇલાલ રાણાને લખપત ન્યાયાધીશની જગોએ બદલાવવામાં આવે છે.

૧૦. રા. ભુજ એડીશનલ ન્યાયાધીશની જગોએ સુર્યકાન્ત રવીશંકર વૈદને કોરી ૩૦૦-૧૦-૫૦૦ ના ગ્રેડમા માસીક કોરી ૩૦૦ ના પગારથી નીમવામાં આવે છે.

૧૧. રા. અંજાર ન્યાયાધીશ પ્રભુરામ જેઠાભાઇ શાહને વાસ્તે તેમની રજાની મુદત પુરી થયેથી ઘટીત થશે.

વૈશાખ શુદ ૧ શનીવાર શાં. ૨૦૦૧ તાઃ ૧૨-૫-૪૫

દિવાન ઓફીસ,
જ્યુડીશીયલ બેન્ચ.

J. J. Ashar,
for દીવાન-કચ્છ.

શ્રી હ. ઓ. નાં. ૧૨૬ સરકયુલર

કચ્છ સ્ટેમ્પ ધારામાં કુલ મુખત્યારનામા પર કોરી એકનો સ્ટાંપ લેવા ઠરાવેલુ છે જેમા સુધારો કરવાની જરૂરી વાત હોતાં તે સબંધમાં શા ૨૦૦૧ના જેઠ સુદ ૩ ના રોજથી નીચે પ્રમાણેના ધોરણે સ્ટેમ્પ લેવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે

૧. જો કુલ મુખત્યારનામું ફક્ત એક વ્યવહાર સંબંધમાં લખાએલ હોય એક અથવા વધુ દસ્તાવેજોની માત્ર નોધણી કરાવવા માટેજ, અગર તેવા દસ્તાવેજ કે દસ્તાવેજોના ખરાપણાનો સ્વીકાર કરવા માટેનો અધિકાર આપવા પુરતું આપેલ હોય તો તેવા પ્રસંગે તેવું કુલ મુખત્યારનામું કોરી એકના સ્ટાંપ પર હોવું જોઇએ.

૨. જો કુલ મુખત્યારનામું શ્રી કચ્છ દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ કોઇપણ તાલુકા કોર્ટમાં ચલતા દાવાઓ કે પ્રકરણોમાં ઉપયોગમાં આવી શકે તે માટે અપાએલ હોય તો તેવા પ્રસંગે તેવું કુલ મુખત્યારનામું કોરી એકના સ્ટાંપ પર હોવું જોઇએ.

૩. જો કુલ મુખત્યારનામું ઉપરની કલમ ૧ માં દરશાવ્યા સીવાયના કોઇ પ્રસંગે એક અથવા વધુ ઇસમોનો ફક્ત કોઇ એક વ્યવહારના અંગે કામ કરવાનો અધીકાર આપવા પુરતો અપાયેલ હોય તો તેવા પ્રસંગે તેવું મુખત્યારનામું કોરી રના સ્ટેમ્પ પર હોવું જોઇએ.

૪. કુલ મુખત્યારનામાંથી પાંચથી વધુ નહી એવા શખ્સોને કોઇપણ એકથી વધુ વ્યવહારોના અંગે કે સામાન્ય બાબતો માટે સંયુક્ત અને પૃથક પૃથક રીતે કામ કરવા અધીકાર આપવામાં આવેલ હોય ત્યારે તે કોરી ૧૦ દશના સ્ટેમ્પ પર હોવું જોઇએ.

૫. જ્યારે કુલ મુખત્યારનામાંથી પાંચથી વધુ અને દશથી વધુ નહી તેવા શખ્સોને કોઇપણ એકથી વધુ વ્યવહારોના અંગે કે સામાન્ય બાબતો માટે સંયુક્ત અને પૃથક પૃથક રીતે કામ કરવા અધીકાર આપવામાં આવેલ હોય ત્યારે તે કોરી ૨૦ વીસના સ્ટેમ્પ પર હોવું જોઇએ.

૬. જ્યારે કુલ મુખત્યારનામાંથી કોઇ શખ્સને સ્થાવર મીલકતનુ વેચાણ કરવા અવેજ બદલ અધીકાર આપવામાં આવેલ હોય ત્યારે તેવુ મુખત્યારનામું તેમાં દરશાવેલ અવેજની રકમ નજરે નીચેના દર પ્રમાણેના સ્ટાંપ પર હોવું જોઇએ.

૧. કોરી ૫૦૦થી વધુ કીંમત નહી હોય ત્યારે કોરી ૧ એક.

૨. કોરી ૫૦૦થી ૨૦૦૦ સુધીની કીમત હોય ત્યારે કોરી ૩ ત્રણ.

૩. કોરી ૨૦૦૧થી કોરી ૧૦૦૦૦ સુધી કોરી ૫ પાંચ.

૪. કોરી ૧૦૦૦૧થી કોરી ૧૫૦૦૦ સુધી કોરી ૮ આઠ.

૫. કોરી ૧૫૦૦૧થી કોરી ૨૫૦૦૦ સુધી કોરી ૧૦ દશ.

૬. કોરી ૨૫૦૦૧થી વધારે દર એક હજાર કે તેના કોઇ ભાગ સુધીમાં કોરી ૧ એક વધારેના હીસાબે.

૭. જ્યારે કુલ મુખત્યારનામાંથી ઉપર જણાવેલ બાબતો સીવાયની કોઇપણ બાબત માટે અધીકાર આપવામાં આવેલ હોય ત્યારે તેવું મુખત્યારનામું જેને અધીકાર આપવામાં આવેલ હોય તેવા દર એક શખ્સે કોરી ૨ બેના સ્ટાંપ પર હોવું જોઇએ.

ખુલાસોઃ– કોઇ સંસ્થામાં એકથી વધારે શખ્સો હશે તો પણ તે સંસ્થા આ કલમના લાગુપણા માટે એક શખ્સ ગણાશે.

૮. કોઇ કુલ મુખત્યારનામાં પરદેશમાં લખાયેલ હોય અને તે આ રાજ્યની હદમાં ચલાવવાની જરૂર હોય તો તે માટેની અરજ કોરી ૧ એકના સ્ટાંપ પર કરેથી તે પર આ સરકયુલરથી ઠરાવ્યા મુજબનો અહીંનો સ્ટાંપ ચોડાએથી તે બાબતની પરવાનગી આપવા શ્રી દીવાન ઓફીસ મુખત્યાર છે.

તાઃ ૧૨–૫–૪૫,
દીવાન ઓફીસ,
જ્યુડીશીયલ બ્રેન્ચ

J. J. Ashar,
for દીવાન–કચ્છ.

ડી. સી. એસ. નાં. ૨૫૭૮

નોટિફિકેશન.

મી કચ્છ રાજ્યને લાગુ કરવામાં આવેલ સને ૧૯૪૪ નાં હોર્ડીંગ અને પ્રોફીટીઅરીંગ પ્રોવેન્શન ઓર્ડીનન્સ ની કલમ ૩ ની પેટા કલમ "સી" અન્વય શ્રી કચ્છ રાજ્ય તરફથી નીચે લખી સીગારેટની જાતના છુટક તથા જથાબંધ ભાવ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

સીગારેટની જાત	જથાબંધ વેપારીનો ભાવ ૪૦ ડબાનો ભાવ	છુટક વેપારીનો ભાવ ૫૦ પાકીટના ડબાનો	એક પાકીટ (૧૦ સીગારેટ)ની છુટક કિંમત
ચાર મિનાર	રૂ. ૪ - ૧૩ - ૦	રૂ. ૫ - ૦ - ૬	રૂ. ૦ - ૧ - ૯

ઉપર પ્રમાણે ભાવો જે રૂપીઆમાં નક્કી કરવામાં આવ્યા છે. તે બાબતમાં હજુર ઓર્ડર નં. ૪૧૬ તા. ૨૦-૧૧-૪૪ ના હુકમ અનુસાર જે વેચાણ કોરીમાં કરવાનું હોય તે ચાલુ બજાર ભાવે ઉપરના નક્કી કરેલા ભાવની કોરી ગણી તે પ્રમાણે વેચાણ કરવાનું છે.

દીવાન ઓફીસ
ભુજ તા. ૧૭-૫-૪૫.

J. J. Ashar,
for દીવાન કચ્છ.

જ્યુ. જા નાં. ૪૯૮૧ ઠરાવઃ

માંડવીના વકીલ દયારામ જીવરામ અહીંના જ્યુ. જા. નાં. ૩૨ સાં. ૨૦૦૦ વાળા મુજબ માંડવી તાલુકા કોર્ટમાં વકીલાત કરવા સનદ આપવામાં આવેલ તેમણે હાંનાં હવાપાણી અનુકુળ ન પડતાં હોવા જણાવી નખત્રાણા તાલુકામાં વકીલાત કરવા માટે મળેલ સનદ બદલાવવા અરજ કરતાં રા. માંડવી ન્યાયાધીશ અને રા. રા. વરીષ્ટ કોર્ટના ચીફ જજ સાહેબ તરફથી લખાઇ આવેલ હકીકત ધ્યાનમાં લઇ તેમને સદરહુ નાં ૩૨ સાં. ૨૦૦૦થી માંડવી તાલુકા માટેની આપવામાં આવેલ સનદ રદ કરી નખત્રાણા તાલુકામાં વકીલાત કરવા દેવાની પરવાનગી આપવામાં આવે છે.

તાલુકા કોર્ટની સનદની બદલી માટે ફીની કોરી ૧૦૦ એકસો ઇલાયદી વસુલ લેવામાં આવેલ છે.

અરજદાર હવે પોતાની સનદ બીજા કોઇપણ તાલુકા માટે બદલાવી શકશે નહી.

બીજા ચૈત્ર શુદ ૧૦ શનીવાર સાં. ૨૦૦૧ તા ૨૧-૪-૪૫

J. J. Ashar,
ફોર. દિવાન કચ્છ.

No. 1519 of 1945

NOTIFICATION

In exercise of the powers conferred by sub-rule 2 of Rule 81 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to make the following amendment in the Kutch State Used Motor Vehicles Control Order (No. 3081 of 1944 dated 1st November 1944):

In the second line of clause 18 between the words "be" and "entered" the word "as" shall be inserted.

Dewan' Office,
Bhuj, 25th May, 1945.

J. J. Ashar,
for Dewan of Kutch.

જાહેર ખબર

રે. પો. જા. નાં. ૩૭૫

આથી જાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે પશ્ચિમ હિંદ એજન્સીના આજમ ડીરેકટર ઓફ ફુડ સપ્લાઇસના બેટર નાં. બી. ૨૭-૧૬૧ રાજકોટ તા. ૧૧-૪-૪૫ વાળાથી જણાવવામાં આવ્યું છે કે ન્યુ દીલ્હીના ધી ડીરેકટોરેટ જનરલ ઓફ ડીઝપોઝલ્સ ડીપાર્ટમેન્ટ ઓફ સપ્લાઇસને સને ૧૯૪૪ની આખરે જુના બચત રહેલ મોટર ટ્રાન્સપોર્ટ સામાનમાંથી ગાડાના પૈડા બનાવવા સારૂ સાધનો પુરાં પાડવા અંગે બહુ મેઅ ભોગવી પડેલ એટલે આવાં ટાયર અને ટયુબના ભાવ વિગેરેની હકીકત તેમના તરફથી પુરી પાડવામાં આવેલ નહી પરંતુ આવા જુના સામાનમાંથી જો કોઈના તરફથી ગાડાના ટાયર ટયુબો બનાવવાની તયારી બતાવવામાં આવે તો તેમને સાધનો પુરા પાડવા અંગે પ્રાંતિય સરકારો તથા દેશી રાજ્યોની પરિસ્થિતી તાત્કાલીક સુધરી જશે એમ માની લખવામાં આવેલું અને ૧૯૪૫ના જાન્યુઆરી માસની આખરે આજમ ડીરેકટોરેટ જનરલ ઓફ ડીસ્પોઝલ્સ તરફથી પ્રાંતિય સરકારો તથા દેશી રાજ્યો વિગેરેને જણાવવામાં આવ્યું છે કે ગાડા તથા ગાડાનાં પૈડા વિ. બનાવવા સારૂ જુના બચત રહેલ મોટર પાર્ટસ વગેરે સાધનો છુટ કરવાનો કાર્યક્રમ થોડા સમય માટે મોકુફ રાખવાનું ઠર્યું છે આ પગલું લેવાનું મુખ્ય કારણ મીલીટરીની માંગણીનો પ્રથમ હક રાખી તે માંગણી સંતોષવાનું છે તેમ છતાં ડીરેકટોરેટ ઓફ ડીસ્પોઝલ્સ તરફથી એવી આશા વ્યક્ત કરવામાં આવેછે કે નાગરીક ઉપયોગ માટે ઉપરોક્ત સાધનો મીલીટરીને માંગણી પુરી પડેકે તરત પુરા પાડવામાં આવશે અને તે અંગે પ્રાંતીય સરકારો તથા દેશી રાજ્યોને યોગ્ય સમયમાં સુચનાઓ આપવામાં આવશે. હકિકત ઉપર મુજબ હોવાથી આ રાજ્યમાં ગાડાંના ટાયરો વગેરે બનાવવા સારૂ આવા જુના સામાનની કેટલી ભવિષ્યમાં જરૂરત રહેછે તેહાલે નકકી કરવાની આવસ્યકતાછે માટે લાગતા વળગતાઓ જે પોત પોતાની માંગણીઓ અંગે જાગતા વળગતા રા તાલુકા અધિકારીઓને એક માસની અંદર લખીત રીપાર્ટથી માંગણી કરવી દરમ્યાન જો કોઈના તરફથી માંગણી રજુનહી થાયતો આ સાધનોની જરૂર નથી એમ માનવામાં આવશે.

ઉપરોક્ત જાહેર ખબરની નકલ દરેક રા. તાલુકા અધિકારીઓને મોકલવી. એક નકલ શ્રી કચ્છ દરબારી ગેઝેટમાં જાહેર થવા મોકલવી. અને એક નકલ મુદતમાં રાખવી.

બીજા ચઇત્ર વીદ ૦)) શનીવાર શાં. ૨૦૦૧

બી. એમ મ્હેતા.

for રેવન્યુ કમીસ્નર કચ્છ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૭૬૨

શ્રી મુદરા કોર્ટ

ખા. દી. તા. કા. નાં. ૬૬૬.

મુંદરાની વોરાની નાતના વેવટ કરનાર | વાદી
મુલા અબ્દુલ હુશેન મુલાં નુરભાઇ મુંદા |
બારોટ ડાયા સુરા ઓરાણા પ્રતિવાદી

દાવો લેણાનો

ઓરાણાના બારોટ ડાયા સુરાને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ કોરી ૭૮૮॥ મલવા તામીલ રજુ કરેલ છે માટે રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરજો નેતર કાયદેસર થશે.

બી. ચૈત્ર વીદ ૧૦ સોમે ૨૦૦૧

N. D. Mehta,

મુદરા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૭૬૩

શ્રી મુદરા કોર્ટ

ખા. દી. તા, કા. નાં. ૬૬૬.

ઠા. ખીમજી દામજી છશરા વદી
ભાન ઇભરામ રવા લાનાં પ્રતિવાદી

દાવો વરંડી વગેરનો.

છશરાના ભાન ઇભરામ રવાને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ કોરી ૫૧૧ વિ. મલવા તામીલ રજુ કરેલ છે માટે રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરજો નેતર કાયદેસર થશે.

બી. ચૈત્ર વીદ ૧૦ સોમે શાં ૨૦૦૧

N. D. Mehta,

મુદરા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૭૬૪.

શ્રી મુદરા કોર્ટ

ખા દી. તા કા. નાં. ૧૬૬ શાં. ૨૦૦૧

શા. દામજી હેમચંદ વિ. ભુજ વાદી
વાગેલા કારભા રણમલજી શાંતલપુર પ્રતિવાદી.

દાવો લેણાનો.

શાંતલપુરના વાગેલા કારભા રણમલજીને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ કોરી ૬૩૧॥ મલવા તામીલ રજુ કરેલ છે માટે રોજ ૧૫ માં વાદીની બજવણી કરજો નેતર કાયદેસર થશે.

બી. ચૈત્ર વીદ ૧૦ સોમે શાં, ૨૦૦૧

N. D. Mehta,

મુદરા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર

નાં. ૭૬૫-૭૬૬

શ્રી મુદરા કોર્ટ

ખા દી. તા. કામ નાં. ૧૧૧ શાં. ૨૦૦૧

ચારણ ભીમસી કેશવ જરપરા વાદી
ચારણ સુરા રામ વગેર લાનાં પ્રતિવાદી

દાવો લેણાનો

જરપરાના નીચે લખ્યા સખ્સોને માલુમ થાય કે વાદીએ ઠરાવ મુજબ ખેત્રનો કબજો મલવા વગેરેની તામીલ રજુ કરેલ છે માટે રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરજો નેતર કાયદેસર થશે.

૧ ચારણ સુરા રામ જરપરા
૨ ,, પનરાજ મેગરાજ શગીરની વાલીમા કામઈબાઇ

બી. ચૈત્ર વીદ ૧૦ સોમે શાં. ૨૦૦૧

N. D. Mehta,
મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી મુંદરા કોર્ટ
નં. ૭૬૭

ખા. દી. તા. કા. નાં. ૧૩૪/૨૦૦૧ ના. ૭૬૭
ઠા. સુંદરજી મુળજી છશરા વાદી
ભાન ઇભરામ રવા ત્યાંના પ્રતિવાદી
દાવો ડેલા વગેરેનો.

છસરાના ભાન ઇભરામ રવાને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ ખર્ચ સૈત કોરી ૨૮૫ા મલવા તામીલ આમળ ચલાવવા અરજ કરેલ છે માટે રોજ ૧૫માં વાદીની તામીલ બજવણી કરજો નેતર કાયદેસર થશે.

બી. ચૈત્ર વીદ ૧૦ સોમે સાં. ૨૦૦૧

N. D. Mehta,
મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી મુંદરા કોર્ટ ખા. દી. તા. કા. નાં. ૧૩૫/૨૦૦૧
નાં. ૭૬૮

ઠા. કાનજી મુરારજી છસરા વાદી
ભાન ઇભરામ રવા ત્યાંના પ્રતિવાદી
દાવો ડેલા વગેરેનો

છસરાના ભાન ઇભરામ રવાને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ કોરી ૨૪૫ા મલવા તામીલ રજુ કરેલ છે માટે રોજ ૧૫માં વાદીની તામીલ બજવણી કરજો નેતર કાયદેસર થશે

બી. ચૈત્ર વીદ ૧૦ સોમે સાં. ૨૦૦૧.

N. D. Mehta,
મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી મુંદરા કોર્ટ ખા. દી. તા. કા. નાં. ૧૧૫/૨૦૦૧
નાં. ૭૬૯ ૭૭૦

તુર્ક સાલેમામદ આમદ સગીરની વાલી મા કરીમાબાઇ-ધ્રબ } વાદી
તુર્ક ઇશાક ઇબ્રામ વગેર ધ્રબ પ્રતિવાદી
દાવો લેણાનો

ધ્રબના નીચ લખ્યા શખ્સોને માલમ થાય કે વાદીએ ઠરાવ મુજબ ખર્ચ સૈત કોરી ૮ આઠ તથા ખેત્રોના કબજો મલવા તામીલ રજુ કરેલ છે માટે આ નોટીશ પોચેથી રોજ ૧૫માં વાદીની તામીલ બજવણી કરજો નેતર કાયદેસર થશે.

૧ તુર્ક ઇશાક ઇભરામ ધ્રબ
૨ ,, હુશેન ઇભરામ ,,

બી. ચૈત્ર વીદ ૧૦ સોમે શાં. ૨૦૦૧.

N. D. Mehta,
મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી નાં ૧૩૦૭.
મેતા વેરજી જીવરાજ વીગેર ભુજ વાદી
મેતા નાનચંદ ભગવાનજી વીગેર વીથોણ પ્રતિવાદી
દાવો.—લેણાનો

વીથોણ મધે મેતા કાનજી અભેચંદને માલમ થાય જે વાદીએ તમારા પર કરેલ દાવાનો તપાસ સા. ૨૦૦૧ના જેઠ સુદ ૧૦ બુધવારના રોજ ચાલશે માટે તે તારીખે તમે જાતે અગર મુ. કે વકીલ મારફતે હાજર થજો નહિતો મુદત વીતે કાયદેશર થશે.

મિતિ સાં ૨૦૦૧ના બીજા ચૈત્ર વિદ ૩ સોમવાર

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ખાં. દી. કામ નાં. ૨૬ શાં. ૨૦૦૧
સમન નં.૪૨૦૩
શ્રી રાપર દીવાની કોર્ટમાં

ઠકર રવજી જાદવજી દેવજી મોટી હમીરપર વાદી
ઉમર ભવાન વશા વી. મોટી હમીરપર પ્રતિવાદી
દાવો—કોરી ૧૧૩૧૫૧૫ા ચડતા વ્યાજે મલવાનો

શીંધ હૈદરાબાદના ઉમર ગોપારા વશાને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૧૧૩૧૫૧૫ા ચડતા વ્યાજે મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોટમાં શાં. ૨૦૦૧ના જેઠ સુદ ૫ શુકરવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો. નહીતર મુદત વીતે કાયદેસર થાસે.

શાં ૨૦૦૧ના બીજા ચૈત્ર વીદ ૭ ગુરૂવાર

Thakarshi P.
રાપર ન્યાયાધીશ.

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના મેમણ હાજી અબ્દુલા માંમદે ભુજના ઝાલા નારાણજી કનજી પાસેથી જગ્યા ૧ ભીડનાં નાકાં નજીક ઢેગા ફળીઆમાં છે તે કોરી ૭૩૦૦) સાતહજાર ત્રણસોમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીસો હોય તેમણે ૧ માશની અંદર આંહીના કચેરીએ આવી જાહેર કરવું

મુદત વીત્યા બાદ કોઈનું કંઇ નહીં સાંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

બી. ચૈત્ર વીદ ૦)) સુકરે શાં. ૨૦૦૧.

તા. ૧૧-૫-૪૫.

Harilal N.

ભુજ વહીવટદાર.

જાહેર ખબર ૨૫૪૨

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના ભાટ મીરાંબાઇ નારાણજીએ માગસર શુદ ૧૩ ગુરૂ શાં. ૨૦૦૧ના દસ્તાવેજથી અંજારના દવે મુગટરામ મકનજી પાસેથી અંજાર મધ્યે જગ્યા ૧ બહાપુરીમાં પંડયા શેરીની અંદર આવેલી છે તે કોરી ૨૦૦ બસોમાં આડે આંકે અઘાટ હમીરાવર વહેચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થએલ છે માટે સદરહુ સ્થાવર મીલકત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીતર મુદત વીત્યે છાપો થવા વીસે ઘટીત થશે.

બીજા ચઇતર વીદ ૨ શની સાં. ૨૦૦૧

લક્ષ્મીદાસ ગોકલદાસ

અંજાર વહીવટદાર

જાહેર ખબર નાં. ૨૦૦૦

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના શા. ધનજી ઉમરશી મતે ભાટીયા ઠા. નારાણદાસ દેવારકાંદાસની વિધવા જમનાબાઇને મતે હાટ ૧ એક કોરી ૮૦૦ આઠસો શાં. ૧૯૯૯ના મહા વીદ ૩ની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઈ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ હાટ ઉપર કોઇનું લેણું હક હીશો હોય તો તેમણે એક માસની અંદર અહીની કચેરીએ આવી જાહેર કરવું નહીતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

વઇશાખ શુદ ૧ ને શની શાં. ૨૦૦૧

તા. ૧૩-૫-૪૫

કરશનદાસ વિ શીવજી,

અબડાસા વહીવટદાર ડી. સ.

જાહેર ખબર.

નંબર ૧૯૪૭.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના મેઘરી શા. વીશનજી દેવજીએ ભાટીયા ઠ. નારાણદાસ દુવારકાદાસની વિધવા જમનાબાઇને મતે જગ્યા એક કોરી ૧૫૦૦ પનરસોમાં શાં. ૧૯૯૯ના ફાગણ શુદ ૫ ગુરૂની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા ઉપર કોઇનું કાંઇ હક હીસો હોય તો તેમણે એક માશની અંદર અહીંની કચેરીએ આવી જાહેર કરવું નહીતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

બી. ચઇત્ર વીદ ૨ ને શની શ. ૨૦૦૧

તા. ૨૮-૪-૪૫.

કરશનદાશ વિ શીવજી,

અબડાસા વહીવટદાર ડી. સ.

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખઉના શા. ધનજી ઉમરશીએ ભાટીયા નારાણદાશ દેવારકાદશની વિધવા જમનાબાઇને મતે વરંડી ૧ કોરી ૪૦૦ ચારશોમાં સંવત ૧૯૯૯ના મહા વીદ ૩ની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઈ છાપો થવા માટે આવેલ છે માટે શદરહુ વરંડી ઉપર કોઇનું કાંઇ લેણું હક હીસો હોય તો તેમણે એક માશની અંદર અંહીની કચેરીએ આવી જાહેર કરવું નહીતર મુદત વીત્યાબાદ કોઇનું કાંઇ નહી સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

બી. ચઇત્ર વીદ ૨ને શની સં. ૨૦૦૧.

તા. ૨૮-૪-૪૫

કરશનદાશ વિ શીવજી,

અબડાસા વહીવટદાર ડી. સ.

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે જખૌના કેર હમીરજી રાયમજી લાખાજીએ ત્યાંના સૈયદ બાપુમીંઆ ઇસાકશા ઉર્ફે બાવામીંઆ તથા સૈયદ અબ્દુલશા ભાછામીઆંને મતે જગ્યા ૧ એક કોરી ૧૨૦૦) બારશોમાં સાં. ૧૯૯૯ના વૈશાખ શુદ ૧૧ ની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે શબબ સદરહુ જગ્યા ઉપર કોઇનું કાંઇ લેણું કે હક હીસ્સો હોય તો તેમણે એક માશની અંદર અહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનુ કાંઇ નહી સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

બીજા ચૈત્ર વીદ ૬ ભુરે સાં ૨૦૦૧ તા ૨-૫-૪૫

કરશનદાશ વિ શીવજી,

અબડાશા વહીવટદાર ડી. શ.

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના કેર હમીરજી રાયમજીએ ત્યાંના ભાટીઆ ઠાં. પ્રતાપસિંહ અને કૃષ્ણકુમાર આણંદજી સગીરની વાલી તેમની માતાજી મધુરીબાઇને મતે જગ્યા ૧ એક કોરી ૯૦૦) નવશોમાં સાં ૧૯૯૯ના વૈશાખ શુદ ૯ ની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઈ છાપો થવા આવેલ છે માટે શદરહુ જગ્યા ઉપર કોઇનું કાંઇ લહેણું કે હક હીસ્સો હોય તેમણે એક માશની અંદર અહીંની કચેરીએ આવી જાહેર કરવું નહીંતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ

નહીં સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

બીજા ચૈત્ર વીદ ૬ બુધવાર સાં ૨૦૦૧ તા.૨-૫-૪૫

કરશનદાશ વિ શીવજી,

અબડાશા વહીવટદાર ડી. શ.

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના કેર હમીરજી રાયબજીએ ત્યાંના ભાટીઆ ઠા. નારાણદાસ તુલસીદાસની વીધવા મોતીબાઇને મતે હાટ ૨ બે કોરી ૧૦૦૦) એકહજારમાં સાં. ૧૯૯૯ના જેઠ શુદ ૭ની મીતીના દસ્તાવેજથી અધાટ વેચાણ લીધેલ જેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે શબબ શદરહુ હાટો પર કોઇનું કાંઇ લહેણું કે હક હીસ્સો હોય તો તેમણે એક માસની અંદર અહીની કચેરીએ આવી જાહેર કરવું નહીતર મુદત વીત્યાબાદ કોઇનું કાંઇ નહી સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે

બીજા ચઇતર વીદ ૬ બુધવાર સાં. ૨૦૦૧ તા. ૨-૫-૪૫

કરશનદાસ વિ શીવજી

અબડાસા વહીવટદાર ડી. સ.

જાહેર ખબર

રે. જા. નાં. ૪૨૪૩

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના મહેશ્વરી શાં વીશનજી દેવજીએ ત્યાંના ભાટીઆ ઠાં. નારાણદાસ શંકરદાસની વિધવા જમનાંબાઇને મતે વરંડી ૨ બે શાં ૧૯૯૯ના ફાગણ શુદ ૪ની મીતીના દસ્તાવેજથી કોરી ૫૦૦) પાંચશોમાં અધાટ વેચાણ લીધેલ જેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે શબંબ શદરહુ વરંડી પર કોઇનું કાંઇ લેણું હક હીસ્સો હોય તેમણે એક માશની અંદર અહીંની કચેરીએ આવી જાહેર કરવું નહીંતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહીં સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

બીજા ચૈત્ર વીદ રશનીવાર સાં૨૦૦૧ તા. ૨૮-૪-૪૫

કરશનદાશ વિ શીવજી,

અબડાશા વહીવટદાર ડી. શ.

જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના મહેશ્વરી શા. વીશનજી દેવજીએ ભાટીઆ ઠા. નારાણદાસ દવારકાદાસની વીધવા જમનાંબાઇને મતે વરંડી ૧ કોરી ૧૦૦૦) એકહજારમાં સાં. ૧૯૯૯ના ફાગણ શુદ ૫ ગુરૂની મીતીના દસ્તાવેજથી અધાટ વેચાણ લીધેલ જેનો દસ્તાવેજ રજીષ્ટર થઈ છાપો થવા માટે આવેલ છે શબબ શદરહુ વરંડી ઉપર કોઇનું કાંઇ લહેણું કે હક હીસ્સો હોય તેમણે એક માસની અંદર અહીંની કચેરીએ આવી જાહેર કરવું નહીતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહીં સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

બીજા ચઇતર વીદ ૨ શની સાં. ૨૦૦૧ તા. ૨૮-૪-૪૫

કરશનદાસ વિ. શીવજી

અબડાસા વહીટદાર ડી. સ.

જાહેર ખબર

હ. જા. નાં. ૧૯૧૨

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના જેસી લાલજી મુલજીના વહીવટ કરનાર જેસી મુલજી આણંદજીએ જખૌના ગોરજી રતીલાલ દયાચંદજીને મતે હાટ ૨ બે કોરી ૨૨૦૦) બાવીશશોમાં સાં ૨૦૦૦ ના અષાઢ વીદ ૭ની મીતીના દસ્તાવેજથી અધાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે રજુ થયેલ છે શબબ શદરહું હાટ પર કોઇનું કાંઇ લહેણું કે હક હીસ્સો હોય તો તેમણે એક માસની અદર અહીંની કચેરીએ જાહેર કરવું નહીંતર મુદત વીત્યે કોઇનું કાંઇ ન સાંભળતાં છાપો કરાવવા ઘટીત થશે.

બીજા ચૈત્ર શુદ ૧૫ ગુરૂવાર સાં ૨૦૦૧

તા. ૨૬-૪-૪૫.

કરશનદાશ વિ શીવજી,

અબડાસા વહીવટદાર. ડી. સ.

માંડવી નગરસભા ઓફીશ તરફથી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે સેનીટરી પ્રીટીંગઝ એટલે નળ તથા ભોંખાળ, બનાવવા તથા જુનાને વર્કીંગ ઓર્ડરમાં રખાવવાની છેવટની જવાબદારી મકાન માલેકની હોઈ ભાડુતને તથા મકાન માલીકને અગર જ્યાં વેવટ કરનાર હોય તો તેને નોટીસ આપવી અને જો તે બંદોબસ્ત ન કરે તો તેનાં ખર્ચ કરાવવા માટે વ્યવસ્થા કરવી. પરંતુ જ્યાં જગ્યા ઘણી અગર વેવટ કરનાર પાધરો ન થાય ત્યાં ભાડુતને જવાબદાર લેખવો.

વૈશાક સુદ ૧ શનીવાર સાં. ૨૦૦૧

તા. ૧૨-૫-૪૫.

ભુપતરાય વી કરશનજી. S. B. Dhru,

માંડવી નગરસભા સેક્રેટરી. માંડવી નગરસભા પ્રેસીડટ.

જોઇએ છે.

શ્રી અંજાર નગરસભા મ્યુનીસીપાલીટી માટે એક કવોલીફાઇડ એન્ડ કોમ્પીટેન્ટ સેક્રેટરીની જરૂર છે. પગાર છેવટનો ગ્રેડ કોરી ૨૫૦ બસો પચાશ છે માટે આ હુદાને પોતાના કવોલી ફીકેશનો અને કોમ્પીટન્શીના સરટીફીકેટો સહીતની અરજી આવતા જેઠ સુદ ૨ પહેલાં આ નીચે સહી કરનારને પહોચે તેમ ઉમેદવારોએ અરજ કરવી પગાર કવોલીફીકેશન અને કોમ્પીટેન્શી પ્રમાણે ગ્રેડ અંદરનો મળશે.

બીજા ચૈત્ર વદ ૯ શનીવાર શા. ૨૦૦૧

લક્ષ્મીદાસ ગોકળદાસ,

અજાર નગર સાભના પ્રમુખ.

અંજાર નગરસભા

જાહેર ખબર

નગરસભાની આવતી ચુંટણી આવતા આસુ માશમાં થનાર છે તે માટે સભ્યોનાં મતદારોનું લીષ્ટ ગે ચુંટણીના મુકાબલે હાલની સુધારા વધારાથી તૈયાર કરાવવામાં આવે છે. માટે કચ્છ ગર્વન્મેન્ટ તરફથી થએલ ઠરાવનાં ૫૫૧૬ સવંત ૧૯૯૮ ના નિયત થએલ નિયમો કચ્છ ગેજેટમાં પ્રસિધ્ધ થએલ છે તે મુજબ દશે વર્ગના મતદારોએ પોતાનાં નામ મતદાર લીષ્ટમાં દાખલ કરાવી જવાં અથવા દાખલ થયાની ખાત્રી કરી જવી તે પ્રમાણે ચાલતા વૈશાક વીદ ૮ સુધી મતદારોનું લીષ્ટ ખુલ્લુ છે તે દરમીયાન પોતાનું નામ પોતાના વર્ગમાં દાખલ થવા સંબંધી ઘટીત કરવા આથી લાગત વળગતાઓને જાણ કરવામાં આવે છે જેથી એ સંબંધમાં પાછળથી કોઇ તકરારને સ્થાન રહે નહી.

વૈશાક સુદ ૧ ગુરૂ શાં ૨૦૦૧

ચંદુલાલ ભગવાનલાલ, લક્ષ્મીદાસ
સેક્રેટરી અંજાર નગરસભા. ગોકલદાસ,
પ્રેસીડેન્ટ અંજાર નગરસભા.

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

લી. નીચે સહીકરનાર મંગણી આઇસાંબાઈ જુસબ આથી સર્વે લાગતા વળગતાને ખબર આપું છું કે મારો ધણી મંગણીઆ ડાડા કારા આસરે ચૌદક વરસ થયાં તદન ગુમ થઇ ગયોછે કોઇ કહેછે કે તે મરી ગયોછે કોઇ કહેછે કે તે છેજ નહી દેશ પરદેસ પુછાવતાં કોઇ ચોકસ ખબર લાવતું નથી તેનો વેશ માત્ર પતો નથી મારા સસરા તથા ધાવભાઇએ મને કહાડી મુકતાં હું ત્રણ લુગડે મારી એક સગી ફઇને ત્યાં હાલે રહેલછું તો મારો ધણી જો કયાંઈ પણ હોય તો છતો થઈ રોજ ૮ આઠ દિવસની અંદર મારી સંભાળ લે નહિતર હવે હું નિરાધાર બાઇ બીજે કયાંઈક ન છુટકે નિકાહ પાઢવા પડશે તે હું સર્વે લોકોને જાહેર કરી કહેછું જી

મિતી બીજ ચૈત્ર સુદ ૧૫ સોમવાર. શાં. ૨૦૦૧

મંગણીઆર બાઇ અહિસા જુસબની સહી
દઃ આહેર ધના સવાણીના આહેસાબાઇ
ના કેવાથી

ખાનગી. જાહેર. ખબર.

હું નીચે શાઈ કરનાર ગામ શ્રી ભુજપરનાં શાહ વીરજી દેવજી જેવત આથી સર્વે લોકોને ખબર આપું છું કે. ગામ મજકુર માં મારા વડીલો નાં વખતની જગ્યા ૧ એક જે હાલે મારા કબજા ભોગવટાની છે. અને તેની હદની વિગત નીચે પ્રમાણેની છે તે જગ્યાનાં દસ્તાવેજો મારા હાથથી ઉતરી ગયેલછે. અને ગુમ થયેલછે. જેથી તે જગ્યાનાં દસ્તાવેજો જેનાં પાસે હોય અગર તે ઉપર પોતાનો હક કે હીત સબંધ હોય તો તેણે તે મારી પાસે. આવીને તેણે સફાઈ કરી ચોખ કરી જવાને જણાવું છું અગર છુપી રીતે કે બીજી ભલતી સમજણથી કોઇ શખ્સ આ જગ્યા ઉપર કાંઈ પીરમાર કરશે તો તે રદબાતલ થવાને જણાવું છું.

વલી આ ઉપરાંત શહર જગ્યાનાં દસ્તાવેજો. જેના પાસે નિરપયોગી હોઇ તેનો ગેર ઉપયોગ કરશે તો તેનો જવાબદાર પણ તે છે અને તેને અંગે કોઇ પણ પ્રકારની થતી નુકસાનીનો હું હવેથી જવાબદાર નથી એમ પણ જાહેર કરૂં છું.

આ જગ્યાની ચતુર દીશાની વિગત

૧ જગ્યાની ઉગમણીકોરે. શા. ખીમી કરમણની જગ્યા છે

૨ ઉતરાદી કોરે રાજમારગ છે

૩ આથમણીકોરે શા. વેરશી શામતની જગ્યાછે
દખણાદી કોરે શા ગાંગજી ઉમરશીની જગ્યાછે

એરીતે ચારેદશા વાલી જગ્યા પોશાળ ફલીઆમાં ગામ શ્રી ભુજપરમાં આવેલીછે જ્યારે તેજગ્યાનાં દસ્તાવેજ જેના પાસે હોય તેણે આજથી પંદર દિવસની અંદર મને સુપ્રત કરવાને જાહેર કરૂં છું મુદતવીતે તે દસ્તાવેજની આપ લે કાયદે સરની થયા વગરનાં હું રદબાતલ જાહેર કરૂંછુ.

મીતી વૈશાક સુદ ૧ શનો સં. ૨૦૦૧

શા વીરજી દેવજી જેવતની શાઇ દઃ
પોતાના

ખાનગી જાહેર ખબર.

અમો નીચે સહિઓ કરનારાઓ કોઠારાનાં શાહ મેઘજી હંસરાજ તથા શાહ હીરજી તથા ચુનીલાલ તથા ઉમરસી તથા નેમચંદ હંસરાજ ચારે સગીરોનાં વાલી શાહ મેઘજી હંસરાજ આ જાહેર ખબરથી જાહેર જનતા અને સર્વ લાગતા વળગતાને ખબર આપીએ છીએ કે અમારા દાદી માંકબાઇને અમારા પિતાનાં સ્વર્ગવાસ થયા બાદ રોકડ રકમમાં કોરીઓ રૂપીઆ અને હેમનાં મોટી કીંમતનાં દાગીનાં આપવામાં આવેલા છે જે તેણીનાં કબજેછે તેણીનું ભરણ પોષણ આજ દિવસ સુધી અમો કરતા આવ્યા છીએ અને તેઓ અમારા સાથે મુંબઈ રહેતા હતા. હાલે કેટલક વિઘ્ન સંતોષીઓની ઉશ્કેરણીથી તેઓ પોતાના મગજની સ્વસથતા ગુમાવી બેઠાછે. અને હાલે તેમને દેશમાં અમારી જગ્યામાં રાખેલછે એ જગ્યામાં તેણીનો કશોપણ હક્ક નથી. પરંતુ ધંધાર્થે અમારે પરદેશ રહેવાનું થાય છે. અને માંકબાઇને પહ્યે તેની અસ્વસ્થતાનો ખોટો લાભ ઉઠાવવાનાં બદ ઇરાદાથી કેટલાક ખટપટી માણસો તેણીનાં પહ્યે ચડયાછે અને અમારી જગ્યા ઉપર ધીરધાર કરાવી દેવાની કે જગ્યા વેચાણ કરાવી દેવાની હિલચાલ કરી રહ્યાછે. જેથી માંકબાઈનાં મતાંથી અમારી જગ્યાસર કોઈ પણ કાંઇ ધીરધાર અગર લેતી દેતી કરશે અગર એ જગ્યા વેચાણ લેશે તોતે ધણી પોતાનાં હિશાબે અને જોખમે કરશે. એમ શમજવાનુ છે. એવા કોઈ પણ વ્હેવાર માટે અમો કે અમારી જગ્યા કે બીજી કોઇ મિલ્કત જવાબદાર રહેશે નહિ. અને એવા વ્હેવાર સદંતર રદ બાતલછે. એમ સમજવાનું છે. તેની સર્વે એ નોંધ લેવાની છે. એજ

મીતી વૈશાક સુદ ૫ બુધવાર સાં.૨૦૦૧.

૧ શા મેગજી હંશરાજ ની શઇ દઃ પોતાના

૨ શા હીરજી ત્થા ચુનીલાલ ત્થા ઉમરશા ત્થા નેમચંદ હંશરાજ ચારે સગીરો ના વાલી શા મેગજી હંશરાજ ની સઇ દઃ પોતાના

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીખે આ વર્ષની કોરી ૨૪૩ સવા ચોવીસને છુટા વણ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૯૩ લેવામાં આવશે મુદ્દત વીત્યાપછી ભરે તો તેની પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥.

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૨ ત્થા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધ અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સાં. ૨૦૦૧ સુધી લવાજમ નહિ આવે તો સાં. ૨૦૦૨ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL 72] MONDAY 11th JUNE 1945. [No 25]

[વ૦ ૭૨] જેઠ સુદિ ૨ સોમવાર સં. ૨૦૦૧ તા ૧૧ મી જુન સને ૧૯૪૫ [અંક ૨૫]

No. 133 of 1945.

Dewan's Office,
Bhuj, 29th May 1945.

MEMO.

His Highness has been pleased to appoint Mr. S. A. J. Quraeshi as State Forest Officer on a salary of Rs. 250/-in the grade of Rs. 250-25-350 for a period of 3 years with 6 months' notice from either side for terminating services within that period.

He will get free quarters simply furnished and such conveyance as may be allowed to him.

It is expected that he will join duty as early as convenient.

S. K. Nayampalli,
Dewan of Kutch.

શ્રી. હ. ઓ. નાં. ૧૪૬ યાદી

નખત્રાણા તાલુકે જડોદર જાગીરના ગામ કોટડાના કચુમી કરમસી મેઘજી તરફથી, રા. જડોદર મેનેજર વાઘજી રતનસીએ પોતા પાસેથી, જાગીરની વાડીની સુખડીના તુમારે રૂ. ૨૫૦ બસો પચાસ જબરાઇથી ઉઠાવેલ હોવાની ફરીયાદ કરવામાં આવી જે પરથી તે ફરીયાદ બાબત તપાસ કરાવતાં તે તપાસના પરિણામે અરજદાર ની ફરીયાદ સત્ય હોવાનું નીકળેલછે આ કાગળો ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુર હજુરે પેશ થતાં નીચે પ્રમાણે ફરમાન થયું છેઃ-

સદરહુ તપાસના પરીણામે રા. વાઘજી રતનસીં દોષીત હોવાનું નીકળતાં તેને મુસીબ કેરી ૫ પાંચ ડીગ્રેડ કરવામાં આવે છે અને તેણે લીધેલ રૂ. ૨૫૦ બસો પચાસ અરજદાર કરમસીં મેઘજીને રા. વાઘજીએ રીત મુજબ આપી દેવાનો હુકમ કરવામાં આવે છે.

વૈશાખ વીદ ૨ ભોમવાર સં. ૨૦૦૧.

પોલીટીકલ બ્રેન્ચ,
તાઃ ૨૯-૫-૪૫

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

યાદી.

હ. ઓ. નં. ૧૩૬.

કચ્છ રાજ્યનાં તમામ ખાતાંઓની બહારની મંગાવવાની તમામ જરૂરીઆતની વસ્તુઓ માટે કચ્છ રાજ્યનાં મુંબઇ ખાતેના એજન્ટ અને એસ્ટેટ મેનેજર રા. રા. હુશનભાઇ મહમદભાઇ હાજીભાઇ મારફત તજવીજ કરી મંગાવવાનું ધોરણ રખાવવા ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

તેમનું સરનામું:—

રા. રા. હુશેનભાઇ મહમદભાઇ હાજીભાઇ
કચ્છ સ્ટેટ એજન્ટ એન્ડ એસ્ટેટ મેનેજર
ઠેકાણું:—દેવજી કાનજી એન્ડ કું.
મહમદઅલી રોડ,
મુંબઈ.

વૈશાખ વીદ ૩ બુધવાર શં. ૨૦૦૧. તા. ૩૦-૫-૪૫

S. K. Nayampalli,
દીવાન-કચ્છ

હ. ઓ. નાં. ૧૪૮ ઠરાવ

કચ્છમાંથી ત્રાંબાનો ભંગાર નિકાશ કરવા બાબત પ્રતિબંધ મુકવા રે. જા. નાં. ૬૬૧૫ તા. ૧૭-૧૦-૪૨ તથા કા. ઓ. નાં. ૧૫ તા. ૧૯-૧-૪૪ વાળાથી હુકમો થએલ,

હાલે કેટલાક અરજદારો તરફથી ત્રાંબાનો ભંગાર નીકાશ કરવા બાબત અરજ થતાં કાગળો ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુર રજુ થતાં ફરમાન થયું કે આ હુકમની તારીખથી ૬ છ માસ સુધી ત્રાંબાનો ભંગાર ધોરણસર નીકાશ કરવા આપવો.

આ હુકમ અનયમ માસ છ ની અંદર નિકાશ થએલ ભંગાર ઉપર નિકાશ થતાં કેટલી ઉત્પન્ન થઇ તથા મળેલ મુદતમાં વધારો કરવા સરખું છે કે કેમ તે બાબત કસ્ટમ ખાતેથી રીપોર્ટ માગવો.

મીતી વૈશાખ વીદ ૩ બુધે શાં. ૨૦૦૧ તા ૩૦-૫-૪૫.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

હ. ઓ. નાં. ૧૪૯ ઠરાવ

માંડવીના શેઠ રવજી અમરસીએ માંડવીમાં તળાવવાળા નાકા બહાર શ્રી ભાટીઆ બાળાશ્રમની બાજુમાં એક હોસ્ટેલ બંધાવી આપવા તથા તે હોસ્ટેલ શેઠ ગોકલદાસ તેજપાળ ચેરીટી ટ્રસ્ટને ચલાવવા માટે સોંપી આપવા ઇચ્છા જણાવી જમીન ગજ ૧૦૦×૧૦૦ ચોરસ ગજ દસ હજાર ઓછી કીમતે મળવા અરજ કરતાં કાગળો ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુર રજુ થતાં નીચે પ્રમાણે કૃપાભર્યું ફરમાન થયું છે.

૧. જમીન માટે માગણીનો ઉદેશ લક્ષમાં લઇ નક્કી થએલ સ્થળે માગણીવાળી જમીન ફુટ ૩૬૭૩૦, ફુટ ૧ ના છુટા ૦)૩ા સાડાત્રણના ભાવે આપવી.

૨. જે ઉપયોગ માટે આ જમીન આપવામાં આવે છે તેથી બીજી રીતે આ જમીનનો ઉપયોગ થઈ શકશે નહી.

૩. હોસ્ટેલનું બાંધકામ શરૂ થવા પહેલાં પ્લાન તથા પ્લીંથનો નકશો ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુર પસંદ થવા રજુ કરવો.

૪. પ્લાન તથા પ્લીંથનો નકશો પસંદ થયેથી માસ છ ની અંદર બાંધકામ શરૂ કરવું અને જેમ બને તેમ તરત પુરૂં કરવું. કામ શરૂ કરવા બાબત વિલંબ થાય તો તે બાબત કારણો દર્શાવી રીપોર્ટ કરવો.

મીતી વૈશાખ વીદ ૩ બુધે શાં ૨૦૦૧. તા. ૩૦-૫-૪૫.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

ડી. સી. એસ. નાં. ૨૬૭૦ ઠરાવ

ડી. સી. એસ નાં. ૨૫૧૮ તારીખ ૧૧-૫-૪૫ વાળા ઠરાવથી અંજાર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ લીમીટેડમાં તૈયાર થતા સુતરના જે ભાવ તારીખ ૩૧-૫-૪૫ સુધીની મુદત માટે મુકરર કરવામાં આવ્યા છે તે મુદતમાં વધારો કરી આપવા અંજાર મીલના મેનેજર તરફથી અરજ કરવામાં આવતાં તેમણે જણાવેલા સંજોગો ધ્યાનમાં લઇ ઉપર ઠરાવેલા મુદતમાં વિશેષ એક માસ વધારો કરી આપી ઉપરોક્ત ઠરાવમાં જણાવ્યા પ્રમાણે અંજાર મીલમાં તૈયાર થતાં કાઉન્ટ નાં. ૪, ૬½, અને ૮½ નાં સુતરના ભાવ તા. ૩૦-૬-૪૫ સુધીને માટે મુકરર કરવામાં આવે છે.

દીવાન ઓફીસ
ભુજ, તા. ૩૧-૫-૪૫.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

સ. ખાતુ નાં. ૫૭૮

યાદી.

માંડવીનાં સંગતી ગમતલાલ પોપટલાલને રૂપીઆની લેતી દેતી કરવાની 'અ' વર્ગની સનંદ આપવામાં આવેલ તેની વિરૂદ્ધ ફરીયાદ થતાં તપાસ થઇ રા. માંડવી કટ્ટરા દરોગાના ડેમ નાં. ૮ તા. ૧૨-૫-૪૫ વાલાથી લખાઈ આવેલ હકીકતે તેના તરફથી ચાલુ કાયદા કાજ ધોરણસર ન હોવાનું જોવામાં આવે છે માટે તેની સનદ આથી રદ કરવામાં આવે છે. અને તેના પર ધોરણસર કામ ચલાવવા હુકમ થએલ છે.

તમામ સનંદી પાટલા વાલાઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ તરફથી સરતોથી વિરૂદ્ધ વર્તન થયાનું જણાશે તો ધરીત કરવામાં આવશે.

વૈશાખ વીદ ૭ સની શા. ૨૦૦૧ તા. ૨-૬-૪૫.

J. J. Ashar,
ફોર દીવાન કચ્છ.

શ્રી. હ. ઓ. નાં ૧૫૨ ઠરાવ:

શ્રી હજુર ઓર્ડર નાં ૧૨૩ વાળા ઠરાવના અનુસંધાનમાં રા. પ્રભુરામ જેઠાભાઇ શાહને રાપર એડીશનલ ન્યાયાધીશ તરીકે નીમવા ખુદાવિંદ મહારાજા શ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

વૈશાખ વીદ ૧૦ બોમવાર શા. ૨૦૦૧

જ્યુડીશીયલ બ્રેન્ચ,
તા: ૫-૬-૪૫.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

નાં. ૮૬૦ નોટીફીકેશન.

એજન્સી તરફથી પ્રકાશન માટે આવેલ નીચેની વિગતો યુદ્ધ સૈનિકો અને તેમનાં સગાં સ્નેહીઓની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૬-૫-૪૫

J. J. Ashar,
ચીફ સેક્રેટરી

ક્વીન મેરી હુન્નરશાળા કીરકી.

-યુદ્ધમાં અશક્ત થએલા હીન્દી સૈનિકો, નાવિકો અને હવાઈ સૈનિકો માટે-

૧. ડાકટરી સમીતી તરફથી અશક્ત ઠરી યુદ્ધમાંથી ફારેગ કરાએલા લશ્કરીઓ આ શાળામાં દાખલ થઇ શકશે.

૨. હાલે ૧૦૦ અભ્યાસીઓ, જેમાંથી ૧૬ કુટુંબ સાથે રહી શકે તેવી સગવડ કરવામાં આવી છે.

૩. દાખલ થવા માટે અરજી સુપીન્ટેન્ડેન્ટ, ક્વીન મેરી હુન્નર-ટેકનીકલ-શાળા, કીરકી, ઉપર સીધી મોકલાવી શકાશે, અથવા—

૧. યુનીટ,
૨. એસ. એસ. અને એ. ઓર્ડ,
૩. સી. એલ. એર્ગેનાઇઝેશન, કે
૪. મુલકી સત્તાવાળાઓ.

મારફતે મોકલી શકાશે.

૪. અભ્યાસ દરમ્યાન નીચેની સવલતો મળશે:—

અ: નીચે જણાવેલ હુન્નરોનું મફત શિક્ષણ,

બ: દાખલ કરાએલા અભ્યાસીઓને ઘેરથી આવવા અને ઘેર જવા મફત રેલ્વે પાસ.

ક: શિક્ષણ દરમ્યાન અભ્યાસીઓને મફત ખાવાપીવાનું તથા રહેવાનું, તથા કપડાં,

૬: શાળામાં હોય તેટલો સમય રૂ. ૮નો નિર્વાહ રીલીફ પગાર.

૫. શાળામાં નીચેના હુન્નરો શીખવવામાં આવશે.

હુન્નર	શિક્ષણનો સમય.
૧. મોટર ચલાવવાનું અને સંભાળ રાખવાનું.....	છ મહીના.
૨. તેલનું ઇન્જીન ચલાવવાનું અને સંભાળ કામ.....	આઠ મહીના.
૩. મોજાં, ગલપટા વીગેરેનું સુથાણુ કામ.....	બાર મહીના.
૪. શીવણ કામ.....	બાર મહીના.
૫. હાથનું અને યંત્રનું વણાટ કામ.....	પંદર મહીના.
૬. ઇલેક્ટ્રીસીટી.....	બે વરસ
૭. સુથાર કામ.....	સમય જણાવ્યો નથી.

જેઓને ઉપર જણાવેલ ઉદ્યોગો શીખવાની ઇચ્છા હોય તેમણે આજ જદ્દર મોકલવી કારણ જો તરત જગ્યા ન મળે તો પણ સુપ્રીન્ટેન્ડેન્ટ અરજીની નોંધ લઇ, જગ્યા ખાલી પડે કે તરતજ અરજદારને દાખલ કરી શકશે.

જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના મેતા તનસુખલાલ રતનશંકર તથા ભગવતીદાસ રતનશંકરે આ કોર્ટ પાશે એવી અરજ કરેલ છે કે અમો અરજદારો બે શગા ભાઇઓ થઇએ છીએ અને શયુકત કુટુબમાં રહીએ છીએ અમારા પીતા રતનશંકર મણીશંકર વૈષ્ણવ તા. ૨૬-૩-૪૫ને રોજ ગુજરીગયાછે અને તેમના કુટંબમાં અમે અરજદારો છીએ અને અમો પૈકીની ૧ મનસુખલાલ રતનશંકર મોટા હોતાં કુટંબના કર્તાછે અને બધો વહીવટ તથા કાર વહેવાર તેમના નામથી ચાલેછે અમારા મર્હુમ પીતા પોતાના બીજા શગાઓથી જુદા હતા અને અરજવાળા શેરો તેમણે પોતાની સ્વતંત્ર મીલકતમાંથી ખરીધા હતા એટલે તેમના બીજા કોઇ શગાઓનો આ શેરોમાં કાંઇ હીત સબંધ નથી છતાં પણ તેમના નીકટના હયાત શગાઓનું લીષ્ટ આંક ૧ પરરજુછે.

અમો પૈકી અરજદારની ૨ વાલાને આ શેરો બાબતનું વારસા શર્ટીફીકેટ ની ૧ વાળાને મળે તેમાં વાંધો નથી.

ઉપરની હકીકતે અરજદારોના સ્વર્ગસ્થ પીતા રતનશંકર મણીશંકર વૈષ્ણવના નામ ઉપર રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીઆના પાંચ શેરો કુલ કીંમત રૂ. ૫૦૦)ના સર્ટીફીકેટના નં. B, 24932 વાલાનું વારસા સર્ટીફીકેટ અરજદાર તનસુખલાલ રતનશંકર વૈષ્ણવને આપવા હુકમ ફરમાવશો

આ સબધમાં કોઇની કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સ. ૨૦૦૧ના જેઠ સુદ ૧૨ શુક્રવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવુ અને તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવેતો મુદત વીતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીશે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો શાંભળવામાં આવશે નહી.

મુ ભુજ નગર વરીષ્ટ કોર્ટ કચ્છ

વૈશાખ સુદ ૧૪ સુક્રવાર શા. ૨૦૦૧ તા. ૨૫-૫-૪૫

સવાઇલાલ લક્ષ્મીશંકર

મે. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી

જાહેર ખબર.

વ. દી. જા. નં ૮૮૨૦

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના ઠક્કર ભગવાનજી મુલજી સોની ગુજરી જતાં તેની વીધવા અમૃતબાઇ ડીરજીએ આ કોર્ટ પાશે એવી અરજ કરેલ છે કે મરહુમ ઠક્કર ભગવાનજી મુલજી સોની મારા પતિ થતા હતા અને હું તેની પરણેતર ઓરત છું મારા પતીએ પોતાની સ્વકમાઇમાંથી સુરતમાં આવેલી "ધી ઇન્ડસ્ટ્રીયલ એન્ડ પ્રુડેન્શીયલ એસ્યોરન્સ કંપની લીમીટેડ"ના રૂ. ૩૦૦૦)નો જીદંગીનો વીમા ઉતરાવેલ અને જે માટે વીમા કંપની તરફના તા. ૨૦ ઓકટોબર ૧૯૪૨ની તારીખની પોલીશી નં. ૬૩૮૬૭ વાલી તેને આપવામાં આવેલી હતી તે ઉપરાંત મારા ધણીએ બેંક ઓફ ઇન્ડીઆની કચ્છ ભુજની શાંખામાં રૂ. ૨૫૦૦) તા. ૨૮-૮-૪૩ ના રોજે કરન્ટ એકાન્ટમાં જમા રાખ્યા હતા મારા ધણી ભગવાનજી મુલજી સોની તા. ૯-૨-૪૪ના રોજે મુંબઇમાં ગુજરી ગયા છે અને તેની પાછળ અરજદારણ તથા મારા ધણીથી થએલ પુત્રી નામે કસ્તુરીબાઇ ઉમર વરસ ૧૨ ની છે અને તે શગીર હોતાં મારી સાથે રહે છે મારા ધણીના નજીકના શગામાં મારા સ હુંગ ધણીના કાકા ઠા. નારાણજી ત્રીકમજી ભુજમાં રહે છે અને તેનાપર નોટીશ કઢાવવા અરજ છે.

હું અરજદાર મારા ધણીની એકલી વારશ છું તેથી ઇન્ડસ્ટ્રીયલ એન્ડ પ્રુડેન્શીયલ વીમા કંપનીના રૂ. ૩૦૦૦)ની મારા પોલીશી ના ૬૩૦૨૭ ના નાણા તથા કચ્છ ભુજમાં આવેલ બેંક ઓફ ઇન્ડીઆની શાંખામાં કરન્ટ એકાન્ટમાં જમા રાખેલ રૂ. ૨૫૦૦]ના નાણા લેવા હકદાર છું એવું વારશા શર્ટીફીકેટ અપાવવા દયા લાવેલો હુકમ ફરમાવશો.

આ સબધમાં કોઇના કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સાં ૨૦૦૧ ના જેઠ સુદ ૧૫ સોમવાર સુધીમાં અથવા તે રોજ આ કોર્ટ પાશે આવી જાહેર કરવું અને તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તક-

રાર કે વાંધો બતાવવામાં નહીં આવે તો મુદત વીતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીશે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો શાંભળવામાં આવશે નહિં.

મુ. ભુજનગર વરીષ્ટ કોર્ટ કચ્છ

વૈશાખ વીદ ૩ ગુરૂવાર શાં.૨૦૦૧ તા. ૩૦-૫-૪૫

શવાઇલાલ લક્ષ્મીશંકર,

મે. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી.

જાહેર ખબર.

વ. દી. જા. નાં. ૮૮૯૧

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના જાદ રંજન ગૌરી હરીલાલ નાગર આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે મારા પતી નંદશંકર અમૃતલાલ તા. ૯-૧૧-૧૯૪૪ના રોજે ગુજરી ગયા છે મારા પતિ નિશંતાન ગુજરી જતાં તેમની પાછળ હું એકલી તેમની કાયદેશરની વારશ છું મારા પતીએ ધી મુંન્સીપલ લાઈફ ઇન્સ્યોરન્સ કંપનીમાં રૂા. ૧૦૦૦)ના વીમો ઉતારેલો અને તેમના ગુજરી જવા બાદ કંપની સાથે પત્ર વહેવાર કરતાં વારસા સર્ટીફીકેટનું રજાન થત મારા પતીના કંપનીમાં રૂા. ૧૧૪૧-૧૦-૦ની રકમ જમા રહે છે તે બાબત વારસા સર્ટીફીકેટ મળવા અરજ છે.

મારા પતીએ વીલ કે બીજા કોઇ પ્રકારની વ્યવસ્થા કરી નથી

મારા પતીના ગુજરવાથી હું એકલી તેમની કાયદાશરની વારશ છુ તે બતાવવા સાહેદોના નામો જણાવું છું તેને હાજર કરીશ.

હુ મારા પતીના ધી મુંન્સીપલ ઇન્સ્યોરન્શ કંપનીમાં રહેતા રૂા. ૧૧૪૧-૧૦-૦ મેળવવાને માટે વારસ છું તેવું વારસા સર્ટીફીકેટ અપાવવા કૃપા કરશો.

આ શાંબંધમાં કોઇની કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સાં. ૨૦૦૧ના જેઠ સુદ ૧૨ સુકરવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાશે આવી જાહેર કરવું અને તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવે તો મુદત વીતે અરજદારે માગેલ વારશા સર્ટીફીકેટ તેને આપવા વીશે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો શાંભળવામાં આવશે નહી.

વૈશાખ વીદ ૫ સુકરવાર શાં ૨૦૦૧ તા. ૧-૬-૪૫

સવાઇલાલ લક્ષ્મીશંકર,

મે. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી.

મહારાજા ધીરાજ મરઝાં મહારાઓશ્રી૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી વરિષ્ટ કોર્ટ
ખા. દી. કાગ નાં ૯૦૪ શા ૨૦૦૧

શ્રી કચ્છ દેશીય શારસ્વત બ્રાહ્મણ બોર્ડીંગ અંજાર
કચ્છ ના ટ્રસ્ટીઓ અને કાર્ય વાહકો જોશી ગવરીશંકર પરસોત્તમ વગેરે રે. અંજાર } વાદીઓ

શ્રી અંજારની શારસ્વત બ્રાહ્મણની નાતના કહેવાતા મોટા પક્ષના અગ્રેશરો તેઓ પોતા તરફથી તેમજ તેમના પક્ષ વતીથી
૧ પંડયા બાબુ ઉર્ફે હીરજી રામજી રે. અંજાર
૨ પંડયા જટાશંકર રામજી રે. ,,
૩ જોશી વાલજી રે. ,, } પ્રતીવાદીઓ

દાવો સ્થાવર જંગમ મીલકત કબજે મેલવા બાબત

શ્રી અંજારની શારસ્વત બ્રાહ્મણની નાતના મોટા પક્ષના તમામ સભ્યોને માલુમ થાય કે સદરહુ વાદીઓ ઉપર પ્રમાણે મોટા પક્ષના અગ્રેસરો ત્રણ જણાને પ્રતિવાદીમાં દાખલ કરી ગુજરનાર જોશી ગૌરીશંકર હરીરામની સ્થાવર જંગમ મીલકતો કબજે મેલવા ઉપર પ્રમાણે દાવો કરી કચ્છ દીવાની કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૨ પ્રમાણે નોટીશ છપાવવા અરજ કરતાં આ નોટીશથી તમને ખબર આપવામાં આવેછે કે તમમાથી કોઇને પણ તે ત્રણ પ્રતિવાદી સાથે અથવા તેમને બદલે પ્રતિવાદી પક્ષમા દાખલ થવું હોય તેમણે શા. ૨૦૦૨ના અશાડ સુદ ૭ સોમવારને રોજ અહી કોર્ટમાં જાતે અથવા વકીલ મારફત હાજર થઇ અરજ કરવી નહી તર મુદત વીતે સદરહુ ત્રણ પ્રતિવાદી તમારા કહેવાતા મોટા પક્ષના અગ્રેસરો તમારા પક્ષની વતીથી છે એમ ગણી તેમના વિરૂદ્ધનો દાવો આગળ ચલાવવામા આવશે.

વૈશાખ વીદ ૬ ગુરૂવાર શા. ૨૦૦૧

જયસુખલાલ દુર્લભદાશ,

મે. આશી જડજ. વરિષ્ટ કોર્ટના હુકમથી.

બચત કરો.

જાહેર જનતાને.

૧. નિયમિત જણ દીઠ ઓછાંમાં ઓછી દરમાસે ૧) એક કોરી બચત કરવાનો નિશ્ચય કરો.
૨. નાની બચત યોજનાના એજન્ટ મારફત ટીકીટ ખરીદ કરતા રહો.
૩. રૂપીઆ ૫/- પાંચની ટીકીટો એકઠી થાય એટલે ૧૨ વર્ષની મુદતનું નેશનલ સેવિંગસ સર્ટીફીકેટ મેળવો.
૪. ૧૨ વર્ષે ૧૬ દોઢ પર રકમ મળશે રૂ. ૫/ થી ૫૦૦૦/ સુધી દરેક જણ આ યોજનામાં રોકી શકે છે. વિશેષ માટે મળો: તમારા ગામના એજન્ટને

નાની બચત યોજના કચ્છ.

જાહેર ખબર

આથી લાગતા વળગતાઓને ખબર આપવામાં આવે છે કે લખપત તાલુકામાં કુનેરી નજીક કોલસાનું ખોદકામ કરી તે કોલસો કચ્છમાં ઘર વપરાસ માટે વેંચવાનું તથા બીજા કોઇ ઉપયોગ માટે વેંચવાનું કામ જેઓએ રાખવું હોય તેમણે આ બાબતમાં મે. રા. રા. પ્રેસીડન્ટ મીનરલ્સ બોર્ડને અરજ

કરવી આ અરજીની છેલ્લી તારીખ ૨૧-૬-૧૯૪૫ નક્કી કરવામાં આવી છે

વિગત નીચે મુજબ છે

૧. કામની છુટની મુદત સં. ૨૦૦૨ના જેઠ વિદ ૦)) સુધીની રહેશે.

૨. આ કોલસો ભુજ સિવાય કોઇ પણ કચ્છ ની અંદરના ગામે વેચી શકાશે

૩ કચ્છથી બહાર મોકલવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૪ કોલસાનો છુટક ભાવ કચ્છી મણનો કોરી રા અઢી દરેક ગામમાં રાખવાનો છે આથી વધુ ભાવે વેંચી શકાશે નહિ.

૫ છૂટ મેળવનારે શ્રીદરબારને અમુક રકમ આપવાની રહેશે મોટી રકમ આપનારનેજ છુટ આપવા એવું કોઇ જાતનું બંધન નથી.

૬ કોઈ જાતની બીજી રોયલ્ટી લેવામાં આવશે નહિ

૭ આ કામ વિશેની વધુ માહિતી રા. ફીલ્ડ ઓફીસર મીનરલ્સ બોર્ડ પાસેથી મળશે.

તા. ૨૪-૫-૧૯૪૫ P. K. Dave,
ફીલ્ડ ઓફીસર મીનરલ્સ બોર્ડ

જાહેર ખબર

આથી લાગતા વળગતાઓને ખબર આપવામાં આવે છે કે ભુજ તાલુકામાં ભડલી નજીક કોલસાનું ખોદકામ કરી તે કોલસો કચ્છમાં પર વપરાશ માટે વેંચવાનું તથા તેવા કોઇ બીજા ઉપયોગ માટે વેંચવાનું કામ જેઓને રાખવું હોય તેમણે આ બાબતમાં મે. રા. રા. પ્રેસીડન્ટ મિનરલ્સ બોર્ડને અરજ કરવી આ અરજીની છેલ્લી તારીખ ૨૧-૬-૧૯૪૫ નક્કી કરવામાં આવી છે.

વિગત નીચે મુજબ છે.

૧ કામની છૂટની મુદત સાં. ૨૦૦૨ના જેઠ વીદ ૦)) સુધીની રહેશે

૨ આ કોલસો ફકત ભુજ સિવાય કોઇ પણ કચ્છ ની અંદરના ગામે વેચી શકાશે નહિ.

૩ કચ્છથી બહાર મોકલવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૪ કોલસાનો છૂટક ભાવ કચ્છી મણનો કોરી રા અઢી રાખવાનો છે આથી વધુ ભાવે વેંચી શકાશે નહિ.

૫ છૂટ મેળવનારે શ્રી દરબારને અમુક રકમ આપવાની રહેશે મોટી રકમ આપનારનેજ છૂટ આપવી એવું કોઇ જાતનું બંધન નથી.

૬ કોઇ જાતની બીજી રોયલ્ટી લેવામાં આવશે નહી.

૭ આ કામ વિશેની વધુ માહિતી રા. ફિલ્ડ ઓફિસર મિનરલ્સ બોર્ડ પાસેથી મળશે.

તા. ૨૪-૫-૪૫ P. K. Dave,
ફીલ્ડ ઓફીસર મિનરલ્સ બોર્ડ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૪૪૮-૪૫૨

શ્રી અંજાર અદાલત

ખા. દી. કામ નાં. ૨૩૭ સાં. ૨૦૦૦

આહેર વીરડા જેઠા મેઘાણીનાં પુત્ર મેગર જેઠા ગળપાદર વાદી

વાણીઆ વોરા વાલજી વીશનજી વી ગળપાદર પ્રતિવાદી

બાબત

ઠામો છોડાવવાનો

નીચે લખ્યા નામ તથા ગામ વાળાઓને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદહું દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં સવારના ૭॥ વાગેથી આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી દીવસ ૧૫ પંદરની અંદર અને ત્યાર પછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહીંતો કાયદેશર થશે.

નાં. ૫-૬

વોરા વેલજી વાલજી તથા વોરા ચમનલાલ વાલજી એ બંને સગીરનાં વાલી માતાજી રડીઆતબાઇ ધમડકા

નાં. ૮

આહેર વીરડા દાના વીરા ગળપાદર

મિતી વૈસાખ શુદ ૧ શની સાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ,
મે. અંજાર ન્યાયાધીશ સા.ના હુ. થી.

મહારાજા ધીરાજ મિરઝા મહારાઓ શ્રી૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૧૦૪

શ્રી અંજાર અદાલત

ખા. દી. કામનાં. ૪૬ સાં ૨૦૦૧

શોરડીઆ હડીઆ જટુ ધેરા વી. અંજાર વાદી

તુરીયા મુસા સલેમાન વી. અંજાર પ્રતિવાદી

બાબત

ભોગ લેવાનો અમારો હકછે તેવું ડેકલેરેશન મળવાનો

કરાંચી મધ્યે શોરડીયા ડાયા વાણાને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદહું દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં સવારના ૭॥ વાગેથી આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાણાની તારીખથી દીવસ ૧૫ ની અંદર અને ત્યારપછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહીતો કાયદેશર થશે.

મિતી વૈસાખ શુદ ૧ શની સાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ
મે અંજાર ન્યાયાધીશ સા હુ થી

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઈ બહાદુર

નાં. ૭૫૭ થી ૭૬૬

શ્રી અંજાર અદાલત

ખા. દી. કામ નાં. ૧૦૫ સાં. ૨૦૦૧

મીસ્ત્રી કલ્યાણજી માવજી વી અંજાર વાદી
ભાઇ જીવણદાસ જમનાદાસ વી અંજાર પ્રતિવાદી
બાબત
ખાળમાં ગંદકી કરેછે તે ન કરે તેવો કાયમી મનાઇ હુકમ થવાનો

અંજાર મધ્યે નીચે લખ્યા શખ્સોને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદર્હુ દાવો કરેલછે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં સવારના છાયાગેથી આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી ૧૫ દીવસની અંદર અને ત્યાર પછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહી તો કાયદેસર થશે.

૧ ભા. ઠા. જીવણદાસ જમનાદાસ
૨ ,, જેરામદાસ પ્રેમજી
૩ ,, લક્ષ્મીદાસ પ્રેમજી
૪ ,, ચત્રભુજ દામોદર
૫ ,, મુરારજી દામોદર
૬ ,, પરસોતમ દામોદર

મિતી વૈસાખ સુદ ૧ શની શાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ,
મે. અંજાર ન્યાયાધીશ સા ના હુ. થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૪૨૯

શ્રી અંજાર અદાલત

ખા. દી. તામીલ કામ નાં. ૯૭ શાં. ૨૦૦૧

ગુજર સુતાર વાલજી પ્રેમજી અંજાર વાદી
ગુજર સુતાર વાલજી કરશન રે-વાંકી પ્રતિવાદી
બાબત
હુકમનામાની તામીલ થવા

વાંકી મધ્યે ગુજર સુતાર વાલજી કરશન ને માલમ થાય જે આ વાદીએ શાં ૧૯૯૯ ના ફાગણ વિદ ૫ ના રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૫૪) કાંધાની મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલછે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરવી નહીંતો કાયદેશર થશે.

મિતી વૈશાખ સુદ ૧૧ ભોમે શાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ
મે અંજાર ન્યાયાધીશ
સા.ના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર.

ખા. દી. કામ ના. ૬૭ શા. ૨૦૦૧

સ. નં. ૪૫૬૩

શ્રી રાપર દીવાની કોર્ટમા

ઠકર ગોપાલજી માંનસંગ રાપર વાદી
અબડા માધુમા પતાજી વી. વીશાવલી પ્રતીવાદી
દાવો કોરી ૩૬૦) મલવાનો

વીશાવલીના નીચે લખ્યા શખ્સોને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૩૬૦ મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમા શા. ૨૦૦૧ ના જેઠ વીદ ૦)) સોમવારના રોજે કોર્ટ ના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થાસે.

શા. ૨૦૦૧ ના વૈશાખ વીદ ૨ શોમવાર.

૧ અબડા માધુભા પતાજી
૨ અબડા કરસનજી પતાજી
૩ અબડા કારભા પતાજી

} જીવરામ મોનજી
રાપર ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૫૦૨૧

શ્રી રાપર દી. કોર્ટ.

ખા. દી. કામ ના ૩૩૮ શા ૨૦૦૧

મોરબીઆ ખેંગાર ડાંમજી વી. રાપર વાદી
ઠકર કરશન કાનજીની વીધવા મોઘીબાઇ વીગેર રાપર } પ્રતિવાદી
દાવો– કોરી ૧૦૦) મળવાનો

તંબોરીઆના ઠકર મુરજી પ્રેમજીને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૧૦૦) મળવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં શા ૨૦૦૧ના જેઠ વીદ ૦)) શોમવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થાસે.

શાં. ૨૦૦૧ના વૈશાખ વીદ ૬ સુકૃવાર

જીવરામ મોનજી
રાપર ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર.

નં. ૧૯૯

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી

ઠા. મગનલાલ કેતમરામ ભચાઉ વાદી
ખોશા અલાદાદ સૈદખાન કણખોઇ પ્રતીવાદી
દાવો તામીલ થવા

સિન્ધ મધે ખોશા અલાદાદ સૈદખાનને ઓરો હુકમ કરવામાં આવે છે કે વાદીનું હુકમનામુ તમે પુરૂ કર્યુ નથી જેથી આ અદાલતનો બીજો હુકમ થતા સુધી તમારી નીચે લખી મીલકત વેચાણથી ગીરોથી કે બીજી રીતે કોઇને આપી દેવાની તમને આ લેખથી મનાઇ કરવામાં આવે છે તેમજ એ મીલકત તમારા પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતીબંધ છે એમ સમજવું

૧ જગ્યા ૧ કણખોઇ મધેની.
૨ ખેતર ૧ મોરો દંતાર શા

મિતિ બીજા ચૈત્ર વિદ ૦)) સુકરવાર સા ૨૦૦૧

Narottam D. Mehta
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી અબડાશા અદાલત તરફથી

શા પાસવીર ધેલાની વીધવા કોરબાઇના વારશ શા કરમસી લધાભાઇ વીગેર સાંધાણુ } વાદી
શા વીશનજી નાગસી ગુજરી જતાં તેના વારશ તેની વીધવા મુલબાઇ વીગેર સાંધાણુ } પ્રતિવાદી

દાવો —કોરી ૫૦૦૦) મલવા

સાંધાણુ મધે સાધાણુ મહાજનનાં નીચે લખ્યા શક્ષોને માલમ થાય કે સદરહુ વાદીયોએ સદરહુ પ્રતીવાદીયો પર ઉપર મુજબનો દાવો કરેલ તે કામે થયેલ ઠરાવ મુજબ વાદીએ સુધારેલ દાવા પ્લેન્ટ રજુ કરી સાંધાણુ મહાજન તથા સમાનકક્ષાનાં પુરૂષોને દાખલ કરી તેમના પરની નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાવવા અરજ કરતાં તે એરજ મંજુર થઈ છે જેથી હવે નીચે લખ્યા તમામ શક્ષોને ખબર આપવામાં આવે છે કે આ કામે તમારા જવાબ માટેની મુદત શાં. ૨૦૦૧ જેઠ વીદ ૦)) સોમવારની નીમવામાં આવીછે તે મુદતે આ કોર્ટમાં કોર્ટના ટાઇમે જવાબ રજુ કરવાનો જે રજુ કરજો નહીંતર કાયદેસર થશે.

૧ શા લક્ષ્મીચંદ ચત્રભોજ
૨ શા ખીમજી જેઠાભાઇ
૩ શા રતનસી ઠાકરસી
૪ શા મેગજી રામજી
૫ શા જીવરાજ નરસી
૬ શા રાયચંદ ઠાકરસી
૭ શા ગોવીંદજી લખમસી
૮ શા સામજી કાનજી
૯ શા ઉમરસી કાનજી
૧૦ શા ધનજી કાનજી
૧૧ શા લખમસી કાનજી
૧૨ શા જેઠાભાઇ સવસી
૧૩ શા હીરજી શીવસી
૧૪ શા ખીમજી ઠાકરસી
૧૫ શા વેરસી દેવણાદ
૧૬ શા ધનજી નરસી
૧૭ શા માણુકજી ધનજી
૧૮ શા રાઘવજી ધનજી
૧૯ શા રાઘવજી ખીમજી
૨૦ શા વેલજી પુંજા
૨૧ શા ચત્રભોજ મેગજી
૨૨ શા ટોકરસી જીવરાજ આણુંદજી
૨૩ શા ત્રીકમજી દેવસી
૨૪ શા પાંશુ પરબત
૨૫ શા નાગસી પુંજા
૨૬ શા સામજી પદમસી
૨૭ શા શીવજી લખમસી
૨૮ શા લખમસી પાસુ વીશા
૨૯ શા. સામજી હીરજી ઉકેડા
૩૦ શા. કુંવરજી આણુંદની વીધવા લીલબાઇ
૩૧ શા કુંગરસી લખમસી
૩૨ શા પદમસી રામજી
૩૩ શા ગોવીંદજી કુંવરજી
૩૪ શા દામજી લીલાધર
૩૫ શા લીલાધર દેવણાદ
૩૬ શા કરમસી કાનજી
૩૭ શા વીશનજી દાવલની વીધવા મમાબાઇ
૩૮ શા કુંગરસી કાનજી
૩૯ શા લાલજી કેવજીની વીધવા સોનબાઇ
૪૦ શા ધેલા માણેક
૪૧ શા દામજી ધેલા
૪૨ શા નાગસી કાનજી
૪૩ શા રતનસી પદમસીની વીધવા વેજબાઇ
૪૪ શા વેલજી રામજી
૪૫ શા વાગજી દામજી
૪૬ શા કુવરજી નરસી
૪૭ શા મેગજી ખીમજી કરણુ
૪૮ શા ખીમજી કરણુ
૪૯ શા દેવજી રતનસીની વીધવા વેજબાઇ
૫૦ શા ચત્રભોજ શીવજી
૫૧ શા રીવજી સામજી
૫૨ શા ગોવીંદજી નાગરસી
૫૩ શા ઠાકરસી લખમસી મુબઇ
૫૪ શા હેમરાજ રાઘવજી એજ

એ રીતે

સં. ૨૦૦૧ વૈશાખ વીદ ૬ શનીવાર

પ્રાણજીવન પરશોતમ
મે અબડાસા ન્યાયાધીશ શા. નાં હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
નખત્રાણા કોર્ટ તા. ૧૫૨
ખા. દી. તા. કામ નાં. ૧૯ શા. ૨૦૦૧

મેતા મણીલાલ પોપટલાલ મંજલ વાદી
જાડેજા સુરસંગજી રાણાજી મંજલ પ્રતીવાદી

ઠરાવ પ્રમાણે તાવીલ થવા બાબત

મંજલના તે હાલે ગોંદીઆ જાડેજા સુરસંગજી રાણાજીને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર ખા. દી. કામ નાં. ૮૭ શા. ૨૦૦૦ વાલા દીવાની દાવામાં થએલ હુકમનામાં મુજબ કોરી ૯૬૬૦૪૩ ની ચડતે બાજે તાવીલ કરવાની છે માટે આ નોટીસ પહોચેથી માસ ૧ એકની અંદર તાવીલ પૂરી કરી જશો નહીંતો કાયદેસર કરવામાં આવશે.

વૈસાખ સુદ ૧૪ શુક્રવે સં. ૨૦૦૧

લક્ષ્મીલાલ ગોપાલજી,
નખત્રાણા ન્યાયાધીશની વતી.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી નખત્રાણા કોર્ટ નં. ૧૫૩
ખા. દી. કા. નં ૫૬ સ. ૨૦૦૧

મેતા મણીલાલ પોપટલાલ મંજલ વાદી

આલંગા હરી માલસુર વિ. માંડવી પ્રતીવાદી
હરાવ પ્રમાણે તામીલ થવા બાબત.

માંડવીના તે હાલે કરાંચી રહેનાર નાચે લખ્ય. શખ્સોને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર ખા દી. કામ ના. ૧૬૨ શા. ૧૯૯૭ વલા દીવાની દાવામાં થએલ હુકમ નામા મુજબ કોરી ૮૨૩૦ ની તામીલ કરાવી છે માટે આ નોટીસ પોચેથી માસ ૧ ના અંદર તામીલ પુરી કરી જશો નહીતો કાયદેશર કરવામાં આવશે.

વૈસાખ સુદ ૧૪ શુકરે શા. ૨૦૦૧
આલંગા નારણ માલસુર
આલંગા ડુર માલસુર

લક્ષ્મીદાસ ગોપાલજી
નખત્રાણા ન્યાયાધીશની વતી

જાહેર ખબર ૫ જા ના ૨૮૭૧

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના વોરા હશનઅલી મહમદભાઇ હાજીના વહીવટ કરનાર તેના દીકરા ઇશફઅલી હશનઅલીએ ભુજના મહાદઅલી ઇબરામજી તથા અબ્દુલ કાદર ઇબરામજી પાસેથી જગ્યા ૧ વોરાના કપાસી ફલીયામા છે તે કોરી ૨૮૦૦) અઠ્યાવીસશોમા અઘાટ લેતા તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનુ કાંઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માશની અદર અહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યાબાદ કોઇનુ કાંઇ નહી શભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામા આવશે

વૈશાખ સુદ ૧૪ સુકરે શા ૨૦૦૧

Harilal N.
ભુજ વહીવટદાર

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના નાગર મેના છગનલાલ ગોવીંદરામે વોરા હીમતરામ દયાશંકરની જગ્યા જે નાગર ચકલામાં વોરા સાથની ડેલીમાં છે તે કોરી ૧૫૧૦૦) પંદર હજાર એકશોમાં અઘાટ લેતાં તેનુ સર્ટીફીકેટ છાપો થવા માટે રજુ થયુ છે માટે આ જગ્યા ઉપર કોઇનુ કંઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માશની અદર અહીની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીત્યા બાદ કોઇનુ કંઇ નહી શભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

વૈશાખ વીદ ૩ ભોમે શા. ૨૦૦૧

Harilal N.
ભુજ વહીવટદાર,

જાહેર ખબર.

હ. જા. ના. ૨૩૩૫

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રાંડી વોટર પોલીશ ઇન્સપેકટર શાહેબની યાદ ના. ૧૩૪૪ વૈશાખ વદ ૭ શુકરેના રોજની લખાઇ આવેલ છે તેમા જણાવ્યા મુજબની દરીઆની રેલમાથી નીચે લખ્યો માલ ઓલમાં નીકલેલ છે તેની યોગ્ય વ્યવસ્થા થવા માટે આંહી લખાઇ આવેલ છે માટે સદરહુ માલ જેનો હોય તેણે એક માશમાં આવી ખાત્રી પુરાવો તથા થએલ ખર્ચ આપી લઇ જવો નહીતો મુદત વીત્યા બાદ તેનું જાહેર ચડાખડીથી વેચાણ કરી તેના ઉપજેલ પૈશાની રકમ શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

૩૦૦ પાકા શાગનો ખડધો એક લાંબો ફુટ ૧૭ શતર આશરે જેની કીમત કોરી ૩૦૦ ત્રણશો

૧૨૫ પાકા શાગનો ખડધો બીજો લાંબો ફુટ ૨૨ બાવીશ જેની કીમત કોરી ૧૨૫ એકશો પચીશ.

૧૨૫ પાકા શાગનો ખડધો ત્રીજો લાંબો ફુટ ૧૮ અઢાર જેની કીમત કોરી ૧૨૫ એકશો પચીશ.

૧૨૫ પાકા શાગનો ખડધો ચોથો લાંબો ફુટ ૧૭ શતર જેની કીમત કોરી ૧૨૫ એકશો પચીશ

૧૭૫ એ રીતે ઉપર મુજબ કીમત કોરી છશો પચોતેર આશરેનો માલ થાય છે.

વશાખ વીદ ૩ શોમો શા. ૨૦૦૧ તા. ૨૮-૫-૪૫

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહવટદાર.

જાહેર સુચના.

નીચેની માનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બ્હાલી સરકાર તો મંજુરી મળે છે એવુ સમજવાનું નથી.

માનગા જાહેર ખબર

માંડવી તાબે દેવપરના શા ખેરાજ કચરા તરફથી જણાવવાનું કે ભુજના ઠા. હીરાલાલ તથા નન્નેરામ નારાણજી પાસેથી ગામ દુજાપુરની ઉત્તરણી સીમની વાડી નામે ચોકાસી કોરી ૬૦૦૦) માં વીટાંતર વેંચાણ મેં રાખી છે સદરહુ વાડીનો પેઢા દસ્તાવેજ શાં ૧૯૯૫ના પેઢા વૈશાખ વીદ ૧૩ ની મીતિનો અમારા મતાંદારોએ પોતાના હાથથી ઉતરી ગએલ હોવાનું જણાવી અમને સોંપ્યો નથી પરંતુ હાલે સદરહુ દસ્તાવેજ અમારા મતાંદારો પાસે છે એમ અમને ખબર મલ્યા છે છતાં તેઓ અમને સોંપતા નથી જેથી આથી જાહેર જનતાને ખબર આપવામાં

આવે છે કે તે દસ્તાવેજથી કોઇ ગેરલાભ થશે તેના જવાબદાર તેઓ થશે. અમારા પર કે અમારા કબજાની વાડી ચોકીશી પર તેની જવાબદારી રહેશે નહીં તેનો આથી નોંધ લેવા.

શાં ૨૦૦૧ના બીજા ચૈત્ર સુદ ૫ ભોમે

શાં ખેરાજ કુંવરજી રો દાં પોતાના

આનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર સુરના ગુશાહી નેનગુર રેવાગુરની વિધવા બાઇ જમનાબાઇ આથી સર્વ લોકોને જાહેર કરૂં છું કે મારા ખરવાલા ગુજરી જવા પછી શાં ૧૯૮૨ ની સાલે મે ચીઆશરના ગુશાહી વિશરામગર લાલગરને મારા પુત્ર તરીકે રાખેલો પણ આ વિશરામગર હાલે ચારેક વરશ થયા નડરી શોબતે ચડી જવાથી તે મારા શાથે શલુકાઇમાં વર્તતો નથી તેમ આગથી જુદો થઇ રહયો છે તેમજ સુરના સાહાજન તેમજ ડકરાઇઓના શીવની મન્દીરની શેવા પુજા કરતો નથી તેમ ભુગત લેવા પણ જતો નથી હુ જેમ તેમ કરી શેવા પુજા વિગેરે ચલાવું છુ તેમજ મારી પણ કાંઇ શેવા ચાકરી તે કરતો નથી આવા શયોગો હોવાથી હુ તેને મારા પુત્ર તરીકે રદ કરૂં છુ તેમજ મારા પતિની જે મન્દીરની શેવા પુજાઇ તેમાં પણ તેનો કાંઇ હક કરાર પ્રમાણે રહેતો નથી અને તે રદ કરૂં છુ મારી હયતી સુધી હુ ગામ સુરત અંધેરી શેવા પુજા વીગેરે કરીશ અને મારી હયાતી બાદ સુરના સાહાજન શ્રા તથા ડકરાઇઓને યોગ્ય લાગે તને શોપે પણ તેમાં વિશરામગરનો કાંઇ પણ હક ઈરાખેલ નથી એ પ્રમાણે હુ શર્વ આલમને જાહેર કરૂં છુ

બીજા ચૈત્ર વીદ ૦)) શુકરે શા. ૨૦૦૧

ગુલાઇ નેનગર રેવાગરની વીધવા જમનાબાઇની સહી દા. કણબી ગોપાલજી દેવજીના કોઇના કેવાથી

આનગી જાહેર ખબર.

હું નીચે સહી કરનાર અજાર તાલુકે ગામ મોટગરના રહીશ આયનાણી દેવીબાઇ ભાણા જત બીજું આથી મારા જેઠ ભચાઉ તાલુકાના ગામ બંધડીના રવા ભાણાને તથા સર્વે લાગતા વળગતા તને ખબર આપું છું કે મારા લગ્ન પંદરેક વર્ષ ઉપર ભચાઉ તાલુકાના બંધડી ગામનાં ચાવડા લખમણ ભાણા વેરે થયેલ તે રખડાઉ તથા કફ્ટ હતો, પરણ્યા પછી હું ધણી જેઠ વીગેરે મને મારી કુટીને કાઢી મુકી ત્યારથી હું મારા માવીત્રે હતી અને હાલે મારા બાપ શાં. ૧૯૯૬ ની સાલે ગુજરી જતાં અને પાછળથી મારા ભાઇઓ મારો ગુજરાન કરી શકે તેવી સ્થીતીમાં નહોતાં તેમજ હું ચાલુ ભુખ દુઃખથી માંદી રહ્યા કરૂં છું મારો ધણી દશેક વર્ષ થયાં ક્યાંક જતો રહયો છે તેનાં જીવતા મુઆનાં પણ ખબર નથી અને નાંસે આમ જેઠ કે મારા દેર તરફથી કાંઇ પણ આજ દિવસ સુધી નીભનોક આપવામાં આવેલ નથી અને તે કારણ હું મારી દુઃખદ સ્થીતી ભોગવું છું જેથી આ નોટીસથી મારા જેઠ રવા ભાણા તથા બીજા લાગતા વળગતા સર્વેને ખબર આપું છુ કે આ નોટીસ છપાયાથી રોજ ૮ ની અંદર મારો ધણી ક્યાં છે તેની ખબર નીચેને ઠેકાણે મને આપશો નહીતર મુદત વીતે અનીતીમય જીવન ગુજારવાનો મને વશત ન આવે અને હું રોટલો પાસી શકું તે માટે હું મારૂં મુઝતું કરીશ ને બીજુ ઘર કરીશ અને મારા રાખરા પક્ષનો કે કોઇનો કાંઈ પણ હક્ક, દાવો કે વાત રહેશે નહી તેની આથી જાણ કરૂં છું.

મીતી વૈશાખ વીદ ૫ શુક્રે શાં ૨૦૦૧

આખેરીઆણી બાઇ દેવીબાઇ ભાણાની શાઇ,

આ નીશાંનો બાઇ દેવીબાઇનાં દાબા હાથનાં અંગુઠાનો છે દા ખોજા ઇશમાલ રેહીમનાં છે બાઇના કેવાથી રૂબરૂ શાઇ કરી છે.

આનગી જાહેર ખબર

મારા અરીઇ માંડવીના ભાટીઆ કા. લક્ષ્મીદાસ મુળજી તરફની અંગલ સુચના મુજબ આથી સર્વ લોકોને જાણ કરવામાં આવે છે કે મારા અરીઇ માંડવીના પોકરણાજીશી ચત્રભુજ મેઘજીની 'હુંબ ! વેલાંબાઇ ગુજરી જતાં તેનાં વીલની રૂએના વારસ જોશી મણીશંકર વેલજીને અને તેના કબજા ભોગવટા અને માલેકીની જગ્યાઓ માંડવીમાં મસાલા બજારમાં ચતુ

જોશી વાલી ડેલીના નામે ઓળખાતી ડેલીયાં આવેલી તેમાં એક ત્રભોઇ નવી તથા તેની બાજુની જગ્યા બેભોંઇ તથા તેના ઉગમણી બાજુ આવેલ જગ્યાઓ બેભોંઇ તથા ડેલીની ઉગમણી બાજુનું સનાલ એમ મીલકત કેરી ૩૪૦૦૦) ચોત્રીસ હજારમાં વર્ષ ૯૬ની બાંધીથી વિટાંતર વેચાણ લેવાનો કરાર કરેલ છે જે મીલકતની ચતુ દિશા

૧. જગ્યા ત્રભોંઇ તથા તેની બાજુમાં આવેલ જગ્યા બેભોંઇની ચતુર્દિશા
   ૧. દક્ષિણ તરફ ગંગાધી વાલાનો ડેલો
   ૨. આથમણી તરફ આ જગ્યાની પર નાળ છે તથા જોશી સુંદરજી રામદાસની જગ્યા છે
   ૩. ઉગમણી બાજુ આજ ખાતાંદારની હાલના સે દામ વેચાણ અપાર્ત જગ્યા છે વચ્ચે આ જગ્યાનું આગણ છે
   ૪ ઉત્તરાદી બાજુ પેકરણા જમુબાઇનું આગણું છે.

૨. ઉપરની જગ્યાએથી ઉગમણે આવેલ જગ્યાઓ બેભોંઇ વાલીની ચતુર્દિશા
   ૧. દક્ષણાદી બાજુ પોકરણા જોશી ગોવર્ધન મુરારજીનો ડેલો છે
   ૨. ઉગમણી બાજુ આ જગ્યાની વીચેણી છે
   ૩. ઉત્તરાદી બાજુ સચલા મેઘજી વિશનજીના કબજાની જગ્યા છે
   ૪. આથમણી બાજુ આ જ મતાદારની ઉપર જણાવેલ જગ્યાઓ છે

મારજીનમાં જણાવ્યા મુજબ છે મટ સદરહુ મીલકતોસર કોઇનું ગીરોથી બક્ષિસથી વેચાણથી વારસા ભરણપોષણથી ઇઝરેન્ટથી કે બીજી રીતે કોઇનો કાંઇ હક હિસ્સો કે ઇલાખો હોય તો તેમણે આજદેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી (આજ ૧૫) પંદરની અંદર પોતાના હકના આધારો સબુત હાજર થઇ અમારી આફીસે જાહેર કરી સાબીત કરી આપવા જે તે પ્રમાણે મુદત ની અંદર કોઇ તરફથી કાંઇ નહિ થાય તો આ મિલકતોસર કોઇનો કાંઇ હક નથી એમ ગણવામા આવશે અગાવા તેવો હક ઇલાઇ પુર્વક છોડી આપ્યો છે એમ ખાતરી અને મુદત વીતે આ મિલકતોનો પાકો દસ્તાવેજ મારા અસીલ મંડાવી લેશે અને ત્યાર બાદ આ મિલકત અગે કે મારા અસીલ પર તેની કશી જવાબદારી રહેશે નહિ તેની નોંધ લેવી.

વૈશાખ વિદ ૯ શનિ શાં. ૨૦૦૧

કચ્છ માંડવી } લી. વકીલ સુબોધચંદ્ર
તા. ૨-૬-૮૫ } અમૃતલાલ એડવોકેટ
ખરીદનારના વકીલ

ખાનગી જાહેર ખબર

હું ભુજના વેપારી મુલાં બદરૂદીન મહમદભાઇ ટીનવાલા આ જાહેર ખબરથી સર્વ લોકો લાગતા વળગતાને ખબર આપું છું કે ભુજના ફકીરશા લાલમામદ સરકાર ઉર્ફે અમામીયાંએ પોતાની જગ્યા ભુજ મા ફકીરશા ફલીએ છે તે મને કોરી (૬૦૦) માં વીટાંતર માંડી દેવાનું શાટું વોરા રહમતઅલી મોહમદજી હસ્તે કરેલ છે તેનાં દસ્તાવેજો તેનું કેવું જે ઘરમાંથી લાધતા નથી મેં તેને હાલે સુધી નાં કોરી ૨૦૦) બેસો આપેલ છે બાકીની તરતથી આપી પાકો ખત મંડાવી લેવાનો છે આ વિષે સર્વેને જાણ કરવાની કે આ જગ્યા નીચે લખી ચતુરદીશા વાલીનાં દસ્તાવેજો કોઇ પારો ગીરો કે બીજી કોઇ રીતે આવેલા હોય અથવા આ જગ્યાસર કોઇનુ લેણ દેણ કે હક હિસ્સો લાગતું છબતું હોય તો તે તેણે આ જાહેર ખબર પ્રસિધ્ધ થયાથી દીવશ ૨૦) વીસની અંદર મને તેની જાણ કરવી કે જેથી તે માટે હુ ગામ મતાદારની યોગ્ય ખાત્રી વગેર કરવાનું તે કરી શકુ તેમ કોઇને દસ્તાવેજ લાધા હશે ને મને આપશે તો તેને યોગ્ય ઇનામ પણ અપાવીશ પરંતુ તે પ્રમાણે મુદતની અંદર કોઇ કાંઇ પણ જાહેર કરશે નહિ તે આ જગ્યાસર બીજા કોઇનું કાંઇ હક સંબંધે કે લેણ દેણ લાગતું છબતું નથી એમ જાણી હુ પાકો ખત મંડાવી લઈ મારા મતાદારને બાકીની રકમ ચુકાવી ખત રજીસ્ટર કરાવી લઇશ અને મુદત વીત્યા બાદ પાછલથી કોઇ કાંઇ પણ કાઢી આવશે તો તેને માટે હુ કે એ જગ્યા જવાબદાર રહેશે નહિ પણ તેનાં જવાબદારી તે ધણી પોતાને શિરે રહેશે એમ સર્વેને જાણ થવા આ જાહેર ખબર પ્રકટ કરીછે જગ્યાની ચતુર દીશા—

૧ એ જગ્યા આથમણે બાર બે ઓરડા એક ઓસરી રાંધણીઉ મેડઢારીઉ આંગણું નાગણી

પાયખાનું શીખે ડેલી બંધછે–

૧ આથમણી કોરે શેરીમાં ડેલી પડેછે તથા આથમણી કોરે ફરાશ ખતુબાઇની જગ્યા લગતી છે

૨ દખણાદી કોરે ફલીઆનો ચોકછે તેમાં કરો પડેછે તે કરો ધુરથી પડેલોછે

૩ ઉગમણી કોરે રાજમારગ છે તેમાં પછીત તથા નેવા પડે છે

૪ ઉત્રાદી કોરે ફરાશ હુશન જાફરના આગણાં માં કરો પડે છે

એમ ચતુર દીશા છે

મીતી વૈશાખ વદ ૧૧ બુધવાર શા. ૨૦૦૧

લી. વોરા મુ. બદરૂદીન મહમદભાઇ ટીનવાલાની શાઇ દા. પોતાનાં

શુદ્ધિ પત્ર.

કચ્છ રાજ્ય પત્ર પુસ્તક ૭૨ અંક ૨૨ પાને ૩૪૦ માં શા. રવજી હેમરાજની જાહેર ખબર છપાણી છે તેમાં કોલમ ૨ જી લીટી ૧૫ મી પછી નીચે પ્રમાણે વાંચવું

અમારા મારફત

કૃષ્ણલાલ નોતમલાલ

તે શા. રવજી હેમરાજ દેવપરવાલાના વકીલ

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિંમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીખે આ વર્ષની કોરી ૨૪૩ સવા ચોવીસને છુટા ત્રણ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૯૩ લેવામાં આવશે મુદત વીત્યાપછી ભરે તો તેની પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક નકલની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૩ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધુ અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સાં. ૨૦૦૧ સુધી લવાજમ નહિ આવે તો સાં. ૨૦૦૨ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

392

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[પુસ્તક ૭૨ મું.] જેઠ વદ ૯ બુધવાર સં. ૨૦૦૧ તા. ૪થી જુલાઇ સને ૧૯૪૫ [વિશેષ અંક]

વધારો

ઠરાવ.

હ. ઓ. નં. ૧૮૬

રાજકોટથી ગુણવંતરાય લાલજી ગણાત્રા તરફથી "જય સૌરાષ્ટ્ર નામનું અઠવાડીક કહાડવામાં આવે છે. સદરહુ પત્રમાં કચ્છ સબંધી ઘણું અસભ્ય ભરેલું અને રાજ્ય તથા પ્રજા વચ્ચેના ચાલતા આવતા એખલાસ ભર્યા સબંધમાં અસંતોષ ઉપજાવે એવું લખાણ કરવામાં આવે છે તેમજ ખોટા ઉશ્કેરાટ ફેલાવવાના આશયથી થતા લખાણો રાજ્ય તથા પ્રજાના હિતને હાનીકર્તા હોઇ "જય સૌરાષ્ટ્ર" પત્ર આજની તારીખથી કચ્છની અંદર આવતું બંધ કરવામાં આવે છે.

જે કોઇ શખ્સ આ પ્રતિબંધ વિરૂધ્ધ સદરહુ પત્ર કચ્છની અંદર પોતે કે બીજા મારફત લાવશે, મગાવશે, વેંચશે, વેચાવશે, ખરીદશે, પોતાની પાસે રાખશે અથવા તો બીજી કોઇ રીતે આ હુકમનો ભંગ કરશે અગરતો આ હુકમના આશયનો ભંગ થાય એવું વર્તન રાખશે તે માસ ચાર સુધીની ગમે તે પ્રકારની કેદની શિક્ષા અને કોરી ૫૦૦ પાંચસો સુધીના દંડને પાત્ર થશે.

ફોજદાર કે તે ઉપરના હોદાવાળા પોલીસ અમલદાર ગુન્હેગારને વગર વોરંટે પકડી શકશે.

તહોમતદારને જામીન ઉપર છોડવાનો કોર્ટને અખત્યાર રહેશે.

ઉપર પ્રમાણે હુકમ, ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ સવાઈ બહાદુરના ફરમાનથી કરવામાં આવે છે.

જેઠ વીદ ૯ બુધવાર શાં. ૨૦૦૧. તા: ૪–૭–૪૫.

S. K. Nayampalli,
દિવાન–કચ્છ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

394

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL 72] TUESDAY 26th JUNE 1945. [No 26]

[પુ૦ ૭૨] જેઠ વદિ ૨ સોમવાર સં. ૨૦૦૧ તા. ૨૬ મી જુન સને ૧૯૪૫ [અંક ૨૬]

No 1641 of 1945

Dewan's Office,
Bhuj, 8th June 1945.

NOTIFICATION

In this Office Notification No. 2903 dated 24th October 1944, for the words "Part IV" occurring in paragraph I, substitute the words "Part XV".

S. K. Nayampalli,
Dewan of Kutch.

નોટીફીકેશન ડી. સી. એસ. નાં ૨૭૭૮

હાલે શ્રી કચ્છ રાજ્યને લોખંડનો જે કંટ્રોલ મળેલો છે તે કવોટા પૈકીનાં લોખંડની જુદી જુદી જાતોના ભાવો બીજો હુકમ થતાં સુધી નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

	માલની જાત	કચ્છી મણ ૧ નો ભાવ કોરીમાં	
૧	પાટા	૨૮	કોરી
૨	ચોરસ સળીઆ	૨૮	,,
૩	ગોળ સળીઆ છુટા	૨૮	,,
૪	ગોળ સળીઆ ૭ આની	૨૮	,,
૫	ગોળ સળીઆ ૪ આની	૨૮	,,
૬	પત્રાં લોખંડના	૨૮	,,
૭	ચૂંક	૯૬	,,
૮	વાયર બંડલ	૨૪	,,

દિવાન ઓફીસ }
ભુજ. તા. ૧૬/૬/૪૫ }

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

NOTIFICATION No 1733 of 1945.

In supersession of para 1 of the Notification No. 902 dated 17th March, 1945, the following shall be the First Schedule to the State Civil Motor Transport Control Order, 1944 published under this office Notification No. 2181 dated 9th August, 1944

First Schedule.

(See clause 1(2)).

Types of motor vehicles to which this order applies:

Chevrolet- 194 inch, 160 inch, 115 inch, & 101 inch wheel-base.

Ford— 194 inch, 158 inch, 134 inch, 122 inch, 114 inch, & 101 inch wheel-base.

(2). The following shall be the Second Schedule to the said order:

Second Schedule

(See clause 2 (c)).

List of Dealers.

Chevrolet Vehicles.

1 Messrs. The Kutch Automobiles Co,. Bhuj,

Ford Vehicles.

1. Messrs. Kalyanji Dhanji & Co., Mandvi,

Dewan's Office,
Bhuj, 18th June, 1945

S. K. Nayampalli,
Dewan of Kutch,

વિષયઃ- દિવાની કામ ચલાવવાની પરવાનગી બાબત

ચાદી **હ. એ. ના. ૧૭૫**

રા. પોલીસ પ્રોસીકયુટર ઉમંગીલાલ જદુરામ ભટ્ટ તથા રા. આસીસ્ટંટ પ્રોસીકયુટર ચન્દ્રશંકર પ્રાણશંકર પંડ્યાને દિવાની કેસો ચલાવવાની પરવાનગી અપાવવા ના. રા. પોલીસ કમીશ્નર તરફથી થઇ આવેલ ભલામણ રા. રા. જ્યુડીશીયલ આસીસ્ટંટ તરફથી આવેલ અભિપ્રાય નજરે, મંજુર કરવા ખુશવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

જેઠ શુદ ૮ સોમવાર શાં. ૨૦૦૧

જ્યુડીશીયલ બ્રેન્ચ,
તાઃ ૧૮-૬-૪૫

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

જાહેર ખબર.

અજાર કચ્છનાં મેસર્સ હેમતરામ હરીરામ ઘીવાલાને આથી ખબર આપવામાં આવે છે કે તેણે મંગાવેલ માલની જકાત આંકણી માટે તેમણે રજુ કરેલ ખોટાં ભરતીયાં માટે તેમને કોરી ૫૦૦) પાંચસોનો દંડ કરવામાં આવેલ છે તે રકમ તેમણે આ નોટીસ પ્રગટ થયાની તારીખથી માસ એકની અન્દર અમારી ઓફીસે ભરી જવી જે મુદત દરમ્યાન તે ન ભરાતાં એ રકમ તેમની સ્થાવર, જંગમ મિલકતમાંથી વસુલ કરવામાં આવશે.

શાં. ૨૦૦૧ નાં જેઠ શુદ ૫ વાર ગરેડ તા. ૧૪-૬-૪૫

P. M. Khambata,
ચીફ કસ્ટમ્સ ઓફીસર.
કચ્છ સ્ટેટ ભુજ

જાહેર ખબર

શ્રી કચ્છ સ્ટેટ મોટર સરવીસના ભાડાંના દર સંવત ૨૦૦૧ના જેઠ સુદ ૩ મંગળવાર તારીખ ૧૨-૬-૧૯૪૫થી નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(૧) ભુજ-માંડવી લાઇન.

ભુજથી મેગપર	કોરી	૨।
,, થી દહીંસરા	,,	૨॥
,, થી ધુણઇ	,,	૩।
,, થી આસંબીઆ	,,	૪।
,, થી કોડાયનો પુલ	,,	૫
,, થી માંડવી	,,	૬

(૨) ભુજ-કેર-મુંદ્રા લાઈન.

ભુજથી સેનેટોરીયમ	કોરી	૨
,, થી ભારાપર	,,	૨
,, થી બળદીયા	,,	૨।
,, થી કેરા	,,	૨॥
,, ભુજથી કારાગોગા	,,	૪॥
,, થી મગપર રોડ	,,	૫।
,, થી કપાયા	,,	૫॥
,, થી મુન્દ્રા	,,	૬।

(૩) ભુજ-નખત્રાણા-નલીઆ લાઇન

ભુજથી સુખપર	કોરી	૧
,, થી માનકુવા	,,	૧।
,, થી સામત્રા	,,	૨
,, થી દેશલપર	,,	૨॥
,, થી મંજલ	,,	૩।
,, થી મોટાયક્ષ	,,	૪
,, થી દેવપર	,,	૪॥
,, થી ધાવડા	,,	૫
,, થી અંગીઆ	,,	૫।
,, થી નખત્રાણા	,,	૬
,, થી વીરાણીરોડ	,,	૬।

ભુજથી કોટડા „ ૭
„ થી જડોદર „ ૭॥
„ થી ઉખેડા „ ૮।
„ થી નાની વમોટી „ ૮॥।
„ થી બાલાપર „ ૯।
„ થી બીટા „ ૧૦
„ થી હમીરપર „ ૧૦॥।
„ થી તેરા „ ૧૧॥
„ થી નલીયા „ ૧૩

(૪) ભુજ-નખત્રાણા-વડુલી લાઇન

ભુજથી સુખપર કોરી ૧
„ થી માનકુવા „ ૧।
„ થી સામત્રા „ ૨
„ થી દેશલપર „ ૨॥।
„ થી મંજલ „ ૩।
„ થી મોટાયક્ષ „ ૪
„ થી દેવપર „ ૪॥
„ થી ધાવડા „ ૫
„ થી અંગીયા „ ૫।
„ થી નખત્રાણા „ ૬
„ થી વીરાણીરોડ „ ૬।
„ થી કોટડા „ ૭
„ થી મથલ „ ૭॥
„ થી ઉધેડી „ ૮॥
„ થી વીંધોડી „ ૯।
„ થી રવાપર „ ૧૦
„ થી માતાજીનામડ „ ૧૧॥
„ થી દોલતપર „ ૧૨॥
„ થી દયાપર „ ૧૩
„ થી નાની વીરાણી „ ૧૩॥
„ થી વડુલી „ ૧૪

(૫) મુન્દ્રા-અંજાર લાઇન

મુન્દ્રાથી લુણી કોરી ૧॥।
„ થી વદાલા „ ૩
„ થી ભદ્રેશર „ ૩॥
„ થી હટડી „ ૪।
„ થી વલાડીયા „ ૪॥।
„ થી કુંભારીયા „ ૫।
„ થી વીડી „ ૬॥
„ થી અંજાર „ ૭

(૬) માંડવી-મુન્દ્રા લાઇન

માંડવીથી કોડાયનો પુલ કોરી ૧
„ થી તલવાણા „ ૧॥
„ થી બીદડા „ ૨।
„ થી નાની ખાખર „ ૨॥।
„ થી મોટી ખાખર „ ૩
„ થી દેશલપર „ ૪
„ થી ભુજપર „ ૪॥
„ થી સમાગોગા „ ૫
માંડવીથી પ્રાગપર રોડ „ ૫।
„ થી કપાયા „ ૫॥
„ થી મુન્દ્રા „ ૬

(૭) માંડવી-નલીયા જખૌ લાઇન

માંડવીથી શીરવા કોરી ૧॥
„ થી લાયજા „ ૨॥
„ થી બાયડ „ ૩॥
„ થી ચાંગડાઇ „ ૪॥।
„ થી મોડકુબા „ ૫।
„ થી લઠેડી „ ૬
„ થી સાંધાણુ „ ૬॥।
„ થી કોઠારા „ ૯
„ થી ભાનાડા „ ૧૦
„ થી નલીયા „ ૧૧॥
„ થી જખૌ „ ૧૩॥

નોટ:-(૧) માંડવીથી વીજયવિલાસ તું ચાર્જ કોરી ૧ એક
(૨) અપરનો ચાર્જ ઉપર લખ્યા દરથી દોઢો લેવાનો છે
(૩) મીનીમમ ચાર્જ કોરી ૧) એક રાખવામાં આવેલ છે,

મીતી વૈશાખ વીદ ૧૩ શુક્રવાર સંવત ૨૦૦૧
તા. ૮-૬-૪૫

Velji Ladhubhai,
મેનેજીંગ મેમ્બર
કચ્છ સ્ટેટ મોટર સરવીસીસ બોર્ડ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૯૭૪

ખા. દી. કામ નાં. ૧૩૧ શાં. ૨૦૦૧

શુતાર હરજી આણંદ વી. ખેડોઇ વાદી
મેમણ આજુ આમદનાં વહીવટ કરનાર
મેમણ ઇશાક આરબ વી. ખેડોઇ હાલેપુના } પ્રતિવાદી

બાબત વરંડો છોડાવવાનો

પુના મધ્યે મેમણ ઇશાક આરબને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદ્દહુ દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં સવારના ૭॥ વાગેથી આ સમન્સ થી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી દીવસ ૧૫ ની અંદર અને ત્યાર પછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહી તો કાયદેશર થશે.

મિતી વૈશાખ વીદ ૧૦ ભોમે શાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ,
મે. અંજાર ન્યાયાધીશ સા. હુથી

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર
શ્રી અંજાર અદાલત
ખા. દી. તા. ના. ૬૨/૨૦૦૦

સંઘવી ડોસા જેરાજના વારસ પુત્ર ભાઇલાલ ડાકરસી વી. અંજાર } વાદી
વોરા મહમદભાઇ જાફરજીના વારસો ઇસુફઅલી આદમજી વિગેરે અંજાર } પ્રતિવાદી

બાબત

ખંચાળીમાં પાયખાનું હતું ત્યાં ભવિષ્યમાં કોઇ વખતે પાયખાનુ નહિ કરવાનું તે સાધારણ prohibitory enjunction કરવા બાબત.

અંજાર મધ્યે મારજીનમાં લખ્યા શખ્શો તે વોરા મહમદભાઈ જાફરજીના વારશોને માલમ થાય જે આ કામે નામદાર શ્રી હજુર કોર્ટના ઠરાવ અનવય

૧ વોરા અબ્દુલ હુશેન મહમદભાઇ
૨ વોરા ગુલામઅબાસ મુસાજી
૩ વોરા ઇસુફઅલી આદમજી
૪ વોરા જાના આદમજી
૫ વોરા જનુદીન હુસેનભાઇ
૬ વોરા અસગરઅલી હુસેનભાઇ સગીરનાવાલી ભાઇ જનુદીન હુસેનભાઇ

} દાવાવાળી ખંચાળીઅંદરનું પાયખાનું હતું તે ઠેકાણે ખંચાળીમાં ભવિષ્યમાં કોઇ વખતે પાયખાનું નહિ કરવાને તમને અત્રથી કાયમને માટે મનાઇ હુકમ કરવામાં આવે છે માટે તેથી વિરૂધ વર્તન કરશો તો કાયદેશર થશે.

મીતી વૈશાખ સુદ ૧૬ ભોમવાર શા. ૨૦૦૧

Harilal C. Jethi,
અંજાર ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
શ્રી અંજાર અદાલત
હુ. નાં ૩૦૨
ખા દી. તામીલ કામ નાં ૧૧૪ શાં. ૨૦૦૧

મી. નાનજી હરદાશના વૈવટકરનાર મી હરજી ગંગદાશ કુભારીયા } વાદી
ઠા. ચત્રભુજ દ્વારકાદાશ અંજાર હાલ મુંબઇ પ્રતિવાદી

બાબત હુકમનામાંની તામીલ થવા

અંજાર મધ્યે ઠા. ચત્રભુજ દ્વારકાદાસને માલમ થાય જે આ વાદીએ શાં ૨૦૦૧ ના આસુ શુદ ૬ સોમવારના રોજ થયેલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૩૪પાા તથા રૂા. ૧૨પલાા= મુદલ રૂા. ૧૦૦૧) મહા સુદ ૩ પ્રા ટકા ૦ા લેખે ચડતે વ્યાજે આપે ન આપે તો માંડેલ મિલ્કત વેંચી વેચાવી ને ધરે તે પ્રા. ની બીજી મિલ્કતથી વસુલ કરે તેની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરવી નહી તો કાયદેશર થશે.

મિતી વૈશાખ વિદ ૧૧ બુધે શાં. ૨૦૦૧

કાન્તીલાલ મોહનલાલ,
મે. અંજાર ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
નાં. ૮૩૯

શ્રી મુદરા કોર્ટ
ખા. દી. કા. નાં. ૨૦૨ શાં. ૨૦૦૧

શા ઉમરશી જેઠા રે પત્રી વાદી
શા શામજી કમુ વગેર રે પત્રી પ્રતિવાદી

દાવો રૂપીઆ પગ્ગા મલવા બાબત

પત્રી તે હાલે મુંબઇના નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તયારે આહીં કોર્ટમાં શાં. ૨૦૦૧નાં જેઠ વીદ ૯ ભોમવારનાં રોજ સવારનાં ૭ા વાગેથી હાજર થવું નહિતર કાયદેશર થશે.

૧. શા શામજી કમુ ૨. શા નાનજી કમુ

વૈશાખ વીદ ૬ શુક્રે શાં. ૨૦૦૧.

Narottam D. Mehta.
મુંદ્રા ન્યાયાધિશ

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
નાં. ૮૪૫
શ્રી મુદરા કોર્ટ
ખા. દી. તા. કા. નાં. ૧૦૯ શાં. ૨૦૦૧.

ચારણ મુરજી ખેરાજ નાની ભુજપર વાદી
ચારણ ગોપાલ પાલા ,, ,, પ્રતિવાદી

દાવો લેવાનો

નાની ભુજપરના નીચે લખ્યા શખ્શોને માલમ થાય કે વાદીએ ઠનવ મુજબ કોરી ૯૦૬ મલવા તામીલ રજુ કરેલ છે માટે રોજ ૪૫માં વાદીની તામીલ બજવણી કરજો નહિતર કાયદેશર થશે.

૧. ચારણ રતન પાલા નાની ભુજપર
૨. ” આસધીર પાલા ” ”

વૈશાખ વીદ ૭ શની શાં ૨૦૦૧

Narottam D. Mehta.
મુંદ્રા ન્યાયાધિશ

મહારાજાધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી નોટીશ નાં ૧૩૫૪

કુખડીઆ જીવરાજ ફુલચંદ લાકડીઆ વાદી
દેવસુર હમીર દેવરાજ વી. વઢીઆર પ્રતિવાદી

દાવો તામીલ થવા

વઢીઆર મધે દેવસુર હમીર દેવરાજને માલમ થાય જે વાદીએ તમારા પર શાં ૧૯૯૯નાં વૈશાખ સુદ ૧૫ના ખુલાસા મુજબ કોરી ૨૨૮૬ ની તામીલ થવા દરખાસ્ત કરી છે માટે આ નોટીશ પોંચેથી વાદીની તામીલ રોજ ૧૫ની અંદર કરજો નહિતર મુદત વીતે કાયદેશર થશે

મિતી વૈશાખ વીદ ૧૪ શની શાં. ૨૦૦૧

Vrijlal H.
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર
ખા. દી. કામ નંબર ૧૫૧ સં. ૨૦૦૧

શ્રી રાપર દી. કોર્ટ.

સ. નાં. ૫૦૯૫

ઠ. પાનાચંદ મુળજી રાપર વાદી

કુંભાર ઇસા સાંઇઆ ભરૂચ પ્રતિવાદી

દાવો કોરી ૧૬૦) મળવાનો

ભરૂચના કુંભાર ઇસા સાંઇઆને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૧૬૦ મલવાનો દાવો કરેલ છે માટે તમો આ કોર્ટમાં સં. ૨૦૦૧ના અશાડ સુદ ૧૪ મંગળવારના રોજે કોર્ટના ટાંઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થશે.

સં. ૨૦૦૧ના વૈશાખ વીદ ૧૩ ગુરૂવાર.

જીવરાજ મોનજી,

રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી શાહેબ સવાઇ બહાદુર

નંબર ૧૬૩

શ્રી નખત્રાણા કોર્ટ

ખા. દી. તા. કામ નં. ૫૨ સં. ૨૦૦૧

ઠ શામજી વીશરામ અરલ વાદી

બારોટ કાના દેવીદાન ગુજરી જતાં તેના વારસો બારોટ લધુ રણમલ વિ. ભારાપર હાલ મુંબઇ } પ્રતિવાદી

ઠરાવ પ્રમાણે તામીલ થવા બાબત

નીચે લખ્યા સખ્સોને માલમ થાય જે વાદીએ તમારા ઉપર ખા. દી. કામ નંબર ૩૫ શં. ૧૯૯૫ વાલા દીવાની દાવામાં થએલ હુકમનામાં મુજબ તામીલ કરાવી છે માટે આ નોટીશ પહોંચેથી માશ ૧ એકના અંદર તામીલ પુરી કરી જશો નહીતો કાયદેશર કરવામાં આવશે.

વઇશાખ વીદ ૧૪ શની સં. ૨૦૦૧.

૧ બારોટ લધુ રણમલ ભારાપર હાલે મુંબઇ

૨ બારોટ રામા અરજણ ભારાપર હાલે મુંબઇ

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર

નખત્રાણા ન્યાયાધીશ રજા સાસન.

જાહેર ખબર

રે અ આ. નં. ૨૭૮૭

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના ખોજા ગાંગજી વીશ્રામની વીધવા તારબાઇ જુમાએ ઇસ્માઇલી ખોજાઓના ધર્મગુરૂ આગાખાન સર સુલતાન મરજદસાહ મરીદો ગામ નાગલપુર તથા સીનુગરા તથા ગામશ્રી અંજાર એમ ત્રણ ગામના જમાતના મુખ્ય ખોજા કાસમઅલી વીગેરે પાસેથી કોરી ૧૧૦૦૧) અગીઆર હજાર એકમાં અંજાર મધ્યે ખોજાઓના ખાના ફરીયાના અંદર આવેલી જગ્યા ૧ એક અઘાટ વેચાણ રાખતા તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થએલ છે માટે સદરહુ મીલકત ઉપર કોઇ જાતનું લેણું લેણુ અગર હક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવુ નહિતર મુદત વીતે છાપો થવા વીસે પતીત થસે.

વૈશાખ વદ ૧૪ સની શા. ૨૦૦૧

લક્ષ્મીદાસ ગોકલદાસ

અંજાર વહીવટદાર.

જાહેર સૂચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર તો મંજુરી મળે છે એવુ સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

મશકાનાં રાજગોર વાગજી વીરજી ભારાણીનાં વારશ પોતા મેગજી માવજી સગીરના વાલી તેની માતાજી લખમીબાઇ આથી તમામ લાગતા વળગતા હીત સબંધ વાળા સરવેને ખબર આપુ છુ કે માંડવીમાં શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીનાં વહીવટમાં કરજમાં અમારા મજકુર વડીલે સ્થાવર મીલ્કતો દસ્તાવેજો સીખે કબજે સોંપેલ જેની તપાસ કરતાં વાડી વડવાલી ખેતર રાડીઆતર ખેતર ઢીંઢ ખેતર નાસે રાવાળો નાકા બહાર વાડો ચોલુ વાલો જખ્યા મેડી રૂપાળા એતાની શેરીમાંની એ વગેર મીલ્કતો પર દસ્તાવેજની શરત મુજબ હીશાબ થઇ લેણી નીકળે તેવી રકમ મજકુર હવેલીને વહીવટમાં આપી દેવા હું તૈયાર છું મને મારી મીલ્કતો દસ્તાવેજો સીખે કબજે સંભાળી લેવાની વાત કરતાં ખારી વાત ઉડાવી દઇ ઉલટા હવેલીનાં અધિકારી મુળ ગરાસીઆથી તથા દલાલોથી વાટાઘાટો કરી રહેલ છે આવી બધી મીલ્કતો અમારા વડીલો પાસે અગાઉ આવી ગયેલ છે જે બધા દસ્તાવેજો વાગજી વીરજીનાં કરજનાં મતાનાં દસ્તાવેજમાં વીગત વાર લખાઇ સોંપાયલા છે તે તપાસ્યા શીવાય હવેલીનાં અધિકારી તેમ મુળ ગરાસીયા વીગેરેની વાટાઘાટો ઉપરથી કોઇ વેચાણ રાખશે તે વેંચાણ મારા હકને બંધન કારક નથી વાગજી વીરજીનો હું એકલો વારશ ચોક્કસ હું સીવાય મજકુર હવેલીનાં વહીવટમાંથી અમારી મીલ્કતો કોઇ કઢાવવાનું

કરી શકે નહી એ દેખી [illegible] છે જેથી પરમારે કોઇ કંઇપણ ચેતીનતી કરશે તે વાંધવાર અમારા હકને બાધન કારક નથી એમ જાણ થવા જાહેરમાં આથી ચેતવણી આપુ છું.

મીતી વૈશાખ સુદ ૫ બુધવાર શાં. ૨૦૦૧ રાજગોર વાગજી વીરજીના વારસ પોતરા [illegible] માનજી શામીરની વાલી માતાજી લખમીબાઇના સહ દઃ રાજગોર કાનજી દેવજી ભાઇના કેવાથી.

ખાનગી જાહેર ખબર

હું નાંગે મહી કરનાર કુજ તાલુકાના ગામ સામત્રાના રહેવાશી કણબી હરજી ભીમજી પરબતની ધરવાલી બાઇ રાધાબાઇ આથી તમામ લોકોને ચેતવણી આપુ છું કે હાલ મારા જાણવામાં આવેલ છે કે અમારા ગામના અમુક શખ્સો મારા સસરા કણબી ભીમજી પરબત વરસાણીને ત્યાં મારી સાસુ અમર બાઈની પડખે ચડેલ છે અને તેઓને મારા વિરૂદ્ધ ભડકે છે મારા પતી કણબી હરજી ભીમજી આજથી આશરે ત્રણેક વરસ ઉપર આફ્રીકામાં ગુજરી ગયેલ છે અને તેઓ જ્યારે ગુજરી ગયા ત્યારે તેઓ અમારા સાસુ સમરાથી રીતસર જુદા થઇ ગએલ હતા તેથી તેમના ગુજરવા બાદ હવે તેમની એટલે કે કણબી હરજી ભીમજીની સર્વ મીલકત દેવાંની ત્યા પરદેશમાંની તા વારસ હું રાધાબાઈ થયેલ છું અને તેમાં બીજા કોઇનો કંઈપણ જાતનો હક હીશો નથી મારા પતીની મીલકતમાં સામત્રામાં આથમણે બારે ના જગ્યા જોટા ૨ બે ત્યાંડેલા બે ઢણાકે મુવાડે તેના ચોક ચોગાન વરંડા હક અજુક શીખે ત્યા વાડી નામે કેયાડના પુડા બે નામે કેયાડ ત્યા રોડો ત્યા ખેતર નામે જખાતર ત્યા રણયાણ આવેલ છે કે સદરહુ ઉપર જણાવેલ સ્થાવર મીલકત પર અમારા સાસુ સસરા પૈસા ઉપાડવાની ત્યા મજકુર મીલકતો વેચાણ કરવાની તજવીજમાં છે. તો આ જાહેર ખબરથી શર્જ લોકોને જાણ કરવામાં આવે છે કે જે કોઈ રખેં અમારી રજા સીવાય તીના ઉપર જણાવેલ મજકુર ઠામોમાંથી કોઇ પણ પ્રકારની લેવ દેવ કરી હશે અગર હવે કરશે તે અમોને અગર કે ઉપરના ઠામોને કંઇપણ રીતે બાધન કર્તા થશે નાહ અને તેમ છતાં જે કોઈ શખ્સ તેથી વિરૂદ્ધ વર્તાવ કર્યો હશે કે કરસે તે તેને પોતાને હીશાબે ને જોખમે રહેશે અને અમને બાધન કર્તા થશે નહિ

મુ શામત્રા તિતિ વૈશાખ સુદ ૧૫ શનીવાર શા. ૨૦૦૧ તા. ૨૬–૫–૪૫.

૧ હરજી ભીમજી પરબતની ધરવાલી બાઇ રાધાબાઇ આણદાની સૈ દાઃ કણબી લખમણ મનજીના બાઈ રાધાબાઇ આણદાના કેવાથી સૈ કરી આપી છે.

ખાનગી જાહેર ખબર

લી મુદ્રા તાલુકે ગામ છસરાના લોહાણા ઠા કલ્યાણજી ગોપાલ ની વિધવા ઊમરબાઇ જુઠા જત આથી સર્વ લોકોને જાહેર કરૂછુ કે છસરા ગામમા આ નીચે લખી ચતુરદિશા વાળી ઉત્રાતી બારની જગ્યા મારા સસરાના ભાઇ મોનજી નારાણજી પાસે અઘાટ આવેલ અને તેના પાસેથી મારા પતિને અઘાટ આવેલ છે અને મારા ભરણ પોષણ માટે આ જગ્યા મારા કબજામાં છે

૧ ઉગમણે ઠા કાનજી મુરારજીની વખારછે
૨ આથમણે ઠામાધવજી મુરારજીનુ હાટછે
૩ ઉત્તરે ગામમા જવાનો રસ્તોછે
૪ દખણાદે શા. ભવાનજીની જગ્યાછે

આ જગ્યાના દસ્તાવેજો હું મુંબઈથી કચ્છમા આવતી હતી ત્યારે રસ્તામાં ગેરવલે ગયા છે તેથી કોઈને પણ હાથ આવેલા હોય તો તે અમોને કચ્છ અંજાર તાલુકે ગામ દેવલીયા પહોંચ કરવાના છે. આ દસ્તાવેજો કોઇને હાથ આવેલ હોય તેનાપર કોર્ટ પણ શખ્સ કાંઈપણ ધીરધાર કરસે તો હુંકારી મજકુર જગ્યા કે બીજી કોઈ પણ મિલકત તો માટે જવાબદાર નથી.

તિતિ વૈશાખ વિદ ૬ શુક્રવાર સા. ૨૦૦૧

ઠા કલ્યાણજી ગોપાલજીની વીધવા બાઇ ઉમરબાઇ જુઠાની શાઇ દઃ લીલાધર પરસોતમ ભાઇના કેવાથી

ખાનગી જાહેર ખબર

આથી જાહેર કરવામાં આવે છે કે દોશી હીરાચંદ ઉકાના દિકરા જયંતીલાલ (રહેવાસી કચ્છ અંજારના) નું સગપણ કુમારી ઉજમ તે સહુજ સંઘવી ઓધવજી પાનાચંદ (રહેવાસી કચ્છ અંજારના) ની દીકરી સાથે ઘણાં વર્ષો

અગાઉ કરેલ હતું તે સગપણ સદર્હુ દોશી હીરાચંદ ઉકા તથા તેના દીકરા જયંતીલાલ હીરાચંદે રાજી ખુશીથી તા. ૨૬-૪-૪૫ના કરેલ લખાણથી રદ બાતલ કરેલ છે અને મજકુર સગપણ એક બીજાની સંમતી અને રાજી ખુશીથી છોડી દેવામાં આવ્યું છે.

રવિન્દ્ર હાઉસ, ધેબીતલાવ
મુંબઇ તા. ૧-૬-૪૫
રતીલાલ રામકૃષ્ણ કલોલા
બાઇ ઉજમના વાલીના એડવોકેટ

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ માંડવીના મહેતા જયંતીલાલ નરભેરામની ધર્મપત્ની બાઇ ગુલાબબાઇ નરભેરામ તરફથી થયેલ સુચના મુજબ આથી સર્વેને જાણ કરવામાં આવેછે કે અમારા અસીલે માંડવીના મહેતા વલભદાસ તલકસી પાસેથી તેમની હક માલેકીની જગ્યા માંડવી મધ્યે માંડવીઆ શેરીની અંદર ધુવાલી ડેલીની અંદરની આથમણી મુવાડવાલી ત્રભોંઠ વિટાંતર વેચાણ લેવાનો સોદો કરેલ છે તે જગ્યા સબંધે કોઇનો વારસા ભરણ પોષણ ગીરો બક્ષીસ કે બીજા કોઇ તરેહનો હક દાવો કે વરવાંધો હોય તો તે બાબત આધારો સહિત રોજ ૧૪ ના અંદર અમારી ઓફીસે જાહેર કરવુ નહિતર મુદત બાદ તેવા હક દાવા હશે તો તે છોડી દીધેલા ગણવામાં આવશે. અને વેંચાણ પાકુ થયે તે માટે અમારા અસીલ કે મજકુર જગ્યા જવાબદાર રહેશે નહિ.

કંસારા બજાર } મહેતા હીરાલાલ મણીલાલ
કચ્છ-માંડવી } એડવોકેટ
તે ગુલાબબાઇ નરભેરામના વકીલ.

ખાનગી જાહેર ખબર

હું આ નીચે સહી કરનાર ધુણઈના ત્રવાડી જદુરામ રણછોડ આથી જાહેર જનતા અને તમામ લાગતા વળગતાઓને ખબર આપું છું કે મે સં. ૧૯૯૬ના અશાડ શુદ ૬ રવીવારની મીતિનું એક વીલ કરેલું છે અને તે વીલ શ્રી માંડવી રજીષ્ટર ઓફિસમાં શં. ૧૯૯૬ ના ભાદરવા વિદ ૧૦ શનિવારના રજીસ્ટર કરાવેલું છે કે જેના રજીસ્ટર નં. ૨૭૮ છે એ વીલથી મે મારી હયાતી બાદ મારા મોટા ભાઇ શંકરલાલના દીકરા રવિલાલને મારા વારશ તરીકે ઠરાવેલ છે પરંતુ પાછળથી તેની ચાલ ચલગત મને સારી જણાઈ નથી અને મેં તેને મારા ઘરમાંથી કાઢી મુકેલો છે એટલે આથી હું તેને મારા વારશ તરીકે રદ કરૂં છું અને મે. કરેલું આખું વીલ રદ બાતલ છે એમ ઠરાવું છું હવે મારી હયાતીબાદ હિન્દુ ધર્મ શાસ્ત્રના સામાન્ય સિધ્ધાંતો પ્રમાણે મારી પત્ની અને મારી ત્રણ પુત્રીઓ જેઓ મારા પછી મારા કાયદાશરના વારસો છે તેઓ થશે મજકુર રજીસ્ટર થએલું વીલ કે જે મારા કબજામાં છે તે આજરોજે મેં વાળી નાખી તે વીલ રદ બાતલ કરવાનો તે નીચે શેરો કરેલો છે આ હકીકતની હું આથી સર્વને જાણ કરૂં છું.

વૈશાખ વિદ ૧૩ શુક્રવાર શં. ૨૦૦૧.

ત્રવાડી જદુરામ રણછોડની સહી
દ. પોતાના.

ખાનગી જાહેર ખબર

બીબરના ઠા વિરજી વિઠલદાશ આથી જાહેર કરૂં છું કે મે બીબરનાં જોશી ચત્રભુજ મારજીને મારા ગરાશનાં અંગે કામ કાજ કરવાનુ શા. ૧૯૯૮ ની શાલે જનરલ પાવર આપેલ છે તે આજથી રદ કરૂં છું હવે કોઇએ તેનાં શાથે મારા નામથી કાંઈ પણ વહીવટ કરવો નહી તે શંકે આલમને જાણ કરૂં છું

વૈશાખ વદ ૧૪ રોજે શા. ૨૦૦૧
ઠા. વિરજી વિઠલદાશની સહી દાઃ પોતાના

ખાનગી જાહેર ખબર

આથી આપે. શ્રી મુંન્દ્રા તાલુકાના ગામ શ્રી કુંદરોડીના શા. દેવરાજ વેલજીના વકીલ કંચનપ્રસાદ કેશવલાલ છાયા આથી જાહેર પ્રજાને તથા લાગતા વળગતાઓને ખબર આપી એ છીએ કે અમારા અસીલ શા. દેવરાજ વેલજી એ કુંદરોડી મધે આવેલા ફલીઆમાં આવેલી જગ્યા ૧ નીચે લખી અતુદિશા વાળી છશરાના હુકાર કુલ કાયુના કબજા ભોગવટા તથા માલેકીની તેમ પાસેની અખાટ વેંચાણ લેવાનો સોદો કરી તેનો સાટા કરાર કર્યો છે સબબ આ જગ્યામાં કોઇનું નોંધું લેખું હોય કે બીજી રીતનો હકદિરજો કે શાધ હોય તેમણે આ જાહેર ખબર છપાયાની તારીખથી રોજ ૧૫ પંદરની

અંદર અમારા અશીલ પાસે જઇ અથવા અમારી ભુજ મધેની ઓફીસે આવી તે બાબતની આધારો સહીત જાણ કરી જવી જેમ કરવામાં નહિ આવે તો ત્યારપછી કોઇનો કાંઇ વાંધો તકરાર કે લેણું લેણું નથી એમ સમજી અમારા અશીલ પોતાના મતાંદાર પાસેથી પાકો અધાટનો દસ્તાવેજ કરાવી લેશે અને તે પછી કોઈનો વાંધો આવશે તો તેની જવાબદારી અમારા અશીલની રહેશે નહિ તેની આથી નોંધ લેશો

૧. ઉતરાદે જગેઆઓનું ખંડેર છે.

૨ આથમણે જોશી ગેલા જેઠુની જગ્યા જે અમોએ જુદા સાટા કરારથી વેચાણ લેવાનો સોદો કરેલ છે તે છે.

૩. દખણાદે રાજમાર્ગ છે.

૪. ઉગમણે હાલે બાઉ અબ્દલાના વપરાશમાં જગ્યા છે તે છે.

મિતી જેઠ શુદ ૧ સોમવાર શાં. ૨૦૦૧
તા. ૧૧-૬-૪૫

વકીલ કંચનપ્રસાદ કેશવલાલ છાયા
શા. દેવરાજ વેલજીના વકીલ.

ખાનગી જાહેર ખબર

આથી અમો કુંદરોડીના શા દેવરાજ વેલજીના વકીલ કંચનપ્રસાદ કેશવલાલ છાયા જાહેર પ્રજાને તથા લાગતા વળગતાઓને જાહેર કરીએ છીએ કે અમારા અશીલે કુંદરોડીમાં આથમણા ફલીઆમાં આવેલી નીચે લખી ચતુર્દિશાવાળી જોશી જેઠુ કેશવજી વાળી જગ્યામાંનો જોશી ગેલા જેઠુનો ભાગ તેના કબજા ભોગવટા શીખે અધાટ વેચાણ રાખવાનો સોદો કરી અમારા અશીલે તેનો સાટાં કરાર કરાવ્યો છે તેમજ એ જગ્યામાંનો જોશી કાશીરામ શીવજી જેઠુનો ભાગ તેના કબજા ભોગવટા શીખેનો અધાટ વેચાણ રાખવાનો સોદો કરી અમારા અશીલે તેનો શાટાં કરાર કરાવ્યો છે એ રીતે આ આખી જગ્યામાંના બે ભાગો અધાટ વેંચાણ લેવાનો અમારા અશીલે સોદો કર્યો છે સબબ આ જગ્યા ઉપર કોઇનું લેણું લેણું હોય કે બીજી રીતે હકહિસ્સો કે શબધ હોય તો તેણે આ જાહેર ખબર છપાયાની તારીખથી રોજ પંદરની અંદર અમારા અશીલ પાસે જઇ અથવા અમારી ભુજ મધેની ઓફીસે આવી તે અગેના અધારોની જાણ કરી જવી તેમ નહિ કરવામાં આવે તો આ જગ્યાનાં વેંચાણ શબધમાં કોઇનું લેણું લેણું કે વાંધો કે તકરાર નથી એમ સમજી અમારા અશીલ પોતાના ઉપરોકત મતાંદારો પાસેથી વેંચાણના પાકા દસ્તાવેજો કરાવી લેશે અને ત્યારપછી કોઇ વાંધો કરતો આવશે તો તેની જવાબદારી અમારા અશીલની રહેશે નહિ તેની આથી નોંધ લેશો.

૧. ઉગમણે લોવાર જુશા કાસુની જગ્યા છે જે જુદા કરારથી અમારા અશીલે વેંચાણ રાખેલ છે.

૨ ઉતરાદે ખવાશ વાળી જગ્યાનું ખંડેર છે.

૩. આથમણે ફલીઆનો રાજમાર્ગ છે.

૪. દખણાદે રાજમાર્ગ તથા જગ્યાનું ખંડેર છે.

મિતી જેઠ શુદ ૧ સોમવાર શાં. ૨૦૦૧
તા. ૧૧-૬-૪૫.

કંચનપ્રસાદ કેશવલાલ છાયા
શા દેવરાજ વેલજીના વકીલ

ખાનગી જાહેર ખબર

હું શ્રી કચ્છ અંજારના જોશી પ્રેમજી રણછોડની વારશ વીધવા રામુબાઇ આ જાહેર ખબરથી જણાવું છું કે મારા કુંટુમ્બીક ભત્રીજા દુધેના જોશી છગનલાલ જેશંકર ને મેં મારા તરફથી જનરલ મુખત્યાર પાવર ચાલતી સાલમાં શ્રી અંજાર રજીસ્ટાર સાહેબ રૂબરૂ રજુ કરી રજીસ્ટર કરાવી આપેલ છે આ પાવર હવેથી હું રદ બાતલ કરૂં છું એટલે હવેથી મારી મરજી શિવાય આ પાવરના આધારથી મારા ભત્રીજા જોશી છગનલાલ જેશંકર મારા નામથી કાંઇપણ કરી શકતો નથી તેવું છતાં આ પાવરના આધારથી મારા નામથી કાંઇપણ ધીરધાર કે કોઇપણ જાતનો વહીવટ કે બીજુ કાંઇપણ કરશે તેના જોખમદાર તે પોતે થશે હું કે મારી મિલકત જવાબદાર નથી એમ શઉચે આથી જાણવું

જેઠ સુદ ૨ શોમવાર શાં. ૨૦૦૧

જોશી પ્રેમજી રણછોડની વિધવા રામુબાઇની સહી ઃ હીરાલાલ મગનલાલના બાઇના કેવાથી.

આ ડાબા હાથના અંગુઠાની નિશાની જોશી પ્રેમજી રણછોડના વિધવા રામુબાઇની છે ઃ હીરાલાલ મગનલાલ

402

ખાનગી જાહેર ખબર

આથી સરવે લાગતા વડગતાઓને ખબર આપવામાં આવે છે સુખપરના કણબી હાલાઈ પરબત ઉકેડાને વેચાણ આવેલ ખેત્રો શા. ૧૯૯૦ ના ભાદરવા વીદ ૧૩ ના રોજના ખતથી ખેત્રો ઠામ ૪ ચાર સુતાર કેસવજી બેચરના મતાથી વેચાણ આવેલ છે તેમાંથી ખેત્ર પેકી ઠામ ૧ પઠાઈવાળો ભોમ પ્રરાજા ૩ ત્રણનો ખેતર ખંડ એક તેમાંથી અડધ ખેત્ર પઠાઇવાળો ભોમ પ્રરાજા દોઢ ૧॥ નો શા. ૨૦૦૦ ના આસુ માસના રોજના ખતથી અમોને સદરૂ કણબી પરબત ઉકેડાના મતાથી અધાર વેચાણ આવેલ છે. એટલે સદરૂ અડધ ખેતરનો હક મારો છે.

આ વેચાણ આવેલ ખેત્ર પઠાઇવાળો આખો ખેત્ર ભોમ પરાજા ૩ ત્રણનો તેમાંથી અડધ ખેત્ર ભોમ પરાજા દોઢનો હક મારો છે

છતા મારા જાણવામાં આવ્યું છે કે સદરૂ કણબી પરબત ઉકેડા મારા હકની જમીન બીજાને વેચાણ દેવાની પ્રયાસ કરી રહ્યો છે તેથી આ જાહેર નોટીસથી ખબર આપુ છુ કે જે કોઇ મજકુર સખ્સ સાથે મારા હકની જમીન સબંધી વેવાર કરસે તે તેની જવાબદારી મારા હકની જમીન ઉપર કે મારા ઉપર નથી તેનો જવાબદાર પોતે પોતાને જોખમે થસે તેની નોધ લેસો

મીતી જેઠ સુદ ૨ બુધવાર શા. ૨૦૦૧

કણબી રામજી ગોવીંદ સુખપર વાડાની
સઈ દાઃ પોતાના

ખાનગી જાહેર ખબર

મારા અસીલ સામત્રાના કણબી વરસાણી ભીમજી પરબતની સુચનાથી જણાવવાનું કે, મારા અસીલની જગ્યા કંપાઉન્ડ વાળેલી બેટા ત્રણની ગામ સામત્રામાં ઉતરાદી બાજુ આવેલછે અને તેની અંદર મારો અસીલ તથા તેના દીકરા હરજીની વીધવા રાધાબાઈ રહે છે આ ઉપરાત તેજ ગામની સીમમા વાડી નામે કેમાડ તથા વાડી નામે ટોડો તથા ખેતર નામે રેવાળ તથા ખેતર નામે જખાતર મારા અસીલના છે અને તે મારા અસીલના કબજા ભોગવટામાંછે મારા અસીલનો દીકરો હરજી આજથી બે વરસ ઉપર ગુજરી ગયેલ છે અને પાછળ તેની વીધવા રાધાબાઇ છે મારા અસીલને વદધાવસ્થાને કારણે વહીવટ બધો તેનો પુત્ર હરજી કરતો એટલે રોકડ રકમ હરજીના ગુજરવા પછી તેની વીધવા ના કબજામા રહેલ છે આ રકમ આશરે કોરી આઠેક હજારછે.

હાલે મારા અસીલના જાણવામાં આવેલ છે કે તેના પુત્ર હરજીની વિધવા કોઇ વિઘ્ન સંતોષીઓની શીખવણીથી મિલ્કત ઉપર બોજો કરવા પ્રયત્ન કરે છે તથા મિલ્કત વેડફી નાખવાનું કહે છે પરંતુ ઉપરોક્ત મિલ્કતમા તેણીનો કશો હક હિસ્સો નથી એટલે તે મિલ્કતસર જો કોઇ ધીર ધાર કરશે તો તેનુ બંધન મિલ્કતને કે મારા અસીલને થશે નહી તેમજ સદરહુ રોકડ રકમમાંથી પણ જો કોઇ બાઈ પાસેથી રકમ લેશે તો તેના ઉપર પણ મારા અસીલનો હક થશે તે હકીકત આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે

મીતી જેઠ સુદ ૩બુધવાર શા ૨૦૦૧

વકીલ દીનકરાય લક્ષ્મણરાય વૈદ્ય
કણબી ભીમજી પરબતના વકીલ

ખાનગી જાહેર ખબર

હું ભુજ તાલુકે ગામ માધાપુરના મીસ્ત્રી ગોવિંદ નારાણ આથી સરવેને જાહેર કરૂં છુ કે મારા ભાઇ મીસ્ત્રી પચાણ નારાણને અમારી મજકુર મીલકત સંબંધી વહીવટ કરવાનો પાવર તા. ૨૧-૪-૧૯૪૩ નો આપેલ તે પાવર મેં રદ કરેલ છે તો હવે મારો ભાઇ મજકુર મારી મજકુર મીલકત સંબંધી વહીવટ કરવા મુખત્યાર નથી માટે તે પાવરને આધારે તેની સાથે કાંઇ લેવ દેવ તથા વહીવટ કરવાનો નહી છતાં કોઇ કરશે તો પોતાને જોખમે છે અને હું તેમજ મારા હીસ્સાની સ્થાવર જંગમ મીલકત જવાબદાર નથી તેમ સમજવું

સંવત ૨૦૦૧ ના જેઠ સુદ ૩ બુધવાર

હી. મીસ્ત્રી ગોવિંદ નારાણ દા. પોતાના

બચત કરો.

જાહેર જનતાને.

૧. નિયમિત વણ દીઠ ઓછાંમાં ઓછી દરમાસે
૧) એક કોરી બચત, કરવાનો નિશ્ચય કરો.

૨. નાની બચત યોજનાંના એજન્ટ મારફત ટીકીટ ખરીદ કરતા રહો.

૩. રૂપીઆ ૫/- પાંચની ટીકીટો એકઠી થાય એટલે ૧૨ વર્ષની મુદતનું નેશનલ સેવિન્ગસ સર્ટીફીકેટ મેળવો.

૪. ૧૨ વર્ષે ૧૬ દોઢ પર રકમ મળશે ૩ ૫/ થી ૫૦૦૦/- સુધી દરેક જણ આ યોજના માં રોકી શકે છે. વિશેષ માટે સબોધ તમારા ગામના એજન્ટને

નાની બચત યોજના કચ્છ.

શુદ્ધિ પત્ર

કચ્છ રાજ્ય પત્ર પુસ્તક ૭૨ અંક ૨૩ પાને ૩૭૮ કોલમ બીજીમાં લીટી ત્રીજીમાં "પરણ્યા પછી હું ધણી" છપાણું છે તેને બદલે "પરણ્યા પછી મારો ધણી" એમ વાંચવું તથા સહીની નીચે નીચે પ્રમાણે વાંચવું

ઠેકાણુ

આયરાણી દેવીબાઇ ભાણા

ઠે, આય ગાંગા પુંજાણીને ત્યાં

મુ. રતનાળ-કચ્છ

સૂચના

આ ગેઝેટની અગાઉ આપવાની કિમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીખે આ વર્ષની કોરી ૨૪૩ સવા ચોવીસને છુટા ત્રણ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૯૩ લેવામાં આવશે મુદત વીત્યાપછી ભરે તો તેની પાસેથી બચણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧૩.

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધુ અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સાં. ૨૦૦૧ સુધી લવાજમ નહિ આવે તો સાં. ૨૦૦૨ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

404

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[પુસ્તક ૯૨ મું.] જેઠ સુદ ૯ સોમવાર સં. ૨૦૦૧ તા. ૧૯મી જુન સને ૧૯૪૫ [વિશેષઅંક]

વધારો

નોટીફીકેશન.

હ. ઓ. નં. ૧૬૯

સોનાં ચાંદીના વાયદાના સોદા સબંધમાં નોટીફીકેશન નાં. ૩૫૭ સને ૧૯૪૪ વાળાથી પ્રતિબંધ મુકવામાં આવેલ હોવા છતાં સોના ચાંદીના લેતી દેતીના વ્યવહારો થયા સિવાય વાયદાના સોદા થતાં હોવા તથા તેવા સોદા લેતી દેતીના વ્યવહાર થયા સિવાય ચાલુ રાખવામાં આવતા હોવાનું જાહેર થાય છે. આવા સોદાનો વ્યવહાર ઉપર અંકુશ રાખવાની જરૂર જણાતાં બુદાવીદ મહારાજા શ્રી હજુર સાહેબનાં ફરમાનથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

૧. સોનાં ચાંદીના તૈયાર તેમજ વાયદાના લેતી દેતીના વ્યવહારો સનંદી દલાલો મારફતે લખીત કબાલાથી થઈ શકશે.

૨. વાયદાનો વ્યવહાર કબાલાની તારીખથી સાત દીવસની અંદર સોનાં ચાંદીની લેતી દેતી કરી લેવાની શરતે થઈ શકશે.

૩. સોદાના કબાલા તેજ દીવસે સનંદી દલાલોએ સ્થાનિક કસ્ટમ દરોગાની ઓફીસમાં રજીસ્ટર કરાવવા. ભુજમાં આ કામગીરી ચીફ કસ્ટમ ઓફીસ હસ્તક રહેશે.

૪. દરેક સોદાનો કબાલો રજીસ્ટર થવા આવે ત્યારે રા. કસ્ટમ દરોગાએ તે પર નીચેના ધોરણે સ્ટાંપ ચોડાવવો:—

અ. ચાંદીના કબાલા પર દર એકસો તોલા અથવા તેથી ઓછા વજન પર કોરી ૦।। પાને હિસાબે.

બ. સોનાંના કબાલા પર એક તોલા કે તેથી ઓછા વજન પર કોરી ૦। પાને હિસાબે.

૫. અંદરો અંદર સતલસથી અથવા પરોક્ષ રીતે કરવામાં આવેલ વ્યવહાર જે સોના ચાંદીના તૈયાર અથવા વાયદાના વેંચાણના વ્યવહારમાં ગણાવી શકાય તેવા સઘળા વ્યવહારો આ નોટીફીકેશનમાં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

૬. સોના ચાંદીની દલાલીની સનંદ મેળવનાર શખ્સોનુ એક રજીષ્ટર દિવાન ઓફીસમાં રાખવામાં આવશે અને નીચેના ધોરણે રા. રા. દિવાન સાહેબ તરફથી સનંદ આપવામાં આવશે.

અ. શ્રી કચ્છ રાજ્યની પ્રજા સિવાય કોઇને દલાલીની સનંદ આપવામાં આવશે નહીં.

બ. જે શખ્સો સોનાં ચાંદીની દલાલીની સનંદ મેળવવા ઇચ્છતા હોય તે શખ્સોએ તેઓની લાયકાત બાબત બે સદગૃહસ્થોની ખાત્રીવાળી અરજી રા. રા. દિવાન સાહેબને કરવી. રા. રા. દિવાન સાહેબને અરજી વ્યાજબી જણાય તો સનંદ ફી કોરી ૫૦૦) પાંચસો તથા વારસીક ફીની કોરી ૧૫૦) એકસો પચાસ વસુલ લઇ દલાલીની સનંદ આપશે.

ક. જે શખ્સોએ આ ઠરાવથી પહેલાં દલાલીની સનંદ મેળવી હશે તેઓની સનંદ સં ૨૦૦૨ (કચ્છી) અશાડ સુદ ૩થી રદ થએલી ગણવામાં આવશે. પરંતુ તે શખ્સો પૈકી જેઓ સોના ચાંદીની દલાલી કરવા ઇચ્છતા હોય તેઓએ તેઓના લાયકાત બાબત બે સદગૃહસ્થોની ખાત્રીવાળી અરજી રા. રા. દીવાન સાહેબને કરવી.

રા. રા. દિવાન સાહેબને અરજી વ્યાજબી જણાય તો સનંદ ફીની કાંઇ પણ રકમ લીધા સિવાય વારસીક ફીની કોરી ૧૫૦ એકસો પચાસ વસુલ લઇ નવેસર સંનદ આપશે.

૭. સોના ચાંદીના દરેક દલાલે તૈયાર તથા વાયદાના સોદા નોંધવા સારૂ રા રા. દિવાન સાહેબ તરફથી આપવામાં આવે તે રજીસ્ટર રાખવું અને તેમાં દરરોજના સોદાનો વિગતવાર નોંધ કરવો અને આ રજીસ્ટરો જ્યારે માગવામાં આવે ત્યારે દિવાન ઓફીસે રજુ કરવાં.

૮. અ: સંનદી દલાલની દરમ્યાનગીરી સિવાય કોઈ પણ શખ્સ સોના ચાંદીનું લેવાણ કે વેચાણ કરશે તો આ ઠરાવમાં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

બ: સંનદી દલાલ નીચેનાં ધોરણ કરતાં વધુ દલાલી લઇ શકશે નહીં.

	વેચનાર પાસેથી	લેનાર પાસેથી
	દર પાટે કોરી ૪	દર પાટે કોરી ૪
ચાંદીના વ્યવહાર પર	ઢાળીયાં અથવા પાટના કટકા પર દર ૧૦૦ તોલે કોરી ૦।	ઢાળીયાં અથવા પાટના કટકા પર દર ૧૦૦ તોલે કોરી ૦।
સોનાના વ્યવહાર પર	દર તોલે કોરી ૦।	દર તોલે કોરી ૦।

૯. સોનાં ચાંદીના દાગીનાના વેંચાણને આ નયમો લાગુ પડશે નહી.

૧૦. નોટીફીકેશન નાં. ૩૫૭ સને ૧૯૪૪ મહા શુદ ૧૧ શુક્રવાર શાં. ૨૦૦૦માં જણાવેલ વ્યાખ્યાઓ આ નોટીફીકેશનને લાગુ પાડવામાં આવશે.

૧૧. ઉપરના કોઇ પણ નિયમોનો ભંગ થયાનુ રા. રા. દિવાન સાહેબને માલમ પડે તો તેઓ જાતે અથવા યોગ્ય અધીકારી મારફત તપાસ કરી શકશે.

૧૨. રા. કસ્ટમ દરોગાને કોઇ પણ નિયમોનો ભંગ થયાનું માલમ પડે તો તેણે દલાલ તેમજ પક્ષકારોને લેખીત હુકમથી રૂબરૂ બોલાવી યોગ્ય તપાસ કરી તપાસનો રીપોર્ટ દીવસ આઠની અંદર રા. રા. દિવાન સાહેબને કરવો. ભુજમાં આ કામગીરી રા. રા. ચીફ કસ્ટમ ઓફિસર હસ્તક રહેશે.

૧૩. ઉપરના કોઇ પણ નિયમોનો ભંગ કરનાર દલાલની સંનદ રદ કરવામાં આવસે અને દલાલ તથા વ્યવહારનો દરેક પક્ષકાર કોરી ૫૦૦૦ સુધીના દંડને પાત્ર થશે.

૧૪. ઉપરના નિયમોના ભંગ બાબતના ગુન્હાની તપાસ કરી કલમ ૧૩ માં જણાવ્યા

૨. મુજમાં આ વ્યહવાર રા. રા. ચીફ્ કસ્ટમ ઓફીસર હસ્તે અને જ્યાં કસ્ટમ ઓફીસ હોય નહિ ત્યાં રા. તાલુકા વહીવટદાર હસ્તક રાખવામાં આવશે.

૩. તાલુકાના મુખ્ય સ્થળ સિવાયના ગામોના 'અ' વર્ગના સનદી પાટલાવાળાઓએ દર પંદર દીવસે પોતાનાં રજીસ્ટરો જે તે તાલુકાની કસ્ટમ ઓફીસે રજુ કરી કલમ ૧ માં ઠર્યા મુજબ વધારાના રૂપીઆની રકમના એંસી ટકા જેટલા રૂપીઆ ભરવા જે બદલ તેમને કલમ ૧ માં જણાવ્યા પ્રમાણે કોરીઓ આપવામાં આવશે.

૪. કલમ ૧ અનવય એકઠી થએલ રૂપાઆની રકમ દર માસ આખરે રા. રા. એકાઉન્ટન્ટ જનરલ મારફત ધી બેંક આફ ઈન્ડીઆમાં રા. રા. દિવાન સાહેબના ચેન પરચેઝ એકાઉન્ટમાં જમા થવા મોકલવી.

૫. આ યાદીમાં ઠરાવવામાં આવ્યા પ્રમાણે નહીં વર્તનાર શખ્શની સનદ રદ કરવામાં આવશે અને આ ઠરાવની કલમ ૧ મુજબ કોરી બદલ લેવા પાત્ર રૂપીઆની રકમ આ ઠરાવ અનવય કાયદેસર વસુલ લેવામાં આવશે.

આ ઠરાવનો અમલ પ્રસિધ્ધ થયાની તારીખથી થશે.

મીતી જેઠ સુદ ૬ ભોમવાર શાં. ૨૦૦૧ તા. ૧૯–૬–૪૫

S. K. Nayampalli,
દિવાન–કચ્છ,

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

પ્રમાણે શિક્ષા રા. રા. દિવાન સાહેબ અથવા તેમના તરફથી યોગ્ય અધિકાર પામેલ અમલદાર કરી શકશે.

૧૫. આ ઠરાવ શાં. ૨૦૦૨ ના અશાડ શુદ ૩ થી અમલમાં આવશે.

મીતી જેઠ શુદ ૯ ભોમવાર શાં. ૨૦૦૧ તાઃ ૧૯–૬–૪૫

S K. Nayampalli,
દિવાન–કચ્છ.

યાદી ઠ ઓ નં ૧૭૦

ઠરાવ નાં ૩૦૪ તાઃ ૨૩–૯–૪૪ વાલા અનવય સનંદી પાટલાવાળાઓએ રજીસ્ટર રાખી તેમાં દરરોજના રૂપીઆ કોરીના લેવાણ વેંચાણની નોંધ રાખવા ઠર્યું છે. આ સબંધમાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબનાં ફરમાનથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છેઃ–

૧. 'અ' વર્ગના સનંદી પાટલાવાળાના રજીસ્ટરમાં દરરોજના લેતી દેતીના નોંધાએલા વ્યહવારોમાં રૂપીઆનાં વેચાણ કરતાં લેવાણમાં જેટલી રકમનો વધારો હોય તે વધારાની રૂપીઆની રકમના એસી ટકા જેટલા રૂપીઆ સનંદી પાટલાવાળાએ રા. રા. દિવાન સાહેબના ગ્રેન પરચેઝ એકાઉન્ટમાં જમા થવા જે તે સ્થળના રા. કસ્ટમ દરોગા પાસે દરરોજ ભરવા, જે બદલ તે દિવસના રૂપીઆના લેવાણ ભાવમાં થએલ ફેરફારની સરેરાસ કરી તેને કોરીઓ તેજ વખતે રા. કસ્ટમ દરોગા તરફથી આપવામાં આવશે, અને રા. કસ્ટમ દરોગાએ આ વ્યહવારને અંગે થતી લેવડ દેવડ નો જુદો હિસાબ રાખવો.

408

કચ્છ દરબારી છાપખાનું

નંબર ૧૬૩

યથાયોગ્ય સાથે લખવાનું કે તમારા તરફથી સંવત ૨૦૦૨ની સાલનાં કચ્છ રાજ્ય પત્રનાં લવાજમની કોરી નીચે મુજબ આવતાં રોજમેળ પાને ૧૬૮મે જમા કરવામાં આવી છે.

કોરી ૨૬ અક્ષરે ૨૮૮૨

મિતિ શ્રાવણ વદ ૧૩ સાં. ૨૦૦૨

છાપખાના મેનેજર

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્યનું પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL. 73] TUESDAY 10th JULY 1945 [No 1]

[પુ૦ ૭૩] અષાઢ સુદ ૧ મંગળવાર સં. ૨૦૦૨ તા. ૧૦ મી જુલાઈ સને ૧૯૪૫ [અંક ૧]

NOTIFICATION.

No. 1786 of 1945.

The Government of Kutch are pleased to publish for general information below mentioned Notification No. 529-OR/40 dated 18th May, 1945 as desired in letter No.D/45-1-W dated 4th June, 1945 from the Secretary to Hon'ble the Resident at Baroda and for the States of Westeren India and Gujarat, Rajkot.

The Notification No. 529-OR/1/40 dated the 23rd July 1940, referred to below was published in the State Gazette dated 20th August, 1940.

Dewan's Office,
Bhuj, 23rd June, 1945

S. K. Nayampalli,
Dewan of Kutch.

GOVERNMENT OF INDIA
DEFENCE DEPARTMENT.

New Delhi, the 18th May, 1945.

No.529-O. /40. - In pursuance of sub-clause (b) of clause (2) of rule 2 of the Defence of India Rules, the Central Government is pleased to direct that the notification of the Government of India in the late Defence Co-ordination Department No. 529 -OR/1/40 dated the 23rd July 1940 shall be cancelled.

Ram Chandra, Secy.

શ્રી કચ્છ રાજ્યની તમામ કોર્ટોમાં વકીલાત કરવાની સનદ.

જ્યુ. જા. નં. ૫૬૪૮

ભુજના ઉપેન્દ્રરાય પ્રીતમલાલ વૈદ તરફથી પોતાને આ રાજ્યની તમામ કોર્ટોમાં વકીલાત કરવાની પરવાનગી અપાવવા કરવામાં આવેલ અરજ ધ્યાનમાં લઇ તેમણે મુંબઇની બાર કાઉન્સીલ તરફથી લેવામાં આવતી એડવોકેટની પરીક્ષા પસાર કરેલ હોતાં શ્રી. ઉપેન્દ્રરાય પ્રીતમલાલ વૈદને આ રાજ્યની તમામ કોર્ટોમાં વકીલાત કરવાની પરવાનગી આપવામાં આવે છે.

જેઠ વદ ૧ મંગળવાર શા. ૨૦૦૧

દિવાન ઓફીસ
જ્યુડીશીયલ બ્રેન્ચ,
તા. ૨૬-૬-૪૫

S. K. Nayampalli,
દિવાન કચ્છ.

409

જાહેર ખબર

પો. અં. જા. નં ૩૯૭

એજન્સી તરફથી નં. આર. એચ. ૩–૧ તા: ૧૪-૬–૪૫વાળો એક્ષપ્રેસ લેટર આવેલ છે તેમાં જણાવ્યું છે કે શિતળાને લીધે અલ્લાબાદ, કાનપુર અને દિલ્હી તરફથી આવનારાઓ સામે પેલેસ્ટાઇને ક્વોરન્ટાઇનનો પ્રતિબંધ મુકેલ છે.

ઉપર પ્રમાણેના ખબર સર્વની માહીતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા: ૨૭–૬–૪૫.

S. K. Nayampalli,
દિવાન કચ્છ.

જાહેર ખબર.

પો. અં. જા. નં. ૩૯૯

એજન્સી મેમો નં. આર. એચ. ૩–૧ તા: ૩૦–૫–૪૫ વાળાથી, તંદુરસ્તી અંગેની જરૂરીયાત સબંધમાં ડીરેક્ટર ઓફ સીવીલ એવીએશન, ઇન્ડીઆ, તરફથી મેમો આવેલ તેનો એકસ્ટ્રેક્ટ આવેલ છે. સદરહુ એકસ્ટ્રેક્ટમાં જણાવ્યું છે કે:—

"હવાઇ માર્ગે દરીયાપાર જતા મુસાફરોએ, મુસાફરી દરમ્યાન વચ્ચે આવતા દેશોની પબ્લીક હેલ્થના સત્તાવાળાઓએ તંદુરસ્તી સબંધની જરૂરીયાતો વિષે જે સુચનાઓ કરેલી હોય તે મુજબ તેનો અમલ કરવો. આ જરૂરીયાતો દેશ પરત્વે જુદી જુદી હોય છે. ચેપી રોગ વળગે અને તેનું પરીણામ નીપજે તે મુદત સબંધમાં તથા સર્ટીફીકેટના ખરાપણા સબંધે જે ખાશ આવશ્યકતા છે તે સબંધમાં નીચે પ્રમાણે આપેલું છે.

શીતળા:—શીતળા કઢાવ્યાનું સર્ટીફીકેટ જરૂરનું છે. શીતળા કઢાવ્યાને ૨૧ દીવસ થઇ ગએલ હોવા જોઇએ. આ ખાત્રી બે વરસ સુધી ચાલી શકે.

પીળો તાવ:—(yellow fever) જે દેશોમાં આ રોગ પ્રવર્તેલો હોય તે દેશમાં થઇને હિન્દમાં આવતા મુસાફરો માટે આવશ્યક છે. પબ્લીક હેલ્થ કમીશ્નરે હમણાં તાજેતરમાં એવી શરત કરેલી છે કે જે હવાઇ જહાજ, આ રોગથી ભરેલા પ્રદેશ જેવા કે ખારટુમના દક્ષીણ ભાગમાંથી પસાર થયું હોય તો તેને તેનો ચેપ દુર કરવા ગમે તે પગલાં લીધાં હોય છતાં ચેપ વળગેલું લેખવું અને તેના બધા મુસાફરોને ચેપથી વળગેલા લેખવા.

આથી દરીયાપારના પ્રદેશમા જતા મુસાફરો જેઓ હવાઇ માર્ગે પાછા વળવાના હોય તેમણે પીળા તાવ માટે રસી મુકાવવા સલાહ આપવામાં આવે છે રસી મુકાવ્યાને ૬૫ દીવસ વીતી ગએલ હોવા જોઇએ તેની ખાત્રીની મુદત બે વરસ સુધી ચાલી શકે.

કોલેરા:—હાલ સુધીની માહીતીથી જણાય છે કે એન્ટી કોલેરાના રસી મુકાવ્યાનાં સર્ટીફીકેટની કોઇ દેશમાં જરૂર નથી, કોઇ પણ પ્રકારની ચેતવણી વગર આનો અમલ કરવો જેથી દરીયાપાર જતા દરેક પેસેન્જરને કોલેરાની રસી મુકાવવાની સલાહ આપવામાં આવે છે.

રસી મુકાવ્યાને છ દીવસ થઇ ગએલ હોવા જોઇએ. તેની ખાત્રાની મુદત છ મહીના સુધી ચાલી શકે.

ઉપર પ્રમાણેના ખબર સર્વની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે

પોલાટીકલ બ્રેન્ચ,
તા: ૨૭–૬–૪૫

S. K. Nayampalli,
દિવાન–કચ્છ.

હ. ઓ. નાં. ૧૯૦/૪૫ ઠરાવ:

રા. રા. અમૃતલાલ વી. મહેતાને મળતા પગારે હાલ એક્ષચેન્જ કન્ટ્રોલર નીમવામાં આવે છે. તેમને મળતું એલાઉન્સ ચાલુ રહેશે.

રા. રા. કુલીનચન્દ્ર હીમતભાઇ દેશાઇને હાલ ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ નીમવામાં આવે છે તેમને મળતું એલાઉન્સ ચાલુ રહેશે, તેમનો પગાર હાલ પ્રમાણે પબ્લીસીટી ઓફીસર તરીકે ચાલુ રહેશે

રા. રા. એન. વાય. સમર્થને હાલ ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ મળતા પગારે નીમવામાં આવે છે.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે

તા. ૬–૭–૪૫

S. K. Nayampalli,
દિવાન–કચ્છ

જાહેરાત.

નં. ૧૦૫૬ ૧૯૪૫.

આફ્રિકામાંના ઇટલી અને ફ્રાંસ તાબાના મુલકો સાથે ખાનગી વ્યાપાર ચલાવવાની શરતી છૂટ આપતો,

410

હિંદી સરકારનાં વ્યાપાર ખાતાં તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ પ્રેસ કોમ્યુનિક તા. ૧૧-૫-૪૫ વાળો, એજન્સી લેટર નં. ડી/૪૦-૪ ડબ્લ્યુ તા. ૮-૬-૪૫ વાળાથી અત્રે આવનાં સદરહુ કોમ્યુનિક જાહેર જનતાની જાણ સારૂ આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

દિવાન ઓફીસ
તા. ૬-૭-૪૫

S. K Nayampalli,
દિવાન-કચ્છ.

PRESS COMMUNIQUE.

TRADE WITH ITALIAN AND FRENCH OVERSEAS TERRITORIES IN AFRICA

Persons and concerns in India can now carry on private trade with the Italian as well as French Overseas territories in Africa, but such trade is subject to the existing export. import and exchange control regulations in force.

Commerce Department,
New Delhi, May 11, 1945.

જાહેર ખબર

ચી. કુ. જા નં. ૧૪૪૦૨

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે માંડવીના ઠકર વેલજી પ્રધાનને ગરાસ ભેણી વેચસાટ કરાવવા માટેની સનંદ નં. ૩૩ ભાદરવા સુ. ૫ સં. ૧૯૬૫ના રાજ અપાએલી તે શક્ષ હાલે ગુજરી જતાં તેની સનદ હાથ આવેલી નથી અને કેન્સલ થવા માંડવા કસ્ટમેથી લખાઇ આવતાં અહિંના નં. ૧૩૧૪૬ તા. ૨૧-૫-૪૫ વાળાથી કેન્સલ કરવામાં આવેલ છે એટલે સદરહુ સનદ કોઇને હાથ આવે તો માંડવી કસ્ટમે રજુ કરવી અને એ સનદનો કોઇએ ઉપયોગ કરવો નહિ જો કોઇ ઉપયોગ કરશે તો તે દરબાર બીજીનો ગુનેગાર ગણાઇ કાયદેસર કરવામાં આવશે.

જાહેર દિન ૯ સોમવાર સં. ૨૦૦૧ તા. ૩-૭-૪૫

P. M. Khambhata,
ચીફ કસ્ટમ ઓફિસર.

જાહેર ખબર નં. ૯૩૦૪

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે કોઠારાના ભાટીયા ઠા. હંસરાજ તુલશીદાશે આ કોર્ટ પાશે એવી અરજ કરેલ છે કે કોઠારાના ભાટીયા ઠા. માવજી ઉકેડા તથા સુંદરદાસ ઉકેડા બંને શગા ભાઇઓ હતા અને મીલ્કતે સંયુક્ત હતાઃ તે પૈકી ઠા. માવજી ઉકેડા પ્રથમથી ૧૯૧૮ ૭૯ની શાલ આશરે ગુજર્યા અને ત્યારબાદ ભાટીઆ ઠા. સુંદરદાસ ઉકેડા શા. ૧૯૯૦ની શાલે આશરે ગુજર્યા ઠા સુંદરદાસ ઉકેડા કે માવજી ઉકેડાની કાંઇ પણ સંતતી ન હતી તેમ તેઓના નજીકના શગોત્રમાં કોઇ વારસ ન હોવાથી અને અરજદારનો પીતા તુલશીદાસ જેરામ સગો ભાણેજ હોવાથી ઠા સુંદરદાશ કોઠારા મધે ગુજરી ગયા છે અને ત્યારબાદ અરજદારના પીતા ગુજરી ગયા છે અને તેઓ ચાર પુત્રો મુકી ગયા હતા તેઓના નામો અરજીમાં લખેલ છે તે ઉપર નોટીસ કઢાવવા અરજ છે મરહુમ સુંદરદાસ તથા માવજી ઉકેડાના વારસ તેના ભાણેજ તુલશીદાસ જેરામ હતા અને તે ગુજરી જતાં મીલ્કત ઉપર તુલશીદાશના પુત્રોનો વારશા હક પોચતો હોઇ અને આ અરજદાર તે પૈકીનો એક હોતાં આ વ્યવસ્થા પત્ર મળવાની અરજ ગુજારે છે

મરહુમ સુંદરદાશ કે માવજી ઉકેડાની મીલ્કત બાબત વ્યવસ્થા પત્રકે વારશા શર્ટીફીકેટ મલવાની કોઇએ આજ દી સુધી અરજ કરી નથી માટે અરજ કે ભાટીયા ઠા. સુંદરદાશ ઉકેડા તથા માવજી ઉકેડાના વારશ મરહુમ ઠા. તુલશીદાશ જેરામના વારશો પૈકીનો એક હોઇ અરજી સાથે રજુ રાખેલ લીષ્ટમાં જણાવેલી મીલ્કતમાં તેનો હક પહોચતો હોઇ સદરહુ મીલકતની વ્યવસ્થા કરી શકે તેવો વ્યવસ્થા પત્ર અપાવવા દયા ભરેલો હુકમ ફરમાવશો.

આ સંબંધમાં કોઇની કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે શા. ૨૦૦૧ના જેઠ વીદ ૦)) સોમવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે જાહેર કરવું અને તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહીં આવે તો મુદત વીતે અરજદારે માગેલ વ્યવસ્થા પત્ર તેને અપાવવા વીશે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહીં.

મુ. ભુજ નગર વરીષ કોર્ટ કચ્છ

મીતી જેઠ સુદ ૯ સોમવાર શા. ૨૦૦૧ તા. ૧૯-૬-૪૫

સવાઇલાલ લક્ષ્મીશંકર
એ. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી

જાહેર ખબર નં. ૯૩૦૫

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના શા અમૃતલાલ અનુપચંદે આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે મારા પીતા શા અનુપચંદ સામજી ગાંધી માંડવીમાં શા. ૧૯૮૩માં ગુજરી ગયા

છે તેઓના નામના ઇ. ડી. કુા.ના શેરો ૧૦૦) એકશો ન. ૨૫૮૮૬૯૨ થી ૨૫૮૮૭૯૧ વાળા છે આ એક શેરની રૂા. કીમત ૧૦) દશ છે પરતુ અત્યારે તેનાબજાર ભાવ શેર ૧ ના રૂા ૩-૮-૦ હોતાં તે બધા શેરની કીમત રૂા. ૩૫૦) થાય છે.

અમે ત્રણ ભાઇઓ છીએ જેમાંના બે ભાઇઓ મારાથી જુદા છે. અમે રશોડે તેમજ મીલકતે જુદા છીએ અને અમારા વ્યવહાર તેમજ લેતીદેતી શર્વે જુદા છે મારા પીતાના નામના ઉપર જણાવેલા નંબરવાળા શેરો મારા ભાગમાં આવેલ છે અને તેમાં મારા ભાઇઓનો કશો હક કે અધીકાર નથી એટલે આ શેરો મારા પીતાના નામ પર હોવાથી તે હું મેળવવા એકલો વારશ હકકદાર છું જેથી તે શેરો મારા નામ પર કાયદેશર ટ્રાન્શફર કરાવી શકું છું. માટે મારા પીતા શા. અનુપચંદ સામળના નામ પર ઇ. ડી. કુા.ના શેરો ૧૦૦)ના ૨૫૮૮૬૯૨થી ની.૨૫૮૮૭૯૧ વાળા શેરો મેળવવા માટે હું એકલો વારશદાર હોઇ તે મારા નામ પર ટ્રાન્શફર કરવામાં આવે તેવું વારશા શર્ટીફીકેટ અપાવવા મહેરબાની ભર્યો હુકમ ફરમાવશો

આ બાબતમાં કોઇની કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે શા. ૨૦૦૧ના જેઠ વીદ ૧૨ શુક્રવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પારો આવી જાહેર કરવું અને તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહીં આવે તો મુદત વીતે અરજદારે માગેલ વારશા શર્ટીફીકેટ તેને આપવા વીશે ઘટીત થતાં પાછળથી કોઇના કાંઇ તકરાર કે વાંધા શાંભળવામાં આવશે નહીં.

મુ. ભુજ નગર વરીષ્ટ કોર્ટ કચ્છ

મીતી જેઠ સુદ ૯ ભોમવાર શા. ૨૦૦૧ તા. ૧૯- ૬- ૪૫

સવાઇલાલ લક્ષ્મીશંકર
મે. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી

મહારાજા ધિરાજ મરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર.

નાં. ૨૮૮૩

શ્રી ભુજ અદાલત

દાવાનો નંબર ૧૧૦ સંવત ૨૦૦૧

દવે ખરાશંકર જયકૃષ્ણ ત્રિ. મુંદરા વાદી
દવે ગૌરીશંકર નરભેરામની વીધવા લાધીબાઇ પ્રતિવાદી

દાવો

જગ્યામાંથી ૬ ભાગ મળવા બાબત

ભવાનીબાઇ માવજી ભાવનગરના રહેનાર દવે માવજી મુલજીની દિકરીને માલમ થાય જે વાદી દવે ખરાશંકર જયકૃષ્ણ મુંદરા એ તમારા ઉપ જગ્યામાંથી ૬ ભાગ મળવા બાબતનો દાવો કર્યો છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવેછે કે સંવત ૨૦૦૧ના માસ અશાડ સુદ ૧૫ વાર બુધવા તે રોજ સવારના ૯ા વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો ઉપર લખેલ દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જેદસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મિતી વૈશાખ વીદ ૧૨ ગુરૂવાર સંવત ૨૦૦૧

ગોપાલ શીવરામ
મે. ભુજ ન્યાયાધીશ સાહેબના હુકમથી

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી સ. નાં. ૧૪૫૨

વોરા રવજી તારાચંદ દુધઇ વાદી
જાડેજા જીવુભા ખોડાજી વી. કુંભારડી પ્રતિવાદી

દાવો લેણાનો

કરાંચી મધે જોશી ગીરજાશંકર પુંજાને માલમ થાય જે વાદીએ કરેલ દાવાનો તપાલ શાં ૨૦૦૨નાં અશાડ શુદ ૪ શુકરવારના રોજ આવશે માટે તે રોજ કોટના ટાઇમે તમે જાતે અગર મુ કે વકીલ મારફતે હાજર થજો નહિતો મુદત વીતે કાયદેશર થશે.

મિતિ શાં ૨૦૦૧નાં જેઠ વીદ ૧ ભોમવાર

V. H. Dholakia,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી સં. નાં. ૧૪૫૩

ઠા મનજી હીરજી લુણવા વાદી
છાંગા કારા ખુમાણા વી સીંધ પ્રતિવાદી

દાવો તામીલ થવા બાબત

નીચે લખ્યા શખસોને માલમ થાય જે વાદીએ તમારા પર શાં ૧૯૯૬ના કારતક વીદ ૧નાં ખુલાસા મુજબ કોર્ટ ૧૯૬૧૪ાની તામીલ થવા દરખાસ્ત કરી છે માટે આ નોટીશ છપાવાની તરીખથી વાદીની તામીલ રોજ ૧૫ પંદરના અંદર કરજો નહિતો મુદત વીતે કાયદેશર થશે.

૧. છાંગા કારા ખુમાણ સીંધ
૨. ઠા. મોરારજી તુલશીદાસ ઇ વેપાર કરનાર
ઠા. તુલશીદાસ મોરારજી મુંબઇ

મિતિ જેઠ વીદ ૧ ભોમવાર શાં. ૨૦૦૧

V. H. Dholakia,
ભચાઉ ન્યાયાધીશ.

412

મહારાજા ધીરાજ મિરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી નો. ના ૧૪૫૮

ડા. નારાણજી મોતી ચોબારી વાદી

ધાંચી અભા તથા ભચુની વાલીમ } પ્રા.
ધનીબાઇ વીગેર સીન્ધ }

દાવો તામીલ થવા

સીન્ધ મધે ધાંચી અભા તથા ભચુનીવાલી માને માલમ થાય જે વાદીએ તમારા પર સા. ૨૦૦૧ ના અહા સુદ ૧૦ ના ખુલાસા મુજબ કોરી ૧૪૦૦॥ ની તામીલ થવા દરખાસ્ત કરી છે માટે આ નોટીસ પોચેથી વાદીની તામીલ રોજ ૧૫ પનરની અંદર કરજો નહિતો મુદત વીતે કાયદેશર થશે

મિતિ જેઠ વદ ૧ ભાપે સા ૨૦૦૧

V. H. Dholakia,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી ૧૪૫૫

ઉપાધ્યાય ચંદુલાલ વલભરામ અંજાર વાદી

જાડેજા પુજાજી નારણજી. હાલ જામનગર પ્રતિવાદી

દાવો વાડીના કબજાનો

ટંકરના સુતર તુલસીરામ પુરશોતમને માલુમ થાય જે વાદીએ કરેલ દાવાનો જવાબ આપવા તમો આ સમન્સ શ્રીકચ્છ રાજ્યપ ત્રમાં જાહેરાની તારીખથી રોજ ૫દરની અંદર આ કોટ સા કોટના ટાઇમે જાતે કે વકીલ મુખત્યાર મારફતે હાજર થજો કસુર થયે કાયદેશર થશે

જેઠ વદ ૮ શા. ૨૦૦૨

V. H. Dholakia,
ભચાઉ ન્યાયાધિશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર

સા. નાં. ૪૪૪

શ્રી લખપત અદાલત

ખા. દી. કામ. નાં. ૧૧૧ સાં. ૨૦૦૧

ડા. સામજી ખટાવ લખપત વાદી

જત માસંધ રાસીગાણી મોરી પ્રતીવાદી

દાવો

કોરી ૩૮) ૫ મળવાનો

મોરીનાં જત સામંધ રાસીગાણીને માલમ થાય કે આ કામે દાવા જવાબ આપવા માટે તમારે સાં ૨૦૦૨ના અસાડ વીદ ૯ ગુરૂવારનાં રોજે સવારનાં ૭ા વાગ્યાથી આ કોટમાં હાજર થાવું તેમાં કસુર થશે તો કાયદેશર થસે.

મિતી જેઠ સુદ ૧૫ સોમવાર સં. ૨૦૦૧

K. S. Rana,
લખપત ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર

શ્રી લખપત દિવાની કોર્ટ નો ૪૫૪

ખા. દી. તામીલ કામ નંબર ૫૯ શા. ૨૦૦૧

શિંધલાતી મધે શોની હંશરાજ વેલજીનાં વારશ નીચે બતાવેલ નામવાળા પુત્રોને માલમ થાય કે માંડવીનાં ગુશાઇ ગ્યાનગરજી નિર્મળગરજીનાં નામથી ચાલતી ગદીનાં વેવટ કરનાર તથા માલીક ગુશાઇ દયાલગરજી લક્ષ્મીગરજીએ ખા. દી. ન. ૨૨/૨૦૦૦નાં કેશલા અ.શા૦ કોરી ૨૧૭૦)૪ ની તામીલ થવા દરખાસ્ત રજુ કરી છે વાસ્તે વાદી મજકુરને શદરહુ રકમની રોજ ૧૫ માં આ નોટીશ બજેથી તામીલ કરી આથી આ કોર્ટ પાશે પોંચ રજુ કરવી નહીતર કાયદેશર થશે.

૧. શોની ફકુ હંશરાજ.
૨. શોની શભુ હંશરાજ.
૩. શોની બચુ હંશરાજ શગીર હો ાં તેના વાલી શોની ફકુ હંશરાજ.

K. S Rana,
લખપત ન્યાયાધિસ.

જાહેર ખબર

પ. જા. નાં. ૩૧૨૬

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે માધાપરના કાં. માવજી ગોવીંદ ભુજની મહમદ જાગીરના ગામ ચુનડી નામે કા. શીવજી ભવાનજીને મતેથી જાગીરની જીગ્યા ૧ ભુજ મધ્યે મહાદેવનાં નાકા નજીક નવી ટંકશાળ સામે આવેલી છે તે કોરી ૨૧૦૦) એકવીશ હજારમાં અધાટ લેતાં તેના દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે શદરહુ જીગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આહિના કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યામાદ કોઇનું કંઇ નહી સાંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

જેઠ વીદ ૫ શુકરે શાં ૨૦૦૧ તા. ૨૯-૬-૪૫

Harilal N.
ભુજ વહીવટદાર.

જાહેર ખબર. નાં ૨૧૬૭

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે- જખોના ઢાઢ. એશાક આદમના વહીવટ કરનાર ઢઢ આમદ. આદમે ભાટીયા. ઠા કલ્યાણજી ભીમજીને મતે જગ્યા ૧ એક કોરી ૮૨૫૦ બેસાશીશો પચાશમા, સા ૨૦૦૧ના જેઠ સુદ પની મીતીના. દસ્તાવેજથી અગાડ વેચાણ રાખેલ- તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા- માટે આવેલ છે માટે સદરહું જગ્યા ઉપર કોઇનું કાંઇ લેણું હક હીશો હોય તો તેમણે એક માશની અંદર આહીની કચેરીએ આવી જાહેર કરવુ નહીતર મુદત વીત્યા બાદ- કોઇનું કાંઇ નહી સાભળતા છાપો થવા માટે ધટીત- થશે

સા. ૨૦૦૧ જેઠ સુદ ૧૧ બુધે તા. ૨૦-૬-૪૫

વીશ્રામ- જાદવજી
અબડાસા વહીવટદાર

જાહેર ખબર નં. ૮૧૪

માંડવી નગર સભા તરફથી

શ્રી કચ્છ ગવર્નમેન્ટ તરફથી થયેલ નં૦ ૫૫૧૬ સંવત ૧૯૯૮ના પ્રા જેઠ સુદ ૩ સોમવારના મિતીના પ્રસિધ્ધ થયેલ ઠરાવ અનવય દશ ઝુપના મતદારોને ખબર આપવામાં આવે છે કે આગામી ચુંટણી જે સાં ૨૦૦૨ના ભાદરવા વિદમાં થવાની છે તે માટે મતદારોએ પોતાનાં નામો નગર સભાની ઓફીશે દાખલ કરાવી જવાં અગર દાખલ થયાની ખાત્રી ઓફીશે આવી કરી જવી સાં ૨૦૦૧ના જેઠ વિદ ૧૧ સુધી મતદારોનું લિષ્ટ ખુલ્લું છે. તે મુદત દરમ્યાન પોતાનું નામ પોતાના ગ્રુપમાં દાખલ થવા સંબંધી સ્પષ્ટતા કરી જવી નાહવર આ બાબતે પાછળથી કાંઇ સાંભળવામાં આવશે નહિં

મિતી જેઠ સુદ ૧૦ ભોમવાર સા૦ ૨૦૦૧

ભૂપતરાય વી. કરશનજી S. B. Dhru,
માંડવી નગરસભા સેક્રેટરી માંડવી નગર સભા પ્રેસીડન્ટ.

જાહેર ખબર.

મું. મ્યુ. બ૦ નં. ૪૦૪

મુંદ્રા શહેરના પ્રજાને બાથી ખબર આપવામાં આવે છે કે નગર સભાની ત્રણ વર્ષની મુદત આવતા ભાદરવા માસ આખર પુરી થતા નવી ચુંટણી આવતા આસો માસમા થશે જેના મતદારોનું લીષ્ટ તૈયાર કરવામાં આવે છે. માટે નામદાર કચ્છ ગવર્નમેન્ટ તરફથી થએલ ઠેરાવ નંબર ૫૫૧૬ સંવત ૧૯૯૮ વાળામાં દર્શાવેલ ધારા ધોરણ અનવય દશે વર્ગના મતદારોએ પોતાનાં નામો ખાત્રી કરી દાખલ ન થયાં હોય તો દાખલ કરાવી જવાં. મતદારોનું લીષ્ટ આવતા અસાડ સુદ ૩ સુધી ખુલ્લુ રહેશે મુદત વિતે આ સંબંધમાં પાછળથી કોઇ તકરાર ચાલી શકશે નહિ.

જેઠ વિદ ૨ બુધવાર શાં. ૨૦૦૧ ત૦ ૨૬-૬-૪૫

Jayantilal M. Harilal Somji,
સેક્રેટરી મુંદ્રા નગર સભા પ્રેસીડેન્ટ મુંદ્રા નગર સભા

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બ્હાલી અગર તો મંજુરી મળે છે એવુ સમજવાનુ નથી.

ખાનગી. જાહેર. ખબર.

હું નીચે સહી કરનાર વરાડીઆનાં મેતા દીપચંદ ગોપાલ બાથી જાહેર જનતાને વરાડીઆ માનાં માઉ હાથી ધારશીનાં સગા વહાલા અને કાકાઇ પીતરાઇ ભાઇઓને જાહેર કરૂં છું કે મજકુર માઉ હાથી ધારશી માનકુવા ગામે તે ભૂજ તાલુકેના ગામ મધે લાગોલાદ ગુજરી જતા તેની ઘરવાલીએ સંન્યાસ લીધેલ છે એટલે મજકુર માઉ હાથી ધારશીનો સીધો વારસ અને કાયદેશરનો વારશ હુ છું કેમકે કાકાઇ એટલે કુટુંબમાં હું નજદીકનો સગો છું એટલે કાયદેશરનો વારસો મેળવવાને હું હકદાર છું

આ વારશા હકની રૂએ કોઇ પણ મજકુર હાથી ધારશીની મલ્કત પર કોઇ પણ લેણુ માગતો હોય કે ધારતો હોય તેણે રોજ ૧૫ની અંદર આ જાહેર ખબર પ્રસીધ્ધ થયા પછીના તારીખે મને જાહેર કરવાથી તેનાં લેણાંલેખાની ચોખવટ થવાનું હું આથી જાહેર કરૂં છું વલી ઉપરાંત મુદત વીત્યા બાદ કોઇ પણ મીલ્કતને અગે પોતાનો હક સમજશે તો તેનાથી રદ બાતલ થવાને જાહેર કરૂ છું.

મીતિ જેઠ વીદ ૧ ભોમે શાં. ૨૦૦૧

મેતા દીપચંદ ગોપાલજીનો શાઇ
દઃ પોતાનાં.

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે મેં મારી જગા એક જે સમા ઇલરામ તુમાવાલી તરીકે ઓળખાય છે તેની અંદરની જગા તથા ડેલી તેમજ બહારની જગા મારા પિતાની આજ્ઞા અનુસાર સોલંકી હેમુબાઇ રવાને તેની હૈયાતી સુધી ઉપયોગ માટે સોંપી છે.

આ જગા પર તેણીને વેચવાટ કરવા કે પૈસા ઉપાડવા અગર અન્ય પ્રકારનો હક્ક નથી તેની સર્વ લોકોએ નોંધ લેવી.

જેઠ વદ ૮ મંગળવાર સા૦ ૨૦૦૧

લી. જેઠી ઉમીયાશંકર ધનજીના
સહી દા. પોતાના

બચત કરો.

જાહેર જનતને

૧ નિયમિત જણ દીઠ ઓછામાં ઓછી દરમાસે ૧) એક કોરી બચત કરવાનો નિશ્ચય કરો.

૨. નાની બચત યોજનાનાં એજન્ટ મારફત ટીકીટ ખરીદ કરતા રહો.

૩ રૂપીઆ ૫/- પાંચની ટીકીટો એકઠી થાય એટલે ૧૨ વર્ષની મુદતનું નેશનલ સેવિન્ગસ સર્ટીફીકેટ મેળવો.

૪. દર વર્ષે ૧½ દોઢ પર રકમ મળશે રૂા ૫/ થી ૫૦૦૦/ સુધી દરેક જણ આ યોજનામાં રોકી શકે છે. વિશેષ માટે મળોઃ તમારા ગામના એજન્ટને

નાની બચત યોજના કચ્છ.

આ પત્ર નો કચ્છ કચેરી છાપખાનામા છાપ્યુ

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL. 73] WEDNESDAY 25th JULY 1945. [No 2]

[પુ૦ ૭૩] અષાઢ વદ ૨ બુધવાર સં. ૨૦૦૨ તા. ૨૫મી જુલાઈ સને ૧૯૪૫ [અંક]

જ્યુ. જા. ન. ૬૩

શ્રી કચ્છ રાજ્યની તમામ કોર્ટોમાં વકીલાત કરવાની સનદ

ભુજના કુંદનલાલ જસવંતલાલ ધોળકીઆ તરફથી પોતાને આ રાજ્યની તમામ કોર્ટોમાં વકીલાત કરવાની પરવાનગી અપાવવા કરવામાં આવેલ અરજ ધ્યાનમાં લઇ, તેમણે મુંબઇની બાર કાઉન્સીલ તરફથી લેવામાં આવતી એડવોકેટની પરીક્ષા પસાર કરેલ હોતાં, મી. કુંદનલાલ જસવંતલાલ ધોળકીઆને આ રાજ્ય ની તમામ કોર્ટોમાં વકીલાત કરવાની પરવાનગી આપવામાં આવે છે.

જેઠ વદ ૧ મંગળવાર સં. ૨૦૦૧

દિવાન ચોપીસ
જ્યુડીશીયલ બ્રેન્ચ,
તા. ૨૧-૬-૪૫

S. K. Nayampalli,
દિવાન કચ્છ.

H. O. No. 6539 of 1945.

Technical Branch,
Dewan's Office,
Bhuj, 26th June 1945.

ORDER.

His Highness Maharao Shri has been pleased to order that permission may be accorded to Messrs. Tejoo Kaya & Co., for setting up power looms for manufacturing cloth subject to the following conditions:

(1) They will set up at least 30 power looms.

(2) No one else will be permitted to set up power looms in Mandvi Taluka for a period of 15 years, provided power looms are set up by Messrs Tejoo Kaya within a period of two years and are worked satisfactorily.

(3) They will be allowed to spin yarn according to their own requirements for the manufacture of cloth.

(4) Concession on the same lines in regard to the duty on import of machinery for the power looms, may be given as was done in the case of match factory.

S. K. Nayampalli,
Dewan of Kutch.

ORDER.

H. O. No. 193 of 1945.

Dewan's Office, Bhuj, 7th July 1945.

His Highness has been pleased to appoint Mr. M. D. Vora as Assistant Plantation Officer at Vijaya Vilas on a salary of Rs. 200/-in the grade of Rs. 200-10-250 for a period of three years, with effect from 26th June 1945, with six months' notice from either side for terminating services within that period.

He will get free quarters, and free conveyance in the bus for his son to go to school at Mandvi.

S. K. Nayampalli,
Dewan of Kutch.

યાદી

હ. એ. ના. ૪૫૧૬

હાલે કચ્છનું બજેટ વર્ષ એક સાલના અશાડ શુદ ૩થી બીજી સાલના અશાડ શુદ ૨ સુધીનું ગણવામાં આવે છે અને તે પ્રમાણે ઉપજ ખર્ચના બજેટો તૈયાર થાય છે પરંતુ હવેથી બજેટનું વર્ષ કારતક શુદ ૨ થી શરૂ કરવાનું મુનાસબ જણાતાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબનાં ફરમાન થી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે:—

૧. કચ્છનું બજેટ વર્ષ હવેથી એક સાલના કારતક શુદ ૩થી બીજી સાલના કારતક શુદ ૨ સુધી ગણવું.

૨. શં. ૨૦૦૨ના અશાડ શુદ ૩થી કારતક શુદ ૨ લગીનું દફતર દરેક ઓફીસે ચલાવવું રાખવું

૩. સદરહુ ચાર માસનાં ખર્ચ માટે બજેટના ગ્રાન્ટ શાં. ૨૦૦૦ના મંજુર થએલ બજેટના હિસાબે ચાર માસની વરાડ પડતી રકમ જેટલી મંજુર ગણવી. અને તે ઉપરાંત ખર્ચ થવું જોઇએ નહી પરંતુ સદરહુ ચાર માસની મુદતમાં જેમને ગ્રેડ ઇન્ક્રીમેંટ અપવા પત્ર થયાથી તે અધિકાર પરત્વે મંજુર થવાનાં કારણે વધવાના ખર્ચને અથવા દરમ્યાન મુદતમાં કોઇ ખાસ ખર્ચ કે જગ્યાઓ શ્રી હજુર ફરમાનથી મંજુર થયાં હોય તેવા ખર્ચને માટે આથી બાધ આવશે નહીં.

૪ જે જે ખાતાંઓ તરફથી શં. ૨૦૦૨ની સાલનાં બજેટ હાલ લગી એકાઉન્ટ ઓફીસે મોકલવાઇ ગયાં હોય તે એકાઉન્ટ ખાતાંએ જેમનાં તેમના તરફ તુરત પાછાં મોકલવાં. અને માસ અસોતુ ખર્ચ કારતકમાં દાખલ થશે એટલે શં. ૨૦૦૨ના આસો શુદ ૩થી શં. ૨૦૦૩ના આસો શુદ ૨ સુધીનું અંદાજી ઉપજ ખર્ચનું બજેટ દરેક ખાતાંએ ચાલતા માશ જુલાઇની અખર સુધીમાં તૈયાર કરાવી એક નકલ દિવાન ઓફીસે અને એક નકલ એકાઉન્ટ ઓફીસે નક્કી કરેલ ધોરણે મોકલવી અને ત્યારપછી ૬૨ વરસે તે પ્રમાણે મોકલતા રહેવા ધોરણ રાખવું હાલે નવાં થવાનાં એટલે શાં ૨૦૦૨ના કારતકથી થવાનાં બજેટમાં શં. ૨૦૦૧નું અંદાજી ખર્ચ પ્રથમના ધોરણે જેઠથી વૈશાખ સુધી દાખલ કરવું અને ત્યારપછીનાં એટલે શં. ૨૦૦૩ના કારતકથી થવાનાં બજેટમાં આસોથી અસો લગી ૧ હિસાબે દાખલ કરવું.

જેઠ વીદ ૧૩ શનીવાર સં. ૨૦૦૧. તા: ૭-૭-૪૫.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

ORDER.

T. O. No. 29 of 1945

Technical Branch,
Dewan's Office,
Bhuj, 13th July 1945.

According to terms settled, import duty is to be raised only when the factory is able to turn out the full requirements of Cutch. As yet the production is not equal to the full reqirements. So the duty cannot be raised at the moment.

2. The Excise duty of Krs. 3-3-0 was fixed when the exchange was about Krs. 300/- per Rs. 100. The present exchange is about Krs. 380 (but it was about Krs. 360 some days back). I would therefore fix the excise at Krs. 4-2-9. Excise should, therefore, until further orders, be collected at this rate.

3. To avoid flooding Cutch with cheap Kathiwar matches we had temporarily imposed until the factory started production a prohibition on imports except under a quota to be laid down by the Chief Customs Officer. If this is lifted without raising the import duty, there is still the fear of the market being flooded with cheap matches and of the infant industry being adversely affected. As stated in para 1 it is not possible to raise the duty. The existing stocks and the factory's production are enough to meet the demand for some time. In these circumstances the import prohibition need not be lifted. As soon as the factory is able to produce the full requirements of Cutch or as soon as it is found likely that the existing stocks and the factory's production are not enough to meet the demand, the Chief Customs Officer should make a report and take orders.

4. Having regard to the fact that the price of Wimco matches in British India works to about Krs. 18/-per gross of 40 sticks and considering also that the excise duty will now be Krs. 4-2-9 instead of Krs. 3-3-0 and that the factory's matches are a bit inferior to the Wimco matches the rate of Krs. 0-0-6 per box and Krs. 17 per gross appears reasonable. These rates are therefore sanctioned.

5. Regarding the control prices in respect of the Kathiwar matches so far as the interests of the Factory are concerned, the removal of the control is not lickly to affect them, because any rise in the prices by reason of the lifting of the control will not cause the prices to go above these fixed for the factory's prices. But the merchants will earn an unconscionable profit at the cost of the consumar. So the control should remain.

S. K. Nayampalli,
Dewan of Kutch.

NOTIFICATION.

No. 1967 of 1945.

In exercise of the powers conferred by clause (b) of sub-rule (2) of rule 81 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to direct that this office Notification No. 1051 dated the 8th April. 1944, shall be cancelled.

Dewan's Office
Bhuj, 13th July, 1945

J. J. Ashar
For DEWAN OF KUTCH

શ્રી હ. ઓ ન. ૧૯૬ ઠરાવ.

રા. રા. જ્યુડીશીયલ આસીસ્ટંટ એસ. એમ. કાયકિનિને એમના મંજુર થએલ રૂ ૮૦૦-૫-૯૦૦ના ગ્રેડમાં હાલ મળતા રૂ. ૮૦૦ ના માસીક પગારમાં આપવાને પાત્ર થતો રૂ. ૫૦ નો વધારો શા. ૨૦૦૨ના અશાડ સુદ ૭ ના રોજથી આપવાનુ મંજુર કરી તે રોજથી એમનો માસીક રૂ ૮૫૦ આઠસો પચાસનો પગાર કરી આપવા ખુદાવીંદ મહારાવશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે

અશાડ શુદ ૮ ભોમવાર શા. ૨૦૦૧ તા. ૧૭-૭-૪૫.

S. K Nayampalli.
દિવાન કચ્છ.

જાહેર ખબર ટે. ન્યા. નં. ૨૩૧

કોર્ટ ફીના સ્ટેમ્પ તરીકે વપરાશમાં લેવા વાસ્તે લંબચોરસ આકારની ટીકીટો શ્રી રાજ્ય તરફથી નવેસર છપાવવામાં આવેલછે. આ ટીકીટની ડાબી બાજુએ કચ્છનો કોટ ઓફ આર્મ્સ છે અને તેની જમણી બાજુએ નંબર, ખરીદનારનું નામ, તારીખ વિગેરે લખવા માટે ખાલી જગો રાખેલ છે.

કોર્ટ ફીના સ્ટેમ્પના કાગળો તેમજ ટીકીટો સબંધમાં શાં. ૧૯૩૯ના માગસર વદ ૧૦ ના રોજના શ્રી કચ્છ રાજ્ય પત્રના વિશેષ અંકમાં જે નિયમો પ્રસિધ્ધ થએલ છે તેના અનુસંધાનમાં આથી સર્વેને જાહેર કર.

વામાં આવે છે કે સ્ટેમ્પના જે પ્રકારના કાગળો તેમજ ટીકીટો હાલ આ રાજ્યમાં વપરાશમાં છે તે ઉપરાંત પેરા નાં. ૧ માં દર્શાવેલ પ્રકારની નવેસર છપાએલ કોર્ટ ફીના સ્ટેમ્પની ટીકીટો પણ ઉપયોગમાં લેવાનાં છે અને તે ટીકીટો યોગ્ય ઓફીસોએથી વેંચાણ મળી શકશે.

આ હકીકત સર્વની માહીતી વાસ્તે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા: ૧૭-૭-૪૫.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

જાહેરાત: રે. જા. નાં. ૧૫૭

જાહેર પ્રજાને રૂપીઆની કોરી મુકરર ભાવે મેળવવામાં સગવડતા થાય તે માટે નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી છે:—

૧. કોઇ પણ શખ્સ શ્રી હજુર ટ્રેઝરી— ભુજ— પરથી રૂપીઆ બદલ કોરી મેળવી શકશે

૨ રૂપીઆ બદલ આપવાની કોરીનો ભાવ રા. રા. દિવાનજી સાહેબ તરફથી દરરોજ મુકરર કરવામાં આવશે.

૩. જે દીવસે જે ભાવે રૂપીઆની કોરી આપવાની હશે તે ભાવ શ્રી હજુર ટ્રેઝરી તથા ભુજ પોલીસ સ્ટેશન પર જાહેર પ્રજાની જાણ ખાતર પાટીયાં પર દર્શાવવામાં આવશે અને એ ભાવ તે આખા દીવસ માટે રહેશે.

૪. ચાલતી સાલના અશાડ શુદ ૧૪ સોમવાર તા: ૨૩- ૭- ૪૫થી રવીવાર તથા જાહેર તહેવારના દીવસો સીવાય બીજો હુકમ થતાં સુધી બપોરના બાર વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી શ્રી હજુર ટ્રેઝરી પર રૂપીઆની કોરી આપવામાં આવશે.

મિતિ- અશાડ શુદ ૧૦ બુધવાર શાં. ૨૦૦૨. તા: ૧૮-૭-૪૫.

S. K. Nayampalli,
કચ્છ દિવાન.

ઠરાવ. હ. ઓ. નાં. ૧૯૮

ભુજ, માંડવી તથા અંજારનાં સોના ચાંદીના રેજકી વેપારીઓ તરફથી ઠરાવ નાં. ૧૬૬ જેઠ સુદ ૯ ભોમવાર શાં ૨૦૦૧ તા: ૧૯-૬-૪૫ વાળા સંબંધે ખરેખરા જરૂરીયાતવાળા રેજકી વેપારી વર્ગની તેમજ શખ્સોના મુસ્કેલીઓ સંબંધમાં થએલ અરજ ધ્યાનમાં લેતાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી થએલ ફરમાન અનુસાર સદરહુ ઠરાવ નાં. ૧૬૯ વાળાના અનુસંધાનમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

૧. રેજકી સોનાનું વેચાણ ગદીઆણાના હીસાબે કોરીના ભાવથી થાય છે તે પ્રમાણે કોઇપણ શખસ બીજા કોઇપણ શખસ સાથે પાંચ ગદીઆણા સુધીનો તૈયાર સોનાની લેતીદેતીનો વ્યહવાર સનંદી દલાલોની દરમ્યાનગીરી સિવાય તેમજ કસ્ટમ્સ પર નોંધાવ્યા સિવાય તથા સ્ટેમ્પ ચોડાવ્યા સિવાય કરી શકશે પરંતુ આવા રેજકીના વ્યવહારો ગદીઆણાના હિસાબે વેચાણ થઇ તેના કીંમત કોરીમાં લેવડ દેવડ થએલી હોવી જોઇએ.

૨. કોઇપણ શખસ બીજા કોઇપણ શખસ સાથે પચાસ તોલા સુધીનો તૈયાર ચાંદીની લેતીદેતીનો વ્યવહાર સનંદી દલાલોની દરમ્યાનગીરી સિવાય તેમજ કસ્ટમ્સ પર નોંધાવ્યા સિવાય તથા સ્ટેમ્પ ચોડાવ્યા સિવાય કરી શકશે પરંતુ આવા રેજકીના વ્યવહારોના કીંમત કોરીમાં લેવડ દેવ થએલી હોવી જોઇએ.

૩ ઠરાવ નાં ૧૬૯ નો ઉદેશ નીષ્ફળ બનાવવાના હેતુથી ઉપરની સગવડનો દુરપયોગ કરવામાં આવશે તો તેવો દુરપયોગ કરનાર ઠરાવ નાં. ૧૬૯ માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

અશાડ શુદ ૯ બુધવાર શાં. ૨૦૦૨ તા: ૧૯-૭-૪૫.

S K Nayampalli.
દિવાન-કચ્છ.

પો. અં. જા. નાં. ૪૧૮ જાહેર ખબર

ચીનમાં સખ્ત કોલેરા ફાટી નીકળવાથી જેઓ ચુંગકીંગ જતા હોય તેમણે કોલેરાની રસી મુકાવવી જરૂરની છે

ઉપર પ્રમાણેના ખબર એજન્સીના નાં. આર. એસ ૩-૧ તા: ૯-૭-૪૫ વાળાથી લખાઇ આવતાં સર્વની માહીતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે

દિવાન ઓફીસ,
પોલીટીકલ બેન્ચ,
તા: ૧૬-૭-૪૫

J. J. Ashar,
ચીફ સેક્રેટરી.

૫૧૪

જાહેર ખબર

ચી. ક. જા. ના. ૧૪૬૮૮

સરવે લોકોને ખબર આપવામાં આવે છે માંડવીના શારસ્વત જોશી હરીરામ ભગવાનજીને ઉંઠ ગાડાં ભાડે બાંધવાની માંડવી કસ્ટમ હસ્તેની સનંદ નાં. ૧૦૭ ભાદરવા સુદ ૫ સોમે સાં. ૧૯૯૫ વાલી સનંદ ધરાવતો હતો તે શખ્શ સાં. ૨૦૦૦ની સાલમાં લા વારસ ગુજરી જવાનું માંડવી કસ્ટમના નાં. ૪૫૫૮ તા. ૨૯- ૬- ૪૫થી લખાઇ આવતાં આહંના નાં. ૧૪૫૨૦ તા. ૫- ૭- ૪૫ જેઠ વિદ ૧૧ ગુરૂ સાં ૨૦૦૧ વાળાથી સદરહુ સનદ કેન્સલ કરવામાં આવેલ છે.

(14) in sub-clause (1) of clause 35, for the words and figures "exceeding the size $7\frac{1}{2} \times 3\frac{1}{2}$" the words and figures "exceeding $26\frac{1}{4}$ square inches in area" shall be substituted.

(15) after clause 37, the following clause shall be inserted:-

"37 A. No person shall, except with the permission of the Kutch Government,

(a) print or make any book, pamphlet or other publication primarily intended for export outside India;

(b) manufacture from paper any artical for the purpose of export outside India"

II. In column 2 of the Table in Schedule I appended to the said Order, for the figures "30" wherever they occur, the figures "60" shall be substituted

Dewan's Office,
Bhuj, 27th July, 1945

S. K. Nayampalli,
Dewan of Kutch.

No. 2138 of 1945. NOTIFICATION.

In exercise of the powers conferred by sub-rule (2) of rule 81 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to direct that the following shall be inserted in the III Schedule of the Kutch State Motor Vehicle Spare Parts Control Order. 1945 :-

1.	2.	3.
1.	Messrs. P.H. Wadia & Sons, Rajkot.	Kutch State.

Dewan's Office,
Bhuj, 28th July, 1945

S. K. Nayampalli,
DEWAN OF KUTCH.

ઠરાવ

હ. ઓ. નં. ૨૦૭

વિષય:— બીટા મધ્યે દવાખાનાં બાબત.

અબડાસા તાલુકે ગામ બીટાનાં પ્રજાજનોની અરજ ધ્યાનમાં લઈ બીટા મધ્યે એક દવાખાનું ખોલવાની મંજુરી આપવા અને તેના ખર્ચ વાસ્તે રા. રા. ચીફ મેડીકલ ઓફીસર તરફથી થઇ આવેલ અંદાજ મુજબ initial non-recurring ખર્ચ તરીકે કોરી ૩૫૦૦ ત્રણ હજાર પાંચસો અને recurring yearly-ખર્ચ તરીકે કોરી ૧૩,૩૪૦ તેર હજાર ત્રણસે. અને ચાલીસ સુધીનું ખર્ચ મંજુર કરવા યુવરાજ મહારાજ કુમાર શ્રી મદનસીંહજી સાહેબ બહાદુરનું ફરમાન થયું છે.

રા. રા. ચીફ મેડીકલ ઓફીસરે આ દવાખાનું ખોલવાં તાત્કાલીક બંદોબસ્ત કરવો.

મીતી-અશાડ વીદ ૫ શનીવાર શાં. ૨૦૦૨

દિવાન ઓફીસ,

જ્યુડીશીયલ બ્રેન્ચ,

તા: ૨૮-૭-૪૫.

S. K Nayampalli,
કચ્છ-દિવાન

નોટીફીકેશન ડી. સી. એસ. નં ૨૮૩

શ્રી કચ્છ રાજ્યને લાગુ કરવામાં આવેલા સને ૧૯૪૪ ના હોર્ડીંગ અને પ્રોફીટીઅરીંગ પ્રીવેન્શન ઓર્ડિનન્સની કલમ ૩ ની પેટા કલમ "સી" અન્વય શ્રી કચ્છ રાજ્ય તરફથી મેસર્સ લીવર બ્રધર્સ (ઇન્ડીઆ)

લીમીટેડ, મુંબઇ તરફથી બનાવવામાં આવતા સાબુઓની નીચે લખી જાતોના છુટક તથા જથ્થાબંધ ભાવ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

સાબુની જાત.	વેપારીઓ માટેનો જથ્થાબંધ ભાવ.						એક નંગનો છુટક ભાવ.		
	આખી પેટીના			ડઝનનાં.					
	રૂ.	આ.	પાઇ.	રૂ.	આ.	પાઇ.	રૂ.	આ.	પાઇ
સનલાઇટ–મોટો.	૬૦	૮	૦	૨	૯	૦	૦	૩	૯
સનલાઇટ–નાનો.	૩૭	૦	૦	૧	૯	૦	૦	૨	૩
લાઇફબોય–મોટો.	૭૧	૦	૦	૩	૦	૦	૦	૪	૬
લાઇફબોય–નાનો.	૪૫	૮	૦	૧	૯	૦	૦	૨	૩
લાઇફબોય–ટોઇલેટ.	૪૦	૪	૦	૩	૬	૦	૦	૫	૦
લક્સટોઇલેટ–મોટો.	૨૦	૦	૦	૨	૬	૦	૦	૫	૦
લક્સટોઇલેટ–નાનો.	૨૪	૧૨	૦	૧	૧	૦	૦	૧	૬
લક્સફ્લેઇકસ–મીડીયમ.	૩૨	૪	૦	૫	૬	૦	૦	૮	૦
એમ્પ્રેસ–પેઇલ.	૦૧	૮	૦	૬	૬	૦	૦	૯	૬
ડીલક્સ(કાટો)	૪૮	૦	૦	૯	૧૨	૦	૦	૧૪	૦
હાઉસવાઇફ–ફ્રેન્ડ.	૪૨	૮	૦	૬૪	૮	૦	૧	૫	૦
વિમ–મીડીયમ.	૩૦	૮	૦	૫	૨	૦	૦	૧૭	૬

ઉપર પ્રમાણે ભાવો જે રૂપીઆમાં નક્કી કરવામાં આવ્યા છે તે બાબતમાં હજુર ઓર્ડર ના. ૪૧૬ તા: ૨૦–૧૧–૪૪ના હુકમ અનુસાર જે વેંચાણ કોરીમાં કરવાનું હોય તે ચાલુ બજાર ભાવે ઉપરના નક્કી કરેલા ભાવની કોરી ગણી તે પ્રમાણે વેંચાણ કરવાનું છે.

દિવાન ઓફીસ
ભુજ, તા: ૩૧–૭–૪૫

S. K. Nayampalli,
દિવાન–કચ્છ.

ઠરાવ

હ. ઓ. નં. ૨૧૮

ગામ શ્રી ભારાસરમાં કળવણી અર્થે ત્યાં એક સ્કુલ માટે મકાન બંધાવી આપવા મી. માધવલાલ મકનજી ભાટીયાએ ભારાસરના મી ત્રિભોવન કેશરાજે કરેલ અરજ પર રા. રા. ડીરેક્ટર ઓફ એજ્યુકેશન સાહેબની થઇ આવેલ ભલામણ ધ્યાનમાં લઇ યુવરાજ મહારાજ કુમાર શ્રી મદનસીંહજી સાહેબ બહાદુર હજુ થી ફરમાન થયું છે કે–

૧. આ સ્કુલ માટે જોઇતી જમીન સાથે રહી આવેલ નકશામાં દર્શાવ્યા મુજબ એકંદર ત્રીસ હજાર ચોરસ ફીટ (૨૦૦×૧૫૦) જે દરબાર માલીકીની છે તે મફત આપવી

૨. અરજદારે સ્કુલનું મકાન બંધાવી તૈયાર થઇ રહે ત્યારે તેને બરોબર ફર્નીશ કરી કબજો શ્રી દરબારને સોંપવો. અરજદાર આ જગ્યા ઉપર પોતાનો કંઇ હકક રાખશે નહીં.

૩. સ્કુલનું ચાલુ ખર્ચ માસીક કોરી ૧૬૬ એકસો છાસઠ થવા લખાઇ આવ્યા પ્રમાણે રહેશે ને તે કેળવણી ખાતાના બજેટમાં જે પાંચ સ્કુલો માટે ખર્ચ દાખલ છે તેમાંથી કરવાનું છે.

તા: ૩૧–૭–૪૫

મિતી અશાડ વીદ ૮ મંગળવાર શાં. ૨૦૦૨.

S. K. Nayampalli.
દિવાન–કચ્છ.

438

ઠરાવ હ. એ. નાં. ૨૧૯

માંડવી નગરસભા તરફથી માંડવી મધ્યે જાહેર રસ્તાઓ પર જુદે જુદે સ્થળોએ મુત્રીઓ બનાવવા માટે જોઇતી જમીન આપવા સબંધના કાગળો વીષે રા. રા. રેવેન્યુ કમીશ્નર સાહેબનો અભીપ્રાય ધ્યાનમાં લઇ સદરહુ મુત્રીઓ બનાવવા માટે સાથે રહી આવેલ નીશાની B વાળા નકશામાં દર્શાવ્યા મુજબ જોઇતી એકંદર જમીન ફીટ ૧૮૧)૧૫ સાર્વજનીક ઉપયોગ માટે મુત્રીઓ કરાવવા મ્યુનીસીપાલીટી તરફથી ઉપયોગમાં લેવાની છે તે નજરે આ જમીન કંઇ પણ કીંમત લીધા વીના આપવા યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસીંહજી સાહેબ બહાદુર હજુરનું ફરમાન થયું છે.

તા: ૩૧-૭-૪૫ મિતી અશાડ વીદ ૮ મંગળવાર શાં. ૨૦૦૨.

S. K. Nayampalli.
દિવાન-કચ્છ.

નોટિફિકેશન.
ડી. સી. એસ. નાં. ૨૮૪

હાલે શ્રી કચ્છ રાજ્યને બીન-સરકારી ઉપયોગ માટે પાનાંનો જે કવોટા મળ્યો છે તે કવોટા પૈકીનાં પાનાની જુદી જુદી જાતોના ભાવો નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે:—

પાનાંની જાત	એક રીમની છુટક કિંમત રૂ.—આ.—પાઇ
ક્રીમ લેઇડ ૧૩x૧૬ (દસ રતલી)	૭ — ૫ — ૯
એજ ૧૭x૨૭ (૧૮॥ રતલી)	૧૩ — ૯ — ૬
વાઇટ પ્રીન્ટીંગ ૨૦x૩૦ (૨૬ રતલી)	૧૯ — ૨ — ૦
વાઇટ લેટર હેડ બેન્ક ૧૪x૧૮॥ (૧૨ રતલી)	૧૫ — ૪ — ૩
લેજર પેપર આઇ. પી. પી. ૧૭x૨૭ (૨૮ રતલી)	૨૩ — ૧ — ૯
એજ ટી. પી. એમ ૧૭x૨૭ (૩૨ રતલી)	૩૩ — ૮ — ૬
એજ આઇ. આઇ. પી. ૧૩x૧૬॥ (૧૨ રતલી)	૯—૧૪ — ૩
વાઇટ પલ્પ બોર્ડ ગ્રોસ ૨૨x૨૮ (૨૮ રતલી)	૨૧ — ૩ — ૬ (એક ગ્રોસની)
પીન્ક પલ્પ બોર્ડ ૨૨x૨૮ (૩૨ રતલી)	૨૭ — ૨ — ૦ (એક ગ્રોસની)
બ્લ્યુ પલ્પ બોર્ડ ૨૨x૨૮ (૩૨ રતલી)	૨૭ — ૨ — ૦
લેજર પેપર ટી. પી. એમ. ૧૩x૧૬॥ (૧૬ રતલી)	૧૬—૧૨ — ૩

ઉપર પ્રમાણે માલના જે ભાવો રૂપીઆમાં નક્કી કરવામાં આવ્યા છે તે બાબતમાં હજુર ઓર્ડર નાં. ૪૧૬ તારીખ ૨૦-૧૧-૪૪ના હુકમ અનુસાર જે વેચાણ કોરીમાં કરવાનું હોય તે ચાલુ બજાર ભાવે ઉપરના નક્કી કરેલા ભાવની કોરી ગણી તે પ્રમાણે વેંચાણ કરવાનું છે.

દિવાન ઓફીસ,
ભુજ, તા. ૧-૮-૪૫.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

No 223 of 1945

ORDER.

His Highness Maharao Shri has been pleased to entrust Rao Bahadur Harjivandas Kotak with the work of framing the State Budget for S. Y. 2002

His Highness has been pleased to order that :

(1) All Departments should extend fullest co-operation and promptly supply all necessary information that Rao Bahadur Kotak may require in connection with this work.

(2) The Accountant General, the Deputy Secretary and the Assistant Accountant General should give all necessary assistance to Rao Bahadur Kotak and they should fix their hours of work with him, according to his convenience.

Dewan's Office,
Bhuj, 2nd August 1945.

S. K. Nayampalli,
Dewan of Kutch.

રે. જા. નાં. ૫૯૯ ઠરાવ

કચ્છમાંથી નીકાશ થતા કપાસની કિંમતની અડધી રકમ અનાજ ખરીદી ખાતામાં જમા કરાવવા બાબત ઠરાવ નાં. ૨૩/૪૫ વાલામાં જેઠ સુદ ૨ શાં. ૨૦૦૧ સુધીની મુદત મુકરર કરવામાં આવેલ તે મુદત પુરી થતાં તે ઠરાવનો અમલ બીજો હુકમ થતાં સુધી જારી રાખવાનું ઠરાવવામાં આવે છે.

અશાડ વીદ ૧૦ શુક્રવાર શાં. ૨૦૦૨ તા: ૩-૮-૪૫.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

હ. ઓ. ન. ૨૨૫ ઠરાવ.

શ્રાવણ વીદ ૮ ગુરૂ સં. ૨૦૦૨ તા. ૩૦–૮–૪૫ને રોજ ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબનો શુભ જન્મદીન હોતાં જન્મોત્સવ દરબાર શ્રાવણ વીદ ૯ શુક્રે તા. ૩૧–૮–૪૫ના રોજ ભરવામાં આવશે તેને અંગે બધી ગોઠવણ કરવા માટે નીચે મુજબ કમીટી નીમવાનું ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

૧. રા. રા. એમ. એમ. સપટ.
૨. રા. રા. ખાનબહાદુર એમ. આર. કોઠાવાલા.
૩. રા. રા. હરીપ્રસાદ મગનલાલ અંતાણી.
૪. રા. રા. વેલજી લધુભાઈ.
૫. રા. ચુનીલાલ ગોવીંદજી બક્ષી.

૧. આ કમીટીને શ્રી જન્મોત્સવ દરબાર કમીટી તરીકે ઉદ્દેશવાનું છે.

૨. શ્રી રાજ્યના તમામ ખાતાઓએ આ કમીટીને જેવી માગણી આવે કે તુરતજ દરેક રીતની મદદ આપવાની છે.

૩. આ કમીટીના કોઇ એક મેમ્બરની સહીથી આવતા બધા કાગળો બીલો વીગેરે સમસ્ત કમીટી તરફના ગણવાના છે.

૪. રા. મોહનલાલ શંભુલાલ તથા દીવાન ઓફીસમાંથી એક કારકુન એ બને આ કમીટીને સોપવા તથા તેમણે કમીટીના હુકમ મુજબ કામ કરવું.

અશાડ વીદ ૧૧ શાં. ૨૦૦૨
તાઃ ૪–૮–૪૫.

S. K. Nayampalli,
દિવાન–કચ્છ.

સરકયુલરઃ પો. અ. જા. નાં. ૪૨૮

એજન્સી લેટર નં. ડીઃ ૧૫ — ૫ તાઃ ૨૯— ૪— ૪૪ અનવ્વ એજન્સી તરફથી નં. ડી. ૧૫ — ૫ તાઃ ૯— ૭— ૪૫ વાળો લેટર અત્રે આવેલ છે. સદરહુ લેટરમાં જણાવે છે કે નામદાર શહેનશાહ બહાદુરનો જન્મદીન તાઃ ૧૩— ૬— ૪૬ મંગળવારના ઉજવવામાં આવશે.

અશાડ શુદ ૧૩ શનીવાર શાં. ૨૦૦૨.
તાઃ ૨૧— ૭ — ૪૫.

J. J. Ashar,
ચીફ સેક્રેટરી.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી શાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ

શ્રી વરિષ્ટ કોર્ટથી નાં. ૧૦૨૪

નોટીશ

દી તા. કે. નાં. સંવત ૨૦૦૧

ખોજા ભીમજી રહીમ કેરાનાં વાદી

ખોજા મહમદઅલી હાજીકાશમ કેરા હાલે મુંબૈ પ્રતીવાદી

બજાવણી દાવો કોરી ૮૨૭૪ા રા મુકદ્દમા ખર્ચ શીખે આપે અગર વીંટાતર ખાવા કબજે લે

ખોજા મહમદઅલી હાજીકાશમ રહેવાશી કેરા હાલે મુંબૈને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર ૨૪ વાળો સંવત ૨૦૦૧ના કારતક વીદ ૮ બુધવારના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રતીવાદી દાવાવાલી કોરી ૭૨૭૫ા ૪ા બકોતેરશો પોણીછઊતેર ને છુટા શાડ ચાર તથા તે પૈકી મુદલ કોરી ૭૦૦૦નું શા. ૨૦૦૦નાં આસુ વીદ ૧૩થી હુકમ નામાની તારીખ સુધી ટકા ૦।= લેખેનું અને હુકમ નામાની તારીખથી વસુલ થતાં સુધી ટકા ૦। લેખેનું ચડતું વ્યાજ આપે ન આપે તો વાદી દાવાવાલા દસ્તાવેજમાં ચીતઠામ માંડેલ વાડી બે વડાવાલી ત્થા લાવણ ત્થા કેરાના ઊગમણી શીમે આવેલ ખેતરનામે કાકર વીંટાતર ભોગવવા માટે કબજે લે, આ મુકદ્દમાંનું સઘળું ખર્ચ પ્રતીવાદીને શીર રાખવામાં આવે છે શદરહુ ઠરાવ પ્રમાણે કોરી ૮૨૭૪ા ૨ા ત્થા રૂ ૭–૭– ૬ આપે અગર વીંટાતર ખાવા કબજે લે તે હુકમનામા પ્રમાણે તાલીમ કરાવી દેવા વાદી દરખાસ્ત કરેછે માટે આ નોટીશ પોચેથી રોજ ૩૦માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિ તો કાયદા પ્રમ, મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

સંવત ૨૦૦૧ના વશાખ વીદ ૧૨ વાર ગુરૂવાર

મુ. ભુજ

પરસોતમ શીવજી,
મે. ચીફ જજ વરિષ્ટ કોર્ટનાં હુકમથી.
નાજર

જાહેર ખબર

વ. દી. જા. નં. ૬૯૩.

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના મેમણ જુસબ હારૂનની વિધવા ખતુબાઇ અયુબે આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે તેમના પતી મેમણ જુસબ હારૂન સને ૧૯૪૦ની સાલમાં ગુજરી ગયા છે અને પાછળ તેની વિધવા ખતુબાઇ તે હાલની અરજદારછે તથા એક પુત્રી નામે સરીઆંબાઇ ઉ. વ. ૮ આઠ આસરેની છે મેમણ જુસબ હારૂન મોરીસીઅસ મધ્યે વેપાર કરતા હતા અને તેમની બીજી મિલ્કતો સાથે પોર્ટ લુઇ (મોરીસીઅસ) મધ્યે સ્થાવર મિલ્કતોમાં ત્રણ જગ્યાઓ છે જે એલીઆસીન ક્રાન્કોઇ સ્ટ્રીટ નં. ૧૫ લાર્જ સ્ટ્રીટ નં. ૧૯ તથા ડોલ્ફીન સ્ટ્રીટ નં. ૧૫ ઉપર આવેલી છે.

સદરહુ મિલ્કતો હવે વેંચવાની કાયદેસર જરૂરીઆત ઉભી થએલ હોતાં અને અરજદારણ કચ્છી મેમણ હોઇ વારસા બાબતમાં હિંદુ ધર્મ શાસ્ત્રના સિધ્ધાંતો લાગુ પડતા હોઇ તેણીનો સદરહુ કાયદા અનુસાર મર્યાદિત હક હોઈ અને પાછળ તેની ઉત્તરાધિકારી વારસ તેની સગીર પુત્રી સરીઆંબાઇ હોઇ સદરહુ મિલ્કતો વેંચસાટ કરવામાં સગીર પુત્રીના હક હિસ્સા પુરતું વાલી પણાનું સરટીફીકેટ મળવા તથા સગીરના તથા સગીરની મિલ્કતના વાલી જાહેર કરવાનું તથા નિમવાનું જરૂરી છે માટે અરજ છે કે ગાર્ડીઅન્સ એન્ડ વોર્ડઝ એકટની કલમ ૭ તથા કલમ ૨૯ મુજબ વાલી જાહેર કરવા તથા નિમવા તથા સદરહુ મિલ્કતમાંનો સગીરનો હક હીસો વેંચવાની પરવાનગી અપાવવા કૃપા કરશો.

આ સંબંધમાં કોઇની તકરાર કે વાંધો હોય તો તેણે સં. ૨૦૦૨ના શ્રાવણ વદ ૨ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે જાહેર કરવું અને તે મુદત સુધીમાં કોઇના તરફથી કંઈ તકરાર કે વાંધો બતાવવામાં નહીં આવે તો મુદત વીતે અરજદારે માગેલ વાલી પણાનું સરટીફીકેટ તેને અપાવવા વિષે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહિ.

સુ. શ્રી ભુજનગર વરીષ્ટ કોર્ટ કચ્છ.
મિતિ અશાડ વદ ૮ બુધવાર સં. ૨૦૦૨
તા. ૧-૮-૪૫.

સવાઇલાલ લક્ષ્મીશંકર,
મે. ચીફ જડજ વરીષ્ટ કોર્ટના હુકમથી.

જાહેરાત. નાં. ૧૪૨

હાલ યુ. પી.ના ગોળનું છૂટક વેંચાણ કરવામાં આવ્યું છે. તે અંગે અનેક વેપારીઓએ યુ. પી. ગોળ જથ્થાબંધ વેંચાણ લીધેલો છે. તો આથી દરેક વેપારીનું ધ્યાન નોટીફીકેશન નં. ૫૯૩૯ તરફ ખેંચવામાં આવે છે. કોઇ પણ વેપારીએ ગોળનું જથ્થાબંધ એટલે કે આખો કોથળો કે ચકરાનું વેંચાણ કરવાનું નથી. પરંતુ રેજકા વેંચાણ કરવાનું છે. સદરહુ નોટીફીકેશન અન્વય જે કોઇ વેપારી પોતાની પાસે ગોળ હોવાં છતાં વેંચાણ કરવાની ના પાડશે અગર પોતા પાસે ગોળ નહિં હોવા જણાવશે તે શીક્ષાને પાત્ર થાય છે અને તેનો ગોળનો જથ્થો જપ્ત થવાને પાત્ર થાય છે. તે તરફ લાગતા વળગતાઓનું ધ્યાન ખેંચવામાં આવે છે.

તા. ૨૧- ૭- ૪૫.

K. H. Desai,
ડીરેકટર ઓફ ફુડ સપ્લાઇઝ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભુજ અદાલત

ભટ કેશવલાલ મકનજી વીા કેરા અરજદાર
ખોજા ગુલામઅલી અબ્દુલા ખીમજી કેરા સામાવાળા

બાબત

ભાડે આપેલ જગ્યાનો કબજો મળવા

કેરા મધે ખોજા ગુલામઅલી અબ્દુલા ખીમજીને ખબર આપવામા આવે છે કે આ કામના અરજદારે દેશ શીરસ્તા સંગ્રહના કલમ ૫૦૭ મુજબ ભાડે આપેલ જગ્યા કબજે મળવા અરજ કરી છે તેનો જવાબ આપવા શાં. ૨૦૦૨નાં શ્રાવણ વીદ ૧૦ શનીનાં રોજે હાજર થજો નહીંતર મુદત વીતે અરજદારની અરજ મુજબ જગ્યાનો કબજો અરજદારને સુપ્રત કરવામાં આવશે.

અશાડ સુદ ૧૪ સોમે શાં. ૨૦૦૨

S. D. Rana,
ભુજ ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઈ બહાદુર

નાં- ૩૦૫-૪૨૮

શ્રી અંજાર અદાલત.

ખા. દી. તામીલ કામ નાં. ૧૧૨ શં. ૨૦૦૧
હા. જેરામ રામજી કુંભારીયા વાદી
મી. ઘેલા કચરા વિ. શિવરાજપુર પ્રતિવાદી

હુકમનામાંની તામીલ થવા બાબત.

શિવરાજપુર મધ્યે મી. ઘેલા કચરા / મી જેરામ ઘેલા } ને માલમ

થાય જે આ વાદીએ શાં. ૨૦૦૦ના મહા વિદ ૭ બુધવારના રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૧૩૪) તથા શા. ૩૮૩।।।ના મુદલ શા. ૩૪૫) ઉપર ટકા ૦।। લેખે શા ૨૦૦૧ના પોષ વિદ ૧૧થી આપે જો ન આપે તો તેટલી રકમમાં માંડેલ મિલ્કત વિટાતર ભોગવે તે મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૪૫ માં વાદીની તામીલ બજાવણી કરવી નહીંતો કાયદે

શર થશે.

મિતી અશાડ સુદ ૧૨ શુકરવાર શાં. ૨૦૦૨

કાન્તીલાલ મોહનલાલ,

મે. અંજાર ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

ના. ૮૪

શ્રી અંજાર કોર્ટ.

ખા. દી. કા. ના. ૧૨૧ શા. ૨૦૦૧

પઠાણ હાશમ ઇસ્માલ રે. તુણા વાદી

બાપડા હુશેન ઇસાક રે. તુણા પ્રતિવાદી

દાવો-કોરી ૩૦૨॥ મલવા બાબત

તુણા મધે બાપડા હુશેન ઇસાકને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપરે સદર્હુ બાબતનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં આ શમન્સ શ્રી કચ્છ ગેઝેટમાં છપાયાની તારીખથી રોજ ૧૫ પંદરની અંદર હાજર થાજો નહીતર કાયદેશર થશે.

અશાડ સુદ ૧૪ સોમે શાં. ૨૦૦૨

H. C. Jethi,

અંજાર ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

નાં. ૨૩

શ્રી અંજાર અદાલત

ખા. દી. તામીલ કામ નાં. ૧૨ શાં. ૨૦૦૧

ઠા. હીરજી કાનજી અંજાર વાદી

મિસ્ત્રી નારાણજી મુળજી કુકમા પ્રતિવાદી

હુકમનામાંની તામીલ થવા બાબત

કુકમાં મધ્યે મીસ્ત્રી નારાણજી મુળજીને માલમ થાય જે આ વાદીએ શાં. ૧૯૯૯ના કારતક વીદ ૦)) ભોમવારના રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૭૩૨)૫ થતાં ખર્ચ સીએ મેળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ છપાયાથી રોજ ૧૫માં વાદીની તામીલ બજવણી કરવી નહીંતો કાયદેશર થશે.

મિતી અશાડ વીદ ૩ શુક્રે શાં. ૨૦૦૨

કાન્તીલાલ મોહનલાલ,

મે. અંજાર ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજા ધીરાજ મિરઝા મહારાઓ શ્રી૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

શ્રી અંજાર અદાલત.

હુ નાં ૫૫૩-૫૫૪

ખા. દી. તામીલ કામ નાં. ૧૫૧ શાં. ૨૦૦૧

સેવક ભના ભવાનજી સીનોગરા વાદી

સુતાર લાલજી કાળા વી. સીનોગરા પ્રતિવાદી

હુકમનામાની તામીલ થવા બાબત

સીનોગરા મધ્યે નીચે લખ્યા નામો વાળા શખ્સોને માલમ થાય જે આ વાદીએ શાં. ૨૦૦૧ના બી. ચૈત્ર વીદ ૭ શુકરેના રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૪૫૬૧॥૩ તથા મુદલ પર ચડતું વ્યાજ ખર્ચ સીએ ફાળે પડતું આપે નઆપે તો દાવા વાળી જગ્યા વેચી વેચાવીને ઘટે તે બાજી મિલ્કતથી વસુલ કરે તે મુજબ મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ છપાયાથી રોજ ૧૫માં વાદીની તામીલ બજવણી કરવી નહીં તો કાયદેશર થશે.

૧. સુતાર ભેચર ખીમજી
૨. સુતાર વાલજી ખીમજી

મિતી અશાડ વીદ ૩ શુકરે શાં. ૨૦૦૨

કાન્તીલાલ મોહનલાલ,

મે. અંજાર ન્યયાધીશ સાહેબના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર.

શ્રી અંજાર કોર્ટ

નાં. ૬૦

ખા. દી. તામીલ કામ નાં. ૧૪૨ શાં. ૨૦૦૦

મીસ્ત્રી રાજા નોંધાના વારસ પુત્ર
મીસ્ત્રી હરીલાલ રાજા રે કુંભારીઆ } વાદી

વિરૂધ્ધ

મીસ્ત્રી અમરસી માડણ રે અમદાવાદ પ્રતિવાદી

દાવો લેહેણા બાબત.

અમદાવાદ મધ્યે મીસ્ત્રી અમરસી માંડણને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપરે સદરહુ બાબતનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં આ શમન્સ શ્રી કચ્છ ગેઝેટમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર સ્ટા. ૧૧ બજેથી હાજર થજો નહીંતર કાયદેશર કરવામાં આવશે.

અશાડ વીદ ૩ શુકવાર શાં. ૨૦૦૨

H. C. Jethi,

અંજાર ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર

ખા દી. કામ નાં, ૧૭૫ શાં. ૨૦૦૧

શ્રી રાપર દીવાની કોર્ટમાં સ. નં. ૩૦૦

બાંભણીઆ ઉકા માદેવાની ઘરવાલી
પુરીબાઇ રાપર } વાદી
બાંભણીઆ લાધા ભેચરા વી. રાપર પ્રતિવાદી

દાવો કોરી ૫૦૦) મલવાનો

રાપરના બાંભણીઆ પુજા ભેચરાને માલમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૫૦૦)મ લવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શાં. ૨૦૦૨ના શ્રાવણ વીદ ૬ ભોમવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે

442

કાયદેશર થશે

શાં. ૨૦૦૨ના અશાડ સુદ ૧૫ ભોમે

જીવરામ મોનજી,
ગાપર ન્યાયાધીશ.

બચત કરો.

જાહેર જનતને.

૧. નિયમિત જણ દીઠ ઓછામાં ઓછી દરમાસે ૧) એક કોરી બચત, કરવાનો નિશ્ચય કરો.

૨. નાની બચત યોજનાનાં એજન્ટ મારફત ટીકીટ ખરીદ કરતા રહો

૩. રૂપીઆ ૫/- પાંચની ટીકીટો એકઠી થાય એટલે ૧૨ વર્ષની મુદતનું નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટ મેળવો.

૪. ૧૨ વર્ષે ૧½ દોઢ પર રકમ મળશે રૂા ૫/ થી ૫૦૦૦/ સુધી દરેક જણ આ યોજનામાં રોકી શકે છે વિશેષ માટે મળો: તમારા ગામના એજન્ટને

નાની બચત યોજના કચ્છ.

જાહેર સુચના.

નીચની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખહાલી અગર તે મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર માંડવીના ભા ઠા. મથરાંદાસ ખીમજી આથી જાહેર જનતાને ખબર આપું છું કે હાલે મારા સાંભળવામાં આવ્યુ છે કે મારા કાકા ભા ઠા. ભીમજી પરસોતમની વતી માંડવીના સોની નારાણ હેમરાજ અમારી વડીલોની જગ્યા જે બાલકૃષ્ણલાલજીની હવેલી પાશે આવેલ છે તે વેંચસાટ કરવા પ્રયત્નો કરે છે. પરંતુ સદરહુ જગ્યા ભીમજી પરસોતમે તેની માતુશ્રી રતનબાઇના નામે તેણીના સ્ત્રીધનમાં લખી આપેલ તથા તે જગ્યા પર ભીમજી પરસોતમે જે લેણું કરેલ તે માતુશ્રી રતનબાઇએ પોતાના સ્ત્રીધનના દાગીના વેચી મજકુર જગ્યાઓ છોડાવેલ તદ ઉપરાંત મજકુર જગ્યા પર મોનાજીએ તેણીની વિધવા પુત્રી ઝવેરબાઇ પાસેથી રૂા. ૪૦૦૦ ઉપાડેલ જેના દામદુપટને હીસાબે રૂા. ૮૦૦૦ થાય છે જેનો બીજો મજકુર જગ્યા પર છે

તથા મારી માતુશ્રીના દાગીના રતનબાઇ પાશે તથા ભીમજી પરસોતમ પાસે છે જેની જવાચબદારી પણ આ જગ્યાસર છે.

વળી ઝવેરબાઇ પાસેથી મારા નામનું વીલ તા. ૨૭મી ફેબ્રુઆરી ૧૯૪૫ના કરેલ છે.

તથા ભીમજી પરસોતમની સગીર દીકરી બે છે. જેના પગ વધારો જગ્યામાં રહે તે પર ભરણપોષણ વીગેરેનો બોજો છે એટલે ઉપર લખી જગ્યા કોઇ લેશે તો તેના સીર ઉપર લખી જવાબદારી રહેશે. એ આશે હું જાહેર કરૂં છું

ઉપર જણાવ્યાં ઉપરાંત મારૂં તથા ઝવેરબાઇનું જે લેણું ઉપર જણાવ્યા સિવાયનું ભીમજી પરસોતમ પર નીકળે છે જેની જવાબદારી પણ આ જગ્યાસર છે

ઠા. મથરાદાસ ખીમજી ટોપરાણી સઇ
હઃ પોતાના

ખાનગી જાહેર ખબર.

ગામ શ્રી. માધાપુરના મી. પચાણ નારાણ હુ આથી જાહેર જનતાને જાહેર ખબરથી જણાવુ છું કે મારા ભાઇ નામે મી. નાનાલાલ નારાણ હાલે કેટલાક દીવસ થયા અમારા કુટુંબના વીરૂદ્ધ શંતોશી ની બદ સલાહથી ઉશકેરાઇ અમારા મજમુના માલ મીલકત નીચે જણાવેલ વેચી સાટી નાખવાની કે ગીરો મુકવાની તજવીજ કરી રહ્યો છે અને મારી શમતી શીવાય તેવી રીતે વગે શગે કરવા વેચવા કે ગીરો મુકવા મારા ભાઇ નાનાલાલ નારાણને કશો પણ કાયદેશર હક કે અધીકાર નથી.

એટલે આ જાહેર ખબરથી શરવે જનતાને ચેતવવામાં આવે છે કે કોઇએ પણ શદરહુ મારા ભાઇ નાનાલાલ સાથે નીચે લખ્યા માલ મીલકત ઉપર કોઇપણ જાતનો વેવાર કરી માલ ખરીદવો કે ગીરો રાખવો નહી. છતાં પણ કોઇપણ શક્ષ શદરહુ મારા ભાઇ સાથે શદરહુ માલ મીલકત ખરીદશે અથવા ગીરો રાખશે તે મને કે મીલકતને કે માલને બંધન કરતાં નથી. અને માલ ખરીદનારને ઉપર અથવા ગીરો રાખનારના ઉપર જોખમ રહેશે

૧ ટાંગો તથા ટાંગાનો શામાન.

૨ ગરદર ૬-૩+૭ ૪+૧૨-૬
૧૨-૬+૭-૨ગેડર પચાણ નારાણના પોતાના છે.

૩ કેરો ગેટના પતરાં નાંના મોટાં નવાં જુનાં

વગેરાં
૪ ટી. એગલ તથા લેઢાનો શામાન વગેરાં
૫ શીગરામ બળદની તથા ઘોડાની વગેરાં
૬ વરાં તથા શાદરી વગેરાં

ઉપર લખ્યા માલ કોઈ પણ ખરીદશે યા ખરીદયો હશે તો તેનો જોખમદાર ખરીદનારને શીર રહેશે એજ

શાં. ૨૦૦૨ના અશાડ સુદ ૪ શુક્રે
તા ૧૩- ૭- ૪૫.

લી. મી. પચાણ નારાણનો શાઇ ઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું નીચે શાહી કરનાર ખારડીઆના થેબા નાલુ અલારખ્યા અ. જાહેર ખબરથી શર્વે આલમને જાહેર કરૂં છું કે મારા ભાઇ ઇબ્રાહીમ અલારખ્યા માગથી દશ વરશ થયા મીલકત વ્હેચી જુદો થઇ ગયો છે અને તે પોતાનો જુદો ધંધો કરી કમાઇ ખાય છે કોઇ પણ શખ્શે મારા નામથી તેને કાંઇ પણ ધીરધાર કરવી નહી. તેમ તેના સાથે મારે લેવા દેવા નથી માટે કોઇ પણ શખ્શ તેને ધીરધાર કરસે તે તેના અંગ ઉપર રહેશે હું કે મારી મીલકત તેના માટે જોખમદાર નથી.

અસાડ સદ ૫ શુકરવાર શાં. ૨૦૦૨

૧ થેબા નાલુ અલારખ્યાનાં સઇ ઃ પોતાના

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે માડવાનાં સોનાવાળા નાકાની અંદર જગ્યા બે માંડવા અન્જુમન હીમાયતી ઇસ્લામ કચ્છવાળા પાસેથી મેં વેચાણ લીધેલ છે તેના દસ્તાવેજો તે વખતના અન્જુમન ઇસ્લામના પ્રમુખને હાથ ન હોતા અમને મળેલ નથી જેથી સદરહુ દસ્તાવેજો જેના કબજામા હોય તેણે આ જાહેર ખબર છપાયની તારીખથી એક માશની અંદર અમને સોંપી આપવા અથવા તે સબંધમાં કોઇનું કંઇ લેણુ લેણુ હોય તો જાહેર કરી પોતાના વાંધા સંબંધમાં અમને ખાત્રી કરી આપે. મુદત વીતે અમે જવાબદાર રહેશુ નહી

શાં. ૨૦૦૨ના અસાડ સુદ ૧૧ શની

લાંગાએ આમદહાજી આદમનો શાઇ ઃ પોતાના

ખાનગી જાહેર ખબર.

હું નીચે સહી કરનાર કોડાયનાં શા. દેવજી આશુ આથી જાહેર જનતાને જાણ કરૂં છું કે મારી મોટી ઘરવાલી નામે જેઠીબાઇ વરજાંગ હાલે નાંગલપુરમાં રહે છે તેણી પાસેની તમામ મિલકત મારી માલેકીની છે અને તે તેણીને વેચસાટ કરવા કે તેની બીજી કોઇ રીતે વ્યવસ્થા કરવા તેણીને કશો હક કે અધીકાર નથી. તેણીની કંઈ પણ મીલકત અંગત નથી મારી મીલકતનાં કેટલાક દસ્તાવેજો તેણીનાં કબજામાં છે અને કેટલીક મીલકત તેણીનાં નામે ખરીદવામાં આવેલ છે પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે તેણીને તેની કંઇ પણ જાતની વ્યવસ્થા કરવા કંઈ પણ હક નથી. મેં શાં. ૧૯૯૧નાં વૈસાક શુદ ૮ વાર શુક્રેનાં રોજ કરેલ વીલ રદ છે જેથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે મારી મજકુર ઘરવાલી જેઠીબાઇ વરજાંગ સાથે કોઇ પણ વ્યકિતએ કંઇ મિલકતની લેતીદેતી કે વ્યહવાર કરવો નહીં અને જો કોઇ વ્યહવાર કરસે તે પોતાના હીસાબે અને જોખમે કરસે. અને તેથી મારા હકને કશુ બંધન થસે નહીં.

શાં. ૨૦૦૨નાં અસાડ શુદ ૧૧ શુકરવાર

શા. દેવજી આશુની શાઇ ઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું ભદ્રેશરના હલા શરદારસંગ પાંચાજી આથી સરવ લોકોને ખબર આપું છું કે મારા પીતા પાંચાજી ઉર્ફે બટુભા ગગુભાના મગજની સ્થીતી બરાબર ન હોવાથી તેઓને હું ખીરસા ખરચ માટે માસીક કોરી ૪૦) ચાલીસ આપુ છું છતા તેઓ અમારા વડીલ ગગુભા કામાભાઇની જે મીલકત છે જેનો કેટલોક વેવટ પણ મજમુ ચાલે છે તેથી મીલકતનો કેટલોક ભાગ વેહેંચી નાખવાના પૈસા ઉપાડવાના પ્રયત્ન કરી રહયા છે પણ તેઓને પૈસા ઉપાડવાની કંઈ જરૂર રહેતી નથી કારણ કે તેઓને ખાવાપીવા ઉપરાંત ચાલીશ કોરી ૪૦) માસીક ખરચ મલે છે અને જે મીલકત છે તે વડીલો પારજીત અને તેનોવેવટ હું કરૂ છું અને દારૂના વ્યસનને લેને તેમનું મગજ ખરાબ થઇ ગયું છે જેથી કોઇએ

પણ તેમની સાથે લેતીદેતી વહેવાર કે ધીરધાર કે કાંઇ મીલકત વેચાણ કે ગીરોથી લેવી નહિ. છતા કોઇ તેમના પાસેથી વેચાણ કે ગીરોથી લેસે કે ધીરધાર કરસે તો તે નીર્થક થસે.

શાં. ૨૦૦૨ના અશાડ સુદ ૧૩ રવીવાર

૧ હાલા લી. સરદારસંગ પાંચાજી
પોતાના

ખાનગી જાહેર ખબર

ગામ કોડાયના મારા અસીલ શા દેવજી કેશવની સુચના અનુસાર આથી સર્વેને જણાવવાનું જે ગામ કોડાયમાં બ્રાહ્મણ ફળીઆમાં નીચે જણાવેલ ચતુર્દિશાવાળી જગ્યા તથા ખેતર મારા અસીલની સંપૂર્ણ અને સ્વતંત્ર માલીકીના છે.

જગ્યાની ચતુર્દિશા.

દક્ષિણે– શા પુનશી ખેતુની જગ્યા છે.
પૂર્વે– વિચેણી તથા ઠા. મીઠુની જગ્યા છે.
ઉતરાદે– શા ઉમરશી કાથળની જગ્યા છે.
પશ્ચિમે– રાજય-માર્ગ છે.

આ જગ્યા મારા અસીલના પિતાશ્રીને વીલની રૂએ શા ગોવર સામત પાસેથી આવેલ, તે સંયુકત કુટુંબની વિભાકત વખતે– સં. ૧૯૯૪ના વૈશાખ વિદ ૧૨ને ગુરૂવાર તા. ૨૬–૫– ૧૯૩૮ના રોજે થએલ ફારગતિ પ્રમાણે મારા અસીલના ફળે આવેલ છે. એ જગ્યામાં મારા અસીલના ભાઈઓનો કે અન્ય વ્યકિતનો કશો હકક, હિસ્સો કે હિત નથી.

આ જગ્યાના ખતો ગેરવલે થઇ ગયા છે અને શોધખોળ કરવા છતાં હજુ હાથ લાગ્યા નથી.

–ખેતરની ચતુર્દિશા–

ઉતરાદે– શા હીરજી રાયશીનું ખેતર મગણીઉ છે
પશ્ચિમે– મગન મોમાયાની કટકી છે.
દક્ષિણે– શા નાગજી લાલજીની કટકી છે.
પૂર્વે– શા નેણશી લીલાની કટકી ચણવા છે

આ ખેતર સં. ૧૯૯૬ની ફારગતીની રૂએ મારા અસીલની માલીકીનુ છે.

ઉપરોકત જગ્યાના ખતોના આધારે કોઇ પણ વ્યકિત સાથે મજકુર જગ્ય કે તેના ખતો પર અને મજકુર ખેતર પર કાયમ પણ ધીરધાર કે લેતીદેતી કરવી નહિં. જે કોઇ તે પર ધીરધાર કે લેતીદેતી કરશે તે પોતાના હિસાબે અને જોખમે કરશે અને તે મને કે મારી મજકુર જગ્યા કે ખેતરને બંધનકર્તા થશે નહિં.

સં. ૨૦૦૧ના અશાડ વિદ ૧ રવીવાર
તા. ૨૬– ૭– ૧૯૪૫.

૧૧૮ ન્યુચીંચ બંદર રોડ, મુંબઇ નં. ૯ } પ્રવિણચંદ્ર શીવજી શાહ,
બી. એ. એલ એલ બી.
શા દેવજી કેશવના એડવોકેટ.

ખાનગી જાહેર ખબર

આથી સર્વે લાગતા વળગતાઓને તથા જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે અમારા વડીલ શા. ટોકરસી પીતાંબરનાં મોટી રકમની સ્થાવર જંગમ મીલ્કત છે. તે ઉપરાંત સાં. ૧૯૯૨ની સાલે સદરહુ પેઢીનું નામ ફેરવી શાહ જીવરાજ મોણસીની કંપની ચાલુ રાખવામાં આવેલ છે. આ કંપનીમાં પણ શાહ ટોકરસી પીતાંબરની મોટી રકમો તે વખતના ભાગીદારોએ નાંખેલ છે. અને તે ઉપરાંત શાહ ટોકરસી પીતાંબરની મજમું સ્થાવર જંગમ મિલ્કતનો વહીવટ કરવાનો દેખાવ કરી તેની મિલ્કતની ગેરવ્યવસ્થા કરી બદ દાનત કરે છે.

હાલે કેટલોક વખત થયા કંપનીના મતલબી ભાગીદારો પોતાને ગેરવાજબી લાભ લેવાન ઈરાદાથી શાહ ટોકરસી પીતાંબરની મિલ્કતનો વેચસાટ કરે છે. તથા આગળની રોકડની ઉઘરાણીઓ લઈ ખાઈ જાય છે. આ મિલ્કતમાં હું શાહ ઝવેરચંદ રણછોડભાઈ ટોકરસી પીતાંબરનો વારસ હોઈ મારો પણ હકક હિસ્સો છે એટલે અત્રથી જાહેર જનતાને તથા લાગતા વળગતા આને ખબર આપવામાં આવે છે કે તેઓને મારી રજા વગર આ કંપનીના લેણા પૈસા આપવા નહિ તથા સ્થાવર મીલ્કતો વેંચાણ, ગીરો, કે બક્ષીસ અમારી સંમતી અને સહી શાખ વગર લેવી નહિ તે છતાં જે કોઈ લેશે તે પોતાને જોખમે લેશે અને તેને માટે અમારો હકક હિસ્સો જવાબદાર નથી.

મિતિ સાં. ૨૦૦૨ના અસાડ વીદ ૨ને
ગરેઉ તા. ૨૬– ૭– ૧૯૪૫.

શાહ ઝવેરચંદ રણછોડ ટોકરશી
પીતાંબરની શાહ દઃ પોતાના.

ખાનગી જાહેર ખબર

હું કચ્છ-અંજારના લુહાણા ઠા. જમનાદાસ રાઘવજી આ જાહેર ખબરથી જણાવું છું કે મારા પિતા રાઘવજી અખઇએ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં શં. ૨૦૦૧ના વૈશાખ સુદ ૨ની મીતીના અંકમાં બીજા ચૈત્ર વીદ ૩ સોમવાર શાં. ૨૦૦૧ની મીતીવાળી નોટીશ છપાવેલ છે તેમા મને છેલ્લાં બે વર્ષ થયાં મિલ્કત આપી નોખો કરેલ હોવાનું જણાવવામાં આવ્યું છે તે હકીકત ખરી નથી. મને કાંઈ પણ મીલ્કત આપવામાં આવી નથી. મારા પિતાને કોઇએ ભોળવીને અમને પિતા પુત્રને કોર્ટે ચડાવી લડાવી મારવાના હેતુથી સદરહુ નોટીશ કરાવેલ હોય તેમ જણાય છે. જેથી તે નોટીશનો કાંઇ અર્થ નથી એમ સૌએ જાણવું

મીતી અશાડ વીદ ૭ મંગળવાર શં. ૨૦૦૨

૧ ઠા૦ જમનાદાસ રાઘવજીની સહી

દાઃ પોતાના

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીખે આ વર્ષની કોરી ૨૨॥ સાડી બાવીસ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૮ લેવામાં આવશે મુદત વીત્યાપછી ભરે તો તેની પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લાંટી ૨ થા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સાં. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવે તો સાં. ૨૦૦૩ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL. 73] FRIDAY 24th AUGUST 1945 [No 4]

[પુ૦ ૭૩] શ્રાવણ વદ ૨ શુક્રવાર સં. ૨૦૦૨ તા ૨૪ મી ઓગષ્ટ સને ૧૯૪૫ [અંક ૪]

ઠરાવ:

શ્રી હજુર ઓફિસ જ્યુ જા. નાં. ૬૬૬ સં. ૨૦૦૨

ભુજના પાઠક પદમશાન્ત લાભશંકરે સેકન્ડ એલ એલ બી. ની પરીક્ષા ઉતીર્ણ કરેલ હોતાં તેમને મુ. જા. નાં. ૧૯૭ તા: ૨૭-૧૦-૪૦ વાળા મુંજબ ભુજ કોર્ટમાં વકીલાત કરવા દેવની પરવાનગી આપવામાં આવે છે.

અશાડ વદ ૧૪ સોમવાર સાં ૨૦૦૨.

જ્યુડીશીયલ બ્રેન્ચ
તા: ૬-૮-૪૫

S. K Nayampalli,
દિવાન-કચ્છ

Technical Branch,
Dewan's Office,
Bhuj 8th August 1945.

T. O. No. 589 of 1945. HUZUR ORDER

Sir Peter Cluterbuck's proposal is that Crude Aluminium Sulphate may be manufactured departmentally at Matano-madh on Home Industry Scale under the supervision of Mr. P. K. Dave.

It is also proposed to spend Krs. 50,000 for one year for an estimated production of 25,000 maunds. Besides offering prospects of a handsome return on the sale of this chemical, it is expected to give employment to about 100 persons.

These recommandations, His Highness, the Maharao Shri, has been graciously pleased to sanction and also a sum of Krs. 50,000/(fifty thousand) as proposed.

S. K. Nayampalli,
Dewan of Kutch.

હ. ઓ. નાં. ૨૩૦ ઠરાવ

નવાં બંધારણવાળી નગરસભાઓને હસ્તીમાં આવે ત્રણ વરસ પૂરાં થવા આવ્યાં છે તો આટલો વખતનો અનુભવ ધ્યાનમાં લઈ હવે નગરસભાનાં બંધારણમાં કયા અને શું સુધારા વધારા કરવા જેવું છે તે બાબતનો રીપોર્ટ કરવા નીચે પ્રમાણે કમીટી ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબનાં ફરમાનથી નીમવામાં આવે છે:-

રા. રા. રાઓ બહાદુર જશવંતરાય ડી. રાણા પ્રેસીડેન્ટ જાહેજા કોર્ટ..... પ્રમુખ.

સભ્યો:

૧. રા. રા. વેલજી લધુભાઇ, પ્રમુખ, ભુજ નગરસભા.
૨. રા. રા. બાલમુકુંદ માવજી મહેતા, આસી. રેવીન્યુ કમીશ્નર.
૩. રા. રા. એન. વાય. સમર્થ. ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ.
૪. રા. હરીલાલ સોમજી છાયા, પ્રમુખ, મુંદરા નગરસભા.
૫. શ્રી પ્રેમજી રાઘવજી વકીલ.
૬. ચત્રભુજ વલભદાસ મનકમીં, ઉપ-પ્રમુખ માંડવી નગરસભા.
૭. શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકીઆ.
૮ શ્રી કાન્તીપ્રસાદ ચંદ્રશંકર અતાણી.

કમીટીએ જેમ બને તેમ તાકીદે પોતાનો રીપોર્ટ મોકલવો.

મીતી–શ્રાવણ સુદ ૧ બુધવાર શાં. ૨૦૦૨ તા: ૮–૮–૪૫.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ

રે. જા. નાં. ૭૦૨ ઠરાવ:

એરંડાની નીકાશ કરવા સંબંધે એરંડાના રૂપીયામાં કીંમતના ૨૫ ટકા ગ્રેન પરચેઝ એકાઉન્ટમાં ભરવા તથા તે બદલ કારીઓ આપવા ઠરાવ નં. ૪૫૦ તા. ૫–૧૨–૪૪ વાળાથી ઠર્યું છે તેને બદલે એરંડાની રૂપાયા માં કીંમતનો ½ ભાગની કીંમત ભરવા તથા તે બદલ કારી આપવાનું ઠરાવવામાં આવે છે.

શ્રાવણ સુદ ૧ બુધવાર શાં ૨૦૦૨ તા: ૮–૮–૪૫.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ

ટી. ઓ. નાં. ૬૪૭ ઠરાવ

ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબના ફરમાનથી આસિસ્ટંટ સ્ટેટ ઇન્જીનીયરનો દરજ્જો તથા ગ્રેડ રા. આસિસ્ટંટ ઇજનેર, ઇરીગેશન ડીપાર્ટમેન્ટ પ્રમાણે ઠરાવવામાં આવે છે અને રા. પ્રફુલ્લલ કલ્યાણરાય વોરા બી ઈ. ને રૂ. ૨૦૦-૧૦-૩૦૦ના ગ્રેડમાં માસીક પગાર રૂ. ૨૦૦) બસોથી આસી. સ્ટેટ ઇન્જીનીયર નીમવામાં આવે છે.

શ્રાવણ સુદ ૩ શુક્રે શાં. ૨૦૦૨ તા. ૧૦–૮–૪૫.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

યાદી પો. જા. નાં. ૧૦૭૪

આ રાજ્યમાંના હકુમત ધરાવનારા મારજીનમાં બતાવેલા ચૌદ જાગીરદારોની હકુમત સબંધના ચાલતા

૧. રોહા,
૨. આડેસર,
૩. ચીત્રોડ,
૪. વાંઢોઆ,
૫. વિંઝાણ,
૬. પડાંસરા,
૭. ગેડી,
૮ નાંગ્રેચા,
૯. નરા,
૧૦. વિજપાસર,
૧૧ કુંભારડી,,
૧૨. જાંભડાઇ,
૧૩ જડોદર,
૧૪. કેરા,

વહીવટ ઉપર પુરો વિચાર કરતાં તપાસના પરિણામે નામદાર વાઇસરોય સાહેબે મુંબઈ સરકારના ઠરાવ નાં. ૪૫૮૯ તા. ૧૬ જુલાઇ સને ૧૮૯૨ ના પેરેગ્રાફ નવમા દર્શાવ્યા મુજબની જે સરતોના આધારે મજકુર ચૌદ જાગીરદારો હકુમત ધરાવે છે તે સરતોનું પાલન થવુ અશક્ય હોતાં સદરહુ ચાદ હકુમત ધરાવનાર ગેરન્ટી હોલ્ડરોની તમામ દિવાની ફોજદારી હકુમત પાછી ખેંચી લેવા ઠરાવ્યું છે.

સદરહુ નિર્ણયના ખબર એજન્સી લેટર નાં. ડી. ૨૯–૫–૬ તા: ૩૦ જુલાઇ ૧૯૪૫ વાળાથી આવતાં સદરહુ હકુમત ધરાવનાર જાગીરદારોને આથી ખબર આપવામાં આવે છે કે તેમના હકુમત અંગેના તમામ દિવાની ફોજદારી અખત્યારો પાછા ખેંચી લેવામાં આવે છે.

મીતી શ્રાવણ સુદ ૩ શુક્રવાર શાં ૨૦૦૨ તા: ૧૦–૮–૪૫

S. K. Nayampalli,
દિવાન કચ્છ.

હ. ઓ નાં. ૨૩૪ ઠરાવ

ભુજ, માંડવી, અંજાર તથા મુંદરાના વેપારીઓ તરફથી સોના ચાંદીના તૈયાર તથા વાયદાના સોદા સંબંધમાં થયેલ અરજ ધ્યાનમાં લઇ ઠરાવ નાં. ૧૬૬ તા: ૧૯–૬–૪૫ તથા ઠરાવ નાં. ૧૯૯ તા: ૧૮–૭–૪૫ના અનુસંધાનમાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી

થએલ ફરમાન અનવ્વય નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે:—

૧. કોઈ પણ શખસ બીજા કોઈ પણ શખસ સાથે પચીસ ગદીઆણા સુધી તૈયાર સોનાની તથા એકસો તોલા સુધી તયાર ચાંદીની લેતી દેતીનો વ્યવહાર સનંદી દલાલોની દરમ્યાનગીરી સિવાય તેમજ કસ્ટમ પર નોંધાવ્યા સિવાય તથા સ્ટેમ્પ ચોડાવ્યા સવાય કરી શકશે.

૨. ઠરાવ નં. ૧૬૯ તા: ૧૯-૬-૪૫ની કલમ ૪માં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે છે. એકસો તોલાથી વધારે ચાંદીના અને પચીસ ગદીઆણાથી વધારે સોનાના તૈયાર લેતી દેતીના વ્યવહારના કબાલા પર અને વાયદાના ગમે તેટલા વજનના લેતી દેતીના વ્યવહાર ના કબાલા પર રા કસ્ટમ દરોગાએ નીચેના ધોરણે સ્ટેમ્પ ચોડાવવો.

અ. ચાંદીના કબાલા પર દર ૨૮૦૦ તોલાની એક પાટ ઉપર અથવા તેના કોઈ ભાગ ઉપર કોરી ૧ એક લેખે.

બ: સોનાના કબાલા પર દર પચીસ તોલા કે તેના કોઈ ભાગ ઉપર કોરી ૧ એક લેખે.

૩ આ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમા આવશે.

મિતી:-૧૧ ઓગસ્ટ ૧૯૪૫.

S K. Nayampalli,
દીવાન-કચ્છ.

H. R. C O. 575 of 1945. NOTIFICATION.

The Government of Kutch are pleased to order that the following additions shall be made in the Customs Tariff Order, 1942:-

Export Schedule II. Section 3 Item 57

Hand Sewing Machine owned and taken out of Cutch by a bonafide lady passenger provided the Chief Customs Officer is satisfied that is her own property. ....Free

Export Schedule II. Section 3 Item 58

Portable or foot-type Sewing Machine other than mentioned in Item 57 ..... 50%.
Ad Valorem.

Dewan's Office.
Bhuj, 14th August, 1945.

S K. Nayampalli,
Dewan of Kutch.

No. 2320 of 1945 NOTIFICATION.

In exercise of the powers conferred by sub-rule (2) read with sub-rule (5) of Rule 89 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to direct that the following amendment shall be made in the Order No. 1304 A dated 27th April, 1945.

In Schedule annexed to the said Order for the entry relating to coir under item 6 the following shall be substituted:

"Coir Rs. 40--7--3, 2--0--4, 2--8--5, 45--0--0".

Dewan's Office,
Bhuj, 15th August 45.

S. K. Nayampalli,
Dewan of Kutch.

જાહેર ખબર પો. અં. જા નં ૪૪૫

માહિતી મળી છે કે ચાઇનાએ પોતાની તરફ આવતા મુસાફરો સામે કોલેરાને લીધે કવોરન્ટાઇનનો પ્રતિબંધ મૂકેલ છે ઢોલ તેમજ અગરડતા શકય ઓટલી દૂર કરવા એવી સલાહ આપવામાં આવે છે કે જેઓ ચીન તરફ જવા ઇચ્છતા હોય તેમની પાસે કોલેરાની રસી મુકાવ્યાનું સરટીફીકેટ છ દીવસોથી ઓછું નહિ અને અગાઉના છ માસ કરતાં વધારેનું ન હોવું જોઇએ

ટ્રાન્સજોરડાને શિતળાને લીધે દીલ્હી કાનપુર, તેમજ અલ્હાબાદથી આવનારાઓ સામે કવોરન્ટાઇનનો પ્રતિબંધ મૂકેલ છે.

ઉપર પ્રમાણેના ખબર એજન્સી (બરોડા) તરફથી નં, આર. એમ. ૬૦૧ તા. ૨૭-૭-૪૫વાળા એકસપ્રેસ લેટરથી આવતાં સર્વની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા, ૩-૮-૪૫. J. J. Ashar,
ચીફ સેક્રેટરી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી હજુર કોર્ટ
વ. ખા. દી. પ. અપીલ નંબર ૩૬ સંવત ૨૦૦૦
ખોજા સાલેમામદ સોમજી વીગેર રે. જામથડા અપેલેન્ટ
ખોજા એવજી વલીના નામથી વહીવટ કરનાર અને માલીક ખોજા મામદ મોલેદીના વીગેર રે. મુંન્દ્રા } રીસ્પોડેન્ટ

બાબત

નીચેની કોર્ટે હાટ તથા ગોદામ ઉપરથી જપ્તી ઉઠાવવાની અરજ મંજુર કરીછે તે હુકમ રદ થવા બાબત

મુંન્દ્રાના તે હાલે મુંબઇનાં ખોજા રમજાનઅલી કરમાલીને ખબર આપવામા આવે છે કે આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેનો તપાસ સવત ૨૦૦૨ ના ભાદરવા વીદ ૫ બુધવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહિતર કાયદેશર થશે.

મિતી અસાડ વીદ ૪ શનિવાર સવત ૨૦૦૨

Biharilal N. Mehta
મે. જ્યુ આસી. સાહેબના હુકમથી
શીરસ્તેદાર હજુર કોર્ટ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી હજુર કોર્ટ
વ. ખા. દી. રે. અપીલ નંબર ૫૪ સંવત ૨૦૦૧
શેઠ નારાણજી અરજણ મુજરનારના વારશ પોત્રા શેઠ દયળ જેઠમલ રે. ભુજ } અપેલેન્ટ
સરવૈયા દોલતસંગજી કરશનજી વીગેર રે ભુજ હાલ ધીણેધર } રીસ્પોડેન્ટ

નીચેની કોર્ટે મારા દાવાની જવાબદારી પ્રા નં. ૨ થી ૮ વાળા પર ઠરાવી નથી તથા માંડેલ મિલ્કત પ્રા. નં. ૨ થી ૮ વાળાના કબજામાં રહેવા દેવાનો હુકમ કરેલ છે તે રદ થવા બાબત

નીચે લખ્યા નામ વાળા શખ્શોને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે; તેનો તપાસ સંવત ૨૦૦૨ ના ભાદરવા સુદ ૧ સુકરવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીંતર કાયદેસર થશે.

૧ સરવૈયા દોલતસંગજી કરશનજી રે ભુજ
૨ જાડેજા માનસંગજી નોંધણજી મુજરનારનાં વારશ એચરજી ઉર્ફે નથુભા માનસંગજી શગીરોના વાલી હરીભા રે. ફુલાય

મિતી અશાડ વીદ ૧૧ શનીવાર સંવત ૨૦૦૨

B. N. Mehta,
મે જ્યુ આસી સાહેબના હુકમથી
શિરસ્તેદાર હજુર કોર્ટ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.
શ્રી હજુર કોર્ટ.
વ. ખા. ફો. પ. અપીલ નંબર ૩૩ સંવત ૨૦૦૧
સલામ રવજી લધા રે. માંડવી અપેલેન્ટ
વોરા મણીલાલ વજેશંકર રે. માંડવી હાલ નારાયણ સરોવર } રીસ્પોન્ડેન્ટ

નીચેના બન્ને કોર્ટોએ મારી કલમ ૧૬૧ તથા કલમ ૧૪૩ મુજબની ફરીયાદ પ્રથમ દર્શનીક પુરાવો લીધા વગર કલાડી નાખી છે તે ઠરાવ રદ થવા બાબત

માંડવીનાં તે હાલ નારાયણ સરોવરનાં વોરા મણીલાલ વજેશંકર ને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે; તેનો તપાસ સવત ૨૦૦૨ના ભાદરવા સુદ ૧ સુકરવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેસર થશે

મિતી અશાડ વીદ ૧૩ સોમવાર સંવત ૨૦૦૨

Biharilal N. Mehta,
મે જ્યુ. આસી સાહેબના હુકમથી,
શિરસ્તેદાર હજુર કોર્ટ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.
શ્રી હજુર કોર્ટ
વ. ખા. ફો. પ અપીલ નંબર ૧૩ સંવત ૨૦૦૧
શા. લાલજી સાખજી રે બેલાના અપેલેન્ટ
ઠ. ખોડા વિશરામ વીગેરે રે બેલા રીસ્પોન્ડેન્ટ

બાબત

વળતરની રકમ કોર્ટ ૩૬૭/૨ વિશેશ ઉપરવા તોમતદાર નં. ૪-૫ વાળા ઉપરના મુજબનું સાબીત ઠરાવવા બાબત

બેલાના ઠ. ખોડા વીશરામને ખબર આપવામા આવે છે કે આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેનો તપાસ સ. ૨૦૦૨ના ભાદરવા વીદ ૪ બોમવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીંતર કાયદેસર થશે

શ્રાવણ સુદ ૧ બુધવાર સં. ૨૦૦૨

Biharilal N. Mehta
મે. જ્યુ આસી સાહેબના હુકમથી
શિરસ્તેદાર હજુર કોર્ટ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી હજુર કોર્ટ.
વ. ખા. ફો. પ. અપીલ નંબર ૬૩ સવત ૨૦૦૧
શા જમુ દેવજી રે મે. ખા. અપેલેન્ટ

હાલે પોત્રા બાવામીઆ ઇલીયાસ વીગેરે રે લુણી } રીસ્પોડેન્ટ

કલમ ૧૨૬–૧૪૫ મુજબ

લુણીના હાલે પોત્રા બાવામીઆ ઇલીયાસને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે; તેનો તપાસ સંવત ૨૦૦૨ના ભાદરવા વીદ ૬ ગુરૂવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેસર નીમેલા મુખત્યાર વકીલના મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમ હાજર રહેવું નહીતર કાયદેસર થશે.

મિતી શ્રાવણ સુદ ૧ બુધવાર સંવત ૨૦૦૨

Biharilal N. Mehta,,
મે. જુ. આસી. સાહેબના હુકમથી,
શિરસ્તેદાર હજુર કોર્ટ.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.

શ્રી ભુજ સારસ્વતની નાતશ્રીજી હસ્તે જો ી વીઠલજી ગવરીશંકર ભુજ } વાદી
ગુર્જર ગોતરજી મુજી ભુજ પ્રતિવાદી

દાવો જગ્યા વટાંતર છોડાવવા.

શ્રી ભુજની સારસ્વતની નાત ના તમામ સભ્યોને આથી ખબર આપવામાં આવેછે કે આમાં લખ્યા પ્રતિવાદીએ ઉપર પ્રમાણે દાવો દાખલ કરી કલમ ૨૨ મુજબ નોટીશ છપાવવા અરજ કરેછે માટે આથી ભુજની સારસ્વતની નાતના તમામ સભ્યોને ખબર આપવામાં આવે છે કે જે શખ્શોને આ દાવામાં પક્ષકાર તરીકે દાખલ થવા ઇચ્છા હોય તેમણે શા. ૨૦૦૨ ના ભાદરવા વીદ ૮ શનીવાર રોજે સવારના ૧૧॥ બજે હાજર થઇ અરજ કરેથી દાખલ કરવામાં આવશે નહીતર મુદત વીતે કાયદેશર થશે.

અશાડ વીદ ૧૧ શની શા ૨૦૦૨

S. D. Rana,
ભુજ વાયાવીશ

જાહેર ખબર નાં. ૨૦૭

મા. મા. જા ન ૨૦૭

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ કોર્ટ હા. ના. નીકાલ થએલ કેસોના મદામાલ જેના તેને સોંપવા હુકમ થયા છતાં તેઓ હાજર થૈ લે ગયેલ નથી પરીણામે મુદામાલ વધી જતાં જાહેર ખબર કરવામાં આવેછે કે રજુ થએલ મુદામાલ જેનો તેન લેવાનો આ જાહેર ખબર છપાયાની તારીખથી એક માસના અંદર આ કોર્ટમાં હાજર થૈ લે જવો નહતર મુદત વિતે કાંઇ પણ સાંભળતાં જાહેર લીલામ કરી ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામા આવશે.

અશાડ વદ ૧૧ શુક્રે શા. ૨૦૦૨

K. A. Mehta,
માંડવી ફ. ક. મેજીસ્ટ્રેટ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

શ્રી અંજાર કોર્ટ ના. ૧૧૧

ખા. દી. કામ ના. ૧૫૬ શા ૨૦૦૧

કોઠારી લક્ષ્મીદાસ ઉર્ફે નાનાભાઇ ગુજરાતના વાણીયા પુત્ર કોઠારી રમણીકલાલ ઉર્ફે નાનાભાઇ રે ભુજ હાલે માંડવી } વાદી

મયામા ગાંગા રામજી રે. ચાંદ્રાણી પ્રતિવાદી

દાવો

ઠામોનો કબજો મળવા

ચાંદ્રાણી મધે મયામા ગાંગા રામજીને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદદુ બાબતનો દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમા આ શમન્શ થી કચ્છ ગેઝેટમાં છપાયાની તારીખથી રોજ ૧૫ પંદરની અંદર હાજર થજો નેતર કાયદેશર કરવામાં આવશે

અશાડ વીદ ૬ ભોમે શા ૨૦૦૨

H. C. Jethi,
અંજાર ન્યાયાધીશ.

જાહેર ખબર

મુ. અ જા. નં. ૨૭૦

શ્રી મુન્દ્રા ન્યાય અદાલત તરફથી

આથી સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે શ્રી મુંદ્રા ન્યાય અદાલતમાં ફોજદારી કેશોમાં રજુ થએલ મુદામાલ જેને જેને સોંપવા ઠરેલ હોય તેણે આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી માસ ૨ બેની અંદર આ કોર્ટમાં હાજર થઇ લઇ જવો નહતર મુદત વીતે સદરહુ મુદામાલ જાહેર ચડાખડીથી વેચાણ કરી તેના ઉપજેલા પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

અસાડ વિદ ૧૦ ગુરૂવાર સં. ૨૦૦૨

Narottam D. Mehta,
મુંદ્રા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી મુંદરા કોર્ટ ના. ૧૦૬

ખ દી. કા. ના. ૧૬૮ શા. ૨૦૦૧

શેઠ દામજી હેમચંદ વગેરે ભુજ વાદી
શા. નાનજી પાસુ કાંડાગરા હાલે મુંબઇ પ્રતિવાદી

દાવો માલ બાબત

કાંડાગરા તે હાલે મુંબઇના શા. નાનજી પાસુને માલમ થાય જે આ કામે તમારા દાવાજવાબ આપવા શા. ૨૦૦૨ ના શ્રાવણ વદ ૧૪ બુધવારના રોજ સવારના ૭॥ વાગે હાજર થવુ નાહતર કાયદેસર કરવામાં આવશે એ રીતે

અશાડ વીદ ૦)) ભોમે શા. ૨૦૦૨

હીરજી સુરજી સોમૈયા,
મે. મુ ન્યા. સાહેબનાં હુકમથી.

સ્થાવર મીલકત જપ્તીનો મનાઇ હુકમ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી મુંદરા કોર્ટ ના. ૧૦૭

ખા. દી, તા.. કામ ના. ૧૪૪ શા. ૨૦૦૧

શા. હીરજી શામજી પ્રાગપર વાદી

શા. ધારશી તેજા પ્રાગપર હાલે મુંબઇ પ્રતિવાદી

દાવો લેણાનો

પ્રાગપર તે હાલે મુંબઇના શા. ધારશી તેજાને માલમ થાયજે શદરહુ વાદીએ તમારા પર લેણા બાબત દાવો કરતાં તે કામ નાં. ૨૮ શા. ૧૯૯૬ વાળાનો ખુલાશો શા, ૧૯૯૭ ના ભાદરવા વીદ ૨ ને રોજે થયો છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રતીવાદી કોરી ૨૫૯) ચડતા વ્યાજ તથા મુકદમા ખર્ચ શહીત આપે તે ઠરાવ પ્રમાણે વાદીએ તામીલ થવા અરજ કરતાં તમારા પર કાયદેશર તાકીદ થયા છતાં તમે તામીલ બજવણી ને કરતાં તમારી નાચે લખી સ્થાવર મીલકત જપ્તીમા લેવા વાદીએ અરજ કરતાં તે આથી જપ્તીમાં લેવામાં આવે છે માટે હવેથી શદરહુ મીલકત તમારે કોઇને વેચાણથી ગીરોથી કે બક્ષીશથી કે બીજી કોઇ રીતે કોઇને આપતા ને તેમ લેનારને પણ આથી પ્રતીબંધ છે એમ સમજવું મનાઇ હુકમનો ભંગ કરશો તો કાયદેશર થશે

મીલકતનું સીષ્ટ

જગ્યા ૧ ગામ પ્રાગપર મધે ચોથા ફલીઆમાં દરબારી જગ્યા પાશે છે તેમાં હાલ શા. હીરજી લખમશી પ્રા, ના ભાડુત તરીકે રહે છે તેની ચતુરદીશા

૧ ઉગમણી તરફ ફલીઓ છે
૨ દખણાદી તરફ શા. ચાપશી લખુની જગ્યા છે
૩ આથમણી તરફ ગલી છે
૪ ઉતરાદી તરફ દરબારી જગ્યાનો દુવાર છે

એ રીતે

મિતી શ્રાવણ સુદ ૩ શુકરે શાં. ૨૦૦૨

Narottam D. Mehta

મુદરા ન્યાયાધિશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.ના

ખા દી. કા. નાં ૧૬૬/૨૦૦૧ આ ના ૪૨૭

શ્રી રાપર દી. કોર્ટ

ઓરીયા જીવા કુભા નંદાસર વાદી

ચોધરી વીસા નાનજી. એજ પ્રતીવાદી

દાવો

લેણા બાબત.

નંદાસરના ચોધરી ભાણા નાનજીને માલમ થાય જે આ વાદીએ તમારા પર કોરી ૨૦૫૦ મળવાનો દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો સાં. ૨૦૦૨ના ભાદ્રવા સુદ ૧૪ ગુરૂવારના રોજે આ કોર્ટમાં હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

સાં. ૨૦૦૨ના અષાડ વીદ ૧૧ શુકવાર

જીવરામ મોનજી,

રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.ની

ખા. દી. કા. નાં. ૧૬૬/૨૦૦૧ આ ના ૪૨૮

શ્રી રાપર દી. કોર્ટ

વાસરીઆ સવા મેઘા નંદાસર વાદી

ચોધરી વીસા નાનજી એજ પ્રતીવાદી

દાવો

લેણા બાબત

નંદાસરના ચોધરી ભાણા નાનજીને માલમ થાય જે આ વાદીએ તમારા પર કોરી ૧૦૮૦ મળવાનો દાવો કર્યો છે તેનો જવાબ દેવા તમો સાં. ૨૦૦૨ના ભાદ્રવા સુદ ૧૪ ગુરૂવારના રોજ આ કોર્ટમાં હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

સાં. ૨૦૦૨ના અષાડ વીદ ૧૧ શુકવાર

જીવરામ મોનજી,

રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

શ્રી રાપર દીવાની કોર્ટ

ખા દી કા નાં ૧૬૫ સં. ૨૦૦૨

વીસરીઆ સવા મેઘા નંદાસર વાદી

ચોધરી ભાણા નાનજી નંદાસર તે હાલે સીંધ પ્રા.

દાવો લેણા બાબત

નંદાશરના તે હાલે સીંધ મધ્યે ચોધરી ભાણા નાનજીને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૫૪૮) ના ચડતે વ્યાજે મલવા દાવો કર્યો છે તે દાવાનો જવાબ દેવા તમો શાં ૨૦૦૨ ના ભાદરવા સુદ ૭ ગુરૂવારના રોજ કોર્ટના રાહમે હાજર થજો નહીતર મુદત વીતે કાયદેશર થશે

શાં ૨૦૦૨ ના શ્રાવણ સુદ ૩ શુકરવાર

જીવરામ મોનજી

રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દીવાની કોર્ટ

નાં. ૪૭૧

ખા. દી. કા નાં ૬૭૦ શાં ૨૦૦૧

ઓરીયા જીવા કુભા નંદાશર વાદી

ચોધરી ભાણા નાનજી નંદાશર તે હાલે સીંધ પ્રા.

દાવો લેણા બાબત

નંદાશરના તે હાલે સીંધ મધ્યે ચોધરી ભાણા નાનજીને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૬૨૩૩૩ ચડતે વ્યાજે મલવા દાવો કર્યો છે માટે તમો શાં. ૨૦૦૨ ના ભાદરવા સુદ ૭ ગુરૂવાર ના રોજે કોર્ટના રાહમે હાજર થજો નહીતર મુદત વીતે કાયદેશર થસે

શાં. ૨૦૦૨ ના શ્રાવણ સુદ ૩ શુક

જીવરામ મોનજી

રાપર ન્યાયાધીશ,

452

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી અબડાસા અદાલત તરફથી
નો નં૦ હલ ૧૦૦
ગ્યાદી તા કામ નં૦ ૪૭ શાં. ૨૦૦૧

શા દામજી કરમસીના વારસ દીકરી વેલબાઇ વરાડીયા } વાદી
સુતાર હીરજી સામજી વી. ફુમરા હાલ મુંદ્રા પ્રા.
દાવો તામીલ થવા

ગામ ફુમ હાલ મુંદ્રા મધેના નીચે લખ્યા શખ્સો ને માલમ થાય કે સદરહુ વાદીએ તમારા પર દી. કા. નં. વાળો દાવો કરેલ તેના થયેલ હુકમનામામાં ઠર્યું છે કે વાદીને પ્રા. ઓ કોરી ૩૧૬૧૩ ખર્ચ શીખે આપે ન આપે તો વાદી રીતસર તેમની મીલ્કતથી વસુલ લે તે મુજબ તામીલ થવા વાદીએ દરખાસ્ત કરી છે માટે નોટીશ પોંચેથી રોજ ૧૫ માં તમીલવાલી કોરી ૪૧૦)૫ ની ભરપાઇ કરજો નહીતર કાયદેસર થશે

મિતી શ્રાવણ સુદ ૧ બુધે સં૦ ૨૦૦૨
૧ સુતાર હીરજી સામજી
૨ સુતાર રામજી સામજી
Narmdashanker D. Mehta
અબડાસા ન્યાયાધીશ.

જાહેર ખબર.

શ્રી અબડાસા ન્યાય અદાલત તરફથી

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવેછે કે શ્રી અબડાસા અદાલતમાં ફોજદારી કેશોમાં રજુ થએલ મુદ્દામાલ જેને જેને શોંપવા હુકમ થએલ હોય તેણે આ જાહેર ખબર શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાના તારીખથી મહીના ૧॥ દોઢની અંદર આ કોર્ટમાં હાજર થઇ લઇ જવો નહિંતર મુદત વિત્યે શદરહુ મુદ્દામાલ જાહેર ચડાખડીથી વેંચાણ કરી ઉપજેલાં પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે

શ્રાવણ સુદ ૯ ગુરૂવાર શાં. ૨૦૦૨
Narmdashanker D. Mehta.
અબડાશા ન્યાયાધીશ.

મહારાજાધીરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
સમન્સ નંબર ૩૬
શ્રી લખપત અદાલત
ખાદી. કામ નં. ૧૪૧ શાં. ૨૦૧

ઠા કેશવજી ટલુની વિધવા સાકરબાઇ મેઘજી રે લખપત } વાદી
ઠા મુલજી આસુ વિગેર રે લખપત } પ્રતિવાદી
દાવો
ખાતાની રૂએ રૂા. ૧૦૯૯૩૦ મળવાનો

નીચે લખ્યા શખ્સોને માલમ થાય કે આ કામે દાવા જવાબ આપવા માટે તમારે ચાલતી સાલના ભાદરવા સુદ ૧ શુક્રવારના રોજે બપોરનાં ૧૦ વાગ્યાના ટાઇમે આ કોર્ટમાં હાજર થાવું તેમાં કસુર થસે તો કાયદેશર થસે.

૧ ઠા. હરીરામ ઉર્ફે બાબુ નેણસી મુંબઇ
૨. ઠા આસુ વાગજી કરાંચી
૩ ઠા. રતનસી વાગજી કરાંચી
૪. ઠા. પ્રેમજી વાગજી કરાંચી
૫ ઠા. મુલજી ઉર્ફે નથુ રામજી મુંબઇ
૬. ઠા. પરસોતમ મુલજી મુંબઇ
૭. ઠા. જીવરાજ મુલજી મુંબઇ

મિતી અશાડ વીદ ૬ સોમવાર શાં ૨૦૦૨
K. S. Rana,
લખપત ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
સમન્સ નં. ૩૭.
શ્રી લખપત અદાલત
ખા. દી. કામ નં. ૧૪૨ સં. ૨૦૦૧

ઠ કેશવજી ટલુની વિધવા સાકરબાઇ મેઘજી રે લખપત વાદી
ઠ. મુલજી આસુ વિગેર રે. લખપત પ્રતિવાદી
દાવો ખાતાની રૂએ કોરી ૨૦૦૦ મળવાનો

નીચે લખ્યા શખ્સોને માલમ થાય કે આ કામે દાવા જવાબ આપવા માટે તમારે ચાલતી સાલના ભાદરવા શુદ ૧ શુકરવારના રોજે બપોરના ૧૦ વાગ્યાના ટાઇમે આ કોર્ટમાં હાજર થાવું તેમાં કસુર થશે તો કાયદેસર થશે.

૧ ઠ. હરીરામ ઉર્ફે બાબુ નેણસી મુંબઇ
૨ ઠ. આસુ વાગજી કરાંચી
૩ ઠ. રતનસી વાગજી કરાંચી
૪ ઠ પ્રેમજી વાગજી કરાંચી
૫ ઠ મુલજી ઉર્ફે નથુ રામજી મુંબઈ
૬ ઠ. પરશોતમ મુલજી મુંબઇ
૭ ઠ. જીવરાજ મુલજી મુંબઈ

અસાડ વીદ ૬ સોમવાર સં. ૨૦૦૨
K. S. Rana,
લખપત ન્યાયાધીશ.

જાહેર ખબર.

ન. કો. જા. નં. ૧૬૫
શ્રી નખત્રાણા કોર્ટ.

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે શા. ૨૦૦૦ની સાલ સુધીમાં જેનો જેનો મુદ્દામાલ આ કોર્ટમાં પડેલ હોય અને લે જવાનો હોય તે માલ આ જાહેર ખબર છપાયાની તારીખથી એક માસની અંદર હાજર થે તે તે શખ્શે લઈ જવું. મુદત વીત્યા બાદ જે માલ લે જવામાં આવેલ નહી હોય તે માલ શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

મિતિ અસાડ વીદ ૭ ભોમે શાં. ૨૦૦૨
Thakarshi P.
નખત્રાણા ન્યાયાધીશ.

જાહેર ખબર હ. જા. ન. ૧૧૪

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના કાયસ્થ મેતા દેવજી સોજપાળે અંજારના

પોપ્કરણા જોસી સુરજી લક્ષ્મીદાસ તથા પોપ્કરણા જોસી આચાર્ય જેરામ દયાળની વીધવા ઝવેરબાઇ પાસેથી શા. ૨૦૦૨ના અસાડ વીદ ૬ના દસ્તાવેજથી કોરી ૪૦૦) ચારસોમાં અંજારમાં ડેલા ૨ બે કાયસ્થ ફલીયામાં આડે આંકે વધારાપર અઘાટ હમીરાવાર વેચાંણ લેતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે માટે સદરહુ ડેલાએ ઉપરે કોઇનુ કોઇ જાતનુ લેણુ લેણુ અગર હક કે હીસ્સો હોય તો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમા પ્રસિધ્ધ થવાની તારીખથી માસ ૧ એકની અંદર અહીંની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીત્યે છાપો થવા વીસે ઘટીત થસે.

અસાડ વીદ ૧૧ સુકરે શા. ૨૦૦૨

લાલજી જીવરામ,
અંજાર વહીવટદાર ડી સ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદૂર જી. બી ઇ.
મુંદરા વૈવટદાર તરફથી

જાહેર ખબર

શર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદરાના ભાટીઆ ઠા. જેઠાલાલ સુરજી તથા હરીદાસ સુરજીએ મુંદરાના ભાટીઆ ઠા જમનદાસ દલાલ પાસેથી જગ્યા ૧ ડેલીબંધ રૂ. ૮૦૦૦) આઠ હજારમાં મુંદરા શહેર મધે દખણાદા ભાગમાં હરજી મોર રજીવાલી કહેવાતી શેરીમાં આવેલ છે જે નીચે લખી ચતુરદીશાવાલી જગ્યા શાં. ૨૦૦૧ના ફાગણ વીદ ૧૪ ની મિતિના દસ્તાવેજથી અઘાટ હમીરાવાર વેચાણ રાખતાં દસ્તાવેજ ન્યાયખાતેથી રજીસ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલ છે માટે સદરહુ જગ્યામાં જેનો કાંઇ હક હીશો હોય તેણે આ જાહેર નામું પ્રસિધ્ધ થયની તારીખથી તે એક માશની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે કોઇની કાંઇ તકરાર શાંભળ્યા વગર સદરહુ જગ્યનો છાપો કરી આપવામાં ઘટીત કરવામાં આવશે.

ચતુર દીશા

૧ ઉત્રાદી કોર ઠા. તુલસીદાસ કરશનદાસની જગ્યા છે તે સાથેનો કરો મજમું છે
૧ દખણાદી બાજુ ઠા. જાદવજી કરશનદાસની જગ્યા સાથેનો કરો તથા આંગણાની ભીત મજમું એટલે ભેળી છે
૧ ઉગમણી કોર રાજ્ય મારગની શેરી છે
૧ આથમણી કોર ઠા. વલ્લભદાસ પુજાની વરંડી છે

અસાડ વીદ ૮ ભોમવાર શા. ૨૦૦૨

Harilal Somji,
મુંદરા વૈવટદાર.

પરવાનો.

આથી સંબંધ ધરાવનારાં તમામ કચ્છ રાજ્યનાં ખાતાંઓને જાણ કરવામાં આવે છે કે ભુજ તાલુકાના વપરાશ માટે ભડલી નજીક ખનીજ કોલસો કાઢવાની પરવાનગી મેસર્સ જે. જે. ભટ્ટ એન્ડ કંપનીને કચ્છ રાજ્યના ગેઝેટના પુસ્તક ૭૨ અંક ૨૫માં આ ઓફીસની જાહેર ખબર તા. ૪-૬-૪૫ વાળી પ્રસિદ્ધ થઇ છે તેને આધીન રહી આ ઓફીસના ઓર્ડર નં. ૩૮ તા. ૩૦-૬-૪૫ વાળાથી અપાયામાં આવી છે માટે તેમને સદરહુ કોલસો ભુજ તાલુકાનાં બધાં ગામોમાં સંવત ૨૦૦૨ના અષાડ સુદ ૨ થી સં. ૨૦૦૨ના જેઠ વિદ ૦)) સુધી લઇ જવા કે લઇ આવવાની કોઇએ હરકત કરવી નહી

મીનરલ્સ બોર્ડ
ભુજ ૨-૭-૪૫

P. K. Dave,
મીનરલ ઓફીસર,

પરવાનો.

આથી સંબંધ ધરાવનારાં, તમામ કચ્છ રાજ્યનાં ખાતાંઓને જાણ કરવામાં આવે છે કે લખપત તાલુકાના ગામ ગુનેરી પાસેથી ખનીજ કોલસો કાઢવાની પરવાનગી મુન્દ્રાના ઠક્કર મુરારજી ગોકલદાસને કચ્છ રાજ્યના ગેઝેટના પુસ્તક ૭૨ અંક ૨૫માં આ ઓફીસની જાહેર ખબર તા ૪-૬-૪૫ વાળી પ્રસિદ્ધ થઇ છે તેને આધીન રહી આ ઓફીસના એમ ઓ. નં. ૩૪ તા. ૨૩-૬-૪૫ વાળાથી સંવત ૨૦૦૨ના અષાડ સુદ ૨થી સં ૨૦૦૨ના જેઠ વિદ ૦)) સુધીની આપવામાં આવી છે, માટે સદરહુ કોલસો કચ્છના ભુજ તાલુકા સિવાય બીજાં તમામ સ્થળોએ જમીન કે દરીઆ રસ્તે ઉપરની મુદ્દત સુધીમાં લઇ જવા કે લઇ આવવાની કોઇએ હરકત કરવી નહી.

P. K. Dave,
મિનરલ ઓફીસર.

મુંદરા મ્યુનિસિપાલીટિ

મું. મ્યુ જા. નાં ૪૭

આથી સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે મુન્દ્રા શહેર મધ્યે નદીવાલા નાકાથી ભુજ જવાના રસ્તા ભુખી નદી ઉપર લંબાઇ ફીટ ૭૫૦ તથા પહોળાઇ ફીટ ૨૦ની પાકી પાવડી આ નગરસભા હસ્તે બાંધવાની હોનાં તે કામ કરવા માટે ભાવ તથા કોન્ટીટી વિગેરેનાં ટેન્ડરો જેમણે આ કોન્ટ્રાકટ લેવાની ઇચ્છા હોય તેમણે ભાદરવા સુદ ૨ સુધીમા ટેન્ડરો ભરી આ ઓફીસે મેકલી આપવાં.

બાંધકામ સંબંધે સ્થાનિક જોવા માટે આ ઓફીસે પુછ પરછ કરવાથી સઘળી સગવડતા આપવામાં આવશે.

યેગ્ય મુદત દરમ્યાન ટેન્ડરો આવેથી નગરસભા તરફથી ઘટીત કરવામાં આવશે

શ્રાવણ સુદ ૧ બુધવાર શા ૨૦૦૨ તા. ૮-૮-૪૫

Jayantilal M.
સેક્રેટરી
મુંદરા નગરસભા.

Harilal Somji,
પ્રેસીડેન્ટ
મુંદરા નગરસભા.

બચત કરો

જાહેર જનતને

૧. નિયમિત જણ દીઠ ઓછામાં ઓછી દર માસે ૧) એક કોરી બચત, કરવાનો નિશ્ચય કરો.

૨. નાની બચત યોજનાનાં એજન્ટ મારફત ટીકીટ ખરીદતા રહો

૩. રૂપીઆ ૫/- પાંચની ટીકીટો એકઠી થાય એટલે ૧૨ વર્ષની મુદતનુ નેશનલ સેવિંગસ સર્ટીફીકેટ મેળવો.

૪. ૧૨ વર્ષે ૧½ દોઢ પટ રકમ મળશે રૂ. ૫/ થી ૫૦૦/ સુધી દરેક જણ આ યોજનામાં રોકી શકે છે વિશેષ માટે મળો: તમારા ગામના એજન્ટને

નાની બચત યોજના કચ્છ.

જાહેર સુચના.

નીચની ખાનગી જાહેર ખબરો વગેર છાપવાથી તમાંના હકીકતને શ્રી કચ્છ રાજ્યના જ્હાલી અગર તે મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

અબડાશા તાબે ગામ રેલડીઆ મંજલના રહીશ રેલડીયા ચીનુભા કુડધરજી આથી સર્વ લોકોને જાહેર કરૂં છું અમારા વડીલો પાર્જીત ગીરાશ વાશ ભેળા ભુગા તથા બીજા હકા ગામ રાયધણજર, નારણપુર વિંઝાણ તથા રેલડીયા મંજલમાં છે ગામ રેલડીયા મંજલનો હું ચોથો ભાગદાર છું મારા શાંભળવા પ્રમાણે મારા કાકા મુળુભા પુંજાજી મારી શગીર અવસ્થા લગાવી મારા વાલી તરીકે શહીઆ કરેછે પણ મારી ઉંમર તો વર્ષ પચીશ રૂપ ની છે માટે કોઇએ ઠગવું નહિ. તેમ ઉપર જણાવેલા ગામોમાંના મારા ગીરાશ ઉપર કોઇ પણ શખ્શે એ નીચે કે બીજી રીતે લેશે દેશે કે ભારણ કરશે તેની જવાબદારી મારી કે મારી મિલ્કતની નથી એમ આથી શમજવું

પ્રા. ચૈત્ર વદ ૭ ગુરૂ સાં. ૨૦૦૧

રેલડીઆ ચનુભા કુરધરજીના
સહી દ્વારા પોતાના

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ ગોધરાના શા વેલજી વીરજી તરફથી મળેલી સુચના મુજબ આથી સર્વ લોકોને જાણ કરવામાં આવેછે કે ગામ ગોધરાના પટેલ ફલીયામાં શા નરસી હીરજીની વડીલો પાર્જીત જગ્યા વેચાણ લેવાનો અમારા અસીલે સોદો કરેલ છે મજકુર જગ્યા પર કોઈનું ગીરાશથી, વક્ષીશથી, વેચાણથી વરસાથી ભરણ પોષણથી કેજમેન્ટથી કે બીજી રીતે કોઇનો હક્ક હીસો કે ઇલાખો હોય તેમણે આ જાહેરનામુ પ્રસીધ્ધ થયાથી રોજ ૧૫ ની અંદર પોતાના જે કાંઇ આધારો હોય તે સહીત અમારી ઓફીસે જાહેર કરી સાબીત કરી આપવા જો તે પ્રમાણે મુદતની અંદર કોઈ તરફથી કાંઇ જાહેર નહિ થાય તો કોઇનો કાંઇ હક નથી એમ ગણી પાકો દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેવામાં આવશે ત્યાર બાદ આ જગ્યા અંગે કે મારા અસીલ પર તેની કશી જવાબદારી રહેશે નહિ તેની સર્વ લોકોએ નોંધ લેવી.

કચ્છ માંડવી (રૂપશંકર ગણપતરામ મેહેતા
૨૦૦૧ના અશાડ વીદ ૬ ગુરૂ)
શા વેલજી વીરજીના વકીલ

ખાનગી જાહેર ખબર

હું ધોન્ડુરાવ ગણપત ભોંસલે આથી જાહેર જનતાને આ જાહેર નોટીશથી ખબર આપું છું કે કચ્છ મધ્યે ધી કચ્છ ઓટોમોબાઇલ્સનાં નામે જે ધંધો ચાલતા હતો તે સાથે હવે મારો કશો સબંધ રહ્યો નથી મેં મારા ભત્રીજા ભોંસલે સદાશિવરાવ અપ્પાજીરાવને તેનો કબજો સોંપી આપેલ છે હવે એ ધંધા સાથે અગર ભોંસલે સદાશિવરાવ અપ્પાજીરાવ સાથે કાંઈ પણ લેવા દેવી કરશે તો તે અંગેની મારી કશી જવાબદારી નથી.

શાં. ૨૦૦૨નાં અશાડ વીદ ૦)) ભોમવાર તા. ૭–૮–૪૫.

D. G. B.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર ગામ કુનરીયાના તે હાલે ભુજમાં રહેતા કાપડી રામજી શામજી આ નોટીસથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા તથા મારા સાસરીઆ અને તેના પક્ષવાળાને ખબર આપું છું કે કાપડી ગોવીંદરામ રવિદાસ ગામ ધ્રંગવાલાની દીકરી વાલબાઇ મારી કાયદેસરની પરણેતર ઓરત છે મારી તે ઓરતે મને મહાવ્યથા કરેલ તે બદલ તેણી હાલે

"(j)" Offer to sell" shall be deemed to include a reference to an intimation by a person of the price proposed by him for sale of a spare part, made by the publication of a price list, by exposing the spare part for sale in association with a mark indicating price by the furnishing of a quotation or otherwise howsoever".

(3) After clause 19, the following new clause shall be inserted:-

"19A. Where any spare part is sold, offered for sale or othersise disposed of in contravention of any of the foregoing clauses, by a registered dealer, an approved sub-dealer, or any other person dealing in spare parts through any

person employed by him, or acting on his behalf, such person and also, unless he proves that he exercised due deligence to prevent such contravention, the registered dealer, approved sub-dealer or any other person dealing in spare parts, as the case may be, and any person, having charge on behalf of the registered dealer, approved sub-dealer or any person dealing in spare parts of the place where the contravention occurred shall be deemed to have contravened the said provision or provisions of this Order".

Dewan's Office,
Bhuj, 1st November 1945.

S. K. Nayampalli,
Dewan of Kutch

ઠરાવ: હ. ઓ. નં. ૩૦૮ ૧૯૪૫

રા. રા. ગંગાજી લધુમાઈની સંતોષકારક મજાગીરી નજરે ખાસ મહેરબાની કરી ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબે તેમના ચેડનો પુગ પગાર રૂા. ૩૫૦ સંવત ૨૦૦૨ ના આસો શુદ ૩ થી કરી આપવા કૃપા જાયું ફરમાન કર્યું છે.

મીતી – કારતક શુદ ૩ બુધવાર શાં. ૨૦૦૨.

તા: ૭-૧૧-૪૫.

S. K. Nayampalli.
દિવાન-કચ્છ.

ઠરાવ હ. ઓ. નાં ૩૧૦

મી. અમરસીંહ જણાભાઈ કોટાને માસીક રૂ. ૧૫૦ એકસો પચાસના પગારથી તા: ૭ મી નવેમ્બર ૧૯૪૫ના રોજથી બાર માસના પ્રોબેશન પર પોલીસ ઇન્સ્પેક્ટરની જગ્યાએ નીમવામાં આવે છે.

એમને કન્વેન્સ એલાઉન્સ તરીકે માસીક રૂા. ૨૫ પચીસ તથા એરીયા ભાડાં માટે માસીક કોરી ૩૦ ત્રીસ લેખે મળશે.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.

જયુડીસીયલ બ્રન્ચ,
તા. ૭-૧૧-૧૯૪૫

S. K. Nayampalli,
Dewan of Kutch.

હ. ઓ. નાં. ૩૧૩ ઠરાવ

નાંગ્રેચાના જાડેજા વેરસલજી નોંધણજીને માસીક કોરી ૩૦૦ ત્રણસેના પગારથી એક વર્ષ માટે જાડેજા કોર્ટના મેમ્બર તરીકે નીમવામાં આવે છે.

એમને હાલ માસીક કોરી ૧૫૦ એકસો પચાસ શ્રી રાજ્યમાંથી નીમનેક તરીકે મળે છે તે સહરહ પગાર ઉપરાંત એમને મળવાનો જારી રહેશે.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.

કારતક શુદ ૪ બુધવાર શાં ૨૦૦૨.

પોલીટીકલ બ્રેન્ચ,
તા. ૮-૧૧-૪૫.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

ઠરાવ. હ. ઓ. નં. ૩૨૬

રેવન્યુ ખાતેથી થઇ આવેલ ભલામણ નજરે ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબના ફરમાનથી નીચે પ્રમાણે ઠરાવ કરવામા આવે છે.

૧. રેવન્યુ કામગીરી માટે કચ્છ રાજ્યના ૩ વિભાગ પાડવામાં આવે છે.
પશ્ચિમ વિભાગ, મધ્ય વિભાગ. પૂર્વ વિભાગ.

૧. પશ્ચિમ વિભાગમાં માંડવી નખત્રાણા અબડાસા તાલુકાઓ. આ વિભાગનું હેડકવાટર્સ નલીયા રહેશે.

૨. મધ્ય વિભાગમાં ભુજ, ખાવડા, નખત્રાણા અને મુંદરા. આ વિભાગમાં હેડકવાટર ભુજ રહેશે.

૩. પૂર્વ વિભાગમાં રાપર અને ખડીર તથા ભચાઉ અંજાર એ તાલુકાઓનો સમાવેશ થશે અને તેનું હેડકવાટર્સ હાલે ભચાઉ રહેશે, પરંતુ ભચાઉમાં ઓફીસ તથા રેણાક વગેરેની સગવડ થતાં લગી આ વિભાગનું હેડકવાટર્સ અંજાર રહેશે.

૨. ઉપરના ત્રણે વિભાગ પૈકી રા. રા. બાલમુકંદ માણજી મહેતાને આસીસ્ટંટ રેવન્યુ કમીશ્નર પૂર્વ વિભાગ, રા. રા. કેપ્ટન રાજકુમાર રસકુમાર સાહેબને આસીસ્ટંટ રેવન્યુ કમીશ્નર મધ્ય વિભાગ તથા રા. રા. પ્રભુલાલ ત્રિભોવનને આસીસ્ટંટ રેવન્યુ કમીશ્નર પશ્ચિમ વિભાગ એ રીતે નીમવામાં આવે છે.

૩ દરેક આસીસ્ટંટ રેવન્યુ કમીશ્નરને કાયમી ટૂરીંગ એલાઉન્સ તરીકે માસીક કોરી ૩૦૦ ત્રણસો આપવાનું ઠરાવવામાં આવે છે. શ્રીરાજ્ય તરફથી ઘોડાગાડીમાં ઘોડો અગર સીગરામ બળદે સહીત અથવા કિંઠ તેમની માગણી પ્રમાણે ફેરણી માટે આપવામાં આવશે. આ વાહનો નીભાવવાનું ખર્ચ તેમણે મળતા એલાઉન્સમાંથી આપવાનું રહેશે.

૪. નજીકના મુકામે ઓફીસ તથા રહેણાક માટે મકાન બાંધવા સંબંધી આખરી નીરણય થતાં લગી ઓફીસ તથા રહેણાક માટે યોગ્ય ભાડેથી મકાન રાખી લેવા ભલામણ મુકામે આ પ્રકારની સગવડ માટે રા. રા. રેવન્યુ કમીશ્નર સાહેબે જરૂરીયાત મુજબ ભલામણ કરવી તે પ્રમાણે મકાનો તૈયાર થતાં લગી હેડકવાર્ટર અંજારમાં રહેશે.

કારતક સુદ ૪ ગુરૂવાર શા. ૨૦૦૨

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

તા. ૮-૧૧-૪૫.

ઠરાવ

હુ. ઓ. નાં ૩૨૫

ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબના ફરમાનથી રા. રા. બહેરાશા હોરમસજી બોટવાલાને કોરી ૬૫૦-૫૦-૮૫૦ ના ગ્રેડમાં કોરી ૬૫૦ ના પગારથી કસ્ટમ ઓફીસમાં ઓફીસ સુપ્રીન્ટેન્ડેન્ટ નીમવામાં આવેછે.

ઓફીસ સુપ્રીન્ટેન્ડેન્ટનો દરજ્જો, હોદો તથા ગ્રેડ માત્ર રા. રા. બોટવાલાના માટે અંગત છે એમ સમજવું.

ઉપર મુજબ પગાર તેમને તા: ૧ લી ઓકટોબર ૧૯૪૫ ના રોજથી અપાવવો.

મીતી-કારતક શુદ ૬ શનીવાર સં. ૨૦૦૨

તા:-૧૦-૧૧-૪૫

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

ઠરાવ.

હુ. ઓ. નાં. ૩૨૨

કચ્છના દિવાની કાયદા ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૨૨૪ પછી નીચે પ્રમાણેની કલમ $\frac{૨૨૪}{અ}$ તરીકે ઉમેરવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઈ બહાદુરનું ફરમાન થયું છે:-

$\frac{૨૨૪}{અ}$ ૧. કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ આપવા સંબંધનું હુકમનામું નહી હોય એવું કોઇ હુકમનામું બજાવવા માટે તામીલ દરખાસ્ત કરવામાં આવેલી હોય ત્યારે.

ક: જે હુકમનામું બજાવવા માંગણી હોય તે હુકમનામાંની તારીખથી, અગર-

ખ: કોઇ અમુક તારીખે મિલકત સ્વાધીન કરવાનું અગર જુદી જુદી તારીખોએ પૈસા આપવાનું તે હુકમનામામાં અગર ત્યારપછી કરેલા કોઇ હુકમમાં ફરમાન હોય ત્યારે સદરહુ મિલકત સ્વાધીન કરવા માટે જે તારીખ ઠરાવેલી હોય અગર સદરહુ પૈસા આપવા માટે જે જે તારીખ ઠરાવેલી હોય તે તારીખથી બાર વર્ષ પુરાં થયા પછી કોઇપણ નવા તામીલ દરખાસ્ત ઉપરથી મુદતના કાયદામાં ગયે તેમ ઠરાવેલું હોય તો પણ તે હુકમનામું બજાવવા વિષે કોઈ હુકમ કરવો નહીં.

૨. જો હુકમનામાંના દેણદાર તરફથી, હુકમનામાંવાળાએ હુકમની બજાવણી કરવા માટે જે તારીખે, તામીલ દરખાસ્ત કરેલ હોય તે તારીખથી સતત બાર વરસ પહેલાંની મુદતની અંદર કોઈપણ વખતે, કોઈપણ પ્રકારના કપટ અગર સખ્તીથી, તે હુકમનામાંની બજાવણી કરવા દેવામાં અટકાયત કરવામાં આવેલી હોય તો ઉપરની પેટાં કલમ ૧ માં જણાવ્યા મુજબ જો બાર વરસની મુદત વ્યતીત થઈ ગએલી હોય તો પણ સદરહુ હુકમનામાંની બજાવણી કરવાનો હુકમ કરવામાં સદરહુ પેટાં કલમ ૧ નો બાધ આવશે નહીં.

ખુલાસો ૧—. હુકમનામાંની તારીખ એટલે કે મુળ કોર્ટ તરફથી જે તારીખે હુકમનામું થએલ હોય તે તારીખ, પરંતુ જો કોઇ હુકમનામાં વિરૂધ્ધ અપીલ અગરતો રીવીઝન અરજી થએલ હોય તો તેવા પ્રસંગે તે અપીલ કે રીવીઝન અરજી રીતસર દાખલ થઈ તેનો અપેલેટ કોર્ટ તરફથી આખરી નિકાલ થાય તે નિકાલની તારીખ સમજવાની છે.

ખુલાસો ૨—. અ—જેના લાભમાં હુકમનામું થયું હોય તે શખ્સ હુકમનામાંની તારીખે સગીર,—દીવાનો—અગર ગાંડો હોય તો તેની તેવી અસમર્થતા દુર થાય તે તારીખથી ઉપર જણાવેલી મુદત શરૂ થશે.

બ:— જો તેવા શખ્સની, ઉપરે 'અ' માં જણાવ્યા પ્રમાણેની કોઈ બે પ્રકારની અસમર્થતા હોય અથવા તેની એક પ્રકારની અસમર્થતા દુર થતાં પહેલાં બીજા પ્રકારની અસમર્થતા લાગુ થાય તો છેવટની અસમર્થતા દુર થાય તે તારીખથી આ કલમ મુજબની મુદત શરૂ થશે.

ક:— જો કોઇ શખ્સની ઉપર દર્શાવેલ અસમર્થતા તેના મરણ સુધી ચાલુ રહે તો તેના કાયદેશરના વારસ (legal representative) તરફથી તેનાં મરણ બાદ આ કલમમાં દર્શાવેલ મુદતની અંદર તામીલની બજાવણી કરવા અરજ થઇ શકશે.

ડ—. જો મરણની તારીખે ઉપરે 'ક' માં દર્શાવેલ મરનારના, કાયદેસરના વારસને સદરહુ પ્રકારની કોઇપણ અસમર્થતા હોય તો તેવા પ્રસંગે આ ખુલાસાના 'અ' અને 'બ' ના નિયમો લાગુ પડશે.

ખુલાસો:— ૩. અ: ૧. કોઇ શખશ કે જે, જો તે જીવતો હોત તો હુકમનામાંની બજાવણી કરાવવા વાસ્તે તામીલ દરખાસ્ત કરવાનો હકક હોત, તે જો તે હકક, તેને પ્રાપ્ત થયાં પહેલાં મરણ પામે તો તે હુકમનામાંની બજાવણી કરાવવા વાસ્તે તામીલ દરખાસ્ત કરવાને સમર્થ એવો તે ગુજરનારનો કાયદેશરનો વારસ અસ્તિત્વમાં આવે ત્યારથી મુદત ગણવી.

૨. કોઇ શખશ કે જે, જો તે જીવતો હોત તો તેના સામે કોઇ હુકમનાંમાંની બજાવણી કરાવવા વાસ્તે તામીલ દરખાસ્ત કરવાનો હક્ક પ્રાપ્ત થયો હોત, તે જો તેવો હક્ક પ્રાપ્ત થયા પહેલાં મરણ પામે, તો જેની સામે હુકમનાંમાંની બજાવણી કરાવવા વાસ્તે તામીલ દરખાસ્ત કરી શકાય એવો કોઇ તે ગુજરનારનો કાયદેશરનો વારસ અસ્તિત્વમાં આવે ત્યારથી મુદત ગણવી.

બઃ જે હુકમનાંમાંની બજાવણી કરાવવાની હોય તે હુકમનાંમાં પર જો કાયદેશરનો જપ્તીનો હુકમ હોય તો તેવા પ્રસંગે જેટલી મુદત સુધી તેવો જપ્તીનો હુકમ ચાલુ રહયો હોય તેટલી મુદત બાદ ગણવી.

કઃ હુકમનાંમાંની બજાવણી કરાવવા વાસ્તે ઠરાવેલી મુદતની ગણત્રી વખતે, જો હુકમનાંમાં વાળાએ હુકમનાંમાંના દેણદાર વિરૂધ્ધ હુકમનાંમાંમાં દર્શાવેલ મિલકત કે હક્ક સબંધમાં કોઇપણ દીવાની કોર્ટમાં કોઈપણ અન્ય દાવો કે અરજી ચલાવેલ હોય તો તેવા પ્રસંગે જેટલો વખત સુધી તેવો દાવો કે અરજી હુકમનામાંવાળાએ શુધ્ધ બુધ્ધિથી તેમજ યોગ્ય તત્પરતાથી ચલાવેલ હોય તેટલો વખત બાદ કરવો.

૪. અ આ કલમ, તે શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી છ મહીના બાદ અમલમાં આવશે.

બઃ આ કલમ અમલમાં આવ્યાની તારીખ વખતે જે હુકમનાંમાંઓની બજાવણી વાસ્તે આ કલમ અમલમાં મુદતનો બંધ લાગી ગએલ હશે તેવાં હુકમનાંમાંઓ પૈકી રમોલ કોઝ કોર્ટનાં હુકમનાંમાં આ કલમ અમલમાં આવ્યાની તારીખથી બાર માસની અંદર અને તે સિવાયનાં હુકમનાંમાંઓની ત્રણ વરસની અંદર બજાવણી કરાવી લેવી.

કઃ આ કલમ અમલમાં આવ્યાની તારીખ વખતે જે હુકમનાંમાંઓની બજાવણી વાસ્તે આ કલમ પ્રમાણે ઠરાવેલી મુદત મુજબ જો કાંઇ મુદત બાકી રહેલ હશે તો જો તેવી બાકી રહેલ મુદત ત્રણ વરસથી વિશેષ હશે તો હુકમનાંમાંવાળાએ તે બાકી રહેલ મુદતની અંદર તામીલની બજાવણી કરાવી લેવી અને જો તે બાકી રહેલ મુદત ત્રણ વરસથી ઓછી હશે તો તેવા પ્રસંગે હુકમનાંમાંવાળાએ આ કલમ અમલમાં આવ્યાની તારીખ બાદ ત્રણ વરસની અંદર તામીલની બજાવણી કરાવી લેવી.

કારતક શુદ ૬ શનીવાર શાં. ૨૦૦૨ તાઃ ૧૦-૧૧-૪૫

S. K Nayampalli.
દિવાન-કચ્છ.

જ્યુડીશીયલ બ્રેન્ચ,
દિવાન ઓફીસ.

556

ઠરાવ

જ્યુ. જા. નાં. ૩૧૮

ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે કે રા. નુરમામદ આઈ. ચાનીયાને હાલે એક વર્ષ માટે સ્કાઉટ ઓર્ગેનાઇઝર તરીકે માસીક કોરી ૨૦૦ બસો પગાર આપવો.

રા. નુરમામદને ભાડું ભથુ કોરી ૨૦૦ ના પગાર પર મળશે

તેમનું લીયન હાલે છે તેમ મહારાણીશ્રી ગંગાબા મીડલ સ્કુલ ખાતે રહેશે અને જ્યારે તેમને મીડલ સ્કુલમાં પાછા જવાનો પ્રસંગ આવે ત્યારે તેમના મીડલ સ્કુલમાંના ગ્રેડ ઉપર મળવા પાત્ર ઈન્ક્રીમેન્ટસ મુજબ જે પગાર મળી શકે તે પગાર ઉપર પાછા જવાનું થશે.

કારતક શુદ ૮ સોમવાર શાં. ૨૦૦૨.

તા: ૧૨-૧૧-૪૫.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

જ્યુ. જા. નં. ૩૧૯ ઠરાવ

અંજારની અન્જુમને હિમાયતુલ ઇસ્લામ સંસ્થા હસ્તે ચાલતી સ્કુલ તથા મદ્રેસા બંન્ને માટે માસીક કોરી ૧૦૦ એકસો લખે ત્રણ વરસ સુધી આન્ટ-ઇન-એઇડ આપવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયુ છે.

કારતક સુદ ૭ સોમવાર સં. ૨૦૦૨ તા. ૧૨-૧૧-૪૫

S. K. Nayampalli,
દીવાન-કચ્છ

T. O. No. 2036 of 1946

Technical Branch,
Dewan's Office,
Bhuj, 15th Nov. 1945

ORDER

In notification of para 4 of the order T. O. No. 29 of 1945 dated 11/13th July 1945, the following prices are fixed for matches manufactured by the Cutch Match Works:-

	Maximum Price per gross	Maximum Retail price per box
Match box containing 40 sticks each.	13½ Krs	2½ Dokadas

S. K. Nayampalli,
દિવાન.

જાહેર ખબર પો. અ. જા. નં. ૧૩૪

એજન્સી તરફથી નં આર એમ/ ૩-૧ તા ૨૭-૧૦-૪૫ વાળો એકસ્પ્રેસ લેટર અત્રે આવેલછે તેમાં જણાવેછે કે સિલોને કલકતામાંથી દરિયાઈ તેમજ હવાઈ વ્યવ્હાર દ્વારા આવનારાઓ પરત્વે શીતળાને લીધે મુકેલ કવોરન્ટાઈનનો પ્રતિબંધ દૂર કર્યોછે

ઉપર પ્રમાણેના ખબર સર્વ મુસાફરોની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેછે

તા ૬-૧૧-૪૫

J. J. Ashar,
નાયબ દીવાન કચ્છ.

નાં. ૧૭૭૩ સને ૧૯૪૫ જાહેરાત.

એજન્સી એકસપ્રેસ લેટર નાં ડી/૪૦-૪ ડબલ્યુ તા. ૨૫-૧૦-૪૫વાળા સાથે અત્રેના ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીઆ કોમર્સ ડીપાર્ટમેન્ટની તા. ૨૫-૯-૧૯૪૫ વાળી પ્રેસ કોમ્યુનીક અહીં આવતાં તે કોમ્યુનીક જાહેર જનતાના જાણ માટે આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા. ૯-૧૧-૪૫

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

PRESS COMMUNIQUE.

ENEMY TRADING and ENEMY PROPERTY REGULATIONS STATUS OF BELLIGERENT EUROPEAN COUNTRIES.

The Central Government have issusd a notification under the Defence of India Ruler declaring belligerent countries in Europe namely Germany including Austria and Memel, Italy(including Sicily and other Islands under her sovereignty) and Albania, Hungary, Bulgaria, Finland and Rumania as enemy territories for purposes of enemy trading and enemy Property regulations. It is accordingly an offence under the said rules to carry on any commercial, financial or other intercourse or dealings with persons and concerns in those countries. Business correspondance restricted to ascertaining facts and exchanging infosmation is, however, permissible with these countries excepting Germany Austria and Memel, Hungary and Albania.

Commerce Department.

New Delhi, September 22, 1945.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી હજુર કોર્ટ

ન. ખા. દી. રે. અપીલ નંબર ૧૩૪ સંવત ૨૦૦૨

ઠા. વલભજી ભાણજી રે. અંજાર — અપેલન્ટ

ઠા પુરૂશોતમ ઉર્ફે કાકુ મુળજી વીગેરે અંજાર — રીસ્પોન્ડન્ટ

બાબત

મુદત દોષ માફ થતા બાબત

અંજારનાં ઠા. પુરૂશોતમ ઉર્ફે કાકુ મુલજી ને ખબર આપવામા આવે છે કે આ કામે ઉપરના અપલેટે આ કોર્ટમા અપીલ કરેલી છે તેનો તપાસ સંવત ૨૦૦૨ ના કારતક વીદ ૧૧ સુક્રવાર ને રોજ આ કોર્ટમા થશે ને રોજ તમારે જાતે અથવા કાયદાપર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટનાં ટાઇમે હાજર રહેવું નહીં તો કાયદેસર થશે.

તમારી આજ સુદ ૬ સોમવાર સંવત ૨૦૦૨

Bihari'al. N. Mehta
મે. જયુ. આસી. સાહેબના હુકમથી
શિરસ્તેદાર હજુર કોર્ટ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.

શ્રી હજુર કોર્ટ

ન. ખા. દી. રે. અપીલ નંબર ૧૧૨ સંવત ૨૦૦૧

માંડવી છોટી સ્થાનકનાં વૈશ્ય કરનાર દોશી હંસરાજ કચરાભાઈ વીગેરે રે. માંડવી — અપેલન્ટ

લોહાર લક્ષ્મીદાસ વીશનજી નાં વારસ પુત્રો લોહાર કાન્તીલાલ લક્ષ્મીદાસ વીગેરે રે. માંડવી — રીસ્પોન્ડન્ટ

બાબત

શ્રી હરિજ કોર્ટનો ઠરાવ રદ થવા દવા વાલી મિલકત નો કબજો માલીકી અમરો ઠરાવવા બાબત

માંડવીનાં લોહાર વેલજી લક્ષ્મીદાસ ને ખબર આપવામાં આવેછે કે આ કામે ઉપરના અપેલન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેનો તપાસ સંવત ૨૦૦૨ ના કારતક વીદ ૦)) બોમવાર ને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાપર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટનાં ટાઇમે હાજર રહેવું નહીં તો કાયદેસર થશે

તારીખ આજ સુદ ૧૨ સુક્રવાર સંવત ૧૦૦૨

Biharilal. N. Mehta
મે. જયુ. આસી. સાહેબના હુકમથી,
શિરસ્તેદાર હજુર કોર્ટ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

શ્રી જાડેજા કોર્ટ

તા. ખા. નં. ૧૬૬-૧૬૭ ૧૬૮-૧૬૯
૨૦૦૧ના બીજ ચૈત્ર વીદ ૮ શનેડે
દી. તા. કે. નં. ૨૬ સંવત ૧૯૯૭

શા ભાનજી હરજણ મેનડે — વાદી

શા લખમશી માલશી વારશો શા કેશવજી લખમશી ગુજરી જતાં તેના વારશ શા છગન કેશવજી વીગેર બેરાજા હલ મુંબઇ — પ્રતિવાદી

બજારથી દાવો-રૂ. ૨૫૦-) સેમે ચડેલ હપ્તાઓ મલવા

શા કેશવજી લખમશીના વારશો નીચે લખ્યા મુજબ રહેવાશી બેરાજાના તે હાલે મુંબઇનાને ખબર આપવામાં આવે છે કે તમારા પીતા વીગેરે ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર ૧૬ વાળો સંવત ૧૯૯૬ના ફાગણ સુદ ૪ બોમેના રોજે આ અદાલતમાં થયેલ છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રા. નં. ૧-૨-૩ વાલા રૂ. ૨૫૦૦૦) શવર્ત્તા મુકદમા ખર્ચ સહીત વાર્ષિક રૂ. ૨૦૦) ના હપ્તાથી આપવાનું અને પડુસો હપ્તો શાં ૧૯૯૭ના પોશ સુદ ૩ ના રોજ આપે તે પછી દર વરશે એ તારીખે આપતા જાય જો પાંચ હપ્તા એકી વખતે ચડી જાય તો વાદી તે વખતે બાકી રહેતી બાકી રકમ એક શામટી વસુલ કરે.

તમારા પીતા ચાલતા કામે ગુજરી જતાં તેના વારશો તમો હોઇ તમારા પમેથી તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીસ પોચેથી રોજ ૩૦ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિંતો કાયદા પ્રમાણે મુદત પ્રતે તકાદો કરવામાં આવશે.

૧ શા છગન કેશવજી ૨ શા વીશનજી કેશવજી
૩ શા ઉમરશી કેશવજી ૪ શા મગનલાલ કેશવજી
સંવત ૨૦૦૨ના કારતક સુદ ૩ સુમવાર મુ ભુજ

પરશોતમ શીવજી,
મે. પ્રેસીડેન્ટ જાડેજા કોર્ટના હુકમથી નાજર.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.
શ્રી વરીષ્ટ કોર્ટ
નખત્રાણા કોર્ટના ફેસલાપર
દો. ૫ અપીલ નંબર ૧૬૪ સંવત ૨૦૦૧
સમન નંબર ૧૯૯
ઠા. નારાણજી પરસોતમ ગઢવીના-મુળ અપીલ કરનાર
કણબી દેવા તી ધનજી વગેરે-વડવા મુળ જવાબ દેનાર
કલમ ૯૧-૯૮ મુજબની ફરીયાદ કાઢી નાંખવા
નો ઠરાવ રદ થવા બાબત

વડવાના રાઠોડ કેશવજી બીસજી જત આ અપીલે દે આ કોર્ટમાં અપીલ કરી છે વાસ્તે તમને ફરમાવવામાં આવેછે કે એ અપીલની ચેકસી સવત ૨૦૦૨ માગશર સુદ ૪ ને શનીવારને રોજે થશે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાતનામાં સહીત સવારના ૧૧ વગાથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહી રહો તો અપીલનો એક તરફો ફેસલો કરવામાં આવશે

મિતી આસો વદ ૪ ગુરૂ સંવત ૨૦૦૨

જયસુખલાલ દુલભદાસ.
મે. આસી. જજ. વરીષ્ટ કોર્ટના હુકમથી

જાહેર ખબર

વ. દી. જા. ના. ૨૮૬૩

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ગુદાળાના રાજગોર મમીબાઇ રાગવજીએ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે રાજગોર રાગવજી વીશનજી આરા પિતા થાય અને તેઓ શા. ૧૯૮૨ ના અશાડ સુદ ૧૫ ના રોજે ગાય કરાદી મર ગુજરી ગયા છે. તેમનો પુત્ર કે બીજો કોઇ વારસ સારા સિવાય મુકી ગયા નથી આંક ૧ ઉપર જત ખેત ખેત્ર જે ધનાકના કબ્જામાં છે. તથા બીજા ઠામો વાડો તથા ખંડેર તથા ખેતર જુસબાઇ છે. તે ધનાકે. ને કબ્જે છે. તેની કાયદેસર વારસ હું હોઇએ ઠામો ની વ્યવસ્થા માટે આ વ્યવસ્થા પત્રની માગણી કર્ય છું.

મારા પિતાના સગાઓના નામો અરજીમાં બતાવેલ છે. તેના ઉપર નોટીશ થવા અરજ છે.

માટે મહેરબાની કરી આ અરજદારણ રાગવજી વીશનજી રાજગોરની કાયદેસરની વારસ હોઇ અને તેણીને ઉપર જણાવેલી મિલકતનો વારસો આ અરજદારણને પહોંચતો હોઇ સદરહુ લીષ્ટમાં જણાવેલી મિલકત બાબતમાં વ્યવસ્થા પત્ર મળીવા અને વ્યવસ્થા કરી શકે તેવો દયા ભરેલો હુકમ ફરમાવશો.

આ શબધમાં કોઇની કાંઇ તકરાર કે વાંધો હોયતો તેણે સા. ૨૦૦૨ ના કારતક વીદ ૪ સુકરવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું અને તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહિ આવે તો મુદત વીતે અરજદારે માંગેલ વ્યવસ્થપત્ર તેને આપવા વીશે ધરીત થતાં પાછળથી કોઇનો કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહિ.

શ્રી ભુજ વરિષ્ટ કોર્ટ કચ્છ.
આસુ વીદ ૭ શનીવાર શા. ૨૦૦૨ તા. ૨૬-૧૦-૪૫

શાવાદલાલ લક્ષ્મીલંકર,
મે ચીફ જજ વરિષ્ટ કોર્ટના હુકમથી.

જાહેર ખબર

વ. દી જા. ના. ૨૮૬૪

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે માંડવીના ઠા. દુલભદાસ અમજી ગુજરી જતાં તેનાં વારસ પુત્રો બાલકૃષ્ણ તથા વીજયકુમાર થગીરનાં વાલી મતાજી બપી એ આ કોર્ટ પાસે એવી અરજ કરેલછે કે અમારા પીતા દલભીદાસ અમજી માંડવી મધે શાં ૨૦૦૧ ના ચોત્ર ચૈત્ર સુદ ૧૦ શનીવારના રોજે ગુજરી ગયા છે તેની પાછળ એક વીધવા બાલ પુત્રો તથા પાંચ પુત્રીઓ મુકતા ગયાછે અને જેમાં મોટા પરશોતમ અમરો ઓરમાનભાઇ થાય તે અમારા પીતા ગુજરવા પછી જુદો થઇ ગયેલછે. એટલે અમારા પીતાની મીલકતના વારસ અમો બે ભાઇઓછીએ

અમો બે ભાઇઓ અનુક્રમે ઉમર વરસ ૯ તથા ઉમર વરસ ૭ના છીએ અને તે અમારા માતાજી બપી બર્ષ સાથે રહીએ છીએ અને તે અમારા વાલી છે અમારા પીતાના જુદીજુદી કંપનીઓમાં શેરોછે તથા માંડવી પોસ્ટ ઓફીસ સેવીંગ્સ બેન્ક એકાઉન્ટમાં તથા માંડવી પોસ્ટ ઓફીસ ડીફેન્સ સેવીંગ્સ બેન્ક એકા. ઉન્ટમાં રકમો જમાછે તે અમારા પીતા ગુજરી જતાં તેના અમો વારસ હોઇ તે રકમ પરીક્ષીત થતાં બતાવેલ રા. ૬૨૬૮ ૪-૦ એળવા તથા અમારા નામ પર ટ્રાન્સફર કરાવવા વારસા શર્ટીફીકેટની જરૂરછે માટે વારસા શર્ટીફીકેટ અપાવવા કૃપા ભર્યો હુકમ ફરમાવશો તથા ઓરમાન ભાઇ પરશોતમ તુલશીદાસ શબધીમાછે તેમના ઉપર નોટીશ કઢાવવા અરજ છે

આ શબધમા કોઇની કાંઇ તકરાર કે વાંધો હોયતો તેણે શા. ૨૦૦૨ ના કારતક વીદ ૫ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું અને તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવે તો મુદત વીતે અરજદારે માંગેલ વારસા શર્ટીફીકેટ તેને અપાવવા વીશે ધરીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી

મુ. લુણનગર વરીષ્ટકોર્ટ કચ્છ
આસુ વદ ૭ શનીવાર શાં. ૨૦૦૨ તા. ૨૭-૧૦-૪૫

સવાઇલાલ લક્ષ્મીશંકર
મે. ચીફ જજ વરીષ્ટ કોર્ટના હુકમથી

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.
નાં. ૧૬૬
શ્રી અંજાર અદાલત.
ખા. ફી. તામીલ કાયમ નાં. ૧૮ શં. ૨૦૦૨
ખોજા જેનાંબાઇ મનજી રે. હાલે હોઇ — વાદી
ખોજા હુસેન કાસમ – વિ. સીનોગરા „ પ્રતિવાદી
તામીલ થવા બાબત.

નીચે લખ્યા રૂપળ મધ્યે નીચે લખ્યા નામ વાળા શખ્સોને માલુમ થાય જે આ વાદીએ શા. ૨૦૦૧ના વૈસાખ સુદ ૧૪ ના રોજે થયેલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૪૧૨) તથા રા. ૧૧૦૬।।। તથા મુદલ પર ચડતું મળવાનાં તામીલ દરખાસ્ત રજુ કરેલ છે. માટે આ નોટીશ છપાયાની રોજ ૩૦ મા વાદીની તામીલ બજવણી કરાવી નહીતો કાયદેશર થશે.

મિતી કારતક સુદ ૨ બોધે શા. ૨૦૦૨

૧. ખોજા ગુલામઅલી કાસમ જંગબાર
૨. ખોજા રજબઅલી કાસમ બરાર
૩. ખોજા અબ્દલા કાસમ કુચી
૪. ખોજા શેરઅલી કરીમ કાસમ લુંગાન્ગા
૫. ખોજા હસનઅલી કરીમ કાસમ લુંગાન્ગા
૬. ખોજા રૂસ્તમઅલી કરીમ કાસમ અગીરના વાલી મોટા ભાઇ શેરઅલી કરીમ કાસમ લુંગાન્ગા

કાંન્તીલાલ મોહનલાલ,
અંજાર ન્યાયાધીશ સાહેબના હુકમથી.

જાહેર નોટીસ.

મુ. ન્ય જા. નાં. ૪૪
શ્રી મુન્દ્રા અદાલત

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે રા. મુન્દ્રા મ્યુનિસિપાલ પ્રેસીડેન્ટ સાહેબની યાદ નાં. ૧૮૪ વાળાથી મોટરકર ૧ „ટેમ્પો„ યોગ્ય વ્યવસ્થા થવાસાટે અહિં અવેલછે તેનું જાહેર ચડાખડીથી લીલામ કરતાં તેની કીમત કોરી ૧૦૨૫ એક હજાર એકસો પચીશ અહિંના રોજમેળ પાને ૩૨ અનમત જમા કરવામાં આવીછે તેકમ પર જો કોઇ હક શખવા મગતો હોય તે તેણે છ મહીની અંદર આ કોર્ટમાં હાજર થઇ ખાત્રી પુરાવો આપવા અરજ કરવી નહિતેર મુદત વીતે કાયદેશર કરવામાં આવશે

કારતક સુદ ૩ બુધે શાં. ૨૦૦૨

Narottam. D. Mehta
મુન્દ્રા ન્યાયાધીશ

મહારાજા ધિરાજ ધિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.
નંબર ૫૦૯.
શ્રી ભચાઉ દીવાની કોર્ટ.
ઠ. ધનજી લખમશી ચોબારી વાદી
નોડે સાલેમામદ મીઠા સીંધ પ્રતીવાદી
દાવો લેણાનો.

સીંધ મધ્યે નોડે સાલેમામદ મીઠાને માલુમ થાય જે વાદીએ કરેલ દાવા ના જવાબ આપવા માટે આ સમન્સ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર તમે જાતે અગર મુ. કે વકીલ મારફતે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેસર થશે

મિતિ આશો વદ ૧૧ બુધે સં. ૨૦૦૨.

Vrajlal Harilal,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.
નમ્બર ૩૩૩.
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી.
ઠ. મગનલાલ ઉતમરામ ભચાઉ વાદી
મદ્રા ખમીશા સુમાર વી. શીંધ પ્રતિવાદી
દાવો તામીલ થવા

સીંધ મધ્યે નીચે લખ્યા શખ્સોને માલુમ થાય જે વાદીએ તમારા પર સં. ૧૯૯૯ના જેઠ વદ ૧૩ના ખુલાસા મુજબ કોરી ૮૪૦)ની તામીલ થવા દરખાસ્ત કરી છે માટે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થયાની તારીખથી રોજ ૧૫ની અંદર હરજો નહિતો મુદત વીતે કાયદેસર થશે.

૧ મીઠા ખમીસા સુમાર સીન્ધ
૨ ખોશા અલ્લાબંદ સૈદખાન સીન્ધ

મિતિ ભાદરવા વિદ ૧૪ શં. ૨૦૦૨.

જયંતીલાલ મયાશંકર,
મે. ભચાઉ ન્યાયાધીશ સા. ના હુ. થી.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે
નંબર ૫૦૫.
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી
ખડોર હરજી પરશોતમ રે. વોંધ વાદી
વકીઆ ધરમશી તથા શીવજી તથા નરશી લખુ નાની ઉમરના હોવાથી તે વતીમા ધતીબાઇ રે. મુદરા તાબે ગુદલા } પ્રતિવાદી
દાવો તામીલ થવા

નીચે લખ્યા શખ્સોને માલુમ થાય કે વાદીએ તમ વીરોર પર સં. ૧૯૬૬ના અસડ વદ ૬ સુકરેના રોજે હુકમનામુ મેળવેલુ છે. અને તેમાં કહ્યું છે કે વાદીને પ્રતિવાદી નં. ૧-૨ વાલા કોરી ૯૯૭ા તથા તેટલી રકમની હાવારી અને બાકીનું પરચુરણ ખર્ચ મલી થતી રકમ સં. ૧૯૯૬ના આસુ શુદ ૧૫ સુધી માં આપે ન આપે તો વાદી દાવા દસ્તાવેજમાં માંડેલ ઠામોના વંચારામાં જે પ્રતિવાદી નં. ૧ ૨ વાલા નં. ½ જેટલો વંચારો વેચી વેચાવી અને ખુટતી રકમ પ્રતિવાદી નં. ૧-૨ વાલાઓના હરેક પ્રકારની મીલકતમા વસુલ કરે વાદીનો કોરી ૧૪૨ાનો દાવો રદ પ. નં. ૭નું ખર્ચ વાદીને શીર આ પ્રમાણે ઠરાવ થતાં વાદીએ તામીલ થવા દરખાસ્ત રજુ કરી

છે માટે આ નોટીશ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી ૩૦ જ ૧૫ની અંદર વાંધાની તામીલ કરી ચોંચ રજુ કરજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

૧ વાંધીઆ ધરમશી તથા શીવજી તથા નરશી લખુ નાની ઊમરના હોવાથી તેની વાલીમા ધનીબાઇ રે. મુંદરા તાબે મુંદાલા

૨ વાંધીઆ વીશ્રામ ખોડા રે. મુંદરા તાબે મુંદાલા હાલ મંબઇ

૩ વાંધીમાં દાવા ગરેશા રે. વોંચ હાલ કરાચી

આસુ વીદ ૬ સોમે સં. ૨૦૦૨

Vrajlal Harilal,
ભચાઉ ન્યાયાધીશ.

જાહેર ખબર

માંડવી વહીવટદાર તરફથી

હ. જા. નાં. ૮

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના શા. ચુનીલાલ વીરચંદે શા પોપટ ખીમજી તથા શા મેઘજી ખીમજી તથા શા. તલકચંદ ખીમજી ને મતે માંડવીમાં મંછાદેવી વળી શેરીમાં આવેલી જગ્યાએ. બે તથા ત્રીજી જગ્યાનું ખંડેર શાં ૧૯૯૩ ના દસ્તાવેજથી અબાટ રાખેલ છે આ અબાટનો દસ્તાવેજ છાપો થવા માટે રજુ થયો છે. માટે આ જગ્યા શંબંધમાં કે.ઇનો કોઈ પણ જાતનો હક હિસ્સો હોય તેણે એક મસની અંદર આંહી આવી જાહેર કરવું. નહીંતર મુદત વીતે છાપો કરી આપવા શબંધમાં ઘટતું થશે.

કારતક સુદ ૩ ગુરૂવાર શાં ૨૦૦૨

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર.

૧૨૯૫ જાહેર ખબર

માંડવી વહીવટદાર તરફથી

હ. જા. નાં. ૯

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના પુષ્કરણા જોશી જમનાદાસ રણછોડદાસે ત્યાંનાજ સારસ્વત જોશી કેશવલાલ કાંરજી ટોકરશીને મતે પુજારાની ડેલીમાં જગ્યા એક ડેલી શાં ૧૯૯૩ના આસુ સુદ ૧૧ના દસ્તાવેજથી અબાટ વેચાણ રાખેલ છે તે દસ્તાવેજ રજીષ્ટર ખાતેથી રજીષ્ટર થઇ છાપો થવા માટે આંહી આવેલ છે. શદ હું જગ્યા શંબંધમાં કોઇનો કાંઇ પણ હક હિસ્સો હોય તેણે આ જાહેર ખબર પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની અંદર આંહી આવી જાહેર કરવું. મુદત વિતે છાપો કરી આપવા ઘટતું કરવામાં આવશે.

કારતક સુદ ૪ ગુરૂવાર શાં. ૨૦૦૨

અંબાલાલ મનસુખરામ
માંડવી વહીવટદાર.

જાહેર ખબર

માંડવી વહીવટદાર તરફથી

હ. જા. નાં. ૧૦

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના માંગે વનેચંદ મુળજીએ માંડવીના શા વીશનજી જેઠાને મતે કોરી ૧૫૦) અક્ષરે એકસો પચાસમાં કુંભારવાળી બારી પાસે છતનશા પીરની જગ્યા પાસે ખંડેરનો ખુલો પટ શાં ૧૯૯૭ના અશાડ વીદ ૧૩ના દસ્તાવેજથી અબાટ લીધેલ છે તે રજીષ્ટર ખાતેથી રજીષ્ટર થઇ છાપો થવા માટે આંહી આવેલ છે. આ ખંડેર શંબંધમાં કોઇનો કોઇ પણ જાતનો હક હિસ્સો હોય તેણે આ જાહેર ખબર પ્રગટ થયા થી એક માસની અંદર આંહી આવી જાહેર કરવું. મુદત વિતે છાપો કરી આપવા શંબંધમાં ઘટતું થશે.

કારતક સુદ ૪ ગુરૂવાર શાં. ૨૦૦૨

અંબાલાલ મનસુખરામ.
માંડવી વહીવટદાર.

જાહેર ખબર

હા. જા. ન. નંબર ૫૨૩

સર્વે લોકોને ખબર આપવામાં આવેછે કે જખૌના ગુસાઇ પ્રમોતમગર લધાગરે જખૌના સુયા જુમા સાયાંના મતે મારજીનમા

૧ ઉગમણી કોરે એજ જગ્યા આંથી ઉગમણી કોર વાલી એજ ધનીક ધણીની છે
૨ ઉગાદાંકોરે પણ એજ ધનીક ધણીની જગ્યા છે તથા જાદેજા પ્રતાપજી પ્રાગજીની જગ્યાનું આ ણુ છે
૩ આથમણી કોરે ગુસાઇ કુંવરગર લાલમરની ની જગ્યાની પછીત છે
૪ દખણાદી કોરે સુયા મામદ જખરાની જગ્યાનું કરો છે તે એ જગ્યા મજમુછે ત્યાં એજ મતદારની જમીન ચોરસ ગજ ૧૬ છે ત્યા એ જગ્યામાં આવ જાવ ની વાટછે

લખી ચતુર હી સા વાલી જગ્યા ૧ એક કોરી ૩૫૦ ત્રણસો પચાસ માં સા ૨૦૦૧ ના જેઠ વદ ૨ દીને વાલા દસ્ત વે થી અબાટ વેચાણ રખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા પર કોઇનુ કાંઇ લહેણુ કે હક હીસો હોયતો તેણે એક માસની અંદર અહીની કચેરીએ આવી જાહેર કરવુ નહીતર મુદત વીત્યા બાદ કોઇનુ કાંઇ નહી સાભડતા છાપો થવા માટે ઘટીત થસે

મીતી આસુ સુદ ૮ સનીવાર સા. ૨૦૦૨

વિશ્રામ જાદવજી,
અબડાસા વહીવટદાર

નીચની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની જ્હાલી અગર તે મંજુરી મળે છે એવુ સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

હું નીચે સહી કરનાર ભુજ તાલુકાના ગામ વડલીના બરાડીઆ ભીમાવાલા સર્વે લોકોને જાણ કરૂંછું કે મારી દીકરી જસીબાઇનું લગ્ન પંચરના કોઠીવાલા જેસંગ રામા વેરે કરેલ પરંતુ અજકુર કોઠીવાલા જેસંગ રામાએ બીજું ઘર ભીમાસરથી કરેલ છે જે અમારી નાતના રીવાજથી વિરૂધછે મેં અમારી નાત પાસે અરજ કરતાં શ્રા નાતે મને હોતાં સાં. ૨૦૦૨ ના આસુ વીદ ૮ રવીવારના રોજ કાગળ કરી આપેલોછે જે દહાડેથી પંદર રોજની અંદર બરાડીઆ ભીમાવાલા કંઈ બુલાસો નાતને ન આપેતો હું મારી દીકરી જસીબાઈને બીજે ગમે ત્યાં નાતરી સકુ તેવી સર્વ લોકોને જાણ કરૂંછું જે ઉપર પ્રમાણે નાતે મને કાગળ કરી આપેલ હોતાં મુદત વિતે હું જસી બાઇને બીજું ઘર કરાવીસ તેમાં કોઇ તુતફીતુર કરસે તો તેની જવાબદારી અમારે સીરે રહસે નહીં.

મિતી આસુ વીદ ૧૦ મંગળવાર શા. ૨૦૦૨

બરાડીઆ ભીમાવાલાની સહી દઃ સાં. ભગવાનજી નેણસીના ધણીના કેવાથી અમારા આપફત વકીલ કીશોરચંદ લક્ષ્મીદાસ ભુજ કચ્છ

ખાનગી જાહેર ખબર

આથી, અમો અંજરના વોગ મહમદઅલી જીવણજી જાહેર પ્રજાને ચેતવણી આપીએ છીએ કે અમારો દીકરો જીવણજી મહમદઅલી સાં. ૨૦૦૨ના શ્રાવણ સુદ ૧ ના રોજે અપાગથી છુટો થઇ ગયો છે તેથી કોઇએ અમારી પેઢીના મેમ્બર તરીકે અમારા નાયે તેનાથી કશે પણ લેતીદેતીનો વ્હેવાર કરવો નહીં આમ છતાં પણ જો કોઇ તેમ કરશે તો તે માટે અમે કે અમારી પેઢી જવાબદાર થશું નહિં.

સા. ૨૦૦૨ના આસુ વીદ ૧૨ ગુરૂવાર

વોહરા મહમદઅલી જીવણજીની સહી દઃ ગુલામઅબાસ મહમદઅલી પાવરથી સહી કરી છે

ખાનગી જાહેર ખબર

કુર્મટા જાગીરદાર જડેજા કુંવરજી સીલદાર-શંગજીનાં વિધવા બઈ માહબબા તથા જડેજા ડોસજી સીયામજી આ બન્ને કુર્મટા મેનેજર સાહેબને ખબર આપવામાં આવે છે કે વ્યાજ સીખે બે ડોકટરેન્ટોથી ગારી ૭૦૦૦ સત્તરજાર લેહેણી છે આ રકમ અડવાડીયા દરમ્યાન પહોંચતી કરવા માટે છેલ્લી તક આપવામાં આવે છે. મુદત પછી દાવો લાવવો પડશે પહેલા અને હવે પછી તમામ ખર્ચની જવાબદારી તમારા ઉપરે તમારી મિલકતશર થશે

કારતક સુદ ૧૧ સં. ૨૦૦૨ ગુરૂવાર.

ઠ. લાલજી વાલજી નલિયાવાલાની સહી દ. પોતાના

ખાનગી જાહેર ખબર

નલિયાના જડેજા અર્યાશંગજી ભરાજી તથા ચતુભા નારાણજી અને મુળવાજી કાનજી ના વિધવા વીગેર દાજી પેટલાને ખબર આપવામાં આવે છે કે વ્યાજ સીખે બહીવટા ખાતાં થી મારા દેવ બોને ખાતે અમારી કેરી ૨૪૦૦ આસરે એ વીશ લેહેણી છે. આ રકમ અડવાડીયા દરમ્યાન પહોંચતી કરવા માટે છેલ્લી તક આપવામાં આવે છે મુદત પછી દાવો લાવવો પડશે તમામ ખર્ચની જવાબદારી તમારા ઉપરે તમારી મિલકતશર થશે.

કારતક સુદ ૧૧ સં. ૨૦૦૨ ગુરૂવાર

ઠ. લાલજી વાલજી નલિયાવાલાની સહી દ. પોતાના

ખાનગી જાહેર ખબર

અડી ઉકા અને જાકા બન્ને કાકાઇ ભાઇઓની બે ભેગીઓ એકજ કમ્પાઉન્ડમાં નિવાસ કરે છે હવે અત્યમયે બારણે નવેસર અમારી હદમાં ભેગીઓ બંધાવવાની છે જેને હરકત થવા જણાય તેમણે એક માસની મુદત દરમ્યાન પોતાના હક હરકતનો દાવો લાવવા સર્વને જણાવીએ છીએ

કારતક શુદ ૧૧ સં. ૨૦૦૨

ઠ. લાલજી વાલજી નલિયાવાલાની સહી દ. પોતાના

ખાનગી જાહેર ખબર

તેરાના ઠા શામજી સીવજી અને ભુજના ઠ. જેઠા પદમસીના વાર્સદારોને ખબર આપવામાં આવે છે કે અત્રલ (મોનારા સાધુ દાતુની વિધવા ફાતમાંબાઇની ભેણીઓનો) દાવો નોંધાવવા વધ્ય અમારા તમારા વાદીઓ તરીકે નામ છે શ્રી હજુર કોર્ટમાં છેવટના ખુલાસા વખત અમારો ઘટતે ઠ. ભીમજી સીવજી એકલાનું ખરી નકલમાં નામ છે આ ભેણીઓના કબજાની તામીલ ચાલુ છે અને શ્રી અ. કોર્ટ તરફથી અમને કબજો મુકરરમા ખર્ચ અને ભેણી ભાડાની કોરીઓ માંહેથી જે અમને સુપ્રત થશે તેમાં તમારા હક વાસ્તો હોય તે વીષે નામદાર કોર્ટમાં એક માશની મુદત દરમ્યાન જાહેર કરવું મુદત લગી તમો કાયદેસર ઇલાજ નહી લેશો તો તમારો હક વારતો નથી એમ આથી સાબીત થશે.

કારતક સુદ ૧૧ સં. ૨૦૦૨ ગરૂવાર

ઠ. ભીમજી સીવજીના વાર્સદારોના ભતામણીઆ ઠ. લાલજી વાલજી નાંજેયા વાલાનાં સહી ઠ. પોતાના

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કિંમત વર્ષ ૧ની જો અસાડ શુદિ ૩થી તે ભાદરવા શુદિર સુધી ભરે તો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ શીએ આ વર્ષની કોરી ૨રા સાઠી આબીસ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૮ લેવામાં આવશે

મુદત વીત્યાપછી ભરે તો તેની પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥.

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૨ થા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધુ અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવા રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સાં. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવે તો સાં. ૨૦૦૩ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

[VOL 73] THURSDAY 6 th DECEMBER 1945. [No 11]

[૫૦ ૭૩] માગશર સુદિ ૨ ગુરૂવાર સં. ૨૦૦૨ તા ૬ ડીસેમ્બર સને ૧૯૪૫ [અંક ૧૧]

નોટીફીકેશન ડી. સી એસ. નાં ૬૨

હાલે ઘાંડીના વસ્તા જેવા વર્તમાનને ટેમ્પોમેન્ટ ડીપાર્ટમેન્ટ, અમદાવાદમાંથી હમામ ન્હાવાના સાબુ ની પેટી ૨૦ વીસનો કરોડા મળે છે તેના શ્રી કચ્છ રાજ્યને લાગુ કરવામાં આવેલ સને ૧૯૪૪ ના હેન્ડીંગ અને પ્રોટીટીબર્સીંગ પ્રીવેન્શન ઓર્ડીનન્સની કલમ ૩ ની પેટા કલમ સી' અન્વયે શ્રી કચ્છ રાજ્ય તરફથી નીચે પ્રમાણે ભાવ નક્કી કરવામાં આવે છે.

જાત	પેટી એકનો ભાવ	છુટક ગોટીનો ભાવ
	રૂ. આ. પા.	રૂ. આ. પા.
હમામ ન્હાવાનો સાબુ	૩૯—૦—૦	૦—૪—૧૦

ઉપર પ્રમાણે સાબુના જે ભાવ નક્કી કરવામાં આવ્યા છે તે બાબતમાં શ્રી હજુર ઓર્ડર નાં. ૪૧૬ તા. ૨૭-૧૧-૪૪ વાળા હુકમ અનુસાર જે વેચાણ કોરીમાં કરવાનું હોય તે ચાલુ બજાર ભાવે ઉપરના નક્કી કરેલા ભાવની કોરી ગણી તે પ્રમાણે વેચાણ કરવાનું છે.

દીવાન ઓફીસ,
ભુજ તા. ૧૫-૧૧-૪૫.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

હ. ઓ નાં. ૩૨૭ ઠરાવઃ

અહીંના નાં ૧૧૭૭ તાઃ ૧૪-૯-૪૫ વાળા ઠરાવના અનુસંધાનમાં નીચે પ્રમાણે હુકમ કરવા ખુદાવંદ મહારાજાશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છેઃ—

નીચેની શરતોને આધીન રહી મહીયા ખેતમાંથી ચેરીયાં કાપવાની ખારાવેડરની ખારવા જમાતને પરવાનગી આપવામાં આવે છેઃ

૧. કિનારાથી એકસો ફીટની અંદર સુધીની જમીનમાંથી કોઇપણ ઝાડ નહી કાપવાની સરતે તે પછીના વિસ્તારમાંથી ચેરીયાં કાપી શકાશે.

૨ નાં. ૧ માં છુટ મુકાએલ વિસ્તાર સિવાયના કોઇપણ વિસ્તારમાંથી ચેરીયાં કાપવામાં આવશે નહીં અને જો જમાતના કોઇપણ ઇસમ તરફથી કાપવામાં આવે તો શ્રી રાજ્ય જમાતને જે શિક્ષા ફરમાવે તે શિક્ષા જમાત કબુલ રાખશે એવી રજીષ્ટ કબુલાત રા. મેન્ગ્રોવ મેનેજરને ખારવા જમાતે લખી આપવી.

૩ અઃ જે ઇસમને રા. મેન્ગ્રોવ મેનેજર તરફથી પરવાનો મળેલ હશે તેજ ઇસમ કલમ ૧ માં છુટ મુકએલ વિસ્તારમાંથી ચેરીયાં કાપી શકશે અને તે સિવાય બીજા કોઇપણ ઇસમ તરફથી કોઇપણ વિસ્તારમાંથી ચેરીયાં કાપવામાં આવશે તો તે ઇસમ પાસેથી અહીંના નાં. ૧૧૭૭ તાઃ ૧૪-૯-૪૫ વાળા ઠરાવ મુજબ નિયત થએલ દર ખાંડીએ કોરી ૨૦ વીસ લાગતની વસુલ લેવામાં આવશે અને તે ઉપરાંત તેના વિરૂદ્ધ કચ્છ ફોજદારી કલમ ૧૮૪ મુજબ પગલાં પણ લઇ શકાશે.

૭: જે ઇસમને પરવાનો મળેલ હોય તેણે:

૧. તે પરવાનાં મુદતનાં ચેરીનાં પરવાનો કડકારી તારીખથી રોજ ૬ છ સુધીમાં ખાતી-રોહર, રોજ ૮ આઠ સુધીમાં મુદરા અને રોજ ૧૦ દશ તખીનાં માંડવી પહોંચ કરવાં.

૨. તે ચેરીનાં તેણે દરીયામાં કોઇને પણ વેચવાં કે આપવાં નહી

૩. ચેરીયાં સિવાય કોઇપણ મેલ, માલ તેમજ સેનેયાં વીગેરે તેણે કોઇના પણ ઉપાડવાં નહીં.

૪. ચેરીયાં કાપવા જનાર વહાણ કે મછવાવાલાઓએ મેન્ગ્રોવ ખાતાંના ગાર્ડ તેમજ તેના સામાનને પોતાનાં વહાણમાં જવાં વળવાં લઇ જવું.

૫. તેમ મેન્ગ્રોવ ખાતાંનો કોઇ અધીકારી કે ગાર્ડ સદરહુ વહાણ કે મકવો તપાસવા માગે તો તેની તપાસણી કરવા દેવી.

૪. પરવાનો લેનાર ઇસમ પસેતી હાલમુંગી વધારાની લેવાની લાગત લેવામાં આવશે આ ઉપરાંત ફરીઆદી મોટી નમની લાગત હાલ વધુમાં લઇ અગાઉ રખાતી અને તે લગાવેલ પર પોતાનું નામ કે એનું સરનામું જ્યાં દરકાર જો ખાતી કરી અપાવામાં આવશે તો તે પાછી આપવા લીધ થશે. અને આ બાબત મેન્ગ્રોવ ખાતાંએ તુરત નિર્ણય કરવો તેવો.

૫. પરવાનાથી ચેરીયાં કાપનાર ઇસમે તે કાપેલ ચેરીયાં આ રાજ્યનાજ બંદરે ઉપરે દર્શાવેલ મુદતની અંદર લાવવાં અને જે બંદર પર તે ચેરીયાં ઉતારવામાં આવે તે બંદર પર તેણે પોતાને આપેલ પરવાનો જો તે બંદર પર મેન્ગ્રોવ ખાતાંનો ગાર્ડ કે કોઇ અધીકારી કેમ ન હો તે ગાર્ડ અધીકારી અગર જો તેવો કોઇ ગાર્ડ કે અધીકારી ન હોય તો તે પ્રસંગે તે બંદર પરના કસ્ટમ અધીકારીને આ ચેરીયાં અગાઉ પસ્ત જવાં અને તે કસ્ટમ અધીકારીએ સદર પછી આવેલા પરવાના રા. મેન્ગ્રોવ મેનેજર તરફ મોકલી આપવા.

૬. આ છુટ એક વર્ષના માટે રહેશે.

૭. કંડલા તેમજ કાંગરા કિનારા પર ચેરીયાંનું ફરી વાવેતર ચોમાસામાં કરવામાં આવતા જણાતે રા. મેન્ગ્રોવ મેનેજરને મદદ આપી અને રોપી સદરહુ આવવા જવાની કાયદા રા. મેન્ગ્રોવ મેનેજરે લખાવી લીધી.

એ પ્રમાણેની સરતોથી માત્ર માણસીયા મેમાંનીજ ચેરીયાં કાપવાની છુટ આપવામાં આવે છે અને તે સિવાયના દરેક કિસ્સાર માટે નં. ૧૧૭૭ વાળા સદરહુ ઠરાવ મુજબ ચેરીયાં કાપવાનો પ્રતિબંધ રહેશે.

રા. મેન્ગ્રોવ મેનેજરે દર બે મહીને આવતા તે મુદતની પહેલાં સારા થાય ત્યારે મમલીયા બેટ ઉપર જઇ કિનારાથી એકાદા રીટની અંદરના વિસ્તારમાં ચેરીયાં કાપવેલ ન હોય બાબત ખારીવાડરા પટેલ તથા બે સારા માણસોને સાથે રાખી ખાત્રી કરવી અને તે બાબતનો રીપોર્ટ રા. રા. નાયબ દિવાન સાહેબ તરફ કરવો અને એવાજ કંડલા તથ કાંગના કિનારા પર ખારવા જમાનની મદદ લઇ વર્ષા ઋતુમાં ચેરીયાં ફરી વાવેતર કરવા તજવીજ કરવી અને તેના અગેની તૈયારીઓ કરવાની એવાજ તુરત હાથ પર લેવું અને આ પ્રસંગે કેટલા વિસ્તારમાં કેટલાં ઝાડ ફરી વાવેતરમાં આવ્યા તેનો રીપોર્ટ રા. મેન્ગ્રોવ મેનેજરે રા. રા. નાયબ દિવાન સાહેબ તરફ આવતા ઓક્ટોબર માસમાં કરવો.

કારતક સુદ ૧૩ શનીવાર સં. ૨૦૦૨. તા: ૧૭-૧૧-૪૫.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

No. 3163 of 1945.

Dewan's Office, Bhuj, 17th November, 1945,

At a meeting of the Western India Soldiers Board held under the Presidentship of the Hon'ble the Resident on the 8th August, 1945 at the Residency, Rajkot, it was resolved that in order to extend to the ex-soldiers re-employment plan, each State should set up a sub-Regional Labour Exchange.

His Highness has been graciously pleased to entrust this work to the Central Recruiting Committee, which will also function as the Sub Regional Exchange in the State and Mr P. R. Jadeja, who is at present working as the Assistant Recruiting Officer will, in addition to his present duty, do the necessary work in this connection.

S. K. Nayampalli,
Dewan of Kutch.

હુ ઓ. નાં. ૩૨૫ ઠરાવ

ઠળવણી ખાતાના નાં. ૨૪ તા: ૩૦-૭-૪૧ થી તે નાં. ૧૦૨ તા: ૧૩-૪-૪૫ થી લખાણ અત્રેથી

565

હકીકત ધ્યાનમાં લઇ સ્કોલરશીપો આપવા વિષે ખુવાંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું નીચે પ્રમાણે ફરમાન થયું છે :—

નં. ૧ ની માસીક રૂા. ૨૦ વીસની ટેકનીકલ સાયન્સ સ્કોલરશીપ જેઠાલાલ સી. દફ્તરીને.

નં. ૩ ની માસીક રૂા ૧૫ પંદરની મેડીકલ સ્કોલરશીપ અનંતરાય એમ. એ.ઝાને.

નં. ૪ ની માસીક રૂા ૧૫ પંદરની મેડીકલ સ્કોલરશીપ શીવજી સી. દફ્તરીને.

નં. ૫ ની માસીક રૂા ૧૫ પંદરની મેડીકલ ટ્રેનીંગ સ્કોલરશીપ હીરાલાલ એમ. વૈદ્યને.

નં. ૧૧ ની માસીક રૂા. ૧૨ બારની મેમોરીયલ સ્કોલરશીપ ઉમર ચુ ડેડાને.

નં ૧૨ ની માસીક રૂા. ૧૫ પંદરની મેમોરીયલ સ્કોલરશીપ કીશોરચન્દ્ર એલ. છાયાને.

નં ૧૩ ની માસીક રૂા. ૩૦ ત્રીસની મેમોરીયલ સ્કોલરશીપ ચંપલાલ પી. ભટ્ટને.

નં ૧૪ ની માસીક રૂા. ૧૨ બારની મેમોરીયલ સ્કોલરશીપ રતીલાલ ઓ. વોરાને.

નં ૧૫ ની માસીક રૂ. ૧૫ પંદરની મેમોરીયલ સ્કોલરશીપ વિઠલદાસ જી. જોશીને.

નં. ૧૬ ની માસીક રૂા. ૧૫ પંદરની મેમોરીયલ સ્કોલરશીપ અબ્દુલા હસમને, છ માસ માટે — ખાતાની નં. ૭૫ તા: ૧૮-૮-૪૫ ની ભલામણ મુજબ છ માસ માટે મંજુર કરી છે તેનો અમલ ખાતાને ચેમ્બ લાગે તે તારીખથી કરી લેશે, કાગળ-મુદત છ માસની છે.

નં. ૧૬ ની માસીક રૂા ૩૦ ત્રીસની બાર્ટન ફીમેલ ટ્રેનીંગ સ્કોલરશીપ સયુંદા એમ. જોશીને.

રૂા. ૧૫ પંદરની માસીક નવી મેમોરીયલ સ્કોલરશીપ કાન્તીલાલ વી. ગોહેલને.

આ સર્વે સ્કોલરશીપોમાં અબ્દુલા હસમની નં ૧૬ ની મેમોરીયલ સ્કોલરશીપ બાદ કરતાં બીજી સર્વે સ્કોલરશીપો ગયા અઠાડ શુદ ૩ શાં. ૨૦૦૨ થી હાલે બાર માસ માટે આપવાનું મંજુર કરવામાં આવે છે. બાર માસ પુરા થવાના યોગ્ય મુદત પહેલાં સર્વે સ્કોલરોએ પોતાના અભ્યાસ અને વર્તણુંક સંતોષકારક છે તેવું રા. રા. ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન પાસે પોતાના પ્રી સીપાલનું સર્ટીફીકેટ રજુ કરવું કે જેથી સ્કોલરશીપ ચાલુ વધારે ચાલુ રાખવા અંગે વિચારણા થઇ શકે.

રા રા દિવાન સાહેબે નંબર નં ૧૦૧૭ તા: ૭-૯-૪૫ થી કરેલ સુચનાઓ આવતા રા. રા. ડાયરેક્ટર ઓફ એજ્યુકેશને રા. રા દિવાન સાહેબ જોડે ચર્ચા કરી તે અંગે દરખાસ્ત કરવી

કારતક સુદ ૧૫ સોમવાર શાં. ૨૦૦૨. તા: ૧૯-૧૧-૪૫.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

જ્યુડીશીયલ- જા- નં- ૨૧૪૮ ઠરાવ

ભુજના મોટા અદમાઅતી હજીએ જુના કોર્સ મુજબની એ. એલ. એલ. બી- ની પરીક્ષા પસાર કરેલ હોતાં તેમો આ રાજ્યની ખાનગી કોર્ટો સિવાયની તમામ કોર્ટો તેમજ કચેરીઓમાં વકીલાત કરવાની પરવાનગી આપવામાં આવેછે

ખાનગી કોર્ટોમાં વકીલાત કરવા માટે તેમને લાઇકોર્ટ-કચ્છ તરફથી નં- ૯૮ વાળા ઠરાવથી પરવાનગી અપાએલી હોતાં એ બાબત કંઇ કરવાપણ રહેતુ નથી.

મીતી કારતક સુદ ૧૫ સોમવાર શાં- ૨૦૦૨

જ્યુડીશીયલ બ્રેન્ચ,
તા: ૧૯-૧૧-૪૫

S .K. Nayampalli,
દિવાન—કચ્છ.

જ્યુડીશીયલ જા. નં. ૨૨૦૯ ઠરાવ

કેળવણી ખાતાના નં- ૭ તા: ૯-૧૧-૪૫ વાળાથી થઇ આવેલ ભલામણ ધ્યાનમાં લઇ કચ્છ રાજ્યનાં કેળવણી ખાતાં તરફથી નવી થએલ ધારા ધોરણ પ્રમાણે રકુલ ચલાવવાની સરતે "હંસરાજ વેલજી એન્ડ જગસી દેવરાજ રાજગોર આશ્રમ વિદ્યાલય-કુકરેડી કચ્છ" ને માન્ય રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

કારતક વદ ૬ દેવીયવાર શાં- ૨૦૦૨

તા: ૨૧-૧૧-૪૫

S. K Nayampalli
દીવાન-કચ્છ

લ. ઓ. નં. ૩૩૧ ઠરાવ.

શ્રી પાંડરી મઢીની રૂકમાવતી નદીને પુલ, તેની આથમણી બાજુની દીવાલો. તથા તેની બાજુની પીચીંગ ની સ્થિતી ચોમાસાના નજરે તે જલદી રીપેર કરવા જેવું હોતાં તે રીપેર કરવા અંગે રા. રા. સ્ટેટ ઈન્જીનીયરનાં નં. ૫૩૨૬ સાં ૨૦૦૧ થી થઈ આવેલ એસ્ટીમેટ કરી ૪૩૧૮ તેત્રીસ હજાર એકસો અઢાર

નો નીચેની વિગતે મંજુર કરવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઈ બહાદુરનું ફરમાન થયુ છે:-

કોરી ૩૨૦૪૮ પંચીંગરીંગર માટે.

કોરી ૧૧૦૭૦ રકમાવતી પુલ રંગેર માટે

૪૩૧૧૮ એ રીતે,

બદરહુ ખર્ચ ઇન્જીનીયર ઓફીસના કેરા નં. ૫૩૨૬ મીતી—પ્રથમ ચૈત્ર સુદ ૧૧ શાં. ૨૦૦૧ થી હપ્તાઇ અવ્યા પ્રમાણે પી. ડબ્લ્યુ. ડી. ખાતે પાડવા ફરમાન થયું છે.

મીતી-કારતક વદ ૪ શુકરવાર શાં. ૨૦૦૨.

તા:. ૨૩-૧૧-૪૫.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

જ્યુ. જા. નં. ૬૨૮ ઠરાવ.

ખુદાવીંદ મહારાજાની હજુર સાહેબનાં ફરમાનથી રા. ગ. રાવ સાહેબ જયમલ મૂલુને રૂપીઆ ૬૦૦-૫૦-૮૦૦ ના ગ્રેડમાં માસીક રૂપીઆ ૬૫૦ છસો પચાસના પગારથી આ રાજ્યના પોલીસ કમીશનર નીમવામાં આવેછે.

રહેણાક માટે રાજ્ય તરફથી મકાન સાધારણ ફરનીચર સહીત આપવામાં આવશે.

રાજ્ય તરફથી એક મોટર જો તેને લગતું ખર્ચ પોલીસ ખાતાના બજેટમાંથી હાલમાં ધોરણે તેમને મળશે.

રજા હકની તથા કેજ્યુઅલ તેમજ ભાડું ભત્તુ રાજ્યના ધોરણ પ્રમાણે મળશે.

તા:. ૨૬-૧૧-૪૫.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

હુ. જા. નં. ૩૩૩ ઠરાવ

રા. ભુજંગીલાલ ભવરજીની અરજી ધ્યાનમાં લેવાઇ તેમના હરોદાનો ચાર્જ રા. ભગાનજી હીરાચંદ સંઘવી એ સંભાળી લેવો અને ન્યુમીન્ટના કામ સાથે ખાનગી ખાતાના આસીસ્ટંટ તરીકે કામ કરવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઈ બહાદુરનું ફરમાન થયું છે.

કારતક વીદ ૭ સોમવાર શાં. ૨૦૦૨.

તા: ૨૬-૧૧-૪૫.

S. K. Nayampalli.
દીવાન-કચ્છ.

સરકયુલર: રે. જા. નં. ૨૭૭૦

રજાના ચાલતા નિયમો અનુસાર એક વર્ષમાં (એકી સાથે દશથી વીશેશ નહી) વીશ દીવસની કેજ્યુઅલ રજા રહી શકે છે.

હાલ સંવત ૨૦૦૧ ના અશાડથી આશ્વિન લગીના ચાર માસ જુદા ગણી દરેક વરસ કારતક સુદ ૩ થી કારતક સુદ ૨ લગીનું ગણવા નકી થએલ છે.

આ હીસાબે ચાર માસની કેજ્યુઅલ રજા રોજ ૬ ની મળી શકે પરંતુ ખાસ કેશમાં દશ રોજની કેજ્યુઅલ રજા તે મુકામમાં મંજુર થયાના કીસ્સા ઉપસ્થિત થએલ છે જે પ્રતિબંધ દુર થવા તથા એક સરખું ધોરણ રહેવા આ વર્ષ શવત ૨૦૦૨ ના અશાડ સુદ ૩ થી સંવત ૨૦૦૩ ના કારતક સુદ ૨ લગી માસ ૧૬ નું ગણાશે તે હીસાબે કેજ્યુઅલ રજા રોજ ૨૬ ની મંજુર કરવા આ સરકયુલરથી જાણ કરવામાં આવે છે.

કારતક વીદ ૬ ભુરો સં. ૨૦૦૨ તા. ૨૮-૧૧-૪૫

S. K. Nayampalli,
દીવાન-કચ્છ

મહારાજાધીરાજ મીરઝા મહારાવશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી.સી.આઇ.

શ્રી હાઇ કોર્ટ

વ. જા. દી. રે. અપીલ નંબર ૯૯ સવત ૨૦૦૨

શા. નાનજી લખુ રે. મુદા અપીલેન્ટ

શા. ઉમરસી બીબાણીનાં વારસો
શા. ઉમરસી મેગજી વગેરે રે. વડાલા } રીસ્પોન્ડેન્ટ

બાબત શ્રી વર. કોર્ટ કોરી ૧૦૦૦) વ્યાજની કમી કરેલછે તે મળવા બાબત

વડાલાનાં શા. ભાણજી ઉમરસી ને ખબર આપવામાં આવેછે કે આ કામે ઉપરનાં અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલીછે. તો તપાસ સવત ૨૦૦૨ ના માગશર વીદ ૬ સોમવાર ને રોજ આ કોર્ટમા થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાશર નીમેલા મુખ

લાર વકીલની મારફત આ કોર્ટ પાસે ત્રરાજર કોર્ટ નાં ટાઇમે હાજર રહવું નહીતર કાયદેશર થશે

મિતી કારતક સુદ ૫ શનીવાર સંવત ૨ ૦૨

B. N. Mehta

એ. ચીફ જસ્ટીસ સાહેબનાં હુકમથી

સીસ્તેદાર હાઇ કોર્ટ

હાઇ કોર્ટ ઓફ જ્યુડીકેચર કચ્છ

હ. કો. જા. નાં. ૧૪૬/૨૦૦૨.

શ્રી. કચ્છ રાજ્યની ખાલસા. સાઇડની તમામ કોર્ટમાં વકીલાત કરવાની સનદ

ભુજના ખોજા અહમદઅલી હાજી બી. એ એલ. એલ. બીએ પોતાને કચ્છની કોર્ટમાં વકાલત કરવાની સનદ મળવાની અરજ કરતાં તેણે એલ. એલ. બીની પરીક્ષા જુના કોર્સ મુજબ પસાર કરેલ હોના ત્યરજદાર ખાન અહમદઅલી હાજીને આ રાજ્યની ખાલસા સાઇડની તમામ કોર્ટમાં વકીલાત કરવાની પરવાનગી આપવામાં આવે છે

S M. Kaykini.

ચીફ જસ્ટીસ હાઇ કોર્ટ

જાહેર ખબર

ધ. જા. દી ખ નાં. ૮૭૧

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ખીરસરા ગામની વસ્તીના આગેવાન હાજીરા લાલે મામદ ભુજબ વીગેરે અને વિઝાણુના જાડેજા હમીરસીંહજી સાહેબજી વગેરે ઉપર દાવો અમારા ઉપર અગાઉથી તલોટ નથી અને અમારી પાસેના કોઇ પણ તલોટ વસુલ કરીશકે નહી એવું ડેકલેરેટરી હુકમનામું આ દાવાના તમામ ખર્ચાં સાથે અગરા બાબતનો દાવો કર્યાછે ને તેમાં તેણે એવી અરજ કરી છે કે આ દાવામાં ખીરસરા ગામની વસ્તીનો હિત સબંધ સમાએલોછે તથા વિઝાણુ જાગીર જાગીરના ભાયાતોનો પણ હિત સંબંધ છે સબબ કચ્છ દિવાની કાયદાની કલમ ૨૨ મુજબ આ કામનો જેમનો હિત સંબંધ સમાએલો હોય તેમણે ચાલતી સાલના માગસર સુદ. ૪ શનીવાર નેરોજ જવાબ દેવા હાજર થજો જો મુદતસર હાજર થઇ જવાબ આપવામાં નહી આવેતો કોઇને કાંઇ વાંધોકે તકરાર લેવી નથી એમ ગણી આગળ ચલાવવા માટે પરવાનગી આપવામાં આવશે

કારતક સુદ ૧૫ બોમે શાં ૨૦૦૨

ઉમેદસીંહજી છોટાલાલ

એ પ્રેસીડન્ટ જાડેજા કોર્ટના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ૪.

શ્રી મુદ્દા કોર્ટ નાં. ૩

ખા. દી. કામ નાં ૧૪ શાં. ૨૦૦૨

શા વીરજી મુરજી રે. ભુજપર હાલે મુંબઇ વાદી

શા નરશી જીવરાજ વી.રે.ભુજપર હાલે મુંબઇ પ્રતિવાદી

દાવો રૂપીઆ ૧૧૦૦ મલવા બા

ભુજપરના તે હાલે મુંબઇનાં શા. હરખી જીવરાજને આલમ થાય જે આ કામે દાવા જવાબ આપવા તમારે આહી કોર્ટમાં શાં ૨૦૦૨ના કારતક વીદ ૭)) બોમેનાં રોજ બપોરના ૧૧ વાગેથી હાજર થાવું નહીતર મુદત વાતે કાયદેસર થશે.

કારતક શુદ ૪ ગુરૂ શાં ૨૦૦૨.

Narottam D. Mehta,

મુદ્દા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી. ૪

નાં ૨૫

શ્રી મુદ્દા કોર્ટ.

ખા દી. તા. કામ નાં ૧૫૦ શાં. ૨૦૦૨

શતાલ મોતીચંદ હરદાશ વગેરે મુંદરા વાદી

ઠા. પરસોતમ વાગજી ભુજ પ્રતીવાદી

દાવો રોણ બાકી.

ભુજના ઠા. પરસોતમ વાગજીને આલમ થાય જે આ કામે થએલ હરાવ મુજબ કોર્ટ ફટરાગ્રાફની તામીલ થવા વાદીએ દરખાસ્ત રજુ કરી છે માટે તમો વાદીની તામીલ રોજ ૧૫ માં કરવા નહીતર મુદત વાતે કાયદેસર થશે

કારતક સુદ ૮ સોમે શાં. ૨૦૦૨

Narottam D. Mehta,

મુદ્દા ન્યાયાધીશ.

સમન નાં. ૧૬ ગા. દી. કામ નાં ૫૮ શાં. ૨૦૦૨.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ૪

લોદરીઆ રાગજી ઉકા માગોદર વાદી

દાલી સુરા આણુદા વી. સીંધ પ્રતિ

દાવો ઠામોનો કબજો મલવા

સીંધ હૈદ્રાબાદના કોલી સુરા આણુદાને માલુમ થાય જે આ વાદીએ તમારી ઉપર ખેડવા આપેલ ઠામોનો કબજો મલવા દાવો કરેલ છે માટે તેના જવાબ આપવા તમો આ કોર્ટમાં સાં. ૨૦૦૨ના માગસર વીદ ૪ બુકરવારના રોજ કોર્ટના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થાશે.

શાં. ૨૦૦૨ના કારતક શુદ ૮ સોમે

શાહુ ખભુરામ જેઠાભાઇ.

જા. ગાપર ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ૪

ના. ૧૮૧ શ્રી નખત્રાણા કોર્ટ

ઠા. લક્ષ્મીદાસ ગોવીંદજીપર શ્રી દરબાર શ્રીજના બાબા પ્રકરણે

શ્રી કચ્છ દરબાર લેણદાર

દા. લક્ષ્મીદાસ ગોવીંદજી દેણદાર

બાબત લેણી રકમ વસુલ થવા

સર્વે લોકોને ખબર આપવામાં આવેછે કે દા. લક્ષ્મીદાસ ગોવીંદજીએ શ્રી દરબારી બનીની ઘીની વડી રાખેલ હોતાં તેનાપર શ્રી દરબારશ્રીજીનું લેણુ કોરી રહ્યુંહતાં હોવાથી મજકુર દેણદારની ગામના અંબવાણા ગયે નીચે લખી અતુરદાસા વાલી જપ્તા ઓ ઉપર લખ્યા કરજ સારૂ જપ્ત કરવામાં આવેછે માટે કેદએ વેચાણથી કે બીજી અગર બીજી કોઇ પણ રીતે લેવી આથી મનાઇ હુકમ તથા પ્રતિબંધ કરવામાં આવેછે

સદરહુ જપ્તીપર જોઇતાંનું લેણુ લેખું કે કબજો હોયતો આ જાહેર નામું છપાયા પછી એક મસી અંદર આ કોર્ટમાં હાજર થઇ જાહેર કરવું નહીંતો પાછળથી કોઇનું કાંઇ સાંભળવામાં આવશે નહી

મીલકતનું લીષ્ટ

શ્રી અંબવાણાં મધ્યે જપ્તીઓ બેની ચતુર દીશા

૧ જપ્તી એકની ચતુર દીશા

૧ ઉગમણી તરફ હાં. તલશી હાસજીની જગ્યા છે

૨ આથમણી તરફ કજ જપ્તીનું અગણું છે તેથી આથમણું હાં દયાલ વશરામની જગ્યા છે

૩ ઉત્તરાદી તરફ હા નરસી હધાની જગ્યા છે

૪ દખણાદી તરફ હાં રામજી નારાણની જગ્યા છે તે જગ્યા હા ગોવીંદ રાઘવજી પાસે છે અને તે જગ્યાનું બારણું આથમણી તરફ છે

૨ જગ્યા બીજીની ચતુર દશા

૧ ઉગમણી તરફ રાજ બારમ છે

૨ આથમણી તરફ કોઠીઓનો ફરીઓ છે

૩ ઉત્તરાદી તરફ હા કુવરજી કુંવરસીનું હાટ છે

૪ દખણાદી તરફ સુંદરજી કારાણી દુકાન છે તેની પાછળ હા રામજી નેણશી વરડી છે અને જગ્યાનું બારણું ઉગમણી તરફથી છે

એ પ્રમાણેની ચતુર દીશા વાડા જગ્યાઓ બે.

આસો વીદી ૧૧ ભુમે શાં. ૨૦૦૨

ઠાકરશી પરશોત્તમ

નખત્રાણા ન્યાયાધીશ

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

શ્રી નખત્રાણા કોર્ટ

ખા. દી. જા. કામ નાં. ૧૭ શા. ૨૦૦૨

જોશી નરશી દેવશી નખત્રાણા વાદી

કણબી લીરજી કાનજી નખત્રાણા હાલે કરાચી } પ્રતીવાદી

બાબત કરાર પ્રમાણે તમીલ થવા

નખત્રાણા તે હાલે કરાચીમાં રહેનાર કણબી લીરજી કાનજી ને માલુમ થાયજે વાદીએ તમારા પર ખા. દી. કામ નાં ૧૧૧ સા. ૧૯૯૬ વાલામાં થએલ હુકમ નામાં મુજબ કોરી રકમ તથા હવે પછીના તામીલ ખર્ચ સંહિતની તામીલ કરાવીછે માટે આ નોટીશ પહોંચેથી એક માસની અંદર તામીલ પુરી કરી જશો નહીંતો કાયદેસર કરવામાં આવશે

કારતક સુદ ૮ શોમે શાં ૨૦૦૨

લક્ષ્મીદાસ ગોપાલજી. ઠક્કર.

મે. નખત્રાણા. ન્યાયાધીસ સા હુકમથી,

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે

શ્રી નખત્રાણા કોર્ટ

ખા દી જા કામ નાં ૭૭ શા. ૨૦૦૧

હાં. રામદાસ બાંજા વીરાણી વાદી

બારોટ નાગુ કાનજી રૂગીરની વાલી મા લ કુંવર કુંજરી જતાં બારોટ લધુ રણમલ વિ. બધ } પ્રતીવાદી

બાબત કરાર મુજબ તામીલ થવા

ભારપર તે હાલે મુંબઇના રહેનાર બારોટ લધુ રણમલ તથા બારોટ નાગા અરજણ માલુમ થાયજે વાદીએ તમારા પર ખા. દી. કામ નાં. ૭૭ શાં. ૧૯૯૭ વાલામાં થએલ હુકમ નામા મુજબ કોરી ૪૦૨૦ તથા હવે પછીના ખર્ચ સીમેની તામીલ કરાવીછે માટે આનોટીસ પહોંચેથી મસ ૧ ના અંદર તામીલ પુરી કરી જશે નહીંતો કાયદેસરે કરવામાં આવશે

કારતક સુદ ૬ ભોમે શાં ૨૦૦૨

લક્ષ્મીદાસ ગોવાલજી ઠક્કર

મે નખત્રાણા ન્યાયાધીસ હુકમથી

જાહેર ખબર

માંડવી વહીવટદાર તરફથી ૬ જા. નાં. ૩૮

આથી શહેરે લોકોને ખબર આપવામાં આવેછે કે માંડવી પંજરાપોળના વહીવટ કરનાર હા. પ્રેમજી પારકાંદાસ તથા શા. પોપટ રામજીએ હાલ દોલી ભગવાનજી નથુની દીધેલ સંતોકબાઇને મને વાડો એક માંડવીની નદીથી વિ. વિલાસ જતી નાની સડક પર આવેલો વાડો અલટ વેચાણ રાખેલછે આ વાડા સંબંધમાં કોઇનો કોઇપણ જાતનો હક હિસ્સો હોય તેણે એક માસની અંદર આંહી આવી જાહેર કરવું નહીંતર મુદત વીતે છાપો કરી આપવા સંબંધનાં ધારવું થશે

કારતક સુદ ૪ ગુરવાર શાં ૨૦૦૨

જમનાદાસ મનસુખરામ,

માંડવી વહીવટદાર

જાહેર ખબર.

માંડવી વહીવટદાર તરફથી ૬ જા નાં ૩૭

આથી શહેરે લોકોને ખબર આપવામાં આવેછે કે માંડવીના શા નથા વર્ધમાન પર શ્રી દરબારનું લેણું હોઇ તેની જપ્તી એક પાટલા બજારમા આવેલીછે જાહેર ચડાખડીથી વેચાણ થઇ છેવટ આંકે કોરા

૧૪૨૨૫) મા ભંડારી મગનલાલ મણકચંદને ગયે મંજુર રહેલાછે તેજગાનો છાપો થતા અરજ થતાં જાહેર કરવાનું કે આ જગ્યા શાવંચમાં કોઇનો કોઇપણ જાતનો હક હિસ્સો હોયતે તેણે એક માશની અંદર અમારી પાસે જાહેર કરવુ નહીતર મુદત વીતે છાપો કરી આપવા વિશે ઘટીત કરવામાં આવશે

કારતક સુદ ૬ શનીવાર શા ૨૦૦૨

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર

ઝાહેર ખબર

હ. જા. નાં. ૯

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે શા. દેવળીયાના કુંના રાપોર્ટ નંબર ૨૧ કારતક સુદ ૬ સાં ૨૦૦૨ વાળા સાથે નિચેના નીશાનવાળી સાંઢે જાવ. ૩ ત્રણ ગેરાલ થઇ આવેલ છે.

સાંઢ ૧ વરણે રાતી ઉમર વરસ ૪ ની કીંમત કોરી ૭૦૦ આશરે.

સાંઢ ૧ વરણે રાતી ઉમર વરસ ૬ ની પાછલા ડાબા પગપર ડામનુ નીશાન છે તેની કીંમત કોરી ૮૦૦ આશરે.

સાંઢ ૧ વરણે રાતી ઉમર વરસ ૫ તેની કીંમત કોરી ૬૦૦ આશરે

એ રીતે સાંઢો આવેલ છે તે જેના હોય તેમણે જાહેર નામાની તારીખથી એક માશની અંદર ખાવા ના ખરચ આપી લઇ જવી નહીતો મુદત વિતે બી હરબાર દાખલ કરવામાં આવશે.

કારતક સુદ ૭ રવીવાર શાં ૨૦૦૨

લક્ષ્મીદાશ ગોપાલજી ઠક્કર
અંજાર વહીવટદાર.

જાહેર ખબર

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના શા ખીમજી આભાયાની વીધવા લીલાબાઇએ ત્યાંના શા હંસરાજ લીલાધરની વીધવા રતનબાઇને મને વાગુંયાના પાળામાં હેઠા કુંવા અર્થે નીચે લખી ચતુર દીશા વાલી જગ્યા જગ્યાઓ ૨ બે કોરી કડવા ત્રણ હજાર ત્રનસો પચાસ સાં અધક વેચાણ લાયલ છે તેનો દસતાવેજ રજીષ્ટર થઇ છાપો કરી આપવા લાયક અવેર છે માટે સદરહુ જગ્યાઓનાં કોઇનુ કાંઇ હક હીસો કે લેણ લેણુ હોય તો તેમણે માસ એકની અંદર અંહીની કચેરીએ આવી જાહેર કરવું નહીતર મુદત વીતયાબાદ કોઇનુ કાંઇ નહી સાંભળતાં છાપો કરી આપવા સબંધમાં ઘટીત થશે

૧ જગ્યા ૧ આથમણી મોઆડવાલી

ઉગમણી કોરે શા માણક મોરવાલાની જગ્યા છે તે જગ્યા અને આ જગ્યા વચે હેઠા કુવીયાની વાટ છે તે વાટમાં આ જગ્યાની પછીતના નેતા પડે છે ઉતરાદી કોરે શા મેઘરાજ કાનજીવાલાની જગ્યા છે ત્યા માણક મોરવાલાની જગ્યા છે.

આથમણી કોરે શા કેશવજી ચતુ તથા શા પાસુ મુરજીનો ડેલો છે.

દખણાદી કોરે શા પાસુ મુરજીવલી વરડી છે તે વરડી અને આ જગ્યા વચે પટ પાયે કે તેમાંથી આ જગ્યાનો હાલ ચાલતો રસ્તો છે

૧ જગ્યા એક ઉગમણી મોઆડવાલો ડેલો

ઉગમણી કોરે ઉપર લખી ચતુર દીશાવાલી જગ્યા છે અને વચમાં બને જગ્યાનુ આંગણ છે

ઉતરાદી કોરે શા હાજા તથા માણેક મોરનું ડેલો છે

આથમણી કોરે રાજા મરગ કોર કમણુ જાતે.

દખણાદી કોરે શાં દેવજી પાસુ મોરવાલાનું ડેલો છે તે ડેલો અને જગ્યાનું કરો મજમુ

મિતી અસો વદ ૧૧ બુધવાર શાં ૨૦૦૨

વિશ્રામ જાદવજી,
અબડાસા વહીવટદાર

જાહેર ખબર

નંબર ૫૯

સર્વે લોકોને ખબર આપવામા આવેછે કે જખૌના સા. દામજી સામજીની વરવાડી બાઇ બાંધયામાઇએ જખૌના શા. નેણસી વેરસીની વીધવા નેણબાઇ સાથેથી નીચે લખી ચતુર દીસા વાલી જગ્યા એક કોરી ૬૦૦૦ છહજારમાં સા. ૨૦૦૨ ના શ્રાવણ સુદ ૨ મોખવારની નાતીના દસતાવેજથી અખાટ લેનાં તેનો દસતાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા ઉપર કોઇનું કાંઇ લહેણુ કે હક હીસા હોયતો તેમણે માસ એકની અંદર અંહીની કચેરીએ આવી જાહેર કરવુ નહીતર મુદત વીતયાબાદ કોઇનું કાંઇ નહી સાંભળતાં છાપો કરી આપવા સબંધમાં ઘટીત થસે

૧ દીસા પેલી ઉગમણી કોરે સા. રામૈયા કેશવ તથા કેશવજી લખમસી અને નરસી લખમસી ની જગ્યાઓ છે તે વચે કોટડી છે તે તેમની છે તેમની પાસેની વીચરણી છે તે સદરહુ જગ્યાની છે તેથી વીચરણી સીધેથી જગ્યા આથમણી કોરેછે

૨ દીસા બીજી ઉતરાદી કોરે એ જગ્યાનુ ઓટલો તથા પટ છે એતરફ એક ખાર છે ત્યા સદરહુ જગ્યામાં આવ જાવના વાટ છે

૩ દીસા ત્રીજી આથમણી કોરે સા. લાલજી મણસીની જગ્યા છે ત્યા એ જગ્યાની વીચરણી ગજ એકની છે

૪ દીસા ચોથી દખણાદી કોરે સા. ગોવંદજી સેજપાર વાલની જગ્યા છે

મારજીનમાં લખી ચતુર દશાએ

મિતી કારતક સુદ ૧૬ સનીવાર સા. ૨૦૦૨

કરશનદાશ ત્રિ શીવજી
અબડાસા વહીવટદાર

નીચની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની મહોલી અગર તે મંજુરી મળે છે એવુ સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે અંજારમા અમારો વહીવટ પ્રથમ શા. નાનાલાલ રવજી અમરસીના નામથી અને ત્યાર બાદ શા અમૃતલાલ રવજી અમરસીના નામથી ચાલતો હતો તે સવંત ૨૦૦૧ ના બીજા ચૈત વદ ૩ સોમવાર થી બંધ કરેલછે અને અમારા અંજારના વહીવટના મુનીમ શા. મણીલાલ હરખચંદ છુટા થયેલ છે અને તેના હસ્તેના વહીવટનો ચોખ કરેલછે જેથી અમારા વહીવટ સાથે તેને કંઇ સંબંધ રહેલ નથી માટે તેનાથી હવે કોઈ વ્યવહાર કરશે તે માટે અમે જવાબદાર નથી અમારા અંજારના વહીવટ ને અંગે કોઈનું કંઇ લેણું દેણુ હોય તો આ જાહેર ખબર છપાયાથી તારીખથી એક માસ ના અંદર અમારા માંડવીના વકીલ – છોટાલાલ રામજી પાસે જાહેર કરે મુદત વીત્યા બાદ તે સંબંધમાં અમે કોઇ રીતે જવાબદાર નથી

સંવત ૨૦૦૧ ના બીજા ચૈત વદ ૮ શનીવાર
રજુ કારતક વીદ ૧૩ શની શાં. ૨૦૦૨

લી શા. અમૃતલાલ રવજી અમરસી દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

જત જણાવી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે અમારા અસીલ માંડવીના વોરા ફીદાહુસેન મહમદભાઇ શાઇગરે જગ્યા એક બે ભોં વાલી આયમણી મુવાડવાલી ગામ માંડવી માં લુવાર ચકલાની ઉત્તરદા કોરે આયમણી મુવાડે શેરીછે તેની અંદર આવેલી નીચે જણા વેલ ચતુરદોશા વાલી વિટાતર વરસ ૯૬ નવાણુ ની મંજીથી માંડવીના તે હાલે નઈરોબીમાં વસતા લુવાર ત્રીકમલાલ ગોવજી વિધવા તથા લુવાર પ્રાણજીવન તેજમાલ સાથે કરેલછે તેથી અમારા અસીલનું કાયદેસર ના ધનીક પણનું અત રજીષ્ટર કરાવવાનું છે પરંતુ અમારા મતાહાર ના હાથથી તે જગ્યાના દસતાવેજો ઉતરી ગયેલછે એમ તેઓનું કહેવુંછે તેથી સદરહુ જગ્યાપર ગીરો કોઇનું લેણું વારશાહક દલાખો ભાગુ પોશગ ઈઝમેન્ટ અગર કોઇપણ પ્રકારનો વર વાંધો હોયતો તેઓએ પોતાના દર દાવાના આધાર સહિત આ જાહેર નોટીશ છપાયા બાદ દિવશ ૧૫) પંદરની અંદર અમારા અસીલને અગર અમારી ઓફીસે આવીને દર દાવા રજુ કરવા અને તેની પુરતી ખાતરી ક અપવી એ તેવા દર દાવાઓ રજુ કરવામાં આવશે નહિં તો મુદત વિત્યા બાદ અમારા અસીલના ધનાહ પણાનુ ખત રજીષ્ટર કરાવી લેવામાં આવશે અને તેવા દર દાવાઓ ઇરાદા પુર્વક છોડી દેવામાં આવ્યાછે એમ માનવામાં આવશે અને તે માટે શદરહુ જગ્યા કે અમારો અસીલ જવાબદાર રહેશે નહી તેનો આથી સર્વ લોકોને નોંધ લેવો

૧ આયમણી કોરે અગીતનુ બારણુ તે આ ગાણાના ચોકમાં પડેછે

૨ ઉતરાદી કોર વોરા મહમદભાઇ અલીભાઈ માલદીવા વાલાની જગ્યાછે તે સાથે કરો મજમુછે

૩ ઉગમણી કોરે આ જગ્યાનો વીગગણી અંગતછે તેમાં પછીતના બારણુ પડે છે

૪ દખણાદી કોરે આ જગ્યાના કરો અર્ધભાગ માં અંગતછે તથા પછલના ભાગમાં લુવાર ડોકટર હરીરામ વેલજીની જગ્યાસાથે કરો મજમુછે

મિતી શાં. ૨૦૦૨ ના અસાડ વીદ ૧૧ શનીવાર
રજુ કારતક સુદ ૧૩ શની શાં ૨૦૦૨

ચુનીલાલ રાઘવજીમાહલીઆ ખરીદનારના વકીલ

ખાનગી જાહેર ખબર.

માંડવી તાબે ગોધરાના અમારા અસીલ મીસ્રી રતનશી કાનજીની વડીલો પારજીત સ્થાવર જંગમ મીલકત છે અને તે મીલકત અમારા અસીલના કબજામાં છે તેના ભાઇ દેવગમ કાનજીને પડખે સ્વાર્થી માણસો ચઢી સદરહુ મીલકત વેંચસાટ કરાવવા માગેછે પરંતુ દેવરમ મજકુરને એકલાને તે મીલકત વેચવા કે તે પરથી પૈસા ઉપાડવા કંઇ હક નથી જેથી કોઇ શખ્સ સદરહુ મીલકત પર ધીરધાર કરશે કે વેંચાતી

રાખશે તો તેની જવાબદારી તેપર રહેશે નહી એમ આથી ખબર આપવામાં આવેછે

શાં. ૨૦૦૨ ના શ્રાવણ સુદ ૧૩ શની

રજા કારતક સુદ ૧૩ શની શાં ૨૦૦૨

છોટાલાલ રામજી વકીલ કચ્છ માંડવી

ખાનગી જાહેર ખબર

નામદાર મહારાઓશ્રી તરફથી કરવામાં આવેલ જાહેરાત અનવય અસ્તિત્વમાં આવનાર રાજસભા ૧૬ સોળ શ્રી દરબાર નિયુક્ત સભ્યો અને ૨૪ ચોવીસ ચુંટાએલા સભ્યોની બનશે.

આ રાજસભાને ખાનગી ખાતું (પ્રીવી પર્સ સહીત) મીલીટરી, સાર્વજનિક સલામતી સાધનો સબંધો, પોલીટીકલ સબંધો, મિન્ટ, જાગીરો તથા તેને લગતા એવા બીજા વિષયો સિવાય આંતરિક વહીવટના તમામ પ્રશ્નો તથા બજેટ સબંધમાં ચર્ચા કરવાના તથા ઠરાવો કરવાના અધિકાર રહેશે અને શ્રી દરબારની પ્રથમથી પરવાનગી મેળવી કોઇ સભ્ય કાયદાના સ્વરૂપનુ બિલ રાજસભા સમક્ષ લાવી શકશે.

શ્રી રાજ સભા તરફથી સુચવવામાં આવેલ ધારા, બજેટ તથા ઠરાવો શ્રી હજુર મંજુરી મલેથી અમલમાં આવશે.

મે. રા. રા. દિવાન સાહેબ રાજસભાના પ્રમુખ રહેશે અને તેમની ગેરહાજરીમાં શ્રી રાજ્યના અધિકારીઓ પૈકી વરિષ્ટ અધિકારી (Senior Officer) પ્રમુખ તરીકે કામ કરશે.

રાજસભાના સભ્યો પ્રથમની જાહેરાત અનુસાર ગ્રામ પંચાયત, નગરસભા, તથા વેપાર અને ઉદ્યોગમાંથી ચુંટવામાં આવશે પરંતુ દરેક વર્ગમાંથી લેવાની સંખ્યા બાબત ધારણ કમીટી તરફથી ભલામણ થઇ આવે યોગ્ય કરવામાં આવશે.

નગરસભા.

નગરસભા પોતાના સભ્યો પૈકી કોઈપણ સભ્યને પ્રમુખ તરીકે ચુંટી શકશે.

ગ્રામ પંચાયત.

નામદાર મહારાઓશ્રી તરફથી થએલ જાહેરાત અનવયે અમલમાં આવનાર ગ્રામ પંચાયત ૧/૩ શ્રી દરબાર નિયુકત તથા ૨/૩ ચુંટાએલા સભ્યોની બનશે.

ગ્રામ પંચાયત પોતાનો પ્રમુખ દરબારી નોકર સિવાયના સભ્યોમાંથી ચુંટી શકશે. ગ્રામ પંચાયતમાં કુને નીમવામાં આવશે નહીં.

ધારણ કામટી.

ઉપરના તથા પ્રથમની જાહેરાતમાં જણાવવામાં આવેલ સિધાન્તો અનુસાર ધારણ ઘડવા માટે નીચે પ્રમાણે એક કમિટી નીમવામાં આવે છે કમિટીમાં નીચે પ્રમાણે સભ્યો રહેશે.

૪ રાજ્યના અમલદાર વર્ગમાંથી.

૩ પ્રજાકીય પરીષદ તરફના સભ્યો.

૨ શ્રી દરબારે નિયુક્ત કરેલા લઘુમતી કોમના સભ્યો.

૯

સ્વતંત્ર રીતે પ્રેસ ચલાવી શકાય તે માટે પ્રેસ એક્ટ તૈયાર થાય છે તે તરત બહાર પાડવા નામદાર મહારાઓશ્રીએ જણાવ્યું હતું તેઓશ્રીએ જણાવ્યું હતું કે Personal Libertyની જાળવણી માટે કચ્છની હાઇકોર્ટના કાયદામાં Habeas Corpusનો સિધ્ધાંત દાખલ કરવામાં આવ્યો છે. જે વર્તમાન પત્રો ઉપર હાલ પ્રતિબંધ છે તે દૂર કરવા બાબતમાં જે તે વર્તમાનપત્રની માગણી આવેથી યોગ્ય વિચાર થશે. શ્રી રાજ્ય અને પ્રજાજનો વચ્ચે મિલકત વગેરે બાબતના હકકોનો નિર્ણય ન્યાય કોર્ટ મારફતે લેવા બાબતમાં સહાનુભૂતિપૂર્વક વિચાર ચલાવવા તેઓશ્રીએ ફરમાવ્યું હતું.

કચ્છ કાયદાની કલમ ૫૭ અ: ના બદલે નવા કચ્છ પીનલ કોડમાં ઇન્ડીયન પીનલ કોડની કલમ ૧૨૪ અ: મુજબ તે સુધારવામાં આવશે એમ તેઓશ્રીએ જાહેર કર્યું હતું

રાજ વહીવટમાં પ્રજા સક્રિય રીતે ભાગ લઇ શકે એવી પ્રગતિનો ઉદેશ ધ્યાનમાં રાખી રાજસભાના ઉદઘાટન વખતે યોગ્ય તે જાહેરાત કરવાની નામદાર મહારાઓશ્રીએ ઇચ્છા બતાવી હતી.

યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબના શુભ જન્મદિવસના દરબાર વખતે રાજ્ય વહીવટમાં જે સુધારાઓ જાહેર કરેલ હતા તેમાં ઉપર મુજબ ફેરફારો પ્રજાની અરજ ઉપરથી કરવામાં જે ઉદારતા પુરાવવા નામદાર મહારાઓશ્રીએ બતાવી છે તે ઉપરથી રાજ્ય વહીવટમાં પ્રજાને સામેલ કરવાનો ઉચ્ચ ધ્યેય જણાઈ આવશે અને આશા રાખવામાં આવે છે કે પ્રજા તેમાં સંપૂર્ણ સહકાર આપી સુધારાઓનો પુરો લાભ લેશે કે જેથી કરીને આ દિશામાં યોગ્ય અનુભવે વધુ પ્રગતિ થઇ શકે.

મિતિ— મહા શુદ ૧૫ શનિવાર શાં. ૨૦૦૨

તારીખ ૧૬-૨-૧૯૪૧

S K. Nayampalli
દીવાન કચ્છ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી પ્રકાશનાર્થે છાપ્યો

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY.

VOL 73 | SUNDAY 3rd FEBRUARY | [NO. 15]

[પુ૦ ૭૩] મહા સુદ ૨ રવીવાર સંવત ૨૦૦૨ તા. ૩જી ફેબ્રુઆરી સને ૧૯૪૬ [અંક ૧૫]

હુકમ નં. એફ. ૧૫૧.

-૧- કચ્છમાંથી કોઇ પણ જાતના અનાજની નિકાશ બાબત લાંબા વખતથી પ્રતિબંધ હોઇ હરીયાળ કે જમીન રસ્તે કચ્છની બહાર કોઇ પણ જાતના અનાજની નિકાશ કરશે તે ગુન્હો છે તે બાબત સર્વનું આથી ફરી ધ્યાન ખેંચવામાં આવે છે.

-૨- જે કોઇ સખ્સ અનાજની નિકાશ ઉપરના પ્રતિબંધનો ભંગ કરી કચ્છની સરહદમાંથી બીજી સરહદમાં અનાજ નિકાશ કરશે તેને ગુન્હાહિત મલ જપ્ત કરવામાં આવશે અને તે ઉપરાંત તે ત્રણ વર્ષની કોઇ પણ મતલબની કેદ અથવા દંડ અથવા બન્ને પ્રકારની સાંકળને પાત્ર થશે. આ ગુન્હો કોગ્નીઝેબલ ગુન્હો ગણાશે.

-૩- અનાજની નિકાશના પ્રતિબંધનો ભંગ થયા બાબત કોઇ માહિતિ આપી મુજરીમને પકડાવશે તો સરકારી ગુન્હો સાબીત થઇ ગુન્હેગારનો દંડ વસુલ થશે તે દંડમાંથી પચીસ ટકા સુધીની રકમ ખબર આપનારને ઇનામ તરીકે આપવામાં આવશે.

દિવાન ઓફિસ.
ભુજ તા. ૧૮-૧-૪૬.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

પો. અં જા. નં. ૧૬. જાહેર ખબર.

દેસીદેશની તરફથી એકસરેસ લેટર નં. આર. એમ/૩-૧ તા. ૩૧-૧૨-૪૪ વાળો આવેલ છે તેમાં જણાવેલ છે કે હિંદી સરકારના પબ્લીક હેલ્થ કમીશનર જણાવે છે કે બર્મા જનાર દરેક સખ્સે પોતાની પાસે નીચે જણાવેલ સર્ટીફીકેટો હોવાં જોઇયે.

(અ) શીતળા કાઢવાનું સર્ટીફીકેટ, જેમાં એમ બતાવામાં આવ્યું હોય કે બર્મામાં આવ્યાના દિવસથી એ છામાં ઓછા ચોદ દિવસ પહેલાં અને ઘણામાં ઘણાં ત્રણ વર્ષની અંદર શીતળા કઢાવ્યાં છે. જો એમ નહીં તો શીતળા નીકળ્યાનો પુરાવો બતાવવો અગર શીતળાના આઠો બતાવવા કે જેથી તેમાંથી યોગ્ય છુટ મળી શકે.

(બ) કોલેરાની રસી મૂકાવ્યા બાબતનું સર્ટીફીકેટ જેમાં એમ જણાવામાં આવ્યું હોય કે બર્મામાં આવ્યાના દિવસથી ઓછામાં ઓછાં છ દિવસ અગાઉ અગર ઘણામાં ઘણાં છ માસની અંદર રસી મુકાવી છે.

(ક) એન્ટરીક (આંતરડાંના) તાવનું સર્ટીફીકેટ જેમાં એમ જણાવવામાં આવ્યું હોય કે બર્મામાં આવ્યાનાં દિવસથી એછામાં એછાં છ દિવસ પહેલાં અગર ઘણામાં ઘણા એક વર્ષની અંદર સરકારી ગાવની રસી મુકાવીછે.

ઉપર પ્રમાણેના ખબર સર્વ મુસાફરોની માહીતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

તા: ૧૯-૧-૪૬.

K. V Bhatt.
ડેપ્યુટી સેક્રેટરી.

જાહેર ખબર.

ચો. અં. નં. ૨૮.

એજન્સી એકસપ્રેસ લેટર ન. આર. એમ./૩–૧ તા. ૧૪–૬–૪૬ અનવયે એજન્સી તરફથી નં. એજ તા. ૭–૧–૪૬ વાળો એકસપ્રેસ લેટર અત્રે આવેલો છે તેમાં જણાવેલ છે કે દીલ્હી અને કાનપુરથી હુંડી વ્યવહાર દ્વારા અવલંબાતો કામે શીવળાને લીધે મુંબઇ પ્રતિબંધ દુર કર્યો છે.

ઉપર પ્રમાણેના ખબર સર્વ મુશાફરોની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt
ડેપ્યુટી સેક્રેટરી

જાહેર ખબર

વ. જા. કા. જા. ના ૧૨૭૬

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે તેરા લાલ મુસાન સા. જવાનજી અજાણ ખીમજી વગેરેએ શ્રી તેરાના રહેવાસી એસવાળ વર્ણના માણસના વેવટ કરનાર તરફે તેના લાલ મુસાના સા. લખમસી મગજી વગેરેની ઉપર ફુગસી માણપાળ વાળી જગા તથા વરડી તથા રાવરીયાની જમીન તથા વરસ બાલ કોરી ૧૬૭૪ તથા આનાક કોરી ૬) લેખે રાખવા બાબત દાવો કર્યો છે તે તેણે એવા અર્થ કરી કે અમે દાવાના તેમાની સઘળી જાતનો હક સંબંધ છે જેથી નીચે લખેલા શખ્સોને ખબર આપવામાં આવે છે કે વાદીઓને આ દાવો ચલવવા દેવાની પરવાનગી સામાટે ન આપીએ તે બાબતમાં કોઇને કાંઇ વાંધો કે તકરાર લેવી હોય તો તેમણે ચાલતી સાલ આઠ વિદ ૧ સોમવાર તા. ૧૮–૨–૪૬ ના રોજ હાજર થઇ જે કાંઇ જાહેર કરવું હોય તે નીચે લખ્યા શખ્સોએ તથા બીજા જેણે જાહેર કરવું હોય તે આ વાદી કે તકરાર લેવી હોય તો અમારી પાસે આવી ઉપર લખી તારીખે જાહેર કરજો જો મુદતસર જાહેર કરવામાં નહિ આવે તો કોઇને કાંઇ તકરાર લેવા નથી એમ જાણી દાવો ચલાવવાની વાદીઓને પરવાનગી આપવામાં આવશે.

૧	સા કુવરજી નારાણજી પટેલ	તેરા
૨	,, કરજી નારાણજી પટેલ	તેરા
૩	,, ધારસી જીવરાજ	,,
૪	,, જેતસી વેલજી	,,
૫	,, ધનજી લખમસી	,,
૬	,, વલજી મુરજી	,,
૭	,, કેસવજી આણંદજી	,,
૮	,, નારાણજી શીવજી	,,
૯	,, વીસનજી કેસવજી	,,
૧૦	,, ધનજી લખમસી	,,
૧૧	,, મુરજી સીવજી	,,
૧૨	,, ખીમજી [illegible]	,,
૧૩	,, ચત્રભુજ લાલજી	,,
૧૪	,, હાકરસી વેલજી	,,
૧૫	,, ધનજી નરસી	,,
૧૬	,, સીવજી હસરાજ રતાણી	,,
૧૭	,, પુરજી વીરપોળ	,,
૧૮	,, કલ્યાણજી ખેતસી	,,
૧૯	,, પરસન જીવરાજ	,,

પોસ સુદ ૧૩ રૂબરૂ તા. ૨૦–૨

ઉમેદલાલ છોટાલાલ,
મે. પ્રેસીડન્ટ જાડેજા કોર્ટના હુકમથી.

મહારાજાધિરાજ મિરજાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
રાહેબ સવાઇ બહાદુર જ. બી. સ.
શ્રી લાઇ કોર્ટ.

ફોજદારી અરજી નંબર ૧ સંવત ૨૦૦૧

શા લખમશંકર ઉર્ફે ચમનલાલ દેવણ રે. અંજાર } અપેલેન્ટ
ભટ હરીલાલ જેઠાભાઇ વીરેંદ રે. લીંબડી હાલે મુંબઇ } રીસ્પોન્ડન્ટ

નામદાર શ્રી હજુર કોર્ટનો ઠરાવ રીવ્યુઝમાં લેવા બાબત.

અંજારના કે લક્ષ્મીદાસ રણછોડદાસે ખબર આપવામાં આવે છે કે આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે; તેનો નિકાલ સંવત ૨૦૦૨ ના ફાગણ શુદ ૧ સોમવાર ને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીં તો કાયદેસર થશે

મિતી પોસ વદ ૧ શુક્રવાર સંવત ૨૦૦૧.

Bilharilal N. Mehta.
મે. સીક્ષ જડીસ સાહેબના હુકમથી,
શિરસ્તેદાર હાઇકોર્ટ

મહારાજાધિરાજ મિરજાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
રાહેબ સવાઇ બહાદુર જ. બી સ.
શ્રી વરીષ્ઠ કોર્ટ

ભયાડે — કોર્ટના દેસલા ઉપર

દિ. રે. અપીલ નંબર સંવત ૨૦૦૨

સ ન નંબર નાં. ૨૮૦ + ૮૧

કુરીયા મેગજી ઉર્ફે ભયાડે મુળ-અપીલ કરનાર
મેતા જુઠા પ્રેમજી વી. ભચાડે મુળ જવાબ દેનાર

હુકમ કરાર રદ થવા

ભયાડેના નામે લખ્યા સબબ જણાવી અપીલેન્ટે આ કોર્ટમાં અપીલ કરી છે, વાસ્તે તમને ફરવવામાં આવે છે કે, એ અપીલની નિકાલી સા ૨૦૦૨ ફાગણ સુદ ૨ મંગળવારને રોજ થશે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાતનામા સહીત

સવારના ૧૦ વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહી રહો તો અપીલનો એક તરફી કેસનો કરવામાં આવશે.

વિક્રમી પોષ સુદ ૫ બુધવાર સંવત ૨૦૦૨
તા. ૧ મેના જુલાઈ પ્રેમજી
તા. ૪ મેના દેવશી વજાની વિધવા રાજી
જયસુખલાલ કુલચંદદાસ,
એડી. ડી. જજ સાહેબના હુકમથી.

નંબર ૨૩૧

કચ્છ દીવાની કાયદાની કલમ ૨૨ મુજબની નોટીશ

નામદાર શ્રી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ તા. કચ્છ

શા. પ્રેમજી કરશનની વીધવા દેવકાંબાઈ ના પાલક દીકરા શા. કાના વેરશી દેવપરના — વાદી

૧ શા. તેજશી પરશી દેવપરના
૨ શા. હીરજી ખેરાજ દેવપરના
૩ શા. લખમશી ગોકળદાસ દેવપરના
૪ શા. મેઘજી હીરજી દેવપરના
— પ્રતીવાદીઓ

દાવો

અંક ૧ પર રૂપિયા ૨ પૈસા ચતુર્દીશા વાલી વંડી તથા તે અંદરનો એક ડેલો તથા વંડી બહારનો બીજો ડેલાનો કબજો મેળવવા તથા ભાડાની નુકશાની બદલ કોરી રૂ૦) તથા વડત ભાડું મળવા બાબત

કચ્છી માંડવી તાબે ગામ દેવપરના વીશા ઓસવાળ વાણીયા મહાજનના સભ્ય તે માલમ થયા કે સદરહુ પ્રતીવાદીઓ વિરૂધ્ધ ઉપર મુજબ દાવો દાખલ કરી કચ્છ દીવાની કાયદાની કલમ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૨૨ અન્વયે એવી અરજ કરી છે કે આ દાવામાં દેવપર વીશા ઓસવાળ વાણીયા મહાજનના કોઈ સભ્યને પક્ષકારમાં દાખલ થવું હોય તેને દાખલ થવા માટે કલમ ૨૨ મુજબ અરજ કરેલ છે જેથી આ નોટીશથી દેવપરના વીશા ઓસવાળ વાણીયા મહાજનના કોઈ સભ્યને આ કામમાં પક્ષકારમાં દાખલ થવું હોય તે તેમને આ નોટીશથી ખબર આપવામાં આવે છે કે તમારે વકીલની અરજ વિરૂધ્ધ કાંઈ જાહેર કરવું હોય તો શ. ૧૦ ૨ના મહા સુદ ૬ ગુરૂવારના રોજે જાતે અથવા વકીલ મારફતે માંડવી કોર્ટમાં જાહેર કરવું નહીંતર મુદત વીતે કાયદેસર કરવામાં આવશે.

પોષ સુદ ૭ શનીવાર સં. ૨૦૦૨

સાકરલાલ લક્ષ્મીશંકર,
એ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજના હુકમથી.

જાહેર ખબર

ડી. ડી. સી. જા. નં. ૪૬૭૨

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે દેશલપરના કર જાસુ હરજીવન વાલીની વાલી મતાજી મણીબાઈ વીરજી તે હરજીવન ચાંપશીના વીધવાએ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે અરજદારના પીતા કર હરજીવન ચાંપશી ગામ ભુજ ખાતે રહેતા હતા તેઓ તા. ૧૭-૪-૧૯૪૪ ના રોજે ગામ ભુજ (કચ્છ) મધે મુજરી થયા છે.

મુજરદારે પોતાની જીંદગીના વીમો ધી કન્ડ ઝીયલ એન્ડ પ્રોડેન્શીયલ એસોસીએશન કું. લીમીટેડમાં રૂા. ૨૫૦૦) નું અને રૂા. ૧૦૦૦) નું એમ બે પોલીસીથી ઉતરાવેલ તે જે પોલીસીના. ૩૩,૮,૪૧, અને ૫૬,૩,૪૮ છે અને બોનસ વીમરેન્સ અર્થી અને એ કું. તરફ વીમાના પૈસા રૂા. ૩૧૪૫-૦-૦ મેળવવા માટે અમો મુજબતાર હરજીવન ચાંપશીના પુત્રો હોઈ કાયદેસર ના વારસો છીએ અમારા શીવાય બીજો કોઈ વારસ ન હોઈ મુજબતાર અમારા પીતા કર હરજીવન જ અમારા અને અરજદારો વારસ હોવાથી પોલીસીની રકમ રૂા. ૩૧૪૫-૦-૦ મેળવવા માટે અમો હકદાર વારસ છીએ અને અરજદારની હકીકત વાલી તરીકે તેમની માતાજી મણીબાઈ વીરજી છે એવું વારસા સર્ટીફીકેટ અપાવશો. આ સંબંધમાં કોઈને કાંઈ તકરાર કે વાંધો હોયતો તેણે સા. ૨૦૦૨ ના મહા વદ ૭ શનીવાર તા. ૨૩-૨-૪૬ સુધીમાં આવવ તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું જે પ્રમાણે તે હકસુધીમાં નહી આવશે. મુદત વીતે અરજદારોને વારસા સર્ટીફીકેટ તેમને અપાવા વીશે જરીત થતાં પાછથી કોઈની કાંઈ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી.

મુ શ્રી ભુજનગર ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ
પોષ સુદ ૭ ગુરૂવાર સા. ૨૦૦૨

સાકરલાલ લક્ષ્મીશંકર,
એ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજના હુકમથી.

ચ. ક જા. નં. ૩૧૫૩ જાહેર ખબર

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના રહેવાસી શા વનેચંદ કુંવરજીના નં. ૧૯૯૬ના મરણનું સદર દેની મીલકતવાલી ધંધારતી લાન્ડાંની નં. પવાની તથા રસકસ અને અનાજની નં. ફરવલી તથા તેમની નં. ફરવરી અનદો ફલાસ મરીકે અપાવલી તે સનદો કેન્સલ થવા બાબત માંડવી કાર્યમેની આવેલ કાગળો પરથી નં. ૮૭૬ વાળામાં લખાણ આવેલ હકીકતે તે અહીંના નં. ૩૧૫૩ તા. ૨૩-૧-૪૬ વળાથી કેન્સલ કરવામાં આવેલી છે.

આ બાબે સનદો પોતાના પાસેથી ગુમ થયાની ફેરાદથી નામને આ અરજી થઈ ગયાનું જાહેર થઈ અસલ સનદો કેન્સલ થવા માટે રજુ થઈ નથી એટલે જો કોઈને હાલ આ નો માંડવી કરટમે રજુ કરવી અને હવેથી તેનો કાયદેસર ઉપયોગ કરવો. પણ જાણે જો કોઈ ઉપયોગ કરશે તો તે ગેરધોરણે થઈ કાયદેસર સાબીત કરવામાં આવશે.

પોષ વદ ૬ બુધવાર સાં. ૨૦૦૨ તા. ૨૬-૧-૪૬.

P. M. Khambata,
ચીફ કસ્ટમસ ઓફિસર.

નોટીફીકેશન ડી એફ. જા. નં. ૧૫૬૬.

નોટીફિકેશન નંબર એફ. ૧૦૧ તા. ૧–૧૨–૪૫ થી ચયેલ હુકમ અન્વયે નોટીફીકેશન ડી. એફ ૫૬૭ બહાર પાડવામાં આવેલ છે, તેનાં અનુસંધાનમા ગોળ નીયમન બાબત નીચે પ્રમાણે નકકી કરવામાં આવે છેઃ—

૧ નોટીફીકેશન નં. ડી એફ. ૫૬૭ ની કલમ ૩ થી અયાત કરનાર વેપારીઓને ગોળની કિંમત ઉપર દોઢ કોયનો નફો લેવાનું મંજુર કરવામાં આવેલ છે. અને મહરહુ નોટીફીકેશનની કલમ ૪ થી દર મહિનાની સુદ ૩ ના રોજ ગોળના જથ્થાબંધ તથા છુટક વેચાણના ભાવ બહાર પાડવામાં આવશે એમ જણાવવામાં આવેલ છે. પરંતુ હાલ જે સંજોગમાં ગોળની ખરીદી ચાલુ છે તે ધ્યાનમાં લેતાં તે પ્રમાણે દર મહિનાની સુદ ૩ ના રોજ જથ્થાબંધ અને છુટક વેચાણના ભાવ બીજો હુકમ થતા સુધી નકકી કરવામાં આવશે નહિં અને જથ્થાબંધ તથા છુટક વેપારીઓએ નોટીફીકેશન નં. ડી એફ. ૫૬૭ની કલમ ૩ અને ૫ માં મુકરર કરેલો નફો લઈ ગોળનું જથ્થાબંધ તથા છુટક વેંચાણ કરવાનું છે. સદરહુ કલમોમાં જણાવેલાં નફાથી વધુ નફો જથ્થાબંધ કે છુટક વેપારી લઈ શકશે નહિં અને જે તે તાલુકાના જથ્થાબંધ વેપારીઓએ તે તે તાલુકાના પરવાને ધરાવનાર છુટક વેપારીઓને જ હુકમ નં. એફ. ૧૦૧ મા ઠરાવેલા પ્રમાણે ગોળ વેચી શકશે અને જથ્થાબંધ વેપારીઓ છુટક વેપાર કરી શકશે નહિં એ તરફ લાગતાવળગતાનું ફરી ધ્યાન ખેંચવામાં આવે છે.

૨ આયાત કરનાર ગોળના વેપારીઓએ તેમના તરફથી હુકમ નંબર એફ ૧૦૧ની કલમ ૮ અનવયે જે માહિતી મોકલવાની છે, તેમાં તેમના તરફથી જે ગોળ આયાત કરવામાં આવે તેની પડતર કીંમત દર્શાવવાની છે. જુદી જુદી વખત ગોળના ખરીદ થયેલી હોય તેથી જો જુદી જુદી પડતર કીંમત થઈ હોય તો કેટલા ગોળની શી પડતર કીંમત થઈ છે તે સ્પષ્ટ રીતે જુદું બતાવવું પડશે.

૩ હુકમ નં. એફ. ૧૦૧ ની કલમ ૩ અનવયે આયાત કરનાર વેપારીએ પોતાને મળેલા ઈન્ડેન્ટમાં દર ટકા જેટલો માલ એ ૧૬૪૬ પેલાં લાવવા ઠરાવવામાં આવ્યું છે તે બાબત સ્પષ્ટતા કરવામા આવે છે કે તા. ૩૦ મી એપ્રીલ ૧૯૪૬ સુધીમાં તા પ્રમાણે ગોળ આયાત કરવો પડશે.

૪ આયાત કરનાર કેટલાક વેપારીઓને ગોળ ખરીદવા પુરતી તજવીજ કરતા ન હોવાનું જણાય છે એટલે તા. ૧૦ મી ફેબ્રુઆરી ૧૯૪૬ સુધીમા ઈન્ડેન્ટ ધરાવનાર વેપારીઓ ગોળ ખરીદ કરવા તજવીજ સંતોષકારક રીતે કરતા નથી એમ જણાશે તો તેમની પરમીટ રદ કરવામાં આવશે તે પ્રમાણે ઈન્ડેન્ટ ધરાવનાર ગોળના વેપારીઓની તારીખ ૧૧–૧–૪૬ ના રોજ બોલાવવામા આવેલી મીટીંગમાં સુચના આપવામાં આવી હતી તે બાબત ફરી લાગતા વળગતાઓનું ધ્યાન ખેંચવામાં આવે છે

ભુજ તા. ૨૪–૧–૪૬

K. H. Desai,
ડાયરેક્ટર ઓ ફુડ સપ્લાઈઝ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સરકાર બહાદુર જી. બી. ઈ
શ્રી ભુજ અદાલત

ખા. દી. દાવાનો નંબર ૧૭૮ સંવત ૧૯૯૯

ઠ. મારાજી પીતાંબર ચારેલી વાદી
ઠ. ભગવાનજી હીરાચંદ કારીતરારવી પ્રતિવાદી

દાવો બાકીની રકમ મેળવવા બાબત.

મોંઢીના રહેનાર ગણેશ ભચુ રબમણ ને માલમ થાય જે વાદી ચારેલીના ઠ. મારાજી પીતાંબર એ તમારા ઉપર આપની રકમ મળવા બાબતનો દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે. સં. ૨૦૦૨ના આસો વદ ૨ વાર સોમને રોજ સરકારના દીવાની ચોગાને ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલના મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા તથા તમારા બચાવ કરવાના જવાબ દઈ શકે અથવા કોઈ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા માણસને વકીલના તાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહીં થશો તો તમારી ગેર હાજરીમાં મારા ફરાવવામાં આવશે આ તારીખ જોતાં મળે છે તે તમારા જાણવાની મુદ્દાનાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર

રાખવા ધારતા હો તો દરમ્યાન તમે કેસ આ જો અથવા તમારા વકીલ સંથે મોકલજો.

મિતી પોસ શુદ ૧૩ વાર મંગળ સં. ૨૦૦૨.

મણીલાલ ચુનીલાલ,

મે. એડી. ભુજ ન્યાયાધીશ વાના હુકમ

મહારાજા ધીરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

નાં. ૨૦૭

ગ્યા. ફી. તા. ફામ ના. ૬ સા. ૨૦૦૨

શ્રી અબડાસા અદાલત તરફથી

હા. નારાણજી એમવજી ભાનુશા વાદી.

મોડે આમદ ઇબદલા સગીરની માતાબા (વાદી
એમવ.ભ મોટી પુરા હલ (સીંધ) અદાલત)

હાલે કેરી ૧૬૮૧ ૪ તાલાક ભાગે મલવા

ગામ મોટીપુરી તે હાલ (સીંધ) અદીનાના મોડે આમદ ઇબદલા સગીરના વાલી મા એટલે બાઇ બાઇબ માલમ થાય કે સદરહુ વાદીએ તમારા પર દી કા. નાં. ૧૨૭ વાળો દાવો કરેલ તેના થયેલ હુકમનામામાં ઠર્યું છે કે વાદીને પ્રતીવાદી કેરી ૧૬૮૧૩ તમામ ખર્ચ સહીત ત્રણ હાંચવી આપે પેલુ કાંધુ ગ્રહા સુદ ૨ બાકીના બે ત્રણ બહા સુદ ૨ પછી આપે ન આપે તો વાદી વસુલ લે તે મુંબઇ તાબાના થવા વાદીએ દરખાસ્ત કરી છે માટે નોટીસ પોચેયા રેજ ૨૦ મા તાબીલ વાલી કેરી ૧૬૮૧ ૪ ની બરખાસ્ત કરજો નહીં તો કાયદેસર થશે.

મિતી પેસ સુદ ૮ સુકર સંવત ૨૦૦૨

જીવરામ જાદવજી,

મે. અબડાસા ન્યાયાધીશ. શા. ના. હુ.

મહારાજા ધિરાજ મિરજાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

સમન્સ નંબર ૬૩.

બાહરા દીવાની કામ નંબર ૧ સં. ૨૦૦૨.

શ્રી અબડાસા કોર્ટ તરફથી

જાની દુર્ગાશંકર રામજી રે. જખૌ વાદી

હ. કલ્યાણજી ભીમજી રે. એજ. પ્રતિવાદી

નાણાં લેણાં બાબત

જખૌ તે દાવે કલાઇટ થયે હ. મરજી કલ્યાણજી ને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર દાવો કરેલ છે, તેના દાવા જવાબ દેવા તમે આ કોર્ટમાં સં. ૨૦૦૨ના અહા વીદ ૫ ગુરૂવાર સવારના ૧૧ વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેજો નહીં તો કાયદેસર થશે.

મિતી પેસ વીદ ૪ સોમવાર સંવત ૨૦૦૨

જીવરામ જાદવજી,

મે. અબડાસા ન્યાયાધીશ શા.ના હુ થી.

મહારાજા ધિરાજ મિરજાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

સમન્સ નં ૧૩૮

બાહરા દીવાની કામ નંબર ૨ સં. ૨૦૦૨

શ્રી અબડાસા કોર્ટ તરફથી

જાની દુર્ગાશંકર રામજી રે. જખૌ વાદી

ભડાસા અબદુલ ઉમર રે. મોટા સલાયા પ્રતિવાદી

દાવો લેણાં બાબત

મોટા સલાયાના નીચે લખ્યા શહેરોને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર દાવો કરેલ છે, તેના દાવા જવાબ દેવા તમે આ કોર્ટમાં સં. ૨૦૦૨ના અહા વીદ ૫ ગુરૂવાર સવારના ૧૧ વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેજો નહીં તો કાયદેસર થશે.

મિતી પેસ વીદ ૪ સોમવાર સંવત ૨૦૦૨

જીવરામ જાદવજી,

મે. અબડાસા ન્યાયાધીશ

સાહેબ ના હુ થી.

વ. જા. ન ૧૭૮ જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના રહેવાસી પ્રેમજીના દેવાદાર કલ્યાણ તેના દીકરા શંકરલાલ પ્રેમજીએ દરજી જેઠા હુજ્જ તથા તેના સગા ભાઇ દયા પ્રેમજી ગેલા પાસેથી રૂપિયા ઓક ભુજ બધે આંક કુલીબ્બાં છે તે કોરી ૩૭૩૦) સાડત્રણસો ત્રીસના અષાઢ શેત તેરસ દત્તાત્રેય રજુ થક જખૌ થવા માટે આવેલ છે માટે સદરહુ રૂપિયા કોઇપણ કોઇને લેવુ હક હોય તો તેમણે ૧ માસા અંદર અ હના કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહિ સાંભળવામાં જખૌ થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

પેસ સુદ ૯ શની સં. ૨૦૦૨

P. K. Biva

for ભુજ વહીવટદાર

વ. જા. નં ૬૦૩ જાહેર ખબર

અત્રે સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજનાં મુસલમાન જખો પરેજ રહેવા આમદે કાસમશાહ નામા શાહબાદ કેફે અમા મીયા પછેથી ચંદી ૧ રૂપિયા કુલીબ્બામાં છે તે કોરી ૭૦૫, સાતસો પચીસમાં ખપટ કરતાં તેનો દત્તાત્રેય રજુદાર થઇ જખૌ થવા માટે અરજ છે માટે સદર હુ ચંદી કોઇપણ કોઇને લેવું હક હોય તો તેમણે ૧ માસની અંદર અહીંના કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહી સાંભળવામાં જખૌ થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવે છે.

પેસ સુદ ૧૪ ગુરૂવાર સં. ૨૦૦૨

P K. Biva

for ભુજ વહીવટદાર.

નાં. ૭૯૯ જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના વોરા સંતવજી અલીભાઇ વોરાએ ભુજના વડા તા મીરજી નારાણજી વગે તે મનેયા ઘાટ ૧ એક ભુજ મધે તલાવની મારકાટની બાજુમાં બના

ફુલીવળી શેરી ઉપરે આવેલ છે તે હાટ રૂ ૧૦૫૦ અગીયાર હજાર પચાસમાં અઘટ લીધેલ છે જેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ હાટ ઉપર કોઇનું કાંઇ લેણું હક હીશો તેમણે ૧ માસની અંદર આહીની કચેરીએ અવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાભળાતાં છાપો થવા માટે વી હજુરમા લખવામાં આવશે.

પોષ વદ ૧૧ ભોમે સાં ૨૦૦૨.

P. K. Bawa,
for ભુજ પહીવટદાર.

અહરાજાધિરાજ શ્રી રાજા મહારાવશ્રી ૭ વિજયરાજજી સાહેબ બાવાઇ બહાદુર જી. બી. કે. સી. આઇ. રા. મુન્દ્રા વેપારદાર તરફથી.

જાહેર ખબર.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદરાના મેમણ હાજી જનમામદ મુશાબ કુદાદા હા. નેણુ તારાણજી પાસેથી જમા ૧ કોરી પરકર પાંચ હજાર બસો સાતમાં મુંદરા શહેર રહેવા મેમણ વાલા કલ્યામાં આવેલ છે જત જણાવે લાગી ચતુર દિક્ષાવાળી જગ્યા શાં. ૧૬૫૮ નાદવા વગેરેના દસ્તાવેજથી અઘટ વેચાણ રાખતાં તે દસ્તાવેજ વ્યાપ આતેથી રજીસ્ટર થઇ છાપો થવા માટે બાખરે આવેલ છે માટે સદરહુ જગ્યામાં જેનો કાંઇ હક હીશો હોય તેણે આ જાહેરનામું બહાર પડયાની તારીખથી તે એક માસની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીત્યા કાંઇ તકરાર સાંભળવા શીવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવા ધીરા કરવામાં આવશે.

ચતુર દીશા

૧ ઉગમણી કોરે ચાલતા શેરા છે.
૧ દખણી કોરે મુનવારા જગ્યાઓનો ચોક છે
૧ આથમણી કોરે મેમણ વાઘદીના અબ્દલાની જગ્યા છે.
૧ ઉતરાદી કોરે ચાલતી શેરી છે.

એ ૨ તે

પોષ શુદ ૬ શનીવાર સાં. ૨૦૦૨ તા. ૧૨-૧-૪૬

Harilal Somji,
મુંદ્રા વેપારદાર.

મહારાજા વિજયરાજ મિરજાં મહારાવશ્રી ૭ વિજયરાજજી સાહેબ સરકાર બહાદુર જી બી. કે. નંબર ૨૫૬.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદરામેંદર તથા નારીયાળના દરીયા કિનારા ઉપર થી રા મુન્દ્રા મેન્યોવ જમાદરની યારી નં ૩૩૩ પોષ શુદ ૬ બુધે વાયરી બીંગદાનના વેચાણ કર્યા નગ ૧૬૮૩૨ અનુક્રમે તેમાં ૧૫ ખરાબ તથા ૨ ખાલી તથાં નંગ ૬ ઝરેલાં એવી રીતે ઓલમાં ની જેલ છે જેની અંદાજે કીંમત કોરી ૭૭૦૦ સાતસો સાંઇઠ અસર છે તે મત જે ધણીનો હોય તેણે જાહેરનામા ની તારીખથી માસ ૧ એકમા અહીં હાજર થઇ ખાત્રી કરાવી આપી તથા તેના અગેનું ખર્ચ આપી લઇ જવે નહતર મુદત વીતે માસ જાહેર લીલામથી વેચવામાં આવશે તથા પકડાયા બી દરબાર દાખલ કરવામાં આવશે

પોષ વદ ૭ ગુરૂ સં. ૨૦૦૨.

વાઘજી સામતભાઇ,
મેન્યોવ મેનેજર.

નીચની ખાનગી જાહેર ખબરો વારે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બહાલી અગર તે મંજુરી મળે છે એમ સમજવાનું નથી

ખારવા જાહેર ખબર.

અમો નીચે સહી કરનાર હુજ તાબે નાના રેહા નાં રહીશ ને હાલે ઝગડીયામાં વસતા મરહુમ સેવાર સાલેહ બાર્યાના વારસો લુવર ૧ ઝકેમાન સાલેહ તથા સુલેમાન સાલેહ નાગીરી વલીમા જુલખાંબાઇ યાકુબ તથા અબ્દુલ સાલેહ સર્વ રની વારસમાં સકુબાઇ ઉમરના પાવરદાર અબ્દુલમાન સાલેહ બાર્યા આ જાહેર ખબરથી ખબર આપીએ કે અમારા મરહુમ પીતાજીની ગામ નાનાં રેહા ની મીલકતો પૈકી મેતર લીધીએ ગામ રેહાના તે હાલે અંજારનાં લુહાર અબ્દેમાન સુમારને અમોએ અમારા મરેથી અઘટ વેચાણ આપી ખત રજીસ્ટર કરાવી આપયુ પરંતુ ખોતરની તીર્થીયનાં અપાંગ મરહુમ પીતાજીનાં ધનીક પણાનાં દસ્તાવેજ રજીસ્ટર નંબર. ૨૮. સંવત ૧૯૬૬ નાં અષાડ વદ ૩ સોમેના રોજે રજીસ્ટર થયેલ તે તથા તેમાં બોલતા પેગા ઓચરીઆ બીજા દસ્તાવેજો સાથે ગુમાઇ જઇ ગેરવલે ગયા છે તે ગુમ થયેલા દસ્તાવેજો પર કોઇએ કઇ લીર ધાર કરી હશે તે અમોને બંધન કારક નથી તે મજ હુવેલા કોઇ કાંઇ ધીધર કરવી નહી કે ગીરો રાખવા નહી નહીતર તેમાં અમોને કે અમારા ધનીકને બંધન કારક નથી એમ સઘળાએ એ જાણવું

અમારા ઉપર જણાવેલ ગુમ થયેલા દસ્તાવેજો જેમને મળ્યા હોય તેણે અમારી વતી અંજાર નાં દાવર એ કુમાર જુણસ પાસે રજુ કરવો

અગારી વતી પેરા દનામ આપવામાં આવશે.

સા. ૨૦૦૨ નાં માહ સુદ ૧૦ રવિવાર

તા. ૧૩-૧-૧૯૪૬.

લુહાર અબ્દુલરહેમાન સાલેની સહી દાઃ પોતાના

લુહાર સુલેમાન સાલે મગીની વાલી મા જુલેખાંબાઇ જકબ તથા અયુબ સાલે મગીની વાલી મા સકુરાંબાઇ ઉમર ની સહી દાઃ પાવરદાર અબ્દુલરહેમાન સાલેબાવાના આધારે સહી કરીછે.

ખનગી જાહેર ખબર

અમે નીચે સહી કરનારા અબડસા તાલુકાના ગામ નુંધાતડના જાડેજા જીવુભા લાખાજી તથા જાડેજા ભુરૂભા લાખાજી આથી સર્વે લોકોને અને લાગતા વળગતાને ખબર આપીએ છીએ કે અત્રથી આજરે બાર માસ અગાઉ અમે બન્ને ભાઇઓ ભુજમાં કચ્છ સ્ટેટસ મીલીટરી ફોરસીઝમાં નોકરીને અંગે રહેતા હતા થી તે તરફનો લાગતા લડનેકોઇ હરામ ચોર શખ્સે અમારા નુંધાતડના ઘરમાંથી જે બધું હતું તેમાંથી અમારા વડેચણનો અમલ કાળો અને બીજા કેટલાક ચોપડા કાગળીયા અને દસ્તાવેજો ચોરાવી લઇ જઈ ગુમ કરેલ છે તે બાબતની જાહેરાત પણ અમે તે અરસામાં બીકે પોલીસ એફીસ કરેલ હતી. પણ હજુ સુધી નહતુ ફાળો કે ચોપડા કે કાગળીયા કે દસ્તાવેજના પત્તો અમને મળેલ નથી. એટલે સાહુ ફાળો કે ચોપડા વિગેરે કોઇને જળી અથવા કોઇના તે કબજામાં આવે અથવા તે બાબતની કાંઇ ખબર મળે તો તેના અમને ખબર આપવા આ નોટીસથી જણાવીએ છીએ આ ખબર અમને પહોંચાડનારને અગે જે ખર્ચ બજી થશે તે અમે તા. આપશું તથા આ દસ્તાવેજો તથા બીજાં કોઇ બાબત બાતા ઉપર કોઇ કાંઇ ઉણ કેતી કરશે તેના અમે બીલકુલ જવાબદાર નથી એજ.

ભુજ પેલ વીદ ૨ સં. ૨૦૦૨.

જાડેજા જીવુભા લાખાજીની સહી દ. પોતાના

જાડેજા ભુરૂભા લાખાજીની સહી દ. પોતે.

☞ આ પત્ર થી કચ્છ કડવાની જાહેરાતોનાં બીજુ

642

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY.

[VOL. 73] MONDAY 18th. FEBRUARY [NO. 16]

[પુ૦ ૭૩] મહાવિદ ૨ સોમવાર સંવત ૨૦૦૨ તા. ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૯૪૬ [અંક ૧૬]

ક. ઓ. નં. ૨૩. ૬૨૧૫

ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબના ફરમાનથી રા. મિનરલ્સ ઓફીસર પ્રભુલાલ કાનજી દવેનો પે. રૂ. ૧૦૦-૧૦-૩૦૦ નો ઠરાવી તેમને મળતા પગાર રૂ. ૨૨૫ માં રૂ. ૨૫ નો વધારો આપી પગાર રૂ. ૨૫૦ કરી આપવામાં આવે છે. રા. દવેને મળતું ત્રેરી ૭૫ એલાઉન્સ હાલે ચાલુ રાખવું.

મીતી. પોષ વદ ૬ ગુરૂવાર શાં. ૨૦૦૨ તા: ૨૪-૧-૪૬.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

No. 327 of 1946. NOTIFICATION.

In exercise of powers conferred by rule 37 A of the Defence of India Rules as applied to Kutch, the Kutch Government is pleased to direct that the order relating to apparatus capable of generating electrical energy exceeding ten watts, published under this office No. 2077 dated 1st November, 1941, shall be cancelled.

Dewan's Office,
Bhuj, 4th Feb. 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch.

No. 324 of 1946 NOTIFICATION.

In exercise of the powers conferred by clause (a) of sub-rule (2) of rule 81 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to cancel the Cement (Movement by Rail) Control Order, 1945, published under this Office Notification No. 2117 dated 26th July 1945 and to direct with reference to sub-rule (1) of rule 119 of the said Rules, that notice of this Order shall be given by the publication of the same in the Kutch State Gazette.

Dewan's Office,
Bhuj, 4th Feb. 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch.

No. 326 of 19446 Notification.

In exercise of the powers conferred by sub-rule (2) of rule 81 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to direct that the following amendments shall be made in the Control of Imported Engineer Stores, Order 1944 namely:-

For the existing Schedule to the said Order, the following shall be substituted, namely:-

(1) D. C. Electric Motors, Generators and Generating sets with Prime Movers of any type or design and irrespective of speed or type of enclosure. together with any associated

Control Gears.

(2) Armoured Paper. Insulated Lead Covered cables and Winding wires.

(3) (a) Electrodes for electric welding,

(b) Ferrous and non-ferrous welding rods for Oxy-acetylene welding.

(4) Pneumatic Tools.

(5) Plumbago and Carborandum Crucibles and Components.

(a) Crucibles--above size No. 20

(b) Stands.

(c) Rings.

(d) Covers.

(e) Spout, covers and spout pieces.

(f) Brazing Pans.

(g) Chlorine Crucibles and Chlorine Tubes.

(h) Muffles,

(i) Stirrers.

(j) Special Refractory linings.

(6) Compressors.

Compressors, air or gas, portable or stationery, but not being imported as an integral part of any refrigerating or air conditioning equipment or as a component part of any engine.

(7) Wood working tools.

(a) Cutters.

(i) Planting Knives.

(ii) Tenon Cutters.

(iii) Shoulder Cutters.

(iv) Mould Cutters.

(v) Solid Cutters.

(b) Mortise Cutters (Power Driven)

(i) Internal Augers.

(ii) Hollow Chisels.

(c) Saws.

(i) Circular saws.

(a) Riping.

(b) Cross-cut.

(c) Hollow--ground.

(ii) Band Saws.

(iii) Machine Frame Saws.

Dewan's Office,
Bhuj, 4th Feb. 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch.

ડી. સી. એસ. નાં. ૬૯૮ ઠરાવ.

ડી. સી. એસ. નાં. ૨૪૫૨ વાળા ઠરાવથી કેરોસીનના છુટક વેંચાણનો ભાવ કચ્છી શેર ૧ એકના દોકડા ૧૧ અગીઆર રાખવામાં આવ્યો હતો, તે રદ કરી બીજો હુકમ થતાં લગી કેરોસીનના છુટક વેંચાણનો ભાવ કચ્છી શેર ૧ એકના દોકડા ૧૦ દસ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ભુજ તા. ૧-૨-૧૯૪૬

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

T. O. No. 3317 of 1946.

Dewan's Office,
Technical Branch,
Bhuj, 8th February, 1946.

NOTIFICATION.

In view of Huzur Court and the Post of the Judicial Assistant having been replaced by the establishment of the High Court of Judicature, either the Chief Justice or the Puisne Judge of the High Court, will sit on the committee, mentioned in Rule 22 (i) for imposing punishment under Rule 21 of the Rules relating to the grant of

Licences for Wireless Receivers sanctioned under Technical O. No. 1014 dated the 25th September 1942 in place of the Judicial Assistant.

S. K. Nayampalli,
Dewan of Kutch.

યાદી નાં ૩૫૦૯

સરકયુલર નાં. ૩૮૧ વાળાથી જે જે પહોંચ પર સ્ટાંપ ચોડાવવાનું ફરજી ઠરાવવામાં આવેલ છે તેમાં રાજ્યના જે નોકરો યા પેન્સનરોને માસીક કોરી ૧૦૦ થી વધારે પગાર યા પેન્સન મળતું હોય તેવી રકમની પહોંચનો પણ સમાશ થાય છે વાસ્તે તે પ્રમાણે અમલ કરાવવા દરેક ખાતાંના ઉપરી અધીકારીઓનું લક્ષ ખેંચવામાં આવે છે.

મહા શુદ ૮ શનીવાર શા. ૨૦૦૨

જયુડીશીયલ એન્ચ
ભુજ. તા. ૯ –૨–૪૬.

S. K. Nayampalli,
દિવાન–કચ્છ

યાદી.

જયુ. જા. નાં. ૩૫૭૭

સરકયુલર નાં. ૩૮૧ માગસર વદ ૧૧ શની શાં. ૨૦૦૨ વાળાથી કોરી ૧૦૦ થી વધારે રકમની પહોંચ પર સ્ટાંપ ચોડાવવાનું ફરજી ઠરાવવામાં આવે છે. તેના અનુસંધાનમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે:–

જે શખ્સ પાસેથી સ્ટાંપવાળી પહોંચો માગી શકાયતેવા શખ્સે વગર સ્ટાંપની પહોંચ આપી હોય અને તેવી પહોંચ સ્ટાંપવાળી હોત તો તેની વિરૂધ્ધ પુરાવામાં લઇ શકાય એમ હોય તે પ્રસંગે એવી પહોંચ રજુ કરનાર ત્રણ કોરીનો દંડ ભરેતો તે પહોંચ તે પહોંચ આપનાર શખ્સની વિરૂધ્ધ પુરાવામાં લઇ શકાશે.

જે કોઇ પણ શખ્સ પહોંચ આપવાની ફરજ છતાં એવી પહોંચ આપવાની ના કહેશે અથવા ગફલત કરશે અથવા સો કોરી કરતાં વધારે કોરીની રકમ અથવા સો કોરી કરતાં વધારે કીંમતની મીલકતની કીંમત આપવામાં આવ્યા પછી રાજ્યની કોઈ પણ ડયુટી ડુબાડવાના ઇરાદાથી સો કોરી કરતા વધારે નહીં એવી રકમ અથવા કીંમત બદલ પહોંચ આપશે અથવા આપેલ પૈસા અથવા મીલકત જુદી જુદી કરશે અથવા તેના ભાગ કરી પહોંચ આપશે તે ત્રણસો કોરી સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

મીતી મહા શુદ ૯ રવીવાર શા. ૨૦૦૨

જયુડીશીયલ એન્ચ.
તા. ૧૦–૨–૪૬.

S. K. Nayampalli,
દીવાન–કચ્છ.

No. 33 of 1946. ORDER.

His Highness has been pleased to appoint Mr. Labhu Ram Sharma as Plantation Officer on a monthly salary of Rs. 120 in grade of Rs 120–10–170 with effect from 29th January 1946. He will be given a fixed bhatta allowance of Rs 25/- p. m. and a Dearness Allowance of Rs. 25/- which will be payable so long such allowance is paid by the Punjab Government to Government servants. He will be given a simply furnished house.

All plantations and nurseries at present in charge of the Forest Superintendent should be transferred to Mr. Labhu Ram.

Mr. Labhu Ram will submit all his papers to the Naib Dewan direct,

Dewan's Office,
Bhuj, 11th February, 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch.

યાદી

જયુ. જા. નાં. ૩૫૭૮

હ. એ. નાં. ૬૧ તા: ૧૨–૪–૪૬ વાળાથી મકાન ભાડાં નિયમનનો ધારો અમલમાં આવેલ છે તેનો અમલ લડાઇ પુરી થયા બાદ ૬ માશ સુધી જારી રહેવાનું ઠરાવવામાં આવેલ છે. તે મુદત તા: ૧૬–૨–૪૬ના રોજે પુરી થતી હોઈ રા. શા. રેવીન્યુ કમીશ્નર સાહેબ તરફથી

લખાઇ આવેલ હકીકતે સદરહુ ધારો પુરી થતી મુદતથી વિશેષ માશ ૬ છ સુધી એટલે તા: ૧૬-૮-૪૬ સુધી અમલમાં રહેવાનું આથી ઠરાવવામાં આવે છે.

મીતી- મહા શુદ ૧૩ ગુરૂવાર શાં. ૨૦૦૨.

જ્યુડીશીયલ બ્રેન્ચ,
તા: ૧૪-૨-૪૬

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

ઠરાવ. નાં. ૨૬૬.

મોટી રકમની બેન્ક નોટો સંબંધમાં બહાર પાડવામા આવેલ ઠરાવ નાં. ૨૨૧ તા.: ૨૬-૧-૪૬. ની કલમ ૬ ની રકમ ૧૦ નાં. અનુસંધાનમાં ઠરાવવામાં આવે છે કે:-

જે શક્યો સંયોગો વસાત મુકરર થયેલ મુદતની અંદર પોતાની નોટો વટાવવા માટે રજુ કરી શકયા નહીં હોય તેઓ તા: ૨૬ મી એપ્રીલ ૧૯૪૬ સુધીમાં રા. રા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ પાસે તેવા નોટો તે વખતસર રજુ નહીં કરી શકવાનાં પુરતા વ્યાજબી કારણો દર્શાવી ત્રણ ફોર્મ સહીત રજુ કરી શકસે તે ઉપરથી તેવી નોટો ધી રીઝર્વ બેન્ક મુંબઇ તરફ મોકલાવી બદલાવી આપવા બાબત લખવામાં આવશે.

મીતી. મહા સુદ ૧૩ ગુરૂવાર શાં ૨૦૦૨.

તા: ૧૪-૨-૪૬.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

અં. જા. નાં. ૨૯૫. જાહેર ખબર.

બર્માથી પાછા આવેલા, બર્મા ઇવેક્યુઇઝો, જે બર્મા પાછા જવા માગતા હોય તેણે ભરવાનાં અરજીનાં ફોર્મો ભરી મોકલવાની છેલ્લી તારીખ ૩૧-૧-૪૬ સુધીની ઠરાવેલી હતી, તે લંબાઇને તા. ૨૮-૨-૪૬ સુધીની થઇ આવેલી છે તે અંગેની પ્રેસનોટ, એજન્સી લેટર નં. સી/૨-૧૦૧ (૩) તા. ૫-૨-૪૬ વાળાથી આવતાં જાહેર જનતાની જાણ સારૂં આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

દીવાન ઓફીસ
તા. ૧૩-૨-૧૯૪૬.

J. J. Ashar,
નાયબ દિવાન.

PRESS NOTE.

REPATRIATION OF EVACUEES TO BURMA
REGISTRATION AND ISSUE OF IDENTITY CERTIFICATES
LAST DATE EXTENDED TO FEBRUARY 28.

It was stated in a Press Note issued on December 4, 1945, that registration and issue of identity certificates to Indian evacuees from Burma desirous of returning to that country should commence on December 10, 1945, and would be completed on January 31, 1946.

Requests have been received from several evacuee associations that this date should be extended. The Government of India have accordingly, decided that identity certificates should continue to be issued throughout February the last date of issue being February 28, 1946.

Evacuees are advised to take out their identity certificates even though they are not willing to proceed to Burma immediately, as these identity certificates will be useful to enable them to return to Burma even at a later date. Evacuees who are in receipt of financial assistance are specially reminded that if they fail to take out their identity certificates, the assistance granted to them is liable to be stopped.

Commomwealth relations Department.
New Delhi, January 18, 1946.

6 ~~6~~ 6

પો. અ. જા. નં. ૩૮ જાહેર ખબર

એજન્સી એક્સપ્રેસ લેટર નં. આર એમ/ ૩-૧ તા. ૨૮-૧૨-૪૫ અન્વય એજન્સી તાંકથી નં. આર એમ/૩-૧ તા. ૨-૩૧-૪૬ વાળો એક્સપ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે તા. ૧-૧-૪૬થી કવોરન્ટાઇન પ્રતિબંધ બતાવતું કોન્સોલીડેટેડ પત્રક સામેલ રહી આવેલ છે જેની નકલ સર્વ મુસાફરોની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

જે દેશોએ પ્રતિબંધ મુકેલ છે તેનાં નામ.	જે દર સામે પ્રતિબંધ મુકેલ છે તેનાં નામ.	હિંદમાંની જગ્યાઓથી આવનારા સામે મુકેલ પ્રતિબંધ માટેનાં નામો.
૧. પેલેસ્ટાઇન.	કોલેરા.	કલકતા (હવાઇ માર્ગે).
	,,	કાનપુર (,,).
	,,	દિલ્હી. (,,).
	શીતળા.	કલકતા (,,).
	,,	મુંબઇ (,,).
૨. ટ્રાન્સજોર્ડન	કોલેરા.	દિલ્હી (,,).
	,,	કલકતા (હવાઇ અને દરિયાઇ રસ્તા માટે)
	શીતળા.	કાનપુર (હવાઇ માર્ગ માટે).
	,,	દિલ્હી (,,).
	,,	મુંબઇ (,,).
૩. સીલોન	શીતળા.	મદ્રાસ (હવાઇ અને દરિયાઇ).
૪. ઇરાક	કોલેરા	મુંબઇ કલાકો (, ,,).
૫. ઇરાન	,,	હિંદ (,, ,,).
	શીતળા.	,, (,, ,,).
૬. ઇજીપ્ત	,,	,, (,, ,,).
	,,	,, (,, ,,).
૭. ચીન	ઇન્ટેરીઓરીયર	,, (,, ,,).
	કોલેરા.	,, (,, ,,).
૮. બર્મા	કોલેરા	,, (,, ,,).
	શીતળા	,, (,, ,,).
	ઇન્ટેરીઓરીયર	,, (,, ,,).

પોષ વદ ૧૩ શુક્ર સં. ૨૦૦૨ તા ૩૧-૧-૪૬.

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

ઠરાવ.

હા. કો. જા. નં. ૯૬૭ સં. ૨૦૦૨

તેરા કોર્ટમાં વકીલાતનું કામ કરતા લોની કેશવલાલ વલ્લભજીને અબડાશા અદાલતમાં વકીલ તરીકે કામ કરવાની સનંદ મળવા અરજ કરતાં, તે અરજ મંજુર કરી, તેમને અબડાશા અદાલતમાં વકીલાત કરવા દેવાની પરવાનગી આપવામાં આવે છે.

તા. ૧૨-૨-૪૬. મહા શુદ ૧૧ ભોમવાર સં ૨૦૦૨

S. M. Kaikini,
ચીફ જસ્ટીસ, હાઇ કોર્ટ

મહારાજા ધિરાજ મિર્ઝા મહારાઓશ્રી જ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ
મુંદરા કોર્ટના ફેસલા ઉપર
દા. રે. અપીલ નંબર ૫ સંવત ૨૦૦૨
સમન નંબર ૪૨૧

ખલીફા ઇસ્માલ પ્યારબાગદ વગેરે } મુળ અપીલ
બીદડાના } કરનાર

જુકેરા અલુ જુમાના દેહીના જુકેરા } મુળ જવાબ
કાસમ અઇબ વગેરે મોટા કાંઢાગરાના } દેનાર

બાબત.

નીચેની કોર્ટનો ઠરાવ રદ કરવા બાબત

મોટા કાંઢગરાના નીચે લખ્યા શખ્શોને માલમ થાય કે અપીલેન્ટે આ કોર્ટમાં અપીલ કરી છે, વાસ્તે તમને ફરમાવવામાં આવે છે કે, એ અપીલની ચોકસી સં. ૨૦૦૨ના ફાગણ સુદ ૫ શુક્રવારને રોજે મળે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાત પમા અહીત સરકારના ૧૧૩ વટમાંથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહીં રહો તો અપીલનો એક તરફો ફેસલો કરવામાં આવશે.

મિતી પોષ વદ ૧૩ શુક્રવાર સંવત ૨૦૦૨

૧ જુકેરા અલુ જુમાના દેહીના જુકેરા હાસમ અઇબ
૨ જુકેરા અબા અબાબ તથા રજાજાન અઇબ રઝીર
ના વલી ભાઇ કાસમ અઇબ.

રાવાદલાલ લક્ષ્મીશંકર.
મે. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજના હુકમથી.

જાહેર ખબર નાં. ૩૭૬૪

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે જોશી હરીરામ ભગવાનજીને માંડવીમાં ઉંઠ ગાડાંની દલાલી કરવા માટે સનદ નાં. ૧૦૭ ભાદરવા સુદ ૫ સાં. ૧૯૯૫ વાલી આ ઓફીસેથી આપવામાં આવેલી હતી

મજકુર દલાલ સાં. ૨૦૦૦ની સાલે લાવારસ ગુજરી ગએલછે અને તેનો કોઈ વંશ વારસ નથી અને કાંઇ મીલ્કત પણ નથી તેમજ કોઇએ વારસા હક પણ લીધો નથી એમ સનદ કેન્સલ થવાના પ્રકરણે હકીકત આવેલી છે એટલે સમગ્ર હકીકતે છેવટે માંડવી કસ્ટમ્સ ના નાં. ૪૭૫ વાળા નજરે અહિંના નાં. ૩૭૬૩ તા. ૯-૨-૪૬ વાળાથી સનદ કમી કરવા મંજુરી અપાયલી છે

દલાલ મજકુરને અપાયલી સનદ નાં. ૧૦૭ સાં-૧૯૯૫ વાલી કોઇને હાથ આવે તો માંડવી કસ્ટમે રજુ કરવી અને તેનો બીજા કોઇએ ઉપયોગ કરવો નહિ. જો કોઇ ઉપયોગ કરશે તો તે બદલ ધોરણસર નસીહત કરવામાં આવશે.

મહા સુદ ૮ શનીવાર શાં ૨૦૦૨ તા. ૯-૨-૪૬

P. M. Khambata
ચીફ કસ્ટમ્સ ઓફિસર.

– નોટીફીકેશન –

ડી. એફ. જા. નાં. ૧૬૯૦

તા. ૨-૨-૧૯૪૬ થી ખાંડનો જથ્થાબંધ ભાવ આઠ મણ-કચ્ચી-ની સુબારદાન સુધી ૧ એકની કોરી રૂપર બસો બત્રીસ રાખવામાં આવે છે. આ નજરે ખાંડનો રેજકી ભાવ મણ ૧ એકની કોરી ૩૦ ત્રીસ અને શેર ૧ એકની કોરી બાર આપ અને છુટા ત્રણ રાખવામાં આવે છે.

તા. ૨-૨-૪૬. K. H. Desai,
ભુજ. ડીરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ,
કચ્છ સ્ટેટ.

જાહેરાત

ડી. એફ. જા. નાં. ૧૯૦૪

આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે કચ્છમાંથી મગની નિકાશ કરવાની રાજ્ય તરફથી છુટ આપવામાં આવનાર છે. એ મતલબની અફવા પ્રચાર પામી છે તે તદન ખોટી છે. કચ્છ રાજ્યમાંથી મગની નિકાશ કરવાની છુટ કરવામાં આવી નથી. તેમજ છુટ કરવામાં આવનાર પણ નથી. એ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવે છે. મગની નિકાશ કરનાર શખ્સ નોટીફીકેશન નાં. એફ. ૧૫૧ તા. ૧૮-૧-૪૬ વાળા અનવયે ગુનેગાર થશે.

તારીખ ૧૧-૨-૪૬. K. H. Desaai,
ભુજ કચ્છ. ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ
કચ્છ સ્ટેટ.

નો. ટી ફી કે સ ન.

ડી. સી. એસ. જા. નાં. ૮૦૧

કચ્છ સ્ટેટ ફુડ્સ કન્ટ્રોલ ઓર્ડર હેઠળ ડોકટરો તથા દવાના જથ્થાબંધ અને રેજકા વેપારીઓને આપવામાં આવેલાં લાયસન્સની મુદત તા ૨૮-૨-૪૬ ના રોજ પુરી થતી હોઇ. તેઓને આથી ખબર આપવામાં આવે છે કે સદરહુ મુદત તા. ૩૧ માર્ચ ૧૯૪૬ સુધી લંબાવવામાં આવે છે. જે મુદત માટે વધારાની ફી લેવામાં આવશે નહિં. એટલે તા. ૧લી એપ્રીલ ૧૯૪૬ થી નવું વર્ષ બેસવાનું હોઇ જેઓને લાયસન્સ રીન્યુ કરાવવાં હોય તેઓએ તા. ૨૫ માર્ચ ૧૯૪૬ સુધી અમારી ઓફીસે અરજી કરી નવા લાયસન્સ મેળવી લેવાં આવી રીતે રીન્યુ નહિં કરાયેલાં સને ૧૯૪૬ના એપ્રીલની પહેલી તારીખથી ગેરકાયદેસર ગણવામાં આવશે. અને નવાં લાયસન્સ વગર વેપાર કરવો તે ગુન્હો ગણાશે

ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાયઝ ઓફીસ. N. Y. Samarth,
ભુજ તા ૧૪-૨-૪૬ ડાયરેક્ટર ઓફ સીવીલ સપ્લાયઝ કચ્છ સ્ટેટ. ભુજ.

મહારાજા ધીરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અંજાર અદાલત.

ખા. દી. તામીલ કાચ નં. ૧૪ સં. ૨૦૦૨.

ફુ. નં. ૮૫

માંડે સોમચંદ રાજપાળ ધમડકા વાદી
સથવારા મમુ ભોજા ખેતા હાલ કરાચી પ્રતિવાદી

હુકમ નામાની તામીલ થવા બાબત

કરાચી મધ્યે સથવારા મમુ ભોજા ખેતાને માલમ થાય જે આ વાદીએ સં. ૧૯૯૮ ના જેઠ સુદ ૭ શનિના રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૫૩૬૩ થતાં ખર્ચે મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે. માટે આ નોટીશ પહોંચેથી રોજ ૩૦ માં વાદીની તામીલ બજવણી કરવી નહીતો કાયદેસર થશે.

મિતી પોશ વિદ ૪ શોમવાર સં. ૨૦૦૨

કાંન્તીલાલ મોહનલાલ,
મે. અંજાર ન્યાયાધીશ સા. ના. હુકમથી

મહારાજા વિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અંજાર ડી. કોર્ટ નાં. ૪૫૦-૪૬૦

ખા. દી. કા. નાં. ૬૪ સા. ૨૦૦૨

પટેલ જીવરાજ યાંડણ અંજાર વાદી વિરૂધ્ધ
ડા. મંગલજી કરશનજી વી મુંબઇ પ્રતીવાદી.

દાવો કોરી ૪૮૫૬ મલવાનો

મુંબઇ મધ્યે નીચે લખ્યા નામ વાળા શખ્સો ને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર ઉપર મુજબનો દાવો કર્યો છે જેનો જવાબ દેવા તમોને આ કોર્ટમાં આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં

છપાયાની તારીખથી એક માશની અંદર સવારનાં ૧૧ વાગેથી હાજર થજો નહિતર મુદત વિતે કાયદેશર થશે.

પોશ વીદ ૦)) શની સા. ૨૦૦૨ તા. ૨-૨-૪૬

૧. ઠા. મંગલજી કરશનજી ભાણજી

૨. ઠા. માધવજી ભાણજી

કાન્તીલાલ મોહનલાલ,

મે. અંજાર ન્યાયાધીશ શા. હુ. થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ

શ્રી અંજાર દી. કોર્ટ

નં. ૬૯૪ ખા. દી. કા. નં. ૧૦૮ સા. ૨૦૦૨

ઠકર જીવરાજ સુંદરજી અંજાર વાદી

વિરૂધ્ધ

મેમણ જુસબ મામદ વી. ખેડોઇ પ્રતીવાદી

દાવો રૂ. ૪૯૪ા ત્યા કોરી ૨૨ા મલવાનો

સતનાં મધ્યે મેમણ સધીક મામદ ને માલમ થાય જે આ કામનાં વાદીએ તમારા ઉપર ઉપર મુજબનો દાવો કર્યો છે. તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી એક માશની અંદર સવારનાં ૧૧ વાગેથી હાજર થજો નહિંતર મુદત વિતે કાયદેશર થશે.

પોશ વીદ ૦)) શની સાં ૨૦૦૨ તા ૨-૨-૪૬

કાંન્તીલાલ મોહનલાલ

મે અંજાર ન્યાયાધીશ શા. હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અંજાર અદાલત

ખા. દી. તામીલ નં. ૫૮ સં. ૨૦૦૨

મિસ્ત્રી કલ્યાણજી માવજી વિગેરે અંજાર વાદી

ભાટીઆ ઠકર જીવણદાસ જમનાદાસ વિ. અંજાર હાલ મુંબઇ } પ્રતિવાદી

હુકમનામાની તામીલ થવા બાબત

અંજારના તે હાલ મુંબઇ મધ્યે નીચે લખ્યા નામો વાળા શખ્સોને માલમ થાય જે આ વાદીએ સં. ૨૦૦૨ ના ભાદરવા વિદ ૪ સોમવાર ના રોજે થયેલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૬૦ા મળવા તથા નીચે લખ્યા મુજબ થવા મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીસ પોચેથી રોજ ૩૦ માં વાદીની તામીલ બજવણી કરવી અને મનાઇ હુકમનો ભંગ કરેલ હોવાની થએલ અરજીનો જવાબ દેજો નહીતો કાયદેસર થશે.

વાદીનો દાવો ખર્ચ સહીત મંજુર અર્થાત કેસ ચાલતા દરમ્યાન મનાઇ હુકમ કાયમ કરવામાં આવે છે આ કામના પ્રતિવાદીઓએ વીચરણીમાં દુર્ગંધ મારતું પાણીતું વહન બંધ કરવુ અને દાવા વાળી વીચરણીનો વરસાદી પાણી સીવાય ગંદા અને દુર્ગંધ મારતા પાણીના વહન વહેરાવવાનો ઉપયોગ પ્રતિવાદીઓ કરે નહી તેવો અપાએલ દરમ્યાન હુકમ કાયમ કરવામાં આવે છે બન્ને પક્ષનુ ખર્ચ પ્રતિવાદીઓને શિર

૧ ઠા. જીવણદાસ જમનાદાસ

૨ ઠા. સામજી જમનાદાસ

૩ ઠા. જેરામદાસ પ્રેમજી

૪ ઠા. લક્ષ્મીદાસ પ્રેમજી

૫ ઠા. આણંદજી દામોદરસીની વિધવા મણીબાઇ અંજાર

૬ ઠા. દામોદર ત્રીકમજીની વિધવા દેવકુવરબાઇ અંજાર

૭ ઠા. ચત્રભુજ દામોદર

૮ ઠા. મિશનજી દામોદર

૯ ઠા. મોરારજી દામોદર

૧૦ ઠા. પરશોતમ દામોદર

મિતી પોશ તે મહા સુદ ૫ બુધે સં. ૨૦૦૨

કાન્તીલાલ મોહનલાલ,

મે. અંજાર ન્યાયધીશ સાહેબના હુકમથી.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી મુંદરા કોર્ટ.

ના. ૧૩૨

ખા. દી. કા. નં. ૧૭ સાં. ૨૦૦૨

શ્રી ભુજની કોરેજવાલી મરજીદનાં વેવટ કરનાર પલેજા સધીક જુસબ રે. ભુજ હાલે માંડવી. } વાદી

શા સામજી લાલજી બગેર રામાણી પ્રતિવાદી.

દાવો

સુખડીની કોરી ૬૨૫) મલવાનો

આથી લાગતા વળગતાને ખબર આપવામાં આવે છે કે આ વાદીએ આમાં લખ્યા મુ. ઓપર સુખડીની રકમ મલવા દાવો કર્યો છે માટે કોઇને પક્ષકારમાં દાખલ થવું હોય તેણે આ નોટીસ છપાયાની તારીખથી એક માસમાં હાજર થઇ જવું નહિંતર મુદત વીતે કાયદેસર કરવામાં આવશે,

મીતી પોસ વીદ ૧૩ ગુરૂવાર સાં. ૨૦૦૨

Naroottam D. Mehta,

મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી સાપર દીવાની કોર્ટ.

ખા. દી. કામ નં. ૧૮૯ સાં. ૨૦૦૨

સમન નં. ૩૮૩

ઠકર પોપટ નારણ ઊમૈયા વાદી

કુંભાર નાથા આસદ ઊમૈયા પ્રતીવાદી

દાવો

કોરી ૨૩૦) મલવા

ઊમૈયાના કુંભાર નાથા આસદને માલમ થાય જે આ વાદીએ તમારાપર કરેલ દાવાનો જવાબ આપવા તમો આ કોર્ટમાં સાં. ૨૦૦૨ ના માહા વીદ ૧

શુક્રવારના રોજ કોર્ટના ટાઇમે હાજર થવો નહીતર કાયદેસર થશે.

પોસ વદ ૨ શનીવાર સં. ૨૦૦૨

જીવરાજ મોનજી,
રાપર ન્યાયાધીશ.

મહારાજા વિરાજ શિરોમણી મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

આંદી કામ નં ૧૬૭ સા ૨૦૦૨

શ્રી રાપર દી. કોર્ટ

આલી ભાયા દેશરા ની વિધવા દેવીબાઇ ભટકીઆ } વાદી

કોઠારી શોમચંદ રાઘવજી વી પલાંસવા } પ્ર

સમન ના.

દાવો

કોરી ૨૫૫) ૫ મલવાના

ખાતેજના કોઠારી મગનલાલ રાઘવજી ને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૨૫૫) ૫ મલવાનો દાવો કરેલછે તેનો જવાબ આપવા તમો આ કચેરી સાં ૨૦૦૨ના ફાગણ સુદ ૧૧ ગુરૂવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થાશે

પોસ વદ ૧૧ શોમવાર સા ૨૦૦૨

સા પ્રભુરામ જેઠાભાઇ
જો. રાપર ન્યાયાધીશ

મહારાજા વિરાજ શિરોમણી મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ. આ. દી કામ નં. ૧૬૪ સા. ૨૦૦૨ સમન નં ૩૭૬ માલી ભાયા દેશરાની વીધવા દેવીબાઇ ભુટવાળા વાદી કોઠારા શોમચંદ રાઘવજી વી. પલાંસવા પ્ર.

દાવો કોરી ૧૮૦ મલવાનો

ખાતેજના કોઠારી મગનલાલ રાઘવજીને માલુમ થાય જે આ કામે તમારી ઉપરે આ વાદીએ કોરી ૧૮૦ મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા માટે તમો આ કોર્ટમા સા. ૨૦૦૨ ની ફાગણ સુદ ૧૧ ગુરૂવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થશે.

પોસ વદ ૧૧ શોમવાર સા. ૨૦૦૨

સાહ પ્રભુરામ જેઠાભાઇ,
જો. રાપર ન્યાયાધીશ.

મહારાજા વીરાજ શિરોમણી મહારાઓ શ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુરજી .બી. ઇ. ની

શ્રી રાપર દીવાની કોર્ટમાં

આ. દી. કો. નં. ૧૭ સા. ૨૦૦૨ સમન નં. ૪૬૭

ખંડોલ શકરચંદ જીવરાજ વી. દેશલપર વાદી

બાલાજારા મંડણ કાંયાં વી. જાતવાડા પ્રતીવાદી

દાવો કોરી ૧૫૧૬ મલવા

ચરાદ મધે બાલાજારા મંડણ કાંયાને માલુમ થાય જે આ વાદીએ તમારા પર કરેલ દાવાનો જવાબ આપવા તમો આ કોર્ટમાં સા. ૨૦૦૨ના આહા વદ ૧૦ શોમવારના રોજ કોર્ટના ટાઇમે હાજર થજો નહીતર કાયદેસર થશે.

પોસ વદ ૧૪ ગુરૂ સા. ૨૦૦૨

હાફરીદાસ ગોપાલજી ઠકર,
મે. રાપર ન્યાયાધીસ સા. ના. હુ. થી.

મહારાજા વિરાજ શિરોમણી મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નંબર ૧૮૬.

શ્રી ભચાઉ દીવાની કોર્ટ ન્યાયકી.

ખરેડા હરજી પરબતજી વેરેવ વાદી

વાવીઆ ધરમશી તથા શીવજી તથા નરશી લખુ નાની ઉમરના હોવાથી તેની વાલીમા ધનીબાઇ વી. રે. મુંદરા તાબે ગુંદાલા } પ્રતિવાદી

દાવો તાખીદ થવા

નીચે લખ્યા શક્ષોને માલુમ થાય કે વાદીએ તય વીગેર પર દાવો કરી સં. ૧૯૯૬ના અષાઢ વદ ૬ શુક્રવારના રોજે હુકમનામું મેળવેલું છે તે હુકમનામાં પ્રમાણે કોરી ૧૨૦૪॥ મલવા વાદીએ તાખીદ દરખાસ્ત રજુ કરી છે તે તમે પુરૂં કર્યું નથી જેથી આ અદાલતનો બીજો હુકમ થતાં સુધી નીચેની ચતુર દીશા વાલાં ઠામોમાં ખેતર વીજડીવાળું પ્રતિવાદી નં. ૩ વાવીઆ પુંજા પેશને કબજે છે અને ખેતર અધપાનીઉ તથા ચેલાસરવાળું તથા ભુટાસરીવાળું તથા ધનીઆશરીવાલું એમ ચાર ખેતરો પ્રતિવાદી નં. ૩-૪ વાવીઆ પુંજા પેશ તથા દાવા ગણેશાને કબજે છે અને ખેતર ચટેટીઉ પ્રતિવાદી નં. ૫ વાવીઆ ગોકલ પુંજાને કબજે છે. અને ભેણી પ્રતિવાદી નં. ૬ ગોઠી હરખા પરબતને કબજે છે અને ખરૂં પ્રતિવાદી નં. ૭ ગણેશ નાથા ઉઝા પાસે કબજે છે આ ઠામોના વધારાનો પ્રતિવાદી નં. ૧-૨નો કુ જેટલો વધારો છે તે વેચાણથી બક્ષીશથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાનો તમને આથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ ઠામોમાં પ્રતિવાદી નં. ૧-૨નો કુ જેટલો ભાગ તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

૧ વાવીઆ ધરમશી તથા શીવજી તથા નરશી લખુ નાની ઉમરના હોવાથી તેની વાલીમા ધનીબાઇ રે. મુંદરા તાબે ગુંદાલા

૨ વાવીઆ શીવાજ ખોજા રે. મુંદરા તાબે ગુંદાલા હાલ મુંબઇ

૩ વાવીઆ દાવા ગણેશા રે. કોંધ હાલ કરાંચી

ઠામોની નજુર દીશા

૧ ખેતર ખંડ ૧ નામે લાંબડી વહું પ્રતિવાદી નં. ૩ ના કબજામાં છે તેના શેવાની ભાત

૧-૨ કરમરીઆના આહેર લાગાના ખેતરથી આથમણું તથા દખણાદું

૩ શીમનાં રાજરાગર ચાલ્યો જાય છે તેથી ઉગાદું

૪ પંડયા જેઠા પરબતના ખેતરથી ઉગમણું

૨ ખેતર ખંડ ૧ નામે અધપાનીઉ તેના શેઢાની ભાત

૧ વાવીઆ શીવાજ વરસા તથા લાખા ઉઝાના ખેતરથી દખણાદું

૨ ઝોલી મુરા રવાના ખેતરથી ઉગાદું

૩ ચોધરી જવા ગોકલનાં ખેતરથી આથમણું
૪ શીતળા જવાના રાજમારગથી ઉગમણું
૩ ખેતર ખંડ ૧ નામે ચેલાસરાવાળું તેના શેઢાની વીગત
૧ ચેંધથી શીકરે જવાના રાજમારગથી આ ખેતર દખણાદું
૨ ખેરા મેવા રાજા તથા લખમણ આણદાના ખેતરથી ઉત્રાદું
૩ ખેરા ખીમા પાંચાનાં ખેતરથી ઉગમણું
એ રીતે ચતુર દીશા વાલું ખેતર ત્રખુણીઉં છે
૪ ખેતર ખંડ ૧ નામે ભુટાસરીવાલું તેના શેઢાની વીગત
ચેંધથી શીકરે જવાના રાજમાર્ગથી આ ખેતર ઉત્રાદું
૨ શીતળા જવાના રાજમાર્ગથી આ ખેતર ઉગમણું
૩ રબારી ગેરા આશાનાં ખેતરથી આથમણું
૪ રાપરીઆ વીશ્રામ પેથાનાં ખેતરથી દખણાદું
૫ ખેતર ખંડ ૧ નામે ધનીઆ શરીવાલું તેના શેઢાની વીગત
૧ સાંઢા લખમણ માદેવાના ખેતરથી ઉત્રાદું
૨ વાવીઆ ભવાન દેવરાજનાં ખેતરથી આથમણું
૩ રાવરીઆ વાઘા મેઘાનાં ખેતરથી ઉગમણું
૪ જંગાલી ભોજા આણાનાં ખેતરથી દખણાદું
૬ ખેતર ખંડ ૧ નામે મઢેઢીઉં તેના શેઢાની વીગત
૧ ચોધરી અલાયો નાયાના ખેતરથી આથમણું
૨ વાવીઆ રવા ગણેશાના ખેતરથી દખણાદું
૩ વાવીઆ કાના કરશન તથા ખાંભલા પેથાનાં ખેતરથી તથા તળાવડીથી આ ખેતર ઉત્રાદું
૭ ભેણી ૧ની દશુંની વીગત
૧ માંજોડી જીઆ તથા ઉમરની ભેણીથી ઉગમણી
૨ ગામનાં ધુલીઆથી આ ભેણી દખણાદી
૩ ગેરીનાં રાજમાર્ગથી આથમણી
૪ ભયા જેશા કરશનની ભેણીથી ઉત્રાદી
૮ ખરૂં નં. ૧ તેની દશુંની વીગત
૧ ચોધરી ખીમા ધનાનાં ખરાંથી આથમણું
૨ વાવીઆ માદેવા ભીમાનાં ખરાંથી ઉગમણું
૩ ગામનાં ધુલીઆથી આ ખરૂં ઉત્રાદું
૪ ગાંધી કચરા જશવંતનાં ખરાંથી દખણાદું
એ રીતે ચતુર દીશા વાલાં હામો છે.

મીતી પોશ વિદ ૫ બુધવાર સં. ૨૦૦૨

Vrajlal H.
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નંબર ૨૮૪.
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી.

મોરબીઆ રવજી માંવજી વી. ચોબામી વાદી
કુંભાર હુશેન આથી સીન્ધ ધ્રંગડી પ્રતિવાદી
દાવો તામીલ થવા

સીંધ ધ્રંગડી મધે કુંભાર હુશેન આલીને માલમ થાય જે વાદીએ તમારા પર કરેલ દાવાના સં. ૨૦૦૨ના કારતક વીદ ૧૧ના ખુલાસા મુજબ કોરી ૪૨લાપની તામીલ થવા દરખાસ્ત કરી છે માટે આ નોટીશ પ્રસીધ્ધ થવાની તારીખથી વાદીની તામીલ રોજ ૧૫ની અંદર હરજો નહિતો મુદત વીતે કાયદેસર થશે.

મિતિ પોશ વિદ ૧૧ ભોમે સં. ૨૦૦૨.

Vrajlal H.
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નંબર ૩૬૦.
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી

જાટાવાડીઆ ભચુ તેજા વી. લાકડીઆ વાદી
વાદલ ચકુ પુના ઓજ પ્રતિવાદી
દાવો જગ્યા છોડાવવા.

મટીકાવારીઆ મધે જાટાવાડીઆ કારા હેમાને માલમ થાય જે વાદીએ કરેલ દાવાનો તપાસ આ કોર્ટમાં આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થવાની તારીખથી રોજ ૧૫ની અંદર તમે જાતે અગર મુ. કે વકીલ મારફતે હાજર થજો નહિતો મુદત વીતે કાયદેસર થશે.

મિતિ પોષ વિદ ૧૨ સં. ૨૦૦૨

Vrajlal H
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નંબર ૪૦૨.
ભચાઉ દીવાની કોર્ટ તરફથી

ઠ. જાદવજી મેચર છાડવાલા વાદી
વારોંદ હજુ દાના બટાવલાડીઆ પ્રતિવાદી
દાવો લેણાનો.

હૈદ્રાબાદ મધે વારોંદ પુંજા દાનાને માલમ થાય જે વાદીએ કરેલ દાવાનો તપાસ આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થયાની તારીખથી રોજ ૧૫ ચાલશે માટે તે રોજ તમે જાતે અગર મુ. કે વકીલ મારફતે હાજર થજો નહિતો મુદત વીતે કાયદેસર થશે.

મિતિ પોષ વિદ ૧૨ ભોમે સં. ૨૦૦૨

Vrajlal H.
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સવાઇ બહાદુર જી. બી. ઇ.
નંબર ૭૭૪
ઠ. મગનલાલ ઉતમરામ વી. ભચાઉ વાદી

બાડા નરસંગ વાસણ સામખીઆણી પ્રતિવાદી
દાવો તામીલ થવા

સીન્ધ મધે બાડા નરસંગ વાસણને એવો હુકમ કરવામાં આવે છે કે વાદીએ તમારા પર કરેલ દાવાનો ઠરાવ આ અદાલતથી સં. ૨૦૦૧ના બીજા ચઇત્ર શુદ ૧ ના રોજ થયેલ છે તે હુકમનામાં મુજબ તમે તામીલ નહિ કરવાથી નીચેની ચતુર દીશા વાશી તમારી સ્થાવર મીલ્કત જપ્ત કરવામાં આવે છે. માટે આ લેખ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થવાની તારીખથી સદરહુ મીલ્કત તમારે કોઇને ખરીદીથી ગીરોથી કે બક્ષીસથી કે બીજી કોઇ રીતે લેવી નહિ તેમજ એ મીલ્કત તમારા પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

૧ જગ્યા ૧ પ્રતીવાદીની રેણાકની.

૧ બાડા મેરામણની શેરીથી દખણાદી ૨ બાડા સાજણ દુદાથી ઉત્રાદું ૩ રાજમારગથી ઉગમણું ૪ સુરા પટેલના ઘરે જવાના માર્ગથી આથમણી

મિતિ પોષ વિદ ૧૩ સં. ૨૦૦૨.

Vrajlal H.
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજાધીરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઈ.
શ્રી. નખત્રાણાં કોર્ટ.

ખા. દી. તા. કામ. નં. ૩૦ શાં. ૨૦૦૨. ના. ૮૩

શા. કેશવજી પરસોતમ ગટાની વાદી.

કણબી વીશરામ પેથા ગુજરી
જતાં તેના વારશ કણબી દેવજી
વીશરામ નાના અંગીઆ } પ્રતીવાદી.

બાબત ઠરાવ પ્રમાણે તામીલ થવા

અંગીઆના કણબી દેવજી વીશરામને માલમ થાયજે સદરહુ વાદીએ તમારા પર ખા. દી. કામ નં. ૨૯ શાં. ૨૦૦૨. વાલામાં થએલ હુકમ નામા મુજબ કોરી ૧૨૦ા તથા હવે પછીના તામીલ ખર્ચ સહીતની કરાવીછે માટે આ નોટીસ પહોચેથી રોજ ૧૫ પંદર ની અંદર તામીલ પુરી કરી જશો નહીતો કાયદેશર કરવામાં આવશે.

પોસ વીદ ૭ ગુરૂવાર શા. ૨૦૦૨.

જયંતીલાલ મયાશંકર.
મે. નખત્રાણા ન્યાયાધીશ, શા. હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી. નખત્રાણા કોર્ટ

ખા. દી. તા. કામ. નાં ૧૮ શા. ૨૦૦૨. નાં. ૮૪.

ઠા. નાનજી હરીરામ ગડાની વાદી
સુજી છગન હરીદાસ નારાણસરોવર પ્રતીવાદી.

બાબત ઠરાવ મુજબ તામીલ થવા

નારાણસરોવરના સુજી છગન હરીદાસને માલમ થાયજે સદરહુ વાદીએ તમારાપર ખા. દી. નાં. ૭૮ શાં. ૨૦૦૨ વાલા દીવાની દાવામાં થએલ હુકમનામા મુજબ કોરી ૧૭૫ા તથા હાટનો કબજો સોંપાવવા તામીલ કરાવીછે માટે આ નોટીસ પહોચેથી રોજ ૧૫ પંદરની અંદર તામીલ પુરી કરી જશો નહીતો કાદેશર કરવામાં આવશે.

પોશ વીદ ૧૧ ભોમે શાં. ૨૦૦૨

જયંતીલાલ મયાશંકર
મે. નખત્રાણા ન્યાયાધીસ સા. હુ થી

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી નખત્રાણા કોર્ટ
ગ્યા. તા. કામ નં. ૨ શં. ૨૦૦૨.
નં. ૮૬

ઠ. લાલજી કલ્યાણજી મંગવાણા વાદી
મકવાણા માલાજી અભેરાજજી મોરગર પ્રતીવાદી

ઠરાવ મુજબ તામીલ થવા બાબત

મોરગરના મકવાણા માગજી કાનજીને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર દીવાની કામ નં. ૧૦ શં. ૧૯૮૯ વાલામાં થએલ હુકમનામાં મુજબ કોરી ૩૦૪ની તામીલ કરાવી છે માટે આ નોટીશ પહોંચે થી રોજ ૧૫ પંદરની અંદર શ્રી રોહા જાગીરનું જયુડીગીકશન બંધ થતાં આ કામ આ કોર્ટમાં ટ્રાન્સફેર થએલ છે જેથી આ કોર્ટમાં કોર્ટના ટાઇમે હાજર થઈ તામીલ પુરી કરી જશો નહીતો કાયદેસર કરવામાં આવશે.

પોશ વીદ ૧૩ ગુરૂ શં. ૨૦૦૨.

જયંતીલાલ મયાશંકર
મે. નખત્રાણા ન્યાયાધીશ શા. ના હુ થી.

નંબર ૫૦૩

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવા બહાદુર જી. બી. ઇ.
શ્રી નખત્રાણા અદાલત
ખા. દી. કામ નંબર ૩૬ શં. ૨૦૦૨
દાખલ આશો શુદ ૪ શં. ૨૦૦૨

શા. રવજી શામજી મંજલ વાદી
કણબી વાલજી જેઠા રે. કોટડા હાલ પરદેશ પ્ર.
દાવો કોરી ૧૬૭૦) મળવા બા.

કોટડાના તે હાલે પરદેશ વસતા કણબી વાલજી જેઠાને ખબર આપવામાં આવે છે કે સદરહુ વાદી એ તમારા પર લેણા બાબત દાવો કરેલો છે તેનો તમારે દાવા જવાબ આપવાની તારીખ શં. ૨૦૦૨ ના માહા વીદ ૧૨ ગુરૂવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થઈ દાવા જવાબ આપશો નહીંતર કાયદેશર કરવામાં આવશે.

પોશ વીદ ૧૨ બુધવાર શં. ૨૦૦૨

જયંતીલાલ મયાશંકર,
મે. નખત્રાણા ન્યાયાધીશ શા. ના હુ.

652

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના વાયડા શા કાનજી પરસોતમે ભુજના કંદોઇ વેલજી કાળા ત્યા વીશનજી કાળા ના વારસ હીરાલાલ વીશનજી પાસેથી કોરી ૪૫૩૫) હાટ ૧ ભુજ મધ્યે શીરામ ણીરાયનાં મંદીર નજીક છે તે અધાટ લેતાં તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલછે માટે આ હાટ ઉપર કોઇનુ કાઇ લેણ હક હીશોહો ય તેમણે ૧ માશની અંદર આહીની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીત્યાબાદ કોઇનુ કંઇ નહીં શંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

પોસ વીદ ૧૨ બુધે શાં ૨૦૦૨

P. K. Bava
for. ભુજ વહીવટદાર

જાહેર ખબર નાં. ૮૪૬

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે ભુજના ઠાં જાદવજી વેલજીના વંસજોના સંયુકત કુટુબના વૈવટ કરનાર ઠાં. કુંવરજી જાદવજીએ ભુજના અબડા ઉમરમીયાં રાજરમીયાંના વારસો તેની દીકરી ફાતમાં બાઇ ઉમરમીયાં ત્યા તેના દોયત્રા જીએજા માંમદ હોથીમીયાં ત્યા સાલેમામદ ત્યા નુરમામદ હોથીમીયાંને મતેથી જગ્યા ૧ ભુજ મધ્યે સરપટનાં નાકા નજીક ભાભનશા ફલીયામાં છે તેનો અધાટ હક કોરી ૧૬૦ એકસો શાઠ વધારો આપી લીધેલ છે તે દસ્તાવેજ આંહિ રજુ થયોછે માટે આ જગ્યા ઉપર કોઇનો કઇ હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહિની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઈ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

પોસ વીદ ૦)) શની શાં. ૨૦૦૨

જુગતરામ પ્રીતમલાલ
ભુજ વૈવટદાર ડી. સ.

જાહેર સૂચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની મ્હાલી અગર તા મંજુરી મળે છે અવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે અમારી નીચે લખી ચતુર દિશાવાળી જગા નખત્રાણા તાલુકામાં ગામ દેવીપુર મધ્યે ગામની દખણાદી કોરછે જેનું બારણું ઉગમણી કોરે તથા દખણાદિ કોરેછે તે જગ્યા કમ્પાઉન્ડ બંધ અમારા કબજા ભોગવટા માલીકીનીછે તે જગ્યા અમારે અધાટ હમીરાવાર વેચવાની છે જેની લેવાની મરજી હોય તેણે અમારા પાસે હાજર થઇ વેંચાણ મળવા માગણી કરવી.

ચતુર દિશાની વિગત.

ઉગમણે નથાણ

દક્ષિણાદે કણબી કરસન દેવજીની જગ્યા

થાનપર તે હાલે સોનેથના નીચે લખ્યા સખ્સોને માલમ થાય જે આ વાદીએ તમો પર કરેલ દાવાનો ઠરાવ સં. ૨૦૦૦ના અસાડ શુદ ૮ શનીવારના રોજ થયેલ છે તે ઠરાવ મુજબ વાદીએ કોરી ૧૯૦૧૪॥ મળવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે તમો દરેક આ નોટીસ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ પંદરની અંદર વાદીના લેણાંની તામીલ કરી પોંચ રજુ કરજો નહીતર મુદત વાતે કાયદેશર થશે.

૧ ઓડ રામજી સવા ઉર્ફે જીતા
૨ ઓડ હરખા સવા ઉર્ફે જીતા

મીતી ફાગણ શુદ ૧૧ ગુરૂવાર સંવત ૨૦૦૨
શાહુ પ્રભુરામ જેઠાભાઈ,
જોઇન્ટ રાપર ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ
નાં ૯૧૬ શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી
ઠા. ભવાનજી લાલજી વોંધ વાદી
છાંગા ચકુ રવા વી. વોંધડા પ્રતિવાદી
દાવો તામીલ થવા

સીન્ધ મધ્યે નીચે લખ્યા શખ્સોને એવો હુકમ કરવામાં આવે છે કે વાદીનુ હુકમ નામુ તમે પુરૂ કર્યુ નથી જેથી તથા એજ કરજ સારૂ નીચે લખી મીલ્કત જપ્ત કરવામાં આવે છે માટે આ લેખથી સદરહુ મીલ્કત તમારે કોઇને ખરીદીથી ગીરોથી બક્ષીસથી કે બીજી કોઇ રીતે આપવાની મનાઇ કરવામાં આવે છે તેમજ એ મીલ્કત તમારા પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતીબંધ છે એમ સમજવું

જગ્યા ૧ વોંધડા મધ્યે
૧ છાંગા હમીરા અલુથી આથમણી

૨ વાડાના માર્ગથી ઉગમણી
૩ છાંગા હમીરા રાયધણજી ઉત્રાદી
૪ ભચા પટેલથી દખણાદી છે
૧ છાંગા ચડુ રવા સીન્ધ
૨ છાંગા ભચુ રવા એજ
મીતી મહા સુદ ૧૨ બુધે શા ૨૦૦૨

Vrajlal. Harilal,
ભચાઉ ન્યાયાધીશ,

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

ખાદી કાગ નાં. ૨૬ ૨૦૦૨

ભચાઉ દીવાની કોર્ટ તરફથી નાં. ૫૯૩

દોશી તલકશી જેરાજ વી. વોધ વાદી

વિ.

ગામી વીસરામ લખમણ ગુજરીજતાં તેના વારશ અખઈ વીશ્રામ વગેરે જે. મુળ વોધ } પ્રતીવાદી

૧ ગામી અખઈ વીશ્રામ
૨ ગામી રાધુ વીશ્રામ } મુળ વોધના મારજીનમા લખ્યા શક્ષોને માલુમ

થાય કે વાદી શા ૧૯૯૦ના ચૈત્ર શુદ પના રોજ થયેલ હુકમનામા મુજબ કોરી ૨૩૫ની તામીલ થવા દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોચેથી રોજ પદરની અંદર હુકમનામા મુજબ તામીલ કરી વાદીની પહોચ રજુ કરજો કશુર થયે કાયદેશર થશે

ફાગણ સુદ ૧૩ શા ૨૦૦૨

Vrajlal. Harilal,
ભચાઉ ન્યાયાધીશ,

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભચાઉ સ્મોલકોઝ કોર્ટ શ. નાં. ૫૯૪

ઠા વાઘજી હરી વી. વોધ વાદી
કોલી મોમાયા ભીખા વી. એજ પ્રતીવાદી

દાવો લેણાનો

ગુજરાત ઘણે નીચે લખ્યા શખ્સોને માલમ થાયજે વાદીએ કરેલ દાવાનો તપાસ આ સમન્સ શ્રી કરછ રાજયમાં પ્રસીધ થવાની તારીખથી શર ૧૫ની અંદર ચાલશે માટે તે રોજ તમે જાતે અગર મું કે વકીલ મારફતે હાજર થજો નહીતો મુદત વીતે કાયદેશર થશે

૧ કોલી મોમાયા ભીખા
૨ કોલી પુજા ભીખા

ફાગણ વીદ ૫ શુકરે શા ૨૦૦૨

Vrajlal. Harilal,
ભચાઉ ન્યાયધીશ,

જાહેર ખબર

પ. જા. નાં ૧૨૧૧

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના મુશલમાન ખત્રી અલાદખ્યા તથા અબુબખર વાયદનાએ ભુજના રાજમોર હરજી ઉર્ફે રકા અખૈવાણી પાસેથી જગ્યા ૧ ભુજ ગઢે ખની ચકલામાં છે તે કોરી ૩૪૦૦) માં અઘાટ લેતા તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે સદરહુ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ એક માસની અંદર આહિંની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યાબાદ કોઇનું કંઇ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુર માં લખવામા આવશે.

મીતી. ફાગણ વીદ ૯ બુધે શાં ૨૦૦૨.

જુગતરામ પ્રીતમલાલ
ભુજ. વહીવટદાર. ડી. શ.

જાહેર ખબર

પ. જા. ન. ૧૨૧૨.

સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે ભુજના મેઢ મેતા ચંપકલાલ જયંતીલાલે ભુજના મહેતા મણીલાલ મોતીરામ તથા નટવરલાલ છોટાલાલ વસંતલાલ, તથા રવાલાલ રતનલાલ વગેરે ને મતેથી જગ્યા ૧ મોઢ ફલીયામા છે તે કોરી ૨૦૪૦૦) અઘાટ લેતાં તેના દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આહીની કચેરીમાં આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહી શાભલતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

મીતી. ફાગણ વીદ ૯ બુધે શાં ૨૦૦૨

જુગતરામ પ્રીતમલાલ
ભુજ. વહીવટદાર. ડી શ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ.

જાહેર ખબર.

પ. જા. નાં ૨૪૨ રે જા નાં. ૧૦૧૬

રા મુંન્દ્રા વેવટદાર તરફથી

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુંન્દ્રાના જોશી કેશવલાલ વલભજીએ મુંન્દ્રાના સોની ભાણજી ચાંપશી તથા દામજી ચાંપશી પાસેથી જગ્યા કોરી ૧૪૫૦) ચૌદસો પચાસમાં મુંદરા શહેર ખે ખરતર ગરછના દેરાશર વાળી શેરીમાં આવેલી છે. જે નીચે લખી ચતુર દીશા વાળી જગ્યા શા ૨૦૦૨ ના શ્રાવણ વીદ ૧૪ ની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખતાં દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીસ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલ છે માટે સદરહુ જગ્યામાં જેનો કાંઇ હક હીશો હોય તેમણે આ જાહેર નામું પ્રસીદ્ધ થવાની તારીખથી તે એક માસની અંદર હાજર થઈ જાહેર કરવું નહીંતર મુદત વીતે કોઇની પણ કાંઇ તકરાર સાંભડયા સીવાય સદરહુ જગ્યાનો છાપો રી આપવા ઘટીત કરવામાં આવશે.

ચતુર દીશા

૧ એ જગ્યાની મોવાડ તથા બારણું તથા બગીતનાં ઉતારાદી કોરે પોતાના આંગણામાં ઉતરાદી તરફ

પડે છે.

૧ આ જગ્યાનો કરો આ મતાદારોની બીજી જગ્યાના કરા સાથે મજમું છે તે ઉગમણી મુખાડે છે.

૧ આથમણો કરો સંઘવી દામોદર ચાંપશીની પછીતે પડે છે.

૧ દખણાદી તરફ જગ્યાની પછીત ખત્રી રણછોડ પ્રધાનની જગ્યા છે તે ઉપર પછીતના નેવા પડે છે એ રીતે

ફાગણ સુદ ૧૨ શુકરે શા ૨૦૦૨ ૧૫-૩-૪૬

Harilal Somji,

મુન્દ્રા વેવટદાર.

જાહેર ખબર.

નંબર ૧૦૧૫

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદરા ના જોશી કેશવલાલ વલભજીએ મુંદરાના સોની લાલજી ચાંપશી તથા દામજી ચાંપશી પાસેથી જગ્યા ૧ કોરી ૧૭૦૦) સતરશોમાં મુંદરા શહેર મધ્યે ખરતર ગચ્છનો દેરાશરવાળી શેરીમાં આવેલી છે જે નીચે લખી ચતુર દિશાવાલા જગ્યા શાં. ૨૦૦૨ ના કારતક સુદ ૧૩ની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખતાં દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીષ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલા છે માટે સદરહુ જગ્યામાં જેનો કાંઈ હક હીસો હોય તેમણે આ જાહેરનામું પ્રસીધ્ધ થયાની તારીખથી તે એક માશ ની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે કોઇનીપણ કાંઇ તકરાર સાંભળ્યા સિવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવા ઘટીત કરવામાં આવશે.

ચતુર દિશા

૧ ઉગમણી તરફ પંડયા લખા કાનજીની જગ્યા છે

૧ દખણાદી તરફ ખત્રી રણછોડ પ્રધાન વાલી જગ્યા છે તેમાં આ જગ્યાની પછીતનાં નેવાં પડે છે

૧ આથમણી તરફ આ મતાં ધણીઓની બીજી રેણાક જગ્યા આ ધનીક ધણીને અઘાટ માંડી દીધી છે તે છે.

૧ ઉતરાદી તરફ આ જગ્યાની ડેલી રાજમારગની ચાલતી શેરીમાં પડે છે આજુબાજુ ઉગમણી આથમણી બે નાના ઓટલા છે.

એ રીતે ફાગણ શુદ શુકરે શાં. ૨૦૦૨

તા. ૧૫-૩-૪૬

Harilal S.

મુંદરા વહીવટદાર.

જાહેર ખબર

મા. જા. નાં.- ૨૭૬૫.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના ભણસારી કલ્યાણ તેજપારે ભણસારી ત્રીકમદાશ નારાણદાશ ને મતે જગ્યા ૧ કોરી ૧૧૫૫૦)મા અગીઆર હજાર પાચશો પચાસમાં સાં: ૨૦૦૨ ના કારતક સુદ ૧૫ સોમવાર ની મીતીના દસ્તાવેજ થી અગાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા ઉપર કોઇનું કાંઇ લહેણું હક હીશો હોય તો તેમણે એક માશની અંદર આહીની કચેરીમાં આવી જાહેર કરવુ નહીતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાંભળતા છાપો થવા માટે ઘટીત થશે.

મીતી. ફાગણ સુદ ૬ શનીવાર સાં. ૨૦૦૨

Trikamji. T.

અબડાસા વહીવટદાર.

જાહેર ખબર

મા જા. નાં ૧૧૯૨

સર્વે લોકોને ખબર આપવામાં આવેછે કે જખૌના ઠાં. અરજણ ઓધવજી એ ભાટીયા ઠાં. વલભદાશ કરશનદાશ નામા ને મને જગ્યા એક કોરી ૧૮૦૧ અઢારશો એકમાં સાં ૨૦૦૨ના ફાગણ સુદ ૧ શોમેની મીતી ના દસ્તાવેજથી અગાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા ઉપર કોઇનું કાંઇ હક હીશો હોય-તો તેમણે એક માસની અંદર આહીની કચેરીએ આવી જાહેર કરવું નહીંતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

મીતી. ફાગણ સુદ ૧૪ શની શા. ૨૦૦૨

Treckamji T.,

અબડાસા વહીવટદાર

જાહેર ખબર

રે. જ. આ નંબર ૧૬૯૩

સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે જખૌના ઠા લાલજી કરમશી ખારઇ વાલાએ ઠા.ટોકરશી ત્રીકમદાશ ને મને જગ્યા એક કોરી ૧૯૫૦ એક હજાર નવશો પચાસમા સાં ૨૦૦૨ ના મહા વદ ૫ ગુરૂવાર ની મીતીના દસ્તાવેજથી અગાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા ઉપર કોઇનું કાંઇ લેણુ હક હીશો હોય તો તેમણે એક માશ ની અંદર આહીની કચેરીએ આવી જાહેર કરવું નહીતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાભળતા છાપો થવા માટે ઘટીત થશે.

મીતી. ફાગણ સુદ ૧૪ શની સા: ૨૦૦૨

Trikamji T.

અબડાસા વહીવટદાર

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની હાલી અગર તા મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

વીશા નાગર વાણીઆની વાડી
૩ જે ભોયવાડો ભુલેશ્વર,
મુંબઈ ૨, તા–૨૬–૩–૧૯૪૬

જત હું નીચે સહી કરનાર શા પ્રેમજી નેણશી સાવલા ગામ કાંટાગરા તાલુકા મુન્દ્રા કચ્છનો રહીશ. આથી જાહેર કરૂં છું કે મારા પિતા શ્રી શા નેણશી મુરજી ની મિલકત અને જવાબદારી તેમના અમે બને પુત્રો નામે શા દેવશી નેણશી અને પ્રેમજી નેણશી સંવત ૧૯૯૨ની ૧૬વાળીએ વહેચી લઇ છુટા થયા છીએ અને એ છુટા પણા અગાઉ અમારા પિતા શ્રી પર ની સઘળી જવાબદારી કે કરજ ભાઈ દેવશી નેણશીના ફાળે ગઇ છે અને તે બધી જવાબદારી અને કરજ તેઓ કે તેમના વંશ વારશો અદા કરવા બંધાયેલી છે. હુ એ જવાબદારી કે કરજ થી તદન મુકત છું.

શહી. શા પ્રેમજી નેણશી સાવલા

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ ભુજના વોરા ઇસુફઅલી હસનઅલી તરફથી જાહેર જનતાની જાણ માટે નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવેછે.

અમારા અસીલ ભુજના વોરા ઇસુફઅલી હસનઅલી અત્રે ભુજના ઠા. મણીલાલ રામજી બન્ને વચ્ચે શ્રી મહાલક્ષ્મી રામભરોસા સોડા ફેકટરીના નામથી ભાગીદારીમાં વેપાર ચાલતો હતો તે ભાગીદારીનો હીસાબ પ્રથમ શાં ૨૦૦૧ ના જેઠ સુદ ૨ સુધીનો હીસાબ ચોખ થઈ ગએલ છે. અને ત્યાર પછી અમારા અસીલને અને તેના ભાગીદાર ઠા. મણીલાલ રામજીને ફાવેલ નહોવાથી અમારા અસીલે સદરહુ મણીલાલ રામજીને શાં. ૨૦૦૧ ના પોષ સુદ ૪ ની મીતીની નોટીશ આપી ભાગીદારી Dissolve કરેલછે સદરહુ મણીલાલ રામજી અમારા અસીલ સાથેની ભાગીદારીમાં વર્કીંગ પાર્ટનર હતા અને અમારા અસીલ પોપર્ટી પાર્ટનર હતા.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવેછે કે કોઇએ ઠા. મણીલાલ રામજી સાથે શ્રી મહાલક્ષ્મી રામ ભરોસા સોડા ફેકટરીના નામે અથવા સબંધમાં કંઈપણ લેતી દેતી કરવી નહી અને તે છતાં સદરહુ મણીલાલ સાથે કોઈપણ માણસ લેતી દેતી કરશે તો તેની સાથે અમારા અસીલને કંઇ નીસ્બત નથી અને તેથી અમારા અસીલ કે શ્રી મહાલક્ષ્મી સોડા ફેકટરીની મીલકત જવાબદાર થશે નહી.

મીતી. ફાગણ વીદ ૧૦ ગુરવાર શાં. ૨૦૦૨

વકીલ પદ્મકાન્ત પ્રાંતમલાલ.
તે વોરા ઇસફઅલી હસનઅલીનાં વકીલ.

આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યુ.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 73] THURSDAY 18th APRIL 1946 [No 20]

[પુ. ૭૩] ચૈત્ર વદ ૨ ગુરૂવાર સંવત ૨૦૦૨ તા. ૧૮મી એપ્રીલ સન ૧૯૪૬ [અંક ૨૦]

યાદી.....

જયુ જા નં. ૧૦૬૩

હાલના ચુંટણી અંગેના નિયમો અનવયે જાહેર દુકાનદારોએ તરફથી પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે તે સંબંધે નીચે મુજબ નિર્ણય કરવામાં આવે છે:-

૧. સભ્યોના વિભાગ પહેલામાં સભાસદી હોસ્પીટલ ચલાવનાર અને શિક્ષણ સંસ્થા ચલાવનાર એમ બન્ને વર્ગમાં આવતા છે તે સંબંધમાં તેવી સંસ્થાઓના સ્થાને ટ્રસ્ટીઓને અધિકાર પ્રાપ્ત થાય છે.

૨. સભ્યો અંગેના વિભાગો માંથી વિભાગ બીજામાં ખેતીની જમીનધરાવનારાઓના શબ્દોમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે ખેતીની જમીન નગરસભાની હદમાંજ હોવાનું અવશ્યક નથી

૩ જો કોઇ શખ્સ કુટુંબ માટે જે તે નગરસભાની હદમાં રહેવા આવેલ હોય અને ચુંટણીના સમયે ત્યાં રહેતો હોય તો તે જો બીજી રીતે મત આપવા લાયકાત ધરાવતો હોય તો તે મતદાર તરીકે લાયક ગણાશે પરંતુ મતદાર તરીકેની લાયકાતમાં નગરસભાની હદમાં રહેતો હોવાનું આવશ્યક હોવાથી એકજ શખ્સ બે જગ્યાએ મતદાર તરીકે નોંધી શકાશે નહીં

૪. જો કોઇ મકાન જેની કિંમત બેહજાર કોરી કરતાં ઓછી હોય પરંતુ જો તેમાં રહેતે ભાડુત તેનું ભાડુ બારે કોરી કરતાં વધુ ભરતો હોય તો તે મકાનના ભાડુતજ મતનો અધીકાર મળશે માલીકને નહી મળે તેમજ કોઇ મકાન કિંમતની કોરી બે હજાર કરતાં વધુ હોય જ્યારે તેમાં રહેતો ભાડુત તેનું ભાડુ કોરી બારે કરતાં ઓછુ ભરતો હોય તો મકાન માલીકનેજ મતાધીકાર મળશે અને ભાડુતને નહી મળે એ ધોરણે રકમના ફેરફારથી ઉમેદવાર માટેની લાયકાત બદલાતી છે.

સંયુકત કુટુંબના સભ્યો જેઓ એકજ મકાનમાં ભાડુતી તરીકે રહેતા હોય અથવા કોઇ મકાનની સંયુકત માલીકી ધરાવતા હોય તેવા દરેકને (જો બીજા નીયમો અંગે તેઓને મત આપવાનો અધીકાર પ્રાપ્ત થતો હોય તો) આ નીયમોને લાગે વળગે છે ત્યાં સુધી મત આપવાનો અધીકાર પ્રાપ્ત થાય છે.

૫ મકાનનાં ભાડાની રકમ નકકી કરવા વિશે એવું ઠરાવવામાં આવે છે કે જો કોઇ શખ્સે એક થી વધુ મકાનો ભાડે રાખ્યા હશે તો તે સર્વનું ભાડુ એકત્રીત કરી જે રકમ આવે તેવું ભાડું આ નીયમોના અનુસંધાને ભાડાની મહત્વની દુકાનો તથા ગોડાઉનોનાં ભાડાનો પણ સમાવેશ થાય છે.

આ ખુલાસાઓ આજાજ ચુંટણીના મતદારોને મળવાના છે.

મીતી-ફાગણ વીદ ૬ ગુરૂવાર સં. ૨૦૦૨.

તા: ૨૭-૩-૪૬.

S. K. Nayampalli,

દિવાન કચ્છ.

ઠરાવ.

ઠેકાણું જા. નં. ૪૦૦૭

હ. ઓ. નં. ૨૭ તા: ૫-૭-૪૫ વાળા ઠરાવથી જાહેર પાડવામાં આવેલ કચ્છ જાગીર વીજળી ખાતાના કાયદાની કલમ ૪માં જણાવ્યા પ્રમાણેના લાઇસન્સ સંબંધ શરત માટે તેજ કાયદાની કલમ ૪ (૧) અનવયે લેવાના કેટલી લાઇસન્સ ફી ઠરાવવી તે બાબતમાં રા. રા. સ્ટેટ ઇલેક્ટ્રીકલ ઇન્જીનીયર સાહેબ તરફથી લખાઇ આવેલ ભલામણ પ્રમાણે નીચે જણાવ્યા મુજબ લાઇસન્સ ફી લેવાનું આથી ઠરાવવામાં આવે છે.

694

૧. પહેલાં ૧૦ દસ કિલોવોટ સુધી (મીનીમમ દસ કીલોવોટ લખાશે.)	દરમાસે દર કીલોવોટની કોરી ૧.
૨. દસ કીલોવોટથી ઉપર અને એકસો કીલોવોટ સુધી.	દરમાસે દર કીલોવોટની કોરી ૦॥.
૩. ૧૦૦ એકસો કીલોવોટથી ઉપર.	દરમાસે દર કીલોવોટની કોરી ૦॥.

તા: ૧ – ૪ – ૪૬.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

જ્યુ. જા. નાં ૫૨૨૮. ઠરાવ

ભુજના ઠા લવજી જાદવજીએ નવા કોર્સ મુજબ એલ એલ. બી. ની પરીક્ષા પસાર કરેલ હોઇ ઇ. જા. નાં. ૭૭૨ તા: ૨૪-૭-૪૪ વાળાથી ભુજ કોર્ટમાં વકીલાત કરવાની સનદ મળેલ હાલે તેમણે મુંબઇની બાર કાઉન્સીલ તરફથી લેવામાં આવતી એડવોકેટની પરીક્ષા પસાર કરેલ હોઇ ખાલસા કોર્ટમાં વકીલાત કરવા માટે હાઇકોર્ટ, કચ્છ, તરફથી નાં. ૧૩૩૭: ૨૦૦૨ વાળાથી પરવાનગી અપાયેલ છે.

હવે આ રાજ્યની ખાલસા કોર્ટો સિવાયની તમામ કોર્ટો તેમજ કચેરીમાં વકીલાત કરવાની પરવાનગી માટે અરજ થતાં તેમને તેવી પરવાનગી આપવામાં આવે છે.

ચૈત્ર સુદ ૩ ગુરૂવાર શાં ૨૦૦૨.
જ્યુડીશીયલ બ્રેન્ચ
તા. ૪-૪-૪૬.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

ડી. સી. એસ. નાં. ૧૨૨૬ ઠરાવ.

સીવીલ સપ્લાય ડીપાર્ટમેન્ટના ઓફીસ આસીસ્ટન્ટ રા પ્રબોધચંદ્ર શીવલાલ માંકડની બદલી હ ઓ. નં. ૨૫૩ તા. ૬-૯-૧૯૪૫ વાળા અન્વય ટેકનીકલ શીરસ્તેદાર તરીકે થતાં તેમની ખાલી પડેલી જગ્યાએ તેજ ડીપાર્ટમેન્ટના ઇન્સ્પેક્ટર રા. ભોગીલાલ એલ. વોરા બી. એ., એલ. એલ. બી. ને કોરી ૨૫૦-૧૦-૩૦૦ ના ગ્રેડમાં તેમને હાલે મળતા પગાર કોરી ૨૭૦) થી ચૈત્ર સુદ ૭ ગુરૂવાર શાં. ૨૦૦૨ થી ઓફીસ આસીસ્ટન્ટ નીમવામાં આવે છે.

તા:- ૫-૪-૪૬.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

યાદી. જ્યુ. જા. નાં. ૫૨૫૫

નગરસભાઓની આગામી ચુંટણી અંગે જુદી જુદી નગરસભાઓએ પ્રશ્નો ઉઠાવતાં તે સબંધમાં યાદી નાં. ૫૬૬૩ તા: ૨૭-૩-૪૬થી જે નિર્ણય આપવામાં આવેલ છે તે યાદીના પારા ચોથાના બીજા પારાઆદમાં જણાવ્યા પ્રમાણે જે રીતે સંયુક્ત કુટુંબના સભ્યોને મતાધિકાર મળે છે તેવીજ રીતે સંયુક્ત કુટુંબના સભ્યો જેઓ એકજ મકાનમાં ભાડુત તરીકે રહેતા હોય અને કોરી ત્રીસ કે તેથી વધુ ભાડું ભરતા હોય અથવા કોઇ મકાનની સંયુક્ત માલીકી ધરાવતા હોય અને તે મકાનની કીંમત કોરી પાંચ હજાર કે તેથી વધુ હોય તેઓ દરેકને -જો બીજા નિયમો અનુસાર તેઓને સભાસદ થવાનો અધિકાર પ્રાપ્ત થતો હોય તો- સભાસદ તરીકે ઉભા રહેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

ચૈત્ર સુદ ૮ મંગળવાર શાં. ૨૦૦૨ તા: ૯-૪ ૪૬.

S. M. Kaikini,
ઇ. ચા. દિવાન-કચ્છ.

NOTIFICATION.

No. 980 of 1946.

In exercise of the powers conferred by sub-rule (1) of rule 25 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to direct that the notification of the Government of Kutch No. 2662 dated the 11th September, 1943, shall be cancelled.

Dewan's Office,
Bhuj, 12th April, 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch.

ઠરાવ જ્યુ. જા. નાં ૫૩૨૪

હ ઓ. નાં ૨૬૧ તા: ૧૮-૧૦-૪૫ વાળા ઠરાવની કલમ ૫ માં નીચે પ્રમાણે સુધારો કરવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે:-

695

'' હાલની નગરસભા બરખાસ્ત થતાં જે નગરસભાઓ આ બધારણ પ્રમાણે અસ્તીત્વમાં આવશે તેનો પ્રમુખ શ્રી દરબાર નિયુક્ત તેમજ ચુંટાઇ આવેલા સભ્યોમાંથી નગરસભા ચુંટી કહાડશે ''.

મીતી – ચૈત્ર સુદ ૧૪ સોમવાર શાં. ૨૦૦૨

S. K Nayampalli,
દિવાન – કચ્છ.

જાહેરાત. જુ. જા નાં. ૫૩૩૫

હ. ઓ. નાં. ૨૯૧ તાઃ ૧૮-૧૦-૪૫ વળા ઠરાવની કલમ ૮ માં જણાવ્યા પ્રમાણે ચુંટણીની કાર્યવાહી કેવી રીતે કરવી તે બાબત વિગતવાર પુરાના સહીત જુ. જા નાં ૨૫૩ તાઃ૧૧-૧૨-૪૫ તથા જુ. જા. નાં. ૩૮૩૦ તાઃ ૨૮-૨-૪૬થી જાહેરાત કરવામાં આવેલ પરંતુ નખત્રાણામાં મ્યુનીસીપાલીટીની સ્થાપના હાલેજ થવાની હોવાથી તે કારણે તેમજ ચુંટણીના કાર્યમાં પ્રજાને રસ લેતી કરવા અને અત્યાર સુધી મતદાર કે ઉમેદવાર તરીકે નોંધ નહી કરાવી શકનારને વિશેષ તક આપવા નીચે પ્રમાણે મુદત વધારવામાં આવે છેઃ—

નગરસભાઓની મુદતઃ—

જુ. જા નાં. ૩૮૩૦ તાઃ ૨૮-૨-૪૬ અનવયે હાલની નગરસભાઓની મુદત શાં. ૨૦૦૨ ના વશાખ શુદ ૨ તાઃ ૩-૫-૪૬ ના રોજ પુરી થતી હોવાથી તે શાં. ૨૦૦૩ ના અષાઢ શુદ ૨ તાઃ ૩૦ મી જુન ૧૯૪૬ સુધી લંબાવવામાં આવે છે.

ઠરાવ નાં. ૨૯૧ તાઃ ૧૮-૧૦-૪૫ની કલમ ૮ અનવયે ચુંટણીની કાર્યવાહીના નિયમો.

૧. મતદાર તથા ઉમેદવારની નોંધણી.

શ્રી હ. ઓ. નાં. ૨૯૧ તાઃ ૧૮-૧૦-૪૫ની કલમ ૨ મુજબ જે શખ્સને મતાધિકાર પ્રાપ્ત થતો હોય તથા કલમ ૩-૪ અનવયે જેમને ઉમેદવાર તરીકે ઉભા રહેવાનો અધીકાર પ્રાપ્ત થતો હોય તેઓનું લીસ્ટ જુ. જા નાં. ૩૮૩૦ તાઃ ૨૮-૨-૪૬ અનવયે નગરસભાઓ તરફથી તૈયાર કરવામા આવેલ છે અને તે લીસ્ટ નગરસભા ઓફીસમાં જાહેર સ્થળે ચોંટાડવામાં આવેલ છે. તે લીસ્ટમાં જે શખ્સનું નામ દાખલ થઈ શક્યું હોય નહીં તેણે ચાલતી સાલના વશાખ વીદ ૩ તાઃ ૧૯-૫-૪૬ સુધીમાં પોતાનું નામ રહેવાનાં ઠેકાણા સહીત નગરસભાની ઓફીસે નોંધાવવું જોઇએ આ મુદતની અંદર જેનું નામ નોંધાવવામાં આવેલ ન હોય તેને મત આપવાનો અથવા ઉમેદવાર તરીકે ઉભા રહેવાનો અધિકાર રહેશે નહી.

નગરસભાઓ તરફથી પ્રસિધ્ધ થયેલ લીસ્ટમાં જે નામો ઉપરની મુદત દરમ્યાન વધારવામાં આવે તેવાં નામો સહીત સુધારેલા લીસ્ટની એક નકલ નગરસભા પોતાની ઓફીસમાં જાહેર સ્થળે વૈશાખ વદ ૯ તાઃ ૨૫-૫-૪૬ ના રોજ ચોંટાડશે.

ઉપર પ્રમાણે લીસ્ટ પ્રસિધ્ધ થયાની તારીખથી આઠ દીવસની અંદર પોતાનું નામ મુદત દરમ્યાન નોંધાવવા અરજ કર્યા છતાં નહીં નોંધાયા બાબત અથવા કોઇ શખ્સનું ગેર હક્કે નામ નોંધાવવા બાબત જેણે અરજ કરવી હોય તેણે જે તે નગરસભાના પ્રમુખ પાસે વિગતવાર કારણો સહીત લેખીત અરજી કરવી અને નગરસભાના પ્રમુખે તરત નિણ્ય આપવો.

૨. ઉમેદવારી પત્રકઃ—

જે શખ્સો નગરસભાના સભાસદ તરીકે ઉમેદવારી કરવા માગતા હોય તેઓએ જે વર્ગમાંથી પોતે ઉમેદવારી કરવા માગતા હોય તેની હકીકત સહીત પોતાનું ઉમેદવારી પત્રક ચાલતી સાલના જેઠ શુદ ૧૦ તાઃ ૯-૬-૪૬ સુધીમાં નગરસભાની ઓફીસે રજુ થાય તેમ કરવું. મુદત બાદ મોકલવામાં આવેલ પત્રક રદ બાતલ ગણાશે.

ઉપર મુજબનું ઉમેદવારી પત્રક યોગ્ય રીતે દરખાસ્ત આપનારના અને ટેકો આપનારના નામ સાથે હોવું જોઇએ અને તેમાં ઉમેદવાર આ ઉમેદવારી માટે તૈયાર છે તેવી સહીવાળું હોવું જોઇએ.

દરખાસ્ત મુકનાર, ટેકો આપનાર તથા ઉમેદવારનું નામ મતાધિકારીના લીસ્ટમા હોવું જોઇએ. ઉમેદવાર પત્રક આપતી વખતે દરખાસ્ત મુકનાર, તથા ટેકો આપનાર હાજર હોવા જોઇએ

અને તેઓ તજ છે તેની નગરસભાના સેક્રેટરીએ ખાત્રી કરવી.

આવી રીતે યોગ્ય સુધતસર આવેલા ઉમેદવાર પત્રકોમાં જણાવેલ ઉમેદવારોનાં નામ ચુંટણીના દીવસથી પાંચ દીવસ અગાઉ નગરસભાની ઓફીસમાં જાહેર રીતે રાખવા જે તે નગર સભાના પ્રમુખે તજવીજ કરવી.

જો કોઇ ઉમેદવાર પત્રક સબંધમાં કોઈને વાંધો હોય તો જે તે નગરસભાના પ્રમુખને જણાવવો અને પ્રમુખે તેનો તુરત નિર્ણય કરવો.

૩. ચુંટણીઃ

જો કોઇ વાર્ડમાં જગ્યા કરતાં વધારે ઉમેદવારો હોય તો તેવા પ્રસંગે મતદારોને મત આપવાનું સુગમ પડે તેની યોગ્ય વ્યવસ્થા નગરસભાએ કરવી અને મુકરર થએલ જગ્યાઓ જેટલાજ ઉમેદવારો હોય તો તેમને ચુંટાએલા જાહેર કરવા. કોઇપણ ઉમેદવાર ચુંટણીથી પહેલાં કે ચુંટણી દરમ્યાન પોતાની ઉમેદવારી લેખીત કાગળથી પાછી ખેંચી લેવા મુખત્યાર છે. ચુંટણી થતી હોય તે વખતે મતદાર સ્વતંત્ર રીતે મત આપી શકે તેમાં કોઇએ વિક્ષેપ પાડવો નહીં. જો કોઇના તરફથી વિક્ષેપ પાડવાનો પ્રયત્ન થાય તો ચુંટણી અધીકારી તેને ચુંટણીના સ્થળ ઉપર ગુન્હેગાર ઠરાવી શકશે.

ચુંટણીનો સમય તથા સ્થળ નગરસભાના પ્રમુખે ચુંટણીની તારીખથી બે દીવસ પહેલાં જાહેર કરવો અને તે નગરસભાની ઓફીસમાં જાહેર જગ્યાએ લખવો અને જ્યાં નગરસભા હવે અસ્તિત્વમાં આવવાની હશે ત્યાં વહીવટદાર કચેરી પર જાહેર જગ્યાએ લખવો.

આગામી ચુંટણીનું કાર્ય ચલાવવા માટે જે તે નગરસભાના સેક્રેટરીને ચુંટણી અધિકારી રીટર્નીંગ-ઓફીસર નીમવા કહેવામાં આવે છે જો નગરસભાનો સેક્રેટરી ન હોય અથવા જે નગરસભા હવે અસ્તિત્વમાં આવવાની હોય ત્યાં જે તે તાલુકાના રા. વહીવટદારે ચુંટણી અધીકારી-રીટર્નીંગ ઓફીસરનું કામ કરવું.

ચુંટણી અધીકારીએ ચાલતી સાલના જેઠ વદ ૬ ગુરૂવાર તાઃ ૨૦ જુન ૧૯૪૬ના રોજ ચુંટણીનું કાર્ય કરવું.

ઉમેદવારો અથવા તેમના યોગ્ય અધીકારવાળા શખ્સો જેઓ હાજર રહ્યા હોય તેમની હાજરીમાં મતો ગણવા. મત ગણત્રી બાદ જેને વધારે મત મળ્યા હોય તેને ચુંટાએલો જાહેર કરવો. જો કોઇ ઉમેદવારોને સરખા મત મળે તો તેવા ઉમેદવારોનાં નામની ચીઠી-ચુંટણી અધિકારીએ નાંખવા અને જેના નામની ચીઠી પહેલી ઉપડે તેને ચુંટાએલો જાહેર કરવો.

૪. નખત્રાણામાં હાલે નગરસભા નહીં હોવાથી ત્યાં જ્યુ. જા. નં. ૩.૩૦ તાઃ ૨૮-૨-૪૬ ના પેરાગ્રાફ ૨-૩ અનવયે મતદાર તથા ઉમેદવાર તરીકેની લાયકાત ધરાવતા શખ્સોનું લીસ્ટ તૈયાર કરાવવા તથા આ જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે ચુંટણી અંગેનાં સર્વે પગલાં લેવા રા. નખત્રાણા ન્યાયાધીશ તથા રા. નખત્રાણા વહીવટદારની કમીટી નીમવામાં આવે છે તેઓના કાર્યની સુગમતા માટે તેઓની કમીટીમા નખત્રાણાના રહેવાસીઓમાંથી ત્રણ ગૃહસ્થોને કો-ઓપ્ટ કરવાની તેઓને સત્તા આપવામાં આવે છે.

ઉપર જણાવ્યા સિવાયની બાબતમાં શ્રી હજુર ફરમાન નં. ૨૬૧ તાઃ ૧૮-૧૦-૪૫ તથા તે ઠરાવની અંદર રહીને નિર્ણય થશે.

મીતી- ચૈત્ર શુદ ૧૪ સોમવાર શાં. ૧૦૦૨.

તા. ૧-૪-૪૬.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

નં. ૫૮૫. ૧૯૪૬ નોટીફીકેશન.

શીતના પ્રદેશો કે જે પ્રથમ દુશ્મનોના કબ્જામાં હતા તે પ્રદેશો સાથે વેપારને લગતો પત્ર વ્યવહાર કરવાની છૂટ આપતું કોંદી સરકારના વ્યાપાર ખાતાનું પ્રેસ કોમ્યુનીકે તા. ૪-૩-૧૯૪૬નું જાહેર જનતાની જાણ સારૂ અત્રે પ્રસીદ્ધ કરવામાં આવે છે.

દીવાન ઓફીસ
તા. ૧૩-૮-૧૯૪૬

K. V. Bhatt,
Dy. Secretary.

PRESS COMMUNIQUE.

PRIVATE TRADE WITH FORMERLY EMEMY OCCUPIED TERRI ORIES OF CHINA.

The Enemy Trading Regulations no longer apply to those areas of China which were formerly under enemy occupation. Persons and concerns in India can now carry on private trade with persons and concerns in those areas subject to the existing export, import and financial regulations in force in this country.

Commerce Department,
New Delhi, March 4, 1946.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓ શ્રી ૭ વીજયરાજજી સાહેબ શવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી હાઇ કોર્ટ

ફા.દી.રે અપીલ નંબર ૧૨૭ સંવત ૨૦૦૦

ભણશાલી રાઘવજી સામજીનાં વારસો ભણશાલી ચુનીલાલ રાઘવજી વીગેરે રે. અજાર. } અપેલેન્ટ

ઠા. વાલજી કરસનનાં વારસો ઠા. ઠાકરસી કરસન વીગેરે રે. ખારીરોહર. } રીસ્પોન્ડન્ટ

બાબત

નીચેની કોર્ટનો ઠરાવ રદ થવા બાબત

ખારીરોહરનાં તે હાલે મુંબઇનાં ઠા નારણજી મનજીને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે, તેનો તપાસ સંવત ૨૦૦૨ નો વૈશાખ વીદ ૧ સુકરવાર ને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેસર થશે

મિતી ફાગણ વીદ ૧૪ સોમવાર સંવત ૨૦૦૨

B. N. Mehta,
મે. ચીફ જસ્ટીસ સાહેબના હુકમથી
શીરસ્તેદાર હાઇ કોર્ટ.

મહારાજા ધીરાજ મિરઝા મહારાઓ શ્રીજી વીજયરાજજી સાહેબ શવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી હાઇ કોર્ટ.

ફા. બા. દી. રે અપીલ નંબર ૧૨૮ સં. ૨૦૦૦

ભણશાલી રાઘવજી સામજી ચાલતે કામે ગુજરી જતાં તેનાં વારસો ભણશાલી ચુનીલાલ રાઘવજી વિ. અંજાર અપેલેન્ટ

ઠા. વાલજી રતનશીના વારસો ઠા. કાનજી વલભજી ગુજરી જતાં તેની વારસ વિધવા તેજબાઇ નાગજી વિ. રીસ્પોન્ડન્ટ

સામે દાવો રદ કર્યો તે ઠરાવ રદ થવા બાબત

ખારીરોહરના તે હાલે મુંબઇના ઠા નારણજી મનજીને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે; તેનો તપાસ સંવત ૨૦૦૨ના વૈશાખ વીદ ૧ શુક્રવાર ને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેસર થશે

મિતી ફાગણ વીદ ૧૪ સોમવાર સંવત ૨૦૦૨

B. N. Mehta,
મે. ચીફ જસ્ટીસ સાહેબના હુકમથી
શિરસ્તેદાર હાઇ કોર્ટ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓ શ્રી ૭ વીજયરાજજી સાહેબ શવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી હાઇ કોર્ટ

ફા. બા. દી. અપીલ નંબર ૧૨૯ સંવત ૨૦૦૦

ભણશાલી રાઘવજી સામજીના વારસો ભણશાલી ચુનીલાલ રાઘવજી વીગેર રે. અજાર અપેલેન્ટ

ઠ. લખમશી દેવચંદના વારસ ઠ. જાદવજી લખમશી વીગેર રે. જરાઆ રીસ્પોન્ડન્ટ

નીચેના કોર્ટે દાવો રદ કર્યો છે તે ઠરાવ રદ થવા બાબત

ખારીરોહરના તે હાલે મુંબઇના ઠ. નારણજી મનજીને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે, તેનો તપાસ સંવત ૨૦૦૨ના વૈશાખ વીદ ૧ સુકરવાર ને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલ મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેસર થશે.

મિતી ફાગણ વીદ ૧૪ સોમવાર સંવત ૨૦૦૨

B. N. Mehta,
મે. ચીફ જસ્ટીસ સાહેબના હુકમથી
શિરસ્તેદાર હાઇ કોર્ટ.

ઠરાવ.

હ. કો. જા.નં. ૧૪૯૮ સં. ૨૦૦૨.

રા. ન્યાયાધીશોની નીચે પ્રમાણે ફેર બદલીઓ કરવાનો હુકમ કરવામાં આવે છે

૧. રા. નખત્રાણા ન્યાયાધીશ ઠાકરશી પી. કંસારાને રા. રાપર જોઇન્ટ ન્યાયાધીશ તરીકે બદલાવવામાં આવે છે.

૨. રા. રાપર ન્યાયાધીશ જીવરામ મોનજી મોરને રા. નખત્રાણા ન્યાયાધીશ તરીકે બદલાવવામાં આવે છે.

૩. રા. રાપર જોઇન્ટ ન્યાયાધીશ પ્રભુરામ જે. શાહને રા. રાપર ન્યાયાધીશ તરીકે બદલાવવામાં આવે છે.

૪. રા. ભુજ ન્યાયાધીશ સવાઇલાલ ડી. રાણાને રા. અબડાસા ન્યાયાધીશ તરીકે બદલાવવામાં આવે છે.

૫. રા. અબડાસા ન્યાયાધીશ નર્મદાશંકર ડી. મહેતાને રા. ભુજ ન્યાયાધીશ તરીકે બદલાવવામાં આવે છે.

તા. ૮-૪-૪૬

S. M. Kaikani.
ચીફ જસ્ટીસ હાઇ કોર્ટ.

જાહેર ખબર

આથી સર્વે ઇલેક્ટ્રીસીટી ઉત્પન કરનારાઓને ખબર આપવામાં આવે છે ઇલેકટ્રીસીટી એકટ, કચ્છ ની કલમ ૫૪ મુજબ વીજળી ઉત્પન કરનારાઓએ તાકીદે પોતાનુ લાયસન્સ લઇ લેવુ.

ઇલેકટ્રીસીટી એકટની કલમ ૪ મુજબ લાયસન્સ મેળવવાની રીતનું ધોરણ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

લાયસન્સ વગર ઇલેકટ્રીસીટી ઉત્પન કરનાર આ એકટની કલમ ૩૮ મુજબ કોરી ૩૦૦) સુધીના દંડની તથા એવું ઉલ્લંઘન ચાલુ રહેશે તે પ્રસંગે દરરોજની કોરી ૩૦૦) સુધીનાં દંડને પાત્ર ઠરશે.

ચૈત્ર સુદ ૩ ગુરૂ ૨૦૦૨ તા ૪-૪-૪૬

રેટ ઇલેક્ટ્રીકલ ઇન્જી નીયર્સ ઓફીસ ભુજ } VelJi Ladhubhai, Electrical Engineer. Kutch State.

મહારાજા ધિરાજ મિરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ

શ્રી મુંદ્રા કોર્ટ નાં. ૨૮૫

ખા. દી. કામ નાં. ૧૩ સાં ૨૦૦૨

શા રાવશી નથુ શમાઝેગા વાદી
ખોજા મોલેદનાં રતનશી શમાઝેગા પ્રતીવાદી

દાવો—લેણા બાબત

શમાઝેગાનાં તે હાલે મુંબઇનાં ખોજા મોલેદનાં રતનશીને માલમ થાય કે આ કામે દાવા જવાબ અપીલ તમારે આહીં કોર્ટમાં સાં. ૨૦૦૨નાં વૈશાખ શુદ ૮ ગુરૂનાં રોજ સવારનાં ૭ વાગેથી હાજર થાવું નેતર કાયદેશર થશે.

ફાગણ વીદ ૦)) ભોમે સાં ૨૦૦૨

Narottam D. Mehta,
મુંદ્રા ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી મુંદ્રા કોર્ટ. નાં ૨૮૪

ખા. દી તા. કા. નં. ૧૩ સાં. ૨૦૦૨

શા વરજી મોણુમીની વીધવા ગંગાબાઇ ડેપા વાદી
શા નરશી પાસુ રામાણી પ્રતીવાદી

દાવો—લેણ નો.

રામાણીના શા નરશી પાસુને માલમ થાય કે આ વાદીએ કરાર મુજબ ખર્ચ સેત રો ૧૦૨૦ના ત્યા કોરી પરલા મળવા તામીલ રજુ કરેલ છે માટે રોજ ૪૫ માં વાદીની તામીલ બજવણી કરજો નેતર કાયદેશર થશે.

ચૈત્ર સુદ ૪ સુકરે સાં ૨૦૦૨

Narottam D. Mehta,
મુંદ્રા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મિરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી મુંદ્રા કોર્ટ. નાં ૨૮૩

ખા. દી. તા કા નાં. ૧૧ સાં. ૨૦૦૨

શા ધારસી લખમસી છગરા વાદી
શા ઉમરસી સોજુ વગેર સોના પ્રતીવાદી

દાવો—લેણાનો

કુવે ડી હાલે રહેતા શા કુંવરજી મોનાને માલમ થાય કે આ વાદીએ કરાર મુજબ કોરી ૩૨૧૮ ત્યા રૂ. ૦-૧૧-૦ મલવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે તમો વાદીની તામીલ બજવણી રોજ ૪૫ માં કરજો નેતર કાયદેશર થશે.

ચૈત્ર સુદ ૫ શની સાં ૨૦૦૨

Narottam D. Mehta,
મુંદ્રા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નંબર ૫૯૨.

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી

ઠ. જીવરાજ ખીમજી ગુજરી જતાં તેના વારસ
વારસ મીઠીબાઇ રે. વોંધ વાદી
ઉદરીયા તા તેજા ગુજરી જતાં તેના વારસ
ઉદરીયા ગોવા તેજા રે. વોંધ હાલ } પ્ર.
ગુ રાત

દાવો તામીલ થવા

ગુજરાત મધે ઉંદરીવા મોવા તેમને મલુમ થાય કે સં. ૧૯૯૦ના પોશ વીદ ૧૧ ગુરૂવારના રોજના થએલ હુકમનામાં પ્રમાણે વાદીઓને પ્રતિવાદી કોરી ૨૩૧૩ આપે ન આપે તો મારે ખેતર પાસોઢીનું પાનું વીટાંતર ભોગવવા કબજે સોંપાવવા માટે વાદીઓએ તામીલ દરખાસ્ત રજી કરેલ છે માટે આ નોટીશ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર વાદીઓની તામીલ કરી પોંચ રજુ કરજો નહીતર મુદત વીતે કાયદેસર થશે.

હાલણ વીદ ૪ સં. ૨૦૦૨

Vrajlal Harilal,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.

સમન નં. ૫૪૨.

શ્રી ભચાઉ અદાલત તરફથી

કે. વાલજી હાર વોધ વાદી
ચાવડા નારણ મુર વોધ પ્ર.

દાવો લેણાનો.

પ્ર. ગેલા નારણને માલુમ થાય કે વાદીએ તમારા પર કરેલ દાવાનો જવાબ દેવા આ સમન શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થયાની તારીખથી રોજ ૧૫ની અંદર તમારા વકીલ કે મુ. મારફતે હાજર થજો કસુર થએ કાયદેસર થશે.

હાલણ વદ ૦)) સં. ૨૦૦૨.

Vrajlal Harilal,
ભચાઉ ન્યાય ધીશ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.

ખા દી કાં નાં ૩૩૨|૨૦૦૨

દોસી ફુલચંદ માનસંગ બાલાસર વાદી
લોવાર અખઇ અમરા લેદ્રાંણી પ્ર. વાદી

દાવો

કોરી ૪૧૭ મલવાનો

લોદ્રાંણીના લોવાર અખઇ અમરાને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૪૧૭)મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શા. ૨૦૦૨ના વૈશાખ સુદ ૯ સુકરવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેસર થશે

શા ૨૦૦૨ના હાલણ વીદ ૧૩ શનીવાર.

શાહ પ્રભુરામ જેઠ ભાઇ
જો. રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.

શ્રી લખપત સબ જડજ કોર્ટ.

ખા. કાંમ. નંબર ૩૮ શાં ૨૦૦૨

ઠા નરાણજી કુંવરજી નરા વાદી
સુમરા જુસબ આ ભીનાં વારસો સુમરા
સુલેમાન જમલ ગિર નરા } પ્રતિવાદી

દાવો

કોરી ૧૮૧) મળવાનો

નરાન મિંધ મધે સુમરા સલેમાન જુસબને માલુમ થાયકે આ કામે તમારે દાવા જવાબ દેવા શારૂ આ કોર્ટ પાશે આલતી શાલના ચૈત્ર વદ ૦)) શુક્રવાર ને રોજ શા રાનાં ૧૧ બજેથી હાજર થવું નહિતર કાયદેસર થશે

મિતી ચૈત સુદ ૭ સોમવાર સંવત ૨૦૦૨

K. S. Rana,
લખપત ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.

શ્રી નખત્રાણા કોર્ટ

આ દી કામ નં. ૩ શાં. ૨૦૦૨

ઠા. ઇવાલ નારણજી મંગવાણા વાદી
ખત્રી શીધીક અબ્દરેમાનની વિધવા હાજરાબાઇ મંગવાણા } પ્રતીવાદી

દાવો

જગ્યાનો કબજો ત્યા ભાડુ મળવા

મંગવાણા ખત્રી શીધીક અબ્દરેમાનની વિધવા હાજરાબાઇને માલુમ થાય કે વાદીએ તમારા પર જગ્યા કબજે મલવા ત્યા. ભાડો મલવા દાવો કરેલ છે જેનો દાવા જવાબ આપવા શાં ૨૦૦ના વૈશાખ સુદ ૫ શોમવારના રોજ હાજર થશો નહીતર કાયદેસર થશે.

હાલણ વીદ ૧૨ શની શા ૨૦૦૨

જયતીલાલ મયાશંકર
મે. નખત્રાણા ન્યાયાધીશ શા. ના. કુ. થી.

જાહેર ખબર

માંડવી વકિલદાર કચેરી તરફથી

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જુજના તે હાલે મુંબઇ વસતા મોદ વાણીયા વાગજી લક્ષમીદાશની ધર્મ પત્ની સીતાબાઇએ માંડવીનાતે હાલે મુંબઇ વસતા મોદ વાણીયા પીતાંબર ડામજીની વિધવા જવેરબાઇ પસેથી શા ૨૫૦૦) માં માંડવીમાં નવાપરામાં આવેલી મેતી નેમીદાશવાળી રેરીમાં ડેલી ૧ દખણાદી મોવાડે છે તે મેડી આગળ ઓટલો છે તે મેડી. અધાટ વેચાણ લીધેલ છે આ દસ્તાવેજમાં લની જગ્યાનો છાપો કરી આપવાની અરજ થઇ છે માટે આ જગ્યામાં કોઇનુ કંઇ પણ લાગતુ વળગતુ હોય તેણે એક માશની અંદર આંડી જાહેર કરવું.

નહીતો મુદત વીતે છાપો કરી આપવા શંબંધમાં કટતુ કરવામાં અવશે.

ફાગણ વીદ ૧૧ શુક્રે શા૦ ૨૦૦૨

અંબાલાલ મનસુખ રામ.

માંડવી વહીવટદાર

જાહેર ખબર

નમ્બર ૭૬૦.

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના મંત્રી રણછોડભાઇ હાલાએ માગશર વીદ ૪ સં. ૨૦૦૨ના દસ્તવેજથી અંજારના વોરા ગુલામઅબ્બાસ મહમદઅલી પાસેથી અંજાર મધ્યે રેલ્વે સ્ટેશન નજીક લયાકે જતાં સડકથી ઉત્તરદી તરફ આવેલી ખારીમાં ગોદામો પૈકી ગોદામ ૧ બી. બ્લોક નમ્બર ૧૮ વલો આવેલ છે તે કોરી ૧૧૦૦) અગીઆર હજારમાં અઘાટ હમીરવાર વેચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થએલ છે માટે સદરહુ સ્થાવર મિલ્કત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે છાપો થવા વીશે ધટીત કરવામાં આવશે.

ફાગણ વીદ ૧૩ શની સં. ૨૦૦૨.

લક્ષ્મીદાસ ગોકળદાશ,

અંજાર વહીવટદાર.

જાહેર ખબર નં. ૭૬૦

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના લોડાયા ઠ. લાલજી રામજી પુજારાએ મહા શુદ ૨ સં. ૨૦૦૨ના દસ્તવેજથી અંજારના સારસ્વત બ્રાહ્મણ જોશી હીરજી મોનજી ગુજરી જતાં તેના વારસ પુત્રો દેવશંકર હીરજી તથા ચંદુલાલ હીરજી તથા જમનાદાસ હીરજી તથા અંબારામ મોનજી ગુજરી જતાં તેના વારસ પુત્રો વીઠલદાસ તથા વ્રજલાલ અમારામ પાસેથી જખ્યા ૧ અંજાર મધ્યે સવસરના નાકાં નજીક લખાણી ચેકમાં ઉત્તરદે બાર વાલી આવેલી છે તે કોરી ૧૬૭૨૫) સોળહજાર સાતસો પચીસમાં અઘાટ હમીરવાર વેચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થએલ છે માટે સદરહુ સ્થાવર મિલ્કત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસ્સો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીતર મુદત વીતે છાપો થવા વીશે ધટીત કરવામાં આવશે.

ફાગણ વીદ ૧૨ શની સં. ૨૦૦૨

લક્ષ્મીદાસ ગોકળદાશ,

અંજાર વહીવટદાર

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બ્હાલી અગર તા મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

લી હું નીચે સહી કરનાર મુદ્રા તાલુકે ગામ શ્રી ભદ્રેશ્વરના ઠા. કાનજી પ્રાગજીની દીકરી બાઇ જેઠીબાઇ કાનજી આથી સર્વે લોકોને ખબર આપું છું કે મારા લેણાને અને વાગેર જુસબ તથા કાસમ તથા સાલેમામદ સલેમાન તુખે મારૂકના મતાનો દસ્તવેજ એક કોરી ૧૦૫૦) અખરે દસસો પચાસને ચીતનામનો શાં ૧૯૬૬ની સાલના માંદવે તથા તેની શાનમાં ગીરવી રાખેલ ખેતર અજેરીઆનો ખત એક શાં. ૧૯૯૬ના ફાગણ શુદ ૧૦ની મીતીનો કોરી ૧૬૦૭) અખરે કોરી સોરશો સાતનો વાગેર જુસબ તથા કાસમ તથા સાલેમામદ સલેમાન તુખેમારૂકના લેણાનો અને હાલા લાખાજી ભાભજી તથા હાલા ફતેસંગ કાકાભાઇ તથા હાલા ધીરૂભા તથા દોલુભા તથા તખતસંગ ગગજીના મતાનો વટાંત્રનો મારા પાસેથી ગેરવલે ગએલ છે તે જેને હાથ લાગે તેણે મેમ્બાસાથી મને સોંપી આપવા વિનંતી છે એ સાવેજ ઉપર કોઇએ કરી ધીર ધાર કરવી નહી.

મીતી શાં ૨૦૦૨ના મહાવદ ૧૦,

૧ ઠા. કાનજી પ્રાગજી દીકરી બાઇ જેઠીબાઇ કાનજીની શાઇ ઉપર લખીઉં તે શાઇ ઠા. ઠા. કેશવજી કાનજી ૦ાઇના કેવાથી.

ખાનગી જાહેર ખબર.

વીશા નાગર વણીઆની વડી ૩ જો ભેયવારો ભુલેશ્વર,

મુંબઇ ૨, તા-૨૬-૩-૧૯૪૬

જત હું નીચે સહી કરનાર શા પ્રેમજી નેણશી સાવલા ગામ કાંડાગરા તાલુકા મુન્દ્રા કચ્છનો રહીશ. આથી જાહેર કરૂં છું કે મે મારા પિતા શ્રી શા નેણશી મુરજી ની મિલકત અને જવાબદારી તેમના અમે બને પુત્રો નામે શા દેવશી નેણશી અને પ્રેમજી નેણશી સંવત ૧૯૯૨ની દવાળીએ વહેંચી લઇ છુટા થયા છીએ અને એ છુટા પણા અનુશાર અમારા પિતા શ્રી પર ની સઘળી જવાબદારી કે કરજ ભાઈ દેવશી નેણશીના ફાળે ગઇ છે અને તે બધી જવાબદારી અને કરજ તેઓ કે તેમના વંશ વારશો અદા કરવા બંધાયેલી છે. હુ એ જવાબદારી કે કરજ થી તદન મુક્ત છું.

શહી. શા પ્રેમજી નેણશી સાવલા

ખાનગી જાહેર ખબર

અથી સર્વે લોકોને જાહેર કરવામાં આવે છે કે જામથડાના બારોટ ભાઇ ધનરાજની માતા કુવરબાઇ ને સાં ૧૯૯૨ના જેઠ સુદ ૪ના રોજે કરાર કરી તેની નીમણોક માટે વાડી સાજન વાડી તથા ઉંકેડાવાલી તથા વાણીઆવાલી તથા રાજપરના ગરાસમાંથી ભાગ ત્રીજો સોંપેલ છે. જેની પેદાસ ખાવાનોજ ફકત સદરહુ બાઇનો હક છે અને તેમણે કરારમાં સહી કરી આપી કબુલ કરેલ છે કે સદરહુ ગરાસ પરથી કાંઇ રકમ ઉપાડશે નહી તેમ વેચાણ શાટાણ કરશે નહી છતાં મજકુર બાઇ કોઇની શીખવણીથી સદરહુ ગરાસ પર પૈસા ઉપાડવા યા વેચાણ કરવા તજવીજ કરે છે એટલે સદરહુ ગ ની પેદાશ ઓછી પડતી હોય તો અમે વાપ કારી ૬૦૦) નીમણોક આપવા કબુલ છીએ મી મે. રા. રા. દીવાનજી સાહેબ હજુર અમે કબુલાત આપેલ છે. અને તે પ્રમાણે ગરાશ સોંપેથી વારસીક કોરી ૬૦૦) સદરહુ બાઇલે તે માટે મે. રા. રા. રેવન્યુ કમીશનર શાહેબે હજુર રકમ ભરવા અરજ પણ ગુજારી છે. છતાં સદરહુ બાઇ નીમણોક લેવાને બદલે ગરાશ વેંચવા તજવીજ કરસે તો તેવું વેચાણ કે ગીરો અમને બંધન કારક નથી તે માહેતી આપીએ છીએ.

મીતી. ફાગણ વદ ૦)) ભોમે. ૨૦૦૨.

બારોટ સંકરદાસ મુરની દ્વાં પોતાના
બારોટ નારાણજી ઉદયરામ ની સઇ
દ્વા-પોતે

ખાનગી જાહેર ખબર.

નાગર મેતા જુગતરામ દયાળજી આથી સર્વ લોકોને જાહેર કરે છે કે ચાલતી સાલના પોશ સુદ ૨ શનીવારની મીતીવાળા કચ્છ રાજ્ય પત્રમાં નાગર મેતા ગુલાબશંકર તથા કેશવલાલ દુર્ગાશંકરે એવા મતલબની નોટીશ આપેલ છે કે " ભુજ મધ્યે નાગર ચકલા નજીક મોટા ચોકમાં ઉગમણી મોવાટે કુવાવાળી મોટી ડેલી છે તે ડેલીબંધ જગ્યા અમારા વડીલ મેતા રણછોડજી દુર્લભજી ની તે અમારા કાકાર્ક ભાઇ મેતા જુગતરામ દયાળજી રણછોડજી ભોગવે છે એ જગ્યામાં અમારા બંન્ને ભાઇઓનો કાયદેશર ત્રીજા ભાગ નો હકક છે અમારા પિતા ધોરણસર ફારકતી કરી જુદા થયા નહતા " આ હકીકત તદન ખોટી છે. ઉપરોકત જગ્યામાં મેતા ગુલાબશંકર તથા કેશવલાલનો કાંઇપણ હકક નથી. ઉપરોકત જગ્યા મારા બાપના કબજામાં સ્વતંત્ર હકકથી ઘણાં વર્ષો થયા હતી અને મારા બાપના ગુજરવા બાદ મારા બાપના વારસ તરીકે મારા અંગત માલીકીના હકકની રૂએ કબજામાં છે. મેતા દુર્ગાશંકર રણછોડજી અને મારા પિતા દયાળજી રણછોડજી બન્ને ભાઇઓ તેમના પિતાની હયાતી માંજ જુદા થઇ ગએલ અને ઉપરોકત જગ્યા મારા પિતા દયાળજી રણછોડજીને ભાગે આવી અને ત્યારથી તે પોતાના સ્વતંત્ર હકકથી કબજો ભોગવટો કરતા હતા. નાગર મેતા ગુલાબશંકર અને કેશવલાલે લાંબા શમયે કોઇકની ઉશ્કેરણીથી ખોટી રીતે વગર સમજે નોટીશ આપેલ હોય એમ જણાય છે. એટલે જગ્યા વહેંચવા કે તે ઉપર પૈસા ઉપાડવા કે તેનો ગમે તે રીતે ઉપયોગ કરવા મને સંપુર્ણ હકક છે. એ હકીકત હું આ નોટીસથી સર્વ લોકોને જાહેર કરૂં છું.

સાં. ૨૦૦૨ ના ચૈત્ર સુદ ૧ બુધે

મેતા જુગતરામ દયાળજી ની સહી. દ્વા. પોતાના.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર ગામ વાંકુના જાડેજા કેસરજી માધવસંગજી આથી જાહેર જનતાને ખબર આપુ છું કે વાંકુના ટીલાટ સુલતાનજી હમીરજી નીર્વેશ ગુજરી ગયેલ છે. હું તેમનો કાયદેશરનો વારસ છું.

જાડેજા સુલતાનજી હમીરજીની વીધવા બા કસરીબાને જ્ઞાતીના રીવાજ પ્રમાણે નીમણુક મથી શકે. તેથી મર્હુમ ટીલાટના ગીરાશની કકત પેદાશ ખાવા તેમને એટલે બાઇ કસરીબાને સદર્હુ ગીરાસ સોંપાયેલ છે. સદર્હુ ગીરાશ ઉપર મજકુર બાઇને કોઇ પણ પ્રકારનો બોજો કરવા કાંઈ પણ અધીકાર નથી.

મજકુર બાઇની કુંવરી બા શ્રી ગંગાબાના લગ્ન માટે કોરી ૨૦૦૦) બે હજાર આપવા ના. દીવાનજી સાહેબ રૂબરૂ બન્નેની સંમતીથી કરાર થયેલ છે અને સદર્હુ ગીરાશ તથા તેને લગતા દસ્તાવેજો વિગેરા મને સોંપી આપવાનું નકકી થયેલ છે સદર્હુ કરાર પ્રમાણે અમલ કરવા હું તૈયાર છું. પરંતુ મજકુર બાઇને સ્વાર્થી માણસો પડખે ચડી ઉંધે રસ્તે દોરે છે.

તેથી સર્વ લોકોને અથી જાણ કરૂં છું કે કોઈ એ પણ સદર્હુ ગીરાશ ઉપર કાંઇ પણ રકમની લેતી દેતી કરવી નહી. આવી જાતની લેતી દેતી કોઇએ પણ ગીરાશ ઉપર કરેલ હશે તો તેની જવાબદારી સદર્હુ ગીરાશ ઉપર પડશે નહી.

થયેલ કરાર મુજબ મજકુર બાઇના ભરણ પોષણ માટે બંદોબસ્ત કરવા હું તૈયાર છું. મજકુર બાઇને કોરી ૨૦૦૦) બે હજાર જે આપવાની છે તે તેના જોખમે મારા વકીલ પાસે રાખેલ છે.

મિતિ. ચૈત્ર. સુદ. ૫. શનીવાર. શાં. ૧૮૦૨

જાડેજા કેસરજી માધવસંગજીની સહી.
દ્વારા પોતાના

જાહેર ખબર.

ચાલતી સાલનાં વજેનાં કાલાં વેંચાણ કરવાની તારીખ ચાલતી સાલના વૈસાખ વીદ ૩ શની તા. ૧૮-૫-૪૬ ની ઠરાવવામાં આવીછે માટે જેને વેચાંણ લેવા ઇચ્છા હોય તેમણે અમારી ઓફીસે સદરહુ તારીખે ભુજ મુકામે સવારના ૮ બજે હાજર થવું

ચૈત્ર સુદ ૧૫ ભોમે સા. ૧૦૦૨ તા. ૧૬-૪-૪૬.

T. M. Sheth,
રેવિન્યું કમીશ્નર કચ્છ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 73] THURSDAY 2nd MAY 1946 [No 21]

[પુ. ૭૩] વૈશાખ સુદ ૬ ગુરૂવાર સંવત ૧૯૦૨ તા. ૨૭ મે. ઇસ્વી ૧૯૪૬ [અંક ૨૧]

હુકમ નં. ૭૪. ઠરાવ.

હુકમ નં. ૧૦૫ તા ૭-૫-૪૫ વાળા ઠરાવનાં અનુસંધાનમાં ખુશાલીદ નામદાર મહારાઓ શ્રી હજુર સાહેબ હજુરથી નીચે પ્રમાણે ફરમાન થયું છે.

૧. આ રાજ્યની તમામ કચેરીઓ, ન્યાયકોર્ટો તથા શ્રી દરબાર તરફથી ચલાવવામાં આવતાં દવાખાનામાં હાલ જેટલા સ્ટાફની જગ્યાઓ નિભાવી તમામ બંધ કરી દેવામાં આવશે.

૨. [illegible] સંસ્થાઓમાં હરીજન વિદ્યાર્થીઓને દાખલ કરવા બાબત એવું ઠરાવવામાં આવે છે કે:

[illegible] વિદ્યાર્થીઓનાં વાલીઓ તરફથી હરીજન વિદ્યાર્થીઓને [illegible] દાખલ કરવા સંબંધમાં લેખીત માંગણી આવેથી વીચાર કરવામાં આવશે.

તારીખ. ચૈત્ર વદ ૩ શુ ૨૧૨ સં. ૨૦૦૨

રેવી યુ મેન્ય

તા ૧૯-૪-૪૬.

S. K. Nayampalli.

દીવાન-કચ્છ,

ORDER

No. 77 of 1946.

Dewan's Office

Bhuj, 22nd April, 1946.

His Highness the Maharao Shree has been pleased to appoint on probation for two years Mr. R. K. Budhbhatti, B. Sc., B. E., as Survey Superintendent, on a monthly salary of Krs. 600/- in the grade of Krs. 600-50-1000. He will in addition to his survey duties take up work of village borings and such village tanks as are not looked after by the Irrigation Department, under instructions of the Revenue Commissioner

S. K. Nayampalli

DEWAN.

જાહેરાત

રૂ. જા. નંબર ૫૧૪૮

કચ્છી પ્રજાકીય પરિષદનાં પ્રમુખ શ્રીયુત ગુલાબશંકર અમૃતલાલ તથા પરિષદના કારોબારી મંડળના બીજા સભ્યોના ડીપુટેશનને ખુશાલીદ મહારાવશ્રી હજુર સાહેબે તા. ૧૧-૨-૪૬ના મુલાકાત આપ્યા બાદ તા.

૧૧-૨-૪૬ના રોજ નિયમિત કચ્છ રાજ્ય પત્રનાં વધારાથી જાહેર કરવામાં આવેલ છે તે સંબંધમાં ખુદાવીંદ મહારાજા હજુર સાહેબે મંજુર તા. ૧૧-૨-૪૬ની જાહેરાત અંગે નીચે પ્રમાણે ફરમાવ્યું છે:—

૭. ધારણ ધરનારી કમેટીના સભ્યો નીચે પ્રમાણે રહેશે:—

૪ રાજ્યના અમલદાર વર્ગમાંથી

૩ પ્રજાકીય પરિષદના સભ્યો

૨ શ્રી દરબાર પ્રજામાંથી નામે તે

૯

ચૈત્ર વદ ૯ ગુરૂવાર શાં. ૨૦૦૨ તા. ૨૫-૪-૪૬.

S. K. Nayampalli,
દીવાન — કચ્છ.

NOTIFICATION.

No. 1132 of 1946.

In exercise of the powers conferred by sub-rule (1) of Rule 81 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to cancel the Tyre Rationing Order, 1945, as issued under this office Notification No. 3024 dated the 30th October 1945, with effect from the 24th April 1946 and to direct with reference to sub-rule (1) of rule 119 of the said rules, that notice of the cancellation shall be given to the public by the publication of the same in the Kutch State Gazette and by the issue of a press Note indicating the nature thereof.

Dawan's Office
BHUJ: 26th April, 1946.

S. K. Nayampalli,
Dawan of Kutch.

ઠરાવ

ક. ઓ. નં. ૮૮ જ્યુ. જા. નં. ૫૫૪૪

શ્રી જુબ્બદરબાર લાયબ્રેરીના સેક્રેટરીની ચુંટણીની પ્રથા સંબંધમાં ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે કે લાયબ્રેરીના સભ્યો પોતામાંથી કોઇ સભ્યને લાયબ્રેરીના સેક્રેટરી તરીકે ચુંટી શકશે.

ચૈત્ર વદ ૧૧ શનીવાર શાં. ૨૦૦૨. તા. ૨૭-૪-૪૬.

શ્રી હજુર સેક્રેટરીસ,
રેવન્યુ બ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

No. 1157 - of 1946.

An ORDINANCE

further to amend the Defence of India Act, 1939.

WHEREAS an emergency has arisen which makes it necessary further to amend the Defence of India Act, 1939, as applied to Kutch, for the purpose hereinafter appearing;

Now, THEREFORE, the Government of Kutch is pleased to make and promulgate the following Ordinance:-

1. Short title and commencement.- (1) This Ordinance may be called the Defence of India, as applied to Kutch, (Amendment) Ordinance, 1946.

(2) It shall come into force at once.

2. Amendment of section 1.- To Sub-section (4) of section 1 of the Defence of India Act, as applied to Kutch. 1939, the following shall be added, namely:-

"but its expiry under the operation of this sub-section shall not affect-

(a) the previous operation of, or any thing duly done or suffered under, this Act or any rule made thereunder or any order made under any such rule, or

(b) any right, privilege, obligation or liability acquired, accrued or incurred under this Act or any rule made thereunder or any order made under any such rule, or

(c) any penalty, forfeiture or punishment incurred in respect of any contravention of any rule made under this Act or of any order made under any such rule, or

(d) any investigation, legal proceeding or remedy in respect of any such right, privilege, obligation, liability, penalty, forfeiture or punishment as aforesaid;

and any such investigation, legal proceeding or remedy may be instituted, continued or enforced, and any such penalty, forfeiture or punishment may be imposed as if this Act had not expired".

Dewan's Office,
Bhuj, 27 April, 1946,

S. K. Nayampalli,
Dewan of Kutch.

ORDINANCE

No. 1159. of 1946.

Whereas an emergency has arisen which makes it necessary to provide for the definition of termination of the Enemy-Agents Ordinance No 2788 of 1944 dated 19 th October, 1944

Now, therefore the Kutch Government is pleased to make and promulgate the following Ordinance;-

Short title;(1) This Ordinance may be called Definition of Termination of Enemy Agents Ordinance, 1946.

(2) The Enemy Agents Ordinance 1946, shall be terminated on the 1st October 1946.

Dewan's Office,
Bhuj, 27 th April, 1946.

S. K. Nayampalli
Dewan of Kutch.

નં. ૬૦૪ ૧૯૪૬. નોટીફીકેશન.

ઓસ્ટ્રીયાના લોકો તથા સંસ્થાઓ સાથે માલ મેળવવા અને પૈસાની લેવડદેવડ સિવાય, ના વેપારી તથા નાણાંકીય પત્ર વ્યવહાર કરવા બાબતમાં બ્રીટીશ હિંદના લોકો તથા સંસ્થાઓને છૂટ આપતું હીંદી સરકારનું નોટીફીકેશન તા. ૨-૩-૪૬નું નહેર જાહેરાત તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

દિવાન ઓફીસ
તા. ૧૭-૪-૪૬

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

DEPARTMENT OF COMMERCE

Enemy Trading

New Delhi, the 2nd March 1946

No. 120 (6)-ET (B)/46 In pursuance of clause (a) of the proviso to sub-rule (1) of rule 98 of the Defence of India Rules, the Central Government is pleased to authorise persons and concerns in British India to have commercial, financial or other correspondence with any person or concern in Austria, provided that nothing in this notification shall authorise-

(a) the supply of any goods to or for the benefit of,

(b) The obtaining of any goods from, or

(c) The payment of transmission of any money, negotiable instrument or security for money to or for the benefit of,

any such person or concern.

નં. ૬૦૬૬/૧૯૪૬. નોટીફીકેશન.

હિંદી સરકારનું નોટીફીકેશન કે જે હિંદુસ્તાનમાંથી દુશ્મનના પેઢીઓ અને નોટીફીકેશનના શીડયુલમાં

જણાવેલ દેશોનાં લોકો અને સંસ્થાઓ, કે જે તે વખતે દુશ્મન ન હોય, તે સાથે વેપારી તથા નાણાકીય પત્ર વ્યવહાર કરવાની છૂટ આપે છે તે નોટીફીકેશન, જાહેર જનતાની જાણ સારૂ આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

દિવાન ઓફીસ,
તા. ૧૭-૪-૪૬.

PERMIT.

No.-93 (27)-E. T. (A) 42-With reference to sub-rules (1) and (3) of rule 104 of the Defence of India Rules, the Central Government is pleased to permit commercial and financial transections between enemy firms in India and any persons or bodies of persons in any of the countries specified in the Schedule hereto annexed, not being a person or body of persons who is for the time being an enemy under clause (d) of rule 97 of the said Rules.

Schedule.

1. All countries within the British Empire.
2. United States of America.
3. All neutral countries in Europe.
4. France (including Corsica).
5. Belgium.
6. Holland.
7. Luxemburg.
8. Greece.
9. Italy (inculding Sicily).
10. Finland.
11. Denmark.
12. Norway.
13. Czechoslovakia.
14. Ugoslavia.

9th March 1946.

જાહેર ખબર.

હિંદુસ્થાન બહારના દેશોએ હિંદુસ્થાનમાંના પ્રદેશોમાંથી અવતા શત્રુશો ઉપર મુકેલા કોરેન્ટાઇનના પ્રતિબંધો જે તા ૧૮-૩-૪૬ના રોજ અગાઉમાં હતા તે સંબંધમાં નીચે પ્રમાણેનું તૈયાર કરેલું કોન્સોલીડેટેડ સ્ટેટમેન્ટ હિંદી સેરકારના પબ્લીક હેલ્થ કમીશ્નરે બહાર પાડેલું સ્ટેટમેન્ટ તા. ૨૧-૧-૪૬ પી. એચ. (૨) તા. ૨૩-૩-૪૬ વાળું એજન્સી એકરીમેન્ટ લેટર નં આર. એમ. ૩-૧ તા ૯-૪-૪૬થી આવતાં સર્વ મુસાફરોની માહીતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પ્રતિબંધ મુકનાર દેશનું નામ.	દરદનું નામ	હિંદમાંના જે પ્રદેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો તે પ્રદેશનું નામ.		
ચેસેરહાઉન	કોલેરા	કલકતા	હવાઇમાર્ગે	
	શીતળા	,,	,,	
	,,	મુંબઇ	,,	
ટ્રાન્સજોર્ડન	કોલેરા	દીલ્હી	,,	
	,,	કલકતા	દરીયા તથા હવાઇ માર્ગે	
	,,	મદ્રાસ	,,	,,
	શીતળા	મુંબઇ	હવાઇ માર્ગે	
શીલોન	,,	મદ્રાસ	દરીયા તથા હવાઇ માર્ગે	
	,,	મુંબઇ	,,	,,
ઇરાક	કોલેરા	હિંદુસ્થાન	,,	,,
	શીતળા	,,	,,	,,
પરસીયા	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
ઇજીપ્ટ	,,	,,	,,	,,

ચીન	શીતળા	,,	,,	,,
	આંતરડાનો તાવ (Enteric fever.)	,,	,,	,,
	કોલેરા	,,	,,	,,
બર્મા	,,	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
	આંતરડાનો તાવ (Enteric fever)	,,	,,	,,

તા. ૨૫-૪-૪૬.

A. Y. Mehta
અન્ડર સેક્રેટરી.

પ્રેસ નોટ

નં. ૬૫૫. ૧૯૪૬

ટાવર રેશનિંગ ઓર્ડર, ૧૯૪૫ જે અહીંના નોટીફીકેશન નં. ૨૦૨૪ તા. ૩૦-૧૦-૪૫ વાળાથી પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો તે તા. ૨૪-૪-૪૬ થી રદ કરતું નોટીફીકેશન નં. ૧૧૩૨ તા. ૨૪-૪-૪૬ વાળું જાહેર જનતાની જાણ સારૂં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

દિવાન ઓફીસ
તા: ૨૬-૪-૪૬

A. Y. Mehta,
અંડર સેક્રેટરી

જાહેર નોટીશ

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે લખપત તાલુકામાં આવેલ ગામ ગુનેરીની લિમાઇટની ખાણ ચલાવવાનો કોન્ટ્રેક્ટ સા. ૨૦૦૩ના અશાડ સુદ ૩ થી સાં. ૨૦૦૬ના અશાડ સુદ ૨ સુધી ૬ ત્રણ વર્ષ માટે નીચે જણાવેલી શરતો મુજબ આપવાનો છે માટે જેઓને તે રાખવા મરજી હોય તેમણે મોડામાં મોડી જેઠ સુદ ૧૦ સાં. ૨૦૦૨ સુધીમાં રા. રા. મિનરલ્સ બોર્ડના પ્રેસીડન્ટ સાહેબને સરનામે અરજી કરવી:—

૧ આ લિમાઇટનો ઉપયોગ ઘણોખરો કચ્છમાંજ કરવાનો રહેશે અને કચ્છના કારખાનાઓને રા. રા. મિનરલ્સ બોર્ડના પ્રેસીડન્ટ સાહેબ નક્કી કરે તે કન્સેસન ભાવથી તેમના તરફથી નક્કી કરવામાં આવે તેટલો લિમાઇટ આપવાનો રહેશે કચ્છ બહાર લિમાઇટ નીકાશ કરી શકાય તેમ હોય તો તે બાબત રા. રા. મિનરલ્સ બોર્ડના પ્રેસીડન્ટ સાહેબની પરવાનગી લેવી પડશે અને તેઓ જે જથ્થા સારૂં નીકાસ કરવાની પરવાનગી આપે તેથી વધુ જથ્થો નીકાસ કરી શકશે નહિ.

૨ ઉપરોક્ત લિમાઇટનો ઘર વપરાશ માટે વધારેમાં વધારે છુટક વેંચાણ ભાવ કચ્છી ૧ એક મણ નો ભાવ કોરી રા અઢી દરેક ગામ માટે નક્કી કરેલ છે. આથી વધારે ભાવ લઇને કરેલું વેંચાણ ગેર કાયદે લેખાશે.

૩ ગુનેરીમાં ખોદાણ કામ રા. મિનરલ્સ ઓફીસર ની સુચના મુજબ કરવાનું છે.

૪ શ્રી રાજાને ભરવાનું વાર્ષિક ડેડરેન્ટ દરેક ચારજદાર જણાવવું આ મોનોપોલી કાને ન્યાયથી તે શ્રી રાજાની મુન્સફી ઉપર રહેશે.

૫ ગુનેરીના ખાણનો લિમાઇટ લખપત બંદરેથી કચ્છના બીજા કોઇ બંદરે જાય તેને માટે દરબારશ્રીની તરફ થી કોઇ પણ જાતની હાલત લેવામાં આવશે નહીં પરંતુ સંજોગ વશાત આ લિમાઇટ કચ્છની બહાર નીકાસ કરવાની પરવાનગી આપવામાં આવે તો તેવે પ્રસંગે દર ટને રોયલ્ટી કોરી ૨) બે આપવાની રહેશે.

૬ વાર્ષિક ડેડરેન્ટ જે તે વર્ષનું જે તે વર્ષની શરૂઆતમાં ભરવાનું છે અને અ.ડેડરેન્ટ ભરવા સારૂં જેને સમય મુકરર કરવામા આવે તે તે પ્રમાણે સમય સર ભરવાનું છે પ્રથમ ભરણુ સાં. ૨૦૦૩ના અશાડ સુદ ૩ ના રોજ અગાઉ થી ભરવાનુ રહેશે.

તા. ૧૬ / ૪ / ૪૬.

P. K. Dave,
મિનરલ્સ ઓફીસર.

The Air Services of India Ltd.

have pleasure in announcing that their **Bhuj/Jamnagar/Bombay**, air service will commence daily, with twentyone seater Dacotas, with effect from 3rd May 1946 For bookings please, inquire at our office situated at Nautamlal's Wai, near Vania vad, outside fort.

અમને જણાવતાં ઘણોજ આનંદ થાય છે કે અમારી "એર સરવીસીસ ઓફ ઇન્ડીઆ" નામની કંપની તરફથી તા. ૩-૫-૪૬થી દરરોજ ભુજથી જામનગર થઇને મુંબઈ અમારૂં વિમાન ઉડે. એકવીસ વ્યક્તિઓ માટેની બેઠકોની સગવડવાળા 'ડેકોટા' વિમાનનો ઉપયોગ થશે.

હવાઇ મુસાફરી કરવા ઇચ્છનારે "એર સરવીસીસ ઓફ ઇન્ડીઆ"ની ઓફીસમાં નેન્તબલાલની વાડી-વાણીઆવાડ પાસે દિલ્હાની બજાર—ટીકીટના દરો તથા રીઝરવેશન માટે તપાસ કરવી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી અંજાર અદાલત. નંબર ૩૧૪
ખા. દી. તામીલ કમ નં. સં. ૨૦૦૨
માંડુ માનસંગ ઉર્ફે ગુખપર વાદી
ઉંદરીઆ કારા દાનાની વિધવા રૂપીબાઇ નથુ કરાંચી } પ્રતિવાદી
બાબત
તામીલ બજવા

કરાંચી મધ્યે કારા દાનાની વિધવા રૂપીબાઇને માલમ થાય જે આ વાદીએ સં. ૨૦૦૨ના કારતક વિદ ૫ શનિના રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ મહીત કોરી ૮૯૯)માંડેલ જીગ્યામાં તમારો હક હીસ્સો વેંચી વેચાણીને ઘટતો તમારો બીજી હરેક મિલ્કતથી મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે. માટે આ નોટીશ પહોંચેથી રોજ ૩૦ માં દીની તામીલ બજવણી કરવી નહી તો કાયદેસર થશે.

મીતી પોસ વિદ ૮ સોમવાર સં. ૨૦૦૨
કાન્તીલાલ મોહનલાલ,
મે. અંજાર ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી અંજાર દી. કોર્ટ નંબર ૧૦૧૮
ખા. દી. કા નાં ૨૦૬૬
ભા. હા. સુંદરદાસ કેશવજીનાં વારસ પુત્ર
ભા. હા. જમનાદાસ સુંદરજી અંજાર } વાદી
વિરૂધ્ધ.
ઠા. રતનસી મવજી વી...અંજાર પ્રતીવાદી
બાબત.
કોરી ૮૦૧ અપાવી જગ્યા કબજે
જાપાવાનો.

અંજાર તે હાલે કરીયા તરફ વસતા નીચે લખ્યા શખ્સોને માલમ થાય જે આ કામના વાદીએ ઉપર મુજબનો દાવો કર્યો છે માટે દાવા જવાબ આપવા આ કોર્ટમાં આ સમન્સ છપાવાની તારીખથી માસ એકની અંદર સવારના ૭ા વાગેથી હાજર થજો નહીતર મુદત વિતે કાયદેસર થશે.

મીતી ફાગણ વીદ ૧૪ સોમવાર સં. ૨૦૦૨
ઠા. કુંવરજી અજુઆણીના
વારસો તેના ભત્રીજાઓ-
૧. ઠા. દેવકરણ મગુ કરીયા
૨. ઠા. દયાલ મગુ એજ } તા ૧-૪-૪૬.
કાન્તીલાલ મોહનલાલ
મે. અંજાર ન્યાયાધિશ
સાહેબના હુકમથી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી અંજાર દી. કોર્ટ નંબર ૭૧૮
ખા. દી. કા. નાં ૧૧૧-સં. ૨૦૦૨
ઠા. માવજી કાનજીનાં વારસ ઠા. એગજી
માવજી વરસામેડી } વાદી
વિરૂધ્ધ
૧. બાબરીઆ રામા સવાણી વી.
મોટીરહર. } પ્રતીવાદી
દાવો
કોરી ૧૦૬૫)૩ મલવા.

મોખા પોટ મધ્યે બાબરીઆ રણમલ સવાણીને માલમ થાય જે આ કામના વાદીએ તમારા પર ઉપર દાવો કરેલ છે. તેનો દાવા જવાબ આપવા તમો આ કોર્ટમાં આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાવાની તારીખથી એક માસની અંદર સવારના ૭ા વાગેથી હાજર થજો નહીતર મુદત વીતે કાયદેસર થશે.

ચૈત્ર સુદ ૧ ભુમે સં. ૨૦૦૨. તા ૩-૪-૪૬.
કાન્તીલાલ મોહનલાલ,
મે. અંજાર ન્યાયાધીસ સા. હુ. થી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
ખા. દી. કા. નાં ૧૦/૯૮.
શ્રી અંજાર દી. કોર્ટ. નંબર ૧૦૧૯
મેમણ અબ્દુલ કરીમજીરૂં હકીમ સલેમાન અંજાર વાદી
વિરૂધ્ધ
મેમણ જુસબ અલારખ્યા વી. અંજાર પ્રતીવાદી
બાબત
જગ્યા છોડવાનો

આ કામે વાદીએ દાવા વાલી જગ્યાના પ્રથમનાં ધનીક તે વાદીના મતાંદાર મેમણ જમાલ જાનમાયદાણી કે તેનો કોઇ વારસ ન હોવાનું એકરાર ઉપર અરજ વાદીએ કરેલ છે. પરંતુ તે જમાલ જાનમામદાણી કે તેનો જે કોઇ વંશ વારસ હોય તેને પક્ષકારમાં દાખલ કરવા માટે હુકમ થયો છે. આથી જમાલ જાનમામદાણી કે તેના વારશો જે હોય તેને ખબર આપવામાં આવે છે કે તેમણે આ અદાલત પાસે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાવાની તારીખથી રોજ ૧૫/પંદરની અંદર આહી કોર્ટમાં કોર્ટના ટાઇમે હાજર થઇ પક્ષકારમા દાખલ થવા અરજ કરવી નહિતર મુદત વિતે કાયદેસર કરવામાં આવશે.

ચૈત્ર શુદ ૮ ભોમે શાં ૨૦૦૨ તા ૯ ૪ ૪૬.

Harilal C. Jethi.

અંજાર - ન્યાયાધિશ

મહારાજાધીરાજ મીરજા મહારાઓ શ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

મનાઈ હુકમ નં. ૩૧૨ શ્રી સુદ્રા કોર્ટ

ખા દી. તા. કા ના. ૧૩૧ શાં ૨૦૦૧

શા રામજી ચાપશીની વીધવા મીઠાબાઇ ભુજપર – વાદી

શા લધુ રાજપાર. નવીનાળ — પ્રતીવાદી

દાવા લેણાનો

નવીનાળ તે હાલે મુંબઇના શા લધુ રાજપાળને માલમ થાય શદરદુ વાદીએ તમારા પર લેણા બાબત દાવો કરેલ તે કામ વાદીનું તમારા પર ખર્ચ સહીત કોરી ૫૦૫૩૨૪ ત્યા કુદલ કોરી ૪૭૭૬ પર ટકા ૦૧૧ લખે ચડતા વ્યાજે હુકમનામું થયું છે. તે પટે તમેએ કોરી ૫૪૧૫) ૨ ભરેલ છે. બાકીની રકમ ભરેલ નથી તેથી વાદીએ નીચે લખી મીલ્કત જપ્તીમાં લેવા અરજ કરતાં તે જપ્તીમા લેવાયેલ છે માટે તમારે સદ કુ મીલ્કત કોઇને વેચાણ ગીરો કે બક્ષીસથી આપવા કે દેવી નહિ તેમ લેનારને પ્રતિબંધ છે.

જપ્તા ૧ની ચતુદીશા નવીનામની

૧ ઉગમણે શા દેવજી વસાવાનો વડો છે.

૨ દખણાદે રાજમાર્ગ છે.

૩ ઉત્રાદી શા લધુ કુરપાડની જગ્યા છે.

૪ આથમણી રાજમાર્ગ છે.

વંડાની ચતુદીશા

૧ ઉત્રાદે શા નરસી કમુનો વડો છે.

૨ દખણાદે શા નરશી કરમશુનો વડો છે.

૩ ઉગમણે શા લધુ કુરપાર ત્યા ચાપશી ધારશીના વંડા છે.

૪ આથમણે રાજમાર્ગ છે.

ચૈત્ર શુદ ૧૫ ભોમે ૨૦૦૨

Narottam. D mehta.

મુંદ્રા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરજા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી.ઇ.

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી નાં. ૧૧૭

લાકડીયા વાણીયા મહાજનનાં વહીવટ કરનાર મંત્રી નારણજી ભગવાનજી રે. લાકડીયા } વાદી

ગડા પુનરાજ મુલજી ગુજરીજતાં તેનાં વારસ ગડા ભીશી મુલજી વી. રે. લાકડીયા } પ્રા. વા

દાવો લેણાં બાબત

લાકડીયા હાલ ક્યા છે. તેનો પત્તો નથી તે ગડા પુનરાજ મુલજીની વીધવા દેવઇબાઇને માલુમ થાય કે તમ વીગેર પર વાદીએ કોરી ૧૬૭૧) મત્તાનો દાવો કર્યો છે. તેનો દાવા જવાબ આપવા માટે કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર તમે જાતે અથવા તમારા મુ. કે વકીલ મારફત હાજર થાજો નહીતર મુદત વીતે કાયદેશર થશે.

ચૈત્ર શુદ ૧૧ શા ૨૦૦૨

Vrajlal Harilal

ભચાઉ ન્યાયાધિશ

મહારાજા ધિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી નખત્રાણા અદાલત નંબર ૧૩૪

ખાદી. તા. કામ ના. ૩૦ શાં ૨૦૦૨ ના ૧૩૪

શા વેલજી પરસોતમ ધડાની વાદી

કણબી દેવશી વીશરામ અંગીઆ પ્રતિવાદી

તમીલ થવા બાબત

નાના અંગીઆના કણબી દેવશી વિશરામ ને માલમ થયકે તમારા પર ખાંદી. કામ ના. ૨૯ શા ૨૦૦૦ અસાડ સુદ ૭ ભોમે શાં ૨૦૦૧ના રોજ હુકમનામું થયુ છે તે હુકમનામા પ્રમાણે વાદીએ તમારા પર કોરી ૧૨૦૦૧૦ ત્યા હવે પછીના ખર્ચ સહીતની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીસ પીચેથી રોજ ૧૫ પંદરની અંદર શદરદુ વાદીની રકમ ભરપાઇ કરી જશો નહીતર કાયદેશર કરવામાં આવશે.

મહા વીદ ૧૩ સુકરે ૨૦૦૨

જયંતીલાલ મયાશંકર

મે. નખત્રાણા ન્યાયાધીશ શા. કુ.

મહારાજા ધિરાજ મિરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી નખત્રાણા કોર્ટ

ખાદી તા કા ના ૧૪ સા ૨૦૦૨

શેઠ મણીલાલ શાકરચંદ નખત્રાણા વાદી

મેગવાર હીરા લધા વિ. નખત્રાણા પ્રતિવાદી

બાબત દાવા મુજબ તામીલ થવા

નખત્રાણાનાં મેગવર હીરા લધાને માલમ થાય કે વાદીએ તમારા પર ખાદી. કા. ના ૬૯ શાં. ૨૦૦૧ વાલા દીવાની દાવામાં થએલ હુકમનામા મુજબ કોરી ૧૧૬૦૦ તથા હવે પછીનાં ચડતા વ્યાજ તથા ખરચ સહીતની તામીલ કરવી છે માટે આ નોટીસ કચ્છ ગેઝેટમાં પ્રસદ્ધ થયેથી રોજ ૧૫ પંદરની અંદર તામીલ પુરી કરી જશો નહીતો કાયદેશર કરવામાં આવશે

ફાગણ વીદ ૨ બુધે શાં. ૨૦૦૨

જયંતીલાલ મયાશંકર

મે. નખત્રાણા ન્યાયાધીશ શા. કુ.

જાહેર ખબર

પ. જા. નં. ૧૪૬૪.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના સારસ્વત જોશી ધનજી કાનજીએ ભુજના ગામી ખલીવાગ દ્વારે મુદા હમીરની વિધવા સલેમાબાઇ જાયુ પાસેથી કોરી ૧૫૦૦) માંડેલો ૧ ભુજ મધ્યે ભીડ ફલીવામાં છે તે અધાટ લેતાં તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માસની અંદર અહીંની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહીં સંભળાતા છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

ચૈત્ર વીદ ૩ શુક્રે સાં. ૨૦૦૨

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

જાહેર ખબર.

હ. જા. ના. ૮૫૮

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના લોહાણા પુજારા ઠકકર જેઠાલાલ પરસોતમે ૨૦૦૨ના ફાગણ શુદ ૨ના રોજ લખેલ દસ્તાવેજથી અંજારના તે હાલે મુંબઇમા રહેનાર લોહાણા ઠકકર સીવજી રામજી પાસેથી શહેર અંજાર મધ્યે સવાસરના દરવાજા તરફ જતાં પુજારાઓના દરીઆ સ્થાન વાડા ફલીઆમાં જગ્યા બે તથા હાટ ૧ સવાસરના દરવાજા તરફ જતા રાજમાર્ગ ઉપરે દખણાદી લાઇન વાળું રૂપીઆ ૧૪૨૦૧) ચૌદ હજાર બસો એકમાં અધાટ હમીરાવાર વેંચાણ લેતાં તેનો છાપો થયા દસ્તાવેજ અત્રે રજુ થયલ છે. માટે સદરહુ સ્થાવર મિલ્કત ઉપર કોઇનું લેણું લેખું અગર કોઇ જાતનું હક કે હિસ્સો હોયતો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીત્યે છાપો થવા વીશે ધટીત થશે.

ચૈત્ર સુદ ૧૦ ગુરૂ સાં ૨૦૦૨

લક્ષ્મીદાશ ગોકલદાશ.
અંજાર વહીવટદાર,

જાહેર ખબર

પ. જા. નાં. ૫૬૧.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે કાડીયા નમર કુર્તા રીપોર્ટ નંબર ૧૯૫ ચૈત્ર સુદ ૧૩ રવીવાર સાં ૨૦૦૨થી ભેસો જીવ ૨ બે ગેવાળ થઇ આવેલ છે તે જેની હોય તેમણે દોઢ માસની અંદર ખાત્રી પુરાવો ખર્ચ આપી લઇ જવી મુદત વીત્યા બાદ શ્રી દરબાર દાખલ કરવામાં આવશે ૧ ભેંસ જીવ ૧ વાને કારી ગરેચી ઉ.વ. ૧૦ની કીંમત કોરી ૪૦૦ ચારસો આશરેની

૨ ભેંસ જીવ ૧ વાને ભુરી પાટણવારી ઉ.વ. ૧૦ની કીંમત કોરી ૬૦૭ છસો આશરેની

એ રીતે

ચૈત્ર વીદ ૪ શનીવાર સાં ૨૦૦૨

ખટાઉ નારાણજી,
રાપર વેવટદાર

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બ્હાલી અગર તા મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

દેશલપરન ભાગેરા જગસી તારાચંદની વિધવા રંભાબાઇ તેમજ સર્વ જનતાઓને હું જાહેર ખબર આપું છું કે

મજકુર રંભાબાઇ મર્યાદા હક વાલી વિધવા ઓરત છે તેમને પુત્ર નથી અને તેમના કબજા માં રોકડ દામીના મોટી રકમની મીલકત છે તેમાંથી તેમનું ગુજરાન ચાલી શકે તેવું શાંધન છે.

દેશલપરનાં ભાગેરા દેવચંદ કુવરજી બીન ઓલાદ ગુજરી ગયેલ છે તેનો સ્વતંત્ર વારશ હું છું મજકુર રંભાબાઇ વારશજ નથી અને મજકુર રંભાબાઇનો પાછડ ઉતરાદીક કારીક પણ વારશ કું છું

છતાં મજકુર રંભાબાઈ સ્થાવર જંગમ મીલકત વેંચવા, બરબાદ કરવા કોઇકની ઉશ્કરણીથી તેની હીલ ચાલ કરી મને નુકશાન કરવા પ્રયત્ન કરવાની તજવીજમાં છે વલી મારા શાંભળવા પ્રમાણે મજકુર રંભાબાઇ વીલ કરવા પણ તજવીજમાં છે.

રંભાબાઈ તથા જાહેર જનતાને ને જાણ કરવાનું કે મજકુર રંભાબાઈ ને વીલ કરવા કે લેણા લેખાં લેવા કે ઠામો વેંચાણ કરવા તેમજ વધારા લેવા અને ઠામોની ઉથલપાથલ કરવા બીલકુલ અધીકાર નથી એમ જાણી કોઈ તેમને લેણુ ન આપવા ઠામો ન છોડાવવાં અને વધારો ન આપવા તેમજ ઠામોની કશી ઉથલ પાથલ તેમનાથી ન કરવા અને મારી પાસે આવી કરવા જનતાને સુચના આપું છું તે વિરૂધ્ધ કોઈ વર્તન કરશે

તો તેના અગ પર કેઠમો જવાબદાર નથી

મીતી ચૈત્ર સુદ પુર્ણીમાર શાં ૨૦૦૨.

ભામેરા શાહ લીમજી વી રૌ દા પોતાના.

ખાનગી જાહેર ખબર

કચ્છ મુંદરા તાલુકા ના ગામ નવીનાળ ના શા હંશરાજ વેલજી તથા લાગતા વળગતા સર્વ લોકોને જાણ થાય કે શા હંશરાજ વેલજી આજ લગભગ ૮ આઠ વર્ષ થયાં કચ્છ છોડી ગયા છે જેનો હાલ સુધી માં કાંઈ પણ પતો મળતો નથી જેથી જાહેર કરવાનુ કે તમે એટલે શા હંશરાજ વેલજી જ્યા હો ત્યાંથી તમે અહીં કચ્છ નવીનાળ માં આવી જાશો કારણ કે અહી તમારા કાંઈ પણ ખબર પત્ર ન હોતાં ચિંતા થાય છે તેમ તમારી મીલ્કતને પણ નુકશાન થાય છે લાગત વળગતા સર્વ લોકોને પણ ખબર આપુ છુ કે શા હંશરજ વેલજીની કોઇને કાંઇ પણ ખબર ગમતર હોય અગર તે હયાત છે કે કમ અને છે તો ક્યાં છે તે બાબતની અને નીચેના સરનામે જાણ કરવી એવી આથી વિનતી કરૂં છુ.

ઠેકાણુ —
શા ખીમજી દેવજી
કચ્છ કપાયા
મુંદરા તાલુકો.

મીતી શાં ૨૦૦૨ના ચૈત્ર સુદ ૬ રવીવાર.
લી:
શા હંશરાજ વેલ ના
સગા ભાણેજ
" ખીમજી દેવજીની સહી
દ: પોતાના

ખાનગી જાહેર ખબર

હુ માયના જાડેજા દેવુભા ભાવશંગજી આથી સર્વે લોકોને ખબર આપું છું કે માયના જાડેજા બાવાજી (કરસનજી) પાપલા મારા નાનકા ના કુટુંબ ના થાય તેમ પુત્ર સંતતી ન હોતેની પાછળ તેની વિધવા બા બા પામબા છે હું તેના ઉત્તરાધિકારી વારસ છું સઘરહુ પામબા પાસે-તેમના ધણીની વડીલો પાર્જીત ધણી સ્થાવર અને જંગમ મિલ્કત છે ચાર શાંતી અશરે જમીન ખેતરો અને એક બે કાસી વાડી છે રહેણાકની જીગ્યા છે પુષ્કળ જંગમ મિલ્કત છે વિધવાને હયાતી લગી પેદાશ ખાવાનો હક્ક હોય પામબાને સારી પેદાશ આવે છે તેને કાંઇ પણ સ્થાવર મિલ્કત વહેંચવાસ્ટવા કે વ્યવસ્થા કરવા કાયદેસર અધિકાર નથી છતાં સ્વાર્થી માણસે તેણી પહેલે ચડી સ્થાવર મિલ્કતની વ્યવસ્થા કરવા અને તેમ કરી મારા ભવિષ્યના ઉત્તરાધિકારી તરીકેના વારસા હકકને નુકસાન કરવા હિલચાલ કરે છે તે કરવા પામબાને હકક કે અધિકાર નથી તેથી હું જાહેર જનત ખબર આપું છુ કે પામબાને સ્થાવર મિલ્કત પર કોઇએ કર્જ આપવું નહિ અને તેની પાસેથી કાંઇ પણ સ્થાવર મિલ્કત લેવી નહી છતાં કોઈ તે વિરૂધ્ધ વર્તન કરશે તો તે માટે પામબાના ધણીની કાંઇ પણ સ્થાવર મિલ્કત જવાબદાર થાશે નહીં અને વ્યવસ્થા નિર્થક ગણાશે.

મિતી સ. ૨૦૦૨ ચૈત્ર સુદ ૧૧ શુકરવાર

જાડેજા દેવુભા ભાવશંગજીની સહી

દ: પોતાના.

ખાનગી જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના ભાટીયા ચત્રભુજ દયાળજી વીધવા જમનાબાઇએ પોતાની ડેલીબંધ જગ્યા ખત્રીવાડામાં ઉત્તરદી ફુવાડવલી વરસ ૬૯ ની બંધીથી અમારા અસીલ બ્રહ્મક્ષત્રી પ્રાગજી કરશનદાસને વેચાણ આપવાનો સોદો કર્યો છે.

સદરહુ જગ્યામાં ચાર જગ્યાઓ તથા બે ડેલા છે આ જગ્યા પર કોઇનુ કાંઇ લેણું લેવું કે દર દાવો કે કોઈ પણ જાતનો વર વાંધો કે હક હોય તેમણે આ જાહેર ખબર છપાયાથી ૧૫ દાવસની અંદર પોતાના આધારો અમારી ઓફીસે આવી બતાવી જવા તથા પોતાને હક કે લેણું હોય તે પૂરવાર કરી આપવુ.

મુદત દરમ્યાન તેમ નહિ કરવામાં આવે તો રીતસરના કોર્ટ દસ્તાવેજ રજીષ્ટર કરાવી લેવામાં આવશે અને કોઇ પણ જાતના વાંધા માટે અમારા અસીલ જવાબદાર થશે નહિ.

૨૦૦૨ ના ચૈત્ર શુદ ૧૩ રવિ.

લી. રૂપશંકર ગણપતરામ મહેતા.

બ્રહ્મક્ષત્રી પ્રાગજી કરશનદાસના વકીલ.

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ માંડવીના પુષ્કર્ણી હેમરાજ લધાની વિધવા બાઇ રામાબાઇની સુચનાથી સર્વેને જાણ કરવામાં આવે છે કે માંડવી મધ્યે મચ્છી પીઠમાં અમારા અસીલણની કબજા માલેકીની જગ્યાઓ તથા જગ્યાઓના પટ આવેલ છે તેના અમુક દસ્તાવેજ છેલ્લા પ્લેગના વખતમાં ગુમ થઇ ગયેલ છે તે દસ્તાવેજો કોઇને હાથ ચડેલ હોય તો તેણે અમારી અસીલણને સોપી આપવા અને તે દસ્તાવેજ સબંધી કોઇ પણ ત્રાહીત શખ્સથી કોઇએ કોઇ પણ જાતનો વહેવાર કરેલ હશે અગર કરશે તો તે રદ બાતલ છે અને તે અમારી અસીલણની મિલકતને કોઇ પણ રીતે બંધન કર્તા થશે નહિ.

શાં. ૨૦૦૨ ચૈત્ર વીદ ૬ સોમે.

કંસારા બજાર કચ્છ-માંડવી } હીરાલાલ મણીલાલ મહેતા એડવોકેટ જેથી હેમરાજ લધાની વીધવા રામાબાઇના વકીલ.

ખાનગી જાહેર ખબર

મારા અસીલ નાગલપુરના શા માણેક લધના વિધવા લાધી બાઇ તરફથી મળેલ સુચનાની રૂએ આથી સર્વ પ્રજાને જાણ કરવાની કે મારા અસીલણના જેઠ નાગલપરના શા વીજપાર લધા પર મારી અસીલણનાં નીમનોક વગેરેનો બોજો છે. મારા અસીલના પતિ આશરે પચીશ વર્ષથી ગુજરી ગયા છે ત્યારથી તેમણે તેણીનું ભરણ પોષણ કરેલ નથી અને તેણીના દર દાગીના કપડા વિગેરે પણ રાખી મુકેલ છે કે થી તે ચડેલ નીમનોક તથા હવે પછીની નીમનોક વગેરે માટે તેઓ જવાબદાર છે. તેમજ મજકુર વીજપાર લધા પાશે ગામ નાગલપરમાં કબુતર ખાના વળી સેરીમાં આવેલી જગ્યા તથા કે રાચ રાચીલું તથા રોકડ વગેરે છે તેમાં મારી અસીલણનો કાયદેશર હક છે તેમજ તેણીના રોટલા માટે સદરહુ મીલકત જવાબદાર છે અને જગ્યા વડીલોના વારની હોય તેમાં રહેવાનો તેણીનો હક છે તથા રોટલાનો તે મીલકત પર બોજો છે મારૂ શદરહુ જગ્યા કે બીજી જે મીલકત શદરહુ વીજપાર લધા પાશે છે તે પર કોઇ કાંઇ વ્યવહાર કરશે કે પૈસા લેશે કે વેચાણ રાખશે તો તે મારી અસીલણના હક ને બંધન રૂપ થશે નહી અને ઉલટુ મારી અસીલણના કાયદેશર ના હક તથા નીમનોક વગેરેના બોજા માટે તે ધનીક જવાબદાર રહેશે તેની નોંધ લેવી.

ચૈત્ર વીદ ૬ સોમે શા. ૨૦૦૨.

કચ્છ માંડવી તા ૨૨-૪-૪૬ } વકીલ સુબોધચંદ્ર અમૃતલાલ એડવોકેટ.

શા માણેક લધાની વિધવા લાધીબાઇ ની શાઇ દઃ પોતાના.

ખાનગી જાહેર ખબર

જત હું નીચે સહી કરનાર ફોટડીના કણબી રતના મુળજી આથી સર્વ લોકોને જાણ કરૂં છું કે મારી મા કણબી મુળજી સામજીની વિધવા પુરબાઇ અમારી ફોટડી મધ્યે આવેલ જગ્યા તથા વાડી રાતીતળાવવાળી વેચસાટ કરવાની તથા તે પર પૈસા ઉપાડવાની તજવીજમાં છે. પરંતુ આવી રીતે તે પર પૈસા ઉપાડવા કે વેંચસાટ કરવા અમારી મા પુરબાઇ તેનીને કોઇપણ જાતનો હક કે અધીકાર નથી તેમ છતા કોઇપણ શખ્સ આ જગ્યા કે વાડીસર પૈસાની કોઇપણ જાતની લેતી દેતી કરશે તો તે પોતાને હિસાબે ને જોખમે કરશે અને તે મને બંધન કર્તા થશે નહિ.

મીતી ચૈત્ર વીદ ૬ ગુરૂવાર શાં. ૨૦૦૨

કણબી રતના મુરજીની સાઃ દાઃ પોતાના

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યુ.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 73] FRIDAY 17th MAY 1946 [No 22]

[પુ. ૭૩] વૈશાખ વદિ ૨ શુક્રવાર સંવત ૨૦૦૨ તા. ૧૭મી મે સને ૧૯૪૬. [અંક ૨૨]

ચાદી..... રે. જા. નાં. ૪૬૭૭.

હાલે કેટલાક બીન અગત્યના કાગળો આ ઓફીસે હુકમ થવા માટે આવે છે તે બાબત નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૧ કોઈ પણ બજેટેડ ગ્રાન્ટ પેટે ખર્ચ પાડવાના અધીકાર પરત્વે તૈયાર થએલા બીલ પૈકી અમુક ભાગ મંજુર થઇ સ્ટોકીસ્ટના વાંધાના કારણે બાકીનો કાપી નાંખવામાં આવે છે તે કારણે અથવા બીજા કોઇ કારણસર સપ્લીમેન્ટરી બીલ બનાવતી વખતે તે બીલ બનાવવા માટે આ ઓફીશની મંજુરી માંગવામાં આવે છે આવી મંજુરીની કંઇ જરૂર નથી તેનાથી કામમાં કેવળ વધારો થાય છે કારણ બીલ તો એકાઉન્ટ ઓફીશમાં ઓડીટ થવાનું છેજ તેથી આયંદે સપ્લીમેન્ટરી બીલો રા. રા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફ પરબારે મોકલવાં એટલે ત્યાં તપાસી મંજુર કરવામાં આવશે.

૨ કારકુનો તથા મીનીયલ સ્ટાફના રાજીનામાં મંજુર થવા આવે છે તેને બદલે કોઇ ૧૦૦ સુધીનાં પગારદાર કારકુન તથા મીનીયલ સ્ટાફનાં માણસોનાં રાજીનામાં જે તે ખાતાના ઉપરીએ રાજીનામું જેણે તેણે સંતોષથી આપ્યાની ખાત્રી કરી મંજુર કરવા.

૩ બક્ષી ખાતા પૈકી શ્રી હજુર પેઢાના માણસોના રાજીનામાં શ્રી હજુરમાં જાહેર થઇ અમારા તરફ મંજુરી માટે આવે છે જે અર્થે રાજીનામાં શ્રી હજુર જાહેર થાય છે તે અર્થે માત્ર મંજુરી માટે અહી મોકલવાને બદલે રા. રા. ખાનગી ખાતાનાં ઉપરીએ તે મંજુર કરવાં. તે સિવાયનાં બક્ષી ખાતાનાં માણસોનાં રાજીનામાં ઉપરનાં ધોરણે રા. રા. રેવીન્યુ કમીશનર સાહેબ મંજુર કરી શકશે.

મીતી ફાગણ વીદ ૩૦ સોમવાર શા. ૨૦૦૨.

રેવીન્યુ બ્રેન્ચ S. K. Nayampalli

તા:. ૨-૪-૪૬. દીવાન-કચ્છ

રે. જા. નાં. ૫૦૩૮. ચાદી.

દરબારી નોકરોને છેલો પગાર આપવા વખતે તેમના હસ્તે લેણું છે કે કેમ તેમજ દરબારી સ્ટોર વીગેરેનો માલ તેમને ખાતે ખેંચાય છે કે શી રીતે તેની ખાત્રી કરી પછી છેલો પગાર જેનો તેને આપવાનું ધોરણ છે તે પ્રમાણે દરેક ખાતાંના અધીકારીએ ખાત્રી કરી પછી છેલો પગાર અપાવવાનું કરવું.

મીતી-ચૈત્ર વદ ૩ શુક્રવાર શાં. ૨૦૦૨.

રેવન્યુ બ્રેન્ચ, તા: ૧૯-૪-૪૬ S. K. Nayampalli દીવાન કચ્છ.

જયુ. જા. નો. ૫૬૭૪. ઠરાવ.

કેળવણી ખાતાંના નાં. ૧૬૬. તા:. ૨૮-૨-૪૬. થી. નાં. ૨૨૦ ચૈત્ર સુદ ૭ શાં. ૧૦૦૨ વાળાથી થઇ આવેલ ભલામણ ધ્યાનમાં લઈ શ્રી કચ્છ રાજ્યનાં કેળવણી ખાતા તરફથી નકકી થએલ ધારા ધોરણ પ્રમાણે સ્કુલો ચલાવવાની શરતે " શ્રી કચ્છ લોહાણા કેળવણી ખાતું ભુજ -કચ્છ " ને માન્ય રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

મીતી- ચૈત્ર વદ ૮ બુધવાર શાં. ૨૦૦૨.

તા: ૨૪-૪-૪૬.

S. K. Nayampalli
દીવાન કચ્છ

No. 1198 of 1946. NOTIFICATION.

In exercise of the powers conferred by sub-rule (2) of rule 81 of the Defence of India Rules, as applied to Kutch, the Kutch Government is pleased to direct that the following further amendment shall be made in the Motor Vehicle Spare Parts Control Order, 1945, and to direct with reference to sub-rule (1) of rule 119 of the said Rules, that notice of this Order shall be given by publication of the same in the Official Gazette of the Government of Kutch

After sub-clause (1) of clause 18 of the said Order the followig shall be inserted, namely:-

"Explanation"—"Particulars and price of the spare parts" shall for the purpose of this sub-clause be deemed to be the part number, description, make of vehicle and year model application, name ot manufacturer, and price charged in respect of the part transferred."

Dewan's Office,
Bhuj, 30th April, 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch.

ડી. સી. એસ. નાં. ૧૫૮૧ નોટીફીકેશન

ડી. સી. એસ. નાં. ૧૧૩૧ તા. ૨૭-૩-૪૬ વાળા નોટીફીકેશનથી કેરોસીનના ચાર ઇમ્પીરીયલ ગેલનના ડબાનો ભાવ ડબા સહીત-રૂા. ૫-૧૦-૦ મુકરર કરવામાં આવ્યો હતો તે રદ કરી તા. ૧લી મે ૧૯૪૬થી તેવા ડબાનો ભાવ રૂા. ૫-૭-૦ આથી ઠરાવવામાં આવે છે.

તા. ૩૦-૪-૪૬

S. K. Nayampalli,
દિવાન કચ્છ.

ઠરાવ

ડી. સી. એસ. નાં. ૧૫૮૨.

ડી. સી. એસ. નાં. ૬૯૮ તા. ૧-૨-૧૯૪૬ વાળા ઠરાવથી કેરોસીનના છુટક વેંચાણનો ભાવ કચ્છી શેર ૧ એકના દોકડા ૧૦ દસ ઠરાવવામાં આવ્યો હતો તે રદ કરી બીજો હુકમ થતાં સુધી કેરોસીનના છુટક વેંચાણનો ભાવ કચ્છી શેર ૧ એકના દોકડા ૯ નવ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ભુજ તા. ૩૦-૪-૪૬.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ,

ઠરાવ

હ. એ. નાં. ૫૬૫૯.

અંજાર ડીવીઝનના પોલીસ ઇન્સ્પેક્ટર રા. અમરસીંહ જે. ઠાકોરે પોતાની નાદુરસ્ત તબીયતને કારણે આપેલ રાજીનામું મંજુર કરવા બુદ્ધાવીંદ મહારાઓ શ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

વૈશાખ સુદ ૧ ગુરૂવાર શાં. ૨૦૦૨.

તા: ૨-૫-૪૬.

S. K Nayampalli.
દીવાન કચ્છ.

જાહેરાત

નં. ૬૮૬ ૧૯૪૬.

નામદાર વાઇસરોય "વોર પરપસીસ ફંડ" તા. ૩૧મી માર્ચથી બંધ કરવામાં આવ્યું છે. એમ રેસીડન્સીયાંથી એકસપ્રેસ કાગળ નં. ડી / ૩૪-૧ તા. ૨૭મી એપ્રીલથી લખાઇ આવેલ છે.

આથી સરવે લાગતાવળગતાઓને જાણ કરવામાં આવેછે કે સદરહુ ફંડ અનવયે કચ્છમાં ચાલતી સર્વ પ્રવૃતીઓ પણ બંધ કરવામાં આવે છે.

દીવાન ઓફીસ
તા. ૪--૫--૪૬.

S. K. Nayampalli,
દિવાન કચ્છ.

નોટીફીકેશન. એફ. નાં. ૨૪૪

જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે નગરસભાનું જન્મ થયાનું પ્રમાણ પત્ર રજુ કરી ખાંડ અને ગોળની પરમીટમાં વધારો કરવાની ઘણી અરજો થાય છે અને તે પ્રમાણે પરમીટમાં વધારો કરી આપવામાં આવે છે પરંતુ મરણના ખબર આપી રેશન કાર્ડમાંથી નામ કમી કરાવવા કોઇ આવતા નથી તેજ પ્રમાણે બહારથી કોઇ આવે છે કે તરતજ પરમીટમાં આવનારનો વધારો કરવા માટેની અરજો થાય છે પરંતુ બહાર ગામ જનારના ખબર આપી રેશન કાર્ડમાંથી કમી કરાવવા કોઇ આવતા નથી.

એવાં સંયોગોમાં ખાસ સુચના આપવામાં આવે છે કે જે જે શહેરોમાં મરણનો દાખલો હોસ્પીટલેથી લેવામાં આવતો હોય ત્યારે આવો દાખલો લેતી વખતે ઘરના મુખ્ય માણસનું નામ તથા રહેવાનું સરનામું લખાવવું અને ફુડ ખાતાંમાં મરણની ખબર આપી રેશન કાર્ડમાં સુધારો કરાવવો.

તેજ પ્રમાણે જ્યારે કોઈ બહાર ગામ જાય ત્યારે તેવી ખબર આપી પરમીટમાં સુધારો કરાવવો.

મરણના કારણો તથા ગેરહાજરીના કારણોએ રેશન કમી નહી કરાવતા રેશન લેવું એ ગુન્હો ગણવામાં આવશે અને તે પ્રમાણે જે કોઇ રેશન લેશે અને આ નોટીફીકેશનનો ભંગ કરશે તે કારી ૧૦૦૦ એક હજાર સુધીના દંડને પાત્ર થશે અને તેની પરમીટ રદ થવાને પાત્ર થશે.

આ નોટીફીકેશનનો અમલ કરવાનો અને તેનો ભંગ સારૂં સજા કરવાનો અધિકાર રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝને આપવામાં આવે છે તેમના ઠરાવ ઉપર એક માસ અંદર મે. રા. રા. દિવાનજી સાહેબ સમક્ષ અપીલ થઇ શકશે.

મીતિ. ચૈતર સુદ ૬ શુક્રવાર. સં. ૨૦૦૨ તા. ૫--૫--૪૬.

S. K Nayampalli,
દીવાન--કચ્છ.

રે. જા. નાં. ૫૩૩૭

નોટીફીકેશન.

બ્રીટીશ હીન્દમાં નહીં ચલણમાં હોય તેવા ચાંદીના સીકા સરહદેથી અથવા બંદરેથી નીકાશ અંગે રે. જા. નાં. ૨૯૮૮ ભાદરવા શુદ ૩ સં. ૧૯૮૮ વાલા ઠરાવથી મનાઇ ફરમાવવામાં આવેલ છે.

સદર ફરમાનમાં બ્રીટીશ હીન્દમાં ચલણમાં નહીં તેવા ચાંદીના સીકા એમ લખવામાં આવેલ છે. તેનો અર્થ સ્પષ્ટ છે તેમ છતાં વીશેષ સ્પસ્ટીકરણ કરવામાં આવે છે કે તેમાં બ્રીટીશ હીન્દમાં ચલણમાં નહીં તેવા બ્રીટીશ હીન્દના ચાંદીના સીકા ઉપરાંત બ્રીટીશ હીન્દમાં ચલણમાં નહી થાય તેવા બીજા કોઈ પર-રાજ્યના ચાંદીના સીકા તથા આ દેશના ચાંદીના સીકા જેવા કે પાંચીયા, અઢીયા, કોરી તથા આધીયા વીગેરા ચાંદીના સીકાનો સમાવેશ થાય છે એટલે ઉપર મુજબના ચાંદીના સીકાની નિકાશ ઉપર પ્રતીબંધ છે એમ સમજવું.

મીતી. વૈશાક શુદ ૬ સોમવાર સાં. ૨૦૦૨

રેવીન્યુ બ્રેન્ચ,
તા. ૬--૫--૪૬.

S. K. Nayampalli,
દીવાન -- કચ્છ.

ચાદી.

રે. જા. નાં ૫૩૩૩

સોનું, ચાંદી, ઉન, એરંડા અને કપાસ કચ્છ બહાર નિકાશ થવાના પ્રસંગે રે. જા. નાં. ૩૧૨૪ તા. ૧૩-૧૨-૪૫ વાલાથી બીજો હુકમ થતાં લગી સોનું, ચાંદી તથા ઉન નિકાશ થવાના પ્રસંગે વેચાણ કીમતના સો ટકા અને એરંડા તથા કપાસ નિકાશ થવાના પ્રસંગે વેચાણ કીંમતના પચાશ ટકા રૂપીયા શ્રી ગ્રેન પરચેઝ ખાતામાં જમા કરાવવા ફરમાન થયેલ તે ઠરાવ હાલ બીજો હુકમ થતાં લગી વૈશાક શુદ ૮ બુધવાર સાં. ૨૦૦૨ તા. ૮-૫-૪૬ થી મોકુફ કરવામાં આવે છે એટલે સોનું, ચાંદી ઉન, એરંડા તથા કપાશ નિકાશ થવાના પ્રસંગે શ્રી ગ્રેન પરચેઝ ખાતામાં કોરી બદલ રૂપીયાની કંઇ રકમ જમા કરાવવાની રહેશે નહીં

વૈશાક શુદ ૮ બુધવાર સાં. ૨૦૦૨ તા. ૮-૫-૪૬.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

716

શ્રી ભુજ નગર સભા.

જાહેર ખબર.

આથી ચા, દૂધ, કોફી, કોકા ઠંડાપીણાં, ઘી, રસકસ. મિઠાઇ. ફડસાણ, પાનબીડી. પીપરમેન્ટ વિગેરે ખાવાપીવાની તમામ વહેંચનારાને આથી ખબર આપવામાં આવે છે કે.– ખુદાવિંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી મંજુર થયેલ નગરસભાના બાયલ્સ મુજબ ઉપર જણાવેલ તમામ દુકાનદારો તથા ફેરીઆઓએ પોતાનો ધંધો ચલાવવા સંવત ૨૦૦૨ માટે જે લાયસન્સો અહીંથી મેળવેલ છે તેની મુદત ૨૦૦૩ના અશાડ સુદ ૨ની પુરી થાય છે માટે સદરહુ ધંધાદારીઓએ તથા લોકો ઉપર મુજબ નવેશર ધંધો કરવા માગતા હોય તેઓએ પોતાનો ધંધો ચલાવવા અહીંથી પરવાનો લેવાનો છે.

આ પરવાનો મોડામાં મોડો સાં. ૨૦૦૨ના જેઠ આખર સુધીમાં લઈ લેવો.

સા. ૨૦૦૩ના અશાડ સુદ ૨ પછી કોઇએ પણ પરવાનો મેળવ્યા વગર પોતાનો ધંધો ચલાવવો નહી અને જો તેમ કરતાં માલમ પડશે તો તેના પર કાયદેસર કરવામાં આવશે.

વૈસાખ સુદ ૧૦ શુક્રે સા-૨૦૦૨.

વેલજી લધુભાઇ,
પ્રેસીડેન્ટ
નગર સભા — ભુજ.

શ્રી ભુજ નગર સભા.

જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે, ભુજ શહેરમાં રસ્તા પરના દરવાજા વાળી દુકાન, પેઢી, ઓફીસ, વખાર, ગોડામ, દવાખાના વિગેર ધંધાદારી જગ્યાઓનો ગીગંધો સાં. ૨૦૦૧ની સાલથી નીચેના ધોરણે વસુલ લેવા મે. રા. રા. દીવાનજી સાહેબના જયુ. જા. ના. ૫૬૬૯ તા. ૨૯–૪–૪૬ વાળા મુજબ મંજુર થએલ છે.

આ ગીગંધો વાર્ષિક ભાડાની રકમ પર સેંકડે ૧ એક ટકા લેખે લેવો પરંતુ જો ભાડું ઓછું હોય તોપણ થોડામાં થોડો વાર્ષિક કોરી ૪) અંકે ચાર લેખે લેવો અને જો ધણી પોતે બેસતો હોય તો આજુબાજુની દુકાનોના ભાડાના કપાસની નજરે તેનું ભાડું નક્કી કરવું.

ઉપર પ્રમાણે ધોરણ નક્કી થએલ હોતાં દરેક લાગતા વળગતા વ્યકિતએ આ ગીગંધાની લાગત વેળાસર ભરી આપવી જો કોઇ પણ વ્યકિત આ કાયદાનું ઊલ્લંઘન કરશે તો તેના પર બાયલ્સ મુજબ કાયદેસર પગલાં લેવામાં આવશે.

વૈસાખ સુદ ૧૪ ભોમે સાં. ૨૦૦૨.

વેલજી લધુભાઇ,
પ્રેસીડેન્ટ
નગર સભા — ભુજ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ

કલમ ૨૨ મુજબ.

શ્રી ભુજ અદાલત.

વોરા અબ્દુલ હુશેન અલીભાઇ વી ભુજ શા છગનલાલ અનોપચંદની ધરવાલો ઈદ્રાબાઈ શંગજી ભુજ	વાદી પ્રતિવાદી

હાટ વટાંતર છોડાવવા દાવો

ભુજ મધ્યે વોરાની જમાતના સભ્યોને આથી ખબર આપવામાં આવે છે કે નીચે લખ્યા શખ્શોએ ભુજની વોરાની જમાતના વહીવટ કરનાર તરીકે દાવો નોધાવેલ છે જમાતનાં સભ્યોનો આમાં હીત સબંધ હોતાં જેને પક્ષેકારમાં દાખલ થવું હોય તેને કલમ ૨૨ મુજબ શા ૨૦૦૨નાં વૈશાખ વીદ ૦)) ગુરૂ વારનાં રોજે હાજર થઇ અરજ કરેથી પક્ષકારમાં દાખલ કરવામાં આવશે.

ચૈત્ર વીદ ૮ બુધે શાં. ૨૦૦૨

B. D. Rana.
ભુજ ન્યાયાધીશ,

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ શવાઇ બહાદુર જી. બી. ઇ.

નો. નાં. ૧૫૯

શ્રી માંડવી દિવાની કોર્ટ તરફથી

શા. લાલજી નર	રે. બીદડા	વાદી
સા. તેજસી માલસી	રે. ગઢ	પ્રતીવાદી

દાવો લેણા બાબત.

ગઢવાલા શા તેજસી માલસીને માલમ થાય જે આ વાદીનું કોરી ૧૮૭૨નું તમારાપર મુર્કદમાં ખર્ચ શહીતનું હુકમનામું થયું છે. તે હુકમ પ્રમાણે વાદીએ દરખાસ્ત આપી છે માટે આ નોટીસ પહોંચેથી રોજ ૧૫ પંદરની અંદર તામીલ કરજો નહિતર કાયદેસર થશે.

શા. ૨૦૦૨ ના વૈશાક સુદ ૩ શનીવાર.

પ્રાણજીવન પરશોતમ,
મે. માંડવી ન્યાયાધીશ સાહેબના હુ. થી

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

નં. ૮૪૯

શ્રી રાપર દીવાની કોર્ટમાં નંબર ૨૮૪૯
ખા. દી. કામ નાં ૨૨૬/૨૦૦૨

ખડોલ ન્યાલ જાદવજી વી. ફતેગઢ	વાદી
કુંભાર રામજી રતના વી. સીંધ	પ્રતવાદી

દાવો કોરી ૨૭૭૨ મળવાનો

સીંધ હૈદ્રાબાદના નીચે લખ્યા શક્ષોને માલુમ થાય જે આ વાદીએ તમારા ઉપર કોરી ૨૭૭૨ મળવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શં. ૨૦૦૨ના જેઠ સુદ ૧૫ ગુરૂવારના રોજે હાજર

ગાજો નહિતર મુદત વીતે કાયદેસર થાસે.

ચૈત્ર વીદ ૧૪ મંગળવાર સાં ૨૦૦૨

૧ કુંભાર રામજી રતના } શા. પ્રભુરામ જેઠાભાઈ,
૨ કુંભાર નાનજી રતના } રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દીવાની કોર્ટમાં નંબર ૨૮૪૮

સાં. દી. કોર્ટ નાં. ૩૪૩/૨૦૦૨

નં. ૮૪૮

ઠકર કુંવરજી શીવજી ઉમેશા વાદી
ગડહીયા વીરા અમરા વી શોનલવા પ્રતિવાદી

દાવો કોરી ૨૭૬૫ ના મળવાનો

શોનલવાના ગડહીઆ વીરા અમરાને માલુમ થાય કે આ વાદીએ તમારા ઉપર દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો કોર્ટમાં સાં ૨૦૦૨ના જેઠ વીદ ૮ શુક્રવારના રોજે હાજર થાજો નહીતર મુદત વીતે કાયદેસર થાસે.

સાં ૨૦૦૨ના ચૈત્ર વીદ ૦)) બુધવાર

મુલચંદ ઊકા મહેતા,
મે. રાપર ન્યાયાધીસ. ના હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દી. કોર્ટ નાં ૧૦૮૨

ઠા. ગોપાલજી માનસંગ રાપર વાદી
ઓરીયા પોપટ મોમાયા હાલે મુંબઈ પ્રતિવાદી

દાવો

લેણા બાબત

મુંબઇના ઓરીયા પોપટ મોમાયાને માલમ થાય જે આ વાદીએ તમારા પર સાં ૨૦૦૧ જેઠ વીદ ૩ ની મીતીના હુકમનામા મુજબ કોરી ૫૦૩ની તામીલ દરખાસ્ત રજુ કરી છે માટે આ નોટીશ પોચેથી રોજ ૧૫ની અંદર વાદીના લેણાની તામીલ કરી પોચ રજુ કરશો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

સાં ૨૦૦૨ના વૈશાખ સુદ ૧ ગુરૂવાર

મુલચંદ ઊકા મહેતા,
મે. રાપર ન્યાયાધીશ ના હુ. થી

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દી. કોર્ટ નાં ૧૦૮૩

ખડોલ દયાલ જાદવજી ફતેગઢ વાદી
કુંભાર સાજણ હાસમ વી. એજ પ્રતિવાદી

દાવો

લેણા બાબત

સીંધ હૈદ્રાબાદ મધ્યે કુંભાર પઠાઇ હાસમને માલમ થાય જે આ વાદીએ તમારા પર સાં. ૧૯૫૬ના પોસ વીદ ૧ ની મીતીના હુકમનામા મુજબ કોરી ૪૨૮ મળવા તામીલ દરખાસ્ત રજુ કરે છે માટે આ નોટીશ પોચેથી રોજ ૧૫ની અંદર વાદીના લેણાની તામીલ કરી પોચ રજુ કરશો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

સાં. ૨૦૦૨ના વૈશાખ સુદર શુક્ર.

મુલચંદ ઊકા મહેતા,
મે. રાપર ન્યાયાધીશના હુ. થી.

જાહેર ખબર

હ. જા. નાં ૧૦૦૫

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના ઠકર હરીરામ ખબજીએ શા. ૨૦૦૨ના ચૈત્ર સુદ ૧૩ રવીના રોજ લખેલ દસ્તાવેજથી અંજારના ભાટીયા ઠા મોરખનદાસ તથા ગોકલદાસ દયાલ પાસેથી સહેર અંજાર મધ્યે હાટ ૧ એક કસ્ટમ હાઉસથી શ્રી માધવરાયજીના મંદિર તરફ જાતાં રાજ માર્ગ ઉપરે દખણાદી લાઇન વાલું કોરી ૬૦૦૧) છ હજાર એકમાં આડેઆંકે વધારા પર અઘાટ હમીરાવાર વેચાણ લેતાં તેનો છાપો થયા દસ્તાવેજ રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનું કોઈ જાતનું લેણું લેખું અગર હક કે હીસો હોય તો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર હાજર થઇ જાહેર કરવું નહીતર મુદત વીત્યે છાપો થવા વીસે પતીત થસે.

ચૈત્ર વીદ ૭ ભોમે સં. ૨૦૦૨

લક્ષ્મીદાસ ગોકલદાસ
અંજાર વહીવટદાર.

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની મ્હાલી અગર તા મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

લી. હું નીચે સઇ કરનાર કુંદરોડીના શા. લાલજી કરમસી જત આથી સર્વે લાગતા વળગતા તથા જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે — ગામ કુંદરોડીના જોશી પ્રભાશંકર જેરામ પાસેથી તેની જગ્યા ૧ કોરી ૩૨૦૦) માં સાં. ૧૯૯૩ ની શાલે મેં વેચાણ લીધેલ છે. ત્યારથી સદરહુ જગ્યાનો કબજો ભોગવટો મારો છે ત્યાર પછી શા. ૧૯૯૫ની શાલે જોશી નરભેરામ કુંવરજીએ શ્રી મુંદરા કોર્ટમાં મારા ઉપર તથા જોશી મેગજી જીવરામ ઉપર સદરહુ જગ્યા

નો કબજો મળવા દાવો કરેલ તે કામે શ્રી મુંદરા કોર્ટે સદરહુ જગ્યામાં અમારા મતાંદાર પ્રભાશંકર જેરામનો ½ ભાગ હોવા ઠરાવ્યું તે ઉપર એ નામદાર શ્રેષ્ઠ કોર્ટ (હાલે ડીસ્ટ્રીક કોર્ટ) માં અપીલ કરેલી તે અપીલ કામે શ્રી મુંદરા કોર્ટ નો ઠરાવ રદ થઇ પુરાવો લઇ ફરીથી નીકાલ આપવા સદરહુ કેશ શ્રી મુંદરા કોર્ટમાં પાછો મોકલાવવામાં આવેલ છે ત્યાર પછી સદરહુ કેશ આગળ ચલાવવા વાદી નરભેરામ કુંવરજી આજ દિવસ સુધી હાજર થયો નથી તેમ સદર હુકામ આગળ ચલાવવા અમારા તરફથી અરજ કરવામાં આવેલી તે છતાં વાદી તરફથી કોઇ હાજર થયું નથી તેમ પ્રતિવાદી નં. ૩ મેગજી જીવરામ પણ હાજર થયો નથી એટલે સદરહુ જગ્યામાં તેઓનો કાંઈ હક નથી એ સ્પષ્ટ છે. તેથી આથી હું સર્વ લોકોને જાણ કરૂં છું કે સદરહુ જેશી નરભેરામ કુંવરજી તથા મેગજી જીવરામનો જગ્યામાં કાંઇ પણ હક નથી અને સદરહુ જગ્યા જીર્ણ થઇ ગએલ હોતાં અને પડી ગએલ હોતાં દુરસ્ત કરાવવાની ખાસ જરૂર છે અને તે હું રીપેર કરાવવા માગું છું માટે આ બાબતમાં કોઇને કાંઇ જાહેર કરવું હોય અગર કંઈ વાંધો વૃષ્ટી દરદાવો હક હુજર ઇ લાખો હોય તો તેણે આ જાહેર ખબર પ્રસીધ્ધ થયાથી એક માસની અંદર અમારી પાસે લખીત આધારો બતાવી ખાત્રી કરી આપવી નહીતર સદરહુ જગ્યામાં કોઇનો કાંઈ પણ વાંધો દરદાવો હક હુજુર ઇ લાખો હિત સબંધ કાંઇ પણ નથી એમ ગણવામાં આવશે અને સદરહુ જગ્યા પડી ગયેલ હોવાથી ફરીથી નવેસરથી કરવામાં આવશે એમ પણ આથી જાણવું

શાં ૨૦૦૨ ના ચત્ર વીદ ૯ ગુરૂવાર.

શા. લાલજી કરમશીની શાઇ દા. પોતાના

ખાનગી જાહેર ખબર

લી. અમો નીચે સઇ કરનાર વકીલ રેવાશંકર હરીશંકર જત આથી સર્વેને તથા લાગતા વળગતાને જાહેર કરવામાં આવે છે કે અમારા અસીલ મુંદરાના શા. હાથીભાઈ ગલાલચંદ મુંદરાના શા. ગેલા લીલાધર પાસેથી તેની વરંડી વાલી જગ્યાને નામે ઓળખાતી જગ્યા નીચે લખી ચતુર દિશા વાલી શં. ૨૦૦૨ના મહા શુદ ૭ની મીતીના દસ્તાવેજ થી અઘાટ હમીરાવાર વેચાણ લીધેલ છે તેનો પાકો દસ્તાવેજ ગેલા લીલાધરે અમારા અસીલ મજકુર હાથીભાઇને લખી આપેલ છે અને તેમાં પોતે ચાલતી સાલના ચઈત્ર વીદ ૬ રવીવારના રોજ મતું કરી આપી શાખો કરાવી આપેલ છે જે દસ્તાવેજ હવે રજીસ્ટર કરાવવાનો છે જેથી આ વરંડી વાલી જગ્યામાં કોઈનો કાંઈ હક, હીસો, ઇલાખો, લેણુંલેખું કે લીયન, કે ભરણ પોસણનો બોજો કે બીજો કાંઇપણ બોજો હોય અગર કોઇનો કાંઇપણ સંબંધ હોય તો તેમણે આ જાહેર ખબર પ્રસીધ્ધ થયાની તારીખથી એક માસની અંદર મુંદરા મધે અમારી ઓફીસમાં જાહેર કરી ખાત્રી કરાવી જવી જો મુદતની અંદર તે પ્રમાણે કોઈના તરફથી કંઇ પણ હકીકત કે લેણું લેખું વાંધો વૃષ્ટી હક હીસો ઇલાખો વગેર જે કંઇ હોય તે જાહેર નહી થાય તો તે છોડી દેવામાં આવ્યા છે અને જગ્યા ઉપર કંઇપણ જાતનો બોજો કે કાંઇ નથી એમ ગણવામાં આવશે અને મજકુર ગેલા લીલાધર ને તેના અવેજના બાકીના પૈસા આપી દેવામાં આવશે અને દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેવામાં આવશે અને તે પછી કોઇનો કાંઇપણ વાંધો વૃષ્ટી કે કરાર ચાલશે નહીં એમ આથી જાણવું

જગ્યાની ચતુર દિશા

૧ ઉતરાદી તરફ સંગતી લક્ષ્મીચંદ વેલજી ની જગ્યા છે અને આ વરંડીનું બારણું છે જગ્યા સાથેનો કરો મજકુ છે.

૨ આથમણી તરફ શા. દેવરાજ લીલાધર ની જગ્યા છે.

૩ ઉગમણી તરફ ગઢની રાંગ છે તેમાં વરંડીનો દરવાજો છે.

૪ દખણાદી તરફ જુની પાંજરાપોળની જગ્યા છે તે વચ્ચે વીચેણી છે.

મીતી વૈશાખ સુદ ૧ ગુરૂવાર સં ૨૦૦૨

તા. ૨-૫-૪૬.

વકીલ રેવાશંકર હરીશંકર

શા. હાથીભાઇ ગલાલચંદના વકીલ.

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ મેમણ કાશમ આદમની સુચનાથી આથી સર્વ લાગતા વળગતા સાથે જાણ કરવામાં આવે છે કે અમારા અસીલની નીચે જણાવેલ ચતુર દીશા વાળી જગ્યા વહીલો પારજીત મીલકત છે. મજકુર જગ્યાની ચતુર દીશા નીચે મુજબ છે.

૧ આથમણી કોર અમારા ભાઇ હારૂન આદમની જગ્યા છે તેની પછીતનાં નેવાં મજકુર જગ્યાના આંગણાંમાં પડે છે

૨ ઉગમણી કોર તે જગ્યાની જોડાજોડ નરશી ખીમજી હસ્તેની જગ્યા છે તે જગ્યા જોડેનાં આંગણાંમાંથી મજકુર જગ્યાની ડેલી છે

૩ મજકુર જગ્યાની ઉતરદી બાજુ ડ. કુંવરજી હસ્તેની જગ્યા વચે ફળીઆમાં જવાનો રાજમારગ છે.

૪ મજકુર જગ્યાની દખણાદી બાજુ મજકુર જગ્યાની પછીત ભેરો મોતીલાલ નારાણજીની જગ્યાનો કરો છે.

ઉપર મુજબની ચતુર દીશા વાલી જગ્યા અમારા અસીલનાં ભાભી નામે ભચીબાઈ સધીકનો કશો હક હીસો નથી તેમજ અમારાં અસીલનાં ભાભી પાસે હાલે પુષ્કળ રોકડ રકમ છે તેથી તેણીને રકમ માટે કશી કાયદેસર જરૂરીઆત નથી હાલે અમારા અસીલના જાણવા પ્રમાણે તેનાં મજકુર ભાભી મજકુર જગ્યા ગેર ધોરણે વેચવાની તજવીજમાં છે તેથી સર્વેને તથા મજકુર જગ્યા ખરીદનારને આથી જણાવવાનું કે મજકુર જગ્યાસર કોઇએ કોઇ જાતનો સોદો કરવો નહીં જે કોઈ શક્ષ મજકુર જગ્યાસર કોઇપણ જાતનો સોદો કરશે તો તેનો અમારો અસીલ કે મજકુર જગ્યા જવાબદાર થશે નહીં પરંતુ અમારા અસીલનાં મજકુર ભાભી ભચીબાઈ સધીક અંગત રીતે જવાબદાર થશે તેથી આથી સર્વ નોટીશ લે.

વૈશાખ શુદ ૨ સાં. ૨૦૦૨.

લી. વકીલ સુરેંદ્રરાય માધવલાલ,
મેમણ કાશમ આદમના વકીલ

ખાનગી જાહેર ખબર

સર્વ લોકોને અમારા અસીલ તણવાણાના શા દેમીબાઈ ટાયા વતીથી નીચે મુજબ ખબર આપવામાં આવે છે કે દેમીબાઇના પતિ શા દેવુ પાચારીયા અસ્થીર મગજના છે જેથી તેમને સ્વાર્થી લોકો ચડી મુબઈમાંની તેમજ કચ્છમાં આવેલી મીલકતો પર પૈસા ઉપાડવાની હીલચાલ કરે છે જે કરવા તેમને કાંઇપણ જરૂર નથી.

દેમીબાઇના બે સગીર પુત્રો લખમશી દેવુ તથા કુંવરજી દેવુ છે. જેમનો આ મીલકતોમાં ભાગછે.

જેથી જે કોઇ પણ શખ્શ શા. દેવુ પાચારીયાને મીલકતો પર ધીર ધાર કરશે અથવા બીજી રીતે પૈસા આપશે તો તે માટે તેમના સંગીર પુત્રો કે મીલકતો જવાબદાર નથી જેની સર્વ લોકોએ નોધ લેવી.

૨૦૦૨ નાવૈશાક સુદ ૧૦ સુકરે,

૧૦–૫–૪૬.

લી. વકીલ રૂપશંકર ગણપતરામ શા.
દેમીબાઈ ટાયાના વકીલ.

આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યુ.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 73] SATURDAY 1st JUNE 1946 [No 23]

[પુ૦ ૭૩] જેઠ શુદિ ૨ શનીવાર સંવત ૨૦૦૨ તા. ૧લી જુન સને ૧૯૪૬. [અંક ૨૩]

યાદી..... ક્રમાંક ૫

ભચાઉમાં મહોરમ પ્રસંગે મુસલમાનોના તાજીઆ હાલ સુધી જે રસ્તેથી પસાર થતા હતાં. તે રસ્તામાં હિંદુ લોકોના દેવળો આવતાં હોવાથી તે દેવળો પાસે વાજાં ગાજાં વગાડવા છુટ મળવા મુસલમાનોની માંગણી હતી જ્યારે હિંદુઓ તરફથી પોતાના દેવળો પાસે મુસલમાનો વાજા ગાજાં વગાડે તે સામે વાંધો હતો આ રીતે બને કોમો વચ્ચે લાંબા સમયથી ચાલતો મતભેદ દુર કરી બને કોમો વચ્ચે સુલેહ સંપ જળવાય તે રીતે કરાવી હકીકત પેશ કરવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરેથી રા. રા. પોલીસ કમીશનરને ફરમાન થયેલ તે પ્રમાણે રા. રા. પોલીસ કમીશનરે ભચાઉ સુધી જઈ બને કોમોને સમજુત કરતાં બને કોમો વચ્ચે સમાધાન થઈ એકમતથી કરાર કરવામાં આવેલ છે. આ રીતે બને કોમો વચ્ચે થયેલ કરાર તથા તેના અંગેની હકીકત શ્રી હજુરે પેશ થતાં તે સમગ્ર હકીકત ધ્યાનમાં લઈ નીચે પ્રમાણે ફરમાન કરવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે:—

૧. મુસલમાનોના તાજીઆ ચીરઈવાલા નાકા પાસેથી મોતનમાંથી નીકળી સીધા કસ્ટમ પાસે આવે છે. આ રીતે કસ્ટમ સુધીના રસ્તામાં શ્રી હરીયસ્થાનનું દેવળ વચ્ચે આવે છે જેથી તે હરીયાસ્થાનના દેવળનો આથમણી મુવાડનો હાલનો દરવાજો હિન્દુઓએ પોતાને ખરચે બંધ કરવો અને તેના બદલે કસ્ટમ એ.પીસની સામેની બાજુ ગરબીના ચોક તરફ જવાના ઉગમણા રસ્તા પર ઉત્તાદી ઓવાડે નવેસર દરવાજો કરવો.

આ રીતે આથમણી મુવાડનો હાલનો દરવાજો બંધ થતો હોવાથી મુસલમાનોને ચીરઈવાલા નાકાંથી કસ્ટમ સુધી તાજીઆ લઈ જવાના અંગે વાજાં ગાજાં વગાડવામાં હરકત આવશે નહીં.

૨. મુસલમાનો હાલ તાજીઆ ગરબીના ચોક તરફ લઈ જાય છે તે ત્યાં તાજીઆ લઈ જવાનું મુસલમાનોએ બંધ કરવું એટલે કે મુસલમાનોએ હવે તાજીઆ ચીરઈવાલાં નાકાથી સીધા કસ્ટમ પાસે લઈ આવી ત્યાંથી સીધા વોધવાલા નાકાં તરફ લઈ જવા અને તે વોધવાલા નાકાંથી પાછા વળી કસ્ટમ પાસેથી લઈ સીધા ચીરઈવાલાં નાકાં તરફ પરબારા લઈ જવાં.

૩. તાજીઆ વોધવાલાં નાકાં પાસેથી પાછા વળી કસ્ટમવાલા ચોકમાં આવે છે ત્યારે તે ત્યાં થોડીવાર રોકાય છે આ સબંધમાં એવો હુકમ કરવામાં આવે છે કે શ્રી હરીયાસ્થાનનું જે નવું બારણું થશે તે જોશી નરભેરામ નાનજી તથા લણસાલી પરમસી સુરારજીની હાલની દુકાનો છોડી પુર્વ તરફ થશે જેથી સદરહુ બને દુકાનોની હદમાં રહીને ચોકના સામેના ઉતર પુર્વ – ઇશાન – ખુણા પાસે એટલે મેતા શીવજી કચ્ચરની દુકાનના આથમણા ખુણા પાસે મુસલમાનો તાજીઆ ઉતારે.

૪. આ પ્રમાણે મહોરમના પ્રસંગે વર્તન રાખવાનું છે અને તે પ્રમાણે વર્તન ન કરતાં તેનો ભંગ કરનાર શ્રી રાજ્યના હુકમનો અનાદર કરનાર તરીકે ગણાઇ તે કચ્છ પીનલ કોડની કલમ ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર થશે.

721

આ ગુનો કોગ્નીઝેબલ તરીકે ગણી પોલીસ તપાસ કરી શકશે. દરીયાસ્થાન માટે નવેસર જે બારણું કરવાનું છે તે દરીયાસ્થાનની મલીકીની હાલે જે દુકાન છે તે દુકાનમાં કરવાનું છે એટલે હાલે કરાર મુજબ બંધ થવાનાં બારણા પાસે જે ખાંચો છે તે ખાંચો નવી દુકાન બનાવવા માટે દરીયાસ્થાનને યોગ્ય કીંમતે આપવા લખાઇ આવ્યું છે તે બાબત રા. રા. રેવન્યુ કમીશનર સાહેબે અભીપ્રાય પત્રે તપાસીજ કરી મીસલ કરવો.

કરારમાં ઠર્યા મુજબ દરીયાસ્થાનનું જે બારણું બંધ થવાનું છે તે અમુક મુદત સુધીમાં બંધ થઇ જવા બાબત રા. રા. પોલીશ કમીશનર સાહેબે નકકી કરવું અને તે મુદત દરમ્યાન બંધ કરાવી રીપોર્ટ કરવો.

પોશ શુદ ૫ સોમે શાં. ૨૦૦૨ તા: ૮-૧-૧૯૪૬.

S. K. Nayampalli,
દીવાન – કચ્છ.

હુ. ઓ. નં. ૧૦૫ ઠરાવ.

રા. રા. સ્ટેટ મીકેનીકલ ઇન્જીનીયરના નાં પત્ર શા. ૨૦૦૨ થી લખવામાં આવેલ હકીકત સબંધમાં ખુદાવીંદ મહારાજ શ્રી હજુર સાહેબ સાહેબ બહાદુરનું ફરમાન થયુ છે કે મી. જે. એચ. સ્મીથના વપરાશ માટે જે મોટરકાર રાખવામાં આવી હતી તેજ કાર જારે બીલીસ વાલી અત્રે આવે ત્યારે તેમના વપરાશ માટે રાખવી અને તે અંગેનું ખર્ચ ખર્ચ સ્ટેટ ગેરેજના બજેટમાં દાખલ કરવું.

મિતી. વૈશાખ શુદ ૧૧ શનિવાર શા. ૨૦૦૨ તા. ૧૧-૫-૪૬.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

હુ ઓ. નં. ૧૧૨. ઠરાવ.

ભચાઉમાં મોહરમ તથા હોળી પ્રસંગે હિન્દુ મુસલમાન કોમ વચે ઘણા લાંબા સમયથી ધાર્મિક મતભેદ ચાલ્યા કરે છે. આના અંગે મોહરમ પ્રસંગના મતભેદ વાસ્તે શ્રી હજુર ઓર્ડર નં. ૫ તા. ૮-૧-૪૬ વળાંકે નિર્ણય થઇ ગએલ હોઇ તે પ્રશ્ન બંધ પડેલ છે.

હોળી પ્રસંગના મતભેદ વાસ્તે નિકાલ કરવા માટે રા. રા. પોલીશ કમીશ્નર તરફથી ભચાઉના હિન્દુ તેમજ મુસલમાન કોમના આગેવાનોથી કુમક વાંચવાટ થઇ તેના પરિણામે લખાઇ આવેલ અભિપ્રાય ધ્યાનમાં લઇ ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સાહેબ બહાદુરના ફરમાનથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે:—

૧. હોળી પ્રસંગે બરકત સામે બીભત્સ પુતળા બનાવવાની પૃથા હાલ ત્રણ વર્ષથી બંધ કરવામાં આવેલ છે તે પૃથા હવે કાયમના માટે બંધ કરવા હુકમ કરવામાં આવે છે પરંતુ જો હિન્દુ વર્ગ સભ્ય પુતળાં બનાવવા માગતો હોય તો તેને આ હુકમ બાધક કર્તા થશે નહીં. પરંતુ તે પ્રસંગે તેવાં સભ્ય પુતળાં હિન્દુ વર્ગે મુસલમાનોની મસીદની સામે બનાવવાં નહીં પરંતુ લુડાણા કોમના શ્રી દરીયાસ્થાનનું હાલે શ્રી હજુર ઓર્ડર નં. ૫ વાળા મુજબ જે સ્થળે નવું બારણું બનાવવાનું ઠરેલ છે તે નવા દરવાજા પાસે બનાવવા અને આવા સભ્ય પુતળાઓને દસ.ક દસ.કડી કે એવા પ્રકારનાં મુસ્લીમ નામોથી સંબોધવાં નહીં.

૨. મુસલમાનોની મસીદ સામે ઢોલ કે વાજીંત્ર વગાડવાના પ્રશ્ન સબંધમાં બન્ને કોમોની લાગણી ધ્યાનમાં રાખી એવો હુકમ કરવામાં આવે છે કે મુસલમાન કોમના, નીચે નિશ્ચત કરવામાં આવેલ નિમાજના સમયે સિવાયના સમયોએ હિન્દુ વર્ગ ઢોલ વાજાં કે વાજીંત્ર વગાડવાનું ચાલુ રાખી મસીદ સામેના રસ્તા પરથી પસાર થઇ શકશે તેમાં મુસલમાનોએ હરકત કરવી નહી પરંતુ હિન્દુ વર્ગે ઢોલ કે વાજીંત્ર વગાડવાનાં મસીદનાં બારણાં સામે ઉભા રહેવું નહીં પણ માત્ર પસાર થઇ જવું.

આ ઢોલ તેમજ વાજીંત્ર વગાડવા અંગેનો નિર્ણય કેવળ હોળી પ્રસંગના વારતેજ નહીં પરંતુ લગ્ન કે બીજા હરકોઇ પ્રસંગે હંમેશના માટે કાયમનુ લાગુ પાડવાનું છે એમ સમજવું.

નિમાજના સમય સાધારણ રીતે નીચે પ્રમાણે રહેશે જે દરમ્યાન મસીદ સામેના રસ્તે ઢોલ, વાજાં વીગેરે વગાડવાં નહી.

૧. સુર્યોદયથી એક કલાક પહેલાંથી સુર્યોદય સુધી.
૨. બપોરનાં ૧ થી ૨.
૩. સાંજના ૪ થી ૫.

722

૪. સુર્યાસ્ત પછી તરતજ અરધા કલાક સુધી.

૫. રાત્રનાં ૮॥ થી ૯॥.

ઉપર પ્રમાણે બંને કોમોએ અમલ કરવાનો છે. અને તે પ્રમાણે વર્તન ન કરતાં તેનો ભંગ કરનાર શ્રી રાજ્યના હુકમનો અનાદર કરનાર તરીકે ગણાઈ તે કચ્છ પીનલ કોડની કલમ ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ ગુનાઓ કોગ્નીઝેબલ તરીકે ગણી પોલીસ તપાસ કરી શકશે એવું આથી ઠરાવવામાં આવે છે.

મીતી-વૈશાખ વીદ ૩ શનિવાર શાં. ૨૦૦૨.

તા: ૧૮-૫-૪૬.

S. K. Nayampalli,

દીવાન-કચ્છ.

સરક્યુલર જયુ. જા. નાં. ૫૯૦૧.

રજીસ્ટ્રેશન એકટની કલમ ૧૩ (૧) મુજબ જ્યારે કોઇ દસ્તાવેજ ઉપર કબુલની સહી કરવા રા. ન્યાયાધીશને અરજદારને ઘેર જવુ પડે ત્યારે સ્થાનીક ફી તરીકે કોરી ૫ લેવામાં આવે છે અને કલમ ૧૪ (૩)મુજબ દસ્તાવેજ રજીસ્ટર કરવા અરજદારના મકાન ઉપર જવું પડે ત્યારે તેની ફી કોરી ૧૦ લેવા ઠર્યું છે. આ બંને પ્રકારની ફી કોર્ટની ઉપજ તરીકે જમા કરવામાં આવે છે.

આવાં કામ સારૂ તાલુકાના મુખ્ય શહેરમાંજ જવાનુ હોય ત્યારે ભથાં ભાડાંનો સવાલ રહે નહીં પરંતુ ગામડામાં જવાનું થાય ત્યારે આવાં ભથાં ભાડાનું ખર્ચ શ્રી રાજ્ય પર પડે છે. આ બાબત સરક્યુલર ન.૧૨ તા. ૨૪-૧૧-૪૧ વાળું રદ કરી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

હાલે હાઇકોર્ટ તરફથી લખાઇ આવેલ છે કે આમ થવું શ્રી રાજ્યના હિતમાં નથી રજીસ્ટ્રેશન ધારા મુજબ ફીની કોરી ૧૦ અને ૫ લેવામાં આવેછે તે રા. ન્યાયાધીશ પાસેથી ઓફીશ સિવાયની કામગીરી પક્ષકાર લે છે. તે વાસ્તેનો ચાર્જ છે પરંતુ ભથાં ભાડાંનું ખર્ચ તો તે ઉપરાંતનુ ખર્ચ છે અને તેથી તે રાજ્ય પર પડવું ન જોઇએ.

જે શખ્સ રા. ન્યાયાધીશને ગામડામાં આવી કામગીરી અંગે બોલાવે તેણે ફી ની કોરી ૧૦ કે ૫-જેમ હોય તેમ- સ્ટાંપમાં ભરવા સાથે ભથાં ભાડાંનું ખર્ચ પણ તે સાથે રોકડ ભરી આપવું અને તે રકમ શ્રી રાજ્યમાં જમે કરાવી રા. ન્યાયાધીશે આવી કામગીરી અંગે જે હથુ ભાડુ આપવુ પડે તેનું રીતસર બીલ કરવુ રજીસ્ટ્રેશન ધારા પ્રમાણેની ફી ની રકમ કોરી ૧૦ તથા ૫ હાલ સુધી રોકડી લેવામા આવે છે તે પક્ષકારે હવેથી સ્ટાંપમાં ભરવી.

ભથાં ભાડાંની નિયમ પ્રમાણે થનારા ખર્ચની રકમ પ્રથમ અજમાસી નક્કી કરી તેટલી રકમ સ્ટાંપ રૂપે નહીં પણ રોકડી વસુલ કરી દરબારમા જમે કરવી અને કામગીરી થયા બાદ ભથાં ભાડાંનું બીલ કરી બીલમાં અરજદારે રજુ કરેલી રકમ જમાં થયાનો દાખલો બતાવી બીલ કરી અમલદારે વસુલ કરી લેવી પરંતુ તે બીલની રકમ પક્ષકાર પાસેથી લેવામાં આવેલ રકમ કરતાં જ્યાદી હોવી જોઇએ નહી.

મીતી. વૈશાખ વીદ ૩ શનીવાર શાં ૨૦૦૨

તા. ૧૮-૫-૪૬.

S. K. Nayampalli,

દીવાન-કચ્છ.

સાદી નં ૫૫૨૦

બજેટમાં કોઇ મુકરર કાર્ય વાસ્તે કંઇ રકમ મંજુર થયેલી હોય પરંતુ તે કામ તે સાલમાં હાથ પર નહીં લેવાયાનાં કારણે મંજુર થયેલ રકમ ઉપયોગમાં લેવામાં આવી નહી હોય તેવા પ્રસંગે સાલ વ્યતીત થયા બાદ બીજી સાલના બજેટમાં તેવી ઉપયોગમાં નહી લેવાયલ રકમનો સમાવેશ નહીં કરવામાં આવેલ હોવા છતાં વ્યતીત થયેલ સાલનાં બજેટમાં તે રકમ મંજુર થયેલ હોવાનુ જણાતી તેવી રકમની મંજુરી માટે સાલ બદલની માંગણી આવે છે. આ પ્રમાણે થવુ ઇષ્ટ નથી સબબ આવતે નીચે પ્રમાણે તજવીજ કરવી.

૧. જે સાલના બજેટમાં જે કામ માટે રકમ મંજુર થઇ હોય તે કામ હાથ ઉપર નહીં લેવાયાથી અથવા અધુરૂ કરવાથી તે રકમ અથવા તે રકમ પૈકી જેટલી રકમ ખરચવા વીનાની સાલ આખર બાકી રહે તે પુરતી મંજુરી સાલ વ્યતીત થતાં બંધ પડશે

૨. જો તે કામ બીજી સાલે શરૂ કરવાનું હોય અથવા અધુરૂ કામ પુરૂં કરવાનુ હોય તો બજેટની સાલમાં શરૂ થયેલ કામનો કોઇ ભાગ બીજી સાલે થવાનો હોયતો તે બાબતની હકીકત સહીત નવી સાલના બજેટમાં તેવી રકમનો પ્રથમથીજ સમાવેશ કરી મંજુર કરાવવા તજવીજ કરવા.

મીતી. વૈશાખ વદ ૫ સોમવાર શા. ૨૦૦૨ તા. ૨૦-૫-૪૬.

શ્રી હજુર ઓફીસ,

શ્રી રેવીન્યુ બ્રેન્ચ.

S. K. Nayampalli,

દીવાન-કચ્છ.

ઠરાવ નાં. એફ. ૨૫૩

શ્રીયુત શેઠ ડોસાભાઈ લાલચંદ તથા શ્રીયુત મલુચંદ માધવજી તરફથી ભુજના મધ્યમ તથા ગરીબ વર્ગને અનાજ વ્યાજબી ભાવે મળે તે સારૂ જે યોજના રજુ કરવામાં આવી છે તે બાબત ખુદાવંદ મહારાજા શ્રી હજુર સાહેબ સવાઈ બહાદુરના ફરમાનથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

૧ આ યોજનાનો અમલ કમીટી તરફથી અનાજના વેંચાણમાં એક વર્ષ દરમ્યાન કોરી ૬૬૦૦૦ છાસઠ હજાર ખોટ કરવામાં આવે તો તે પૈકી કોરી ૩૬૦૦૦ છત્રીસ હજાર કમીટીએ પોતાના ફંડમાંથી ભોગવવાની છે, અને માસીક કોરી ૫૦૦૦ પાંચ હજારના હિસાબે એક વર્ષના માટે શ્રી દરબાર તરફથી કોરી ૬૦૦૦૦ સાઠ હજાર આપવામાં આવશે

૨. ઉપર કલમ ૧ માં બતાવ્યા પ્રમાણે દર માસે કોરી ૮૦૦૦ આઠ હજારની ખોટ થાય તો તે પૈકી કોરી ૩૦૦૦ ત્રણ હજાર કમીટી ભોગવે તો કોરી ૫૦૦૦ પાંચ હજાર શ્રી દરબારે આપવાનું મંજુર કરવામાં આવે છે જો ઓછી ખોટ થાય તો આ પ્રમાણે સ્ટેટ ઓછી ઓછી રકમ આપવાની છે વધુ ખોટ થાય તો સ્ટેટ માસીક કોરી ૫૦૦૦ પાંચ હજાર થી વધુ આપશે નહિ.

૩ સરકારી સંમતિ તરફથી રૂંધાણ થતા પછી દર માસે જેટલી ખોટ જાય તેને વિગતવાર રીપોર્ટ દર માસે મે. રા. રા. દિવાનજી સાહેબ તરફ મોકલવાને છે અને આ પ્રમાણે દર માસે નીકળતી ખોટનું બીલ કમીટી તરફથી આવેથી મે. રા. રા. દિવાનજી સાહેબની મંજુરીથી શ્રી રાજ્યે આપવાની ખોટની રકમ એકાઉન્ટ ખાતેથી ચેક આપે પાછી આપવામાં આવશે.

૪ આ કમીટી તરફથી અનાજના ઉઠાવણી દા. ત. ડીરેક્ટર ઓફ ફુડ સપ્લાઈઝ તરફથી જે રેશન અને પદ્ધતિ નક્કી કરવામાં આવે તે અનુસાર કરવાની રહેશે.

૫ આ પીઠી બાબુ આ યોજનાની જરૂર ન રહે તો અને તે કારણે બંધ કરવામાં આવે તો જે વેળા સમય તે પીઠીનું કાંઈ બાકી હશે તેટલા સમય માટે ઉપરના ધોરણે શ્રી રાજ્ય તરફથી રકમ આપવામાં આવશે

મીતી. વૈશાખ વદ ૪ સોમવાર સા ૨૦૦૨ તા. ૨૦-૫-૪૬.

S K. Nayampalli,
દિવાન-કચ્છ.

પત્રી નં. ૫૫૨૧

બાબતમાં નોકરીની ફેર બદલીના પ્રસંગે એક નોકરની જગ્યાએ નીમાયેલ બીજા નોકરને ચાર્જ સોંપતા લગી જેટલા દહાડા શેકાય તથા તેના બદલીના સ્થળે પહોંચતાં જેટલા દહાડા થયા તેના ખર્ચને બજેટના સેક હેડમાં સમાવેશ નહોતા તેના ખર્ચ saving ખાતે પડતા લખાય આવે છે. તેના બદલે લગતા ઘટતા ખાતા તરફથી બજેટમાં (relieving grant 'રીલીવીંગ ગ્રાંટ' હેડ નીચે જરૂર પુરતી રકમ પાછલી તારીખમાં આ અર્થે ઉપયોગ થાય નહિ) હવે થયાર બજેટમાં કાયદે દાખલ કરવા અને ઉપર જણાવ્યા પ્રમાણેની ચાર્જની લેતી દેતી તથા સ્ટેશનમાં લોકોને દીલાસો પછી બીલના ખર્ચનો સમાવેશ તે હેડમાં કરવો આવી ચાર્જની લેતી દેતી બદલે એક અઠવાડીયાં કરતાં વધારે મુદત લાગવી જો એ નહીં પણ તેથી વધારે મુદત લાગે તો તેનું કારણ જણાવી જે તે ખાતાના અધીકારી તેનું ખર્ચ પોતે મંજુર કરી શકશે.

મીતી. વૈશાખ વદ ૫ સોમવાર સાં ૨૦૦૨ તા. ૨૦-૫-૪૬.

શ્રી હુજુર ઓફીસ,
શ્રી રેવન્યુ બ્રેન્ચ,

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

સરકયુલર.

પો. જા. નાં. ૬૪૫.

સંવત ૨૦૦૩ની સાલના નીચે પ્રમાણેના તહેવારોની રજા સર્વ ઓફીસો અને સ્કુલોમાં પાળવાનું મંજુર કરવામાં આવે છે.

૧. કચ્છી અષાડી નવુ વર્ષ. અશાડ સુદ ૨ રવી તા. ૩૦-૬-૪૬.
૨. જાલેવ. શ્રાવણ સુદ ૫ બુધવાર તા. ૧૨-૮-૪૬,
૩. શીતળા સાતમ. શ્રાવણ વદ ૭ સોમવાર તા. ૧૬-૮-૪૬.
૪. કૃષ્ણજયંતિ તથા ખુદાવંદ મહારાજાના હજુર સાહેબ સવાઈ બહાદુરનો જન્મ દીવસ. શ્રાવણ વદ ૮ મંગળવાર તા. ૨૦-૮-૪૬.

724

૫. રમજાન ઈદ. ભાદ્રવા સુદ ૩ ગુરૂવાર તા. ૨૯-૮-૪૬.

૬. યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી રાણેજીનો જન્મ દીવસ ભાદ્રવા વીદ ૧૩ સોમવાર તા. ૨૩-૯-૪૬.

૭. વિજયા દશમી. આસુ સુદ ૧૦ શનિવાર તા. ૫-૧૦-૪૬.

૮. ધનતેરશ આસુ વીદ ૧૩ મંગળવાર તા. ૨૨-૧૦-૪૬.

૯. કાળીચૌદશ આસુ વીદ ૧૪ બુધવાર તા. ૨૩-૧૦-૪૬.

૧૦. દીવાળી. આસુ વીદ ૦)) ગુરૂવાર તા. ૨૪-૧૦-૪૬.

૧૧. અન્નકુટ પડવો. કારતક સુદ ૧ શુક્રવાર તા. ૨૫-૧૦-૪૬.

૧૨. મહારાજ કુમારશ્રી ગોડજી રાણેજીનો જન્મ દીવસ. કારતક સુદ ૯ રવી તા. ૩-૧૧-૪૬.

૧૩. બકરી ઈદ. કારતક સુદ ૧૨ બુધવાર તા. ૬-૧૧-૪૬.

૧૪. તાજીયા. માગસર સુદ ૧૨ શુક્રવાર તા. ૬-૧૨-૪૬.

૧૫. ચંદ્ર ગ્રહણ. માગસર સુદ ૧૫ રવીવાર તા. ૮-૧૨-૪૬.

૧૬. ખ્રીસ્તી નવું વર્ષ. પોષ સુદ ૯ બુધવાર તા. ૧-૧-૪૭.

૧૭. મકર સંક્રાન્તી. પોષ વીદ ૮ મંગળવાર તા. ૧૪-૧-૪૭.

૧૮. મહાશીવરાત્રી. મહા વીદ ૧૪ બુધવાર તા. ૧૯-૨-૪૭.

૧૯. હોળી. ફાગણ સુદ ૧૫ ગુરૂવાર તા. ૬-૩-૪૭.

૨૦. ધુળી પડવો. ફાગણ વીદ ૧ શુક્રવાર તા. ૭-૩-૪૭.

૨૧. રામનવમી ચૈત્ર સુદ ૯ રવીવાર તા. ૩૦-૩-૪૭.

૨૨. મ. કુ. શ્રી પૃથ્વીરાજજી સાહેબનો જન્મ દીવસ. વૈશાખ સુદ ૧૩ શનિવાર તા. ૩-૫-૪૭.

૨૩ નિર્જળા એકાદશી જેઠ સુદ ૧૧ શુક્રવાર તા. ૩૦-૫-૪૭.

૨૪. ચંદ્ર ગ્રહણ. જેઠ સુદ ૧૫ મંગળવાર તા. ૩-૬-૪૭.

૨૫. નામદાર શહેનશાહ બહાદુરનો જન્મ દીવસ. જે દીવસે પાળવાનું ઠરે તે દીવસે.

ખાસ હુકમ પાળવાની રજા.

૧. નાગપંચમી શ્રાવણ સુદ ૫ શુક્રવાર તા. ૨-૮-૪૬.

૨. રૂદ્રાણીની યાત્રા. શ્રાવણ સુદ ૮ સોમવાર તા. ૫-૮-૪૬.

વૈશાખ વદ ૬ બુધવાર સં. ૨૦૦૨ તા. ૨૨-૫-૪૬.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

હુકમ નં. ૧૧૫ ઓફ. ૪૬. કાયદો.

બ્રીટીશ હિન્દના વહાણમાં નહી હોય તેવા તાંબાના સીક્કા તથા બીજા રાજ્યનાં ચાંદીના સિક્કા જેવા કે પચીસાં, ચઠીયાં, ઠોરી, આપીયાં વગેરે સાંકડી અથવા જાડેરી નિકાસ અંગે રેગ્યુલેશન જા. નં. ૨૬૮૮ ભાદરવા સુદ ૩ શાં ૧૯૮૮ વાળા ઠરાવ તથા રેગ્યુલેશન જા. નં. ૫૩૩૬ તા. ૬-૫-૪૬ વાળા નોટીફીકેશનનાં અનુસંધાનમાં નીચે પ્રમાણે ખુદાવીંદ મહારાજશ્રી સવાઈ રાજુર સાહેબ સવાઈ બહાદુરનું ફરમાન થયું છે

"ઉપર ઠરાવ અંગેના ગુન્હા ગવર્નીમેન્ટ હુકમ તામાં આવેછે."

મીતી. વૈશાખ વદ ૮ ગુરૂવાર સં. ૨૦૦૨ તા. ૨૩-૫-૪૬.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

નોટીફીકેશન.

ડી. સી. એસ. નં. ૧૭૫૬.

શ્રી કચ્છ રાજ્યને લગતુ કરવામાં આવેલ સને ૧૯૪૪ના ડુઈંગ અને પ્રેફીટીઅરીંગ પ્રોવેન્શન ઓર્ડીનન્સની કલમ ૩ ની પેટા કલમ "સી" અન્વયે તાતા એન્ડ સન્સ લીમીટેડ તરફથી જાહેરાતમાં આવતા સાહસોના ભાવ ડી. સી. એસ. નં. ૮૯૦ તા. ૧૫-૯-૪૫ વાળાં નોટીફીકેશનથી બાંધવામાં આવેલ હતા.

સદરહુ નોટીફીકેશન અમલી રદ કરવામાં આવે છે અને સદરહુ કું. ના લગતુ રેપ નુ ભાવ નિયમન આથી ઉઠાવી લેવામાં આવે છે.

દીવાન ઓફીસ.
ભુજ કચ્છ તા. ૨૬-૫-૪૬.

S K Nayampalli,
દીવાન કચ્છ.

હુ. ઓ. નં. ૧૧૬ ઠરાવ

ખુદાવીંદ મહારાઓ શ્રી હજુર સાહેબ સયાજી રાવ ના ફરમાનથી કચ્છ હોજદારી અપદાની કલમ ૨૦૨ તળે જુમારની અદાલતમાં અમેરીકન પ્રીચર્સના નામે જાહેરી થયેલી ઝાંક ફરજની રમતનો પણ સમાવેશ થાય છે. એમ ઠરાવવામાં આવે છે.

મીતી. વૈશાખ વદ ૮ શુક્રવાર સં. ૨૦૦૨
તા. ૨૪-૫-૪૬.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

ઠરાવ

હુ. ઓ. નં. ૧૨૧ ઓફ ૪૬.

તુણા હિંદુ સ્મશાનનું સ્થળ બદલાવવા સંબંધમા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી હુ. ઓ. નં ૩૭૫ તા. ૨૪-૧૨-૪૫ વાળું ફરમાન થયું છે. સદરહુ ઠરાવના અનુસંધાનમાં તેઓશ્રીએ નીચે મુજબ ફરમાન કર્યું છે:-

૧. હિંદુઓએ પોતાનું સ્મશાન ઠરાવ નં. ૩૭૫માં જણાવ્યા પ્રમાણે બદલી નાંખવું.

૨. આ ઠરાવ મંજુર થયાની તારીખથી ૩૦ દીવસ બાદ હાલનાં હિંદુ સ્મશાનનાં સ્થળનો ઉપયોગ કોઈપણ સંજોગે સ્મશાન તરીકે કરવો નહી.

૩. આ હુકમનો ભંગ કરનાર વિરૂધ્ધ કોમીશ્નરશ્રી મુલ્કાની રીતે તપાસ થઈ શકશે. અને તેના વિરૂધ્ધ કચ્છ ફોજદારી કાયદાની કલમ ૧૮૪ મુજબ કામ ચલાવી શકાશે.

મીતી. વૈશાખ વદ ૧૨ સોમવાર સં. ૨૦૦૨ તા. ૨૭-૫-૪૬.

શ્રી હજુર ઓફીસ,
શ્રી રેવન્યુ પ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન કચ્છ

નં. ૫૮૮૭. ઠરાવ

તુણા સ્મશાન બાબત બન્ને કોમના અગ્રેસરોએ સ્પેશીયલ એગ્રીકલચર કમીટીના મેમ્બરોને પંચ નીમી તેઓના નિર્ણય મુજબ વર્તવા લખીત કબુલાત આપતાં કમીટીએ જે નિર્ણય આપ્યો તે મુજબ ઠરાવ નં. ૩૭૫ તા ૨૩-૯-૪૫ વાળાથી ફેરફાર થયો, તેમ છતાં હિંદુ કોમે કેટલાક વાંધા ઉઠાવ્યાથી ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ સયાજી બહાદુરે એકદર સ્થાનીક પરીસ્થીતી સ્થાનીક જોઈ ઠરાવ નં. ૩૭૫ તા. ૨૪-૧૨-૪૫ વાળાથી ફરમાન કર્યું તે બન્ને ઠરાવો આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

મીતી. વૈશાખ વદ ૧૨ સોમવાર સં. ૨૦૦૨ તા. ૨૭-૫-૪૬.

શ્રી હજુર ઓફીસ,
શ્રી રેવન્યુ પ્રેન્ચ,

S. K. Nayampalli,
દીવાન — કચ્છ.

હુ. ઓ. નં. ૩૭૫ ઓફ ૪૪. ઠરાવ.

તુણાનાં હિંદુ સ્મશાનનાં સ્થળ સંબંધમાં ત્યાંના હિંદુ અને મુસ્લીમો વચ્ચે મતભેદ ઉભો થતાં સ્પેશીયલ એગ્રીકલચર કમીટીના પ્રમુખ શ્રીયુત દલસીંહજી મુલજી શેઠ તથા મેમ્બરો કેપ્ટન રાજકુમાર શ્રી રસીકકુમાર સાહેબ તથા રા. રા. મણીલાલ વધજીને સ્થાનીક જઈ બન્ને કોમો વચ્ચે સમજુતી કરી નિર્ણય કરવા શ્રી હજુર ફરમાન થયેલ તે મુજબ તેઓ તુણા ગયેલ ત્યારે બન્ને કોમોના અગ્રેસરોએ સદર કમીટીના મેમ્બરને પંચ નીમી તેઓ જે કાંઈ નિર્ણય કરે તે મુજબ વર્તવા લેખીત કબુલ કર્યું છે તે મુજબ સ્પેશીયલ એગ્રીકલચર કમીટી તરફથી થયેલ નિર્ણય ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુર રજુ થતાં ફરમાવ્યું કે બન્ને કોમોએ જે કાંઈ નિર્ણય કર્યો તે હજુર રાખવાનું લખી આપેલ હોવાથી કમીટીએ કરેલ નિર્ણય પ્રમાણે અમલ કરવો.

આ પ્રશ્નનો સમાધાનીથી નીકાલ થયો છે તેથી ખુદાવંદ મહારાજ શ્રી હજુર સાહેબને ખુશી થઇ છે.
આશો શુદ ૬ શની સં. ૨૦૦૧ તારીખ ૨૩-૯-૪૪.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ. ઓફીસ

ખુલાસો

સં. ૨૦૦૧ના કચ્છીના શ્રાવણ વદ ૬ શનીવાર ૧૧મી ઓગષ્ટ ૧૯૪૪

બંને પક્ષોની હકીકત અમોએ રૂબરૂ સાંભળી છે. તેઓની બતવણી મુજબ સ્થાનીક સ્થીતી પણ અમોએ જોઇ છે. આ પકરણોને અંગે સન ૧૯૬૩ની સાલથી શરૂ થયેલ તમામ કાગળો અને વાંચ્યા છે આ બધા ઉપરથી અમારો ખુલાસો [award] નીચે મુજબ છે.

૧. હિન્દુ કોમની સ્મશાન હાલ જે સ્થળે છે ત્યાંથી ખસેડી આપની ઉતરાદી તરફ વાગાઓ છે ત્યાં લઇ જવું. તે સ્થળે જે જમીન તેમને સગવડવાળી જણાય તેની તે ણે માગણી કરી ત્યાં સોળ સ્થળી કરવા તેમની ઇચ્છા હશે તો પરવાનગી તેમને આપવામાં આવશે.

૨. રામકુંના હિન્દુઓને જો આ નવા સ્થળે આવવાની તકલીફ કે અગવડ પડે તો રામકુંમાં યોગ્ય સ્થળે સ્મશાન કરવાની તેઓ પરવાનગી માગેથી તેમને આપવામાં આવશે

૩. હાલે જે સ્થળે હિન્દુ કોમની સ્મશાન છે તે સ્થળ ઉપર હિન્દુ કોમની મલીકી કરાવવામાં આવે છે તેનો બીજો ઉપયોગ કરવાની તેમને ઇચ્છા થાય તે માટે તેઓએ માગણી કરવી. તે જમીન માટે લેખ મેળવી લેવા તેમણે તાત્કાલીક અરજ કરવી.

૪. હાલે જે સ્થળે હીન્દુ કોમની સ્મશાન છે ત્યાં ચાર ખુણે ચાર ચાંભલાઓ હદના નીશાન બતાવવા માટે ઉભા કરવા આ ચાંભલાઓ વચે હદના નીશાન બતાવનાર નાના નાના પત્થરો ખોડાવવા. આ સ્મશાનના ક્ષેત્રફળ સંબંધી જો કંઇ મતભેદ થાય તો તે સંબંધી અમારો નિર્ણય છેલ્લો ગણાશે. આ પ્રમાણે હદ બતાવનારા ચાંભલાઓ ઉભા કરવા તથા પત્થરો ખોડાવવામાં જે કાંઇ ખર્ચ થાય તે મુસ્લીમ કોમે ભોગવવું.

ઉપરના અમારા નિર્ણય મુજબ પક્ષકારોએ વર્તન કરવું. પક્ષકારો વચે ચાલતા કેશો બંધ કરાવવા.

બંને પક્ષોએ અમારા ઉપર વિશ્વાસ રાખ્યો છેલા ચાલીસ કંટલા વરસોથી ચાલતા આવેલા આ વિવાદગ્રસ્ત પ્રશ્નને અમારી સરદી ઉપર છોડયો તે બદલ અમો બંને કોમેના મોવડીઓના આભારી છીએ. અમારા આ ચુકાદાથી બંને કોમો વચે પરસ્પર સહકાર અને સ્નેહભાવ વધશે. એવી અમારી આશા છે.

તુલસીદાસ મુલજી શેઠ.
ઇન્દ્રીકકુમારસિંહજી.
પ્રા. ધા. વૈષ્ણવ.
સવાલ.

ઠરાવ

ઠ. ઓફ. નાં. ૬૭૫ ઓફ ૪૫.

તુણા હિન્દુ સ્મશાનની જગ્યા બદલાવવા સંબંધના કાગળો તથા સ્થાનીકની સ્થિતિ જોતાં હિન્દુઓના સ્મશાનનું સ્થળ નવું કરી આપવાનું ઉચીત જણાય છે. હિન્દુઓએ પોતાનું સ્મશાન ગામની ઉતરાદી તરફ અને નદીને ઉગમણે કાંઠે ઝંકરની ડેરીથી ઉતરાદુ જ્યાં તેમને અનુકુળ થાય ત્યાં લઇ જવું. કયું સ્થળ નક્કી કર્યું છે તેના ખબર સાથેના નકશા ઉપર જગ્યા ચોખ્ખી બતાવી રા. મા. રેવીન્યુ કમીશનર મારફત શ્રીહજુરમાં જાહેરથવા તુરત મોકલવા.

ઉપરના ફેરફારથી સ્પેશીયલ ઓફીકલચરલ કમીટી તરફથી આપેલો નિર્ણય કાયમ રાખવા ખુદાવંદ મહારાજા શ્રીહજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

માગશર વદ ૬ સોમવાર સં. ૨૦૦૨ તા. ૨૪-૧૨-૪૫.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

ઠ. ઓ. નાં. ૧૨૨ ઠરાવ

શ્રી કચ્છ રાજ્યમાં જમીન સુધારણા અર્થે તથા જમીનની વેહેંચણી વધે તે માટેની યોજના રેવીન્યુ ખાતેથી અવેલ તે ખુદાવંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુર રજુ કર્યા ફરમાન થયું કે થઇ આવેલ યોજના હાલે બે વરસ છ માસ માટે એટલે સં. ૨૦૦૨ના વૈશાખની સં. ૨૦૦૪ના આસુ વદ ૩૦ સુધી મંજુર કરવી.

આ યોજના અંગે નીચે મુજબ મંજુરી આપવામાં આવે છે

૧. નવા કુવા ખોદાવવા:— એક વરસમાં એક હજાર સુધી નવા કુવા ખોદાવવાનો પ્રબંધ કરવો. ખેડુત પોતાનાં ખેતરમાં કુવા ખોદે તે માટે નીચેની શરતોએ તેને સવલત આપવામાં આવશે

૧. દરમીયાન ખુદાનાં ખેતરોમાં પોતાને ખર્ચે કુવો કરાવ્યા પછી જે સાલથી તે કુવો ભોગ ભરશે તે સાલથી તે કાનો ભુંહક કરી આપવામાં આવશે.

૨. તેને સરકુલર નાં ૧૨૦૫૦ નો લાભ મળી શકશે.

૩ દર કોશે કોરી ૧૦૦ એકસો દંતુરોના પત્રી આપવામાં આવશે.

૪. જો તેને કુવો ખોદવા માટે પૈસાની જરૂર હશે તો કોરી ૧૦૦૦ સુધીની રકમ ૩ ટકાને વ્યાજે ધીરવામાં આવશે આ રકમ કુવો પુરો થયાથી એક વરસ પછી વારસીક ચાર સરખા હપ્તાથી વસુલ લેવામાં આવશે.

૫. કલમ ૪ મુજબ ધીરાયલ રકમ પુરી ભરપાઇ થયાં સુધી ખેડુત કાયમ વેચી શકશે નહીં.

૬. કાયમ વેચાણના પ્રસંગે ખેડુતનેજ વેચી શકાશે

સાધારણ રીતે એક કુવા દીઠ કોરી કરતાં નાણાંના રકમ ૧૦૦૦ ફુટની દર કોશે કોરી ૧૦૦ લેખે બે કોશાના હીસાબે વારસીક કોરી ૨૦૦૦૦ બે લાખ સુધીની મંજુરી આપવામા આવે છે આ હજાર કુવા ઉપર ૫૦૦ કુવા માટે ખેડુતો તરફથી કલમ ૪ પ્રમાણે તકાવી માંગવામાં આવે એમ માનતાં તકાવી આપવા માટે વારસીક કોરી ૫૦૦૦૦ પાંચ લાખ સુધી મંજુરી આપવામા આવે છે. નાણાના દોઢ વરસ માટે પણ ઉપરનાં ધોરણે મંજુરી મળી.

૨. ખેતરોનાં બાંધા કામને ઉતેજન:— ખેતરનાં બાંધા સારા બંધાવવાને ઉતેજન મળવા ખાતર બાંધાના દરેક ફુટ દીઠ હાલ પ્રચલીત ટુટે કોરી ૭૫ દંતુર આપવામાં આવશે. આ ધોરણે એકંદર પ્રજુ અથવા ચાર ખેતર જમીનના બાંધા માટે કોરી ૭૫ આપી શકાશે. આ યોજના માટે કોરી ૭૫૦૦૦ પંચોતેર હજાર વારસીક મંજુર કરવી અને તેને માટે મંજુરી હાલ એક વરસ માટે ગણવી. એકંદર કોરી ૭૫૦૦૦ ની રકમમાંથી ૧૦૦૦ એકર જમીનમાં બાંધા બાંધી શકાશે.

૩. નાના ધોરણ પર "ફેન્ટુ બન્ડીંગ":— જમીનને કરા ધોવાઇ જતો અટકાવવાને માટે નાના નાના બંધ બાંધવા અથવા એકાદ નાના તલાવડી બાંધવા કે તેવી જુની તલાવડી દુરસ્ત કરી એવાણું કાયદાકારક થશે. આ યોજના માટે દરેક બંધના કોરી ૧૦૦૦૦ દશ હજારના હીસાબે વારસીક કોરી ૧૦૦૦૦૦ એક લાખનાં ખર્ચની મંજુરી આપવામા આવે છે. આ યોજના પણ હાલ એક વરસ માટે મંજુર છે એમ જણાવવુ

૪. ગામડાઓમાં પીવાનું પાણી મેળવવા સગવડ:— કેટલાંક ગામોમાં પીવાનું પાણી મેળવવાની ઘણી તકલીફ છે ત્યાં કુવા ખોદવા અથવા જુના કુવા ઉંડા ઉતારવા અથવા ગામનું તળાવ સંધરવા માટે વારસીક કોરી ૫૦૦૦ પચાસ હજાર સુધીની મંજુરી આપવામા આવે છે આ સગવડ જે તે ગામને આપવા માટે ઠરાવ એવી રાખવામાં આવે છે કે થનાર ખર્ચની અડધી રકમ ગામ લોકોએ રોકડી અથવા તેટલી મજુરીથી આપવી જોઇએ

૫. બોરીંગ:— બોરીંગથી સારૂ પણી નીકળવા સંબંધે શંકા હોવાના કારણે ખેડુતો સાધારણ રીતે બોરીંગ કામે ખર્ચ કરતા નથી કેટલાક પ્રદેશોમા બોરીંગ કરવાની જરૂરત હોય તે કાયમીરી માટે કોરી ૨૫૦૦૦ પચીસ હજાર સુધીનાં ખર્ચની મંજુરી આપવામાં આવે છે. જો બોરીંગ સફળ થાય તો ખેડુત બધો ખર્ચ આપે પરંતુ નીષ્ફળ જાય તો દરેક બોરીંગ દીઠ કોરી ૧૦૦૦ થી વધે નહી તે રીતે ઉપર મંજુર કર્યા પ્રમાણે કોરી ૨૫૦૦૦ પચીસ હજાર સુધીનું ખર્ચ શ્રી દરબાર ભોગવશે.

૬. એક્ષપેરીમેન્ટલ અને ડીમન્સ્ટ્રેશન ફાર્મ:— વાગડ, ભુજ અને માંડવી અથવા મુંદરા એ ત્રણ સ્થળે એક એક ફાર્મ ચાલુ કરવું આ ત્રણે ફાર્મનું સરખે હીસે વારસીક ખર્ચ કોરી ૨૫૦૦૦ પચીસ હજાર સુધી મંજુર કરવામાં આવે છે.

૭. નવા બોરીંગ સેટો:— બોરીંગનો વધુને વધુ પ્રચાર કરવા ખાતર દરેક વર્ગ વાદરનાં સારૂ સ્ટેશને હેન્ડ બોરીંગ સેટો હોવા જરૂરી છે. આ સેટો તથા તેને લગતા સામાન ખરીદવા કોરી ૧,૦૭,૦૦૦ એક લાખ સુધીની મંજુરી આપવામા આવે છે

૮. આ યોજના પ્રચાર માટે તથા તેના અમલ કરવા માટે જરૂરી સ્ટાફની વીગતવાર દરખાસ્ત રા. રા. રેન્ચુ ક્રમસરે મેકલવા. કલેક્ટર વરસાનાં પ્રોગ્રેશન પર ઠા. આણંદજી જીવણ તથા પટેલ વીજી જીવણ જેઓએ આબુદ અમાં કલચ. ઇન્સ્ટીટ્યુટના કૃષીવદ "ના પરીક્ષા પ્રચાર કરી છે તેઓને કોરી ૬૦ - ૫૦ - ૪૦ ના ક્રેડમા કોરી ૨૫૦ ના પગારથી નીમવામાં આવે છે તેઓની કાયમીરી સંતોષકારક જણાયે કાયમ કરતા પગાર કોરી ૬૦ કરી આપવામા આવશે.

ગાંધી. વદ ૧૨ સેમવાર સં. ૧૯૯૨ તા. ૨૭-૫-૪૬.

શ્રી દરબાર ગોપીસ.
જ રેન્ચુ બ્રેન્ચ

D. K. Nayampalli,
દીવાન - કચ્છ.

728

ન. ૧૮૦૨ ઠરાવ

ડી. સી. એસ. નાં. ૯૧૫ તા. ૧-૩-૪૬ વાળા ઠરાવથી ધી. અંજાર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સના બનાવેલ સુતરના ભાવ બીજો હુકમ થતાં સુધી નકકી કરવામાં આવેલ છે. હાલે કપાસનો ભાવ ઉંચો ગયેલ હોવાથી તેમજ હુંડીનો ભાવ નીચે ગયેલ હોવાથી ભાવમાં વધારો કરી આપવા બાબત શદરહુ મીલની અરજ આવતાં સુધી બીજો હુકમ થતાં સુધી શદરહુ સુતરના વેચાણ ભાવ નીચે પ્રમાણે રાખવામાં આવે છે:-

૧. નાં ૪..... .... રૂ. ૯-૬-૦ એકસ મીલ.
૨. નાં ૬॥..... .... રૂ. ૯-૧૨-૦ ,,
૩. નાં ૮..... .... રૂ ૧૦-૨-૦ ,,

ઉપરના સુતરનો નંબરનો સુતરનો રીટેલ ભાવ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો છે:-

૧ નાં ૪..... ..... રૂ ૯-૯-૬
૨ નાં ૬॥..... ..... રૂ. ૯-૧૫-૬.
૩. નાં. ૮..... .... રૂ. ૧૦-૫-૬.

સદરહુ નકકી કરેલ ભાવ કરતાં કોઇપણ વેપારી વધારે ભાવ લેશે તો તેનું કૃત્ય ગુન્હાહીત ગણાશે અને તેવા ગુન્હેગાર વિરૂદ્ધ યોગ્ય પગલાં લેવામાં આવશે.

ડાયરેકટર ઓફ સીવીલ સપ્લાયઝ
ઓફીસ. ભુજ કચ્છ તા. ૨૭-૫-૪૬.

S. K. Nayampalli,
દીવાન કચ્છ

રે. જા નાં. ૫૬૭૫. **નોટીફીકેશન.**

શ્રી હજુર ઓર્ડર નાં. ૪૧૮ ૨૦-૧૧-૪૪ વાળા ઠરાવના અનુસંધાનમાં કચ્છમાંથી ચોંદી નિકાશ કરવા બાબતનું લાયસન્સ આપવાનું બીજો હુકમ થતાં લગી મોકુફ કરવામાં આવે છે.

મીતી. વૈશાખ વદ ૧૨ સોમવાર શાં. ૨૦૦૨ તા. ૨૭-૫-૪૬.

S. K Nayampalli.
દીવાન કચ્છ.

ઠરાવ.

હ. ઓ. ન ૧૨૪

ગામોમાં વાસ વધારવાનાં જમીનનાં જોટાં વેચાણની રકમ કેપીટલ હેડ તરીકે દાખલ કરી તેનું દરશાલ વ્યાજ આવે તે રકમ વારસીક ઉપજમાં જમાના બજેટમાં પકડવા અને Invest કરી તેનું વ્યાજ બજેટમાં જમાં બાજુએ પકડવા હજુર ઇન કોન્સીલ ઠરાવ નાં. ૨૦ તા ૧૯-૧-૪૪ વાલો થયોછે. તે પ્રમાણે અમલ થયેલ જણાતો નથી તેથી તેમજ આવા વેચાણની રકમોનો ઉપયોગ રેવન્યુ ખાતેથી થઇ આવેલ ભલામણ પ્રમાણે જમીન સુધારણા અર્થે કરવા વધારે ઇચ્છવા જોગ લાગવાથી સદરહુ રકમો જમીન સુધારણા ફંડ Land Development Fund. એ નામે અકોન્ટ ખાતે જુદી જમા રાખવા અને શ્રી હજુર ઓર્ડર નાં ૧૨૨ તા. ૨૦-૫-૪૬ વાલાથી થયેલ જમીન સુધારણા બાબત ફરમાન મુજબનો ખર્ચ આ ફંડમાંથી કરવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.

મીતી. વૈશાક વદ ૧૪ બુધવાર શાં. ૨૦૦૨ તા. ૨૯-૫-૪૬.

શ્રી હજુર ઓફીસ
શ્રી રેવન્યુ બ્રેન્ચ.

S. K. Nayampalli.
દીવાન – કચ્છ.

સરકયુલર.

જયુ. જા. નાં. ૫૯૯૧

દરબારી નોકર વિરૂધ્ધ જ્યારે કોઇ ખાનગી શખ્સ તરફથી ફોજદારી ફરીયાદ કોર્ટમાં નોંધાવવામાં આવે ત્યારે રા. મેજીસ્ટ્રેટે પ્રોસેસ કે નોટીસ કહાડતાં પહેલાં શદરહુ કૃત્ય દરબારી નોકરી બજાવતાં થયેલું છે કે કેમ એ વિષે પ્રાઇમાફેસી તપાસ કરવી તેમજ તે બાબત ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ કરેલ હોય તો પોલીસ તપાસના કાગળો મંગાવી જોવા અને એકંદર હકીકતે સદરહુ કૃત્ય દરબારી નોકરી બજાવતાં દરમ્યાન થયેલ હોવાનું રા. મેજીસ્ટ્રેટને જણાય તો જે નોકર વિરૂધ્ધ ફરીયાદ હોય તે ખાતાંના વરિષ્ઠ અધીકારી પાસેથી કામ ચલાવવા બાબત રીકશન મેળવવા ફરીયાદીને લેખીત ખબર આપવા.

પરંતુ પ્રાઇમાફેસી તપાસ ઉપરથી રા. મેજીસ્ટ્રેટને એમ જણાય કે કહેવાતું કૃત્ય દરબારી નોકરી બજાવતાં થએલું નથી, તો રા. મેજીસ્ટ્રેટે ફરીયાદ અરજી ઉપર કારણો બતાવી તેવો શેરો કરી જે નોકર સામે ફરીયાદ કરવામાં આવી હોય તેના વિરૂધ્ધ કામ શા માટે ન ચલાવવું તેવી નોટીશ તેના ઉપર પરમારી કહાડવી અને મજકુર નોકરનો જવાબ લઇ યોગ્ય હુકમ કરવો તેમજ નોટીસ કહાડતી વખતેજ ફરીયાદ અરજીની નકલ અને તે ઉપરના શેરાની નકલ સદર નોકરના ઉપરી અધીકારી તરફ જાણ થવા મોકલવી.

ઉપર મુજબ નોટીસ બજયા પછી આવેલ જવાબનો વિચાર કરી જો રા. મેજીસ્ટ્રેટે સદર નોકરે કરેલું કહેવાતું કૃત્ય દરબારી નોકરી બજાવતાં થએલું નથી એમ માની કામ ચલાવવાનો હુકમ કરે અને તેનાથી સદર નોકર નારાજ થતો હોય તો તે હુકમ પર સેશન્સ અદાલતમાં અને સેશન્સ અદાલતના ઠરાવ પર હાઇ કોર્ટમાં તે અપીલ કરી શકશે.

આ સબંધમાં પ્રથમ થએલ સરકયુલર ના. ૨૭૪૭ સંવત ૧૯૪૪ તથા સરકયુલર ના. ૩૭૭૯ સંવત ૧૯૯૮ વાળાં રદ કરવામાં આવે છે.

મીતી– વૈશાખ વીદ ૧૩ બુધવાર શાં. ૨૦૦૨

તારીખઃ– ૨૯-૫-૪૬.
જ્યુડીશીયલ બ્રેન્ચ,

S, K. Naypamalli,
દિવાન–કચ્છ.

પે. એ. જા. નં. ૨૧૫ જાહેર ખબર

એજન્સી બરોડા તરફથી ન. આર. એચ. ૩-૧ તા. ૨-૫-૪૬ વાળો એકસપ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે હિંદમાંથી બહાર જનારાઓ સામે જે દેશોએ તા- ૧૫-૪-૪૬થી પ્રતિબંધ મુકેલ છે જેનું પત્રક સર્વે મુસાફરોની જાણ માટે આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પ્રતિબંધ મુકેલ દેશનું નામ	દર્દીનાં નામ	કયા ગામેથી જનાર સામે મુકેલ પ્રતિબંધ
પેલેસ્ટાઇન	કોલેરા	કલકતા (હવાઇ)
	શીતળા	કલકતા (,,)
	,,	મુંબઇ (,,)
ટ્રાન્સજોર્ડન	કોલેરા	કલકતા (હવાઈ અને દરિયાઈ)
	,,	મદ્રાસ (,, ,,)
	શીતળા	મુંબઇ (હવાઇ)
	,,	કલકતા (,, ,,)
સીલોન	શીતળા	મદ્રાસ (,, ,,)
	,,	મુંબઇ (,, ,,)
ઈરાક	કોલેરા	હિંદુસ્તાન(,, ,,)
	શીતળા	,, (,, ,,)
ઇરાન	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,,) (,,)
ઇજીપ્ત	શીતળા	,, (,, ,,)
ચીન	શીતળા	,, (,, ,,)
	એન્ટેરીકફીવર	,, (,, ,,)
	કોલેરા	,, (,, ,)
બર્મા	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
	એન્ટેરીકફીવર	,, (,, ,,)
યુનાઇટેડ કીંગડમ	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)

તા. ૨૧-૫-૪૬

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

730

નાં. ૨૧૭ જાહેર ખબર.

એજન્સી બરોડા તરફથી નં આર. એચ. ૩,૧ તા. ૭--૫--૪૬ વાળો એકસ્પ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે હિંદમાથી આવનારાઓ સામે જે દેશોએ કવોરન્ટાઇનનો પ્રતિબંધ તા. ૨૨--૪--૪૬ થી મુકેલ છે તેનું નીચે પ્રમાણેનું પત્રક સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કવોરન્ટાઇનનો પ્રતિબંધ મુંકનાર દેશનુ નામ.	જે દર્દના કારણે પ્રતિબંધ મુકેલ છે તે દર્દનું નામ	જે દેશ સામે પ્રતિબંધ મુંકેલ છે તે હિંદમાંની જગાનું નામ.
પેલેસ્ટાઇન	કોલેરા	કલકતા (હવાઇ રસ્તે)
	શીતળા	,, ,,
	,,	મુંબઇ ,,
ટ્રાન્સજોર્ડન	કોલેરા	કલકતા (દરિયાઇ અને હવાઇ)
	શીતળા	મુંબઇ (હવાઇ રસ્તે)
	,,	કલકતા (દરિયાઇ અને હવાઇ રસ્તે)
સીલોન	શીતળા	મદ્રાસ (,, ,,)
	,,	મુંબઇ (,, ,,)
ઇરાક.	કોલેરા	હિંદ (,, ,,)
	શીતળા	,, (,, ,,)
ઇરાન.	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
ઇજીપ્ત.	શીતળા	,, (,, ,,)
ચીન.	શીતળા	,, (,, ,,)
	એન્ટેરીક ફીવર	,, (,, ,,)
	(આંતરડાં નો તાવ)	,, (,, ,,)
	કોલેરા	,, (,, ,,)
બર્મા	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
	એન્ટેરીક ફીવર	,, (,, ,,)
યુનાઇટેડ	કોલેરા	,, (,, ,,)
કીંગ્ડમ	શીતળા	,, (,, ,,)
મલાયા સ્ટ્રેઇટસ	કોલેરા	,, (,, ,,)
સેટલમેન્ટ	શીતળા	,, (,, ,,)
ફ્રેન્ચ ઇન્ડો ચાઇના	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
ડચ ઇસ્ટ ઇન્ડીઝ	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
બ્રીટીશ નોર્થ	કોલેરા	,, (,, ,,)
બોર્નીઓ	શીતળા	,, (,, ,,)
હોન્ગકોંગ	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
બેન્ગકોક	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)

તા. ૨૧--૫--૪૬

K. V. Bhatt.
ડેપ્યુટી સેક્રેટરી.

જાહેર ખબર. પો. નાં. ૨૨૩

એજન્સી બરોડા તરફથી ન આર. એચ ૮/૧ તા. ૭-૫-૪૬. વાળો લેટર અત્રે આવેલ છે તેની સાથે હજ ઇન્ફર્મેશન અને ટ્રાન્સપોર્ટ કંપની સબંધી પ્રેસનોટની નકલ મોકલાવે છે તે મુસ્લીમ જનતાની જાણ માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

તા. ૨૪-૫-૪૬.

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

TO BE BROADCAST. PRESS NOTE.

It has come to the notice of the Government of India that a company by the name of ' Haj Information and Transport Company ' has been set up at 291, Abdul Rehman Street, Bombay 3, for assisting intending Hajj Pilgrams in certain matters if they register themselves with it for which the Company will charge a fee of Rs. 25/- (Rupees twenty-five) per pilgrams. The public in general and the intening pilgrams in particular. are informed that this Company is a purely private concern and is neither allied to any of the Port or Provincial Haj Committees nor recognised by any of them or by the Goveranment of India.

2. At all the three ports of Bombay, Karachi, and Calcutta, there exist Port Haj Committees which are statutory bodies whose duties are inter--alia to collect and disseminate all information useful to pilgrims and to advise and assist them during their stay at the ports, in all matters Besides these Committees there are Provincial Haj Committees in Peshawar, Lahore, Lucknow, Patna, and Calcutta and Divisional Haj Committees in Sylhet (Assam) and Dhubri (Assam) who assist and advise intending pilgrims free of charge. Intending pilgrims may address these committees or the Hajj Officer to the Government of India, New Delhi for any information or assistance they require.

Department of Commonwealth Relations.

Dated. New Delhi, the 16th April, 1946.

ઠરાવ.

હા. કો. જા. નાં ૧૮૩૬

મ માંડવીના કાયસ્થ મેતા હિમતલાલ હરિલાલ એલ. એલ બી એ. પોતાને ઇ. જા. નાં. ૧૬૭ તા. ૨૭-૪-૪૪થી માંડવી તાલુકા કોર્ટમાં વકીલાત કરવાની શનંદ મળેલ હોઇ હાલે કચ્છ રાજ્યની તમામ કોર્ટમાં વકીલાત કરવાની શનંદ મળવા અરજ કરતાં તેની અરજ અત્રે રા. માંડવી ન્યાયાધિશે તેમની કામગીરી બાબતમાં આપેલ સર્ટીફીકેટ ધ્યાનમાં લઇ તેમને કચ્છ રાજ્યની તમામ ખાલસા કોર્ટમાં વકીલાત કરવાની પરવાનગી આપવામાં આવે છે.

Y. M. Mehta,
ચીફ જસ્ટીશ હાઇ કોર્ટ.

જાહેર ખબર.

ડી. સી. એસ. નાં. ૧૮૮૯

ડ્રગ કંટ્રોલ ઓર્ડર હેઠળ લેવામાં આવતી ફી ચાલુ સાલમાં ગયા વર્ષ કરતાં અર્ધી લેવામાં આવે એમ નામદાર હિંદ સરકાર તરફથી નક્કી કરવામા આવેલ છે

માટે આથી ડ્રગ્ઝ લાયસન્સ હોલ્ડરોને જણાવવામાં આવે છે કે તેમના પાસેથી વસુલ થયેલ પુરી રકમમાંથી અર્ધી રકમ તેમને આ ઓફીસેથી રીફંડ આપવામાં આવશે. તો તા. ૧ લી જુન પછી એક માસની અંદર કોઇપણ દિવસે ઓફીસ ટાઇમમાં આવી રકમ લઇ જવી.

ડાયરેકટર ઓફ સીવીલ સપ્લાયઝ
કચ્છ સ્ટેટ ઓફીસ. ભુજ કચ્છ.

તા ૨૦-૫-૪૬. N. Y. Samarth,
ડાયરેકટર ઓફ સીવીલ સપ્લાયઝ
કચ્છ સ્ટેટ ભુજ.

મહારાજા ધિરાજ મિરજા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. સી. કે.

શ્રી માંડવી દિવાની કોર્ટ તરફથી

ખા. દી. કામ નાં ૧૪૨ શા. ૨૦૦૨

નોટીશ નાં શા. ૨૦૦૨

શા. દામજી મોણસી- માંડવી વાદી

લુ ઠા. કુંવરજી રાઘવજી- અંજાર પ્રતિવાદી

દાવો ત્રાંબા પીતલનાં વાસણો મળવા

અંજારના લુ ઠા કુંવરજી રાઘવજીને માલમ થાય કે આ કામ તમારી ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ તરફથી ફરી તપાસમા આવેલ છે માટે તમે ફરમાન અનવયે પુરાવો રજુ કરવા વાસ્તે શા. ૨૦૦૩ ના અશાડ સુદ ૧૪ શનીવારના રોજ કોર્ટમા કોર્ટના ટાઇમથર હાજર થજો નહિતર કાયદેશર થશે

શા. ૨૦૦૨ના વૈશાખ વદ ૦)) ગુરૂવાર

K. A. Mehta,
માંડવી યાયાધીશ

મહારાજા ધીરાજ મીરજા મહારાઓ શ્રી ૭ વીજયરાજજી
સાહેબ શવાઇ બહાદુર જી. સી. કે.

શ્રી મુદ્રા કોર્ટ

ખા દી ૫ કામ નાં. ૭ નાં ૩૨૧ શાં ૨૦૦૨

શા. અજીજણ ખેતલાણીનાં વીલની રૂએ વૈવટ કરનાર ટ્રસ્ટી શા કુંવરજી શીવજી રે. બારોઇ } વાદી

શા શામજી માણક વીગેર રે. બારોઇ પ્રતીવાદી

દાવો છ માશની અંદર ધરી લીધેલ વાડી વીગેરેનો કબજો મલવા બા.

બારોઇનાં નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે શદરહુ કામે રેકાયેલા તમારા વકીલ મી. નવલશંક પાણશી કર ગુજરી ગએલ હોતાં શદરહુ કામ ચલાવવાને

બંદોબસ્ત કરવા માટે તમારે આહીં કોર્ટમાં શાં ૨૦૦૨નાં જેઠ સુદ ૧૧ ભોમેનાં રોજ સવારનાં ૭ વાગે થી હાજર થવું નહિતર કાયદેશર થશે.

૧ શા શામજી માણુક ૨ શા ગાંગજી દેવજી ૩ શા ધનજી શારંગ ૪ શા હીરજી દેવજી ૫ શા ધનજી લાલજી

એ રીતે– ચૈત્ર વીદ ૬ ગુરૂ શાં ૨૦૦૨

Narottam D. Mehta

મુંદ્રા ન્યાયાધીશ,

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

ના. ૨૬૫ શ્રી મુંદરા કોર્ટ

ખા દી. કા. નાં ૭ શાં ૨૦૦૨

ખોજા લધા નુરમામદ રવજી મુંદરા હાલે આફ્રીકા } વાદી.

ખોજા રેમતલા આડત જીવરાજનાં વારશ તેની દીકરી ખોજા સુગરાબાઇ રેમતલા વગેર મુંદરા હાલે મુંબ.સા. } પ્રતિવાદી.

દાવો

જગ્યા વટાંત્ર છોડાવવા બાબતનો

મુંદરા તે હાલે મુંબાસાનાં ખોજા સુગરાંબાઇ રેમતલાને માલમ થાય જે આ કામે તમારે દાવા જવાબ આપવા શા. ૨૦૦૨ નાં જેઠ સુદ ૧૧ ભોમેનાં રોજ સવારનાં ૭ા વાગે કોર્ટનાં ટાઇમે હાજર થવું નહિતર મુદત વીતે કાયદેસર કરવામાં આવશે.

વૈશાખ સુદ ૯ ગુરૂ શાં ૨૦૦૨.

Narottam. D Mehta,

મુંદરા ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

ના ૩૬૬-૩૬૭ શ્રી મુંદરા કોર્ટ

ખા. દી. કા. નાં ૧ શાં ૨૦૦૨

ઠા. નરોતમ કેસવજી વીસનજી મુંદરા હાલે બમીમ } વાદી.

ઠા. ચત્રભોજ વિસનજી ના વારસદારો ઠા મનુ નાઇ ચત્રભોજ વિસનજી વગેર મુંદરા હાલે મુંબઇ } પ્રતિવાદી

દાવો

ઘરનાં ભાડાની રકમ મલવાનો

મુંદરા તે હાલે મુંબઇનાં નીચે લખ્યા શખશોને માલમ થાય જે આ કામે તમારે દાવા જવાબ આપવા શા. ૨૦૦૨ નાં જેઠ સુદ ૧૧ ભોમેનાં રોજ સવારનાં ૭ા વાગે કોર્ટનાં ટાઇમે હાજર થવું નહિતર કાયદેસર કરવામાં આવશે.

૧ ઠા સુંદરદાશ ઇમજી મુંદરા હાલે મુંબઇ
૨ ઠા કરસનદાશ ચત્રભોજનાં વારસ મધુ કાંન્ત કરસનદાસ મુંદરા હાલે મુંબઇ }

મીતી વૈશાખ સુદ ૯ ગુરૂ શા ૨૦૦૨

Narottam. D Mehta.

મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

ખાંદી. કાંમના ૧૩૫ ૨૦૦૨

શ્રી રાપર દીવાંની કોર્ટ નાં ૧૦૪૯

મેતા ખીમજી પુજા રાપર વાદી

કુભાર જુના દેવસી વી શાંધ પ્રં.

કોરી ૬૭૯ા મલવાનો દાવો

સીંધના કુભાર જુના દેવસીને માલુમ થાયજે આ વાદીએ તમારા ઉપર કોરી ૬૭૯ા મલવાનો દાવો કરેલ છે માટે તેનો જવાબ આપવા તમો શા ૨૦૦૨ ના જેઠ વીદ ૧૨ શોમવારના રોજે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેશર થશે.

વૈશાખ સુદ ૧૪ બુ વાર શાં ૨૦૦૨

શા પ્રભુરામ જેઠાભાઇ

રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ શવાઇ બહાદુર જી બી. ઇ.

ખા દી. તા કા. નાં. ૫૬ શ. ૨૦૦૨

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી

દોશી દામજી ખીમજી હા. હેમરાજ ઉમરસીના વેવટ ૧ માલીક દોશી પોપટલાલ દામજી પાસેથી હુકમનામુ આડે આંકે વેચાતા લેનાર ભણશાલી કુશલચંદ રા જી વા ભુજ } વાદી

વિ

ચોધરી ધના દાનાના વારશ તેના પુત્ર કરશન ધન ભચાઉ } પ્રતિવાદી

દાવો કોરી ૨૫૦ની તામીલ થવા

ભચાઉના ચોધરી કરશન ધનાને માલુમ થાયજે શાં ૧૯૯૫ના ચૈત્ર સુદ ૧૧ ના રોજ આ અદાલતથી થયેલ હુકમનામા મુજબ વાલી કોરી ૨૫૦ની તામીલ થવા દરખાસ્ત કરેલ છે માટે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રકમાં છપાયાની તારીખથી પંદર દિવશની અંદર હુકમનામા મુજબ તામીલ કરી કોરી ની પહોંચ રજુ કરજો કસુર થયે કાયદેશર થશે.

મિતી વૈશાક વીદ ૬ શાં ૨૦૦૨.

અમૃતલાલ તારાચંદ

ભચાઉ ન્યાયાધીશ ૨ શ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ શવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભચાઉ દીવાની કોર્ટમાં નાં. જા. ૯૦૪

ઠા. મગનલાલ ઊતમરામ ભચાઉ વાદી

સુતાર લધુ મુરજી કરાંચી પ્રતિવાદી

દાવો લેણાનો

કરાંચી મધે સુતાર લધુ મુરજીને માલમ થાયજે વાદીએ કરેલ દાવાનો તપસ આ કોર્ટમાં આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ થવાની તારીખથી રોજ ૧૫ની અંદર ચાલશે માટે તે રોજ તમે જાતે અગર મુ. કે વકીલ મારફતે હાજર થજો નહિતો

મુદત વીતે કાયદેશર થશે.

મીતિ વૈશાક વદ ૩ શાં. ૨૦૦૨

અમૃતલાલ તારાચંદ

ભચાઉ ન્યાયાધીશ ૨. શ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી લખપત અદાલત

ખાંદી કામનાં ૪૭ સમન્સ નાં ૨૧૯ શાં ૨૦૦૨

મેતા મગનલાલ ગંગાશંકર રે ભુજ વાદી

ઠા. મુલજી આસુ વીગેરે રે. મુંબઇ પ્રતિવાદી

ખાતાના રૂએ રૂપીયા ૨૧૨) ત્યા કોરી ૩૮) મલવાનો દાવો

નીચે લખ્યા શખ્શોને માલમ થાય કે આ કામે દાવા જવાબ આપવા માટે તમો અથવા તમારા મુખત્યાર કે વકીલે. ચાલતી શાલનાં જેઠ વદ ૮ શનીવારના રોજે સવારનાં ૬॥ વાગ્યાનાં ટાઇમ આ કાર્ટમાં હાજર થાવુ તેમાં કસુર થશે તો કાયદેશર થશે.

૧ ઠા મુલજી આસુ	રે. મુંબઇ
૨ ઠા આસુ વાગજી	રે કરાંચી
૩ ઠા રતનશી વાગજી	રે. કરાંચી
૪ ઠા પ્રેમજી વાગજી	રે. કરાંચી
૫ ઠા. મુલજી ઉર્ફે નથુ રામજી	રે- મુંબઇ
૬ ઠા પરમેતમ મુલજી	રે. મુંબઇ
૭ ઠા જીવરાજ મુલજી	રે. મુંબઇ

મીતી વૈશાખ વદ ૭ ગુરૂવાર શાં. ૨૦૦૨

K. S. Rama,

લખપત ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ **વિજયરાજજી** સાહેબ સવાઇ બહાદુર જી. **બી. ઇ**

રા. મુદરા વૈવઠદાર તરફથી

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે મુદરાનાં ઠા. દામોદર મોનજીએ મુંદ્રાના ઠા. લધા રામદાસ ના વાગ્ય વીધવા શામાબાઇ ગુજરી જતાં વારસ લેતા મેન મોંગીબાઇ ઉર્ફે જમનાબાઇ વલીઆણી તે ઠા ખટાઉ જેરામની વીધવા હાલે રહેવાસી ભદ્રેશર તે પાસેના જગ્યા ૧ મુદરા મધે ઠા. ઓધવજી નારાણજી વાલી શેરીમાં આવેલ છે. જે નીચે લખી ચતુર દીશા વાલી જગ્યા શા ૨૦૦૨ ના ફાગણ સુદ ૩ની મીતીના આ દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખતાં દસ્તાવેજ ન્યાયખાતેથી રજીષ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલ છે માટે સદરહુ જગ્યામાં જેનો કાંઇ પણ હક હીશો હોય તેણે આ જાહેરનામુ પ્રસીધ થયાની તારીખથી તે એક માશની અંદર હાજર થઇ જાહેર કરવુ નહિતર મુદત વીતે કોઇની કાંઇ તકરાર શાંભડયા સીવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવા ઘટીત કરવામાં આવશે.

ચતુર દીશા.

૧. ઉગમણી કોરે ઠા. નારાણજી હરીની જગ્યા છે તે સાથે વચલો કરો મજમુ છે.

૧. આથમણી કોરે ઠા ભાણજી ચાંપસીની જગ્યા છે તે સાથે વચલો કરો મજમુ છે.

૧. ઉત્તરદી કોરે રાજ્ય મારગની શેરી છે તેમા ગોખો તથા જારીઓ તથા ડેલીનુ બારણું છે

૧. દખણાદી કોરે પછીતના તેવા રાજ મારગની સેરીમાં પડે છે તેમાં જારીઓં તથા ખારો છે

એ રીતે

વૈશાક સુદ ૭ ભોમવાર શા. ૨૦૦૨ તા. ૭-૫-૪૬

Karilal S.

મુદ્રા વૈવઠદાર.

જાહેર ખબર.

હ. જા. ન. ૯૯૪

સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે જખૌના ઠા. રામદાશ તથા ગોવીંદજી હંશરાજ ખેતશીએ વાગેર ડાડા હારત મઠાણીને મતે જગ્યા ૧ કોરી ૩૦૦ ત્રણશોમાં શા ૨૦૦૨ ના ફાગણ વીદ ૨ ની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા ઉપર કોઇનુ કોઇ પણ હક હીશો હોય તો તેમણે એક માશની અંદર આહીની કચેરીએ આવી જાહેર કરવું નહીતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાંભળતા છાપો થવા માટે ઘટીત થશે.

ચૈત્ર સુદ ૧૪ શનિ શા. ૨૦૦૨

Trikmji T,

અબડાશા વહીવટદાર

જાહેર ખબર

હ. જા. ન ૯૯૩

અબડાશા વહીવટદાર કચેરી તરફથી

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના ઠા. લીલાધર કરશનદાશે જખૌના ઠા. આશારામ માવજી પાસથી જગ્યા ૧ એક બજારમાં ઉગમણી મોહડવાલી સા. ૨૦૦૨ ના માગશર સુદ ૬ શોમેની મીતીના દસ્તાવેજથી કોરી ૨૨૦૦) બાવીશશોમાં અઘટ વેચાણ લીધેલ જેનો દસ્તવેજ છાપો થવા કામે અહીની કચેરીએ રજુ થયેલ છે માટે સદરહુ જગ્યામાં કોઇનો કાંઇ પણ હક હીસ્સો હોય કે તકરાર હોય તો તેમણે આજથી એક માશની અંદર અહીની કચેરીએ હજર થઇ જાહેર કરવું નહીતર મુદત વિત્યા બાદ કોઇનુ કાંઇ ન સાંભળતા છાપો કરી દેવા માટે ઘટીત થશે.

ચૈત્ર સુદ ૧૫ ભોમે સા ૨૦૦૨

Trikmji T

અબડાશા વહીવટદાર

જાહેર ખબર

મે મે. જા. નાં. ૭૨૧

આથી સર્વ લોકોને જાહેર ખબર આપવામાં આવે છે કે રા. મુન્દ્રા મેન્ગ્રોવ જમાદારની યાદ નાં ૮૩ વૈશાક સુ. ૧૨ રવિવાર સા. ૨૦૦૨ વાલા મુજબ નવીવલી નાળથી મુંદ્રાના કાંઠા સુધીની રેલમાંથી ઓલના માલમાં કઢાવેલ લાકડાના કકડા મુદા ૪૧ નીચે મુજબ દર્શાવેલ નવીનાળ ગામના નેરૂસ તરફ ભેગા કરાવી રખાવેલ છે તે જેના હોય તેણે માસ ૧ એકની અંદર હાજર થઇ ખાત્રી પુરાવા આપી થએલ ખર્ચ આપી લઇ જવો મુદત વિત્યે સદરહુ માલ લીલામ કરી ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે

૧ લેના નવા કકડા નંગ ૧૫
૨ લકડા ની કાયલી નંગ ૪
૩ લાકડાના કકડા નં ૨
૪ લાકડાનો ભાલ જુનો નં ૧
૫ લાકડાની જુની સ્કાટલી નં ૨
૬ લાકડાના વડા નવા નં ૧૫
૭ લાકડાનો જુનો અડો નંગ ૧
૮ લાકડાની જુની અડીસંઘાની નં ૧

એ રીતે કુલ્લે મુદા ૪૧ જેની કિંમત આશરે કોરી ૪૧૭) ચારસો સતર થાય

વશાક વિ ૫ ભોમે સા. ૨૦૦૨

વાઘજી સામતભાઇ
મેન્ગ્રોવ મેનેજર

જાહેર ખબર

M M. out no 722

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે રા. મુન્દ્રા મેન્ગ્રોવ જમાદારની યાદ નાં ૮૩ વૈશાક સુ. ૧૨ રવિવાર સા. ૨૦૦૨ વાલી મુજબ કુતરીવાળી નાળથી મુંદરાનાં દરીયાના કાંઠા સુધીની રેલમાંથી ઓલમાંથી કઢાવેલ લાકડાના મુદા ૬૭ સાણંત્રીસ નીચે મુજબ દર્શાવેલ હાથ આવેલ તે ગામ ત્રંબની દખણાદી તરફ કાઠાયાં ઢુંગ ઉપરે ભેગો કરવામાં આવેલ છે સદરહુ માલ જે ધણીનો હોય તેણે માસ ૧ એકની અંદર હાજર થઇ ખાત્રી પુરાવા થએલ તમામ ખર્ચ આપી લઇ જવો. નહિંતર મુદત વિત્યે મલ લિલામ કરી ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

૧ લાકડાની કકી ૧
૨ લાકડના કકડા નંગ ૧૦
૩ લકડાનો અડો નં ૧
૪ લાકડાની વડી નાં. ૨
૫ મછવાનો અડધો ભાગ નં. ૧
૬ લેના કકડા નં.૪
૭ લાકડાની પાટ નં. ૨
૮ કારવાંગ નં. ૨
૯ અંતરીના પાટીયા નં ૨
૧૦ પરમણ નં. ૧
૧૧ પાટીયાના કકડા નં. ૫
૧૨ વળો નં. ૧
૧૩ કુવાની મોર નં. ૨
૧૪ નખાણ નં. ૧
૧૫ જાજાની કચી ના ૧
૧૬ ભાંગેલ હોડી નં. ૧

૩૭

એ રીતે મુદા ૩૭ સાણંત્રીસ કિંમત આશરે કોરી ૮૦૦) આઠસો થાય.

વૈશાક વિ. ૫ ભોમે સા. ૨૦૦૨
તા. ૨૧-૫-૪૬

વાઘજી સામતભાઇ
મેન્ગ્રોવ મેનેજર

જાહેર ખબર.

મે. જા. નાં ૭૨૯

આથી સર્વ લોકોને જાહેર ખબર આપવામાં આવે છે કે રા. આ. મેન્ગ્રોવ મેનેજરની યાદ નાં ૧૧૯ ચૈત્ર વિ. ૦)) બુધે શા. ૨૦૦૨ વાલી મુજબ મેઢવાના વિસ્તારમાંથી દરિયામાંથી ઓલમાં નીચે જણાવ્યો માલ નીકળેલ છે તે જેનો હોય તો તે માલનો ખાત્રી પુરાવો આપી થયેલ તમામ ખર્ચ આપી માસ ૧ એકની અંદર લઇ જવો મુદત વિત્યે માલ રીતસર લીલામ કરી ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

વૈશાક વિદ ૮ બુધ શા. ૨૦૦

૧ કાઠ મોટા ૨૫
૨ વળા નવા નંગ ૨૦૫

કિંમત આશરે કોરી ૨૦૦૦)

વાઘજી સામતભાઇ
મેન્ગ્રોવ મેનેજર

જાહેર સૂચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્ય ની જાહેરી અગર તા મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર આથી જાહેર જનતાને જણાવું છું કે, લખપત તાબે ગામ પીપરમાં અમારો ½ ભાગ વડીલો પાર્જીત કરસ ગરાસ હોઇ તેમાંથી અડધ ભાગ પીપરનાં ફકીરાણી જત મીંયા અલીમામદ સાંવલાણી પાસે કોરી ૧૦૧૦૧ દશ હજાર એકસો એકમાં વટાંતર હોઇ તે ભાગ પુરતો કબજો તેનો છે. અને બાકીના અડધભાગ પુરતો કબજો ભોગવટા મારો છે.

મારો બાપ સતોજી સાટીખાણી આસીમાર્ક અને તેની પરણેલી દિકરીઓ ત્રણ અને જમાઇઓ ના કુંટુંબના પોષણ માટે ઉપરોકત ગરાસ વેંચાણ કરવા કે તે ઉપર બોજો કરવાની તે હિલચાલ કરી રહેલ હોવાની બીના મારા જાણવામાં આવતાં હું આથી જાહેર પ્રજાને જાણ કરૂં છું કે, મારા બાપ સતોજી ઉપરોકત ગરાસ વેચાણ કરવા કે તે ઉપર બોજો કરવાનુ કરશે તો તેવા વ્યવહાર માટે સદરહુ ગરાસ કે હું તેમજ મારી

મિલકતો જવાબદાર નહોઇ તવા વ્યવહાર માટે મારો બાપ લતોજી અંગત રીતે જવાબદાર રહેશે.

વૈસાખ સુદ ૯ને ગુરૂવાર સા ૨૦૦૨

જામ સાંમતજી સતાજીની સઈ દઃ પોતે

જાહેર ખબર

હું ગાંગોદરના રહીશ ખોડ નારણા શંભુ આથી જાહેર જનતાને ખબર આપું છું કે નાગોદ ના ખોડ વીરમની વિધવા કરમાંબાઈ જે મારે સગી કાકી થાય છે તેની ઉંમર ઉત્તર ધીકતી વરસ હું છું. સદરહુ કરમાંબાઈની ઉંમર લગભગ શાઠ વરસની છે તેણીને ગુજરાન માટે મીલકતની ફુરતી પેદાશ છે અને તેટો આવેછે ત્યારે હું તેણીને આપું છું. આમ છતાં હાલે કેટલાક માણસો તેણીને પડખે ચડી મરોડક ડુબાવવાની ખતર તેણીની પાસેથી મીલકતની વ્યવસ્થા કરાવી લેવા તથા મીલકત પર બોજો કરવા તૈયાર થયા છે તેથી જણાવું છું કે સદરહુ કરમાંબાઈ કાંઇપણ વ્યવસ્થા કે બોજો કરવા અધીકાર નથી છતાં કોઇ તેનાથી કશો વ્યવહાર કરશે તોતે માટે તેણીની મીલકત કે તે પરનો મારો હક જવાબદાર રહેશે નહી.

મીતી વૈશાક વીદ ૫ મંગળવાર શા.૨૦૦૨

ખોડ નારણા શંભુની શાહી દાઃ શેઠ હંસરાજ ભાઈચંદ ધણીનાં રૂબરૂ કેવાથી

ખાનગી જાહેર ખબર

હું નીચે શાહી કરનાર સુખપરના કણબી રામજી ગોવિંદ આથી સર્વ લાગતા વળગતાઓને ખબર આપું છું કે મારાં માતાજી નામ કુંવરબાઈ કાનજી મારાથી અલગ રહે છે. તેની પાસ પોતાનાં ગુજરાન માટે પૂરતી રકમ છે. મારા પિતાએ પણ તેને ગુજરાન માટે પૂરતી રકમ તથા સાધન આપેલાં છે. અને જ્યારે વધારે પૈસાની તેણીને ખપતી પડે છે ત્યારે તેણી મને પૂછીને મારા કહયા પ્રમાણે ઉપાડી શકે છે. હાલ મારા જાણવામાં આવ્યું છે તે પ્રમાણે મારાં માતાજીને પડખે કેટલાક બદસલાહકાર ચડયા છે. આથી સર્વને જાણ કરવાની કે મારા માતાજી નામે કુંવરબાઈ કાનજી પાસે તેનાં ગુજરાન માટે પૂરતી રકમ છે. તેણીને આગળ કયારે પણ પૈસા ઉપાડવાની જરૂર પડી નથી. અને અત્યારે પણ તેણીને પૈસા ઉપાડવાની કાયદેસર જરૂરીઆત નથી આ હકીકત હોવા છતાં જો કોઇ પણ મારાં માતાજીને રકમ ધીરશે અથવા ધીરી હશે તેના જવાબદાર મારા માતાજી અંગત રીતે રહેશે તેવી રીતે ધીરાએલી રકમ માટે હું કે મારી મિલ્કત કે મારા પિતાની મિલ્કત કે મારા નગીર ભાઈઓ કે તેઓની મિલ્કત જવાબદાર થશે નહિ તેની આથી સર્વ નોંધલે મારી માતાજીએ કયારે પણ પોતાને જરૂર છે તેવું મને કહેલ નથી અને મને પૂછીને કયારે પણ રકમ ઉપાડી નથી

વૈસાક વીદ ૭ ગુરૂવાર શા ૨૦૦૨

તા. ૨૩/૫/૪૬

કણબી મેપાણી રામજી ગોવીંદ ની સઈ દઃ પોતાના.

ખાનગી જાહેર ખબર

લી. ભુજના વોરા કેશવલાલ દુર્ગાશંકર આથી સર્વ લોકો ને જાણ કરૂ છું કે મેતા જુગતરામ દયાળજીએ ચૈત્ર વીદ ૨ શા ૨૦૦૨ ના અંકમાં જે જાહેર ખબર છપાવી છે તેમાં હાલે મોટા ચોકમાં કુવાવાળી ડેલી જેમાં પોતે રહે છે તે જગ્યામાં અમારો કાંઈ ભાગ કે હીસો ન હોવા બાબતમે જણાવેલ છે તેના જવાબમાં જણાવવાનું કે તેમણે માત્ર પોતાના કબજા ભોગવટાની હોવા જણાવેલ છે પરંતુ તેમણે એમ જણાવેલ નથી કે એ જગ્યા પોતાના વડીલો પારજીતની નથી અથવા દયાળજી રણછોડજી ની સ્વ કમાઇની છે એવો કાંઇ પણ ઉલ્લેખ કરેલ નથી એટલે એ હકીકત ગર્ભીત રાખેલ છે એ જગ્યા ચોખી અમારા વડીલો પારજીતની હોતાં તેમાં અમારો બંને ભાઇઓનો કાયદે શરનો ત્રીજો ભાગ છે એવું જાણ્યા છતાં જે કોઈ પૈશા આપશે વેચાણ લેશે તો તેની શર્વ જવાબદારી ખરીદનાર કે નાણાં આપનાર ને શીર રહેશે

વૈસાક વીદ ૧ શુકરવાર શા ૨૦૦૨

કેશવલાલ દુર્ગાશંકર ની સઈ દા પોતાના

જાહેર ખબર.

ઉડો ઉડો ઉડો

ગગનમાં વિહાર કરો.

એર સરવીસ ઓફ ઇન્ડીયા લીમીટેડની મુંબઇ જામનગર તથા ભુજની રોજ દી સરવીશ

ત્રણ એકવીશ બેઠકો વાળાં મોટાં વિમાનો ગગનદૂત, ગગનદેવ તથા ગગનદીપ જનતાની

સેવામાં હાજર છે.

આવવા જવાનો સમય નીચે મુજબ છે.

મુંબઈથી ઉપડશે	સવારના	૭–૩૦
જામનગર આવશે	સવારના	૯–૪૫
જામનગરથી ઉપડશે	સવારના	૧૦–૧૫
ભુજ આવશે	સવારના	૧૦–૪૫
ભુજથી ઉપડશે	સવારના	૧૧– ૫
જામનગર આવશે	સવારના	૧૧–૩૫
જામનગરથી ઉપડશે	બપોરના	૧૨– ૦
મુંબઈ આવશે	બપોરના	૧૪–૧૫

ટીકીટના ભાવો.

મુંબઇથી જામનગર ના	રૂ.	૮૦
મુંબઇથી ભુજ ના	રૂ.	૧૦૦
જામનગરથી ભુજ ના	રૂ.	૨૦

જવા આવવાની રીટર્ન ટીકીટ લેનારને ૫% વળતર કાપી આપવામાં આવશે

જામનગર ત્યા મુંબઇ માલ મોકલવા ત્યા મંગાવવાની વધુ સગવડ રાખવા આવી છે.

માલ મોકલવા ત્યા મંગાવવાના વજનના ભાવ

મુંબઇ માટે એક રતલના	રૂ.	૦–૮–૦
જામનગર માટે એક રતલના	રૂ.	૦–૨–૦

કુમ્પની તરફથી મુસાફરોને વિમાનના પક્ષે એરોડ્રામ ઉપર લઈ જવા અને ત્યાંથી લઇ આવવા માટે મોટર વાહનની સગવડ એકીસાથે રાખવામાં આવી છે. તેને માટે કશોપણ વધુ ખર્ચ લેવામાં આવતો નથી. આવી સગવડ જામનગર ત્યા મુંબઇમાં પણ રાખવામાં આવી છે.

માંડવી ત્યા મુંદરાથી આવનાર ત્યા જનાર મુસાફરો માટે રૂટ સરવીસમાં, એ મુસાફરો અમુક કલાક પહેલાંથી ખબર આપે તો, તે માટે પણ ખાસ સગવડ કરાવવામાં આવી છે.

જગ્યા અને રીઝરવેશન માટે નીચેનાં ઠેકાણે પુછપરછ કરો. પુછપરછનો જવાબ ટપાલ આપવામાં આવે છે. મળો યા લખો.

ઠેકાણું :—

ઓર સરવીસ ઓફ ઇન્ડીયા લીમીટેડ

વાણીયાવાડનાં નાકાં બહાર

ભુજ–કચ્છ.

તારનું સરનામું:—

"ઓર ટેકસીસ"

—— સુચના. ——

આ એજન્સીની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી રૂ૨૦ અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી સા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી મળવાનું હોતાં આસ ૧૬ સોળનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માત્ર ૧૬ સોળનું આષાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં આકડાએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જે આકડો ઉપર લખેલ કલમ ૧-૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી ની લીટી ૨ રૂપ. બીજી વાર તેનુ તેજ છપાવેતો તેની અધું અર્ધેગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે ખબરો, જાહેર ખબરો વગેરે છાપવા ઘટે આવે તે મોડામાં મોડા દરેક માસની સુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

એક સાલના ગેઝેટના પરચુરણ અંકો તારીખથી ૬ વીક ૧૦ સા. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવેતો સા. ૨૦૦૨ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ.

આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યો.

738

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 73] SUNDAY 16th JUNE 1946. [No 24]

[પુ૦ ૭૩] જેઠ વદિ ૨ રવીવાર સંવત ૨૦૦૨ તા. ૧૬મી જુન સને ૧૯૪૬. [અંક ૨૪]

NOTIFICATION.

No. 1478 of 1946.

The following Notifications received with Residency Express Letter No. D/47-3-W dated 30th April 1946 are published herewith for general information.

No. F. 13608- FI/45.
Government of India,
Finance Department.
New Delhi, the 9th February 1946.

NOTIFICATION.

In exercise of the powers conferred by rule 92 C of the Defence of India Rules, the Central Government is pleased to direct that the notifications of the Government of India in the Finance Department, No,F-24 (9)-F/42 dated the 14th February 1942, No.F. 24 (9)-F/42, dated the 7th March 1942, and No. D. 583-F dated the 16th January 1942, shall be cencelled with effect from the 9th February 1946.

K. G. Ambegaokar,
Jt. Secy. to the Government of India.

.....

No. D. 639 FI/46.
Government of India,
Finance Department,
New Delhi, 9th February, 1946.

NOTIFICATION.

In exercise of the powers conferred by rule 92C of the Defence of India Rules, the Central Government is pleased to direct that the notification of the Government of India in the Finance Department, No. D/C. 1911--F Dated the 30th July 1941 shall be cancelled.

K. G. Ambegaokar,
Jt. Secy. to the Government of India

.....

Notificaction No. D/583 F dated the 16th January 1942 was published under this office No. 485 dated 24/ 26th February 1942; While Notifications No. D/C 1911 F dated 30th July 1946, No. F 24 (9)-F/ 42 dated 7th March 1942 and No. F. 24 (9) F/42 dated 14th February 1942 were published under this office No 3111 dated 25th October 1943.

Dewan's Office,
Bhuj 29th May 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch.

ઠરાવ.

હ. ઓ. નં. ૧૨૭.

મહારાજ કુમારશ્રી ફતેહસિંહજી સાહેબને વાર્ષિક કોરી ૬૦૦૦૦ સાઠ હજારની ઉત્પન્નની જાગીર આપવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે. તેઓશ્રીજીને અપાયલ શાં. ૨૦૦૨નાં જેઠ શુદ ૧ની મિતીનાં લેખથી આ જાગીર તથા તેઓશ્રીજીને અપાયલા ખાસ હકકોનું વિવરણ કરવામાં આવ્યું છે. હાલે તેઓશ્રીજીને બાયઠ, બાડા અને ભીંસરા એમ ત્રણ ગામો વાર્ષિક કોરી ૩૬૦૦૦ છત્રીસ હજારની ઉત્પન્નનાં આપવામાં આવ્યા છે. બાકીની કોરી ૨૪૦૦૦ ચોવીસ હજારની વાર્ષિક ઉત્પન્નનાં ગામો હવે પછી આપવામાં આવશે.

મીતી. જેઠ શુદ ૧ શુકરવાર શાં. ૨૦૦૨ તા. ૩૧-૫-૪૬.

શ્રી હજુર ઓશીશ,
શ્રી રેવીન્યું બ્રેન્ચ.

S. K. Nayampalli.
દીવાન – કચ્છ.

ઠરાવ.

હ. ઓ. નં. ૧૨૮

મહારાજ કુમારશ્રી હિંમતસિંહજી સાહેબને વાર્ષિક કોરી ૬૦૦૦૦ સાઠ હજારની ઉત્પન્નની જાગીર આપવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે. તેઓશ્રીજીને અપાયલ શાં. ૨૦૦૨ના જેઠ શુદ ૧ની મીતીના લેખમાં આ જાગીર તથા તેઓશ્રીજીને અપાયલા ખાસ હકકોનું વિવરણ કરવામાં આવ્યું છે. હાલે તેઓશ્રીજીને ગોધરા, વાડા અને સુખપર એમ ત્રણ ગામો વાર્ષિક કોરી ૪૪૦૦૦ ચુમાલીશ હજારની ઉત્પન્નનાં આપવામાં આવ્યાં છે. બાકીની કોરી ૧૬૦૦૦ સોળ હજારની વાર્ષિક ઉત્પન્નનાં ગામો હવે પછી આપવામાં આવશે.

મીતી. જેઠ શુદ ૧ શુકરવાર શાં. ૨૦૦૨ તા. ૩૧-૫-૪૬.

શ્રી હજુર ઓશીશ,
શ્રી રેવીન્યુ બ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન – કચ્છ.

ઠરાવ.

હ. ઓ. નં. ૧૨૯

રા. રાપર વહીવટદાર ખટાઉ નારાણજીને મહારાજ કુમારશ્રી ફતેહસિંહજી સાહેબ તથા મહારાજ કુમારશ્રી હિંમતસિહજી સાહેબને આપવામાં આવેલી જાગીરોનાં વહીવટદાર તરીકે વર્ષ બે માટે બદલાવવામાં આવે છે. તેમને માસીક કોરી ૫૦૦ પાંચસો પગાર અને માસીક કોરી ૧૦૦ એકસો ચાડીકા ખર્ચ તથા ભથાં બદલ આપવામાં આવશે. આ ખર્ચ બંને જાગીરો સરખે હિસ્સે ભોગવશે. તેમણે પોતાનું કામ નામદાર મહારાઓશ્રીજીની દેખરેખ નીચે કરવું. તેમનો હુદો બાયઠ તથા ગોધરા જાગીરોના વહીવટદારનો રહેશે.

ઉપર મુજબ ખુદાવિંન્દ મહારાજા શ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.

મીતી. શાં. ૨૦૦૨ના જેઠ શુદ ૧ શુકરવાર તા. ૩૧-૫-૪૬.

શ્રી હજુર ઓશીશ,
શ્રી રેવીન્યું બ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન – કચ્છ.

નાં. ૭૬૩. **નોટીફીકેશન**

હજની સફરને અંગે હીંદી સરકાર તરફથી આપેલી હકીકતો જાહેર જનતાની જાણ સારૂ પ્રસીધ્ધ કરવામાં આવે છે.

મીતી. જેઠ શુદ ૪ સોમવાર શાં. ૨૦૦૨ તા. ૩-૬-૪૬.

S. K. Nayampalli
દીવાન-કચ્છ.

હજની સફર

હીંદી સરકાર જણાવે છે કે આ વર્ષે પણ હજની સફર કરવા ઇચ્છતા મુસાફરો સગવડ થઇ શકે તે કરતા ઘણા વધુ હશે. એટલે બંદરો ઉપર ગીર્દી અને મુસાફરોને નકામું ખર્ચ બચાવવા મુસાફરોની સમીતી, બંદરની હજ સમીતીઓ અને વહાણવટાની કંપનીઓ સાથે વાટાઘાટ કરી ગયા વર્ષની જેમ આ વર્ષે પણ નીયમન હીંદી સરકારે રાખવા ઠરાવ્યું છે.

મુસાફરીની સગવડો કેમ ગોઠવવાના નીયમો અન્વય આપવામાં આવશે. આ કામ માટે રૂમ નાં. ૫૭ કાઉન્સીલ મેમ્બર ન્યુ દીલ્હીમાં એક હજ બુકીંગ ઓફીસ ચાલુ કરવામાં આવી છે. આ અંગે સંપુર્ણ સુચનાઓ થોડા સમયમાં બ્હાર પાડવામાં આવશે.

રમઝાન મહીના પહેલાં થોડા વહાણો માટે હમેશ માંગ હોય છે. અને રમઝાન મહીના પછીના સમયમા મુસાફરીની સગવડો માગ કરતા ઘણી ઓછી હોય છે તેથી હીંદી સરકાર રમઝાન પહેલાં જુલાઈ મહીનામાં પુરતી અરજીઓ આવશે તો એક કે બે સફરો ગોઠવવા હીંદી સરકાર ધારે છે તેમજ કરાંચી મુંબઇ અને કલકતા ત્રણે બંદરોએ આ વર્ષે સફરની સગવડો કરવા ધારે છે. જોકે અમુક મુસ્કેલીઓને લીધે કલકતાની એકજ સફર થશે.

Order

No. 1533 of 1946.

Consequent upon the reversion of Major M. W. Reed, Commandant, Kutch State Forces, to the Indian Army, His Highness Maharao Shree has been graciously pleased to appoint captain Ghanshyamsinhji, as Officiating Commandant of the Kutch State Forces, till further orders, with effect from the 1st of June, 1946,

Dewan's Office
Bhuj, 4th June 1946.

S. K Nayampalli,
Dewan.

Order

No. 1534 of 1946.

His Highness Maharao Shri has been graciously pleased to promote Ag. Capt. Ghanshyamsinhji to the rank of full Captain, with effect from the 1st of June 1946.

Dewan's Office
Bhuj, 4th June 1946

S. K Nayampalli,
Dewan.

ઠરાવ. નાં. ઓફ. ૨૫૭

ઠરાવ નાં. ઓફ. નાં. ૧૯૪ તા. ૯-૨-૪૫ વાળાથી ધી કુડ એડવાઇઝરી બોર્ડની નિમણુંક જે એક વર્ષ માટે કરવામાં આવેલ તે મુદત પુરી થઇ ગયેલ હોઇ તેની મુદત ફરી એક વર્ષ વધારવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ સવાઇ બહાદુર તરફથી ફરમાન થયેલ છે.

તા. ૪-૬-૪૬.

S. K. Nayampalli,
દીવાન - કચ્છ.

યાદી..... હ. ઓ નં ૧૩૩

રેવીન્યુ ખાતેથી રા. રા. રેવીન્યુ કમીશનરે નીકાલ કરેલા કેટલાક કાગળો અમારા તરફ જાહેર થવા આવે છે. તેમાં નીચે જણાવેલ પ્રકારના કાગળો પણ આવે છે.

૧. ભેલના કામોમાં પુરાવો ન હોવાથી કામ બંધ કરવા.

૨. ખળાં ચોરીના કામમાં પુરાવો ન હોવાથી અથવા સામાવાલો ગુજરી જવાથી અથવા પત્તો ન લાગવાથી બંધ કરવાનાં કામો.

ઉપરના બે પ્રકારના કામો હવેથી અમારા તરફ મોકલવાનું બંધ કરી રેવીન્યુ ખાતેથી પરબારે નીકાલ કરવાનું ધોરણ રાખવું પરંતું જમીન દબાવવા સબંધી કે તે લગતા કોઇ કામે થી દરબાર હીત વીરૂધ્ધ ઠરાવ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો કાગળો ચાલતા ધોરણે અમારા તરફ જાહેર થવા આવવા જોઇએ

ઉપર પ્રમાણે ખુદાવિંદ મહારાજા શ્રી હજુર સાહેબના ફરમાનથી ઠરાવવામાં આવે છે.

મીતી. જેઠ શુદ ૮ શુક્રવાર સવંત ૨૦૦૨ તારીખ ૭-૬-૪૬

શ્રી હજુર ઓફીસ,
શ્રી રેવીન્યુ બ્રેન્ચ.

S. K Nayampalli
દીવાન કચ્છ

741

હ. ઓ. ના. ૧૪૨. ઠ રા વ.

બુદ્ધાવીંદ મહારાજ શ્રી હજુર સાહેબના ફરમાનથી મારજીનયાં બતાવેલા ખાતાના મુખ્ય અધીકારીઓના અધીકારો બીજો હુકમ થતા સુધી નીચે મુજબ મંજુર કરવામાં આવે છે.

૧. રા. રા. જાડેજા કોર્ટના પ્રેસીડંન્ટ.
૨. હજુર આસીસ્ટન્ટ.
૩. રા. રા. રેવન્યુ કમીશ્નર.
૪. રા રા. પોલીશ કમીશ્નર.
૫. રા. રા ચીફ કષ્ટમ ઓફીશર.
૬. રા. રા. ચીફ મેડીકલ ઓફીશર.
૭. રા. રા. અકાઉન્ટન્ટ જનરલ.
૮. રા. રા. સ્ટેટ ઇજીનેર.
૯. રા. રા. રેલ્વે મેનેજર.
૧૦. રા. રા. ઈરીગેશન ઇન્જીનીયર.
૧૧. રા. રા. ઇલેકટ્રીક ઇન્જીનીયર.
૧૨. રા. રા, મીકેનીકલ ઇન્જીનીયર.
૧૩. રા. રા. ખાનગી ખાતાના ઉપરી.
૧૪. રા. રા. ન્યુ મીન્ટ સુપ્રીન્ટેન્ડન્ટ.
(જ્યાં સુધી મીન્ટના ઉપરી તથા ખાનગી ખાતાના ઉપરી એકજછે ત્યાંસુધી.)
૧૫. રા. રા. એજ્યુકેશન ઓફીશર.
(કેળવણી ખાતાના ઉપરી હવેથી એજ્યુકેશન ઓફીશર કહેવાશે.)

૧. નીમણુક, રાજીનામું અને બરતરફી.
પોતાના તાબાના કોરી ૨૦૦ સુધીના પગારદાર નોકરોની નીમણુક કરી શકશે. તેમનું રાજીનામું મંજુર કરી શકશે અને બરતરફ કરીશકશે નીમણુંકની પ્રશંગે ઠરેલા ગ્રેડનાં મીનીમમથી વધુ પગાર ઉપર કોઈની નીમણુંક કરી શકાશે નહીં.

૨. ફેરબદલી.
પોતાના તાબાના રા રા. અધીકારી સિવાય તમામ નોકરોની ફેરબદલી કરી શકાશે. પરંતુ એક સ્થળે બે વરસથી ઓછી મુદત થઇ હોય તો ફેરબદલી મંજુરી વગર કરી શકાશે નહી. એક સ્થળેથી બીજે સ્થળે એકજ ગ્રેડમાં ફેરબદલીના પ્રશંગે માત્ર બદલી થવાના કારણે અધીકાર પરત્વે પણ વધારો આપી શકાશે નહી,

૩, સસપેન્સન:
પોતાના તાબાનાં રા. રા. અધીકારી સિવાયના તમામ નોકરોને સસપેન્ડ કરી શકાશે. પરંતુ કોરી ૩૦૦ અથવા તે ઉપરના પગારદાર નોકરને સસપેન્ડ કરવાના પ્રસંગે રા. રા. દીવાનજી સાહેબને તરતજ જાહેર કરવું. આવા નોકરોને સસપેન્ડ કરવાની મુદત માસ ત્રણથી વધુ હોવી જોઇએ નહી. તથા સસપેન્ડ કરવાના કારણોની લેખીત નોધ થવી જોઇએ.

૪. રજા:
પોતાના તાબાના રા. રા. અધીકારીઓ સિવાયના તમામ નોકરોની (૧) હક હોય તો ત્રણ માસ સુધી હક રજા, (૨) હક હોય તો અને શ્રી રાજ્યના ડાકટરનું સરટીફીકેટ હોય તો માસ ત્રણ સુધીની સીક રજા અને (૩) ત્રણ માસ શુધીની કપાત પગારે રજા મંજુરકરી શકશે.

ઉપરનાં ત્રણે પ્રકારની રજા દરમ્યાન ઠરેલા ધોરણે એકટીંગ એલાવન્સથી એકટીંગ ગોઠવણ તે અધીકારી પોતાને યોગ્ય લાગે તે રીતે કરી શકશે. પરંતુ આ રીતે ટુંક મુદત માટે ગોઠવાયેલ શક્સનો તેની ગોઠવણથીજ સીનીયોરીટીનો હક પ્રાપ્ત થશે નહીં. (૪) casual રજા એકી વખતે દશ દીવશ સુધી પોતાના તાબાના ગમે તે નોકરની મંજુર કરી શકશે. કપાત પગારી રજા સિવાય બીજા પ્રકારની રજા ઉપર કોઇ નોકર જાય ત્યારે બદલીમાં નવી હંગામી નીમનોક કરવાનાં પ્રશંગે પ્રથમથી રા. રા. દીવાનજી સાહેબની મંજુરી મેલવવી જોઇએ,

જો કચ્છ બહાર કોઇ નોકરને રજા ભોગવવાની હોય તો હાલે આ ઓફીસે. જાહેર થવા કાગળો આવે છે, પરંતુ હવેથી સેવા કાગળો આ ઓફીસે મોકલવા જરૂર નથી. માત્ર ખાતાના મુખ્ય અધીકારીઓ તેમજ રા. રા. અધીકારીઓએ રજાના રીપોર્ટમાં રજા રાજ્યમાં ભોગવવાની છે કે બહાર, તેવું જણાવવું જોઇએ આવા અધીકારીઓની તમામ પ્રકારની રજાઓ હાલની રીતે શ્રી હજુરથી મંજુર થશે. પરંતુ ખાતાના તાબાના રા. રા. અધીકારીઓની Casual રજા જે તે ખાતાના મુખ્ય અધીકારી ઉપર મુજબ જોકે મંજુર કરી સકે છે, તો પણ સદર રજા રાજ્ય ઉપર બહાર ભોગવવાનાં હોય તો તેની જાહેરાત શ્રી હજુરમાં મોકલવી જોઇએ.

742

૫. દંડ:

પોતાના તાબાના કોરી ૨૦૦ સુધીનાં પગારદાર નોકરોને અડધા મહીનાના પગાર સુધીની રકમ દંડ કરી શકશે.

૬. જુનો ડેડ સ્ટોક સામાન રદ ગણી નવો સમાન ખરીદવા:

બજેટમાં સમાસ હોય તો કોરી૧૫૦ દોઢસો સુધીની દરેક વસ્તુ ખરીદ કરી શકશે પરંતુ જુનો સામાન તદન નીરૂપયોગી હોવા બાબત ખાત્રી કરી તે જાહેર લીલામમથી વેંચાણ કરી શ્રી દરબારમાં રકમ જમા કરાવવી. જે તે અધીકારીઓને બજેટમાં રહી ચાલુ ખર્ચ Ordinary Expenditure કરવાનો હાલે અધીકાર છે તે અધીકારને આથી બાધ નથી.

૭. ડેડ સ્ટોક કે કન્ટીજન્સી સામાનની તદન નવી વસ્તુ ખરીદ કરવા.

બજેટમાં સમાસ હોય તો કોરી ૨૫ પચીસ કીંમત સુધીની દરેક વસ્તુ ખરીદ કરી શકશે.

૮. ઉપર જે બાબતો માટે અધીકાર નીયત કરેલ છે તે બાબતો અંગે પારા ૧ ના મારજીનમાં જણાવેલ અધીકારીઓને ઉપરના અધીકારો બીજો હુકમ થતાં સુધીને માટે પ્રાપ્ત થયા ગણાશે અને અધીકારો નામ યોગ નહીં પણ હોદ્દાની રૂએ જેણે તેણે વાપરવાના છે.

૯. આથી અગાઉ ઉપરની બાબતોમાં રા. રા. હાઈ કોર્ટના ચીફ જસ્ટીસ સિવાય જેમને જે અધીકારો મળેલા છે તે આ હુકમથી રદ ગણી આ હુકમના આધારે નીયત કરેલા અધીકારો જેમણે તેમણે વાપરવાના છે રા. રા. હાઈકોર્ટનાં ચીફ જસ્ટીસને ઉપરની બાબતોમાં જે અધીકારો હાઈકોર્ટ એકટથી અપાયલા છે તે કાયમ સમજવાના છે.

૧૦. ઉપરની બાબતો સિવાય જે અધીકારો હુકમ નાં. ૩૫૭ તા. ૨૭-૧૦-૪૪ થી જે જે અધીકારીને આપવામાં આવ્યા છે તેમણે તે બાબતોમાં હોદ્દાની રૂએ તેવા અધીકારો બીજો હુકમ થતાં સુધી વાપરવાના છે.

૧૧. રા. રા. હાઈકોર્ટના ચીફ જસ્ટીસ હવે ન્યાય ખાતાના મુખ્ય અધીકારી હોઈ રા. રા. ડી-સ્ટ્રીક જડજને તેઓને જે વખતે વરીષ્ટ કોર્ટના ચીફ જડજ તરીકે ઓળખાઈ જે અધીકારો નાં. ૩૫૭ તા. ૨૭-૧૦-૪૪ થી અપાયલા હતા તે આ હુકમથી બંધ પડે છે એમ સમજવું.

મીતી. જેઠ સુદ ૯ શનીવાર શાં ૨૦૦૨. S. K. Nayampalli,

તા. ૮-૬-૪૬. દીવાન કચ્છ.

No. 134 of 1946. ORDER.

In order to revise the salaries and grades of the existing establishments in the State Departments and also to reduce such establishments as may be found unnecessary, His Highness has been pleased to appoint a Committee of the following officers, who should submit their recommendations at an early date :-

1. The Dewan.
2. Rao Bahadur J. D. Rana, Puisne Judge, High Court.
3. Mr. J. H. Mehta, Accountant General.
4. Mr. S. A. D. Naoroji.

Mr. G. K. Dave, Assistant Accountant General, will work as Secretary.

The Committee shall call for such information as may be required, from all Departments, who are required to give the fullest cooperation.

Dewan's Office
Bhuj, 8th June, 1946. S. K. Nayampalli,
Dewan.

હુ. ઓ. નં. ૧૩૫ ઠરાવ.

કચ્છ રાજ્યના નાના નોકરોનાં પગારોમાં હાલના સંજોગો નજરે વધારો કરવાનું મુનાસબ જણાતાં ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબના ફરમાનથી નીચે પ્રમાણે હુકમ કરવામા આવે છે.

૧. શ્રી રાજ્યની તમામ ઓફીસોમાં કારકુનો તથા પટાઓનો ઓછામાં ઓછો પગાર કોરી ૭૫ ઠરાવવામાં આવે છે. જેઓને કોરી ૭૫ થી ઓછો પગાર મળતો હશે, તેઓને કોરી ૭૫ પગાર મલશે.

૨. પટાવાલાઓનો પગાર કોરી ૩૦ છે તેને બદલે કોરી ૪૦ ચાલીસનો ઠરાવવામાં આવે છે રેવીન્યુ હવાલદારનો હાલે કોરી ૨૨૫ પગાર મલે છે તેને બદલે કોરી ૩૦ ત્રીસ પગાર કરી આપવો, તથા મેડીકલ ડીપાર્ટમેન્ટમાં વોર્ડબોય તથા આયાઓને મીનીમમ પગાર કોરી ૪૦ ચાલીસ કરી આપવો.

૩. ઓફીસોમાં જમાદારો જેમને કોરી ૪૦ પગાર મલતો હોય તેમને કોરી ૪૫ પીસ્તાલીસ પગાર કરી આપવો.

૪. પ્રાથમીક સ્કુલ શીક્ષકોનો ઓછામા ઓછો પગાર પણ કોરી ૭૫ પચોતેર કરી આપવો, પરંતુ જેઓએ ૭ સાત ગુજરાતી ધોરણ પસાર કર્યા હોય તેમનેજ આ પગાર મલી શકશે. બાકીનાઓને અગાઉનાં ધોરણે પગાર મળશે, પરંતુ તેવા Unqualified શીક્ષકો પૈકી જેમને ૫૦ થી ઓછો પગાર મલતો હોય તેમણે ૫૦ પગાર કરી આપવો. મોનીટરોનો આમા સમાવેશ થતો નથી

૫. ઉપરના નાં ૧–૨–૩–૪ માં લખ્યા નોકરોને હાલની રીતે મોંઘવારી એલોન્સ ચાલુ રહેશે.

૬. બક્ષી ખાતામાનાજ નોકરો એટલે પાગા, દરબ, અને આરબો એ પૈકી જેમને ૫૦ સુધીનો પગાર હોય તેમને બીજો હુકમ થતાં સુધી મોંઘવારી એલાંવન્સ કોરી ૫ ને બદલે કોરી ૧૦ આપવુ પરંતુ પગાર તથા અલાવન્સની રકમ કોરી ૫૫ થી વધવી ન જોઇએ; અને જેઓને ૫૧ થી ૭૫ સુધી પગાર હોય તેઓને બીજો હુકમ થતાં સુધી કોરી ૩ ને બદલે કોરી ૫ મોંઘવારી મલશે.

૭. રેવીન્યું તથા કસ્ટમ ખાતાં હસ્તક જે સ્વારોને હાલે ઘોડાના ખર્ચ સહીત કોરી ૬૦ મલે છે, તેમને હાલે મલતા કોરી ૩ મોંઘવારી એલાન્સને બદલે બીજો હુકમ થતાં સુધી કોરી ૧૫ પંદર મોંઘવારી એલોન્સ કરી આપવામાં આવે છે.

૮. આ હુકમનો અમલ જેઠ સુદ ૩ શવત ૨૦૦૨ થી કરવો.

મીતી. જેઠ સુદ ૯ શનીવાર સંવત ૨૦૦૨ તારીખ ૮–૬–૪૬.

શ્રી હજુર ઓફીસ,
શ્રી રેવીન્યું બ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

હ. ઓ. નાં. ૧૩૭. ઠરાવ.

હાલે માંદગી શબ્બે અડધા પગારે રજા કેટલી આપવી તે બાબત ચોકસ ધોરણ ન હોવાથી નીચેનું ધોરણ ઠરાવવામાં આવે છે

જેમને હકની રજા મલે છે તેવા દરેક નોકરની દરપુરા બાર માસની નોકરીએ એક માસ અડધા પગારની માંદગીની રજા ચડત ગણવી, અને તે ત્રણ માસથી વધુ ચેડી શકશે નહી. તે ઉપરાંતની રજા રદ ગણાશે. આવી રજા જો દરબારી ડાકટરનુ સરટીફીકેટ રજુ થાય તોજ મંજુર કરી શકાશે.

મીનીઅલ સ્ટાફને રજાનુ ચોકસ ધોરણ હાલ સુધી ઠરેલ નથી. તે સબંધમાં એમ ઠરાવવામાં આવે છે:— મીનીઅલ સ્ટાફના નોકરોની બાર માસની નોકરી પુરી થયે ૧૫ પંદર દીવસની હકની રજા મલી શકશે. પરંતુ એક માસ કરતાં વધુ મુદતની રજા એકત્ર થઇ શકશે નહી. મીનીઅલ સ્ટાફની આવી રજાના પ્રસંગે નવી નીમનોક થઇ શકશે નહી, તેમજ જમાદાર જેવો નોકર આવી રજા ઉપર જાય ત્યારે એકટીંગ અલોનસથી તેની જગો ઉપર નીમણુક થઇ શકશે નહી આવા પ્રસંગે જે તે ખાતાના અધીકારીએ બાકીના મીનીઅલ સ્ટાફથી કામ ચલાવવાની ગોઠવણ કરવી.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાજા શ્રીહજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે

મીતી. જેઠ સુદ ૯ શનીવાર સં૦ ૨૦૦૨ તારીખ ૮–૬–૪૬

શ્રી હજુર ઓફીસ.
શ્રી રેવીન્યુ બ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન–કચ્છ

નં. ૨૫૨. જાહેર ખબર

એજન્સી બરોડા તરફથી નં. આર એચ/૩-૧તા.૨૫-૫-૪૬ અને તા.૨૯-૫-૪૬વાળા એકસપ્રેસ લેટરો આવેલછે

744

તેની સાથે હિંદમાંથી બહાર જતારાઓ સામે જે દેશોએ તા. ૧-૫-૪૧ તથા ૧૩-૫-૪૧ થી કવોરન્ટાઇન પ્રતિબંધ મુકેલ છે તેનું નીચે પ્રમાણેનું કોનસોલીડેટ પત્રક સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવેછે.

પ્રતિબંધ મુકનાર દેશોનાં નામો	જે દરદ માટે પ્રતિબંધ મુકાયેલ હોય તેનું નામ	જે હિંદમાંના દેશો સામે પ્રતિબંધ મુકેલ છે તેનાં નામો
પેલેસ્ટાઇન	કોલેરા	કલકતા (હવાઇ માર્ગ)
	શીતળા	,, (,,)
	,,	મુંબઇ (,,)
ટ્રાન્સજોર્ડન	કોલેરા	કલકતા (હવાઇ અને દરીયાઇ)
	શીતળા	મુંબઇ (હવાઇ)
	,,	,, (હવાઇ અને દરીયાઇ)
સીલોન	શીતળા	મદ્રાસ (,, ,,)
	,,	મુંબઇ (,, ,,)
ઇરાક	કોલેરા	હિંદ (,, ,,)
	શીતળા	,, (,, ,,)
ઇરાન	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
ઇજીપ્ત	શીતળા	,, (,, ,,)
ચીન	શીતળા	,, (,, ,,)
	એન્ટેરીકફીવર	,, (,, ,,)
	કોલેરા	,, (,, ,,)
બર્મા	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
	એન્ટેરીકફીવર	,, (,, ,,)
યુનાઇટેડ કીંગડમ	કોલેરા	,, (,, ,,)
	શીતળા	,, (,, ,,)
મલાયા સ્ટેટસ ઓફ સેટલમેન્ટ	કોલેરા	,, ( )
	શીતળા	,, ( )
ફ્રેન્ચ ઇન્ડોચાઇના	કોલેરા	,, ( )
	શીતળા	,, ( )
ડચ ઇસ્ટઇન્ડીઝ	કોલેરા	,, ( )
	શીતળા	,, ( )
બ્રીટીશ નોર્થ બોર્નીઓ	કોલેરા	,, ( )
	શીતળા	,, ( )
હોંગકોંગ	શીતળા	,, ( )
	કોલેરા	,, ( )

બેંગકોક	કોલેરા	,, ( )
	શીતળા	,, ( )

તા. ૮-૬-૪૬

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

જાહેર ખબર.

પો. જા. નાં ૨૫૪

વિષયઃ- ચીન સીયામ ફ્રેન્ચઈન્ડો ચાઇના નેધરલેન્ડ ઈસ્ટઇન્ડીઝ પેસીફીક એરીઆ અને ફીલીપાઇન્સમાંના પ્રદેશો માટે મુસાફરીની સવડો આપવા સબંધી

એજન્સી (બરોડા) તરફથી નં આર. એમ. ૫/૫૮ તા ૨૮-૫-૪૬ વાળો લેટર અત્રે આવેલ છે તેમાં જણાવે છે કે ઉપર દર્શાવેલ દેશો માટે અરજદારોને મુસાફરીની સવડો જોઇતી હોય તો તેઓને જાણ કરવામાં આવે છે કે પાશપોર્ટ ઉપરાંત તેઓની પાસે એન્ટરી પરમીટ અગર વીસાહોવી જોઇએ કે જે વડે તેઓએ આ સાથેના શીડયુલમાં દર્શાવેલ સતાવાઓ સાથે પરબારે અરજ કરવી જોઇએ. અરજદારોને ચેતવણી આપવામાં આવે છે કે જો તેઓ એન્ટરી પરમીટ અગર વીસા મેળવવામાં નિષ્ફળ જશે તો તેઓને આમાં જણાવેલ લાગતા વળગતા દેશોમાં પ્રવેશ થવાની પરવાનગી નહિ આપવામાં આવે.

ઉપર પ્રમાણેના ખબર સર્વ મુસાફરોની માહીતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

K. V, Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

તા. ૮-૬-૪૬,

SCHEDULE.

Authorities to whom applications for visas or entry permits should be made.

(a) China.
To the Chinese Consular authorities in India for visas.

(b) Pacific Area.
To Headquarters, Land Forces, Melbourne, Australia, for entry permits.

(c) Netherlands East Indies.
To the Colonial Office Representative in India, (Manakwa Building, Outram Road, Bombay), for entry permit.

(d) French Indo-China.
To the Government of French Indo-China tarough the French Consular authorities in India, for entry permits.

(e) Siam.

There are at present no restrictions on number or category of persons permitted to enter Siam, provided they are of good character, free from disease, and have means of support in that country. Pending establishment of Siamese Consulates in India, British subjects holding valid passports may proceed to Siam without visas. It is not necessary to obtain permission for their entry into Siam.

They should however, report to Siamese authorities on arrival.

(f) The Philippines.
To the United States consular authorities in India for visas.

જાહેર ખબર.

ઉડો ઉડો ઉડો

ગગનમાં વિહાર કરો.

એર સરવીસ ઓફ ઇન્ડીયા લીમીટેડની મુંબઇ જામનગર તથા ભુજની રોજની સરવીશ

ત્રણ એકવીશ બેઠકો વાળાં મોટાં વિમાનો ગગનદુત, ગગનદેવ તથા ગગનદીપ જનતાની સેવામાં હાજર છે.

આવવા જવાનો સમય નીચે મુજબ છે.

મુંબઇથી ઉપડશે	સવારના	૭–૩૦
જામનગર આવશે	સવારના	૯–૪૫
જામનગરથી ઉપડશે	સવારના	૧૦–૧૫
ભુજ આવશે	સવારના	૧૦–૪૫
ભુજથી ઉપડશે	સવારના	૧૧– ૫
જામનગર આવશે	સવારના	૧૧–૩૫
જામનગરથી ઉપડશે	બપોરના	૧૨– ૦
મુંબઇ આવશે	બપોરના	૧૪–૧

ટીકીટના ભાવો.

મુંબઇથી જામનગર ના	રૂા.	૮૦
મુંબઇથી ભુજ ના	રૂા.	૧૦૦
જામનગરથી ભુજ ના	રૂા.	૨૦

જવા આવવાની રીટર્ન ટીકીટ લેનારને ૫% વળતર કાપી આપવામાં આવશે જામનગર તથા મુંબઇ માલ મોકલવા તથા મંગાવવાની પણ સગવડ રાખવામાં આવી છે.

માલ મોકલવા તથા મંગાવવાના વજનના ભાવ

મુંબઇ માટે એક રતલના	રૂા.	૦–૮–૦
જામનગર માટે એક રતલના	રૂા.	૦–૨–૦

કુમ્પની તરફથી મુસાફરોને વિમાનના મથક એરોડ્રામ ઉપર લઈ જવા અને ત્યાંથી લઇ આવવા માટે મોટર વાહનની સગવડ ઓફીસથી રાખવામાં આવી છે. તેને માટે કશોપણ વધુ ખર્ચ લેવામાં આવતો નથી. આવી સગવડ જામનગર તથા મુંબઇમાં પણ રાખવામાં આવી છે.

માંડવી તથા મુંદરાથી આવનાર તથા જનાર મુસાફરો માટે રૂટ સરવીશમાં, જો મુસાફરો અમુક કલાક પહેલાંથી ખબર આપે તો, તે માટે પણ ખાશ સગવડ કરાવવામાં આવી છે.

જગ્યા અને રીઝરવેશન માટે નીચેનાં ઠેકાણે પુછપરછ કરો. પુછપરછનો જવાબ તરત આપવામાં આવે છે. મળો યા લખો.

ઠેકાણું :—

એર સરવીશ ઓફ ઇન્ડીયા લીમીટેડ

વાણીયાવાડનાં નાકાં બહાર

ભુજ–કચ્છ.

તારનું શરનામું:–

"એર ટેકસીસ"

જાહેર ખબર

ડી ડી જા. ના ૭૦૬૭

આથી સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે જખૌના શા વલભદાસ ધરમશી મહેશ્વરીએ આ કોર્ટ પાશે એવી અરજ કરેલ છે કે જખૌના શા રવજી વલભદાસ મારા પુત્ર થતા હતા તેઓ જખૌ મા શા ૨૦૦૦ ના આસુ સુદ ૧૩ સોમવારના રોજ ગુજરી ગએલ છે તે નિસંતાન ગુજરી ગએલ છે મરહુમ શા રવજી વલભદાસની ધી એશીયન એસ્યુરન્સ કુા.લી. માં વીમાની પોલીસી રૂા ૧૦૦૦) એક હજારની છે આ વીમાની રકમ મને મળવા માટે મે મજકુર કુા ને જણાવતાં તે કુા એ અમારો કલેઇમ એકસેપ્ટ કરી મને વારશા સર્ટીફીકેટ મેળવવા જણાવેલ છે

શા રવજી વલભદાસ મારા પુત્ર થતા હતા અને તેઓ મુજર્યા સા લગી અમે બધા સંયુકત કુટુંબમાં રહેતા હતા અને હજુ પણ અમે બધા સંયુકત કુટુબમાંજ છીયે તેથી ગુજરનાર શા રવજી વલભદાસ નો નજીકનો અને કાયદેશરનો વારશ હું છુ જેથી ઉપર જણાવેલ ધી એશીયન એસ્યુરન્સ કુા લી મુંબઇની મારા પુત્ર રવજીની રૂા ૧૦૦૦) એક હજારની જીંદગીની વીમાની પોલીશી ના ૫૪૨૧૩ વાલીની ૨ કમ રૂા ૧૦૦૦) એક હજાર વસુલ કરવા માટે હુ શા રવજી વલભદાસનો વારશ છુ એવુ વારશા સર્ટીફીકેટ અપાવશો

આ શબંધમા કોઇને કાઇ તકરાર કે વાંધો હોય તો તેણે શા ૨૦૦૨ના જેઠ વીદ ૮ શનીવાર સુધી માં અથવા તેરોજ આ કોઇ પાશે આવી જાહેર કરવુ તે પ્રમાણે તે મુદત સુધીમા કોઇના તરફથી કાંઇ ત કરાર કે વાંધો બતાવવામા નહી આવે તો મુદત વીતે અરજદારે માંગેલ વારશા સર્ટીફીકેટ તેને આપવા વીશે મટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી.

વૈશાખ સુદ ૧૧ શનીવાર શા ૨૦૦૨

રાવાજલાલ લક્ષ્મીશંકર,
એ ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જજના હુકમથી

જાહેર ખબર.

ડી. ડી. સે. જા. નાં. ૮૦૫૬.

આથી સર્વ લોકોંને ખબર આપવામાં આવે છે કે કોડાયના શા. દેવજી આસુ ગુજરી જતા તેનાં વીલથી વારશ તેની વિધવા મેઘબાઇ ઉમરશી એઆ કોર્ટ પાશે એવી અરજ કરેલછે કે શા. દેવજી આસુ મારા પતી થાયછે તેમને બે પત્નીછે એક હું તથા બીજી શા. જેઠીબાઇ વરજાંગ મારા પતીને કંઇ પણ સંતતિ થએલ નથી તે આ ચાલતી સાલના ફાગણ વીદ ૪ ના રોજ ગુજરી ગએલછે તેઓએ ચાલતી શાલના અશાડ સુદ ૧૧ સુકરવારના રોજ પોતાની મિલ્કતનું એક વીલ કરેલ છે અને તે માડવી કોર્ટમાં રજીષ્ટર કરાવેલ છે મજકુર વીલથી મારા પતી એ પોતાની હયાતી બાદ પોતાની તમામ સ્થાવર જંગમ મિલ્કતના વારશ તરીકે મને બતાવેલ છે. મારી શોક જેઠીબાઇને તેણીના ગુજરાન સારૂ મારા ધણીએ તેણીને પુરતી મિલ્કત આપીછે. તેશીવાયની મારા ધણીની તમામ મિલ્કતમાં તેણીનો કશો હકક નથી મારા ધણીએ કરેલ વીલ પ્રમાણેની મિલ્કત મારે કબજે છે.

મારા ધણીએ પોતાની હયાતીમાં મુંબઇમાં તાતા પાવર કંપની લીમીટેડના નગ ૨ દરેક રૂા. ૧૦૦૦ ના નંબર ૧૮૦૯૨ તથા ૧૮૦૯૩ વાળા ખરીદેલ છે મજકુર શેરની માલેકી મારા ધણી ગુજરી જવા પછી તેમણે કરેલ વીલની રૂએ મારી થાય છે. અને તે શેર કંપનીમાં મારા નામ પર ટ્રાંશફર કરવાના છે. જેથી વીલનુ પ્રોબેટ મેળવવાની જરૂર છે. માટે મારા પતીએ ચાલતી શાલના અશાડ સુદ ૧૧ સુકરવારની મીતીના કરેલ વીલનુ મને પ્રોબેટ અપાવશો.

આ શંબધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે ચાલતી સાલના જેઠ વીદ ૮ શનીવાર સુધી માં અથવા તેરોજે આ કોર્ટ પાશે આવી જાહેર કરવુ તેપ્રમાણે તે મુદત સુધીમા કોઇના તરફથી કાઇ તકરાર કે વાંધોબ તાવવામાં નહી આવે તો તે મુદત વીતે અરજદારે માગેલ વીલનુ પ્રોબેટ તેને આપવા વીશે મટીત થતાં પાછળથી કોઇની કાઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી.

મુ. શ્રી ભુજ નગર ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ કોર્ટ કચ્છ
વૈશાખ વીદ ૧ સુકરવાર શા. ૨૦૦૨.

મહેતા રાવાજલાલ લક્ષ્મીશંકર ઘતાણી
મે. કોર ડીસ્ટ્રીકટ એન્ડ સેસન જજના હુકમથી.

જાહેર ખબર

આથી સર્વ લોકોંને ખબર આપવામાં આવે છે ખેડોઇના મેમણ હાજી અહમદ મીઠા ગુજરી જતાં તેના વારશ પુત્ર મેમણ અલીમહમદ હાજી અહમદે શ્રી કોર્ટ પાશે એવી અરજ કરેલ છે કે મારા પિતા મેમણ હાજી અહમદ મીઠા શા. ૧૯૬૪ માં લકવાની બીમારીથી કચ્છ ખેડોઇ મધ્યે ગુજરી ગયા છે તેમનો હું એકલો કાયદેશરનો વારશ પુત્ર છું અને તેમની મીલ્કતનો કબજેદાર છું.

મારા પિતાના નામથી એડન મદયે ધી બેન્ક ઓફ ઇન્ડીઆ લી. માં રૂા. ૩૫૦ આશરે કરન્ટ એ કાઉન્ટમાં વ્યાજુ છે મજકુર રકમ મળવાની બેન્ક પાશે મારા તરફથી માંગણી કરવામાં આવી પણ આપ નામદાર કોર્ટનું વારશા સર્ટીફીકટ રજુ કર્યા વગર તે રકમ મને મળી શકે તેમ નથી મારા પીતા નો હુ એકલો વારશ પુત્ર છુ અને તેમની તમામ મીલ્કતનો કબજેદાર છુ મારા શીવાય તેમનો કોઇ વારશ નથી મારા પીતા એ કોઇ વીલ કરેલ નથી જેથી મરનાર મેમણ હાજી અહમદ મીઠાનો હુ વારશ છુ એવું સકશેશન સર્ટીફીકેટ અપાવશો.

આ શબધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય

તેણે શા. ૨૦૦૨ ના જેઠ વીદ ૧ શનીવાર સુધીમાં અથવા તે રોજ આ કોર્ટ પાશે આવી જાહેર કરવુ તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઈના તરફથી કાંઈ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવેતો તે મુદત વીતે અરજદારે માગેલ સકશેશન સર્ટીફીકેટ તેને આ પત્ર વીશે મતીત થતાં પાછળથી કોઇની કાંઈ તકરાર કે વાંધો શાંભળવામાં આવશે નહી.

ઇ. શ્રી ભુજ નગર ડીસ્ટ્રીક એન્ડ શેશન્સ કોર્ટ કચ્છ
વૈશાખ વીદ ૧૧ શોમવાર શા. ૨૦૦૨

સવાઇલાલ લક્ષ્મીશંકર
મે. ફોર ડીસ્ટીકટ એન્ડ શેશન્સ જજના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

શ્રી ભુજ અદાલત

ખાદી દાવાનો નંબર ૩૧ સંવત ૨૦૦૨

ઠા. નારાણજી નરસીંહ મેગપર વાદી
ઠા. વલ્લભજી અરજણ વિ. પધર પ્રતિવાદી

દાવો બાબત

પધર હાલ મુંબઈના રહેવાર ઠા કેશવજી અરજણને માલમ થાયજે વાદી ઠા. નારાણજી નરસીંહએ તમારા ઉપર લેણા બાબતનો દાવો કર્યો છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, સંવત ૨૦૦૨ના માસ જેઠ સુદ ૧૨ વાર મંગળને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબળા જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાયેલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો

માતી જેઠ શુદ ૨ વાર શનીવાર શા. ૨૦૦૨

મણીલાલ ચુનીલાલ
મે એડી ભુજ ન્યાયાધીશ શાના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સવાઇ બહાદુર જી. બી

શ્રી અજાર અદાલત ખા. દી. તા. નાં. ૪૬ ના ૧૫૭ શા ૨૦૦૨

ઠા. હરીરામ ભવાનજી વી. રે અજારના વાદી
ખંડોળ સોમચંદ તેજપાળ વિ. રે ભીમાસર તે હાલે વરતેજ } પ્રતિવાદી

બાબત-તામીલ થવા

ભીમાસર મધ્યે નીચે લખ્યા શખ્સોને હુકમ કરવામાં આવે છે કે આ કામના વાદી એ આ કામે તમારા ઉપર લેણાં બાબત કરેલ દાવાનુ હુકમનામુ અજાર અદાલતત રફથી નાં. ૧૯ શાં. ૨૦૦૦ વાળુ વૈશાખ સુદ ૧૧ ૨૦૦૦ ના રોજ થયુ છે. તે પ્રમાણે તમોએ તામીલ નહી કરવાથી તમારી નીચે લખી મિલ્કત જપ્ત કરવામાં આવી છે તે આકોટ નો બીજો હુકમ થતાં સુધી સદરહુ મિલ્કત કોઇને બક્ષિસથી, ગીરોથી કે વેચાણથી કે બીજી કોઇ પણ રીતે કોઇ ને આપવી નહી. તેમજ કોઇએ તમારી પાસેથી લેવાની આથી મનાઇ તથા પ્રતિબંધ છે એમ સમજવું:—

ગામ રાપર તાલુકાના ભીમાસર મધ્યે ની નીચે લખી મિલ્કત:—

૧. રેણાક જગ્યા ૧ મોટા વાસમાં સુતારોના ફળીઆમાં ઓરડા બે ઓસરી સહીત તથા વખારો (ડેલા) નંગ બે તથા એકઢાળીયું તથા વાડા સહીત ડેલીબંધ ૧ વાસના ચોકથી દખણાદી કોર છે. ૨ સંઘવી ધનજી ભગવાનજી તથા પ્રા. ની બીજી જગ્યાઓથી ઉત્રાદી તરફ છે. ૩ મકવાણા રામસંગ મેઘાના વાડાથી આથમણી કોર છે. ૪ હપાણીઓના ફળીઆથી તથા વણોલ ગણા જેસાનાં વાડાથી ઉગમણી કોર છે.

૨ જગ્યા બીજી સજાણીઓના ફળીઆમાં મોટા વાસમાં ઓરડા-૩ ઓસરી, વખારો ત્રણ જગ્યાનું આંગણું ખડકી ડેલીબંધ જગ્યા:- ૧ ખત્રી લાલજી ઉદાની ભેણીથી ઉત્રાદી કોર છે. ૨- સજાણીના ફળીઆન રસ્તાની ઉગમણી કોર છે. ૩- મકવાણા ભુરાકુંભાની ભેણીથી દખણાદી કોર છે. ૪- મેતા કરમચંદ કસ્તુર વાળાના કબજાનાં હાટોથી આથમણી કોર છે.

૩ જગ્યા ૧ મોટા વાસમાં ઓરડા ઓસરી તથા ડેલી બંધ:- ૧- મકવાણા નાથા હરધોળ રહે છે તે ભેણીથી ઉત્રાદી કોર ૨- સુતારોના મઢ તથા ચોકથી આથમણી કોર ૩- સંઘવી ધનજી ભગવાનજી ની ભેણીથી ઉગમણી કોર છે. ૪- મકવાણા રામસંગ કોચીણીના વાડાથી તથા બીજી ભેણીથી દખણાદી કોર છે.

૪ જગ્યા ૧ કુંભારોના વાસમાં ઓરડા ચાર ઓસરી ખડકી ડેલીબંધ :-૧- કુભારોની સેરીમાં જવાના માર્ગથી આથમણી કોર છે. ૨-૩-ગામમાં આવવા જવાના માર્ગથી તથા પટયો ઉત્રાદી તથા આથમણી કોર છે ૪- કુભાર લાધાની ભેણીથી તથા વાડાથી દખણાદી કોર છે.

૫ ગામ ભીમાસરની રોકડ બાબની પેદાશ મુળ ગરાસીઆ તરીકે નો ને ભાવેલા પતાળ તથા ખેગારજી મલુજીની પાંતીનો ભાગ જે પ્રતિવાદીઓને આવેલ હોઇ પ્રતિવાદીઓ રોકડ બાબની પેદાશ ખાય છે તે રોકડ બાબની પેદાશનો હકક ભાગ તે હકક:-

એરીતે.

૧ ખંડોળ સોમચંદ તેજપાળ
૨ ,, મહાદેવ તેજપાળ
૩ ,, મણીલાલ તેજપાળ

મીતિ વૈશાખ વીદ ૧૧ સોમવાર શા. ૨૦૦૨

H. C. Jathi
અંજાર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

શ્રી મુંદરા કોર્ટ નાં ૪૧૩

તામીલ કામ નાં પર શાં ૨૦૦૨

શોની રામજી આવજી વગેરે મુન્દા વાદી
ભાટીયા ઠા દયાળ હંશરાજ વગેરે " પ્રતિવાદી

દાવો લેણા બાબત

મુન્દાના નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ વાદીએ શાં ૧૯૮૨નાં મહા વીદ ૭ ગુરનાં રોજ મઝેલ ઠરાવ મુજબ કોરી ૨૩૨૧।।। ૨ મલવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પોચેથી તમારે વાદીની તામીલ બજવણી રોજ ૪૫માં કરવી નહીતર મુદત વીતે કાયદેશર થશે.

૧ ઠા દયાળ હંશરાજ
૨ " તુલશીદાશ હંશરાજ
૩ " જમનાદાશ હંશરાજ ગુજરી જતાં તેના વીધવા ગંગાબાઇ

મીતી વૈશાખ વીદ ૦)) ગુરૂ શાં ૨૦૦૨

Narottam D. Mehta,
મુન્દા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અબડાસા કોર્ટ તરફથી

ઠા. ગોવીંદજી મુરારજી મોટી ડુપી વાદી
બુટા દાનસંગજી દેવજી નાની ડુપી પ્રતિવાદી

દાવો

આડી ૨ કઢાવી બાંકિરા બંધ થવા

બદીના મધે બુટા દાનસંગજી દેવજીને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર દાવો કરેલ છે, તેના દાવા જવાબ દેવા તમે આ કોર્ટમાં શાં ૨૦૦૨ ના અસાઢ સુદ ૧૨ ગુરૂ સવારના ૭ વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેજો નહીતો કાયદેસર થશે.

મતી વૈશાખ વીદ ૧૨ ભોમે સંવત ૨૦૦૨

S D Rana
અબડાસા ન્યાયાધીશ

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બહાલી અગર તો મંજુરી મળેછે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

અમો ધાણીથરના નીચે સહીઓ કરનાર આથી જાહેર પ્રજાને ખબર આપીએ છીએ કે ધાણીથરના દેદા શીવુભા સુરાજી કે જે અમારા ભાઇ થતા અને તેઓ ગુજરતાં તેમની પાછડ તેમની બે વીધવાઓ છે અને તેના ઉતરાધીકારી વારસ અમો છીએ કાયદેસર રીતે તેમજ અમારી જ્ઞાતીના નીયમે આ વીધવાઓ માત્ર ભરણ પોસણની હકદાર છે આ વીધવાઓને કાયદેસર કાંઇપણ વ્યવહાર કે વ્યવસ્થા કરવા સતા કે અધીકાર નથી અને મિલકતના પુર્ણ માલીક અમે ઉતરાધીકારી વારસો છીએ અને મજકુર વીધવાઓ પાસે પુરતી મીલકત છે તેમજ અમે પુરતી રીતે ભરણ પોસણ કરીએ છીએ આ વીધવાઓ પૈકી પણ મુખી મોટી વીધવા નાથીબા છે અને નાનાં વીધવા રાજકુંવરબા ગજસિંહજી છે તે રાજકુંવરબાને પડખે અમારા કેટલાક વિઘ્ન સંતોસીઓ ચડી હાલે તેને પાસેથી દેદા કાળુભા રવાજી કે જે અમારી સામી પાંખડીના છે તેને કોઇક પાવર લખી આપેલ છે જેથી જાહેર પ્રજા ન છેતરાય તે ખાતર આ જાહેર ખબર આપવા ફરજ પડે છે કે આ વીધવાઓને કાંઇપણ સીવુભાની મીલકતની વ્યવસ્થા કે વહીવટ કરવા સતા કે અધીકાર નથી ત્યાંપછી તેના પાવરદારો પણ તે સતા કે અધીકાર હોઇ શકે નહી તોપછી આ રાજકુંવરબા સાથે કે તેના પાવરદાર સાથે કોઇએ કોઇપણ વ્યવહાર કે વ્યવસ્થા કે લેતીદેતી કે કરજ કરવું નહી છતાંપણ કોઇ કાંઇપણ કરશે તો તે પોતાને હીસાબે અને જોખમે અમને બાકી તેની જવાબદારી તે વીધવાઓ પર કે અમપર કે શીવુભાની મીલકત પર રહેશે નહી તેવા આથી દરેકને ખબર આપીએ છીએ.

શ. ૨૦૦૨ના વૈશાક વીદ ૮ સુકવાર

દેદા હરશંગજી ધીરૂભાની શાઇ
દ૦ પોતાના.

દેદા ગમરશંગજી શશંગજીની
શાઇ દઃ પોતાના.

દેદા ભગવતશંગ રાયશંગજીની
શાઇ દઃ પોતાના

દેદા નોંધણજી નથુજીની શાઇ દઃ પોતાના.

ખાનગી ઝાહેર ખબર

૪. આ કામગીરી માટે નીચે મુજબ ખર્ચ મંજુર કરવું.

નોન રીકરીંગ

કોરી ૧૫૦૦ પાંચ કબાટ પુસ્તકો રાખવા માટે દરેક કોરી ૩૦૦ સુધીનો.
૧૧૧૦ ચાર કબાટ મેડીકલ સાધનો માટે કોરી ૨૭૭ા સુધીનાં
૫૦૦ કબાટ, પુસ્તકો વીગેરે મોકલવાનું ખર્ચ.

૩૧૧૦

રીકરીંગ ખર્ચ

કોરી ૮૧૦ નવા શિક્ષકોને કામગીરી બદલ મહેનતાણું કોરી ૭ા લેખે માસીક.
૧૦૮ ઇસ્યુ બુક, રજીસ્ટર વીગેરે માટે કન્ટીજન્સી.

૯૧૮

૫. પુસ્તકો વાંચવા આપવા સંબંધે કેળવણી ખાતેથી થઇ આવેલ નિયમો પ્રમાણે ગોઠવણ કરવી.
મીતી જેઠ વીદ ૬૦ શનીવાર શાં. ૨૦૦૨

તા: ૨૯-૬-૪૬.

S K. Nayampalli,
દીવાન કચ્છ.

જ્યુ. જા. નાં ૬૫૩૭ ઠરાવ.

હ. ઓ નાં. ૨૯૧ તા: ૧૮-૧૦-૪૫થી નગરસભાઓમાં મંજુર થએલ જાહેરણ અનવયે હાલના નગરસભાના બોયલોઝમાં નીચે પ્રમાણે સુધારા વધારા કરવામાં આવે છે:-

૧. બાયલોઝમાં જે જે જગોએ ઇ. જા. નાં. ૫૫૧૬ તા: ૧૫-૪-૪૨ વાળો ઠરાવ લખવામાં આવેલછે તે તે જગોએ હ. ઓ. નાં. ૨૯૧ તા: ૧૮-૧૦-૪૫ વાળો ઠરાવ એમ વાંચવું.

૨. બાયલોઝના પ્રકરણ ૧લાની કલમ ૨માં "શ્રી રાજ્ય તરફથી પ્રમુખ તરીકે નિયુકત થએલ અધિકારી" જ્યાં લખાએલ છે ત્યાં તેને બદલે "દરેક નગરસભાએ પ્રમુખ તરીકે ચુંટેલ સભ્ય" એમ વાંચવું.

૩. પ્રકરણ ૧લાની કલમ ૨જીની પેટાં કલમ ૧ તરીકે નીચેની કલમ રાખવામાં આવે છે.
૧. કે: દરેક નગરસભા પોતાનો પ્રમુખ સભ્યોમાંથી પહેલીજ બેઠકમાં ચુંટી કઢાશે.

ખઃ પ્રમુખની ચુંટણી નગરસભાની મુદત સુધી રહેશે

ગઃ પ્રમુખ પોતાના હુદ્દાનું રાજીનામું નગરસભાને સુપ્રત કરી શકશે.

ઘઃ પ્રમુખનું રાજીનામું મંજુર થતાં સુધી તે કામ કરશે પરંતુ રાજીનામું મંજુર થયે અથવા બીજા કારણસર તે જગ્યા ખાલી પડે, તો નગરસભા નવો પ્રમુખ ચુંટી કહાડશે.

ઙઃ દરેક નવી નગરસભાની શરૂઆતમાં પ્રમુખની ચુંટણી થતાં સુધી કામ કાજ કરવા શ્રી કચ્છ રાજ્ય તરફથી જે તે નગરસભા માટે પ્રમુખ નીમાશે

આ કલમની હાલની પેટા કલમો -૧- -૨- અને -૩- અનુક્રમે ૨, ૩ અને ૪ ગણવી અને તેવો સુધારો દરેક યોગ્ય સ્થળે કરવો.

૪. પ્રકરણ ૪થાની કલમ ૧૪માં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે:

પેટાં કલમ ૧માં "ઉમર વરસ ૨૫" જ્યાં લખાએલ છે ત્યાં તેને બદલે "ઉમર વરસ ૩૦" વાંચવું. પેટા કલમ -૨-માં "બાર માસ" જ્યાં લખાએલ છે ત્યાં તેને બદલે "છ માસ" વાંચવું.

૫ પ્રકરણ ૪થાની કલમ ૧૫ માં છેડે નીચે પ્રમાણે વધારો કરવામાં આવે છે:

"આવો સભ્ય ચુંટાએલ હશે તો તેનું રાજીનામું નગરસભા મંજુર કરી શકશે પણ જો તેવો સભ્ય શ્રી રાજ્ય તરફથી નીમાએલા હશે તો તેનું રાજીનામું મે. રા. રા. દિવાન સાહેબ તરફ મોકલવું".

મીતી જેઠ વદ ૦)) શનીવાર શાં. ૨૦૦૨ તાઃ ૩૦-૬-૪૬

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

નાં એફ ૨૮૪. ઠરાવ

શ્રી માંડવી રાહત સમિતિ તથા શ્રી અંજાર રાહત સમિતિ એ તે તે ગામના મધ્યમ તથા ગરીબ વર્ગને વ્યાજબી ભાવે અનાજ મળે તે સારૂ નિચે પ્રમાણે મદદ આપવા ખુદાવંદ મહારાજા શ્રી હજુર સાહેબ સવાઈ બહાદુરના ફરમાનથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે:-

૧. બંને રાહત સમિતિઓને સા. ૨૦૦૩ના અસાડ સુદ ૩થી હાલ ચાર માસ સુધી દર માસે રાહત અંગે સહન કરવામાં આવતી ખોટની અરધી રકમ પરંતુ એક દર માસિક કોરી ૫૦૦૦ પાંચ હજારથી વધારે નહિ તેટલી રકમ શ્રી દરબાર તરફથી મદદ તરીકે આપવામાં આવશે અને બાકીની અરધી રકમ રાહત સમિતિ ઓએ પોતે ભોગવવાની રહેશે.

૨. ઉપર કલમ ૧માં જણાવ્યા પ્રમાણે જો દર માસે કોરી ૧૦,૦૦૦ દસ હાજરની ખોટ થાય અને તે પૈકા કોરી ૫૦૦૦ પાંચ હજાર સમિતિઓ ભોગવે તો કોરી ૫૦૦૦ પાંચ હજાર શ્રી દરબારે આપવાનું મંજુર કરવામાં આવે છે જો ખોટ ઓછી થાય તો તે પ્રમાણે સ્ટેટ માસિક કોરી ૫૦૦૦ પાંચ હજારથી ઓછી આપશે પણ વધારે ખોટ થાય તો વધુ આપશે નહિ

૩. સદરહુ સમિતિઓ તરફથી વેચાણ થતા અનાજમાં દર માસે જેટલી ખોટ જાય તેનો વિગતવાર રીપોર્ટ દર માસે મે. રા. રા. દિવાનજી સાહેબ તરફ મોકલવાનો છે અને આ પ્રમાણે હિસાબે નીકળતી ખોટનું બીલ સમિતિ તરફથી આવેથી મે. રા. રા. દિવાનજી સાહેબની મંજુરીથી શ્રી રાજ્યે આપવાની ખોટની રકમ એકાંન્ટ ખાતેથી યોગ્ય ખાતે પાડી આપવામાં આવશે.

૪. આ સમિતિઓ તરફથી અનાજની વ્હેચણી રા. રા. ડાયરેકટર ઓફ ફુડ સપ્લાઇઝ તરફથી જે રેશન અને ભાવની નક્કી કરવામાં આવે તે અનુસાર કરવાની રહેશે ખાસ કરીને બાજરો માંથા દીઠ માસીક એક આપ પ્રમાણે આપવાનો છે તેથી વધુ આપી શકાશે નહિ તેમજ બીજુ અનાજ પણ જથ્થાની નજરે મુકરર કરવામાં આવે તે બોરણેજ આપવાનું છે.

૫. માંડવીમાં શ્રી માંડવી તાલુકા સમિતિ તરફથી હાલ કાર્ડ સીસ્ટમથી અનાજની વ્હેંચણી ચાલુ છે એટલે આ જે રાહત જે અને આપવાની હોય તેઓના પ્રથમ કાર્ડ કહાડી તે કાર્ડો શ્રી માંડવી તાલુકા સમિતિના કાર્ડમાંથી કેન્સલ કરાવ્યા બાદ આ રાહત શરૂ કરી શકશે કારણ તેમ ન કરવામાં આવે તો રેશન બેવડાવવાનો સંભવ રહે છે.

તા. ૩-૭-૪૬.

S. K. Nayampalli
દીવાન કચ્છ.

નાં ૯૨૫ ચાદી

મોટર વેહીકલ્સ એકટ સને ૧૯૩૯ના ત્રાહીત શખસના જોખમ (third party risk) સબંધનાં પ્રકરણ ૮ નો અમલ થર સબંધમાં એજન્સી સેરા નાં તા. ૨૭ મે સને ૧૯૪૬ વાળાથી લખાઈ આવેલ છે. આ સબંધમાં જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે બ્રિટીશ ઇન્ડીયામાં દરેક મોટર વાહનનો ત્રાહીત શખસના જોખમ માટે ફરજીયાત વીમો ઉતરાવવાનું ધોરણ તા. ૧ લી જુલાઈ સને ૧૯૪૬થી દાખલ કરવાને

નિર્ણય કરવામાં આવેલ છે આથી કચ્છના દરેક મોટર વાહન ધરાવનારા શખ્સોને સુચના આપવામાં આવે છે કે તેઓ બ્રિટીશ ઈન્ડીઆમાં યાને જે હીન્દી રાજ્યોએ આ ત્રાહીત શખસના વીમા અનત્રયેનો ધારો અમલમાં મુકયો હોય તેવા રાજ્યમાં પોતાનાં વાહનો લઇ જવા ઇચ્છતા હોયતો તેવા વાહનોનો, બ્રિટીશ ઇન્ડીઆના યા તેવા દેશી રાજ્યના માન્ય વીમો ઉતારનારા પાસે ત્યાં જતાં પહેલાં તેવો વીમો ઉતરાવવાનો રહેશે.

જેઠ સુદ ૧૩ બુધવાર શાં ૨૦૦૨ તા. ૧૨-૬-૪૬

J. J. Ashar,
For દિવાન.

જુ. જા. ના. ૬૫૭૧ ઠરાવ.

હ. ઓ. નાં. ૧૬૧ તા. ૧-૭-૪૬ અન્વય શ્રી ભચાઉ નગરસભામાં રા. ઓવરસીયરને શ્રી રાજ્ય નિયુકત સભ્ય તરીકે નીમવામાં આવેલ હતા પરંતુ હાલે ભચાઉ ખાતે રા. ઓવરસીયર ન હોવાથી રા. મીડલ સ્કુલના હેડ માસ્તરને રા. ઓવરસીયરની જગ્યાએ શ્રી દરબાર નિયુકત સભ્ય તરીકે નીમવામાં આવે છે.

મી. હુશેન મેમણને શ્રી રાજ્ય નિયુકત સભ્ય તરીકે નીમવામાં આવ્યા છે તે ના. હુશેન ઇબ્રામ મેમણ છે.

તા: ૫-૭-૪૬

J. J. Ashar.
for દીવાન-કચ્છ

પો. અ. જા. નાં ૨૭૭ જાહેર ખબર

બરોડા રેસીડન્સી તરફથી લેટર નાં આર. એચ. ૩-૧ તા. ૨૬-૬-૪૬ વાળો અત્રે આવેલ છે. તેની સાથે હિન્દુસ્તાન બહારના દેશોએ હિન્દુસ્તાનના પ્રદેશોમાંથી આવતા શખ્સો ઉપર તા. ૩-૬-૪૬ થી મુકેલ કવોરન્ટાઇન પ્રતિબંધનુ કોન્સોલીડેટેડ લીસ્ટ આવેલ છે તે સર્વ મુસાફરોની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

પ્રતિબંધ મુકનાર દેશનું નામ.	દર્દનું નામ	હિન્દુસ્તાનમાં જે પ્રદેશો ઉપર પ્રતિબંધ મુકાયલ છે તે પ્રદેશનું નામ.		
પેલેસ્ટાઇન	કોલેરા	કલકતા	હવાઇ	
	શીતળા	,,	,,	
	,,	મુંબઇ	,,	
ટ્રાન્સજોર્ડન	કોલેરા	કલકતા	,,	
	શીતળા	મુંબઇ	,,	
	,,	કલકતા	,,	અને દરીઆઇ
સીલોન	શીતળા	મદ્રાસ	,,	,,
	,,	મુંબઈ	,,	,,
ઇરાક	કોલેરા	હિંદુસ્તાન	,,	,,
	શીતળા	,,	,,	,,
ઇરાન	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
ઇજીપ્ત	શીતળા	,,	,,	,,
ચીન	શીતળા	,,	,,	,,
	એન્ટેરીકફીવર	,,	,,	,,
બર્મા	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
એન્ડોક	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,

તા. ૯-૭-૪૬

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી

જાહેર ખબર.

ઉડો ઉડો ઉડો

ગગનમાં વિહાર કરો.

એર સરવીસ ઓફ ઇન્ડીયા લીમીટેડની મુંબઇ જામનગર તથા ભુજની રોજીંદી સરવીશ

ત્રણ એકવીશ બેઠકો વાળાં મોટાં વિમાનો ગગનદુત, ગગનદેવ તથા ગગનદીપ જનતાની સેવામાં હાજર છે.

આવવા જવાનો સમય નીચે મુજબ છે.

મુંબઈથી ઉપડશે	સવારના	૭–૩૦
જામનગર આવશે	સવારના	૯–૪૫
જામનગરથી ઉપડશે	સવારના	૧૦–૧૫
ભુજ આવશે	સવારના	૧૦–૪૫
ભુજથી ઉપડશે	સવારના	૧૧– ૫
જામનગર આવશે	સવારના	૧૧–૩૫
જામનગરથી ઉપડશે	બપોરના	૧૨– ૦
મુંબઇ આવશે	બપોરના	૧૪– ૧

ટીકીટના ભાવો.

મુંબઇથી જામનગર ના	રૂા.	૮૦
મુંબઇથી ભુજ ના	રૂા.	૧૦૦
જામનગરથી ભુજ ના	રૂા.	૨૦

જવા આવવાની રીટર્ન ટીકીટ લેનારને ૫% વળતર કાપી આપવામાં આવશે જામનગર તથા મુંબઇ માલ મોકલવા તથા મંગાવવાની પણ સગવડ રાખવામાં આવી છે.

માલ મોકલવા તથા મંગાવવાના વજનના ભાવ

મુંબઇ માટે એક રતલના	રૂા.	૦–૮–૦
જામનગર માટે એક રતલના	રૂા.	૦–૨–૦

કુમ્પની તરફથી મુસાફરોને વિમાનના મથક એરોડ્રામ ઉપર લઈ જવા અને ત્યાંથી લઇ આવવા માટે મોટર વાહનની સગવડ ઓફીસથી રાખવામાં આવી છે. તેને માટે કશોપણ વધુ ખર્ચ લેવામાં આવતો નથી. આવી સગવડ જામનગર તથા મુંબઇમાં પણ રાખવામાં આવી છે.

માંડવી તથા મુંદરાથી આવનાર તથા જનાર મુસાફરો માટે રેલ્વે સરવીશમાં, જો મુસાફરો અમુક કલાક પહેલાંથી ખબર આપે તો, તે માટે પણ ખાશ સગવડ કરાવવામાં આવી છે.

જગ્યા અને રીઝરવેશન માટે નીચેનાં ઠેકાણે પુછપરછ કરો. પુછપરછનો જવાબ તરત આપવામાં આવે છે. મળો યા લખો.

ઠેકાણું :—

એર સરવીશ ઓફ ઇન્ડીયા લીમીટેડ

વાણીયાવાડનાં નાકાં બહાર

ભુજ–કચ્છ.

તારનું શરનામું:—

"એર ટેકસીસ"

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ
શ્રી હાઇ કોર્ટ
ખા. દી. રે. ખા. અપીલ નંબર ૬૬ સંવત ૨૦૦૨
સા. પાસુ કચરા રે. સમાગોગા) અપેલેન્ટ
સંઘવી ચાંપશી લખમશીના વારસો
સંઘવી ભગવાનજી નેણશી વીગેરે માંડવી } રીસ્પોડેન્ટ
બાબત

નીચેની શ્રી ડીસ્ટ્રીકટ કોર્ટે પ્રતીવાદી નાં૩ વાલાની અપીલ મંજુર કરી દાવો રદ કરવાનો ઠરાવ કરેલ છે તે ઠરાવ રદ થઈ દાવા પ્રમાણે હુકમનામું થવા બાબત

મુંદ્રાના નીચે લખ્યા નામો વાળા શખ્શોને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે: તેનો તપાસ સંવત ૨૦૦૩ ના શ્રાવણ વીદ ૧૦ ગુરૂવારને રોજ આકોર્ટ-માં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેસર થશે.

૧. સંઘવી પોપટલાલ નેણશી રે મુન્દ્રા
૨. સંઘવી સંભુલાલ સોમચંદ રે. મુન્દ્રા

મિતી અશાડ શુદ ૭ ગુરૂવાર સંવત ૨૦૦૩

B. N. Mehta
મે. ચીફ જસ્ટીસ સાહેબના હુકમથી
શિરસ્તેદાર હાઇકોર્ટ.

મહારાજા ધીરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ
શ્રી ભુજ કોર્ટ્યા નોટીશ
દી. તા. કે. નં. સંવત ૨૦૦૨
મેમણ સાલેમામદ હાશમ ભુજ વાદી
મેમણ સારૂબાઈ હામદ ભુજ પ્રતીવાદી
બજાવણી દાવો કોરી ૭૪૮૦
તથા જગાનો કબ્જો મળવા

મેમણ સારૂબાઇ હામદ રહેવાશી ભુજ ને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સંવત ૨૦૦૨ ના પોષ વીદ ૧ શુકરે ના રોજે આ અદાલતમાં થયેલ છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રતીવાદીણ દાવાવાલી જગાઓનો કબ્જો દસ્તાવેજો સીખે સોંપે તેમજ રાચર ચીલાંની કોરી ૧૦૦) એકશો તથા દાવાની તારીખથી કબ્જો મળતાં સુધી જગાની નુકશાનીના કોરી ૧૦) દશ લેખે આપે તથા મુકદ્દમા ખર્ચ આ। તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છ માટે નોટીશ પોચેથી રોજ ૧૫ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહીતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવેશે.

સંવત ૨૦૦૨ જેઠ વીદ ૧૨ બુધે મુ. ભુજ

બળવંતરાય કેશવલાલ
મે ભુજ ન્યાધીશના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી જાડેજા કોર્ટ
ખા. દી. કામ નાં. ૪ શાં ૨૦૦૦

કેરાના જાડેજા મદનસિંગજી વાગજીને ખબર આપવામાં આવે છે કે કેરાના હોથી ગોડજી પીથુજીએ તમ વીગર ઉપર પડતર જમીન બાબતનો દાવો કરેલો છે તેમાં દાવા જવાબ આપવાની તારીખ ચાલતી સાલના અશાડ વીદ ૧૨ ગુરૂવારનો આપી છે તે તારીખે હાજર થજો જો હાજર નહી થાઓ તો મુદ્દત વીતે એક તરફી રાખવામાં આવશે.

જેઠ વીદ ૧૭ ગુરૂ શાં. ૨૦૦૨

શીવલાલ છગનલાલ,
મે. પ્રે. જા. કોર્ટના હુકમથી.

સી. સ. જા. નં ૨૦૦૭ જાહેર ખબર

અંજારના મેસર્સ લાલજી કચરાણી એન્ડ સન્સે લંડનની મેસર્સ મેથી ટોડ એન્ડ કું. લી પાસેથી મંગાવેલ સ્વાન વીસોરીલ ફાઉન્ટન પેનની દરેકની વેચાણ કીંમત રૂા ૮-૩-૩ લખે Consumer Goods (Control of Distribution) Order 1944 ની રૂએ ઠરાવવામાં આવે છે.

તા. ૪-૭-૧૯૪૬ N. Y. Samarth
ડીરેકટર ઓફ સીવીલ સપ્લાઇઝ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર બી. જી. ઇ.
શ્રી ભુજ અદાલત નાં. ૧૨૦૯
ખા. દી. દાવાનો નંબર ૧૩૮ સંવત ૨૦૦૨
રાડોડ વાગજી દેશર વિ. ભુજ વાદી
માઉ શાકરચંદ પરશોતમ વિ. ભુજ પ્રતીવાદી
દાવો
જગ્યાનો કબ્જો મળવા બાબત

ભુજ મધ્યે ના રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે વાદી ભુજના રાડોડ વાગજી દેશર વાગેરાએ તમારા ઉપર જગ્યાનો કબ્જો મળવા બાબતનો દાવો કર્યો છે. માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૨ના માસ અસાડ વીદ ૧૧ વાર ભોમને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે. જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને

વાદી જેવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો

ઠા. નરશી પ્રેમજી

ઠા. રાઘવજી પ્રેમજી

મિતી જેઠ વદ ૧૪ વાર શુક્રવાર સંવત ૨૦૦૨

મણીલાલ ચુનીલાલ

મે. ઓફીસ ભુજ ન્યાયાધીશ સા. ના હુકમથી.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભચાઉ દીવાની કોર્ટ શા ના ૯૨૧

ઠા. ધનજી ડોશાભાઇ વી. છાડવાલા વાદી

પંડયા ચુનીલાલ શીવશંકર વી. કરાંચી પ્રતીવાદી

દાવો હીંગા બાબત

સીન્ધ મધ્યે પંડયા ચુનીલાલ શીવશંકરને માલમ થાયજો વાદીએ કરેલ દાવાનો તપાસ આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થવાની તારીખથી રોજ ૧૫ની અંદર ચાલશે માટે તે રોજ તમે જાતે અગર મુખત્યાર મારફતે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેશર થશે.

મીતી જેઠ વદ ૧૨ શની ૨૦૦૨

Virjlal Harilal

ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર. જી- બી ઇ.

શ્રી રાપર દીવાની કોર્ટમાં. નાં ૧૮૦૪

ખા. દી. કા નાં. ૨૮૩ સાં ૨૦૦૨

ઠક્કર ધોપટ નારણ વી. ઉમૈયા વાદી

રબારી એધા રેદશા વી. રવ પ્રતિવાદી

દાવો કોરી ૬૦૦) મલવાનો

સીંધના રબારી રાજા ડોશાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૬૦૦) મ લવાનો દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં સાં ૨૦૦૩ના શ્રાવણ વીદ ૪ બુધવારના રોજ કોર્ટ ના દાઇમે હાજર થાજો નહીતર મુદત વીતે કાયદેશર થશે.

સાં. ૨૦૦૨ના જેઠ વીદ ૧૩ ગુરવાર

શાહુ પ્રભુરામ જેઠાભાઇ,

રાપર ન્યાયાધીશ,

મહારાજા ધિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.

શ્રી રાપર કોર્ટ નાં ૧૬૦૧.

ખા દી. તા. કામ નાં ૭૫૮ સાં. ૨૦૦૨.

ઠા. રવજી જાદવજી સુંદરજી વી હમીરપર વાદી

મણી સાદેવા કરશન વી. માંડવી પ્રતિવાદી

દાવો ઠરાવથી કોરી ૨૬૬૦ મળવા

માંડવીના નીચે લખ્યા શખ્સોને માલમ થાય જે આ વાદીએ તમોપર થયેલ ઠરાવ સાં ૧૯૯૮ના માગશર વદ ૯ શુક્રના ઠરાવ મુજબ કોરી ૨૬૬૦ મળવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ શ્રી કચ્છ રેજીસ્ટમાં છપાવાની તારીખથી રોજ પંદરની અંદર વાદીના લેણાની તામીલ કરી પોચ રજુ કરજો નહિતર કાયદેશર થશે.

મીતી આશાડ શુદ ૫ ગુરૂ સાં ૨૦૦૩

૧. માણી મદેવા કરશન | શાહુ પ્રભુરામ
૨. મણી રાણુ કરશન વીઠલજી | જેઠાભાઇ

રાપર ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દી કોર્ટ નાં ૧૯૨૬

ખા. દી. તા. કામ નાં ૨૮૧ શા. ૨૦૦૨

બાબરીઆ સોમચંદ જેચંદ લોદરાણી વાદી

વાયેક જસકરણજી રામજી ભાવનગર પ્રતિવાદી

દાવો—ઠરાવથી કોરી ૨૨૩૦ મલવા

ભાવનગરના પાલક જસકરણ રામજી તથા પાલક કલુરામ તથા પોબડા રામજી સમીરોનો વાલી જસકરણ રામજીને માલમ થાય જે તમો પર થયેલ ઠરાવ સાં ૨૦૦૧ ના ફાગણ સુદ ૧૩ શનીવારના ઠરાવ અનવયે કોરી ૨૨૩૦ મળવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાવાની તારીખથી રોજ પંદરની અંદર વાદીના લેણાની તામીલ કરી પોચ રજુ કરજો નહિતર મુદત વીતે કાયદેશર થશે.

મીતી અશાડ સુદ ૬ શુક્ર સાં ૨૦૦૩

શાહુ પ્રભુરામ જેઠાભાઇ

રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ

નાં ૧૯૨૪ ખા. દી. કામ નાં ૩૮૬ શા. ૨૦૦૨

શા. દામજી પાનાચંદ વી. દેપા વાદી

માલી શાંણુ રતા વી. હૈદ્રાબાદ પ્રતિવાદી

દાવો—કોરી ૨૪૦૭ મલવા બાબત

સીંધ હૈદ્રાબાદના માલી શાંણુ રતાને માલુમ થાય કે આ વાદીએ તમારા ઉપર કોરી ૨૪૦૭ મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં સાં. ૨૦૦૩ના ભાદરવા સુદ ૭ સોમવારના રોજે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેશર થશે

સાં. ૨૦૦૩ના અશાડ સુદ ૬ શનીવાર

શા. પ્રભુરામ જેઠાભાઇ,

રાપર ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર. જી. બી. ઇ.

શ્રી રાપર દી. કોર્ટ નાં. ૧૯૫૨

ખા. દી. કામ નાં. ૨૯૩ ૨૦૦૨

કોરડીઆ ભાઇચંદ ખુશાલ કૃતેગઢ વાદી
કુભાર જેમલ શરતાણુ અંજાર પ્રતિવાદી

દાવો—કોરી ૩૨૬૧ મલવા બાબત

અંજારના કુંભાર જેમલ શરતાણુને માલુમ થાય કે આ વાદીએ તમારા ઉપર કોરી ૩૨૬૧ મલવાનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શાં. ૨૦૦૩ ના ભાદરવા સુદ ૭ સોમવારના રોજે કોર્ટના ટાઇમે હાજર થાજો નહિતર મુદત વીતે કાયદેશર થાશે.

શાં. ૨૦૦૩ના અસાડ સુદ ૯ શનીવાર.

શા. પ્રભુરામ જેઠાભાઇ,
રાપર ન્યાયાધીશ

મહારાજા ધીરાજ મીરજા મહારાઓ શ્રી ૭ વીજય રાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

ખા દી. નાં. ૩૫૬ ૨૦૦૨

શ્રી રાપર દી. કોર્ટ

ઠા. પોપટલાલ અવલર હાલીજ વાદી
કુંભાર બેચરા કરશનની ધરવાલી વીધવા ફુલાબાઇ અંજાર. } પ્રતિવાદી

દાવો.— કોરી ૧૦૦ મલવા

અંજારના કુંભાર બેચરા કરશનની વીધવા ફુલીબાઇને માલમ થાયજે આ વાદીએ તમારા પર કરેલ દાવાનો જવાબ આપવા આ શમન્સ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર તમો આ કોર્ટમાં હાજર થજો નહીતર કાયદેશર થશે.

જેઠ વીદ ૧૪ શુકરવાર ૨૦૦૨

મુલચંદ ઉકા મહેતા
મે. જો. રાપર ન્યાયાધીશના હુ. થી.

મહારાજા ધીરાજ મીરજાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ. ની

શ્રી રાપર દી. કોર્ટ નાં. ૧૪૪૭

ગ્ય. દી. કામ નાં ૧૧૮ શાં. ૨૦૦૨

વ્યાસ. ગવરીશંકર. આણંદરામ પલાંશવા. વાદી.
ઉમટ. માદેવા વણવીર. એજ પતિવાદી

દાવો

કોરી ૧૯૩૯।।।૪ મળવા

પલાંશવાના ઉમટ માદેવા વણવીરને માલમ થાયજે આ કામ જાગીરની જ્યુરીસડીકસન ખેંચાઇ જતાં આંહી ચાલવા માટે આવેલ છે માટે તે બાબતમાં તમારો જવાબ લેવાનો છે માટે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શમન્સ છપાયાની તારીખથી રોજ ૧૫ ની અંદર હાજર થજો નહીતર મુદત વીતે કાયદેસર થશે.

જેઠ વીદ ૧૪ શુકરવાર ૨૦૦૨

મુળચંદ ઉકા મહેતા
મે. જો. રાપર ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓ શ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી. રાપર દીવાની કોર્ટ નાં. ૧૪૪૮

ખા. દી ના. ૨૩૮/૨૦૦૨.

બાબરીઆ સોમચંદ જેચંદ લોદરાણી વાદી.
બારા. જીવા અખમ વી. એજ પ્રતિવાદી.

દાવો—કોરી ૩૮૫ ચડતે વ્યાજે મલવા

લોદરાણીના બારી ગણા અખઇને માલમ થાય જે આ વાદીએ તમારા પર કરેલ દાવાનો જવાબ આપવા તમો આ કોર્ટ માં શમંન્શ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી. રોજ ૧૫ ની અંદર હાજર થજો નહીતર કાયદેશર થશે.

જેઠ વીદ ૧૪ શુકરવાર ૨૦૦૨.

મુલચંદ ઉકા મહેતા,
મે. જો. રાપર ન્યાયાધીશના હુકમથી.

મહારાજા ધિરાજ મિરજા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

ખાં દી કામ નાં. ૩૨ શાં. ૨૦૦૨ શ. નાં ૨૪૩

શ્રી લખપત અદાલત.

ઠા. કલ્યાણજી મેઘજી લખપત વાદી
હોથી તેજમાલજી માણસંગજી ભુજ પાસે દેશલપુર પ્ર. ખાતાના રૂએ વ્યાજ સાખે કોરી ૧૬૫૨ ચડતે વ્યાજે મળવાનો દાવો

ભુજ પાસે દેશલપુર મધે હોથી તેજમાલજી માણસંગજી ને માલમ થાય જે આ કામે દાવાજવાબ આપવા માટે તમો અથવા તમારા વકીલ કે મુખત્યારે શાં. ૨૦૦૩ના અસાડ વિદ ૧૪ શનીવારના રોજે સવારના ૭॥ વાગ્યાના ટાઇમે આ કોર્ટમાં હાજર થવું તેમાં કશુર થસે તો કાયદેશર થસે.

મીતી જેઠ વીદ ૩ સોમવાર શાં. ૨૦૦૨

K. S. Rana,
લખપત ન્યાયાધીશ.

હ. જા. તા ૧૬૦૬ જાહેર ખબર

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના વાણીયા દોસી સાકરચંદ નાનચંદે ૨૦૦૨ ના વૈશાખ વિદ ૮ ના દસ્તાવેજથી અંજારના કસારા સોની માધવજી દેવસી તથા પરસોતમ દેવસી પાસેથી શહેર અંજાર મધ્યે જગ્યા ૧ મલા શેરીમા વંડી કળીયામાં આથમણે બારવાલી કોરી ૧૫૫૦૧) પનર-હજાર પાંચસો એકમાં અઘાટ હમારાવાર વેચાણ લેતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મિલ્કત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસ્સો હોયતો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિદ્ધ છે થયાની તારીખથી માસ ૧ અકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીતર

સુદત વીત્યે છાપો થવા વીસે ઘટીત થશે :
જેઠ વીદ ૧૦ સોમે ૨૦૦૨
લક્ષ્મીદાસ ગોકલદાસ,
અંજાર વહીવટદાર

હ. જા નાં ૧૬૪૦ જાહેર ખબર

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના વાણીયા સંઘવી પ્રેમચંદ પાસવીરે ૨૦૦૨ ના ફાગણ શુદ ૧ ના દસ્તાવેજથી અંજારના વાણીયા સાહ જમનાદાસ ઓધવજી પાસેથી શહેર અંજાર મધ્યે જગ્યા ૧ ઓંગ બજારમાં આથમણી લાઇન પર દોસી ગલાલચંદ મુળજી વાલો ફળીયો આવેલો છે તે ફળીયામાં ઉગમણી મોહાડ વાલી ડેલી અંદરની કોરી ૬૧૫૦૧) એકત્રીસ હજાર પાંચસો એકમાં અઘાટ હમીરવાર વેચાણ લતાં તેનો ખપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનુ કોઈ જાતનું લેણ લેખું અગર હક કે હીસ્સો હોયતો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીદ્ધ– થવાની તારીખથી માસ ૧ એક અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીતર સુદત વીત્યે છાપો થવા વીસે ઘટીત થશે.
જેઠ વીદ ૧૦ સોમે ૨૦૦૨
લક્ષ્મીદાસ ગોકલદાસ,
અંજાર વહીવટદાર

જાહેર ખબર હ જા. નાં ૧૬૪૧

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના સંઘવી પ્રેમચંદ પાસવીરને અંજારના સુતાર પ્રેમજી ધનજીના વારસ સુતાર વાલજી પ્રેમજી ભાઈઓઝા જગનાથ દયાશંકર ગુજરી જતાં તેના વારસ ઓઝા મોહનલાલ કૃપાશંકર અંજાર હાલ વસઇ પ્રતિવાદી ઉપર તામીલ કામે ન્યાય અદાલતમાં પ્રતિવાદીની અંજાર મધ્યે જગ્યા ૧ ઓઝા શેરીમાં આવેલી છે તે જપ્ત થઇ લીલામ થતા છેવટને યલે તમારે કોરી ૧૭૦૫) સતરસો પાંચમાં વેચાણ રાખતતા તેનુ અંજાર ન્યાય અદાલત તરફથી સેલ સર્ટીફીકેટ વૈશાખ શુદ ૩ શુક્રવાર ૨૦૦૨ થી મલતા તેના દસ્તાની બાબત માટે અહીની કચેરીએ રજુ થતા સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનું કોઇ જાતનું લેણ લેખું અગર હક કે હીસ્સો હોયતો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિદ્ધ થવાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવુ નહીતર સુદત વીત્યે છાપો થવા વીસે ઘટીત થશે
જેઠ વીદ ૧૦ સોમે ૨૦૦૨
લક્ષ્મીદાસ ગોકલદાસ,
અંજાર વહીવટદાર

જાહેર ખબર.

જખાની ઘટારવાલી અને કાળી છોડની રેલમાંથી નીચે દબાયેલ માલ હાથ આવતાં વોટર પોલીશ તરફથી મંજુરીથી કઢાવવામાં આવેલ છે.

મોઢાનાં ડ્રમ ૪ ચાર માર્ક S. V. O. C. Mobil. Kutch. ગેલન ૪૪ આમાં બે ભરેલા અને બે અધુરા છે અંદર પેટ્રોલ છે

૧૦) કપાસીયા ગુણી ૨ બે પ્રત ૫

એ રીતે આ માલનો જે માલીક હોય તેણે એક માસની અંદર આ ઓફીશે સંપુર્ણ ખાત્રી રજુ કરવા સુદત બાદ માલ દરબાર દાખલ થશે.

જેઠ સુદ ૮ શુક્રે શાં ૨૦૦૨
Trikamji T.
અબડાસા વેવટદાર

જાહેર સુચના

નીચેની જાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની મ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

હું ભચાઉ તાલુકે ગામ માયનાં જાડેજા આવાજી (કરશનજી) ગોપાલજીના વીધવા પામબા આથી સર્વ લોકોને ખબર આપું છું કે

માયના જાડેજા દેવુભા ભાવસંગજીએ મારા અને મારી મીલ્કત બાબતમાં શ્રી કચ્છ ગેઝેટમાં જાહેર ખબર આપેલ છે તે તદન ખોટી છે જાડેજા દેવુભા ભાવસંગજી મારા પતીનો નજીકને કુટંબી નથી પણ આશરે ૨૦ વીસ પેઢીએ ભાયાત છે તે મારા પતીનો ઉતરાધીકારી વારસ થતો નથી.

મારા મર્હુમ પતીની હયાતીમાંજ તેમને પુત્ર સંતતી નહોતાં અને ફકત એકજ પુત્રી હોતાં તેમજ દશ પેઢી શુધી કોઈ વારસ પણ નહોતાં મારા પતીએ મારી પુત્રી અને જમાઇને સાથેજ રાખેલ અને તેમને પોતાના વારસ ઠરાવેલ તે રીતે મારી પુત્રીનાં પૈત્ર નામે શીવુભા પ્રતાપસંગજી જે કે મારા સાથેજ છે અને તે મારા વારસ છે આ શીવુભા તથા તેના પીતા બને નાના મોટા અમારા પાસે થયેલા તેના લગ્ન વીગેરે બધુ અમે પુત્રની રીતે કરેલું

શીવુભાનો જન્મ પણ માય ગામે મારે ઘરે થયેલો છે તેને નાનો મોટો પાળી પોષી મોટો મે કરેલો છે તેને પુત્ર તરીકે મે પરણાવેલ છે અને મારી હયાતીબાદ તે મારો વારસ છે એવુ વીલ મેં બે વખત કરેલું છે પ્રથમ રજીસ્ટર્ડ પણ

કરાવેલ છે હું મારી મીલ્કતની સંપુર્ણપણે વ્યવસ્થા કરી શકવા હક્કદાર છું અને તે પ્રમાણે મને જરૂર પડે ત્યારે વેચસાટ પણ કરૂં છું પ્રથમ કરેલ પણ છે એટલે જાડેજા દેવુભાએ ખોટી રીતે છપાવેલ હકીકત પર કોઇ જનતાને દોરાવું નહિ મારો વારસ દેવુભા છેજ નહિ. મારો નજીકનો સબંધી પણ નથી તેવું આથી બધાને જણાવું છું.

મિતિ જેઠ વિદ ૮ શનીવાર શાં. ૨૦૦૨

આ નીસાની જાડેજા ગગુજી વાલાની ધરવાલી વીધવા બા શ્રી પામબાની ડાબા હાથનાં અંગુઠાની છે ઉપર લખ્યા તે સઈ

ખાનગી જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપુ છું કે વઢાડાની ધરમશાડા પાશે અમારા વડીલોનુ વઢો જે હાલે દેવજી મેગરાજની વીધવા વેજબાઇ ભોગવે છે તેમણે શા મેગરાજ પુજા તથા નથુ પુજાની માલીકીનુ છે તે નથુ પુજાને મેગરાજનુ પુત્ર પાશે મેગરાજનુ કાયદેશર વારશ છું તે વઢો વેજબાઇ વેચવા કરે છે તો કોઇએ લેવુ નહી કે વઢા ઉપરે કોઇએ ધીરધાર કરવી નઇ અગર કરશે તો તેનુ અમારો હક હીશો જવાબદાર નથી

શાં ૨૦૦૨નાં જેઠ શુદ ૧૨ ભોમે

શા લાલજી ગોવંદજી ની શઇ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર.

હું સુખપરનાં કણબી કુંવરબાઇ કાનજી આથા શર્વે લાગતાં વળગતા તથા જાહેર જનતાને જાણ કરૂં છું કે મારા ઓરમાન પુત્ર સુખપર નાં કણબી મેપાણી રામજી ગોવીંદે કચ્છ રાજ્ય પત્ર પુસ્તક ૭૩ અંક ૨૩ મીતી જેઠ શુદ ૨ શનીવાર વાળામાં પાને ૩૦૬ પર છપાવેલ તા. ૨૩-૫-૧૯૪૬ની મીતીની ખાનગી જાહેર ખબરમાં લખી વાતો ખોટીછે મારો મજકુર ઓરમાન પુત્ર મારાથી તથા મારા સગીર બાળકોથી તેને ફાળે આવેલ મીલ્કત લઇ શાં-૧૯૯૪નાં વેશાખ વીદ ૬ને રોજ ફાળો લખી આપી રીતસર જુદો થઇ ગયોછે અને ત્યારથી મારા સગીર બાળકોની વાલી હું છું અને તેઓનું ભરણ પોષણ પણ હું કરૂં છું મારા પતિ મારા તથા મારા બાળકોનાં ગુજરાન માટે એક જગ્યાનો જોટો તથા એક ખેતર શિવાય કશું સાધાન કે કંઇ રકમ મુકી ગયા નથી એક અમારૂં ગુજરાન તથા વ્યવહારો હું જાતે બની શકે તેટલી કમાણી કરીને તથા ખુટતી રકમ વ્યવહારે વાલી તરીકે ઉપાડી હું ચલાવું છું મારા ઓરમાન પુત્ર રામજીને તે બાબતમાં મારે કશું પુછવા કારણ નથી અને તે મારો ઓરમાન પુત્ર હોતાં તેને અને અમારે સરખાઇ નથી બલ્કે રામજી અમારાથી અદાવદ ધરાવેછે અને તે કારણેજ શદરહુ ખોટી જાહેર ખબર તેણે છપાવી છે.

અમારા કબજાની મિલ્કત માટે હું વાલી તરીકે સ્વતંત્ર મુખત્યાર છું અને માશ પડખે કોઇ ચડવાનો આક્ષેપ જુઠોછે મને જ્યારે જ્યારે અમારા ગુજરાન વીગેરે માટે રકમ ઉપાડવા જરૂર પડી છે ત્યારે સ્વતંત્ર રીતે મેં રકમો અમારી મીલ્કતો પર મારી મરજીસર ઉપાડી અને હજી પણ કાયદેશરની જરૂરીયાત માટે ઉપાડવા મારો હક છે મારા ઓરમાન પુત્ર રામજીને મેં કયારે પણ પુછયું નથી અને પુછવા કારણ પણ નથી છતાં હું અને મારા બાળકો રખડી પડીએ અને અમારી મીલ્કતો રામજીને આપી દઇએ તેવે ઇરાદે અમારો વ્યહવાર અટકાવવા તેણે આ ખોટી જાહેર ખબર છપાવી છે અને તથી કોઇએ દોરવાઇ જવું નહીં એજ

મીતી જેઠ વીદ ૧૩ ગુરૂવાર શાં ૨૦૦૨

કૃષ્ણલાલ નાતમલાલ માંકડ

તે કણબી કુંવરબાઇ કાનજીનાં વકીલ

ખાનગી જાહેર ખબર

અંજાર તાબે ગામ વીંઝા વલાડીઆનાં ડાંગર દાનાં તથા આલા સુમાઈત જત આથી સર્વ જનતાને ખબર આપીએ છીએ કે અમારા ભાઇ ડાંગર પાંચા સુમાઇત શાં. ૨૦૦૧ના ચૈત્ર માસમાં ગુજરી ગયેલ છે

અમારો ભાઈ પાંચો પ્રથમ પરણ્યો હતો તેની ઘર વાલી ગુજરી ગઇ છે અને તેના પેટે દીકરી એક નામે ભચી જે અત્યારે ૮ વર્ષની સગીર છે અને ત્યાર પછી બીજુ ઘર કર્યું જેના થી દીકરી એક નામે નાગદે જે ૪ વર્ષની સગીર છે એ રીતે બે દીકરીઓ છે અને વિધવા નામે

બાઇ દેવીબાઇ છે અમારો ભાઇ પાંચો ગુજરતી વખતે સારા પ્રમાણમાં સ્થાવર જંગમ મિલ્કત મુકી ગયો છે હાલે કેટલાક સ્વાર્થી માણસો અમારા ભાઇની વિધવાને પડખે ચડતાં ઘણા ખરી જંગમ મીલકત બરબાદ કરી નાખી છે. બળદો તથા ગાય વેંચી નાંખી છે અને બકીની જંગમ મીલકત તથા ગાય વિગેરે વેંચવાની તજવીજમાં છે તે ઉપરાંત સ્થાવર મિલ્કતમાં ખેતરો તથા જગ્યા વેચવાની તજવીજમાં છે જે તેણીને અમારી જ્ઞાતિનાં રીવાજ અનુસાર કોઇ પણ સંયોગોમાં વેચવા કે બીજી કોઇ પણ રીતની વ્યવસ્થા કરવા અધિકાર નથી. જેથી સર્વ જનતાની જાણ ખાતર આ જાહેર ખબરથી જણાવીએ છીએ કે અમારા ભાઇ પાંચા સમાઇતની વિધવા દેવબાઇ પાસેથી કોઇ પણ જાતની સ્થાવર જંગમ મિલ્કત ગીરો વેચાણ કે બીજી રીતે લેવી નહી છતાં પણ જે કોઇ વેચાણથી કે બીજી રીતે મજકુર દેવાબાઇ પાસેથી લેશે તો તે મિલ્કત કે અમો તે રકમ માટે જવાબદાર નથી એવુ આ જાહેર કરીએ છીએ.

મીતી જેઠ વીદ ૧૪ સુકરવાર શાં ૨૦૦૨

૧ ડાંગર આલા સુમાઇતની શાઇ દઃ ડાંના
સુમાઇતના ધણીના કવાથી
ડાંમર ઢાંના સુમાઇતાની શાઇ દા પોતાના

ખાનગી જાહેર ખબર.

હું માધાપરના મીસ્ત્રી વાલજી રતના સર્વેની માહીતી માટે જાહેર કરૂં છું કે મારા આઠ દીકરા છે અને એક દીકરી છે જેમાંથી ૪ દીકરા પરણાવી રસોડે જુદા કર્યા છે બાકી દીકરા ચાર અને દીકરી એક કુંવારાછે અને મારા ભેગા છે મારા વડીલના વખતની જુજ મીલ્કત છે તેના પ્રમાણમાં પરણેલ દીકરા પાછળ ખર્ચ કરી તેમને રસોડે જુદા કર્યાછે મારી પાસે જે કાંઇ મીલકત છે તેનો હું એકલો વહીવટ કરૂં છુ મે કોઇને પણ મારા નામે લેતી દેતી કરવાનો હક કે અધીકાર આપેલ નથી.

મારા સાંભળવામાં આવ્યુંછે કે મારો દીકરો ગોવીંદ તથા ત્રીકમજી જુગાર રમવાની ખરાબ આદતમાંછે અને તેમણે જુગારમાં મોટી રકમો ખોઇ છે અને કોઇ માણસોને તે બદલ મોટી રકમનાં ખાતા લખીઆપેલ હોય એમ સંભળાયછે

આ નોટીસથી જાણ થાય કે મારા નામ સાથે કે વહીવટ સાથે તેમને કાંઇપણ સબંધ નથી તેમ તેમણે કોઇને ખત ખાતાં લખી આપેલ હોય કે આપેલ હસે તેમને કે મારા વહીવટને બંધ કારક નથી કારણ કે તે લેતી દેતી મારા માટે કે મારા વહીવટ સાથે કાંઇ સબંધ ધરાવતી નથી

આથી સર્વેની માહેતી માટે વિસેષ જાહેર કરવામાં આવે છે કે કોઇએ પણ મારા નામે કે મારા વહીવટના નામે મારા ઉપર જણાવેલ બે દીકરા કે બીજા કોઇ દીકરા સાથે લેતી દેતી કરવી નહી અને જે કોઇ કરસે તેને માટે મારી મીલકત કે હું જવાબદાર નથી ત જાણ થાય.

મીતી અશાડ સુદ ૪ મંગળવાર શાં ૨૦૦૩

મી. વાલજી રતનાની શાઇ દઃ પોતાના

ખાનગી ઝાંહેર ખબર

હું નીચે સહી કરનાર રવેચી જાગીરના મહંત ભગવાનગરજી કેશવગરજી આથી જાહેર જનતાને જાણ કરૂં છું કે મે હરીગર ભગવાનગર ને મારા ચેલા તરીકે સાં ૧૦૦૨ ની સાલે અમારી જાગીરની પ્રથા પ્રમાણે પસંદ કરી ક્રિયા સહીત દીક્ષા આપી હતી પરંતુ છેલ્લા ૬ માસથી સદરહુ હરીગર અમારા ધર્મ પ્રમાણે વર્તતે ન હોવાથી તેમજ તે અમારા પાસેથી વગર રજા એ જતો રહેલો હોવાથી અને તે ઘરબાર થવા માટે સગપણ મણીબાઇ મોટા હનુમાનની જગ્યા માં રહે છે તેની સાથે કરેલ હોવાથી તે મારા ચેલા તરીકે તેનો જાગીરમાં હક્ક રહી શકતો નથી તેથી હું સદરહુ હરીગરને મારા ચેલા તરીકે રદ બાતલ કરૂં છું તેથી સદરહુ હરીગર સાથે મારા ચેલા તરીકે આજથી કોઇઅ વ્યવહાર કરવો નહી અને કોઇ કરસે તે તેના અગતવ્યવહારે કરસે હું કે મારી જાગીર તેના માટે જવાબદાર નથી.

મિતી. શાં. ૨૦૦૩ નાં અશાડ શુદ ૧૧ બુધવાર

રવેચી જાગીરના મહંત શ્રી ભગવાનગરજી
કેસવગરજીની સઇ દાઃ પોતાના

—— સુચના. ——

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨રા અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૬ સોળનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૬ સોળનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી૧ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવેતો તેથી અધુ અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી કેઠ વીદ ૧૦ સા. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવેતો સા. ૨૦૦૩ની સાલથા શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] MONDAY 29th JULY 1946 [No 3]

[પુ૦ ૭૪] શ્રાવણ શુદિ ૨ સોમવાર સંવત ૨૦૦૩ તા. ૨૯મી જુલાઈ સને ૧૯૪૬.[અંક ૩]

NOTIFICATION.

No. 2010 of 1946.

In exercise of the powers conferred by sub-rule (2) of rule 81 of the Defence of India Rules as applied to Kutch the Kutch Government is pleased to direct that the notification of the Goverument of Kutch No. 769 dated 7th March 1945 promulgating the Lac Export Control Order, 1945 and its subsequent amendment shall be cancelled.

Dewan's Office
Bhuj, 21st. July ,1946.

S. K. Nayampalli,
Dewan of Kutch

નોટીફીકેશન.

નં. ૯૬૩.

કચ્છને લાગુ પડેલા ડીફે સ ઓફ ઇન્ડીયા રૂલ્સની કલમ ૨૫ની પેટાં કલમ ૧ અનવય ફરમાન કરવામાં આવે છે કે શ્રી કચ્છ સરકારનું મજવાથી સીલોન જવા અગેનું નં. ૫૦ તા. ૬-૧-૪૫ વાળું નોટીફીકેશન આથી રદ કરવામાં આવે છે.

મીતી અશાડ વીદ ૨ સોમવાર સં. ૨૦૦૩ તા. ૧૫-૭-૪૬

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

ઠરાવ

જયુ. જા. નં. ૬૮૦૨

હ. ઓ. નં. ૧૬૮ તા. ૫-૭-૧૯૪૬ વાળા ઠરાવથી શ્રી જખો નગરસભામાં રા. ઓવરસીયરને શ્રી રાજ્ય નિયુક્ત સભ્ય તરીકે નીમવામાં આવેલ છે પરંતુ રા. ઓવરસીયરનું મુકામ હાલે નખત્રાણા હોવાથી રા. તાલુકા સ્કુલ શિક્ષક શંભુલાલને રા. ઓવરસીયરની જગ્યાએ શ્રી દરબાર નિયુક્ત સભ્ય તરીકે નીમવામાં આવે છે.

મીતી અષાડ વીદ ૬ શની સં. ૨૦૦૩ તા. ૨૦-૭-૪૬.

J. J. Ashar.
ફોર દિવાન કચ્છ.

ઠરાવ,

જયુ. જા. નાં ૬૮૨૭

શ્રી હજુર ઓર્ડર નાં. ૬૧ તા. ૧૨-૪-૪૫ વાળાથી અમલમાં આવેલ મકાન ભાડાં નિયમનનો ધારો

જ્યુ. નાં. ૩૫૭૮ તા. ૧૪-૨-૪૬ વાળાથી વિશેષ છ માસ માટે જારી રહેવા ઠરેલ છે. સદરહુ મુદત તા. ૧૬-૮-૪૬ રોજ પુરી થતી હોઇ, રેવીન્યુ ખાતેથી લખાઇ આવેલ હકીકતે, પુરી થતી મુદત બાદ સદરહુ ધારાનો અમલ મોકુફ રહેવા આથી ઠરાવવામાં આવે છે.

અશાડ વદ ૬ શની શાં. ૨૦૦૩ તા. ૨૦-૭-૪૬

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

યાદી.

જ્યુ. જા. નં. ૬૭૯૬.

હ. ઓ. નં. ૧૫૮ તા. ૨૭-૬-૪૬ના રોજ વાળા રા. સબ-આસીસ્ટંટ સર્જન અંજારને, અંજાર નગરસભાના રાજ્ય નિયુક્ત સભ્ય તરીકે નીમવામાં આવેલ છે પણ તેમનો ગ્રેડ એસીસ્ટંટ સરજનનો હોવાથી સદર હજુર ઓર્ડરમાં જ્યાં "રા. સબ એસી. સરજન" લખાએલ છે ત્યાં તેને બદલે 'રા. એસીસ્ટંટ સરજન' એમ વાંચવું.

મીતી અશાડ વીદ ૨ મંગળવાર શાં. ૨૦૦૩. તા. ૧૬-૭-૪૬

J. J. Ashar,
ફોર દિવાન કચ્છ.

પો. અં. જા. નાં. ૨૯૬ **જાહેર ખબર.**

એજન્સી બરોડા તરફથી લેટર ન આર. એચ. ૩-૧ તા. ૧૨-૭-૪૬ વાળો અત્રે આવેલ છે તેની સાથે હિંદમાંથી બહાર જનારા/સામે જે દેશોએ ક્વોરન્ટાઇન પ્રતિબંધ તા. ૨૪-૬-૪૬થી મુકેલ છે તેનુ કોન્સોલીડેટ પત્રક આ નીચે સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે આ પત્રકથી આગળનાં બધાં પત્રકો રદ કરવામાં આવે છે.

પ્રતિબંધ મુકનાર દેશનું નામ	દર્દીના નામ	કયા ગામેથી જનાર સામે મુકેલ પ્રતિબંધ		
પેલેસ્ટાઈન	કોલેરા	કલકત્તા	હવાઇ	
	શીતળા	,,	,,	
	,,	મુંબઇ	,	
ટ્રાન્સજોર્ડન	કોલેરા	કલકત્તા	,,	
	શીતળા	મુંબઇ	,,	
	,,	કલકત્તા	હવાઇ અને દરીઆઇ	
સીલોન	શીતળા	મદ્રાસ	,,	,,
	,,	મુંબઇ	,,	,,
ઇરાક	કોલેરા	હિંદુસ્તાન	,,	,,
	શીતળા	,,	,,	,,
ઇરાન	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
ઇજીપ્ટ	શીતળા	,,	,,	,,
ચીન	શીતળા	,,	,,	,,
	એન્ટેરીકફીવર	,,	,,	,,
	કોલેરા	,,	,,	,,
બર્મા	શીતળા	,,	,,	,,
બેન્કોક	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
મલાયા અને સ્ટ્રેટ સેટલમેન્ટ	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,

તા. ૨૦-૭-૪૬

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

જાહેર ખબર.

પો. અં. જા. નં. ૨૯૮

એજન્સી તરફથી મેમોરેન્ડમ નં. આર. એચ. 5-60 તા. ૧૫-૬-૪૬ વાળું બ્રીટીશ હોન્ડુર્સ (Honduras) મુસાફરી કરતા શક્યોને સવડ આપવા અંગેનું આવતા સર્વની માહિતી માટે આ નીચે પ્રસીદ્ધ કરવામાં આવે છે.

Memorandum No. RH. 5-60 of 1946
Dated Baroda, the 15th June 1946
To,

The Dewan, Cutch State

Sub Travel facilities for British Honduras.

Colonial secretary's office, British Honduras, Belize, in the pst, has issued entry permits on the condition that the immigrant would deposit the sum of 400 British Honduras currency, and undertake to follow no trade or profession other than in connexion with agriculture. The reason for imposing such a condition is that it would not be in the best interest of the colony, or of the immigrant himself, to permit further entry into the field of trade which has already reached the point of Saturation

2. It is requested that the above conditions may kindly be brought to the notice of all intending travellers to British Honduras

G. N. Jackson,
For Secretary to the Resident at Baroda
and for the States of W. I. & Gujarat.

D. 20-7-46

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

પ્રેસનોટ

શ્રી હજુર ઓફીસ અંગ્રેજી જા. નં. ૯૯૩.

હિંદ સરકારે સંસ્થાનિક સંબંધના ખાતા તરફથી એક પ્રેસ નોટ બહાર પાડેલ છે કે બર્માથી પાછા ફરેલા સખ્સો જેમણે હજુસુધી પોતાના આઇડેન્ટીટી સર્ટીફીકેટો લીધેલ નથી અને જેમની હજીપણ પોતાની નોંધણી કરાવવાની ઇચ્છા છે તેમણે હિંદ સરકારના સંસ્થાનિક સંબંધના ખાતા તરફ લાગતી વળગતી સત્તા મારફતે અરજી કરવી.

જરૂરી બીજી માહીતી ઉપરાંત અરજદારે ૩૦મી જુન પહેલાં પોતાનું આઇડેન્ટીટી સરટીફીકેટ કેમ મેળવ્યું નથી તે વિષે કારણો રજુ કરવાં.

તારીખ: ૨૦-૭-૪૬

A. Y. Mehta,
અંડર સેક્રેટરી

મહારાજા વિરાજ મિરજાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી હાઇ કોર્ટ

વ. જા. દી. રે. અપીલ નાં. ૮ સાં. ૨૦૦૨

હા. દામજી ગોપાલજીના વારસો
હા. લાલજી દામજી વી. રે. વીરાણી } અપેલેન્ટ.

સોની વેલજી પ્રેમજીના વારસ
સોની કલ્યાણજી વેલજી વી. રે. કોટડા } રીસ્પોન્ડેન્ટ

બાબત.

નીચેની શ્રી જાડેજા કોર્ટે યારા લેણામાં માંડેલ મીલ્કત પૈકી રણછોડ મુરજી વાલી જગ્યા પર કાંઇ હક ઠરાવેલ નથી તથા બાકીની મીલ્કત પરત્વે યારો અત્ર હક ઠરાવેલ નથી તે ઠરાવ રદ થવા બાબત.

ભુજના સોની રણછોડ મુરજીની વીધવા વીરબાઇને ખબર આપવામાં આવે છે કે આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેનો તપાસ સંવત ૨૦૦૩ના ભાદરવા સુદ ૪ શુકરવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેસર થશે.

મીતી અશાડ સુદ ૧૪ શનીવાર સાં. ૨૦૦૩

Biharilal N. Mehta,
એ. ચીફ જસ્ટીસ સાહેબના હુકમથી
શીરસ્તેદાર હાઈ કોર્ટ

મહારાજા વિરાજ મિરજાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી હાઇ કોર્ટ

જ. ખા. દી. રે. પે. અપીલ નાં. ૬૬ સા. ૨૦૦૨

દોસી અમરચંદ મોતીચંદના વારસ પુત્રો
દોસી નાનાલાલ અમરચંદ વી. રે. ભુજ } અપેલેન્ટ

મીસ્ત્રી અરજણ નાનજી રે. હાલે સીતુગ્રા રીસ્પોન્ડેન્ટ
નીચેની કોર્ટનો ઠરાવ રદ થવા બાબત.

સીતુગ્રાનાં મીસ્ત્રી રતીલાલ અરજણને ખબર આપવામાં આવે છે કે આ કામ ઉપરનાં અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેનો તપાસ સંવત ૨૦૦૩ના ભાદરવા સુદ ૫ શનીવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદાશર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટનાં ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેશર થશે.

મીતી અશાડ વીદ ૨ ભોમવાર શાં. ૨૦૦૩

Biharilal N. Mehta,
મે ચીફ જસ્ટીસ સાહેબનાં હુકમથી
શીરસ્તદાર હાઇ કોર્ટ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી હજુર કોર્ટ
વ. જા. દી. રે. અપીલ નંબર ૫ સંવત ૨૦૦૨

કણબી યાલજી નથુ રે. વિથોણ અપેલેન્ટ.
મેતા ગોપાલજી સામતજીનાં વારશો
મેતા ખેંગાર ગોપાલજી વિગેરે રીસ્પોન્ડેન્ટ
રે. વિથોણા

નીચેની શ્રી જાડેજા અદાલતે મારો વિટાંતર
છોડાવવાનો દાવો રદ કર્યો છે તે ઠરાવ
રદ થવા બાબત.

સાંહેરાનાં કણબી દેવસી કરશનને ખબર આપવામા આવે છે કે, આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે. તેનો તપાસ સવત ૨૦૦૩ના ભાદરવા સુદ ૨ બુધવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતેઅથવા કાયદેસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઇમે હાજર રહેવુ નહીતર કાયદેસર થસે.

મિતી અશાડ સુદ ૧૪ શનીવાર સવત ૨૦૦૩

Biharilal N. Mehta,
મે. જયુ. આસી. સાહેબના હુકમથી,
શિરસ્તેદાર હજુર કોર્ટ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ
ભુજ કોર્ટના ફેસલા ઉપર
દી. રે. અપીલ નંબર ૧૦૫ સંવત ૨૦૦૨.
સમન નંબર ૧૦૨૫

દવે ગોરીશંકર નરભેરામ ની વીધવા લાંબીબાઇ ભુજના } મુળ અપીલ કરનાર
દવે માવજી મુરજીની દીકરી ભવાનીબાઈ માવજી વગેરે ભાવનગરનાં } મુળ જવાબ દેનાર

વહેચણ કરવાનો ઠરાવ રદ થવા બાબત.

ભાવનગરના દવે માવજી મુરજીની દીકરી ભવાની બાઇને માલમ થાય જે આ અપીલેન્ટે આ કોર્ટમાં અપીલ કરી છે, વાસ્તે તમને ફરમાવવામાં આવે છે કે, એ અપીલની ચોકસી સં. ૨૦૦૩ના શ્રાવણ સુદ ૧૩ શનીવારને રોજે થશે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાતનામા સહીત સવારના ૭॥ વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહીં રહો તો અપીલનો એક તરફો ફેસલો કરવામાં આવશે.

મીતી જેઠ વીદ ૧ શનીવાર સંવત ૨૦૦૨

શવાઇલાલ લક્ષ્મીશંકર,
મે. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ જજના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ
શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ
દીવાની દાવાનો નંબર ૪૪ સંવત ૨૦૦૧

મેમણ ઉમર હાજી વલીમામદના નામથી ચાલતા વહીવટના એકલા માલીક મેમણ ઇશાક ઉમર વગેરે અંજારના } વાદી
વોરા ઇસમાઇલ મહમદઅલી વગેરે અંજારના પ્રતિવાદી

દાવો
લેણા બાબત

અંજારના રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબતનો દાવો કર્યો છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, સંવત ૨૦૦૩ના માસ શ્રાવણ સુદ ૮ શોમવાર ને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો

૧/૨ વોરા ઇસમાઇલ મહમદઅલી
૧/૩ વોરા આધમઅલી મહમદઅલી
૧/૪ વોરા અબ્દુલા મહમદઅલી

મિતી જેઠ વીદ ૧ વાર શની સંવત ૨૦૦૨

J. H Shukal,
મે. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ જજના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

કચ્છ દીવાની કાયદાની કલમ ૨૨ મુજબની

નોટીશ નં. ૧૦૩૩.

નામદાર શ્રી ડીસ્ટ્રીક્ટ એન્ડ શેશન્સ કોર્ટ તરફથી ખાલશા દીવાની કામ ના ૪૮ શાં ૨૦૦૨

શા લાલજી ગોવિંદજી વડાલાના વાદી

A શા ટોકરશી કુવરજી મુજરનારના વારશો
A શા કલ્યાણજી ટોકરશી બારોઇ હાલે મુંબઇના
B શા માવજી ટોકરશી ત્યાના
C શા જગશી ટોકરશી ત્યાના
D શા ખેતશી ટોકરશી બારોઇ હાલે સીઆલગંજ ઇન્દોર
E શા જાદવજી કુવરજી બારોઇ હાલે મુંબઇના
F શા ધનજી કુવરજી બારોઇ તે હાલે વડાલાના
G વડાલાના સ્થાનીક વાશી સંઘના વેવટ કરનાર શા જખુ ધરમશી વડાલાના
H ચારણ લખમણ પચાણ વોવારના
I ચારણ દેવરાજ પચાણ ત્યાના
J ચારણ પાલુ પરબત ત્યાના
K ચારણ વીરા સુરજી ત્યાના
L ચારણ જેઠા સુચાર ત્યાના

પ્રતીવાદીઓ

દાવો

ડેરી ૫૧૫૯) પ્રતિવાદીઓને અપાવી જગ્યાઓ તથા ખેતરો વટાંતર છોડાવી બાકીને સોપાવવા બાબત.

કચ્છ વડાલાના સ્થાનીકવાશી સંઘના વેવટ કરનાર અને હીતસમંધ ધરાવનાર શા શ્રીપાલ દીનાં તથા શાહ જીવરાજ ચાંપશી તથા બીજા કોઇ હોયતો તે શખ્શોને ખબર આપવામાં આવે છે કે આ કામના વાદીએ પ્રતીવાદીના જે તરીકે વડાલાના સ્થાનીક સંઘના વેવટ કરનાર શા જખુ ધરમશી અને બીજા પ્રતીવાદીઓ ઉપર ઉપર મુજબ દાવો કરેલ છે

શા જખુ ધરમશીએ કરેલ અરજ પ્રકરણો હુકમ થયા પ્રમાણે કચ્છ દીવાની કાયદાની કલમ ૨૨ અન્વય આ નોટીશથી તમને ખબર આપવામાં આવે છે કે તમોમાંથી જે કોઇને પ્રતીવાદીનાજગા દાખલ થયું હોયતો તે શાં. ૨૦૦૩ના શ્રાવણ વીદ ૫ શનીવારને રોજ જાતે અથવા વકીલ મારફત હાજર થઇ અરજ કરવી જો મુદત વીતે કોઇપણ અરજ કરવા હાજર નહી થાય તો વડાળાના સ્થાનીકવાશી સંઘના વેવટ કરનાર શા જખુ ધરમશી એકલાને તમો બધાની વતી આ દાવો ચલાવવા અધિકાર છે એમ ગણી દાવો આગળ ચલાવવામાં આવશે.

જેઠ વીદ ૧ શનીવાર શાં ૨૦૦૨

J. H. Shukal,
મે. ડીસ્ટ્રીક્ટ એન્ડ શેશન્સ જજના હુકમથી

જાહેર ખબર

ચી. ક. જા. નાં ૯૪૫૫

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે મુદરા મરચન્ટ હાલે ડા. શીવજી હંશરાજને રસકસની દલાલી કરવા સાટેના સનદ નાં. ૪ શા. ૧૯૯૬ વાલી આપવામાં આવેલી છે. મજકૂર શખ્શ ઘણા અર્થે પરદેશ વસતો હોઇ ચાલતી શાં. ૨૦૦૨ની સાલની વાર્ષિક ફી ભરી દઇ પોતાને જામીનઆંથી મુકત કરવા અને ડા. શીવજી હંશરાજની સનદ કેન્સલ થવા માટે તેના જામીન ડા. દયાળ ખટાઉએ જેઠ વિદ ૧૧ ના રોજ અરજ રજુ કરેલી તે પર મુંદરા કસ્ટમેથી લખાઇ આવેલ હકીકતે સદરહુ સનદ કેન્સલ કરવામાં આવેલી છે માટે તેનો ઉપયોગ કોઇએ કરવો નહિ અને જેને હાથ આવે તેણે મુંદરા કસ્ટમે રજુ કરી આપવી.

કેન્સલ કરવામાં આવેલી સનદનો કોઇથી ઉપયોગ થઇ શકશે નહિ છતાં જો કોઇ શખ્શ તેનો ઉપયોગ કરશે તો તે ધોરણે વિરૂધ ગણાઇ શિક્ષાને પાત્ર ઠરશે

અસાડ સુદ ૧૪ શની શાં. ૨૦૦૩ તા ૧૩-૭-૪૬.

P. M. Khambatta,
ચીફ કસ્ટમ્સ ઓફીસર.

ચાદી

નંબર ૯૭૪૩

આથી લાગતા વળગતા સર્વ નાખવા ખલાસીઓને ખબર આપવામાં આવે છે કે સોધ કરનારા કેરલા મળ્યાં કે જે લોકો કચ્છના વતની છે પરંતુ તેના કેસોનાં બ્રીટીશ હકુમતના છે તેઓ જ્યારે સીઝન ખલાસ થાય ત્યારે મછવા તવાઈ રાખવા અગર કચ્છમાં આવે છે ત્યારે બીજા મછવાના નાખવા ખલાસી અગર પેસેંજર લઇ આવે છે પણ તેની સતમી કેરની ચીઠી કઢાવી લીધતા નથી તેમજ કચ્છ રાજ્યનો પાસ પણ મેળવેલ હોતો નથી એટલે તેવું કોઇ વહાણ કે મછવો પાસ મેળવ્યા કે રજાચીઠી અગર સતમા મેળવ્યા શિવાયનું માલમ પડશે તો ગેર ધોરણે ગણાઇ કસ્ટમના કાનુન અનવય શિક્ષાને પાત્ર થશે.

અશાડ વીદ ૯ સોમવાર સં. ૨૦૦૩
તા. ૨૨-૭-૪૬

P. M. Khambatta,
ચીફ કસ્ટમ્સ ઓફીશર

જાહેર ખબર.

નંબર ૨૩૪૩

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના ગાંચી ઠાકરશી ઝાલીએ પોતાની જગ્યાનો ભાડુત ચારણીઆણી ભચીબાઇ તેજશી જગ્યાને તાળું આપી કયાંક ભાગી ગયેલ હોવા જાહેર કરી સદરહુ જગ્યા કલમ ૫૦૬ મુજબ કબજે મળવા અરજ કરતાં સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ અરજ સંબંધમાં જે કાંઇ જાહેર કરવું

હોય તો તે એક માશની અંદર હાજર થઇ આ કોર્ટમાં જાહેર કરવું નહિતર મુદત વીતે જગ્યા રીતસર દેશ શિરસ્તા સંગ્રહની કલમ ૫૦૭ મુજબ કબજે સોંપવામાં આવશે.

અસાડ વદ ૩ ભોમે સં. ૨૦૦૩

K. A. Mehta,

માંડવી ફ. ક. મા.

જાહેર ખબર.

નંબર ૨૩૫૨

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ કોર્ટ હ. નીકાલ થએલ ફોજદારી કેશોનો મુદામાલ જેનો તેને સોંપવા હુકમ થઇ ગયેલ છે છતાં લેવા ન આવવાના કારણે કોર્ટમાં પડી રહ્યો છે પરીણામે મુદામાલ વધી જાય છે જેથી ખબર આપવાની કે આ નોટીસ છપાવાની તારીખથી એક માશી અંદર આ કોર્ટમાં થએલ હુકમ મુજબ મુદામાલ લઇ જવો નહિતર મુદત વીતે રીતસર જાહેર ચડાખડીએ વેચાણ થઈ ઉપજેલ પૈસા બી દરબાર દાખલ કરવામાં આવશે પછી તેનું કઇપણ સાંભળવામાં આવશે નહિં

અશાડ વદ ૬ શુક્રે સં. ૨૦૦૩

K. A. Mehta,

માંડવી ફ. ક. મા.

જાહેર ખબર.

નંબર ૨૩૫૬.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના ભા. ઠ. લક્ષ્મીદાસ મુળજીએ પોતાની જગ્યાનો ભાડુત મીસ્ત્રી જીવરામ વેલજી જગ્યાને તાબુ આપી ચાલ્યો ગયેલ હોવા વગેર અરજ કરી જગ્યા દેશ શિરસ્તા સંગ્રહની કલમ ૫૦૭ મુજબ કબજે મળવા અરજ કરેલ છે જેથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ અરજ સંબંધમાં જેણે કાંઇ જાહેર કરવું હોય તેણે એક માશી અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે જગ્યા દેશ શિરસ્તા સંગ્રહની કલમ ૫૦૭ મુજબ કબજે સોંપવામાં આવશે

અશાડ વદ ૯ સોમે સં. ૨૦૦૩

K. A. Mehta,

માંડવી ફ. ક. મા.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી.ઇ.

ગ્યા. દી. કામ નાં. ૫ શાં. ૨૦૦૨

શ્રી અંજાર અદાલત.

માઉ માનસંગ વીરજી રે. સુખપર વાદી

ઉંદરીઆ કારા દાનાની વીધવા રૂપીબાઇ કરાંચી } પ્રતીવાદી

તામીલ થવા બાબત

કરાંચી મધે મજકુર રૂપીબાઇને હુકમ કરવામાં આવે છે કે આ કામના વાદીએ આ કામે તમારા ઉપર લેણાં બાબત કરેલ દાવાનું હુકમનામું અંજાર અદાલત તરફથી નાં. ૮ શાં. ૨૦૦૧ વાળું કારતક વીદ ૫ શાં. ૨૦૦૨ના રોજ થયું છે તે પ્રમાણે તમે તામીલ નહી કરવાથી તમારી નીચે લખી મીલ્કત જપ્ત કરવામાં આવી છે તે આ અદાલતનો બીજો હુકમ થતાં શુધી સદરહુ મીલ્કત કોઇને બક્ષીસથી ગીરોથી, કે વેચાણથી, કે બીજી કોઇપણ રીતે કોઇને આપવી નહી વાદી પાસે માંડેલ જગ્યા તેની ચતુરદીશા.

૧. જગ્યા ૧ પસુડાં મધ્યે ખડકી બંધ ઉગમણે બાર છે જેમાં ઓરડો ઓસરી ઉગમણે બાર છે રસોડું, આગણું, વાડો છે અ ખંડો વી. ચીતડામ માંડેલ છે તે.

   ૧. આ જગ્યાની ઉત્તરાદી કોરે ઉંદરીઆ તેજા દેવાની જગ્યા છે.

   ૨. આ જગ્યાની દખણાદી કોરે બાલાશરા હીરા પચાણની જગ્યા છે.

   ૩. આ જગ્યાની ઉગમણી કોર ગામનો ચોગાન તથા રાજમાર્ગ છે.

   ૪. આ જગ્યાથી આથમણી નરફ ખળામાં જવાનો રસ્તો છે.

મીતી અશાડ શુદ ૧૦ સોમ શાં. ૨૦૦૩

H. C. Jethi,

અંજાર ન્યાયાધીશ.

જાહેર ખબર.

શ્રી લખપત ફોજદારી કોર્ટ

સર્વ લોકોને આથી ખબર આપવામાં આવે છે કે આ કોર્ટ હસ્તે નિકાલ થએલ કેશોનાં મુદા માલ જેનો તેને સોંપવા હુકમ થયા છતાં તેઓ હાજર થઈ લે ગયેલ નથી પરિણામે મુદા માલ વધી જતાં જાહેર ખબર કરવામાં આવે છે કે રજુ થયેલ મુદા માલ જેનો તેને લેવાનો આ જાહેર ખબર છપાવાની તારીખથી એક માશની અંદર આ કોર્ટમાં હાજર થઇ લે જવો નેતર મુદત વિતે કાંઇ નહિ સાંભળવાં જાહેર લીલામ કરી ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

શ. ૨૦૦૩ નાં અશાડ સુદ ૧૨ ગુરવાર.

K. S. Rana,

લખપત ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ.

મહારાજાધીરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ

શ્રી નખત્રાણા કોર્ટ નાં. ૨૫૮

ગ્યા. દી. તા. કામનાં શાં ૨૦૦૨

હા. દયાળ નારાણજી મંગવાણા વાદી

હા. ભાગચંદ શીવજીની વીધવા કેશરબાઇ પ્રતીવાદી

તામીલ કોરી ૪૩૩૩૩ ૩ થવા બાબત

મગવાણાના ડા ભાગચંદ શિવજીની વિધવા કેશરબાઇને માલમ થાય કે શદરહુ વાદીનું તમારા પર શાં. ૧૯૯૨ ચૈત્ર વદ ૬ શોમેના રોજ ખર્ચ શક્તિ કોરી ૪૩૩૩૩૩ નુ હુકમનામુ થયુ છે તે હુકમનામા પ્રમાણે તમોએ કંઇ પણ ભરણ નકરવાથી નીચે લખી ચતુર દીશા વાલી મીલ્કત એજ કરજ સારૂ જપ્ત કરવામાં આવે છે જેથી શદરહુ મીલ્કત કોઇએ વેચાણ આપવાની કે બક્ષીસ કે ગીરો કે બીજી કોઇ રીતે આપવાથી અથી મનાઇ તથા પ્રતીબંધ કરવામાં આવે છે

મીલ્કતનું લીષ્ટ.

ગામ શ્રી મગવાણા મધે પ્રતીવાદીના હાટ એક
૧ ઉગમણી કોરે રાજ માર્ગ છે.
૨ ઉત્રાદી કોરે ડેલી અંદરનો કરો બને દુકાનો છે.
૩ આથમણી કોરે પ્રતીવાદીનુ આગણુ રેવાગની જગ્યા છે
૪. દખણાદી કોરે પ્રતીવાદણનો વાડો છે
એ રીતે ચતુર દીશા છે.
મીતી વૈશાખ વીદ ૪ બુધે શાં ૨૦૦૨

જીવરામ મોનજી,
નખત્રાણા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી નખત્રાણા કોર્ટ નાં. ૮
સ્મોકા ના ૨૩ શાં ૨૦૦૨

ડા. મોતીરામ જુઠા ઉગેરી વાદી
કણબી કરશન સામજી રામપર સરવા વાલી પ્રતિવાદી
દાવો લેણા બાબત

રામપર સરવાવાલીના કણબી કરસન સામજીને માલમ થાય કે વાદી તમારા પર કોરી ૧૮૨) દાવા વાલા ખાતાની રૂએ મહાંના દાવો કરેલ છે માટે તેનો જવાબ આપવા માટતી સાલના શ્રાવણ વદ ૫ શનીવારને આ કોર્ટમાં ટાઈમ સર હાજર થશો તેમાં કસુર થશે તો કાયદેશર કરવા માં આવશે.

અસાડ વદ ૫ શુકરે શાં ૨૦૦૩

કરશનજી નથુભાઇ ગોર
એ. નખત્રાણા સ્મો. કોર્ટ જજનાં સા હુ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર. જી- બી ઇ.
શ્રી નખત્રાણા અદાલત. નાં. ૫૮૨
આ. દી. દાવાનો નંબર ૪૭ સંવત ૨૦૦૨

કણબી સીવજી દયા રે. તલવાણા વાદી
કણબી નાનજી ભીમજી વિગેર નાના અંગીઆ પ્રતિવાદી
દાવો લેણા બાબત

નાનાં અંગીઆના રહેનાર કણબી કચરા ભીમજીના ને માલમ થાયજે વાદીએ તમારા ઉપર લેણાં બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૩ શ્રાવણ વાદ ૫ શનીને રોજ સવારના ૭॥ બાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબંધી જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોગ માંગે છે તે તથાં તમામ જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમ લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ અસાડ વીદ ૬ વાર શની સંવત ૨૦૦૩

કરશનજી નથુભાઇ ગોર
મે. નખત્રાણા ન્યાયાધીશ હું થી.

જાહેર ખબર-

નાં ૩૦૯૭.

ભુજના શા સાકરચંદ માંધવજીએ ભુજના શા. હેમચંદ જીવરાજ પાસેથી કોરી ૮૦૦૬) આઠ હજાર છમાં હાટ ૧ ભુજની બજારમાં છે તે અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ હાટ ઉપર કોઇનું લેણું કંઇ હક હીસો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહી સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અશાડ વીદ ૪ બુધે સાં. ૨૦૦૩ તા. ૧૭-૭-૪૬

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

જાહેર ખબર.

નાં. ૩૦૯૩.

ભુજના રાવગોર શીણાવ હંસરાજ મેગજીના પાવરદાર પરસોતમ શીવજીએ ગુગલી બ્રાહ્મણ જવેરીલાલ તથા કાન્તીલાલ નરભેરામ તથા કાશીરામ નરભેરામની વિધવા કેશરબાઇ પાસેથી જગ્યા ૧ ભુજ મધ્યે હાથીખાન નજીક છે તે કોરી ૨૦૦૦) બે હજારમા અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીસો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહી સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અશાડ વીદ ૪ બુધે સાં. ૨૦૦૩ તા. ૧૭-૭-૪૬.

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

જાહેર ખબર.

નાં. ૩૦૯૪.

ભુજના ઠા. તુલસીદાસ જાદવજીએ ભુજના ઠા. જાદવજી હીરજી સુત મુળજી જાદવજી પાસેથી જગ્યા ૧ વોકલા ફલીઆમાં છે તે કોરી ૨૮૦૦૦) અઠયાવીશ હજારમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહી સભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અશાડ વીદ ૪ બુધે શાં.૨૦૦૩ તા. ૧૭-૭-૪૬.

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

જાહેર ખબર

નંબર ૩૦૯૫

ભુજના ઠ. જાદવજી વેલજી વંશજના વૈવટ કરનાર વિશ્રામ જાદવજીએ ભુજના અબડા સંજરમીયાં તથા ડીંગોરામીયાં તથા નાથામીયાં તથા કરીમાંમદમીયાં અલામીયાં ભચુમીયાં પાસેથી જગ્યા ૧ સરપટનાં નાકાં નજીક છે તે કોરી ૧૦૦ એકસો વધારો આપી અઘાટ હક લીધેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઈ લેણું હક હીસો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અશાડ વીદ ૪ બુધે શં. ૨૦૦૩ તા. ૧૭-૭-૪૬

P. K. Bava.
for ભુજ વહીવટદાર.

જાહેર ખબર

નંબર ૩૦૯૬.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજ ના ગુ. દોલતગર ગુલાબગરે ભુજના ચવાણ કેશર રામજી તથા ચવાણ વેલજી રામજીને મતેથી જગ્યા ૧ કોરી ૧૩૫૦માં જે પાળેશ્વર ફળીયામાં છે તે અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીસો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અશાડ વીદ ૪ બુધે સં. ૨૦૦૩

P. K. Bava.
for ભુજ વહીવટદાર

જાહેર ખબર

નં. ૩૦૯૭

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજ ના ઠા. નરશીં રાગવજીના વારસ ઠ. મરારજી તથા રામજી નરશીંએ મેતા રજનીકાન્ત હરીપ્રસાદની જગ્યા ૧ ભુજ મધ્યે ગેરવાળી વંડી ફળીઆમાં છે તે કોરી ૧૦૨૦૧)માં અઘાટ લેતાં તેનું શેલ સર્ટીફીકેટ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઈ લેણું હક હીસો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહીં સભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અસાડ વીદ ૪ બુધે સં. ૨૦૦૩.

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

મહારાજાધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.
મુદ્રા વૈવટદાર તરફથી જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે મુદ્રાના ખોજા લધા તુરમામદે મુંદરાના ખત્રી કાશમ આમદ પાસેથી જગ્યા ૧ ડેલી બંધ કોરી ૧૦૦૦૦) દશ હજારમાં મુદ્રા શહેર મધે ઉતરાદા ભાગમાં નવા દરબાર નજદીક આવેલ છે જે નીચે લખી ચતુરદીશા વાલી જગ્યા શા ૧૯૯૯ના વૈશાક વાદ ૪ની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખતાં તે દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીસ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલ છે માટે સદરહુ જગ્યામાં જેનો કાંઇ હક હીશો હોય તેણે આ જાહેરનામું પ્રસીધ થયાની તારીખથી તે એક માશની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે કોઇની પણ કાંઇ તકરાર સાભડયા સીવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવા ઘટિત કરવામાં આવશે.

ચતુર દીશા

૧ ઉતરાદી કોર સુતાર લખુ પ્રાગજી વાલી જગ્યા છે
૧ દખણાદી કોર ખોજા રેમતલા આડા જીવરાજની જગ્યા છે
૧ ઉગમણી કોર રાજ્ય મારગની ગલી છે
૧ આથમણી કોર રાજ્ય મારગની ગલી છે
એ રીતે

અસાડ સુદ ૪ ભોમવાર શા ૨૦૦૩

Harilal Somji
મુન્દ્રા વૈવટદાર

મહારાજાધીરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઈ.
રા મુદ્રા વૈવટદાર તરફથી.
જાહેર ખબર
પ. જા. નાં. ૪૫૬

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદ્રાની વોરાની જમાતના વહીવટ કરનાર મુલાં અબ્દુલહુશેન તુરલાઇએ મુન્દ્રાના ધોબી ખમીશા ઓશમાણના વારસ

તેની દીકરી જીલુબાઇ વીગેરે પાસેથી જગ્યા ૧ કોરી ૧૭૧૭ માં મુંદ્રા મધે આથમણા ભાગમાં નદીવાલા નાકા નજીક મુના કહેવાય છે તે કુંભાર પાળામાં છે જેની નીચે લખી ચતુરદીશાવાલી જગ્યા શાં. ૧૯૯૩ના શ્રાવણ વીદ ૭ ની મીતના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખતાં તે દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીસ્ટર થઈ છાપો થવા માટે આ ખાતે આવેલ છે માટે સદરહુ જગ્યામાં જેનો કાંઇ હક હીશો હોય તેણે આ જાહેરનામું પ્રસીધ થયાની તારીખથી તે એક માશની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે કોઇની પણ કાંઈ તકરાર સાંભળ્યા સીવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવા ઘટિત કરવામાં આવશે.

ચતુર દીશા

૧ ઉગમણી કોરે મુદરાના વોરાઓની જમાતની યસીતની વીચેણી છે તે વીચેણામાં આ જગ્યા ની પછીતના નેવાનું પાણી પડે છે.

૧ દખણાદી કોરે મુંદ્રાના વોરા આદમજી જીવણજી ની જગ્યાઓ મુદરાના વોરાની જમાત પાસે છે.

૧ આથમણી કોરે રજપુતોની નાતની જગ્યા છે.

૧ ઉતરાદી કોરે મુદ્રાના વોરાઓની જગ્યા છે.

એ રીતે

અશાડ વીદ ૩ ભોમવાર શાં. ૨૦૦૩

Harilal Somji,

મુન્દ્રા વેવટદાર.

જાહેર ખબર

શ્રી અંજાર નગર સભાના હાલની ચુંટણીમાં નીચે જણાવ્યા પ્રમાણે સભ્યો બીન હરીફ ચુંટાયલા જાહેર કરવામાં આવેલા છે.

(૧) વર્ગ પહેલો વકીલો ડોક્ટર વિલ્લકો વિગેર બેઠક ૩

(૧) વકીલ ઠા. આણદજી ભવાનજી

(૨) ડોકટર ઠા. જેરામ ધરમસી

(૩) શંગવા મોહનલાલ જેવત

(૨) વર્ગ બીજો વેપારીઓ બેઠક ૩

(૧) મીસ્ત્રી પરસોતમ શામજી વરૂ

(૨) ઠા. જમનાદાશ ત્રીકમદાશ ગાંધી

(૩) ઠા. ડુગરસી પરસોતમ

(૩) વર્ગ ત્રીજો કારીગરો બેઠક ૩

(૧) શોની નારાણદાશ ગોવિંદજી

(૨) વોરા અબ્દુલકાદર મુસાજી

(૩) ડોકટર અબ્દુલલતીફ ઇબ્રાહીમ

(૪) વર્ગ ચોથો ખેડુતો અને ખેતીની જમીન ધરાવનારા બેઠક ૨

(૧) બારડ ઉમર લધા વકીલ

(૨) ઠા બેચરદાસ લાલજી

(૫) વર્ગ પાંચમો નોકરીઆત અને પેન્સનર્સ બેઠક ૨

(૧) કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી

(૨) ગવરીશંકર પરસોતમ જોશી

(૬) વર્ગ છઠો મકાન માલીકો બેઠક ૨

(૧) જયરામદાશ જેઠાભાઇ ન્યગાંધી

(૨) અબ્દુલગફુર અલુબ સરાણી

ઉપર પ્રમાણે નગરસભાના બંધારણ અનુસાર વર્ગ વાર નિયુકત થએલ બેઠકોના તેટે બેઠકો પુરતા ઉમેદવારો આવતાં કોઇએ તે અંગે તકરાર કે વાંધો છેવટ લગી નહિં નોંધાવતાં તે પંદરે ઉમેદવારોને બીન હરીફ નગરસભાના ચુંટાયલા સભ્યો તરીકે જાહેર કરવામાં આવેલ છે.

મિતિ અસાડ વીદ ૬ શુકરવાર શાં. ૨૦૦૩ તા ૧૮-૭-૪૬

સગનલાલ દેવશંકર

સેક્રેટરી

અંજાર નગરસભા તે રીટર્નીંગ ઓફીસર.

જાહેર સુચના.

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બહાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી ઝાહેર ખબર

અમારા અસીલ શા નારણજી ગોરધને માંડવીના ખરતલ ગચ્છના દેરાસરના વહીવટ કરનાર શા. વીક્રમસી રાઘવજી તથા શા. મલુકચંદ વીશનજી પાસેથી માંડવીમા શેઠવારી શેરીમાં આથમણી મોઆડની શા. શીવરાજ મોનજીની કહેવાતી ડેલીમાં ખરતર ગચ્છના કબજા ભોગવટાની શા. જેઠા તેજસી વાલી કહેવાતી આથમણી લાઇનમાં ઉગમણી મુઆડવાલી જગ્યા ૨ સરટીફીકેટના આધારે કોરી ૬૧૨૫) એકસઠસો પચીશમાં આડે આંકે છેડા છુટ તમામ હકો સહિત લેવાનો સોદો કરેલછે જેથી સદરહુ જગ્યા સંબંધમાં કોઇનો વર વાંધો હોય તેણે આ જાહેર ખબર છપાયાની તારીખ રોજ ૧૫ પંદરમાં અમારી ઓફીસે આધારો સહિત જાહેર કરવું મુદત વીતે કોઇનો વર વાંધો નથી. એમ સમજી પાકો દસ્તાવેજ લખાવી લેવામાં આવશે એમ આથી જાહેર પ્રજાને સુચના આપવામાં આવે છે.

સાં: ૨૦૦૨ ના વૈસાક વીદ ૪ સોમે.

છોટાલાલ રામજી

શા. નારાણજી ગોવરધંનના (વકીલ.)

ખાનગી જાહેર ખબર.

નખત્રાણાના કણબી ધનજી કરશન લી-

બાણી મારા પુત્ર શીવદાસ ધનજીએ કચ્છ રાજ્ય પત્ર પુ૦ ૭૪ અંક ૧ના પુષ્ટ ૧૨-૧૩ પર જાહેર ખબર પ્રશીધ્ધ કરાવેલી છે તે સબંધે જાહેર જનતાને તેમજ મારા છોકરાને નીચે મુજબ ચેતવણી આપું છું.

મારા બાપની મીલ્કતમાં ફક્ત એક જગ્યા તથા વાડામાંનો અર્ધ ભાગ તથા જડોદર જાગીરના ત્રણ ખેતરો વિટાંતર છે તેમ ૧/૬ ભાગ છે આ સિવાય મારા બાપ દાદાના કાંઇ પણ મીલ્કત હતીજ નહી તેમ છેજ નહી કાંઈ પણ જંગમ મીલ્કત હતીજ નહી બલ્કે ઉપરોક્ત જણાવેલી સ્થાવર મીલ્કત પર મારા બાપે મોટી રકમનું કરજ કરેલું જે કરજ પણ મેં જાતે કમાઇ ચુકવેલું છે અને હજુ પણ ઠીક પ્રમાણમાં લેણું છે.

મેં મારી જાત કમાઇથી એક જગ્યાનો પલોટ વેચાણ લીધેલો તેમાંથી થોડાક ભાગ પ્રથમ વેચેલો અને બાકીના પલોટ નીરૂપાગી લાગવાથી મેં વેચી મારી રેણાકની બાજુની જગ્યામાં બીજી જગ્યા અંધાટ વેચાણ લીધેલીછે મારા તરફથી કાંઈપણ ગેરવ્યવસ્થા થતી નથી બલ્કે કાંઈ ને કાંઇ મીલ્કતમાં વધારો કરવામાં આવે છે.

મારા છોકરા તરફથી પોતે પરદેશ વસતો હોવાથી વડીલો પાર્જીત મીલ્કતનો વહીવટ કરવા મને સોંપવામાં આવ્યાની બીના તદન હળહળતી જુઠી છે મારા બાપની મીલ્કત મારે કબજે છે અને તેનો ભોગવટો કરવા તથા તેની વ્યવસ્થા કરવા મને સંપુર્ણપણે હક અને અધીકાર છે મારો છોકરો હજુ મારાથી મીલ્કત વ્હેચી જુદો થયો નથી એટલે તેનાથી આવી રીતે જાહેર ખબર છપાવી શકાતી નથી તેમ તેને કાંઇપણ હક કે અધીકાર નથી.

મારો છોકરો કે જે સાતેક વરસ થયા પરદેશ ધંધો કરે છે તે પોતાની કમાઇ મને આપવાના બદલ તે પોતે રાખી મુકે છે મારૂં ભરણ પોસણ કરવા બંધાયલો છે તે પણ કરતો નથી દેશમાં આવે છે ઉલટું મારે તેમનું ભરણ પોસણ કરવું પડે છે અને તેને કેટલાક ખદ સલાકારો સ્વાર્થી લોકો પડખે ચડવાની તેણે કલ્પીત હકીકતે આ જાહેર ખબર છપાવી છે પણ તે કોઈ મને બંધન કારક નથી તેમ તે જાહેર ખબર તદન નિર્થક છે.

હાલે હું થોડો ઘણો ધંધો કરતો હોવાથી મારૂં ગુજારો ચલાવું. પણ જો મારાથી ધંધો નહી થઇ શકે મારા કબજા મીલ્કતની વ્યવસ્થા કરવા પણ સંપુર્ણપણે અખત્યારવાન છું.

એટલુંજ નહી પણ એક માસપર મારી ગેરહાજરીનો લાભ લઇ મારો છોકરો ઘરમાથી તમામ જંગમ મીલ્કત દરદાગીનાં રોકડ રકમ વિગેરે તેની માથી મલી મારી રજા મંદી વગર ઉપાડી જઇ પરદેશ ચાલ્યો ગયો છે જે સબંધે મારા ઈલાજ લેવાના હક કાયમ રાખું છું

વિશેશમાં એમ પણ જણાવું છું કે મારા છોકરાનો હક છે એમ માની કોઇપણ શખ્સે તેને ધીરધાર કરવી નહી છતાં કરશે તે માટે મારા કબજા મીલ્કત જવાબદાર રહેશે નહી પણ તેના અંગ ઉપર રહેશે એવી પણ જાહેર જનતાને જાણ કરૂં છું.

મીતી અશાડ વીદ ૩ બુધવાર શાં. ૨૦૦૩.

કા. ધનજી કરસનની સઇ દાં. પોતાના.

કચ્છમાં હવેથી કાપડનું રેશનીંગ કરવાનું નકકી થયેલ હોવાં તે બાબત "પ્રેસ નોટ" આથી પહેલાં બહાર પાડવામાં આવેલ છે. રેશનીંગ અંગે નીચે પ્રમાણે નિયમ કરવામાં આવે છે. જેના તરફ રેશન કાર્ડ ધરાવનારાઓનું તથા દુકાનદારોઓનું આથી ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

કાર્ડ ધરાવનારે પાળવાના નિયમો

૧. પાંચમા કવોટાનું રેશનનુ કાપડ દરેક કાર્ડ ધરાવનારાએ વહેંચણી શરૂ થયાની તારીખથી એક માસની અંદર નકકી કરાયેલ દુકાનમાં રજુ કરી લઇ જવું જોઇએ. એક માસ બાદ તેનો હકક રાખવામાં આવશે નહિ. ત્યાર બાદના કવોટાનુ કાપડ જ્યારે મળી શકે ત્યારે મળેલા કાપડના ધોરણે મુદત નકકી કરી જણાવવામાં આવશે.

૨. નકકી કરાયેલ દુકાનમાં જે કાપડ હશે તેમાંથીજ કાર્ડ ધરાવનારે જન સંખ્યા નજરે કાપે આવતું

કાપડ લેવું જોઇએ. તે દુકાનમાંનું કાપડ પસંદ ન હોવાની બીના પર જો કોઇ કાર્ડ ધરાવનાર માલ લેવા ના પાડે અથવા ન લે તો તેને ચાલુ કવોટાનો માલ બીજી દુકાનેથી મળી શકશે નહિ અને તે પોતાનો હકક જતો કરે છે એમ માનવામાં આવશે. પરંતુ તેજ દુકાનમાં ચાલુ કવોટાનો જે માલ હશે તેમાંથી કલમ ૧માં જણાવેલ મુદત દરમ્યાન બીજુ કાપડ લઇ શકશે.

૩. રેશનીંગ કાર્ડમાં નોંધાયેલ જન સંખ્યા નજરે ૫ વાર કાપડ મળી શકે એમ હોય તો એક ધોતીયું અથવા એક સાડી નીમાએલ દુકાનદારના સ્ટોકમાં હશે તો મળી શકશે અને ૧૦ અથવા તેથી વધુ વાર મળવાના હક પ્રાપ્ત થતો હોય તો તે પેટે ધોતીયું અને સાડી જો તે દુકાનદારના સ્ટોકમાં હોય તો દરેકના અકેક નંગ કરતાં વધારે મળી શકે નહીં. બાકીના રેશનનું કાપડ બીજી કોઇપણ જાતમાં મળી શકશે.

૪. ધોતી કે સાડી સીવાય બીજું કોઇ એકજ જાતનું કાપડ કાર્ડ દીઠ દશ વાર કરતાં વધારે મળશે નહી પરંતુ પોતાનું સંપૂર્ણ રેશન એકથી વધુ જાતનાં કાપડથી લઇ શકશે.

દુકાનદારે પાળવાના નિયમો

૧. રેશન કાર્ડ ધરાવનાર સીવાય બીજા કોઇ શખ્શને રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ સીવીલ સપ્લાઇઝના હુકમ વગર કાપડ વેચવું નહીં.

૨. રેશન કાર્ડમાં જે દુકાનદારનું નામ હોય તેજ દુકાનદારે તે કાર્ડ ઉપર કાપડ આપવાનું છે. બીજા દુકાનદારે તે કાર્ડ ઉપર કાપડ આપવું નહીં.

૩. માણસ દીઠ નકકી કરવામાં આવેલ વાર કરતાં કોઇપણ કાર્ડ ધરાવનારે વધુ કાપડ ન જાય તેની જવાબદારી દુકાનદારની રહેશે.

૪. રેશન કાર્ડમાં નોંધાએલ જન સંખ્યા નજરે ૫ વાર કાપડ મળી શકે એમ હોય તો ૧ ધોતીયું અથવા એક સાડી જો સ્ટોકમાં હોય તો આપી શકશે. અને ૧૦ વાર અથવા તેથી વધુ વાર મળવાનો હક પ્રાપ્ત થતો હોય તો તે પેટે ધોતીયું અને સાડી જો સ્ટોકમાં હોય તો દરેકના અકેક નંગ કરતાં વધારે આપી શકશે નહીં, બાકી રહેતાં રેશનનું કાપડ બીજી કોઇપણ જાતમાં આપી શકશે.

૫. ૧૦ વાર કરતાં વધારે કાપડનો જેનો હક થતો હોય તેવા કાર્ડ ધરાવનારાઓને ધોતીયું અને સાડી સીવાય બીજું કાપડ જોઇતું હોય તો એકજ જાતનું કાપડ વધુમાં વધુ ૧૦ દશજ વાર આપવું અને તેથી વધારે ન આપવું, પરંતુ બાકીનું રેશન બીજી જાતમાંથી આપી શકશે.

૬. કાર્ડ ધરાવનારા તરફથી રેશન કાર્ડ દુકાનમાં રજુ થાય તે દીવસની તારીખ તેમાં નાખવી અને જો તે રજુ કરનાર કાપડ પસંદ ન હોવાની બીના પર માલ લેવાની ના પાડે તો કાર્ડમાં તેવો શેરો ભરવો. પરંતુ તેજ કાર્ડ ઉપર કરેલી મુદત દરમ્યાન તે દુકાનમાંજ મળી શકે તેવું બીજી જાતનું કાપડ રેશન પેટે આપી શકશે.

૭. હેચેલ માલની વિગત, આઇટેમ નંબર વગેરે ચાલુ ધોરણ પ્રમાણે દરેક રેશન કાર્ડમાં સ્પષ્ટ લખવી અને ધોતીયું અથવા સાડી આપેલ હોય તો તે સ્પષ્ટ લખવું.

૮. દરેક કવોટાનો હિસાબ જુદો રાખવો અને વેંચાણ શરૂ થયાની તારીખથી રોજ કેટલાં રેશન કાર્ડ રજુ થયાં અને કેટલા માલનું વેંચાણ થયું તેની દૈનિક નોંધ રાખવી કે જેથી ગમે ત્યારે ઇન્સ્પેકશન માટે આંકડા તૈયાર મળી શકે

૯. ઉપર જણાવેલ નિયમો ઉપરાંત કાપડ વેંચાણ બાબત જે જે હુકમો નિયમો વગેરે જાહેર પાડવામાં આવેલ છે તે કાયમ રહે છે માટે તેનો અમલ કરવો.

૧૦ ઉપરની કોઇપણ કલમનો જે કોઇ દુકાનદાર ભંગ કરશે તેને દરેક ગુન્હા માટે કોરી ૧૦૦૦) એક હજાર સુધી રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ સીવીલ સપ્લાઇઝ દંડ કરી શકશે અને તે ઉપરાંત લાયસન્સ પણ રદ કરી શકશે. રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ સીવીલ સપ્લાઇઝના હુકમ ઉપર માસ એકની અંદર મે. રા. રા. દીવાન સાહેબ તરફ અપીલ થઇ શકશે.

શ્રાવણ સુદ સોમવાર સંવત ૨૦૦૩ તા. ૨૯-૭-૪૬

S. K. Nayampalli
દીવાન કચ્છ.

—— સુચના. ——

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨રા અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવુ.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી૧ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવેતો તેથી અર્ધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સા. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવેતો સા. ૨૦૦૩ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

42

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

(પુ૦ ૭૪) શ્રાવણ શુદિ ૧૦ બુધવાર સંવત ૨૦૦૩ તા. ૭મી ઓગષ્ટસને ૧૯૪૬ (વિશેષ અંક)

વધારો.

ઠરાવ.

નંબર ૧૦૫૭.

રાજકોટથી ગુણવંતરાય લાલજી ગણાત્રા તરફથી " રણકાર " નામનુ અઠવાડીક કહાડવામાં આવે છે સદરહુ પત્રમાં કચ્છ સબંધી ઘણુ અસત્ય ભરેલું અને રાજ્ય તથા પ્રજા વચ્ચેના ચાલતા આવતા એખલાસ ભર્યા સબંધમાં અસંતોષ ઉપજાવે એવું લખાણ કરવામાં આવે છે તેમજ ખોટો ઉશ્કેરાટ ફેલાવવાના આશયથી થતાં લખાણો રાજ્ય તથા પ્રજાના હિતને હાનિકર્તા હોઇ " રણકાર " પત્ર આજની તારીખથી કચ્છની અંદર આવતું બંધ કરવામાં આવે છે.

જે કોઇ શખ્સ આ પ્રતિબંધ વિરૂધ્ધ સદરહુ પત્ર કચ્છની અંદર પોતે કે બીજા મારફતે લાવશે, મંગાવશે, વેંચશે, વેંચાવશે, ખરીદશે, પોતાની પાસે રાખશે અથવા તો બીજી કોઇ રીતે આ હુકમનો ભંગ કરશે અગરતો આ હુકમના આશયનો ભંગ થાય તેવું વર્તન રાખશે તે માસ ચાર સુધીની ગમે તે પ્રકારની કેદની શિક્ષા અને કોરી ૫૦૦) પાંચસો સુધીના દંડને પાત્ર થશે

ફોજદાર કે ઉપરના હોદાવાળા પોલીશ અમલદાર ગુન્હેગારને વગર વોરંટે પકડી શકશે.

તહોમતદારને જામીન ઉપર છોડવાનો કોર્ટને અખત્યાર રહેશે.

ઉપર પ્રમાણે ખુદાવંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

મિતિ શ્રાવણ સુદ ૧૦ બુધવાર શા. ૨૦૦૩ તા ૭–૮–૪૬

S. K. Nayampalli,
દિવાન

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] TUESDAY 13th AUGUST 1946 [No 4]

[પુ૦ ૭૪] શ્રાવણ વદિ ૨ મંગળવાર સંવત ૨૦૦૩ તા. ૧૩મી ઓગષ્ટ સને ૧૯૪૬.[અંક ૪]

NOTIFICATION.

No. 2063 of 1946.

In exercise of the powers conferred by Sub-rule (2) of rule 81 of the Defence of India Rules as applied to Kutch, the Kutch Government is pleased to cancel the Chrome Compounds Control Order 1941 published under this office No. 2209 dated the 12th November 1941 as subsequently amended from time to time.

Dewan's Office
Bhuj, 26th July 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch

નોટીફીકેશન.

ડી. સી. એસ. નાં. ૨૪૧૬.

ડી. સી. એસ. નાં. ૧૯૮૧ તા. ૩૦-૪-૪૬ વાળા નોટીફીકેશનથી કેરોસીનના ચાર ઇમ્પીરીયલ ગેલન ના ડબ્બાનો ભાવ ડબા સહીત રૂ૦ ૫-૭-૦ મુકરર કરવામાં આવ્યો હતો તે રદ કરી તા. ૧લી ઓગષ્ટ ૧૯૪૬ થી તેવા ડબાનો ભાવ રૂ૦ ૫-૫-૦ આથી ઠરાવવામાં આવે છે.

સીવીલ સપ્લાઇઝ ઓફીસ
ભુજ તા. ૨૭-૭-૪૬.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

પો. અં. જા. નાં. ૩૦૭ **જાહેર ખબર.**

અહીની જાહેર ખબર નાં. ૬૬ તા ૨૭-૭-૪૬ વાળીના અનુસંધાનમાં એજન્સી તરફથી નં આર એચ/૫-૫૮ તા. ૧૯-૭-૪૬વાળુ મેમોરેન્ડમ આવેલ છે તેમાં નીચે પ્રમાણે જણાવે છે તે સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

" Travellers to Netherlands East Indies should now apply to Netherlands consular authorities in India for Visas "

તા. ૨૭-૭-૪૬

K. V. Bhatt
ડેપ્યુટી સેક્રેટરી

પો. અ. જા. નં ૩૨૩ **જાહેર ખબર**

એજન્સી તરફથી નં આર. એચ/૩-૧ બરોડા તા. ૧૯-૭-૪૬ વાળો એકસ્પ્રેસ લેટર અત્રે આવેલ છે. તેની સાથે હિંદમાંથી બહાર જનારા સામે હિંદબહારના દેશોએ તા. ૧-૭-૪૬ થી કવોરન્ટાઇન પ્રતિબંધ મૂકેલ છે. તેનુ પત્રક સર્વ મુસાફરોની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આથી અગાઉના પત્રકો રદ ગણવાનાં છે.

જે દેશોએ કવોરન્ટાઇન પ્રતિબંધ મૂકેલ છે તે દેશનું નામ.	જે દર્દમાટે પ્રતિબંધ મુકેલ તે દર્દનું નામ	જે દેશો સામે પ્રતિબંધ મુકેલ છે તે દેશોના નામો		
ત્રેસેસ્ટાઇન	કોલેરા	કલકત્તા.	(હવાઇ માર્ગ સામે)	
	શીતળા	,,	,,	
	,,	મુંબઇ	,,	
ટ્રાન્સજોર્ડન	કોલેરા	કલકત્તા	,,	
	,,	મુંબઇ	,,	
	,,	કલકત્તા	(હવાઇ અને દરિયાઇ)	
સીલોન	શીતળા	મદ્રાસ	,,	,,
	,,	મુંબઇ	,,	,,
ઇરાક	કોલેરા	હિંદ	,,	,,
	શીતળા	,,	,,	,,
ઇરાન	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
ઇજીપ્ત	,,	,,	,,	,,
ચીન	,,	,,	,,	,,
	એન્ટેરીક ફીવર	,,	,,	,,
	કોલેરા	,,	,,	,,
બર્મા	શીતળા	,,	,,	,,
બેન્ગકોક	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
મલાયા સ્ટેટસ	કોલેરા	,,	,,	,,
સેટલ મેન્ટસ	શીતળા	,,	,,	,,

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી

તા. ૩૧-૭-૪૬

જાહેર ખબર,

એજન્સી બરોડા તરફથી નં આર એચ ૩-૧ તા. ૨૪-૭-૪૬ વાળો એક્સપ્રેસ લેટર આવેલ છે. તેમાં અફઘાનીસ્તાનની સતાવાળાઓએ આપેલ માહીતી મુજબ જણાવવામા આવેછે.કે જે શક્ષો આ પ્રદેશમાં જવા ઇચ્છતા હોય તેઓ જ્યારે અફઘાનીસ્તાનમાં પ્રવેશે તે પહેલાં તેઓની પાસ કોલેરાની રસી મુકાવ્યાનું છ દીવસથી ઓછું નહિ અને છ માસથી વધુનું નહિ એવું સર્ટીફીકેટ હોવુ જોઇએ એવી ખાશ ભલામણ કરવામાં આવે છે.

ઉપર પ્રમાણેના ખબર સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા ૩-૮-૪૬.

K. V. Bhatt.
ડેપ્યુટી સેક્રેટરી

પા. જા. ન. ૩૩૩. જાહેર ખબર.

એજન્સી બરોડા તરફથી નં આર. એચ. ૫-૨૧. તા, ૨૭-૭-૪૬. વાળો લેટર અત્ર આવેલ છે. તેમા જણાવેછે. કે બનુંમાં કોલેરા ફાટી નીકળ્યો હોવાથી જે સક્ષો અફગાનીસ્તાન જતા હોય તેઓની પાસે કોલેરાની રસી મુકાવ્યાનું સર્ટીફીકેટ હોવું જોઇએ નહિંતર તેઓને અફઘાનીસ્તાનની સતાવાળાઓ સરહદ પાસે અટકાયત કરશે.

ઉપર પ્રમાણેના ખબર સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા. ૭-૮-૪૬.

K. V. Bhatt
ડેપ્યુટી સેક્રેટરી.

45

મહારાજા ધિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી માંડવી અદાલત.
દાવાનો નંબર ૧૮૧ સંવત ૨૦૦૨
શા. મગન મોમાયા કોડાય વાદી
આયર રૂડા દેવુ વીગેર કોડાય પ્રતિવાદી
દાવો કોરી ૮૦૦) મળવા

કોડાયના નીચે લખ્યા નાને માલમ થાય જે વાદી એ તમારા ઉપર લેણાં બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના ભાદરવા શુદ ૩ શુકરેને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ આયર રૂડા દેવુ
૨ આયર સીવા રાજા ગુજરી જતાં તેના વારશ પુત્રો
૧ આયર તેજા સીવા
૨ આયર ભીમા સીવા

મિતિ અશાડ વીદ ૨ વાર બુધે સંવત ૨૦૦૩
પ્રાણજીવન પુરસોતમ,
મે માંડવી ન્યાયાધીશ સાહેબના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નંબર ૧૪૬૮.
શ્રી અંજાર દીવાની અદાલત
ખા. દી. કા. ન. ૧૭૧ શં. ૨૦૦૨.
જોશી રામચંદ્ર કૃષ્ણદાશ અંજાર વાદી
વિરૂદ્ધ
શ્રી અંજાર નગરસભાના સેક્રેટરી (પેતા મગનલાલ દેવશંકર અંજાર) પ્રતિવાદી
દાવો

ચુંટણીનું કામ ગેરકાયદે અને ગેરધોરણે ચલાવેલું હોવાનું ડીકલેરેશન મલવા તથા દરમ્યાન કામ તેવી કમીટીથી ન લેવા મનાઇ હુકમ થવા.

અંજાર મધ્યે અંજારના તમામ શહેરીઓને ખબર આપવામાં આવે છે કે શહરહુ વાદીએ આ પ્રતિવાદી વિરૂધ્ધ ઉપર પ્રમાણે દાવો દાખલ કરેલ છે અને તે દાવો Representative suit તરીકે હોવાનું જણાવી ક. દી. કા.ની કલમ ૨૨ મુજબ અરજ કરેલ છે માટે અંજારના તમામ શહેરીઓને આથી જાણ કરવામાં આવે છે કે જેઓને આ દાવામાં વાદી તરીકે સામેલ થવા ઇચ્છા હોય તેઓએ દાખલ થવા આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી ૧૫) પંદર દિવશની અંદર આ કોર્ટમાં કોર્ટના ટાઇમે હાજર થઈ તેવી અરજ કરવી નહિંતર મુદત વીતે કાયદેશર કરવામાં આવશે

અસાડ વીદ ૧૪ શની શ૦ ૨૦૦૩ તા. ૨૭-૭-૪૬
Harilal C. Jethi,
અંજાર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નંબર ૧૪૬૯
શ્રી અંજાર દીવાની અદાલત
ખા. દી. દા. નં. ૧૪૧ સં. ૨૦૦૧
નંદવાણા વોરા દયાશંકર શામજી અંજાર વાદી
બાડા મેરા રામા વી. રાપર પ્રતિવાદી
દાવો ખેતર કબજે મલવા

મોખાસામાં રહેનાર વોરા કરીમભાઇ અબ્દુલહુશેન ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર ખેતર મલારનો કબજો મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે આ શમન્શ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી માશ એકની અંદર તે રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલા હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો

મિતી અશાડ વીદ ૧૪ શનીવાર સંવત ૨૦૦૩
અમૃતલાલ તારાચંદ,
મે. અંજાર ન્યાયાધીશ સા. ના હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
તામીલની નોટીશ ડુપ્લીકેટ નાં ૬૫૧-૬૫૨

તામીલની દરખાસ્ત નંબર ૧૦૩ સંવત ૨૦૦૨
અંજાર અદાલત તરફથી

જરીઆ સ્થને ઠા. પ્રાગજી પરશોતમ
ઠા. વિશનજી —ને ખબર

આપવામાં આવે છે કે તમારી ઉપર ભાટ પ્રેમજી કાલીદાશ વિગેરા રહેનાર અંજારનાં એ વિટાંતર રાખેલ જગ્યા કબજે મળવા દાવો નં૦ ૨૧૫ સંવત ૧૯૯૯ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૨૦૦૧ આસુ સુદ ૧ શોમવાર ને રોજ અદાલત અંજાર તરફથી થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીઓ પ્રા.ને કોરી ૨૦૦૧ તથા ખરજાતની કોરી ૪૨૯૬)ઝા આપી દાવા વાલી જગ્યા દસ્તાવેજ ને સીખે કબજે લે પ્રથમ નું ખર્ચ પ્રા.ને શિર પછીનુ ખર્ચ વાદીને શિર તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોચેથી રોજ ૩૦ માં હુકમનામાં પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતિ શ્રાવણ સુદ ૫ ગુરવાર શા. ૨૦૦૩

અમૃતલાલ તારાચંદ,
મે. અંજાર ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજા ધિરાજ મિરજા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી મુંદરા કોર્ટ નાં. ૫૩૦
ખા. દી. કામના ૪૫ શાં. ૨૦૦૨

શા. હીરજી ધારશી વીગેરે કાળા ગોગા વાદી
શા આણંદ પુજા વીગેરે કાળા ગોગા પ્રતીવાદી
દાવો

ખેતર અજોરની કટકી વીગા ૩નો કબજો મલવા વીગેરે બાબત

કાળા ગોગા તે હાલે મુંબઇના શા કાળુ કેશવજીને માલમ થાયજે આ કામે દાવા જવાબ આપવા તમારે આ કોર્ટમાં શાં૦ ૨૦૦૩નાં શ્રાવણ વદ ૧૩ શનીનાં રોજ સવારના ૭ વાગેથી હાજર થવુ નેતર કાયદેશર થશે.

અશાડ વદ ૫ શુકર ૨૦૦૩

Narottam D. Mehta,
મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ
શ્રી મુંદ્રા દીવાની અદાલત નંબર ૫૮૩
ખા. દી દાવાનો નંબર ૫૫ સંવત ૨૦૦૨

શા. લાલજી વીરજી મોટા કાંડાગરા વાદી
રાજગર વીરજી ઉર્ફે મઠુ મેગજી વીગેર મોટા કાંડાગરા } પ્રતિવાદી
દાવો કોરી ૩૨૦) મળવાનો

રાજગર વીરજી ઉર્ફે મીઠુ મેગજી રહેનાર મોટા કાંડાગરા નાને માલમ થાય જે વાદીએ આ કોર્ટ માં તમારા ઉપર મુદલ વ્યાજ સહીત કોરી ૩૨૦) ચડતે વ્યાજે મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના ભાદરવા શુદ ૧૪ શનિવારને રોજ સવાર ના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ અશાડ વીદ ૧૪ વાર શની સંવત ૨૦૦૩

Narottam D Mehta,
મુંદ્રા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી બી ઇ
ભચાઉ દીવાની કોર્ટ તરફથી નાં. ૧૦૩૧
ખા. દી. રે નાં. ૪૩

દોશી તલકશી જેરાજ વીગેરે વોધ વાદી
ગામી અખાઇ વીશ્રામ વીગેરે કરાંચી પ્રતીવાદી
દાવો તામીલ થવા

વોધ તે હાલ મારજીન લખ્યા પ્રતિવાદીઓને એવો હુકમ કરવામાં આવે છે કે

૧ ગામી અખાઇ વીશ્રામ } શાં ૧૯૯૫ ખુલાસા
૨ ગામી રાધુ વીશ્રામ } નાં. ૭૩ વાલા દીવાની

દાવામાં કોરી નું શાં. ૨૦૦૧ના માગશર વીદ ૭ સોમે ના રોજ તમારા ઉપર હુકમનામું થયુ છે તે તમે પુરૂં કયુ નથી માટે આ અદાલતનો બીજો હુકમ થતાં સુધી આ નીચે બતાવેલ ચતુર દીશા વાળી મિલકત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની આ અદાલતથી તમને મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ મિલકત તમારા પાસેથી બીજા કોઇએ લેવાની પણ મનાઇ તથા પ્રતિબંધ છે એમ શમજવુ.

૧ જગ્યા ૧ રાવલીઆ ગોઆ જશવંત પાશે પૈસામા વટાંતર છે તે ઉપરનો વધારો
૧ શેરીના રાજ્ય માર્ગથી આથમણી
૨ ચામરીઆ મેપા રતાની જગ્યાથી ઉત્રાદી
૩ ગામી ગોપારા લખમણની જગ્યાથી દખણાદી
૪ બંગાલી માવા ભવાનની જગ્યાંથી ઉગમણી

૨ વાડી ૧ વેદ ત્રીકુજુઠા પાશે પૈસામાં વટાંતર છે તે ઉપરાંતનો વધારો
૧–૨ ગામી ગોપારા લખમણની વાડીથી ઉગમણી તથા આથમણી
૩ શાઢા વેલા રામજીની વાડીથી દખણાદી
૪ ચામરીઆ કેશા હીરજીની વાડીથી ઉત્રાદી
૩ જગ્યા ખંડ ૧ વોધ મધેના પ્રતીવાદીઓના કબજાની
૧ ગામી દેવરાજ લખમણની જગ્યાથી ઉગમણી
૨ ગામી અખઇ ગોપારાના ડેલા તથા આવતે જગ્યાઓની મજમુની હાલથી દખણાદી
૩ રાવરીઆં દેવરાજ ખોડાની જગ્યાથી આથમણી
૪ ગોઢીઆના વાશમા જવાની શેરીથી ઉત્રાદી
૪ ખેત્ર ખંડ ૧ નામે મધે ઢાન ગામી અખઇ ગોપારા પાસે વટાંતર છે તે ઉપરાંતનો વધારો
૧ રાવલીઆ દેવરાજ ખોડાના ખેત્રથી આથમણુ
૨ ગામી દેવરાજ લખમણના ખેત્રથી દખણાદુ
૩ કાઠાના રાજ્ય માર્ગથી ઉગમણુ
૪ પટણી કારા કરશનના ખેત્રથી ઉત્રાદી
૫ વાડી મીઠી તેમાં પ્રતિવાદીઓનો ત્રીજો ભાગ છે તે ત્રીજો ભાગ ગામી અખઇ ગોપારા પાશે વટાંતર છે તે ઉપરાંતનો વધારો
૧ ગામી દેવરાજ લખમણુનાં વાડી ત્યાં ગામી અખઇ ગોપારાની વાડીથી આથમણી
૨–૩ ગધેડાના થાનકાની વાડીથી ઉગમણી તથા ઉત્રાદી
૪ શાઢા વેલા રામજીની વાડીથી દખણાદી
મિતી અશાડ વાદ ૩ રવી શાં ૨૦૦૩

Vrijlal Harilal
ભચાઉ ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મારજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી નાં. ૧૦૩૦
મેતા પ્રાગજી ભગવાનજી રે. વોંધ વાદી
ચોધરી જેરામ ભવાન વી. રે. વોંધ હાલ આણંદ પ્ર.
દાવો તામીલ થવા.

આણંદ મધે ચોધરી જેરામ ભવાનને માલમ થાય કે તમારા પર વાદીએ શા ૧૯૯૬નાં ભાદરવા વીદ ૧૪ સુકેનાં રોજનાં થએલ ઠરાવ મુજબ ઠરાવ બાકી રહેતી કોરી ૧૧૭૨૨ ચડત વ્યાજ વસુલ કરાવી અપાવવા અથવા માંડેલ ઠાંમોમાં વાડી પ્રતિવાદી ચોધરી ભવાન રતાને કબજે હોઇ તે પ્રથમની તામીલમાં લીલામ થઇ જતાં ચોધરી ભવાન રતાને તથા વાડી કમી કરી બાકીનાં ઠાંમો ઠરાવમાં જણાવ્યા પ્રમાણે વેચી વેચાવી વસુલ કરાવી અપાવવા અને ખુટતી પ્રતિવાદી નાં ૧ વાળાની બીજી હરેક પ્રકારની મીલ્કત વસુલ કરાવી અપાવવાં માટેવા દીએ તામીલ દરખાસ્ત રજુ કરી છે માટે આ નોટીશ કચ્છ રાજ્ય પત્રમાં છપાવાની તારીખથી રોજ ૧૫ની અંદર વાદીની તામીલ કરી પોંચ રજુ કરજો નહીતર મુદત વીતે કાયદેશર થશે.
મીતી અશાઢ વીદ ૫ શા ૨૦૦૩

Vrijlal Harilal,
ભચાઉ ન્યાયાધીશ,

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ શવાઇ બહાદુર જી. બી. ઇ. ની
શ્રી લખપત દિવાની કોર્ટ નોટીશ નાં. ૨૭૮
ખા. દી. તાંમીલ કામ નં ૬૫ શાં ૨૦૦૩
રાજગર જેરામ લધાના વારશો
૧ રાજગર મણીશંકર જેરામ રે. હાલે લખપત
૨ રાજગર દયાશંકર જેરામ રે. નારાયણશર } વાદી
૧ ગુશાઇ કરશનગર દેવગર રે નરેડાનાં હાલે કરાંચી
૨ ઠા જીવરામ મોનજી રે. નેત્રા } પ્રતિવાદી

દાવો
કોરી ૭૬૩ાની તાંમાલ થવાનો

ગામ નરેડાનાં તે હાલે કરાંચી મધે રહેનાર ગુશાઇ કરશનગર દેવગરને માલમ થાય કે, મજકુર વાદીઓએ તમારા પાસેથી કોરી ૭૬૩ાની ખા. દી. કાંમ ન. ૧૫૭ ૧૯૯૬નાં ફેસલા અનુસાર તાંમીલ થવા દરખાસ્ત રજુ કરી છે વાસ્તે તમને હુકમ કરવામાં આવે છે કે, વાદીઓ મજકુરની શહરહુ લેણી રકમની આ નોટીશ બજેથી રોજ ૧૫માં તાંમીલ કરી આવી આ કોર્ટ પાસે પોંચ રજુ કરવી નહિતર કાયદેશર થશે.
શા ૨૦૦૩ અશાડ વિદ ૪ ગુરૂવાર

K. S. Rana
લખપત ન્યાયાધીશ,

---

૫ જા. નાં. ૩૧૪૬ જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના ઠાં માધવજી ચાગનજી ભુજના દરજી શીવજી તથા દેવજી વગેરે પાસેથી જગ્યા ૧ કોરી ૨૧૫૦૦) એકવીશ હજાર પાંચસોમાં જે દેવડીયા શેરીમાં છે તે અઘાટ લેતાં તેના દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીતયા બાદ કોઇનું કંઇ નહી શાંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે
અશાડ વીદ ૧૦ ભોમે શાં. ૨૦૦૩

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

---

૫. જા. નાં. ૩૧૪૫ જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના મુડીયળા લુવાર સુમાર ઇસ્માલે ભુજના મુનશી અબ્દુલઝઝીઝ શાહબુદીન પાસેથી જગ્યા ૧ જે ગાંચી ફલીયામાં છે તે કોરી ૩૦૦૦) ત્રણ હજારમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ

લેણું હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહી સાંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અશાડ વીદ ૧૧ બુધવાર શાં ૨૦૦૩

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

જાહેર ખબર

હ. જા. નાં ૨૦૪૦ માડવી વહીવટદાર કચેરી તરફથી આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના પઠાણ ઈરમાલખાં જુસબખાંએ ત્યાના પઠાણ હાશમખાં હશણખાંનાં વારસ પૌત્ર હશણખાં આમદખાં તથા સુલેમાનખાં હસણખાંનાં પૌત્ર મામદખાં જુસબખાં તથા દાઉદખાં જુસબખાં વગેરેને મતે કારી ૩૮૦૦) માં શાહ વાલી મસીદ પાસ ઉત્રાદી બાજુ આવેલી ડેલીમાં ઓરડી ત્રણ ઉત્રાદે બારણે તથા ઓરડી ૨ એકઢાળે મળી ખંડ ૫ અઘાટ વેચાણ લાધેલ છે તેનુ ખત છાપો થવા માટે આવેલ છે. માટે આ જગ્યાઓ શબંધમાં કોઇનો કંઇ પણ હક હિસો હોય તેણે મારા એકમાં આંહી આવી જાહેર કરવુ નહીતો મુદત વીતે છાપો કરી આપવા શબંધમાં ઘટતુ થશે.

શ્રાવણ સુદ ૬ સુકરવાર શા. ૨૦૦૩

અબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખહાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

અમો અંજારનાં સંઘવી ઓધવજી ખાનાચંદનાં વારસ પુત્રો હરિલાલ ઓધવજી તથા ભુજંગીલાલ સગીરનાં વાલી હરિલાલ ઓધવજી જત ભાઇઆ ભાગે વહેચણમાં અમારા ભાગે જગ્યા ૧ અંજારમાં મોચી બજારમાં ઢેરા ફરીયામાં આથમણે બારવાલી મજમુ ડેલી અંદર ઉગમણે બાર બે ઓરડા ઓસરીવાલી મેડી બંધ આવેલી છે આ જગ્યાનાં દસ્તાવેજો પ્રથમથી હાથથી ઉતરી ગયેલ હોઈ તે અમને મળેલ નથી એવું જાહેર કરવામાં આવે છે કે મજકુર જગ્યાનાં દસ્તાવેજો પર બીજા કોઇએ પણ કોઇ પણ રીતે ધીરધાર કે એવો વહેવાર કરવો નહિ છતાં કોઇ ધીરધાર કે લેતી દેતી કરશે તો તે માટે અમો કે અમારી ઉપરોકત જગ્યા કોઇ પણ રીતે જવાબદાર થશુ નહિ તેની આથી નોંધ લેવી કોઇને પણ તે દસ્તાવેજો મલ્યા હોય તો તેમણે તે અમને સોપવા જેનુ યોગ્ય ઇનામ અમો આપીશું એજ

સા. ૨૦૦૩ના શ્રાવણ સુદ ૩ બુધવાર

ભા હરીલાલ ઓધવજીની સહી
દાઃ પોતાના

ભા. ભુજંગીલાલ ઓધવજીના શગીરના વાલી ભા હરીલાલ ઓધવજીની સહી દાઃ પોતાના

ખાનગી જાહેર ખબર

અમો અંજારનાં સંઘવી આસકરણ પાનાચંદ વારસ પુત્રો પાસવીર તથા મગનલાલ આસકરણ તથા પુનમચંદ તથા હિમતલાલ સગીરના વાલી પાસવીર આસકરણ જત ભાઈઓ ભાગે વહેચણમા અમારા ભાગે જગ્યા ૧ અંજારમાં ગંગા બજારમાં અદેકરણ મુરજી વાલી ડેલીમાં ઉતરાદે બારવાલી બીજી ડેલી અંદર ઉત્તરાદી તરફના ઉગમણે બારવાલી બે ઓસરી ઓસરી સીધે મેડી બંધ આવેલી છે આ જગ્યાના દસ્તાવેજો પ્રથમથી હાથથી ઉતરી ગયેલ હોઈ તે અમને મળેલ નથી આવા અવુ જાહેર કરવામાં આવેછે કે મજકુર જગ્યાના દસ્તાવેજો પર બીજા કોઇએ પણ કોઈપણ રીતે ધીરધા કે એવો વહેવાર કરવો નહિ છતાં કોઈ ધીરધાર કે લેતીદેતી કરશે તો તે માટે અમો કે અમારી ઉપરોકત જગ્યા કોઇપણ રીતે જવાબદાર થશું નહિ તેની આથી નોંધલેવી કોઇને પણ તે દસ્તાવેજો મલ્યા હોય તો તેમણે અમને સોપી જવા જેનુ યોગ્ય ઈનામ અમો આપીશુ એજ

સા ૨૦૦૩ ના શ્રાવણ સુદ ૩ બુધવાર

સંઘવી પાસવીર આસકરણની સહી
દાઃ પોતાના

સંઘવી પુનમચંદ આસકરણ તથા હીમતલાલ આસકરણના વાલી પાસવીર આસકરણની સહી દાઃ પોતાના

સંઘવી મગનલાલ આસકરણની સહી
દાઃ પોતાના

—— સુચના. ——

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨રા અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

ગ્રાહેર ખબરનો ભાવ કોરી૧નોલીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવેતો તેથી અર્ધું અયોગ્ય લખાણ છાપવામાં નાંહ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, ઝાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

એક સાલના ગેઝેટના પ્રચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સા. ૨૦૦૨ સુધી લવાજમ નાંહ આવેતો સા. ૨૦૦૩ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નાંહ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] WEDNESDAY 28th AUGUST 1946 [No 5]

[પુ૦ ૭૪] ભાદરવા શુદિ ૨ બુધવાર સંવત ૨૦૦૩ તા ૨૮મી ઓગષ્ટ સને ૧૯૪૬.[અંક ૫]

સરકયુલર

રે. જા, નં. ૬૫૬૫.

હાલે રા. રા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી કેટલાક ખાતાઓમાં તપાસણી થતાં રોજમેળ વગેરે બરાબર નહીં રહેવા બાબત હકીકત જાહેર થઈ છે. રાજ્યના તમામ ખાતાના હીસાબ સંબંધી એકજ પ્રકારનું ધોરણ હોવાનું જરૂરી હોતાં નીચે પ્રમાણે નીયમો કરવામાં આવે છે, અને તમામ ખાતાઓએ તે પ્રમાણે અમલ કરવો.

૧. શ્રી હજુર ત્રીજોરીએથી પગાર બાબત તથા કન્ટીજન્સી બાબત બીલોની જે રકમ વસુલ કરવામાં આવે તેટલીજ રકમ જમા ન કરતાં બીલની એકંદર રકમ રોજમેળમાં જમા કરી, અને તે પૈકી જેટલી રકમ બીલમાંથી કપાત થઇ હોય તેટલી ટ્રેઝરી ખાતે ઉધારવી, દાખલા તરીકે પગાર ઉપરાંત ફંડ કે એવી બાબતો માટે એકાઉન્ટ ખાતે પગાર ઉપરાંતરની કમ લેવાઇ હોય તો તે પણ રોજમેળમાં જમા થવી જોઇએ.

૨. રોજમેળ દરરોજનો દરરોજ પુરેપુરો લખવો જોઇએ અને રોજની પ્રાત તપાસાઇ ખાતાના ઉપરીની અથવા જવાબદાર અધીકારીની સહી થવી જોઇએ.

૩. પૈસાની લેતીદેતીનું કામ રોજમેળ લખનાર શક્ષ પાસેથી ન લેતાં બીજા માણસથી થવું જોઇએ.

૪. હીસાબી કારકુનોએ માત્ર રોજમેળ લખવાનું કામ કરવું, અને તેમને ચુકાવા સાથે કંઇપણ સબંધ હોવો જોઇએ નહીં. ચુકાવા માટે ખાતાના ઉપરીએ ખાતામાંથી બીજા માણસ પાસેથી કામ લેવું.

૫. દર માસની આખરે રોજમેળનો માસીક હીસાબ રોજમેળમાં પુરો થવો જોઇએ, અને કલોઝીંગ બેલેન્સ મણાઇ ખાતાના ઉપરીએ પોતાના હસ્તાક્ષરમા નીચેના નમુના મુજબ સરટીફીકેટ આપવું જોઇએ.

સરટીફીકેટ આપવામાં આવે છે કે આ પ્રાત મેં તપાસી છે, અને નીચેની હકીકતે ખરી માલુમ પડી છે.

૧. કોરી
૨. વાંધા શિકકા
૩. રેવીન્યુ સ્ટેમ્પ.
૪. રૂપીયા.

૬. બની શકે ત્યાંસુધી પૈસા પામનારે પોતાને મળેલી રકમ આંકડામાં તેમજ અક્ષરે પહોંચ આપવી જોઇએ. જ્યાં પણ પૈસા પામનાર અભણ હોય ત્યાં તેનાં ડાબા અંગુઠાની છાપ લેવાઇ પૈસા આપનાર શક્ષ સીવાયના શક્ષની શાક્ષી થવી જોઇએ.

૭. રોજનદારી મજુરોના ચુકાદા બાબત અથવા મજુરો કે રોજનદાર જેવા અભણ શક્ષોને ચુકાદા કરતી વખતે હાજરી પત્રકમાં ડાબા અંગુઠાની છાપ લઇ પૈસા આપનાર અધીકારીએ સદર કસમને પૈસા મલ્યાની ખાત્રી કરી પોતાની રૂબરૂની સહી કરવી તેમજ ત્યાંના સ્થાનીક અધીકારીએ એકંદર ચુકાદો થયાની રકમ જણાવી પોતાની ખાતરીની સહી કરવી.

૮. હાજરી પત્રક જે તે સ્થળે પુરાવું જોઇએ, અને પેટા ઓફીસમાં કે હેડ ઓફીસોમાં તેની નકલ રાખવાની આવશ્યકતા નથી. આ મુળ હાજરી પત્રકો પણ ઇન્સપેકશન કરતી વખતે રોજમેળની રીતે ચેક કરવામાં આવશે.

૯. પબ્લીક વર્કસ ઇરીગેશન, રેલ્વે, સ્ટોર વીગેરે ખર્ચ કરતાં ખાતાઓમાં મેજરમેન્ટ બુકસ રહેવી જોઇએ, અને તે મેજરમેન્ટ બુકોજ ચુકાદા બુક તરીકે ગણાશે આ મેજરમેન્ટ બુકોના આધારે બીલો જે તે અધીકારીએ બનાવવા જોઇશે, અને તે બીલોમાં મેજરમેન્ટ બુકસનાં પાનાં તથા નંબર વીગેરે જ્યાં દરેક નોંધ કરવામાં આવ્યો હોય તેના સામે જણાવવા.

૧૦. વેપારી તથા કોન્ટ્રેકટર તરફથી જો જુદા ફોર્મમાં બીલો રજુ થાય તો તેના ઉપર તે બીલમાં જણાવેલ માલ ડેડસ્ટોક બુક વપરાઇ ન જાય તેવી ચીજો અને મેજરમેન્ટ બુકઃ વપરાઇ જતી ચીજોઃ જમે કર્યાના પાના તથા ચડતા નંબર બીલ ઉપર જણાવવા અને તેની સાથે બીલમાં લખ્યો માલ સારી સ્થીતીમાં અને પુરેપુરો આવી ગયેલ છે. અને જમે કરવામાં આવેલ છે તેવું સરટીફીકેટ આપવું. ખર્ચ કરતાં ખાતાંઓએ તેમજ તેવા બીજા ખાતાઓએ તે તે ખાતામાં આવતી ચીજો પૈકી કઇ ચીજો ટકાઉ છે અને વપરાઇ ન જાય તેવી છે તેમજ કઇ ચીજો વપરાઇ જાય તેવી છે, તેની જુદી તારવણી કરવી. દાખલા તરીકે કોઠાર ઉપર આવતુ ધાન વપરાઇ જતી ચીજ છે પરંતુ ખાલી બારદાનો ટકાઉ ચીજ છેઃ આવી ચીજો ડેડસ્ટોક રજીસ્ટરમાં દાખલ કરવી જોઇએ, તેવીજ રીતે ચાલુ ડીપાર્ટમેન્ટ માત્ર ગાદી તકીયા પાટલા વીગેરે પણ ટકાઉ ચીજ હોઇ તે ડેડસ્ટોક લીષ્ટમાં દાખલ થવી જોઇએ.

ઇન્સપેકશન કરતી વખતે ઓડીટ ઇન્સપેકટીંગ ઓફીસરે આવી ટકાઉ ચીજો ડેડસ્ટોક રજીસ્ટરમાં બરાબર દાખલ થઇ છે કે નહીં અને તે પૈકી નીરૂપયોગી ચીજો યોગ્ય અધીકારીની મંજુરીથી કમી કરવામાં આવી છે કે કેમ, તે ખાસ જોવાનું રહેશે. દરેક અધીકારીએ આવી ટકાઉ ચીજો તથા પબ્લીકવર્કસ જેવા ખાતાએ કામ ઉપર વપરાતી ટકાઉ ચીજોનું વરસમાં એક વખત એટલે છેલ્લા આશુ મહીનામાં ડેડસ્ટોકથી મેલવણી કરી શદરહુ ચીજો ડેડસ્ટોકમાં જણાવ્યા પ્રમાણે બરાબર હોવાની ખાત્રીનું સરટીફીકેટ આપવું.

મીતી અશાડ વદ ૧૨ ગુરૂવાર સાં. ૨૦૦૩ તા. ૨૫-૭-૪૬.

શ્રી હજુર ઓફીસ,
શ્રી રેવન્યુ બ્રેન્ચ.

S. K. Nayampalli
દીવાન કચ્છ.

જ્યુ. જા. નાં ૭૦૯૮ ઠરાવ.

માંડવીના કાયસ્થ મહેતા હીંમતલાલ હરીલાલે નવા કોર્સ મુજબ એલ. એલ. બી.ની પરીક્ષા પસાર કરેલ હોઇ ઇ. જા. નાં ૧૯૭ તા. ૨૭-૪-૪૪ વાળાથી માંડવી કોર્ટમાં વકીલાત કરવાની સનદ મળેલ તે મુજબ તેમણે બાર માસ લગી તે કોર્ટમાં વકીલાત કરી કચ્છની તમામ કોર્ટોમાં વકીલાત કરવાની પરવાનગી મળવા અરજ કરતાં હાઇકોર્ટ, કચ્છ તરફથી નાં. ૧૮૩૬ વૈશાખ શુદ ૧૪ બુધે શાં ૨૦૦૨થી ખાલસા કોર્ટોમાં વકીલાત કરવા માટે પરવાનગી અપાએલ છે.

હવે આ રાજ્યની ખાલસા કોર્ટો સિવાયની તમામ કોર્ટો તેમજ કચેરીમાં વકીલાત કરવાની પરવાનગી માટે અરજ થતાં તેમને તેવી પરવાનગી આપવામાં આવે છે.

મીતી અશાડ વદ ૧૪ શની શાં. ૨૦૦૩.

જ્યુડીશીયલ બ્રેન્ચ,
ભુજ.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

હ. ઓ. નાં. ૧૮૧ ઠરાવ

હાલે શ્રી રાજ્ય તરફથી જે ધોરણે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે તેમાં ફેરફાર કરી દરેક અરજી કરનાર વિદ્યાર્થીઓની યોગ્યતા નજરે તેની મુલાકાત લઇ સ્કોલરશીપ આપવા માટે ભલામણ કરવા નીચે જણાવેલ ચાર અધીકારીઓનું એક સીલેકશન બોર્ડ નીમવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુર હજુરનું ફરમાન થયું છેઃ-

૧. રા. રા. નાયબ દિવાન — પ્રેસીડેન્ટ.
૨. રા. રા. રેવીન્યુ કમીશ્નર, મેમ્બર.
૩. રા. રા. એજ્યુકેશન ઓફીસર. ,,
૪. રા. રા. પબ્લીસીટી ઓફીસર, ,,

સદર બોર્ડ તરફથી સ્કોલરશીપો આપવા સબંધમાં ભલામણો થયે રા. રા. દિવાનજી સાહેબ મંજુરી આપી

શકશે અને જ્યારે જ્યારે જે વિદ્યાર્થીને જેટલી સ્કોલરશીપ આપવા મંજુરી આપવામાં આવે તેનું લીષ્ટ શ્રી હજુર જાહેર થવા મોકલવાનું છે.

શ્રાવણ સુદ ૧ મંગળવાર શાં. ૨૦૦૩.

તા. ૧૩-૮-૪૬.

S. K. Nayampalli
દીવાન કચ્છ.

હ. ઓ. નં ૧૮૪ ઠરાવ

કચ્છ રાજ્યના માજી ચીફ મેડીકલ ઓફીસર રા. રા. ડોકટર જાદવજી હરાજતુ મુંબઇમાં ખેદજનક અવસાન થયાના સાઠા સમાચાર મળતા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબને તથા રાજ્ય કુટુંબને દુઃખ થયુ છે સ્વર્ગસ્થની કચ્છ રાજ્ય અને પ્રજા માટે સેવાઓ સુવિદિત છે. તેમના માનમા તા. ૧૫-૮-૪૬ ગુરવારના રોજ ભુજમાં સર્વ ઓફીસો તથા સ્કુલો બંધ રાખવા ખુદાવિંદ મહારાજાશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.
તા ૧૪-૮-૪૬

S. M. Kaikini,
I/c દીવાન કચ્છ.

નં. ૧૧૧૨ જાહેર ખબર

મલાયાથી કચ્છ પાછા ફરેલા કચ્છ રાજ્યના ખરેખરા વતનીઓને મલાયા પાછા જવું હોય, પરંતુ પોતાની ગરીબ સ્થિતીને લીધે મુસાફરી ખર્ચના પણ પૈસા ન હોય તેમણે હીન્દના કોલોનીયલ રેપ્રીઝન્ટેટીવ ની સહી વાળો સેઇલીંગ ઓર્ડર મલેથી તેની નકલ સાથે રાખી રા. રા. પોલીસ કમીશ્નર સાહેબ તરફ અરજી કરવી, જેથી યોગ્યતા મુજબ નીચે રાખેલા પત્રક અનુસાર ઉકીની આર્થીક મદદ મલવા સંભવ છે.

આવી અરજ આવેથી રા. રા. પોલીસ કમીશ્નર સાહેબે સેઇલીંગ ઓર્ડર અંગે ખાત્રી કરી અરજદાર ની આર્થીક સ્થિતી વીશે પુરતી તપાસ કરી, મુસાફરીનુ ખર્ચ પણ આપી ન શકે તેવી જો અરજદારની સ્થિતી હોય તો યોગ્ય ભલામણ સાથે કાગળો અત્રે મોકલવા.

શદરહુ આર્થીક મદદ લડાઇને લીધે પરદેશથી પાછા આવેલ શક્સોને મળેલ મદદની રીતેજ અપાશે, અને પાછી વસુલ કરવાને માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.

વધુમાં સર્વે પાછા આવેલા સક્સોનાં ધ્યાન ઉપર મુકવામાં આવે છે કે એમને પાછા જવાની સગવડ કરવામાં આવી હશે, અને જો તેઓ તે સગવડનો લાભ લેશે નહીં તો તેમને મલતી સર્વે આર્થીક મદદ બંધ થઇ જવા સંભવ છે.

પત્રક

અરજદાર અને તેના કુટુંબને મલવા પાત્ર મદદ :-

૧. પાછા ફરેલા ગરીબ શક્સોને અપાતી મદદના ધોરણે એક માસનું ભરણપોષણ.
૨. યોગ્ય વર્ગનું રેલ્વે ભાડું.
૩. મુસાફરી અંગેનું સાધારણ ખર્ચ.
૪. ઉતારી જવાનાં બંદર સુધી સામાન લઇ જવાનું ખર્ચ.

શ્રાવણ વદ ૫ શનીવાર શાં. ૨૦૦૩

તા ૧૬-૮-૪૬.

S. M. Kaikini,
I/c દીવાન કચ્છ.

હ. ઓ. નં. ૧૯૯ ઠરાવ.

રાઓ સાહેબ ભાગીલાલ એમ. બક્ષીની શ્રી હજુર ઓર્ડર નં. ૨૬૬ તા. ૧૧-૭-૪૪ ઘાળાથી બે વર્ષ માટે કરવામાં આવેલ નીમણુંકની મુદત સાં. ૨૦૦૩ના શ્રાવણ વદ ૨ના રોજ પુરી થતી હોઇ, મુદત પુરી થવાની તારીખથી બંને પક્ષ તરફથી ત્રણ માસની નોટીશ આપ્યા બાદ છુટા થઇ શકવાની શરતે, તેમને નોકરીમાં કાયમ કરવામાં આવે છે,

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાઓશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

સીતી શ્રાવણ વદ ૧૨ બુધવાર શાં. ૨૦૦૩ તા. ૨૧-૮-૪૬.

S. K. Nayampalli.
દીવાન કચ્છ.

પો. અ. જા. નં ૩૫૩ **જાહેર ખબર**

એજન્સી બરોડા તરફથી લેટર નં આર. એચ./૩–૧ તા. ૩૧–૭–૪૬ વાળો અત્ર આવેલ છે. તેની સાથે હિંદમાંથી બહાર જનારા શખ્સો સામે જે હિંદ બહારના પ્રદેશોએ ક્વોરન્ટાઇન પ્રતિબંધ તા. ૮–૭–૪૬ થી મુકેલ છે તેનું નીચે પ્રમાણેનું પત્રક સર્વ મુસાફરોની માહીતિ માટે પ્રસિદ્ધ કરવામા આવે છે અગાઉના બીજા બધા પત્રકો રદ ગણવા.

જે દેશે ક્વોરન્ટાઇન મૂકેલ છે તેનું નામ.	દર્દનું નામ.	હિંદુસ્તાનમાં જે પ્રદેશો ઉપર પ્રતિબંધ મૂકાયેલ છે તે પ્રદેશનું નામ.	
૧. પેલેસ્ટાઇન	કોલેરા	કલકત્તા	હવાઇ માર્ગ સામે
	શીતળા	,,	,,
	,,	મુંબઇ	,,
૨. ટ્રાન્સજોર્ડન	કોલેરા	કલકત્તા	,,
	શીતળા	મુંબઇ	,,
	,,	કલકત્તા	હવાઇ અને દરિયાઇ માર્ગે
૩. સીલોન	,,	મદ્રાસ	,, ,,
	,,	મુંબઇ	,, ,,
૪. ઇરાક	કોલેરા	હિંદુસ્તાન	,, ,,
	શીતળા	,,	,, ,,
૫. ઇરાન	કોલેરા	,,	,, ,,
	શીતળા	,,	,, ,,
૬. ઇજીપ્ત	,,	,,	,, ,,
૭. ચીન	,,	,,	,, ,,
	એન્ટેરીક ફીવર	,,	,, ,,
	કોલેરા	,,	,, ,,
૮. બર્મા	શીતળા	,,	,, ,,
૯. મેન્ચકોઇ	કોલેરા	,,	,, ,,
	શીતળા	,,	,, ,,
૧૦. મલાયા સ્ટેટસ સેટલ મેન્ટ	કોલેરા	,,	,, ,,
	શીતળા	,,	,, ,,
૧૧. મલાયન યુનીયન	કોલેરા	,,	,, ,,
	શીતળા	કલકત્તા	,, ,,
		મુંબઇ	,, ,,
	,,	કલકત્તા	,, ,,
	,,	દીલ્હી	હવાઇ માર્ગે
	,,	ચીતાગોન્ગ	દરીઆઇ માર્ગે
૧૨. સીંગાપોર કોલોની	કોલેરા	કલકત્તા	હવાઇ અને દરીઆઇ માર્ગે
	શીતળા	મુંબઇ	,, ,,
	,,	કલકત્તા	,, ,,
	,,	દીલ્હી	હવાઇ માર્ગે
	,,	ચીતાગોન્ગ	દરીઆઇ માર્ગે

તા. ૧૪–૮–૪૬

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

જાહેર ખબર.

જોઇએ છીએ શ્રી કચ્છ સ્ટેટ રેલ્વેનાં લોકોમોટીવ અને વર્કશોપ ડીપાર્ટમેન્ટમાં એક સારી જગા પુરવા માટે કચ્છી ઉમેદવારો તેઓ મીકેનીકલ અને ઇલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ ડીપ્લોમા અથવા એજ્યુકેશન સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઇએ ઇન્ટરવ્યુ માટે પોતાના ખર્ચે આવવું પડશે ચુંટાયલા ઉમેદવારે નિમણુંક પહેલાં બે વર્ષ માટે કોઇ મોટી રેલ્વેની વર્કશોપમાં ટ્રેઇનીંગ લેવી પડશે જે માટે શ્રી કચ્છ રાજ્ય તરફથી "સ્કોલરશીપ" આપવામાં આવશે તેમણે ઓછામાં ઓછાં પાંચ વર્ષ રાજ્યની નોકરી કરવા બંધાવું પડશે. વધુ વિગત ઇન્ટરવ્યુ વખતે જાણી શકાશે ઉમર, અભ્યાસ, અનુભવ વિગેરે જણાવતી અરજીઓ સરટીફીકેટની નકલ સાથે "મેનેજર એન્ડ એન્જીનીયર ઇન-ચીફ કચ્છ-સ્ટેટ રેલ્વે ભુજ, કચ્છ" ના સરનામે તા. ૧૫મી સપ્ટેમ્બર ૧૯૪૬ પહેલાં આવી જવી જોઇએ

ભુજ કચ્છ તા. ૧૦–૮–૪૬.

S. K. Kothari,
Manager & Engineer-in-Chief
Cutch State Railway

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી. ભુજ કોર્ટથી.
નોટીશ.

દી તા. કે. નં. સં. ૨૦૨.
મેતા પ્રીતમલાલ ત્રીકમજી વગેરે ભુજ વાદી.
મેતા મુરારજી લીલાધરના વારસ
મેતા છોટાલાલ મુરારજી વીગેરે } મુંબઇ પ્રતીવાદી

બજવણી દાવો કોરી ૧૦૫૫ા રૂ ૩–૮–૦ મળવા

નીચે લખ્યા રહેવાશી મુંબઇ ને ખબર આપવામાં આવેછે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સંવત ૨૦૦૨ ના ભાદરવા વીદ ૯ શનીના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીઓને પ્રા નાં. ૧–૨–૩–૪–૫–૬–૭–૮ વા (કોરી ૮૨૫) આઠસો પચીશ મુદલ કોરી ૫૦૦) પર ટકા ના લેખે દાવા તારીખથી રકમ વસુલ થતાં સુધી ચડતે વ્યાજે આપે ન આપે તો વાદી પ્ર. ની હરેક મીલ્કતથી વસુલ કરે ત હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીસ પોચેથી રોજ ૧૫ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

સંવત ૨૦૦૩ શ્રાવણ વીદ ૪ વાર સુકરે મુ. ભુજ
બલવંતરાય કેશવલાલ,
મે. એડી. ભુજ ન્યાયાધીશ સા. ના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભુજ કોર્ટથી
નોટીશ

દી. તા. કે નં. સંવત ૨૦૦૨
મેતા પ્રીતમલાલ ત્રીકમજી વગેર ભુજ વાદી
મેતા મુરારજી લાલાધરના વારસ છોટાલાલ મુરારજી
વીગેર મુબઇ પ્રતિવાદી

બજાવણી દાવો કોરી ૩૫૪ા રૂ મલવા

નીચે લખ્યા રહેવાશી મુબઇ ને ખબર આપવામા આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસા નબર વાળો સંવત ૨૦૦૨ ના માગસર વીદ ૬ સોમે ના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીઓનો દાવો સાબીત વાદીને પ્રતીવાદી આ કોરી ૨૬૦૭ છવીશશો સાત અને રૂ. ૬ા ૨ા તથા દરેક રકમ પર રકમ વસુલ થત ટકા ના લેખે ચડત વ્યાજ આપે તથ. વસુલા ત રી ની કોરી ૧૨૫ આપે ન આપેનો વાદી હરેક મલકતથી વસુલ કરે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીસ પોચેથી રોજ ૧૫ માં હુકમનામા પ્રમાણે તમીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવા માં આવશે.

૧ મેતા. છોટાલાલ મુરારજી
૨ મેતા. હરિલાલ મુરારજી
૩ મેતા. રવીલાલ મુરારજી
૪ મેતા. રતીલાલ મુરારજી
૫ મેતા. પ્રાણલાલ મુરારજી
૬ મેતા. પ્રભુલાલ મુરારજી
૭ મેતા. ધીરજલાલ મુરારજી
૮ મેતા. ચુનીલાલ મુરારજી

સંવત ૨૦૦૩ ના શ્રાવણ વીદ ૪ વારશુકરે મું. ભુજ
બળવંતરાય કેશવલાલ,
મે. એડી. ભુજ ન્યાયાધીશના હુકમથી

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓ ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી માંડવી દીવાની અદાલત.
દાવાનો નબર ૮૪ સાં ૨૦૦૨

ઠા. ઠાકરશી તેજશીનાં વારસ ઠા. ખટાવ
હરીરામ રેવાવા માંડવી } વાદી
લુ ઠ. વીશનજી જેરામ વી. માડવી પ્રતિવાદી

દાવો લેણા બાબત.

નીચે લખ્યા શખ્શોને માલમ થય જે વાદીએ તમારા ઉપર ઉપર મુજબનો દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છેકે સાં ૨૦૦૩ નાં ભાદરવા શુદ ૨ બુધેને રોજ સવારના ૭ા વાગને ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવા માં આવશે અને વાદી જોવા માગેછે તે તથા તમારા જવાબની પુષ્ટિમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

૧ ઠા. માવજી જીવણદાસના વારસ પુત્ર રણછોડદાસ માવજી ઉ વ. ૧૦ સગીરનાં વાલી તેની મા ગોતીબાઇ તે માવજી જીવણદાસની વિધવા રે. કોલાપુર
૨ ઠ. કનકશીંહ જીવણદાસ માંડવી હાલે કોલાપુર
૩ ઠા. મસુ ઉર્ફે નારાણજી મોનજીની વીધવા જવેર બાઇ રે. માંડવી હાલે રોહા

મિતી અશાડ વદ ૧૧ વાર બુધવાર સાં. ૨૦૦૩.
પ્રાણજીવન પરસોતમ ગોર,
મે. માંડવી ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી માંડવી દીવાની અદાલત.

ખા. દી. દાવાનો નંબર ૮૦ સંવત ૨૦૦૧

કુભાર શાલેમામદ નુરમામદની ઘરવાલી ભચીબાઇ ગુદીઆલી } વાદી
કુભાર હાજી આમદ જુમા ગુદીઆલી પ્રતિવાદી

દાવો વાડી છોડાવવા

જંગબારના રહેનાર કુભાર જુમા પન્યાનાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર વાડી બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે આ શમન પોંચેથી એક માશમાં ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તમારી ગેરહાજરમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ શ્રાવણ સુદ ૬ વાર સુકરે સંવત ૨૦૦૩ તા. ૩-૮-૪૬

Kirtikishor A. Mehta,
માંડવી ન્યાયાધીશ

મહારાજાધિરાજ મિરજા મહારાઓશ્રી ૭ સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી માંડવી અદાલત.

દાવાનો નાં ૨૩૭ સાં. ૨૦૦૩.

મહેતા રસીકલાલ વી. હીરાલાલ માંડવી વાદી
સોની શંભુ ધનજી માંડવી હાલે કરાચી પ્રતીવાદી

દાવો લેણા બાબત

માંડવીના રહેનાર શોની શંભુ ધનજીને માલમ થાય જે વાદીએ તમારાં ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે શાં. ૨૦૦૩ના ભાદરવા શુદ ૫ ભોમેને ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલ હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામા આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતી શ્રાવણ સુદ ૧૨ ગુરૂવાર શાં. ૨૦૦૩

પ્રાણજીવન પરસોતમ,
માંડવી ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજાધિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી માંડવી દિવાની અદાલત.

દાવાનો નંબર ૨૨૭ સંવત ૨૦૦૩.

પડયા દુરગાશંકર વીઠલજી ગોધરા વાદી
શા. લધુ લખમશી ડોણુ પ્રતિવાદી

દાવો લેણા બાબત

ડોણુના રહેનાર શા. લધુ લખમશીનાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે આ શમન પ્રસીધ્ધ થયાના તારીખથી પંદર રોજની અંદર ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલના મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો. અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતી શ્રાવણ વીદ ૧ વાર ભોમે સંવત ૨૦૦૩

પ્રાણજીવન પુરૂશોતમ
મે. માંડવી ન્યાયાધીશ સાં. ના હુ.થી.

મહારાજાધિરાજ મિરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી મુદ્રા દીવાની અદાલત નાં ૬૭૦

ખા. દી. દાવાનો નંબર પર સંવત ૨૦૦૩

શા નરશી કુવરજી વડાલા વાદી
મેમણ સુમાર જીઆણીની વિધવા ખતાંબાઇનાં વારશ તરીકેના પોતા ત કે મેમણ જુશા શુમારણી રે. વડાલા હાલે મુબઇ } પ્રતિવાદી

લેણા બાબત દાવો

રહેનાર વડાલાના હાલે મુબઇના ને માલમ થાય જે વાદીએ આ કોર્ટમાં તમારા ઉપર મુદલ વ્યાજ શઇત ઠેરી ૯૦૯) મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના ભાદરવા વીદ ૮ શુક્રવારને રોજ સવાર ૮

૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીયાત સવાલના જવાબ દઇ શકે એવા કોઈ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલ સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓતો તમારી ગેર હાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી શ્રાવણ શુદ ૧૦ વાર બુધે સવત ૨૦૦૩

Narottam D. Mehta,
મુંદરા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરજા મહારાઓ શ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી રાપર દી કોર્ટમાં નાં. ૨૪૭૮
ગ્યા. દી. કામ. નાં. ૩૬૮. સાં. ૨૦૦૨નાં
કોઠારી જગશી શાકરચંદ પલાંસવા વાદી.
ઉમટ રાયધણ કમાણી સીંધ હૈદરાબાદ પ્રતિવાદી
દાવો—કોરી ૮૪૪૦ મલવાનો.

સીંધ હૈદ્રાબાદના નીચે લખ્યા સખ્સોને માલમ થાય જે આ વાદીએ તમારા પર કોરી ૮૪૪૦ મળવા દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં સાં. ૨૦૦૩ના ભાદરવા વીદ ૧૩ મંગલવાર ના રોજ કોર્ટનાં ટાઇમે હાજર થજો નહીતર મુદત લીતે કાયદેસર થશે.

મીતી શ્રાવણ સુદ ૯ મંગલવાર સાં. ૨૦૦૩.

૧. ઉમટ રાયધણ કમાણી
૨. ઉમટ પાતા રાયધણ
શા. પ્રભુલાલ જેઠાભાઇ
રાપર ન્યાધીશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.
શ્રી રાપર દીવાની કોર્ટમાં નાં ૨૪૫૯
ખા. દી. કામ નાં ૨૬૧ શાં ૨૦૦૧
મેતા ખપટ ઝકા સલારી વાદી
હનાન હીરજી પાંચા વી સલારી પ્રતીવાદી
દાવો કોરી ૫૯૪૦ ૧૦ મલવા

સલારીના હનાન હીરજી પાંચાને માલમ થાય જે આ વાદીએ તમારા પર અસાડ વીદ ૬ સુકરે ૧૯૮૫ વાલા ઠરાવ પ્રમાણે કોરી ૫૯૪૦ ૧૦ની તામીલ દરખાસ્ત કરી છે માટે આ નોટીસ કચ્છ ગેઝેટમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર વાદીના લહેણાંની તામીલ કરી પોંચ રજુ કરજો નહીતર મુદ્દત વીતે કાયદેસર થસે

શ્રાવણ સુદ ૯ મંગળવાર ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર,
જો. રાપર ન્યાયાધીશ હુ. થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી રાપર દી. કોર્ટ સ. નાં. ૨૪૮૪.
ખા દી. કામ નાં. ૪૩૧ શાં ૨૦૦૩
મોરબીઆ રાયચંદ સુરચંદ રાપર વાદી
સમા ખેંગારજી કરણજી ખીરવા પ્રતિવાદી
દાવો કોરી ૨૮૦૦) મળવા

નીચે લખ્યા શક્ષોને માલુમ થાય જે આ વાદીએ તમારાપર કોરી ૨૮૦૦ મળવાનો દાવો કર્યો છે તેના જવાબ આપવા તમો સાં. ૨૦૦૩ આસો શુદ ૯ શુકરવારના રોજ કોર્ટના ટાઇમે કોર્ટમાં હાજર થજો મુદ્દત વીતે કાયદેસર થશે.

૧ સમા ખેંગારજી કરણજી ખીરવા
૨ સમા વાઘજી કરણજીની વીધવા રાજબાઇ ખીરવા
૩ સમા હેમુભા નંદાજી નંદાસર
૪ સમા બાપુભા નંદાજી એજ
૫ સમા હમીરજી નંદાજી એજ

શ્રાવણ શુદી ૨ શુકરવાર સાં ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠકર,
જો. રાપર ન્યાયાધીશ હુ. થી.

મહારાજા ધિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
સમન્સ નાં. ૨૫૮૪
શ્રી રાપર દીવાની અદાલત
ખાલસા દીવાની દાવાનો નંબર ૪૭૧ સંવત ૨૦૦૨
ઠા ધારશી પ્રાગજી ભુતકીયા વાદી
ગડદીયા નારણ હમીર હાલે સીંધ પ્રતિવાદી
દાવો લેણા બાબત

સીંધમાં રહેનાર ગડદીયા નારણ હમી ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૪૯૪૦ ચારશો શાડી ચોરાણુ મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સવત ૨૦૦૩ ન આશો સુદ ૬ મંગલવારને રોજ સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતનાં જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામા આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ શ્રાવણ વદ ૨ વાર બુધ સંવત ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર,
જો. રાપર ન્યાયાધીશ ના. હુ થી.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભચાઉ દિવાની કોર્ટ સમન ના ૧૦૮૭
સીઆરીઆ મકા લખધીર છપરી વાદી
સીઆરીઆ વાઘા મનજી વિ છપરી પ્રતીવાદી
દાવો ખેતર પાસીના ભોગ બાબત

નીચે લખ્યા શક્ષોને માલમ થાય કે વાદીએ તમ વિ. પર દાવો કર્યો છે તેનો દાવા જવાબ દેવા આ કોર્ટમાં કોર્ટના ટાઇમે આ શમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી ૧૫ રોજમાં હાજર થજો નહીતર કાયદેસર થશે.

૧ સીઆરીઆ કારા સુમરા સીંધ
૨ સીઆરીઆ મોડા લખધીર સીંધ

મિતિ સ ૨૦૦૩ના શ્રાવણ સુદ ૧ સોમવાર

Vrijlal Harilal,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભચાઉ દીવાની કોર્ટ. શ. નાં. ૧૧૨૪
શા સાંગણ મેઘા ભચાઉ વાદી
કુંભાર ભચુ પુંજા વી. અંજાર પ્રતિવાદી
દાવો—લેણા બાબત

અંજાર મધ્યે નીચે લખ્યા શખ્સોને માલમ થાય જે વાદીએ કરેલ દાવાનો તપાસ આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ થવાની તારીખથી રોજ ૧૫ માં ચાલશે માટે તમે જાતે અથવા મુ. કે. વકીલ મારફતે હાજર થજો નહિતો મુદત વીતે કાયદેશર થશે.

૧ કુંભાર ભચુ પુંજા અંજાર
૨ કુંભાર ડાયા પુંજા ,,
૩ કુંભાર મેપા પુંજા ,,

મિતિ શ્રાવણ સુદ ૮ શોમે શાં. ૨૦૦૩

Vrijlal Harilal,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી જખૌ કોર્ટમાં નોટીશ નંબર ૧૦૨
તામીલ શમન ૧ શાં. ૨૦૦૩
ભણશારી કરસનદાસ પારપેઆ જખૌ વાદી
ઠા મુલજી કાનજી હાલે મુંબઈ }
ઠા. દેવચંદ કાનજી ,, ,, } પ્રતિવાદીઓ
દાવે-હજારથી કોરી ૮૬૩ા મુકદમા
ખર્ચ સહીત મળવા

જખૌના તે હાલે મુંબઈ રહેતા ઠા મુલજી કાનજી તથા દેવચંદ કાનજીને માલમ થાય જે વાદીએ તમારા પર સાં. ૨૦૦૧ના કારતક સુદ ૨ બુધેની મીતીના ઠરાવ મુજબ કોરી ૮૬૩ા મુકદમાના તમામ ખર્ચ સહીત મળવા તામીલ ચાલુ કરેલ છે અને નાં. ૧ વાલા પરના પ્રોસીડીન્સ ચાલુ છે જે વાસ્તે તમો મીતીના લેણાની તામીલ આ નોટીશ છપાયાની તારીખથી માસ એકની અંદર કરી પોચ રજુ કરજો નહીંતર મુદત વીત્યે કાયદેસર થશે.

મીતી શ્રાવણ વીદ ૨ બુધે શાં. ૨૦૦૩

Trikamji T.
જખૌ ન્યાયાધીશ.

જાહેર ખબર.

પ. જા. નં. ૩૨૯૮

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના શ્રી વડનગરા નાગરી નાત તેમની મીલકતની વહીવટી કમીટીના મેમ્બરો વૈધ ગુલાબશંકર દેવશંકર વગેરે ભુજના વૈષ્ણવ મેતામ ણાભાઇ ભગવાનજીત્થા પ્રતાપરાય ભગવાનજીને મતેથી વડી ૧ નાગરીનાતની વંડી પાછળ ગઢની રાંગે છે તે કારી ૧૨૦૦૦ બાર હજારમાં અઘાટ લેતાં તેના દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ વંડી ઉપર કોઇનું કંઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત પીલા બદ કોઇનું કંઇ નહી શંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

શ્રાવણ વીદ ૩ બુધવાર શાં ૨૦૦૩

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

જાહેર ખબર.

હ. જા. નાં. ૨૦૭૮

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારનાં હજામ ઓસમાણ હાજીની વિધવા ફાતમાબાઇ ઇસમાલે શા ૨૦૦૨ નાં ચૈત્ર વીદ ૯ ના રોજ લખેલ દસ્તવેજથી સહેર અંજાર મધ્યે જગ્યા ૧ દેવલીઆના નકા નજીક રાજમારગ ઉપર ઉગમણી હારમા આથમણા બારવાલી ભુજની હજામણ રેમતબાઇ રેમતુલા (તે હજામ ઇસ્માક સાલેમામદની વીધવા) પાસેથી કોરી ૧૦૦૦) એક હજારમાં અઘટ હમીરાવર વેચાણ લેતાં તેને બાપે થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મીલકત ઉપર કોઇનુ કોઇ જાતનુ લેણુ લેણુ અગર હક કે હિસ્સો હોયતો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીદ્ધ થવાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીત્યે છાપો થવા વીસે ઘટીત થસે

શ્રાવણ સુદ ૧૧ બુધે શા ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોકળદાસ,
અંજાર વહીવટદાર.

જાહેર ખબર.

હ. જા નાં. ૨૦૧૭.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના લોહાણા ઠક્કર જેઠાલાલ ગણેશાઇએ શાં

૨૦૦૨ ના ફાગણ સુદ ૬ના દસ્તાવેજથી અંજારના ઠકર મંગળજી કાનજી કોઠારી પાસેથી શહેર અંજાર મધ્યે હાટ ૧ ગંગાના નાકા નજીકના ચોકમાં આથમણી લાઇન પર ઉગમણે બાર આવેલું છે તે કોરી ૩૦૦૦૦ ત્રીશ હજારમાં અઘાટ હમીરાવાર વેચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે વાસ્તે સદરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનું કાઇ જાતનું લેણુ લેખુ અગર હક કે હિસ્સો હોય તો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીતર મુદત વીતયે છાપો થવા વીશે ઘટીત કરવામાં આવશે.

શ્રાવણ વીદ ૨ ભોમે સાં. ૨૦૦૩.

લખમીદાશ ગોકલદાશ,
અંજાર વહીવટદાર.

હ. જા નાં. ૨૦૫૯ **જાહેર ખબર.**

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના ઠકર રતનસી માવજી જીવાણીએ શા ૧૯૭૧ના ફાગણ વીદ ૧૦ બુધેના દસ્તાવેજથી અંજારના ભાટીઆ ઠા લખમી શા જેઠાણીની ધરવાસી વાઘવા કેસરબાઇ ગુજરનારના ટ્રસ્ટી ભાટીઆ ઠા વલુ લીલાધર તથા રણછોડદાશ સુરજી પાસેથી શહેર અંજાર મધ્યે જગ્યા ૧ ભાટીઆ ગોંધી કુંવરજી તથા જેઠા સવજી વાલા ફલીઆવાલી કોરી ૧૫૦) એકસો પચાશમાં આડે આંકે અઘાટ વેચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે માટે સદરહુ સ્થાવર મિલકત ઉપર કોઇનું કોઇ જાતનુ લેણુ લેખુ અગર હક કે હીશો હોયતો આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માસ ૧ એકની અંદર અહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીતર મુદત વીતયે છાપો થવા વીશે ઘટીત થશે

શ્રાવણ વીદ ૬ શની શા ૨૦૦૩

લક્ષમીદાશ ગોકળદાશ
અંજાર વહીવટદાર,

મહારાજા ધીરાજ મીરજા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સમાજ બહાદુર જી. બી. ઇ. નાં

જાહેર ખબર

રા. મુદરા વહીવટદાર તરફથી.વ. વ. જા નં.૫૦૭

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે અંજારના નંદવાણા અમૃતલાલ જગતનાથે અંજારના નંદવાણા દોલતરામ જેરામ પર મજમુની મીલ્કત વેચાણ કરાવી આપવા કરેલ દાવામાં નામદાર શ્રી વરીષ્ટ કોર્ટના શેલ સર્ટીફીકટથી મુદ્રા મધેની નીચે લખી ચતુર દીશા વાલા હાટ નંદવાણા મજકુરને કોરી (૫૫૦૧) સેલ સરટીફીકટ મળતાં સદરહુ શેલ સરટીફીકટ જામખાતે રજીષ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલછે માટે સદરહુ દુકાનમાં જેમાં કોઇ હક હીશો હોય તેમણે આ જાહેર નામુ પ્રસીધ્ધ થયાની તારીખથી તે એક માસની અંદર હાજર થઇ જાહેર કરવું મુદત વીતે કોઇની પણ કાઇ તકરાર શાંભળવા શીવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવા ઘટીત કરવામાં આવશે

સદરહુ એ હાટો ગામ શ્રી મુદ્રા મધે લાયબેરીના રસ્તાથી આથમણી તરફછે તે હાટો હારો હાર છે તેની ચતુર દીશાની વીગત.

૧ ઉગમણી તરફ રાજ્ય માર્ગછે.
૧ ઉતરાદી તરફ ખોજા લધા વલીના કબજાનુ હાટછે
૧ આથમણી તરફ પીપરાવાલી જગ્યા છે.
૧ દખણાદી તરફ માધવજી પરશોતમ વાલાનુ હાટ છે.

એ રીતે. છે.

શ્રાવણ વીદ ૪ ગુરવાર શાં. ૨૦૦૨.

Hrilal Somjil,
મુદ્રા વેવટદાર

જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ગેડી જાગીરદારનાં કાગળથી સાઢ જીવ ૩ ત્યા ટોડલી જીવ ૧ એમ સાઢો જીવ ૪ ચાર રાપર કચેરીએ ગેયાગ થઇ આવેલ છે જે જેની હોય તેમણે ઓડર નમ્બર ૨૧ શાં ૧૯૯૯ વાલા મુજબ દોઢ માશાની અંદર ખાત્રી પુરાવો આપી લઇ જવા નહીતર મુદત વીતયાં બાદ શ્રી દરબાર દાખલ થઇ લીલામ થઇ ઉપજેલ પૈશા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે-

૧ સાંઢ જીવ ૧ વાને ધોરી ઉં વ. ૫-૬ આશરેની કીંમત કોરી ૩૦૦ની વેતરૂં છે તે સીવાય નીશાન નથી
૨ સાંઢ જીવ ૧ વાને રાતી ઉ વ ૮ આશરેની કીમત કોરી ૩૦૦ની તે સાંઢ વેતરૂ છે વાન સીવાય નીશાની નથી.
૩ સાંઢ જીવ ૧ વાન રાતી ઉ વ ૪ની કીંમત કોરી ૩૦૦ની વાન સીવાય નીશાન નથી.
૪ ટોડલી તે સાંઢ જીવ ૧ વાને રાતી ૫-૬ મહીનાની કીમત કોરી ૧૫૦ થી ૨૦૦ આશરેની લેખાય વાન સીવાય નીશાન નથી.

એ રીતે શ્રાવણ વીદ ૪ શુકરવાર શાં ૨૦૦૩

મોહનલાલ હરીદાશ,
For રાપર વવટદાર.

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બહાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

છેડા છુટકા બાબત

ભુજનાં મોચી રવજી લીલાધર આથી સર્વ લોકોને ખબર આપું છું કે મારી ધરવાલી વીરબાઇ વિશ્રામ છેલ્લા પાચેક વર્ષથી બારા પાસેથી જતી

રહી જુદી થઇ આનતી મય જીવન અમદાવાદ મધે ગુજારે છે એટલે મારા રક્ષણ તથા કમજાતમાંથી મારી તેણીને તેનું વર્તન તથા ચાલ ચલગત સુધારવા અનેક કોશીશો છતાં જતી રહી મારા તરફની પતિ તરીકની પવિત્ર ફરજો તોડી સ્વછંદી અને આડે રસ્તે પડી ગએલ હોતાં હું તેણીને અમારી નાતના રિવાજ તથા ઇચ્છા અનુસાર મારો તેના પર તમામ હકક દાવો કે વાત ઉઠાવી લઇ સંપુર્ણ છેડા છુટકા આપુ છું આ રીતે તેણીનો માર્ગ મોકળો કરી મારા પર તેણીના મારી ઘરવાલી તરીકના તમામ હકક રદ બાતલ કરૂ છુ હુલ્લડના કારણે તેણી અમદાવાદથી હાલે જુજ આવેલ છે પણ તે મારા સાથે રહેતી નથી તેમ મને તેની સાથે કશા સબંધ નથી તેણીના કોઈ પણ કૃત્ય કે આર્થીક વ્યવહાર માટે હું કે મારી મિલકત જવાબદાર નથી એજ

શાં ૨૦૦૩ના અશાડ વીદ ૧૩ શુકરવાર

મોચી રવજી લાલાધ૰ની સઈ દઃ પોતાના

ખાંનગી જાહેર ખબર

અમારા અસીલ બીદડાના શા વેરજી ઉમરશી વતી જણાવવાનું કે માંડવી તાબે તલવાણાની ઉગમણી સીમનું ખેતર નામે ગોવરવાલાનો હક મને અઘાટ વેચાણ આવેલ છે તે ઠામ હાલે ગુરીધરજી વાલાના કબજામાં વીટાંતર હકથી છે તે ઉપરાંત કોઇનો હક હિસ્સો આ ઠામ પર હોયતો આ નોટીશ છપાયાની તારીખથી પંદર રોજની અંદર પોતાના હકના આધાર સહીત અમને જાહેર કરવું મુદત વીતે કોઇનો હક નથી એમ ગણી ઠામનો કબજો અમે મેળવશુ એમ આથી જાણ કરવામાં આવે છે.

શાં ૨૦૦૩ના અશાડ વીદ ૧૪ શની

છોટાલાલ રામજી વકીલ કચ્છ માંડવી

ખાનગી ઝાહેર ખબર.

લી. રાપરના મોરબીયા કેશવલાલ શીવચંદ જત હું આથી શર્વ લોકોને ખબર આપુ છઊ કે હુ મારા બાપ કાકાથી લગભગ ૧૨ વર્ષ થયાં શાં ૧૯૯૦ થી શાલથી જુદો છઊ મને મારા વડીલો પાર્જીત મીલકતમાંથી માત્ર જેમાં હું હાલે રહું છઊ તે જગ્યા સર્વાં છે સીવાય કાંઈ પણ મીલકત મને મલી નથી હું જુદો થયો ત્યારથી મારો બાપ મા । કાકા સાથે રહે છે અને જમે છે તેમજ અમારા ભાગની મીલકત પણ મારા બાપે મારા કાકાને સોંપી છે અને હાલ શુધી અમારાં વડીલો પાર્જીતનાં લહેણા ઘરમેડે દાવા કરી કે તામીલો કરી વશુલ કરે છે તેમાં મારો બાપ પોતાનો ભાગ મારા કાકાને આપે છે હું તો જુદો ત્યારથી મારાં સગાં વાલાની મદદથી હું મારા પવરથી કમાઈ ખાઊ છઊ હાલે પણ રાપરમાં મેતા પ્રાગજી ભાઇચંદની ભીમાશર વાલાની વતીથી દુકાન ચલાવી મને તેની ખુશી આવે તે પગાર આપે છે તેમાંથી મારૂં ગુજરાન ચલાવું છું મારો બાપ કમ અકલના માણસ છે હાલે મારા સાંભળવામાં આવ્યુ છે કે મારો બાપ હાલતાં ચાલતાં ઓળખીતા કે વગર ઓળખીતામાં જામીન પડે છે તેમજ મારા બાપને પૈશાની જરૂર નથી છતાં વગર અવેજે ખતો માંડી દે છે જેથી હું શર્વ લોકોને ખબર આપુ છઊ કે મારા બાપ કમ અકલના એટલે ઓછી બુધીના માણસ હોઇ તેનાથી કોઈ પૈશા ની લેવ દેવ કરશો નહીં કે ખત મંડાવશો નહી કે જામીન લખત લખાવશો નહીં છતાં તેના વીરૂધ કોઇ વરતણુંક કરશે કે કોઇ એખત મંડાવી હશે કે હવેથી મંડાવશે તેમાં મારે કે મારી મીલકત કે મારી જગ્યા તેના માટે જવાબદાર નથી તેની જવાબદારી મારા બાપના અંગ ઉપર રહેશે તેમજ મારો બાપ કે મારો કાકો ભલી મારી જગ્યા ઉપર પૈશા ઉપાડશે કે ખત માંડી આપ્યાં હશે કે હવેથી નવેસર ખત માટી દેશે કે બીજી રીતે મજમુ લેવ દેવ કરશે તેના માટે પણ હું કે મારો મીલકત કે મારી જગ્યા જવાબદાર નથી તેની જવાબદારી મારા બાપ કાકાના અંગ ઉપર રહેશે માટે હું શર્વ લોકોને ખબર આપુ છઊ કે મારા બાપથી કોઇએ પૈશાની લેવ દેવ કરવા કે જામીન લખત લખાવા કે ખત મંડાવવા તેમજ મારા બાપ કાકા સાથે મજમુ લેવ દેવ કરવા કે ખત મંડાવવા આથી મનાઇ કરૂં છઊં.

શ ૨૦૦૩ના શ્રાવણ વીદ ૧ મંગળવાર

મોરબીઆ કેશવલાલ શીવચંદની

સઈ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું આ નીચે સહી કરનાર રવેચી જાગીરના મહંત ગુસાઇ ભગવાનગરજી કેશવગરજીના ચેલા ગુસાઈ હરીગરજી ભગવાનગરજી આથી જાહેર જનતાને જાણ કરૂં છું કે મારા ગુરૂએ સા ૨૦૦૩ના અશાડ શુદ ૧૧ ની મીતી વાળી શ્રી કચ્છ ગેજેટમાં નોટીશ છપાવી છે તેની અંદરની હકીકત તદન ગલત અને આક્ષેપ રૂપ છે જે માટે હુ કાયદેસરના પગલાં લઈશ તે જે આયા બાદ નથી જાગીરનો હું એકજ ચેલો છું અને બીજો કોઇ ચેલો કરવાને મારા ગુરૂને અધીકાર નથી

સાં ૨૦૦૨ની સાલે અને દીક્ષા આપેલ હોવાની વાત ખરી નથી અને દીક્ષા સાં ૧૯૯૮ની સાલે આપવામાં આવેલ છે જાગીરમાં ૧૩ વરસ સુધી ખાતો કર્યા બાદ રને દીક્ષા આપવામાં આવી છે મારા તરફથી એવું કોઇપણ જાતનું કૃત્ય કરવામાં આવેલ નથી કે જેથી કરીને અને ચેલામાંથી રદ કરી શકાય અમારામાં અધારા ગહરથી થઇ શકે છે અને એવા ઘણા દાખલાછે મારૂં સગપણ ગુસાઈ દયાળગરજીની દીકરી સાથે મારા ગુરૂએ પોતેજ કરેલ ન અને પોતેજ બહી અશાડ શુદ ૨ના રોજ ખોંભી ઓઢાડવા આવ્યા હતા ત્યાં તે વખતે કંઇ ખર્ચ કરવું પડે તે કરેલ હતું ત્યારબાદ અશાડ શુદ ૬ના મને દવા કરાવવા જુજ ઓકલાવેલ અને અસાડ શુદ ૧૫ના દાગી ચડાવવા માટે ત્યા મને પાછો તેડી જવા માટે પોતે આવવાના હતા પરંતુ પાછળથી અમુક શખ્સની ખટપટથી મારા ગુરૂ મારાથી વિરૂધ્ધ થયા છે અને ગેજેટમાં ખોટી હકીકત છપાવેલ છે મારા ગુરૂનું વર્તન બીલકુલ સારૂં નથી અને ખરાબ લોકોને ચડખે ચડી અમારી જાગીરની મીલકત વેહ્ચી નાંખવા માગે છે હું તેમાં આડે આવતો હોવાથી મને દુર કરવા માંગે છે પણ કાયદેસર રીતે તેવે તેમ કરવા અધીકાર નથી વારતે આ નોટીશથી સર્વ જનતાને જાણ કરૂં છું કે અમારી જાગીરની મીલકત ઉપરે કોઈએ પણ મારા ગુરૂ ભગવાનગરજી કેશવગરજીને ધીરધાર કરવી નહી અને જો તેમ છતાં કોઇ ધીરધાર કરશે તો તેના અવેજની જવાબદારી જાગીરની મીલકત ઉપર રહેશે નહી તે જાણ થાય.

શ્રાવણ વીદ ૨ બુધે સં ૨૦૦૩

ગુસાંઈ હરિગર ભગવાનગરની સહી

દઃ કરશનજી મોનજી ધણીના કેવાથી

ખાનગી જાહેર ખબર

હું ભુજના રાજગોર રણછોડજી સીવજી આ જાહેર ખબરથી જાહેર જનતાને ખબર આપું છું કે મારા પીતા રાજગોર સીવજી સુંદરજી ઘણી મુદત થયા ગુજરી ગયા છે. તેના અમો ત્રણ દીકરા છીએ ને તે ત્રણે ઉમર લાયક છીએ અને અમારી વેંચણીના કાળા પણ અમો ભાઇઓએ કરેલા છે તેમા મારા ભાગે આવેલ જગ્યા ૧ એક ડેલીબંધ મારી માતાજીને રહેવા આપેલ છે તે જગ્યા રાજગોરના મનાઇ ફલીયામાં ખત્રીચકલા નજીક છે તે જગ્યા ઉપરથી મારી માતાજી રાજગોર જેવાંબાઇ પુંજા તે રાજગોર સીવજી સુંદરજીની વિધવા પૈસા ઉપાડવાની તજવીજ કરે છે તે પૈસા ઉપાડવા અમારી માતાજી જેવાં પુંજાને અમારી સમતી વીના ઉપાડવા કોઇ રીતે અધીકાર નથી તેમ તેમની પાસે બીજી મીલકત કેમ રૂપાના દાગીના વીગેર કીંમતી માલ છે તે છતાં અમને નુકસાન કરવા આ ઉપરની તજવીજ કરી રહ્યા છે જેથી આ જાહેર ખબરથી બધાને ખબર આપું છું કે તે જગ્યાસર અથવા અમારા સીવજી સુંદરજીની કોઇ પણ સ્થાવર મીલકત ઉપર અમારી સમતી કે સહી સાખ વગર કોઇ પણ સખ્સ અમારા માતાજી જેવાંબાઇ પુંજા તે રાજગોર સીવજી સુંદરજીની વિધવા સાથે કોઇ પણ વ્યહવાર કે લેતીદેતી કે કરજ કરસે તે પોતાને હીસાબે અને જોખમે કરસે તેની જવાબદારી અમાર પર કે અમારા પીતા સીવજી સુંદરજીની મીલકત પર રહેસે નહિ તેવા આથી દરેકને ખબર આપું છું.

શ્રાવણ વીદ ૪ શુક્રવાર સં. ૨૦૦૩

રાજગોર રણછોડજી શીવજીની સહી

દ. પોતાના.

ખાંનગી જાહેર ખબર

હુ નીચે સૈ કરનાર આ જાહેર ખબરથી લાગતા વળગતાઓને ખબર આપું છો મારો દીકરો નામે ચત્રભુજ શીવજી જે હાલ કોઇની ઉશ્કેરણીથી અને ઉનમતાઇને લઇ તેમજ સ્વાર્થી લોકોની કુમકે રહી ઘરમાં કજીઓ કંકાસ કર્યા કરે છે જેને લઇ મે તેને મારાથી જુદો કર્યો છે હવેથી મારી મીલકતમાં કે મારા નામે કે મારા છોકરા પ્રેમજી શવજીના નામે ચાલતા વેવટમાંથી પણ જુદા કર્યો છે મારે હવેથી કોઇએ પણ તેને કોઇએ પણ મારે વિશ્વાસે કે મારી મીલકત ઉપર ધીરધાર કરવી નહી તેમજ પ્રેમજી શીવજીના વેવટમાંથી કે તેના લેણ દેણમાથી કોઈએ ઊગમણી તેને આપવી નહિ તેમ લેવી પણ તેમ કોઇપણ જાતની પૈશાની ધીરધાર કરવી નહિ તે છતાં કોઇએ કરી હશે કે હવેથી કરશે તો તેની જવાબદારી મારી મીલકત કે પ્રેમજી શવજીના વેવટ પર ન રહેતાં તેના અંગ પર રહેશે તેમ આથી જાહેર જાહેર જનતા તથા લાગતા વળગતા ને જાહેર કરૂં છું

શા ૨૦૦૩ના શ્રાવણ વીદ ૫ શનીવાર તા. ૧૭-૮-૪૬

ઠા શિવજી મુરજીની સઈ દ. પોતાના

જાહેર ખબર

હું મોરજરના બારોટ ભગવાનદાશ રણમલજી તરફથી સર્વની માહેતી માટે જાહેર કરવામાં આવેછે કે મોરજરથી બલદીએ ઉંટપર આવતા રસ્તામાં સાં. ૨૦૦૩ ના અશાડ સુદ ૬ રવી ની રાતના એક થેલી જેમાં નીચે પ્રમણે વસ્તુ ઓછે તે ઉટ પરથી જાણ વગર પડીગઇ છે.

૧ ખેતર નાંખે કાંધાનો સાં- ૧૯૮૯ ની શાલના દસ્તાવેજનો મુસ્સુદો.

૨. ગામ મોરજરની ઉગમણી સીમની વાડી નામે અવાડાવાલી તથા ખેતર સનવાલી તથા કડીયાવાલી તથા જેતાય જે ઠામો મોરજરના ઉત્તરી સીમમાં આવેલછે તેના મારામાઇ અને મારા વચ્ચેનો વેંચાણનો કાળો સ્ટાંપ પરનો.

૩. ખત કોરી ૧૦ ના સ્ટાંપ પરનો બારોટ જેસા રામજીના મતાનો અને બારોટ ભગવાનદાસ રણમલજીના ધનીક પણાનો અગાઉ ટકા ૦॥ લેખે કોરી ૨૦૦૦. નો વારેલ.

૪. ગામ મોરજરની ઉતરાદી સીમના ખેતર નામે ખારીનો કોરી ૪૯૦ નો બારોટ વીરમ જેમલાણીના મતાનો બારોટ ભગવાનદાશ રણમલજીના ધનીક પણાનો અઘાટનો સાં. ૧૯૭૫ ફાંગણ સુદ ૧૨. ની મીતીનો અસલ જેની નકલ મારી પાસે છે

૫. કવર મોટી ટીકટ ૨ કોરી ૧ વાલી સ્ટાપ ની.

૬. બેટરી નાં ૧.

૭. ગલાશ જરમન શીલવરનો.

૮. એક રૂમાલમા તમાકુ સેર ૦।.

આ પ્રમાણેની વસ્તુઓ તે થેલીમાં હતી જેની તપાસ કરતાં હાથ લાગીનહી એટલે શ.૨૦૦૩. ના અશાડ વીદ ૪ ગુરૂવારના રોજે ભુજ ડીસ્ટ્રીકટ ઓફીશમાં તથા નખત્રાણા પોલીસ ઓફીશમાં જાહેરાત કરેલીછે આ વસ્તુઓ જેને હાથે આવેલ હોય તે અમને સુપ્રત કરસેતો તેને ઇનામ કોરી ૧૦૦ આપવામાં આવશે અમારૂં ઠકાણું વકીલ ગોપાલજી ઉંમરસીં ભુજ કચ્છ છે.

અશાડ વદ ૪ ગરેઉ તા. ૧૮-૭-૪૬.

બારોટ ભગવાનદાશ રણમલજી ની સઇ દા: પોતાના.

—— સુચના. ——

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨રા અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી૧ન ક્રીર ટી તથા જીમી વાર તેનું તેજ છપાવેતો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સા. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવેતો સા. ૨૦૦૩ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

(પુ૦ ૭૪) અષાડ શુદિ ૯ સોમવાર સંવત ૨૦૦૩ તા. ૮મી જુલાઇ સને ૧૯૪૬ (વિશેષ અંક)

વધારો.

હુ. ઓ નાં. ૧૫૬ ઠરાવ

આગામી નગરસભામાં શ્રી દરબાર તરફથી નીચેના સભ્યોને મુંદ્રા નગરસભાના સભ્યો તરીકે નીમવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે:—

૧. રા. સબ એસિસ્ટંટ સરજન
૨. રા. ઓવરસીયર
૩. મિ૦ રતનસીભા જીવણદાસ શેઠ
૪. મિ૦ લધુભાઇ જાનમહમદ શેઠ
૫. મિ૦ જાફરભાઇ ગુલામહુસેન શેઠ
૬. મિ૦ કાસમઅલી મહમદઅલી વોરા
૭. મિ૦ રમજાનઅલી હાજીવલી ખોજા

મીતી જેઠ વદ ૧૩ મુરવાર શા. ૨૦૦૨ તા. ૨૭-૬-૪૬
શ્રી હજુર ઓરીસ,
રેવીન્યું બ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

હુ. ઓ. નાં. ૧૫૮ ઠરાવ

આગામી નગરસભામાં શ્રી દરબાર તરફથી નીચેના સભ્યોને અંજાર નગરસભાના સભ્યો તરીકે નીમવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે:—

૧. રા. કસ્ટમ દરોગા
૨. રા. સબ આસીસ્ટંટ સરજન
૩. રા. ઓવરસીયર
૪. મી. ઠાકરસી રણછોડદાસ શેઠ
૫. મી. મોતીચંદ રણછોડદાસ શાહ
૬. મી. મુળશંકર રાણા માસ્તર
૭. મી. ખીમજી રામજી શેઠ

મીતી જેઠ વદ ૧૩ ગુરવાર શા. ૨૦૦૨ તા. ૨૭-૬-૪૬
શ્રી હજુર ઓરીસ,
રેવીન્યુ બ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

હુ. ઓ. નાં. ૧૫૯. ઠરાવ

આગામી નગરસભામાં શ્રી દરબાર તરફથી નીચેના સભ્યોને માંડવી નગરસભાના સભ્યો તરીકે નીમવા ખુદાવીંદ મહારાજા શ્રી. હજુર સાહેબના હજુરથી ફરમાન થયું છે.

૧. રા. કસ્ટમ દરોગા,
૨. રા. સબ આસીસ્ટંટ સરજન.
૩. રા, ઓવરસીયર.
૪. મી. જી. બી દેવ.
૫. મી. હુસેનભાઇ નાનજી દેવરાજ ખોજા.
૬. મી. આદમઅલી મહમદઅલી વોરા.
૭. મી. અબદુલવહીદ અબદુલા ખોજાત્રી.

મીતી.— જેઠ વદ ૧૩ ગુરવાર શા.૨૦૦૨. તા. ૨૭-૬-૪૬
શ્રી હજુર ઓરીસ,
રેવીન્યુ બ્રેન્ચ.

S. K. Nayampalli.
દીવાન — કચ્છ.

ઠરાવ.

હ. ઓ. નં. ૧૬૦

આગામી નગરસભામાં શ્રી દરબાર તરફથી નીચેના સભ્યોને રાપર નગરસભાના સભ્યો તરીકે નીમવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે:-

૧. રા. સબ આસીસ્ટંટ સરજન.
૨. રા. રાપર શાખાના મહેતાજી
૩. મી. જગા આરેથીઆ કબુબી
૪. મી. જેતમ વીરા કબુબી.

મીતી જેઠ વદ ૦)) શનીવાર સાં. ૨૦૦૨ તારીખઃ- ૨૬-૬-૪૬

શ્રી હજુર ઓફીસ,
રેવીન્યું બ્રેન્ચ.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

હ. ઓ. નં. ૧૬૧

ઠરાવ.

આગામી નગરસભામાં શ્રી દરબાર તરફથી નીચેના સભ્યોને ભચાઉ નગરસભાના સભ્યો તરીકે નીમવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

૧. રા. સબ આસીસ્ટંટ સરજન
૨. રા ઓવરસીઅર
૩. મી. હુશેન એવણ
૪. મી. ભુરાજી જગતસીંહજી જાડેજા

મીતી અસાડ સુદ ૩ શોમવાર સાં. ૨૦૦૩ તારીખઃ- ૧-૭-૪૬.

શ્રી હજુર ઓફીસ,
રેવીન્યુ બ્રેન્ચ,

S. K. Nayampal[illegible]
દિવાન-[illegible]

હ. ઓ. નં. ૧૬૮

ઠરાવ

આગામી નગરસભામાં શ્રી દરબાર તરફથી નીચેના સભ્યોને જખૌ નગરસભાના સભ્યો તરીકે નીમવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે:—

૧. રા. કસ્ટમ દરોગા ..... જખૌ
૨. રા. ઓવરસીયર ..... જખૌ
૩. મી. વેલજી જેમાલજી કેર
૪. મી. ઊસ્માન આમદ જમોતર

મીતી અસાડ સુદ ૭ ગુરવાર સા. ૨૦૦૩ તા. ૫-૭-૪૬

શ્રી હજુર ઓફીસ.
રેવીન્યુ બ્રેન્ચ.

J. J. Ashar,
for દિવાન-કચ્છ.

હ. ઓ. નં. ૧૬૯.

ઠરાવ.

આગામી નગરસભામાં શ્રી દરબાર તરફથી નીચેના સભ્યોને ભુજ નગરસભાના સભ્યો તરીકે નીમવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

૧. રા. પ્રભુલાલ કલ્યાણરાય વોરા (આસી. સ્ટેટ ઇન્જીનીયર)
૨. રા. ચંદ્રશંકર પ્રાણશંકર પંડયા (આસી. પોલીસ પ્રોસીકયુટર)
૩. રા. નુરમહમદ ઇસ્માઇલ ચાનીઆ (સ્કાઉટ ઓરગેનાઇઝર)
૪. રા કાસમ મહમદ જમાદાર (ઘોડાર સુપ્રિન્ટેન્ડન્ટ)
૫. રા. લાઈઝુદ્દીન શહાબુદીન બાવા (કસ્ટમસ ઇન્સપેકટર)
૬. રા. સાલેમહમદ બચલ શેઠ (ડોંકાર સુપ્રિન્ટેન્ડન્ટ)
૭. મી. હરિશંકર કલ્યાણજી બાવા.

મીતી- અસાડ સુદ ૧૧ સોમવાર સાં. ૨૦૦૩. તારીખઃ ૮-૭-૪૬.

શ્રી હજુર ઓફીસ,
રેવીન્યુ બ્રેન્ચ.

J. J. Ashar.
for દીવાન-કચ્છ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] THURSDAY 12th SEPTEMBER 1946 [No 6]

[પુ૦ ૭૪] ભાદરવા વદિ ૨ ગુરૂવાર સંવત ૨૦૦૩ તા. ૧૨મી સપ્ટેમ્બર સને ૧૯૪૬[અંક ૬]

હુ ઓ. નાં. ૨૦૪ ઠરાવ.

શ્રી હજુર ઓર્ડર નંબર ૩૨૨ તા. ૪-૧૦-૪૪ વાળાથી રા. રા. ફીરોઝ એમ. ખંભાતાની ચીફ કસ્ટમ ઓફીસર તરીકે નીમણુક બીજા બે વરસ માટે ચાલુ રાખવા ઠરેલ, તે મુદત પુરી થયાની તારીખથી બીજો હુકમ થતાં સુધી તેમને ચીફ કસ્ટમ ઓફીસર તરીકે ચાલુ રાખવામાં આવે છે. આ મુદત દરમ્યાન બે માશની નોટીશ આપી છુટા થવાનો બંને પક્ષને અધીકાર છે.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

ભાદરવા શુદ ૪ શુક્રે શાં ૨૦૦૩

તા ૩૦-૮-૪૬.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ

હુ. ઓ. નાં ૨૦૭ ઠરાવ.

રાઓ બહાદુર જે. ડી. રાણાને માસીક રૂપીઆ ૭૫ પંચોતેરનો વધારો આપી રૂ. ૭૭૫નો માસીક પગાર કરી આપવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.

આ ઠરાવનો અમલ અશાડ શુદ ૩ સંવત ૨૦૦૩થી કરવો.

મીતી- ભાદરવા શુદ ૫ શનીવાર શાં. ૨૦૦૩.

તા: ૩૧-૮-૪૬.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

હુ ઓ. નાં ૨૦૮ ઠરાવ.

પોલીશ હેડકવાર્ટર્સ ફોજદારની ખાલી પડેલ જગ્યાએ બનેસીંગ જમાદારને કોરી ૨૫૦-૧૦-૪૫૦ના ગ્રેડમાં માસીક કોરી ૨૫૦ના પગારથી હાલે બે વરસ માટે નીમવા ખુદાવીંદ મહારાઓથી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયુ છે.

ભાદરવા શુદ ૫ શનિ શાં. ૨૦૦૩. તા. ૩૧-૮-૪૬.

S. K. Nayampalli.
દીવાન કચ્છ.

ટે. જા. નાં. ૫૯૧૮ જાહેર - ખબર.

ટેકની. જા. નાં. ૩૬૯૨ તા: ૧૧-૩-૪૪ વાળા ઠરાવ અનવયે વેપારીઓ પાસે જે વજન અને માપનાં કાટલાંઓ કે સાધન હોય તે ખરાં કરાવી તે પર સિક્કા મરાવી લેવાનું અને જ્યારે નવાં વજન માપ તૈયાર થઇ જાય ત્યારે જુનાં વજન માપને બદલે નવાં વજન અને માપ વેપારીઓને આપવાની મુદત શાં. ૨૦૦૨ના ચૈત્ર શુદ ૨ સુધીની ઠરેલ. પરંતુ લેટલી મુદતમાં નવા માપો તથા સોનાં ચાંદી જોખવાનાં તોલાં તૈયાર ન થઇ

શકવાથી તે મુદતમા વધારો કરવાની રેવીન્યુ ખાતેથી ભલામણ થઇ આવતાં ટેકની. જા. નાં. ૫૯૧૭ તાઃ ૩૧-૮-૪૬ વાળાથી વજન માપ ધારો શાં. ૨૦૦૩ના કારતક શુદ ૩થી અમલમાં લેવાનું ઠરાવવામાં આવેલ છે માટે દરેક જણે પોતાને જોઇતાં તોલ માપનાં સાધનો તાલુકા વહીવટદાર કચેરીએથી શાં. ૨૦૦૩ના આસો શુદ ૧૫ સુધી લઇ લેવાં.

સદરહુ મુદત વીત્યા બાદ જો કોઇ શખ્સ જુનાં તોલાં અને માપ વાપરશે તો તે વજન માપ ધારાનાં પ્રકરણ ૪માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

તાઃ ૩૧-૮-૪૬. S. K. Nayampalli,
દિવાન.

ટે. જા. નાં. ૫૯૧૭ ઠરાવ.

શ્રી કચ્છ રાજ્યનો વજન માપ ધારો અમલમાં લેવાની તારીખ શાં. ૨૦૦૨ના ચૈત્ર શુદ ૨ને રોજ પુરી થઇ રહેતાં તે મુદતમાં વધારો થવા અને તે શાં. ૨૦૦૩ના કારતક શુદ ૩થી અમલમાં લેવાની રેવીન્યું ખાતેથી ભલામણ થઇ આવતાં તે પ્રમાણે સદરહુ વજન માપ ધારો શાં. ૨૦૦૩ના કારતક શુદ ૩થી અમલમા લેવાનું મંજુર કરવામાં આવે છે.

તારીખ- ૩૧-૮-૪૬. S. K. Nayampalli,
દિવાન.

H. O. No. 209. ORDER.

His Highness Maharao Shree is pleased to appoint Mr. H. D. Salat as the Principal of the Bhuj School of Arts on Rs. 250/- (rupees two hundred and fifty) p. m, in the grade of Rs. 250-10-300.

Dewan's Office, Judicial Branch,
3rd Sept, 1946.

S. K. Nayampalli,
Dewan of Kutch.

H. O. No. 211 of 1946. *ORDER.*

Dewan's Office,
Technical Branch,
Bhuj, 4th Septem. 1946.

Reference Cutch Match Works application dated 20-3-1946 for an enhanced protection to their products against imports of Matches of non-Indian origin.

His Highness Maharao Shri has been pleased to order that the following scale of import duty on matches of non-Indian origin imported into Kutch shall be fixed:—

Match box of	Import duty per gross.
40 sticks	Krs. 5--2--0
50 ,,	,, 6--3--6.
60 ,,	,, 8--1--0.

The import duty on matches imported from any part of India shall be the same as specified in H. O. No. 340/45 dated 3-12-45.

S. K. Nayampalli,
Dewan of Kutch.

---

૪ જા. નાં. ૧૨૦૫ પ્રેસ કોમ્યુનીક.

ચાલુ આયાત નિકાશ અને નાણાંકીય નિયમનોને આધીન રહીને હીન્દમાથી શખ્શો કે પેઢીઓ ફ્રેન્ચ હીન્દી ચીનના શખ્સો કે પેઢીઓ સાથે ખાનગી વ્યાપાર હવે કરી શકે તેમ છે.

બ્રિટીશ હીન્દના દુશ્મન મીલકતનાં કસ્ટોડીયન-સંભાળનારના કાબુમાં રહેતી ફ્રેન્ચ હીન્દી ચીનના શખ્સો કે પેઢીઓની મીલકત તેનાજ કાબુમાં રહેશે. જો કે માન્ય કરાએલ વ્યાપાર અંગેના પૈસા હવે તેના કાબુમાં નહીં રહે.

તારીખ ૪-૯-૪૬. J. J. Ashar,
નાયબ દિવાન - ન્યાય.

પો. જા. નાં. ૩૭૭ **જાહેર ખબર.**

એજન્સી તરફથી નં આર. એચ. ૩-૧ (બરોડા) તા. ૯-૮-૪૬ વાળું મેમોરેન્ડમ અત્રે આવેલ છે તેમાં જણાવે છે કે પબ્લીક હેલ્થ કમીશ્નર વીથ ધી ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીયા તરફથી માહીતી મળેલછે કે ફીલીપાઇન ટાપુઓએ શિતળા અને કોલેરાને લીધે હિંદના તમામ બંદરોએથી હવાઇ તેમજ દરીયાઇ માર્ગે આવનારાઓ સામે કવોરન્ટાઇનનો પ્રતીબંધ મુકેલ છે ફિલીપાઇનસ માટે હિંદથી દરિયાઇ અને હવાઇ માર્ગ દ્વારા આવતા મુસાફરો માટે શકય એવી ઢીલ અને અગવડતા દુર કરવા માટે નીચે દર્શાવેલ વસતુ સાથે રાખવી સલાહ કારક છે

(૧) ફીલીપાઇન્સ ટાપુમાં દાખલ થયા પહેલાં મુસાફરોએ ૧૪ દીવસથી ઓછુ નહિ અને એક વર્ષથી વધારે નહિ એવું શીતળા કઢાવ્યાનુ સરટીફીકેટ રજુ કરવું જોઇએ તેમ નહિતો તેઓને અગાઉ શીતળા નીકળ્યા છે તેની નિશાની બતાવવી જોઇએ અગર શીતળા કઢાવ્યાનાં ચાંઠાં બતાવવા જોઇએ.

(૨) ફીલીપાઇન્સ ટાપુમાં દાખલ થયા અગાઉ ૬ છ દીવસથી ઓછું નહિ અને છ માસથી વધારેનુ નહિ એવું કોલેરાની રસી મકાવ્યાનુ સટીફીકેટ મુસાફરોએ રાખવુ જોઇએ

ઉપર પ્રણાણેના ખબર સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા. ૨૬-૮-૪૬. K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરીટી

પો. અં. જા. નાં. ૩૯૨. **જાહેર ખબર**

એજન્સી બરોડા તરફથી લેટર નાં. આર. એચ. ૩-૧ તા. ૨૦-૮-૪૬ વાળો અત્રે આવેલ છે. તેની સાથે હિંદ બહારના દેશોએ હિંદથી બહાર જનારા સામે તા. ૫-૮-૪૬થી કવોરન્ટાઇન પ્રતિબંધ મુકેલ છે તેનું પત્રક સર્વ મુસાફરોની માહિતી માટે આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પ્રતિબંધ મુકેલ દેશનું નામ	જે દર્દ હેતુસર પ્રાંતબંધ મુકેલ તેના નામો	હિંદમાંની જે જગા સામે પ્રતિબંધ મુકેલ તે હિંદનાં સ્થળોનાં નામો.		
૧ પેલેસ્ટાઇન.....	કોલેરા	કલકતા	હવાઇમાર્ગે	
	શીતળા	,,	,,	
	,,	મુંબઇ	,,	
૨ ટ્રાન્સજોર્ડન.....	કોલેરા	કલકતા	,,	
	શીતળા	મુંબઇ	,,	
	,,	કલકતા	હવાઇ અને દરિઆઇ માર્ગે	
૩ સીલોન.....	,,	મદ્રાસ	,,	,,
	,,	મુંબઇ	,,	,,
૪ ઇરાક.....	કોલેરા	હિંદ	,,	,,
	શીતળા	,,	,,	,,
૫ પરસીઆ (ઇરાન)	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
૬ ઇજીપ્ત	,,	,,	,,	,,
૭ ચીન.....	,,	,,	,,	,,
	એન્ટેરીકફીવર	,,	,,	,,
	કોલેરા	,,	,,	,,
૮ બર્મા.....	શીતળા	,,	,,	,,
૯ બેન્કોક	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
૧૦ મલાયા સ્ટેટ ઓફ સેટલમેન્ટ...	કોલેરા	,,	,,	,,
	શીતળા	,,	,,	,,
૧૧ મલાયનયુનીયન	કોલેરા	કલકતા	,,	,,
	શીતળા	મુંબઇ	,,	,,
	,,	કલકતા	,,	,,
	,,	દીલ્હી	હવાઇમાર્ગે	
	,,	ચીતાગોન્ગ		દરીઆઇમાર્ગે
	,,	મદ્રાસ	હવાઇ અને દરીઆઇ	

તા. ૫-૯-૪૬ K. V. Bhatt.
ડેપ્યુટી સેક્રેટરી.

જાહેર ખબર.

જોઇએ છીએ શ્રી કચ્છ સ્ટેટ રેલ્વેનાં લોકોમોટીવ અને વર્કશોપ ડીપાર્ટમેન્ટમાં એક સારી જગા પુરવા માટે કચ્છી ઉમેદવારો તેઓ મીકેનીકલ અને ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ ડીપ્લોમા અથવા એજ્યુકેશન, સરટીફીકેટ ધરાવતા હોવા જોઇએ ઇન્ટરવ્યુ માટે પોતાના ખર્ચે આવવું પડશે સુંટાયલા ઉમેદવારે નિમણુક પહેલાં બે વર્ષ માટે કોઇ મોટી રેલ્વેની વર્કશોપમાં ટ્રેઇનીંગ લેવી પડશે જે માટે શ્રી કચ્છ રાજ્ય તરફથી "સ્કોલરશીપ" આપવામાં આવશે તેમણે ઓછામાં

ઓછાં પાંચ વર્ષ રાજ્યની નોકરી કરવા બંધાવું પડશે. વધુ વિગત ઇન્ટરવ્યુ વખતે જાણી શકાશે. ઉમર, અભ્યાસ, અનુભવ વિગેરે જણાવતી અરજીઓ સરટીફીકેટની નકલ સાથે "મેનેજર એન્ડ એન્જીનીયર ઇન-ચીફ કચ્છ-સ્ટેટ રેલ્વે ભુજ, કચ્છ" ના સરનામે તા. ૧૫મી સપ્ટેમ્બર ૧૯૪૬ પહેલાં આવી જવી જોઇએ

ભુજ કચ્છ તા ૧૦-૮-૪૬.

S. K. Kothari,
Manager & Engineer-in-Chief
Cutch State Railway

જાહેર ખબર

ડી. ટી. સે. જા. નાં ૯૯૫૧ શાં. ૨૦૦૩

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના દોશી નાનાલાલ અમરચંદ તથા ભુજના દોશી હરીલાલ અમરચંદ તથા ભુજના દોશી શીવચંદ અમરચંદ તથા ભુજના દોશી ચતુલાલ અમરચંદ તથા ભુજના દોશી હીમતલાલ અમરચંદ શગીરના વાલી તેના ભાઇ દોશી નાનાલાલ અમરચંદ અરજદાર નાં ૧ તથા ભુજના દોશી જયસુખલાલ અમરચંદ શગીરના વાલી તેના ભાઇ દોશી નાનાલાલ અમરચંદ અરજદાર ના ૧ વાલા એ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે ભુજના દોશી અમરચંદ મોતીચંદ અમારા પીતા થતા હતા તેઓ શાં ૨૦૦૨ના અશાડ વીદ ૪ના રોજે ગુજરી ગએલ છે.

તેમણે ધી બ્રીટીશ બર્મા પેટ્રોલીયમ કંપની લીમીટેડ ના કોલોનીઅલ શેર નંગ ૧૦૦) એકસો દરેક શીલીંગ ૮ આઠની કીમતના ખરીદેલ છે જેનું શર્ટીફીકેટ નાં ૧૯૭૯૬વાળુ મજકુર કંપની તરફથી સને ૧૯૧૯ના ઓકટોબરના ૨૯મા તારીખે આપવામાં આવેલ છે, તથા લાર બાદ એજ કંપનીમાંથી શેર નંગ ૧૨ બાર દરેક શીલીંગ ૮ આઠની કીમતના અમારા પીતા તરફથી ખરીદવામાં આવેલ છે જે બાબતનું શર્ટીફીકેટ નં. ૪૪૦૪૬વાળું મજકુર કંપની તરફથી સને ૧૯૨૩ના જુલાઇની બીજી તારીખે આપવામા આવેલ છે શદરહુ બન્ને કોલોનિઅલ શર્ટીફીકેટો હુકમ થએ અસલ બતાવશુ

અમો અરજદારો ગુજરનાર દોશી અમરચંદ મોતીચંદનાં પુત્રો હોઇ તેમના એકલા વારસો છીએ અને અમારા શીવાય તેમનો બીજો વારસ ન હોવાથી ઉપર જણાવેલ શેર શર્ટીફીકેટ નંગ ૨ એ પ્રમાણેની રકમ લેવા માટે અમો અરજદારો ભુજના દોશી અમરચંદ મોતીચંદના વારશો છીએ એવું વારશા શર્ટીફીકેટ અપાવશો

આ શબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સંવત ૨૦૦૩ના ભાદરવા વીદ ૧૨ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાશે આવી જાહેર કરવુ તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવામાં નહી આવે તો મુદત વીતે અરજદારોએ માગેલ વારશા શર્ટીફીકેટ તેમને આપવા વીશે ગટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો શાંભળવામાં આવશે નહી.

મ. શ્રી ભુજ નગર ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ
શ્રાવણ વીદ ૧૦ ગુરૂવાર સં. ૨૦૦૩

જયસુખલાલ હરજીવન શુકલ
મે. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ જજના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી વરિષ્ટ. કોર્ટ.

ભુજ કોર્ટના ફેંસલા ઉપર.

દિ. રે. અપીલ નંબર ૩૬. સંવત ૨૦૦૨.

સમંન નાં. ૮૯૪-૮૯૫.

હા. નેણસી કારાણીના પુત્ર ઠકર ભવાનજી નેણશી ભુજ } મુળ અપીલ કરનાર

ખોજે જાફર માણકાણીના વારશ ખોજા રમજાનઅલી અબ્દુલકરીમ ભુજ હાલે જંગબાર } મુળ જવાબદેનાર

દાવો ફરાવ રદ થવા

ભુજ હાલે જંગબારના નીચે જણાવેલા શખ્શો જત આ અપીલેન્ટે આ કોર્ટમા અપીલ કરી છે વાસ્તે તમને ફરમાવામાં આવે છે કે, એ અપીલની ચોકશી સં ૨૦૦૩ ના આશુ સુદી ૯ સુકરે રોજે થશે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાત નામા સહીત સવારના ૧૧ વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેવુ અગર એ પ્રમાણે હાજર નહી રહો તો, અપીલનો એક તરફો ફેસલો આવશે.

૧ ખોજા જાફર માણકાણીના વારશો ખોજા રમજાનઅલી અબ્દુલકરીમ

૨ ખોજા મહમદહુશેન અબ્દુલકરીમ

શ્રાવણ સુદ ૬ શનિ સંવત ૨૦૦૩

જયસુખલાલ દુર્લભદાશ
મે. એડી. ડી. એન્ડ શે. જજ. સા. ના. હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

૨૬૧૭

શ્રી ભુજ અદાલત

દાવાનો નંબર ૧૫૫ સંવત ૨૦૦૨

બાઇ હીરબાઇ કરસનજી ભુજ વાદી
શા. મલુકચંદ માધવજી વી. ભુજ પ્રતિવાદી

દાવો લેણા બાબત નાં. ૨૯૧૭

કરાંચીના રહેનાર શા. મગનલાલ રામજીને માલુમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૪૭૮૦ મળવા બાબતનો દાવો કર્યો છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, સંવત ૨૦૦૩ના માસ ભાદરવા વીદ ૮ વાર ગુરૂવેના રોજ સવારના ૭॥ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબંધા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે,

જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મિતી શ્રાવણ વદ ૧૨ વાર શની સં ૨૦૦૩

પુંડરિકરાય મહાદેવ પાઠક,
મે. ભુજ ન્યાયાધીશના હુકમથી

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.
શ્રી. ભુજ અદાલત નાં. ૨૬૩૦

ઠકર જવત મનજી ભુજ વાદી

૨ નોડે રાજમામદ મામુદ બીન વારસ તથા બીન મીલકત ગુજરી જતાં તેનાં કાયદેશર વારશ લાલમામદ મામુદ
૩ નોડે લાલમામદ મામુદ તેનો પતો મળતો નથી જેથી નોડે રાજમામદ તથા લાલમામદનો વારશ હોય તો પલકારમાં જોડાવા કચ્છ ગેજેટમાં નોટીશ કહાડવા પરવાનગી આપવાની અરજ કરેલ
૧પ્રતિવાદી નાં ૧-૨ નાં જાપીન નોડે ઉમર જાનમામદ ભુજ. } પ્રતિવાદીઓ

દાવો—કારી ૯૭૩૩૩૫ વ્યાજ સહીત મળવા

આ કામના વાદીએ કાયદેશર દાવો દાખલ કરી પ્રતિવાદી નોડે રાજમામદ મામુદ બીન વારશ તથા બીન મીલકત ગુજરી જતાં તેનાં કાયદેશરના નોડે લાલમામદ મામુદ વારશ થાય છે એવું જણાવી નોડે લાલમામદ મામુદને ઘણા વખત થયા પતો મળતો નહોતો જણાતો તેમનાં જે કોઇ કાયદેશરના વારશ હોય અને આ દાવામાં દાખલ થવામાટે ઇચ્છા ધરાવતા હોય તેને દાખલ કરાવવા અરજ કરતાં તે અરજ મંજુર થતાં આ નોટીશથી જણાવામાં આવે છે કે તેમનાં જે કોઇ કાયદેશરનાં વારશ હોય અને આ દાવામાં પલકાર તરીકે દાખલ થવા માટે ઇચ્છતા હોય તેમને સં. ૨૦૦૩ નાં ભાદરવા વીદ ૦)) બુધવારનાં રોજે કોર્ટનાં ટાઇમે હાજર થઇ અરજ કરેથી દાખલ કરવામાં આવશે નહીતર મુદત વાતે કાયદેશર થશે.

શ્રાવણ વીદ ૦)) સોમવાર સં. ૨૦૦૨

N. D. Mehta
ભુજ ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે
શ્રી ભુજ અદાલત. નાં ૨૬૨૯
દાવાનો નંબર ૧૦૭. સંવત ૨૦૦૨

દોશી દામજી દેવશી જંગબાર વાદી
ખોજા મહમદઅલી ફાજલ રેમતુલા જંગબાર પ્રતિવાદી
દાવો-રૂા ૩૧૮-૧૦-૦ મળવા બાબત

જંગબારના રહેનાર ખોજા મહમદઅલી ફાજલરહેમતુલાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર રૂા. ૩૧૮-૧૦ ૦ મળવા બાબતનો દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવેછે કે સંવત ૨૦૦૨ ના માસ ભાદરવા વીદ ૯ વાર ગુરૂ ને રોજે સવારના ૧૧ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે અવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવશે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદ્દાઠરાવવામાં આવશે. અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મિતી ભાદરવા સુદ ૨ વાર બુધ.

પુંડરીકરાય મહાદેવ.
મે ભુજ ન્યાયાધીશ ના હુકમથી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી. કે.
શ્રી અંજાર દિવાની અદાલત.

નાં ૬૫૧. ૬૫૨-
ખા. દી. દાવાનો. નંબર. ૯૩. સંવત. ૨૦૦૨.

મિસ્ત્રી રણછોડ ફાનજી નાગલપર વાદી.
V/s
ખોજા મામદ રાજપાલ વી. નાગલપર પ્રતિવાદી.
દાવો. રૂા. ૬૦૦/મલવા

કીગોમામાં રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ જે વાદીએ તમારા ઉપર રૂપીઆ ૬૦૦/છશો મલવા બાબત દાવો કર્યો છે. માટે તમને આ ઉપરથી ફરમાવામા આવે છે કે આ સમસ શ્રી કચ્છ રાજ્ય પત્રમા છપાયાની તારીખથી માશ એકની અંદરને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવાકોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરમાં મુદ્દા ઠરાવવામાં આવશે. અને વાદી જોવા માગે છે તે તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે

દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧. ખોજા ગુલામ હુસેન રાજપાલ
૨ ખોજા બરૂદીન રાજપાલ

મીતી શ્રાવણ વીદ ૫ વાર શનીવાર સંવત ૨૦૦૩

અમૃતલાલ તારાચંદ-
મે. અંજાર ન્યાયાધીશ. શા. હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી અંજાર અદાલત.

નાં. ૧૨૫૬. ૧૨૬૦.

રમા. તામીલ કામ નં. ૧૧૫. શં ૨૦૦૧.

ઠ. દેવશી જુડા દેવશીઆ વાદી.
મૈયા ભીમા નાથા દેવશીયા પ્રતીવાદી.

બાબત હુકમ નામાની તામીલ થવા.

નીચે લખ્યા નામ તથા ગામવાળાઓને માલમ થાય જે આ વાદીએ સ. ૨૦૦૦ ના પોશ સુદ ૧૪ શનીવારનાં રોજે થએલા ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૪૯૦ ચુકવવા ખર્ચે મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીસ પડાંયેથી રોજ ૧૫ માં વધારે તારીખ ૪૪ રાખી કરી નહીંતો કાયદેસર થશે.

૧. મૈયા ભીમા નાથા દેવશીમા
૨. મૈયા રાખ્યા નાથા નગાવલાડીઆ

મીતી શ્રાવણ વીદ ૫ સનીવાર સં. ૨૦૦૩.

અમૃતલાલ તારાચંદ.
મે. અંજાર. ન્યાયાધીશ સ્મો.
કોર્ટના. જજ. સા. હુ.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી.ઇ.
શ્રી અંજાર. અદાલત. નાં. ૮૦૫
ખા. દી. તા. કા નાં, ૧૪. શા. ૨૦૦૨.

ઝાંડિ મોમચંદ રાજપાળ રે. ધમડકા વાદી.

વિરૂધ્ધ

સયવારા ભોજા ખેતા ગુજરનારના વારસ પુત્ર મમુ ભોજા રે. કરાચી } પ્રતીવાદી

બાબત. તામીલ થવા.

કરાચી મધે સયવારા મમુ મે નતે ખબર એવામાં આવે છે કે. બાકી તમારા વિરૂધ્ધ તામીલમાં વાદીની કોરી પડતા ૧૫ ખર્ચની રકમ અદા કરેલ તેમાં તમારી કુદરે મેળ મળેલી રકમ નામે વીડીક વાળાની કુ પાનું તથા મેળી ૧ એમ ઠામો જાત થએલ તમારી કીમત અંકને કોરી ૪૫૦ કે ૪૦૦ કોરી તથા જગાની કોરી ૨૫૦ કે ૨૦૦ કોરીની કીમત પંચવાળાની થએલ છે અને આ મીલકતમાં તમારો કે ભાગ કરેલ છે અને તેકેપર બુધર મોરાના સયવારા ભોજા રતાનુ કોરી કરવા નું લાગુ હોવા કરેલ છે તે રીતે આ મીલકત જાહેર લીલામ સં. ૨૦૦૩ ના કારતક સુદ ૧૦ રવીવાર મા રોજ બુધાર મોરા મધ્ય સવારના ૯ વાગતેથી મીલકતો આગળ થશે.

મીતી શ્રાવણ વિદ ૨ બુધે શાં. ૨૦૦૩.

H. C. Jethi.
અંજાર ન્યાયાધીશ,

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી મુંદ્રા કોર્ટ
નં. ૪૯૨
ખા. દી. તા. કા નાં. ૧૩ સ. ૨૦૦૨

શા. વીરજી મોણસીની વીધવા ગંગાબાઇ ડેપ વાદી
શા. નરસી પાસુ રામાંણી પ્રતિવાદી

દાવો લેણાનો

ગામ શ્રી રામાંણીના શા. નરસી પાસુને માલમ થાય જે સદરહુ વાદીએ તમારા પર લેણાં બાબત દાવો કરતાં તે વ. ખા. દી. રે. અપીલ નં. ૮૩ સં. ૨૦૦૧ વાળાનો ખુલાસા ખર્ચ સૈત થતાં તેની તામીલ બજવણી કરાવી દેવા વાદીએ તામીલ દરખાસ્ત રજુ કરતાં તમારા પર કાયદેસરની તકીદ થયા છતાં તમેએ તામીલ બજવણી નહી કરતાં વાદીએ તમારી નીચે લખી મીલકત જપ્તીમાં લેવડાવવા અરજ કરતા તે આ અદાલત તરફથી જપ્તીમાં લેવામા આવે છે માટે સદરહુ મીલકત તમારે કોઇને ગીરોથી કે વેચાણથી કે બક્ષીસથી કે બીજી કોઇ રીતે આપવી નહી તેમ લેનારને પણ પ્રતિબંધ છે એમ સમજવું.

૧ જગ્યાની ચતુરદીશા
૧ ઉત્તરી બાજુ આ જગ્યામાં જવાનો રસ્તો છે
૨ ઉગમણી બાજુ પાવજી ગેલાની વાડો તથા તેમાં જવાની વાટ છે
૩ દખણાદી બાજુ નરસી રતનસીની જગ્યા તથા ગંડી છે
૪ આથમણી બાજુ છકોડી સગનો સ્થનક છે.

૨ ખેત્ર કટકીની ચતુર દીશા.
૧ ઉત્તરી બાજુ નાનાલાલ પરસોતમનો ખેત્ર મોરો છે
૨ ઉગમણી બાજુ સવડી તુંબડીનો રસ્તો મારગ છે
૩ દખણાદી બાજુ નાનાલાલ પરસોતમનો આટારીઓ છે
૪ આથમણી બાજુ રવજી દેવરાજનો ખેતર આટારીઓ છે

એ રીતે

અશાડ સુદ ૯ સં. ૨૦૦૩

Narottam D. Mehta,
મુંદરા ન્યાયાધીશ.

71

મહારાજા ધિરાજ મીરજા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી. મુંદ્રા કોર્ટ નાં. ૭૫૩.

ખા. દી. કામ ના. ૮૩ શાં. ૨૦૩૩

ગામ શ્રી ઝરપરાના શેઠાણી ફલીઆનાં વૈવટ કરનાર અગ્રેસરો ચારણ ભારૂ હરજુગ વાગેરે ઝરપરા } વાદી.

ચારણ સુમાર આશારીઆ જરપરા પ્રતિવાદી.

દાવો ગૌચર પટ વીગા ૬ પ્રાં. એ ખેડેલ છે તે સુલ સ્થિતીમાં રહેવા તથા તેમાં ગાય ભેસોના ઘણ ચરે તેમાં પ્રા અટકાવ કરે નહીં તેવો હુકમ થવા બાબત.

આથી ગામ જરપરાના સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે શદરહુ વાદીએ દી. કાયદાની કલમ ૨૨ મુજબ એવી અરજ કરેલછે કે આકામે જેને પક્ષકાર માં દાખલ થવાની ઇચ્છા હાય તે દાખલ થાય શબબ જે શખ્સને પક્ષકારમાં દાખલ થવા ઇચ્છા હોય તેણે આ કામે આહી કોર્ટમાં આ નોટીશ છપાયાથી માશ ૧ એકની અદર આહી કોર્ટમાં હાજર થઇ અરજ કરવી નહીતર મુદત વીતે કાયદેશર થશે.

શ્રાવણ વીદ ૧૩ શનિ શાં ૨૦૦૩.

Narottam. D. Mehta,
મુંદ્રા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરજાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ. ની
શ્રી. નખત્રાણા કોર્ટ.

સનાઇ હુકમ ના. ૨૭૬.
ખા. દી. તા. કા. ના. ૧૪ સં. ૨૦૦૨.

શેઠ મણીલાલ શાકરચંદ નખત્રાણા વાદી.

૧ મેગવાર હીરા લધા. નખત્રાણા
૨ મેગવાર વેલા હીરા. એજ } પ્રતિવાદી.

બાબત તામીલ કોરી ૧૧૬૩ ની થવા બાબત

નખત્રાણાના મેગવાર હીરા લધાને માલમ થાય કે શાં. ૨૦૦૨ ના અશાડ સુદ ૧૩ ના રોજ સદરહુ પ્રતિવાદીનું તમારાપર કોર્ટ ૧૧૬૩ ખર્ચ સહીત નું હુકમનામું થયુ છે તે હુકમનામાં પ્રમાણે તમોએ કાંઇપણ ભરણું કરેલ નથી જેથી નીચે લખેલી મીલકત જપ્ત કરવામા આવી છે જેવા સદરહુ મીલકત કોઇએ વેચાણ કે બક્ષીશ કે ચીરો કે બીજી કોઇ રીતે આપવા ની આજ્ઞા સનાઇ તથા પ્રતિબંધ કરવા આવે છે.

મીલકતનું લીષ્ટ

ગામ શ્રી નખત્રાણા મધે પ્રતિવાદીની જગ્યા ખંડ ૧ ની ચતુર દીશા.

૧ ઉગમણી કોરે મેગવાર ભાણા જેઠાનો પટ પડેલો છે
૨ આથમણી કોરે જગ્યાનો આગણો છે.
૩ ઉતરાદી કોરે મેગવાર મારજા કાનાની જગ્યા છે
૪ દખણાદી કોરે રાજ માર્ગ છે.

શ્રાવણ વદ ૧૨ શુકરે શાં ૨૦૦૩.

જીવરામ મોનજી.
નખત્રાણા ન્યાયાધીશ

મહારાજાધિરાજ મિરજાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી નખત્રાણા અદાલત સમત તાં. ૫૬૪
ખા દી દાવાનો નંબર ૮૬ સવત ૨૦૦૩

કણબી રામજી નાથા રે. વાદી
કણબી વિશ્રામ કાનજી એજ ઉગેડી પ્રતિવાદી

દાવો લેણા બાબત

ઉગેડી રહેનાર કણબી વિશ્રામ કાનજી નાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર રૂ. ૧૫) મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સવત ૨૦૦૩ના આસુ સુદ ૧૪ મંગળવારને રોજ સવારના ૯ા વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્યરી તે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થશો તો તમારી ગેરહાજરીમાં સુનાવણી કરવામાં આવશે અને વાદી જેવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતી શ્રાવણ વીદ ૧૦ વારગુરૂવાર સંવત ૨૦૦૩

જયંતીલાલ મયાશંકર
મે નખત્રાણા ન્યાયાધીશના હુ. થી

મહારાજા ધિરાજ મિરજાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી નખત્રાણા કોર્ટ નં. ૩૯૮
ખા. દી. તા. કા. ૨૧ સં ૨૦૦૨

જોશી જાદવજી શીવદાસ મુર વાદી
ઠા. સુરજ ભાગચંદ વિ. અરલ પ્રતિવાદી

ઠરાવ મુજબ તામીલ થવા

અરલના તે હાલે મુંબઇના રહેનાર ઠા. ચાંપશી ભીમજીને માલમ થાય કે વાદીએ તમારાપર ખા. દી. કા. ૧૦૫ વાલામાં થએલ હુકમનામા મુજબ કોરી ૧૬૯૩ની તામીલ કરાવી છે માટે આ નોટીસ પછીથી રોજ ૧૫ પંદરની અંદર તામીલ પુરી કરાવી જશો નહીતર કાયદેસર કરવામાં આવશે.

શ્રાવણ વદ ૧૧ ગુરૂવાર સં ૨૦૦૩

જયંતીલાલ મથાશંકર
મે. નખત્રાણા ન્યાયાધિશ સા. હુ.થી

મહારાજા ધિરાજ મિરજા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહદુર જી. બી. ઇ.
શ્રી નખત્રાણા અદાલત

ખા. દી. કામ નાં. ૯૪ શાં. ૨૦૦૩

કણબી મીવદાસ પરબત વીરાણી વાદી
કણબી વાલજી ભીમજી વિગેરે વીરાણી પ્રતિવાદી
વાહાનો કબજો તથા ભાડુ મલવા દાવો

શ્રી વિરાણી ગામના જ્યોતીશ ધામ પંથના તમામ અનુયાયીઓને આથી ખબર આપવામાં આવે છે કે વાદીએ પ્રતિવાદીઓ ઉપર ઉપર મુજબનો દાવો કર્યો છે આ દાવામાં જ્યોતીષ ધામ પંથના અનુયાયીઓને પક્ષકારમાં દાખલ થવું હોય તેમણે ચાલતી શાલના ભાદરવા વીદ ૪ શુક્રવારના રોજ આ કોર્ટ પાસે કોર્ટના ટાઇમે હાજર થશે। પાછળથી કોઇનું કાંઇ શાંભળવામાં આવશે નહી અને વાદીનો દાવો રીતસર આગળ ચલાવવામાં આવશે

ભાદરવા સુદ ૧ ભોમે શાં. ૨૦૦૩

જીવરામ મોનજી.
નખત્રાણા ન્યાયાધીશ.

જાહેર ખબર

પ. જા. નાં ૩૩૫૪

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના વાવડા શા હરીલાલ તથા શાન્તીલાલ તથા હેમચંદ ખીમજીએ ભુજનાં તે હાલે માંડવીનાં ભાટીયાં ઠાં જમનાદાસ તથા નરોતમ કેશવજીના મનેથી જગ્યા ૧ ચોપટના નાકાં નજીક પોલીશ લાઇન પછવાડે છે તે કોરી ૧૩૫૦૧) તેર હજાર પાચશો એકમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનુ કાંઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદતવીતા બાદ કોઇનુ કાંઇ નહી સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

શ્રાવણ વીદ ૧૩ શની શાં ૨૦ ૩

P K. Bava.
for ભુજ વહીવટદાર

જાહેર ખબર.

હ. જા. નાં ૨૦૬૬

આથી સર લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારનાં સુતાર પ્રેમજી ધનજીએ લાગા સરાડીયા કારીઆ દરસા નાન તથા પુજા નાન પાસેથી સાં ૧૯૯૧ના ફાગણ સુદ ૧૭ ગુરવારના લખેલ દસ્ત વેજથી અંજાર મધ્યે જગ્યા ૧ સાં ઠીબા પીપડા કલીઆમાં ઉંચાઇ બાર વલ્લા કોરી (૨૫) માં અડે બાંધ અઘાટ વેચાણ રાખતાં તેનો છાપો થવા ધનીકના વારસ સુતાર વાલજી પ્રેમજીએ દસ્તાવેજ અહીની કચેરીમાં રજુ કરેલ છે હસતે સરહુ જગ્યા ઉપરે કોઇનુ કોઇ જાતનુ લેણુ સંબંધ અગર હક્ક કે હીશો હોયતો તેઓએ જાહેર નામાની તારીખથી માશ ૧ એકના અંદર આંહીની કચેરીમાં દાખલ જાહેર કરવુ નહીતર મુદત વીતે છાપો થવા વીસે ઘટીત થશે.

શ્રાવણ વીદ ૧૩ શની શા ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોકળદાસ,
અંજાર વહીવટદાર

જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા. ખારોઇના ડુના રીપોર્ટ નાં ૧૮૦ ભાદરવા સુદ ૨ બુધવાર શાં ૨૦૦૩ વાલા સાથે ઘોડી જીવ એક ને શોન નાંકડી ઉપર વરસ ૬ આશરેની કીંમત ખરી ૭૦૦) શાતશો આશરેની ગેવાળ તરીકે રજા થએલ છે માટે આ ઘોડી જેની હોય તેણે આ જાહેર ખબર પ્રશીધ્ધ થયાની તારીખથી એક માશની અંદર આંહી હાજર થઇ ખાત્રી પુરાવો આપી થયું ખર્ચ વીગેરે આથી લઇ જવી મુદત બાદ શહેરનુ ઘોડી શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

ભાદરવા સુદ ૩ ગુરવાર શાં ૨૦૦૩

રેવાશંકર વીશ્રામ.
ભુજ વહીવટદાર.

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની વહાલી અગર તો મંજુરી મળે છે એવુ સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

અમો નીચે સહી કરનાર ભુજનાં ભટ કેશવલાલ મકનજી તથા પ્રાણલાલ મકનજીની ધરવાલી નર્મદાબાઈ આથી અમે જાહેર જનતાને ખબર આપીએ છીએ કે ભટ પ્રાણલાલ મકનજી તે અમોમાંથી ભટ કેશવલાલ મકનજીનો સગો ભાઈ તથા મજકુર નર્મદાબાઈનો પતી ખરાબ પાશવાનોની શોબતને અંગે તેની ચાલચલગત તથા વર્તણુંક બહુ ખરાબછે તેમજ કોઇકની શીખ મણીથી અમારી વડીલો પારજીત મીલકત જેનાં ઉપર તેનો સ્વતંત્ર અધીકાર નથી એવી મીલકત ઉપર જરૂરીઆત વગર આડે માર્ગે વરતવા માટે પૈસા ઉપાડવાનો કોશીષ કરેછે જેથી અમારા હીતને તથા તેનાં ભવિષ્યનાં હકદારને નુકશાન પહોચાડવાની કોશીશ કરેછે માટે આથી અમો જાણ કરીએ છીએ કે આવી અમારી મીલકત ઉપર કોઇએ પણ કાંઇ ધીરધાર કરવી કે લેણુ રાખવી નહીં અને તેમ છતાં જો કોઇ અનુ વીરૂધ્ધ વર્તન કરશે તેથી અમારા કે ભવિષ્યનાં હીત કે હકને બાધ લાગશે નહીં એ આથી નોધ લેસો.

મીતી ભાદરવા સુદ ૧૧ ભોમે સાં. ૨૦૦૩.

ભટ કેશવલાલ મકનજીની સઈ દઃ પોતાના

નર્મદાબાઈ ભવાનીશંકર દઃ પોતાના

73

ખાનગી ઝાહેર ખબર.

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ને જાણ કરવામાં આવે છે કે અમારા અસીલ શીકારપુરનાં તે હાલે ભુજનાં રહેનાર ઠા. લાલજી પુંજાભાઈ રત્નાનીઆએ ભુજનાં ભાટીયા ઠા. પ્રાગજી રામદાસ પાસેથી શહેર ભુજમાં હાંડાં બજારમાં આવેલી મોટી પોશાળવાલી શેરીમાં ભાટીયા ફળીયામાં આવેલ ઠામો ૪ ચાર તબેલો ૧ ડેલો ૧ તથાજગ્યા ૨ ઓરીતે કુલ્લે ઠામો ૪ ચાર વીટાંતર વર્ષ ૯૯ની બંધીએ લેવાનો સોદો કોરી ૬૦૦૦ છહજારમાં કર્યોછે. આમુજબનો સાટાં કરાર શાં ૨૦૦૩ નાં ભાદરવા સુદ ૧ મંગળવારની મીતિનો થયેલછે આજહેર ખબરથી જાણ કરવામા આવેછે કે આ નોટશ છપાયાથી રોજ પંદરની અંદર સદરહુ જણાવેલા ઠામો પર જે કોઈ પણ સખ્સનું લેણું લેણુ,ગીરો ભરણ પોષણ કે બીજી કોઇ પણ રીતે કાયદેશરનો હકક થતોહોય તેમણે નીચેને સરનામે અમારી ઓફીસમાં તેનાં હકકનાં આધારો રજુ કરી તેનાં હકકની ખાત્રી કરી આપવી નહિંતર મુદત વિત્યે ધોરણ સરનો દસ્તાવેજ કરાવી લેવામાં આવશે અને ત્યાર બાદ કોઇ પણ સખ્સનો કોઇ પણ રીતે થતો હકક બંધનકર્તા થશે નહિં તેની આથી નોંધ લેવી એજ વોંકળા ફળીયા ભુજ કચ્છ

સાં ૨૦૦૩ના ભાદરવા શુદ ૭ મંગળવાર તા. 3 SEP.1946

જીતેન્દ્રલાલ મુલજી
ઠા. લાલજી પુંજાભાઇ
રત્નાનીઆનાં વકીલ.

ખાનગી જાહેર ખબર

ભુજના શાહ પ્રાણલાલ હેમચંદ આથી જાહેર જનતાને ખબર આપુંછું કે હું ધી વોર્ડન ઇન્સ્યુરન્સ કંપનીનાં કચ્છ ખાતેના ઈન્સપેકટર તરીકે કામ કરતો હતો પણ કંપની તરફથી કચ્છ ખાતેની પોતાની ઓફીસ હાલે બંધ કરેલ હોતાં હું કંપનીની ફાઇલો પત્રવ્યવહાર પહોંચ બુકો વીગેરે દરેકા દરેક ચીજ વસ્તુઓ તેમનાવતી તેમના પાવરદારને સોંપી મને મુકત કરેલછે અને હું મુકત થયોછું એટલે હવે પ્રીમીયમ બાબત કે લેતી દેની કલેકશન બાબત કે લેતી દેતી બાબત ની પુછપરછ કે પત્રવ્યવહાર સીધે કંપની સાથે કરવાનીછે મારા પાસેની કું.ના ઇન્સપેકટર દરમીયાનની જે કંઇ રકમો આવેલ તે કંપનીને પહોંચ કરવામાં આવેલછે તેનીપણ આથી નોંધ લેવાની છે.

મિતી ભાદરવા સુદ ૯ ગુરૂવાર સા. ૨૦૦૩.

પ્રાણલાલ હેમચંદની સહી દ્વારા પોતાના

ખાંનગી જાહેર ખબર

લી. હું નીચે સહી કરનાર માંડવીના મેરાઇ વીરા જીવાણીની માતાજી મમીબાઈ ત્રીકમજી અથી સર્વ લોકોને ખબર આપુંછું કે માંડવી મધ્યે ભડાલાના પુડમાં લછી નાયકાના ઘર પાસે મારી જગ્યા ૧ એક મારા પીતના વડીલનો વખતથી આવેલીછે. જે જગ્યાનો કબજો ભોગ વટો આજદી પર્યંત અમારોછે. શદરહુ જગ્યા ને લગતા દસ્તાવેજોની કોથળી એક મેં મારા જમાઈ મુંદ્રાના મેરાઇ માવજી નાનજીને અમાનત રાખવા આપેલ પણ શદરહુ દસ્તાવેજોની કોથળી મારા જમાઇ પાસેથી ગેરવલ્લે ગઈછે. એટલે શદરહુ મારી જગ્યાને લગતા દસ્તાવેજો જે કોઇ સખ્સને મળે તો તેણે મને સોંપીજવા શદરહુ દસ્તાવેજનો કાંઇપણ ઉપયોગ કરવા બીજા કોઇ સખ્સને અધીકાર નથી તેમ છતાં કોઈ સખ્સ કાઇ ગેરઉપયોગ કરશે તો તેને માટે હું કે મારી જગ્યા જવાબદાર નથી તેની આથી સર્વ જણે નોંધ લેવી.

મીતી શ્રાવણ વીદ ૧૨ શનીવાર શા. ૨૦૦૩

મેરાઈ વીરા જીવાણીની માતાજી મમીબાઈ ત્રીકમજીની સઇ દઃ મેરાઈ જેરામ પ્રેમજી ધણીના કહેવાથી સઈકરી આપી છે

74

—— સુચના. ——

આ ગેઝેટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨રા અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચ કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવુ.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામા આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

ઝાહેર ખબરનો ભાવ કોરી૧ન ીર ટી ત્થ બીજી વાર તેનું તેજ છપાવેતો તેવી અર્ધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, ઝાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સા. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવેતો સા. ૨૦૦૩ની સાલથી શરૂ થતા ગેઝેટ મોકલવામાં આવતો નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 74] THURSDAY 26th SEPTEMBER 1946 [No 7]

[વ૦ ૭૪] આશુ શુદિ ૨ ગુરૂવાર સંવત ૨૦૦૩ તા. ૨૬ મી સપ્ટેમ્બર સને ૧૯૪૬ [અંક ૭]

હ. ઓ. નાં. ૨૦૩ **ઠરાવ.**

ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબનાં ફરમાનથી રા ઘુવીરસિંહ બી. જાડેજાને કોરી ૩૫૦-૧૫-૫૦૦નાં ગેડમાં કોરી ૩૫૦ ત્રણસો પચાસનાં પગારથી હાલ બે વરસ માટે સરહદ ઇન્સપેક્ટર નીમવામાં આવે છે. તેમને પગાર ઉપરાંત ડેપ્યુટેશન એલાવન્સ કોરી ૫૦ પચાશ તથા પરમેનંટ કનવેન્સ એલૌન્સ કોરી ૧૦૦ એકસો તથા ભથાં એલૌન્સ કોરી ૫૦ પચાશ મલશે.

બે વરસની મુદત પુરી થયે કામગીરીનો રીપોર્ટ શ્રી હજુરમાં રજુ કરવો.

ભાદરવ શુદ ૪ શુકરે શાં. ૨૦૦૩

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

નાં. એફ. ૩૨૬. **નોટીફીકેશન**

હુકમ નં. એફ. ૧૦૧ તા. ૧-૧૨-૪૫ વાળાથી થયેલ હુકમ અનવય યુ. પી ગોળ પ્રજાને છુટથી મુકરર કરેલા ભાવે મળી રહે તે માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.-

૧. કચ્છમાં યુ પી. ગોળ આયાત કરવાનો જેમને પરવાનો આપવામાં આવ્યો છે તેઓ રેજકી ગોળ વેચવાના પરવાના ધરાવનાર વેપારીઓનેજ ફકત ગોળ રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝ તરફથી મુકરર કરવામાં આવે તે ભાવે વેચી શકશે, પણ તેઓ આ રીતે નીચેની કલમ ૪માં જણાવ્યા કરતાં વધારે જથ્થો એકી સાથે કોઇ પણ વેપારીને વેચાણ કરી શકશે નહિં.

૨. અ ભુજ સેંટરેથી ભુજ, ખાવડા અને નખત્રાણા
બ માંડવી સેંટરેથી માંડવી અબડાસા અને લખપત.
ક. મુંદરા સેંટરેથી મુંદરા
ડ તથા અંજાર સેંટરેથી અંજાર ભચાઉ રાપર અને ખડીર તાલુકાના વેપારીઓનેજ ગોળ વેચાણ કરી શકાશે.

૩. આયાત કરનાર વેપારીએ કલમ ૧-૨માં જણાવ્યા પ્રમાણે જેને જેને ગોળ વેચાણ થાય તેનું નામ ગામનું નામ, તાલુકા પરવાના નંબર અને વેચાણ આપેલ જથ્થો -વજન અને નંગમેળ- બંન્નેનું રીતસર પત્રક રાખવું પડશે.

૪. ભુજ માંડવી અંજાર અને મુંદરા આ ચાર શહેરોના પરવાના ધરાવનાર ગોળના રેજકી વેપારીઓ પોતાની પાસે એકી સાથે બે કોથળાથી વધારે ગોળ રાખી શકશે નહિં. અને આ ચાર શહેરો સીવાયના વેપારીઓ એકી સાથે પોતાના પાસે પાચ કોથળાથી વધારે ગોળ રાખી શકશે નહી.

૫. કોઇપણ રેજકી વેપારી જથ્થાબંધ ગોળ વેચી શકશે નહિં એટલે કે કોથળે કોથળો વેચાણ કરી શકશે નહિ આ ઉપરાંત એક રેજકી વેપારી બીજા રેજકી વેપારીને ગોળ વેચાણ કરી શકશે નહિં.

૬. દરેક રેજકી વેપારીએ ગોળનું જે વેચાણ થાય તેનો રોજે રોજનો જુદો હિસાબ સ્પષ્ટ રાખવાનો છે એટલે કે દરરોજ કેટલી કોરીનું ગોળનું વેચાણ થયું તે તારીખવાર સ્પષ્ટ રાખવું પડશે.

૭. દરેક રેજકી વેપારીએ જેને એકી સાથે અડધા મણથી વધારે ગોળનું વેચાણ થાય તેનો નામવાર હિસાબ રાખવો પડશે.

૮. દરેક રેજકી વેપારીએ તેને જે જથ્થાબંધ ભાવે ગોળ વેંચાણ મળે તે પર દર કચ્છી મણે કોરી ૨ એ નફો લઇ ગોળનું છુટક વેંચાણ કરવાનું છે. ચાર શહેર સિવાયના વેપારીઓ, જે સેંટરથી તેમને ગોળ મળે ત્યાંથી પોતાના ગામ સુધીનું ગાડાં ભાડું અને તલોટ જથ્થાબંધ ભાવ પર ચડાવી શકશે. ઘાટીનો સમાવેસ ઉપર જણાવેલ નફામાં થઇ જાય છે.

૯. આ ઉપરાંત હુકમ નાં. એફ. ૧૦૧ તા. ૧-૧૨-૪૫ની કલમ ૬ તથા કલમ ૮માં જણાવેલ નિયમો પ્રમાણે દરેક છુટક વેપારીએ વર્તવાનું છે.

૧૦. આ નોટીફીકેશનની ઉપર જણાવેલ કોઇપણ કલમથી કોઇપણ વેપારી વિરૂધ્ધ વર્તશે અગર કોઇપણ કલમનો કોઇપણ રીતે ભંગ કરશે તો તે હુકમ નાં. એફ. ૧૦૧ તા. ૧-૧૨-૪૫ની ૯ તથા ૧૦માં જણાવ્યા પ્રમાણેની સજાને પાત્ર થશે.

તા. ૩૧-૮-૪૬.

S. K. Nayampalli,
દીવાન.

Notification.

No. 2652 of 1946.

In exercise of the powers conferred by sub-rule (2) of rule 81 of the Defence of India Rules as applied to Kutch, the Kutch Government is pleased to direct that the following amendment shall be made in the Vegetable Oil Products Control Order 1945, namely.-

In Clause 5 and in Clause (C) of sub-clause (1) of clause 7 of the said Order, the word – "recognised" wherever it occurs, shall be omitted.

Dewan's Office,
Bhuj, IIth Sept. 46

S. K. Nayampalli.
Dewan of Kutch.

ઠરાવ.

જયુ. જા. નાં. ૭૪૫૦

ભચાઉ, રાપર અને જખૌ નગરસભા તરફથી નગરસભાના બંધારણ હ. ઓ. નાં. ૨૯૧ તા. ૧૮-૧૦-૪૫ વાળા ઠરાવની કલમ ૧૪ની પેટા કલમ ૩ મુજબ ગીગંધાની- દુકાન વેરાની- લાગત જે રેવીન્યુ ખાતાં હસ્તક તે શહેરોમાં વસુલ થાય છે તે, તે શહેરોની નગરસભાં વસુલ કરે એમ ઠરાવ થઇ અત્રે મંજુરી માટે લખવામાં આવેલ છે. તે તુમારે રેવીન્યુ ખાતાંના નાં. ૫૭૨૪ તા. ૯-૮-૪૬થી લખાઇ આવેલ છે કે ભુજ, માંડવી, મુંદરા અને અંજાર નગરસભાઓની સ્થાપના થઇ તે વખતે તેમણે ગીગંધાની ઉપજ લેવાનું ઠર્યું છે. ઠરાવ નાં. ૨૯૧ની કલમ ૧૪ની પેટાં કલમ ૩માં ઘર વેરો અને દુકાન વેરો નગરસભાએ લેવા ઠર્યું છે. ગીગંધાએ દુકાન ઉપરનો એક જાતનો કર છે વિગેરે... એ હકીકતે ભચાઉ, રાપર અને જખૌ નગરસભાઓને તે તે શહેરોમાં ગીગંધાની લાગત વસુલ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

મિતી- ભાદરવા વદ ૩ શુક્રવાર શાં. ૨૦૦૩.

તા. ૧૩-૯-૪૬.

S. K. Nayampalli,
દિવાન – કચ્છ.

રે. જા. નાં ૭૩૬૮

યાદી.

દરબારી નોકરો હુકમી વગર પૈસે લોકો પાસેથી ગાડાં ચરો ચાર પોતાના ઉપયોગ સારૂ લેશે, તો તેને સખ્ત નસીયત કરવા નાં. ૭ શ્રાવણ શુદ ૫ બુધે શાં. ૧૯૮૬ વાલાથી હુકમ થયેલ છે, છતાં તે પ્રમાણે કેટલીક જગોએ અમલ થતો ન હોવાનું જાહેર થાય છે, માટે હવે જો દરબારી નોકરોએ પોતાનાં ઉપયોગ સારૂં ચરોચાર. ગાડાં મજુરી વગેરે કરાવી પૈસા ન આપ્યાની કોઇનાં તરફથી ફરીયાદ થતાં સાબીત થશે તો તેને સખ્ત નસીયત કરવામાં આવશે.

મીતી ભાદરવા વીદ ૪ શનીવાર શાં ૨૦૦૩.

તા: ૧૪-૯-૪૬.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

77

એક્ષ. જા નં. ૧૦૬૯ **જાહેરાત.**

૧. કચ્છમાંથી કપાસ પરદેશ ચડાવવા સબંધમાં શ્રી દરબાર તરફથી ચલાવવામાં આવેલ પત્ર વ્યવહારનાં પરિણામે તા: ૧ જુન ૧૯૪૬થી તા: ૩૧મે ૧૯૪૭ સુધીમાં કપાસની ૧૦,૦૦૦ દશ હજાર ગાંસડી કચ્છમાંથી બ્રિટીસ હિંદમાં વગર જકાતે આયાત કરવા દેવાની એજન્સી તરફથી પરવાનગી આપવામાં આવેલ છે.

૨. સબબ જે લોકો કપાસ નિકાસ કરવા માંગતા હોય તેઓએ નીચે પ્રમાણે વીગતવાર અરજી મે. રા. રા. દિવાન સાહેબ તરફ મોકલવી.

૧. અરજદારનું નામ, ગામ, ઠેકાણું.

૨. જે શક્ષને મોકલવાની હોય તે શક્ષનું નામ, ગામ, ઠેકાણું.

૩. કપાસની જેટલી ગાંસડી નિકાસ કરવાની હોય તેટલી ગાંસડીની સંખ્યા તથા વજન રતલમાં.

૪. કચ્છનાં જે બંદરેથી નિકાસ કરવા માંગતા હોય તેનું નામ.

૫. બ્રિટીશ હિંદમાં જે બંદરે મોકલવા માંગતા હોય તેનું નામ.

ઉપર પ્રમાણેની અરજી સાથે અરજદારે નિકાસ કરવાનાં જથાની કિંમતનાં સો ટકા રૂપીયા મે. રા. રા. દિવાન સાહેબનાં ગ્રેન પરચેઝ ખાતામાં જમાં કરાવવાનાં રહેશે. જે બદલ અરજદારને કોરી આપવામાં આવશે, તે પ્રમાંણે જમા થયેથી નિકાસ પરમીટ માટે એજન્સીમાં લખવામાં આવશે અને ત્યાંથી પરમીટ આવેથી અરજદારને ખબર આપવામાં આવશે

૩. નિકાસ કરવાનાં જથાની કિંમતના રૂપીયા પરમીટ મેળવ્યા બાદ ભરવા, કોઇની ઇચ્છા થશે તો પરમીટની તારીખથી બે માસની મુદત દરમ્યાન ભરી આપવાની સગવડ જામીનની શરતે અથવા યોગ્ય કેસોમાં અંગત જવાબદારી પર આપી શકાશે.

૪. જો કોઇ શક્ષ તાલુકા ટ્રેઝરી પર રૂપીયા ભરી કોરી મેળવવા ઇચ્છતો હશે તો તેવી સગવડ આપવામાં આવશે.

૫. અરજદાર તરફથી પરમીટ પ્રમાણેનો જથ્થો નિકાસ કરવામાં આવે નહીં અથવા કોઇપણ કારણસર એજન્સીમાંથી પરમીટ મલે નહીં તેવા પ્રસંગે મે. રા. રા. દિવાન સાહેબનાં ગ્રેન પરચેઝ ખાતામાં જમા કરાવવામાં આવેલ રૂપીયાની રકમ પાછી મેળવવાં અરજદારને હક રહેશે નહીં.

૬. નિકાંસ પરમીટ મલ્યા બાદ ત્રણ માસની અંદર પરંતુ તા: ૨૦મી મે ૧૯૪૭ પહેલાં પરમીટમાં જણાવેલ જથ્થો નિકાશ કરવામાં નહીં આવે તો તે શક્ષની તેટલા પુરતી પરમીટ રદ કરી બીજા અરજદારને પરમીટ અપાવવા સબંધમાં તજવીજ કરવામાં આવશે.

૭. પરમીટમાં જણાવેલ જથ્થો અથવા તેનો તેનો કંઇ ભાગ નિકાસ થાય ત્યારે તે બાબતનાં વિગતવાર ખબર રા. કસ્ટમ દરોગાએ રા. રા. એક્ષચેન્જ કંન્ટ્રોલર તરફ તાત્કાલીક મોકલાવવા

મીતી: ભાદરવા વીદ ૬ સોમવાર શાં. ૨૦૦૩.

તા: ૧૬-૯-૪૬.

S. K. Nayampalli,
દિવાન.-કચ્છ.

ઠરાવ.

ડી. સી. એસ. નાં ૨૮૮૪

ડી. સી. એસ. નાં. ૧૮૦૨ તા ૨૭-૫-૪૬ વાળા ઠરાવથી ધી. અંજાર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સના બનાવેલ સુતરના ભાવ નક્કી કરવામાં આવેલ તેમાં ફેરફાર કરી વેચાણ ભાવ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

૧. નં. ૪..... રૂ. ૮-૨-૦ એકસ મીલ.

૨. ,, ૬૦..... રૂ. ૮-૮-૦ ,,

૩. ,, ૮..... રૂ. ૮-૧૪-૦ એકસ મીલ

ઉપરના સુતરનો રીટેલ ભાવ નીચે પ્રમાણે રહેશે

૧. નાં. ૪..... રૂ. ૬-૫-૬

૨. ,, ૬॥..... રૂ. ૮-૧૧-૬

૩. ,, ૮..... રૂ ૯-૧-૬

આ ભાવ માસ એગષ્ટના ઉત્પાદનને લાગુ છે. અને બીજો હુકમ થતાં સુધી ચાલુ રહેશે.

સદરહુ નક્કી કરેલ ભાવ કરતાં વધારે ભાવ લેવામાં આવશે તો તેવુ કૃત્ય ગુન્હાહીત ગણાશે અને તેવા ગુન્હેગાર વિરૂધ્ધ ધી કચ્છ સ્ટેટ કોટન કલોથ એન્ડ યાર્ન (કન્ટ્રોલ) ઓર્ડર ૧૯૪૬ મુજબ પગલાં લેવામાં આવશે.

તા. ૧૭-૯-૪૬. S. K. Nayampalli.
દીવાન.

નોટીફીકેશન.

નાં. એફ. ૩૪૦

હાલે તેલના ભાવમાં અચાનક ઉછાળો આવેલો હોવાથી તે બાબતનું નિયમન કરવાની જરૂર હોવાથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે-

૧. તેલના ઉત્પાદન તથા તેના છુટક અને જથ્થાબંધ વેંચાણ તથા તેની વ્હેચણી તેમજ તેનાં નિયમન અંગે રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝ તરફથી જે જે હુકમો કે નીયમો કે સુચનાઓ કરવામાં આવે તે અનુસાર તેલનું ઉત્પાદન કરનારાઓ તથા તેનું છુટક કે જથ્થાબંધ વેચાણ કરનારાઓએ વર્તવાનું રહેશે.

૨. રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝ તરફથી તેલના છુટક કે જથ્થાબંધ વેંચાણના જે ભાવ મુકરર કરવામાં આવે તે ભાવે તેલનું છુટક કે જથ્થાબંધ વેચાણ કરી શકાશે, આ પ્રમાણે મુકરર કરેલા ભાવથી વધુ લઇ શકાશે નહિં.

૩. તેલના વેંચાણ બાબત રા રા. ડાયરેકટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝ તરફથી જે સુચનાઓ આપવામાં આવે અગરતો જે જથ્થો મુકરર કરવામાં આવે તે અનુસાર વેંચાણ થઇ શકશે.

૪. તેલના ઉત્પાદન અને વેંચાણ વગેરે બાબત જે જે માહિતિ મંગાવવામાં આવે તે તે માહિતિ રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝને નિયમસર મોકલવી પડશે. તથા તેમના તરફથી આ બાબતમાં જે રીતે હિસાબ રાખવાનું ઠરાવવામાં આવે તે રીતે હિસાબ રાખવો પડશે.

૫. આ નોટીફીકેશનના કોઇપણ કલમનો અગરતો આ નોટીફીકેશન અંગે રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝ તરફથી વખતો વખત જે હુકમો, નિયમો કે સુચનાઓ કરવામાં આવે તેનો ભંગ કરનાર કોરી ૫૦૦૦ પાંચ હજાર સુધીના દંડને પાત્ર થશે.

૬. આ નોટીફીકેશનનો સંપુર્ણ રીતે અમલ કરવાના સર્વ અધિકાર તથા તેનો ભંગ કરનારને સજા કરવાનો અધિકાર રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝને આપવામાં આવે છે તેમના હુકમ ઉપર એક માસની અંદર મે. રા રા. દિવાનજી સાહેબ સમક્ષ અપીલ થઇ શકશે.

તા. ૧૮-૯-૪૬. S. K. Nayampalli,
દિવાન.

ઠરાવ.

હ. ઓ. નાં. ૨૧૮

નોટીફીકેશન નાં. ૧૩૬૬ તા: ૯-૧૦-૪૩ વાળાથી અમલમાં આવેલ કચ્છ કમ્પનીઝ એકટ શાં. ૨૦૦૦, વાળાના અનુસંધાનમાં રજીસ્ટ્રાર ઓફ કમ્પનીઝ તરીકે રા. રા. કુલીનચંન્દ હિંમતભાઇ દેશાઇને નીમવામાં આવે છે. તેમણે પોતાની બીજી કામગીરી સાથે આ કામ કરવાનુ છે.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાઓશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

ભાદરવા વદ ૯ ગુરવાર શાં. ૨૦૦૩

જ્યુડીશીયલ બ્રેન્ચ, S. K. Nayampalli,
દીવાન ઓફીસ. દિવાન કચ્છ.

હ. ઓ નાં. ૨૨૩. **નોટીફીકેશન.**

ખુદાવીંદ નામદાર મહારાઓશ્રીના ફરમાનથી કચ્છમાં શ્રી રાજ્યના તથા સાર્વજનીક કામ સારૂં જમીન લેવા બાબતનો કાયદો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ કાયદો ચાલતા સાલના કારતક સુદ ૩ થી અમલમાં

આવશે. આ કાયદાનુ પુસ્તક રા. તાલુકા ન્યાયાધીશની કચેરીમાંથી કોરી ૩ ત્રણની કિમતે મળી શકશે.
મીતી–આસો સુદ ૧ ગુરૂવાર શા. ૨૦૦૩.

તા: ૨૬–૯–૪૬.

S. K Nayampalli,
દિવાન–કચ્છ.

જાહેર ખબર.

પો. અં. જા. નાં. ૪૧૪

એજન્સી બરોડા તરફથી નાં આર એચ ૩-૧ તા ૩–૯–૪૬ વાળો એકરપ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે હિંદથી બહાર જનારા સામે જે દેશો એ પ્રતિબંધ મુક્યો છે તેનું ૫–૮–૪૬ સુધીનું પત્રક જાણ માટે અત્રે આવેલ છે આ પત્રક અહિંની જાહેર ખબર નાં. ૩૯૨ તા ૫-૯-૪૬ વાળાથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તે મુજબનુંજ છે.

ઉપર પ્રમાણેના ખબર સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા ૧૩-૯-૪૬

K. V. Bhatt.
ડેપ્યુટી સેક્રેટરી

જાહેર ખબર

વ જા. દી. જા. નાં. ૨૪૫૪ શાં. ૨૦૦૩

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે નામદાર શ્રી જાડેજા કોર્ટમાં કમીટ આવતાં જે કામોનો મુદામાલ કોર્ટમાં આવેલો છે તે કામો પૈકી જે જે કામોનો નિકાલ છેવટની કોર્ટ તરફથી હાલ લગીમાં થઇ ગએલ છે તે તે કામોનો મુદામાલ જેને જેને આપવા ઠર્યું હોય તેમણે તે તે મુદામાલ આ જાહેર ખબર પ્રસિધ્ધ થયાની તારીખથી એક માશની અંદર આ કોર્ટમાં હાજર થઇ લઇ જવો. મુદત દરમ્યાન જે શખ્સ મુદામાલ લેવા નહીં આવે તો પાછળથી તેનુ તે બાબતમાં કાંઇ નહીં સાંભળાતાં સદરહુ મુદામાલ રીતશર જાહેર ચડાખડીથી વેચાણ કરી ઉપજેલા પૈસા શ્રી દરબાર દાખલ કરવામા આવશે.

ભાદરવા સુદ ૧૫ ભોમે શાં. ૨૦૦૩

શ્રી જાડેજા કોર્ટ
તા. ૧૦–૯–૧૯૪૬

J. H. Shukla,
પ્રેસીડેન્ટ જાડેજા કોર્ટ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજ સાહેબ સવાઇ બહાદુર જી આ ઇ
ડીસ્ટીટ્રિ શ્રી જાડેજા કોર્ટ

અંજાર—કોર્ટના ફેસલા ઉપર

દિફે—અપીલ નંબર ૧-૧૩ સંવત ૨-૦૦-૨

સમન નંબર ૧૦-૫૮

ગુરજી માણેકચંદજી દેવચંદજી
ગુજરનારના વારશો તેના મેતા
કાનજી માણેકચંદજી અંજાર } મુળ અપીલ કરનાર

ઠાકર પરસોતમ ખીમજી
વી. હાલ મુબઇ } મુળ જવાબ દેનાર

વાંધો

કામોના કબજા બાબત

જવાબ દેનાર હાલે મુબઇનાઇ કર પરસોતમ ખીમજી જોગ્યા જત આ અપીલીન્ટે આકોર્ટમાં અપીલ કરીછે, વાસ્તે ફરમાવવામાં આવેછે કે તે અપીલની ચોકસી સં. તમને ૨-૦૦-૩ના કારતક સુદ ૬ બુધવારને રોજે થશે તેરોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાતનામા સહીત સવારના ૧-૧ કલાક વાગ્યાથી આકોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહીં રહોતો અપીલનો એક તરફો ફેસલો કરવામાં અવશે. મિતી ભા. વદ ૪ વાર શનિ સંવત ૨- ૦-૩

જયશુખલાલ દુર્લભદાસ,
મે. ડી. ડી. જજ સા. ના હુકમા

જાહેર ખબર.

જુ. અ. જા. નાં ૪૩૮૫

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે નામદાર શ્રી ભુજ અદાલતમાં કમીટ આવતા જે કામોને મુદા માલ તેમજ બીન વારસુ અને લીધેલ માલ કોર્ટમાં આવેલો છે તે તે માલ પૈકી જે જે કામોનો નિકાલ હાલ લગીમાં છેવટની કોર્ટ તરફથી થઇ ગયો છે તે તે કામોનો મુદા માલ જેને જેને આપવા ઠર્યું હોય તેમણે તે તે મુદા માલ તેમજ બીન વારસુ અને લીધેલ માલ જે જે શખ્સનો હોય તેમણે આ જાહેર ખબર પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની અંદર આ કોર્ટમાં હાજર થઇ લઇ જવો મુદત દરમ્યાન જે શખ્સ સદરહુ માલ લેવા નહી આવે તો પાછળથી તેનુ તે બાબતમાં કાંઇ નહી સાંભળતાં સદરહુ માલનું રીતસર લીલામ કરી ઉપજેલા પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

શ્રી ભુજ અદાલત ભુજ
ભાદરવાસુદ ૧૫ ભોમે
શાં. ૨૦૦૩

N. D. Mehta,
ભુજ ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભુજ કોર્ટથી

નોટીશ

દી. તા. કે નં. સંવત ૨૦૦૨

મી બોજા ખોડા મોટા રેહા વાદી
ખોજા માગદ મોલેદના માધાપર પ્રતિવાદી

બજાવણી દાવો—રૂા. ૧ ૪લાગા
મળવા તથા કોરી કરડા મળવા.

ખોજા મામદ મોલેદના રહેવાશી હાલે મુંબઇ ને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ છે તેનો ખુલાસો નંબર વાળો સંવત ૨૦૦૧ના કારતક સુદ ૯ બુધેના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રતિવાદી રૂા. ૯૮૪॥ ન નવશો સાડી ચોર્યાસી સવા આનો શાં ૨૦૦૦ના આસુ સુદ ૧૯ થી વસુલ થતાં સુધી ટકા ૦॥ લેખે ચડતે વ્યાજે આપે તથા આનવાને મુકદમા ખર્ચ આપે તે ન આપે તો વાદી માંડેલ મીલ્કત વેંચાણ કરાવી વસુલ કરે

તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી રોજ ૩૦ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

સવત ૨૦૦૩ના ભાદરવા સુદ ૧૦ વારસુકરે મુ. ભુજ.

N. D. Mehta,
ભુજ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભુજ અદાલત

ખા. દી દાવાનો નંબર ૧૬ સંવત ૨૦૦૨

એ નણ ભચુ જાફર ભારાપર વાદી
રાઠોડ સીધીક અલારખ્યા એજ પ્રતિવાદી

દાવો લેણાં બાબત

નીચે લખ્યા ગામના રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે વાદી ભારાપરના મેમણ ભચુ જાફરએ તમારા ઉપર લેણાં બાબતનો દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના માસ આશુ સુદ ૧૫ ગુરૂવારને રોજ સવારના ૧૧॥ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓતો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

રાઠોડ ઇબ્રામ નુરમામદ શેડાત હાલે પુના
રાઠોડ અબ્દલા અલારખ્યા શેડાત હાલે કરાંચી

મિતી ભાદરવા સુદ ૧૩ સોમવાર સંવત ૨૦૦૩.

S. R. Vaidya,
એડી. ભુજ ન્યાયાધીશ.

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવેછેકે માંડવીના ભા.ઠા. પ્રાગજી મારજીના વકીલ કરનાર મથરાંદાસ પ્રાગજીની ફરીયાદ માંડવી હાલે મુંબઈના લુ. ઠા. ખેગાર હીરજીપર ચડત ભાડું તથા જગ્યાનો કબજો મળવાના પ્રકરણે જગ્યામાંથી નીકળેલ માલ રીતસર દાવો થઇ લેણા પટે વાદીએ વસુલ કરેલ બાકી વધારાનો માલ વાદી પાસે રહેલ છે તે માલ સંબંધમાં અરજદાર માંડવીના ભા ઠા. પ્રાગજી મારજીના વકીલ કરનાર મથરાંદાસ પ્રાગજી એ માલ સંભાળી ન શકયા વીગેરે જણાવતાં જાહેર કરવામાં આવે છે કે પ્રતિવાદીનો જે વારસવારસ હોય તેણે આનોટીસ શ્રી કચ્છ રાજય પત્રમાં પસીધ્ધ થયાની તારીખ થી એકમાસની અંદર હાજર થઇ માલ લઇ જવો નહિતર મુદત વીતે સદરહુ બાકી રહેલ માલ રીતશર શ્રી દરબારવામાં આવશે.

ભાદરવા વદ ૧ ગુરૂવાર શા ૨૦૦૩

Kirtikishor A. Mehta,
માંડવી ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.

શ્રી મુંદ્રા ખા. દીવાની અદાલત. નાં ૮૬૨

ખા. દી દાવાનો નંબર ૭૩ સંવત ૨૦૦૩

શા. ભોજરાજ જેઠા શાહાણી વાદી
વેદાંત વેલજી મેગજી શાહાણી હાલે કરાંચી પ્રતિવાદી

લખતનો અમલ થવા બાબત દાવો.

વેદાંત વેલજી મેગજી રહેનાર શાહાણીનાં તે હાલે કરાંચીના ને માલમ થાયજે વાદીએ આ કોર્ટમાં તમારા ઉપર લખી આપેલ લખત મુજબ અમલ થવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સવત ૨૦૦૩ના આશો વીદ ૧૨ શેમવારને રોજ બપોરનાં ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને

વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી ભાદરવા સુદ ૧૫ વાર બુધે શાં. ૨૦૦૩

Narottam D Mehta,
મુંદ્રા ન્યાયાધીશ.

81

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.
ખા. તા. કા. ના ૩૬૫ ૨૦૦૨

મોરબીયા બેગાર દામજી વીગેરે રાપર વાદી
ઠકર કરશન કાનજીની વીધવા
મોઘીબાઇ વીગેરે રાપર } પ્રતિવાદી

દાવો લેણા બાબત

તબોરીઆના ઠકકર મુરજી પ્રેમજીને માલમ થાય જે આ વાદીઓએ તમારા વીગેરે ઉપર લેણા બાબત દાવો કરેલ તે ઠરાવ અનવય કોરી ૧૪૩૩ની તામીલ કરાવવા વાદીઓ દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી વાદીઓની તામીલ રોજ ૧૫ની અંદર પુરી કરી પોચ રજુ કરજો નહીતર મુદત વીતે કાયદેશર થવાનું.

મીતી ભાદરવા સુદ ૧૪ મેમે ૨૦૦૩

મુલચંદ ઊકા મહેતા
મે. જો. રાપર ન્યાયાધીશના હુ. થી

મહારાજાધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નામદાર શ્રી રાપર દિવાની કોર્ટ
ખા. તા કા. નાં. ૩૭૭ ૨૦૦૨

મોરબીયા બેગાર દામજી વીગેરે રાપર વાદી
ઠકર કરશન કાનજીની વીધવા મોઘી વીગેરે રાપર પ્રતિવાદી

દાવો લેણા બાબત

તબોરીઆના ઠકર મુરજી પ્રેમજીને માલમ થાય જે આ વાદીઓએ તમારા વીગેર ઉપર લેણા બાબત દાવો કરેલ તે ઠરાવ અનવય કોરી ૧૨૩૦ની તામીલ કરાવવા વાદીઓ દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી વાદીઓની તામીલ રોજ ૧૫ની અંદર પુરી કરી પોચ રજુ કરજો નહીતર મુદત વીતે કાયદેશર થવાનું

મીતી ભાદરવા સુદ ૧૪ સોમવાર સં. ૨૦૦૩

મુલચંદ ઊકા મહેતા
મે. જો. રાપર ન્યાયાધીશના હુ થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી રાપર દીવાની કોર્ટ
ખાદી. તા. કામ નાં. ૩૭૮ ૨૦૦૨

મોરલીઆ બેંગાર દામજી વી. રાપર વાદી
સા કાનજી ભાગ વી. મુંબઇ બંદર પ્રતીવાદી

કોરી ૭૨૩ ૧૩ મલવા દાવો

મુંબઇ બંદરના શા કરમસી ભારાને માલમ થાય જે આ વાદીએ તમારા પર જેઠ વીદ ૨ ગુરૂવાર ૨૦૦૧ વાલા ઠરાવ અન્વય કોરી ૭૨૩ ૧૩ની તામીલ થવા દરખાસ્ત કરી છે માટે આ નોટીશ કરજ ગેઝેટમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર વાદીના લેણાની તામીલ કરી પોચ રજુ કરજો નહીતર કાયદેશર થસે.

ભાદરવા વીદ ૨ ગુરૂવાર ૨૦૦૩

મુલચંદ ઊકા મહેતા
મે. જો. રાપર ન્યાયાધીશના હુ. થી

નાં. ૩૪૫૫ જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ભુજના દરજી રામજી થાવરે ભુજના દરજી પરસોતમ લખમશી પાસેથી કોરી ૨૦૩૦)૧૩ બે હજાર ત્રીસ ને છુટા દોઢ માં જીગ્યા ૧ સુજીઓના દેરા ફલીયામાં છે તે અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જીગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માશની અંદર કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યાબાદ કોઇનું કંઇ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

ભાદરવા સુદ ૧૨ શની શાં ૨૦૦૨

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

નાં. ૩૪૭૫ જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે માધાપર ના કાં મનજી અરજણે લાંના કાં મેપાણી સીવજી રામજી પાસેથી જીગ્યા ૧ ભુજ મધ્યે લક્ષ્મીનારાણનાં મંદીર નજીક વોકળા ફલીયામાં છે તે કોરી ૮૫૦) પચ્યાશી સોમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જીગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માશ ની અંદર આહિંની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીત્યાબાદ કોઇનું કંઇ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

ભાદરવા સુદ ૧૫ ભોમે શાં ૨૦૦૩

P. K. Bava,
for ભુજ વહીવટદાર.

નાં. ૩૪૭૬ જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ભુજના પુરૂકરણા જોશી રામદાશ દામોદરે સૈયદ રકનશા નશીરઆમદની દીકરી અમાંબીબી ઉર્ફે શાડાબીબી રકનશા પાસેથી કોરી ૩૦૦) ત્રણસોમાં જીગ્યા ૧ જે હાલે વંડી તરીકે છે તે ભુજ મધ્યે સુમરાવાળી મોટી ડેલાને સામે ડેલી છે તેમાં છે તે અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જીગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીસો હોય તેમણે ૧ માસની અંદર આહિની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યાબાદ કોઇનું કંઇ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

ભાદરવા સુદ ૧૫ ભોમે શાં ૨૦૦૩

P K. Bava
for ભુજ વહીવટદાર.

જાહેર ખબર.

હ. જા. નાં. ૨૨૯૮

માંડવી વહીવટદાર કચેરી તરફથી

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે

કે મુંબઇની શ્રી મતી આર્ય પ્રતિનીધી સભાના ઉપદેશક કવી મહારાણીશંકર અંબાશંકર શરમાને માંડવીના ભાટીયા ઠા. લખમીદાસ નેણસીની વિધવા લક્ષમીબાઇ ઉર્ફે ગોલાબાઇએ શ ૧૯૬૮ના ખતથીમાંડવી માં નથુજી મહારાજ વાળી શેરીમાં જગ્યા એકવટાતર ખત થી આવેલછે. આ જગ્યાનો છાપો કરી આપવા અરજ થતાં તે સંબંધમાં કોઇનો કાંઇપણ હિત સંબંધ હોય તેણે આ જાહેર ખબર છપાયાથી એક માશની અંદર આંહી જાહેર કરવું નહીતો મુદત વીતે છાપો કરી આપવા સંબંધમાં યોગ્ય થશે.

ભાદરવા વદ ૨ બુધવાર શા ૨૦૦૩

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર

જાહેર ખબર.

હ. જા. નાં. ૨૨૯૯

માંડવી વહીવટદાર કચેરી તરફથી.

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના શા કાનજી ગેલાભાઇએ માંડવીના શા કુશળચંદ ફતેચંદ પાસેથી શા ૧૯૫૭ની શાલના દસ્તાવેજથી શેઠીયાવાળી શેરીમાં જગ્યા અઘાટ કોરી ૬૦૦૧ માં રાખેલ છે જગ્યાનો છાપો કરી આપવા માટે અરજ થયેલ છે માટે આ જગ્યા સંબંધમાં કોઇનો કાંઇપણ જાતનો હક સંબંધ રહેતો હોય તેણે આ જાહેર ખબર છપાયાથી એક માસની અંદર આંહી આવી જાહેર કરવું નહીતર મુદત વીતે છાપો કરી આપવા સંબંધમાં ઘટતું કરવામાં આવશે

ભાદરવા વદ ૨ બુધવાર શાં ૨૦૦૩

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર

મહારાજા ધિરાજ મિરજા મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.

રા. મુંદ્રા વેવટદાર તરફથી

નાં. ૨૩૧૩ જાહેર ખબર.

શર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદ્રા ના ભાટીઆ ઠા. પ્રાગજી નેણસીએ મુંદરાના ભાટીઆ ઠા. રતનસી જીવણદાસ વીગેરેના મતાથી જગ્યા ૧ ડેલીબંધ કોરી ૨૯૭૫૦) ઓગણત્રીસ હજાર સાતસો પચાસમાં મુંદરા શહેર મધ્યે દખણાદા ભાગમાં ચકલા રોડ ઉપર કાંઠાવાલા નાકા પર જતો રસ્તો તેની ઉગમણી લેનમાં આવેલી છે જે નીચે લખી ચતુર દીશા વાલી જગ્યા શાં ૨૦૦૨ના ચૈત્ર સુદ ૬પની મીતિના દસ્તાવેજથી અઘાટ વેંચાણ રાખતાં તે દસ્તાવેજ ન્યાય ખાતેથી રજીષ્ટર થઇ છાપો થવા માટે આ ખાતે આવેલ છે માટે શદરહુ જગ્યામાં જેનો કાંઇપણ હક હીશો હોય તેણે આ જાહેરનામું પ્રસીદ્ધ થયાની તારીખથી તે એક માસની અંદર હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે કોઇની પણ કાંઇ તકરાર શાંભડયા સીવાય સદરહુ જગ્યાનો છાપો કરી આપવા ઘટીત કરવામાં આવશે.

ચતુર દીશા

૧ ઉતરાદી તરફ ઠા. ઠાકરસી વેલજી વાલી જગ્યા શા દેવજી કરમસી પાસે વેચાણ છે તે છે

૧ દક્ષણાદી બાજું ઠા. લધા દામજી વાલી જગ્યા હાલે જે શ્રીવણીક વીશા શ્રીમાળીની નાત પાસે વહેચાણ છે તે છે

૧ ઉગમણી બાજું રાજ્ય મારગની શેરી છે

૧ આથમણી બાજુ કાંઠાવાલા નાકા તરફ જતો રાજ્ય મારગ છે

એ રીતે

ભાદરવા સુદ ૧૪ શનીવાર શાં ૨૦૦૩

Harilal Somji,
મુંદ્રા વેવટદાર.

જાહેર ખબર હ. જા. નાં. ૨૧૬૯

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના લોહાણા ઠકર જીવરાજ સુંદરજીએ શાં. ૨૦૦૩ના અશાડ વીદ ૧૩ના દસ્તાવેજથી અંજારનાં તે હાલે ભુજના રહેનાર મુસલમાન મલેક કાદર સેખત પાસેથી શહેર અંજાર મધ્યે જગ્યા ૧ રતનપુરા લત્તામાં આવેલ ઉગમણા બારવાલી કોરી ૨૫૦૦) બે હજાર પાંચસોમાં આરે આંકે અઘાટ હમીરાવાર વેંચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે વાસ્તે સદરહુ સ્થાવર મિલકત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક કે હીસો હોયતો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ થયાની તારીખથી માશ ૧ એકની અંદર આહીંની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીંતર મુદત વીતે છાપો થવા વીષે ઘટીત કરવામાં આવશે.

ભાદરવા સુદ ૧ ભોમે શાં. ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોકલદાસ,
અંજાર વહીવટદાર.

જાહેર ખબર હ. જા. નાં. ૨૧૬૯

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના વાણીયા દોસી સાકરચંદ નાનચંદે શાં. ૨૦૦૩ના શ્રાવણ વીદ ૨ના દસ્તાવેજથી અંજારના કંસારા દયારામ દેવસી પાસેથી શહેર અંજાર મધ્યે જગ્યા ૧ માલા શેરીમાં જખના થડાને આથમણી શેરી જાય છે તેમાં ઉગમણે બારવાલી કોરી ૧૦૫૦૦) દસ હજાર પાંચસોમાં અઘાટ હમીરાવાર વેંચાણ રાખતાં તેનો છાપો થવા દસ્તાવેજ અત્રે રજુ થયેલ છે વાસ્તે સદરહુ સ્થાવર મિલકત ઉપર કોઇનું કોઇ જાતનું લેણું લેખું અગર હક હીસો હોયતો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી માશ ૧ એકની અંદર આહીંની કચેરી એ

હાજર થઇ જાહેર કરવું નહીંતર મુદત વીતે છાપો થયા પાછે ઘટીત કરવામાં આવશે.

ભાદરવા સુદ ૨ બુધે શાં. ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોકલદાસ,
અંજાર વહીવટદાર.

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બહાલી અગર તો મંજુરી મળે છે એવું સમજાતી.

ખાનગી જાહેર ખબર

લી. હું નીચે સહી કરનાર ટુન્ડાના ઠાઃ દયાળ શામજી આથી લાગતા વળગતા સર્વેને જાણ કરું છું કે મુજરનાર મારા ભાઈ દામજી તથા વશ્રામ ધારશીનો એકલો વારસદાર છું અને મિલકત ધરાવું છું

મુંદ્રા તાલુકે ટુન્ડા મધે નીચે મુજબ ઠાય છે

૧ જગ્યા ૧ જેમાં હું રહું છું તે ઠાકર મંદીરને દખણાદે છે.

૨ કબુતરખાનું જેમાં નીચે બે ડેલા છે

૩ હાટ ૧ કબુતર ખાનાંની જોડમાં છે તે

હું હાલ મુંબઇ રહું છું અને આ ત્રણે ઠામના દસ્તાવેજો મારા કબજામાં હતા તે તાઃ ૧૪ મી માર્ચ ૧૯૪૪ની ધડાકાવાળી હોનારતમાં બળી ગયા છે અગર ગેરવલે ગયા છે. માટે તે કોઇને હાથ આવે તેણે તેનો ગેર ઉપયોગ નકરતાં મને સોંપવા વિનંતી છે. અને તેની રૂએ જેઇ કંઇપણ વ્યવસ્થાકરશે તેનું બન્ધન મને થશે નહી.

મીતિ શાં ૨૦૦૩ના ભાદરવા સુદ ૪ ગુરૂવાર

ઠા દયાળ શામજીની સઇ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું મજલના ગુસાંઇ ગોવિંદગર હીરાગર જાહેર જનતાને આથી જાણ કરું છું કે મારા બે દીકરાના નામે ગુળગર તથા પરસોતમગર છે અમો ત્રણેની ઇચ્છાથી અમારી તમામ સ્થાવર જંગમ મીલકત તથા ઉગરાણીની વેચણ થઇ તેનો શાં ૨૦૦૦ના આસો સુદ ૧૩ સોમવારની મીતીનો કાળો રીતસર રજીસ્ટર થયેલ છે તેનો અમલ પણ થયેલ છે મારા લીકરસોને ભાગેજ સ્થાવર મીલકત દરેકને આવેલ છે તે ઉપર તેઓ કરજ કે બીજાનો કંઇ હક કે બોજો ઉત્પન કરી સકે નહી અગાટ વટાંતર વેચી સકે નહી જો કોઇ ભાઇને જરૂર પડે તો પણ બીજા ભાઇ પાસેથી લઈ સકે તેમાંસ્પરટ સરતછે પરંતુ મારો છોકરો પરસોતમગર અનીતીને માર્ગે પૈસા વેડફે છે તેમ તેની રીતભાત પણ સારી નથી તેથી તેની ઘરવાલીને પણ મારી સાથે રાખવી પડી છે તેના ભરણ પોષણનો બોજો પણ પરસોતમગરના ભાગની મીલકત સર છે તેની તેની સ્થીતિમા તેનાથી કોઈએ કંઈ મીલકત સર કે અંગાઉ લેવદેવનો વ્યવહાર કરવો નહીં છતાં કોઇ કરસે તો ઉપર મુજબની તેની સ્થીતિ સંયોગો તથા કારણો માટેની જવાબદારી કંઈ મીલકતરહેસે નહીં ભાદરવા સુદ ૧૨ રવીવાર

શાં ૨૦૦૩ તા૮-૯-૪૬

ગુસાઇ શાઇ ગોવીંદગર રારાગરની સઇ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

લી હું નીચે સઇ કરનાર મુંદરાના તે હાલ મુંબઈના ઝવેરી પદમસી પ્રેમજીના પાવરદાર મુંદરાના સુખીઆ જસરાજ સાકરચંદ જત આથી સર્વ લાગતા વળગતા તથા જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે મેં ઝવેરી પદમસી પ્રેમજી માટે મુંદરાના સગવી દામજી રાજપારની માતાજી દેવકુરબાઈ નાગજી તે શા રાજપાર ત્રી કમજીની વીધવા તથા શા. દામજી રાજપારની વીધવા પ્રેમુબાઇ ખોડીદાસ પાસેથી તેની અમાટ જગ્યા જે મુંદરા મધે ઢીલાવારી શેરીમાં આવેલ ઓરડો ઓસરી રાંધડીઉં તથા આંગણાસહીત ૯૯ નવાણું વર્ષની બંધીએ તમામ જાતની ખરાજાત કરવાની છુટ શરતે વટાંત્ર વેચાણ લીધેલ છે અને તેનું સઈ સાટું મજકુર બાઇઓ સાથે મેં કરેલ છે જેથી સદરહુ જગ્યામાં કોઈનો કાંઇપણ હક હીસ્સો ઈલાખો દઝમેન્ટ લેણું લેખુ કે લીયન કે ભરણ પોષણનો બોજો કે બીજો કાંઇ બોજો હોય અગર કોઇનો કાંઇપણ સબંધ હોવતો તેમણે આ જાહેર ખબર પ્રસિધ્ધ થએથી ૧૫ પંદર રોજ સુધીમાં અમારી પાસે જાહેર કરી ખાત્રી કરાવી જવી જો મુદત દરમ્યાન તે પ્રમાણે કોઇના

તરફથી કાંઇ પણ હકીકત કે લેણું લેણું વગેર ઉપ. ૨ જણાવ્યા પ્રમાણેનું જાહેર નહિં થાયતો તે છોડી દેવામાં આવ્યાંછે અને તેવા કોઇ પણ હક કોઇના નથી એમ ગણવામાં આવશે અને જગ્યાનો પાકો દસ્તાવેજ લખાવી રજીસ્ટર કરાવી લેવામાં આવશે ત્યાર પછી કોઈની કાંઇપણ તકરાર કે વાંધો ચાલશે નહી જગ્યાની ચતરદિશા નીચે મુજબ છે.

૧ ઉગમણે—આજગ્યાની અગીતછે તેમાં ઓસરીનુ બારણું આ જગ્યાના આંગણામાં પડે છે જગ્યાનુ આંગણુ તારાચંદ લખમીચંદની જગ્યા ની પછીત સુધીછે.

૨ આથમણે—આ જગ્યાની પછીત ઝવેરી પદમસી પ્રેમજીની જગ્યાના આંગણામાં પડે છે.

૩ ઉત્તરે—રાજમારગ છે તેમાં આ જગ્યાના કરાની ત્રણ જારીઓ તથા આ જગ્યા તથા બીજી જગ્યાની મજસુની ડેલી છે.

૪ દખણાદે શ્રીમુંદરા જૈન છકોટીસંઘના સ્થાનક વાળાના કબજાની જગ્યા છે

એ રીતે ચતુર્દિશા છે

ભાદરવા વીદ ૧ ગુરૂવાર શાં ૨૦૦૩.

૧ જવરી પદમસી પ્રેમજીનાં
પાવરદાર સા જસરાજ સાકરચંદની
સહી દાં પોતાનાં

—— સુચના. ——

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨રા અને મુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી૧નગીર ટી તથા બીજી વાર તેનું તેજ છપાવેતો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી જેઠ વીદ ૧૦ સા. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવેતો સા. ૨૦૦૩ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

85

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

(પુ૦ ૭૪) આસુ શુદિ ૬ સોમવાર સંવત ૨૦૦૩ તા. ૩૦મી સપ્ટેમ્બર સને ૧૯૪૬ (વિશેષ અંક

વધારો.

NOTIFICATION.

No. 2922/A of 1946.

Notwithstanding anything contained in this office Notificaeion No. 196 dated the 1st February 1940, the following Notifications and control orders as amended from time to time shall continue to remain in force untill further notice.

(1) Defence of India Rules.
Rules 1-2-3-4-5-81-81A-84 85A, 88, 90A, 90B, 91. 92, 92A, 92B 92C, 92 D, 93, 94, 94A, 95, 97, 98, 99, 103, 104, 113A, 114, 114A, 117, 117A, 118, 119, 121, 122, 123, 130

(2) Motor spirit Rationing Order.

(3) Import Trade Control Notification Government of India No. 23-ITC/43 dated 1-7-43. as adopted by the State.

(4) Export Trade Control Notification Government of India No. 91C. W. (1)/45 dated 3;11-45, as adopted by the State.

(5) Motor Spare Parts Control Order.

(6) Civil Motor Cars Control Order.

(7) Prohibition of Forward Transaction in Foodgrains (No. 1506 dated 22-7-42)

(8) Sugar Control Order.

(9) Foodstuffs Control Order.

(10) Freezing of Sugar Stocks (P.C.M. No. 418 dated 24-6-42)

(11) Sugar and Sugar Products Control Order.

(12) Gur Control Order.

(13) Vegetable Oil Products Control Order.

(14) Kerosene Control Order.

(15) Paper Control Order 1943.

(16) Kutch State Cotton Cloth & Yarn (Control) Order

(17) Kutch State Drugs Control Order.

(18) Hoarding & Profiteering Prevention Ordinance.

(19) Footwear Control Order.

(20) Consumer Goods (Control of Dirtribution) Order.

(21) Paper Control (Economy) Order.

(22) Paper Control (Distribution) Order.

(23) Paper (Prices of Imported Paper) Control Order.

(24) Brass Usensils Control Order.

(25) Aluminium Control Order.

Dewan's Office,
Bhuj 30th Sept. 1946

S K. Nayampalli,
Dewan.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] FRIDAY 11th OCTOBER 1946 [No 8]

[પુ૦ ૭૪] આસુ વદિ ૨ શુક્રવાર સંવત ૨૦૦૩ તા ૧૧મી અકટોબર સને ૧૯૪૬ [અંક ૮]

D. C. S. No 2930 ઠરાવ.

શ્રી કચ્છ રાજ્યનાં ગામડાંઓમાં કાપડની વહેંચણી રેશનીંગથી કરવાની હોતાં નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે.

(૧) ગામડાંના વેપારીઓને જે કાપડ આપવામાં આવે તે કાપડની વહેંચણી ભાવ અને વહેંચાણ વ્યવસ્થા વગેરે અંગે રા. રા. ડીરેક્ટર સાહેબ ઓફ સીવીલ સપ્લાઇઝ તરફથી વખતો વખત જે હુકમો કરવામાં આવે કે સુચના આપવામાં આવે તે પ્રમાણે તેઓએ વર્તવાનું છે.

(૨) આ બાબતમાં રા. રા. ડીરેક્ટર સાહેબ ઓફ સીવીલ સપ્લાઇઝનાં હુકમ પ્રમાણે તેમણે કબુલાત લખી આપવી પડશે અને તે કબુલાતની શરતો પ્રમાણે વર્તવા તેઓ બંધાએલ રહેશે.

(૩) ઉપરની કલમોનો ભંગ કરનાર નોટીફીકેશનના ડી. સી. એસ. ૨૪૧૭ની કલમ ૯ને ૧૦ અનવયે સજાને પાત્ર થશે.

દીવાન ઓફીસ.
તા: ૫-૯-૧૯૪૬.

S. K Nayampalli,
દિવાન-કચ્છ.

હ. ઓ. નાં. ૨૧૯ ઠરાવ.

હ. ઓ. નાં ૪૪ તા. ૨૨-૩-૪૬થી માંડવી નગરસભાને ભંગીવાસ બંધાવવા માટે કોરી ત્રીસહજારની લોન ત્રણ ટકાને વ્યાજે વાર્ષિક કોરી ૭ હજારના હપ્તે પાંચ વર્ષમાં ભરપાઇ કરવાની શરતે સ્પેશીયલ કેસ તરીકે આપવામાં આવેલ તે સંબંધમાં નગરસભા તરફથી સદર લોન વગર વ્યાજે ટુંકા હપ્તાથી આપવા માંગણી થતાં આ સંસ્થા ગરીબ ભંગીઓને રહેવા વારે માત્ર મકાનના વાર્ષિક રીપેર ચાર્જ ભંગીઓ પાસેથી લેવા સિવાય મફત સગવડ આપવાની હોઇ તેને ઉત્તેજન આપવા સારૂં સદર નગરસભાને અપાએલ કોરી ત્રીસ હજારની લોનની શરતોમાં નીચે મુજબ ફેરફાર કરવા ખુદાવંદ મહારાજા શ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે:-

૧. સદર લોનનું વ્યાજ લેવાનું નથી.

૨. આ લોન સાઠસાલ વર્ષમાં દર વર્ષે કોરી ચાર હજારના ચાર હપ્તે એટલે કે દર ત્રણ મહીને કોરી ૧૦૦૦ એક હજારના હપ્તાથી નગરસભાએ ભરપાઇ કરવી.

૩. વગર વ્યાજે લોન આપવા સંબંધમાં એવી શરત રાખવામાં આવે છે કે સદરહુ વાસના દરેક યુનીટ (Unit) માં રહેનારાઓ પાસેથી તે યુનીટ (Unit) ના વાર્ષિક રીપેર માટે નગરસભા તરફથી જે રકમ લેવામાં આવે તે યુનીટ (Unit) ની કીંમતના બે ટકા કરતાં વધારે હોવી જોઇએ નહીં, જો તે રકમ બે ટકા કરતાં વધારે હશે તો આ લોન ત્રણ ટકા લેખે વ્યાજ લેવા શ્રી કચ્છ સરકાર મુખત્યારછે.

મીતી-ભાદરવા વદ ૧૧ શનીવાર શાં. ૨૦૦૩
તા: ૨૧-૯-૪૬

S. K. Nayampalli,
દીવાન-કચ્છ

ઠરાવ.

જ્યુ. જા. નં. ૭૫૬૬.

સ્કોલરશીપ્સ સીલેક્શન બોર્ડનાં ઠરાવ નાં. ૧ તા: ૭-૯-૪૬ વાળાથી થઈ આવેલ ભલામણ પ્રમાણે હજુર ઓર્ડર નાં ૩૨૫ તા. ૧૯-૧૧-૪૫ વાળાથી નીચે જણાવેલ ત્રણ સ્કોલરોને આપવામાં આવતી સ્કોલરશીપ જેની મુદત શાં. ૨૦૦૩ના અષાઢ શુદ ૨ના રોજ પુરી થએલ હોવાં મંજુરીની મુદત પુરી થવાની તારીખથી તે સ્કોલરશીપ વિશેષ બાર માસ માટે ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે.-

૧. મેલ ટ્રેનીંગ સ્કોલરશીપ રૂા. ૧૫ પંદરની હરીલાલ મગનલાલ વૈદને
૨. મેમોરીયલ સ્કોલરશીપ રૂા. ૧૨ બારની રતીલાલ ઓંકારલાલ વોરાને.
૩. મેમોરીયલ સ્કોલરશીપ રૂા. ૧૨ બારની ઉમર યુસુફ દેદાને.

મી. હરીલાલ એમ. વૈદ તથા રતિલાલ ઓંકારલાલનો અભ્યાસ જોઇએ તેવો સંતોષકારક ન હતો માટે. તેઓ અભ્યાસમાં વિશેષ પ્રગતિ કરે એમ આથી સુચવવામાં આવે છે

નં. ૧ની મેલ ટ્રેનીંગ સ્કોલરશીપને હવેથી "સ્કોલરશીપ ફોર હાયર સ્ટડીઝ" એ સંજ્ઞાથી ઓળખવામાં આવશે પરંતુ જો કોઇ સરકારી સ્કુલના શિક્ષક પોતાને ખરચે ટ્રેનીંગ થવા વારે અરજી કરશે તો તેને આ સ્કોલરશીપ માટે પહેલી પસંદગી આપવામાં આવશે.

મિતી ભાદરવા વદ ૧૧ શની સં. ૨૦૦૩. તા. ૨૧-૯-૪૬.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

રે. જા. નાં. ૭૫૮૨ યાદી

એકાઉન્ટ ખાતેથી નબંર ૧૨૯૮૮ તારીખ ૨૧-૯-૪૬ વાળાથી લખાઇ આવેલ હુકમને અહીંથી તા. ૧૭-૧૨-૪૫ની યાદી નબંર ૩૨૭૬ ના પેરાગ્રાફ ૪ ચોથામાં તલબાત પ્રથા બંધ કરવા ને તેને બદલે "રા. રા. એકાઉન્ટન્ટ જનરલ જે તે ખાતાં તરફથી લખાણ આવેથી ઠરેલ ફોર્મ મુજબનો ચેક ટ્રેઝરીપર કહાડી આપશે" એમ લખાયલ છે, તે બદલ નીચ મુજબ સુધારો કરવામાં આવે છે.

'બજેટ ગ્રાન્ટની અંદર રહી જે તે અધીકારી જરૂરીયાત પ્રમાણેનો ચેક હજુર ટ્રેઝરી તથા તાલુકા સબ ટ્રેઝરી પર કહાડશે'.

આ ચેક બુકોમાં "સબ ટ્રેઝરી -ઓફીસર "લખાયલ છે તેનો અર્થ રા. વહીવટદારનાં તાબામાં તાલુકા ટ્રેઝરી છે તે ટ્રેઝરીની લેતી દેતી અંગે રા. વહીવટદારનો હુદો સબ ટ્રેઝરી ઓફીસર તરીકે રહેશે. એમ ગણવો.

ભાદરવા વદ ૧૪ ભોમવાર શાં. ૨૦૦૩
તા. ૨૪-૯-૪૬.

S. K. Nayampalli,
દિવાન.-કચ્છ

ઠરાવ.

રે. આ. નાં. ૨૨૧

ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ફોજદારી કામોની સંખ્યા વધારે પ્રમાણમાં હોવાનું રા. રા. ચીફ જસ્ટીસ તરફથી લખાઇ આવતાં રા. રા. અમૃતલાલ વિશનજી મહેતા (એક્ષચેન્જ કંન્ટ્રાકટર) ને ચાર માસ વારતે ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટનાં સ્પેશીયલ જજ નીમવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

રા. રા. અમૃતલાલ બી. મહેતાએ આ કામગીરી પોતાની હાલની કામગીરી સાથે કરવાની છે.

ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટનાં કામોની સંખ્યા બાબત રા. રા. ચીફ જસ્ટીસે ત્રણ માસ આખર રીપોર્ટ કરવો

મીતી: ભાદરવા વીદ ૩૦ બુધવાર શાં. ૨૦૦૩.

તા. ૨૫-૯-૪૬.

S. K. Nayampalli,
દીવાન-કચ્છ.

હે. ઓ. નં. ૨૨૨ ઠરાવ

સં. ૧૯૯૯ની સાલે આ રાજ્યમાં પેન્શન અને ગ્રેચ્યુએટીનાં નીયમો મુકરર થયેલ છે, તેમાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબનાં ફરમાનથી નીચે મુજબ વધારો કરવામાં આવે છે.

પેન્શન પામનાર બીજી નોકરીમાં દાખલ થાય તે પ્રસંગે તેને પેન્શન આપવા બાબત ધોરણ

(૧) કોઈપણ પેન્શનરે પરરાજ્યની કે ખાનગી નોકરી લેતાં પહેલાં શ્રીદરબારની પરવાનગી લેવી જોઈએ, પરંતુ જેનો પગાર પેન્શન લેતી વખતે કોરી ૧૫૦ કે રૂા. ૫૦થી ઓછો હોય તેમણે કોઈ પણ ખાનગી નોકરી લેવા માટે પરવાનગી મેળવવાની જરૂર નથી.

આ પ્રમાણે પરવાનગી લેવા જે પેન્શનર ઉપર ફરજ છે, તે પેન્શનર જો તેવી પરવાનગી લીધા સિવાય ઇતર ઠેકાણે નોકરી કરશે, તો તેનું પેન્શન સદંતર બંધ કરવા પાત્ર થશે. આવા દરેક પેન્શનરે પોતાનું દરમાસે પેન્શન લેતી વખતે પોતે પરરાજ્ય કે ખાનગી નોકરી કરતો નથી, અથવા તેવી રીતે નોકરી કરતો હોય તો પરવાનગી લીધી છે કે કેમ એ બાબત પ્રતિજ્ઞા પર લખવું.

પેન્શન પર ઉતર્યા પછી રાજ્યની નોકરીમાં દાખલ થવા પ્રસંગે પગાર મળવા બાબત ધોરણ

જે પેન્શનરને પેન્શન પર ઉતાર્યા પછી આ રાજ્યમાંજ બીજી નોકરી આપવામાં આવે ત્યારે શ્રી દરબારની પરવાનગી સીવાય નવીન નોકરીમાં મળવા પાત્ર પગાર અને પેન્શનની રકમ મળી તેને પેન્શન પર જતી વખત જે પગાર મળતો હતો તેનાં કરતાં વધારે રકમ મળી શકશે નહીં. પરંતુ એમ ઠરાવવામાં આવે છે કે. આ પ્રતિબંધ જે નોકરોને પેન્શન પર ઉતરતી વખતે પગાર કોરી ૭૦ અથવા રૂા. ૨૦ મળતો હતો તેમને લાગુ પડશે નહીં.

મીતીઃ ભાદરવા વદ ૧૩ સોમે સં. ૨૦૦૩.

તારીખ- ૨૫-૯-૪૬. S. K. Nayampalli,
દિવાન કચ્છ.

હ. ઓ. નાં ૨૩૨ ઠરાવ.

રા. રા જે. જે. આસર બી. એ. બી. એસસી. :લંડનઃ એમએસ. બી. બારીસ્ટર –એટ–લોને રૂપીયા ૮૦૦–૫૦–૯૦૦ ના ગ્રેડમાં હાલે રૂપીયા ૮૦૦ મળે છે. તેમાં સં. ૨૦૦૩ના આસુ સુદ પથી રૂા. ૫૦નો મળવા પાત્ર વધારો મંજુર કરી તે તારીખથી પગાર રૂા. ૮૫૦ આઠસો પચાસ કરી આપવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

મીતી આસો સુદ ૫ રવી સં. ૨૦૦૩.

તાઃ ૨૯–૯–૪૬. S. K. Nayampalli,
દિવાન.–કચ્છ.

હ. ઓ. નાં ૨૩૩ ઠરાવ.

રા રા. કુલીનચંદ હીમાભાઇ દેશાઇને રૂા. ૨૦૦–૨૫–૪૦૦ના ગ્રેડમાં રૂા. ૩૦૦ પગાર મળે છે, તેમને સં. ૨૦૦૩ના આસો સુદ ૩થી રૂપીયા ૨૫નો મળવા પાત્ર વધારો આપવાનું મંજુર કરી તે તારીખથી પગાર રૂપીયા ૩૨૫ ત્રણસો પચીસ કરી આપવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

મીતી આસો સુદ ૬ સોમે સં. ૨૦૦૩

તા. ૩૦–૯–૪૬. S. K. Nayampalli,
દીવાન કચ્છ.

હ. ઓ. નં. ૨૩૪ ઠરાવ.

રા. રા. કાન્તીલાલ વેજનાથ ભટને કોરી ૬૦૦–૫૦–૧૦૦૦ના ગ્રેડમાં હાલે કોરી ૭૫૦ પગાર મળે છે તેમને સં. ૨૦૦૩ના ભાદરવા વદ ૧૪થી ખાસ કેસ તરીકે કોરી ૧૦૦નો વધારો આપી તે તારીખથી પગાર કોરી ૮૫૦ આઠસો પચાસ કરી આપવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

મીતી આસો સુદ ૬ સોમે સં. ૨૦૦૩

તા. ૩૦–૯–૪૬. S. K. Nayampalli,
દિવાન–કચ્છ.

હ. ઓ નં. ૨૭૫ ઠરાવ.

રા. રા. રાઓસાહેબ ભોગીલાલ એમ. બક્ષીને રૂ. ૨૦૦-૨૫-૫૦૦ના ગ્રેડમાં હાલે રૂપીયા ૩૭૫ પગાર મળે છે તેમને સં. ૨૦૦૩ના શ્રાવણ વદ ૨ થી રૂપીયા ૨૫નો મલવા પાત્ર વધારો આપવાનું મંજુર કરી તે તારીખથી પગાર રૂ. ૪૦૦ ચારસો કરી આપવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે

મીતી આસો સુદ ૬ સોમે સં. ૨૦૦૩.

તા: ૩૦-૯-૪૬.

S. K. Nayampalli,

દીવાન-કચ્છ.

રે. જા. નાં ૨૨૮ ઠરાવ.

રા. રા. હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સાહેબ તરફથી થઇ આવેલ ભલામણ ધ્યાનમાં લઇ કચ્છ ફોજદારી તથા દિવાની કામ ચલાવવાની રીતના કાયદામાં નીચે પ્રમાણે ફેરફાર કરવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઈ બહાદુરનું ફરમાન થયું છે:-

કચ્છ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩ નીચે પ્રમાણે સુધારવામાં આવે છે.

"રા. ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટનો અધીકાર, બે વર્ષ સુધીની મેયાદના ગમે તે પ્રકારની કેદની અને કોરી ૧૦૦૦ સુધીના દંડની શીક્ષા કરવાનો, ઠરાવવામાં આવે છે."

કચ્છ દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૧ અનવય પહેલા વર્ગના દિવાની ન્યાયાધીશને કોરી ૫૦૦૦ સુધીની કીંમતના દિવાની દાવા ચલાવી નિકાલ આપવાનો અધીકાર આપેલ છે તેને બદલે કોરી ૮૦૦૦ સુધીની કિંમતના દાવાઓ ચલાવી નિકાલ આપવા અધિકાર આપવામાં આવે છે.

ઉપરોક્ત અધીકારો હાલના દિવાની તથા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં સુધારા વધારા થઇ દિવાની તથા ફોજદારી કામ ચલાવવાની રીતના નવા કાયદાઓ અમલમાં આવતાં લગી જારી રહેશે.

મીતી- આસો શુદ ૬ મંગળવાર સાં. ૨૦૦૩

તા. ૧-૧૦-૪૬.

S. K. Nayampalli,

દીવાન-કચ્છ.

પ્રેસ નોટ.

નં. ૬૨૮૧

હિંદ સરકારના સંસ્થાનિક સબંધોના ખાતાં તરફથી એક છાપાં જોગ યાદી બહાર પડી છે કે બર્માંમાંથી પાછા ફરેલા કેટલાક સબ્સોએ હજુપણ પોતાનું આઇડેન્ટીટી સર્ટિફીકેટ મેળવ્યું નથી, જે બાબતમાં હિંદ સરકારને દરખાસ્તો મળી છે, જેથી બર્માં આઇડેન્ટીટીની સર્ટીફીકેટથી ૩૧ ઓકટોબર ૧૯૪૬ સુધી આપવા ઠરાવ્યું છે તે તારીખ પછી કોઇપણ સર્ટીફીકેટ આપવામાં આવશે નહિ, તેથી જે પાછા ફરેલા સબ્સો એ પોતાનું સર્ટીફીકેટ મેળવ્યું નથી, તેમણે તે મેળવવા તરત અરજી કરવી આઇડેન્ટીટી સર્ટીફીકેટ એટલે. તે સબ્સે તરતજ કે ભવિષ્યમાં ગમે ત્યારે બર્માં જવું પડે તેવી કંઇ ફરજ નથી.

તેથી જો કોઇ સબ્સને આઇડેન્ટીટી સર્ટીફીકેટ જોઇતું હોય તો શ્રી દિવાન ઓફીસ ભુજથી યોગ્ય અરજી કરવાનાં પત્રકો મેળવવાં.

૨૫-૯-૪૬.

J. J. Ashar,

નાયબ દિવાન.

પોલાંડ સાથે આનગી વ્યાપાર.

હિંદ સરકારના વ્યાપાર ખાતાની તા. ૧૦ ઓગસ્ટ ૧૯૪૬ વાળી અખબાર જોગ યાદી જણાવે છે કે પોલાંડ સાથેનો આનગી વ્યાપાર કરવાની સગવડો ફરીથી ચાલુ કરવામાં આવે છે હવે ચાલુ અમલત નીકાશ અને નાણાંકીય નિયમનોને આધીન રહીને સબ્સો કે પેઢીઓ પોલાંડની સંસ્થાઓ સાથે વ્યાપાર ચાલુ કરી શકશે.

તા. ૨૪-૯-૪૬.

A. Y. Mehta,

અન્ડર સેક્રેટરી.

No. 2884 of 1946.

Dewan's Office,
Bhuj, 28th September, 1946.

The following notice received from the Secretary, Air Transport Licensing Board, is published hereunder for general information :-

K. V. Bhatt,
Deputy Secretary.

GOVERNMENT OF INDIA.
AIR TRANSPORT LICENSING BOARD.

The Air Transport Licensing Board gives notice that it has received applications for the operation of the following Air Transport Services.

1.	2.	3	4	5.	6.
No. of Application.	Air Route and Stopping places.	Frequency of service per week.	Period of operation or (years)	Name and address of applicant.	Date for consideration of applications.
1.	Bombay. Jamnagar-Bhuj-Karachi	7	10	Air Services of India Ltd. Scindia House, Dougall Road, Ballard Estate, Bombay	25-11-46

Any representation which may be made in regard to any of these applications must be deposited with the Director General of Civil Aviation in India, New Delhi, not less than 15 days before the date specified in Column 6 for taking each application into consideration.

—— 0 ——

નં. ડી. ઓફ. નં ૬૯૮૮ નોટીફીકેશન.

નોટીફીકેશન નં એફ ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવયે અને નોટીફીકેશન નં ૬૯૮૭ તા. ૩૦-૯-૪૬ ના અનુસંધાનમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૧. તેલનું છુટક વેંચાણ કરવા સારૂં નિચે જણાવેલ વેપારીઓ હાલ બીજો હુકમ થતાં સુધી નક્કી કરવામાં આવે છે.:-

૧. ભુજ. જાદવજી પગજીની કું.
૨. માંડવી. ચત્રભુજ નેણસી.
૩. અંજાર. કરશનજી વિસનજી.
૪. મુંદરા. સામજી પુંજા.

૨. ઉપર જણાવેલા વેપારીઓનેજ ધી કચ્છ ઓઇલ એન્ડ ઓલાઇડ ઇન્ડસ્ટ્રીઝ નીચે જણાવેલ જથ્થા પ્રમાણે તેલ આપવાનું છે.

૧. ભુજ રે.જના ૬૦૦ રૂપ પચીસ
૨. માંડવી એજ. ૩૦ ત્રીસ
૩. અંજાર એજ. ૧૫ પંદર
૪. મુંદરા એજ. ૧૦ દસ

આ સીવાય બીજા કોઇને અમારી પરવાનગી સીવાય તેલ અપિવાનું નથી.

૩. ઉપરની કલમ ૧માં જણાવેલ છુટક વેપારીઓએ તેલનું ફક્ત છુટક વેંચાણ મુકરર કરેલા ભાવે કરવાનું છે અને દરેક ખાંડના રેશન કાર્ડ ઉપર માસીક જણ દિઠ એક શેરના હિસાબે તેલ આપવાનું છે અને તે બાબત કાર્ડ ઉપર નોંધ કરવાની છે.

92

૪. ઉપરની કલમ ૩ પ્રમાણે જે વ્હેંચણી કરવામાં આવે તેનો વિગતવાર હિસાબ અમોને બીજા મહિનાની પાંચમી તારીખ સુધી મોકલવો પડશે.

૫. મીઠાઈ, ફરસાણ વગેરે બનાવનારાઓને અત્રેથી જે પ્રમાણે પરમીટો આપવામાં આવે તે પ્રમાણે વેચાણ કરવાનું છે.

૬. ધી કચ્છ ઓઈલ એન્ડ ઇન્ડસ્ટ્રીઝે પોતાની મીલ કે ડીપો ઉપર તેનો મુકરર થયેલ વેંચાણ ભાવ તથા ઉપરની કલમ ૧ માં જણાવેલ વેપારીઓએ પોતાની દુકાન પર મુકરર થયેલ રેજકી ભાવના પાટીયાં રાખવા પડશે.

૭. કલમ ૧ માં જણાવેલ વેપારીઓએ ધી કચ્છ ઓઇલ મીલના તેલ સાથે કોઇ પણ જાતના તેલ કે એવી વસ્તુ ભેળ સેળ કરવાની નથી.

૮. ગામડાંના વેપારીઓને અમારા તરફથી પરમીટ આપવામાં આવે તે અનુસાર ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાંથી અગર તો વેપારીઓએ તેલ આપવાનું છે. અમારી પરમીટ વગર આ હુકમમાં મંજુર થયેલ સીવાય કોઇને તેલ આપવાનું નથી.

૯. આ નોટીફીકેશનનો અમલ તા. ૧-૧૦-૪૬ થી કરવાનો છે અને ઉપરની કલમ ૩ પ્રમાણે ની વ્હેચણી ઉપર જણાવેલ ચાર શહેરોમાં મોડામાં મોડી તા. ૬-૧૦-૪૬ થી કરવાની છે એટલે તે મુજબ ચારે શહેરોમાં પુરતો તેલનો જથ્થો તે પહેલાં મળી રહે એ પ્રમાણે ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝે વ્યવસ્થા કરવાની છે.

K. H. Desai,
ડાયરેકટર ઓફ ફુડ સપ્લાઇઝ,
કચ્છ સ્ટેટ.

તા. ૩૦-૯-૪૬.

ડી. એફ નં. ૬૯૮૭

નોટીફીકેશન.

નોટીફીકેશન F ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવય તેલ બાબત નીચે પ્રમાણે ઠરાવવામા આવે છે

૧. ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાં જે તેલ ઉત્પન્ન થાય તે તે તેલની વ્હેંચણી અમારી સુચના અનુસાર તેઓએ કરવાની છે અમારી સુચના વગર તેઓ તેલ કોઇને આપી શકશે નહિં.

૨. ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાં બનાવવામાં આવતા ભોયસીંગના સવામણ તેલના એક ડબાનો ભાવ કોરી ૯૭॥ સાડી સત્યાસી મુકરર કરવામાં આવે છે આ ભાવમાં ડબાની કિંમતનો સમાવેશ કરવામાં આવે છે તે ભાવે તેઓએ અમારા તરફથી નક્કી કરવામાં આવે તે વેપારીઓને તેલનું વેંચાણ કરવાનું છે.

૩. ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝ તરફથી જે વેપારીઓને ઉપર પ્રમાણે તેલ આપવામાં આવે તેઓએ તે તેલનું ફકત છુટક વેંચાણ અમારા તરફથી વખતો વખત વ્યવસ્થા કરવામાં આવે તે અનુસાર ભુજ માંડવી અને અંજારમાં કચ્છી એક શેરની કોરી ૧॥ દોઢ પ્રમાણે વ્હેંચવાનું છે અને મુંદરામાં માંડવીથી મુંદરા તેલ લઈ જવામાં જે વાહન ખર્ચ થાય તે આ ભાવ ઉપર ચઢાવી તે ભાવે કરવાનું છે.

૪ તેલના વેંચાણ બાબત ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝે વિગતવાર હિસાબ રાખવાનો છે અને આ સાથેના પત્રક પ્રમાણે દર શનીવાર સુધીની માહિતી અમોને સોમવારે મળી જાય ન પ્રમાણે મોકલવાની છે.

૫. તેલનુ છુટક વેંચાણ કરનારાઓએ તેલનાં વેચાણનો વિગતવાર હિસાબ રાખવાનો છે અને જેને જેને તેલ આપવામાં આવે તેનું નામવાર લીસ્ટ રાખવાનું છે તથા દર મહિને તેલના વેંચાણનો હિસાબ બીજા મહિનાની તા. ૫ મી સુધીમાં અમને મોકલવાનો છે.

૬. આનો અમલ તા. ૧-૧૦-૪૬ થી કરવાનો છે.

K. H. Desai,
ડાયરેકટર ઓફ ફુડ સપ્લાઇઝ,
કચ્છ સ્ટેટ.

તા. ૩૦-૯-૪૬.

93

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૧૨-૯-૪૬ સને ૧૯૪૬ સંવત ૨૦૦૩ ના માસ ભાદરવા વીદ ૨ ગુરૂ ને રોજે કયા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુંદરા.	અંજાર.	ભચાઉ.	રાપર.	અબડાસા જખઉ.	લખપત.	ખડીર (ગઢડા.)	ખાવડા.	નખત્રાણા.	રીમાર્ક.
૧	ઘઉં કાલા.....	...	૮૯૬	...	...	...	...	...	...	...	...	...	
૨	ઘઉં વાજ્યા.....	૬૭૨	૬૪૦	૬૪૦	૬૪૦	૫૭૬	૬૦૦	૫૭૬	૭૦૮	૬૬૦	૬૪૦	...	
૩	બાજરી	૪૩૨	૪૧૬	૩૮૪	૪૮૦	૪૦૦	૩૬૦	૩૨૦	૩૮૪	૪૦૦	૩૮૪	..	
૪	મગ	૨૮૦	૩૨૫	૨૮૦	૨૫૬	૨૩૦	૧૯૨	૨૭૨	૩૨૦	૨૫૬	૩૨૦	...	
૫	મઠ (કોરડ).....	૨૧૬	૨૭૫	૨૪૦	૨૨૪	૧૮૪	૧૬૦	૧૯૨	૨૨૪	૨૦૮	૨૩૬	...	
૬	જાર	૩૫૨	૩૨૦	૩૮૪	૪૦૬	૨૮૪	૨૨૪	૨૧૬	૩૨૦	...	૩૨૦	...	
૭	એરંડા (સદાફળા.)...	૩૬૦	૩૨૫	...	૩૬૮	...	૨૮૮	૩૧૨	૨૫૬	૨૫૬	૨૮૮	...	
૮	ગોવાર	૨૭૨	૩૮૦	૨૮૦	૨૬૦	...	૨૨૫	૨૪૦	૬૪૦	૨૫૬	૨૩૬	...	
૯	તલ.....	૮૩૨	૮૩૨	...	૮૩૨	...	૬૫૦	૬૪૦	...	...	૮૦૦	...	
૧૦	ચોખા ઉંચા	૧૨૮૦	...	...	...	...	...	...	...	...	..	...	
૧૧	ચોખા હલકા ...	૧૧૫૨	૧૨૩૦	૧૦૨૪	૧૨૪૦	...	૧૬૦૦	૮૯૬	...	...	૮૦૦	...	
૧૨	કાલાં ભાર	...	...	....	...	...	૨૨૫	...	...	...	...	...	
૧૩	ઘી	૧૨૦	૧૩૦	૧૩૦	૧૨૮	૧૨૮	૧૨૮	૧૧૦	૧૦૮	૧૧૨	૯૮	...	
૧૪	તેલ	૭૮	૭૦	૮૬	૭૫	૯૦	૭૫	૮૪	૮૦	...	૮૪	...	
૧૫	ખાંડ	૨૮	...	૨૯	...	...	...	...	૨૮	...	...	...	
૧૬	ગોળ	૩૬	૩૬	૩૪	...	...	૩૬	...	૩૪	...	...	...	
૧૭	કડબ.....	૨॥	૩॥	...	૨॥	૨	...	...	...	...	...	...	
૧૮	કુડી	૨	૨॥	...	૨	૧॥	...	...	...	...	...	...	
૧૯	ઘાસ	...	...	...	...	...	...	...	...	...	..	...	
૨૦	કપાશિઆ	૧૪	૧૬	૧૩૦	૧૫	૧૩॥	૧૪	૧૫	...	...	...	...	
૨૧	રૂપિયા ૧૦૦ની હુંડી...	૩૧૨	૩૧૧॥	૩૦૯॥	૩૧૧	૩૦૯	૩૧૧	૩૧૫	૩૧૧	...	...	...	
૨૨	રૂપિયા ૧૦૦ રોકડા....	૩૧૧	૩૧૧॥	૩૦૯॥	૩૧૧	૩૦૯	૩૧૧	૩૧૫	૩૧૧	...	૩૧૩॥	...	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં માપ ૬૪

ભાર ૧ માં મણ ૨૦

મણ ૧ ના શેર ૪૮

કપાસીઆ તોલમાં મણ ૧ ના શેર ૫૪.

આસુ શુદ ૫ સોમે સંવત ૨૦૦૩.

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

જાહેર ખબર.

ફો. સે ફો. જા, નાં. ૩૬૨૯ સા. ૨૦૦૪.

અથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે નામદાર જી ડીસ્ટીક એન્ડ સેશન કોર્ટમાં કમીટ આવતા જે કામોનો મુદામાલ કોર્ટમાં આવેલો છે તે કામો પૈકી જે જે કામોનો નિકાલ છેવટની કોર્ટ તરફથી હાલ લગીમાં થઇ ગએલ છે તે તે કામોનો મુદામાલ જેને જેને આપવા ઠર્યું હોય તેમણે તેને મુદામાલ આ જાહેર ખબર પ્રસિધ્ધ થવાની તારીખથી એક માસની અંદર આ કોર્ટમાં હાજર થઇ લઇ જવો મુદત દરમ્યાન જે શખ્સ મુદામાલ લેવા નહી આવે તો પાછળથી તેનુ તે બાબતમાં કાંઇ નહી સાભળતાં સદરહુ મુંદામાલ રીતશર જાહેર ચડા ખડીથી વેચાણ કરી ઉપજેલ પૈસા શ્રી દરબાર હાખલ કરવામાં આવશે.

ભાદરવા વદ ૧૪ ભોમે સા. ૨૦૦૩.

તા. ૨૪-૯-૪૬.

B. M. Bakshi
ડીસ્ટીક એન્ડ સેશનજજ,

જાહેર ખબર. જા. નાં. ૧૦૫૨

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે નારાયણ સરોવરનાં કારતકી મેળા અંગે અહિંથી સરવીસો કારતક સુદ ૧૦થી દરરોજ દોડાવવામાં આવશે.

ટીકીટોનું બુકીંગ અગાઉથી થઇ શકશે.

94

વધુ માહિતી માટે મળો અગર લખો
પ્રીતિ આસુ સુદ ૧૩ સોમવાર શાં. ૨૦૦૩

તા. ૭–૧૦–૪૬
Gangji Ladhubhai.
મેનેજીંગ મેમ્બર
કચ્છ સ્ટેટ મોટર સરવીસીસ બોર્ડ

મહારાજાધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી માંડવી અદાલત.

દાવાનો નં ૧૧૦ સંવત ૨૦૦૨

આવડા પધુભા ભારૂજીની વીધવા
જીવુબા અભેરાજજી ગુંજડી } વાદી
અલક્ષાની માગજી કરસનદાસ વી. માં.વી પ્રતિવાદી

દાવો વાડીમાંથી ભાગ મલવા.

રામાણીઆ રહેનાર આવડા તખુભા સતાજીને માલમ થાય જે વાદીએ તમારા ઉપર વાડીમાંથી ભાગ મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સમન્સ બજાવ્યાની તારીખ થી રોજ પંદરમાં કોર્ટના ટાઇમે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ ભાદરવા વીદ ૬ સે.મે સાં ૨૦૦૩

પ્રાણજીવન પરસોતમ ગોર,
માંડવી ન્યાયાધીશ સાહેબનાં
હુકમથી.

મહારાજાધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નાં. ૭૧૩.

શ્રી અંજાર અદાવત

ખા. દી. તામીલ કામ નં. ૩૧૧ શાં. ૨૦૦૩.

કા. ગોપાલજી ગોકલ કરશન અંજારના વાદી
શુતાર લખુ જીણા કરાચી પ્રતિવાદી

બાબત તામીલ થવા

કરાચી મધે શુતાર લખુ જીણા ને માલમ થાય જે આ વાદીએ શાં. ૧૯૯૬ ના ફાગણ વિદ ૭ શનિવાર રોજે થએલ કરાર મુ.બ અર્ધ નહિ (કોરી ૧૩૪૧) ના તથા ચડતું વ્યાજ થતાં ખર્ચ મળવા તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૩૦) માં વાદીની તામીલ બજવણી કરવી નહીતો કાયદેસર થશે.

મીતી જેઠ વિદ ૪ સોમવાર શા. ૨૦૦૩.

કાન્તીલાલ મોહનલાલ.
મે. અંજાર ન્યાયાધીશ. મા. કુ. ક. થી

મહારાજાધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી માંડવી અદાલત.

દાવાનો નંબર ૧૮૬ સાં ૨૦૦૨

શા દેવજી અજુ મુજરી જતાં તેના વારસ
વેકરા શા વાલજી દેવજી રે. દેવપર } વાદી
શા રાઘવજી લીલાધર વિ દેવપર પ્રતિવાદી

દાવો લેણા બાબત

દેવપરના રહેતાર શા કાનજી દામજીને માલમ થાય જે વાદીએ તમારા ઉપર મુજબ બાબત દાવો કર્યોછે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સમન્સ બજાવ્યાની તારીખ થી રોજ પંદરમાં કોર્ટના ટાઇમે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ ભાદરવા વીદ ૫ વારમે મે સાં. ૨૦૦૩

પ્રાણજીવન પરસોતમ ગોર,
માંડવી ન્યાયાધીશ સાહેબનાં
હુકમથી.

મહારાજાધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નાં. ૬૦૮.

તામીલ દાવો નંબર ૧૬ સંવત ૨૦૦૩.

શા. ધારમી લખમસી રે. ભુજરા વાદી
શા. ઉમરશી શોજી વિ. રે. મુંબૈ પ્રતિવાદી.

દાવો—ગ્યાવર મીલકત જપ્ત કરવા બાબત.

હાલ મુંબૈના પ્રતિવાદી નામે લખ્યા શબ્દોનો દાવો

હુકમ કરવામાં આવે છે કે, સંવત ૨૦૦૧ ની સાલના નંબર ૧૯૫ ના દીવાની દાવામાં વાદીની તરફમાં કોરી ૬૨૧૮ ખર્ચ શેતનું હુકમનામું તમારા ઉપર સંવત ૨૦૦૨ માસ આશુ સુદ ૭ શનિવારના રોજે કરવામાં આવ્યું છે તે તમે પુરૂં કર્યું નથી માટે આ અદાલતનો બીજો હુકમ થતા સુધી આ સાથે જોડેલી યાદીમાં જણાવેલી મિલકત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમેને આ લેખથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ મિલકત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

૧ શા. ઉમરસી સોજુ
૨ શા. કુવરજી મોના

વરંડી ૧ જેનાં પ્ર. નં. ૧ નો અધાર હક છે તેની ચતુર્દશા.

૧ શા. નેણસી ખીમજીની જગ્યાની આથયણી આ વરંડી છે.
૨ શા નેણસી વજુ તથા મોન વીરાની જગ્યાની પશ્ચીમના દખણ દે આ વરંડી છે.
૩ શા. મોમાયા ઓભાયાની વરંડાની ઉગમણે આ વરંડી છે.
૪ શા. ગુણપત માણેકની વરંડીની ઉત્તરે આ વરંડી છે.

મીતી ભાદરવા વીદ ૬ બુધવાર સાં. ૨૦૦૩

Narottam D Mehta,
મુદત ન્યાયાધીશ

નાં. ૨૪૦૪ જાહેર ખબર.

માંડવી વહીવટદાર કચેરી તરફથી

આથી સર્વ લોકને ખબર આપવામાં આવે છે કે માંડવીના સોની મુરારજી દેવકરણે નથુજી વાળી શેરીની અંદર જગ્યા એક સાં ૧૯૩૩ની સાલના દસ્તાવેજથી અધારે વેચાણ રાખેલ છે તેનો છાપો કરી આપવા સંબંધમાં અરજ થયેલ છે માટે આ જગ્યા સંબંધમાં કોઇનો કંઇપણ જાતનો હક હિસ્સો હોય તેણે આ જાહેર ખબર છપાયાની તારીખથી એક માસની અંદર આંડી આવી જાહેર કરવું નહીતર મુદત વીતે છાપો કરી આપવા સંબંધમાં ધતું થશે.

ભાદરવા વદ ૯)) બુધે સાં ૨૦૦૩

અંબાલાલ મનસુખરામ,
માંડવી વહીવટદાર.

જાહેર ખબર.

આથી સર્વ જાહેર જનતાને જાણ કરવામાં આવેછે કે માતાજીનો મડમથે આસાપુરાજીનાં મંદીરમાં દીપમાલા ભરાવવાનું બંધારણ કાપડી મારજી મુલજીનાં ગરાસમાંથી હોઇ ટ્રસ્ટ તરીકે કાપડી વીરજી મેઘજીને કબજે હોતાં ગરાસની ગોઠવણ થઇ દીપમાલા બંધ થતાં તે બાબતમાં તુમારે મે. ઇ.સ. દીવાનજી સાહેબનાં મે. જ. નાં ૨૪૧૦ ભાદરવા સુદ ૨ બુધવાર સાં ૨૦૦૬થી દીપમાલા ગે. ખર્ચ ચલાવવા બદલ જે ગરાસ અપાયેલ છે તેપર જો કાઇનું લેણું લેણું હસે અગર હવે પછી કોઇ તરફથી તે ગરાસપર ધીરધાર કરવામાં આવસે તો તેવાળા નબાપતાં દીપમાલા ભરવામાં હરકત આવસે તો તે ગરાસ શીરસ્તાર કબજે કરી તેમાંથી દીપમાલા વગર ખર્ચ ચલાવવા ગઠીત થસે એમ ફરમાન થઇ આવેલ છે સબબ ના આવી જાહેર જનતાને ખબર આપવામાં આવેછે સાં ૨૦૦૩ના ભાદરવા વદ ૫ રવીવાર મુ. મા.

લાલજી જીવરાજ
લખપત વહીવટદાર

જાહેર સુચના

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની વ્હાલી અગર તો મજુરી મળે છે એવુ સમજતી.

ખાનગી જાહેર ખબર

આ નીચે સહી કરનાર હું જખૌના સૈયદ વરલશા હાજી ભચલશા તે આવી જાનાના સૈયદ નરમામદશા ગુલશા તથા નલીઆના પીર ભાઇશા મીઆ હાજીહૈદરશા તથા હાજી અબદલકાદર અબ્દુલકપીર વિગેરે તમાસને ખબર આપું છું કે મે વખતો વખત તમાગ પાસે આવી ચોવટો કરી મારી ઓરત અને શાહજાદીની રજા માગી પણ તમો રજા આપતા નથી તેથી રીતસરનું નથી આ જાહેરાતથી તમને જણાવવામાં આવે છે કે જ્યાં સુધી તમો મારી ઓરત અને શાહજાદીને તમારા ઘરે રોકી રાખશો ત્યાંસુધી તેમના કોઇ ખર્ચ કે પોષણની જવાબદારી મારાપર નથી અને તેમની તંદુરસ્તીની જવાબદારી તમારી છે તેની નોંધ લેશો.

અસાડ વીદ ૬ શની સાં ૨૦૦૩ના ના.
૨૦-૭-૪૬

સૈયદ વરલશા હાજી ભચલશાની સૈ દાં પોતાના

ખાનગી જાહેર ખબર

આથી હું ગુંદાળા ના શા. લાલજી કુંવરજીની વિધવા લક્ષ્મીબાઇ જાહેર પ્રજાને જણ કરૂંછું કે મેં ગુંદાળાના શા. કુંવરજી વીરજી અરજણને

તેની ગુલાળામાં પોસાળ ફળીઆમાં આવેલી નીચે લખી ચતુર્દિશાવાળી દખણાદી ઓવડની જગ્યા ઉપર કારી ૪૨૦૦) બેતાલીસસો દરમાસે દરસેંકડે વ્યાજ માસ ૧ સુત ૧ પ્રત ટકા ૭૪ અખરે છુટા દશ લેખેનું આપવાની શરતે મિતઠામ લેણું તરીકે રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લઇ આપી છે.

(૧) ઉત્તરી બાજુ શા. લાધા વીરમની રેણાકની જગ્યા છે

(૨) આથમણી બાજુ શા. કરમશી વિજયાળની રેણાકની જગ્યા છે નેતે જગ્યાસાથે આ જગ્યાનો કરો મજમુ છે

(૩) દખણાદી તરફ આ જગ્યાની અગીતનું બારણું છે તથા આવવા જવાનો રાજમાર્ગ છે

(૪) ઉગમણી તરફ આ ધંધકની જગ્યા આવેલી અને તે જગ્યા અને આ જગ્યાનો કરો મજમુ છે આજગ્યા મનાંદ રને માલગ્રોની વ્હેયાણમાં ફાળે આવેલ છે તેનો ફાળો તેણે મને સોંપેલ છે પરંતુ જગ્યાના મૂળ દસ્તાવેજો પોતાના હાથથી ઉતરી ગયાનું તેણે દસ્તાવેજમાં લખી આપેલ છે આથી જાહેર પ્રજાને નોટીસ આપુ છું કે આજાહેર ખબર છપાયા પછી પંદરરોજની અંદર જે શખસ પાસે આજગ્યાના મૂળ દસ્તાવેજો હોય તેણે અમને લેખિત જાણકરી દસ્તાવેજો સોંપીજવા અથવા એ દસ્તાવેજો કોઇપાસે લેણામાં ગીરવી હોય કે બીજીરીતે પોતાપાસે હોયતો તેની અમોનો જાણ કરાવી કે જેથી અમેતે બાબત યોગ્ય પગલા લઇ શકીએ પાછળથી કોઈ વાંધોકરશે તો ચાલશે નહિં

જાહેરવા શુદ ૧૦ ગુરૂ શા. ૨૦૦૩

શા લાલજી કુંવરજીની વીધવાબાઈ લખ વીબાઇની સહી પોતાના

ખાનગી જાહેર ખબર

૧ હુંરવેચી જાગીરના મહંત ગુંસાઇ ભગવાન ગરકેશવગરજી અથી સર્વની આહેતી માટે અને ગુસાઈ હરીગરજીની આહેતી માટે જાહેર કરું છું કે રવેચી જાગીરમાં મારા ચેલા ઘણાજ છે અને તે ચેલાના ચેલા પણ છે અને હરીગર ચેલા તરીકે થવા માગ્યો લગ્ન કરી પહેર્યાના છે તેમ મારે હુજી નવા ચેલા મુંડવાનો હક્કનથી જણાવવું બીલકુલ બગાસર નથી અને ખોટું છે. મને ફાવેતેટલા ચેલા મુંડવાનો અને મને વાજબી જણાય તે ચેલાનેચેલા માંથી દૂર કરવાનો અધિકાર છે અને તે કરવાનો હક્કમારોછે તે રીતે આખા ગુંસાંઇ સમાજનો છે

૨ રવેચી જાગીરના ચેલાના માટે બ્રમચર્ય એ ફરજીઆત છે અને જે ચેલો બ્રમચર્ય રાખીનશકે તે જાગીરનો ચેલો મટીજાય છે અને તેને તેનું કૃત્યજ જાગીરના ચેલા તરીકેના લાયક ઠરાવે છે એટલે આ ફક્કડની જાગીરમાંથી તે બ્રમચર્ય માંથી ચલીત થતાં આપો આપ ચેલા તરીકે કમી થાય છે મારે હરીગરના કૃત્યની જાહેરને જાણ થાય તે માટે અને જાગીરના ચેલાતરીકે કોઇ રાક્ષ સાથે તેકાંઇ વેવાર નકરે તેમાટે મેં જાહેરાત છપાવેલી છે બકી મઠધારી ગ્રહસ્થ થઇ શકે છે વીગેરે હરીગરનું જણાવવું અમારી ફક્કડ મઠધારીની સંપ્રદાય રીતીથી વિરૂદ્ધનું છે તેમ તેને ૧૨ વર્ષસુધી ખાત્રી કર્યા પછી દીક્ષા દેવામાં આવીહતી વીગેરે તેનું જણાવવું ખોટું છે તેમતેનું સગપણ ગુસાંઈ દયાલગરજી ની દીકરી સાથે મેળકરેલ હોવાથી વાત પણ ખોટીછે. તેમ તે અગે કાંઇ ખર્ચ મે કરવા ની વાત પણ ખોટીછે તેમ તેને દવા કરાવવા મુજ ઓક. લવાની કે હું દાગીના ચઢાવવા આવવાની બીનજણાવવામાં આવી છે તે સર્વ નર્યું ખોટાડુ છે તેમ હું તેને તેડવા આવવા નો હતો વીગેરે જણાવવું ખોટુ છે. તેમ કોર્ટની ખટપટથી હું તેનાથી વિરૂદ્ધ થવાની વાત ખોટીછે કરણ કે તે ગડરથી થવાથી તે મારો ચેલો રહી શકે નહી.

૩ માફંવર્તન સાફંનથી અને હું જાગીરની મીલકત વેડફી નાંખવા માગુંછું અને તેમાં હરીગર આડો આવતો હોવાથી તે કારણે હું તેને દુરકરવા માગુ છું વિગેરે તેનું જણાવવું ખોટુ છે એટલુંજ નહિ પણ શક્ષના જણાવવાથી તેણે આ પેપરમાં પ્રસિદ્ધકરાવ્યું છે તે પણ હું જાણુંછું આ જણાવવું મારી આબરૂને હાની કર્તા હોતાં મેં તેના વિરૂદ્ધ આ હકિકત છપાવવા બદલ માફી માંગવા માટે નોટીસો પણ કરીછે નહીતર હું તેમના વિરૂદ્ધ કાયદેસર ઇલાજ લઈશ આ જાહેરાતથી છેવટ હું જણાવું છું કે ગુસાઈ હરીગરનો રવેચી જાગીર માટે કાંઈ પણ સબંધ નથી તેવું સર્વ લો-

હોએ સમજી તેની સાથે વર્તવુ
ભાદરવા વીદ ૧૦ સુકવાર શાં ૨૦૦૩
મહંત શ્રીભગવાનગરજી કેસવગરજીની
સઈ દાઃ પોતાના

ખાનગી જાહેર ખબર

મુંદ્રા તાબે વાંકીન. ખોજા ફાજલ હાજીના વહીવટ કરનાર ખોજા હાજી મામદ ફાજલ આથી સર્વને જાણ કરૂછુ કે શ્રી કચ્છ રાજ્ય પત્રના શા. ૨૦૦૩ના આશાડ સુદ ૨ની મીતિનાં અંકમાં પાને ૧૪ જે જાહેર ખબર મેં છપાવી છે તેમાં ખોજા રાસીદભાઇ પ્રેમજી તથા દાતુભાઇ ઇબ્રાહીમ તથા ધનાભાઇ હીરજી પર મારૂં મોટી રકમનું લેણું હોવા અને શોધની કચ્છની તમામ મિલકત મારા પાસે માંડેલ હોવા વગર મતલબે જણાવેલ છે. પરતુ તેમાં મારી ભૂલ થયેલી છે કેમકે શેઠ દાતુભાઇ ઇબ્રાહીમ પર કે તેમની કોઈ મિલકત પર મારૂં કંઇ પણ લેણું હતું નહિ અને છે નહિ પરતુ સમજ ભૂલથી એ હકીકત હું છપાવી ગયોછું જેથી જાહેર પ્રજાને જાણ કરૂંછું કે શેઠ દાતુભાઇ ઇબ્રાહીમ પર કે તેની મિલકત પર મારૂં કાંઇ પણ લેણું હતું નહિ અને શેઠ રાસીદભાઈ પ્રેમજીની મિલકત પર મારૂં લેણું હતું તે પણ મેં શેઠ દાતુભાઇ ઇબ્રાહીમ વાળા ને વેચાણ આપીદીધેલ છે

ભાદ્રવા વિદ ૦)) બુધે શાં ૨૦૦૩ તા.૨૫-૯-૪૬
ખોજા ફાજલ હાજી નાં વહેવટ કરનાર
હાજી મામદ ફાજલની સઈ દાઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું આ નીચે સહી કરનાર ગામ શ્રીરસલિયાના લુહાર વિશ્રામ વેલજી આથી હું જાહેર જનતાને ખબર આપું છું કે મારી તબીયત લકવાની બીમારીથી બરોબર નથી તેમજ મને મારા શરીરનું ભાન રહેતું નથી જેથી મારી સાથે કોઇ પણ જાતની લેતી દેતી કરવાની હું મનાઈ કરૂ છું તેમજ મારી સાથે કોઈ પણ જાતની લેતી દેતી કરશે તેના માટે મારા દીકરા કે મારી સ્થાવર જંગમ મિલકત જવાબદાર થશે નહિ અને મારી મીલકત તથા જગ્યાઓ જે ગામ રસલિયામાં છે તેનો વહીવટ કરવા તથા વેચવા લાટવાને. તમામ હકકદાર મારો મોટો દીકરો નાગે જીવરાજને મુખત્યાર નીમું છું જેની આથી નોંધ લેવી

૨૦૦૩ ને આસો સુદ ૧૦ શનિવાર
લોવાર વીશ્રામ વેલજી ની સઈ
દા. પોતાના

તમારા નાસા કયાં રોકશો.

શ્રી કચ્છ રાજ્ય તરફથી નાની બચત યોજનાં ચાલે છે, તે બહુજ આવકારદાયક નીવડી છે. હાલના જમાનામાં બચત પૈસા કે કરકસર કરી કોરી કોરી કરીને દરમાસે બચાવેલી નાની રકમ બાર વર્ષે કેવીરીતે દોડી થાયછે? બાર વર્ષ પહેલાં તે પસા પાછા જોઇએ તો વ્યાજ શીએ કેવીરીતે પાછા મળી શકે છે તે બાબતની સઘળી હકીકત માટે મળો- આ યોજનાના એજન્ટોને વાતો તાલુકા વહીવટદાર સાહેબને યાતો લખો-"રસોલ સેવીંગ્સ સ્કીમના એડપીની સ્ટ્રેટીજ ઓફીસ: કચ્છ સ્ટેટ ભુજ" પણ ઘેર બેઠાં ગંગાનો લાભ જરૂર લ્યો.

Small Savings Scheme એટલે નાની બચત યોજના ,,

આ યોજના કચ્છમાં સારી રીતે આવકાર પામી છે. અઢાર લાખ રૂપીઆ જેવડી રકમ તેમાં રોકાતી થઇ છે જે બાર વર્ષે દોઢાં નાણાં એટલે સત્તાવીશ લાખ જેવડી રકમ કચ્છમાં આવતી કરશે. તે યોજનામાં ચાર આનાથી કરી રૂપીઆ ૫૦૦૦ સુધી રકમ રોકી સકાય છે ધર્માદા કેડો વિગેરે મોટી રકમમાં પણ રોકી શકાય છે. અને બે વર્ષ બાદ ચડતે વ્યાજે રકમ પાછી લેવી હોય તોપણ મળી શકેછે. શ્રી કચ્છ રાજ્ય તરફથી તમામ તાલુકાનાં વેવટદાર સાહેબો આ યોજનાપર દેખરેખ રાખે છે અને પ્રતિષ્ઠ ગૃહસ્થો જેઓ એજન્ટ તરીકે સમય કચ્છમાં કામ કરે છે. તેમને માસ ઓકટોબર ૧ લી તારીખથી સેકડે ૨॥ ટકા કમીશન તેજ વખતે આપવા ખુશાલીદ મહારાજા શ્રી વિજયરાજજી સાહેબ તરફથી ફરમાન થએલછે પોષ્ટ ઓફીસ સેવીંગ્સ બેન્ક મારફતજ પણ યોજનાનો લાભ લઇ શકાય છે. એટલે જ્યારે જોઇએ ત્યારે પૈસા મેળવવામાં પાંચ મીનીટથી વધુ વખત જતો નથી આ યોજનાને લગતું વીશેષ સાહીત્ય પોષ્ટ ઓફીસ

મારફત. પેષ્ટ માસ્તરો મારફત તેમજ અમારા મારફતા તુરત મળી શકે એમ છે.

વસંતરાય. એમ. પટણી.
એડમીનીસ્ટ્રેટીવ ઓફીશર.
સ્મોલ સેવીંગ્સ-સ્કીમ કચ્છ.
ભુજ.

—— સુચના. ——

આ ગેઝેટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી રૂપા અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકાએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવુ.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી૧નલીર ટી તથા બીજી વાર તેનું તેજ છપાવેતો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૫૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

એક સાલના ગેઝેટના પરચુરણ ગ્રાહકો તરફથી ૬ઠ વીદ ૧૦ સા. ૨૦૦૨ સુધી લવાજમ નહિ આવેતો સા. ૨૦૦૩ની સાલથી શરૂ થતાં ગેઝેટ મોકલવામાં આવશે નહિ

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

છોટાલાલ ભગવાનજી
ચોકસી ફર્મીચર
ભુજ-કચ્છ.

KUTCH STATE GAZETTE.

છોટાલાલ ભગવાનજી
ચોકસી ફર્મીચર
ભુજ-કચ્છ.

છોટાલાલ ભગવાનજી
ચોકસી ફર્મીચર
ભુજ-કચ્છ.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] SATURDAY 26th OCTOBER 1946 [No 9]

[પુ૦ ૭૪]કારતક શુદિ ૨ શનિવાર સંવત ૨૦૦૩ તા ૨૬મી ઓકટોબર સને ૧૯૪૬ [અંક ૯]

હુ. ઓ. નાં. ૨૪૫ ઠરાવ.

કોરી રૂપીઆની અદલા બદલીનાં વાયદાના સોદા પર પ્રતિબંધ મુકવામાં આવેલ હોવા છતાં કેટલાક શખ્સો તરફથી છુપી રીતે વાયદાના સોદા થતાં હોવાનું જાહેર થતાં તેવી જાતના વ્યવહારો જનસમુહનાં હિતને નુકસાન કર્તા હોઇ ખુદાવંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી નીચે પ્રમાણે ફરમાન થયું છે.

ઠરાવ નાં ૩૦૪ તા: ૨૩-૯-૪૪ વાળા અને તેના અનુસંધાનમાં થએલ ઠરાવો વિરૂધ વર્તન થવાનું રા. રા. પોલીસ કમીશ્નરને માલમ પડે તો ફોજદારથી ઉતરતા દરજ્જાના નહીં તેવા અમલદારને કોઇ પણ શક્ષ વિરૂધ કોગ્નીઝેબલ કેસની રૂએ તપાસ કરવા ઉપરાંત તે શક્ષનાં ચોપડા, નોંધપુક, કાગળ, તાર વગેરે લેખીત વ્યવહારનાં દસ્તાવેજો કબજે કરવા વોરંટ આપી શકશે.

તે પ્રમાણે જપ્ત કરેલા ચોપડા પરથી વાયદાના વ્યવહાર થયેલ હોવા સંબંધમાં વીશેશ ચોકસીની જરૂર જણાય તો રા. રા. પોલીસ કમીશ્નરે વીશેસ ચોકસી માટે રા. રા. એક્ષચેન્જ કન્ટ્રોલર તરફ મોકલાવવા.

મીતી આસો સુદ ૭ સોમવાર શાં ૨૦૦૩ તા ૧-૧૦-૪૬.

S. K. Nayampalli,
દીવાન કચ્છ.

હુ. ઓ. નં. ૨૪૬ યાદી

દર સાલે આઠ નવી પ્રાથમીક નિશાળો ખોલવા સબંધમાં શાં. ૨૦૦૨-૩ની સાલ માટે આઠ નિશાળો ખોલવા માટેના કાગળો પર નાં. ૧૯૪૬ તા ૨૧-૧-૪૬થી શ્રી હજુરથી થએલ ફરમાન પ્રમાણેની હકીકત શ્રી હજુર રોશન થતાં તે વિશે નીચે પ્રમાણે ખુદાવંદ મહારાજા શ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે:

૧ દુર્ગાપુરને બદલે રાપર તાલુકે ગામ બાલાસરમાં નિશાળ ખોલવી.

૨. ગામ ટેપાના લોકોને દરબારી સ્કુલ જોઇતી ન હોવાથી તેને બદલે અંજાર તાલુકે ગામ મોકીરોડાઆં નિશાળ ખોલવી.

૩. અંજાર તાલુકે ગામ સીણાયના સોરડીઆ વાલજી પુનામાઇએ પોતાની માલીકીની ચાલતી પ્રાથમિક નિશાળ, મકાન સહીત શ્રી રાજ્ય હસ્તક લઈ ચલાવવા અરજ કરતાં તેનો કબજો લઇ શ્રી રાજ્ય ખર્ચે ચલાવવી. સીણાયની આ નિશાળનું મકાન નિશાળો માટે નિયત થએલા મકાનો જેવી જાતનું છે કે કેમ: તેની ખાત્રી કરવી જો તેવા મકાનો જેવું ન જણાયતો નિશાળો માટે નિયત થયેલ મકાનો જેવી design નું તેને બનાવવા માટે જે જરૂરી ખર્ચ થવા જેવું હોય તેનો એસ્ટીમેટ મોકલવો

છોટાલાલ ભગવાનજી
ચોકસી ફર્મીચર
ભુજ-કચ્છ.

૪. ગામડાંના લોકો પાસેથી નિશાળોના મકાન માટે ભાડું લેવાની પ્રથા કયારથી શરૂ થએલ છે તેમજ તે ભાડું નકકી કરવા માટે શી રીત અખત્યાર કરવામા આવેલ તે જણાવવું.

મીતી આસો સુદ ૭ બુધવાર સાં. ૨૦૦૩.

તા. ૨-૧૦-૪૬

S. K. Nayampalli
દિવાન કચ્છ

હ ઓ. નં. ૨૪૪ ઠરાવ

રા. આસીસ્ટંટ પોલીસ પ્રેસીકયુટરનો ગ્રેડ કોરી ૨૭૫-૧૦-૪૦૦નો ઠરવવા અને તે જગ્યાએ રા. ભુજંગીલાલ કલ્યાણરાય પાઠક બી એ. એલ. એલ બી.ને કોરી ૨૭૫-૧૦-૪૦૦ના ગ્રેડમાં કોરી ૧૭૫ના માસીક પગારથી નીમવા ફુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

હાલના રા. આસીસ્ટંટ પોલીસ પ્રેસીકયુટર ચંદ્રશંકર પી. પંડયાએ બીજો હુકમ થતાં સુધી પોલીસ પ્રેસીકયુટરની જગ્યાએ કામ કરવું.

મીતી આસો વદ ૨ શુક્રવાર સાં. ૨૦૦૩

તા. ૧૧-૧૦-૪૬

S. K. Nayampalli.
દિવાન કચ્છ

ડી. સી. એસ. નાં ૩૦૮૭ ઠરાવ.

ડી. સી. એસ. નાં ૨૮૮૪ તા. ૧૮-૯-૪૬ વાળા ઠરાવથી ધી અંજાર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સના બનાવેલ સુતરના ભાવ નીચે પ્રમાણે નકકી કરવામાં આવે છે:-

૧	નાં ૪	રૂા. ૮-૨-૦ એકસ મીલ
સર્વે લોકોને ખબર આપવામા આવે છે કે જખૌના સા. કરમશી હીરજીએ સા. દેવજી કલ્યાણજીની દીકરી બાઇ બાઇયા નામે પાસેથી જખૌ મધે વાણીયાના નમ વાળા કલીયામાં જગા ઉત્તારી મોઆડ વાલી રેલી નધ કેરી ૧૨૦૦૦, બાર હજારમાં સંવત ૨૦૦૩ ના કારતક સુદ ૧૫ ની મીતીનાં દસ્તાવેજથી અધાર વેચાણ રાખેલ છે તેનો દસ્તાવેજ અમારા કોર તરફથી રજીસ્ટર થઇ જાવો થવા માટે આવેલ છે માટે સદરહુ જગા ઉપર કોઇનો કઇ લેણુ કે હક હોયા હોય તો તેનણે એક માસની અંદર અત્રેની કચેરીએ આવી જાહેર કરવું નહીતર બાદ વિલા બાદ કોઇનું કાંઈ નહી સાંભળતાં છાનો કરી આપવા માટે ધટીત થયે.

મિતી કારતક વીદ ૪ ભોમે સં. ૨૦૦૩

Trikamji T.

[illegible] અમલદાર વહીવટદાર.

જાહેર ખબર ૩૨૫.

કે. જા આ નાં ૨૫૯.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના શા. એધાજી વેલજી રણછોડદાસ તેમ દાસ કેશવજીને મને જગા વેચી કેરી ૧૫૦ બસોપચાસ સમાં શાં. ૨૦ રના જેઠ વદ ૧૩ની બીનાના દસ્તાવેજથી અધાર વેચાણ રાખેલ છે સદરહુ જગાપર કોઇનું હક હોયા હોય તો તેમણે એ માસની અંદર અહી

ની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીતર મુદત વીત્યબાદ કોઇનું કાંઇ નહી સાંભળીતા છાપોપડ્યા સાટે ઘટીત થશે.

કારતક વીદ ૧૦ રોમે શાં. ૨૦૦૩.

Trikamji T.
ઇ. અજડાસા વહીવટદાર.

જાહેર ખબર. નંબર ૩૩૧

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે જખૌના ગુશાઇ આણદગર માનગરે ગ્હેશરી શા. વલભદાશ ધરમશીને મતે જગ્યા ૧ કોરી ૧૨૦૦ બારશોમાં શા. ૨૦૦૩ ના આસુ સુદ ૧૦ શની ની મીતીના દસ્તાવેજથી અગાઉ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે સદરહુ જગ્યા ઉપર કોઇનું લેણ હક હીશો હોય તો તેમણે એક માસની અંદર આહીની કચેરીએ આવી જાહેર કરવુ નહીતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાંભળી છાપો થવા માટે ઘટીત થશે.

કારતક વદ ૧૦ રોમે શા. ૨૦૦૩

Trikamji T.
અજડાસા વહીવટદાર.

જાહેર ખબર.

લ. રે. જા ના. ૩૦૪

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે બાલીઆપટણનાકે અબ્દુલ અઝીઝનો જાણ નામે મુબારક નાખવા કસીકુવાવાલો કોરેશ્વરનો કોરી નજીક છીપીમાલ સમેત કુમીજતાં જે માંનાં માલ તથા વહાણનાં સામાન પૈકાનીચે બતાવ્યા પ્રમાણેનો ઓલની પેદાસ ખાતે જમા થઇ યોગ્ય વ્યવસ્થા થવા રા. માંડવી વોટર પોલીસનાં ઇન્સપેકટર સાહેબની ચાઇ નબર ૮૧૯ જેઠ વીદ ૫ બુધવાર શાં ૨૦૦૨ વાકાથી અદિની કચેરીએ અસાડ સુદ ૮ શનીવાર શાં ૨૦૦૩ વાકાથી કબજો રજુ થતાં તે સામાન નીચે પ્રમણેનું હોવા મેજરમા લખાઇ આવેલ છે.

૭૦૦) વાણની કલમીનો ખુવો નંબ ૧ લાંબો હાથ ૨૮ કીમત કોરી ૭૦૦) સાતસો આસરેનો

૧૦૦) કલમીનો ભડ ૧ લાંબો હાથ ૧૬ કીમત આસરે કોરી ૧૦૦) એકસો.

૫૦) નાની કલમીનો ખુવો ૧ લાંબો હાથ ૧૩ કીમત કોરી ૫૦ પચાસ.

૭૫) તીર ધામણી નગ ૧ હાથ ૧૯ કીમત આસરે કોરી પચોતેર.

૩૦૦) પરમણ નગ ૧ લાંબો હાથ ૩૨ કીમત આસરે કોરી ૩૦૦ ત્રણસો.

૨૦૦) ઉપરનાં પરમણપર બાંધેલ સરો નંબ ૧ લાંબો હાથ ૨૭ કીમત આસરે કોરી ૨૦૦ બેસો.

૨૫) ઉપરનાં પરમણપર બાંધેલ ધારૂ હાથ ૧૧ કીમત આસરે કોરી ૨૫ પચીસ.

૧૫૦૦) ખુવો વાણનો મોટો નંગ ૧ હાથ લાંબો ૩૫ કીમત કોરી ૧૫૦૦) પંદરસો આસરે.

૨૦૦) કલમીનો પરમણ નંગ ૧ લાંબો હાથ ૨૫ કીમત કોરી ૨૦૦] બેસો.

૧૦) ધારૂ ટુકડો ૧ લાંબો હાથ ૧૦ કીમત આસરે કોરી ૧૦) દસ.

૨૦૦) ધીરૂ નંગ ૧ આગલનો લાંબો હાથ ૨૪ કીમત ૩ ની ૨૦૦] બેસો આસરેનું.

૨૫] ખુવાનો દારો નગ ૧ લાંબો હાથ ૭ કીમત આસરે કોરી ૨૫] પચીસ.

૧૦૦] અણસાર નંગ ૨ લાંબી દરેક હાથ ૧૮ ની કીમત આસરે નગ ૨ ની કોરી ૧૦૦] એકસો.

૫] સુકાણનો વીણું નંગ ૧ લાંબો હાથ ૬ કીમત આસરે કોરી ૫] પાંચ.

૨૦) લાકડાનો સળો નંગ ૧ લાંબો હાથ ૭ કીમત આસરે કોરી ૨૦) વીસ.

૫] ધારૂનો ટુકડો નંગ ૧ લાંબો હાથ ૪ કીમત આસરે કોરી ૫] પાંચ.

૧૫૦] વાણની હોડી ભાંગેલ નંબ ૧ લાંબો હાથ ૧૫॥ ની કીમત કોરી ૧૫૦) એકસો પચાસ આસરે.

૨૦૦) ટાંકી પાણી ભરવાની નંગ ૧ કીમત આસરે કોરી ૨૦૦) બેસોનું.

૯૫૨) લોખંડનાં પાટા નંગ ૧૬ દરેક લાંબો હાથ ૧૦॥ જેમાં પટો ૧ ની તોલ કરતાં વજન મણ ૨) ૬ બે શેર છ થયેલ તે હીસાબે નગ ૧૬ નાં મણ આસરે ૩૪ ચોત્રીસ ને મણ ૧ ની કન્ટ્રોલનાં હીસાબે કોરી ૨૮) અઠ્ઠાવીસ લેખે મણ ૩૪ ની કોરી ૯૫૨ નવસો બાવન થાય છે.

૧૩૮૬) લોખંડનાં પટા નંગ ૨૨ દરેક લાંબો હાથ ૧૦॥ સવાદસ ને પટો ૧ તોલતાં મણ ૨॥ થયો તે હીસાબે નગ ૨૨ બાવીસનાં મણ ૪૯॥ સાડા ઓગણ પચાસ થયા જે મણ ૧ ની કીમત કોરી ૨૮ લેખે કોરી ૧૩૮૬) તેરસો છ્યાસી થાય છે.

૧૮૪॥ લોખંડનાં સરીઆ ગોલ નંગ ૬] છ ને દરેક લાંબો હાથ ૨૧ જે દબલ પારેલા બદલ ૨ છે જેમાં સરીઓ ૧ એકની તોલ કરતાં મણ ૧॥ ૧૦ દોઢ મણ શેરદશ થયો જે નંગ ૬ ના મણ ૧૦॥ સવા દસ ગ્ર કોરી ૧૮) અઢાર લેખે કોરી ૧૮૪॥ એકસો સાડા ચોરાસી થઇ.

૪૦) છેડો ૧ નંગ ૧ લાંબો વાલ ૪૫ ની કીમત આસરે કોરી ૪૦) ચાલીશ.

૧૬) છેડો ૧ લાંબો વાલ ૧૭ ની કીમત આસરે કોરી ૧૬) સોળ.

૭૫] છેડો ૧ લાંબો વાલ ૫૩] ત્રેપનની કીમત આસરે કોરી ૭૫] પચોતેર.

૧૪) છેડો ૧ લાંબો વાલ ૧૭ સતરની કીમત કોરી ૧૪) ચઉદ.

૧૩) છેડો ૧ લાંબો વાલ ૧૬ સોળની કીમત કોરી ૧૩] તેર.

૧૫) છેડો ૧ લાંબો વાલ ૧૫ પંદરની કીમત કોરી ૧૫] પંદર.

૫) છેડો ૧ લાંબો વાલ ૭ સાતની કીમત આસરે

કોરી ૫] પાંચ.

૮] છેડો ૨ લાંબો વાલ ૧૦] દશની કીમત આસરે કોરી ૮] આઠ.

૮) છેડો ૧ લાંબો વાલ ૯] નવની કીમત આસરે કોરી આઠ.

૧૦૦] છેડો ૧ વાલનો લાંબો વાલ ૪૯ ઓગણ પચાસની કીમત આસરે કોરી ૧૦૦] એકસો.

૨૦] છેડો ૧ કલમીની લાંબેનો લાંબો વાલ ૯ નવની કીમત આસરે કોરી ૨૦] વીશ.

૧૦૦) છેડો નગ ૧ ખુવની લાંબે લાંબો વાલ ૧૯) ઓગણીશની કીમત આસરે કોરી ૧૦૦) એકસોની.

૧૫) છેડાનાં કટકા નાના નંગ ૧૪ દાગા સીબે જેની કીમત આસરે કોરી ૧૫) પંદર.

૧૦૦) કપી કજાના નગ બે શેપસીબે મોટી કપી નંગ બેની કીમત કોરી ૧૦૦) આસરે

૮૦) કપી નાની નગ ૧૧ શેપસીબે નંગ અગીઆર ની કીમત આસરે કોરી ૮૦) એસી આસરેની.

૧૦) સેધ નાનામોટા નગ ૧૦) દશની કીમત આસરે કોરી ૧૦] દશ.

૨૫] સેધ ખુવાનાં નગ બે મીસરી સીબે જેની કીમત આસરે કોરી ૨૫] પચીશ

૭૦૩૧।।) એકુન કોરી સાતહજાર સાડી એકત્રીશનો માલ આવેલ છે જે માલ કોટેશ્વર મધે વોટર પોલીશ હસ્તે રખાવવામાં આવેલ છે તે માલ જેનો હોય તેણે અહીની કચેરીમાં બે માસની અંદર હાજર થઇ ખાત્રી પુરાવો આપી ઉપરાંત સદરહુ માલકઢ વવાની તથા ઉપડામણી વગેરે થતી રકમ જે થાય તે એકદર આપી લઇ જવું તેમાં ખામી આવશે તો મુદત વીત્યા બાદ સદરહુ માલ લીલામ થઇ તેની ઉપજલ રકમ શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

કારતક વીદ ૧૧ ભોમે શાં. ૨૦૦૩.

લાલજી જીવરાજ.
લખપત વહીવટદાર.

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા શી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

જાહેર ખબર.

આ ઉપરથી અમો નીચે સહી કરનાર જાહેર કરીએ છીએ કે કચ્છ રાજ્યમાંથી શ્રી બાલકૃષ્ણ લાલજીને અગે મળતા લાગાટકા બંધ થતાં તે ફરી ચાલુથવા માટે અરજીઓ વિગેરે કામકાજ કરવા માંડવીના વકીલ શાંતીલાલ રેવાશંકરને તા. ૪–૪– ૪૪ નું અમોએ જે મુખત્યારનામું આપેલ છે તે લાગા ટકા ફરી ચાલુ થઈજતાં અમોને તે મુખત્યારની જરૂર ન રહેતાં તે મુખત્યારનામું પાછું ખેંચી લઈએ છીએ એટલે હવે મુખત્યાર મજકુર અમારીવતી કોઈપણ કામકાજ કરવા હકદાર નથી. લાગા ટકા લાવવા માટે અમોએ રાજકોટના વ્યાસ મગનલાલ આણંદરામને જુદું મુખત્યારનામું આપેલ છે.

તા ૧૧–૧૧- ૪૬.

ગોકલદાસ ગોપાલદાસ.
ભટજી શ્રી બાલકૃષ્ણ લાલજી હવેલી.

ખાનગી જાહેર ખબર.

હું ગુંદીઆલીનાં ઠા. જાદવજી જેઠાની દીકરી મમીબાઇ અથી જાહેર કરૂં છું કે મારા વડીલોનુ ખેતર નામે ૯૬ ગુંદીઆલીની ઉગમણી શીમે આવેલું જે મે ગુંદીઆલીનાં રાજગોર કલ્યાણજી હરીરામને કોરી ૪૨૦૦] માં વિટાં તર વર્ષ ૯૬ ની બદીથી વેંચાણ આપેલ છે. તેનાં અમારા વડીલનાં ધનીકપણાંનાં અવાટનાં દસ્તાવેજો મુબઈમાં હતા ત્યારે તા. ૧૪ મી એપ્રીલ ૧૯૪૪નાં ધડાકા થયો તેમાં એ દસ્તાવેજો નાશ થઇ ગયો છે છતાંપણ નાશીભાગમાં કોઇને હાથ ચડ્યા હોય તો એ દસ્તાવેજો તેણે અમોને અમારા ધનીક કલ્યાણજી હરીરામને સોંપી આપવા જોઇએ તે છતાં એ દસ્તાવેજો કોઇને હાથ ચડ્યા હોય અને ખોટીરીતે તેનો દુરપયોગ કરશે તો તેની સર્વ જવાબદારી તે ધણીને શીર રહેશે. એ બાબત નોંધ લાગતા વળગતાઓએ આથી લેવી. એજ.

કારતક વીદ ૬ ગુરૂવાર શાં. ૨૦૦૩.

ઠા. જાદવજી જેઠાની દીકરી બાઇ
મમીબાઇની સાઇ.
દાઃ ઠા શીવજી જેઠાના બાઇના કહેવાથી.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

160

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] WEDNESDAY 25th DECEMBER 1946 No 13]

[પુ૦ ૭૪] પોષ શુદ ૨ બુધવાર સંવત ૨૦૦૩ તા. ૨૫મી ડીસેમ્બર સને ૧૯૪૬ [અંક ૧૩]

પો. જા. નાં ૫૭૭ સરકયુલર.

એજન્સી લેટરનાં D/15-5 તા. ૧૨-૭-૪૬ વાળાથી લખાઇ આવેલ છે કે નામદાર શહેનશાહ બહાદુરનો જન્મદીન તા. ૧૨-૬-૪૭ ગુરૂવારનાં રોજ ઉજવવાનો છે વાસ્તે તે રોજ સર્વ ઓફીશો તથા સ્કુલોમાં રજા પાળવા ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનુ ફરમાન થયુ છે.

તા. ૩-૧૨-૪૬.

S. K. Nayampalli,
દિવાન કચ્છ

ડી. એસ. નાં. ૪૦. ઠરાવ.

રા. રા. ડાયરેકટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝ તરફથી લખાઇ આવેલ ભલામણ નજરે ફુડ ડીપાર્ટમેન્ટની ખાલી પડેલ ઇન્સ્પેકટરની જગોએ રા. મોતીલાલ કેશવલાલ ધોળકીયાને કોરી ૨૫૦-૧૦-૩૦૦ નાં ગ્રેડમાં કોરી ૨૦૦ બસોના માસીક પગારથી ઇન્સ્પેકટર તરીકે નીમવામાં આવે છે.

સદરહુ નીમનોક ફુડ ડીપાર્ટમેન્ટની કામગીરી ચાલતાં લગીને માટે છે.

માગસર વદ ૩ બુધવાર સાં ૨૦૦૩ તા. ૧૧-૧૨-૪૬.

એસ. કે. નાયમપલી.
દીવાન કચ્છ.

ઠરાવ.

હ. એ. નાં ૩૧૮.

૧. ચપ્પુ, છરી, છરા, ખંજર કે તલવાર કે એવા પ્રકારના ધારવાળા, બીજા કોઇપણ હથીયારો પોસ્ટ કે રેલ્વે પારસલ દવારા તેમજ બીજા કોઇપણ માર્ગે કોઇપણ રીતથી થતા આયાત પર પ્રતિબંધ મુકી સદરહુ ચીજો આ રાજ્યમાં આયાત ન કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. કોઇપણ ઇસમને ઉપરે નાં. ૧ માં દર્શાવેલ પ્રકારની ચીજો આયાત કરવાની જરૂરીયાત જણાય તો તે ઇસમે તે સબંધમાં રા. રા. પોલીશ કમીશ્નર પાસે વીગતવાર અરજ કરવી જે પરથી રા. રા. પોલીશ કમીશ્નર તે સબંધમાં જરૂરીયાતની એવી યોગ્ય તજવીજ કરી અરજદારની અરજ મુજબ આયાતની પરવાનગી આપવી કે કેમ તે બાબત યોગ્ય નિકાલ કરશે આ રીતે પોલીશ કમીશ્નર તરફથી જે ઇસમને આયાતની પરવાનગી મળેલ હશે તેને ઉપરની કલમ ૧ નો બાધ આવશે નહી.

૩. ચાલુ વપરાસનો હોય એવા પ્રકારનો ફકત એકાદ નાનો ચપ્પુ જો કોઇ પેસેન્જર પોતાની સાથે લાવેલો હશે તો તેને આ ઠરાવનો બાધ આવશે નહી પરંતુ તે નાના ચપ્પુ સીવાયની ઉપરે

નાં. ૧ માં દર્શાવેલ ચીજો પૈકીની કોઇપણ ચીજો તે પેસેન્જર પાસે માલમ પડશે અને જો તે માટે રા. રા. પોલીશ કમીશ્નરની પરવાનગી મેળવેલ નહી હોય તો તેવો તમામ જથો શ્રી દરબાર દાખલ થવાને પાત્ર થશે. ઉપરાંત પેસેન્જર મજકુર આ ઠરાવની કલમ ૪ પ્રમાણે સજાને પાત્ર થશે.

૪. આ ઠરાવનો ભંગ કરનાર કચ્છ પીનલ કોડની કલમ ૧૮૪ તળે ગુન્ગાર ગણાશે અને આ ઠરાવ વિરૂધ ગેરવ્યાજબી રીતે આયાત થવા ઉપરે નાં. ૧ માં દર્શાવેલ પ્રકારના માલનો કબજો થએલ જથો શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

૫. આ ગુન્હાને કોગ્નીઝેબલ ગુન્હો ઠરાવવામાં આવે છે.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબના ફરમાનથી હુકમ કરવામાં આવે છે.

મીતી માગસર વીદ ૮ સોમવાર શાં ૨૦૦૩

તા. ૧૬-૧૨-૪૬.

જે. જે. આશર.

ફોર દીવાન-કચ્છ.

નોટીફીકેશન.

નાં. ૯૫૩.

નોટીફીકેશન નાં. એફ. ૩૪૦ અનવય જામનગરથી આયાત થયેલ મગફળી તેલની માસ ડીસેમ્બરની વ્હેચણી માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે;-

૧. આ તેલની વ્હેચણી ભુજ માંડવી અંજાર અને મુદરા સીવાયના ગામને જે તે ગામની ખાડ ગોળ કમીટીઓ મારફત જણદીઠ સેર ૨ બે માસીકના હીસાબે જે તે તાલુકાની તાલુકા સમીતીઓએ કરાવવાની છે.

૨. આ વ્હેચણી માટે તાલુકા સમીતીઓએ નીચે પ્રમાણે પરમીટો કહાડવાની છે. અને તે પ્રમાણેજ નીચે જણાવેલ વેપારીઓને તેલ વેચાણ કરવાનું છે.

અ. શ્રી માંડવી, અબડાસા, અને નખત્રાણા તાલુકા સમીતીઓએ મેસર્સ રજાહુસેન અમીરઅલી માંડવીપર.

બ. શ્રી મુદરા તાલુકા સમીતીએ મેસર્સ રજાહુસેન અમીરઅલી ઠે. જાનમામદ પ્રેમજી મુદરાપર.

ક. શ્રી અંજાર ભચાઉ અને રાપર તાલુકા સમીતીઓએ મેસર્સ રજાહુસેન અમીરઅલી ઠે. જાનમામદ પ્રેમજી અંજાર પર.

ડ. મેસર્સ રજાહુસેન અમીરઅલી ઠે. જાનમામદ પ્રેમજી ભુજ પર અત્રેની પરમીટો કહાડવામાં આવશે, આ સીવાય બીજા કોઇને અત્રેની પરવાનગી સીવાય તેલ આપવાનું નથી.

૩. આ તેલના રેજકી વેચાણ ભાવ માટે દરેક તાલુકા સમીતીએ પોતા હસ્તેના તાલુકાના દરેક ગામની કમીટીને તેલનો જથ્થાબંધ પર સેન્ટરથી તે ગામનું ગાડાં ભાડું અને તલોટ તથા રેજકી નફો દરમણે કોરી ૧॥ દોઢ ઉમેરી તે ગામ માટેનો રેજકી ભાવ નકકી કરી આપવાનો છે. ઘાટીનો સમાવેશ નફામાં કરવાનો છે.

૪. તેલના રેજકી વેચાણનો વીગતવાર હીસાબ દરેક ગ્રામ્ય સમીતીએ ખાંડ ગોળના હીસાબ પ્રમાણે જે તે તાલુકા સમીતીને દર માસે રજુ કરવાનો છે.

૫. મેર્સસ રજાહુસેન અમીરઅલીએ પોતાની ચાર શહેરના ડીપો ઉપર તેલનો જથ્થાબંધ વેચાણ ભાવ તથા દરેક ગ્રામ્ય સમીતીએ વેચાણની જગાપર કલમ ૩ પ્રમાણે તાલુકા સમીતીએ નકકી કરી આપેલ રેજકી વેચાણના ભાવનાં પાટીયાં રાખવા પડશે.

૬. કોઇ પણ ગ્રામ્ય સમીતીએ આ તેલ સાથે કોઇ પણ જાતના બીજા તેલ કે એવી વસ્તુ ભેળસેળ કરવાની નથી.

તા. ૬-૧૨-૪૬.

કે. એચ. દેશાઇ.

ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ,

કચ્છ સ્ટેટ.

નોટીફીકેશન.

નાં. ૯૫૪.

નોટીફીકેશન નાં. એફ ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવય જામનગરથી આયાત થયેલ મગફળી તેલનો માસ

ડીસેમ્બર ૧૯૪૬ માટે કચ્છી મણ ૧૦ સવાના ટીનનો ભાવ કોરી ૭૦ સીતેર મુકરર કરવામાં આવે છે. ટીન ૧ એકની કોરી ૨૦ અહી આ ઉપરાંત તેઓ લઇ શકશે અને ટીનનું બારદાન દર ડબે સેર ૪ ચાર પ્રમાણે કાપી આપવાનું છે.

તારીખઃ- ૬-૧૨-૧૯૪૬.

કે. એચ. દેશાઇ.
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ
કચ્છ સ્ટેટ.

નોટીફીકેશન.

નાં. ૯૫૯.

નોટીફીકેશન નાં. એફ. ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવય નોટીફીકેશન નાં ડી એફ. નાં. ૬૯૮૮ તા ૨૮-૯-૪૬ની કલમ ૨ અને કલમ ૩ માં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છેઃ-

૧. ઉપર જણાવેલ વેપારીઓનેજ ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝએ નીચે જણાવેલ જથ્થા પ્રમાણે વધુમાં વધુ માસ નવેમ્બર માટે તેલ આપવાનુ છે. આ જથ્થાનો અડધો ભાગ તેઓએ બનતી ત્વરાએ પહોંચાડવાનો છે. અને બાકીનો અડધો ભાગ અત્રેથી જે પ્રમાણે પરમીટો આવે તે પ્રમાણે પહોચાડવાનો છે. દરેક એજન્ટે બાકીના અડધા ભાગ પૈકીની પરમીટો પોતાની જરૂરીયાત ખપત પુરતીજ લેવાની છે અને એ રીતે માસ આખર કોઇ પણ એજન્ટ આગળ માલ વધશે અને બીજા માસે તેલના ભાવો ઘટે તો તે માટેની જવાબદારી જે તે એજન્ટની રહેશે.

ભુજ. એકદર ડબા. ૧૩૦૦. માંડવી- એકદર ડબા. ૧૫૫૦.

અંજાર „ „ ૮૭૫ મુદરા. „ „ ૪૭૫.

૨. કલમ ૩ માં જ્યાં એક શેર લખાયલ છે ત્યાં બે શેર સમજવાનું છે.

આ સીવાય નોટીફીકેશન નાં. ડી. એફ. ૬૯૮૮ની બીજી કલમો ચાલુ રાખવામાં આવે છે એટલે તે પ્રમાણે લાગતા વળગતાઓને વર્તવાનુ છે.

તા. ૬-૧૨-૪૬.

ધી ગોકલદાસ ભજન
વોકલા ફલીયા
ભુજ-કચ્છ.

કે. એચ. દેશાઈ,
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ,
કચ્છ સ્ટેટ.

નોટીફીકેશન.

નાં. ૯૬૦.

નોટીફીકેશન નાં. એફ ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવય નોટીફીકેલન નાં. ડી. એફ. ૬૯૮૭ તા. ૨૮-૯-૪૬ માં માસ ડીસેમ્બર ૧૯૪૬ માટે નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે છેઃ-

ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાં ઉત્પન થતાં મગફળીનાં તેલનાં ભાવ માસ ડીસેમ્બર ૧૯૪૬ માટે કચ્છી મણ ૧૦ સવાના ટીનનાં ભાવ કોરી ૭૦ સીતેર ટીન સહીત નકકી કરવામાં આવે છે આ ભાવે ધી કચ્છ ઓઇલ મીલે ભુજ અને અંજારનાં એજન્ટોને ભુજ અને અંજાર આ ભાવે ડીલીવરી આપવાની છે. આ તેલના છુટક વેચાણનો ભાવ કચ્છી સેર ૧ એકની કોરી ૧-૪૦ ચારી એકને છુટા સાડાચાર દોકડા નકકી કરવામાં આવે છે. એજન્ટોએ જેમને આખા ટીન આપવાના હોય તેઓને ટીન એકની કોરી ૭૧૦ સવાએકોતેર ના ભાવે ટીન સહીત વેચાણ આપવાનુ છે. આ સીવાય નોટીફીકેશન નાં. ડી. એફ. ૬૯૮૭ની બીજી કલમો ચાલુ રાખવામાં આવે છે એટલે તે પ્રમાણે લાગતા વળગતાઓએ વર્તવાનુ છે.

તા. ૬-૧૨ ૪૬.

કે. એચ. દેશાઈ.
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ.
કચ્છ સ્ટેટ.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૨૫-૧૧ સને ૧૯૪૬ સંવત ૨૦૦૩ના માસ માગસર સુદ ૨ સોમેને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુન્દરા.	અંજાર.	ભચાઉ.	રાપર.	અબડાસા જખઉ.	લખપત.	ખડીર (ગઢડા.)	ખાવડા.	નખત્રાણા.	રીમાર્ક.
૧	ઘઉં કાડા.....	...	૯૭૬	...	...	...	...	૯૬૦	...	...	૮૯૬	૧૦૨૪	
૨	જીઆ.....	૮૩૨	૭૩૬	...	૭૫૨	૭૦૪	૬૪૦	...	૭૬૮	૬૪૦	...	૭૦૪	
૩	બાજરી	૪૪૮	૪૦૦	૪૩૨	૪૫૬	૪૧૬	૩૨૦	૩૨૦	૩૨૦	૩૨૦	૪૪૮	૩૫૨	
૪	મગ	૪૦૦	૩૭૦	૩૫૨	૯૧૨	૩૦૫	૨૫૬	૨૨૮	૨૫૦	૨૭૨	૨૫૬	૨૮૮	
૫	મઠ (કોરડ).....	૨૫૬	૨૯૬	૨૪૦	૨૩૨	૨૫૪	૧૯૨	૨૦૮	૧૮૦	૨૨૪	૨૦૦	૧૯૨	
૬	જાર	૩૨૦	૨૮૮	...	૩૫૨	૨૭૨	૨૨૪	૧૯૨	૨૦૦	૨૫૬	૩૨૦	૩૨૦	
૭	એરંડા (સદાફળા) ...	૩૮૪	૩૨૮	...	૩૬૮	...	૩૨૦	૩૫૨	૩૨૦	૨૭૨	૩૨૦	૪૬૪	
૮	ગોવાર	૩૨૦	૩૫૦	૩૨૦	૨૮૦	૨૭૫	૨૪૦	૨૮૦	૨૫૦	૨૨૪	૨૮૮	૨૮૮	
૯	તલ	૭૬૮	૭૬૮	૭૦૪	૬૫૬	૬૪૦	૬૪૦	૫૬૦	૬૦	૬૪૦	૬૪૦	૬૦૮	
૧૦	ચોખા ઉંચા	...	...	...	...	...	...	...	...	...		૨૫૬૦	
૧૧	ચોખ હલકા	...	૧૨૭૦	...	૧૪૦૮	...	...	૬૬૦	...	...	...	૧૨૮૦	
૧૨	કાલાં ભાર	...	...	...	૩૧૦	...	૨૫૦	...	...	...	...	...	
૧૩	ઘી	૧૪૦	૧૩૨	૧૪૪	૧૪૩	૧૬૮	૧૭૬	૧૩૫	૧૨૪	૧૬૦	૧૨૪	૧૩૨	
૧૪	તેલ	૬૦	૬૦	૬૬૦	૭૫	૭૫	૭૨	૯૦	...	...	૮૪	૭૨	
૧૫	ખાંડ	૨૮	...	૨૮	...	...	૪૦	...	૩૬	...	...	...	
૧૬	ગોળ	૩૬	...	૩૪	...	...	૩૨	...	૩૪	...	...	...	
૧૭	કડબ	૧॥	૩॥	૨॥	...	...	...	...	...	...	૨	...	
૧૮	કુટી.....	૨	૨॥	...	...	...	...	...	...	...	૩	૧॥	
૧૯	ઘાસ	...	...	...	...	...	...	...	...	...	૧	...	
૨૦	કપાશીઆ	૧૪	૧૪॥	૧૪	૧૪	...	૧૭	૧૪॥	૧૫	...	૧૬	૧૫	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૩૦૩॥	૩૦૨॥	૩૦૬	૩૦૩॥	૩૦૪	૩૦૫	૩૦૩	૩૦૦	...	૩૦૬	૩૦૩	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	૩૦૪॥	૩૦૨॥	૩૦૬	૩૦૩॥	૩૦૪	૩૦૫	૩૦૩	૩૦૦	...	૩૦૬	૩૦૩	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં માપ ૬૪ મણ ૧ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૯૬ કપાસીઆ તોલમાં મણ ૧ ના શેર ૫૪.

માગશર વદ ૨ ભોમે સંવત ૨૦૦૩ તા. ૨-૧૨-૪૬

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

જાહેર ખબર.

ચા. ક. જા. નાં ૧૮૦૧

આથી સવે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના રાજગોર ચત્રભુજ પરસોતમ માંડવી કસ્ટમ હસ્તે ઉંટ ગાડાના સનદી દલાલ હતા તેઓ ગયા ભોમ કારતકમાં ગુજરીજતાં તેમનાં જામીન રાજગોર દામોદર વાગજીએ રીપોર્ટથી જાહેર કર્યું છે કે તેમની ઉંટ ગાડાની સનદ હાથ આવતી નથી તો મજકુર ગુજરી ગયેલ દલાલની સનદ આથી રદ કરવામાં આવે છે.

સદરહુ સનદ કોઇપણ શખ્સને હાથ આવે તો તેનો ઉપયોગ ન કરતાં કસ્ટમ્સ ઓફીસે રજુ કરવી તેમ ન કરતાં જો કોઇ ગેરઉપયોગ કરશે તો તે માટે કાયદેસર કરવામાં આવશે.

માગસર વીદ ૬ શની સાં ૨૦૦૩

તા. ૧૪-૧૨-૪૬.

ભુજ કચ્છ.
કસ્ટમ હાઉસ.

B. H. boatwawlla,
for ચીફ કસ્ટમ્સ ઓફીસર.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ

શ્રી હાઇ કોર્ટ

વ. ખા દી. રા. અપીલ નાં ૮૦ સાં ૨૦૦૨

શા. સામજી સીવજી રે. પ્રજાઉ અપેલેન્ટ

શા. કલ્યાણજી વર્ધમાન વી. રે મુંબઇ રીસ્પેન્ડન્ટ

બાબત દાવો ફરી ફાઇલે લેવા નો હુકમ રદ થવા બાબત

પ્રજાઉના શા નરસી વર્ધમાનને ખબર આપવામાં આવે છે કે આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેનો તપાસ સાં ૨૦૦૩ના પોશ વીદ ૧૧ સુકરવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટ ના ટાઇમે હાજર રહેવું નહીતર કાયદેશર થશે.

મિતી માગશર સુદ ૧૩ શુકરવાર સાં ૨૦૦૩

Hirji S. Somaiya,
મે. ચીફ જસ્ટીસ સાહેબના હુકમથી
શિરસ્તેદાર હાઇ કોર્ટ.

164

જાહેર ખબર.

૨૫૪.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અરજદાર ફરાદીના જાડેજા મેરામણજી ઓધાજીનાં વીધવા બા શ્રી બાઇ સાહેબ બાએ જાડેજા ગગુભા મેરામણજી સગીરના વાલીમના નામે વકીલ શ્રી કુવરજી ભાઈ પાસે કોરી ૪૭૦૦) અમાનત પડી છે તે લેવા હકદાર છે તેવુ વારસા સરટીફીકેટ મલવા બાબત અરજ કરેલી છે ને તેમાં તેણે એવી અરજ કરી છે કે કુવર ગગુભાના નામની જે રકમ કોરી ૪૭૦૦ની વકીલ કુવરજીભાઈ પાસે પડી છે તે લેવાને મને અધીકાર છે તેવુ વારસા સરટીફીકેટ મને અપાવવા કૃપા કરી હુકમ ફરમાવશો તો અરજદારની અરજ પ્રમાણે વારસા સરટીફીકેટ શા માટે ન આપવું તે બાબતમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે ચાલતી સાલના પોસ સુદ ૫ શનીવારના રોજે જવાબ દેવા હાજર થવુ જો મુદતસર હાજર નહી થાશો તો કોઇને કાંઇ તકરાર કે વાંધો નથી એમ જાણી વારસા સરટીફીકેટ અપાવવામાં આવશે ને પાછળથી કોઇની કાંઇ તકરાર સાંભળવામાં આવશે નહી.

માગસર સુદ ૧૦ બુધે શાં. ૨૦૦૩.

સવાઇલાલ લખમીશંકર.
મે. પ્રે. જા. કો. નાં હુકમથી.

જાહેર ખબર.

૮૨૯.

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ તરફથી.

શ્રી વ. ખા. દી. મુલ કામનાં ૯૨ શાં. ૧૯૯૯ વાળામાં શાં. ૨૦૦૩ના કારતક વીદ ૧૩ ગુરૂવા ના રોજ પ્રોલીમીનરી ડીક્રી થઇ છે તેમાં ઠર્યા પ્રમાણે આથી સર્વે લાગતા વળગતાને જાહેર કરવામાં આવે છે કે અજારના મીસ્ત્રી નારાણ રતનાના નામથી ચાલતી પેઢીની ભાગીદારી શાં. ૧૯૮૧ના ફાગણ વીદ ૦)) નાં રોજથી બંધ (dissolve) થઇ છે માને છુટી થઇ છે.

માગસર સુદ ૧૧ બુધે શાં ૨૦૦૩.
તા. ૪-૧૨-૪૬.

શીવલાલ છગનલાલ નાઝર.
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓ શ્રી ભીવજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ડિસ્ટ્રીકટ કોર્ટ

ના. ૧૨૭.

માંડવીની કંશારાની નાતના અગ્રેસરો ૧ કંશારા મેગજી હીરજી—માંડવી	વાદીઓ
કંશારા રવજી દેવકરણની વિધવા માણેકબાઇ માંડવી	પ્રતીવાદીઓ

દાવો જગ્યા બાબત

માંડવીની કંશારાની નાતના નીચે લખ્યા શખ્શોને માલમ થાય કે ઉપર જણાવેલ ત્રણ વાદીઓએ માંડવીની કંશારાની નાતના અગ્રેશરો તરીકે ઉપર જણાવેલ પ્રતીવાદી વીરૂધ્ધ ઉપર જણાવ્યા પ્રમાણે દાવો કર્યો છે માટે તમોમાંથી કોઇને વાદીમાં દાખલ થવું હોય તેણે શાં ૨૦૦૩ ના મહા સુદ ૩ સુધીમાં કે તે રોજ અહી કોર્ટમાં હાજર થઇ અરજ કરવી જો કોઇ તરફથી તેવી અરજ મુદતની અંદર કરવામાં નહીં આવે તો મુદત વીતે ઉપર જણાવેલ ત્રણ વાદીઓ માંડવીની કંશારાની નાતના અગ્રેશરો છે અને તે તરીકે તેઓ દાવો ચલાવી શકે છે એમ ગણવાં આવશે.

૧ કંશારા વલભજી મોનજી
૨ ,, ગંગાધર શામજી
૩ ,, લખજી શામજી
૪ ,, હીરજી દામજી
૫ ,, કલ્યાણજી હીરજી
૬ ,, દયારામ હીરજી
૭ શોની ધરમશી પ્રેમજી
૮ શોની જેઠાલાલ પ્રેમજી
૯ શોની જેઠાલાલ ગંગાધર
૧૦ કંશારા ધારમી પદમશી
૧૧ સોની માધવજી દેવશી
૧૨ સોની હરીરામ દેવશી
૧૩ ,, રવજી જેરામ
૧૪ ,, રામજી વીશનજી
૧૫ ,, જયરામ કાનજી
૧૬ ,, રામજી ખેંગાર
૧૭ ,, કાનજી ખેંગાર
૧૮ ,, હરીરામલીલાધર
૧૯ ,, શામજી વિશ્રામ
૨૦ ,, ધારસી કારા
૨૧ ,, છગન હીરજી
૨૨ ,, કેશવજી પ્રેમજી
૨૩ ,, કેશવજી માધવજી
૨૪ ,, વેલજી મોનજી
૨૫ ,, મમુ જેઠા
૨૬ ,, પરસોતમ અરજણ
૨૭ ,, મુરજી પચાણ
૨૮ ,, મુરજી તેજસી
૨૯ ,, લાલજી કાનજી
૩૦ ,, દામજી ખીમજી
૩૧ ,, ભવાનજી દેવજી
૩૨ ,, નાનજી દેવજી
૩૩ ,, વેલજી નારણ
૩૪ ,, ચત્રભુજ ગાગજી
૩૫ ,, ઓધવજી કારા
૩૬ ,, નેણસી જયરામ
૩૭ ,, વિશનજી પ્રેમજી
૩૮ ,, વીશનજી હીરજી
૩૯ ,, જયરામ વીશનજી

165

૪૦ સોની કાકુ કુમરસી
૪૧ ,, સીવજી જેરામ
૪૨ ,, હીરજી ગાંગજી
૪૩ ,, શીવજી ગોવીંદ
૪૪ ,, વેલજી પ્રાગજી
૪૫ ,, પરસોતમ દામજી
૪૬ ,, વારસી કારા
૪૭ ,, ધરમસી રતનસી
૪૮ સોની મેગજી હીરજી
૪૯ સોની પ્રેમજી મોનજી
૫૦ સોની હરીરામ દામજી
૫૧ ,, પરસોતમ ગાંગજી
૫૨ ,, જાદવજી ગાંગજી
૫૩ ,, મુરારજી માવજી
૫૪ ,, ભાણજી દેવશી
૫૫ ,, ગોવંદ નથુ
૫૬ ,, ભાણજી ગોવંદ
૫૭ ,, આણંદજી ભાણજી
૫૮ ,, વલભજી કાનજી
૫૯ ,, મીઠુ એ.ધવજી
૬૦ ,, સુંદરજી ભાણજી

મીતી માગશર સુદ ૧૦ ભોમવાર શાં ૨૦૦૩.

જયસુખલાલ દુર્લભદાશ.
ઓ. ડી. શેશન જડજ સાહેબના હુકમથી.

નાં ૩૬૪ જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે લખપત તાલુકામાં રા. પાનંદ્રો ક્રુ હસ્તેનું ગામ મોટી ગુએરની જમીનમાં ઉભ શુક થઇ ગએલ બાવળોના મુળ ૮૬ છ્યાસીના મણ ૩૫૦૦ થી ૪૦૦૦ પાંત્રીસ સોથી ચાર હજાર આસરે જાહેર ચડાખડીથી અમારા રૂબરૂ છેવટ આંકે વેંચાણ કરવાની તારીખ પોસ વીદ ૮ મંગળવાર શાં ૨૦૦૩ તા. ૧૪-૧-૪૭ને રોજ સ્ટેન્ડર્ડ ટાઇમ બપોરના ૨ બે વાગ્યે ગુએર મુકામે રાખવામાં આવેલ છે માટે જેઓએ આ લાકડાં વેંચાણ રાખવા મરજી હોય તેઓએ એ તારીખે અને વાઇમે ગુએર મુકામે હાજર થવું.

આ ઉભ શુક બાવળો દરીયા રસ્તે માંડવી, મુંદ્રા કે કચ્છનાં બીજાં બંદર ઉપરથી તે બદર લગતાં શહેરો કે ગામોએ લઇ જવાની છુટ આપવામાં આવશે

માગશર વીદ ૮ સોમે શાં ૨૦૦૩ તા. ૧૬-૧૨-૪૭

આ. ચા. વૈષ્ણવ,
આસી. રેવીન્યુ કમીશ્નર ૫. વિ.

માં.ન.સ.જા.નાં. ૧૦૮.માંડવી નગરસભા તરફથી.

આથી નીચે માર્જીનમાં લખ્યા પ્રમાણેના સંબંધ કર્તાઓને જાણ કરવામાં આવેછે કે મજમુ જગ્યાઓની ડેલીની અંદરની તથા રસ્તા પર પડતી વિચેણી સાફ કરાવવા. વિચેણીનાં ભોંખાળો વગેર કરાવવા તથા રસ્તા પર જગ્યા ધણી-જગ્યા ધણી ન હોય તો વહીવટ કરનારઅને તે પણ ન હોય તો ભાડુતો. ખાળોને પાઇપ ભોંખાળ વગેર સેનીટરી ફીટીંગ્સ કરાવવા વગેરની વ્યવસ્થા તેઓએ આ જાહેરાતની તારીખથી રોજ ૧૫ પંદરમાં વ્યવસ્થા કરાવી લેવી. મુદત બાદ જો ઉપર પ્રમાણેની વ્યવસ્થા થયેલ નહિં હોય તો નગરસભાના બાયલોઝ પ્રમાણે તેઓને ખર્ચે નગરસભા વ્યવસ્થા કરાવશે. અને થયેલ ખર્ચ ધોરણસર વસુલ કરશે.

આશા રાખવામાં આવેછે કે દરેક પોતેજ પોતાની શહેરી તરીકેની ફરજ સમજી તંદુરસ્તી માટે મુદત દરમ્યાન વ્યવસ્થા કરાવી લેશે.

માગસર વિદ ૧૦ બુધવાર સાં. ૨૦૦૩.

ભુપતરાય કરશનજી, માંડવી નગરસભા સેક્રેટરી.
કલ્યાણજી ધનજી, માંડવી નગરસભા પ્રેસીડન્ટ.

જાહેર ખબર.

મા. ન. જા. વ. ૧૧૫

માંડવિ નગરસભા ઓફીશ તરફથી

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે કે. માંડવી શહેરમાં વોરા બજારમાં મંછાદેવીની શેરીમાં જગા ૧ નીચે લખી ચતુરદશા વાલી આવેલી છે.

૧ ઉતરાદી નરફ શા. ચુનીલાલ વીરચંદની જગ્યા છે.
૨ દક્ષણાદી તરફ અશલ ગછના દેશાશરનો ડેલો છે.
૩ ઉગમણી તરફ શા. રવજી વિજપારની જગ્યા છે.
૪ આથમણી તરફ મંછાદેવીનું મંદીર છે.

એણીરીતે શદરહુ જગ્યા જીણુ સ્થિતીમાં થઇ જતા તેનો માલીક પાધરો ન થતાં માંડવી નગરસભાએ બાયલોજની કલમ ૧૧૧. પ્રમાણે પડાવિ નાખેલ છે. જેના કાટમાલનુ લીલામ કરતાં કોરી ૧૫૦ એકસો પચાશ ઉપજેલ છે.

આ જગ્યાનો જે માલીક હોય તેમણે ખર્ચ બાદ જતાં બાકીની રકમ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી રોજ ૧૫ માં ખાત્રી આપી નગરસભાની ઓ-

ફીયેથી લઈ જવી નહીતર શ્રી દ બાર દાખલ કરવા ઘટીત કરવામાં આવશે.

માગસર વદ ૧૧ બુધવાર શાં. ૨૦૦૩
તા. ૧૮–૧૨–૪૬.

ભુપતરાય કરસનજી કલ્યાણજી ધનજી.
માંડવી નગરસભા માંડવી નગરસભા
સેક્રેટરી. પ્રેસીડેન્ટ.

શ્રી અંજાર નગરસભા ઓફીશ તરફથી

અં. ન. જા. નાં ૧૫૯ જાહેર ખબર

આથી જાહેર પબ્લીકને ખબર આપવામાં આવેછે કે ખાતર વેંચાણ કરી ઊપજ નગરસભા અગે ઊપજાવવાની હકીકત નામદાર રા. રા. રાઓ બહાદુર દીવાનજી સાહેબ હજુરથી જયુ. જા. નાં ૨૪૮ કારતક વદ ૩ મંગળવાર શાં ૨૦૦૩ તા. ૧૨-૧૧-૪૬ થી જાહેર થઇ આવેલ છે.

માટે અંજાર નગરસભાની હદમાંનુ તમામ ખાતર અંજાર નગરસભાની માલીકીનું છે તે કોઇએ પણ અંજાર નગરભાથી લાસયશન્શ મેળવ્યા વગર માગશર વદ ૩ બુધવાર શાં ૨૦૦૩ તા. ૧૧–૧૨–૪૬ના રોજ થી ઊપાડવાનું નથી જે કોઇ વગર પરવાનગી ચીઠી એ ઊપાડશે તો આહીંનો ગુનો કરશે તેના પર ચોરી નું તોમત મુકી કાયદેશર કરવામાં આવશે.

શ્રી અંજાર નગરસભાની માગશર સુદ ૯ શોમવાર ની કમીટીના ઠરાવ મુજબ લાયશન્શ ફી હાલે નીચે પ્રમાણે રાખવામાં આવેલ છે.

(૧) ગાડા દીઠ માશીક કોરી ૧૫ પંદર
(૨) ગધેડા ગાડી દીઠ માશીક કોરી ૧૦ દશ
(૩) છાલકાં દીઠ માશીક કોરી ૧૧ સવા

તે પ્રમાણે લાયશન્શ કઢાવી જવા અને લાયશન્શ વગર અંજાર શહેરની નગરસભાની હદમાંથી ખાતર ઊપાડવાનું નહીં એમ આથી જાણ કરવામાં આવેછે

મીતી માગશર સુદ ૧૧ બુધવાર શાં ૨૦૦૩

મગનલાલ દેવશંકર અંજારીઆ, સેક્રેટરી, અંજાર નગરસભા
કાંતિપ્રશાદ ચં. અંતાણી, પ્રસીડેન્ટ, અંજાર નગરસભા.

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભુજ અદાલત

દાવાનો નાં ૨૧૭ સાં ૨૦૦૨

મુળજી હંશરાજ ભુજ વાદી
ગાગલ જીવણ તેજા વી. મોડસર પ્રતિવાદી

દાવો

વાડીનો ભોગ બુટા સહીત કબજો મળવા બાબત

મોડસરના રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે વાદીએ તમારા ઉપર વાડીનો ભોગ બુટા સહીત કબજો મળવા બાબતનો દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના માસ પોસ સુદ ૬ વાર શનીને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલ ના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અખીકાર અપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોડા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

૧ ગાગલ જીવણ તેજા
૨ ગાગલ નારાણ તેજા
૩ ગાગલ ગંગા ભારમલના વારશો
૩/૧ ગાગલ વાસણ ગંગા
૩/૨ ગાગલ રત્ના ગંગા
૩/૩ ગાગલ જીવા ગંગા સગીરના વાલી ગાગલ વાસણ ગંગલ
૪ ગાગલ મેઘા ભારમલના વારશો
૪/૧ ગાગલ કરશન મેઘા
૪/૨ ગાગલ ભાણા મેઘા સગીરના વાલી કરશન મેઘા

મિતી માગશર સુદ ૧૪ શની સાં ૨૦૦૩

પુંડરીકરાય મહાદેવ
મે. ભુજ ન્યાયાધીશ સાહેબ હુ. થી

મહારાજા વિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભુજ અદાલત

ખા. દી. દાવાનો નંબર ૧૧૧ સંવત ૨૦૦૨
ભાટ વેલજી મોનજી ભુજ વાદી
વોરા અબ્દુલહુશેન અલીભાઇ ભુજ પ્રતિવાદી

દાવો

જગ્યા બાબત

ભુજ હાલે આફ્રીકાના રહેનાર વોરા અબ્દુલહુશેન જીવણને માલમ થાય જે વાદી ભુજના વાદી ભાટ વેલજી મોનજીએ તમારા ઉપર જગ્યા વટાંતર છોડાવવા બાબતનો દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ ના માશ પોશ વદ ૧૨ વાર શનીને રોજ સવારના ૧૧॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના

જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલન મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઈ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થઓ તો તમારી ગેર હાજરીમાં મુદ્દા ઠર વવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

માગશર વદ ૫ વાર શુક્રે સંવત ૨૦૦૩

S. R. vaidya,

ભુજ ન્યાયાધિશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

તામીલની દરખાસ્ત નંબર ૯ સંવત ૨૦૦૩

અંજાર અદાલત તરફથી

તામીલની નોટીશ ૮૭૦

ગળપાદર સ્થાને છગનલાલ મકનજીને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર અંજારના ઠા. હરીરામ ભવાનજી રહેનાર વિ. ના એ બાબત લેણાં બાબત દાવો નં. ૨ સંવત ૨૦૦૨ વાળો કરેલ તેનો ખુલાસો સવત ૨૦૦૨ના વૈસાખ સુદ ૧૪ ને રોજ અંજાર અદાલત તરફથી થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રા. ફારી ૧૦૫૭ તમામ ખર્ચ સીમે આપે ન આપે તો હરેક મિલ્કત વસુલ કરે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોચેથી રોજ ૧૫ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતિ આસુ વીદ ૨ શુક્રે શાં. ૨૦૦૩

અમૃતલાલ તારાચંદ,

મે. અંજાર ન્યાયાધીશ સાહેબના હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અંજાર દિ. અદાલત. નાં ૧૫૪૩

ખા. દિ. દાવાનો નાં. ૧૯૭ સંવત ૨૦૦૨

મેમણ શીધીક થાર્યા ખેડોઇ વાદી

પીંજારા રમજુ આમદ વી ખેડોઇ પ્રતિવાદી

દાવો—લેણાનો.

ખેડોઇ રહેનાર પીંજારા રમજુ આમદને માલમ થાય જે વાદીએ તમારા ઉપર ફારી ૧૨૫૬) ચડતાં વ્યાજે મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે આ શમન્સ છપાયાની તારીખથી માશ ૧ ની અંદર સવારના ૧૦॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ માગસર વીદ ૨ ભોમે સવત ૨૦૦૩

જીવરામ જાદવજી,

મે. અંજાર ન્યાયાધીશ સ. ના હુ થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

શ. નાં. ૧૯૮

શ્રી ભચાઉ અદાલત

ખા. દી. દાવાનો નંબર ૧૮૭ સંવત ૨૦૦૩

છેડા પચાણ અરજણ ભચાઉ વાદી

શાવલા વેલજી કુંભા એજ પ્રતિવાદી

દાવો—લેણાનો

મુંબઇના રહેનાર શા. લખમશી કુંભાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણાં બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે આ શમન ગેજેટમાં છપાયાની તારીખથી ૧૫ રોજની અંદર સવારના ૬॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર ન હુ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ માગસર વીદ ૩ વાર બુધવાર સંવત ૨૦૦૩

Narottam D. Mehta,

ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા વિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ૪.
નામદારની રાપર દીવાની કોર્ટ માં
ખા. દી. શા દીવાની કામ ન ૪૦૩ શાં ૨૦૦૩.
ગઢેયા દામજી માણેકચંદ રે. ફરેહાંદ વાદી
મેઘવાર ગેવદશના રે. સીંધ હેદ્રાબાદ પ્રતીવાદી
દાવો નાં ૫૮૨
લેહેણા બાબત

સીંધ હેદ્રાબાદના મેઘવાર ગેવદશનાને માલમ થાય જે આ વાદીએ તમારા ઉપર લેણા કોરી ૧૮૦) મલવા કરેલ છે તેનો જવાબ દેવા શાં ૨૦૦૩ના પોશ વીદ ૪ શુક્રવારના કોર્ટના ટાઇમે સવારના દસ બજે હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

મન્ગસર સુદ ૩ ભોમવાર શાં ૨૦૦૩.

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર.
મે. જો રાપર ન્યાયાધીશના હુકમથી.

મહારાજા વીરાજ મીરજા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી બી. ૪.
ખા. દી. તા. કા નં. ૪૩૩ ૨૦૦૧
શ્રી રાપર દીવાની કોર્ટ
ગઢેયા ધનજી ભગવાનજી ભીમાસર વાદી
ધારંટી હીરા ગજુ વી. ઐજ પ્રતીવાદી
દાવો કોરી ૩૧૧૧ મળવા

ભીમાસરના નીચે લખ્યા સહોને માલમ થાય જે આ વાદીએ તમારા પર શ્રાવણ સુદ ૨ શં. ૧૯૯૬ વાળા ઠરાવ પ્રમાણે કોરી ૩૧૧૧ની તામીલ થવા વાદી અરજ કરે છે માટે આ નોટીસ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર વાદીના લહેણાની તામીલ કરી પહોંચ રજુ કરજો નહીંતર કાયદેસર થશે.

૧ ધારંટી નારણા રૂડા
૨ ધારંટી ભવાન ગોપારા
૩ ધારંટી નામેરી ગોપારા
૪ ધારંટી દુદા ગોપારા શગીરનો વાલી નં. ૨
૫ ધારંટી વણવીર નાથા

મીતી માગસર સુદ ૯ સોમવાર સં. ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર,
મે. જો. રાપર ન્યાયાધીશ સા. ના. હુ.થી.

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર. જી. બી. ઈ.
ખા. દી. તા. કામ નં. ૪૩૪ ૨૦૦૨
શ્રી રાપર દીવાની કોર્ટ
ગઢેયા ધનજી ભગવાનજી ભીમાસર વાદી
ધારંટી હીરા ગજુ વી. ઐજ પ્રતિવાદી
દાવો કોરી ૩૧૧૧ મલવા

ભીમાસરના નીચે લખ્યા સહોને માલમ થાય જે આ વાદીએ તમારા પર પ્રથમ શ્રાવણ સુદ ૨ સં ૧૯૯૬ લાગા ઠરાવ પ્રમાણે કોરી ૩૧૧૧ની તામીર થવા વાદી અરજ કરે છે માટે આ નોટીસ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર વાદીનાં લેણાંની તામીલ કરી પોંચ રજુ કરજો નહીંતર કાયદેસર થશે.

૧ ધારંટી નારણા રૂડા
૨ ધારંટી ભવાન ગોપારા
૩ ધારંટી નામેરી ગોપારા
૪ ધારંટી દુદા ગોપારા શગીરનો વાલી નં. ૨
૫. ધારંટી વણવીર નાથા

મિતી માગસર શુદ ૯ સોમવાર સંવત ૨૦૦૩.

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર,
મે. જો. રાપર ન્યાયાધીશ સા. ના. હુ થી.

જાહેર ખબર.

જા. નાં ૪૭૩.

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ભુજના મેમણ અબ્દલ લતીફ કાદરદીનાએ ભુજના ગુ. ભવાનીગરજી હરનામગીરજીના પાવરથી તેના ચલા ગુશાઇ મણીવંદદુગરજી ભવાનીગરજી પાસેથી વંડી, ભીડમા ઢેલા ફળીયામા ગઢની રાંગમાં ડેલીબંધ છે તે કોરી રૂ.૧૦૦ એકવીસોમાં અધાટ લેતાં તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનુ કાંઇ લેણુ હક હીસો હોય તેમણે ૧ માસની અંદર અહીની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીત્યા બાદ કોઇનુ કાંઇ નહીં સાંભળતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

માગશર વીદ ૧૧ ગુરૂ શાં. ૨૦૦૩

Manharlal. M.
ભુજ વહીવટદાર.

નાં ૨૬૧ જાહેર ખબર

માંડવી વહીવટદાર કચેરી તરફથી

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના મેમણ મામદ અમદે સીંધી મેમણ અબ્દલા ઇસાકને મતે મછીપીઠમાં મંઘરા ફલીયામાં જગ્યા એકનો રૂ. ૦) માં અધાટનો હક વેચાણ લીધેલ છે તેના ટકા ચુકી ચુકાવી છાપો થવાની અરજ થયેલ છે તો આ જગ્યા સંબંધમાં કોઇનો કાંઇપણ હક હિસ્સો કે લાગતું વળગતું હોય તેણે આ જાહેર ખબર છપાયાની તારીખથી એક માસની અંદર આહીં જાહેર કરવું નહીંતર મુદત વીતે છાપો કરી આપવા સબંધમાં ઘટતુ કરવામાં આવશે.

માગશર સુદ ૧૩ શુક્રે શાં ૨૦૦૩

નરોત્તમરાય દયાશંકર,
માંડવી વહીવટદાર
ડી. સ.

પ. જા. નાં ૭૫ જાહેર ખબર.

આથી શર્ત લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદરાના ભાટીઆ દા. મુરારજી નથુએ મુંદરાના તે હાલે ભુજવાસ્તા શા જીવરાજ વીરચંદની વીરવા નાતુબાઇ પાશેથી ફોફર ફલીઆ નજીક આણીઆવાલી કેવાની ડેલીમાં આવેલ જગ્યા શાં ૨૦૦૨ના કાગચ વીદ ૩ની મીતીના દસ્તાવેજથી અઘાટ હમીરાવાર વેચાણ લીધેલ છે તેનો છાપો થવા દસ્તાવેજ આહી આવેલ છે માટે શહરહુ સ્થાવર મીલ્કત ઉપર કોઇનું કાંઇ લેણું હોય અગર હક હીશો હોય તો તેઓએ આ જાહેર ખબર શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ થવાની તારીખથી માશ ૧ એકની અંદર આહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું મુદત વીતે છાપો થવા વીશે ઘટીત કરવામાં આવશે.

મીતી માગશર સુદ ૯ સોમે શાં ૨૦૦૩

Harilal Somji,
મુંદ્રા વહીવટદાર

જાહેર ખબર.
નાં ૧૮૬.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા. માડવી વોટર પોલીશ ઇન્સપેકટર સાહેબની વાદ નાં ૫૮ કારતક વદ ૫ બુધે શાં ૨૦૦૩ વાલીમાં જપ્તે ॥ હરીભાઇ રેલમાંથી લાકડાનો ખુંટો એક હાથ આવેલ જે જપ્તો વોટર પોલીસ હવાલદારે મેજર થા કમજે લેતાં કોરી ૪૦૦ ચારસો આસરેનો કહેવાય છે માટે આ લાકડાનો ખુંટો જેનો હોય તેણે એક માસની અંદર હાજર થઇ ખાત્રી પુરાવો આપી ખર્ચ દઇ લઇ જવો નહીતર મુદત વીતે શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

માગશર સુદ ૭ શની શાં ૨૦૦૩

K. V. thaker.
અબડાસા વહીવટદાર

જાહેર ખબર.
૧૩૯

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ખડીર તાલુકાના ગામ જનાણુના હવાલદાર તરફથી જનાણુની સીમે આવેલ રોલ ઘોડી જુવે એક વાને ભુરી માંકડી ઉ વ. ૧૬ આસરેની કીમત કોરી ૫૦૦ આસરેની તેને નીશાની ચારે પગે ધોવેલ છે માથામાં ધોરવાનુ છે (પંચકલ્યાણી દેવમણુ) પુંદમાથે ભાંકાં છે તથા ધોરાભડાં છે (ધોસેરીના) એ રીતે નીશાનવાળી ગેપાલ થઇ આવે છે સબબ આ ઘોડી જેની હોય તેણે આ જાહેર ખબર પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની અંદર અમારી પાસે હાજર થઇ ખાત્રી પુરાવો આપી ખાઇ ખોરાકી ખર્ચાઇગયા ખર્ચ વિગેરે મુકાવી લઇ જવી નહીતર મુદત વીતે શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

માગશર સુદ ૧૫ રવીવાર શાં ૨૦૦૩.

રાઘવજી માધવજી ઠકર.
ઇ ખડીર થાણુદાર.

-જાહેર સુચના.-

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

હુ નીચે સહી કરનાર કચ્છ મુંદ્રાના કાયસ્થ વૈષ્ણવ મહેતા ત્રંકમજી ઉર્ફે લધુભાઇ ભાણજી આથી લાગતા વળગતા સર્વેને જાણ કરૂંછું કે અમારા વડીલોના વખતની તથા મારા ગુજરનાર ભાઇ રણછોડદાસ વાળી મીલ્કત તથા મારી અંગત મિલ્કતોના ફાળા મે કરી નાંખ્યા છે મારા એક દીકરા નાનાલાલને સ્થાવર તથા જંગમ મિલ્કત આપી મેં શા ૨૦૦૩ ના શ્રાવણ વિદ ૧ ની તિતિના ફાળાથી જુદો કર્યોછે અને ત્યારપછી મહુંમભાઇ વિશનજીના દીકરા અમૃતલાલ ઉર્ફે બાલુ તથા મારા દીકરા લાલશંકર અને બિહારીલાલ અને ભોગીલાલ એમને પણ શા. ૨૦૦૩ ના ભાદરવા સુદ ૩ ની મિતના ફાળા કરી જુદા કર્યાછે મારા ગુજરનાર ભાઇ રણછોડદાસની કરીઆણાંની દુકાનનો માલ વહીવટ તથા ઊઘરાણી લેણાં લેખાંની સ્વતંત્ર માલિકી મારા એકલાની રાખવામાં આવીછે અને તે દુકાન ત્યારથી મારાં નામથી મારી દેખરેખ નીચે મારી પરવાનગીથી મારીવતી મારો સૌથી નાનો દીકરો ભોગીલાલ ચલાવેછે મારા ગુજરનાર ભાઇ રણછોડદાસની લેતીદેતી વગેરેની માલિકી મારી હોતાં તેવાં લેણાં લેખાં હું વસુલ કરૂંછઉ: એટલે રણછોડદાસ ભાણજીના કોઇપણ લેણદારે તે લેતીદેતી સંબંધી કાંઇપણ વહેવાર મારા ભત્રીજા અમૃતલાલ ઉર્ફે બાલુ સાથે કે મારા કોઇપણ દીકરા સાથે કરવો નહી તેમજ તેનાં નાણાં મારા સિવાય બીજા કોઇને પણ આપવા નહીં મારા દરેક દીકરાનો વહેવારને પોતે પોતાની જવાબદારીએ જુદો કરેછે મારા દીકરા નાનાલાલે પોતાની દુકાન જુદી કરીછે તેનો વહીવટ તે પોતે પોતાને હિસાબે અને જોખમે ચલાવેછે તે સાથે મારો કે મારા ભાઇ રણછોડદાસની લેતીદેતીનો કશોપણ સંબંધ છે નહી અને રાખ્યો પણ નથી તેમજ મારા બીજા કોઇ દીકરા પોતાની અંગત કાંઇ લેતી દેતી કરે કે વેપાર કરે તે સાથે મારો કે મારાનામથી ચાલતી

દુકાનનો કાંઇ પણ સંબંધ નથી એટલે વેચણના કરાની મિતિથી તેમજ તે મિતિથી પહેલાં મરજીઆગનાં હિતાર્થે ન હોય તેવી કોઇ પણ લેતી દેતી મારા દીકરાઓ સાથે હોય કે થાય તે માટે હું કે મારી મિલ્કત જવાબદાર નથી એમ જાણવું.

મુંદરા- કચ્છ- કારતક સુદ ૨
વૈધ મહેતા ત્રીકમજી ભાણજી શાહી
દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર મુંદરા તાલુકાના ગામ રામાણીયાના શા લાલજી મેઘજી આથી જાહેર જનતાને જાહેર નોટીશ આપુ છું કે મારા પીતા મેઘજી જેઠા ઉમર વરસ ૯૦ ૯૨ ના આસરે જેફ ઉમરના છે અને નાદુરસ્તના તબીયતના છે અને અશીણના બધાણી છે જેથી તેમની મગજ શક્તિ ઘણી નબળી થઇ ગઇ છે. જેથી તેઓ કોઇ પ્રકારનો વહીવટ કરવા અશક્ત છે. અમારી ગામ રામાણીઆમાં સ્થાવર જંગમ મીલ્કતો વીગેરે વડીલો પારજીત છે, અને મારા પીતા આવી મગજની નબળી સ્થીતી તથા નાદુરસ્ત તબીયત ભોગવતા હોવાથી હું વહીવટ લેતીદેતી વીગેરે વરસો થયા કરૂં છું પરંતુ તેમની આવી સ્થીતીનો લાભ લઈ ઘણા લોકો તેમની સાથે ખોટુ સાચું સમજાવી કોઈ ખાતુ કે સ્થાવર મીલ્કત મંડાવી લેવાના પ્રયત્નો કરે છે. અને આમ કરવાથી પોતાના સ્વાર્થ બુધ્ધીની ખાતર ખોટી રીતે નુકસાન અમને કરવાનો ઇરાદો લોકોનો છે. માટે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે આવા સંયોગોમાં વરસો થયા હું વહીવટ કરતો હોવાથી કોઇએ કંઇ દસ્તાવેજો કે વહીવટ મારા પીતા સાથે કરેલ હશે તેમને કે મીલ્કતને કે મારા પીતાને બંધન કારક નથી તેમજ કોઈ પણ પ્રકારની લેતી દેતી કે વહીવટ વેપાર કે સ્થાવર જંગમ મીલ્કત બાબત કોઈ પણ દસ્તાવેજ મારા પીતા પાસેથી મંડાવી લેવામાં આવશે કે લેતી દેતી કરવામાં આવશે તે મને, મારા પીતાને યાતો કોઈ મીલ્કતને બંધન કારક નથી.

કારતક વદ ૧૪ સુક્રે શાં. ૨૦૦૩

શા લાલ મેઘજીની સહી દા. પોતાના

જાહેર ખબર.

સેડાતના રાઠોડ નુરબાઈ કસર આથી લાગતા વળગતાને જણાવું છું કે ગામ સુમરાસર ની ઉતરાદી સીમમાં ખતર નામે સોતાઇનાંઢો મારા ભાઇ સલેમાન તથા ઇસમાલની માલીકીનું છે અને તેઓ ગુજરી ગયા છે તેમની પાછળ હું તથા મારી બેન એનણાબાઇ છીએ અને અમો બંનેના કબજા ભોગવટામાં છે અને દરસાલે પેદાસ ખાઇએ છીએ આ ખેતરમાં કોઈનો કાંઈ હક હીસો નથી માટે આ ખેતર ઉપર કાંઇએ ધીરધાર કરવી નહી તેમજ વેચાણ લેવો નહી તે છતાં આ ખેતર ઉપર કોઈ ધીરધાર કરસે અથવા કાંઈ વેચાણ લેસે તો તે અંગે અમારા ખેતર અંગે કાંઇપણ જવાબદારી રહેશે નહી એમ આથી જણાવું છું.

માગસર સુદ ૧૫ રવીવાર શાં ૨૦૦૩
તા ૮-૧૨-૪૬.

૧. રાઠોડ નુરબાઈ કેશરની સહી.
દઃ શાંતીદાસ રવજી બાઈના કહેવાથી,

ખાનગી જાહેર. ખબર

હુ ભુજના જવેરી જગજીવન દીપચંદ આ જાહેર ખબરથી સર્વ જનતાને જાણ કરૂં છું જે ગામ ભુજ મધ્યે વાણીયાવાડના મોટા ડેલાની અંદર જવેરી કલ્યાણજી સંગડની ડેલીમાં અમારા વડીલો પાર્જીત જગ્યા આવેલી છે તે જગ્યામાં એક ભાગમાં હું તથા મારા કાકા પાસવીર રૂપચંદ રહીએ છીએ તથા બીજા ભાગમાં મારા કાકા પરસોતમ રૂપચંદ રહે છે હું તથા મારા કાકા પાસવીર ઘણો વખત થયા ધંધામાં પરદેશ વસતા હોવાથી અમે મારા કાકા પરસોતમ દેશમાં રહેતા હોવાથી મજકુર જગ્યાના તમામ દસ્તાવેજો મારા કાકા પરસોતમના કબજામાં છે મજકુર જગ્યામાં મારો તથા મારા બને કાકાનો સરખો ભાગ થાય છે મારા કાકા પાસવીરની હમણા થોડો વખત થયા મગજની સ્થીતી બરાબર રહેતી નથી તે મારા સાથે રહયા છે મારા કાકા પરસોતમ જુદા રહે છે અને જુદો ધંધો કરે છે.

હાલે મારા જાણવામાં આવ્યું છે કે મારા કાકા પરસોતમ મજકુર અમારી વડીલો પાર્જીત જગ્યા ઉપરથી પૈસા ઉપાડી બોજો કરવા માગે છે આવીરીતે આખી જગ્યા ઉપરે બોજો કરવા તેને

અધીકાર નથી અને મારો તથા મારા કાકા પાસવીરનો મજકુર જગ્યાની અંદરનો ભાગ માંડી આપવા તેને સતા નથી મારા કાકા પાસવીરને પસા ઉપાડવાની કાંઇ પણ કાયદેશર જરૂરીઆત નથી તેવા સંજોગોમાં જો કાંઇ પણ શખ્સ મજકુર જગ્યામાં મારા તથા મારા કાકા પાશવીરના ભાગ ઉપરે કંઇ પણ રકમ ધીરશે તો તેઆની જવાબદારી અમારા ભાગ ઉપરે નહી રહેતાં પૈસા લેનારને શીર અંગત રહેશે એમ આથી સઉને સમજવાનું છે. એજ.

મીતી માગશર વદ ૧ સોમે શાં. ૨૦૦૩.

ઝવેરી જમજીવન દીપચંદની સહી. દઃ પોતાના.

ખાનગી જાહેર ખબર

અમો ભચાઉ તાલુકે વોધનાં રહેનાર બાબી આ જુઠા સામા તથ કચરા સામા તથા માંકણ સામા આથી સર્વ લોકોને ખબર આપીએ છીએ કે અમારા સગા કાકાનો દીકરો લીરા વીસરામ પુત્ર કે પુત્રી શતતી વીના અજો ૩ વરસ થયા ગુજરી ગયા છે પાછળ તેની વીધવા નાની બાઇ છે મજકુર અમારા ભાઈ લીરાની હયાતીમાંજ તેની ઓરતથી લીરાને ઘણોજ અસતોસ હતો એટલે લીરાએ ગુજરવા પહેલા પોતાની તમામ સ્થાવર મીલકત અમારા પીતા સામા ઉકાને કેજે લીરાના ભતીસ્યના વારસ થાય તેમને સોંપી આપેલી છે અને ત્યાંથી તે સ્થાવર મીલકત અમારા કબજા ભોગવટામાં છે અને સ્થાવર મીલકત સીવાય પોતાના લેણા દેખાનો વહીવટ પણ અમારા પીતા કે અમને સાથે રાખી તેની ઓરત કરે તેવી ભલામણ અપેલ લીરાના ગુજરવાબાદ તેનાં લેણાનો વ્યાજ તેમજ લેતીદેતી હાલ સુધી અમારી સમતીથી અમને સાથે રાખી તેની વીધવા કરતી હતી અને તેમાંથી તેણીનું ભરણ પોષણ ચલાવતી હતી.

લીરાની વીધવા ઘણાજ ભોળા સ્વભાવની અણ સમજુ યુવાન વયની હોઈ તેણીને પહખે કેટલાક સ્વાર્થીઓ ચડી મીલકત ચેડફી નાખવા પ્રયત્ન કરે છે. લીરાના વીધવા પાશે દોરી ૧૫૦૦૦ આસરે રોકડ રકમ તથા કોરી પાંચ હજારનો દાગીનાં ઉપરાંત કેરી ૧૫૦૦૦ ના ૨૦૦૦૦ હજારના લેણાનાં દસ્તાવેજો છે. તેણી મર્યાદીત હકવાલી સ્ત્રી છે અને તે ગુજરનાર લીરાનાં વારશ છીએ.

અમારા વિઘ્ન સંતોસીઓ લીરાની વીધવા નાનીને પહખે ચડી અમારા વારશ તરીકેનાં ભવીષ્યના હકને નુકસાન કરવા ખાટી ખટપટ કરી ખોટા કેશો કરી રોકડ તેમજ લેણાં વી૨ મીલકત ઉડાડી નાખવા પ્રયત્ન કરે છે.

મજકુર નાનીબાઈને ગુજરાન માટેની ઘણીજ મીલકત છે એટલે ગુજરાનથી વધારે આવક આપે છે તેણીને ગુજરાન માટે કાંઇ વ્યવસ્થા કરવા કારણ નથી તેમજ લીરા પાછળ ધર્મ દાન વીગેર અમે મોટી રકમ ખરચેલી છે માટે

મજકુર નાનીબાઈ સાથે કાઇએ લેતી દેતી કરવી નહી તેમજ અમજ સાથે રાખ્યા વગર કાઇ મતલબારે ભરણું કરવું નહી તેમજ તેને કાઇએ ધીરધાર કરવી નહી તેમ છતાં કાઇ પણ શખ્શ તેણીની સાથે વહેવાર કરશે તો તેને માટે અમો કે લીરાની મીલકત જવાબદાર થશે નહી તેમજ અમારા હકને બાધ લાગશે નહી.

માગશર વીદ ૮ સોમે શાં. ૨૦૦૩.

રામજી રાઘવજી,
અરજદારનાં વકીલ.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યુ

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 74] THURSDAY 9th JANUARY 1947 [No 14]

[પુ૦ ૭૪] પોષ વદ ૨ ગુરૂવાર સંવત ૨૦૦૩ તા ૯મી જાન્યુઆરી સને ૧૯૪૭ [અંક ૧૪]

ઠ. ઓ. નાં. ૩૨૨ ઠરાવ.

ભુજ નગરસભા તરફથી ભુજ મધેની વેજીટેબલ માર્કેટની પુર્વ બાજુ તરફ માર્કેટની દિવાલ લગોલગ સાથે રહી આવેલ નકશામાં જણાવ્યા મુજબ મુત્રીઓ બનાવવા માટે જમીન મળવા માંગણી થતાં તે જગોએ નગરસભાને મુત્રીઓ બનાવવા માટે નકશામાં જણાવ્યા પ્રમાણે જમીન ફુટ ૧૯×૫' નગરસભાને મદત આપવા ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરનું ફરમાન થયું છે.

મિતી માગશર વદ ૧૦ બુધવાર શાં. ૨૦૦૩.

તા. ૧૮-૧૨-૪૬.

J. J. Ashar,
ફોર, દિવાન કચ્છ.

NOTIFICATION NO. MIN/13
T. O. No. 840 of 1946.

Dewan's Office,
Technical Branch,
Bhuj, 20th December, 1946.

Mr. Bhagvatswarup Jasvantrai of Karachi (Sind) is hereby granted a Certificate of Approval under Chapter II of the Kutch Mining Concessions Rules, 1942.

S. K. Nayampalli
Dewan of Kutch.

એફ. નાં. ૫૨ ઠરાવ.

રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઈઝ તરફથી લખાઇ આવેલ ભલામણ નજરે રા. આણંદલાલ પ્રાણશંકર પડયાને ફુડ ડીપાર્ટમેન્ટના ઇન્સ્પેક્ટરની ખાલી જગોએ ફોરી ૨૫૦-૧૦-૩૦૦ના ગ્રેડમા ફોરી ૧૬૦ એકસો સાઠના માસીક પગારથી ઇન્સ્પેક્ટર તરીકે ફુડ ડીપાર્ટમેન્ટની કામગીરી ચાલતાં લગીને માટે નીમવામાં આવે છે. આથી કોઇ પ્રકારનો કાયમી નોકરી આગે હક થાય છે એમ સમજવાનું નથી.

પોષ સુદ ૨ બુધવાર સાં. ૨૦૦૩ તા. ૨૫-૧૨-૪૬.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

જમુ. જા. નાં ૯૫૦ ઠરાવ.

નગરસભાના બાયલોઝ મિતી ફાગણ સુદ ૧ શુક્રવાર શાં ૨૦૦૦ તા. ૨૫-૨-૪૪ વાળામાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે:-

૧. પ્રકરણ છઠ્ઠુ ભાગ ૧ લો- સ્ટેન્ડીંગ કમીટી બાબત કલમ ૪૪, સ્ટેન્ડીંગ કમીટીના સભ્યોની સંખ્યા બાબતમાં છેવટે નીચે મુજબ વધારો કરવો:

"પરંતુ જ્યાં નગરસભાના સભ્યોની સંખ્યા ૧૦ છે ત્યાં સ્ટેન્ડીંગ કમીટી માટે પ્રમુખ કાયમ રાખી બીજા ત્રણ સભ્યોની, નગરસભા તરફથી બહુમતીએ ચુંટણી કરવામાં આવશે."

૨. પ્રકરણ છઠ્ઠું ભાગ ૧ લો સ્ટેન્ડીંગ કમીટી બાબત કલમ ૪૮, આ કમીટીની કાર્યસાધક સંખ્યા બાબતમાં "ચાર સભ્યોની હાજરીની જરૂર રહેશે" એ શબ્દો પછી: "પરંતુ જે સ્થળે સ્ટેન્ડીંગ કમીટી ૪ સભ્યોની બનેલી હશે ત્યાં કાર્યસાધક સંખ્યા-કોરમ- થવા માટે બે સભ્યોની હાજરીની જરૂર રહેશે" એવા શબ્દો ઉમેરવા.

૩. પ્રકરણ છઠ્ઠું ભાગ ૨જો સેનીટરી કમીટી કલમ ૫૫ સભ્યોની સંખ્યા બાબતમાં છેવટે નીચે મુજબ વધારો કરવો:-

"પરંતુ જ્યાં નગરસભાના સભ્યોની સંખ્યા ૧૦ છે ત્યાં આ કમીટી ત્રણ સભ્યોની બનેલી રહેશે."

૪. પ્રકરણ છઠ્ઠું ભાગ ૨જો સેનીટરી કમીટી બાબત કલમ ૫૬ આ કમીટીની કાર્યસાધક સંખ્યા તથા આ કમીટીએ કરવાના કામકાજ બાબતની પેટા કલમ ૧ આ છેવટે નીચે મુજબ વધારો કરવો:-

"પરંતુ જે સ્થળે આ કમીટી ત્રણ સભ્યોની બનેલી હશે ત્યાં કાર્યસાધક સંખ્યા થવા માટે બે સભ્યોની હાજરીની જરૂર રહેશે."

૫. પ્રકરણ છઠ્ઠું ભાગ ૩જો રોડ્ઝ એન્ડ લાઈટસ કમીટી કલમ ૫૯ સભ્યોની સંખ્યા બાબતમાં છેવટે નીચે મુજબ વધારો કરવો:

"પરંતુ જ્યાં નગરસભાના સભ્યોની સંખ્યા ૧૦ છે ત્યાં આ કમીટી ત્રણ સભ્યોની રહેશે"

૬. પ્રકરણ છઠ્ઠુ ભાગ ૩જો રોડ્ઝ એન્ડ લાઈટસ કમીટી કલમ ૬૦, કાર્યસાધક સંખ્યા બાબતમાં છેવટે નીચે મુજબ વધારો કરવો:-

"પરંતુ જે સ્થળે આ કમીટી ત્રણ સભ્યોની બનેલી હશે ત્યાં કાર્યસાધક સંખ્યા થવા માટે બે સભ્યોની હાજરીની જરૂર રહેશે."

મિતી પોશ શુદ ૪ શુક્રવાર શાં ૨૦૦૩.

તા. ૨૭-૧૨-૪૬.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

No. 4046 of 1946.

Dewan's Office,
Bhuj, 30th December, 1946.

The following notice received from the Secretary, Air Transport Licensing Board, is published hereunder for general information.-

K. V. Bhatt
Deputy Secretary.

NOTICE.

GOVERNMENT OF INDIA.

AIR TRANSPORT LICENSING BOARD.

Notice is hereby given that under rule 137 of the Indian Aircraft Rules 1937, the Air Transport Licensing Board has appointed the 17th January 1947 as the last date up to which applications will be received for a licence to operate an air transport service and that until the matter is reconsidered by the Board no such application shall be entertained if made after the aforesaid date.

નં. ૧૩૭૨ નોટીફીકેશન.

નોટીફીકેશન નં એફ ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અન્વયે જામનગરથી આયાત થયેલ મગફળી તેલનો માસ જાનેવારી ૧૯૪૭ માટે કચ્છી મણ ૧૦ સવાના ટીનનો ભાવ કોરી ૭૦ સીતેર મુકરર કરવામાં આવે છે ટીન ૧ એકની કોરી રા અઢી આ ઉપરાંત તેઓ લઇ શકશે અને ટીનનું બાજ્દાન દર ડબે સેર ૪ ચાર પ્રમાણે કાપી આપવાનું છે.

૩૧-૧૨-૪૬.

કે. એચ. દેશાઇ.
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ,
કચ્છ રાજ્ય

174

નં. ૧૩૭૩ નોટીફીકેશન.

નોટીફીકેશન નં. એફ ૩૪૦ અનવય નોટીફીકેશન નં. ૯૫૩ તા. ૬-૧૨-૪૬માં માસ જાનેવારી ૧૯૪૭ માટે નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે:-

૧ કલમ ૧ માં જ્યાં "સેર ૨ બે" લખાયેલ છે ત્યાં "સેર ૩ ત્રણ" સમજવાનું છે.

૨. શ્રી નખત્રાણા તાલુકા સમિતિએ મેસર્સ રજાહુશેન અમીરઅલી ભુજ પર પરમીટો કહાડવાનીછે

આ સીવાયની નોટીફીકેશન નં. ૯૫૩ની બીજી કલમો ચાલુ રાખવામાં આવે છે. એટલે તે પ્રમાણે લાગતા વળગતાઓએ વર્તવાનું છે.

૩૧-૧૨-૪૬.

કે. એચ. દેશાઈ.
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ.
કચ્છ સ્ટેટ.

નં. ૧૩૭૪ નોટીફીકેશન.

નોટીફીકેશન નં. એફ. ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવય નોટીફીકેશન નં. ડી. એફ ૬૯૮૮ તા. ૨૮-૯-૪૬ની કલમ ૨ અને કલમ ૩ માં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે:-

"ઉપર જણાવેલ વેપારીઓનેજ મુંદરા સીવાય ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઈન્ડસ્ટ્રીઝ નીચે જણાવેલ જથ્થા પ્રમાણે વધુમાં વધુ માસ જાન્યુઆરી ૧૯૪૭ માટે તેલ આપવાનું છે. આ જથ્થાનો અડધો ભાગ તેઓએ બનતી ત્વરાએ પહોંચાડવાનો છે અને બાકીનો અડધો ભાગ અત્રેથી જે પ્રમાણે પરમીટો આવે તે પ્રમાણે પહોંચાડવાનો છે, દરેક એજંટે બાકીના અડધા ભાગ પૈકીની પરમીટો પોતાની જરૂરીયાત ખપત પુરતીજ લેવાની છે અને એ રીતે માસ આખર કોઇ પણ એજંટ આગળ માલ વધશે અને બીજા માસે તેલના ભાવો ઘટે તો તે માટેની જવાબદારી જે તે એજંટની રહેશે."

ભુજ	એકંદર માસીક ડબા	૧૫૦૦ પંદરસો.
માંડવી.	,,	૧૮૦૦ અઢારસો
અંજાર.	,,	૧૦૫૦ એક હજારને પચાસ.

મુંદરા માટે ઇલાયદિ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૨. કલમ ૩ માં જ્યાં "એક સેર" લખાયેલ છે ત્યાં "ત્રણ સેર" સમજવાનું છે.

આ સીવાય નોટીફીકેશન નં. ડી. એફ. ૬૯૮૮ની બીજી કલમો ચાલુ રાખવામાં આવેલછે એટલે તે પ્રમાણે લાગતા વળગતાઓને વર્તવાનું છે.

તા. ૩૧-૧૨-૪૬.

કે. એચ. દેશાઈ,
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ
કચ્છ સ્ટેટ.

નં. ૧૩૭૫ નોટીફીકેશન.

નોટીફીકેશન નં. ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવય નોટીફીકેશન નં ડી. એ. એફ. ૬૯૮૭ તા. ૨૮-૯-૪૬ માં માસ જાનેવારી ૧૯૪૭ માટે નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે છે:-

ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઈન્ડસ્ટ્રીઝમાં ઉત્પન્ન થતાં મગફળીનાં તેલનો ભાવ માસ જાનેવારી ૧૯૪૭ માટે કચ્છી મણ ૧૬ સવાના ટીનનો ભાવ કોરી ૭૦ સીતેર ટીન સહીત નક્કી કરવામાં આવે છે આ ભાવે ધી કચ્છ ઓઇલ મીલે ભુજ અને અંજારના એજંટોને ભુજ અને અંજાર અ. ભાવે ડીલીવરી આપવાની છે, આ તેલનાં છુટક વેંચાણનો ભાવ કચ્છી સેર ૧ એકની કોરી ૧-૪॥ એક ને સાડાચાર દોકડા નક્કી કરવામાં આવે છે એજંટોએ જેમને આખા ટીન આપવાના હોય તેઓને ટીન એકની કોરી ૭૧। સવાએકોતેરના ભાવે ટીન સહિત વેંચાણ આપવાનું છે આ સીવાય નોટીફીકેશન નં. ડી. એફ. ૬૯૮૭ની બીજી કલમો ચાલુ રાખવામાં આવેછે. એટલે તે પ્રમાણે લાગતા વળગતાઓએ વર્તવાનુ છે.

૩૧-૧૨-૪૬.

કે. એચ. દેશાઇ,
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ
કચ્છ સ્ટેટ.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૧૦–૧૨ સને ૧૯૪૬ સંવત ૨૦૦૩ના માસ માગસર વીદ ૨ ભોમેને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુંદરા	અંજાર	ભચાઉ.	રાપર.	અબડાસા જખઉ.	લખપત.	અડોર (મહુવા.)	ખાવડા.	નખત્રાણા.	રીમાર્ક.
૧	ઘઉં કાંટા.....	૧૦૨૪	૧૦૦૮	...	...	...	...	...	...	...	...	૧૦૨૪	
૨	ઘઉં વાજીઆ.....	૮૬૪	૭૬૮	૭૨૦	૮૭૦	૭૦૪	૬૪૦	૬૭૨	૭૬૮	૬૪૦	૮૯૬	૭૦૮	
૩	બાજરી	૪૭૨	૪૦૪	૩૫૨	૪૫૬	૪૧૬	૩૨૦	૩૨૮	૩૭૦	૩૨૦	૪૪૮	૩૮૪	
૪	મગ	૪૧૬	૩૯૦	૩૮૪	૩૫૨	૩૪૦	૨૫૬	૩૫૨	૨૫૦	૨૭૨	૨૫૬	૩૩૬	
૫	મઠ (કોરડ).....	૭૧૨	૨૯૬	૨૮૮	૨૮૮	૨૫૦	૧૯૨	૨૨૪	૧૮૦	૨૨૪	૨૦૦	૨૧૨	
૬	જાર	૩૫૨	૨૮૮	૨૨૪	૩૬૮	૨૭૨	૨૨૪	૨૮૦	૨૦૮	૨૫૬	૩૭૦	૩૩૬	
૭	એરંડા (સદાફળા) ...	૩૬૨	૩૨૪	...	૩૮૪	...	૩૨૦	૩૭૪	૩૨૦	૨૭૨	૩૭૦	૩૨૦	
૮	ગોવાર	૩૪૮	૩૫૦	૩૫૨	૩૨૦	૨૯૬	૨૪૦	૨૮૦	૨૫૦	૨૨૮	૨૮૮	૨૮૮	
૯	તલ	૬૪૪	૭૦૪	૭૫૨	૬૮૦	૬૪૦	૬૪૦	૭૬૮	૬૦	૬૪૦	૬૪૦	૬૦૮	
૧૦	ચોખા ઉંચા	...	...	....	...	...	...	...	...	...		૨૫૬	
૧૧	ચોખ હલકા	...	૧૨૭૨	...	૧૪૫૬	...	...	...	...	...	...	૧૨૮૦	
૧૨	કાલાં ભાર	...	...	...	૩૧૦	...	૨૫૦	...	...	...	..	...	
૧૩	ઘી	૧૪૦	૧૩૨	૧૪૪	૧૪૦	૧૬૮	૧૭૬	૧૩૬	૧૨૬	૧૬૦	૧૨૪	૧૩૬	
૧૪	તેલ	૬૦	૬૦	૬૬૦	૭૭	૭૬	૭૨	૭૮	...	..	૮૪	૭૮	
૧૫	ખાંડ	૩૨	...	૨૮	...	...	૩૨	...	૩૬	...	૩૧૨	...	
૧૬	ગોળ	૩૬	૩૬	૩૪	...	...	૪૦	...	૩૪	...	૩૮	...	
૧૭	કડબ	૨	૩	૩॥	...	૩	...	...	...	...	૨	...	
૧૮	કુરી.....	૨॥	૨	...	...	૩	...	...	...	...	૩	૧॥	
૧૯	ઘાસ	...	...	...	...	...	...	...	...	...	૧	...	
૨૦	કપાશીઆ	૧૫	૧૪॥	૧૫	૧૫	...	૧૬	૧૪॥	૧૪॥	...	૧૬	૧૫	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૩૦૮॥	૩૦૭૩	૩૦૬	૩૦૮	૩૦૮	૩૦૫	૩૦૪	૩૦૧	...	૩૦૬	૩૦૭	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	૩૦૭॥	૩૦૭૩	૩૦૬	૩૦૮	૩૦૮	૩૦૫	૩૦૪	૩૦૧	...	૩૦૬	૩૦૭	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં માપ ૬૪ મણ ૧ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૯૬ કપાસીઆ તોલમાં મણ ૧ના શેર ૫૪.

માગશર વદ ૨ ભોમે સંવત ૨૦૦૩ તા. ૧૦–૧૨–૪૬

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી હાઇ કોર્ટ

વ. ખા દી. રે. અપીલ નંબર ૧૮૦ શાં. ૨૦૦૧

શા ખામજી સારંગ રે. ભા ૧૪ અપેલેન્ટ

ઠા. જમનાંદાસ પ્રાગજી રે. ભદેશર રીસ્પોન્ટ

બાબત

નીચેની કોર્ટનો ઠરાવ રદ થઇ કોર્ટી ઠાંજુ પા તથા રૂા. ૨૮॥॥ મળીયાનું હુકમ કર્યું અપીલ બાબત

ભદેશરના ઠા. જમનાંદાસ પ્રાગજીને ખબર આપવામાં આવે છે કે આ કામે ઉપરના અપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેની તપાસ સંવત ૨૦૦૩ના મહા વીદ ૮ ગુરૂવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કા દેશર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટનાં ટાઇમે હાજર રહેવું નહીંતર કાયદેશર થશે.

પોષ સુદ ૫ શનીવાર શાં. ૨૦૦૩

Hirji S. Somaijs.
મે. ચીફ જસ્ટીસ સાહેબનાં હુકમથી
for સીરસ્તેદાર હાઇ કોર્ટ

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી હાઇ કોર્ટ

રીવ્યુ અરજી નંબર ૫ શાં ૨૦૦૦

પોકરણાં જોશી દામોદર વિશનજી રે. માંડવી } અપીલેન્ટ તે પ્રતિવાદીનાં

પોકરણાં જોશી રવીશંકર અને કાંતીલાલ વીશનજી સગીરના વાલી માતાજી મણીબાઇ પ્રાગજી રે. માંડવી } રિસ્પોન્ડન્ટો તે વાદીઓ

તા. ૮–૧૧–૪૫નો ઠરાવ રીવ્યુમાં લેવા બાબત

માંડવીના પેકરણું જોશી પરમાનંદ જેઠાને ખબર આપવામાં આવે છે કે આ કામે ઉપરનાં અપેલેટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેની તપાસ સવંત ૨૦૦૩ના માહ વદ ૭ બુધવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેસર નાયેલા મુખત્યાર વકીલની મારફતે આ કોર્ટ પાસે બરાબર કોર્ટના ટાઈમે હાજર રહેવું નહીતર કાયદેસર થશે.

પોષ સુદ ૭ સોમવાર સાં. ૨૦૦૩

Hirji S. Somaija,

મે. ચીફ જસ્ટીસ સાહેબના હુ. થી

for રજીસ્ટ્રાર હાઈકોર્ટ

મહારાજાધિરાજ મીરજાં મહા રાઓશ્રી વિજયરાજજી

સાહેબ સવાઈ બહાદુર જી. સી. આઈ. ઈ.

શ્રી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટ.

દી. ૨. અપીલ નં ૪૨૬ સ. નં. ૩૭ ૪૮

ભુજ કોર્ટના ફેસલા ઉપર

શા સોભાગ્યચંદ અનોપચંદ ભુજ હાલે કલકત્તાના

મુળ અપીલ કરનાર

શા મોહનલાલ જેવત વગેર ભુજના મુળ જવાબ દેનાર

નીચેના કેસ નો હુકમ રદ થવા બાબત

જવાબ દેનાર ભુજના નીચે લખ્યા શખ્શો ગેરે જત આ અપીલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલ છે, વાસ્તે તમને ફરમાવામાં આવે છે કે, એ અપીલ ચોકસી સં. ૨૦૦૩ના પોષ વદ ૧૩ સોમવારને રોજ થશે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાતનામા સહીત સવારના ૧૧ કલાક વગેથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહી રહો તો અપીલનો એક તરફી ફેસલો કરવામાં આવશે.

૧ શા મોહનલાલ જેવત

વાલર શા ભોગી જેવત

મીતી પોષ સુદ ૧ મંગળવાર સંવત ૨૦૦૩.

ગોપાલ સીતારામ.

મે. સ્પેસીઅલ ડીસ્ટ્રીક્ટ એન્ડ

સેશન્સ જજના હુકમથી.

જાહેર ખબર.

ડી. ડી. સે નાં. ૧૩૨૦

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અરજદાર ભુજના ઠા. જીવરાજ લખમસી આ કોર્ટ પાસે એવી અરજ કરી છે કે ઠા. ઠાકરસી મેગજી મારા મોટા ભાઈ થતા હતા અને અમો બન્ને જણા સંયુક્ત કુટુંબના સભ્યો હતા મારા પીતા લખમસી અને ઠાકરસીના Adoptive પીતા મેગજી તથા બીજા કાકા [illegible] એ ત્રણે જણા ગુજરી ગયા છે તે પછી અમે બન્ને જણા હું તથા ઠાકરસી સંયુક્ત કુટુંબના સભ્યો તરીકે રહેતા હતા. ઠાકરસી

તા. ૧૦ ઓકટોબર ૧૯૪૬ ના રોજ કરાંચીમાં અપઘાત કરેલ છે અને તે પછી સંયુક્ત કુટુંબમાં હું એકલોજ પુરૂષ સભ્ય છું. મરનાર ઠાકરસીએ પોતાની જીંદગીનો વિમો નાચે પ્રમાણે ઉતરાવેલ છે.

૧ રૂ. ૧૦૦૦) પોલીસીનાં નંબર ૨૩૭૮૯ લાઈફ ઈન્સ્યુરન્સ કાં ના છે.

૨ રૂ. ૫૦૦૦) પોલીસીના [illegible] કંપનીની છે.

આ બન્ને વિમાની પોલીસીઓ તથા રૂ. ૬૦૦૦) લેવાને માટે હું હકદાર થાઉં છું. અને તે પોલીસીઓ વિમા કંપનીને મોકલી આપવામાં આવી છે. અને તેની સાથે પત્ર વ્યવહાર ચાલે છે. પોલીસી તથા રકમ લેવા માટે સકસેશન સર્ટીફીકેટની જરૂર હોવાથી તે મેળવવા આ અરજ કરૂં છું.

આ સિવાય બેંક ઓફ ઇન્ડીઆ લી. ની ભુજની બ્રાંચમાં ઠા. ઠાકરસીના ચાલુ ખાતામાં રૂ. ૭૦૦) આસરે છે. તે મેળવવા માટે પણ સકસેશન સર્ટીફીકેટની જરૂર છે.

તથા તે સીવાય ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીઆ લી. ની કલકત્તા ખાતેના [illegible] સ્ટ્રીટ ઉપર આવેલી હેડ ઓફીસના તેના ખાતામાં ઠાકરસી મેગજીના નામે આસરે રૂ. ૨૦૦) ચાલુ ખાતામાં છે. [illegible] મેળવવા માટે [illegible] મેળવવા માટે મને વારસા સર્ટીફીકેટની જરૂર હોવાથી મને સકસેશન સર્ટીફીકેટ અપાવશો.

આ સંબંધમાં કોઈને કંઈ તકરાર કે વાંધો હોય તો તેણે સાં. ૨૦૦૩ના મહા સુદ ૧૫ શુક્રવાર સુધીમાં આ કોર્ટમાં હાજર થઈ જાહેર કરવું. તે મુદત સુધીમાં કોઈના તરફથી તકરાર કે વાંધો લેવામાં નહી આવે તો મુદત વીતે અરજદારે માગેલ સકસેશન સર્ટીફીકેટ તેને આપવા હુકમ થશે. પાછળથી કોઈની કોઈ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહીં.

પોષ સુદ ૮ સોમવાર સાં. ૨૦૦૩

શ્રી ભુજનગર

શ્રી ડીસ્ટ્રીક્ટ એન્ડ | જયસુખલાલ હ. શુક્લ,

સેશન્સ કોર્ટ | ડીસ્ટ્રીક્ટ એન્ડ

કચ્છ. | સેશન્સ જજના હુ. થી.

શ્રી અંજાર નગર સભા તરફથી.

જાહેર ખબર

જા. નાં ૨૨૧.

શ્રી અંજાર નગરસભાના [illegible] (વકીલ-ડોક્ટર-શીક્ષક વીગેરે)માંથી ચુંટાયેલા [illegible] ડા. જેરામદાસ [illegible] ડોક્ટર [illegible] થી [illegible] તેમની ખાલી પડેલી જગ્યા ઉપર [illegible] [illegible] ડોક્ટર [illegible] સભ્ય તરીકે બીન હરીફ ચુંટાયેલા જાહેર [illegible]

આપ્યા છે.

માગશર વિદ ૦)) સોમવાર શાં ૨૦૦૩

મગનલાલ કેવશંકર	કાંતિપ્રસાદ ચં
અંજારીયા	અંતાણી
સેક્રેટરી	પ્રેસીડન્ટ
નગરસભા અંજાર	નગરસભા અંજાર

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.
શ્રી ભુજ અદાલત.
દાવાનો નંબર ૨૧૪ સંવત ૨૦૦૨

ઠા. જેવંત મનજી ભુજ વાદી
મેમણ અલાવા ઉમર અમદાવાદ પ્રતિવાદી
લેણાં બાબત દાવો

ભુજનાં રહેનાર મેમણ અલાવા ઉમરને માલૂમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી રૂપીયા ચડતે બાજે મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના પોસ વીદ ૩ વાર ગુરૂવારને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબદાર શકે એવા કોઈ બીજા યોગ્ય રીતે અખીત્યાર આપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોગા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારાં વકીલ સાથે મોકલજો.

માગશર વીદ ૪ વાર શુક્રે સંવત ૨૦૦૩

હુંડરીકરાય મહાદેવ.
મે. ભુજ ન્યાયાધીશ શા. હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.
શ્રી ભુજ કોર્ટથી
નોટીસ.

દી. તા. કે. નં. સંવત ૨૦૦૩
ઠા. પ્રેમજી જેવંત ભુજ વાદી
ઠા. ભગવાનજી આગપાલના વારસ ઠા. પ્રેમજી ભગવા કલકતા પ્રતિવાદી

બજાવણી દાવો કોરી ૨૩૫ તથા રૂ. ૭૩૧ મળવા નીચે લખ્યા રહેવાશી કલકતાને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સંવત ૨૦૦૧ના જેઠ વીદ ૬ બુધવારના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રતિવાદી નાં. ૧-૨ બાજ મુદલ સહીત રૂ. ૧૪૦૦ તથા મુદલ રૂ ૧૦૦ પર દર માસે દર સેકડે બા લેખે રકમ વસુલ થતાં સુધી ચડતે બાજે આપે તથા આ દાવાનું મુકદમા ખર્ચ આપે તે ન આપે તો વાદી હરેક મીલકતથી વસુલ કરે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીસ પોચેથી રોજ ૩૦માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામા આવશે.

સવત ૨૦૦૩ના માગશર વીદ ૧૩ વાર શની મું.

અજબ તરાય કેશવલાલ,
મે. એડી. ભુજ ન્યાયાધીશ. હુ. થા.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.
નાં. ૨૫૩
તાવાલની નોટીસ
તામીલની દરખાસ્ત નાં. ૪૧ શાં. ૨૦૦૨
શ્રી મુંદરા અદાલત તરફથી

જરપરા હાલે મુંબઇ સ્થાને ખોજા મામદ રહીમને ખબર આપવામાં આવેછે કે તમારી ઉપર ઠા. મુરારજી લીલાધર ની દીકરી મીઠાબાઇ રહેનાર મુંદરાના એ બાબત ઠાકોના કબજાનો દાવા નં. ૪૧ શાં. ૧૯૯૯ વાળો કરેલ તેનો ખુલાસો અશાડ વીદ ૧૧ શની શાં. ૧૯૯૯ને રોજ ઠર્યું છે દાવા વાળા ઠામોની પેદાશ તામીલ કામે નકી કરવી તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીસ પોચેથી રોજ ૪૫ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહીતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મીતી માગશર વીદ ૧૦ બુધે શાં. ૨૦૦૩

Vrajlal Harilal,
મુંદરા ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે
નાં ૨૪૫
શ્રી ભચાઉ દીવાની અદાલત
બા. દાવાનો નાં. ૧૯૨ શાં. ૨૦૦૩

ઠા. પ્રેમજી જેઠાલાલ ભચાઉ વાદી
ફરિયા નેણશી શાંયા એજ પ્રતિવાદી
દાવો લેણાંનો

મુંબઇના રહેનાર ફરિયા લખમશી શાયાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણાં બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સમન ગેઝેટમાં પ્રસિધ થયાની તારીખથી ૧૫ રોજમાં સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના

દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શખ્સને વકીલની હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો

મીતી પોશ સુદ ૧ ભોમે શાં ૨૦૦૩

Narottam D. Mehta,

ભચાઉ ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નં. ૧૪૬

શ્રી ભચાઉ દીવાની અદાલત

ખાસલા. દાવાનો નંબર ૧૩૪ સંવત ૨૦૦૩

આરબ મહમદ એશન ધાંગંત્રા વાદી

આરબ બુઢા નાગરની વીધવા ફાતમાબાઇ ભચાઉ પ્રતીવાદી

દાવો

છોકરાનો કબજો મળવા બાબત

સોન્ધ દાદુના રહેનાર આરબ ખતુબાઇ બુઢાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર છોકરાનો કબજો મળવા બાબતનો દાવો કર્યોછે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સમન કચ્છ રાજ્ય પત્રમાં છપાયાથી ૧૫ રોજની અંદર સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી પોશ સુદ ૩ ગુરૂવાર શાં ૨૦૦૩

નરોત્તમ દલપતરામ મહેતા,

ભચાઉ ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર અદાલત.

ખા. દી. દાવાનો નંબર ૨૦૭ સંવત ૨૦૦૦

કોરડીયા ભાઇચંદ ખુશાલ ફતેમહ વાદી

મેઘવાલ વાલા કરશન વીગેરે સલારી પ્રતિવાદી

લેણા બાબત દાવો

રહેનાર સીંધ મઘેના મેઘવાલ સમરાજ વીગેરેને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૧૫૦॥॥ મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના મહા સુદ ૭ મંગળવારને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી માગસર વીદ ૫ વાર શુક્રે સંવત ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર

મે. જે.રાપર ન્યાયાધીશ, ક્ષા. ના. હુ. થી.

મહારાજાધિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર અદાલત

આદી દાવાનો નંબર ૧૨૨ સંવત ૨૦૦૨

ઠા ખેગાર દામજી પલાંસવા વાદી

ધાંચી રાણા વાલા હાલે મોરબી પ્રતિવાદી

કોરી ૧૮૦) મળવા દાવો

રહેનાર પલાંસવા તે હાલે મોરબીના ધાંચી રાણા વાલાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૧૮૦ મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના મહા સુદ ૭ મંગળવારને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ

ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસ તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તો દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી માગશર વીદ ૫ શુક્રવાર સાં. ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર,

મે. જો. રાપર ન્યાયાધીશ સા. ના હુ.થી.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દીવાની અદાલત.

ખા. દી. દાવાનો નંબર ૧૨૮ સંવત ૨૦૦૨

ઠોશી રાજજી આશરણ લખાગઢ વાદી

બકતરીઆ રાયમલ હીરા સીંધ પ્રતીવાદી

દાવો કોરી ૮૦૨ મળવા

રહેનાર સીંધ મધે નીચે લખ્યાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના મહા સુદ ૭ મંગળવારને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબળા જરૂરીઆત સવાલના જવાબ દઇશકે એવા કોઇ બીજા યોગ્યરીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી માગશર વીદ ૫ શુક્રવાર સંવત ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર

મે. જો. રાપર ન્યાયાધીશ. હુ. થી.

૧ બકુતરીઆ ડાયા હીરા.

૨ બકતરીઆ રાયમલ હીરા

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.

શ્રી નખત્રાણા અદાલત.

ખા. દી. દાવાનો નંબર ૬૬ સાં. ૨૦૦૨

મેતા. ઇશ્વરજી અમીચંદ વિથોણ વાદી

કણબી ખીમા માવજી વિગેરે વિથોણ પ્રતિવાદી

દાવો લેણા બાબત

વિથોણ રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણાં બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ પોશ વીદ ૯ ગુરૂવારને રોજ સવારના વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ કણબી ખીમા માવજી વિથોણ.

૨. કણબી શવજી માવજી વિથોણ.

૩. કણબી મેગજી માવજી વિથોણ

મિતિ માગશર વીદ ૧૩ શનીવાર સંવત ૨૦૦૩

જયન્તીલાલ મહાશંકર

મે. નખત્રાણા ન્યાયાધીશ. હુ. થી.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી નખત્રાણા અદાલત.

ખા. દી. દાવાનો. નંબર ૩૭ સંવત ૨૦૦૦

પડયાર કાનજી દાનશંગજી વિ. નરોણાં વાદી

ઠા. પરશોતમ પ્રેમજી વિગેરે નીરોણાં પ્રતિવાદી

દાવો ખેતર છોડાવવા.

નીરોણાં રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે વાદીએ તમારા ઉપર ખેતર છોડાવવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૩ પોશ વીદ ૯ ગુરૂવારને રોજ સવારના વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલા હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

છોટાલાલ ભગવાન
વોકલા ફળીયા
ભુજ-કચ્છ.

૧. પડયાર શનાજી માનમંગજી રે. નીરોણાં
૨. પડયાર કાળુભા મેગજી રે. નીરોણાં
૩. પડયાર કેશરજી તમાચીજી રે. નીરોણાં

મીતી માગશર વીદ ૧૩ શનીવાર સંવત ૨૦૦૩

જયન્તીલાલ મ. શંકર
મે. નખત્રાણા ન્યા. ટ્રીબ્યુનલ હુ. થી.

જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના મેતા મણીલાલ મોતીલાલે ભુજના કમાંગર દશક આમદની ધરવાલી વિધવા મમીબાઇ સુમાર તથા કમાંગર દલીયાશ આમદની ધરવાલી વિધવા હાજરાંબાઇ અબ્દેમાન પાસેથી જગ્યા ૧ ભુજ મધ્યે કમાંગરોનાં દલીયામાં છે તે કોરી ૭૫૦ સાતસો પચાશમાં અધાર લેતાં તેનો દસ્તાવેજ રજુ થયેલ છે અને તેનો છાપો થવાનો છે માટે આ જગ્યા ઉપર કોઇનું કાંઇ લેણું હક હીશો હોય તેમણે ૧૫ માશની અંદર આહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીતા બાદ કોઇનું કાંઇ નહી સાંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

પોષ સુદ ૨ બુધવાર સાં ૨૦૦૩

P. K. Bava,
for ભુજ વહીવટદાર

જાહેર ખબર.

આથી શરવ લોકોને ખબર આપવામાં આવેછે કે મુંદરાના ઠા મુરજી સુલાનજીએ મુંદરાના ખોજા જાફર ભાઇ ગુલમહમદીન પાસેથી જગ્યા ૧ કદમ પાસેની કોરી ૧૦૨૩૦૦ માં ૨૦૦૨ નાવૈશાખ સુદ ૩ ના દસ્તાવેજથી અધાર હમીરાવાર લીધેલ તેનો છાપોથવા દસ્તાવેજ આહી આવેલ છે માટે આ સ્થાવર મીલકત ઉપર કોઇનું કાંઇ લેણું હોય કે હકહીશો હોયતો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્યપત્રમા પ્રશીધ્ધ થયાની તારીખથી માશ ૧ ની અંદર આહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીંતર મુદત વીત્યે છાપો થવા વીશે ઘટીત કરવામાં આવશે.

પોશ સુદ ૭ સોમવાર ૨૦૩ તા ૩૦-૧૨-૪૬

Harilal Somji,
મુંદરા વહીવટદાર

જાહેર ખબર.

શરવ લોકોને આથી ખબર આપવામાં આવે છે કે મુંદરાના કુંભાર ઇશાક આમદે સાં ૨૦૦૩ના માગશર સુદ પના દસ્તાવેજથી બારઇવાલા નાના બહાર કુંભાર પાડામાં જગ્યા ૧ કુંભાર ઇશાક હાજીની વાલ્શ દીકરી રઇમાબાઇના કરેલ વીલ મુજબ કુંભાર હાજરાંબાઇ ઇબ્રામના કબજાની મજકુર બાન હાજરાં બાઇ ઇબ્રામના મતાંથી અધાર હમીરાવાર લીધેલછે તેનો છાપો થવા દસ્તાવેજ આહીં આવેલ છે માટે શરહું સ્થાવર મીલકત ઉપર કોઇનું કાંઇ લેણું હોય કે હક હીશો હોય તો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રશીધ્ધ થયાની તારીખથી માશ ૧ની અંદર આહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિંતર મદત વીત્યે છાપો થવા વીશે ઘટીત કરવામાં આવશે.

મીતી માગશર વીદ ૬ શની સાં. ૨૦૦૩.

Harilal Somji,
મુંદરા વહીવટદાર

-જાહેર સુચના.-

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા થી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર. ખબર

આથી સર્વ લાગતાવળગતાઓને ખબર આપવામાં આવેછે કે અમારા અસીલ રામાણી ના શા વેલજી ભીમશીએ પોતાના સ્વર્ગસ્થ પિતાશ્રીને ફાળે આવેલી મિલકતો પૈકી ચામણીઆ ફળીઆમાં આવેલ જગ્યા એક તથા વરડી તે રામાણીના શા કાનજી મુલજીને ૯૯ વર્ષની બંધીથી વેચવાનો કરાર કર્યો છે અને દસ્તાવેજ લખી આપ્યો છે આ નોટીસથી સર્વને ખબર આપવામાં આવેછે કે સદર ઠામોપર કોઈનું લેણું લેણું હોયતે આ છપાયાની તારીખથી દિન આઠમાં ચોખ્ખુંકરી જવી અમારા અસીલના પિતાશ્રી ગુજરી ગયાછે અને અમારા અસીલ પરદેશ રહેતા હોઇ તેમને લેતી દેતીની ખબર ન હોવાથી નોટીસ કરવા ફરજ પડી છે મુદત વીત્યે કોઇનુ સાભળવામાં આવશે નહી અને દરદાવો ચાલશે નહી અને અમારા અસીલ ધનીકને પાકો દસ્તાવેજ રજીસ્ટર કરી આપશે તેનું બંધન છે જોખમ ધનીક મતાદારને થશે નહી તેની આથી નોધ લેશો

પોશ સુદ ૧૧ શુક્રવાર સા. ૨૦૦૩

લી મણીભાઇ હરીલાલ ધોળકીયા
બી. એ. એલ. એલ. બી.
શા. વેલજી ભીમજીના વકીલ.

સુચના.

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨૫ા અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી મણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અસાડ સુદ ૨ સુધી બાકી હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

182

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 74] THURSDAY 23rd JANUARY 1947 [No 15]

[પુ૦ ૭૪] માહા શુદ ૨ ગુરૂવાર સંવત ૨૦૦૩ તા ૨૩મી જાન્યુઆરી સને ૧૯૪૭ [અંક ૧૫]

એફ નાં ૬૧. ઠરાવ

શ્રી અંજાર શહેર સમીતીને અંજારના ગરીબ તથા મધ્યમ વર્ગને વ્યાજબી ભાવે અનાજ મળે તે સારૂ સવંત ૨૦૦૩ના કારતક સુદ ૩ થી સવંત ૨૦૦૩ના ફાગણ સુદ ૨ સુધી હાલ ચાર માસ માટે રા. રા ડીરકટર ઓફ ફુડ સપ્લાઇઝ સાહેબ તરફથી પીડીના હીસાબ તપાસવામાં આવે તે સરતે શ્રી હજુર ઓર્ડર નાં. એફ. ૨૮૪ તા. ૩-૭-૪૬માં નકકી થયેલ ગેઠવણ મુજબ દર માસે નુકસાનીના પચાસ ટકા પણ એકંદર કોરી ૫૦૦૦ પાંચ હજારથી વધુ નહી તેટલી રકમ શ્રી દરબાર તરફથી મદદ તરીકે આપવા આથી હુકમ કરવામાં આવે છે.

તા. ૭-૧-૪૭.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

ક. ઓ. નાં. ૧૧ નોટીફીકેશન.

ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબનાં ફરમાનથી "સી કષ્ટમ્સ ઓર્ડર ૧૯૪૫" નો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે આ કાયદો તા. ૧લી મે. ૧૯૪૭થી અમલમાં આવશે આ "સી કષ્ટમ્સ ઓર્ડર" નું પુસ્તક રા. રા. ચીફ કષ્ટમ ઓફીસર સાહેબની ઓફીસમાંથી તથા રા. કસ્ટમ દરોગાઓ પાસેથી કોરી ૫ પાંચમાં મળી શકશે.

મીતી પોશ વીદ ૮ બુધવાર શાં. ૨૦૦૩ તા. ૧૫-૧-૪૭

S. K. Nayampalli,
દિવાન-કચ્છ

પો. અં. જા. નાં. ૫ જાહેર ખબર

એજન્સી બરોડાથી લેટર નાં. આર. એચ. ૩-૧ તા. ૩૦-૧૨-૪૬ વાળો અત્રે આવેલ છે તેની સાથે હિંદુસ્તાન બહારના જે દેશોએ હિંદમાંથી બહાર જતા લોકો સામે તા. ૨-૧૨-૪૬ થી જે કવોરન્ટાઇન પ્રતિબંધ મૂકેલ છે તેનું પત્રક સર્વની માહિતી માટે આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt,
ડેપુટી સેક્રેટરી.

તા. ૯-૧-૪૭

No. 22-1/46-P. H. (II).

Appendix 'B'

Indian ports against which quarantine restrictions were in force on 2nd December, 1946.

Against Port or Place		*Imposed by*	*Date*	*Disease.*
Calcutta	Air	Palestine	9-9-36	Cholera
Calcutta	,,	,,	19-2-38	Smallpox
Bombay	,,	,,	9-9-40	,,
Allahbad	,,	,,	5-8-46	,,
Delhi	,,	,,	5-8-46	,,
Calcutta	,,	Transjordan	16-8-45	Cholera
Bombay	,,	,,	21-2-40	Smallpox
Madras	Sea & Air	Ceylon	22-3-45	,,
Bombay	,,	,,	19-1-46	,,
India	,,	Iraq	16-12-45	,,
India	,,	Paersia	21-8-45	Cholera
India	,,	,,	21-8-45	Smallpox
India	,,	Egypt	11-4-45	Smallpox
India	,,	,,	8--8--46	Cholera
India		China	18--8--46	Smallpox
India	,,	,,	,,	Enteric Fever.
India	,,	,,	,,	Cholera
India	,,	Burma	6--12--45	Smallpox
India	,,	Bangkok	12--3--46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Malayan Union	21--6--46	Cholera
Cawnpore	Air	,,	10--9--46	Cholera
Bombay	Sea & Air	,,	21--6--46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	10--7--46	
Calcutta	,,	Singapore Colony	21--6--46	Cholera
Cawnpore	Air	,,	10--9--46	Cholera
Bombay	Sea & Air	,,	21--6--46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	3--7--46	,,
India	,,	Sarawak	10--7--46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Labnan (British Borneo).	,,	Cholera
Bombay	,,	,,	,,	Smallpox
Madras	,,	,,	,,	,,
India	,,	Philiphine Islands	7--7--46	
India	,,	,,	,,	Cholera
Calcutta	Sea & Air	NetherLands Indies		Smallpox
Bombay	,,	,,	25--6--46	,,
Madras	,,	,,	,,	,,
Chittagong	Sea	,,	28--7--46	,,
Delhi	Air	,,	26--6--46	,,

Colcutta	Sea & Air	„	„	Cholera
Cawnpore	Air	„	12--9--46	„
Calcutta	Sea & Air	Hongkong	„	„
India	„	Union of South Africa	30--8--46	Smallpox

જા. નાં ૧૧૪૬ ઠરાવ.

કચ્છમાંથી અમુક માલ આયાત કે નીકાશ કરવા ઉપર પ્રતિબંધ છે, જ્યારે તે સિવાયના માલની જકાત આપી આયાત કે નીકાશ થઇ શકે છે અને કસ્ટમનાં ધારા ધોરણથી વિરૂધ્ધ વર્તનારને રા. રા. ચીફ કસ્ટમ ઓફીસર તેમને હ. ઓ. નાં ૧૬ તા: ૧૯-૧-૪૪ વાળાથી મળેલ અધીકારની રૂએ શિક્ષા કરી શકે છે પરંતુ તે સંબંધમા ચોકકસ સ્પષ્ટતા કરવાની જરૂર હોવાથી એમ સ્પસ્ટીકરણ કરવામાં આવે છે કે ઉપરની બાબતમાં હાલ જે હુકમો અસ્તિત્વમાં છે અને હવે પછી આ બાબત જે હુકમો કરવામાં આવે તેનો ભંગ કરી જે પ્રતિબંધ હોય એવો માલ આયાત કે નીકાશ કરવામાં આવશે અગરતો તેમ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે અગર તો જકાત આપી જે માલ આયાત નીકાશ થઇ શકતો હોય તેવો માલ જકાત આપ્યા વિના આયાત કે નીકશ કરવામાં આવશે, અગરતો તેમ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે તે બાબત પુરવાર થયે તેવો માલ જપ્ત થવા પાત્ર થશે અગર દંડને પાત્ર થશે અથવા બંને પ્રકારની શિક્ષાને પાત્ર થશે અને રા. રા. ચીફ કસ્ટમ ઓફીસર તેમને હજુર હુકમ નાં. ૧૬ તા. ૧૯-૧-૪૪ વાળાથી અધીકારો અપાયા છે તે અનવયે આવા કેસોનો નીકાલ કરી શકશે.

પોશ વદ ૯ બુધવાર શાં. ૨૦૦૩. તારીખ.- ૧૫-૧-૪૭.

S. K. Na yampalli
દિવાન - કચ્છ.

નોટીફીકેશન.

ડી. સી. એસ. નાં. ૭૦૩

શ્રી કચ્છ રાજ્યને લાગુ કરવામાં આવેલ સને ૧૯૪૪ના હોર્ડીંગ અને પ્રોફીટીઅરીંગ પ્રીવેન્શન ઓર્ડીનન્સ અનવયે સીમેન્ટના વેંચાણ ભાવ બીજો હુકમ થતાં સુધી નીચે પ્રમાણે નકકી કરવામાં આવે છે.-

માંડવી- રૂા. ૮૮-૧૨-૬ - ટન એકનો.
અંજાર- રૂા. ૮૫-૨-૩ - ટન એકનો.
ભુજ - રૂા. ૮૮-૫-૬ - ટન એકનો.

ઉપર પ્રમાણે નકકી કરેલ ભાવોનો અમલ તા. ૧૮-૧૧-૪૬થી સમજવાનો છે.

કેરી પચાશ કે તેથી અંદરના રેજકી વેચાણ બાબત શ્રી હજુર ઓર્ડર નાં. ૪૧૬ તા. ૨૦-૧૧-૪૪ વાળો થયેલ છે તે સીમેન્ટના વેચાણને પણ લાગુ પડે છે.

તા. ૧૭-૧-૪૭. S. K. Nayampalli
દીવાન.

વાંચો

તા. ૧ ૨-૪૭ થી તા. ૧૪ ૨-૪૭ સુધી નાની બચત યોજનાના અનુસંધાનમાં કચ્છમાં ઠરેઠર ઉત્સવોરૂ જવવામાં આવશે આ યોજના કેવી રીતે ત્રીજા ભાઈ તરીકે કમાવી આપે છે અને શ્રી રાજ્ય તરફથી નીમાએલા એજટોને કેવી રીતે માસીક ૨ ૧૦૦ સુધી વેતન આપે છે તે સઘળી હકીકત રા. રા. એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર અગરતો રા. તાલુકા અધીકારીઓ પાસે મગાવો.

ભુજ તા.૧૦-૧ ૪૭

Administrative Officer,
Small Savings Scheme
Kutch

185

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૨૫-૧૨ સને ૧૯૪૬ સંવત ૨૦૦૩ ના માસ પોષ સુદ ૫ ગુરૂ રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુંદરા.	અંજાર.	ભચાઉ.	રાપર.	અબડાસા ગુ.	લખપત.	ખડીર (ગાગડા.)	ખાવડા.	નખત્રાણા.	રીમાર્ક.
૧	ઘઉં કાલા.....	...	૧૦૦૮	...	...	...	...	...	...	...	...	...	
૨	ઘઉં વાજીઆ.....	...	૭૬૮	૬૪૦	૭૮૪	૭૫૦	૬૪૦	...	૭૬૮	...	...	...	
૩	બાજરી	...	૪૦૦	૪૧૬	૪૭૨	૪૩૨	૩૫૨	૩૩૬	૩૨૦	૩૨૦	...	...	
૪	મગ	...	૪૧૦	૪૦૦	૩૬૮	૩૮૦	૩૨૦	૩૬૦	૨૫૦	૨૭૨	...	...	
૫	મઠ (કારડ).....	...	૩૧૫	૩૩૬	૨૮૮	૨૮૦	૨૫૬	૨૪૦	૧૮૦	૨૨૪	...	...	
૬	જાર	...	૩૦૦	૩૮૪	૩૮૬	૨૮૮	૨૭૨	૨૪૦	૨૦૦	...	...	...	
૭	એરંડા (સદાફળા)...	...	...	...	૪૦૦	...	૩૨૦	૩૫૨	૩૨૦	...	...	...	
૮	ગોવાર	...	૩૬૫	૩૫૨	૩૧૦	૨૮૮	૨૫૬	૩૦૪	૨૫૦	૨૫૬	...	...	
૯	તલ	...	૬૮૦	૭૨૦	૭૨૦	૬૪૦	૭૦૮	૬૨૪	૮૦	૭૪૦	...	...	
૧૦	ચોખા ઉંચા	...	...	...	....	...	...	...	...	...	..	...	
૧૧	ચોખ હલકા	...	૧૩૬૮	૯૬૦	૧૪૮૮	...	...	૧૦૨૪	...	...	...	...	
૧૨	કાર્મા ભાર	...	...	...	...	...	૨૫૦	...	...	...	...	...	
૧૩	ઘી	...	૧૩૨	૧૪૪	૧૪૪	૧૬૦	૧૪૪	૧૩૬	૧૨૬	૧૫૦	...	...	
૧૪	તેલ	...	૬૦	૫૮	૭૭	૭૫	૭૨	૮૦	...	..	...	...	
૧૫	ખાંડ	...	...	૩૧	...	...	૩૪	...	૩૬	...	...	...	
૧૬	ગોળ	...	૩૬	૨૬	...	...	૪૦	...	૩૪	...	...	...	
૧૭	કડબ	...	૩	૨॥	૨।	...	...	...	...	...	...	...	
૧૮	કુટી.....	...	૨	...	...	...	...	...	...	...	...	...	
૧૯	ઘાસ	...	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાશીઆ	...	૧૪॥	૧૫	૧૫	...	૧૫	૧૫	૧૪॥	...	...	...	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	...	૩૦૬॥	૩૦૫	૩૦૫	૩૦૭	૩૦૮	૩૦૫॥	૩૦૧	...	...	...	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	...	૩૦૬।	૩૦૫	૩૦૫	૩૦૭	૩૦૮	૩૦૫।	૩૦૧	...	...	...	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં માપ ૬૪ મણ ૧ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૯૬ કપાસીઆ તોલમાં મણ ૧ના શેર ૫૪.

માગશર વદ ૨ ભોમે સંવત ૨૦૦૩. તા. ૮-૧-૪૭

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

મહારાજાધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે. બી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ.

રાપર કોર્ટના ફેસલા ઉપર

વા. રી. અપીલ નંબર ૪૧૬ સંવત ૨૦૦૨

સમન નંબર ૪૪-૪૫

કુબડીઆ હરખચંદ શીવચંદ અલરીના મુળ અપીલ કરનાર.

કાબચીઆ રૂપા રૂડા વગેર શીલારીના મુળ જવાબ દેનાર

બાબત

નીચેની કોર્ટનો ઠરાવ રદ થવા બાબત

જવાબ દેનાર શીલારીના નીચે લખ્યા મુજબ જોગ

જત આ અપીલેન્ટે આ કોર્ટમા અપીલ કરી છે. વાસ્તે તમને ફરમાવવામા આવે છે કે એ અપીલની ચોકસી સં. ૨૦૦૩ ના માહા વીદ ૨ સુકરવારને રોજે થસે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાતનામા સહીત સવારના ૧૧॥ કલાક વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહી રહોતો અપીલનો એક તરફો ફેસલો કરવામાં આવશે.

૧ કાબરીઆ રવા રૂડા

૨ કાબરીઆ વિરા રૂડા

મિતી. પોશ સુદ ૧૧ સુકરવાર સંવત ૨૦૦૩

ગોપાલ શીવરામ,

મે. સ્પેસીઅલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ ના. હુકમથી

186

ડી. ડી. જા નાં ૧૫૨૦ જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછેકે અરજદારો ભુજનાં સોની નાનાલાલ નરભેરામ તથા છોટલાલ સગીરનાં વાલી નાનાલાલ નરભેરામ તથા સોની બાબુભાઈ સગીરનાં વાલી નાનાલાલ નરભેરામે આ કોર્ટ પાસે એવી અરજ કરીછે કે અમારા પીતા શા. ૨૦૦૨ ના મહા વદ ૪ બુધવાર નાં રોજે ભુજ મધ્યે સ્વર્ગવાસ થયા છે અમારા પીતાની નરભેરામ વાલજી ચાલુ ભુજ મધ્યે રેહતા હતા તેઓ એ ધી બેન્ક ઓફ ઈન્ડીયા ની ભુજ બ્રાંચમાં પોતાના નામનું એકાઉન્ટ નંબર ૧૯૨ ચાલુ ખાતુ ખોલ્યુ અને જ્યારે તેઓ સ્વર્ગવાસે થયા ત્યારે રૂ. ૨૦૦૫ બેન્કમાં તેમના નામે અમાનત રહેલા છે તે સાટીફીકેટ તેમણે પોતાના નામથી કેશસર્ટીફીકેટ કુપન ૧૦ ની કીંમત રૂ. ૮૮૧૨-૮૦ વાલી ખરીદ કરેલી તે પણ તેમના ગુજરી જવાથી તેમના નામપર રહેલાછે અમારા પીતા ગુજરીજવાથી અમે તેના કાયદેસર વારસો હોવાથી તેની વારસા સર્ટીફીકેટ મળવાની અરજ ગુજારીએ છીયે અમારા પીતાના ગુજરી પછતે તેમના ભાઈ હરીરામ વાલજી તથા તેમની ધરવાલી લખમીબાઈ તથા તેમની પાંચ પુત્રીઓ નામે કાશીબાઈ કલીબાઈ નીર્મળાબાઈ તારાબાઈ તથા પુષ્પાબાઈ તથા અરજદારો નાં ૧૨-૩ વાળા મુકી ગયાછે પણ અમે તેમના કાયદેસરના વારસો હોવાથી વારસા સર્ટીફીકેટ મળવા અરજ ગુજારીએ છીએ

અમારા પીતાએ પોતાનુ મીલકતોનુ કોઈપણ જાતનું વીલ કરેલ નથી અને આથી પહેલા કોઈપણ આવી અરજ અમારા તરફથી ગુજારવામાં આવેલ નથીસબબે વારસા સર્ટીફીકેટ અપાશે

આ સબંધમાં કોઈને કાંઈ તકરાર કે વાંધો હોયતો તેમણે શા ૨૦૦૩ મહા વદ ૨ મંગળવાર સુધી આ કોર્ટમાં આવી જાહેર કરવુ અને તે મુદત સુધીમા કોઈના તરફથી કાંઈ તકરારકે વાંધો લેવામાં આવશે નહી તો મુદત વીતે અરજદારો એ માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીષે ઘટીત થતાં પછીથી કોઈની કાંઈ તકરારકેવાંધો સાંભળવામાં આવશે નહી

મીતી પોસ સુદ ૧૫ મંગળવાર શા ૨૦૦૩

શ્રી ડીસ્ટ્રીક્ટ એન્ડ શેશન્સ કોર્ટ કચ્છ. } જયસુખલાલ હ. શુકલ મેડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જજના હુકમથી.

જાહેર ખબર.

ડી. ડી. સ. નાં ૧૬૬૨

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજનાં ભટ્ટ કરૂણાશંકર તથા રમણીકલાલ નારાણજી સગીર હોતાં તેમનાં વાલી મોતીજી શીવજીભાઈ દમણકરે આ કોર્ટ પાસે એવી અરજ કરી છે કે ભટ્ટ નારાણજી રણછોડ અરજદારોનાં પીતા થાય ને શાં ૨૦૦૨ના મહા સુદ ૫ બુધવાર તા. ૧-૨-૪૬ને રોજ ભુજ મધ્યે ગુજરી ગયા છે.

ધી જનરલ ઈન્સ્યોરન્સ કું. લીમીટેડમાં ગુજરનાર ભટ્ટ નારાણજી રણછોડજી વિમાની પોલીસી નાં ૨૦૭૫૦ તારીખ ૧૪-૨-૪૫ વાલી રૂપીયા ૧૦૦૦) એક હજારની ધરાવતા હતા મજકુર પોલીસીનાં નાણાં મેળવવા અમારા પીતા ગુજરી જતાં આ વારસા સર્ટીફીકેટ મેળવવાની અરજ ગુજારીએ છીએ.

ગુજરનાર નારાણજી રણછોડજીનાં નજીકનાં સબંધમાં તેમની બે પુત્રીઓ નામે લીલાવતી તથા મુકતાબેન છે પરંતુ તેમનો આ મીલકતમાં કસો હકક નથી. સબબ અમો ગુજરનાર નારાણજીના કાયદેસર વારસો હોઈ વારસા સર્ટીફીકેટ અપાવશો.

આ સબંધમાં કોઈને કાંઈ તકરાર કે વાંધો હોય તો તેમણે શાં ૨૦૦૩ના મહા વદ ૯ શનીવારનાં રોજે અગર તે મુદત સુધીમાં આ કોર્ટ પાસે આવી અરજ કરવા ને મુદત સુધીમાં કોઈના તરફથી કાંઈ તકરાર કે વાંધો લેવામાં આવશે નહીં તો મુદત વીતે અરજદારો એ માગેલ વારસા સર્ટીફીકેટ તેમને આપવા વિષે ઘટીત થતાં પાછળથી કોઈની કાંઈ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહીં.

પોશ વદ ૮ બુધવાર શા ૨૦૦૩

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ કોર્ટ ભુજ નમર કચ્છ

જયશુખલાલ હ. શુકલ.
મેડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જજના હુકમથી.

જાહેર ખબર.

ધો. જા. નાં ૩૪૫

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે શ્રી ધોરાજી હસ્તેની સુમાસર વાળી રખાવમાં ધોરાજી-હસ્તેની પુરીબા સાદનું ટોળુ રહે છે. તે ટોળામાં રોજુ ઉંટ જી. ૧ એક રંગે રાતો ઉંમર વર્ષ ૧૫ અગીયાર આસરે કાંધમાં ડાબે પડખે ડાંભની નીશાની વળે કીંમત આસરે કોરી ૭૦૦) સાતસોનો આવેલ તે પગવાલા રબારી મમુ દેવા તરફથી આંહી રજુ થયેલ છે સદરહુ ઉંટ જેનો હોય તેણે આ જાહેર ખબર પ્રસિધ્ધ થયાની તારીખથી એક માશની અંદર અમારી પાસે હાજર થઈ ખાત્રી પુરવો રજુ કરી લઈ જવો ખોરાકી ખર્ચ વીગેરે આપીલઈ જવો. મુદત દરમ્યાન કોઈ હાજર નહીં થાય તો તે ઉંટ ના દરબાર દાખલ કરવાનાં આવશે.

પોશ વદ ૧ બુધવાર સાં ૨૦૦૩ તા ૮-૧-૪૭

P. R. Jadeja,
ધોરાજી સુપ્રીન્ટેન્ડન્ટ

મહારાજા વિરાજ મીરજા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ.

તામીલ નોટીશ નાં ૧૨૪

સ્મો. તામીલ દરખાસ્ત નાં ૮૮ સાં. ૨૦૦૨

શ્રી અંજાર સ્મોલ કોઝ અદાલત તરફથી

ખેડોઇ સ્થાને પીંજારા રમજુ આમદને ખબર આપવામાં આવે છે કે તમારા ઉપર એમણ અમુ ભીવશી થાર્યા રહેનાર ખેડોઇનાએ બાબત લેણાનો દાવો નં. ૧૫૫ સાં. ૨૦૦૨ દાખલ કરેલ તેનો ખુલાસો સાં. ૨૦૦૨ના ફાગણ શુદ ૧૧ બુધવારને રોજ અદાલત અંજાર તરફથી થએલ છે તેનાં ઠર્યા મુજબ બાકી રહેતી કોરી ૩૬પાઇની થતાં ખર્ચે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચથી રોજ ૧૫માં હુકમનામાં તામીલ કરજો નહિતો કાયદા પ્રમણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મીતી માગસર શુદ ૮ સોમે સાં. ૨૦૦૩.

જીવરામ જાદવજી,

મે. અંજાર ન્યાયાધીશ સા. હુ. થી.

મહારાજાધિરાજ મિર્ઝા મહારાઓશ્રી ૭ સર વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અંજાર દિવાની અદાલત નં. ૨૧૮

ખા. દિ. દાવાનો નંબર ૧૭ સાં. ૨૦૦૨

વાળંદ ચંચળબાઇ ખીમજી અંજાર વાદી

વાળંદ મંગળજી માધવજી અમદાવાદ પ્રતિવાદી

દાવો ભરણ પોષણ મળવા

અમદાવાદ રહેનાર વાળંદ મંગળજી માધવજીને માલુમ થાય જે વાદીએ તમારા ઉપર ભરણ પોષણ મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવેછે કે આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી એક માસના અંદર તે રોજ સવારના ૧૦॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબંધી જરૂર આત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી પોશ શુદ ૧૪ સોમવાર સંવત ૨૦૦૩

જીવરામ જાદવજી,

મે. અંજાર ન્યાયાધીશ, શા. ના. હુ. થી.

મહારાજાધિરાજ મિર્ઝા મહારાઓશ્રી ૭ સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નાં. ૫૭૭ શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી.

શા લખમશી દેવશી રે. હાલ લોનાઇ વાદી

ગામી વિશ્રામ લખમશીના વારસ તેના દીકરા ગામી અખઇ વીશ્રામ વી. રે. યોધ હાલે કરાચી } પ્રતિવાદી

દાવો તામીલ થવા.

કરાચી સર્વે નીચે લખ્યા શક્ષને માલુમ થાય કે વાદીએ તમારા પર શાં ૨૦૦૦ના ભાદરવા વદ ૨ ગુરૂ નાં રોજ હુકમનામુ મેળવેલું છે તે પ્રમાણે કોરા ૨૬૨ના ઉપરાંત વ્યાજે મળવા વાદીએ તામીલ કરેલી છે તે તમે હજુ સુધી પુરી કરી નથી જેથી આ અદાલતના બીજે હુકમ થતાં સુધી મારફતનામાં

૧ ગામી દેવરાજ લખમશીની લેણાંની ઉઘરાણી
૨ રાજગારીયા આ ભેણી દખણાદી
૩ રાવરીઆ દેવરાજ ઓનાની ભેણી થી ઉતરાદી
૪ રાવરીઆ મેઘા કરસનની ભેણીથી અથમણી.

} બતાવેલ ચતુર દીશવાલી સાંડેલ ભેણી વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે

કોઇને આપી દેવાની તમોને અત્રથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે. તેમજ એ ભેણી તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

૧ ગામી અખઇ વીશ્રામ

૨ ગામી નાથુ વીશ્રામ

મીતી પોશ શુદ ૫ શનિ સાં. ૨૦૦૩

N. D. Mehta,

ભચાઉ ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મિર્ઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી ઇ.

શ્રી રાપર અદાલત.

ખા. દી. દાવાનો નંબર ૯ સંવત ૨૦૦૨

ફકર ગોવજી પેમજી નાની હમીરપર વાદી

કુંભાર હજુ દેવશી એજ પ્રતીવાદી

દાવો કોરી ૨૮૬૧ મળવા

રહેનાર હમીરપરના તે સીધ અર્થેના નીચે લખ્યાને માલુમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૨૮૬૧ જેમાં સાત છયાસી બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે આ સમન્સ શ્રી કચ્છ રાજ્યપત્રની અંદર છપાયાની તારીખથી માસ દીની અંદર અત્રના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાના જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના લગતા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય તે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો ત-

મારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી પોશ શુદ ૪ વારશુક્રે સંવત ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર

મે. જો. રાવર ન્યાયાધીશ. હુ. થી.

૧ કુંભાર ભુ૦ લખમણ.

૨ ,, જેસંગ લખમણ.

૨ ,, સજા લખમણ.

મહારાજાધિરાજ મિરજાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.

તામીલની નોટીશ.

આ. ફી તામીલ દરખાસ્ત નાં. ૫૪ સાં. ૨૦૦૩.

શ્રી નખત્રાણા અદાલત તરફથી.

નાની અરલ સ્થાને સોની વેલજી કારાને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપ ઠા. વેલજી કાનજી મોટી અરલના રહેવાસના લેણા બાબત કોરી ૭૫૩ ચડતા વ્યાજે દાવો નાં. ૬૮ સંવત ૧૯૯૬વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૧૯૯૭ના અષાડ શુદ૧૩ શુક્રવારને રોજ અદાલત નખત્રાણા તરફથી થએલ છે તેમાં ઠર્યું છે કે પ્રાં. મુદલ રકમ કબલ થતાં સુધી આપે તે હુકમનામા પ્રમાણે કોરી ૮૮૦।।૫ તામીલ કરવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી માસ ૧માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાજીદ કરવામાં આવશે

મિતી પોષ શુદ ૧૧ શુક્રે શા. ૨૦૦૩.

જયન્તીલાલ મયાશંકર

મે. નખત્રાણા ન્યાયાધીશ. હુ. થી.

જાહેર ખબર

આથી શરવ લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદરાના શા હાથીભાઇ ગલાલચંદે મુંદરાના શા ગેલા લીલાધર પાશેથી શાં ૨૦૦૬ના શ્રાવણ સુદ ૨ ના દસ્તાવેજથી જગ્યા ૧ ઓશવાળ ફળીઆમાં ગઢરાંગ નજીકની આવાટ હમીરાવાર કોરી ૨૦૦૦) વીશ હજાર માં વેંચાણ લીધેલ છે તેનો છાપો થવા દસ્તાવેજ આહીં આવેલ છે માટે શદરહુ સ્થાવર મીલકત ઉપર કોઇનું કંઇ લેણું હોય કે હક હોશે હોય તો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રશીધ થવાની તારીખથી માસ એકની અંદર આહીંની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહિતર મુદત વીતે છાપો થવા વીશે ઘટીત કરવામાં આવશે.

પોશ વીદ ૧ બુધવાર શાં ૨૦૦૩

Harilal Somji,

મુંદરા વહીવટદાર.

જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા. બંધડીના મુ તરફથી નીચ લખી નીશાની વાગી બે શાંઢો ગેવાળ તરીકે અંહી રજુ થએલ છે આ શાંઢો જેની હોય તેણે આ જાહેર ખબર પ્રશીધ્ધ થયાની તારીખથી એક માસની અંદર હાજર થઇ બાત્રી પુરાવો આપી થએલ ખરચ આપી લઇ જવી નહીતર મુદત વીત્યે શદરહુ શાંઢો શ્રી દરબાર કાબલ કરવામાં આવશે.

શાંઢ જીવ એક ધધડલેવાને ઉ. વ. ૮ આશરેની જમણા નાકમાં લાકડાની નાકલી છે ડાબે આમલે પગે રસોડીના બે ગંઠા છે કીમત કોરી રૂપયા૨૫૦ આશરે

શાંઢ જીવ એક વાને કાળીશાઇ ઉ. વ. ૩॥ આશરે કીમત કોરી ૩૦૦) આશરે.

પોશ વદ ૨ ગુરૂવાર શાં. ૨૦૦૩.

રેવાશંકર વીશ્રામ.

ભચાઉ વહીવટદાર.

-જાહેર સુચના.-

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા થી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર. ખબર

અમો નીચે સહીઓ કરનાર મોટી હમીરપુરના સીધપ ડોસા દાંના તથા સીધપ ખીમા જેશા તથા સીધપ જુરા ખેતા જત આથી અમો જાહેર જનતાને જાણ કરીએ છીએ કે અમારા કાકા

સીધપ રાજા વીરભાણજી નીસંતાન ગુજરી ગયા છે પાછળ તેમનાં વીધવા અમારાં કાકી નામે પુંજીબાઇ છે. તેના કાયદેશરનાં ઉતરાધીકારી વારસો અમો છીએ મજકુર અમારાં કાકી પુંજીબાઇ એ છી બુધીનાં અને બીન આવડત વરાં છે તેમના પાસે ભરણ પોષણનું પુરતું સાધન છે હાલમાં અમારા જાણવામાં આવ્યું છે કે તેણીના પડખે અમારા કેટલક વિઘ્ન સંતોષીઓ તથા સ્વાથીઓ માણસો ચડી તેણીના પાસેથી સ્થાવર જંગમ મીલકત વેચાણ ગીરો બક્ષીસ કે બીજી રીતે લેવાનાં પ્રયત્નો કરે છે તેમજ ચીત દામ બેજો કરે છે. અને અમારા જાણવામાં આવ્યું છે મજકુર અમારાં કાકીને સ્થાવર મીલકત વેચ સાટ કરવા કે તે ઉપર બીજી રીતે બોજો ઉત્પન કરવા કે બક્ષીસ આપવા કશો અધીકાર નથી છતાં અમોને નુકશાન પોચાડવાના હેતુથી તેમજ અમારાં વિઘ્ન સંતોષીઓની ખોટી સલાહથી તે પ્રમાણે વર્તન ચલાવે છે જેથી લાગતા વળગતા તેમજ સર્વ સખસોને આથી જાણ કરીએ છીએ કે મજકુર અમારાં કાકી પાસેથી કોઈએ પણ મિલ્કત વેચાણ ગીરો. બક્ષીસ કે બીજી કોઇ રીતે લેવી નહી તેમજ તે ઉપર કશો બોજો કરવો નહી તેમ છતાં કોઈપણ સખ્સ તેથી વિરૂધ વર્તસેનો અમો કે અમારા કાકાની માલકત કશી રીતે જવાબદાર નથી તેમજ કોઇ સખ્સે કાંઇ પણ મીલ્કત વેચાણ ગીરો બક્ષીસ કે બીજી રીતે લીધી હશે કે અમારી કાકી પાસેથી કાંઇ લખાણ કરાવેલ હશે તો તે વ્યવહાર પણ રદ બાતલ છે. એમ સમજવાનું છે.

શાં. ૨૦૦૩ના પોશ સુદ ૧૧ શુકરવાર

શીધપ ભુરા ખેતાની સઇ દઃ પોતાના
શીધપ ખીમાજેશાની સઇ દઃ પોતાના
શીધપ ડોસા દાનાની સઈ દાઃ ઠા.
લાલજી પુલચદ ધણીએ રૂબરૂ કેવાથી

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ ખોજા દાતુભાઇ ઇબ્રાહીમ ના વારસોના પાવરદાર મીરઝા અલીઅકબર ગુલામ હુસેન રરફથી સુચના આપવામાં આવેછે કે માંડવી ાં ખોજા પાંચ ડામાં ખોજાખાના પાસે અમારા અસીલ મજકુરની બે જગ્યાઓ જોડા જોડ આવેલ છે તે બન્ને જગ્યાઓ ખોજા અલીમાઈ વાલજીવલી તથા હીરજી અતુબાણી વાલી એમ જગ્યાઓ બે ખોજા જનમામદ લધાના વઇવટ કરનાર ખોજા પ્યારઅલી જનમામદ ને અડે અકે વેચાણ આપેલ છે તેને લગતા અમારા ચોક પણાના કેટલાક દસ્તાવેજો અમારા અસીલના વકીલો કે ભલામણી આ પાસેથી ગેરવલે ગયાછે જેથી તે દસ્તાવેજો જેના પાસે હોય તેમણે ખોજા પ્યારેઅલી જનમામદને સોંપવા તેનો કોઈ દુરોપયોગ કરસે તો તેના વિરૂધ સલાહ મસ્યા મુજબ દીવાની કે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે તેનો આથી નોંધ લેવો

શાં ૨૦૦૩ના પોશ સુદ ૧૪ સોમવાર

છોટાલાલ રામજી વકીલ કચ્છ માંડવી

ખાનગી જાહેર ખબર

કચ્છ કાડહાના ચારણ રાજદે તથા વીશ્રામ દેરાજ આથી સર્વને ખબર આપું છું કે અમારા પીતા દેરાજ કેરશન શાં ૨૦૦૧ની શાલમાં ગુજરી ગયા છે તેના વારશ અમો અને જગા તથા અમારા ઓરમાન ભાઈ મોમાયા છે.

અમારાં પીતાની સ્થાવર મીલકતમાં એક જગ્યા છે તથા એક વાડો છે તથા દર દાગીનો રોકડ રકમ વગેરે છે અમારી ઓરમાન મા હીરબાઈ તથા ઓરમાન ભાઇ જંગમ મીલકત લઇ કરાંચી જતા રહયા છે આ મીલકત તેઓ વેંચ શાટ કરવાની હીલ ચાલ કરે છે આ મીલકતમાં અમો બે ભાઈઓના બે ભાગનાં હકદારો છીએ તથા આ વાડામાં અમારા કાકા ચારણ પચાણ કરશનનો પણ ભાગ છે તેથી અમારા પીતાની મીલકત પર કોઈએ પૈસા ધીરવા નહી કે માલકત વેંચાણ રાખવી નહી છતાં કોઈ પૈસા ધીરશે કે વેચાણ રાખશે તો તેની જવાબદારી તેનાથી વહેવાર કરનારાઓ ઉપર રહેશે અમારી આ મીલકતના હક ઉપર કશી જવાબદારી રહેશે નહી શહેરહુ ઉપર સખ્યા વાડામાં અમારા કાકા ચારણ પચાણ કરશનનો પણ હક છે તે સર્વ પ્રજાની જાણ માટે આ જાહેર ખબર છપાવી છે.

શાં ૨૦૦૩ના પોશ વીદ ૫ શનીવાર

ચારણ રાજદે દેરાજની સઈ દઃ પોતાના
ચારણ વિસરામ દેરાજની સઈ દઃ હરીદાસ તુલસીરામ જોશી
ચારણ પચાણ કરશનની સઇ દઃ હરીદાસ તુલશીરામ જોશી

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર વાંઢના ઠા. જેઠાભાઇ જીવણ કોટક જત આથી [illegible] જાણ કરૂં છું જે અમોને [illegible] શીમમાનુ ખેતર નામે [illegible]

૧ શેડો પેલો [illegible] કુરપાર વેરા પાશે છે

૨ શેડો બીજો ઊગમણી [illegible] થારાઈની ખુલ છે

૩ શેડો ત્રીજો ઊતરાદી બાજુ [illegible] વાડી જે હાલે [illegible] અંગલવાળી વાડી જે [illegible] જૈન મહાજન પાશે છે

૪ શેડો ચોથો [illegible] ડુકડી [શતુલા [illegible]] [illegible] વાંઢના [illegible] પ્રેમજી [illegible]

એ [illegible] વાલી [illegible] ૧૩ દોઢ વાલી [illegible] દોમજી પુજાના [illegible] હરીરાજ વેચાજી [illegible] હમીરાવાર વેચાણ [illegible] દસ્તાવેજોની [illegible] આ ઠામ [illegible] ટ્રસ્ટ હજરચંદની [illegible] પણ દર દાવો કે [illegible] યાશ્રી [illegible] થવા આંદવી [illegible] કરવી નહિતર [illegible] વર વાંધો છે નહિ [illegible] માની અસો પાકો [illegible] લેશુ બાદ કોઇપણ [illegible] કોઇપણ હક [illegible] ચાલશે નહિ તેની નોંધ દેવી.

જેઠાભાઇ જીવણ કોટકની [illegible] પોતે

તા. ૧૨-૧-૪૭

સમનાસુ

ઠા. જેઠાભાઇ [illegible] કોટક

વાંઢ-કચ્છ

[illegible] કચ્છ

ખાનગી જાહેર ખબર

આથી સર્વને જાણ થાય કે હાજાપરના મીસ્ત્રી [illegible]વજી હીરજીએ હાજાપરના મીસ્ત્રી વસ્તા દેવજી [illegible] પોતાના નિર્વાહ માટે ગામ હાજાપર [illegible] વરંડી વેચાણ આપવાનું નક્કી કરે-[illegible] છે તેની ચતુર હદાની વિગત

આયવણા [illegible] રેતી છે

[illegible] અમારી વરંડી છે તે સાથે કરો [illegible] છે

[illegible] મીસ્ત્રી દેવસી દેવજીની વરંડી છે [illegible] સાથે કરો [illegible] છે

[illegible] હરીલાલ ખીમજીનું ચટ છે તે [illegible] છે [illegible] પછીતના [illegible] પડેછે

ઊપરની ચતુર હદા વાલી વરંડી યાને જમીનનો ટુકડો તે [illegible] ભીંતો સહીત [illegible] વેચાણ આપવા નક્કી કરેલ છે તેથી આ બાબતમાં કોઈ [illegible] કે વાંધો હોય અથવા [illegible] બીજો કોઇ હક કે દાવો હોય તેણે રોજ [illegible] અંદર અમને અથવા અમારા વકી-[illegible] પોતાનો હક સાબીત કરવો તે [illegible] પછી કોઇપણ જાતનો વાંધો નથી [illegible] વેચાણનો દસ્તાવેજ કરવામાં આવશે અને કોઇનો વાંધો કે દાવો ચાલશે નહી તે જાણ થાય

તા. પોષ વદ ૧૨ શનીવાર શા ૧૯૦૩

તા. ૧૮-૧-૪૭

મીસ્ત્રી [illegible]વજી હીરજીની સહી ઠ. પોતે

શુરજી કેશરસી

ખરીદનારના વકીલ

હ. ઓ. નાં. ૧૪/૪૭ **જાહેરાત**

કચ્છમાં જન્મ મરણની નોંધ હાલ દરેક સ્થળે થતી નથી. જન્મ મરણની નોંધ રાખવી અનેક રીતે જરૂરી છે કેમકે તે ઉપરથી રાજ્યના જુદા જુદા ભાગોમાં લોકોની તંદુરસ્તીનો ખ્યાલ આવી શકે છે તેમજ જન્મ અને મરણના દાખલાઓ પણ ચાલુ કાયદાઓના ધોરણે અંગે જેમકે વીમાના પૈસા મેળવવા માટે અથવા પાસપોર્ટ માટે —અનેક વખત પ્રજા જનોને લેવાની જરૂર રહે છે અને વ્યવસ્થીત રીતે જન્મ મરણની નોંધ લેવા હાલે ધોરણ ન હોઇ તેમને મુશ્કેલી પડે છે. આવાં કારણોને લીધે પ્રજાના હિતમાં જન્મ મરણની નોંધ રાખવી ઇષ્ટ હોઇ ખુદા બંદ મહારાજશ્રી હજુર સાહેબ શવાઇ બહાદુરના ફરમાનથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છેઃ—

૧. અઃ કોઇપણ બાળકનો જન્મ થયાની તારીખથી પંદર દીવસની અંદર તે બાળકનો જન્મ થયા બાબતની ખબર આ સાથેના પરિશિષ્ટ અ માં દર્શાવેલી હકીકત સહીત તે બાળકના પિતા અગર તેના જે કોઈ વાલી હોય તેણે અગર તો બાળકનો જ્યાં જન્મ થયા હોય તે કુટુંબના મુખ્ય માણસે નોંધાવવી.

બઃ પરંતુ જો કોઇ બાળક અનારસ જન્મ્યુ હોય તો તેના પિતાનું નામ દાખલ કરવું નહી પણ જો બાળકની માતા અને કોઇ પુરૂષ પોતાને બાળકનો પિતા જાહેર કરતો હોય તે બન્નેની અરજ હોય તો સદરહુ સખ્સનુ નામ બાળકના પિતા તરીકે દાખલ કરવું. આવા સંયોગોમાં બાળકની માતા અને તેવા સખ્શે રજીસ્ટરમાં પોત પોતાની સહી, કે અંગુઠાની નીશાની કરવી.

કઃ જો કોઇ શખ્શને નધણીઆતું તાજુ જન્મેલું બાળક મળે તો તે બાળક જેને મળે તે શખ્સે અને બાળક જેના કબજામાં હોય તેવા કોઇપણ શખ્સે તેને ઉપર સદરહુ બાળકની ધોરણસરની યોગ્ય અધીકારી પાસે રોજ પંદરમાં નોંધ કરાવવાની ફરજ છે. આવી નોંધ કરાવતી વખતે નોંધ કરાવનારે પોતાને ખબર હોય તેવી સર્વે જરૂરી માહોતીનો નોંધ કરાવવી.

૨. કોઇ શખ્શનું મરણ થાય ત્યારે તે બાબતની ખબર મરણ થયાની તારીખથી બે દીવસની અંદર જે કુટુંબમાં મરણ થયુ હોય તે કુટુંબના મુખ્ય માણસે અગરતો મરનારનાં નજીકમાં નજીક સગાંએ પરિશિષ્ટ બ મુજબ આપવી.

૩. જન્મ મરણની હકીકત નીચે દર્શાવેલ ઇશમો પાસે નોંધાવવીઃ—

અઃ મ્યુનીસીપાલીટીઓ હોય એવા સ્થળોએ તેના સેક્રેટરી પાસે.

બઃ મ્યુનીસીપાલીટીઓ નહોય ત્યાં જે તે ગામના ધ્રુ પાસે અગર તો જે ગામમાં ધ્રુ નહોય ત્યાં રેવીન્યુ પટેલ પાસે,

કઃ ભાયાતી કે ધર્માદા વિગેરે ગામોમાં જે તે ગામ ધણીના વહીવટ તળે હોય ત્યાં જે તે ગામ ધણી પાસે અગર ગામ ધણી જેની આ બાબત નીમણુંક કરે તેની પાસે.

નોટઃ—આવા ગામ ધણીએ બીજાની નીમણુંક કરી હોય તો તેવા ઇસમના નામ સહીત જે તે તાલુકાના રા. વહીવટદાર તરફ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૧૫ પંદરમાં લખી મોકલવું.

૪. ઉપરની કલમ ૧–૨માં જન્મ મરણની ખબર આપવા જે સખ્સો ઉપર ફરજ રાખવામાં આવી છે તે ફરજ તે કલમોમાં દર્શાવેલ દરેક શખ્સની છે એટલે જન્મ મરણની યોગ્ય નોંધ થાય તે બાબત તે દરેકની જવાબદારી રહેશે.

૫. ઉપરની કલમ ૧–૨ પ્રમાણે જન્મ મરણની નોંધ કરનારઃ—

અઃ મ્યુનીસીપાલીટીના સેક્રેટરી, અગર

બઃ જે તે ગામના ધ્રુ, અગર

કઃ રેવીન્યુ પટેલોએ, અગર

ડઃ ભાયાતી કે ધર્માદા ગામના ગામધણી અગર તે ગામધણીએ જેની આ બાબત નીમણુંક કરી હોય તેણે,

આ બાબતના જુદાં રજીષ્ટર તાલુકા વહીવટદારનાં સીલબંધ આ સાથેનાં પરિશિષ્ટોમાં જણાવ્યા પ્રમાણે રાખવાનાં છે અને તેમાં જણાવ્યા પ્રમાણે જન્મ મરણ બાબત દરેક હકીકત નોંધવાની છે.

૬. ઉપર મુજબ જન્મ મરણની નોંધ થાય તે ઉપરથી જે તે નોંધ કરનારે એકંદર જન્મ મરણના માત્ર માસવાર આંકડા દર્શાવતું છમાસિક પત્રક તે છમાસિક મુદત પુરી થયાની તારીખથી એક માસની અંદર તથા અસલ રજીષ્ટરો, વર્ષ પુરૂં થયા પછી એક માસની અંદર જે તે તાલુકા કચેરીએ મોકલી આપવા. તાલુકા કચેરીએ છમાસિક આંકડાનાં પત્રકોની એકંદરી કરી રા. રા. રેવીન્યુ કમીશ્નર તરફ મોકલવાં અને અસલ રજીષ્ટરો સંભાળથી સંધરી રાખવાં.

નોટઃ- શાં. ૨૦૦૩ના ફાગણ સુદ ૩થી શાં. ૨૦૦૩ના જેઠ સુદ-૨ સુધી એમ માસ ૩ ના આંકડા આ કલમ સજ્જ જે તે કચેરીએ મોકલવા અને ત્યારબાદ બાકીના છ માસના આંકડા આ કલમમાં દર્શાવેલ મુદતમાં જે તે કચેરીએ મોકલવા.

૭. આ જાહેરાતનો બરાબર અમલ થાય છે તે જોવાની જવાબદારી જ્યાં મ્યુનીસીપાલીટીઓ હોય ત્યાં મ્યુનીસીપાલીટીની તથા જ્યાં ધ્રુઓ હોય ત્યાં ધ્રુઓની તથા જ્યાં રેવન્યુ પટેલો હોય ત્યાં તેમની તથા ભાયાતી કે ધર્માદા ગામો ાં ગામધણીની રહેશે.

૮. અઃ જો જન્મ કે મરણની નોંધમાં કોઇ ભુલ જણાય તો તેવી ભૂલ સુધારવા ઈચ્છતા સખ્સે જો, તે મુળ નોંધ કરાવનાર ઇસમ હોય તો કેવી ભલ છે તે અને સત્ય હકીકત વિષે તાલુકા ન્યાયાધીશ પાસે એફીડેવીટ કરી યા બે સંભાવિત ગૃહસ્થોની શાક્ષી લઇ નોંધ કરનાર અધીકારી પાસે તેવો ફેરફાર કરવા અરજી કરવી નોંધ કરનાર અધીકારીએ હાંસીયામાં ભૂલનો સુધારો દાખલ કરવો અને દુરસ્તી કર્યાનો આધાર બતાવવો પરંતુ મુળ નોંધમાં કાંઇ ફેરફાર કરવો નહીં.

બઃ જન્મનાં નોંધ પત્રકમાં નોંધાવેલ નામ જો બદલવું હોય તો પણ ઉપર 'અ' માં જણાવેલ રીત અખત્યાર કરવા.

૯. જન્મ મરણની તારીખ વિષે આધારભુત એકસ્ટ્રેક્ટ -ઉતારો- આપવા સબંધે એમ ઠરાવવામાં આવે છે કે જન્મ તારીખ માટે જે તે સખ્સને અથવા તેના પાસેના સબંધીને તથા મરણ બાબત મરનારના પાસેના સબંધીને ખાત્રી કરી, રા. મ્યુનીસીપાલ સેક્રેટરીએ અથવા રા. તાલુકા વહીવટદારે એક કોરીના સ્ટેમ્પ પર અરજ થયેથી રજીષ્ટર પરથી આધારભુત એકસ્ટ્રેક્ટ સહી સિક્કા સાથે આપવો.

૧૦. ઉપરની કલમ ૧-૨ માં જણાવેલી મુદત દરમ્યાન સદરહુ કલમોમાં જણાવ્યા પ્રમાણે જે જન્મ મરણની નોંધ કરાવશે નહીં અથવા ખોટી નોંધ કરશે યા કરાવશે તે કોરી ૧૦ દશ સુધીના દંડને પાત્ર થશે અને આ પ્રમાણે દંડ કરવાનો અધીકાર જે તે તાલુકાના વહીવટદારને અગર જ્યાં મ્યુનીસીપાલીટી હોય ત્યાં મ્યુનીસીપાલીટીના પ્રમુખને-રહેશે. આ નિણ્ય ઉપર અપીલ ચાલી શકશે નહીં.

૧૧. આ જાહેરાતનો અમલ શાં. ૨૦૦૩ના ફાગણ સુદ ૩ થી થશે.

૧૨. આ જાહેરાત "શ્રી કચ્છ રાજ્ય પત્ર" અને "શ્રી કચ્છ સમાચાર પત્રિકા" માં પ્રસિધ્ધ કરીને અને તે ઉપરાંત રા. તાલુકા વહીવટદારોએ ગામે ગામ દાંડી પીટાવીને કરવાની છે.

મીતી પોષ વીદ ૫ શનીવાર શાં. ૨૦૦૩.

તારીખઃ- ૧૧-૧-૪૭.

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

પરિશીષ્ટ અ

જન્મ.

અનુક્રમ નંબર.	માતા પિતાનું નામ.	જાતિ ધર્મ કે કોમ.	બાળકની જન્મ તારીખ	છોકરો કે છોકરી	ખબર આપનારની સહી અને તારીખ	રીમાર્ક જો બાળક મુવેલુ જન્મ્યું હોય તો, - જો જીવતું જન્મ્યું હોય તો બાળકનું નામ.
૧	૨	૩	૪	૫	૬	૭

સુચનાઃ-

૧. આખાં વરસને માટે ચાલુ ચડતો નંબર રાખવો.
૨. તારીખ બદલે તે વચમાં લખવા,
૩. નોંધ વખતે બાળકને નામ આપ્યું ન હોય તો નોંધ કરાવનારને, નામ આપેથી નામ જાહેર કરવા જણાવવું અને તે પ્રમાણે જાહેર થયેથી નામ કોલમ ૭માં લખવું.

પરિશીષ્ટ બ.

મરણ.

અનુક્રમ નંબર.	મરનારનું નામ	જ્ઞાતિ ધર્મ કે કોમ.	શરનામું	મૃત્યુનું કારણ.	બીમારીની મુદત	ખબર આપનાર ની સહી અને તારીખ.	રિમાર્ક

સુચના:--

૧. આખાં વરસ માટે ચાલુ ચડતો નંબર રાખવો.

૨. તારીખ બદલે તે વચમાં લખવી.

૩. મૃત્યુનું કારણ તાવ, એટલુંજ હોય તો તાવનો પ્રકાર બનતાં સુધી શોધવા યત્ન કરવો. જો બીમારીની મુદત બે ત્રણ દીવસજ હોય તો તેનાં ચિન્હ સહીત તાલુકાના દરબારી ડોકટરને તુરત ખબર આપવી અને તેમણે તપાસ કરી રા. રા. ચીફ મેડીકલ ઓફીસરને રીપોર્ટ કરવો.

ઠરાવ.

હ. ઓ. નં. ૧૬.

કચ્છમાં પ્રેસ આયાત કરવા અને ચલાવવાની પરવાનગી મળવા કેટલાક શખ્સો તરફથી અરજ થતાં શ્રી કચ્છ દરબાર તરફથી વર્તમાનપત્રો અને પુસ્તકો છાપવા તથા પ્રેસ ચલાવવા અંગેના નિયમો તૈયાર થઇ અમલમાં આવે તે દરમ્યાન નીચેની શરતોએ પ્રેસ આયાત કરી ચલાવવ દેવાની પરવાનગી આપવા મુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે:–

૧. શ્રી દરબારની પ્રથમથી પરવાનગી મેળવ્યા સિવાય કોઇ શખ્સ પ્રેસ આયાત કરી શકશે નહીં.

૨. છાપખાનાં અંગે મશીનરી વગેરાં જે કંઈ આયાત કરવામાં આવશે તેની ધોરણ પ્રમાણે જકાત ચુકવવાની રહેશે.

છાપખાનું ચલાવવા ઇચ્છનારે આ નિયમો સાથેના ઠરેલા નમુના પ્રમાણેનું ડેકલેરેશન નોંધાવવું પડશે.

૩. છાપખાનું ચલાવવા અંગે શ્રી દરબાર તરફથી વખતો વખત જે લાઇસન્સ ફી મુકરર કરવામાં આવશે તે પ્રમાણે દર સાલ લાઇસન્સ ફી ભરવાની રહેશે.

૪. શ્રી દરબારની લેખીત પરવાનગી સિવાય પ્રિન્ટીંગ પ્રેસનું વેંચાણ અથવા બીજાના નામે transfer થઈ શકશે નહીં.

૫. છાપખાનાંમાં જે પુસ્તક, હેન્ડબીલ તેમજ બીજું જે કંઇ છાપકામ થશે તે પર લેખક, સંપાદક, પ્રસિધ્ધ કર્તા કે છપાવનારનું નામ તથા જે છાપખાનાંમાં તે છપાયું હોય તે છાપખાનાંનું નામ સરળતાથી વાંચી જાણી શકાય તે રીતે સ્પષ્ટપણે છાપવાનું રહેશે.

૬. છાપખાનાંમાં જે પુસ્તક, વર્તમાનપત્ર, હેન્ડબીલ, પત્રિકા વગેરે જે કંઈ છપાય તેની બે નકલો રા. રા. પોલીસ કમીશ્નર સાહેબ તરફ છપાઇ થયાની તારીખથી ત્રણ દિવસની અંદર કાંઇપણ કિંમત લીધા સિવાય મોકલવાની રહેશે.

૭. ઉપરની શરતોનું અથવા ડેકલેરેશનની શરતોનું અથવા આ સંબંધમાં જે કંઇ હુકમો કરવામાં આવે તેનું પાલન નહીં થયાનું અથવા તેનું ઉલ્લંઘન કર્યાનું રા. રા. પોલીસ કમીશ્નર ને જણાય તો તેઓ કોગ્નીઝેબલ ગુન્હાની રીતે તપાસ કરાવી જે તે તાલુકાના રા. મેજીસ્ટ્રેટની કોર્ટમાં ઇન્સાફ માટે કમીટ કરાવી શકશે. આ ગુન્હા અંગે જામીન લઇ શકાશે.

૮. આ ઠરાવની કોઈપણ કલમ વિરૂધ્ધ તેમ ડેકલેરેશનમાંની શરતો વિરૂધ્ધ તથા આ સંબંધે જે કંઇ હુકમો કરવામાં આવે તે વિરૂધ્ધ વર્તનાર શખ્સ છ માસ સુધીની કેદની અથવા પાંચહજાર કોરી સુધીના દંડની અથવા બંને શિક્ષને પાત્ર રહેશે અને પ્રીન્ટીંગ પ્રેસ શ્રી દરબાર દાખલ થવાને પાત્ર રહેશે.

૯. આ ઉપરાંત કોઇપણ શખ્સની અરજ ઉપરથી પ્રાથમીક તપાસને અંતે રા. રા. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જડજને, કોઇ પ્રેસ ચલાવવા દેવું એ જાહેર પ્રજાના હિતમાં અથવા સલામતી ભરેલું નહીં જણાય તો તેઓ તે પ્રેસ બંધ કરવા હુકમ કરી શકશે અથવા પ્રેસના માલીકને કોરી ૨૫૦૦૦ પચીસહજાર સુધીની રોકડ જામીનગીરી રજુ કરવા ફરમાન કરી શકશે.

૧૦. ઉપર જણાવ્યા પ્રમાણે જામીનગીરી લેવાયા છતાં જો પ્રેસના માલીક તરફથી શરતોનું પાલન નહિં થતું હોવાનું અથવા ઉલ્લંઘન થતું હોવાનું અથવા જાહેર હિતમાં નહીં તેવું વર્તન થતું હોવાનુ તપાસ અંગે જોવામાં આવશે તો રા. રા. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જડજ, લેવાએલ જામીનગીરીની રકમ અથવા તેનો કંઇ ભાગ જપ્ત કરવા ફરમાન કરી શકશે.

૧૧. આ નિયમોના આધારે જે ફેંસલો થાય તે ફેંસલાથી નારાજ થનાર શખ્સ રા. મેજીસ્ટ્રેટના ઠરાવ પર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં અને ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટના ઠરાવ પર હાઇ-કોર્ટમાં ફેસલાની તારીખથી એક માસની અંદર અપીલ કરી શકશે

૧૨. ઉપરની શરતો અનવય જે શખ્સો પ્રિન્ટીંગ પ્રેસ આયાત કરી ચલાવવા ઇચ્છા ધરાવતા હોય તેઓએ પોતાનો હાલનો ધંધો, કચ્છમાં કંઈ સ્થાવર મીલકત ધરાવે છે. કે કેમ તેની હકીકત સહીત આર્થીક સ્થિતી તથા એ ળખની હકીકત Reference. સહીત રા. રા. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જડજ તરફ અરજ કરવી.

૧૩. ઉપર પ્રમાણે અરજ આવેથી રા. રા. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જડજે અરજદારની સ્થિતી વગેરાં બાબત યોગ્ય તપાસ કરાવી ઉપર જણાવેલ શરતોની કબુલાત તથા ડેકલેરેશન લઇ મંજુરી માટે પોતાના અભિપ્રાય સહીત રા. રા. દિવાન સાહેબ તરફ મોકલવી.

૧૪. જેઓની અરજીઓ ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી મંજુર થશે તેઓને આયાત કરવાની પરવાનગી રા. રા. દિવાન સાહેબ તરફથી આપવામાં આવશે. તેવી પરવાનગી મળેથી અરજદારે ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં લાઇસન્સ ફી ભરી પ્રેસ ચલાવવા પરવાનગી મેળવવી.

૧૫. પ્રિન્ટીંગ પ્રેસનો માલીક જે પ્રેસ વેંચાણ અથવા Transfer કરવા ઇચ્છતો હોય તથા જે શખ્સ તે પ્રેસ ખરીદવા અથવા Transfer થી લેવા ઇચ્છતો હોય તેઓએ પોતાની સહીવાળી અરજી રા. રા. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જડજ તરફ કરવી. સદર અરજીમાં Transfers થી લેવા ઇચ્છતા સબસે ક. ૧૨ ની હકીકત પણ પુરી પાડવી આ પ્રમાણે અરજ આવેથી ખરીદનાર સબંધ માં કલમ ૧૩ માં જણાવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવી.

૧૬. ઉપરના નિયમો ઉપરાંત આ રાજ્યમાં જે તે વખતે અમલમાં હોય તે ફોજદારી કાયદા અનવય થએલા ગુન્હાની શિક્ષાનો અને દિવાની કાયદાની રૂએની જવાબદારીનો નિર્ણય જે તે કાયદાની અંદર રહીને યોગ્ય અધીકારવાળી અદાલત તરફથી કરવામાં આવશે અને તેને આ ઠરાવથી કે તે અનવય થએલી સજાથી બાદ આવશે નહી.

૧૭. આ ઠરાવ અન્વયે ચાલતાં પ્રેસમા જેને વર્તમાનપત્ર છાપી કે છપાવી પ્રસિધ્ધ કરવનું હોય તેણે તે બદલ–

અ: આ ઠરાવ મુજબ છાપખાનું ચાલવવા અંગે જે પરવાનગી મેળવવી, ડેકલેરેસન કરવું વિગેરે છે તેજ પ્રમાણે વર્તમાનપત્ર છાપી કે છપાવી પ્રસિધ્ધ કરવા માટે પરવાનગી મેળવવી પડશે અને ડેકલેરેશન વીગેરે કરવું પડશે. તથા:–

ક. કલમ ૯ માં જણાવેલા સંયોગોમાં જામીનગીરી રજુ કરવી પડશે તથા કલમ ૧૦ માં જણાવેલ સંજોગમાં તે જપ્ત થવાને પાત્ર થશે. તથા

ખઃ વર્તમાનપત્રની દરેક પ્રત ઉપર તેના તંત્રી, મુદ્રક, પ્રકાશક, તે ક્યાંથી કોને સારૂં કોણે પ્રસિધ્ધ કર્યું તે તથા જે છાપખાનામાં છપાયું હોય તેનું નામ સરળતાથી વાંચી જાણી શકાય તે રીતે સ્પષ્ટપણે છાપવું પડશે તથા.

ગઃ કલમ ૭–૮ પ્રમાણે આ ઠરાવની કલમો, ડેકલેરેશનની શરતો વિગેરેનું ઉલ્લંઘન કરનારને જે રીતે શિક્ષા થવાનું ઠરાવ્યું છે તે રીતે શિક્ષાને પાત્ર થશે.

ઙઃ તે ઉપરાંત આ ઠરાવની બધી કલમો જેટલે દરજ્જે વર્તમાનપત્ર અંગે લાગુ કરી શકાય તેટલે દરજ્જે લાગુ પડશે.

૧૮. આ નિયમો શ્રી કચ્છ દરબાર તરફથી પુસ્તકો તથા વર્તમાનપત્રો છાપવા અને પ્રેસ ચલાવવા તથા રજીસ્ટ્રેશન બાબતના નિયમો છપાઇ અમલમાં આવતાં લગી અમલમાં રહેશે.

મીતિ પોશ વદ ૧૪ મંગળવાર શાં ૨૦૦૩

તા. ૨૧–૧–૪૭. S. K. Nayampalli,
દિવાન–કચ્છ.

ડેકલેરેશન.

હું _____ આથી જાહેર કરૂં છું કે છાપખાનું ચલાવવાની / વર્તમાન પત્ર છપાવી પ્રસિધ્ધ કરવાની _____ મારી ઇચ્છા છે અને શ્રી કચ્છ ગવર્નમેન્ટ તરફથી જે સૂચનાઓ મને આપવામાં આવે તે બધી સૂચનાઓ પ્રમાણે વર્તવા હું બંધાઉ છું. વધુમાં જે શરતો મારા ઉપર મુકવામાં આવે તે હું પાળીશ અને ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ કે રાજ્ય કુંટુબના તરફ અવિનયી હોય તેવાં, અગર તો તેઓ નામદાર કે રાજ્ય કુંટુબના તરફ બેદીલી ઉત્પન્ન કરે તેવાં અગર તો સુલેહનો ભંગ કરે તેવી બાબતો હોય તેવાં અગર તો કોઇ જાતિ કે વર્ગ તરફથી તિરસ્કાર ઉશ્કેરે તેવાં અગર તો આવા કોઇ ગુન્હા તરફ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંમતિ વ્યકત કરતા હોય તેવાં અગર તો હિન્દની સરકાર કે બીજાં દેશી રાજ્યોના સંબંધ બાબતમાં રાજ્યને મુંઝવણમાં મુકવાનો સંભવ હોય તેવી જે ભાષા, શબ્દો, ચિન્હો કે લખાણો હોય તેનું પ્રકાશન મારાં _____ છાપખાનામાં છાપવા ઇચ્છિશ નહીં. / વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરીશ નહીં.

મિતી

સહી.
મારી રૂબરૂ
ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ

ઠરાવ.

હ. ઓ. નાં. ૧૮

શ્રી હજુર ઓર્ડર નાં. ૭૪ તા. ૧૯–૪–૪૬ વાલાનાં અનુસંધાનમાં ખુદાવીંદ મહારાજા શ્રી હજુર સાહેબ હજુરથી નીચે પ્રમાણે ફરમાન થયું છે.

શ્રી દરબાર તરફથી ચલાવવામાં આવતી હાઇસ્કુલો તથા મીડલ સ્કુલોમાં હરીજન વિદ્યાર્થીઓને અન્ય સવર્ણોની રીતે કશા ભેદભાવ વીના દાખલ કરવામાં આવશે.

પોશ વદ ૩૦ બુધવાર શાં. ૨૦૦૩. તારીખ. ૨૨– –૧–૪૭.

S. K. Nayampalli,
દિવાન – કચ્છ

ઠરાવ.

શ્રી હજુર ઓર્ડર નાં. ૧૭

ઈ. જા. નાં. ૧૨૭૧ તાઃ ૧૮–૧૧–૨૯ શનીવાર સંવત ૧૯૮૬ના કારતક વીદ ૨ ના

ઠરાવથી ધી કચ્છ પીનલ કોડમાં કલમ ૫૭/અ વધારવામાં આવી છે જે બાબતમાં રે. જા. નાં. ૪૧૧૦ તા: ૧૬--૨--૪૬ ની જાહેરાતથી કચ્છ રાજ્યના નવા પીનલ કોડમાં સદરહુ કલમ બદલવા ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબનું ફરમાન થયેલું છે પરંતુ નવો પીનલ કોડ છપાતાં હજુ સમય લાગે તેમ હોઇ તે છપાઈ બહાર પડતાં સુધી ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબનાં ફરમાનથી ધી કચ્છ પીનલ કોડની કલમ ૫૭/અ રદ કરી તેને બદલે નીચે પ્રમાણેની કલમ દાખલ કરવામાં આવે છે.

૫૭/અ જે કોઈ શખ્સ બોલેલા અગર લખેલા શબ્દો વડે અથવા ઈશારત કરીને અથવા પ્રત્યક્ષ કઈ દેખાડીને અથવા બીજી રીતે ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબના અથવા તેમના રાજ્ય સંબંધમાં દ્વેષ અથવા તિરસ્કાર અથવા બેદીલી ઉત્પન્ન કરશે અથવા ઉત્પન્ન કરવાની કોશીષ કરશે તે શખ્સને સાત વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્ને શિક્ષા કરવી.

ખુલાસા:—૧ "બેદેલી" એ શબ્દમાં બેવફાઇ તથા સઘળા પ્રકારના વેરભાવનો સમાવેશ થાય છે.

૨ કાયદેસર સાધનો વડે રાજ્યની કોઈ પણ યોજનામાં ફેરફાર કરાવી લેવાના માત્ર હેતુથી, દ્વેશ, અથવા તિરસ્કાર અથવા બેદીલી ઉત્પન્ન કર્યા વિના અથવા તે ઉત્પન્ન કર્યાની કોશીષ કર્યા વિના તે યોજના બાબત નાપસંદગી બતાવવા માટે કરેલી ટીકા આ કલમ મુજબ ગુનો થતો નથી.

૩ દ્વેશ, તિરસ્કાર અથવા બેદીલી ઉત્પન્ન કર્યા વિના અથવા ઉત્પન્ન કરવાની કોશીષ કર્યા વિના રાજ્યના કારભારને લગતી અથવા બીજા કોઈ કૃત્ય બાબત નાપસંદગી બતાવવા સારૂં કરેલી ટીકા આ કલમ મુજબ ગુન્હો થતો નથી.

તારીખ:—૨૧ મી જાનેવારી ૧૯૪૭

S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

જાહેરાત.

હ. ઓ. નાં. ૨૦.

ખુદાવીંદ નામદાર મહારાવશ્રીની પોતાની કચ્છી પ્રજાની ઉન્નતિ અને આબાદી માટેની ભાવના હોઇ તે હેતુની સિધ્ધી અર્થે તેઓ નામદારની છત્રછાયા નીચે પ્રજાપ્રતિનીધીત્વ ધરાવતું રાજતંત્ર દાખલ થાય તેવી શુભ અભિલાષાથી ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબે નીચે પ્રમાણે જાહેર કરવા ફરમાવ્યું છે:—

૧. નાગરિક સ્વતંત્રતા પર કોઈ જાતના પ્રતિબંધો અસ્તિત્વ ધરાવતા નથી અને પ્રજા ધર્મ, જ્ઞાતિ કે પંથના ભેદ સિવાય કાયદેસરનો સમાનતા ભોગવે છે.

૨. વેઠ અને બેગાર લેવાનો કાયદાથી પ્રતિબંધ કરવામાં આવેલ છે

૩. પ્રજાને નિષ્પક્ષપાતપણે ન્યાય મળે તેવા ઈરાદાથી વિસ્તૃત સત્તાઓ સાથે હાઇ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે અને ન્યાય ખાતાંને વહીવટી ખાતાંથી અલગ પાડવામાં આવેલ છે તેમજ વ્યક્તિગત સ્વાતંત્રયની જાળવણી માટે હાઇકોર્ટના કાયદામાં Habeas Corpus નો સિધ્ધાન્ત દાખલ કરવામાં આવેલ છે.

૪. વ્યકિત અને મીલકતની સલામતી માટે પુરતી કાનુની જોગવાઈઓ અસ્તિત્વમાં છે તેમ છતાં તે બાબત વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે કેઃ–

૧. દરેક પ્રજાજનને કાયદા કે નીતિ વિરૂધ્ધ ન હોય તેવા પ્રસંગોએ હથીઆર ધારણ કર્યા સિવાય તેમજ લશ્કરી રચનારૂપ હોય નહીં તેવી રીતે એકઠા મળવાની, અભિપ્રાય વ્યકત કરવાની અને મંડળો રચવાની સ્વતંત્રતા રહેશે.

૨. યુધ્ધ, બળવો કે ગંભીર અવ્યવસ્થાના અથવા બીજા અસાધારણ સંયોગોમાં મુકરર અધીકારો મોકુફ રાખવામાં આવ્યા હોય તે સિવાયના સંયોગોમાં દરેક શખ્સ જે તે વખતે અમલમાં હોય તે કાયદા અને નિયમો ની અંદર રહીને વ્યકિત સ્વાતંત્ર્ય ભોગવશે અને મીલકતનો ઉપભોગ કરી શકશે.

૩. કાયદાને આધીન રહીને છાપખાનાં કરવા દેવાનો અને છાપકામ કરવા દેવાનો કાયદો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

૪. ધર્મ, જ્ઞાતિ કે પંથના ભેદ સિવાય નીતિ અને મર્યાદા તેમજ આ રાજ્ય માં પરાપૂર્વથી ચાલ્યા આવતા પ્રચલિત રિવાજોની અંદર રહીને દરેક વ્યકિત–

અઃ પોતાના ધર્મ પાળવાની સ્વતંત્રતા,

બઃ કાયદાની સમાનતા તથા વ્યકિત સ્વાતંત્ર્ય, તથા

કઃ પોતાનો ઐછીક વ્યાપાર ધંધો કરવાની સ્વતંત્રતા ભોગવશે.

૫. શ્રી રાજ્ય અને વ્યકિતઓ વચ્ચેના વિવાદો Disputes નો નિષ્પક્ષપાત રીતે નિકાલ થાય તે માટે, અને તેવા હેતુથી શ્રી રાજ્ય અને વ્યકિતઓ વચ્ચેના વિવાદો – Disputes સબંધમાં કાયદો તૈયાર થઈ રહયો છે તે તરતમાં બહાર પાડવામાં આવશે અને તે તરત અમલમાં આવશે.

૫. શ્રી હજુર ઓર્ડર રે. જા. નાં. ૪૧૧૦ મહા શુદ ૧૫ સંવત ૨૦૦૨નાં જાહેરાતના પારાગાફ પાંચમામાં બજેટ, કાયદા અને ઠરાવો સબંધમાં જે છે તે અંગે નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવામાં આવે છે.–

૧. શ્રી કચ્છ રાજ્યની ઉપજ ખર્ચનું બજેટ રાજસભા સમક્ષ રજુ થશે અને તેમાંથી મહા શુદ ૧૫ સંવત ૨૦૦૨ વાળી જાહેરાતમાં બકાત રાખવામાં આવેલ સિવાયની બાબતો અંગેની ગ્રાન્ટો ઉપર ચર્ચા કરવા અને તે ઉપર વોટ આપવાનો અધિકાર રાજસભાને રહેશે. રાજસભાએ કરેલા ફેરફાર સાથે અસલ બજેટ શ્રી હજુરમાં મોકલાશે અને શ્રી હજુરની મંજુરી મલ્યા પ્રમાણે અમલમાં આવશે.

૨. નામદારશ્રી દરબાર તરફથી નવા કાયદા કરવાના હોય તેનું બીલ રાજસભા સમક્ષ રજુ થશે અને તેના પર ચર્ચા કરવા અને તે ઉપર વોટ આપવાનો અધિકાર રાજસભાને રહેશે. રાજસભાએ કરેલા ફેરફાર સાથે અસલ બીલ શ્રી હજુરમાં મોકલાશે અને શ્રી હજુરની મંજુરી મલ્યા પ્રમાણે સદરહુ બીલ કાયદા સ્વરૂપે અમલમાં આવશે.

૩. શ્રી હજુરની પ્રથમથી પરવાનગી મળેથી કોઈ સભ્ય રાજસભા સમક્ષ બીલ રજુ કરી શકશે અને તે ઉપર ચર્ચા કરવા અને તે ઉપર વોટ આપવાનો અધીકાર રાજસભાને રહેશે. રાજસભાએ કરેલા ફેરફાર સાથે અસલ બીલ શ્રી હજુરમાં મોકલાશે અને શ્રી હજુરની મંજુરી મલ્યા પ્રમાણે સદરહુ બીલ કાયદા સ્વરૂપે અમલમાં આવશે.

૬. પ્રજાની અભિલાષા પાર પાડવા શ્રી રાજ્ય તરફથી વખતો વખત સક્રીય પગલાં ભરવામાં આવશે તે સાથે તે અભિલાષા સંતોષવા શ્રી રાજ્ય શકિતમાન થઈ શકે તે માટે રચનાત્મક સહકાર આવશ્યક છે તેથી કચ્છની અંદર તેમજ બહાર વસતી કચ્છી પ્રજા કચ્છ રાજ્યની ઉન્નતિ અને પ્રગતિ માટે તેમાં યોગ્ય ફાળો આપશે એમ આશા રાખવામાં આવે છે.

તા. ૨૩મી જાનેવારી ૧૯૪૭ | S. K. Nayampalli,
દિવાન-કચ્છ.

Order.

No. 10 of 1947.

Dewan Bahadur S. K. Nayampalli having expressed a desire to be permitted to retire from the service of the Kutch Government owing to reason of health, His Highness Maharao Shri has been graciously pleased to appoint Mr. Tribhovandas J. Raja as Dewan of Kutch.

He will draw Rs. 2500/- per month as salary and get a free furnished house and suitable conveyances, besides such other perquisites as the Dewans of Kutch are entitled to.

This order will take effect from the 27th January 1947.

Dewan's Office
Bhuj 15th January, 1847.

S. K Nayampalli,
DEWAN OF KUTCH.

હ. ઓ. નાં. ૨૬

જાહેરાત

હ. ઓ. નાં. ૩૦૬ તા: ૨૫-૧૧-૪૬ તથા હ. ઓ. નાં. ૨૦ તા: ૨૩-૧-૪૭ ના અનુસંધાનમાં નીચે પ્રમાણેબ ધારણ સમિતિ નીમવા ખુદાવંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

૧. રા. રા. જે. જે. આશર, —પ્રેસીડેન્ટ.
૨. રા. રા. ટી. એમ શેઠ —વાઇસ પ્રેસીડેન્ટ.
૩. રા. રા એ વી. મહેતા,
૪. રા. રા. કે. એચ. દેશાઈ,
૫. શ્રીયુત ગુલાબશંકર અમૃતલાલ ધોળકીઆ,
૬. ,, ભવાનજી અરજણ ખીમજી,
૭. ,, કલ્યાણજી ધનજી શાહ,
૮. વકીલ ગુલામહુસેન મહમદઅલી,
૯. ણિ. યુસુફભાઈ અલારખ્યા પટેલ,
૧૦. શ્રીયુત કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી,

સદર કામગીરી જેમ બને તેમ તરત શરૂ કરવી.

મિતી-મહા શુદ ૨. ગુરૂવાર શાં. ૨૦૦૩. તા: ૨૩-૧-૪૭.

તા. ૭-૧-૪૭.

S. K. Nayampalli,
દિવાન કચ્છ.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] FRIDAY 7th FEBRUARY 1947 [No 16]

[પુ૦ ૭૪] માહા વદિ ૨ શુક્રવાર સંવત ૨૦૦૩ તા ૭મી ફેબ્રુઆરી સને ૧૯૪૭ [અંક ૧૬]

J. O No. 1216 of 1947. NOTIFICATION.

The Kutch Government are pleased to make the following amendment in "The Kutch Companies Act Smt. 2000" promulgated by Notification No. 1893 dated 9-10-1943.

" In Sec. 4 of this Act, the words " The Indian Companies Act, 1913" shall be substituted for the words " the Indian Companies Act. of 1936 "

Dewan's Office.

Judicial Branch.
Dt. 22/1/47.

S. K Nayampalli,
Dewan of Kutch.

ડી. સી. એસ.નાં. ૮૩૦ ઠરાવ.

શ્રી કચ્છ રાજ્યને કાપડનો કવોટા માણસ દીઠ વાર્ષીક બાર વાર મંજુર થએલ છે પરંતુ અંજાર મીલે ઉત્પાદન કરેલ સુતરમાંથી કચ્છમા જે હાથ વણાટનું કાપડ તૈયાર થાય છે તેના બદલામાં સદરહુ મંજુર થએલ કાપડ વાર ૬૦,૦૯,૬૦૦માંથી કાપડ વાર ૧૧,૮૮ ૦૦૦ હીંદ સરકાર તરફથી કપાત કરવામાં આવેલ છે. એ સિવાય દસ ટકાના "જનરલ કટ" અંગે બીજું ૧,૮૮,૦૦૦ વાર કાપડ કપાત થએલ છે. તે ઉપરાંત અસાધારણ સંજોગો વશાત તમામ હીંદમાં કાપડનું ઉત્પાદન ઘટેલ હોવાથી માસ ડિસેંબર ૧૯૪૬ ના લગભગ બે લાખ વારનો કવોટા રદ થએલ છે. આ કારણોથી કાપડની અસાધારણ તંગી થશે તે દેખીતુંજ છે. અને તેને અસુ: અંશે પોહોંચી વળવા હવેથી હાથ વણાટના કાપડ ઉપર નિયંત્રણ રાખી તેના ભાવો બાંધવાની જરૂર રહેશે. માટે ઠરાવ કરવામાં આવે છે કે:-

માસ જૅન્યુઅરી સન ૧૯૪૭થી વણકરોને સુતરના રેશન કાર્ડ ઉપર જે સુતર આપવામાં આવશે તેનું નક્કી થએલ જાતનું પુરતું કાપડ વણી તે રા. રા. ટેકસટાઇલ કમીશનર સાહેબ તરફથી નક્કી કરવામાં આવેલ ભાવે તથા તેઓ સદરહુ તૈયાર થએલ કાપડ જ્યાં અને જેને સોંપી આપવા બાબત હુકમ કરશે ત્યાં અને તેને સોંપી આપવું પડશે. અને એજ શરતે વણકરને સુતર આપવામાં આવશે.

આ ઠરાવનો અમલ કરાવવા તથા તે અંગે યોગ્ય પગલાં લેવા રા. રા. ટેકશટાઇલ કમીશનર સાહેબને અધીકાર આપવામાં આવે છે. તેમજ કાપડ નીયમન અંગે નોટીફીકેશન ડી. સી. એસ. નાં. ૨૪૧૭ તા. ૩-૫ ૪૫ વાળું થએલ છે તે આથી હાથ વણાટના કાપડને પણ લાગુ કરવામાં આવે છે.

તા. ૩૦-૧-૪૭

Tribhovandas J. Raja,
દિવાન-કચ્છ.

ફ. એ. નં. ૨૭ ઠરાવ.

શાં. ૨૦૦૩નાં મહા શુદ ૨ તા. ૨૩-૧-૪૭નાં રોજ દિવાન બહાદુર એસ. કે. નાયમપલ્લીનાં નીકુત થતી વખતનાં માનમાં ચેમ્બરલેન ગાર્ડન પાર્ટી યાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબે કૃપાવંત થઇ તેમની કામગીરીની કદર કરી રૂા. ૨૫૦૦૦ પચીશ હજારની પસંદ આપવાનું જાહેર કર્યું હતું તે મુજબ રા. રા. એકાઉન્ટન્ટ જનરલે રૂપીયા ૨૫૦૦૦ પચીસ હજાર રોકડા અપાવ્યા ખુદાવીંદ મહારાજ શ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

મીતી મહા શુદ ૪ શનીવાર શાં ૨૦૦૩.

તા. ૨૫-૧-૪૭. J. J. Ashar.

For દિવાન

પો. અં. જા. નાં. ૩૧ જાહેર ખબર

બરોડા એજન્સી તરફથી લેટર ન. આર. એચ. ૩-૧ તા. ૮-૧-૪૭ વાળો અત્રે આવેલ છે તેની સાથે હિંદ બહારના દેશોએ હિંદમાંથી બહાર જતા લોકો સામે જે કવોરનટાઇન પ્રતિબંધ તા. ૧૬-૧૨-૪૬ થી મુકેલ છે તે દર્શાવનારૂં પત્રક સર્વ મુસાફરોની માહિતી માટે આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt,

તા. ૨૨-૧-૪૭. ડેપ્યુટી સેક્રેટરી.

No. 22-1/46-P. H. (II).

Appendix 'B'

Indian ports against which quarantine restrictions were in force on 16th December, 1946.

Against Port or Place		*Imposed by*	*Date*	*Disease.*
Calcutta	Air	Palestine	9-9-46	Cholera
Calcutta	,,	,,	19-2-46	Smallpox
Bombay	,,	,,	9-9-40	,,
Allahabad	,,	,,	5-8-46	,,
Delhi	,,	,,	5-8-46	,,
Calcutta	,,	Transjordan	16-8-45	Cholera
Bombay	,,	,,	24-2-40	Smallpox
Madras	Sea & Air	Ceylon	22-3-45	,,
Bombay	,,	,,	19-1-46	,,
India	,,	Iraq	16-12-45	,,
India	,,	Persia	21-8-45	Cholera
India	,,	,,	21-8-45	Smallpox
India	,,	Egypt	11-4-45	Smallpox
India	,,		8--8--46	Cholera
India	,,	China	18--8--46	Smallpox
India	,,	,,	,,	Enteric Fever
India	,,	,,	,,	Cholera
India	,,	Burma	6--12--45	Smallpox
India	,,	Bangkok	12--3--46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Malayan Union	21--6--46	Cholera
Cawnpore	Air	,,	10--9--46	Cholera
Bombay	Sea & Air	,,	21--6--46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	10--7--46	,,

201

Calcutta	,,	Singapore Colony	21--6--46	Cholera
Cawnpore	Air	,,	10--9--46	Cholera
Bombay	Sea & Air	,,	21--6--46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	3--7--46	,,
India	,,	Sarawak.	10--7--46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Lakhin (British Borneo).	,,	Cholera
Bombay	,,	,,	,,	Smallpox
Madras	,,	,,	,,	,,
India	,,	Philiphine Islands	7--7--46	,,
India	,,	,,	,,	Cholera
Calcutta	,,	NetherLands Indies		Smallpox
Bombay	,,	,,	25--6--46	,,
Madras	,,	,,	,,	,,
Chittagong	Sea	,,	28--7--46	,,
Delhi	Air	,,	26--6--46	,,
Calcutta	Sea & Air	,,	,,	Cholera
Cawnpore	Air	,,	12--9--46	,,
Calcutta	Sea & Air	Hongkong	27--7--46	,,
India	,,	Union of South Africa	30--8--46	Smallpox

પો. અ. જા. નાં. ૪૨ જાહેર ખબર.

એજન્સી (બરોડા) લેટર ન. આર. એચ. ૫-૨૧ તા ૬-૧-૪૭ વાળો અત્રે આવેલ છે તેમાં જણાવે છે કે અફઘાનીસ્તાનની સરકારે કોલેરાની રસી મૂકાવ્યા વગરના જનારાઓ સામે મુકેલ પ્રતિબંધ રદ કર્યા છે આ ખબર સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા. ૩૦-૧-૪૭

K. V. Bhatt.
ડેપ્યુટી સેક્રેટરી

વાંચો.

તા. ૧-૨-૪૭ થી તા. ૧૪-૨-૪૭ સુધી નાની બચત યોજનાનાં અનુસંધાનમાં કચ્છમાં ઠેર ઠેર ઉત્સવો ઉજવવામાં આવશે આ યોજના કેવી રીતે ત્રીજભાઈ તરીકે કમાવી આપે છે અને શ્રી રાજ્ય તરફથી નીમાએલા એજંટોને કેવી રીતે માસીક રૂા. ૧૦૦) સુધી વેતન આપે છે તે સઘળી હકીકત રા. રા. એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર અગર તો રા. તાલુકા અધીકારીઓ પાસેથી મગાવો.

ભુજ. તા. ૧૦-૧-૪૭

Administrative Officer,
Small Savings Scheme,
KUTCH

202

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૯ જાન્યુઆરી સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ પોષ વીદ ૨ ગુરૂ ને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુન્દ્રા.	અંજાર.	ભચાઉ.	રાપર.	અબડાસા જખઉ.	લખપત.	ખડીર (ગઢડા.)	ભાવડા.	નખત્રાણા	રીમાર્ક
૧	ઘઉં કાંઠા.....	૯૯૨	૧૦૧૬	...	....	...	...	...	...	...	...	૯૬૦	
૨	ઘઉં વાજીઆ.....	૮૦૦	૮૪૦	૮૩૨	૭૬૮	૭૫૦	...	૭૬૮	...	...	...	૭૦૪	
૩	બાજરી	૪૬૧	૪૦૦	૩૩૬	૪૬૪	૪૩૨	...	૩૨૦	...	૩૨૦	...	૩૬૮	
૪	મગ.....	૪૨૪	૪૧૫	૪૦૦	૩૫૨	૩૦૦	...	૩૮૪	...	૨૮૮	...	૩૬૮	
૫	મઠ (કોરડ).....	૩૨૮	૩૧૫	૩૩૬	૨૭૨	૨૮૦	...	૨૭૨	...	૨૪૦	...	૨૮૦	
૬	જાર	...	૩૦૪	૨૫૬	૩૫૨	૨૬૦	...	૨૪૦	...	૨૫૬	...	૩૨૦	
૭	એરંડા (સદાફળા) ...	...	૩૬૦	...	૩૮૦	...	...	૩૫૨	...	૨૮૮	...	૩૫૨	
૮	ગોવાર	૩૪૮	૩૬૫	૩૫૨	૩૦૪	૨૬૦	...	૩૧૨	...	૨૭૨	...	૩૨૪	
૯	તલ	૭૧૨	૬૭૨	૭૨૦	૬૭૨	૬૪૦	...	૬૦૦	...	૬૪૦	...	૬૨૪	
૧૦	ગોખા ઉંચા	...	...	...	....	...	...	...	...	...		૨૫૬૦	
૧૧	ગોખ હલકા	...	૧૩૬૮	...	૧૪૭૨	...	...	૯૬૦	...	...	...	૧૨૮૦	
૧૨	કાલાં ભાર	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૩	ઘી	૧૪૪	૧૪૪	૧૪૪	૧૪૪	૧૬૦	...	૧૪૦	...	૧૩૦	...	૧૩૬	
૧૪	તેલ	૬૦	૬૦	૬૦	૭૭	૬૦	...	૭૨	...	...	...	૬૦	
૧૫	ખાંડ	૧૮	...	૨૯	...	...	...	...	...	...	...	...	
૧૬	ગોળ	૩૬	૩૬	૨૮	...	...	...	...	...	...	...	...	
૧૭	કડબ	૧॥	૩	૨॥	૨।	૩	...	...	...	...	...	...	
૧૮	કુટી.....	૨	૨॥	...	...	૩	...	...	...	...	...	...	
૧૯	ઘાસ	૧।	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાશીઆ	૧૪	૧૪	૧૫	૧૫	...	...	૧૫	...	...	...	૧૫	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૩૦૪॥	૩૦૬	૩૦૫	૩૦૬॥	૩૦૪	..	૩૦૬	...	...	...	૩૦૪	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	૩૦૪॥	૩૦૬	૩૦૫	૩૦૬॥	૩૦૪	...	૩૦૬	...	...	...	૩૦૪	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં આપ ૬૪ મણ ૧ ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૯૬ કપાસીઆ તોલમા મણ ૧ ના શેર ૫૪.

મહા સુદ ૬ ભોમે સંવત ૨૦૦૩ તા ૧૯-૧-૪૭

T. M. Sheth,

રેવીન્યુ કમીશ્નર.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.

શ્રી વરીષ્ટ કોર્ટ. નાં. ૧૩૨૩

મોરબીઆ ધારસી દામજી વી અંજાર અપેલેન્ટ

ઠક્કર. દેવસી વીરજીની કું. ના ભાગીદારો રીસ્પોન્ડેન્ટ

દેવસી વીરજી

ઠરાવ રદ થવા બાબત

અંજારના ઠક્કર દેવસી વીરજીની કું.ના ભાગીદારો ઠક્કર દેવસી વીરજીને માલમ થાય જે સદરહુ અપીલેન્ટે આ કોર્ટમાં અપીલ દાખલ કરી છે એ અપીલની ચોકસી થવાની તારીખ સંવત ૨૦૦૩ના ફાગણ સુદ ૮ સુકરવારની નીમવામાં આવી છે તે તારીખે તમો જાતે અથવા તમારા મુખત્યાર વકીલ મારફતે આ કોર્ટમાં સવારના ૧૧॥ વાગેથી હાજર થજો નહીતર કાયદેસર કરવામાં આવશે.

મિતી પોષ વદ ૧૦ શુક્રે સંવત ૨૦૦૩

જયસુખલાલ દુર્લભદાશ,

એ. એ. ડી. જજ વરીષ્ટ કોર્ટના હુકમથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ
શ્રી અંજાર દિ. અદાલત નં. ૩૮૧
ખા. દિ દાવાનો નં ૨૨ સંવત ૨૦૦૩
દોશી પ્રાગજી શીવજી અંજાર વાદી
ઓઝા કુંભાર રાધા બેચર આણંદ પ્રતિવાદી
દાવો-કોરી ૪૬૨॥ ચડતે વ્યાજે મળવા

આણંદમાં રહેનાર ઓઝા કુંભાર રાધા બેચરને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૪૬૨॥ ચડતાં વ્યાજે મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે આ સમન્સ છપાયાની તારીખથી એક માશની અંદર તે રોજ સવારના ૧૦॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમા જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ પોશ વીદ ૧૨ વારસનીવાર શાં ૨૦૦૩

જીવરામ જાદવજી,
મે. અંજાર ન્યયાધીશ શા. હુ થા.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નંબર ૧૩૧૭.
ગ્યા. દી. સ. નં. ૫૬૧ સં. ૨૦૦૩
શ્રી રાપર દી કોર્ટ.
કોઠારી જગરી સાકરચંદ પળાસવા વાદી
ઉંમટ નામેરી જીવા સીંધ હૈદરાબાદ પ્રતિવાદી
દાવો લેણાં બાબત.

સીંધ હૈદરાબાદના ઉંમટ નામેરી જીવાને માલમ થાય જે આ વાદીએ તમારા પર દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં સં. ૨૦૦૩ના ફાગણ વીદ ૪ સોમવારના રોજ હાજર થજો નહીં-તર મુદત વીતે કાયદેસર થશે.

પોશ વીદ ૪ સોમ સં. ૨૦૦૩.

શાહ. પ્રભુરામ જેઠાભાઇ,
રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નંબર ૧૩૧૮.
ખા. દી. સ. નંબર ૬૧૯ સં. ૨૦૦૩.
શ્રી રાપર દી. કોર્ટ
વાલીઆ કાળા ઉર્ફે તેજા ગણેશા સલારી વાદી
ઓડ ભોજા રતના ચારેંડા થરાદરી પ્રતિવાદી
દાવો લેણાં બાબત

ચારેંડા થરાદરાના ઓડ ભોજા રતનાને માલમ થાય જે આ વાદીએ તમારા પર દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં સંવત ૨૦૦૩ ના ફાગણ સુદ ૧૧ સોમવારના રોજ કોર્ટના ટાઇમે હાજર થજો નહીતર મુદત વીતે કાયદેસર થશે.

પોશ વીદ ૧૪ સોમવાર સ. ૨૦૦૩.

શાહ પ્રભુરામ જેઠાભાઇ,
રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
સ્થાવર મિલ્કત જપ્ત કરવા બાબતનો હુકમ ના ૭૫૪
ભચાઉ અદાલત
ખા. દી. તા. દાવો નંબર સવંત ૨૦૦૨
ઠા. મગનલાલ ઊતમરામ વી રે. ભચાઉ વાદી
ઠા. નથુ લખમસી વી. રે. ઝારસગુડા પ્રતિવાદી
દાવો તામીલ થવા

પ્રતિવાદી ના ૧-૨-૫ નીચે લખ્યા શખ્શોને એવો હુકમ કરવામાં આવેછે કે સવંત બેહજાર બેનીસાલના નંબર ખા દી કા ના ૧૭ ના દાવામાં વાદીની તરફમાં કોરી ૧૭૧૦॥પનુ હુકમનામુ તમારા ઉપર સવત ૨૦૦૨ ના માસ કારતક વીદ ૧૨ શનીના રોજ કરવામાં આવ્યુ છે તે તમે પુરૂ કર્યુ નથી માટે આ અદાલતનો બીજો હુકમ થતાં સધી આ સાથે જોડેલી યાદમાં જણાવેલી મિલ્કત વેચ-ણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમોને આ લેખથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવેછે તેમજ એ મિલ્કત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઈ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

૧. ઠા. નથુ લખમશી ઝારસગુડા.
૨. ઠા ટોકરશી લખમશી શકરપરપુર
૩ ઠા. શામજી લખમશી ઝાડસગુડા
૧ પ્રા ના. ૨ ના ભાગના તામીલ માટે તેની જગ્યા ખડીવાલા વાશમાં.
૨ પ્રા ના. ૧-૨-૪-૫ માટે જગ્યા ખડ ૧ ચડીવારા વાશમાં ઠા. અરજણ માડર પાસે છે તેનો વધારો.
૩ વાડો ૧ સુતાર ધરમશી દામજી પાસે છે તેનો વધારો.

મીતી પોશ વીદ ૧૦ શુકર શા ૨૦૦૩

Narottam D Mehta
ભચાઉ ન્યાય ધીશ.

જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા. રોહા ફોજદાર સાહેબની વાદી નાં. ૧૬૭૭ વૈશાખ વીદ ૦)) ગુરુવાર શાં. ૨૦૦૨ વાલા સાથે સુખપરનાં કણબી રામજી વીશરામનાં ઘરમાંથી હેમ રુપાનાં દાગીનાં ચોરાએલ તેવાજ દાગીનાંઓ સુખપર મધ્યેના ઉકેડામાંથી દટેલા દાગીનાઓ હાથ થએલ તે દાગીનાં કણબી રામજી વીશરામને સોંપાતાં પોતાનાં ન હોવા જણાવેલ તે પંથી નીચે લખ્યા દાગીનાંઓ કોઇ માલીક પાધરો ન થવાથી શક ચોરીનો કે દાટેલા બીન વારસ માલ હોવાથી શ્રી દરબાર દાખલ થવા માટે પહાંચેથી વ્યવસ્થા થવા માટે આ પાર્ટમાં આવેલ છે તે જેનાં હોય તેણે આ જાહેર ખબર છપાયાની તારીખથી માસ ૬ છની અંદર હાજર થઈ ખાત્રી પુરાવો આપી લઇ જવાં નહીતર મુદત વીતે તસર લીલામ કરી ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

૨૫૦) વેઢલા નગ ૨ બે સોનાનાં ગદી ૨–૨–૧

૬૭) રુપાની કાંડલાની જોભી એક ચાંદીની ગદી ૧૦॥

૫૭) રુપીઆ નંગ ૧૨ બારનાં કાંમીલી ગદી ૨૬॥

૭૫॥ રુપાની કડલી જોડ એક ગદી ૪॥

એ પ્રમાણેનો માલ જેનો હોય તેણે ખાત્રી પુરાવો આપી લઇ જવો નહીંતર શ્રી દરબાર દાખલ કરવામાં આવશે પોષ સુદ ૮ ભોમવાર શાં ૨૦૦૩.

જીવરામ મોનજી,
નખત્રાણા ન્યાયાધીશ

મહારાજા વિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ.

નંબર ૨૧.

તામીલની નોટીશ.

ખા. દી. તામીલની દરખાસ્ત નંબર ૫ સં. ૨૦૦૩

શ્રી નખત્રાણા અદાલત તરફથી

લખમીપર સ્થાને કણબી કાનજી નાનજી ને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર ઠ. મોતીરામ બુધા ઉગરડી રહેનારના લેણા બાબત કોરી ૪૦૦) વ્યાજ મુદલ દાવો નં. ૫૩ સં. ૨૦૦૨ વાળો કરેલ તેનો ચુકાસો સંવત ૨૦૦૨ અસાડ વદ ૯ સોમવાર ના ને રોજ અદાલત શ્રી નખત્રાણા તરફથી થએલ છે તેમાં ઠર્યું છે કે પ્ર. કોરી ૪૦૦) તથા ખર્ચ આપે તે હુકમનામાં પ્રમાણે કોરી ૪૫૬॥ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચથી માસ ૧ માં હુકમનામાં પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતિ મહા સુદ ૧ ગુરૂ સં. ૨૦૦૩.

જયંતીલાલ મયાશંકર,
મે. નખત્રાણા ન્યાયાધીશ સા. ના. હુ. થી.

જાહેર ખબર.

પ. જા. નાં. ૭૪૩

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ભુજના વોરા દાઉદી જમાતખાના ઇમામહુસેન અલહેસલામના વેવટ કનાર વોરા ગુલામહુશેન ઇસમાલજી એ ભુજના તે હાલે મુબઇના ભાટીઆ હા મુરારજી જાદવજી વગેરે ભાઇઓના પાવરદાર ગવરીશંકર કેશવજી પાસેથી જગ્યા ૧ ભુજ મધ્યે ડાંડા બજારમાં છે તે કોરી ૮૦૦૦ આઠ હજારમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઈ છાપો થવા માટે આવેલછે માટે આ જગ્યા ઉપર કોઇનુ કઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માસની અંદર અહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનુ કઈ નહિં શભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

પોશ વીદ ૧૩ સોમે શા ૨૦૦૩

M M. Mehta
ભુજ વહીવટદાર

જાહેર ખબર

પ જા. નાં. ૭૪૪

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ભુજના નાગર મેતા હરીલાલ અંબાશંકરે ભુજના નાગર મેતા ચદુલાલ ભગવાનલાલ નવીનચંદ્ર હરીલાલને મતેથા જગ્યા ૧ ભુજ મધ્યે નાગર ચકલામા છે તે કોરી ૪૪૦૧ ચુમાલીશશોએક માં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ છાપો થવા માટે આવેલછે માટે કોઇનુ કઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ જાહેર કરવુ મુદત વીત્યા બાદ કોઇનુ કઇ નહી શભળાતાં છાપો થવામાટે શ્રી હજુરમાં લખવામાં આવશે

પોશ વીદ ૧૩ સોમ શા ૨૦૦૩

M. M. Mehta.
ભુજ વહીવટદાર.

–જાહેર સુચના.–

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની વ્હાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લાગતા વલગતાઓને જાહેર કરવામાં આવેછે કે ગામશ્રી નલીઆનાં જાડેજા ઉમેદશંગજી કુભાજી જે મારા એકજ પુત્ર છે તેમણે મને માગશર શુદ ૧૦ બુધે શા. ૨૦૦૩ના લખ-

તથી મારા ધણી જાડેજા કુંભાજી હઠીશંગજીની સર્વ પ્રકારની સ્થાવર જંગમ મીલકતનો તમામ હક લખી આપી પોતાનો હક છોડી દીધોછે એટલે હવે નલીઆ તથા થુબંડી વીગેરે ગામોમાં અમારા વડીલોની મીલકતમ સદરહુ મારા પુત્ર જાડેજા ઉમેદશંગજીનો કાંઇ હક રહેતો નથી સદરહુ ફારકતી અબડાસા અદાલતમાં રજીસ્ટર કરાવેલ છે એટલે હવે જાહેર જનતાને આથી જાણ કરવામાં આવેછે કે કોઇ પણ શક્ષે મારા પુત્ર ઉમેદશંગ સાથે લેતીદેતીનો વહેવાર કરવો નહી અને જે કોઈ લેતીદેતીનો વહેવાર કરશે અથવા મારા પુત્ર પાશેથી કાંઇ લખાવી લેશે તોપણ અમારા વડીલોની મીલકત તે કરજ માટે જવાબદાર થશે નહી એજ મીતી પોશ શુદ ૬ ને બુધવાર શા. ૨૦૦૩

જાડેજા કુભાજી હઠીસગજીના વીધવા બાઈશ્રી બાઇ વેલુભાની સઈ દાઃ પોતે.

ખાનગી જાહેર ખબર.

આથી સરવે લોકોને ખબર આપવામાં આવેછે કે મારો પુત્ર મોહનલાલ સવત ૧૯૯૨ની સાલથી મારાથી જુદો છે તેના પુત્ર દીનકરરાયને મે મારી સગવડ માટે મારી પાસે રાખ્યો છે આ દીનકરરાય બદ સોબતે ચડીને મારા ઘરની ચીજ વસ્તુઓ કે જેમાં તેનો કાંઈપણ હક નથી તેનો ગરઉપયોગ કરી નાખે છે સબબ કોઇએ પણ તેની સાથે કાંઈપણ ચીજ વસ્તની કે પૈસાની લેતી દેતી કરવી નહી છતાં જે કોઇ કરશે તો તેની જવાબદારી તે માણસ ઉપર રહેશે

શાં. ૨૦૦૩ પોશ વીદ ૧૨ રવીવાર

લી ભટ નથુરામ જગન્નાથની સહી

દા. પોતાના રે. ભુજ

ખાનગી જાહેર ખબર

કોડાયના શા. નેણબાઈ મેગજી તે શા. જેસંગ પાસુની વિધવા, આથી સર્વને જાહેર કરૂં છુ કે મારા સસરા બીદડાના શા. પાસુ માણેક તથા મારા દેર બીદડાના શા. કેશવજી પાસુ પર મારી નામનોકનું હુકમનામું શાં. ૨૦૦૧ના અશાડ સુદ ૧૨ ની મીતીવાળું થયું છે તેમાં દાવા તારીખથી એટલે શાં. ૧૯૯૯ના મહા સુદ ૬થી મારી હયાતી સુધી તેઓ મને માસિક કોરી ૨૦) નીમનોની અને ભાડાં બદલ માસિક કોરી ૨॥ મલી માસિક કોરી ૨૨॥ આપે અને તે નીમનોકની રકમ માટે બીદડા મધેની તેમની વાડી નામે માદરાઓ ગામની આથમણી તરફની થા રેણાકની જગ્યા તથા ગામ બીદડાની આથમણી તરફનું ખેત્ર એમ મિલ્કતો પર ચાર્જ ઠરેલ છે.

આ ઠરાવ બાદ પણ તેમણે મને નીમનોક આપેલ ન હોઈ હાલ સુધીની ચડેલ નીમનોક તથા મુકદમાં ખર્ચ ઠરેલ છે તે માટે એ. નામદાર માંડવી કોર્ટમાં તામીલ કરેલ છે.

આ દાવામાં ઉપરોકત મિલ્કતો પૈકી જગ્યા પર રૂ. ૧૯૦૦)નું કોડાયના શા દેવજી આસુની ઘરવાલી મેગબાઇનું લેણું જણાવી એક દસ્તાવેજ રજુ થએલ છે પણ તે દસ્તાવજ દાવા બાદનો હોવાનું મનાયું છે આ સિવાય કોઇનું કાંઈ લેણું જાહેર થયું નથી અને રૂ. ૧૯૦૦ વાળું લેણું પણ ખરૂં છે એમ મનાયુ નથી એ વિષે યોગ્ય સ્ટેજે નિર્ણય થશે. પરંતુ આથી સર્વ લોકોને જાણ કરૂં છું કે ઉપર મુજબ સદરહુ સ્થાવર મિલ્કત પર મારી હયાતી સુધીની મારી નીમનોકનો ચાર્જ ઠર્યો છે. જેથી તે મિલ્કત પર કોઇ કાંઇ વ્યવહાર કરશે તો તે મારા ચાર્જને પાત્ર રહેશે તેની નોંધ લેવી.

પોષ વીદ ૧૨ શની શાં. ૨૦૦૩

તા. ૧૮–૧–૪૭

શા નેણબાઇ મેગજીની સહી તે જેસંગ પાસુની વિધવા દાઃ પોતે

ખાનગી જાહેર ખબર

અમારી અસીલણ હાલાપરના શા. લાલજી ખેતશીની વિધવા દેવાંબાઇ તરફથી મળેલ સુચનાની રૂએ આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે મારી અસીલણની ગ્વાલીયર સ્ટેટ માંથી એસ્ટેટોનો વહીવટ કરવા તેના દેર શા. મુળજી ખેતશીને પાવર આપેલ તે પાવર તા.

૨૨–૧–૪૭. ની મીતીવાળી નોટીશ મોકલી રદ કરેલ છે અને આથી તેની જાહેર પ્રજાને જાણ કરવામાં આવે છે આ પાવરથી તેમણે હાલ લગી કરેલ વહીવટનો હિશાબ તથા વધારો પણ ઉપરોક્ત નોટીશથી તેની પાશેથી માગવામાં આવેલ છે

તેમજ ગામ હાલાપર મધેની અમારી અસીલણની રેણાક જગ્યા જેમાં હાલે શા. મુળજી ખેતશી રહે છે તે જગ્યા ઉપરોક્ત અસ્ટેટની આવકમાંથી ખરીદાયલ હોઈ તે જગ્યાની માલેક હકદાર પણ મારી અસીલણ છે તેમજ મજકુર મુળજી ખેતશી પાશેની જંગમ મિલ્કત પણ તેજ રીતે બનેલી હોઇ તેની હકદાર પણ મારી અસીલણ છે.

મારી અશીલણને જાણવામાં આવ્યુ છે કે હાલાપર મધેની શદરહું જગ્યા વેચાવી કે તે પર પૈશા ઉપાડવા મજકુર શા, મુળજી ખેતશી હીલચાલ કરે છે પણ તેને કરવા હક નથી માટે મજકુર શા. મુળજી ખેતશી પાસેની સ્થાવર જંગમ મિલ્કત પર કોઈ કાઇ વ્યવહાર કરશે તો તે રદ બાતલ ગણાશે અને મારી અશીલણને કે સદર્હુ મિલ્કત પર તેનું કશું બંધન રહેશે નહી તેની નોંધ લેવા.

પોષ વિદ ૭)) બુધે શાં ૨૦૦૩:
તા. ૨૨–૧–૪૭

શા. લાલજી ખેતશીની વિધવા
બાઇ દેવાબાઇની શાઈ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું ભચાઉ તાલુકે વોંધના વાણીયા લીંબા વસરામની વિધવા નાનીબાઈ આથી સર્વ લોકોને ખબર આપું છુ કે વોંધના વાણીયા જુઠા સામા તથા કચરા સામા તથા માંડણ શામાએ શ્રી કચ્છ રાજ્ય પત્ર પુ૦ ૭૪ અંક ૧૩ પૃષ્ટ ૧૧૬ માગશર વિદ ૮ સોમે સં ૨૦૦૩ વાલી જે જાહેર ખબર છપાવી છે. તેમાં લખેલ હકીકત ખરી નથી. તેઓ મારી મિલ્કત પડાવી લેવા પ્રયાશ કર્યા કરે છે તેઓ મારો ધણી ગુજરવા પહેલા પોતાની સ્થાવર મિલ્કત તેઓને કબજે સોંપી ગયેલ હોવાનું જણાવે છે. તે ખરૂં નથી મારા ધણીની હું વારસ છું મારા ધણીની તમામ સ્થાવર જંગમ મિલ્કત મારો ધણી ગુજર્યા ત્યારથી મારે કબજે છે. પણ વાણીયા જુઠા સામા વિગેરે મને નિરાધાર બાઈ માણસ જાણી અયોગ્ય સ્વાર્થથી પ્રેરાઈ મારી મીલ્કત તફડાવવા પ્રયત્ન કર્યા કરે છે. તેઓને મારી મિલ્કત સાથે કાંઈપણ હકક સબંધ નથી. હાલે તેઓએ મને ફરેબ આપી ઉતાવળથી મારી સ્થાવર મિલ્કત સંબંધમાં એક લખાણ કરાવવા પ્રયત્ન કરેલ તે લખાણ ખેડુ પાના અક્ષર છે એમ સમજી મે મારી સહી કરાવી પણ તેજ વખતે હું ચેતી ગઈ અને મેં લખાણક રનાર ત્રાહિત માણસને તે લખાણ સામા વાળા વાણીયા જુઠા સામા વિગેરેને ન આપવા જણાવ્યું એ રીતે તે લખાણ અધુરૂં છે. નિરર્થક છે મે તેજ વખતે ના કબુલ કર્યું છે અને તેથી બિન અમલી છે એવું લખાણ કેરાવનાં વાણીયા જુઠા વિગેરને હકક નથી અને મારે એવું લખી દેવા કારણ નથી. તે લખાણ રદ છે મારી સ્થાવર મિલ્કતના મારા કબજામાં આડે આવવા વાણીઆ જુઠા શામા વિગેરને હકક કે અધીકાર નથી

વાણીયા જુઠા સામા વિગેર પાસે મારી કોરી બે હજાર લહેણી છે તે પણ તેઓ આપતા નથી

મીતી સં. ૨૦૦૩ના પોશ વિદ ૦)) બુધવાર

આ નીશાની નાંનીબાઇ ના કાબા હાથ ના અંગુઠા છે

વાણીયા લીંબા વશરામની વિધવા નાની બાઈની સઈ દ. આંધા લખમણ
હા. બાઇ નાનીબાઇનાં કેવાથી

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે માંડવીનાં વોરા કરીમજી અલીભાઇ ભુખવાલા (કલકતા વાલા) ગુજરી જતાં તેના વારસ પુત્રો વોરા અલીભાઇ કરીમજી તથા વોરા અબ્દુલાભાઇ કરીમજી તથા વોરા અબાસભાઇ કરીમજી વતીથી નીચે મુજબ જાહેર ખબર શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાવવા અમોને સુચના મલી છે તેની નોંધ સર્વ લોકોએ લેવી.

વોરા કરીમજી અલીભાઇની માંડવી મધે ટીંબા ફલીયામાં બે જગ્યાઓ તથા માંડવીમાં આંબા બજારમાં જગ્યા ૧ જે વખારના નામે ઓળખાય છે તે ત્રણે જગ્યાઓ વોરા કરીમજી અલીભાઈ

પાસે બધાટ વેંચાણ આવેલ છે આ ત્રણે જગ્યાઓની નીચે મુજબ ચતુર દીસા છે.

માંડવી મધે ટીંબા ફલીયામાં આવેલી જગ્યા નાં. ૧ પૂર્વ તરફ સા.ખેગાર થોભણની જગ્યાછે પશ્ચિમ તરફ વોરા ઇસ્માલજી પીરમાઇની જગ્યા છે.

દક્ષીણ તરફ વોરા ઇસા પાણીવારાનો ખંડેર છે ઉતર તરફ ઠા.કલ્યાણજી વીસનજીની જગ્યા છે.

માંડવી મધે ટીબા ફલીયામાં આવેલી જગ્યા નાં. ૨ પુર્વ તરફ સા. ખેગાર થોભણની જગ્યા છે વચ્ચે વીચેણી છે પશ્ચિમ તરફ ફરીયાની વાટ છે તથા વારા ઇસ્માલજી પીરમાઇની જગ્યા છે.

દક્ષીણ તરફ વોરાની મસજીદ છે.

ઉતર તરફ સા ખેગાર થોભણને તબેલો છે.

માંડવી મધે આંબા બજારમાં આવેલી જગ્યા જે વખાર તરકે ઓળખાય છે.

પુર્વ તરફ વોરાનો ફલીયો છે.

પશ્ચિમ તરફ રાજ મારગ છે.

દક્ષીણ તરફ વોરા જીવણજી જાફરજીનો બંગલો છે

ઉતર તરફ સા ગોપાલજી સાકરચંદની જગ્યાછે

એવી રીતે આ ત્રણે જગ્યાઓની ચતુર દીસા છે આ ત્રણે જગ્યાઓના દસ્તાવેજો જે અમારા અસીલો પાસે મુંબઇમાં હતા તે મુંબઇમાં (સને ૧૯૪૪ના અપ્રીલ માસમાં) હોનારત થઈ તેમાં આગ લાગવાથી બળી જઈ નાસ પામ્યા છે.

માંડવી—કચ્છ રજુ તિતી મહા શુદ ૨ શુકરે શા ૨૦૦૩

લી. એતા રૂપશંકર ગણપતરામ
B. A. L. L B
વોરા અલીભાઇ તથા અબ્દુલાભાઇ તથા અબાસભાઇ કરીમજીના વકીલ,

જાહેર ખબર.

દાખપતનાં મર્હુમ ઠા વેલજી રતનશીની વિધવા ખેતબાઇ ટોપણદાસ જત આથી જાહેર જનતાને તથા લાગતા વળગતાને ખબર આપું છું કે હું મારી દેરાણીથી શા ૧૯૯૯ના ભાદરવા વિદ ૯ ના રોજે ફાળા કરી જુદી થઇ છું તે મુંજબ મારા ભાગે આવેલ મિલકતને વિલ સાં. ૨૦૦૦ના અશાડ સુદ ૯ તથા શા ૨૦૦૩ના પોશ સુદ ૧૪ ના રોજે મારી દીકરી શાકરબાઇના નામે કરેલ છે તે વિલ મુજબ તેણીએ વર્તવાનું છે મારી મિલકતમાં શાકરબાઇ શિવાયનો કોઈનો પણ હક્ક નથી તેનો આથી સર્વ જણાએ નોંધ લેવાનો છે

શાં ૨૦૦૩ના મહા શુદ ૩ શનીવાર

ઠા વેલજી રતનશીની વીધવા ખેતબાઈ
ટોપણદાશની સહી દા. ઠા સામજી ટોપણ

ખાનગી જાહેર ખબર.

આ નોટીશથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે મુદ્દરાના રહેનાર કાયસ્થ મહેતા રણછોડદાશ ભાણજીએ પોતાનાં કબજાહ વાલા અને માલેકાનુ તમામ સ્થાવર જંગમ મીલકતનુ વીલ શા ૧૯૯૬ના બીજા જેઠ સુદ ૧૧ ગુરૂવાર તારીખ ૨૫ જુન સને ૧૯૯૨ના દાવા રનું વીલ કરી તેણે પોતે તમામ જાતની વ્યવસ્થા કરેલ છે અને જે વીલમાં જણાવેલી સઘળા પ્રકારની મીલકતની માવેકી હક સતા અને અધીકાર આ રણછોડદાસના હૈયાતી બાદ સગીર હીરાલાલ નાનાલાલનો અને તેની મા સવીતા બાઇનો છે જેથી કરી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે

રણછોડદાશની સ્થાવર જંગમ મીલકતની ઊપરાણીની કે લેતીદેતીનો કાંઇપણ વહેવાર જે કોઇ રણછોડદાશની મીલકત નીશબતે કરશે તે વહેવાર સગીર હીરાલાલ નાનાલાલના હીતને કે બીજા કોઇને બંધનકારક થશે નહીં અને તે કરનારના જોખમે અને જવાબદારી ઊપર રહેશે.

તારીખ ૨૫-૧-૧૯૪૭

મુ. રાજકોટ.

હીરાલાલ નાનાલાલ સગીરના વાલી તેની મા સવીતાબાઇ નામની સહી દ. પોતાના.

શુદ્ધિ પત્ર.

શ્રી કચ્છ રાજ્ય પત્ર પું. ૭૪ અંક ૧૫ મહા સુદ ૨ ગુરૂવાર શા ૨૦૦૩માં છપાયું છે તે નીચે પ્રમાણે સુધારીને વાંચવું

પાને ૧૮૬ લીટી ૧૩માં "અનારસ" છે તેને બદલે "અનોરસ"

પાને ૧૯૦ લીટી ૨૦માં "વર્ગ તરફથી" તેને બદલે "વર્ગ તરફ"

પાને ૧૯૩ લીટી ૧૮માં "1847" તેને બદલે "1947" વાંચવું.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર બળદીઆની કણબણ રતનબાઈ શીવજી ઉ. વ. ૨૫ આશરેની આથી જાહેર જનતાને ખબર આપુ છું કે હું બળદીઆના કણબી હરજી નારાણ મેપાણીને પરણી છું અને મારૂં આણું ૧૦ વર્ષપર વાળવામાં આવ્યું હતું અને હું મારા ધણી સાથે બે વર્ષ રહી છુ ત્યાર પછી છેલ્લાં આઠ વર્ષથી એટલે સાં. ૧૯૯૬ના અરસામાં મને મુકીને મારો ધણી હરજી નારાણ મેપાણી આફ્રીકા ગએલ છે ત્યારથી મને કાગળ પત્ર લખેલ નથી કે ભરણ પોષણ માટે પૈસા મોકલેલ નથી તેમ તેની હયાતીના સમાચાર હાલ લગી મને મળેલ નથી તેમ મારી સાસુએ પણ દાદ આપેલ નથી તેમ મારો જેઠ લાલજી નારાણે પણ મારા ધણીની ખબર કઢાવતાં ખબર મળી નથી તેથી હું મારા બાપને ઘેર રહું છું અને મારી સાસુ તથા જેઠને ભરણ પોષણ આપવાનું કહેતાં તેઓ મને ઠીક લાગે તેમ કરવા કહેતાં અને મારા ધણીની તેમને ખબર ન હોવાનું કહેતાં અને મને સમાચાર કે પૈસા આવતા નથી તેથી હું મારો ધણી હરજી નારાણ હયાત નથી એમ માનુ છું તેવું વાજબીપણું અનુમાન કરી કે બીજું ઘર વેણું અમારી નાત રીવાજ પ્રમાણે કરવા ધારૂં છું માટે આ સંબંધમાં કોઇને વરવાંધો હોય તો તેણે આ જાહેર ખબર પ્રસીદ્ધ થયાથી દીવસ આઠના અંદર મને જાવવું નહીતર તે મુદત વિત્યે કોઈનો વાંધો નથી એમ સમજી બીજું ઘર કરીશ

મીતી પોષ વીદ ૬ શનીવાર શાં ૨૦૦૩.

આ ડાબા હાથના અંગુઠાની નીસાની રતનબાઇ શીવજીની છે ઃ વીશરામ લાલજી ધણીના કેવાથી.

સુચના.

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨॥ અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૮ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૭૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં મહાકાએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની સુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતેફાસ્ટ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

☞ આ પત્ર શ્રી કચ્છ કચેરી પ્રેસમાં છાપ્યું.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 74] SATURDAY 22nd FEBRUARY 1947 [No 17]

[પુ૦ ૭૪]ફાગણ શુદિ ૨ શનીવાર સંવત ૨૦૦૩ તા ૨૨મી ફેબ્રુઆરી સને ૧૯૪૭[અંક ૧૭]

ઠરાવ.

જયુ. જા. ના. ૧૨૯૬.

કેળવણી ખાતાંના નાં. ૬૮ મહા શુદ ૧ ગુરૂ શાં. ૨૦૦૩ વાળાથી થઇ આવેલ ભલામણ ધ્યાનમાં લઇ કચ્છ રાજયના કેલવણી ખાતા તરફથી નકકી થએલ ધારા ધોરણ પ્રમણે સ્કુલ ચલાવાની શરતે નખત્રાણા તાલુકે ગામ નેત્રામાં શ્રી કારીઆ કેળવણી ફંડ તરફથી ચાલતી શાળાઓ ૧." ઠકકર હરીરામ ભીમજી કારીઆ એઝોવર્નાકયુલર સ્કુલ " ૨. " શ્રી કુવરબાઇ કારીઆ કન્યાશાળા " ૩ " શ્રી કારીઆ હરીજનશાળા " ને માન્ય રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

મીતી મહા શુદ ૮ ગુરૂવાર શા. ૨૦૦૩.

તાઃ ૩૦-૧-૪૭

ત્રિભોવનદાસ જે. શાહ.

દિવાન-કચ્છ.

સી. સ૦ જા. નં ૬૬૦ નોટીફીકેશનમા સુધારો.

કચ્છ રાજ્ય પત્ર પુસ્તક ૭૪ મહા સુદ ૨ ગુરૂવાર સાં૦ ૨૦૦૩ તા. ૨૩-૧-૪૭ અંક ૧૫ ના પૃષ્ટ ૧૭૬ ઉપર નોટીફીકેશન ડી. સી એસ. નાં ૭૦૩ તા. ૧૭-૧-૪૭ વાળું છાપવામાં આવેલ છે. તેમા સીમેન્ટનો ભાવ, આંડવી.- રૂા. ૮૮-૧૨-૬ ટન એકનો છાપવામાં આવેલ છે તેને બદલે માંડવી રૂા. ૮૨-૧૨-૬ ટન એકનો સમજવો.

J. J. Ashar,

for. દિવાન.

નાં. ૧૯૫૭ નોટીફીકેશન.

નોટીફીકેશન નાં. ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવયે નોટીફીકેશન નાં. ડી. એફ. ૬૯૮૭ તા ૨૮-૯-૪૬માં માસ ફેબ્રુઆરી ૧૯૪૭ માટે નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે છેઃ-

ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇંડસ્ટ્રીઝમાં ઉત્પન્ન થતાં મગફળી તેલનો ભાવ માસ જાનેવારી ૧૯૪૭ માટે કચ્છી મણ ૧૬ સવાના ટીનને ભાવ કોરી ૭૦ સાતેર ટીન સહિત નક્કી કરવામાં આવે છે.

આ ભાવે ધી કચ્છ ઓઇલ મીલે ભુજ અને અંજારના એજંટોને ભુજ અંજારના ભાવે ડીલીવરી આપવાની છે આ તેલનાં છુટક વેચાણનો ભાવ કચ્છી સેર ૧ એકની કોરી ૧-૪ા એકને સાડાબાર દોકડા નક્કી કરવામાં આવે છે એજંટોએ જેમને આખા ટીન આપવાના હોય તેઓને ટીન એકની કોરી ૭૦ સત્તા એકોતેરના ભાવે ટીન સહીત વેચાણ આપવાનું છે.

આ સીવાય નોટીફીકેશન નાં. ડી. એફ. ૬૯૮૭ ની બીજી કલમો રાખવામાં આવે છે એટલે તે પ્રમાણે લાગતા વળગતાઓએ વર્તવાનું છે.

તા. ૭-૨-૪૭

કે. એચ. દેસાઈ,
ડાયરેકટર ઓફ ફુડ સપ્લાઇઝ કચ્છ

નાં. ૧૯૫૬ નોટીફીકેશન.

નોટીફીકેશન નાં. એફ. ૩૪૦ તા. ૧૮-૯-૪૬ અનવયે નોટીફીકેશન નાં. ડી. એફ. નાં. ૬૯૮૮ તા. ૨૮-૯-૪૬ ની કલમ ૨ અને કલમ ૩માં નીચે પ્રમાણે ફેરફાર માસ ફેબ્રુઆરી ૧૯૪૭ માટે કરવામાં આવે છેઃ—

૧ ઉપર જણાવેલ વેપારીઓનેજ ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝે નીચે જણાવેલ જથ્થા પ્રમાણે વધુમાં વધુ માસ ફેબ્રુઆરી ૧૯૪૭ માટે તેલ આપવાનું છે. આ જથ્થાનો અડધો ભાગ તાત્કાલિક પહોંચાડવાનો છે. બાકીનો અડધો ભાગ જે પ્રમાણે પરમીટો આવે તે પ્રમાણે પહોંચાડવાનું છે. દરેક એજન્ટે બાકીના અડધા ભાગ પૈકીની પરમીટો. પોતાની જરૂરીયાત ખપત પુરતીજ લેવાની છે અને એ રીતે માલ આખર કોઇ પણ એજંટ આગળ માલ વધશે અને બીજા પાસે તેલના ભાવો ઘટે તો તે માટેની જવાબદારી જે તે એજંટની રહેશે.

ભુજ	એકંદર માસીક ડબા.	૧૪૦૦ ચૌદશો.
માંડવી.	એજ.	૧૬૫૦ સોળસો પચાસ.
અંજાર.	એજ.	૬૫૦ નવસો પચાસ.
મુંદરા.	એજ.	૫૦૦ પાંચસો.

૨ કલમ ૩ મા જ્યાં 'એક શેર' લખાયલ છે ત્યાં 'ત્રણ શેર' સમજવાનું છે.

આ સીવાય નોટીફીકેશન નાં. ડી. એફ. ૧૯૮૮ ની બીજી કલમો ચાલુ રાખવામાં આવેલ છે. એટલે તે પ્રમાણે લાગતા વળગતાઓએ વર્તવાનું છે.

તા. ૭-૨-૧૯૪૭.

કે. એચ. દેસાઈ,
ડાયરેકટર ઓફ ફુડ સપ્લાઇઝ,
કચ્છ સ્ટેટ.

211

ચાંચો.

તા. ૧-૨-૪૭ થી તા. ૧૪-૨-૪૭ સુધી નાની બચત યોજનાનાં અનુસંધાનમાં કચ્છમાં ઠેર ઠેર ઉત્સવો ઉજવવામાં આવશે આ યોજના કેવી રીતે ત્રીજાભાઈ તરીકે કમાવી આપે છે અને શ્રી રાજ્ય તરફથી નીમાએલા એજંટોને કેવી રીતે માસીક (રૂ. ૧૦૦) સુધી વેતન આપે છે તે સઘળી હકીકત રા. રા. એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર અગર તો રા. તાલુકા અધીકારીઓ પાસેથી મંગાવો.

Administrative Officer,
Small Savings Scheme,
KUTCH

પો. અં. જા. નાં. ૬૪ જાહેર ખબર

એજન્સી તરફથી ન. આર. એચ./૩-૧ તા. ૧૩-૧-૪૭ વાળો એક્સપ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે હિંદમાંથી બહાર જનારાઓ સામે તા. ૩૦-૧૨-૪૬થી કવોરન્ટાઇન પ્રતિબંધ મૂકેલ છે તેહવાલનું કોન્સોલીડેટેડ સ્ટેટમેન્ટ સર્વ મુસાફરોની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

તા. ૧૨-૨-૪૭.

No. 22-1/46-P. H. (II).

Appendix 'B'

Indian ports against which quarantine restrictions were in force on 30th December, 1946.

Against Port or Place		*Imposed by*	*Date*	*Disease*
Calcutta	Air	Palestine	9-9-36	Cholera
Calcutta	,,	,,	19-2-38	Smallpox
Bombay	,,	,,	9-9-40	,,
Allahabad	,,	,,	5-8-46	,,
Delhi	,,	,,	5-8-46	,,
Calcutta	,,	Transjordan	16-8-45	Cholera
Bombay	,,	,,	24-2-40	Smallpox
Madras	Sea & Air	Ceylon	22-3-45	,,
Bombay	,,	,,	19-1-46	,,
India	,,	Iraq	16-12-45	,,
India	,,	Persia	21-8-45	Cholera
India	,,	,,	21-8-45	Smallpox
India	,,	Egypt	11-4-45	Smallpox
India	,,	,,	8-8-46	Cholera
India	,,	China	18-8-46	Smallpox

212

India	Sea & Air	China	18-8-46	Enteric Fever
India	,,	,,	,,	Cholera
India	,,	Burma	6-12-45	Smallpox
India	,,	Bangkok	12-3-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Malayan Union	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	Cholera
Bombay	Sea & Air	,,	21-6-46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	10-7-46	,,
Calcutta	,,	Singapore Colony	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	Cholera
Bombay	Sea & Air	,,	21-6-46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	3-7-46	,,
India	,,	Sarawak	10-7-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Labnan (British Borneo)	,,	Cholera
Bombay	,,	,,	,,	Smallpox
Madras	,,	,,	,,	,,
India	,,	Philiphine Islands	7-7-46	,,
India	,,	,,	,,	Cholera
Calcutta	,,	NetherLands Indies	25-6-46	Smallpox
Bombay	,,	,,	,,	,,
Madras	,,	,,	28-7-46	,,
Chittagong	Sea	,,	,,	,,
Delhi	Air	,,	26-6-46	,,
Calcutta	Sea & Air	,,	12-9-46	Cholera
Cawnpore	Air	,,	,,	,,
Calcutta	Sea & Air	Hongkong	27-7-46	,,
India	,,	Union of South Africa	30-8-46	Smallpox

213

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૨૩મી જાન્યુઆરી સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ માહ સુદ ૧ ગુરૂ ને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુંદરા.	અંજાર.	ભચાઉ.	રાપર.	નખત્રાણા.	લખપત.	અબડાસા (નલિયા.)	માંડવી.	નખત્રાણા.	રીયાકું
૧	ઘઉં કાલા	...	૧૦૧૬	...	...	...	...	૧૦૨૪	...	...	૩૭૬	૯૬૦	
૨	ઘઉં ગજીઆ.....	૮૦૦	૮૪૦	૮૩૨	૭૨૦	૭૫૦	૭૬૮	.	૯૬૬	...	...	૭૦૪	
૩	બાજરી	૪૩૨	૪૦૦	૩૩૬	૪૮૦	૪૩૨	૩૨૦	૩૧૮	૩૨૦	...	૪૮૮	૪૬૦	
૪	મગ	૦૦૦	૪૧૫	૪૦૦	૩૮૪	૩૨૦	૩૫૨	૪૦૮	૩૨૦	...	૩૦૦	૩૬૮	
૫	મઠ (કારડ).....	૩૦૦	૩૦૦	૩૨૦	૨૮૮	૩૭૬	૩૦૦	૨૭૨	૨૨૪	...	૨૫૬	૨૬૦	
૬	જુવાર	...	૩૨૪	૨૫૬	૪૦૦	૨૬૦	૨૭૨	૨૫૬	૨૨૮	...	૪૦૦	૩૨૦	
૭	ઓરંગા (સદાફળા) ...	...	૪૨૦	...	૪૦૦	...	૩૨૦	૩૬૦	૩૨૦	...	૩૮૪	૩૬૮	
૮	ગોવાર	૩૦૪	૩૬૦	૩૬૬	૩૦૬	૨૬૦	૨૫૬	૨૮૮	૨૨૮	...	૩૨૦	૩૧૪	
૯	તલ	૬૨૦	૬૭૨	૭૦૪	૭૨૦	૬૮૦	૬૪૦	૬૦૦	૫૧૨	...	૬૦૦	૬૪૦	
૧૦	ચોખા ઉંચા	૧૫૦૦	...	...	....	...	...	...	...	...	...	૨૫૬૦	
૧૧	ચોખા હલકા ..	૧૨૮૦	૧૩૬૮	...	૧૫૬૮	...	...	૯૬૦	...	...	...	૧૨૮૦	
૧૨	કાલાં ભાર	...	...	...	...	...	૨૩૦	...	...	...	...	...	
૧૩	ઘી	૧૫૦	૧૪૪	૧૪૪	૧૪૪	૧૨૦	૧૬૦	૧૩૨	૧૩૨	...	૧૩૩	૧૪૪	
૧૪	તેલ	૬૦	૬૦	૬૦	૬૫	૬૬	૬૨	૬૬	૭૨	..	...	૬૦	
૧૫	ખાંડ	૨૮	...	૩૧	...	...	૩૪	...	૩૬	...	...	...	
૧૬	ગોળ	૩૬	૩૬	૨૮	...	...	૪૦	...	૩૬	...	...	...	
૧૭	કડબ	૧॥	૨॥	૨॥	૩	૩	...	...	...	...	...	...	
૧૮	કુંડી.....	૨	...	...	...	૩	...	...	...	...	...	...	
૧૯	ઘાસ	૧॥	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાસીઆ	૧૪	૧૪	૧૫	૧૫	...	૧૫	૧૫॥	૧૪	...	૧૫	૧૫	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૩૦૩॥	૩૦૫	૩૦૪	૩૦૩॥	૩૦૪	૩૦૫	૩૦૪	૩૦૨	...	૩૦૨	૩૦૪	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	૩૦૩॥	૩૦૪॥	૩૦૪	૩૦૪	૩૦૪	૩૦૫	૩૦૪	૩૦૨	...	૩૦૨	૩૦૪	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં માપ ૬૪ મણ ૧ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૯૬ કપાસીઆ તોલમાં મણ ૧ના શેર ૫૪.

મહા સુદ ૧૫ બુધે સંવત ૨૦૦૩ તા ૫-૨-૪૭

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

ખ

વી ક. જા. નાં. ૩૫૮૬

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે કંડલા, તુણા, માંડવી મુંદરા વગેરે બંદરોએ કલીઅરીંગ એજન્ટ તરીકે કામ કરવાના નવેસરથી અમુક સંખ્યામાં લાયસન્સ આપવાનાં છે સબબ જે લોકોને તેવા લાયસન્સ લેવા ઇચ્છા હોય તેઓએ તા. ૧૫-૩-૪૭ સુધીમાં અગારી ઓફીસે ધોરણસર અરજ કરવી કલીઅરીંગ એજન્ટે વાર્ષીક ફી. ૩૦૦ ત્રણસો તથા શરૂઆતમાં રોકડ જામીનગીરી રૂ. ૨૦૦૦ બે હજાર ભરવાની રહેશે આ ઉપરાંત કલીઅરીંગ એજન્ટને લગતા બીજા નીયમો લાયસન્સ આપવી બાબતે જણાવવામાં આવશે વખતસર અરજ આવેલ હોવા છતાં લાયસન્સ આપવું કે નહી તે નીચે સહી કરનારની ઇચ્છા પર રહેશે.

મીતી મહા વદ ૫ સોમ સં. ૨૦૦૩ તા. ૧૭-૨-૪૭

P. M. Khambhata,
ચીફ કસ્ટમ ઓફીસર.

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.
શ્રી ડીસ્ટ્રીક્ટ અદાલત
દિવાની દાવા નંબર ૩ સાં. ૧૯૯૬

જાદીઆ ઠા. ગોકુલદાસ ગોરધનદાસ વગેરે હાલે જામનગર વાદી
ભા ઠા. માધવજી પ્રેમજી રિ. સાંતવી પ્રતિવાદી

ઠા૦ જગાઓનો કબજો મળવા વીગેર બાબત

અમેરીકાના રહેનાર ભા. ઠા નેણશી લક્ષ્મીદાસની કહેવાતી પુત્રી ધીર્યાબાઇન માલમ થાય જે વાદીએ તમારા ઉપર જગાઓ વીગેરનો કબજાની બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ માસ ફાગણ વીદ ૩ વાર સોમને રોજે સવારના ૧૧॥ વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સવળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહીં થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જે માંગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા સાથે મોકલજો.

મિતી મહા સુદ ૭ બુધવાર સંવત ૨૦૦૩

જયસુખલાલ હરજીવન,
મે. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન જડજના હુકમથી.

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.
શ્રી ડીસ્ટ્રીક્ટ અદાલત નં. ૨૭૨
દીવાની દાવા નંબર ૧૨૫ સંવત ૨૦૦૨

શા ધનજી દેવજીના વેરસ કરનાર મણીલાલ ધનજી મુંદરા હાલે મુંબઇ વાદી.
૧ બુચ રતનશંકર કેશવલાલ મુંબઇ પ્રતિવાદી.

દાવો દસ્તાવેજ રજીસ્ટર કરી આપવા બાબત

મુંદરા હાલે મુંબઇના રહેનાર બુચ રતનશંકર કેશવલાલને માલમ થાય જે વાદીએ તમારા ઉપર દસ્તાવેજ રજીસ્ટર કરાવી દેવા બાબતનો દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ ના માસ ફાગણ વીદ ૬ ગુરૂવાર ને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કહેલા વાદીના દાવાના જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સવળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામા આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જે માંગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા સાથે મોકલજો.

મિતી મહા સુદ ૭ બુધવાર સંવત ૨૦૦૩

જયસુખલાલ હરજીવન,
મે. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન જડજના હુકમથી.

સ્થાવર મિલકત જપ્ત કરવા બાબતનો હુકમ

નં. ૯૪૨

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.
શ્રી ભચાઉ અદાલત.

ગ્યા. દી. તા. દાવો નંબર ૧૯ સંવત ૨૦૦૨
મારા ડાયાચંદ લખમશી રે. ભચાઉ વાદી
બંગાલી જખુ ગોવિંદા રે. માણાવાવ પ્રતિવાદી
દાવો.

માણાવાવના પ્રતિવાદી બંગાલી જખુ ગોવીંદને એવો હુકમ કરવામાં આવે છે કે સંવત ૧૯૯૪ ના ફાગણ સુદ ૭ ભોમેની સાલના નંબર ૬૭ ના દીવાની દાવામાં વાદીની પ્રતિવાદીની તરફમાં કોરી ૪૯૬૦ નું હુકમનામું તમારા ઉપર સંવત ૧૯૯૫ ના માસ આસુ વિદ ૧૦ ભોમેના રોજ કરવામાં આવ્યું છે તે તમે પુરૂ કર્યું નથી માટે આ અદાલતનો બીજો હુકમ થતા સુધી આ સાથે જોડેલી યાદમાં જણાવેલી મિલકત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમોને આ લેખથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ મિલકત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતિબંધ છે એમ સમજવું

મિતિ મહા વિદ ૬ ભોમવાર સાં. ૨૦૦૩

ગોધ મધેની જગ્યા પંડયા ગોતી શીવજી પાસે છે તેની ચતુ દીક્ષા.

૧ ચોધરી વિશ્રામ હીરજીની જગ્યા હાલે બંગાલી ભુરા ભાણા પાસે છે તેથી દક્ષણાદી.
૨ ચોધરી પ્રેમા વાલાની જગ્યાથી આગ્નેયી.
૩ બંગાલી ભોજા અબાવીની જગ્યાથી ઉત્તરાદી
૪ રાજમાર્ગથી આભેણી ઉત્તરણી.

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
આ. દી. તા. કામ નં. ૫૭ ૨૦૦૨
શ્રી રાપર દીવાની કોર્ટમાં

પોપટ મોતી હમીપર વાદી
આદેવા કરશન વી માંડવી પ્રતિવાદી
દાવો કોરી ૨૬૭૩૩૩ મળવા

માંડવી મધે નીચે લખ્યા દહોને માલુમ થાય જે આ વાદીએ તમારા પર શાં ૧૯૮૮ના અસાડ વીદ ૪ વાળા કરાર પ્રમાણે કોરી ૨૬૭૩૩૩ ની તામીલ થવા દરખાસ્ત કરે છે. માટે આ નોટીશ પોચેથી વાદીના લેણાની તામીલ રોજ ૧૫ની અંદર કરી પોચું રજા કરજો નહીતર કાયદેસર થસે.

૧ ગાલી માદેવા કરશન
૨ મલી રાણુ કરશન

મીતી મહા વીદ ૧ ગુરૂવાર શાં ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠક્કર
મે. જો. રાપર ન્યાયાધીશ ના હુ થી.

સ્થાવર મિલ્કત જપ્ત કરવા બાબતનો હુકમ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી રાપર દીવાની અદાલત.
આ. દી. તા. નંબર ૪૬ સંવત ૨૦૦૧

મેતા જેચંદ અમીચંદ રે. ભીમાસર વાદી
કુંભા ધના રાજા રે એજ પ્રતિવાદી
દાવો—કોરી ૨૩૯૩૩ મળવા

ભીમાસરના પ્રતિવાદી કુંભાર ધના રાજાને એવો હુકમ કરવામાં આવે છે કે સંવત ૨૦૦૧ની સાલના નંબર ૫૫૧ ના દીવાની દાવામાં વાદીની તરફમાં કોરી ૨૩૯૩૩ નું હુકમનામું તમારા ઉપર સંવત ૨૦૦૧ના માસ કારતક સુદ ૧૧ના રોજ કરવામાં આવ્યું છે તે તમે પુરૂં કર્યું નથી માટે આ અદાલતનો બીજો હુકમ થતાં સુધી આ સાથે જોડેલી યાદમાં જણાવેલી મિલ્કત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમોને આ લેખથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ મિલ્કત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

મહા વદ ૧ ગુરૂવાર શાં. ૨૦૦૩

૧ જમા નાં ૧ ભીમાસર મધ્યેની તેની ચતુર દીસ
૧ ભોજક માજુબાઇ દમ્બરથી દખણાદી છે.
૧ વાસના ચોકથી તથા માનશંગજીની બેણીથી ઉગમણી છે.
૧ વાગેલા પ્રેમજી રણછોડજીના વાડામાં જવાના મારગ થી આથમણી છે
૧ પડતરથી ઉત્તરી છે.

P. J. Shah,
જો. રાપર ન્યાયાધીશ

જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ કોર્ટ હસ્તે સં. ૨૦૦૨ની સાલ સુધીમાં ફોજદારી કામોનો નીકાલ થએલ તે કામે આવેલ મુદ્દામાલ જેને આપવા ઠરેલ હોય તથા આ કોર્ટમાં પોલીશ તરફથી અવેલ બીન વારસ માલ મરનારનો કોઇ વારસદાર હોય તેણે આ જાહેર ખબર ગેઝેટમાં છપાયાની તારીખથી મહીના ૬ છની અંદર આ કોર્ટમાં હાજર થઇ ખાત્રી પુરાવો આપી લઇ જવો નહીતર મુદત વીતે રીતસર લીલામ કરી ઉપજેલ પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આ શે.

મહા શુદ ૧૧ શની સં. ૨૦૦૩.

જીવરામ મોનજી,
નખત્રાણા ન્યાયાધી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
નોટીશ નાં ૧૧૬
આ દી. તા કામ નં ૧૧ સં ૨૦૦૩

ઠા. પ્રધાન ભીમજી નખત્રાણા વાદી
ઠા. પ્રેમજી ભીમજી વિ. નખત્રાણા પ્રતીવાદી
તામીલ થવા બાબત

નખત્રાણા હાલે ગુજરાત ઠા. પ્રેમજી ભીમજી ને ખબર આપવામાં આવે છે કે મારા ઉપર વાદીએ દાવો કરતાં તેનો ખુલાસો સં. ૧૯૯૫ કારતક શુદ ૨ સોમવારના રોજ આ અદાલતમાં થયો છે તેમાં ઠર્યું છે કે પ્રતીવાદીના ૧-૨ વાળા કોરી ૨૭૩૩૩ મુદલ કોરી ૧૨૦૧) ઉપર દર માસે ટકા ૦॥ લેખે મુદલ રકમ ડમલ થતાં સુધી વ્યાજ તથા ખર્ચ આપે તે હુકમનામા મુજબ તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી માસ ૧માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહીતો કાયદા પ્રમાણે મુદત વિતે તાકીદ કરવામાં આવશે.

મીતી મહા વદ ૧ ગુરૂ સાં ૨૦૦૩

જયતીલાલ મયાશંકર
મે. નખત્રાણા ન્યાયાધીશ સા. હુ. થી.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી નખત્રાણા અદાલત.
આ. દી દાવાનો નંબર ૨૮ સંવત ૨૦૦૨

ઠા લાલજી કલ્યાણજી મંગવાણા વાદી
મકવાણા માલાજી અભેરાજજી કાંયાવાલા વડવા પ્રતિવાદી
લેણા બાબત દાવો

મોરબર રહેનાર નીચે લખ્યા શખશોના ને માલુમ થાય જે વાદીએ તમારા ઉપર લેણાં બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૩ ફાગણ વીદ ૩ સોમવારને રોજ સવારના વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ

આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલને મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબંધા જરૂર આત સવાલના જવાબ દઈ શકે એવા કેઈ બીજા યોગ્ય રીતે અખત્યાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જેના માગે છે તે તથા તમારા જવાબના પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ મહા વીદ ૬ વાર શની સંવત ૨૦૦૩.

૧ મકવાણા મુરજી માલાજી મોરગર
૨ મકવાણાં ભારમલજી માકાજી મોરગર

એ રીત :-

જયંતીલાલ મયાશંકર
મે. નગરાણા ન્યાયાધીશ. સા. કુ. થી.

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના દરજી પ્રાગજી પ્રેમજીના વેચાણ કરનાર સકરલાલ પ્રાગજીએ સુખપરના દરજી શીવજી લાલજી ઉર્ફે મમુ પાસેથી જગ્યા ૧ ભુજ મધ્યે ચોક ફલીયામા દીવહીયા કુશેરીમા છે તે કોરી ૧૫૫૦ પંદરસો પચાસમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કઇ લેણું હક હીસો હોય તેમણે ૧ માસની અંદર અહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કઇ નહીં સાભળતા છાપો થવાસાટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

મહા સુદ ૧૦ સુકરે સા. ૨૦૦૩

M. M. Mehta.
ભુજ વહીવટદાર.

પ જા નાં. ૨૭૭ **જાહેર ખબર**

સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે ભુજના કાયસ્થ મેતા રવીશંકર તથા મહેન્દ્રરાય ભવાનીશંકરના પાવરદાર પ્રાણશંકર દયાલાલે કાયસ્થ મેતા મયાબાઇ મોતીરામ પાસેથી જગ્યા ૧ વાણીયાવાડના નાકાનજીક ભુજ મધ્યે છે તે કોરી ૪૦૦૦, ચાર હજારમાં અઘાટ લેતા તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવામાટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કઇ લેણું હક હીસો હોય તેમણે ૧ માસની અંદર અહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કઈ નહીં સાંભળતા છાપો થવામાટે શ્રી હજુરમાં લખવામાં આવશે

મહા સુદ ૧૪ ભોમે સા. ૨૦૦૩

M. M. Mehta.
ભુજ વહીવટદાર

જાહેર ખબર

પ. જા. નં ૬૬૬

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના મેમણ જકરીયા મુશાએ ભુજના કોઠારી વેલજી જાદવજીની વિરવ અટુભાઇ વલભજીના પાવરદાર ઠાં મુળજી હંશરાજ પાસેથી જગ્યા ૧ ભીડ બજારમાં છે તે કોરી ૧૦૦૦) દશ હજારમાં અઘાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કઇ લેણું હક હીસો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કઇ નહી સાભળતા છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

મહા વીદ ૮ સુર શાં ૨૦૦૩

P. K. Bava,
for. ભુજ વહીવટદાર.

જાહેર ખબર.

પ. જા. નાં ૨૧૮

આથી સર્વ લોકોને ખબર આપવામ આવે છે કે મુંદરાના ભાટીઆ ઠા મુળજી મોરારજીએ શા ૧૯૯૯ ભાદરવા વીદ ૩ થી બાર્દેચલા નાકા બહાર ખરંડી ૧ કોરી ૪૫૦૦ માં મુદરાના ભાટીઆ ઠા. રતનશી જીવણદાશ વીગેરાં ૧ મતથી અઘાટ લઇ વેચી લીધેલ છે તેનો છાપો થવા દસ્તાવેજ આહી આવેલ છે માટે તે બાબતમાં કોઇને કાંઇ જાહેર કરવાનું હોય તો તેઓએ આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમા પ્રસીધ્ધ થવાની તારીખથી મદ્દત ૧ એકની અંદર આહીંની કચેરીએ જાહેર કરવું મુદત વીત્યે અરજદારની અરજ વીશે છાપો થવા વટીત કરવામાં આવશે

મીતી મહા સુદ ૧૧ રવી શાં. ૨૦૦૩

Harilal Somji,
મુદરા વહીવટદાર.

જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા ખડીર ધ્રુ તરફથી ઊંઠ (પાંગર) જીવ ૧ ઊંટ વાને ધોરો ઉ. વ. ૨ કીંમત કોરી ૫૦૦) પાંચસો આસરેનો ગેવાળ થે રજુ થયેલ છે. આ ઊંઠ જેનો હોય તેણે આ જાહેર પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની અંદર હાજર થઇ ખાત્રી પુરાવો ખાઇ ખર્ચ વગેરે આપી લઇ જવો. નહતર મુદત વિત્યે સદરહુ (પાંગર) ઊંઠ શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

મહા વદ ૨ સુકર સંવત ૨૦૦૩તા. ૭-૨ ૪૭

વેરસીંહ હેમરાજ લોહાર,
ખડીર થાણદાર ૨. સ.

217

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા થી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી તો મ મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

હું નીચે અરજ કરનાર મુદરા તાબે ગામ વાડીના ખોજા હાજી મામદફાજલ હાજી તાલબ (મકલાઇ) આથી સર્વ લોકોને જાણ કરૂંછું કે માંડવીના ખોજા આમદ રાશીદ પ્રેમજીનો કેટલોક ગરાસ અમારા પિતા પાસે ચિત ઠામ લેણામાં આવેલ તે હક આડે આંકે વેચાણ આપવાનો દસ્તાવેજ અમારા પિતા પાસેથી તેને ગમે તેમ સમજાવી કુકમાના જોશી વેલજી જગજીવનને શા ૧૯૯૭ ના પોષ વીદ ૧ ની મીતી વાળા કરાવી લીધેલ અને તેજ રીતે રેણના ખોજા પર ના લેણાં બાબત પણ દસ્તાવેજ મા પીતા પાસેથી કરાવી લીધેલ અને તે સબધી પોતે કાયદેશર પગલા લેશે એવું જણાવેલ પરતુ તે સબંધી તેણે હાલ લગી કાંઇ પગલા લીધા નથી તેમ એ દસ્તાવેજો બિન અવેજી અને દેખાવ પુરતા મજકુર જોશીએ કરાવી લીધેલ અને તે બાબતનું શાં. ૧૯૯૭ ના પોષ વિદ ૧ ની મીતી વાળુ સામું લખણ તેણે અમારા પીતાને કરી આપેલ છે જે અમારી પાસે છે એટલે મજકુર જોશીને અમારા પીતાને કરી આપેલ સદહું બને દસ્તાવેજોથી કાંઇ હક પ્રાપ્ત થયો નથી કે થતો પરંતુ મજકુર જોશી પાસે સદહું ખોજા આમદ રાશીદ પ્રેમજી વાળી મિલ્કતના તેમજ રેણના ખોજા પરના લેણા અંગેના કેટલાક દસ્તાવેજો અમારા પીતાએ રાખેલા તે અમાનત તરીકે પડયા છે, અને અમે પાછા માગીએ ત્યારે આપવા તે બંધાયલ છે પરંતુ તે દસ્તાવેજો મને પાછા આપવા મજકુર જોશી પાસે એ માગણી કરી કરાવી તો આપતો નથી તેમ તેને અમારા વકીલ મેતા નાનાલાલ વિશ્વનાથ વ્હારા તારીખ ૧૨-૬-૪૬ ની મીતીવાલી રજીષ્ટર્ડ નોટીશ કરેલ તેમ છતા કોઇ દસ્તાવેજો મને સોંપેલ નથી અને ખોટા વાંધા કર્યા કરે છે જેથી જાહેર જનતાને આથી જાણ કરૂંછું કે અમારા જે દસ્તાવેજો કુકમાવાલાં જોશી વેલજી જગજીવન પાશે છે તેપર તેનો કાઇપણ હકનથી તે માત્ર અમાનત તરીકેજ તેના પાસે પડેલા છે માટે એ દસ્તાવેજો કે તે પૈકી કોઇ પર મજકુર જોશી શાથે કોઈ જો કાઈ ધીર ધાર કે વ્યવહાર કરવો નહી અને કરશે તો તેની જવાબદારી તે ધણીની રહેશે અને મને તેનું કાંઇ બંધન રહેશે નહીં તેની નોંધ લેવા.

મીતી શા ૨૦૦૩ નાપોશ વીદ ૭ શોમે

ખોજા હાજી મામધફાજલ હાજી તાલબ મકલાઇની સઈ દાઃ પોતાના

ખાનગી જાહેર ખબર

આથી સર્વ જનતાને ખબર આપુંછું કે અમારા અમારા અસીલ માડવી ના કણબી હાજી દેવરાજ તથા લખમણ દેવરાજે ગામ દુર્ગાપુરના શા કશવજી નરશી પાશેથી ગામ દુર્ગાપુરની ઉગમણી ઉગમણી ઉતરાદી શીમે આવેલી વાડી એક નામે રાએમ વારી ભોગ પ્રજા સવાને આશરે ની નીચે લખી ચતુર દીશા વાળી તેમા તમામ હકો સહીત વરશ ૬૪ ચોરાણુની બંધીથી વીટાંતર વેચાણ લેવાનો સોદો કર્યો છે શદરહુ વાડીની ચતુર દશાની વીગત નીચે મુજબ છે.

૧. ઉગમણી કોર કણબી વીરજી શીવજીની વાડી નામે કોલીઆણ છે.

૨. ઉતરાંદી કોર ભાનાપર વાળાનો ખેતર નામે શર છે.

૩. આથમણી કોર કમાબાઈનો ખેતર નામે ગુઢ છે તે વચે આ વાડીના બંજુનો કટકો છે તેમા સગવડ ખાતર વચમાં બાંધો બાંધેલ છે તે કટકો પણ આ વાડી સાથે છે

૪ દખણાદી કોર રાજ માર્ગ છે

એ વાડીના પેટા દસ્તાવેજો પૈકી દસ્તાવેજો ગેર વલે ગયા હોવાનુ અમારા અસીલનો મતાહાર જણાવે છે આ જાહેર ખબરથી સર્વ લાગતા વળગતા એને જાણ કરૂંછું કે આમા લખી વાડી પર કોઇ પણ શખ્શનો ગીરો બીજો ટરટ હક મેટ નીમનોક કે કોઇ પ્રકારનો વર વાંધો કે દાવો હોય તેણે અમારી ઓફીશે આ જાહેર ખબર છપાયથી રોજ ૧૫ પંદરની અદર પોતા

પાસેના આધારો શહીન પોતાનો વાંધો રજુ કરવો મુદત દરમ્યાન કોઇ ચખ્ખનો વર વાંધો જાહેર નહીથાય તો મુદત વીતે અમારા અશીલ થયેલ શાટા મુજબ સોદો પાકો કરી દસ્તાવેજ લખાવી રજીષ્ટર કરાવી લેસે તો કોઇનો વર વાંધો છે નહી અને હશે તો છોડી દીધો છે એમ અનાઇ પાછળથી અમારા અશીલો કે આમા લખી વાહી કે ઇ શાઓગોમાં જવાબદાર થશે નહી તેની બધાએ નોધ લેવી

શાં. ૨૦૦૩ ના મહા સુદ ૮ ગુરૂવાર તા, ૩૦–૬–૪૭

સત્ય નારાયણ મંદીર પાસે માંડવી કચ્છ { લી. વકીલ પ્રભુલાલ હરીલાલ મહેતા એડવોકેટ તે ખરીદનાર ના વકીલ

ખાનગી જાહેર ખબર

લી. અંજારના સારસ્વત જોશી ગૌરીશંકર લાલજી આથી સર્વ લોકોને જાણ કરું છું કે મારા છોકરા ખીમજીની વિરૂદ્ધમે સંવત ૧૯૯૫ ના શ્રાવણ વિદ ૫ મંગળવારની તારીખથી આ પત્રમાં છપાવેલ, તેમાં મેં મારી સ્થાવર જંગમ મિલ્કતમાંથી ખીમજીનો હક કાઢી નાંખેલ.

પરંતુ આટલાં વર્ષ થયાં છતાં પણ ખીમજી આ બાબતમાં કાંઇ પણ બોલ્યો નથી. જેથી તેના પર મારા અંતરમાં દયા આવતાં ઠરાવું છું કે મારા બીજા છોકરાઓ મુલજી-પિતાંબર-મગન તથા રઘુનાથની પેઠે ખીમજીને પણ મારી હૈયાતી બાદ મારી સ્થાવર જંગમ મિલ્કતમાંથી ધોરણસર ભાગ આપવો.

હું ગુજરી જાઉં ત્યારે કદાચ દૈવયોગે ખીમજીની હૈયાતી ન હોય તો તેના છોકરા પરિમલ વગેરાં ધોરણસર ખીમજીનો ભાગ મેળવે.

મારો કોઇ છોકરો કરજ કરશે તો તેને માટે મારી હૈયાતી સુધી મારી મિલ્કત જવાબદાર રહેશે નહિ.

મહા સુદ ૧૩ સોમવાર સાં ૨૦૦૩

તા. ૩–૨–૧૯૪૭ મુ. અંજાર.

સારસ્વત જોશી ગૌરીશંકર લાલજીની રાઇ, દા. પોતાના.

ખાનગી જાહેર ખબર.

અમારા અસીલ તે બિદડાના રહિશ શા જેવત કરમણની સુચના અનુસાર આથી લાગતા વળગતાઓને ખબર આપીએ છીએ કે અમારા અસીલ મુળ માંડવી તાલુકાના ગામ બિદડ ના રહિશ અને હાલ મુંબઇમાં રહેતા શા કરમણ જેવત ટાંડયા અને તેમના ભાઇઓ તથા તેમના કાકા તે ગામ બિદડાના રહિશ શા ગાભુ ઉર્ફે ખીમજી ટાંડયા "શા ટાંડયા ઉકેડી" ના સંયુક્ત કુટુંબની સ્થાવર જંગમ મિલ્કતના સંયુક્ત માલિકો અને હકદાર છીએ. મજકુર સંયુક્ત કુટુંબની મિલ્કતમાં બિદડા મધ્યે આવેલ નીચે જણાવેલ ચતુર્દિશાવાળી સ્થાવર મિલ્કતોનો સમાવેશ થાય છે:–

અ એ જગ્યાઓ નંગ ત્રણ ગામ બિદડ ના ઝંડા ફળીઆમાં આવેલી છે

(૧) "ડોસલ વાળી" ના નામથી ઓળખાતી જગ્યાની ચતુર્દિશાઃ–

૧ કચરા માવજીની જગ્યાથી આ જગ્યા ઉતરે છે

૨ લાલજી કેશવજીની જગ્યાથી આ જગ્યા પુર્વે છે

૩ ધારશી કચરાની જગ્યાથી આ જગ્યા દક્ષિણે છે

૪ લખમશી ત્રિકમની જગ્યાથી આ જગ્યા પશ્ચિમે છે

(૨ અને ૩) રેણાકવાળી (જેમાં માંકુબાઈ રહે છે) અને કુરપાલવાળી

જગ્યાના નામથી ઓળખાતી જગ્યાઓ જોડાજોડ છે તેની ચતુર્દિશાઃ–

૧ જેઠી લાંબીવાળી જગ્યાથી આ જગ્યાઓ ઉતરે છે

૨ રાજમાર્ગથી આ જગ્યાઓ પૂર્વે ઉતરે છે

૩ વીંધુ ધનાની જગ્યાથી આ જગ્યાઓ દક્ષિણે છે

૪ વેલજી લધુની જગ્યાથી આ જગ્યાઓ પશ્ચિમે છે

બ વાડા–બિદડાના ઝંડા ફળીઆમાં આવેલા વાડાઓની ચતુર્દિશાઃ–

૧. ઓરલો વાડો તથા (૨) જેઠી લાંબી

વાડા તરીકે ઓળખાતા વાડાઓ જોડાજોડ છે તેની ચતુર્દિશાઃ—

૧ ઉગમશી ભીમશીના વાડાથી આ વાડાઓ પૂર્વે છે

૨ ઉમરશી ચાંપશીના વાડાથી આ વાડાઓ ઉત્તરે છે

૩ રાજમાર્ગથી આ વાડા પશ્ચિમે છે

૪ શેરીની વાટથી આ વાડાઓ દક્ષિણે છે

(૩) પરલાં વાડા તરીકે ઓળખાતા વાડાની ચતુર્દિશાઃ—

૧ શામજી લખુના વાડાથી આ વાડો દક્ષિણે છે

૨ પાસુ વિરપારના વાડાથી આ વાડો પૂર્વે છે

૩ રાજમાર્ગથી આ વાડો ઉત્તરે છે

૪ આશારીયા વેલજી અને ઉમરશી ચાંપશી તથા હરશી માંડણના વાડાથી આ વાડો પશ્ચિમે છે

ઉપરની સ્થાવર મિલ્કતો અમારા અશીલ તથા તેમના ભાઇઓ અને શા. ગાજુ ઉર્ફે ખીમજી ટાઇયાની સયુક્ત માલીકી અને હકની છે. પણ અમારા અશીલ તથા તેના ભાઇઓ ધંધાર્થે મુંબઇમાં વસતા હોવાથી મજકુર મિલ્કતો તેમના કાકા ગાજુ ઉર્ફે ખીમજી ટાઇયા પાસે છે. અમારા અશીલને જાણવા મલ્યુ છે કે મજકુર ગાજુ ઉર્ફે ખીમજી અમારા અશીલ અને તેના ભાઈઓના હક ડુબાડવા તેમજ સઘળી મિલ્કત પચાવી પાડવાના હેતુથી મજકુર મિલ્કતો વેંચસાટ કરવાની તજવીજ કરે છે તો આથી દરેક લાગતાવળગતાઓને જાણ કરવામાં આવે છે કે અમારા અશીલના મજકુર કાકા ગાજુ ઉર્ફે ખીમજીને મજકુર મિલ્કતો વેચસાટ કરવા, ગીરો કે ચીતઠામ મુકવા, બક્ષિસ આપવા કે તે પર કશા પ્રકારનો બોજો કરવાનો અધિકાર નથી. માટે આથી દરેકને જાણ કરીએ છીએ કે અમારા અશીલના મજકુર કાકા ગાજુ ઉર્ફે ખીમજી પાસેથી કોઇએ પણ મજકુર મિલ્કતો વેચાણ, ગીરો, બક્ષિસ કે બીજી કોઈ રીતે લેવી નહિ કે તે પર કશો બોજો કે ધીરધાર કરવી નહિ. તે છતાં કોઈ શખસ આ હકીકતથી વિરૂધ્ધ વર્તશે તો અમારા અશીલના મજકુર કાકા ગાજુ ઉર્ફે ખીમજી પાસેથી કરાવેલ કોઇપણ લખાણ કે દસ્તાવેજ રદ બાતલ છે એમ સમજવું એવી આથી ચેતવણી આપીએ છીએ.

મિતિ શાં ૨૦૦૩ના મહા સુદ ૧૫
તા ૬-૨-૧૯૪૭.

ભાગલાલ ભુવન
ન્યુ ચીચબંદર મુંબઇ ૯

પ્રવિણચંદ્ર શીવજી
શાહ એડવોકેટ ફોર
શા જેવત કરચણ

ખાનગી જાહેર ખબર.

હું નીચે સહી કરનાર બ્રહ્મભાટ શીવજી ઉર્ફે જટાશંકર હરીરામ ગેલ ની વિધવા કુંવરબાઇ રેવાશી અંજારના તે હાલે ભુવડ જત આથી લગતા વળગતા અને સર્વેને ખબર આપું છું કે મારા માલીકી હકના વાડી એક નામે હુચકાવાલી કોશ બેની ગામ શ્રી અંજારથી આથમણી તરફ પંજોરપીરની ધાર નીચે ઉગમણી તરફની કે જેમાં અંજારના સારસ્વત બ્રાહ્મણો રતેશ્વરના પુરસાનું આસ્થાન છે તે વાડી સોરઠી આપામાં આવેલી છે.

સદરહુ વાડી મારી માલીકીની છે તેના દસ્તાવેજો મારા સસરાના ભાઇ અંજારના ભાટ પોપટલા પાસે તેના પિતા ગેલા ભવાનના વખતથી અમાનત રાખવામાં આવેલ છે. અને જે હાલે તેના દીકરા અમતલાલ પોપટની વિધવા કાશીબાઇના કબજામાં છે.

સદરહુ વાડી વેંચસાટ કરવા મજકુર કાશીબાઇ વગર હકે પ્રયત્ન કરે છે એમ અમારા જાણવામા આવ્યું છે. સદરહુ વાડીનો દસ્તાવેજ મારા ગુજરનાર ખાવીંદ શીવજી ઉર્ફે જટાશંકર હરીરામના ધનીકપણાનો અને અંજારના સાધુ ગોપાલદાસ રણછોડદાસના મતાનો છે જે હાલે મજકુર કાશીબાઈના કબજામાં છે તેનો દુરૂપયોગ કરી કોઈપણ રીતે પોતાના મતાથી માંડી ન આપે અને લેનાર ધનીક છેતરાય નહિ એટલા ખાતર સર્વેને જાણ કરવાની જરૂર પડી છે.

મારા ખાવીંદ શીવજી ઉર્ફે જટાશંકર હરીરામ ગેલાની વીધવા હું હકદાર તરીકે હયાત છું તેમજ અમતલાલ પોપટ ગેલાની વીધવા મજકુર કાશીબાઇનો આ વાડી કોઈપણ રીતથી

220

વેંચસાટ કરવા ઉપર જણાવેલ હકીકતે કશોપણ હક કે અધીકાર નથી જેથી લાગતા વળગતા તેમજ સર્વે સખ્સોને આથી જાણ કરૂં છું કે મજકુર કાશીબાઇ પાસે ી કોઈએપણ મજકુર વાડી વેંચાણ સાટાણ કે આડે આંકે લેવી નહિ તેમ છતાં કોઈપણ સખ્સ તેથી વીરૂધ વર્તશે તો હું કે મારી મજકુર વાડી કશી રીતે જવાબદાર થશું નહિ તેવી આથી સર્વેને જાણ કરૂંછું

મહા વીદ ૨ શુક્રવાર શાં. ૨૦૦૩

તા. ૭–૨–૪૭

બ્રહ્મભાટ શીવ ઉર્ફે જડાશંકર હરીરામની વીધવા કુંવરબાઇની સહી

દા: ભટ રેવાશંકર હરીરામ બાઈના કેવાથી.

ખાનગી જાહેર ખબર

માંડવીના વકીલ સુબોધચંદ્ર અમૃતલાલ તરફથી નીચે પ્રમાણે સુધારા થએલ છે.

મહા વીદ ૨ શુક્રવાર સાં ૨૦૦૩ વાળા ગેઝેટમાં પાને ૨૦૨ની કોલમ ૧ પેજીમાં લીટી ૨૪ મી

" સુબોધચંદ્ર અમૃતલાલ એડવોકેટ

શા લાલજી ખેતશીની વિધવાબાઇ દેવાંબાઇના વકીલ"

ખાનગી જાહેર ખબર

અમો નીચે સઈ કરનાર નખત્રાણાના કણબી વિશ્રામ તથા ગોપાલ વેલજી દાનાણી સર્વેને ખબર આપીએ છીએ કે નખત્રાણા મધેની નીચે લખી ચતુર દીસાવાડી જગ્યા ઓરડા બે ઓશરી એક તથા રાંધણીઉં એક વલી આંગણા સહીત કમ્પાઉન્ડ બંધ નખત્રાણાના સોની દેવજી પરસોતમ પાસેથી કોરી ૮૦૦૦ આઠ હજારમાં સાં. ૨૦૦૩ના માગસર વદ ૬ના રોજ અધાટ વેચાણ લઈ તેનો દસ્તાવેજ રજીષ્ટર કરાવી દરબારશ્રીજીના ટકા પણ અમોએ ચુકવી આપેલ છે એ રીતે દેવજી પરસોતમ પાસેથી આ જગ્યા અમારા કબજા ભોગવટામાં અધાટ વેચાણ આવેલ આ જગ્યા સંબંધની તમામ જોખમદારી અમને વેચાણ આપનાર દેવજી પરસોતમે પોતાને શીર રાખેલી છે મજકુર દેવજી પરસોતમની કાંઈ સંતતી ન હોતાં તેનો કોઈ વારસ કે સહરહુ જગ્યા ઉપરે કોઇ પોતાનો હક ઈલાકો સમજતો હોય તો તેણે મજકુર દેવજી પરસોતમ સાથે સમજી લેવું અને તે સબંધી તેની સાથે ચોખ આ જાહેર ખબર પ્રસધ્ધ થએથી રોજ ૧૫ પંદરની અંદર કરી લેવી તેમાં કોઈના તરફથી ઢીલ થશે તો આ જગ્યા સમધે તેના કોઇપણ કસમનો અમારા ઉપર દર દાવો રહેતો નથી એમ સમજી લેશો.

સહરહુ જગ્યા મજકુર મતાદાર દેવ પરસોતમના લોબી મુલતનો કબજા માલેકી અને ભોગવટાની હોતાતે જગ્યા મોટી રકમ કોરી(૮૦૦૦) આઠ હજારમાં અમોને અધાટ વેચાણ આપી તેનો કબજો સોંપેલ છે તેથી આ જગ્યા ઉપરે અમારા મજકુર મતાદારનો તેના વસવારસ લાગતા વળગતાનો કાંઈપણ લેશ માત્ર હક નથી એ છેવટનું સમજી લઈ તેની નોંધ લેવ સુચના કરીએ છીએ.

૧ ઉગમણી દોરે સુતાર દેવશી વિશ્રામની જગ્યા છે.

૨ આથમણીદોરે ઠકર ચાંપશી ચત્રભુજની જગ્યા છે.

૩ ઉત્તરી દોરે રાજમાર્ગમાં રેલી પડે છે.

૪ દખણાદી દોરે રાજમાર્ગ છે.

મીતી મહા વિદ ૧૦ શનિવાર શાં. ૨૦૦૩.

કા. વિશ્રામ વેલજીની સૈ દા પોતાના

કા. ગોપાલ વેલજીની સૈ દા. પોતાના

જાહેર ખબર

એજન્સી તરફથી નં. આર. એચ. ૩–૧ તા. ૩–૨–૪૭ વાળો એકસ્પ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે હિંદથી બહાર જનારાઓ સામે તા. ૨૦–૨–૪૭થી અમલમાં મૂકાલ કવોરન્ટાઇન પ્રતિબંધનું પત્રક અવતાર સર્વ મુસાફરોની સાહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt,

ડેપ્યુટી સેક્રેટરી.

તા. ૧૪–૨–૪૭.

221

No. 22--1/46--P. H. (II).

Appendix 'B'

Indian ports against which quarantine restrictions were in force on 20th January 1947.

Against Port or Place		*Imposed by*	*Date*	*Disease*
Calcutta	Air	Palestine	9-9-36	Cholera
Calcutta	,,	,,	19-2-38	Smallpox
Bombay	,,	,,	9-9-40	,,
Allahabad	,,	,,	5-8-46	,,
Delhi	,,	,,	5-8-46	,,
Calcutta	,,	Transjordan	16-8-45	Cholera
Bombay	,,	,,	24-2-40	Smallpox
Madras	Sea & Air	Ceylon	22-3-45	,,
Bombay	,,	,,	19-1-46	,,
India	,,	Iraq	16-12-45	,,
India	,,	Persia	21-8-45	Cholera
India	,,	,,	21-8-45	Smallpox
India	,,	Egypt	11-4-45	Smallpox
India	,,	,,	8-8-46	Cholera
India	,,	China	18-8-46	Smallpox
India	Sea & Air	China	,,	Enteric Fever
India	,,	,,	,,	Cholera
India	,,	Burma	6-12-45	Smallpox
India	,,	Bangkok	12-3-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Malayan Union	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	Cholera
Bombay	Sea & Air	,,	21-6-46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	10-7-46	,,
Calcutta	,,	Singapore Colony	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	,,
Bombay	Sea & Air	,,	21-6-46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	3-7-46	,,
India	,,	Sarawak	10-7-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Labnan (British Borneo)	,,	Cholera
Bombay	,,	,,	,,	Smallpox
Madras	,,	,,	,,	,,
India	,,	Philiphine Islands	7-7-46	,,
India	,,	,,	,,	Cholera

222

India	Sea & Air	DJIBOUTI	3-1-47	Smallpox
Calcutta	,,	NetherLands Indies	25-6-46	,,
Bombay	,,	,,	,,	,,
Madras	,,	,,	28-7-46	,,
Chittagong	Sea	,,	26-6-46	,,
Delhi	Air	,,	,,	,,
Calcutta	Sea & Air	,,	12-9-46	Cholera
Cawnpore	Air	,,	,,	,,
Calcutta	Sea & Air	Hongkong	27-7-46	,,
India	,,	Union of South Africa	30-8-46	Smallpox

ભુજ અને માંડવી પાવર હાઉસ સંબંધમાં

શ્રી કચ્છ સરકારની અનુમતિથી ઉપર જણાવેલ પાવર હાઉસોમાં ઉત્પન્ન થતા ઇલેકટ્રીક કરંટના વપરાશના ભાવોમાં કરવામાં આવેલા ફેરફારની વિગતઃ—

૧ ક મીટરથી બતી, પંખા વિગેરે માટેના કરંટના ભાવ એક સરખો એક યુનિટની કોરી ૧-૩-૦ પોણીએ લેખે લેવામાં આવશે, પરંતુ જો કરંટ એક માસમાં ૮ આઠ યુનિટ કરતાં ઓછો વપરાયો હશે તો પણ ૮ આઠ યુનિટની મીનીમમ કોરી ૧૪) ચૌદ લેવામા આવશે.

ખ છુટક બતી (મીટરનાં સંધાણ વગરની) ના ભાવઃ

૦ થી ૨૦ સુધી કોરી ૮)
૨૧ થી ૪૦ ,, ,, ,, ૧૫)
૪૧ થી ૬૦ ,, ,, ,, ૧૬)
૬૧ થી ૭૫ ,, ,, ,, ૧૯)
૭૬ થી ૧૦૦,, ,, ,, ૨૩)
૧૦૧ થી ૧૨૦,, ,, ,, ૩૧)

પરંતુ બતી કોઈ પણ સંજોગોમાં નહિ વપરાય તોપણ છુટક બતી લેનાર ગ્રહકો ને ઉપર મુજબનો ચોકખો માસીક ચાર્જ આપવો રહેશે.

ગ મીટરથી જુદા જુદા પ્રકારના પાવર ઘરૂ વપરાશના સાધનો માટે (જેવાં કે રેફ્રીજરેટર, સીવવાના સંચા, હીટર વીગેરે)

યુનિટ ૧ થી ૨૦૦ સુધી દર યુનિટની કોરી ૧-૧-૦
,, ૨૦૧ થી ૪૦૦ સુધી ,, ,, ૧-૦-૬
,, ૪૦૦ થી ઉપરાંત ,, ,, ૧-૦-૦

પરંતુ જો કરંટ એક માસમાં ૧૬ યુનિટ કરતાં ઓછે વપરાયો હશે તોપણ ૧૬ સોળ યુનિટની મીનીમમ કોરી ૨૦) વીશ લેવામાં આવશે.

ઘ ખેતી વાડીના સાધનો જેવાં કે કુવાના પંપ, વતરો કરવાના સંચા વીગેરે માટે

યુનિટ ૧ થી ૨૦૦ દર યુનિટની કોરી ૦-૩-૬
,, ૨૦૧ થી ૫૦૦ ,, ,, ,, ૦-૩-૦
,, ૫૦૦ થી ઉપરાંત ,, ,, ૦-૨-૬

પરંતુ જો કરંટ એક માસમાં ૪૦ ચાલીસ યુનિટ કરતાં ઓછો વપરાયો હશે તોપણ ૪૦ ચાલીસ યુનિટની મીનીમમ કોરી ૩૫) પાંત્રીશ લેવામાં આવશે.

ચ પમ્પીંગ જેવાં કે ઘરૂ કુવા-બાગ બગીચા વિગેર માટે

યુનિટ ૧ થી ૨૦૦ દર યુનિટની કોરી ૧-૦-૦
,, ૨૦૧ થી ૫૦૦ ,, ,, ,, ૦-૩-૬
,, ૫૦૧ થી ૧૦૦૦ ,, ,, ,, ૦-૩-૦

223

" ૧૦૦૦ થી ઉપરાંત " " " ૦–૨–૬

પરંતુ જો કરંટ એક માસમાં ૨૦ વીસ યુનિટ કરતાં ઓછો વપરાયો હશે તો પણ ૨૦ વીસ યુનિટની મીનીમમ કોરી ૨૦) વીસ લેવામાં આવશે.

છ ઔદ્યોગીક વપરાશ જેવાં કે વર્કશોપ, લોટ દળવાની ગીરની, કાપડ મીલ, હેન્ડ લુંમ્સ, ઓઇલ મીલ, મેચ વર્કસ, સો, મીલ વિગેર.

યુનિટ ૧ થી ૫૦૦ યુનિટનો દર કોરી ૦–૩–૬

" ૫૦૧ થી ૧૦૦૦ " " " ૦–૩–૦

" ૧૦૦૧ થી ૩૦૦૦ " " " ૦–૨–૬

" ૩૦૦૦ થી ઉપરાંત " " " ૦–૨–૦

પરંતુ જો કરંટ એક માસમાં ૪૦ ચાલીસ યુનિટ કરતાં ઓછો વપરાયો હશે તોપણ ૪૦ ચાલીસ યુનિટની મીનીમમ કોરી ૩૫) પાંત્રીસ લેવામાં આવશે

જ મનોરંજન માટેનો વપરાશ જેવાં કે સીનેમાં, નાટક, સરકસ સ્પેશીયલ.

અ લાઈટ અને પાવર માટે દર યુનિટની કોરી ૧–૨–૦ લેખે લેવામાં આવશે પણ જો કરંટ એક માસમાં ૩૦ ત્રીસ યુનિટ કરતાં ઓછો વપરાયો હશે તો પણ ૩૦ ત્રીસ યુનિટની મીનીમમ કોરી ૪૫) પીસ્તાલીસ લેવામાં આવશે.

બ શુભ પ્રસંગે ટેમ્પરરી રોશની માટે માંગણી કરવાથી જરૂરીઆત પ્રમાણે એસ્ટીમેટ કરી આપવામાં આવશે અને તે પ્રમાણે ચાર્જ લેવામાં આવશે.

૨ દર મીટરનું ભાડુ માસીક કોરી ૩) ત્રણ લેવામાં આવશે.

૩ દર રેડીઓ પ્લગનો માસીક ચાર્જ કોરી ૧૦) દશ લેવામા આવશે.

૪ રેડીઓ કનેકશન કરવા માટે પ્રત્યેકની કોરી ૫) પાંચ લેવામાં આવશે.

૫ નવી બેટરી ચાર્જ કરવા માટે પ્રત્યેક કોરી ૨૦) વીશ લેવામાં આવશે.

૬ જુની બેટરી ચાર્જ કરવા માટે પ્રત્યેક કોરી ૧૦) દશ લેવામાં આવશે.

૭ લાઇન કાયમ રાખીને મીટર એક શખ્શના નામ પરથી બીજા શખ્શના નામ ઉપર ચઢાવવાનો ચાર્જ કોરી ૫) પાંચ લેવામાં આવશે.

૮ સરવીશ કનેકશન અને રીકનેકશન ચાર્જ:

પહેલી વખત કનેકશન આપવાની તથા ટેમ્પરેરી ડીસ્કનેકશન કર્યા પછી રીકનેકશન આપવાનો ચાર્જ કોરી ૨૫) પચીશ લેવામા આવશે પરંતુ પરમેનન્ટ ડીસ્કનેશન થયા પછી રીકનેકશન માટેની અરજી રાખેતા મુજબ નવા અરજદાર તરીકે નોંધવામાં આવશે અને ટર્ન બાય ટર્ન આ કામ હાથ લેવામાં આવશે. આવી ઉપસ્થીત થતી અગવડ માટે કંપની આગળથી પોતાનો અફસોસ બીજા અરજદારની અરજીઓ તરફ લક્ષ આપી, આથી જાહેર કરે છે.

૯ ફ્યુઝ : હાલમા જેમ ચાલે છે તેમ તુટી ગએલ ફ્યુઝ ફરી બાંધી આપવાનો ચાર્જ દર ફ્યુઝ દીઠ કોરી ૧) એક લેવામા આવશે.

૧૦ દર મહીનાના પહેલા અઠવાડીઆની અંદર પુરા થએલ મહિનાનાં વીજળીના કરંટના બીલ પોષ્ટદ્વારા અગર ખાનગી માણસો દવારા ગ્રાહકોને પહોંચતા કરવામાં આવશે. પણ જો કોઇ ગ્રાહકોને પોતાના બીલો તે મુદત દરમ્યાન ન મળે તો તેઓએ તે માટે કંપનીની ઓફીશમા તપાસ કરાવવા આથી વીનંતી કરવામા આવે છે.

૧૧ બીલના નાણા તેજ માસની ૨૦ મી તારીખ અગાઉ કંપનીની ઓફીશમાં ભરી જવા અમારા માનવંતા ગ્રાહકોને અમે અથી આગ્રહ ભરી વિનંતી કરીએ છીએ.

૧૨ જો કલમ ૧૧ માં જણાવ્યા મુજબની મુદતમાં બીલનાં નાણા ભરપાઇ કરવામાં નહી એવેતો સદરહુ માસની ૨૧ મી તારીખથી આખર તારીખ લગીની મુદત નોટીસ તરીકે આપો આપ લેખાશે અને માસ પુરી થતા સુધીમાં એ નાણા નહી ભરાયા હોય તો તે પછીના માસની પહેલી તારી વગર નોટીશે સપ્લાય કાપી નાખવામા આવશે.

૧૩ જો બીલો કલમ ૧૨મા જણાવેલ મુદત દરમ્યાન ભરપાઇ નહિ થયાં હોય તો તે જ્યારે ભરપાઇ કરવામા આવશે ત્યારે જે માસને લગત તે બીલ હશે તે માસ પછી ના માસની પહેલી તારીખથી તે પર વાર્ષિક છ ટકા લેખે વ્યાજ લેવામાં આવશે અને તે રકમ બીલની રકમ સાથે ભરપાઇ કરવી રહેશે.

૧૪ વ્યાજબી લેખીત ફરીયાદ કંપનીની ઓફીસમાં પહોંચતી કરવાથી સહાનુભુતિપુર્વક વિચાર કરી સંતોષકારક ખુલાસો કરવામાં આવશે.

૧૫ ગ્રાહકોની કસુરને કારણે કરવામાં આવેલ ડીસકનેકશન ફરી રીકનેકશન કરવા માટે ને ધોરણ મુજબના કનેકશન ચાર્જ ઉપરાંત પેનલ્ટી તરીકે કોરી ૧૦) દશ લેવામાં આવશે

૧૬ કોઇપણ ગ્રાહકને એમ લાગે કે મીટર બરાબર કામ કરતું નથી તો લેખીત ખબર આપવાથી તેમનું મીટર તપાસવામાં આવશે મીટર તપાસવાની ફી કોરી ૨૫) પચીશ આગળથી ભરવી રહેશે, પરંતુ ટેસ્ટ કરતાં મીટર ત્રણ ટકાથી વધારે ઝડપથી અથવા ધીમું જતું માલુમ પડશે તો તપાસવા માટે લીધેલ ફી પાછી આપવામાં આવશે.

૧૭ ઉપર જણાવેલા ભાવો તા. ૧-૩-૧૯૪૭થી અને ત્યારબાદ વપરાતા કરંટ પર લાગુ થશે, સિવાય કે કલમ ૧ છના વપરાશ માટે તે કોઠામાં જણાવેલ દરો તા ૧-૫-૧૯૪૭ થી ને ત્યારબાદના વપરાશને લાગુ થશે.

S. A. D. Naoroji.
પ્રેસીડન્ટ સેક્રેટરી
ધી કચ્છ ડેવલપમેન્ટ કંપની

તા૦ ૯-૨-૪૭

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છપ્યું.

225

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[પુ૦ ૭૪મું] માહા સુદ ૧૪ મંગળવાર સવત ૨૦૦૩ તા. ૪ ફેબ્રુઆરી સને ૧૯૪૭ (વિશેષ અંક)

વધારો

પો. જા. નાં. ૧૩૭ ઠરાવ

રતલામના નામદાર મહારાજા સાહેબ મેજર જનરલ હિઝ હાઈનેસ સર સજ્જનસિંહજી બહાદુર જી. સી. આઈ. ઈ., કે. સી. એસ. આઈ., કે. સી. વી. ઓ., એકસ્ટ્રા ઓર્ડીનરી એ. ડી. સી. ટુ હીઝ મેજેસ્ટી ધી કીંગ એમ્પરર ના કૈલાસવાસ થયાના ખબર રેડીઓ દ્વારા તથા " ટાઈમ્સ ઓફ ઈન્ડીઆ "દ્વારા આજ રોજ મળતાં ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબને, શ્રી રાજ્ય કુટુંબને, ભાયાત વર્ગને તથા અધીકારી વર્ગને અને સમસ્ત પ્રજા વર્ગને અત્યંત ખેદ થયો છે.

આ અતિ ખેદજનક બનાવને અંગે ખુદાવિંદ મહારાજા શ્રી હજુર સાહેબનાં ફરમાનથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે:–

૧. ભુજમાં રાજ્યની તમામ ઓફીસો તથા સ્કુલો આવતી કાલ તા. ૫ મી તથા પરમ દીવસ તા. ૬ઠી એમ બે રોજ બંધ રાખવી.

૨. આ બે દીવસ ભુજ શહેરમાં હડતાલ પાડવી.

૩. આ ઠરાવ એકસ્ટ્રાઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો.

તારીખ: ૪–૨–૪૭.

Tribhovandas J. Raja,

દિવાન, કચ્છ.

☞ કચ્છ સ્ટેટ પ્રીન્ટીન્ગ પ્રેસ

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 74] SUNDAY 9th MARCH 1947 [No. 18]

[પુ૦ ૭૪] ફાગણ વદિ ૨ રવીવાર સંવત ૨૦૦૩ તા ૯મી માર્ચ સને ૧૯૪૭ [અંક ૧૮]

નાની બચત યોજનાના સન ૧૯૪૭ (સં. ૨૦૦૩)ના વાર્ષિક સંમેલન પ્રસંગે કચ્છી પ્રજા જોગ બુદ્ધાચિંદ મહારાઓશ્રીનો સંદેશો.

કચ્છ રાજ્યમાં સન ૧૯૪૭ની સાલમાં નાની બચત યોજના અનવયે લગભગ દશેક લાખ રૂપીઆનાં નેશનલ સેવીંગ્સ સર્ટીફીકેટ વેંચાયા હોઈ આ બચત યોજના રાજ્યમાં લોકપ્રિય થતી જાય છે તે ખુશી થવા જેવું છે.

કચ્છ રાજ્યનો વેપારી વર્ગ આ યોજનાનો સારો લાભ લે છે પરંતુ મધ્યમ તથા ગરીબ વર્ગ તથા ખેડુતો જેમના સારૂ આ યોજના ખાસ ઘડવામાં આવી છે તેઓ તેનો લાભ હજુ લેતા જણાતા નથી. મધ્યમ તેમજ ગરીબ વર્ગની પ્રજા જે નાની રકમો ફાજલ પાડી શકે તે બચાવી શકાય એ આશયથીજ આ યોજના ઘડવામાં આવીછે એટલે તેનો જો તેઓ લાભ લે તો ખર્ચના પ્રસંગોએ તેમને તે આશીર્વાદ સમાન બને તેમ છે. અમે આશા રાખીએ છીએ કે આ યોજનાનું મહત્વ સમજી જે વર્ગ સારૂ યોજના ઘડવામાં આવી છે તે વર્ગ હવેથી તેનો પૂરો લાભ લેશે.

ભુજ, તા. ૧ ફેબ્રુઆરી ૧૯૪૭.

નં. ૨૬૦ સરકયુલર.

નેશનલ સેવીંગ્સ સર્ટીફીકેટ તે રાજ્યના મ્હોટા ન્હાના સર્વે નોકરોને લાભદાયી થઇ પડે તેવી યોજના છે એમ અમારૂં માનવું છે. ખાસ કરી રાજ્યના ન્હાના પગારદાર નોકરોએ આ યોજનાનો અત્યાર સુધી લાભ લીધો છે તેથી વધુ લાભ લે તો તેમનાજ ફાયદાની વાત છે.

રાજ્યના સર્વ પગારદારો, પોતાની શક્તિ પ્રમાણે અને છેવટે માસિક બે કોરી પણ બચાવે અને એના આના કરીને નેશનલ સેવીંગ્સ સ્ટેમ્પ ખરીદે અને છેવટે યોગ્ય રકમ થાય ત્યારે સર્ટીફીકેટ લે તો આગળ જતાં તેને જરૂર ફાયદો થાય.

ખાતાંના ઉપરીઓએ આ યોજનાનો લાભ પોતાના હાથ નીચેના માણસોને પુરા સમજાવવા પ્રબંધ કરાવવો અને આ યોજનાનો મરજીયાત પ્રચાર કરાવવા પગલાં લેવાં.

સદરહુ બાબત વધુ માહિતી ના. રા. એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર, રમોટ સેવીંગ્સ સ્કીમ પાસેથી મેલશે

તા. ૧૫-૨-૪૭.

ત્રિભોવનદાશ જે. રાજા.
દિવાન.

MEMO

No. 71 of 1947.

Dewan's Office,
Bhuj, 17th February, 1947.

The Government of Kutch are pleased to order that the following may be substituted in Section 13, Chapter IV of the Sea Customs Order, 1945, after the words "whether by" and before the words "into Kutch" namely.—

"land sea or air".

Tribhovandas J. Raja.
DEWAN, KUTCH.

જ્યું. ૯, નં. ૧૫૨૯ ઠરાવ.

શ્રી કચ્છ રાજ્યમાં હ. એ. નં. ૨૬૧ તા: ૧૮-૧૦-૪૫ અનવયે જુદે જુદે સ્થળોએ નગરસભાઓ અસ્તિત્વમાં આવી છે પરંતુ સદરહુ નગરસભાઓના હિસાબની તપાસ શ્રી રાજ્ય તરફથી કરવા માટે કાંઇ બોલવણ નથી.

આ સર્વે નગરસભાઓને શ્રી રાજ્ય તરફથી જુદી જુદી રકમનું સબવેન્સન મળે છે અને બહાર બિટીશ હિન્દમાં તેમજ બીજાં રાજ્યોમાં નગરસભાઓના હિસાબની તપાસનું કામ જે તે સરકારના હિસાબ ખાતાંજ કરે છે તે નજરે તેમજ રા. રા. દિવાન સાહેબ તરફથી મંજુર થયેલ જે તે નગરસભાનાં બજેટ મુજબ તે ખર્ચ થયું છે કે કેમ તે જાણવા માટે, અત્રે પણ, રા. રા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ ચોરસુસર દરેક હિસાબી વર્ષને અંતે દરેક નગરસભાનો હિસાબ તપાસવા મુખત્યાર છે. આ હિસાબ તપાસવાની રીત અનવયે રા. રા. દિવાન સાહેબ યોગ્ય ઠરાવે બહાર પાડશે.

મીતી મહા વીદ ૧૩ મંગળવાર સાં ૨૦૦૩ તા. ૧૮-૨-૪૭

Tribhovandas J. Raja.
દિવાન. કચ્છ.

જ. નાં. ૧૫૫૭ ઠરાવ.

શ્રી કચ્છ રાજ્યના વિજળી બાબતના કાયદાની કલમ ૪૭માં ફેરફાર કરી તેમાં સુધારો કરવાનું યોગ્ય જણાતાં તે કાયદામાં કલમ ૪૭ને બદલે નીચે દર્શાવેલ કલમ દાખલ કરવા મહારાજ ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ લેફ. કર્નલ સર વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ., નું ફરમાન થયું છે.—

૪૭. કોઈપણ સખસ સામેના આ એકટ વિરૂધ્ધના અથવા આ એકટ મુજબના કોઈપણ કાનુન, ફોજદારી કામ ચલાવવા બાબત. લાયન્સ અથવા હુકમ વિરૂધ્ધના કોઇપણ મુદ્દા માટે ફોજદારી કામ ચલાવવું હોય તો ગે. રા. રા દિવાનજી સાહેબના હુકમ વગર ચલાવી શકાશે નહિં.

મીતી મહા વીદ ૩૦ શુક્રવાર સાં ૨૦૦૩.

તા. ૨૧-૨-૪૭. Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

એફ. નાં. ૧૦૮. ઠરાવ.

શ્રી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાં ઉત્પન્ન થતા ખોળની મીલ ઉપરની કીંમત કચ્છી મણ ૧ એકની કોરી પા સાડી પાંચ મુકરર કરવામાં આવે છે. આ કીમતમાં બારદાનનો સમાવેશ થતો નથી.

તા. ૨૧-૨-૪૭. ત્રીભોવનદાસ જે. રાજા.
દિવાન.

એફ. નાં. ૧૧૦. ઠરાવ.

નોટીફીકેશન નાં. એફ. ૩૪૦ તા. ૧૮-૯-૪૬. અનવયે શ્રી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાં ઉત્પન્ન થતા મગફળીનાં તેલનો ભાવ જે નક્કી કરવામાં આવેલ છે તે બદલી તા. ૧લી માર્ચ ૧૯૪૭થી શ્રી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાં ઉત્પન્ન થતાં મગફળી તેલના ભાવ મીલ ઉપર કચ્છી મણ ૧ એકની ટીન વગર કોરી ૫૪ રોપન નક્કી કરવામાં આવે છે.

તા. ૨૧-૨-૪૭. ત્રિભોવનદાસ જે. રાજા.
દિવાન.

ઓફ. નાં. ૧૧૧ ઠરાવ.

ધી કચ્છ ઓઇલ એંડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝને રાજ્યને મળેલ મગફળીનો કવોટા ટન ૪૧૮૦ ચાર હજાર એક્સો ચાલીસ જે આપવામાં આવ્યો છે તે મગફળીમાંથી જે તેલ ઉત્પન્ન કરવામાં આવે તેનો ભાવ મગફળીની પડતર કીમતના અડીગણા કરી નક્કી કરવામાં આવશે આ શરત પ્રમાણે તેલના ભાવ નક્કી કરવાનું ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝે કબુલ કરેલું હોઇ આ શરતે તે કવોટા આપવામાં આવ્યાનું તેમને ઓફ. નાં ૭૬ તા ૨૦-૧ ૧૯૪૭થી જણાવવામાં આવ્યું છે.

ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝે તે અનવયે મગફળીનાં ભરતીયાં વગેરે રજુ કરવાં કે જે ઉપરથી તે મગફળીમાંથી ઉત્પન્ન થતા તેલનો ભાવ ઉપર જણાવેલા ધોરણે મુકરર કરવામાં આવશે.

તા. ૨૧-૧-૧૯૪૭. ત્રીભોવનદાસ જે. રાજા,
દિવાન.

ઓફ. નાં. ૧૦૯. ઠરાવ.

કચ્છમાં ઉત્પન્ન થતા ભોયસીંગમાંથી નીકળતા દાણાનો ભાવ કચ્છી મણ ૧ એકની કોરી ૧૫ પંદર મુકરર કરવામાં આવે છે.

તા. ૨૫-૨-૪૭ ત્રીભોવનદાસ જે. રાજા.
દિવાન.

No. 642 of 1947. NOTIFICATION.

In modification of this Office Notification No 2922/A dated the 30th September, 1946 published in the Extraordinary Gazette dated the 30th September. 1946, the Government of Kutch are pleased to order that the following Notifications and Control Orders, as amended from time to time shall continue to remain in forces until further notice:—

1. The Motor Spirit Rationing Order.
2. The Motor Spare Parts Control Order.
3. The Civil Motor Cars Control Order.
4. The Prohibition of Forward Transactions in Foodgrains.
5. The Foodstuffs Control Order.
6. The Sugar and Sugar Products Control Order.
7. The Gur Control Order.
8. The Vegetable Oil Products Control Order.
9. The Kerosene Control Order.
10. The Kutch State Cotton Cloth & Yarn (Control) Order.
11. The Kutch State Drugs Control Order.
12. The Hoarding & Profiteering Prevention Ordinance.
13. The Consumer Goods (Control of Distribution) Order.
14. The Paper (Prices of imported Paper) Control Order.
15. Banning Forward Transactions in Bullion.

Dewan's Office,
Bhuj, 26th February, 1947.

Tribhovandas J. Raja,
Dewan, Kutch.

T. O. No. 1578 of 1947.

Dewan's Office,
Technical Branch,
BHUJ, 26th February, 1947.

NOTIFICATION NO. MIN/14.

Messrs the Fertilisers and Chemicals, Travancore Limited., are hereby granted a Certificate of Approval under Chapter 11 of the Kutch Mining

Concessions Rules, 1942.

J. J. Ashar,
I/c Dewan, Kutch.

H. O. No. 62 of 1947. ORDER.

With a view to improving the management of forests and to organise them on up-to-date lines, His Highness the Maharo Shree is graciously pleased to appoint Rai Saheb Dewan Prem Nath Khosla, I. F. S. (Retd)., as Forest Adviser. His duties inter alia will be :—

(1) To examine the demarcation, survey and settlement of forests and to draw up a forest policy,
(2) To draft Forest Law, Forest Rules and Code of Forest Accounts;
(3) To prepare detailed working schemes for the afforestation of forests, plantations, canal embankments and orboriculture of important roads;
(4) To appraise the work of forest officials and suggest improvement.

The appointment in the first instance will be for a period of 2 years. The Forest Adviser will be paid a yearly retaining fee of Rs 600/-in two instalsents in April and October. It will be his duty to give technical advice on such forest matters as may be referred to him by the Naib Dewan and he will also visit the State once a year during the monsoon for a period not exceeding 2 weeks. All the expenses incurred by him on such visits will be reimbursed to him. In case he is required to visit the State for a period exceeding 2 weeks in a year, he will be paid an honorarium at the rate of Rs. 1000/-per month for the excess period. During his stay in Kutch the Forest Adviser will be treated as Class I guest and provided with a car and all travelling facilities including servants and orderlies.

Dewan's Office,
Bhuj, 28th February, 1947.

J. J. Ashar,
I/c Dewan, Kutch.

પો. અં. જા. નો. ૮૪ જાહેર ખબર

એજન્સી તરફથી ન. આર. એચ. ૩/૧ તા. ૭-૨-૪૭ વાળો એક્સપ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે હિંદથી બહાર જતા એ સામે જે દેશોએ તા. ૨૦-૧-૪૭થી કવોરન્ટાઇન પ્રતિબંધ મૂકેલ છે તેનું પત્રક સર્વ મુસાફરોની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

તા. ૨૦-૨-૪૭.

No. 22--1/46--P. H. (II).

Appendix 'B'

Indian ports against which quarantine restrictions were in force on 27th January 1947.

Against Port or Place		*Imposed by*	*Date*	*Disease*
Calcutta	Air	Palestine	9-9-36	Cholera
Calcutta	,,	,,	19-2-38	Smallpox
Bombay	,,	,,	9-9-40	,,
Allahabad	,,	,,	5-8-46	,,
Delhi	,,	,,	5-8-46	,,

230

Calcutta	,,	Transjordan	16-8-45	Cholera
Bombay	,,	,,	24-2-40	Smallpox
Madras	Sea & Air	Ceylon	22-3-45	,,
Bombay	,,	,,	19-1-46	,,
India	,,	Iraq	16-12-45	,,
India	,,	Persia	21-8-45	Cholera
India	,,	,,	21-8-45	Smallpox
India	,,	Egypt	11-4-45	Smallpox
India	,,	,,	8--8-46	Cholera
India	,,	China	18--8--46	Smallpox
India	Sea & Air	China	,,	Enteric Fever
India	,,	,,	,,	Cholera
India	,,	Burma	6-12-45	Smallpox
India	,,	Bangkok	12-3-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Malayan Union	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	Cholera
Bombay	Sea & Air	,,	21-6-46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	10--7-46	,,
Calcutta	,,	Singapore Colony	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	,,
Bombay	Sea & Air	,,	21-6--46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	3-7-46	,,
India	,,	Sarawak	10-7-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Labnan (British Borneo)	,,	Cholera
Bombay	,,	,,	,,	Smallpox
Madras	,,	,,	,,	,,
India	,,	Philiphine Islands	7-7-46	,,
India	,,	,,	,,	Cholera
India	,,	DJIBOUTI	3-1-47	Smallpox
Calcutta	Sea & Air	Netherland Indies	25-6-46	Smallpox
Bombay	,,	,,	,,	,,
Madras	,,	,,	28-7-46	,,
Chittagong	(Sea)	,,	26-6-46	,,
Delhi	(Air)	,,	,,	,,
Calcutta	Sea & Air	,,	12-9-46	Cholera
Cawnpore	(Air)	,,	,,	,,
Calcutta	Sea & Air	Hongkong	23-7-46	,,
India	,,	Union of South Africa	30-8-46	Smallpox

No. 616 of 1947.

DEWAN'S OFFICE,
BHUJ, 22 nd. FEBRUARY 1947.

The following notice received from the Secretary, Air Transport Licensing Board, is published hereunder for general information.

A. Y. Mehta,
UNDER SECRETARY.

GOVERNMENT OF INDIA.

AIR TRANSPORT LICENSING BOARD.

The Air Transport Licensing Board gives notice that it has received applications for the operation of the following air transport services :-

S. No.	Route.	Name and address of applicant	Date for consideration of application.
1.	Jamnagar-Mandvi-Bhuj.	Air Services of India, Ltd., Scindia House, Dougall Road, Ballard Estate, Bombay.	17-3-47.
2.	Bombay-Porbandar-Jamnagar-Bhuj-Hyderabad (Sind).	- do -	17-3-47.

પો. જા. નં. ૮૬ જાહેર ખબર

એજન્સી બરોડાના નાં આર. એમ. એમ. તા. ૩૧-૧-૪૭ વાળાથી ફખર આવેલ છે કે ભવિષ્યમાં દક્ષિણ અને પુર્વ આફ્રિકા ફીજી વગેર પ્રદેશોમાં જવા ઇચ્છતા અરજદારો કે જેઓ બરોડા, કચ્છ, જંજીરા અને બીજા ગુજરાત અને કાઠીઆવાડનાં રાજ્યોમાં વસે છે તેઓને સલાહ આપવી કે તેઓ જે તારીખે જવા માગતા હોય તે તારીખથી છ માસ પહેલાં પાસપોર્ટ માટે અરજ કરે કેમકે મુંબઇમાં જન્મેલ હોય તેવા અરજદારોની અરજી મુંબઇ ગવર્નમેન્ટને મોકલવી પડે છે તેમજ કોઇ કેશમાં આફ્રિકન ગવર્નમેન્ટને પણ ગવર્નમેન્ટ ઓફ ઇંડીયા મારફત પુછાવવાનું હોય છે. જો કે જુદી જુદી ઓફીશો તરફથી તાકીદે જવાબ આપવામાં આવે છે તો પણ તેમાં વખતગર થાય તેમ છે.

વારંવાર એવું બને છે કે અરજદારો પાસપોર્ટ માટે એજન્સી ઓફીશે જતે જાય છે અને જાહેર કરે છે કે અમોએ એક અઠવાડીયાં પહેલાં અમારા યોગ્ય અધિકારી મારફત પાસપોર્ટ માટે અરજ કરી છે અને ત્રણ દિવસમાં જવાનું છે આવા લોકોએ જો પુરતા વખતમાં અરજ કરેલ નહિં હોય તો તેઓને જો કે નિરાશ કરવામાં આવ્યા નથી તોપણ હવે નિરાશ કરવા પડશે.

ઉપર પ્રમાણેના ખબર સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા. ૧૭-૨-૪૭

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી

યાદી. નાં. ૨૨૩૨.

નોટીફીકેશન નાં. ૧૦૧ તા. ૧-૧૨-૪૫ અનવયે હાલે આયાત થયેલ કોલ્હાપુર ગોળનો જથ્થાબંધ વેંચાણ ભાવ બીજો હુકમ થતાં સુધી કચ્છી મણ ૧ એકની કોરી ૩૨ બત્રીસ તથા રેજકી ભાવ મણ ૧ એકની કોરી ૩૪ ચોત્રીસ અથવા શેર ૧ એકના દોકડા ૧૭ સતર આથી મુકરર કરવામાં આવે છે

તા. ૨૨-૨-૪૭.

કે. એચ. દેશાઈ,
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઈઝ, કચ્છ.

232

સી. જા. નાં. ૧૦૧૫ જાહેર ખબર.

હિંદુસ્તાનમાં અસાધારણ સંજોગો વસાત કાપડનું ઉત્પાદન ઘટેલ હોવાથી શ્રી કચ્છ રાજ્યને મળતા ત્રિમાસિક કવોટામાંથી માસ ડિસેમ્બરનો કવોટા ૧ ૯૩ ૫૦૦ વાર કપાત થયેલ છે

ઉપર જણાવેલ કપાત ઉપરાંત એજ કારણથી પહેલી જાન્યુઆરિ સન ૧૯૪૭થી વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટસને માણસ દીઠ મંજુર થયેલા વાર્ષિક બાર વારને બદલે અગીયાર વાર કાપડ આપવાનુ હિન્દ સરકાર તરફથી નકકી થયેલ છે એમ ડાયરેકટર ઓફ ટેક્ષટાઇલ સપ્લાઇઝ પોતાના પત્રનાં C+R 17 તા ૩-૨-૪૭ ચળામાં જણાવે છે.

ઉપરના હકીકત જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા. ૧૭-૨-૪૭

N. Y. Samarth,
ટેક્ષટાઇલ કમિસ્નર કચ્છ સ્ટેટ.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૭મી ફેબ્રુવારી સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ માહ વીદ ૨ શુકરવાર ને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુન્દ્રા.	અંજાર.	ભચાઉ.	રાપર.	અબડાસા જખઉ.	લખપત.	ખડીર (ગઢડા.)	ભાવનગર.	નખત્રાણા	દીમ કે
૧	ઘઉં કાંટા	૯૨૮	૧૦૦૮	...	...	...	...	૧૦૨૪	...	...	૭૩૬	૯૬૦	
૨	ઘઉં વાજીઆ.....	૮૦૦	૮૩૨	૮૩૨	૭૨૦	૭૫૦	૭૬૮	...	૮૯૬	...	...	૭૦૪	
૩	બાજરી	૪૪૮	૪૦૦	૩૩૬	૪૮૦	૪૧૬	૩૨૦	૩૩૬	૩૨૦	૩૨૦	૪૪૮	૪૦૦	
૪	મગ	૪૩૨	૪૧૫	૪૦૦	૩૮૪	૩૮૦	૩૫૨	૩૮૪	૩૨૦	૩૦૪	૩૨૦	૩૬૮	
૫	મગ (કારડ).....	૩૨૦	૩૨૦	૩૨૦	૨૮૮	૨૫૪	૨૦૦	૨૫૬	૨૨૪	૨૫૬	૨૫૬	૨૮૦	
૬	જાર	...	૩૨૦	૨૫૬	૪૦૦	૩૨૦	૨૭૨	૨૨૪	૨૨૪	...	૪૦૦	૩૨૦	
૭	એરંડા (સદાફળા) ...	૪૪૮	૪૨૦	...	૪૦૦	...	૩૨૦	૩૫૨	૩૨૦	૩૦૪	૩૮૪	૩૬૮	
૮	ગોવાર	૩૪૦	૩૭૦	૩૩૬	૩૦૬	૨૯૦	૨૫૬	૩૦૪	૨૮૮	૨૫૬	૩૨૦	૩૧૪	
૯	તલ	૭૪૪	૭૭૨	૭૦૪	૭૨૦	૬૪૦	૬૪૦	૬૦૦	૫૧૨	૬૪૦	૬૦૦	૬૪૦	
૧૦	ચોખા ઉંચા	...	...	...	....	...	...	...	...	...	...	૨૫૬૦	
૧૧	ચોખા હલકા	...	૧૩૬૮	...	૧૫૬૮	...	...	૧૦૨૪	...	...	...	૧૨૮૦	
૧૨	કાલાં ભાર	...	...	...	...	...	૨૩૦	...	...	...	...	...	
૧૩	ઘી	૧૪૦	૧૪૪	૧૪૪	૧૪૪	૧૬૦	૧૬૦	૧૩૬	૧૩૨	૧૪૪	૧૩૩	૧૪૪	
૧૪	તેલ	૬૦	૬૦	૬૦	૬૫	૬૫	૬૨	૭૨	૭૨	..	...	૬૦	
૧૫	ખાંડ	૨૮	...	...	...	...	૩૪	...	૩૬	...	૩૬	...	
૧૬	ગોળ	૩૬	૩૬	...	...	...	૪૦	...	૩૬	...	૪૦	...	
૧૭	કડબ	૧॥	૩	૨॥	૩	૩	...	...	...	...	૨॥	...	
૧૮	કુટી.....	૨	૨॥	...	...	૩	...	...	...	...	૧	૧॥	
૧૯	ઘાસ	૧॥	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાશીઆ	૧૪	૧૪	૧૫	૧૪	...	૧૫	૧૫	૧૪	...	૧૫	૧૫	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૨૯૬॥	૩૦૧॥	૩૦૧॥	૩૦૦	૩૦૦	૨૯૯॥	૨૯૧	૩૦૩	...	૩૦૨	૩૦૪	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	૨૯૬॥	૩૦૧॥	૩૦૧॥	૩૦૦	૩૦૦	૨૯૯॥	૨૯૧	૩૦૩	...	૩૦૨	૩૦૪	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં માપ ૬૪ મણ ૧ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૯૬ કપાસીઆ તોલમાં મણ ૧ના શેર ૫૪.

ફાગણ સુદ ૧ શની સંવત ૨૦૦૩. તા. ૨૧-૨-૪૭

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

નાં. ૨૩૩૪ **જાહેર ખબર**

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અરજદારો કુકમાનાં મીસ્ત્રી વિશ્રામ ગોવિંદ ગુજરી જતાં તેની મીલ્કતનાં કબજેદાર અને વારસ પુત્રો ૧ મીસ્ત્રી જેરામ ૨ મીસ્ત્રી મોરાર ૩ ભવાન વિશ્રામ ગુજરી જતાં તેના દીકરા મીસ્ત્રી જેન્તીલાલ તથા છગનલાલ તથા વાલજી તથા ધનજી સગીરના વાલી તેમના કાકા મીસ્ત્રી મોરાર વિશ્રામ ૪ હરિલાલ વિશ્રામ તથા ૫ મોહન તથા ૬ શાન્તીલાલ વિશ્રામ સગીરના વાલી મીસ્ત્રી મોરાર વિશ્રામે આ કોર્ટ પાસે એવી અરજ કરી છે કે અમારા પીતા મીસ્ત્રી વિશ્રામ ગોવિંદ ચાલતી સાલનાં માગસર વિદ ૩ બુધવાર તા ૧૧-૧૨-૪૬ ના રોજે કુકમા મધે સ્વર્ગવાસ પામ્યા છે. અમારા પિતાનાં અમો અરજદારો છ દીકરા છીએ અને અમ પૈકી મીસ્ત્રી ભવાન ગુજરી જતાં તેની વિધવા નામે રતનબાઇ તથા તેના ચાર પુત્રો અરજદાર નાં. ૩ માં જણાવેલ નામવાળા છીએ અને મરનારની પત્ની નામે કેસરબાઇ જે અમારી માતાજી થાય છે તે છે તથા મરનાર પુત્રી ૩ ત્રણ નામે ધનીબાઇ, રાજીબાઇ, અને જાનીબાઇ છે તે પૈકી જાનીબાઇ ગુજરી ગયેલ છે. તેનો દીકરો નામે મનહરલાલ ત્રીકમજી ધનજી છે. એ રીતે મરનારના વંશમાં અમો અરજદારો તથા અમારી માતાજી અને અમારા ભાઇ ભવાનની વિધવા નામે રતનબાઇ તથા અમારી બ્હેનો અને ભાણેજ છે પરંતુ કાયદા પ્રમાણે મરનારનાં કાયદેસર વારસો અમો અરજદારો તેના પુત્રો છીએ અને તેથી અમો તે બાબતનું શકશેશન સર્ટીફીકેટ મેળવવા આથી અરજ ગુજારીએ છીએ.

અમો અરજદારો સયુકત કુટુંબનાં મેમ્બર્સ છીએ અમારી માતાજી તથા ભાઇ ભવાનની વિધવા રતનબાઇ અમારી સાથે રહે છે. બ્હેનો પરણેલી હોઇ સાસરે રહે છે અટલે તેમનો અમારા પીતાની મીલ્કતમાં કાંઇ હક અમારા પીતાએ કોઇ વીલ કરેલ નથી.

અમારા પિતાનાં Kinnison Jute mills Co. Ltd. ના ૫ ઓર્ડીનરી શેરો નાં. ૨૯૬૭૫-૭૯ વાલા તથા Anant match manufacturing Co, Ltd નાં ૫ શેરો નાં. ૬૬ થી ૭૦ વાલા તથા Bhavnagar Match manufacturing Co. Ltd. નાં ૧૦શેરો નાં. ૯૩ થી ૧૦૨ વાલા અમારા પીતાનાં એકલાનાં નામથી છે અને આ શેરો રૂા. ૯૩૦) નાં છે. તથા બેન્ક ઓફ ઇન્ડીયા લીમીટેડની ભુજ બ્રાન્ચમાં અમારા પીતાનાં નામે રૂા. ૫૨૫૭૦)॥ જમા છે તે મેળવવા માટે વારસા સર્ટીફીકેટ અપાવશો.

આ સબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે શાં. ૨૦૦૩ ના ચૈત્ર સુદ ૩ મંગળવારના રોજે આ કોર્ટમાં આવી જાહેર કરવું જો આ મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો રજુ કરવામાં આવશે નહી તો મુદત વીતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેમને આપવા વિષે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહિ.

મિતિ મહા વીદ ૧૧ મંગળવાર સાં. ૨૦૦૩

ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ કોર્ટ, ભુજ કચ્છ. } **જયસુખલાલ હરજીવન શુકલ,** એ ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જજજના હુકમથી.

નાં ૨૪૬૨ **જાહેર ખબર.**

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અરજદાર ભુજનાં શાહ પ્રાણલાલ સાકરચંદે આથી એવી અરજ કરી છે કે મારા પીતા સાકરચંદ નથુ ભુજમાં રહેતા હતા અને તેઓ તા. ૨૨-૧-૧૯૪૭ ના રોજે હાર્ટફેલથી ભુજ મધ્યે ગુજરી ગયાછે અને હું મારા પીતાનો એકલોજ વારસદાર પુત્ર છું મારા પીતા ગુજરવા વખતે મારા સીવાય મારા માતુશ્રી મોંઘીબાઇ ગોવીંદજીને પાછળ મુકતા ગયા છે.

મરહુમના નામ ઉપર ભુજ પોસ્ટ ઓફીસમાં કેસ સર્ટીફીકેટો રૂા. ૮૦૦૦) આઠહજારની કેસવેલ્યુનાં તેની કીંમત હાલના ભાવે ૭૩૮૯) તથા સેવીંગ્સ બેંકના ખાતામાં રૂા. ૫-૧૪-૦ એંસી નાં ૧૬૦૭૯ તથા ભુજની બેંક ઓફ ઈંડીયાની શાખામાં કરન્ટ એકાઉન્ટ માં રૂા. ૧૯૨-૧૨-૬ જમા છે તથા ૩ ૮કાની સને ૧૯૪૬ની કનવર ગુન લોન રૂા. ૨૦૦૦)ની છે એ રીતે કુલ રૂપીયા ૯૫૮૭-૧૧-૬ મારા નામે ટ્રાન્સફર થવા માટે હું હકદાર હોતાં વારસા સર્ટીફીકેટ મળવા અરજ છે.

મારા મહુમ પીતાએ પોતાની મીલ્કતનું વીલ કરેલ નથી મારા મરહુમ પીતા શા. સાકરચંદ નથુ નો હું એકલો વારસ છું માટે વારસા સર્ટીફીકેટ અપાવશો.

આ બાબતમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે શાં ૨૦૦૩ના ચૈત્ર સુદ ૯ સોમવારને રોજે આ કોર્ટમાં આવી જાહેર કરવું મુદત વીતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીષે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી

ફાગણ સુદ ૮ શુકરવાર શાં ૨૦૦૩

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ કોર્ટ કચ્છ ભુજ } **જયસુખલાલ હ. શુકલ** એ. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જજજનાં હુકમથી

ગીરાંધાની જાહેરાત

જુ. ન. સ. જા. નાં. ૩૪૦.

આથી ભુજ શહેરમાં આવેલ દુકાનોના માલીકોને ખબર આપવામાં આવે છે કે તમારા હસ્તેની દુકાનોના ગીરાંધાની શાં ૨૦૦૦, ૨૦૦૧, ૨૦૦૨ની જે લાગત ચડત હોય તે આજ ઓફીસે મુદત ૧ એકની અંદર ભરપાઇ કરવા યોગ્ય કરશો જો આ પ્રમાણે મુદતની અંદર ગીરાંધાની લાગત ભરપાઇ કરવામાં નહીં આવે તો નગરસભાના બાય ફલ્સ મુજબ આ બાબત

કાયદેશર કરવામાં આવશે.

મીતી માહા વીદ ૧૨ સોમવાર શાં ૨૦૦૩

P. K. Vora,
f પ્રેસીડેન્ટ
નગરસભા–ભુજ.

જાહેર ખબર

શ્રી અંજાર નગર સભા ઓફીસ તરફથી.

શ. ન. જા. નાં. ૪૬૮

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે શ્રી અંજાર નગર સભાના પટાવાળાઓ તરફથી નીચે લખી નીશાની વાળી ગધેડી જીવ ત્રણ ગૈયાળ તરીકે સા. ૨૦૦૩ ના ભાદરવા વિદ ૧૩ ના રોજ પકડાઇ અહી રજુ થએલ છે આ ગધેડીઓ જેની હોય તેણે આ જાહેર ખબર પ્રસીધ્ધ થયાની તારીખથી રોજ ૧૫ પંદરની અંદર હાજર થઇ ખાત્રી પુરાવો આપી થએલ ખરચ આપી લઇ જવાં નહીતર મુદત વીતે શદરહુ ગધેડીઓ ચડાખડીથી વેચી જે રકમ ઉપજશે તે રકમ શ્રી અંજાર નગરસભાની ઓફીસે ધટીત થવા દાખલ કરવાનાં આવશે.

ગધેડી જીવ બે વાને ધોળી એક મોટી અને એક નાની તથા ગધેડી એક વાને ભુરી છે તથા ધોળી મોટી ગધેડીનું બચુ એક ડબાયા જન્મેલ.

મિતી ફાગણ સુદ ૨ શનિવાર સા. ૨૦૦૩

મગનલાલ દેવશંકર — સેક્રેટરી, અંજાર નગરસભા

કાંન્તિપ્રસાદ ચ. અસાણી, — પ્રેસિડેન્ટ, અંજાર નગરસભા

જાહેર ખબર.

ચી. ક. જા. ન. ૪૧૪૨.

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના ઠકર નારાણજી સાવજી અંજાર કજીયા હસ્તે ધાનના સનદી દલાલ હતા તેઓ ગયા વૈશાખ માસમાં ગુજરી જતાં ઠકકર શીવજી નારાણજીએ રીપોર્ટથી જાહેર કર્યું છે કે તેમની સનદ હાથ આવતી નથી તો મજકુર ગુજરી ગએલ દલાલની સનદ આથી રદ કરવામાં આવે છે.

સદરહુ સનદ કોઇપણ શખ્સને હાથ આવે તો તેનો ઉપયોગ ન કરતાં કસ્ટમ ઓફીસે રજુ કરવી. તેમ ન કરતાં એ કોઇ ગેર ઉપયોગ કરશે તો તે માટે કાયદેસર કરવામાં આવશે.

ફાગણ સુદ શુકરે સં૦ ૨૦૦૩

તા. ૨૮-૨-૪૬.

B. H. Boatwalla,
f. ચીફ કસ્ટમ ઓફીસર.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભુજ અદાલત

ખા. દી. કામ નાં ૩૨ સાં ૨૦૦૩

સુતાર માધવજી સુંદરજી ભુજ વાદી

શા. મગનલાલ મુળજી ભુજ પ્રતીવાદી.

દાવો લેણા બાબત.

ભુજ હાલ કોચીનના શા. પોપટલાલની ધરવાલી લક્ષ્મીબાઇ જીવરાજને માલમ થાય જે પ્રતીવાદીએ તમારી જગ્યામાં વાદી પાસેથી સુતાર કામ કરાવેલ તેના લેણા પૈસા મળવાના દાવામાં વાદીએ તમારા જગ્યામાં કેટલું કામ કરેલ છે તેના માપનું એસ્ટીમેન્ટ કરવા હુકમ થયેલ હોતાં પ્રતીવાદીએ કુંચી રજુ કરવા હુકમ કરતા કુંચી પોતા પાસે ન હોવા અને પોતે મંગાવી આપવાની પણ ના કહી કુંચી તમારા પાસે હોવા જાહેર કરતા તમને આથી ખબર આપવામાં આવે છે કે જગ્યા ખોલવા માટે તમારે આ કોર્ટમાં કુંચી રજુ કરવા શાં ૨૦૦૩ના ફાગણ વદ ૪ ભોમવારના રોજ તમારે અગર તમારા કોઇ ભલામણીયા મારફતે હાજર થવું નહિંતર મુદત વીતે કાયદેશર કરવામાં આવશે.

માહા સુદ ૧૩ સોમવાર શાં ૨૦૦૩

S. R. Vaidya,
એડી ભુજ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી માંડવી અદાલત

દાવાનો નંબર ૧૭ સંવત ૨૦૦૩

શા. વીશનજી ખીમજી રે. નાના આસબીના વાદી

શાહ દેવસી ધનપાળ , પ્રતીવાદી

દાવે—રા. મળવા બાબત

નાના આસંબીયાના રહેનાર શાહ દેવસી ધનપાળ નાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે આ જાહેર ખબર છપાઇ આવેથી રોજ ૧૫ પંદરની અંદર કરેમ [illegible] દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં [illegible] જાતે અથવા, અદાલતના જે વકીલને રોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માંગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ માહા વદ ૦)) વાર શુકરે શાં. ૨૦૦૩

પ્રાણજીવન પરશોતમ,
માંડવી ન્યાયાધીશ સા. હુ. થી

KUTCH STATE MOTOR SERVICE.

TIME TABLE IN FORCE FROM 1ST, MARCH, 1947.

BHUJ—MANDVI—VIJAY VILAS.

Down.								Up
Dep.	8.30. A.M.	1.15. P.M.	4.30 P.M.	6.00 P.M.	6.30 P.M.	Bhuj. Arr.	6. 10. AM.	10. 40. AM.	1. 40. PM.	5. 10. PM.	8. 40. PM
Arr.	10.40.	3.15.	6.40.	8.10 P.M.	8.40 P.M.	Mandvi Dep.	4. 00. AM.	8. 30.	11. 30. AM.	3. 00.	6. 30. PM.
Dep.	11.00.		7.00.			Mandvi. Arr.		8. 00.		2. 30.	
Arr.	11.25. P.M.		7.15. P.M.			V. Vilas. Dep.		7. 45. A.M.		2. 15. PM.	

BHUJ KERA MUNDRA.

Dep.	4.45 Y.M.	5.45. P.M.	Bhuj.	Arr.	11. 30 AM.	9. 00. AM.
Arr.	5.45.	6.45. P.M.	Kera.	Dep.	10.30 A.M.	8. 00. AM.
Dep.	5.55.		Kera.	Arr.	10.20 A.M.	
Arr.	7.15. P.M.		Mundra.	Dep.	9.00 A.M.	

MANDVI MUNDRA ANJAR.

Dep	8.00. A.M.	4.30. P.M.	Mandvi.	8.00 P.M.	11. 00. AM.
Arr.	10.30.	7.00.	Mundra.	5.30.	8. 30. A.M.
Dep.	11.	5.30 A.M.	Mundra.	5.00.	6. 30. PM.
Arr.	1.30. A.M	8.00. A.M	Anjar Dept.	2.30. P.M.	4. 00. PM.

MANDVI NALIA.

Dep.	9.00 A.M.	Mandvi	Arr.	7.00. P.M.
Arr.	1.00. P.M.	Nalia.	Dep.	3.00. P.M.

BHUJ NAKHATRANA GADULI LAKHAPAT NALIA (Via BITTA)

Dep.	5.00. P.M.	9.00. A.M.	1.00. P.M.
Arr.	6.10.	10.10.	2.10.
Dep.	6.20.	10.20.	2.20.
Arr.	7.30. P.M.	11.30. A.M	3.30.
Dep.			3.50.
Arr.			5.15.
Arr.			6.30 P.M
Dep.		11.50. AM.	
Arr.		2 00. PK,	
Arr.		3 00. PM.	
Arr.		4.00. PM.	

Bhuj.	Arr.	4.00. P.M.	10. 30. A.M.	2. 00. P.M.
Manjal.	Dep.	2.50.	9. 20.	12. 50.
Manjal.	Arr.	2.40.	9. 10.	12. 40.
Nakhatrana.	Dep.	1.30. P.M.	8. 00. A.M.	11. 30.
Nakkatrana.	Arr.			11. 10.
Bitta.	Dep.			9. 45.
Nalia.	Dep.			8. 30.
Nakhatrana	Arr.	1.10. PM.		
Mata-no-mad	Dep.	11.00.		
Gaduli.	Dep.	10.00.		
Lakhapat	Dep.	9.00 A.M.		

Down	Bus	will	leave	Bhuj	for	Gaduli	on	every	Monday.
Down	Bus	will	leave	Bhuj	for	Lakhapat	on	every	Thursday.
Up	Bus	will	leave	Gaduli	for	Bhuj	on	every	Tuesday.
Up	Bus	will	leave	Lakhapat	for	Bhuj	on	every	Friday.

Office of the Kutch State Motor Service.

Bhuj, Dated 20th February, 1947.

K. B. Mehta,

Traffic Superintendent.

Gangji Ladhubhai,

for Managing Member. K. S. M. S. Board.

137

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
સ્થાવર મિલકત જપ્ત કરવા અદાલતનો હુકમ
શ્રી સુંદરા અદાલત નાં. ૫૭૬.
ખા. ડી. તા દાવો નંબર ૪૦ સંવત ૨૦૦૩
અધિકારી વૃજલાલ હરીલાલ રે. મુંદરા વાદી
શા. કાનજી રવજી રે. મેરાઉ પ્રતિવાદી
દાવો—લેણાનો

ગોર સવાના પ્રતિવાદી શા. દામજી રવજીને એવો હુકમ કરવામાં આવે છે કે સંવત ૨૦૦૨ ની સાલના નંબર ૨૯ ના ડીવાની દાવામાં વાદીની તરફમાં કોરી ૬૦૬નાનું હુકમનામું તમારા ઉપર સંવત ૨૦૦૨ માગશર વીદ ૭ ભોમવાર રોજ કરવામાં આવ્યું છે તે તમે પુરું કર્યું નથી માટે આ અદાલતનો બીજો હુકમ થતાં સુધી આ સાથે જોડેલી યાદમાં જણાવેલી મિલ્કત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમોને આ લેખથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે વેગેરે એ મિલકત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઈ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

જગ્યા ૧ શા. ઠાકરશી હીરજીવાળી તેની દીસુ.
૧ ઉગમણે શા ઉમરશી લાલજીની જગ્યા છે.
૨ આથમણે શા. ઉમરશી દેવસી તથા કુંવરજી વેરસીની જગ્યા છે.
૩ ઉત્તરદે શા. હુંબરશી દેવસીની જગ્યા છે.
૪ દખણાદે રાજમાર્ગ છે.

મિતિ મહા વીદ ૮ શુક્રે શાં. ૨૦૦૩
Vrijlal Harilal,
મુંદ્રા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
તામીલ નોટીશ
તામીલની દરખાસ્ત નં. ૬ સંવત ૨૦૦૩
શ્રી મુંદરા અદાલત તરફથી નાં. ૫૭૭

વડાલા હાલે મુંબઇ સ્થાને મેમણ જુસબ ઇબ્રાહીમને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર શા નરસી કુંવરજી રહેનાર વડાલાવાળે બાબત લેણાના દાવો નં. ૫૮ સંવત ૨૦૦૨ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૨૦૦૩ના આસુ વીદ ૭ બુધવેને રોજ આ અદાલત તરફથી થયેલ છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રા. કોરી ૧૦૪૩ ત્યા આના પાઇ તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરેછે માટે આ નોટીશ પહોચેથી રોજ ૪૫ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાજદ કરવામાં આવશે.

મિતિ મહા વીદ ૮ શુક્રવાર શાં. ૨૦૦૩
Vrijlal Harilal,
મુંદ્રા ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી મુંદરા અદાલત નાં. ૫૬૪
ખા. ડી. દાવાનો નંબર ૯૫ સંવત ૨૦૦૩

શા. મુરારજી ડાયા દેસલપર વાદી
શા દેવસી પદમસીના વારસો શા. મોણસી દેવસી વગેરે મુંદાલા } પ્રતિવાદી
દાવો—લેણાં બાબત

મુંદાલ તે હાલ મુંબઇનાં રહેનાર નીચે લખ્યા શખશોને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણાં રૂ. ૧૦૩૨)-ના મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩નાં ફાગણ વીદ ૦)) શનીવારને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના લગતા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અખીત્યાર આપેલા સજ્જને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવસે એ એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ શા. ગગુ ઉર્ફે મુલજી દેવજી
૨ શા. મગન રવજી
૩ શા. બાબુ રવજી

મિતિ મહા વીદ ૧૨ વારસે મે સંવત ૨૦૦૩
Vrijlal Harilal,
મુંદ્રા ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ.
શ્રી અંજાર દી. અદાલત
દાવાનો નાં ૧ સાં ૨૦૦૩

ઠા. પ્રાગજી કુશલચંદ શણવા વાદી
દોશી વછરાજ ગલાલચંદ અંજાર પ્રતિવાદી
દાવો નુકશાની મળવા

અંજાર રહેનાર દોશી શાંતીલાલ વછરાજને માલમ થાય જે વાદીએ તમારા ઉપર નુકશાનીની કોરી ૧૪૦૬ મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે શમન્સ થી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર ને રોજ સોમવારના ૧૦॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે

અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ મહા વીદ ૭ બુધે સંવત ૨૦૦૩

મેતા શાનશંકર શોભજી,
મે. અંજાર ન્યાયાધીશ શા. હુ.કચથી

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અંજાર અદાલત ન. ૩૭૨×૩૭૩.

ખા. નિ. દાવાનો નંબર ૨૯ સંવત ૨૦૦૩

લોવાણા ઠા મંગળજી પોપટ અંજાર વાદી
લોવાણા ઠા. વિશ્રામ લધુ વી. તુણા પ્રતિવાદી

દાવો—જગ્યા છોડાવવાનો

તુણા રહેનાર નીચે લખ્યા શખ્સોને માલુમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૧૨૦૦/બદલ જગ્યા છોડાવવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવેછે કે આ સમન્સ કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ ની અંદર તે રોજ સવારના ૧૦ા વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમા જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ ઠા. વિશ્રામ લધુ
૨ ઠા. બાબુ તથા રતીલાલ તથા પ્રતાપ તથા ધરમસી એ ચારે નાગીરોનાં વાલી ઠા. વિશ્રામ લધુ.

મહા વીદ ૦)) વાર ગુરૂ શાં ૨૦૦૩

જીવરાજ જાદવજી,
મે. અંજાર ન્યાયાધીશ સા. હુ.થી.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દી. કોર્ટ નાં. ૧૬૨૯

ઠકર રતનશી રાઘવજી ઉમૈયા વાદી
ચોટારા જીવા ભોજાની વીધવા દેવીબાઇ હળવદ તાબે ખોડ } પ્રતિવાદી

દાવો—કોરી ૨૩૫ા૪ા મળવા

હળવદ તાબે ખોડના ચોટારા જીવા ભોજાની વીધવા દેવીબાઇને માલુમ થાય જે આ વાદીએ તમારા પર કોરી ૨૩૫ા૪ા મળવા દાવો કર્યો છે. તમો જવાબ આપવા તમો સાં. ૨૦૦૩ના ચૈત્ર શુદ ૪ બુધવારના રોજ કોર્ટના ટાઇમે આ કોર્ટમાં હાજર થજો નહીં તર મુદત વીતે કાયદેસર થશે.

મહા વીદ ૦)) શુકર શાં. ૨૦૦૩

શાહ પ્રભુરામ જેઠાભાઈ,
રાપર ન્યાયાધીશ.

જાહેર ખબર પ. જા. નં ૯૯૪

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના વીશા ઓશવાળની નાતના વેવટ કરનાર સાકરચંદ પાનાચંદે સાંડરીનાં ડોશી હશરાજ કચરાભાઈના મતેથી હાટ ૧ ભુજ મધ્યે વાણીઆવાડમાં બજાર શેરીમાં છે તે કોરી ૯૫૦૦) પચાણુ સો મા અઘાટ લેતાં તેના દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ હાટ ઉપર કોઇનું કંઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહી શ-ભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

મહા વીદ ૧૦ ની શાં. ૨૦૦૩

M. M. Mehta,
ભુજ વહીવટદાર.

જાહેર ખબર

પ. જા. નાં. ૧૦૪૯

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના શા કરમચંદ લાલચંદે ભુજના શા જવેરીલાલ શાન્તીદાશને મતેથી કો ૧૮૦૦૦ અઢાર હજારમાં જગ્યા ૧ વાણીયાવાડની શેરીમાં જે વખાર નામે ઓળખાય છે તે અઘાટ લેતાં તેના દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણુ હક હીશો હોય તેમણે ૧ માશની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યાબાદ કોઇનું કંઇ નહી સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

ફાગણ સુદ ૬ બુધે શાં ૨૦૦૩

M. M. Mehta,
ભુજવહીવટદાર.

જાહેર ખબર.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે રા. ગુંદાલાના ક્રુ તરફથી ઉંટડી જીવ ૨ બે ગૈયાળ જાનવર તરીકે લાખાપુરની શીમમાં ચરતી હોવાનું જણાતી અહીં રજુ કરેલ છે જેમાં ઉંટડી એક વરણે રાતી ઉ. વ. ૬ આશરેની છે અને તેના પાછલા ડાબા ભાગના પીંડા ઉપરે લીટા ત્રણ છે તે ત્રીશુળ છે તેનો નીશાન છે.

બીજી ઊંટડી વરણે ધોળી ઉ. વ. ૮ થી ૧૦ આશરેની તેનાં પડખા ઊપરે ડાભનાં નીશાન છે તથા પાછળની ડાબી સ્થળે ચોકડીનું નીશાન છે સદરહુ ઊંટડીઓનો માલીક હજુ પાધરો થયો નથી જેથી કરવામાં આવે છે કે આ જાહેરનામુ પ્રસિધ્ધ થયાથી માશ ૧ એકની અંદર રજુ થએલ ઊંટડી જીવ ૨ બે નો ખરો માલીક હોય તેણે શંતોશકારક પુરાવા રજુ કરી થએલ ખરચ આપી ઊંટડી જીવ ૨ બે લઇ જવી. મુદતશર તેમ કરવામાં નહીં આવે તો શદરહુ ઊંટડીઓ વેચી તેની ઉપજની કીમત શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

મહા વીદ ૦)) ગરૂવાર સં૦ ૨૦૦૩.

Harilal Somji,
મુંદરા વહીવટદાર.

જાહેર ખબર.

લ. રે. જા. નાં. ૧૩૪૪

આથી સર્વ જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે મોરી ગામ નજીક ભુજપર ટીબો ઉજજડ છે તે ગૈયાળ હોવા બાબત રે. મુ. નાં. ૧૧૨ સાં - ૨૦૦૧ થી ચાલતુ તે બાબતના કામે છેવટ મે રા રા. રેવેન્યુ કમીસ્નર સાહેબના રે. વી. જા. નાં ૪૬૩ મહા સુદ ૧૪ ભોમે સાં ૨૦૦૩ થી શ્રી દરબાર વહીવટમાં લેવાની સાથે આ ગામના માલીક તરીકે જુના વખતમાં જાડેજા વખતસંગજીનુ નામ બોલતુ હોઇ તેના વારસ સબંધી તજવીજ કરવા ફરમાન હોઇ જે કોઇ વંસ વારસ હોય તેણે બે માસની અંદર વંસાવળીના આધાર સહીત અહીની કચેરીએ હાજર થવું નહીતર મુદત વીતે કોઇ વારસ નથી એમ ગણાઇ ગામ શ્રી દરબાર ખાલસા કરાવવા જટીત કરવામાં આવશે.

મહા વિદ ૮ ગુરૂવાર શાં. ૨૦૦૩

લાલજી જીવરાજ,
લખપત વહીવટદાર.

જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે રા. ખડીર ધુ તરફથી નીચે લખ્યા ચહેરા નીશાન તથા કીમતવાલો ઉંઠ જીવ ૧ ગેયાળ થઇ રજુ થયેલ છે આ ઉંઠ જેનો હોય તેણે આ જાહેરખબર પ્રસિધ થયાની તારીખથી એક માસની અંદર અહીની કચેરીએ હાજર થઇ ખાત્રી પુરાવો ખાઇ ખર્ચ વિગેરે આપી લઇ જવો નહિનર મુદત વિતે સદરહુ ઉંઠ શ્રી દરબાર દાખલ કરવામાં આવેશે.

ઉંઠ જીવ ૧ વાને રાતો આખો કાંતરેલ છે ઉ. વ. ૪ આશરેનો કીમત કોરી ૧૨૦૦) આશરેનો નીશાની જમણે પાસે કાંધમાં લશણનો (ધોરો ડાગ) નાનુ. ચાઠુ છે ડાબે પાસે કાંધમાં (ધોરો ડાગ) લશણનું મોટુ ચાઠુ છે તથા ડાબા ડાબા પગમાં પણ ચાઠુ છે નાકમા લાકડાની નાકેલી છે જમણા નાકમાં ધોરો દોરો છે ડાબા નાકમા રંગીન દોરો છે.

મહા વીદ ૮ ગુરૂવાર શા. ૨૦૦૩

હરજીવન ફુલચંદ ઠકર,
ઇ. ખડીર વાણદાર.

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા થી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખહાલી તો મ મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર ખડીર તાબે ગામ રતનપુરના આયર શીવા પુંજા જત આથી જાહેર કરૂં છું કે મારી મીલકત લુણવા તેમજ ખડીર મધ્યે છે લુણવાની મીલકત મારી સાકીબા સખીબાઇ નીમનોકમાં ખાય છે આ નીમનોક ખાવાનો તેમને આજીવન હક છે એ મીલકતની પેદાશ નીમનોક તરીકેજ ખાવાનો અધિકાર છે. વેચસાટ કરવાનો અધિકાર નથી એ મીલકત પર કાયદેસરનો બધોજ હક મારો છે.

મારી ખડીર મધ્યેની મીલકત મારી પત્ની નામે જેઠા માંગા હું ભુજ સેન્ટ્રલ જેલમાં આ જીવન કેદ ભોગવતો હોઈ હબજો ભોગવટો તે કરે છે.

ઉપરની બને મિલ્કતો મારી હયાતી સુધી મારી છે અને મારી હયાતીબાદ મારી પત્ની અને મારા વંશ વારસોની છે મારી હયાતી દરમ્યાન તે કોઇને વેચસાટ કરવાનો અધીકાર નથી એવું આથી જાહેર કરૂં છું છતાં કોઇપણ કાંઇ વેચુકેચ કરશે તે તેની જવાબદારી મારી કે મારી મિલ્કતની નથી.

મિતી પોશ સુદ ૪ શુક્રવાર સં. ૨૦૦૩
તા. ૨૦-૧૨-૪૭.

મણીભાઇ હરીલાલ ધોળકીયા,
આયર સીવા પુંજાના વકીલ.

ખાનગી જાહેર ખબર.

માંડવીનાં વાણીઆ શોની ગોવીંદજી કાનજી આ જાહેર ખબરથી સર્વને ખબર આપું છું કે, માંડવીનાં પુષ્કણાં જોશી લક્ષ્મીદાશ કલ્યાણજીની વિધવા લક્ષ્મીબાઇ વાણી જગ્યા જે કુંઆરા વડીલોના વખતથી વટાંત કબજે ભોગવું છું જે જગ્યા માંડવી મધ્યે ઓખાઇ બજારમાં મનજી પડયાની નીશાળની બાજુમાં ઘરોડીઆ વાળી ડેલીમાં ૩ જગ્યા ત્રણ ભોં વાંલી છે તે જગ્યા અબાદ મજકુર જોશી લક્ષ્મીદાશ કલ્યાણજીનાં વારસ પુષ્કણાં જોશી માંડવીનાં તે હાલે બાગનાં રહીશ કાંતીલાલ જેઠાભાઈ પાસેથી કારી ૯૫૦૦) કોરી નવ હજાર પાંચશોમાં પ્રથમની રોકાતી ઘટાની કોરી ... ખર ખરાજાત જે હતી તે ઉપરાંત ઉપર લખી કોરીમાં અઘાટ હમીરાવાર વેંચાણ દેવા સાટા કરાર શાં ૨૦૦૩ના મહા શુદ ૧૩ શોમવારની મિતી વાલો કરેલ છે અને જેનો દસ્તાવેજ માસ બેની અંદર રજીષ્ટર કરાવી લેવામાં આવશે દરમ્યાન મજકુર જગ્યા સંબંધી જે કોઈ પોતાનો કાંઇ હક્ક રાસ જતા હોય તેમણે માસ ૧ એકની અંદર તે બાબતમાં મને ખબર કરવા અગર જો તેમ કાંઇ કરવામાં ન આવે તો એક માસની મુદત વીત્યે અઘાટનો ખત રજીષ્ટર કરાવી લેવામાં આવશે અને ત્યાર પછી મજકુર જગ્યા સંબંધમાં કોઇનો દર દાવો, હક્ક ઇલાખો રહેશે નહી. તેવું આથી શર્વની માહીતી માટે જાહેર કરૂં છું

મહા સુદ ૧૪ ભોમવાર શાં ૨૦૦૩

શોની ગોવીંદજી કાનજી ની સઈ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું નીચે શહી કરનાર નળીયાના શાહ વેલજી રતનસીં આ જાહેર ખબરથી જાહેર જનતાને ખબર આપું છું કે શાં ૧૯૬૩નાં વૈશાખ વિદ ૨ની મિતિનાં દસ્તાવેજથી મારા વડીલે શાહ ખીંયશી શામત પાસેથી કોરી ૧૨૦૦) બારશોમાં વાડો વીટાબંધ અઘાટ વેચાણ રાખેલ તથા જાદેજા નાથાજી બાંભણીયાજી શુભ કુંવર રતનજી નાથાજીએ શાહ રતનશી નરપારે તે વાડામાં જગ્યા ચણાવેલ તેની પછેડીની લાગત લેવાનાં હકનું શાં ૧૯૫૫નાં શ્રાવણ સુદ પની મિતિનું લખી આપેલ લખત એમ બે દસ્તાવેજી નાથાશે શેં નળીયાનાં શાહ મુલજી લધા પાશે અમાનત રાખેલ પણ હાલે તેમનાં ભાઈ નરશીં લધા પાશે તે દસ્તાવેજો માગતાં આપવામાં આનાકાની કરે છે તેમ પોતાનાં કબજામાં ન હોવા કહે છે જેથી તે દસ્તાવેજો પ્રત્યે તેની દાનત સુધ્ધ હોય તેમ જણાતું નથી માટે ઉપર લખ્યા દસ્તાવેજો મારી માલીકીનાં હોતાં તેમાં લખી મીલ્કત પર કે તે દસ્તાવેજો પર કોઇએ ધીરધારનો વહેવાર કરવો નહિં છતાં પણ કોઇ લેતી દેતીનો વહેવાર કરશે તો તેની જવાબદારી ઉપર લખ્યા દસ્તાવેજોમાં લખી મીલ્કત પર રહેશે નહિં.

શાં ૨૦૦૩નાં મહા વિદ ૭ બુધવાર

શા વેલજી રતનશીની સઈ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

આથી પ્રજાને ખબર આપવામાં આવે છે કે અંજારના ભાટીયા ઠા. રણછોડદાશ કરશનદાશ અને તેના દીકરાઓને અમોએ રૂા. ૪૫૦૦) વ્યાજુ આપેલ તે રકમ તથા તેનું વ્યાજ મળી આશરે રૂા. ૬૫૦૦) લ્હેણા છે જે અમારી બીજી શેકાણોને અંગે તે વસુલ કરવા અવકાશ નહીં હોવાથી વધુમાં વધુ રકમ મળે તો તેનાં ખત વેંચવા ઈચ્છા રાખીયે છીએ મદરહુ આસામીની માલીકીનાં મકાન આલા શેરી અંજાર મધ્યે છે ને ત્યાંથી રકમ વસુલ કરી શકાશે સબબ જેઓને આ લ્હેણુ વેંચાણ લેવા વિચાર હોય તેણે નીચે સહી કરનારને પત્ર વ્યવહાર કરવો ઓઝા પ્રેમશંકર ગીરજાશંકરને આ બાબત આપવામાં આવેલ પાવર આ અગાઉજ રદ કરવામાં આવેલ છે.

રમણીકલાલ ભગવાનદાશ વેદ

વેદ પ્રેસ – જામનગર ૯

જામનગર

તા. ૧૭–૨–૧૯૪૭

જાહેર ખબર

માંડવીના ગુશાઇ લાલગરજી રામચંદ્રગરજી જત આથી સર્વ લોકોની માહીતી માટે જાહેર ખબરથી જાહેર કરૂં છું કે માંડવી મધે અમારા કુંટુંબી ગુંશાઈ રતીગરજી દોલતગરજીના અલ્લારના વારસ અને ચેરટ કરનાર ગુશાઈ પ્રેમગરજી ત્રીકમગરજીને માંડવીના બારી વાલા નાકા બહાર નવા ગઢની

અંદર નદીના રસ્તા ઉપર જેની અંદર અમારા વડીલની સમાધીની દહેરી છે તે વાડો મેં મજકુર ગુશાઈ પ્રેમગરજી ત્રીકમગરજીને વિટાતર આપેલ છે મજકુર વાડા પર અમારા જાણવામાં આવ્યું છે તેમ ગુંશાઇ પ્રેમગરજી ત્રીકમગરજીએ હાલે પૈસા ઉપાડવાની તજવીજ કરે છે પરતું આ વાડો વેચવાને માટે મારા અને પ્રેમગરજી વચે જે દસ્તાવેજ થયો છે તેથી મજકુર વાડાનું વેચાણ નહીં કરવાની ચોખી સરત કરવામાં આવી છે કારણ કે અમો એકજ કુટુબના હોઇને અમારા વડીલ ગુશાઇ રતીગરજી દોલતગરજીનુ નામ હમેશને માટે કાયમ રહે તેટલા માટે આ વાડાનું વેચાણ કરવું નહીં તેમજ પૈસા પણ ઉપાડવા નહીં ગુશાઈ રતીગરજી દોલતગરજીના વંશ વારસો જે હોય તેજ આ જાગીર ભોગવે એવી અમારા વચે સ્પષ્ટ સરત છે અને તે સરત મુજબજ દસ્તાવેજ રજીષ્ટર કરાવવામાં આવ્યો છે તેવા સંયોગોમાં જે કોઇ મજકુર વાડો તેની અંદરની ઈમારતો સહીત કોઇ વેચાણ લેશે અગર પૈશા ધીરશે તો તે મીલ્કત પૈસા ધીરનારને જવાબદાર રહેશે નહીં તેવું આથી સર્વની માહીતી માટે જાહેર કરૂં છું.

શાં ૨૦૦૩ના મહા વીદ ૯ શુક્રવાર

ગું લાલગીરજી રામચંદ્રગીરજીની સઇ
દઃ પોતે
અમારા મારફત
વકીલ કાંતિલાલ ગોવરધનદાશ
ગું. લાલગરજી રામચંદ્રગરજીના વકીલ

ખાનગી જાહેર ખબર.

જત આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અમારા અસીલો ભુજનાં મેમણ ઈબ્રાઇ તથા ઉમર તથા હારૂન તથા આમદ સુલેમાનની માંડવી મધ્યે મચ્છી પીઠમાં આવેલ જગ્યાઓ બે છુટક છુટક એક બાવદીન પીરના તકીયા પાશે બે ભોંવાલી તથા બીજી દોઢીવાલી એમ જગ્યાઓ બે જેમનો કબજો ભોગવટો અમારા અસીલોનો તેમના વડીલોનાં વખતથી છે. તે જગ્યાઓના અમારા અસીલોના દસ્તાવેજો ગેરવલે જવાથી તેની શોધ તપાસ કરતાં હજુ સુધી અમારા અસીલોને હાથ આવેલા નથી જેથી તે દસ્તાવેજો કોઇને હાથ આવે તો તે પર કોઇએ અમારા અસીલોની સમંતી વગર ધીરધાર કરવી નહિ. અને જો કોઇ કરશે તો મારા અસીલોને કે મારા અસીલોની ઉપરોક્ત જગ્યાઓને બંધન કરતા થશે નહિ અને જેને અમારા અસીલોના દસ્તાવેજો મળેલ હોય તેને કશા ઉપયોગના નહોતાં મારા અસીલોને ભુજ મધ્યે ડાંડા બજારમાં તેમની દુકા [illegible] કરે અને તેને અમારા અસીલો યોગ્ય ઇનામ આપશે જો તેમ નહિ કરતાં એ દસ્તાવેજોનો બીજી રીતે તે દુર ઉપયોગ કરશે તો તેની હરેક જવાબદારી તેના પર રહેશે.

મિતી ફાગણ શુદ ૧ શનીવાર શાં ૨૦૦૩

હી. વોરા ગુલામહુશેન મહમદઅલી તે મેમણ [illegible] બ્રાઇ સુલેમાન મેમણ ઉમર સુલેમાન મેમણ હારૂન સુલેમાન તથા મેમણ આમદ સુલેમાનના વકીલ.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર લખપતનાં બાઇ શાકરબાઈ મેઘજીતે ઠક્કર રવજી નેણસીની ધરવાલી આથી જાહેર જનતાને તથા લાગતા વળગતાઓને જણાવું છું કે મારાં સાસુ કુંવરબાઈ જેઠા તે મારા સસરા નેણસી આસુની વિધવા તે મારા દાદા સસરા આસુ જેઠાનાં તેમણે તેમને શ૦ ૧૯૯૩ના ચૈત્ર વીદ ૧ સોમવારના શ્રી લખેલ રજીસ્ટાર કોર્ટમાં રજીસ્ટર્ડ કરી આપેલ વીલની રૂએ વારસ હતા તેઓ સં. ૨૦૦૩ના પોશ વિદ ૭ સાતમ સોમવારના રોજે ગુજરી ગયા છે તેમણે પોતાની તથા તેમને મારા દાદા સસરા આસુ જેઠા તરફથી મળેલ મિલ્કતનું વીલ મારા નામથી કરેલ છે અને તે રૂએ તેમની મિલ્કતની હું એકલી હકદાર વારસ અને માલેક છું અને તેમની તમામ મિલ્કત મારા કબજે છે અને તે પ્રમાણે મારા નામથી હું વહીવટ વહેવાર ચલાવું છું. તેના અંગે કોઇને કાંઇ વાંધો વસ્ટી હોય તો તેણે કાયદેસર મારા વિરૂધ્ધ આ જાહેર ખબરની તારીખથી ૮ આઠ દિવસની અંદર કાયદેસર દાદમાં થવું.

મિતી સં. ૨૦૦૩ના ફાગણ શુદ ૩
રવીવાર તા. ૨૩ ફેબ્રુઆરી ૧૯૪૭.

૧ બાઈ કુંવરબાઈ જેઠાના વારસ બાઇ સાકરબાઇ મેઘજીની સઇ દ૦ પોતાના.

242

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ માંડવીના ખત્રી સીધીક સાજન ગેબર તરફથી મળેલ સૂચના મુજબ આથી સર્વ લોકોને જાણ કરવામાં આવે છે કે માંડવીના તે હાલે મુંબઈમાં રહેતાં ખત્રી હાજી ઈલીયાસ અબ્દુલ લતીફની વિધવા હાજી આણી રહીમાંબાઈના હક માલેકી તથા કબજાની જગ્યા માંડવીમાં ખોજા દાતુભાઈ વાળી હોસ્પીટલની સામેની શેરીમાં આવલી નીચે બતાવેલ ચતુર્દિશા વાળી ઉગમણી મુવાડની ડેલીબંધ જેમાં એક જગ્યા બેઠી છે અને બી ૨ મેડીવાલી છે તે તેણી પાસેથી મારા અસીલે સં. ૨૦૦૩ના ફાગણ શુદ ૪ સોમવારના મીતિવાળા સાટાં કરારથી વર્ષ ૯૯ ની બંધીથી કોરી ૧૨૦ ૦) બારહજારમાં વિટાંતર વેચાણ લેવાનો સોદો કર્યો છે. આ જગ્યા તેના પતિની હક માલેકીની હોવા માગ અસીલની મતાંદારણ જણાવે છે પરતુ તેના દસ્તાવેજો ગેરવલ્લે મએલ હોવા અને હાથ ન હોવા જણાવે છે. જેથી આ જગ્યા પર કોઇનો ગીરાથી બક્ષીસથી વેચાણથી વારસાથી ભરણ પોષણથી, ઈઝમેન્ટથી કે બીજા કોઇ પ્રકારે કાંઇ હક હિસ્સો કે ઇલાખો હોય તો તેણે આ નીચે લખી તારીખથી માસ એકમાં અમારી ઓફીસે પોતાના આધારો સહીત હાજર થઇ પોતાનો હક હોય તો સાબીત કરી આપવો. જો આ મુદતની અંદર કોઈના તરફથી તેવુ કશું નહિ થાય તો આ મિલ્કતો પર કોઇનો કાંઈ હક નથી યા ઈરાદાપૂર્વક જતો કર્યો છે એમ ગણાશે. અને તેનું પાકું ખત મંડાવી લેવામાં આવશે. અને ત્યારબાદ આ મિલ્કત પર કે અમારા અસીલ પર કોઇનો કાંઈ હક લાગશે હહિ.

૧. ઉગમણે રાજમાર્ગ છે તેમાં આ જગ્યાની ડેલી પડે છે.

૨. ઉત્તરે વાંઝા તુળસીદાસ રણછોડ વાળાની જગ્યા છે વચ્ચે વીચરણી છે.

૩. આથમણે ખરીદનાર અમારા અસીલની ડેલીબંધ જગ્યા છે જેમાં આ જગ્યાની પછીત પડે છે

૪. દક્ષિણે આ જગ્યાનો કરો છે તે ખત્રી અબા સીલેમાનની જગ્યા સાથે મજમુ છે તથા ખત્રી ભચુ ઇશાની જગ્યાનો કરો છે.

ફાગણ શુદ ૫ ભોમે શં ૨૦૦૩
તા ૨૫-૨-૪૭

નવાપરા **સુબોધચંદ્ર અમૃતલાલ,**
કચ્છ માંડવી એડવોકેટ
ખરીદનારના વકીલ.

ખાનગી જાહેર ખબર

અમારા અશીલ ગામ શ્રી નખત્રાણાનાં તેહાલે કાશી નિવાશી સુતાર પુરૂષોતમ ખીમજીનાં વિધવા શાન્તા બાઈ તરફથી અમોને મળેલ સુચના અનુસાર આથી સર્વે લાગતા વળગતાઓને નીચે મુજબ જાણ કરવામાં આવે છે:-

અમારા અસીલના પતિ સ્વર્ગવાશ થયા પછી તેમની સ્થાવર જંગમ મિલ્કતો તેમના કબજાની ભોગવટામાં છે અને તે મિલ્કત તે સ્વતંત્ર રીતે ભોગવે છે આ મિલ્કતો પૈકી અમારી અસીલણને હાલે સંજોગો વસાત તથા તેમના ભરણ પોશણ માટે શ્રી નખત્રાણા મધ્યેની તેમની જગ્યાઓ બે ઉત્તાદી મુહાડની છે તથા તે જગ્યા તેની આથમણી બાજુ ઉગમણી મુહાડે સુતાર કામ કરવાની કોડ છે તે દરબારી દવાખાનાની બાજુમાં આવેલી છે તે વેચવાના જરૂર પડેલ છે તે જગ્યા ઉપર કોઈનું કાંઇ લ્હેણું લેણું કે કોઇ બીજાનો હક્ક દાવો નથી છતાં કોઈ પોતાનો સદરહુ જગ્યાઓ ઉપર કાંઈ દાવો રાખતો હોય અગર કોઈ પોતાનું લ્હેણું લેણું સમજતો હોય તો તેમણે આ જાહેર ખબર છપાયાથી માસ ૧ એકની અંદર અમારી સદરહુ અસીલણના પાવરદાર મહેતા માર્કંડરાય મુરારજી પાસે કચ્છી સદનવાડી મધે આવી જાહેર કરવું અને ડોકયુમેન્ટરી આધારો હોય તે બતાવી પુરવાર કરી આપવું અને જો એક માસની અંદર કોઇ પણ સખ્શ પોતાનું લ્હેણું લેણું કે હક્ક ઈલાખો હોવાનું જાહેર કરશે નહિતો મુદત વીત્યે સદરહુ મકાનો અમારી મજકુર અસીલણ વેચાણ કરશે અને પાછડથી કોઇનું કાંઇ પણ હક્ક ઈલાકો

કે દર દાવો ચાલશે નહી તેનાં આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે.

ફાગણ સુદ ૬ બુધવાર સ. ૨૦૦૩

વકીલ દયારામ ચત્રભુજ ગોર તે સુતાર પુરૂષોતમ ખીમજીનાં વિધવા શાંતાબાઈના વકીલ ભાટીયા સ્ટ્રીટ ભુજ કચ્છ.

ખાનગી જાહેર ખબર.

હું નારણ સરોવરનાં રહીશ પોઢેણા વલભદાસ વસનજી જત આથી સર્વ લાગતા વળગતાઓને તથા જાહેર જનતાને ખબર આપું છું કે હું તથા મારો ભાઇ વેલજી વશનજી હીંદુ સંયુક્ત કુટુંબ તરીકે સાથે રહેતાં હતાં અને હું પરદેશ વસતો હોવાને કારણે મારા મોટાભાઇ વેલજી અમારી દેશની મીલકતનો વહીવટ કરતાં હતાં હાલે મારા ભાઇ વેલજી વિશનજી ગુજરી ગએલ હોતાં અને તે ગુજરી જતાં તે સર્વે મીલકત સ્થાવર તથા જંગમનો માલીક હું થાઉં છું પરંતુ મારી વેલજી ગુજરવા વખતે ગેરહાજરી હોવાને કારણે વેલજીની દીકરી પુરાબાઇ અને તેણીના ધણી બેચરલાલ ખીમજીએ સ્થાવર તથા જંગમ મીલકતનો કબજો કરી લીધેલ છે જેથી આથી સર્વને ખબર આપવામાં આવે છે કે તેણીની પાસેથી અમારી સ્થાવર મીલકત કાઈએ ગીરો બક્ષીસ કે અવાટ લેવી નહી તે છતાં જે કોઈ તેની સાથે તેવો વેવાર કરે તો તેને માટે હું અથવા અમારી મીલકત જવાબદાર રહેશે નહી.

મીતી ફાગણ સુદ ૯ શનીવાર શાં ૨૦૦૩

આ અંગુઠાની નીસાની વલભદાસ વસનજીના ડાબા અંગુઠાના હાથની છે દાઃ જોસી સુદરજી કુવરજીના ધણીના કેવાથી

શુધ્ધિ પત્ર.

શ્રી કચ્છ રાજ્યપત્ર પુસ્તક ૭૪ અંક ૧૬ પાને ૨૦૩માં કોલમ ૨ માં લીટી ૬ ઠીમાં "દાઃ ઠ. સામજી ટોપણ છે" તથા કોલમ ૧ માં લીટી ૩૯માં સં. ૨૦૦" છે તેને "દ. ઠ. સામજી ખટાઉ" તથા "સં. ૨૦૦૦" એમ વાંચવું.

પો. અં. જા. ના. ૯૨ **જાહેર ખબર**

બરોડા એજન્સીમાંથી લેટર ન. આર. એચ. ૩/૧ તા. ૧૪-૨-૪૭ વાળા સાથે તા. ૩-૨-૪૭થી હિંદ બહારના દેશોએ હિંદમાંથી બહાર જનારા દેશો સામે જે કવોરન્ટાઇન પ્રતિબંધ મૂકેલ છે તેનું પત્રક સર્વ મુસાફરોની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

તા. ૨૨-૨-૪૭.

No. 22-1/46-P. H. (II).

Appendix 'B'

Indian ports against which quarantine restrictions were in force on 27th January 1947.

Against Port or Place		*Imposed by*	*Date*	*Disease*
Calcutta	Air	Palestine	9-9-36	Cholera
Calcutta	,,	,,	19-2-38	Smallpox
Bombay	,,	,,	9-9-40	,,
Allahabad	,,	,,	5-8-46	,,
Delhi	,,	,,	5-8-46	,,
Calcutta	,,	Transjordan	16-8-45	Cholera
Bombay	,,	,,	24-2-40	Smallpox
Madras	Sea & Air	Ceylon	22-3-45	,,
Bombay	,,	,,	19-1-46	,,
India	,,	Iraq	16-12-45	,,

India	,,	Persia	21-8-45	Cholera
India	,,	,,	21-8-45	Smallpox
India	,,	Egypt	11-4-45	Smallpox
India	,,	,,	8--8-46	Cholera
India	,,	China	18--8--46	Smallpox
India	Sea & Air	China	,,	Enteric Fever
India	,,	,,	,,	Cholera
India	,,	Burma	6-12-45	Smallpox
India	,,	Bangkok	12-3-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Malayan Union	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	Cholera
Bombay	Sea & Air	,,	21-6-46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	10-7-46	,,
Calcutta	,,	Singapore Colony	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	,,
Bombay	Sea & Air	,,	21-6--46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	3-7-46	,,
India	,,	Sarawak	10-7-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Labnan (British Borneo)	,,	Cholera
Bombay	,,	,,	,,	Smallpox
Madras	,,	,,	,,	,,
India	,,	Philiphine Islands	7-7-46	,,
India	,,	,,	,,	Cholera
India	,,	DJIBOUTI	3-1-47	Smallpox
Calcutta	,,	Netherland Indies	25-6-46	Smallpox
Bombay	,,	,,	,,	,,
Madras	,,	,,	28-7-46	,,
Chittagong	(Sea)	,,	26-6-46	,,
Delhi	(Air)	,,	,,	,,
Calcutta	Sea & Air	,,	12-9-46	Cholera
Cawnpore	(Air)	,,	,,	,,
Calcutta	Sea & Air	Hongkong	23-7-46	,,
India	,,	Union of South Africa	30-8-46	Smallpox

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છપ્યું.

KUTCH STATE GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[પુ૦ ૭૪મું] ફાગણ વદ ૮ શનિવાર સંવત ૨૦૦૩ તા. ૧૧મી માર્ચ સને ૧૯૪૭ (વિશેષ અંક)

વધારો

No. 358 of 1947.

NOTIFICATION.

Whereas the Crown Representative has, with the approval of His Majesty's Secretary of State for India, been pleased to abrogate the Kutch Bhayad Settlement of 1875, subject to certain conditions:

Now, therefore, Lt.-Colonel His Highness Maharaja Dhiraj Mirza Maharao Shri Sir Vijayarajji Saheb Savai Bahadur, G. B. E., Maharao of Kutch is pleased to pass the following orders with effect from Smt. 2003 Chaitra Sud 2 regarding the hearing of cases in which a guarantee holder is a party :-

(1) His Highness the Maharao shall keep a list of the persons entitled to the guarantee. The list will be subject to the approval of the Crown Representative and may from time to time be amended by His Highness with the sanction of the Crown Representative.

(2) All cases in which a guarantee holder is a party (i. e. plaintiff, defendant, complainant or accused) shall in the first instance be tried by the District and Sessions Court of the State with an appeal lying to the State High Court and with the right, if the guarantee holder wishes to exercise it, of memorialising the Crown Representative in all such cases relating to his enjoyment of his possessions and rights.

Tribhovandas J. Raja,
Dewan, Kutch.

Dewan's Office,
Bhuj, 11th March, 1947.
Fagan vid 4 Tuesday, St. 2003.

નં. ૩૫૮ સને ૧૯૪૭.

નોટીફીકેશન.

નામદાર શહેનશાહના સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડીઆની મંજુરીથી તાજના પ્રતિનીધીએ સને ૧૮૭૫ની સાલનું કચ્છ ભાયાત સેટલમેન્ટ અમુક શરતોએ રદ કરવાનું ઠરાવતાં કચ્છના નામદાર મહારાઓશ્રી લેફ. કર્નલ હિઝ હાઇનેસ મહારાજ ધિરાજ મિરઝા મહારાઓશ્રી સર વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઈ. એ જે કાયામાં બાંહેદરીદાર પક્ષકાર હોય તેવાં કાયો ચલાવવા માટે નીચે પ્રમાણે હુકમો થવા ફરમાવેલ છે:—

આ હુકમોનો અમલ સંવત ૨૦૦૩ના ચૈત્ર શુદ ૨થી કરવામાં આવશે.

૧. બાંહેદરીના હક્કવાળા શખ્સોનું હિઝ હાઇનેસ મહારાઓશ્રી તરફથી એક લીસ્ટ રાખવામાં આવશે. એ લીસ્ટ તાજના પ્રતિનીધી પાસે પસંદ કરાવવામાં આવશે અને તેમની મંજુરીથી મહારાઓશ્રી વખતો વખત તેમાં સુધારો કરી શકશે.

૨. જે કામોમાં બાંહેદરીદાર પક્ષકાર (એટલે વાદી, પ્રતિવાદી, ફરીયાદી કે તહોમતદાર) હોય તેવા કામો પ્રથમ દરજ્જે કચ્છ રાજ્યની ડીસ્ટ્રીકટ અને સેશન્સ અદાલતમાં ચાલશે, અને તે કામો ઉપર અપીલ કચ્છ રાજ્યની હાઇકોર્ટમાં ચાલશે અને બાંહેદરીદારની જાગીર અથવા હકકના ભોગવટા સબંધીના પ્રશ્નો પરત્વેના કામોમાં (જો બાંહેદરીદારની ઈચ્છા હશે તો) હાઇકોર્ટના ઠરાવ ઉપર તાજના પ્રતિનીધીને તેવાં કામોમાં અરજ કરવાનો તેને હકક રહેશે.

દિવાન ઓફીસ. Tribhovandas J. Raja,
ભુજ, સં. ૨૦૦૩ ના ફાગણ વદ ૪ મંગળવાર દિવાન, કચ્છ.
તા. ૧૧મી માર્ચ, ૧૯૪૭.

No. 359 of 1947. NOTIFICATION.

At the end of clause (1) of section 4 of the High Court of Judicature Act, Kutch, add the following:—

A person shall not be qualified for appointment as a Judge of the High Court unless he—

(a) is a barrister of England or Northern Ireland, of at least ten years standing, or a member of the Faculty of Advocates in Scotland of at least ten years standing; or

(b) is a member of the Indian Civil Service of at least ten years standing, who has for at least three years served as, or exercised the powers of, a District Judge; or

(c) has for at least five years held a judicial office in British India not inferior to that of a subordinate judge, or judge of a small cause court; or has at least for a similiar period held a judicial office in Kutch not inferior to that of a Sessions Judge; or

(d) has for at least ten years been a pleader of any High Court; or of two or more such Courts in succession:

Provided that a person shall not, unless he is, or when first appointed to a judicial office was, a barrister, a member of the Faculty of Advocates or a pleader, be qualified for appointment as Chief Justice until he has served for not less than three years as a judge of a High Court.

In computing for the purposes of this subsection the standing of a barrister or a member of the Faculty of Advocates, or the period during which a person has been a pleader, any period during which he has held judicial office after he became a barrister, a member of the Faculty of Advocates, or a pleader as the case may be, shall be included.

Dewan's Office, Tribhovandas J. Raja,
Bhuj, 11th March, 1947. Dewan, Kutch.

NOTIFICATION
No. 360 of 1947.

His Highness is pleased to order that the word "ordinarily" occurring in line 4 of Section 4, sub-section (1) of the High Court of judicature Act, Kutch, shall be deleted.

Dewan's Office, Tribhovandas J. Raja,
Bhuj, 14th March. 1947. Dewan, Kutch.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] MONDAY 24th MARCH 1947 [No. 19]

[પુ૦ ૭૪] ચૈત્ર શુદિ ૨ સોમવાર સંવત ૨૦૦૩ તા ૨૪મી માર્ચ સને ૧૯૪૭ [અંક ૧૯]

જ્યું. જ. નાં. ૧૭૬૪ ઠરાવ.

નગરસભાના બાયલોઝ શાં. ૨૦૦૦ ના પ્રકરણ ૪ શાની કલમ ૧૬ પછી નીચે મુજબ કલમ ૧૬ અ દાખલ કરવામાં આવે છેઃ—

જો નગરસભાનો કોઇ ચુંટાએલો સભ્ય પોતાનું કામ કરવામાં ગેરવર્તણુંક કરશે, સભાસદ તરીકેની પોતાની ફરજ બજાવવાને અસમર્થ થશે કે ફરજ બજાવવામાં કસુર કરશે તો તે સભાસદ શ્રી કચ્છ સરકારના હુકમથી સભ્ય તરીકે કાયમ થવાને પાત્ર થશે અને તેની જગ્યા ખાલી થએલી ગણાશે.

મિતિ ફાગણ વદ ૪ સોમવાર શાં. ૨૦૦૩. તાઃ ૧૦-૩-૪૭.

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

એફ. નાં. ૧૩૫ હુકમ

હુકમ નાં. એફ ૧૫૧ તા ૧૮-૧-૧૯૪૬ ના બીજા પારામાં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે છે.

કચ્છની સરહદમાંથી બીજી સરહદમાં અનાજ નીકાસ કરશે તેનેઃ ગુન્હાહીન માલ જપ્ત કરવામાં આવશે તે શબ્દો પછી નીચેના શબ્દો વધારવામાં આવે છે. "તથા જે વાહનમાં આવો ગુન્હાહીન માલ લઇ જવામાં આવતો હશે તે વાહન પણ જપ્ત કરવામાં આવશે".

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

તાઃ ૧૧-૩-૧૯૪૭.

એફ. નાં. ૧૩૬ નોટીફીકેશન.

અહિંના નોટીફીકેશન નાં. એફ ૧૫૧ તાં. ૧૮-૧-૧૯૪૬ ના અનુસંધાનમાં એવું ઠરાવવામાં આવે છે કે પોલીસખાતાના જવાદારથી હલકા દરજ્જાના નહિ એવા પોલીસ અમલદાર તરફથી જે તે તાલુકાના વેપારીને તેના નામ ઉપર જે ધાન આવેલું હોવાનું કહેવામાં આવતું હોય તે ખરેખર તેને પહોંચ થયેલ છે કે કેમ તેમજ તેના પાસે આવેલ ધાન બાબત તેણે કોને કોને ક્યારે વેચેલ છે તે સબંધમાં કંઇ પણ હકીકત માગવામાં આવે તો તે વેપારીએ તેને લગતી બધી ખરેખરી હકીકત તરત પુરી પાડવાની રહેશે આ પ્રમાણેના ખબર મળેથી રા. રા. પોલીસ કમીશ્નર સાહેબને સદરહુ બાબત ચોપડા તપાસી ખાત્રી કરવાની જરૂર છે એમ જણાય તો તેઓ ફોજદારથી ઉતરતા દરજ્જાના નહિં એવા પોલીસ અમલદારને કોઇપણ વેપારીના ચોપડા જોવા હુકમ કરી શકશે. અને તે હુકમ અનવયે વેપારીએ પોતાના ચોપડા તે પોલીસ અમલદારને બતાવવા પડશે.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ કચ્છ પીનલ કોડની કલમ ૧૮૪ મુજબની શિક્ષાને પાત્ર થશે. આ હુકમનો ભંગ કરવો તે કોગ્નીઝીબલ ગુન્હો ગણાશે.

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

તા. ૧૧-૩-૧૯૪૭.

જયુ. જા. નં. ૧૭૬૯. ઠરાવ.

નગરસભાના બાયલોઝ શાં ૧૯૦૦ની કલમ ૨૯ પછી નીચે મુજબ કલમ $\frac{૨૯}{અ}$ દાખલ કરવી.

નગરસભાના કાર્યક્રમના હેવાલની અથવા નગરસભાએ કરેલ કોઇપણ ઠરાવની નકલ કોઇ શખ્સ માગે તો દર એક પાનાં દીઠ નકલ ફી તરીકે કોરી ૧ એક રોકડી લઇ ખરી નકલ આપવી.

ઉપર મુજબની નકલ ફી નગરસભાના સભ્યો પાસેથી લેવી અમર માફી આપવી તે નક્કી કરવા નગરસભાઓ મુખત્યાર છે.

મિતી ફાગણ વદ ૫ મંગળવાર શાં. ૧૮૦૩.

તા. ૧૧-૩-૪૭

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

No. 925 of 1947.

Order.

DENAN'S OFFICE,
BHUJ, 15th MARCH, 1947.

Mr. Avinash Y. Mehta M. A. LL B., Under Secretary, and Mr Abdulla C. I D. Sub Inspector, are placed on Special Duty in order to collect suitable material to compile a Brochure to be styled "WAR SERVICES OF KUTCH".

Heads of Departments are requested to extend their full co-operation to this Committee in the matter.

Tribhovandas J. Raja.
DEWAN.

H. O. No. 80. GOVERNMENT OF KUTCH.

Appointment of an Additional Judge of the High of Judicature at Bhuj.

ORDER.

Consequent on the abolition of the Jadeja Court by Notification No. 358 dated 15th March 1947, His Highness the Maharao Shri is pleased to appoint Mr. Yesheshchandra M. Mehta, B. A., LL. B, President, Jadeja Court, as an Additional Judge of the High Court of Judicature at Bhuj for Kutch State, with effect from Chaitra Sudi 2nd, Smt. 2003 in order to enable the Judges to clear off the arrears of Civil and Criminal work that may have accumulated or may now be transferred to the High Court by the Dewan's Office as a result of the said Notification.

Dewan's Office,
Bhuj, 19th March, 1947.

Tribhovandas J. Raja,
Dewan, Kutch.

પો. અં. જા. નં. ૧૧૪ જાહેર ખબર

એજન્સી તરફથી નં. આર. એચ. ૩/૧ તા. ૨૨-૨-૪૭ વાળો એક્સપ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે હિંદમાંથી બહાર જનારાઓ સામે કવોરન્ટાઇન પ્રતિબંધ તા. ૧૦-૨-૪૭ થી મુકવામા આવેલ છે તેનું પત્રક આ નીચે સર્વ મુસાફરોની માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

K. V. Bhatt,
ડેપ્યુટી સેક્રેટરી.

તા. ૪-૩-૪૭.

No. 22-1/46--P. H. (II).

Appendix 'B'

Indian ports against which quarantine restrictions were in force on 10th February 1947.

Against Port or Place		*Imposed by*	*Date*	*Disease*
Calcutta	Air	Palestine	9-9-36	Cholera

249

Calcutta	Air	Palestine	19-2-38	Smallpox
Bombay	,,	,,	9-9-40	,,
Allahabad	,,	,,	5-8-46	,,
Delhi	,,	,,	5-8-46	,,
Calcutta	,,	Transjordan	16-8-45	Cholera
Bombay	,,	,,	24-2-40	Smallpox
Madras	Sea & Air	Ceylon	22-3-45	,,
Bombay	,,	,,	19-1-46	,,
India	,,	Iraq	16-12-45	,,
India	,,	Persia	21-8-45	Cholera
India	Sea & Air	Persia	21-8-45	Smallpox
India	,,	Egypt	11-4-45	,,
India	,,	,,	8-8-46	Cholera
India	,,	China	18-8-46	Smallpox
India	,,	,,	,,	Enteric Fever
India	,,	,,	,,	Cholera
India	,,	Burma	6-12-45	Smallpox
India	,,	Bangkok	12-3-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Malayan Union	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	,,
Bombay	Sea & Air	Malayan Union	21-6-46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	10-7-46	,,
Calcutta	,,	Singapore Colony	21-6-46	Cholera
Cawnpore	Air	,,	10-9-46	,,
Bombay	Sea & Air	,,	21-6-46	Smallpox
Calcutta	,,	,,	,,	,,
Delhi	Air	,,	,,	,,
Chittagong	Sea	,,	,,	,,
Madras	Sea & Air	,,	3-7-46	,,
India	,,	Sarawak	10-7-46	Cholera
India	,,	,,	,,	Smallpox
Calcutta	,,	Labnan (British Borneo)	,,	Cholera
Bombay	,,	,,	,,	Smallpox
Madras	,,	,,	,,	,,
India	,,	Philiphine Islands	7-7-46	,,
India	,,	,,	,,	Cholera
India	,,	DJIBOUTI	3-1-47	Smallpox
Calcutta	,,	Netherland Indies	25-6-46	,,
Bombay	,,	,,	,,	,,
Madras	,,	,,	28-7-46	,,
Chittagong	(Sea)	,,	26-6-46	,,
Delhi	(Air)	,,	,,	,,
Calcutta	Sea & Air	,,	12-9-46	Cholera
Cawnpore	(Air)	,,	,,	,,
Calcutta	Sea & Air	Hongkong	23-7-46	,,
India	,,	Union of South Africa	30-8-46	Smallpox

તા. ૨૪૫૮ **નોટીફીકેશન**

ઠરાવ નં. એફ. ૧૧૦ તા. ૨૧-૨-૪૭ અનવયે ધી કચ્છ ઓઇલ એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝમાં ઉત્પન્ન થતા મગફળીના તેલના રેજાકી ભાવ નીચે પ્રમાણે મુકરર કરવામાં આવે છે.

માંડવી:- કચ્છ મણ ૧ એકની કોરી ૫૬ ૭પન અને કચ્છ સેર ૧ એકની કોરી ૧-૪ એકને દોકડા ચાર

ભુજ. કચ્છ મણ ૧ એકની કોરી ૫૭ સતાવન અને કચ્છ સેર ૧ એકની કોરી ૧-૪॥ એકને દોકડા સાડાચાર.

અંજાર અને ગુંદરા. કચ્છ મણ ૧ એકની કોરી ૫૮ અઠાવન અને કચ્છ સેર ૧ એકની કોરી ૧-૫ એકને દોકડા પાંચ.

તા. ૪-૩-૪૭.

કે. એચ. રેસાઈ,
ડાયરેક્ટર ઓફ ફુડ સપ્લાઇઝ. કચ્છ.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૨૨મી ફેબ્રુવારી સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ ફાગણ શુદ ૧ શની ને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુન્દ્રા.	અંજાર	ભચાઉ.	રાપર.	અંતરજા ગુણ.	લખપત.	ખડીર (ગઢડા.)	ખાવડા.	નખત્રાણા.	રીમાર્ક.
૧	ઘઉં કાઠી.....	...	૧૦૦૮	...	...	...	...	...	...	...	...	...	
૨	ઘઉં વાજ્યા.....	૮૦૦	૮૧૨	...	૮૦૦	૭૫૦	...	૧૦૨૪	૮૯૬	૯ ૦	...	...	
૩	બાજરી.....	૪૬૨	૪૧૬	૩૩૬	૪૪૮	૪૧૬	...	૩૩૬	૩૨૦	૩૨૦	...	...	
૪	મગ.....	૩૮૪	૪૧૫	૩૬૮	૩૪૪	૩૪૦	...	૩૬૮	૩૨૦	૩૦૦	...	...	
૫	મઠ (મરઠ).....	૨૯૬	૩૧૫	૩૨૦	૨૮૮	૨૫૪	...	૨૭૨	૨૫૪	૨૨૪	...	...	
૬	જુવાર.....	...	૦૨૦	૩૫૧	૪૦૮	૩૨૦	...	૨૪૦	૨૨૪	...	...	...	
૭	એરંડા (સદાફળા)....	૪૪૦	૪૪૮	...	...	...	...	૩૫૨	૩૨૦	...	...	...	
૮	ગોવાર.....	૩૧૪	૩૭૫	૩૩૬	૩૧૬	૩૦૨	...	૩૦૦	૨૮૮	૨૫૬	...	...	
૯	તલ.....	૬૪૦	૬૫૬	૬૯૬	૭૨૦	૬૪૦	...	૬૦૦	૫૧૨	૬૪૦	...	...	
૧૦	ચોખા ઉંચા.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૧	ચોખા હલકા.....	...	૧૩૭૬	...	૧૩૧૨	...	...	...	...	...	...	...	
૧૨	કાલાં ભાર.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૩	ઘી.....	૧૫૦	૧૪૪	૧૪૫	૧૪૦	૧૬૦	...	૧૩૫	૧૩૨	૧૪૦	...	...	
૧૪	તેલ.....	૬૦	૬૦	૬૦	૭૧	૬૬	...	...	૭૨	...	...	...	
૧૫	ખાંડ.....	૨૮	...	૩૧	...	...	...	...	...	...	...	...	
૧૬	ગોળ.....	૩૬	૩૬	...	...	...	...	...	...	...	...	...	
૧૭	કડબ.....	૨॥	૩	૪	૩	૩	...	...	...	...	...	...	
૧૮	કુટી	૨॥	૨॥	...	...	૩	...	...	...	...	...	...	
૧૯	ઘાસ.....	૧॥	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાસીઆ.....	૧૪॥	૧૪	૧૬	૧૫	...		૧૫	૧૯	...	...	...	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૨૯૭॥	૨૯૮।	૨૯૮	૨૯૮।	૨૯૬	...	૨૯૫	૨૯૮	...	...	...	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	૨૯૭॥	૨૯૮	૨૯૮	૨૯૮।	૨૯૬	...	૨૯૫	૨૯૮	...	...	...	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં માપ ૬૪ મણ ૧ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૬૬ કપાસીઆ તોલમાં મણ ૧ના શેર ૫૪.

ફાગણ વદ ૪ ભોમવે સંવત ૨૦૦૩. તા. ૧૧-૩-૪૭

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

251

જાહેર ખબર

ન. ૨૧૫૩

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અરજદાર ભુજના ગુસાંઇ નારાયણગર જેરામગરે આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે અમારા વડીલ ગુ. વખતગરજીના પહેલાના વખતથી ચાર મઠો સ્થાપવામાં આવ્યા છે તેમાં સહુથી મોટો મઠ શ્રી ભુજનો છે અને લાગલી અનુક્રમે અજાપર તથા રાપર તથા તેના લાગતા જે જે તમામ મઠોના અધિકારીએ ગુ. રી. એ. હાલે હું હાલે એકલ વારસ છું અને ભુજ અજાપર અને તેના મઠોનો વહીવટ પણ હું કરું છું રાપર મઠના અધિકારી ગુ. ચંચળગર રાજગર હતા. એ સં. ૨૦૦૩ના આસુ માસમાં ગુજરી ગયા છે તેમનો હું વારસ હોઇ આ વારસા સર્ટીફીકેટ મેળવવા અરજ ગુજારૂં છું. રાપર મઠની જગ્યા છે જે મિલકતની કિંમત કોરી ૪૦૦૦] થવા જાય છે માટે શાં. ૧૯૯૦ના બીજા વૈશાખ શુદ ૨ સોમવારની મીતીનાં કરેલ લખાણમાં મને પોતાની સ્થાવર જંગમ મિલકતનો વારસ બનાવેલ ઈસમબ વારસા સર્ટીફીકેટ અપાશે.

આ સંબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તે તેણે આ કોર્ટમાં શાં. ૨૦૦૩ના ચઇત્ર શુદ ૯ સોમવારના રોજે અગર તે મુદત સુધીમાં આવી જાહેર કરવું મુદત વીતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વિષે યોગ્ય થતાં પાછળથી કોઇના કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી.

ફાગણ વીદ ૩ સોમવાર સં. ૨૦૦૩.

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ કોર્ટ ભુજ કચ્છ.

જયસુખલાલ હરજીવન શુકલ,
એ. ડી. એન્ડ શેશન્સ જડજના હુકમથી

નાં. ૨૬૯૯ જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે અરજદાર ભુજના સાંકે શંભુલાલ રાયવજની વિધવા પાર્વતીબાઇ પરસોતમે આ કોર્ટ પાસે એવી અરજ કરી છે કે મારા પતિ શાં ૨૦૦૦ના ચૈત્ર માસમાં ગુજરી ગયા છે. એમના ગુજરતા પછી હું તેમની સ્થાવર જંગમ મિલકતની વારસ છું.

મારા પતિના નામની એક બોક ઇંડીયામાં કોરી ૫૧૯૭-૦-૨ જમા છે તે મરનારની હું તેની વારસ હોઇ વારસા સર્ટીફીકેટ મેળવવા અરજ ગુજારૂં છું

મરનારને પુત્ર સંતતી કાંઇ નથી પરંતુ ત્રણ પુત્રીઓ નામે ચાંદુબાઇ, જવાબાઇ, તથા કૃષ્ણાબાઇ છે. બેન્ક ઓફ ઇંડીયામાં ઉપર જણાવેલ રકમ મને મળે તેમાં મારી સદરહુ ત્રણે પુત્રીઓને વાંધો નથી તેમજ મારા પતિનો ભત્રીજો સુખીલાલ હાથીરામ છે તેને પણ વાંધો નથી શબબ મને વારસા સર્ટીફીકેટ અપાવશો.

આ સંબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે શાં. ૨૦૦૩ના ચૈત્ર વીદ ૪ ગુરૂવારનાં રોજ આ કોર્ટ પાસે આવી જાહેર કરવું મુદત વીતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીષે ઘટીત થતાં પાછળથી કોઇના કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહીં.

મીતી ફાગણ વીદ ૪ સોમવાર શાં. ૨૦૦૩

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ અદાલત ભુજ કચ્છ — જયસુખલાલ હ. શુકલ મે ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જડજનાં હુકમથી

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભચાઉ અદાલત તરફથી નાં. ૫૫૮

ઠા. લાલજી ખીમજીના વહીવટ કરનાર ઠા. ભવાનજી લાલજી વોધ — વાદી

જાડેજા મોબતશંગજી માનશંગજી છાડવાલા — પ્રતિવાદી

દાવો—તામીલ બવા

ગામધીઆરી મધે શા. મુરજી હેમાને માલુમ થાય કે વાદીએ પ્રતિવાદીનું ખેતર ખેજડીઉ તમારા પાશે છે તે જપ્તિમાં લેવારાવેલ છે માટે તે ખેતર પાના તમારા આધારો આ નોટીશ પ્રસધ્ધ થવાની તારીખથી રોજ પંદરની અંદર કોર્ટની ટાઇમશર હાજર થઇ રજુ કરજો નહિતર મુદત વિતે કાયદેશર થશે.

ફાગણ સુદ ૧૧ શોમવાર શાં. ૨૦૦૩

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ત્રિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

ખા. દી. તામીલની દરખાસ્ત નંબર ૧૨૫ સંવત ૨૦૦૩

શ્રી ભચાઉ અદાલત તરફથી નાં. ૫૫૭

સિંધ સ્થાને માતા હવા પુત્રને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર ઠા. મગનલાલ ઊતમરામ વી. રહેનાર ભચાઉનાએ બાબત લેણાનો ખા. દી. દાવો નાં. ૧૨૭ સંવત ૧૯૯૩ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૧૯૯૩ના જેઠ સુદ ૧૫ બુધવારને રોજ અદાલત ભચાઉ તરફથી થયેલ છે તેમાં ઠર્યું છે તે બાકી કોર્ટ ૧૯૭૩ ૧૧ તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતિ ફાગણ સુદ ૧૧ શોમવાર શાં. ૨૦૦૩

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભચાઉ દીવાની અદાલત નાં. ૫૫૬
ખા. દી. દાવાનો નંબર ૨૬ સંવત ૨૦૦૩
જોશી હીમત રામ શંકર ભચાઉ વાદી
કુંભાર કરમશી વજા વી. ખેડોઇ પ્રતિવાદી
દાવો લેણાનો

નીચેના રહેનાર નીચે લખ્યા પ્રમાણે માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના ચૈત્ર શુદ ૧૨ શુક્રવારને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર-હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ કુંભાર ભુરા અજા માંડવી
૧ કુંભાર વીરા અજા માંડવી
૧ કુંભાર નારાણ અજા ગુજરાત

મિતિ ફાગણ શુદ ૧૨ વાર ભોમે સંવત ૨૦૦૩.

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નો. નં. ૫૮૮.
તામીલની નોટીશ.

ખા. દી. તામીલની દરખાસ્ત નંબર ૨૬ સંવત ૨૦૦૩.

શ્રી ભચાઉ અદાલત તરફથી.

આણંદ સ્થાને ગુસાંહી જવાનગર માનગરને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર ઠ. મગનલાલ ઉતમરામ વી. રહેનાર ભચાઉના એ બાબત લેણાંનો ખા. દી દાવો નં. ૧૫૯ સંવત ૨૦૦૩ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૨૦૦૩ના ભાદરવા વિદ ૮ બુધવારને રોજ અદાલત ભચાઉ તરફથી થએલ છે તેમાં ઠર્યું છે કે મુજબ કોરી ૮૮। લેણી તે હુકમ-નામાં પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫માં હુકમનામાં પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતી ફાગણ વિદ ૩ સોમે સં. ૨૦૦૩.

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સવાઇ બહાદુર જી. બી. ઇ.

તામીલની નોટીશ નાં ૫૮૯

ખા. દી. તામીલની દરખાસ્ત નંબર ૨૨ સંવત ૨૦૦૩.

શ્રી ભચાઉ અદાલત તરફથી.

આણંદ સ્થાને ગુસાંહી વીજાગર માનગરને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર ઠ. મગનલાલ ઉતમરામ વી. રહેનાર ભચાઉ નાએ બાબત લેણાનો ખા. દી. દાવો નં. ૧૬૧ સંવત ૨૦૦૩ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૨૦૦૩ના કારતક વિદ ૭)) શનીને રોજ અદાલત ભચાઉ તરફથી થએલ છે તેમાં ઠર્યું છે તે મુજબ કોરી ૨૩૭।।। ચડતે વ્યાજે લેણી તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫માં હુકમનામાં પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતી ફાગણ વિદ ૩ સોમવાર સં. ૨૦૦૩.

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.

શ્રી ભચાઉ અદાલત. નાં. ૫૯૦
દાવાનો નંબર ૫૯૦ ૨૦૦૩

ઠા. ધરમશી કેશવજી ભચાઉ વાદી
સુમરા સુમાર લવાની વીધવા હવાંબાઇ પ્રતિવાદી
સામખીઆરીના રહેનાર સુમરા સુમારની વિધવા હવાંબાઇ ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપર થી ફરમાવામાં આવે છે કે સવત ૨૦૦૩ ના ચૈત્ર સુદ ૧૦ શોમે ને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલ હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને

એ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવશે તમે એ પ્રમાણે હાજર નહી થશો તો તમારી ગેર હાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોગામાગે છે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતાહો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતી ફાગણ વદ ૪ વાર શની સવંત ૨૦૦૩

Narottam D. Mehta.

ન્યાયાધીશ ભચાઉ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. શ્રી ઇ.

શ્રી ભચાઉ અદાલત.

સા. ના પદ૧ ખાદી. દાવાનો નંબર ૨૭ સંવત ૨૦૦૩.

દોશી દામજી ખીમજી હા શા હેમરાજ ડુગરશીનાવેવટ કરનાર અને માલીક દોશી પોપટલાલ દામજી ભચાઉ } દાવો

કારીઆ રણમલ ડોશા વી. મનફરા પ્રતીવાદી

નાવો લેણા

મનફરાના રહેનાર કારીઆ રણમલ ડોશાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૩ ના ચૈત્ર સુદ ૧૪ સુકરવાર ને રોજ સવારના ૧૦ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતનાં જે વકીલને યોગ્ય રીત અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દલીલ સબંધી જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમારે આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવશે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા કરાવવામાં આવશે વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમા જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તા જ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતી ફાગણ વદ ૭ વાર ગુરૂ સવંત ૨૦૦૩

Narottam D. Mehta,

ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. શ્રી ઇ.

શ્રી નખત્રાણા કોર્ટ નાં ૧૬૦

ખા. દી, તાકા નાં ૧૬ શાં ૨૦૦૩

ઠા. રામદાસ મોજી વી ણાં વાદી

ઠા. નારાણજી તેજપાર વિ હાલે મુબઇ પ્રતિવાદી

ઠરાવ મુજબ તામિલ થવા બાબત

મુબઇનાં ઠા નારાણજી તથા હરીરામ તેજપારને માલમ થાય કે વાદીએ તમારા પર દાવો કરતાં તેનો ખુલાસો સા. ૨૦૦૩ ભાદર ૧ વદ ૧૪ મોમવારનાં રોજ આ અદાલતમાં ઠર્યું છે કે પ્રા. નાં ૧-૨ વાલા કોરી ૧૬૦૨) તથા રૂ. ૬૩૩) અમર બજવણી વખતે બજાર ભાવે કોરી આપે તે ન આપે તો વાદી ખારી તથા પાસાડો એઠામો પ્રા. ના. ૩-૫-૬નાં કબજે છે તે સિવાયનાં કમોમાં પ્રા ના. ૧-૨નો જે હક હોય તે વેચી વેચાવી આપે તે હુકમનામા મુજબ કોરી ૧૮૬૩ તથા રૂ. ૬૩૪-૬-૦ તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોચેથી માસ ૧ની અંદર તામિલ પુરી કરાવી જશો તેમાં કસુર થશે તો કાયદેસર કરવામાં આવશે.

ફાગણ વદ ૬ ગુરૂ સા ૨૦૦૩

જયતીલાલ અયાશંકર

એ. નખત્રાણા ન્યાયાધીશ સા. કુ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. શ્રી. ઇ.

મનાઇ હુકમ નાં ૧૬૬

શ્રી લખપત અદાલત

ખા. દી. કામ નાં. ૧૪૨

૧ ઠા. કેશવજી ઠલુની વિધવા શાકરબાઇ મેગજી રે. લખપત — વાદી.

૧ ઠા. મુલજી આશુ રે. લખપત
૨ ઠા. નેણશી આશુ ગુજનારના વારસ પુત્રો
૨ ઠા. રવજી નેણશી રે. લખપત
૨ ઠા. પેરાજ નેણશી એજ
૨ ઠા. હરિરામ નેણશી એજ
૩ ઠા. વાગજી દામજી ગુજરનારના વારસ પુત્રો
૨ ઠા. આશુ વાગજી રે. હાલે કરાચી
૨ ઠા. રતનશી વાગજી એજ
૩ ઠા. પ્રેમજી વાગજી એજ
૪ ઠા. રાયજી દામજી રે. લખપત
૫ ઠા મુલજી ઉર્ફે નથુ રામજી રે. હાલે મુંબઇ
૬ ઠા. પરસોતમ મુલજી રે. એજ
૭ ઠા જીવરાજ મુલજી રે. એજ
૮ ઠા. નારાયણજી મુલજી રે. એજ

પ્રતિવાદી

દાવો કોરી ૨૦૦૦) મળવાનો.

હાલે કરાંચી મધે રહેનાર પ્રતીવાદી ઠા આશુ તથા રતનશી તથા પ્રેમજી વાગજીને માલમ થાય કે મજકુર વાદીએ તમો વગેરે વિરૂધ્ધ આ દાવો તથા ખા. દી. કામ નાં. $\frac{૧૪૧}{૨૦૦૨}$નો નોંધાવેલ હોઇ એવી અરજ કરીછે કે શદરહુ દાવાઓનું હુકમનામું થાય તે બજવણીમાં બરકત પડે તે શારૂ પ્રતીવાદી નાં. $\frac{૩}{૧-૨-૩}$ વાળા નીચે જતાવેલ ચતુર દિશા વાળી સ્થાવર મીલકત વેંચ શાટ કરવાને કોશીશમાં છે એમ જણાવી દીવાની

કાયદાની કલમ ૭૬ તળે જપ્તી થવા માંગણી કરીછે વાસ્તે તમને ફરમાવવામાં આવે છે કે આ દાવાનો તમે ખા. ફી કાયદાનાં ૧૪૧/૧૦૦૬નાં રૂ. ૧૦૯૯॥ ૦॥ નાં તમારો વીકાલ થતાં લગી ઉપર જણાવેલ ચતુર દીસા વચ્ચેના સ્થાવર મીલકતનો તમારે કે ભાગ કોઇ ને પણ ગીરવા કે બક્ષીશથી કે વેંચાણથી કોઇને દેવી નહી તેવા આથી મનાઇ હુકમ (પ્રતીબંધ) કરવામાં આવે છે.

૧ જગ્યા એક આથમણી બુહાડે ડેલીબંધ આંગણાં ઓલા હદ ચતુદ શકીત લખપત મધે ભુજ વાલા નાથા પાસે છે તેની ચતુર દિશા

૧ ઉગમણી તરફ એજ જગ્યાની પછીત છે અને તેની ઉગમણી તરફ પઠાણ બાદરખાં આલમખાં તથા પઠાણ આમદખાં નામદખાંની જગ્યાઓછે

૨ ઉત્રાદી તરફે બાઇ શાંતાબાઇ લાલજીની જગ્યા તો કરો છે

૩ આથમણી તરફ એજ જગ્યાના વરંડાની ભીંત છે અને તેથી આથમણે જેના છે

૪ દખણાદી તરફ રાજમાર્ગ છે

૨ હાટ બે લખપત મધે સાંડની બજારમાં જોડાજોડા છે તે ઓટલા હદ મજુદ શીબ દખણાદી મોહાડ વાલા તેની ચતુર દીસા

૧ ઉગમણી તરફ વીચેણી છે અને તેની ઉગમણી તરફ મેમણ મહમદ હાજી જાકમના વારસોની દુકાન છે

૨ ઉત્રાદી તરફ વાચેણી છે અને તેની ઉત્રાદી તરફ મહમદ હાજી ઇસ્માઇલના વારસોની જગ્યાછે

૩ આથમણી તરફ વીચેણી છે અને તેની આથમણી તરફ મેમણ મજકુરનાં વારસોના હાટનુ ખંડેરછે

૪ દખણાદી તરફ એજ હાટ બેનાં ઓટલા પર એકલદાળીઆ છે અને તેની દખણાદી તરફ રાજમાર્ગ છે

સાં. ૨૦૦૩નાં મહા વીદ ૦)) શુક્રવાર

K. S. Rana,
લખપત ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી લખપત અદાલત શ. નં. ૧૫૧

ખાલસા દાવાનો નંબર ૨૯ સંવત ૨૦૦૩

ઠા. હરીરામ જેઠા નરા વાદી

મેગવાર દેવા ઉર્ફે આચાર મગણીના વારસો / મેગવાર જખુ દેવાઉર્ફે આચાર વિગેરે નરા } પ્રતિવાદી

દાવો—કોરી ૧૭૭) મળવા

રહેનાર નરાનાં નીચે લખ્યા શખ્સોને માલમ થાય કે વાદીએ તમારા ઉપર લાગી બેના ૧૭૭) મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના ચૈત્ર સુદ ૯ સોમવારે રોજ સવારના ૧૦ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સવાલવીશ તથા દાવાના લખળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ મેગવાર જખુ દેવા ઉર્ફે આચાર

૨ મેગવાર ભીમા દેવા ઉર્ફે આચાર

મિતિ મહા વીદ ૭ બુધે સંવત ૨૦૦૩

K. S Rana,
લખપત ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ.

શ્રી લખપત અદાલત શ. નં. ૧૫૨

ખાલસા દાવાનો નંબર ૩૦ સંવત ૨૦૦૩

ઠા. હરીરામ જેઠા નરા વાદી

મેગવાર જખુ આચાર ઉર્ફે દેવા નરા પ્રતિવાદી

દાવો કોરી ૧૨૦) મળવા

રહેનાર નરાના મેગવાર જખુ આચાર ઉર્ફે દેવાને માલમથાય જે વાદીએ તમારા ઉપર વાદીએ કોરી ૧૨૦) મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવેછે કે આ સમન્સ કચ્છ રાજ્ય પત્રમાં છપાવાની તારીખથી રોજ ૧૫ ની અંદર તે રોજ સવારના ૧૦ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સવાલવીશ તથા દાવાના લખળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ ફાગણ સુદ ૧ વાર શની સંવત ૨૦૦૩

K. S. Rana,
લખપત ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

શ્રી વખપત દિવાની અદાલત

ખા. દી. દાવાનો નાં ૧૯૧ સાં. ૧૯૯૪

રાજડ રાયબ જગલાલ રે. ઢેઢાપર વાદી
ગુશાંઇ ભવાનગર પ્રેમગર વગેરે રે લખપત પ્રતીવાદી
દાવો તલોટવ છોડાવવાનો

રહેનાર ગામ ઢેઢાપરનાં શીંધ મધે નીચેનાં નામના ને માલમ થાય જે વાદીએ તમો વગેર પર તલોટ વછોડાવવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સાં. ૨૦૦૩નાં ચૈત્ર શુદ ૧૦ શોમવારને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુંદા ઠરાવવામાં આવશે અને વાદી જેવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાતમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો

૧ રાજડ લધા શવરાજ
૨ રાજડ જુશબ ઇસ્માલ
૩ રાજડ શવરાજ લધા
૪ રાજડ હાજા ભચા

મીતી ફાગણ શુદ ૯ શનિ શાં ૨૦૦૩

K. S. Rana,
લખપત ન્યાયાધીશ.

જાહેર ખબર
નંબર ૬૫૯.

આથી લાગતા વળગતા સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે વહાણ કોટીઆ મુબારક કોલ ના. ૨૯૫ ટન. ૧૦૮. ૬૮ કલીકટનું નાખવા અલ્વી કુટી મીરાન ધણી કે અબ્દુલ અમીઝ એન્ડ મુશા માસ્તર વાળુ કોટેશ્વર નજીક કોરી ક્રીકનાં બારામાં ડુબી લાશ ગયેલ તે વહાણની નિચે મુજબની આલાદ કસ્ટમ તરફથી કઢાવી મેજરથી કબજામાં રાખવામાં આવેલ છે તેની વિગત નિચે મુજબ

૫૦ જુની વંલ નાં ૨ ની કીંમત કોરી ૫૦) પચાશ આશરે
૨૫) ધવર નાં ૧ ની કીંમત કોરી ૨૫) પચીશ આશરે
૧૦) મજી નાં ૨ એક નાની એક મોટી એમ બેની કીંમત કોરી ૧૦) દશ આશરે
૧૫) લાકડાની વહાણની અડીનાં કટકા નાં ૩ જુના આશરે કીંમત કોરી ૧૫ પંદર
૧૨) લાકડાની વરીનો ટુકડો જુનો એક કીંમત કોરી ૧૨) બાર આશરે
૧૨૫) લોખંડની લેલી જુની નાં ૨ બે આશરે કીંમત કોરી ૧૨૫) એકસો પચીશ
૩૫ લાત જોટો ૧ એક જુની તેની કીંમત કોરી ૩૫) પાંત્રીશ આશરે
૩૦) ખુવાનો દારો નાં ૧ એક જુનો લાકડાનો કીંમત કોરી ૩૦) ત્રીંશ આશરે
૫૦) ચુકાન જુનો નાં ૧ એક કીંમત કોરી ૫૦) પચાશ આશરે
૧૦૦) લાકડાની પાણીની ટાંકી નાં ૧ એક ટુટેલ આશરે કીંમત કોરી ૧૦૦) એકસો
૪૦) લાકડાનાં પાટીયા નાનાં મોટાં નાં ૯ નવ જુના ટુટેલા કીંમત કોરી ૪૦) ચાલીશ
૨૫) કનાની અડી નાં ૧ એક જુની કીંમત કોરી ૨૫) પચીશ આશરે
૨૦૦) ખુવાનો માથલો અડો નાં ૧ એક જુનો કીંમત કોરી ૨૦૦) બેસો આશરે
૫૦) ખુવાનો નિચલો અડો નાં ૧ એક જુનો કીંમત કોરી ૫૦) પચાશ આશરે
૩૦) તાગર કટકા ૨ બે જુના લાકડાના કીંમત કોરી ૩૦) ત્રીશ આશરે
૧૦) હરશારની પાટલી નાં ૧ એક જુની કીંમત કોરી ૧૦) દશ આશરે
૫) હરશારની પાટલીનો ઝાંલલો જુનો નાં ૧ એક કીંમત કોરી ૫) પાંચ
૫) રશો ટુકડો એક એકમાં લાકડાનાં કટકા નાં ૩ ત્રણ કીંમત કોરી ૫) પાંચ આશરે

એ મુજબ સદરહુ માલ જેનો હોય તેણે એક માશની અંદર હાજર થઇ ખાત્રી પુરાવા તથા ખર્ચ દઇ લઈ જવો નહીતર મુદત વિતે સદરહુ માલ શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

મીતી માહા વિદ ૧૦ શનેઉ શાં ૨૦૦૩ તા ૧૫-૨-૪૭

Keshavlal P. Oza,
લખપત કસ્ટમ દરોગા

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

શ્રી ખાવડા દીવાની કોર્ટ

ખા. દી કા. નાં. ૪૨ સાં. ૨૦૦૩

કા. કુંગરશી ગોકલ ખાવડા વાદી
લોણીઆ પુંજા આમધ વી. એક પ્રતિવાદી
દાવો—લેણા બાબત

સીધ અંગે કોણીઆ પુંજા અમબને માલમ થાય કે આ કામના વાદીએ તમારા પર દાવો કર્યો છે તેનો જવાબ આપવા આ પત્રમાં સંવત ૨૦૦૦ના ચૈત્ર સુદ ૧૨ બુધના રોજે કોર્ટના રૂબરૂ હાજર થજો નહિતર સુલ્ત રીતે કાયદેશર થશે.

ફાગણ શુદ ૯ સોમ સાં ૨૦૦૩

છાયા ત્રિભુવન વજેશંકર,

ખાવડા થાણદાર.

-જાહેર સુચના.-

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા થી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી તો મ મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

હું કચ્છ અંજાર તાલુકે નાગલપુરના ખોજા હાશમ ગાંગજી આથી સર્વેને જાહેર કરૂં છું કે મારો છોકરો નામે સદરૂદ્દીન ઉ. વ ૧૯નો છે તે છેલા બાર માસ થયા મારાથી જુદો છે તે હાલે કરાચી હતો અને તે ત્યાંથી હાલે દેશમાં આવેલ છે આ મારા છોકરા સાથે કોઇ પણ અર્થ કાંઇપણ લેતી દેતી કરશે કે કરી હશે તે માટે હું જવાબદાર નથી તેમજ મારી મીલકત પણ જવાબદાર નથી આવી સ્પશલ ચેતવણી આથી સર્વેને આપું છું.

ફાગણ શુદ ૧૫ સાં ૨૦૦૩.

લી૦ ખોજા હાસમ ગાંગ ની સહી દા: પોતાના.

ખાનગી જાહેર ખબર

આ નોટીશથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે ભુજનાં છડીદાર મામદ તમાચીએ પોતાની કબજા મીલકીની ભુજ મધેની બે જગ્યાઓ તે પૈકીની એક સરપટના નાકે લેન નજીક ઓરડો ઓસરી રસોડો ડેલો એકદારીઓ આંગણા વગેરે સહિત ડેલી બંધ તથા બીજી છડીદારોના ફળીયામાં નાજર મીયાં સાલેમામદના ઘર પાસે ઓરડો ઓસરીવાલીડે લીબંધ જગ્યાનું વીલ સા. ૧૯૭૩ ના જેઠ વીદ ૯ નું કરેલ છે. તેમાં ઉપરોક્ત જગ્યાની સઘળા પ્રકારની માલીકી કબજો હક્ક અને સત્તા અધિકાર ઉપરોક્ત મામદ તમાચીના ગુજરવા બાદ અમારી આ આશરાપાત તથા અમારા બાપ મરણ ઈબ્રામ જુમાણીને લખી આપેલ છે અને તે રીતે અમારો કબજો ભોગવટો છે અમારા બાપ ગઇ સાલે વફાત પામતાં અમો તેના પુત્રો આ મીલકતના કબજેદાર છીએ તથા ઉપરોક્ત વીલની શરત અનુસાર અમારા પિતાએ તેમના સાસુ સલતા એટલે ઉપરોક્ત છડીદાર મામદ તમાચી તથા તેની ઘરવાલી હનીફ બાઈનું બન્નેનું ભરણ પોષણ તથા તે બાદ મરણ ક્રિયા કારજ વગેરે કર્યાં છે. અને તે જવાબદારી અદા કરવામાં મારા પિતાને કોરી ૮૦૦૦ આસરે કોરી આઠ હજાર ઉપરાંત ખર્ચ થઈ છે. એટલે ઉપરોક્ત બે મીલકતો સર કોરી ૮૦૦૦ આસરે આઠ હજાર પર્યંતનું અમારૂં અમારા પિતાના વારસદારો તરીકે લેણું છે ઉપર મુજબ ઉપરોક્ત મીલકતોમાં અમારો હક્ક છે તે છતાં અમારા ઓરમાન આ જાફરબાઈ આ અમારા પિતાની મીલકતો વેંચરાટ કરવા હીલચાલ કરે છે તે બાબતની તેમને રજીષ્ટર રપાલની નોટીશથી મના કરી છે અને જાહેર જનતાને પણ આથી આ મીલકતો પર પૈસા ધીરવા કે વેંચાણ રાખવાની કે બીજો કોઈ પણ વહેવાર કરવાની મના કરવામાં આવે છે તે છતાં તે વિરૂધ કોઈ વર્તશે તો તેનું જોખમ તથા પરિણામ તેના શિર રહેશે અને અમે કે અમારો ઉપરોક્ત મીલકતોના હક્ક ઉપર કશી જવાબદારી રહેશે નહિ અસલ વીલ જેને જરૂર હોય તે અમારા વકીલ ભુજનાં વોરા ગુલામહુસેન મહમદઅલી બી. એ. એલ. એલ. બી. ની ઓફીસે ઓફીસ ટાઈમ દરમ્યાન આ નોટીશ પ્રગટ થયે રોજ આઠમાં જોઇ જવાની છુટ છે.

મિતી ફાગણ વીદ ૧ શનીવાર સાં. ૨૦૦૧

૧ આ નોટીશની મરાણા અબ્દુલ્રેમાન ઇબ્રામના દાબા હાથની છે.

દા. રાજગોર કરશનદાશ લક્ષ્મીદાશ ધણીના કેવાથી

૧ મરાણા સીદીક ઇબ્રામની શહી

દા. પોતાના

aGri Sidhick Igrahim

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર આથી સર્વને ખબર આપું છું કે ગામ શ્રી ભુજ મધ્યે કાનજી અણી ફળીઆનાં એમણ વલીમામદ સાલેમાનના નામથી ઓળખાતી ફલીઆ મજમુની ઉતરાદી મુહાડની ડેલીમાં ઉગમણી મુહાડની જગ્યા એ.રડ ચે તથા ઓશરી એક વાલી જે એ.શરીન બારણા વે જેમાં બારણું એક ફળીઆ મજમુના આગણામાં પડે છે તથા બારણું બીજુ ઉતરાદી મુહાડ વાલી ડેલી થી બહાર શેરીમાં ઉગમણી મુહાડે પડે છે તથા જગ્યાની ઉતરાદી કોરે મારી જગ્યા છે આથમણી કોરે સલાટ બેચર જીવણની જગ્યા છે ને દખણાદી કોરે એમણ અલીમામદ વલીમામદની જગ્યા છે સદરહુ વર્ણનવાલી જગ્યા મારે અઘાટ વેચાતી લેવાની હોવાથી આ જાહેરાતથી સર્વને ખબર ખબર આપું છું કે સદરહુ જગ્યામાં કોઈનો કંઈ હકક હોલા માં કે હિત સંબંધ હોય અગર તે ઉપર કોઈનું કંઈ લેણુ લેણું હોય તે આ જાહેર ખબર છપાયાથી રોજ પંદરની અંદર લિખિત જણાવવું અને મારા વકીલની ઓફીસે આવી. આધારો સહીત ખાત્રી કરાવી આપવી નહિતર મુદત વીતે કોઈનું કંઈ લેણું લેણું કે હકક સંબંધ નથી એમ જાણી અઘાટનો દસ્તાવેજ કરાવવામાં આવશે અને પછી આ જગ્યા કે હું જવાબદાર રહેશું નહી.

મિતિ શાં ૨૦૦૩ના ફાગણ વીદ ૧૦ સોમવાર

જોશી શાન્તીલાલ મુરજીની સઇ દ. પોતે

અમારી મારફત વકીલ દેવશંકર પ્રાગજી

જોશી ભુજ

ખાનગી જાહેર ખબર

લી૦ હું નીચે સહી કરનાર કુંદરોડીના શા ડુંગરશી હંશરાજ આથી સર્વ લોકોને ખબર આપું છું કે વડાલાના શા ખાસુ તેજની વિધવા વેલબાઇએ મારા પાસેથી શાં.૨૦૦૨ ના જેઠ વદ ૩ની મીતીએ રૂ. ૧૨૦૦) અંકે બારસો વ્યાજુ મત ટકા ૦॥ લેખે લઇ તે મધ્યે તેણે પોતાની વડાળા મધેની જગ્યા રેણાક વાલી ગોગરી ફલીઆમાં આવેલી છે તે જેની ચતુર દીશા નીચે બતાવવામાં આવી છે તે ચીતગરણે માંડી આપીછે આ રૂપીઆનું વ્યાજ શાં. ૨૦૦૨ના જેઠ વદ ૩થી ચડે છે જેમાં મારી મતાદારણે કંઇપણ મને વ્યાજ આપ્યું નથી એટલે મારા મુદલ રૂા ૧૨૦૦ બારસો તથા શાં ૨૦૦૨ના જેઠ વીદ ૩થી જે વ્યાજ ચડયું છે તથા હવે પછી ચડશે તે એમ મારા મુદલ રૂપીઆ ૧૨૦૦ બારસો વ્યાજુ ટકા ૦॥ લેખે આ જગ્યા ઉપર લેણા છે મારી મતાદાર આ જગ્યા કોઇને વેંચ સાટ કરે તો આ જગ્યા સર મારૂ મુદલ રૂા ૧૨૦૦ નું વ્યાજુ લેણું છે જેથી આ જગ્યા મારા લેણા માટે જવાબદાર છે એમ સર્વ લોકોને જાણ કરૂં છું.

જગ્યાની ચતુર્દીશા

૧ ઉગમણી બાજુ શા ગાંગજી દેવજીની જગ્યા છે.

૨ આથમણી બાજુ ગોગરી ફલીઆનો ચોક છે

૩ ઉતરાદી બાજુ વરંડીઓમાં જવા આવવાનો રસ્તો છે

૪ દખણાદી બાજુ શા વેલજી રાયશીની જગ્યા છે.

શાં ૨૦૦૩ના ફાગણ વીદ ૬ ભોમે

શા ડુગરશી હંશરાજની સઈ દઃ પોતાના

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE.

PUBLISHED BY AUTHORITY

[પુ૦ ૭૪મું] ચૈત્ર સુદ ૧ બુધવાર સંવત ૧૯૩૩ તા. ૨૭મી માર્ચ સને ૧૯૪૭ (વિશેષ અંક)

ધારો

No. 394 of 1947.

NOTIFICATION.

Lieut Colonel His Highness Maharajadhiraj Mirza Maharao Shri Sir Vijayarajji Savai Bahadur, G. B. E., Maharao of Kutch, is pleased to pass the following order regarding payments by the Guarantee Holders to cover the cost of administration by the State:-

(1) All Guarantee Holders are liable to pay the Government of Kutch a contribution towards the cost of administrative services. The contribution shall be recoverable as a revenue demand and shall be realised, if any of the Jagirdars fails to make payment, by the ordinary revenue processes of the State such as attachment and sale of the defaulting Jagirdar's movable or immoveable property.

(2) The Jagirdars noted in the margin whose incomes have been ascertained by Mr. Indravadan Mehta in his second Report are liable to pay an immediate levy according to the scale specified in clause (5) below.

1. Roha, 2. Adesar, 3. Chitrod, 4 Wandhia, 5. Winjhan, 6. Palansawa, 7. Gedi, 8. Vijpasar 9 Jadodar, 10. Kera.

(3) His Highness will appoint a special officer to ascertain and report on the incomes of Jagirdars believed to possess incomes exceeding Krs. 3,600/- per annum.

(4) The basis of assessment to the administrative tax shall be "income."

(5) The percentage of contribution at the outset will be on the following graduated scale:-

(i) 20% for a Jagirdar with revenue over Krs. 1,50,000/- per annum.

(ii) 15% for a Jagirdar with revenue over Krs. 75,000/- but under Krs. 1,50,000/- per annum.

(iii) 10% for a Jagirdar with revenue under Krs. 75,000/- but more than Krs. 3,600/- per annum.
Separate payments by Jagirdars in the shape of education, vaccination cesses, etc shall be abolished and considered as having been included in the above contribution.

(iv) No contribution will be levied from a Jagirdar with revenue under Krs 3600/- per annum.

When computing these percentages account shall be taken of Jamabandhi payments made by Jagirdars from [illegible] of payments lost to them due to their being deprived of jurisdiction.

(6) His Highness may revise the scale of contribution, prescribe the number and dates of instalments, the rate of interest on belated instalments and the nature of exemptions as he may consider fit.

Dewan's Office,
Bhuj, 24th March, 1947.

Tribhovandas J Raja,
Dewan, Kutch.

GOVERNMENT OF KUTCH.

No. 0.7 of 1947.

Order.

In pursuance of para 3 of notification No. 394 dated the [illegible] March, 1947, His Highness the above-named has been pleased to appoint Mr. J. J. Ashar, B. Sc., (Edon) London, [illegible]-at-Law, Naib Dewan, Kutch, as Special Officer to ascertain and report on the incomes of Jagirdars believed to possess incomes exceeding Krs 3,600/— per annum.

Dewan's Office,
Bhuj, 27th March, 1947.

Tribhovandas J. Raja,
DEWAN, KUTCH.

☞ આ પત્ર શ્રી કચ્છ દરબારી છાપખાનામાં છાપ્યું.

KUTCH STATE GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 74] TUESDAY 8th APRIL 1947 [No. 20]

[પુ૦ ૭૪] ચૈત્ર વદિ ૩ મંગળવાર સંવત ૨૦૦૩ તા ૮ મી એપ્રીલ સને ૧૯૪૭ [અંક ૨૦]

એફ. ૧૪૧ **ઠરાવ.**

હાલ કચ્છના તાલુકાઓ તથા ગામોમાં નિયમન તળે- કંટ્રોલમાં – લેવાયેલ વસ્તુઓની વહેંચણી તાલુકા સમિતિઓ તથા ગામ સમિતિઓ મારફતે કરવામાં આવે છે. સદરહુ તાલુકા તથા ગામ્ય સમિતિઓને તેમને ફુડ સપ્લાઇઝ ખાતાં તરફથી જે કંઈ માલ કે કામગીરી સોંપવામાં આવે તે અગે તેમના તરફથી કાઇ ગેર રીતિ કે ગોટાળો કે નીયમન અગે થયેલ હુકમોનો ભંગ કરવામાં આવે તો તેની યોગ્ય તપાસ કરવા અને થયેલ ગેરરીતિ વગેરે બાબત કેરી ૧૦૦૦ રૂપ્યા હજાર સુધી પરચુરણ રીતે દંડ કરવાનો અધિકાર રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝને આપવામાં આવે છે.

૨. ઉપરની કલમ ૧ એકમાં જણાવ્યા પ્રમાણે નિયમન થયેલી વસ્તુઓની કામગીરી સમિતિઓ સીવાય બીજી કોઇ સંસ્થા વ્યક્તિ કે વ્યક્તિઓ કરતા હોય તો તેમને તથા નિયમન થયેલા વસ્તુઓ લેનારને Consumer પણ તેમના તરફથી કાંઇ ગેરરીતે કે નીયમન અગે થયેલા હુકમોનો ભંગ કીધી કે આડકતરી રીતે કરવામાં આવે તો ઉપરની કલમ ૧ એક લાગુ પડશે અને તે અનવયે સજા થઇ શકશે.

૩. ઉપર પ્રમાણે રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝ તરફથી થયેલ હુકમ ઉપર માસ એકની અંદર મે. રા. રા. દિવાનજી સાહેબ સમક્ષ અપીલ થઇ શકશે.

૪. ઉપરના પેરા એક તથા બે અનવયે કોઇ કામમાં કોરી ૩૦૦૦ ત્રણ હજારથી વધુ દંડ કરવાની જરૂર છે એમ રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝને જણાયથી તેવા કેસો મે. રા. રા. દિવાનજી સાહેબ સમક્ષ ચોતરફના લાભપ્રદ સહિત નિકાલ થવા મોકલી આપશે અને તેવા કેસોમાં મે. રા. રા. દિવાનજી સાહેબ પોતાને ઠીક લાગે તેટલી હદ સુધી દંડની શિક્ષા ફરમાવશે. મે. રા. રા. દિવાનજી સાહેબનો તેવો ઠરાવ આખરનો ફેસલો મનાશે. આ પ્રકારના ફેસલા ઉપર અપીલ થઇ શકશે નહિ પરંતુ યોગ્ય કાર્યોસર રા. રા. દિવાનજી સાહેબ પોતેજ અગર પક્ષકારની અરજ ઉપરથી ૬૦ સાઠ દિવસની અંદર –રિવ્યુ– કરી તપાસમાં તેવો ફેરફાર થઇ શકશે.

હાલ જે કેસો બાકીમાં છે. તેનો નિકાલ આ ઠરાવ અનવયે કરવાની મંજુરી આપવામાં આવે છે.

મીતિ. ફાગણ વદ ૧૨ મંગળવાર સં. ૨૦૦૩ તા. ૧૯-૩-૪૭.

Tribhovandas J. Raja,
દિવાન કચ્છ.

રે. જા. નં. ૨[illegible]૭ **યાદી.**

મુંદ્રાનાં [illegible] હરતેની પ્રાંતમાં મોરી [illegible] તથા રૂ. ૨૦૦-૪-૦ બસો અને ચાર આ[illegible] તે રકમ તેણે ભરી આપતાં [illegible] વિશેષ શિક્ષા ન કરતાં તેને નોકરીમાં [illegible] કરી તેના જમીનપાની તથા [illegible] કરવામાં આવી છે માટે તેને [illegible] બાબતમાં દાખલ કરવો નહીં.

મિતિ [illegible] સુદ [illegible] શાં. ૨૦૦૩.

તા: ૧૯-૩-૪૭.

Tribhovandas J Raja,
દિવાન કચ્છ.

જ્યુ. જા. નં. ૧૯૬૨ **ઠરાવ.**

શ્રી ક. ઓર્ડર નં. ૧૮૯ શાં. ૨૦૦૩ વાળાથી ભા[illegible] તાલુકા માટે ચાલતી સાલના ચૈત્ર સુદ ૨ સુધી [illegible] પ્રતીબંધનું જે ફરમાન થયેલ છે તેની મુદત પુરી થવાની તારીખથી માસ ૨ બેની વિશેષ મુદત લગી સદરહુ ફરમાનનો અમલ જારી [illegible] ઠરાવવામાં આવે છે.

ચૈત્ર સુદ ૨ સોમવાર શાં. ૨૦૦૩. તા. ૨[illegible]-૩ [illegible]

જ્યુડીશીયલ બેન્ચ.
ભુજ.

Tribhovandas J. Raja,
દિવાન કચ્છ.

રે. ક. નં. ૨૩૧૨ **ઠરાવ.**

શ્રી [illegible] ઓર્ડર નં ૪૧૬ તા: ૨[illegible]-૧૧-૪[illegible] [illegible] નં. ૧ માં શદરહુ ઠરાવનો અમલ [illegible] ચાલુ ન પાડવાનું ઠર્યું છે. તેથી [illegible] તે ઠરાવનો અમલ ચાલુ ન પાડવાનું ઠરાવવામાં આવે છે.

મિતિ: ચૈત્ર સુદ ૪ બુધવાર શાં. ૨૦૦૩

તા: ૧૬-૩-૪૭.

Tribhovandas J. Raja
દિવાન કચ્છ

રે. જા. નં. ૨૩૧૬ **ઠરાવ**

આ રાજ્યના અરીબુના [illegible] અરીબુ તેમજ કોકેનના નિકાસ બાબતનો [illegible] ગુનો નોટીફીકેશન ઠરાવવામાં આવે છે

ચૈત્ર સુદ ૪ બુધવાર શાં ૨૦૦૩

તા: ૨૬-૩-૪૭.

Tribhovandas J. Raja,
દિવાન.

એફ. નં. ૧૪૫ **નોટીફીકેશન.**

નોટીફીકેશન નં. એફ. ૩૮૦ તા. ૧૮-૬-૪૬ ફક્ત કોપરેલ તેલને લાગુ પડતો અને તે સીવાય બીજાં કોઈ તેલને તા. ૧-૪-૪૭થી લાગુ પડશે નહિ.

સદરહુ નોટીફીકેશન નં. એફ. ૩૪૦ તા. ૧૮-૬-૪૬ અન્વયે મગફળી તેલના ભાવ તથા જથ્થાબંધ અને છૂટક વેચાણ બાબત જે નોટીફીકેશનો બહાર પાડવામાં આવેલ છે તે તથા નોટીફીકેશનો નં. એફ. ૧૦૮ તથા એફ. ૧૦૯ તા. ૨૧-૨-૪૭ જેથી ઓળ તથા મગફળીના ભાવ મુકરર કરવામાં આવ્યા છે તે તા. ૧-૪-૪૭થી રદ કરવામાં આવે છે.

તા. ૨૬-૩-૪૭.

Tribhovandas J Raja,
દિવાન કચ્છ

જયુ. જા. નં. ૨૦૩૧ ઠરાવ

કચ્છ સ્મોલ કોઝ કોર્ટ એકટની હાલની કલમ ૧૦મી રદ કરી, તેને બદલે નીચેની કલમ ૧૦ દાખલ કરવી કચ્છ સ્ટેટનું ફરમાન થયું છેઃ—

૧૦. આ સાથે જમાણેના મુકદમાઓમાં થયેલ કોરી ૧૦૦ કિકસા કિંમતનાં હુકમનામાં ઉપર [illegible] તા. [illegible] ની હાઈકોર્ટમાં ૩૦ દીવસ દિવસની મુદતની અંદર અપીલ કરી શકશે પરંતુ તે પ્રસંગે અપીલ પ્રતિવાદીએ હુકમનામાંની રકમ કોર્ટમાં અનામત રાખવી પડશે અગર તેટલી રકમ પુરતો જામીન આપવો પડશે.

મીતી ચૈત્ર શુદ ૫ ગુરૂવાર સં. ૨૦૦૩. તાઃ ૨૭-૩-૪૭.

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

ઠરાવ.

જયુ. જા. નં. ૨૦૬૯.

ભુજ નગરસભાના શ્રી રાજ્ય નિયુક્ત સભ્ય ભાઈશ્રી ઓસમાણ આમદને નગરસભાની સભાઓમાં સતત ગેરહાજર રહેવાને લીધે તેમને સભ્ય તરીકે કમી કરવામાં આવેલ હોવાં તેની ખાલી જગોએ જખઉના સોનારા કાજી અબાના હાજી નુરમહમદને જખઉ નગરસભાના શ્રી રાજ્ય નિયુક્ત સભ્ય તરીકે નીમવામાં આવે છે.

મિતી ચૈત્ર શુદ ૯ સોમવાર સંવત ૨૦૦૩ તા. ૩૧-૩-૪૭.

J. J. Ashar,
ફોર દિવાન કચ્છ.

IN THE HIGH COURT OF JUDICATURE AT BHUJ KUTCH.

H. C. O. No. 1211 BHUJ, 17 th. March 1947.

TO

Navinlal Amritlal Mankad, B. A. LL; B.

In conformity with section 12 of the Kutch High Court Act, you are hereby approved, admitted and enrolled as/a pleader and thus allowed to practise in the High Court and in all the courts subordinate to it.

S. M. Kaikini.
Chief-Justice.

NOTIFICATION.

એમ જગ્યાઓ દશ તથા તેના દસ્તાવેજો કુલે માગ કબજા ભોગવટામાં હોઈ મારી સ્વતંત્ર માલીકી નાં છે તેમાં મજકુર તુલશીદાસ માધવજી નો કાંઈ હક હીસો અલાખો છે નહી મજકુર જગ્યાઓ સારામાં સારી કીમત મળેતો અમે વેચવા ઇચ્છા રાખીએ છીએ જેઓને આ જગ્યાઓ બધી અથવા તે પૈકીની કોઇપણ જગ્યા વેચાણ લેવા વિચાર હોય તેઓએ નીચે સહ કરનારને મળવુ અગર પત્ર વહેવાર કરવો

મિતી ચઇત્ર સુદ ૨ સોમવાર શા ૨૦૦૩

લી. પ્રાગજી વાલજી ઠકકર

મુદ્દરા કચ્છ

ખાનગી જાહેર ખબર.

આથી જાહેર જનતાને તથા લાગતાવળગતાઓને ખબર આપવામાં આવે છે કે

ભુજના મેમણ ફાજલ મામદ હાજી ઇબરાહિમ બક્ષી આસરે પાંચેક વર્ષ થયા ગુજરી ગયા છે. અને તેમના હૈયાત સગાઓમાં તેનો દીકરો નામે અબ્દુલા છે તથા ફાજલમાંમદની વિધવા નામે આઈસાંબાઇ છે અબ્દુલામુંબઈ વસે છે. અને આઇસાંબાઇ જે અબ્દુલાની ઓરમાન માતાજી થાય છે તે દેસમાં વસે છે. મરહુમ મેમણ ફાજલમાંમદની મિલ્કતની વ્યવસ્થા કે વેચ સાટ કરવા આઇસાંબાઈને કાંઇ હકક નથી છતાં અમારા અસીલ અબ્દુલા ફાજલમાંમદના હકક અને હિતને નુકશાન કરવા મજકુર આઈસાંબાઇ એ ભુજના વોરા અબ્દુલા કાદરભાઇ સાબકલવાલાને એક જગ્યા વેચાણ કરેલ હોવાનુ અમારા અસીલને જાણવામાં આવેલ છે, માટે અમારા તરફથી મળેલી સુચના અનુસાર ખબર આપવામા આવે છે કે મરહુમ મેમણ ફાજલમાંમદ હાજી ઇબરાહિમની મિલ્કત પરત્વે મજકુર આઈસાંબાઈ સાથે સાથે કોઈએ કાંઇ વહેવાર કે વહીવટ કરવો નહિ કારણ તેણીને તેમ કરવા કાંઈ હકક કે અધિકાર નથી કે તેણીને કાયદેશરની જરૂરીઆત નથી તેમ છતાં સદરહુ મિલ્કત પરત્વે કોઇ કાંઇ વહેવાર કે વહીવટ કરશે તે તેના પોતાના હિસાબે અને જોખમે કરશે અને અમા

રો અસીલ કે સદરહુ મિલ્કત તે માટે જવાબદા
ર રહેશે નહિ

કચ્છ માંડવી.
૨૦૦૩ ચૈત્ર સુદ ૭
શનિવાર તા. ૨૯-૩-૪૭

વકીલ કાંતિલાલ
ગોવરધનદાસ

મેમણ અબ્દુલા ફાજલમામદ
હાજી ઇબ્રાહિમના વકીલ

ખાનગી જાહેર ખબર

હું અંજારના ખોજા રજબઅલી બદલી આથી જાહેર જનતાને જાહેર કરૂં છું. કે અમો બે ભાઇ છીએ અને અમો બંને ને અમારા પિતાએ શ. ૧૯૯૬ની શાલે પોતાની ઇચ્છા અનુસાર કાળા કરી મિલ્કત કબજે સોંપી જુદા કર્યા છે સદરહુ કાળાથી કેટલીક મિલ્કત વેચણ કર્યાવગરની રાખી છે અને તે અમારા વડીલ દાતુધીશાણીના વખતની છે તેમજ દાતુધીશણી ની મિલ્કત માંથી પણ કેટલીક થયેલ છે અને તેની વહેંચણ અમો બંને ભાઇની રામતિથી કરવા ઠરાવેલ છે તે મિલ્કતનાં કાળાથી તેમજ આ મિલ્કત વડીલો પારજીત છે અને તેથી મિલ્કતમાં મારો જન્મથીજ પણ હક છે અમારા પિતા મારી સમતિ વગર વહેચાણ કરી શકે નહિ અલું છતાં મારા હકને નુકશાન કરવા માટે મારા પિતા વેચાણ કરવા કે ગીરો મુકવાની તજવીજમાં છે જેથી સદરહુ મિલ્કત પૈકી કોઇપણ કોઇપણ ખરીદશે કે ગીરો લેશે તો તે માટે અમારી મિલ્કત જવાબદાર નથી અને ખરીદાર ધીરનારનાં નાણાં જશે.

વળી એવું પણ જાહેર કરૂં છું કે અમારી અમારા પિતાને નામે મવાંરાપણાંમાં ધીરધાર છે તેમાંથી કેટલીક મારે ફાળે આવેલ છે એટલે આવી ધીરધારની રકમ કોઇએ પણ અમારા પિતાને અમાને પુછયા સિવાય આપવી નહિ આપશે તો અમો જવાબદાર ન હોતાં આપનારના પૈસા જસે અને દેણદાર મારી પાસે જવાબદાર રહેશે

મીતી ચઇત્ર શુદ ૯ શા. ૨૦૦૩ ના

ખોજા રજબઅલી બંદાલીની સહી
દા. પોતાના અંજાર કચ્છ

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને જાહેર કરવામાં આવે છે કે કચ્છ રાજ્ય પત્રના અંક ૧૮ ફાગણ વદ ૨ રવીવાર સાં ૨૦૦૩ વાળાના પાના ૨૩૫ પર માંડવીના ગુશાઇ લાલગરજી રામચન્દ્રગરજી એ એક જાહેર ખબર છપાવી છે તેમાં તેની પાસેથી માંડવી મધ્યે બારીવાલા નાકા બહાર નો વાડો તેમણે મને નવાણુ વર્ષની બંધીથી કારી ૧૧૦૦૦ અગીઆર હજારમાં વટાંત્ર માડી આપેલ છે અને તેમાં ગમેતે પ્રકારની મરજી મુજબની ઇમારત કરવાની પણ છુટ આપેલ છે અને તે પ્રમાણે તે વાડા ઉપર મે હજારો કોરીઓનુ ખર્ચ કરી વાડાને બહુજ સારી કીમત ઉપજેતેવુ બનાવેલ છે તે વાડા પર જે મે ખર્ચ કર્યુ છે હવે મારી સ્થતી નજરે પોષાઇ શકે તેમ નથી હું વ્યાજના બોજામાં છુ જેથી મારે એ વેચવો છે તે વખતે મારા મતાદાર ગુશાઇ લાલગરજી રામચન્દ્રગરજી એ પોતા માટે મોટી રકમની માગણી કરી જે મે નઆપી અને કાયદેશર તો મારી પાસેથી લઇ શકે તેમ પણ નથી જેથી તેણે પોતાના સ્વાર્થ ખાતર તથા મારા બીજા વીરોધીઓ એ ભેળા મળી આ ખોટી અને રકાયદેશરની જાહેરાત કરેલછે જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે તે વાડાનુ મારે વેચાણ કરવુ નહી તેમજ પૈસા ઉપાડવા નહી એવી જાતનુ જણાવવામાં આવ્યુ છે પરંતુ આવા પ્રકારની શરત દેખીતી ગેરકાયદેશર છે અને કાયદેશર નહોય એવી કોઇ શરત પળી શકે નહી તે દેખીતુ છે પરંતુ ઉપર જણાવ્યા હેતુશર ગુશાઇ લાલગરજીએ પોતાનો સ્વાર્થ સાધવા માટે અને મને ખોડી રીતે દબાણમાં રાખવા માટે જાહેરાત કરેલ છે તે જાહેરાત કરવાને તેને કશો હક નથી અને કાયદેશર પણ નથી અને સદરહુ વાડો હુ સ્વતત્ર રીતે મારા હકનુ કાયદા પ્રમાણે વેચાણ કરી શકુછુ જો હકીકત જાહેર જનતા ને સ્પષ્ટતા માટે જણાવુછુ

મીતી ચૈત્ર શુદ ૧૩ ગુરૂવાર શાં ૨૦૦૩

ગુ. પ્રેમગરજી ત્રોકમગરજી ની સહી દા.
પોતાના

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે હું રહેવાસી ભુજ નો હાલ નોકરી ને અંગે આઠ દસ વરસથી નરસીગઢ હુછુ મારો મોટો દીકરો દીનકરરાય મારી સાથે નરહેતા ભુજ રહેછે ને ત્યાં બદસોબતે ચડીને સ્વછંદ પણે વરતે છે તેની સાથે કોઇએ પણ કાંઇ ચીજ વરતનો કે પૈસા ની લેતી દેતીનો વેહેવાર રાખવો નહી છતાં જો કોઇ રાખશે તો તે પોતા ને હીસાબે ને જોખમે સમજવો તેમાં હુ કે મારી મીલકત જવાબદાર નથી

મીતી ચઇત્ર શુદ ૧૪ વાર શુકર સાં. ૨૦૦૩

લી. ભટ મોહનલલ લે નથુભાઈ દા પોતાના

જાહેર ખબર

ગામ શ્રી દેસલપુર (કંઠીવાલી) ના મારા અસીલો શા દેવજી ધારસી શા નરસી ઊમરસી લાલજી ઊમરસી તથા મોરારજી ધનજી ખેરાજ વેલાણી તરફથી મને જણાવવાની સુચના થઇ છે કે ગામ શ્રી દેસલપુર (કંઠીવાલી) મુંદ્રા તાબે કચ્છના શા નાનજી મોણસીની વિધવા રતનબાઈએ સાં. ૨૦૦૩ના આસો વીદ ૩ રવીવાર (તા. ૧૩–૧૦–૪૬) ની મીતિએ શા કરમસી પાલણ પતરીવાલાની વિધવા બાઈ વેલબાઈ કે જેઓ રતનબાઈના ગત પતિના ભાણેજી થતા હતા તેમના નામનું મારા અસીલોની વડીલો પાર્જીત દેસલપુર મધ્યેની જગ્યા ૧ વાડી ૧ તેમજ બીજી સ્થાવર જંગમ મિલકત દરદાગીના તથા રાચરચીલું નું વીલ કરેલ છે કે જે કરી આપવા તેમને હિંદુ વિધવા તરીકે અધિકાર નહતો અને આ મિલકતના મારા અસીલો નાનજી મોણસીના પિતરાઈ ભાઈઓ હોઈ તેઓ કાયદેશરના વારસ છે પણ રતનબાઇએ તેમના ભોળપણ અને અજ્ઞાન પણે લઈને તેમની માંદગીના સમયે ગામના બે ગહરથોની પહયે ચડી વીલ કરી આપેલ છે તે મારા અસીલોને બાકાત રાખી. તેમના હક્ક ડુબાડવાની ખાતર કરેલ હોઇ રદ બાતલ છે. વાસ્તે આ મિલકત કોઇ વેચાણી ગીરવી કે બક્ષીસ લેશે કે તે મિલકત પર ધીરધાર કરી બોજો કરશે તે તેમના હિસાબે અને જોખમે કરશે મારા અસીલો તેને માટે જવાબદાર નથી. એજ.

તા. ૭–૪–૧૯૪૭.

વકીલ મોતીલાલ નાથાભાઇ છેડા તે શા દેવજી ધારશી નરશી ઊમરશી લાલજી ઊમરસી તથા મોરારજી ધનજી ખેરાજ વેલાણીના વકીલ.

ખાનગી જાહેર ખબર

હુ નીચે સહી કરનાર આથી સર્વને ખબર આપુછુ કે સા ૨૦૦૩ ના ચઈત્ર શુદ ૨ નીમીતી ના દરબારી ગેઝેટ આંક ૭૪ અંક ૧૯ પાને ૨૫૧ ઉપર શાં. ૨૦૦૩ના ફાગણ વીદ ૧૦ સોમવારની મીતીની લખેલી જાહેર ખબર જોશી શાંન્તીલાલ મુરજી તરફથી છપાવવામાં આવેથી તેના અનુસંધાનમાં નીચેની હકીકત જાહેર જનતાને જાણ કરું છું.

ગામ શ્રી ભુજ મધ્યે કાનજીઆણી ફળીયા વાલી જગ્યા એક જે મેમણ વલીમામદ સુલેમાન પાસે ભાડે હતી અને તે જગ્યા કરાંચી વાલા હાજી ડોશલની માલેકીની હોઇ હું તેનો ભલામણીયો તથા વહીવટ કરનાર હોતાં મેમણ મજકુરને મે ભાડે આપેલ તે તે હમણાં તેના વારસો પૈકી મેમણ અલી વલીમામદ વેંચસાટ કરવાની તજવીજ કરે છે અને તે બાબતની એક જાહેર ખબર છપાવવામાં આવેલ તેમાં વલીમામદ સલેમાનના નામથી ઓળખાતી ફળીયા મજકુરની ઉત્તરાદી મુહાડની ડેલી લખ્યું છે તેવી કોઈ ડેલી તે નામથી ઓળખાતી નથી તેમ વલીમામદ સલેમાનના નામથી ઓળખાતો કોઈ ફળીયો નથી મેમણ વલીમામદ સલેમાનને ઉપર લખી જગ્યા ભાડે આપેલ તે જગ્યા ઉપર ખુડ હતો તે પડી જતાં જગ્યા ખાલી થએલ તે લાકડા છાંણા રાખવા માટે મેમણ આમદ વલીમામદને આપેલ અને તે પર જુજ ખર્ચ કરવાની શરતો વગર ભાડે આપેલ છે હાલે મેમણ આમદ વલીમામદ ગુજરી ગએલ હોતાં તેના ભાઈ મજકુર જગ્યા વેંચસાટ કરવાની તજવીજ કરે છે નેનો આ જગ્યામાં કંઇ હક્ક નથી એટલે આ જાહેર ખબરથી જાહેર જનતાને જાણ કરું છું કે આ જગ્યા કોઇએ વેંચાતી કે બીજી કોઇ રીતે લેવી નહીં તેમજતે અંગે કાંઈ વહેવાર કોઈએ કે જોશી શાન્તીલાલ મુરજીએ કરવો નહીં અને તે છતાં કોઈ શખસ

કે જેની મજકુર આ જગ્યા બાબતમાં કંઈ વહેવાર કે વેંચસાટ કે બીજી રીતે કાઈ કરશે તે તેને જોખમે કરશે અને તે વહેવાર કરાંચીવાલા હાજીડોસલ કે મને બંધન કર્તા થશે નહીં કે જગ્યા જવાબદાર થસે નહીં એવી આથી જાણ કરૂં છું.

ગીતી ચૈત્ર વીદ ૭ શનીવાર શાં૦ ૨૦૦૩

મેમણ ફાધલ આદમની સઈ દા. પોતાનાં

ખાનગી જાહેર ખબર

હું અંજારના વહમભાટ અમતલાલ પોપટની વીધવા કાશીબાઇ આથી સર્વ લોકોને ખબર આપું છું કે મારી કુંટુમ્બીક જેઠાણી ભાટ જટાશંકર હરિરામની વીધવા કુંવરબાઇએ શ્રી કચ્છ રાજ પત્રમાં માહા વીદ ૨ શુક્રવાર શાં. ૨૦૦૩ની ગીતીએ મારા રળતંત્ર કબજા માલીકીની વાડી નામે હુમકાવાલી જે પંજોપીરની ધાર નીચે આવેલી છે. તે સબંધમાં કોઈની ઉઠ્ઠેરણી શદરહું બાકીની પોતે માલીક હોના અને તેનો દસ્તાવેજ પોતાના પતીના ધનીક પણાનો હોવા કહી હળ હળતી જુઠી અને તદન કલ્પીત હકીકત લખી જનતાને ખોટી રીતે ઉશ્કેરી મને ક્લેશલાપથી નુકશાન કરવાના ઈરાદા રૂપે છપાવેલ છે.

તેણી અમારા કુંટુંમ્બની માત્ર નીમનાક ખાનારી વીધવા હોઈ નીમનોકના કરાર પ્રમાણે અમારા તરફથી ઉધાર વાર્ષીક કોરી ૧૫૦) કોઢસો અપાય છે. તે શિવાય તેણીનો મારી ઉપર વર્ણવી બીડીમાં કે બીજી મિલ્કતમાં કોઇ જાતનો હક હલાવો નથી તે જાણ થવા આથી જાહેર કરૂં છું

ચૈત્ર વિદ ૧૧ બુધવાર શાં ૨૦૦૩

ભાટ અમતલાલ વી વીધવા કાશીબાઈ ની સઈ દા: પોતાના

☞ આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 74] WEDNESDAY 7th MAY 1947 [No. 22]

[પુ૦ ૭૪] વૈશાખ વદિ ૨ બુધવાર સંવત ૨૦૦૩ તા. ૭મી મે સને ૧૯૪૭ [અંક ૨૨]

No. 807 of 1947.

ORDER.

The Director of Civil Supplies should deal with the procurement and distribution of Iron and Steel for all local requirements including those of agrilculture. industries and of the general public.

Dewan's Office,
Bhuj, 8th March 1947.

Tribhovandas J. Raja
Dewan

નં. F. ૧૪૫. ઠરાવ.

ઓફ નં. ૧૯૪ તા૦ ૯-૨-૪૫ વાળા ઠરાવથી નિમાએલ ફુડ એડવાઇઝરી બોર્ડની પુનરરચના કરવાનું જરૂરી જણાતા નિચે પ્રમાણે ફુડ એન્ડ કસોય એડવાઇઝરી બોર્ડ બીજો હુકમ થતા સુધી નિમવામાં આવે છે.

૧. ફુડ એન્ડ કસોય એડવાઇઝરી બોર્ડના નિચે જણાવ્યા પ્રમાણે સભ્યો રહેશે.

૧. મે. રા. રા. દિવાનજી સાહેબ. પ્રેસીડેન્ટ.
૨. મે. રા. રા. નાયબ દિવાન સાહેબ. વાઇસ પ્રેસીડેન્ટ.

ઓફીશીયલ સભ્યો.

૩. રા. રા. રેવેન્યુ કમીશ્નર સાહેબ.
૪. રા. રા. ચીફ કસ્ટમ ઓફીસર સાહેબ.
૫. રા. રા. પોલીસ કમીશ્નર સાહેબ.
૬. રા. રા. ડીરેક્ટર ઓફ ફુડ સપ્લાઈઝ સાહેબ. } જોઇન્ટ
૭. રા. રા. ડીરેક્ટર ઓફ સીવીલ સપ્લાઇઝ સાહેબ. } સેક્રેટરી.

નોન ઓફીશીયલ સભ્યો.

ભુજ તાલુકો.

૮. શ્રીયુત મુલાબશંકર અમૃતલાલ પોળકીયા.
૯. શ્રીયુત મુળશંકર કુવરજી ગોર.
૧૦. શ્રીયુત ફુલશંકર પટણી.
૧૧. શ્રીયુત જયરામ વિશ્રામ.
૧૨. શ્રીયુત પદમચંદ ગાંધવાણી.
૧૩. શેઠ [illegible] ગાંધીવાણી.

માંડવી તાલુકો.

૧૪. શ્રીયુત કલ્યાણજી ધનજી. ૧૫. શ્રીયુત ફુલચંદભાઇ મહેતા.
૧૬. શાહમ અલી જીવનજી વોરા શેઠ. ૧૭. શ્રીયુત ભીમજી પ્રેમજી.

અંજાર તાલુકો.

૧૮. શ્રીયુત કાંતીપ્રસાદ ચંદ્રશંકર અંતાણી. ૧૯. શ્રીયુત જયરામદાસ જેઠાભાઇ નથમાધી.
૨૦. બારડ ઉમર લધા ૨૧. શ્રીયુત પરસોતમ શામજી વરૂ.
૨૨. શ્રીયુત ખીમજી આવજી. ૨૩. શેઠ. અબ્દુલકાદર સુલ્તાજી વોરા.

મુંદરા તાલુકો.

૨૪ શ્રીયુત રેવાશંકર હરીશંકર, ૨૫. શ્રીયુત રણછોડભાઇ નાથા,
૨૬. શેઠ. લધુભાઇ જાનમામદ.

અબડાશા તાલુકો

૨૭. શ્રીયુત હાથીભાઇ જી. ત્રીવેદી. ૨૮. શ્રીયુત ડા. કે. એચ. રાવ.

લખપત તાલુકો.

૨૯. શ્રીયુત શામજી ખટાઉ.

નખત્રાણા તાલુકો.

૩૦. શ્રીયુત ભૈયરલાલ વેલજી ૩૧. શ્રીયુત આણજી. પણવુ,
૩૨. શ્રીયુત ખીમજી ત્રીકમજી કોઠારી.

લયાઉ તાલુકો.

૩૩. શ્રીયુત કરસન જારા ૩૪. શ્રીયુત મોતીલાલ લખમણ ગાકડીયા
૩૫. શ્રીયુત ચાંપસી બણથી

રાપર તાલુકો.

૩૬. શ્રીયુત જાદવજી રાઘવજી ૩૭ શ્રીયુત જાદવજી મનજીભાઇ.

બન્ની

૩૮ નોડે ગુલામમદ.

૨. આ બોર્ડની કામગીરી નીચે પ્રમાણે રહેશે. :-

-૧- આ બોર્ડ અનાજ તથા કાપડના નિયમન અંગેના પ્રશ્ન અંગે ચર્ચા કરી રા. રા. પ્રેસીડેન્ટ સાહેબને યોગ્ય સલાહ આપી શકશે.

-૨- અનાજ તથા કાપડની વહેચણી બાબતમા આ બોર્ડ યોગ્ય સગવડોની ભલામણ કરવાની ભલામણ કરશે.

-૩- જુદી-જુદી જાતના અનાજ તથા કાપડનું બાર નિયમન કરવામાં આ બોર્ડ તરફથી સુચનાઓ તથા પુરતું લક્ષ આપવામાં આવશે.

-૪- અનાજ તથા કાપડની કચ્છ બહારથી આયાત કરવામાં તથા સ્થાનીક પેદાસના અનાજ તથા કાપડ નિયમન કરવામાં તેમજ અનાજનો સંગ્રહ કરવાના પ્રસંગોમાં પણ આ બોર્ડની સલાહ લેવામાં આવશે.

-૫- ઉપર જણાવ્યા પ્રમાણેની કામગીરી અંગે અનાજ તથા કાપડની જુદા જુદા ગામોમાં વહેચણી કરતી કમિટિઓ અમર સરકારની તપાસ આ બોર્ડ કરી શકશે.

-૬- રાજ્યના જુદા જુદા તાલુકાઓમાં સસ્તા અનાજની પીઠઓ વધુ પ્રમાણમાં ચાલુ કરાવવા માટેની યોગ્ય વ્યવસ્થા બોર્ડ કરશે

૩. આ બોર્ડનું કામકાજ બહુમતિથી થશે, જ્યાં સરખા મત થતા હોય ત્યાં બોર્ડના પ્રેસીડેન્ટ સાહેબ કાસ્ટીંગ વોટ આપી શકશે.

૪. આ બોર્ડની બહુમતિએ પસાર થયેલ ઠરાવો અમલી બનાવવામાં કચ્છ ગવર્નમેન્ટ તરફથી પુરતું લક્ષ આપવામાં આવશે.

૫. આ બોર્ડની સભા ઓછામાં ઓછી દર ત્રણ માસે એક વખત બોલાવવામાં આવશે. યોગ્ય કારણસર રા. રા. પ્રેસીડેન્ટ સાહેબ એક અઠવાડીયાની નોટીસ આપીને અસાધારણ સભા બોલાવી શકશે

૬ આ બોર્ડના સભ્યો જ્યારે સભા બોલાવવામાં આવી હોય તેમાં હાજરી આપવા ભુજ આવશે ત્યારે તેમને રાજ્યના ખર્ચાને તરીકે રાખવામાં આવશે ભુજ આવવા જવાનું ખાર્ચ ભાડુ અગર બીજા ખર્ચ તેમને આપવામાં આવશે.

287

૭. આ બોર્ડની કામગીરીની મીનીટ જોઇન્ટ સેક્રેટરીઓ રખાવશે અને બોર્ડના નીર્ણયો બાબત યોગ્ય હુકમો મેળવવા તેના તરફથી યોગ્ય પગલાં લેવામાં આવશે.

૮. આ બોર્ડની સભાની એજંડા પ્રમુખ સાહેબની મંજુરીથી તૈયાર કરવામાં આવશે. બોર્ડના જે સભ્યો સભામાં જે વિશયો ચર્ચવા હોય તે એજંડામાં દાખલ કરાવવા ઇચ્છતા હોય તેઓએ મીટીંગની તારીખથી ઓછામાં ઓછા દશ દિવસ પહેલાં પ્રમુખ સાહેબને જાહેર કરવું કે જેથી તે સવાલ એજંડા-કાર્યક્રમમાં દાખલ કરી શકાય.

દીવાન એપીસ

ભુજ તા. ૧૦-૪-૧૯૪૭

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

રે જા. નં ૨૭૬૨. ઠરાવ.

ચાંદા નિકાસ બાબતનાં નીચેનાં હુકમો બીજો હુકમ થતાં સુધી મોકુફ રાખવામાં આવે છે.

હુ. ઓ. ના. ૧૧૫ તા: ૨૩-૫-૪૬ વાળો,

નોટીફીકેશન ના. ૫૬૭૫. તા: ૨૭-૫-૪૬ વાળું.

મીતી: ચૈત્ર વદ ૧૦ બુધવાર સાં. ૨૦૦૩.

તા. ૧૬-૪-૪૭.

Tribhovandas J. Raja.
દીવાન, કચ્છ

No 155 of 1947.

NOTIFICATION.

The Government of Kutch are Pleased to order that the following modification may be made in the Kutch Customs Tariff Order, 1942 :-

"Schedule I. Section 3.

Item 24 (1)	Gold Bullion and Gold Sheets, Bars and Plates which have undergone no process of manufacture subsequent to rolling . . .	Krs. 12½ per Tola.
Item 24 (2)	Gold coins .	Krs. 12½ per Tola.

Dewan's Office,
Bhuj, 16th April, 1947.

Tribhovandas J. Raja,
Dewan, Kutch.

જા. ના ૨૬૮૦ ઠરાવ

હુ. ઓ. ના. ૧૪૨ તા. ૮-૬-૪૬ નાં અનુસંધાનમાં હુકમ કરવામાં આવે છે કે જે જે અધીકારીઓને નીમણુક. પહાતી બરતરફી કરવાના અધીકાર સદરહુ ઠરાવથી આપવામાં આવ્યા છે તે અધીકારીઓ હારી ૨૦૦ સુધી ના પગારદાર નોકરોને ફરેલ ગ્રેડ પ્રમાણે ઠરેલ મુદતમાં આપવા પાત્ર થતું ગ્રેડ ઇન્ક્રીમેન્ટ મંજુર કરી શકશે, પરંતુ તે મંજુર કરવા પહેલાં દરેક ખાતા હસ્તે એક માસમાં જેનું જેનું ગ્રેડ ઇન્ક્રીમેન્ટ આપવા પાત્ર થતું હોય તેનું પત્રક ખાતી વડા એકાઉન્ટ ખાતે મોકલવું જોઇએ અને તેની ખાત્રી લેખાય આવ્યા બાદ જે તે અધીકારી પોતાના અધીકારની અંદર ગ્રેડ ઇન્ક્રીમેન્ટ મંજુર કરી શકશે. એકાઉન્ટ ખાતાની ખાત્રીનું પત્રક આવા વધારાના સહીતનાં પગારબીલ સાથે રહેવું જોઇએ.

ચૈત્ર વદ ૧૧ ગુરૂ સાં ૨૦૦૩

તા. ૧૭-૪-૪૭

Tribhovandas J. Raja.
દિવાન, કચ્છ.

હ. ઓ. નં. ૧૦૭ ઠરાવ.

ફોરેસ્ટ ખાતાંની કામગીરી વધારે સારી રીતે થાય તે માટે ફોરેસ્ટ એડવાઇઝર રાય બહાદુર પ્રેમનાથની ભલામણ મુજબ હવેથી નીચે પ્રમાણે વ્યવસ્થા કરવા યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ હજુરથી ફરમાન થયું છે. આ વ્યવસ્થા હાલે એક વરસ માટે કરવી:-

૧. હાલના જંગલ વિસ્તારના પુર્વ અને પશ્ચિમ એમ બે વિભાગ પાડવા. પૂર્વ વિભાગના ફોરેસ્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે રા. રામસંગજી કાનજી રાઠોડ. D. D. R. અને પશ્ચિમ વિભાગના ફોરેસ્ટ સુપ્રાન્ટેન્ડેન્ટ તરીકે રા. લાલજી પુંજા રતનાણીયા D. D. R., એમ આ બંને અધીકારીઓનો કાર્યપ્રદેશ ઠરાવવામાં આવે છે.

૨. ભુજ-માંડવી રસ્તો તથા ભુજ-રૂદ્રમાતા રસ્તો-સુજંગ ખાવડા સુધી લંબાતા માંડવીથી ખાવડા સુધી રસ્તાની પુર્વનો પ્રદેશ એ પુર્વ વિભાગ ગણવો અને તેની પશ્ચિમનો પ્રદેશ એ પશ્ચિમ વિભાગ ગણવો.

૩. આ બન્ને અધીકારીઓનો દરજ્જો સમાન રહેશે અને તેઓ એક બીજાથી સ્વતંત્ર કામ કરશે તેમની કાર્યવાહીની સુચના દરેકને ઇલાયદી આપવી. રા. ફોરેસ્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ, પુર્વ વિભાગ હસ્તક મેન્ગ્રોવની કામગીરી પણ ચાલુ રાખવી અને તેણે પોતાની ઓફીસનું કામ પોતાના સ્ટાફથી કરવું. ફોરેસ્ટ ખાતાંના એકંદર દફતરમાંથી પુર્વ વિભાગને લગતું દફતર જુદુ પાડવાની સગવડ કરી, સોપવું.

૪. ફોરેસ્ટ ખાતાંની રખાલોની માપણી તથા હદના પથરા ખોડાવવા બાબત બે જુદી જુદી સરવે પાર્ટીઓથી કામ જાર કરાવવું અને હદના પથરા ખોડાવવા તાકીદે બંદોબસ્ત કરવો.

૫. બંને વિભાગમાંથી રખાલોનું ઘાસ સરકારી જાનવરો માટે સંગરો કરાવવાનું કામ જે તે વિભાગના સુપ્રીન્ટેન્ડેન્ટે કરવું.

૬. રા. ફોરેસ્ટ સુપ્રીન્ટેન્ડેન્ટોએ તથા રા. પ્લેન્ટેશન ઓફીસરે એક માસમાં ઓછામાં ઓછા પંદર દિવસ ડીસ્ટ્રીકટમાં ફરવું જરૂરનું છે. ઉનાળાની રૂતુમાં ગરમીના કારણે આ ધોરણમાં ફેરફાર થઇ શકે છે.

મિતી- વૈશાખ સુદ ૨ બુધવાર સાં./૨૦૦૩. તારીખ. ૨૩મી એપ્રિલ ૧૯૪૭.

J. J. Ashar,
નાયબ દિવાન, કચ્છ.

જ્યુ. જા. નાં. ૨૪૦૩ શેરો:-

કેળવણી ખાતાના નાં. ૨૦૪ તા. ૨૬-૪-૪૭ વાળાથી લખાઇ આવેલ હકીકત ધ્યાનમાં લઇ અબડાસા તાલુકાના ગામ નલીઆમાં એક સરકારી પ્રાથમિક શાળા ખોલવાની મંજુરી સાથે તે અંગે એસ્ટાબ્લીશમેન્ટ, કન્ટીજન્સી વિ. માટે લખાઇ આવ્યા પ્રમાણે માસિક ખર્ચની કોરી રૂ૭૫ ત્રણસો પંચોતેર તથા ટેબલ ખુરશીઓ, બ્લેકબોર્ડ વિ. માટે શરૂઆતનું ખર્ચ કોરી રૂ૦૦૦ બે હજારની મંજુરી આપવામાં આવે છે.

આ શાળા અંગે થવાનું તમામ ખર્ચ નલીઆના ભાયાત ભાગીદારોના મજમુ તલોટમાંથી વસુલ લેવાનું છે.

વૈશાખ સુદ ૪ ગુરૂવાર સાં. ૨૦૦૩ તા. ૨૪-૪-૪૭.

J. J. Ashar,
નાયબ દિવાન, કચ્છ.

નં. ૧૭૩. જાહેર ખબર.

રેસીડન્સી બરોડા તરફથી લેટર નં. આર. એમ. ૩-૧ તા. ૧-૪-૪૭. વાળો અત્રે આવેલ છે તેમા જણાવે છે કે ઇસ્ટ આફ્રીકાના કેનીઆના વેટરનરી સર્વીસે જાહેર કર્યું છે કે ડીઝીઝ ઓફ એનીમલ રેગ્યુલેશન ની રૂએ આ દેશમા હિંદથી આવતા બધા કુતરાઓ સામે કવોરટાઇન પ્રતીબંધ ૭ મહીના સુધી મુકવામાં આવે છે આ બાબતમાં કુતરાઓ વેકસીનેશન કરાવેલ હશે તો પણ તેને કવોરટાઇન પ્રતીબંધમાંથી બકાત રાખવામાં આવશે નહી.

ઉપર પ્રમાણેના ખબર સર્વની માહીતી માટે પ્રસીધ કરવામાં આવે છે.

તા. ૨૩-૪-૪૭.

K. V. Bhatt.
ડેપ્યુટી સેક્રેટરી

પો. જા. નં ૧૫૮ જાહેર ખબર

એજન્સી તરફથી નંબર આર. એમ. એમ. ૮ વડોડા તા ૮-૪-૪૭. વાળો લેટર અત્રે આવેલ છે. સદરહુ લેટરની સાથે ઇમીગ્રેશન ઓફીસર પોઇન્ટ નાતાલ તરફથી આવેલ તાર નં. ૧૯૫ તા. ૨૭-૧૨-૪૬. આપની નકલ અત્રે મોકલાવેલ છે. તે લાગતા વળગતાની જાણ માટે આ નીચે પ્રસીધ્ધ કરવામાં આવે છે.

Copy of telegram from Immigration Officers Pointnatal No. 195. dated 17th. December. 1946.

Passport may be issued to Khatija wife of Suleman Ahmed kolia proceed Natal for examination.

K. V. Bhatt.
ડેપ્યુટી સેક્રેટરી.

તા. ૧૨-૪-૪૭.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૮ એપ્રીલ સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ ચૈત્ર વદ ૨ સોમવાર ને રોજે આ પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર	વસ્તુનું નામ.	ભુજ.	અંજાર.	મુન્દરા	નખત્રાણા.	લાખાણી.	નલીયા.	અબડાસા દેવપુર.	લખપત.	ખડીર (રાપર.)	ભચાઉ.	દેશળપર	શેરાકું.
૧	મઢી કાઠા.....	...	૮૦૦	...	...	...	...	...	...	...	૫૧૨	...	
૨	ઘઉં વાજીઆ.....	૫૩૬	૬૦૦	૫૧૨	૬૧૬	૪૮૦	૪૮૦	૮૩૨	૭૦૨	૭૧૮	...	...	
૩	બાજરી.....	૪૪૦	૪૦૦	૪૦૦	૪૪૪	૩૨૦	૨૭૨	૩૩૬	૩૨૦	૨૮૮	૪૪૮	...	
૪	મગ.....	૩૨૪	૪૦૦	૩૦૪	૩૩૬	૨૬૦	૨૭૨	૩૨૦	૩૨૦	૨૫૬	૨૬૫	...	
૫	મઠ (મરઠ)	૨૮૦	૨૬૫	૨૫૬	૨૭૨	૨૦૮	૧૬૨	૨૫૬	૨૨૪	...	...	...	
૬	જાર.....	૩૮૪	૩૦૪	૩૬૮	૩૫૨	૨૮૦	૨૨૪	૨૦૮	૨૫૬	...	...	...	
૭	એરંડા (સલાકળા).....	૪૨૪	૪૪૮	...	...	...	૩૨૪	૩૫૨	૩૮૪	...	...	...	
૮	ઓવાર.....	૨૮૬	૩૭૫	૩૧૨	૩૦૦	૨૬૦	૨૫૬	૨૮૦	૨૮૮	૨૪૦	૩૨૦	...	
૯	તલ.....	૬૪૦	૬૪૦	૬૪૮	૬૨૪	૬૨૪	૬૪૦	૫૭૨	૫૧૨	...	...	...	
૧૦	ઓખા ઉંચા.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૧	ઓખા હલકા	...	૧૩૪૪	...	૧૨૪૮	...	...	૧૦૨૪	...	...	...	...	
૧૨	કાલાં ભાર.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૩	ઘી.....	૧૫૦	૧૫૦	૧૪૬	૧૪૨	૧૬૦	૧૬૦	૧૩૬	૧૩૦	૧૫૦	૧૩૦	...	
૧૪	તેલ.....	૬૦	૬૦	૬૨	૬૩	૬૦	૬૨	...	૬૬	...	૬૮	...	
૧૫	ખાંડ.....	૩૨	...	૩૧	...	...	૩૪	...	૩૬	...	...	...	
૧૬	ગોળ.....	૩૬	૩૬	૩૨	...	...	૩૬	...	૩૬	...	...	...	
૧૭	કડબ.....	૨॥	૩॥	૪	૩	...	...	...	...	...	...	...	
૧૮	કુંડી	૨॥	૨॥	...	...	...	...	...	...	...	...	...	
૧૯	ઘાસ.....	૨	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાસીઉં.....	૧૪	૧૪	૧૫	૧૫	...	૧૪	૧૫	...	...	...	...	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૩૦૬॥	૩૦૪॥	૩૦૪	૩૦૪	૩૦૪	૩૦૪	૩૦૨॥	૩૦૨	...	૩૦૨	...	
૨૨	॥ ૧૦૦ શેકડા.	૩૦૫॥	૩૦૭॥	૩૦૪	૩૦૪	૩૦૪	૩૦૪	૩૦૭॥	૩૦૨	...	૩૦૨	...	

નોટ નંબર ૬ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ ગુણી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં આપ ૬૪ મણ ૧ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૯૬ કપાસીઆ તોલમાં મણ ૧ ના શેર ૫૪.

વૈશાખ સુદ ૨ ગુરૂ સંવત ૨૦૦૩.

T. M. Sheth,
વેચીન્દ્ર કમીશ્નર.

જાહેર ખબર.

ફી. ડી. સી. જા. નં. ૩૫૮૫

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના શા. રવિલાલ લક્ષ્મીચંદ ભુજરનારના વારસ પુત્ર ઉમેદલાલ રવિલાલ શગીરની ઇષ્ટમીત્ર તથા વાલી માતાજી મણીબાઇ રવિલાલે આ કોર્ટ એવી અરજ કરેલ છે કે ભુજના તે કલકતામાં વેપાર અર્થે રહેતા મારા પતિ શા. રવિલાલ લક્ષ્મીચંદ ભુજ (કચ્છ) મધ્યે તા. ૨૦-૧-૪૭ના રોજ ૩૫ વર્ષની ઉંમરે ન્યુમોનીયાની બીમારીમાં નામદાર કોર્ટની હકુમતમાં પેઢીની મિલકતનું વિલ કર્યા વગર ગુજરી ગયા છે તેમની પાછળ તેઓને તથા એક મારાથી થયેલ પુત્ર નામે ઉમેદલાલ રવિલાલ કે જે ઉમર વર્ષ પાંચનો શગીર છે તેને તથા મારાથી થયેલ એક પુત્રી નામે સુશીલા છે જે ઉમર વર્ષ ત્રણની છે તેને મૂકી ગયા છે અમો પૈકી ઉમેદલાલ કે જે શગીર છે તે આમ પાત્રનો કાયદેસર વારસ છે અને તે મારા વાલીપણા તળે રહે છે.

ગુજરનાર શા રવિલાલ લક્ષ્મીચંદનું કલકતાની ધી બેંક ઓફ ઇંડીયા લિમિટેડમાં નંબર ૨૦ વીશ વાળું Current Account નું ખાતું છે અને તેમાં તેમના રૂ. ૪૫૦૦-૦-૦ (પરતાલીશસો રૂપિયા જમા છે. આ રૂપીયા બને શગીર ઉમેદલાલની વાલી માતાજીને આપવા એ બેંકમાં પત્ર વ્યવહાર કરતા વારસા સર્ટીફીકેટની માગણી કરે છે તેથી આ અરજ કરવી પડી છે તદ ઉપરાંત ગુજરનાર શા. રવિલાલ લક્ષ્મીચંદે ભુજની ધી બોમ્બે લાઇફ એસ્યુરન્સ કું. માં રૂ. ૨૦૦૦-૦-૦ બસો રૂપીયાનો વિમો ઉતરાવેલ છે જેની પોલીસી નંબર ૩૦૮૫૬ (Paid up) છે. આ રૂપીયા પણ વારસા સર્ટીફીકેટ વગર એ કું આપે તેમ નથી તેના રૂપીયા વસુલ કરવા માટે પણ વારસા સર્ટીફીકેટની જરૂર છે

ઉપરના રૂપીયા ૪૫૦૦-૦-૦ તથા રૂપીયા ૨૦૦ તેમની સ્વ કમાઇના હતા તેથી ગુજરનારનો શગીર પુત્ર ઉમેદલાલ એ રૂપીયા મેળવવા કાયદેસર હકદાર છે. શા મણીલાલ લક્ષ્મીચંદ તથા શાંતિલાલ લક્ષ્મીચંદને નજીકના સગાઓ તરીકે નોટીસ થવા અરજ છે. હવે ગુજરનાર શા રવિલાલ લક્ષ્મીચંદનો વારસ તેનો શગીર પુત્ર ઉમેદલાલ રાવલાલ છે. અને તેની ઇષ્ટ મિત્ર તથા વાલી હું તેની માતાજી મણીબાઇ રવીલાલ છું. તેનું ઉપરના રૂપીયા બંને કુટુંબીઓથી લેવાનું વારસા સર્ટીફીકેટ અપાવશો

આ સબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સાં. ૨૦૦૩ના જેઠ સુદ ૪ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું. તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો મતાવવામાં નહી આવે તો તે મુદત વીત્યા બાદ અરજદારણે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વિશે મદીન થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી.

મુ. શ્રી ભુજનગર, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ કચ્છ.

સંવત વીક ૮ સોમવાર સાં. ૨૦૦૩.

સવાઇલાલ લક્ષ્મીશંકર,
મે ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જડજનાં હુકમથી.

મહારાજ ધિરાજ ત્રિ-કાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. સી. કે. એ.
શ્રી ડીસ્ટ્રીક કોર્ટ
નખત્રાણા કોર્ટના ફેસલા ઉપર
ફી. પ. અપીલ કાયદાનાં ૧૨૮ સાં ૨૦૦૨

વડલીના મેઘવાળ વસ્તા કાનાને ખબર આપવામાં આવે છે કે નખત્રાણાનાં મેઘવાળ લખા ગોપાલે નીચેની કોર્ટને ઠરાવ રદ થવા બાબતના તમે અપીલ કરેલી છે તે અપીલની તારીખ વૈશાખ વિદ ૧૨ શનીવાર ના રોજ કોર્ટના ટાઇમે હાજર થજો જો હાજર નહિ થાઓ તો મુદત વીતે કાયદેસર કરવામાં આવશે.

ભુજ તિ. ૧૦ સુધે સાં ૨૦૦૩

સવાઇલાલ લક્ષ્મીશંકર
મે ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જજના હુકમથી

જાહેર ખબર.

આ. ફી. ડી. શે. જા. નાં ૩૭૩૨

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ઠાકોર તે હાલે અજાણના ઠકર અરજણ મુલજી શગીરની વાલી માતાજી મોગીબાઇ પ્રાણજીએ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે મારા પીતા ઠકર મુલજી મોકલદાસ ભુજ મધે રહેતા હતા અને એમની તબીયત ઠીક ન હોવાથી અહીં આવી તેમની ઇલાજ કરાવતા હતા પણ તેઓ સાં. ૨૦૦૩ના શ્રાવણ વીદ ૩ ગુરવાર તે સને ૧૯૪૨ના ૧૫મા ઓગષ્ટના રોજે ભુજ મધે મુજરી ગયા છે મારા પીતા તરફથી બેન્ક ઓફ ઇંડીયા લીમીટેડની ભુજ (કચ્છ) બ્રાન્ચના સેવીંગ બેન્ક એકાઉન્ટમાં રૂ. ૪૦૧૫-૭-૦ જમા છે અને તેની અંદર ડીસેમ્બર ૧૯૪૬ સુધી વ્યાજ ઉપજાવ્યું છે અને ત્યારપછી ચડતું છે.

મારા પીતાની તે સ્વકમાઇની મીલકત છે અને તેનો હું એકલોજ વારસ છું જેથી એ બંને રકમો કુલ રૂ. ૪૬૭૮-૨-૬ બેન્કમાં જમા છે તે તથા રકમ વસુલ કરતાં લગી એમના નીયમો પ્રમાણે વ્યાજ પણ વસુલ લેવામાં તે હું અરજદાર ઠકર અરજણ મુલજી મારા પીતા ઠકર મુલજી મોકલદાસનો વારસ છું એવું વારસા સર્ટીફીકેટ અપાવશો.

આ સબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સાં. ૨૦૦૨ના જેઠ સુદ ૧૨ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું

તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો જતાવવામાં નહિ આવે તો મુદત વીત્યાબાદ અરજદારને માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીષે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહિ.

મુ. શ્રી ભુજનગર ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ (કચ્છ)

ચૈત્ર વીદ ૦)) સોમવાર સાં. ૨૦૦૩

સવાઇલાલ લક્ષ્મીશંકર,

મે. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજના હુકમથી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ

નાદારી કામનાં. ૧૫ સાં ૨૦૦૨ નાં. ૫૦૪

શા રાઘવજી પાલણ મોટી રાયણ વાદી

શા કેસવજી ઉર્ફે કાકુ કાનજી એજ પ્રતીવાદી

દાવો દાગીના તથા રૂપીયા વીગેર મળવા બાબત

મોટી રાયણનાં શા કેસવજી ઉર્ફે કાકુ કાનજીને માલમ થાય કે વાદીએ આ દાવો નાદારીમાં દાખલ થવાની અરજ કરી છે તે બાબતમાં જવાબ આપવાની તારીખ સાં. ૨૦૦૩ના જેઠ સુદ ૪ શનીવારની નીમવામાં આવી છે તે તારીખે તમો જાતે અથવા તમારા મુખત્યાર વકીલ મારફતે આ કોર્ટમાં સવારના ૧૦ વાગે થી હાજર થજો નહીતર કાયદેસર કરવામાં આવશે.

મીતી ચૈત્ર વીદ ૦)) શોમે સાં. ૨૦૦૩

સવાઇલાલ લક્ષ્મીશંકર,

મે ડીસ્ટ્રીકટ એન્ડ શેસન્સ જજના હુકમથી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ

નાદારી કામ નાં. ૧૬ સાં. ૨૦૦૨ નાં. ૫૦૩

શા. રાઘવજી પલણ મોટી રાયણ વાદી

શા જમનલાલ નરસી એજ પ્રતિવાદી

દાવો—દાગીના મળવા બાબત

મોટી રાયણનાં શા જમનલાલ નરસીને માલમ થાય કે વાદીએ આ દાવોનાદારીમાં દાખલ થવાનેઅરજ કરીછે તે બાબતમાં જવાબ આપવાની તારીખ સંવત૨૦૦૩નાજેઠ સુદ ૪ શનીવારની નીમવામાં આવી છે તે તારીખે તમો જાતે અથવા તમારા મુખત્યાર વકીલની મારફતે આ કોર્ટમાં સવારના ૧૦ વાગેથી હાજર થજો નહીતર કાયદેસર કરવામાં આવશે.

મિતી ચૈત્ર વીદ ૦)) સોમે સંવત ૨૦૦૩

સવાઇલાલ લક્ષ્મીશંકર,

મે ડીસ્ટ્રીકટ એન્ડ શેસન્સ જજના હુકમથી

જાહેર ખબર

ડી. ડી. સે. જ. નાં. ૩૭૩૬

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ગામ ભચાઉ તાલુકે ખારોઇના શા મેપશી તથા તથા પરબત નાનજી શગીરની વહી માતાજી પુરીબાઇએ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે હું તથા મારા સ્વર્ગવાસ પતિ શા નાનજી પચાણ ગામ ખારોઇમાં રહેતા હતા તે તેઓ સાં. ૨૦૦૨ના ભાદરવા વીદ ૧૦ના રોજ ખારોઇમાં અવસાન પામ્યા છે.

શા. નાનજી પચાણના બે પુત્રો નામે મેપશી પરબત છે અને તે શગીર વયના હોવાથી હું તેમની માતાજી પુરીબાઇ શગીરની વાલી છે.

શા નાનજી પચાણે બી રીઝર્વ બેંક ઓફ ઇન્ડીઆની મુંબઇની શાખાની ઓફીશમાં રૂ. ૨૦૦) બસોના નોટો બે રૂપીઆ શો રો વળી બદલાવવા માટે આપેલ હતી એ નોટોના નાણા વ્યાજ સહીત તા. ૨૪-૯-૪૫ના રોજે આપવાનું રીઝર્વ બેન્કે જણાવેલ હતું તે દરમ્યાન શા નાનજી પચાણ મુજરી જતાં તે રૂપીઆ ૨૦૦) બસો તથા તેનું વ્યાજ વસુલ કરવા માટે મુજરનાર શા નાનજી પચાણના વારસ શા મેપશી તથા પરબત તે તેમની શગીરની વાલી તરીકે હું તેમની માતાજી પુરીબાઇ છું એનું વારસા સર્ટીફીકેટ અપાવશો.

આ સબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સાં. ૨૦૦૩ના વૈશાખ વીદ ૧૨ શનીવાર સુધીમાં આવવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું. તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો જતાવવામાં નહી આવે તો તે મુદત વીત્યા બાદ અરજદારને માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીષે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી.

મુ. શ્રી ભુજનગર ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ અદાલત કચ્છ.

વૈશાખ સુદ ૧ મંગળવાર સાં. ૨૦૦૩

સવાઇલાલ લક્ષ્મીશંકર,

મે. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ જજના હુકમથી.

જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના નાગર મહેતા રૂપશંકર કચરાભાઇ તથા ભુજના નાગર મહેતા શીવલાલ કચરાભાઇએ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે અમારા પિતા કચરાભાઇ મંગળજી સાં. ૧૯૯૯ના માહા વીદ ૬ના રોજે ભુજ મુકામે ગુજરી ગએલા છે તેઓ ગુજર્યા તે પહેલાં સાં. ૧૯૯૬ના માગશર સુદ ૮ની મીતીનું વીલ કરેલું એ વીલમાં અમારી એન નામે બાઇબાઇ જે બાળ વિધવા તેનું અમારા પિતા તરફથી ભરણ-

પોષણ કરવામાં આવતું અને અમારા પિતાની હયાતી બાદ તેના ભરણપોષણની કાંઇ તકરાર નપડે તે માટે અમારા પિતાએ અમારા પિતાની માલીકીના રૂ. ૧૦૦૦) એકહજાર બીજાભાઇના ભરણપોષણ માટે સેવીંગ બેન્કમાં રાખવામાં આવેલા છે.

ભાઇ બીજાભાઇ શાં. ૨૦૦૨ના જેઠ વીદ ૬ના રોજે ગુજરી ગયેલા છે અને તેઓ બાળાંધવા હોવાથી તેઓને કાંઇ પુત્ર કે પુત્રીની સંતતી નહોવાથી અને તે રૂપીઆના માલીક અમારા પિતા હતા અને અમારા પિતાની હયાતી બાદ વીલની શરત મુજબ એ રૂપીઆની વ્યવસ્થા કરવા અને તેના માલીક અમો હોવાથી તે તાલમાં રાખ્યા પ્રમાણેની વ્યવસ્થા કરવા માટે સેવીંગ બેન્કમાંથી રૂપીઆ લેવા માટે અમોને વીલનું પ્રોબેટ આપશો.

આ બાબતમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે શાં. ૨૦૦૬ના વૈશાખ વીદ ૧૬ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવે તો તે મુદત વીતે અરજદારોએ માગેલ વીલનું પ્રોબેટ તેમને આપવા વાંધે વહીત થતા પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહિં.

મા શ્રી જુજનગર ડીસ્ટ્રીક્ટ સેન્ડ સેસન્સ કોર્ટ કચ્છ
વૈશાખ વદ ૮ સોમવાર શાં. ૨૦૦૬

જવાઇલાલ લક્ષ્મીશંકર,
ને. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજના હુકમથી.

કચ્છ રાજ્ય પત્ર પુ. ૭૪ અંક ૧૭ પાને ૨૦૬ ઉપરે કલમ ખાતાની સી ક. મ. જા. નાં ૩૫૮૬ તા. ૧૦-૮-૪૭ થી જાહેર ખબર છપાવામાં આવેલ છે, તેની લીટી ૮-૯ માં નીચે પ્રમાણે વધારો કરવામાં આવે છે

"સરઆતમાં રોકડ જામીનગીરી પેટે રૂ. ૦૦) બે હજાર ભરવાની રહેશે અથવા તે બદલ તેટલી રકમનો સ્થાનિક રેવેન્યુ અધિકારીની ખાત્રીવાળો સખ્યર જામીન આપવો રહશે".

P. M. Khambata,
ચીફ કસ્ટમ્સ કલેક્ટર.

જાહેર ખબર.

અં. ન. જા. નાં ૨૯૭
શ્રી માંડવી નગરસભા તા. રેવી.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવા શહેરમાં વોર્ડ બજારમાં મંજા દેવીની શેરીમાં જમા નોંધ નીચે લખી અતુર દીશાવાળી જીર્ણ થઇ જતાં તેનો માલીક પાછો ન થતા શ્રી માંડવી નગરસભાએ બાબલોજીની કલમ ૧૧૬ પ્રમાણે પડાવી નાખી તેના કાટ માલનું લીલામ કરતાં કોરી ૧૫૦) ઉપજેલ આ જગ્યાના જે માલીક હોય તેણે ખર્ચ બાદ જતા બાકીની રકમ લઇ જવા માટે આ ઓફીસ તરફથી શ્રી કચ્છ રાજ્ય પત્રનાં સા. ૨૦૦૩.ના પોષ સુદ ૨ બુધવારની મીતીના અંકમાં જાહેર ખબર છપાવવામાં આવી છે તેની ઉપરે વાંકડીના ગુશાઇ ફગતાયગરજી દયાલગરજી એ સંવત ૧૯૪૯ના અષાડ સુદ ૧૫ ગુરૂવારના રોજ તેમના મઠના ધનીક પણાના અને માંડવીનાં માટે ડોસા કરસનજીને પોતાના દસ્તાવેજની નકલ રજુ કરી સદરહુ દસ્તાવેજની રૂએ આ જગ્યાનો કબજો માલીકી પોતાના હોવાનું જણાવી ઉપજેલ રકમ પોતાને મળવા અરજ કરેલ છે તે સંબંધમાં સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે આ જગ્યાની માલીકી કે સંબંધમાં કોઇપણ શખ્સનો કાંઇપણ વાંધો કે હક હોય તો તેણે આ નોટીસ પ્રસીધ થયાથી દોઢ માસની અંદર આ ઓફીસે પોતાપાસેના આધારો સહીત જાહેર કરવો. મુદત દરમ્યાન કોઇ શખ્સ તરફથી વાંધો બતાવવામાં આવશે નહી તો મુદત વીતે કોઇનો પણ વાંધો છે નહી અને હરીતો ખોટો આપ્યો છે એવું માની ઉપજેલી રકમ ગુશાઇ ફગતાયગરજી દયાલગરજીને સુપત કરવામાં આવશે ત્યાર બાદ કોઇનો વાંધો સાંભળવામાં આવશે નહિં

જગ્યાની ચતુઃદીશા

૧ ઉત્તરદી તરફ શા. ચુનીલાલ વીરચંદ ની જગ્યા છે.
૨ દખણાદી તરફ અંબલગરજીના દેરાસરનો ડેલો છે
૩ ઉગમણી તરફ શા રવજી વીજપારની જગ્યા છે.
૪ આથમણી તરફ મંચ્છા દેવીનું મંદીર છે.

ચૈત્ર વિ ૧૦ ગુરૂવા શાં ૨૦૦૩

સુપત થયે કરસનજી માડવી નગરસભા સેક્રેટરી | નોશીર દસ્તુર. માંડવી નગરસભા. પ્રેસીડન્ટ.

જાહેર ખબર

અં. ન. જા. નાં. ૧૦૧૪

શ્રી અંજાર નગરસભાને ઉપજ માટે નામદાર હજુર ઓફીસના જ્યુ. જા. નાં. ૨૪૮ કારતક વીદ ૩ ભોમેથી હોટલ, મીઠાઇ, પાનબીડી સીગારેટવાલા વિ. ઉપર કરો વસુલ લેવા મંજુરી મળેલ છે તે અંગે તે કરો પોતા પર ન પડવા તેનાથી હિત સંબંધ ધરાવનારાઓની સંખ્યા અંધ અરજો આ ઓફીસે તથા દીવાનજી સાહેબની પાસે થતાં જ્યુ. જા. નાં. ૧૯૩૬ તા ૨૨-૩-૪૭ તથા જ્યુ. જા. નાં. ૨૨૨૨ ચૈત્ર

વીદ ૧૧ સાં. ૨૦૦૩ થી એ અંગે બીજી રીતે કંઈ હાલે થે શકે તેમ નથી એવી મતલબે નિર્ણય આવી ગયેલ છે એ હકિકત લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવી છે છતાં અંજાર નગરસભાને તેવા કરો આપવામાં આનાકાની કરવામાં આવે છે તે ખરેખર ગુન્હો બને છે એટલુંજ નહિ પણ તેથી નગરસભાના બાયલોઝની કલમ $\frac{૧૦૩}{અ}$ મૂજબ જપ્તી કરી વસુલાત કરવાની ફરજ નગરસભા પર નાંખવામાં આવે છે માટે પોતાને આપવાના કરો નગરસભાને તરત પહોંચતા કરવા આથી નોટીસ હરેક લાગતા વળગતાને આપવામાં આવે છે તેમાં તફાવત થયે કાયદેસર થસે તેની જવાબદારી તેની તેના પર રહેશે.

મીતી વૈશાક સુદ ૧-૨ ભોમવાર સાં. ૨૦૦૩
તા. ૨૨-૪-૪૭.

કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી,
પ્રેસીડેન્ટ
અંજાર નગરસભા.

જાહેર ખબર.

ના. ૧૧૩૬૦

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે શ્રી માંડવી કચ્છી જૈન ધર્મશાળાના વહીવટ કરનાર ધનજી ભાણજીએ મજકુર ધર્મશાળાની ઓરડી નંબર ૨૦ વાલી નો ભાડુત જમ શલાયાના નાજવા આદમ સલેમાન જગ્યાને તાળુ આપી ચાલ્યો ગયેલ છે વગર અરજ કરી સદરહુ ઓરડી દેશશીરસ્ત ગુનાની કલમ ૫૦૭ મુજબ કબજે મળવા અરજ કરી છે માટે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમા છપાવવાની તારીખથી એક માસની અંદર મજકુર નાખવાએ હાજર થઇ આ અરજ સંબંધમાં જે કાંઇ જાહેર કરવું હોય તે રજેલ મુદત વીતે રીતશર ઓરડી અરજદારને ધર્મ૫૦૭ મુજબ કબજે સોંપવામા આવશે.

વૈશાખ સુદ ૩ બુધવાર સા. ૨૦૦૩.

K. D. Mehta.
માંડવી ફ. ક. માજીસ્ટ્રેટ.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી. અંજાર અદાલત. નાં. ૩૦૧.

ખા. ઇ. દાવાનો નંબર ૩૫ સંવત ૨૦૦૩.

પંડયા મકનજી લધા અંજાર વાદી.
શેરઠીયા કાતરીયા કરશન જુઠા વી. અંજાર પ્રતિવાદી.

દાવો લેણાનો.

કરાચીના રહેનાર શોરઠીયા કાતરીયા કરશન જુઠાને માલુમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૧૩૮૪) ચડતા વ્યાજે મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામા આવે છે કે આ શમશ શ્રી કચ્છ રાજ્ય પત્રમા છપાયાની તારીખથી રોજ ૩૦ ની અંદર તે રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું, તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીયાત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજો તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી. ચૈત્ર વીદ ૧૩ વાર શની સંવત ૨૦૦૩.

જીવરામ જાદવજી,
મે. અંજાર ન્યાયાધીશ. સા. હુ. થી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી, બી. ઇ.

તામીલની નોટીશ નાં. ૭૧૭.

ખા. ઇ. તામીલની દરખાસ્ત નંબર ૫૭. સંવત ૨૦૦૩.

શ્રી ભચાઉ અદાલત તરફથી.

બંગાલ સ્થાને ઠા, શીવજી નારાણજીને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર ગાલા કરશી રામાના વારશ ખેતશી ભણશી રહેનાર ભચાઉના એ બાબત લેણાનો ખા. દાવો ના. ૧૭૪ સંવત ૧૯૩૫ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૧૯૩૫ ના ભાદ્રવા સુદ ૧ ને રોજ અદાલત ભચાઉ તરફથી થએલ છે તેમાં ઠર્યું છે તે મુજબ કોરી ૧૭૦૦) પ્રાઓ કાઢાથી આપે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા કોરી ૧૧૧૪॥ વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોચેથી રોજ ૧૫ મા હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહીતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મીતી. ચૈત્ર વીદ ૧૧ ગુરવાર સંવત ૨૦૦૩.

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભચાઉ અદાલત. સ. નં.૭૫૩

દાવાનો નમ્બર. સંવત
કટરીઆ અરજણ કુબા મનફરા વાદી.
શાવલા દેવજી હરશી વી. મનફરા પ્રતીવાદી.

દાવો લખાણ રદ થવા બાબત.

મુજબના રહેનાર શાવલા રવજી હરશીને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લખાણ રદ થવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે આ સમન ગેજેટમાં છપાયાથી પંદર રોજની અંદર સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ અત્રે અદાલતમાં તમારે જાતે અથવા. અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલનાં મારફતે હાજર થવુ. તમારી હકીકત સમજવી શકે તથા દાવાના લખાણ જરૂરીઆત સવાલના જવાબ ઇચ્છે કે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખશો. અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમા જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવાં ધારતા હો તે દસ્તાવેજ તમે પોતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મિતી વૈશાખ સુદ ૧ મંગળવાર સંવત ૨૦૦૩.

Narottam. D. Mehta.

ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાંમહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી રાપર દીવાની કોર્ટ માં
ખા. તા. નં. ૩૬૦ સંવત ૨૦૦૩નાં. ૩૪૬૫

મેતા ગોવર્ધન રૂપરામની વીધવા જાનુબાઇ પલાસવા } વાદી

ઝેમટ દુદા કરમણ પલાસવા પ્રતીવાદી

દાવો કેરી ૩૩)૩ મહવા

પલાસવા મધે ઝેમટ દુદા કરમણને માલમ થાય આ વાદણે તમારા પર સંવત ૧૯૯૯ના ભાદરવા વીદ ૧૦ ગુરૂવાર વાલા ઠરાવ અન્વય કોરી ૩૩)૩ ની તમારાપર તામીલ કરી છે માટે આ નોટીસ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાવાની તારીખથી રોજ ૧૫ની અંદર વાદીના લેણાની તામીલ કરી ચોખ રજુ કરજો નહીતર કાયદેસર થશે.

ચૈત્ર વીદ ૭ શનીવાર સંવત ૨૦૦૩

ઠક્કર લક્ષ્મીદાસ ગોપાલજી,
મે. જો રાપર ન્યાયાધીશના ક્લર્ક

પ. જા. નાં. ૧૫૩૯

જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના શા. કરમચંદ લાલચંદે ભુજ સહર કેમ્પના પારસી શેઠ દોરાબજી રૂસ્તમજીના વારસો ધનજીશા વગેરેને મતેથી હાટ ૧ ભુજ મધ્યે ખોજા જેરાજપીરભાઇના મુસાફરખાના નજીક છે તે કોરી ૮૦૦૦) આઠ હજારમાં અષાઢ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ હાટ ઉપર કોઇનું કાંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહીં સાંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

ચૈત્ર વીદ ૧૪ રવી શાં ૨૦૦૩.

M. M. Mehta

ભુજ વહીવટદાર.

જાહેર ખબર.

પ. જા. નાં ૧૫૪૦

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના વોરા મણીલાલ જાદવજીએ ભુજના શા. જવેરી ઇસ્માંતીદાસની મતેથી હાટ ૧ ભુજ મધ્યે ડોશી બજારમાં ઉત્તરી લાઇનમાં છે તે કોરી ૭૭૦૦) સાત હજાર સાત સો માં અષાઢ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ હાટ ઉપર કોઇનું કાંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહિની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

ચૈત્ર વીદ ૧૪ રવી શાં ૨૦૦૩.

M, M. Mehta.

ભુજ વહીવટદાર

જાહેર ખબર.

હ. જા. નાં. ૧૧૦૩

માંડવી વહીવટદાર કચેરી તરફથી

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના હીંગલાજમાતાના પુજારી ગુ. અનોપપુરી મદનપુરીને માંડવીના વાંઝાસઇ ચત્રભુજ દેવસીને બક્ષીસમાં માતાની હીંગલાજની પુજા કરવા બદલ તેની જગ્યા એક ખોજા પાયડામાં આવેલી છે તે જગ્યાના દસ્તાવેજ ઉપરથી છાપો થવાની અરજ થતાં જાહેર કરવાનુ કે આ જગ્યા સંબંધમાં કોઇનો કાંઇપણ હક હિસ્સો હોય તેણે જાહેરખબર છપાયાની તારીખથી માસ ૧ માં આંહી જાહેર કરવુ નહિ તો મુદત વીતે છાપો કરી આપવા સંબંધમાં વટતુ થશે.

ચૈત્ર વીદ ૮ સોમવાર શા. ૨૦૦૩ તા. ૧૪-૪-૪૭

અમ્બાલાલ અનસુબરાય,
માંડવી વહીવટદાર,

૬૩૬૪

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા શી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની વહાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી

ખાનગી જાહેર ખબર.

હાલાપરનાં શાહ મુરજી ખેતશીની વિધવા સાકરબાઇ આથી સર્વે લોકોને જાહેર કરૂં છું કે મારી જેઠાણી શા. લાલજી ખેતશીની વિધવા દેવાંબાઈએ શ. ૨૦૦૩નાં મહા વીદ ૨ શુક્રવારની મીતીનાં કચ્છ ગેઝેટમાં તા ૨૨-૧-૪૭ ની મીતીનાં એક જાહેર ખબર પ્રસિધ્ધ કરાવેલી છે. એ સંબંધમાં મારે જાહેર કરવાની ફરજ પડે છે કે એ જાહેર ખબર તદન જુઠી અને જાહેર જનતા ગેર રસ્તે દોરવનારી છે.

લાલજી ખેતશીને ગુજરી ગએ આશરે બાર વરસ થયા છે. એટલે મીલ્કતોનો વહિવટ કરવા લાલજી ખેતશીએ મારા પતિને પાવર આપેલો હોય અને એ પાવરથી મારા પતિ વહિવટ કરતા આવેલા હોય એ વાત બીલ્કુલ બેહુદી અને કાયદાની સમજ વગરની છે એમ કોઈ પણ માણસ સમજી શકે તેમ છે. ખરી હકીકત એ પ્રમાણે છે કે મારો પતિ મુરજી અને તેના ભાઇ લાલજી હિન્દુ મજીઆરા કુટુમ્બની રીતે ભેળીસાળામાં રહેતા હતા અને ધંધો કરતા હતા અને એ મજીઆરાપણામાં લાલજી ખેતશી અપુત્ર ગુજરી જતાં તેની વિધવ દેવાંબાઇ હિન્દુ મજીઆરા કુટુમ્બની માત્ર ભરણપોષણ ખાનારી વિધવા તરીકે રહી અને હિન્દુ કાયદા પ્રમાણે મારા પતિ મુરજી ખેતશી સંપુર્ણ અને સ્વતંત્ર રીતે હિન્દુ મજીઆરા કુટુમ્બની સ્થાવર જંગમ મીલ્કતનાં સંપુર્ણ અને એકલા હકકદાર માલીક થયા અને એ માલીકી ગ્વાલીયર સ્ટેટમાં આવેલી મીલ્કતો પૈકી એક ગામ તેમણે વેચાણ કરેલુ છે અને બીજું ગામ તેમણે વેચાણ કરેલુ છે અને બીજું ગામ કે જે મારા પતિએ પોતેજ ખરીદેલુ હતું તેનો કબજો ભોગવટા અને માલીકી મારી છે.

મારા પતિ મુરજી ખેતશી લાંબા વખતથી બીમાર રહેતા હતા અને ગયા ફાગણ વીદ ૦)) ના તેઓ સ્વર્ગવાશી થયા છે એટલે તેમના પછી તેમની વિધવા તરીકે તમામ કબજો ભોગવટો અને માલીકી વારસદાર તરીકે મારી છે. અને મારી હયાતી બાદ તેના પિતા એટલે મારા પતિ મુરજી ખેતશીના વારસદાર તરીકે મારી અને સગી છોકરી કમળાબાઈ સ્વતંત્ર અને સંપુર્ણ માલીક થવાની છે.

આવી રીતે મારા કબજા ભોગવટા અને માલીકીની સ્થાવર જંગમ કે કંઇપણ મીલ્કતમાં મારી જેઠાણી દેવાંબાઈનો કશો હક નથી પરંતુ તેણીને પડખે કેટલાક ખટપટીઆ અને નાલાયક માણસો ચડેલા છે અને તેણીને હથીઆર બનાવી અમારાં ઉપર ગેરવ્યાજબી દબાણ વાપરી અને મારા પતિની ગંભીર માંદગીનો ગેરલાભ ઉઠાવવાના બહુ ઇરાદાથી આ જાહેર ખબર પ્રસિધ્ધ થયેલા છે. એટલુજ નહિ પણ ગંજ બાસુદામાં મારા પતિની તબીયત એકદમ કથડી ગઈ એટલે મારી જેઠાણી દેવાંબાઇ કે જે અમારી સાથે રહેતા હતા તે અને અમો બધા ગયા માગસર સુદ ૩-૪ નાં રોજે ત્યાંથી દેશ આવવા માટે રવાના થયા તે વખતે મારા પતિ પાસે ત્યાં પ્રાંતમાં રૂા. ૭૬૬૩ા હતા તે સાથે લાવવાનાં હતા મારા પતિનું મગજ અસ્થીર હતું અને મુસાફરીમાં મારા તેની સેવા ચાકરી કરવામાં સતત હાજર રહેવું જોઇએ આ બધા સંજોગોમાં મારી જેઠાણી દેવાંબાઈને એ રૂપીઆની રકમ રૂા.૭૭૦૦) તેને સાચવવા માટે આપ્યા અને તેણે એ રૂપીઆ ૭૭૦૦)ની નોટો પોલકામાં નાંખી પોલકો સીવી લીધેલો અને બાકીનાં રૂપીઆ ૨૬૬ા વટ ખરચી માટે રાખેલા તે પણ તેણીએ રાખેલા.

ઉપર પ્રમાણે તેને આપવામાં આવેલા રૂા. ૭૭૦૦)નો વિશ્વાશઘાત કરી તેણે ઉઠાવત કરેલા છે. અને તે માંડવી સુધી આવીને અમો બધાને છોડી પોતાનાં ભાઇઓને ત્યાં ચાલી ગઈ. અને એ ઉપાધીમાંજ મારા પતિની માંદગી ઉલટી વધી જવા પામી હતી. ઉપરાંત શા. દેવજી લીલાધર ગુલાબ ગેજવાલાની રૂા. ૫૩૦) ની માગશર સુદ ૧ શાં. ૨૦૦૪ ની મુદતની હુંડી હતી તે પણ તેણી લઈ ગયેલી હતી.

પરંતુ એ હુંડીનો સ્વીકાર ન થવા માટેનો મે

યોગ્ય બંદોબસ્ત કરેલો છે. તેમજ રૂા. ૭૭૦૦) નાં નુકશાનાત સબંધમાં હું કાયદેશર ઈલાજ લઈશ.

આવી રીતે તેણે કરેલા ગેરકાયદેશરનાં કરેલા કૃત્યમાંથી છૂટવા અને અમારા ઉપર આવી રીતે દબાણ વાપરવાનાં બદ હેતુથી આ જાહેર ખબર તેણીએ પ્રસિધ્ધ કરાવેલી છે. પરંતુ તેણીનો મારા પતિની મિલ્કતમાં કશો હક્ક નથી. એટલે તેણીની સાથે કોઇએ પણ લેતી દેતી કરવી નહિં એટલુંજ નિહ પણ તેણીના કબજામાં રૂા. ૭૭૦૦) ની જે રકમ છે તે પણ ગુન્હાહીત કૃત્યનો મુદામાલ છે અને તે જાણ્યા છતાં તેના પાસેથી એ રકમ કોઈ રાખશે અગર વર્ગ કરવાની કાંઇ પણ વ્યવસ્થા કરશે તેના અંગને શખ્શ પણ ગુન્હાહીત ઉભી થતી જવાબદારીમાં આવશે તેની આથી નોંધ લેવી.

ચૈત્ર વીદ ૭ શનીવાર શાં. ૨૦૦૩

૧ લી. શા મુરજી ખેતશીની
વિધવા સાકરબાઇ દઃ પોતાના.

ખાનગી જાહેર ખબર

લી. હું નીચે સહી કરનાર ગામ સમાગોગાનાં શા ઠાકરસી તેજસી આથી સર્વ લોકોને જાણ કરૂં છું કે મે. સમાગોગાનાં તે હાલ કપાયમાં રહેતા શા કાનજી હીરજી પાસેથી તની જગ્યા નીચે લખી ચતુર હદશા વાળી ગામ સમાગોંગા મધ્યેની કોરી ૪૯૦૦) ચાર હજાર નવસોમાં અગાટ વેંચાણ લીધી છે જેનું અગાટનું ખત શાં ૨૦૦૩નાં ચૈત્ર વીદ ૧૩ની મીતીનું લખે મુંદરા રજીસ્ટર ઓફીસમાં રજીસ્ટર કરાવ્યું છે, સદરહુ ખતમાં મારા મતાદારનાં વડીલને આ જગ્યા શા ખીસી નથુ પાસેથી અગાટ વેંચાણ આવ્યાનુ લખ્યું છે, પરંતુ તેનો અગાટનો દસ્તાવેજ તેનાં હાથથી ગેર વલે ગયાનું ને હાથ આવેથી મને સોંપવાનું લખી આપ્યું છે જેથી આથી સર્વે લોકોને જાણ કરૂં છું કે સદરહુ જગ્યાનો અગાટનો દસ્તાવેજ જેના પાસે હોય અગર જેને મલે તેણે તે દસ્તાવેજ તરત અમને સોંપી આપવો તેમાં ઢીલ કરવી નહી કારણ કે આ દસ્તાવેજ ઉપર મારા સિવાય બીજા કોઈનો કંઇ હક્ક નથી એટલે બીજા કોઈ પાસે હોય તો ત્યાં નકામો છે તેમ છતાં કોઈ પાસે એ સદરહુ દસ્તાવેજ નીકળશે અને મને નહિં સોંપી આપે તો તેનાં વિરૂધ્ધ કાયદેશર ઈલાજ લેવામાં આવશે એમ સોએ જાણવું.

ઉગમણી તરફ શા રતનશી રવજીની જગ્યા છે
ઉત્તરી તરફ શા રતનશી રવજીનો ડેલો છે
આથમણી તરફ આ જગ્યા તથા બીજી જગ્યાઓ અને વાડાઓમાં જવા આવવાનો રસ્તો છે.
દક્ષણાદી તરફ અમો ભાઇઓ મજકુરનો ચોક તથા ડેલી છે તથા મજકુર ડેલીમાં થઇ આ જગ્યાનો આવવા જવાનો રસ્તો છે.

એ રીતે ચતુરદીશા છે. ના સદરહુ

શાં ૨૦૦૩નાં ચૈત્ર વીદ ૦)) સોમવાર
શા ઠાકરશી તેજશીની સહી
દઃ હંશરાજ રાયશી તેના પાવરથી

ખાનગી જાહેર ખબર.

ભુજના લુહાર કેસવજી પુરૂંસોતમ આથી જાહેર કરૂં છું કે મારા મોટા ભાઇ લુહાર જાદવજી પુરૂસોતમ હાલે કેટલોક વખત થયા અમારી ભુજ મધ્યેની મજમું મલ્કતો જગ્યાઓ ૨) કસારા ફલીઆ નજીક પોકણા જોશી વાળી શેરીમાં તથા દુકાન ૧) પીર ઉમેદઅલી ફલીઆમાં આવેલી છે તેના ઉપર પૈસા ઉપાડવાની તજવીજ કરી રહ્યા છે આ મિલ્કતો અમારી વડીલો પાર્જીત મિલ્કત છે અને તે હું તથા મારા ભાઇ લુહાર જાદવજી પુરૂસોતમ વચ્ચે મજમું છે એટલે આ મિલ્કતો ઉપર પૈસા ઉપાડવા કે બીજી રીતે વેંચ સાટ કરવાનો ભાઈ જાદવજી પુરૂસોતમને કંઈ હકક નથી આથી સૌને ખબર આપવામાં આવે છે કે આ મિલ્કતો ઉપર કોઈએ અમારા ભાઇને પૈસા ધીરવા નહિ અથવા તેમની જોડે આ મિલ્કતો બાબત કોઈ જાતનો વહેવાર કરવો નહિ તેમ છતાં જો કોઇ તેમ કરશે તો તે વાસ્તે અમો લુહાર કેશવજી પુરૂંસોતમ કે ઉપર જણાવી મજમુ જગ્યાઓ કોઇ રીતે જવાબદાર રહેશે નહિ.

મિતિ ચૈત્ર વીદ ૦)) સોમવાર સંવત ૨૦૦૩
તા. ૨૧-૪-૪૭

લુહાર કેસવજી પુરૂસોતમની સઇ દઃ પોતે

ખાનગી જાહેર ખબર.

અમો નીચે સહી કરનાર ભુજના સોલંકી મેઘજી ડાડુની છોકરીઓ બાઇ દેમાંબાઈ તથા ગંગાબાઇ આથી સર્વ લોકોને જાણ કરીએ છીએ કે અમારો ભાઈ જેસંગ મેઘજી આજથી લગભગ ૨૫ વર્ષ આશરે ઉપર કચ્છ છોડી કયાંએક પરદેશ જતો રહયો છે જેની આજ દિવસ કાંઈ પતો નથી અને તેને કંઇ છોકરૂં છૈયું ન હોવાથી તે જેસંગ મેઘજીના વારસો અમે છીએ માટે જેસંગ હજુ હયાત છે એવી કોઈને માહીતી હોયતો તેમણે આજથી રોજ ૧૫માં અમને જાહેર કરવું નહિતર પછી અમે તે હયાત નથી એમ સબળ રીતે માનશું જેમાં કોઇનો કર દાવો ચાલશે નહી.

મિતિ વૈશાખ સુદ ૪ ગુરૂ શાં ૨૦૯૩

સોલંકી દેમાબાઇ મેઘજી ની સઈ દઃ કુડીઆ નારાણ નથુના બાઇના કેવાથી સઇ કરી છે.

સોલંકી ગંગાબાઈ મેઘજીની સઇ દઃ ગદાણી મુરજી દેશળના બાઇના કેવાથી સઇ કરી છે.

શ્રી માંડવી નગર સભા ઓફીસ તરફથી
જાહેર ખબર

શ્રી માંડવી નગર સભાના માનનીય સભ્યો શ્રીયુત રસિકલાલભાઇ દામજી તથા શ્રીયુત વૃજલાલભાઈ ભવાનજી અધિકારીએ રાજીનામાં આપતાં સભ્યમાંથી મુકત થયેલ છે. જેથી તેઓની ખાલી પડેલી સભ્યપદની જગ્યાએ ધોરણસરની ચુંટણી નીચે દર્શાવ્યા પ્રમાણેના વર્ગો :—

વિભાગ ૪ થોઃ—ખેડુતો તથા ખેતીની જમીન ધરાવનારાઓ તથા

વિભાગ ૫ મોઃ—નોકરીઆત વર્ગ અને પેન્સનર્સ કે જેઓની વાર્ષિક આવક કોરી ૧૨૦૦] કરતાં ઓછી ન હોવી જોઇએ એમ બે વર્ગમાંથી એક એક સભ્યની વર્ગવાર મળી બે સભ્યોની ચુંટણી કરવાનું શાં. ૨૦૦૩ ના જેઠ શુદ ૧૧ શુકરવાર ના રોજ મુકરર કરવામાં આવેલ છે.

મત નોંધવાનો સમય તેજ રોજ એટલે જેઠ સુદ ૧૧ શુકરવારના રોજ સાંજનાં સ્ટા. ટા. ૩॥ થી ૬ સુધી.

ઉમેદવારી પત્રક બંધારણ અનન્ય લખાયલ રીતસર ચુંટણીની તારીખથી પાંચ દિવસ પહેલાં નગરસભાની ઓફીસે મોકલી આપવું.

મતદાર પત્રકે નગરસભાની ઓફિસે રજાના દિવસો સિવાયના દિવસોમાં સવારના સ્ટા. ટા ૯॥ થી ૧૨ તથા બપોરે સ્ટા. ટા. ૩॥ થી ૬ સુધી ખુલુ રહેશે.

ઉમેદવાર સબંધમાં કોઇને કાંઈ વાંધો હોય તો તે ચુંટણીની તારીખથી ત્રણ દિવસ પહેલાં અમને જણાવવો.

મુદત વિત્યા બાદ કોઇનો કાંઇ વાંધો કે તકરાર ચાલશે નહિ. ચુંટણીનુ સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે.

વૈશાખ સુદ ૭ શનીવાર શાં. ૨૦૦૩

નોશીર દસ્તુર.
For માંડવી નગર સભા
પ્રેસીડન્ટ.

☞ આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 74] WEDNESDAY 21st MAY 1947 No. 23]

[પુ૦ ૭૪] જેઠ શુદિ ૨ બુધવાર સંવત ૨૦૦૩ તા. ૨૧મી મે સને ૧૯૪૭ [અંક ૨૩]

પો. અં. જા. નાં. ૪૮૦ **સરકયુલર**

સવંત ૨૦૦૪ની સાલના નીચે પ્રમાણેના તહેવારોની રજા સર્વ ઓફીસો અને સ્કુલોમાં પાડવાનું મંજુર કરવામાં આવે છે.

૧. કચ્છી અષાડી નવું વર્ષ અશાડ સુદ ૨ શુક્રવાર તા. ૨૦–૬–૪૭
૨. રમજાન ઈદ. બીજા શ્રાવણ સુદ ૨ સોમવાર તા. ૧૮–૮–૪૭
૩. બળેવ. બીજા શ્રાવણ સુદ ૧૫ રવિવાર તા. ૩૧–૮–૪૭
૪. શીતળા સાતમ. બીજા શ્રાવણ વદ ૭ રવિવાર તા. ૭–૯–૪૭
૫. કૃષ્ણ જયંતી તથા બુદ્ધાવિંદ મહારાજા શ્રી હઝુર સાહેબ સવાઇ બહાદુરનો જન્મ દિવસ. બીજા શ્રાવણ વદ ૮ સોમવાર તા. ૮–૯–૪૭
૬. યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબનો જન્મ દિવસ ભાદ્રવા વદ ૧૩ રવિવાર તા. ૧૨–૧૦–૪૭
૭. વિજયાદશમી આસુ સુદ ૧૦ શુક્રવાર તા. ૨૪–૧૦–૪૭
૮. બકરી ઇદ. આસુ સુદ ૧૨ રવિવાર તા. ૨૬–૧૦–૪૭
૯. ધન તેરસ. આસુ વદ ૧૩ સોમવાર તા. ૧૦–૧૧–૪૭
૧૦. કાળીચોદશ. આસુ વદ ૧૪ મંગળવાર તા. ૧૧–૧૧–૪૭
૧૧. દીવાળી. આસુ વદ ૦)) બુધવાર તા. ૧૨–૧૧–૪૭
૧૨. અન્નકુટ પડવો કારતક સુદ ૧ ગુરૂવાર તા. ૧૩–૧૧–૪૭
૧૩. મહારાજ કુમારશ્રી ગોહજી સાહેબનો જન્મ દિવસ કારતક સુદ ૯ શનિવાર તા. ૨૨–૧૧–૪૭
૧૪. તાજીયા કારતક સુદ ૧૨ મંગળવાર તા. ૨૫–૧૧–૪૭
૧૫. ખ્રીસ્તી નવું વર્ષ માગસર વદ ૫ ગુરૂવાર તા. ૧–૧–૪૮
૧૬. મકર સંક્રાન્તી પોષ સુદ ૩ બુધવાર તા. ૧૪–૧–૪૮
૧૭. મહાશિવરાત્રી. મહા વદ ૧૩ સોમવાર તા. ૮–૩–૪૮
૧૮. હોળી ફાગણ સુદ ૧૪ બુધવાર તા. ૨૪–૩–૪૮
૧૯. ધુળી પડવો. ફાગણ સુદ ૧૫ ગુરૂવાર તા. ૨૫–૩–૪૮
૨૦. રામનવમી. ચૈત્ર સુદ ૮ શનિવાર તા. ૧૭–૪–૪૮

૨૧ ચંદ્ર ગ્રહણ. ચૈત્ર સુદ ૧૫ શુક્રવાર તા. ૨૩-૪-૪૮
૨૨ સુર્ય ગ્રહણ ચૈત્ર વદ ૦)) રવિવાર તા. ૯-૫-૪૮
૨૩. મ. કુ. શ્રી પૃથ્વીરાજજી સાહેબનો જન્મ દિવસ વૈશાખ સુદ ૧૩ શુક્રે તા. ૨૧-૫-૪૮
૨૪. નિર્જળા એકાદશી. જેઠ સુદ ૧૧ ગુરૂવાર તા. ૧૭-૬-૪૮
૨૫ નામદાર શહેનશાહ બહાદુરનો જન્મ દિવસ જે દિવસે પાળવાનું ઠરે તે દિવસે ખાસ ભુજમાં પાળવાની રજા
૧. નાગ પંચમી શ્રાવણ સુદ ૫ ગુરૂવાર તા. ૨૧-૮-૪૮
૨. રૂદ્રાણીની યાત્રા શ્રાવણ સુદ ૮ રવિવાર તા. ૨૪-૮-૪૮

વૈશાખ સુદ ૧૧ ગુરૂવાર સં. ૨૦૦૩ તા. ૧-૫-૪૭

Tirbhovandas J. Raja,
દિવાન કચ્છ

સી સ જા. નાં ૧૭૧૩ ઠરાવ.

શ્રી કચ્છ રાજ્યમાં લાગુ કરવામાં આવેલ ડ્રગ કન્ટ્રોલ ઓર્ડર ૧૯૪૪, નાં. ૯૧૧ તા ૨૩-૩-૪૪ વાળો અને તે આગે કરવામાં આવેલાં નોટીફીકેશનો નાં. ૯૯૯ તા. ૧-૧૨-૪૪, નાં. ૧૬૨૬ તા. ૧૬-૨-૪૫ અને નાં. ૧૮૫૦ તા ૬-૩-૪૫ વાળાં આથી રદ કરવામાં આવે છે પરંતુ આ તારીખ પહેલાં આ ઓર્ડર્સ અન્વયે જે ચાલુ કેસો કે પ્રકરણો હોય તેનો નિકાલ સદરહું ઓર્ડર્સ કે નોટીફીકેશનો અન્વયે કરવા આથી બાધ આવશે નહિ અને તેનો નિકાલ સદરહુ ઓર્ડર્સ કે નોટીફીકેશનો અન્વયે કરી શકાશે.

તા. ૯-૫-૪૭

J. J. Ashar.
for દિવાન

No 1675 of 1947 Order

The Fisheries Officer under his letter No 185 dated the 22nd April 1947 has submitted two estimates marked A and B for the manufacture of 750 and 375 Mds. of semi-dried prawns for Krs. 67, 650/- and Krs 44, 950/- respectively.

On the papers being submitted to Yuvraj Maharaj Kumar Saheb, he is pleased to sanction estimate B for the manufacture of 375 Mds of semi-dried prawns during the next season at an estimated cost of Krs. 44, 950/-.

The officer concerned is directed to exercise every economy and to manufacture the quantity required efficiently so that it is possible to find a competitive market for the product.

The prawn dust is at present either wasted or collected by unauthorised persons and exported to outside places. Since this constitutes an important manner, the Fisheries Department should collect the prawn dust at Surbari and other places and arrange to market it.

Dewan's Office,
Bhuj, 13th May, 1947.

J. J. Ashar,
Naib Dawan Kutch.

સાં. સ. જા. નં ૧૭૫૪ નોટીફીકેશન.

ડી. સા. એસ. નાં ૧૬૧૮ તા. ૨૩-૪-૪૭ વાળા ઠરાવથી કેરોસનના ચાર ઇમ્પીરીયલ ગેલનનાં ઘોળાડબા White Plate. ની કિંમતમાં કાળા ડબાની કિંમત કરતાં રૂા. ૦-૨-૬ ડીપોઝીટ તરીકે વધારે લેવાનુ ઠરાવવામાં આવ્યુ હતુ પણ હવે કાડી ફુડ તરફથી સદરહુ વધારા બાબતનુ લખાણ આવી ગયુ હોવાથી તેવા ડબા ની કિંમત ટીન સહીત રૂા ૫-૯-૦ રાખવાનુ આથી મુકરર કરવામાં આવે છે સદરહુ હુકમનો અમલ તા. ૨૩-૪-૪૭ થી કરવાનો છે.

સીવીલ સપ્લાઇઝ ડીપાર્ટમેન્ટ
ભુજ તા. ૧૪-૫-૪૭

J. J. Ashar,
for દીવાન કચ્છ.

રે. જા નાં. ૩૧૪૫ ઠરાવ.

સોનું તથા ચાંદી નિકાશ કરવાની પરવાનગી આપવાનું બીજો હુકમ થતાં લગી મોકુફ કરવામાં આવે છે.

મિતિ: વૈશાખ વદ ૧૧ શુક્રવાર શાં. ૨૦૦૩.

તા. ૧૬-૫-૪૭

J. J. Ashar,
નાયબ દિવાન, કચ્છ.

ઠરાવ.

સી. સ. જા. નાં ૧૬૭૮

શ્રી કચ્છ રાજ્યમાં લાગુ કરવામાં આવેલ ડ્રગ્સ કંટ્રોલ ઓર્ડર, ૧૯૪૪, નાં. ૯૧૧ તા. ૨૩ માર્ચ ૧૯૪૪ વાળો આથી રદ કરવામાં આવે છે.

દિવાન ઓફિસ
તા: ૨૫-૪-૪૭

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

જ્યુ. જા. નં ૨૫૪૫ ઠરાવ

શ્રી હ. ઓ. નાં ૨૮૯ સને ૧૯૪૬ વાળાથી અંજાર તેમજ ભચાઉ તાલુકા વાસ્તે હથીઆર પ્રતિબંધનાં થએલ ફરમાનનો અમલ સદરહુ ઓર્ડરના પુરી થતી મુદત બાદ વિશેષ માસ બે ૨ લગી જારી રાખવા જ્યુ. જા. નાં ૧૬૬૨ તા. ૨૪-૩-૪૭ થી ઠરાવવામાં આવેલ જે મુદત ચાલતી સાલના જેઠ શુદ ૨ ના રોજે પુરી થતી હોઇ પોલીસ ખાતેથી લખાણ આવેલ હકીકત ધ્યાનમા લઇ સદરહુ મુદત પુરી થવાની તારીખથી માસ ૧ એકના વિશેષ મુદત લગી સદરહુ ફરમાનનો અમલ જારી રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

વૈશાખ વદ ૧૧ શુક્રવાર શાં. ૨૦૦૩ તા. ૧૬-૫-૪૭

J. J. Ashar,
ફોર દિવાન કચ્છ.

જાહેરાત

કાપડના પરવાનાં ધરાવનાર વેપારીઓને આથી જાણ કરવામાં આવે છે કે કાપડના પરવાનાની મુદત તા. ૩૧-૫ ૪૭ ના રોજ પુરી થતી હોઇ સદરહુ પરવાનાની મુદત આથી તા. ૩૧-૫-૪૮ સુધી વધારવામાં આવે છે.

ટેક્ષટાઇલ કમીશ્નર' ઓફીસ,
ભુજ તા. ૧૬-૫-૪૭.

N. Y. Samarth,
ટેક્ષટાઇલ કમીશ્નર અને
ડાયરેક્ટર ઓફ. સીવીલ સપ્લાઇઝ

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.
શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ કોર્ટ
કોર્ટના ફેશલાં પર.
દી પ. અપીલ નંબર ૨૦૧ સંવત ૨૦૦૩.
સમન. નંબર ૧૩૯૪.

શા, જેરામ ગેલા. અંજાર મુળ અપીલ કરનાર

હા. શુદરજી ક્રાનજી ગુજર (રનાં) વારશો ઠકર પ્રેમજી સુદરજી વીગેર. અંજાર } મુળ જવાબ દેનાર

દાવો ચડતું વ્યાજ અપાવવા

અંજાર હાલે મુબઇના ઠકર ગોવિંદજી સુદરજી ગુજરનારના વારશ ઠકર વેલજી ગોવીંદજી જત આ અપીલેન્ટે આ/કોર્ટમાં અપીલ કરી છે. વાસ્તે તમને ફરમાવવામાં આવે છે કે, એ અપીલની ચોકમા સ. ૨૦૦૩ જેઠ વદ ૧૨ સોમવાર તે રોજ થશે તે રોજે તમારે અથવા તમારો મુખત્યારે વકીલે વકીલાતનામાં સહીત સવારના ૭ા વાગ્યાથી આ કોર્ટમા હાજર રહેવુ અગર એ પ્રમાણે હાજર નહી રહો તો અપીલનો એક તરફો ફેશલો કરવામાં આવશે.

મીતી વૈશાખ સુદ ૮ ભોમ શાં. ૨૦૦૩,

જયસુખલાલ હરજીવન.
મે. શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ જજના હુકમથી.

શ્રી રાપર નગર શભા ઓફીશ તરફથી

જાં. નં. ૧૭૬

આથી લાગતા વળગતાઓને ખબર આપવામાં આવે છે કે મે. રા. રા. દીવનાજી શાહેબ બહાદુર હુજુરથી જ્યુ. જા. નં. ૨૧૩૧ચૈત્ર શુદ ૧૪ શનીવાર શાં ૨૦૦૩ વાલા અનુશંધાનમાં નીચે લખ્યા પ્રમાણે ટેન્ડર લેવાની મંજુરી મળેલ છે.

૧ રાપર શહેરમાં દેશી અનાજ વ્યાયાત નીકાશ થાએ તે પર કલશી ૧ એકે કો. ૦॥ અર્ધ

૨ દેશી અનાજ શીવાએ ઘી તેલ ગોળ ખાંડ શાકર રશકશ કાપડ શુતર તથા રેજાનો પરચુરણ માલ તથા પરદેશી માલ ગુણીના આકારમાં ઘઊં ચોખા ચણા ચણાની દાર વીગેરે આયત થાય તે પર નીચે પ્રમાણે

૧ ગાડા ૧ એકની કોરી ૧ એક

૨ ઊંઠ ૧ એકની કો. ૦॥ અર્ધ

૩ ગધેડા ૧ એકના છુટા ત્રણ

૪ છુટક હબો માથાપર આવે તે પર છુટો દોઢ

૩ બહાર ગામથી ભારનાં ગાડા ઊંઠ તથા ગધેડાં માલ ભરી આવે તે પર રાપર શહેરની શડકનો ટોલટેક્ષ નીચે મુજબ

૧ ગાડા ૧ એકના છુટા ત્રણ

૨ ઊંઠ ૧ એકનો છુટો દોઢ

૩ ગધેડા ૧નો છુટો અર્ધ

૪ તળ રાપરમાં બળદ ઊંઠ ઘોડાં ભેશ વીગેરે ચોપાં (ગાએ શીવાય) વેચાણ થાએ તે પર જીવ ૧ એકે કો. ૧ એક

એ પ્રમાણે કર લેવા મંજુરી મળેલ છે માટે તે પ્રમાણે વૈશાક શુદ રથી અમલમાં આવશે માટે તેનો શર્વે લોકોએ અમલ કરવો.

મિતી ચત્ર વીદ ૦)) રવીવાર શાં. ૨૦૦૩ તા. ૨૧-૪-૪૭

J. R. Morabia

પ્રેશીડેન્ટ શ્રી રાપર નગર શભા

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૨૨મી એપ્રીલ સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ વૈશાક શુદ ૧ ભોમવાર તે રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુન્દ્રા.	અંજાર.	ભચાઉ.	રાપર.	અબડાસા જખઉ.	લખપત.	ખડીર (રાદડા.)	ભાવરા.	નખત્રાણા.	રીમાર્ક.
૧	ચઉ કાલા.....	૭૨૦	૭૬૮	...	...	...	...	...	...	...	...	૬૪૦	
૨	ઘઉં વાજીઆ.....	૪૮૦	૬૪૦	૫૧૨	૫૦૦	૪૮૦	...	૮૦૦	૭૦૨	૪૪૮	...	૪૪૮	
૩	બાજરી.....	૪૨૫	૩૮૪	૪૦૦	૪૩૨	૩૫૦	...	૩૦૪	૩૨૦	૨૭૨	...	૩૫૨	
૪	મગ.....	૩૨૦	૩૭૫	૩૨૦	૩૩૬	૩૨૦	...	૨૮૮	૩૨૦	૨૦૦	...	૩૨૦	
૫	મઠ (રારડ).....	૨૫૨	૨૮૮	૨૫૬	૨૭૨	૨૦૮	...	૨૪૦	૨૦૪	૧૬૦	...	૧૯૨	
૬	જાર.....	...	૨૮૮	૩૬૮	૨૭૬	૨૮૦	...	૧૯૨	૨૫૬	૨૦૮	...	૩૦૪	
૭	એરંડા (સદાફળા).....	...	૪૪૮	...	૪૦૦	...	...	૩૫૨	૩૮૪	૪૦૦	...	૩૨૦	
૮	ગોવાર.....	૨૮૦	૩૭૦	૩૧૨	૨૭૬	૨૮૦	...	૨૭૨	૨૫૬	૨૦૮	...	૨૭૨	
૯	તલ.....	૬૦૦	૬૪૦	૬૪૮	૬૦૮	૬૨૪	...	૫૬૦	૫૧૨	૭૨૦	...	૫૭૬	
૧૦	ચોખા ઉંચા.....	...	...	...	...	...	...	...	...	...	...	૧૮૦	
૧૧	ચોખા હલકા.....	૧૧૨૦	૧૨૮૦	...	૧૨૦૦	...	...	૮૯૬	૭૦૨	...	...	૬૧૦	
૧૨	કાલાં ભાર.....	.	...	...	૨૫૦	...	...	...	...	...	...	...	
૧૩	ઘી.....	૧૪૮	૧૫૦	૧૪૬	૧૪૬	૧૬૦	...	૧૪૦	૧૨૬	૧૪૦	...	૧૪૦	
૧૪	તેલ.....	૬૦	૬૦	૬૨	૬૬	૬૪	...	...	૬૪	...	...	૬૨	
૨ શા. મુરજી આશમલ હાલે મુંબઇ
મીતી વૈશાખ વીદ ૦) ભોમે સાં ૨૦૦૩

Vrijlal Harilal,
સુદરા ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નંબર ૩૮૮૦.

શ્રી રાપર અદાલત

દી. દાવાનો નંબર ૫૬૨ સંવત ૨૦૦૩.

ઠોડારી જગશી સાકરચંદ પળાસવા વાદી
ઉમર વણવીર ધના એજ પ્રતિવાદી
દાવો લેણાં બાબત

રહેનાર પળાસવાના તે હાલે સીંધના નીચે લખ્યા ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૯૦] નેવુ મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના અસાડ શુદ ૧૫ બુધવારને રોજ સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં જાતે અથવા અદાલતના જે વકીલ ને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઈ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ ઉમટ વણવીર ધના
૨ ઉમટ હીરા ધના
મીતી વઇશાખ વીદ ૦)) વાર મંગળ સં. ૨૦૦૩

નારાણજી પ્રાગજી ઠકર,
મે. રાપર ન્યાયાધીશ સા. ના હુ.થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી રાપર અદાલત નાં ૩૮૮૧
દાવાનો નંબર ૬૬ સંવત ૨૦૦૩

મોરબીઆ ખેંગાર દામજી રાપર વાદી
ઠા નરસંગ લક્ષ્મીચંદ રાપર પ્રતિવાદી
દાવો
લેણાબાબત

રહેનાર રાપરના તે હાલે મુંબઇ બંદર મધ્યે ઠા.ચત્રભુજ મોકલ ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૬૫૪॥ ના મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના અશાડ વીદ ૪ સોમવારને રોજ સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને
વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ વૈશાખ વીદ ૦)) વાર મંગળ સંવત ૨૦૦૩

નારાણજી પ્રાગજી ઠકકર
મે. જો. રાપર ન્યાયાધીશ. શા.ના હુ.થી

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.
શ્રી નખત્રાણા અદાલત
ખા. દી. દાવાનો નાં ૫૪ સાં ૨૦૦૩

કણબી ગલજી રતનાની દીકરી હાંસબાઇ વાદી
દેવીબાઇ
કણબી ધનજી ગોપાલ વીરાણી હાલે કરાંચી પ્રતિવાદી
દાવો છેડાછુટ અપાવવા

હાલે કરાંચીના રહેનાર કણબી ધનજી ગોપાલને માલૂમ થાય જે વાદીએ તમારા ઉપર છેડા છુટકો અપાવવા દાવો કર્યો છે માટે તમને આ ઉપર થી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ જેઠ વીદ ૭ બુધવારને રોજ સવારના વાગતે ઉપર કરેલ વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે મુખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરી માં મુદા ચલાવવામાં આવશે અને વાદી જેવા માગેછે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો

મીતી વૈશાખ વીદ ૧૪ શુક્રવાર શાં ૨૦૦૩

કરશનજી નથુભાઈ ગોર,
મે. નખત્રાણા ન્યાયાધીશ હુકમથી

ના ૪૫૫૧ જાહેર ખબર.

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે રા ધીણોધર મેનેજર સાહેબ તરફથી નીચે લખ્યા નીશાનીવાળા જાનવર જીવ ૨ બે ગૈયાળ રીતે અહીં રજુ થયેલ છે. આ જાનવર જેના હોય તેણે આ જાહેર ખબર પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની અંદર હાજર થઇ ખાત્રી તથા પુરાવો આપી થયેલ ખર્ચ આપી લઇ જવાં નહિતર મુદત વિતે સદરહુ જાનવર શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

૧ શાંઢ જીવ ૧ એક રંગે શાઇ કાંધ પર ડાબ છે અને જમણી બાજુના પગ પર ખસુરત નીશાન છે ઉ. વ. ૫ આસરે કીંમત કોરી ૪૦૦) આસરે

૨ ગોરો જીવ ૧ એક રંગે શાઓ. ઉં વ. ૧ આસરે કીંમત કોરી ૧૫૦) આસરે.

એ રીતે

મિતી વશાખ વિદ ૧૪ સોમવાર સંવત ૨૦૦૩

N. B Pathak
નખત્રાણા વહીવટદાર.

જાહેર ખબર

શ્રી. ખાવડા થાણદાર તરફથી

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે છાડ એટના ઇજારદાર તરફથી મીતી વૈશાખ વદ ૧૧ શુક્રે શા ૨૦૦૩ વાળા રિપોર્ટ સાથે નીચે લખ્યા નીશાનીવાળી ઊંઠડી જીવ ૭ સાત તથા ઊંઠ જીવ ૧ એક એમ મળી જીવ ૮ આઠ રોકી છાડએટમાંથી હાથ કરી અંહિના ડબામાં રજુ કરેલ છે માટે સદરહુ જાનવરો જેના હોય તેણે આ જાહેરનામાની તારીખથી એક માસની અંદર અંહિની કચેરીમાં હાજર થઇ સદરહુ જાનવરો પોતાના છે તેવો ખાત્રી પુરાવો આપી કચેરી તરફના ડબા દંડ તથા ખોરાકખર્ચ તથા છાડએટના ઇજારદારની છાડએટની નુકશાની તથા ખેપ ખર્ચ વગેરે ચુકાવી લઇ જવી મુદત વીતે સદરહુ જાનવરો શ્રી કચ્છ સરકાર દાખલ કરવામાં આવશે અને પાછળથી કોઇનો હક રહેશે નહિ.

ઊંઠડી જીવ ૪ ચાર રંગે સાઇ ઉ. વ ૧૦ આસરે કિંમત દરેક જાનવર દીઠ કોરી ૬૦૦) છસો આસરે ઊંઠડી જીવ ૩ ત્રણ રંગે સાઇ ઉ વ. ૩ આસરે કિંમત દરેક જાનવર દીઠ કોરી ૬૦૦) છસો આસરે ઊંઠ જીવ ૧ એક રંગે સાઓ નીશાન વગરનો ઉ. વ. ૩ ત્રણ આસરે કિંમત કોરી ૬૦૦) આસરેનો.

વૈશાખ વદ ૧૪ સોમે સા. ૨૦૦૩

છાયા ત્રિભુવનલાલ વજેશંકર
ખાવડા થાણદાર

-જાહેર સુચના.-

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા થી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની વહાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી

ખાનગી જાહેર ખબર

જત આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે મારા અસીલ ભુજનાં મેમણ અબ્દુલ ગફુર યુસફની ભુજ મધે ભદારા ફલીઆમાં ભંગીઆની કેરી નજીક જગ્યા એક ડેલી બધ જે ડેલાની અંદર ખોરડાંઓ ત્રણ છે તે જગ્યા એક નીચે લખી ચતુર હિશા વાલી જેનો કબજો ભોગવટો વગેરે તમામ માલીકી હકક મારા અસીલનો છે તે જગ્યાના મારા અસીલના દસ્તાવેજો તેની શોધ તપાસ કરતાં હજુ સુધી મારા અસીલને હાથ આવેલ નથી. જેઓ ગુમ થયેલા જણાય છે તે દસ્તાવેજો કોઇને પણ હાથ આવે તો તે પર કોઈએ મારા અસીલની સંમતી વગર ધીરધાર કે કોઈ પ્રકારનો વ્યવહાર કરવો નહિ અને જો કોઈ કરશે તો તે મારા અસીલને

કે મારા અસીલની ઉપરોક્ત જગ્યાને બંધન કર્તા થશે નહિ ઉલટું એવો વ્યવહાર કરનાર બંન્ને પક્ષ તે માટે મારા અસીલને જવાબદાર રહેશે અને જેને મારા અસીલના દસ્તાવેજો મળેલ હોય તેને કશા ઉપયોગના ન હોતાં મારા અસીલને ભુજ મધે ભડારા ફલીઆમાં તેમના ઘરે આ નોટીસ પ્રગટ થયે રોજ ૮ આઠમાં પહોંચતા કરે અને તેને મારા અસીલ યોગ્ય ઈનામ આપશે જો તેમ નહિ કરતાં એ દસ્તાવેજો રાખી મુકશે કે બીજી કોઇ પણ રીતે દુર ઉપયોગ કરશે તો તેની હરેક જવાબદારી તેના પર રહેશે. જો કોઇ લેણું લેખું કે હકક હોવાનું ખોટી રીતે માનવામાં આવતું હોય તો ઉપરોક્ત મુદતમાં અમારી મારફતે ચોખ કરી જવી પાછળથી મારા અસીલ ની કોઇ પણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

જગ્યાની ચાતુર દિશા

૧ ઉગમણી કોરે એમણતૈયબ ઇબ્રામની જગ્યા તથા વોરા ભાઇજી વાલાની વંડી છે.

૨ ઉતરાદી કોરે જગ્યાનો બારણો છે તથા હાલ ચાલનો રસ્તો છે.

૩ દખણાદી કોરે એમણ જુમા ફાજલની વંડી તથા મેઘવાળ તુરી દેવા કારાની જગ્યા છે

૪ આથમણી કોરે એમણ અબ્દુલલતીફ હાસમ તથા ખત્રી લધા મામદની જગ્યાઓ છે.

મિતી વૈશાખ વીદ ૧૩ સોમવાર ૨૦૦૩

વકીલ ઓફીસ વોરાબજાર ભુજ (કચ્છ) } લી:વોરા ગુલામહુશેન મહમદ અલી તે મેમણ અબ્દુલગફુર યુસફના વકીલ

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ ઠોડાયના તે હાલે બાડાના શા જખુ ઉર્ફે કુંવરજી ઉમરસીની સુચનાથી આથી સર્વ લોકોને જાહેર કરવામાં આવે છે કે અમારા અસીલની હક માલીકીનું ગામ ઠોડાય ની દખણાદી સીમનું ખેત્ર નામે અજોર અમારા અસીલની સગીર અવસ્થામાં તેની માતાજી પાસેથી ઠોડાયના શા. દેવરાજ નથુએ ફરેબ ગેર અધિકારે વિટાંતર મંડાવી લીધેલ છે અને તે બાબતમાં તેના વિરૂધ અમારા અસીલ તરફથી કાયદેસર પગલાં લેવામાં આવશે પરતુ હાલે અમારા અસીલના જાણવામાં આવેલ છે કે મજકુર શા. દેવરાજ નથુ જે ઠામ વેંચસાટ કરવાની હીલ ચાલ કરી રહેલ છે જેથી લાગતા વળગતા સર્વેને સુચના આપવામાં આવે છે કે મજકુર શા. દેવરાજ નથુનો તે ઠામ પર કાયદેશર હક અધિકાર ન હોઈ તેને વેંચસાટ કરવા અધિકાર નથી જેથી કોઇએ તે ઠામ તેના પાસેથી વેચાણ કે ગીરો કે બીજી રીતે રાખવું નહિ અને આ નોટીસ છતાં તેવો વહેવાર કરવામાં આવશે અગર કરેલ હશે તો તે ઠામપરના અમારા અસીલના હકને બંધનકર્તા થસે નહિ.

શા. ૨૦૦૩ ના વઈશાખ વીદ ૦,) ભોમે.

મહેતા હીરાલાલ મણીલાલ, એડવોકેટ તે શા. કુવરજી ઉમરસીના વકીલ.

કંશારા બજાર કચ્છ માંડવી.

ખાનગી જાહેર ખબર

ગુંદાળા ના શા ગગુ દેસુ ગુજરી જતાં તેના વારસોની વાલી માતાજી લાડબાઇની સૂચનાથી સર્વેને ખબર આપવામાં આવે છે કે શા ગગુ દેસુ નામે ગુંદાળાના શા. દામજી ઘેલાએ એક વરંડાના બે ખંડ ત્રણ હજાર કોરીમાં વીટાંતર મુક્યું છે તથા તેના પર વાડનાં લેણાં તરીકે આ વરંડા પર રૂા ૯૦૦ ચડતે વ્યાજે લેણા છે.

મજકુર શા. દામજી ઘેલા આ વરંડા વેચવાની કોસીસ કરે છે. તે જો કોઇ લેસે તે અમારા અસીલના વીટાંતરના તથા વાડના લેણાંના ચડત વ્યાજ સીખે જવાબદાર રહેશે તેના આથી નોંધ લેશો.

મિતી જેઠ સુદ ૨ ગુરૂવાર શા. ૨૦૦૩

ચંદ્રકાંત સોમજી છાંયા

તે શા ગગુ દેસુના વારસોની વાલી લાડબાઇ ના વકીલ.

જાહેર ખબર

આથી લાગતા વળગતા સર્વને ખબર આપવામાં આવે છે જે મારા અસીલ મી. તેહમુર્સ કાવસજી પટેલના માતુશ્રી ધનબાઈ કાવસજી પટેલ લાંબા સમય થી બહુજ મગજની અસ્થીર હાલતમાં છે અને હાલે તેણી ધરવાડાની સેન્ટ્રલ મેન્ટલ હોસ્પિતાલમાં છે. આ સમય દરમિઆન

અને હાલે તેણી પોતાનું હિતાહિત સમજી શકે તેવી સ્થિતીમાં નથી. તેણીએ આવી આવી સ્થિતીમાં તેણીના બીજા દીકરા રતનશા કાવસજી પટેલને મે–જુન ૧૯૪૬ના અરશામાં પાવર ઓફ એટર્ની આપેલ છે આ વખતે પણ તેણીના મગજની સ્થિતી બહુજ અસ્થિર હતી અને તે વખતે તેણી પોતાનું હીતાહીત સમજી શકે તેવી સ્થિતીમાં ન હતી મી. રતનશા પાસે તેણીનીવતી જે પસા આવ્યા છે તે રકમો તેણે ઉડાઉપણે ખર્ચી નાખેલ હોવાનું મારા અસીલના જાણવામાં આવેલ છે બાઇ ધનબાઇની મીલ્કતોમાં મારા અસીલનો પણ રતનશા જેટલોજ હકક છે. જેવા ઉપર જણાવ્યા મુજબ બાઈ ધનબાઇ કાવસજી પટેલે મી. રતનશા કાવસજી પટેલને આપેલ પાવર ઓફ એટર્નીની રૂએ સદરહુ મી. રતનશા સાથે કાઈએપણ કોઇપણ પ્રકાર વ્યવહાર કે લેતીદેતી કરવી નહિ આ છતાં જો કોઈ પણ તેમ કરશે તો તે માટે બાઈ ધનબાઈ કાવસજી પટેલ કે તેણીની કોઈ પણ મીલ્કતે જવાબદાર રહેશે નહિ તેવી સર્વે નોંધ લેવી.

લી. વીરજી મુલજી કેનીઆ તે મ. તેહમુર્સ કાવશજી પટેલના એડવોકેટ.

૧૧૬, ન્યુ ચીચબંદર રોડ મુંબઇ

તા. ૨૬–૪–૧૯૪૭.

ખાનગી જાહેરખબર.

અમારા અસીલ માંડવીન ઓઢેજા કાસુ ઈભલાની સુચનાથી સર્વ લોકોને જાણ કરવામાં આવે છે કે માંડવીના જોશી આત્મારામ તુલજારામ પાસેથી તેની હક માલેકી અને કબજાનો વાડો માંડવી મધ્યે શોન વાલા નાકાની બહાર મોચીની નાતના વાડા ના ઉત્તરદીકે આવેલ જેમા અક વાવ તથા ડેલો પડી ગયેલ છે તે વાડો અમારા અસીલે વેચાણ રાખવાના સોદો કરેલ છે તે વાડાના દસ્તાવેજો અમારા અસીલના મતાદારના હાથથી ઉતરી ગયેલ હોવાથી તે સબધે કોઇનો ગીરો બક્ષિશ ભરણ પોષણ કે બીજા કોઇ પણ તરહનો હક હિસ્સો હોય તો તેમણે આ જાહેર ખબર તે તારીખથી રોજ ૧૫ની અંદર અમારી ઓફીસે તેવા હક સબંધીનાં આધારો બતાવી જવા નહિતર મુદત બાદ તે વાડા સબંધે કોઈનો હક હોવો નથી અને હશે તો તે છોડી દીધેલ છે એમ માની તે વાડાનુ પકું વેચાણ ખત કરવામાં આવશે અને ત્યાર બાદ તેવા કોઇ હક દાવા માટે જવાબદાર રહેશે નહિ.

શાં ૨૦૦૩ના જેઠ શુદ ૮ ભોમે

મહેતા હીરાલાલ મણીલાલ એડવોકેટ
તે ઓઢેજા કાસુ ઇભલાના વકીલ

કંસારા બજાર કચ્છ માંડવી.

☞ આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

323

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 75] FRIDAY 20th JUNE 1497 [No. 1]

[પુ૦ ૭૫] અષાડ શુદ ૨ શુક્રવાર સંવત્ ૨૦૦૪ તા. ૨૦મી જુન સને ૧૯૪૭ [અંક ૧]

સુચના.

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨૪ાઉ અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૯ા લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૩ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૪ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રહાકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧ાા

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ની લીટી ૨ તથા ત્રીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતેકાગદ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

324

હુકમ નં. ૧૧૪ ઠરાવ.

'શ્રી કચ્છ રાજ્યના હથીઆરના કાયદા' નો ડ્રાફ્ટ, ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનાં ફરમાનથી, મંજુર કરવામાં આવે છે.

મિતી વૈશાખ વદ ૧૧ શુકરવાર શં. ૨૦૦૩. તારીખ ૧૬-૫-૪૭

જે. જે. આસર,
ફોર દિવાન, કચ્છ.

શ્રી કચ્છ રાજ્યનો "હથીયારનો કાયદો".

હથીયાર તથા યુદ્ધ સામગ્રી તથા લશ્કરી સ્ટોર સંબંધીનો કાયદો એકત્ર કરી સુધારવાનું ઇષ્ટ જણાતાં મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ લેફ્. કર્નલ સર વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઈ. એમણે નીચે પ્રમાણે ઠરાવ્યું છે.

ઉદ્દેશ.

પ્રાથમિક નિયમો.

સંજ્ઞા-વ્યાપ્તિ

૧. ૧ આ કાયદાને "શ્રી કચ્છ રાજ્યનો હથીયારનો કાયદો" કહેવો, અને

૨. તે આખા કચ્છ રાજ્યને લાગુ પડશે, પરંતુ આના કોઈપણ ઠરાવો હેઠળ દર્શાવેલા હથીયાર, યુધ્ધસામગ્રી તથા લશ્કરી સ્ટોરને લાગુ નથી એમ સમજવું:-

અ: સમુદ્રમાં સફર કરનારા કોઈ વહાણ ઉપર હથીયાર, યુધ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર હોય અને તે સદરહુ વહાણના સામાન્ય હથીયારનો અથવા સામાન સરંજામનો ભાગ હોય તેવા હથીયારને અથવા યુધ્ધસામગ્રીને અથવા લશ્કરી સ્ટોરને અથવા:

બ: રાજ્યનો કોઇ સરકારી નોકર રાજ્યના તેવા નોકર તરીકે પોતાનું કર્તવ્ય બજાવતો હોય ત્યારે, અથવા રાજ્યના હુકમથી હથીયાર, યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર તયાર કરવાને અથવા તેઓનું રૂપાંતર કરવાને અથવા તે વેચવાને અથવા તે રાજ્યની અંદર લાવવાને અથવા રાજ્યની બહાર મોકલવાને અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવાને અથવા ધારણ કરવાને અથવા કબજામાં રાખવાને લાગુ નથી.

શરૂઆત.

૨. આ કાયદો સંવત ૨૦૦૪ના અષાડ સુદ ૩ શનીવારની તારીખથી અમલમાં આવશે.

રદ કર્યા તે.

૩. ૧ આ કાયદો અમલમાં આવશે તે તારીખથી હથીયાર તથા દારૂગોળા સંબંધી જે કાયદો તથા નિયમો હોય તથા તે અન્વયે કાઢવામાં આવેલા હુકમો, સરક્યુલરો, જાહેરાતો હોય અને તે જેટલે દરજ્જે આ કાયદાથી વિરૂધ્ધ હોય તેટલે દરજ્જે તે રદ થાયછે એમ સમજવું. પરંતુ

૨. આ કાયદો અમલમાં આવતાં પહેલાં પ્રથમના કાયદા અન્વયે જે હુકમો તથા બીજી તજવીજો થઇ હશે તેને આથી બાધ આવશે નહીં.

વ્યાખ્યા.

૪. આ કાયદામાં વિષય ઉપરથી અથવા પૂર્વાપર સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો, આ કાયદામાં નીચે દર્શાવેલા શબ્દો નીચે દર્શાવેલા અર્થમાં વાપર્યા છે એમ સમજવું.

"તોપ" આ શબ્દમાં સઘળા ૧ હાવીટઝર, મોરટર્સ (ગરનાલ), ૨ વોલ પીસીસ, મીટેલુસ તથા બીજા પ્રકારની તોપો તથા મશીનગન્સનો તથા તેઓના બધા ભાગોનો તથા તે ચડાવવાની તથા એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાની તથા તેના કામમાં ઉપયોગી થતી સઘળી ગાડીઓનો પ્લેટ ફોર્મનો, તથા તે ચડાવવાના સાધનોનો પણ સમાવેશ થાય છે.

"હથીયાર" આ શબ્દમાં અગ્નિ શસ્ત્રોનો, સંગીનનો, તલવારનો, ખંજરોનો એટલે કટારીનો, છ ઇંચથી લાંબા મોટા ફલવાળા છરા, ચપ્પુ તથા છરીનો તથા ભાલાંનો તથા ભાલાંના ફળોનો તથા કામઠાંનો તથા તીરનો સમાવેશ થાય છે અને તોપ તથા હથીયારોના ભાગનો અને હથીયાર તૈયાર કરવાના અથવા તેમની મરામત કરવાના યંત્રનો પણ સમાવેશ થાય છે.

"યુદ્ધસામગ્રી" આ શબ્દમાં ટોરપીડોના કામમાં ઉપયોગી થતાં અથવા સમુદ્રની હેઠળ સુરંગ મારવા સારૂં ખાસ યોજેલા સઘળા પદાર્થો, તથા બાણો, તથા ગન-કોટન તથા ડેનામાઈટ, તથા લીયો ક્રાફ્ટર તથા અવાજ સાથે ફૂટે તેવા તથા ધક્કા લાગવાથી અથવા ઘસાયા વિગેરેથી મોટા અવાજ સાથે ફૂટનારા બીજા પદાર્થો, તથા બંદુકનો ચકમક, તથા ગનવોટસ, તથા તોટી તથા કારતુસ, તથા દારૂ, તથા ફ્યુઝીઝ, તથા ફ્રીકશન ટયુબોનો, તથા યુધ્ધસામગ્રીના સઘળા ભાગ તથા યુધ્ધસામગ્રી બનાવવાના સઘળા યંત્રોનો પણ સમાવેશ થાય છે તથા તેમાં દશ રતલ વજન કરતાં વધારે ગંધકનો, એકી વખતે એક હંડરવેટ કરતાં વધારે સીસાંની બર્ડસોટ (પક્ષીને મારવાના છરા) તથા ગોળીઓનો સમાવેશ થાય છે. પરંતુ સીસાંનો અથવા સુરાખારનો સમાવેશ થતો નથી.

"લશ્કરી સ્ટોર" રાજ્યના કોઈપણ ભાગને લાગુ પાડેલી આ કાયદાની કોઈપણ કલમ માંહેના "લશ્કરી સ્ટોર" એ શબ્દનો અર્થ જે કોઇ લશ્કરી સ્ટોરને સદરહુ ભાગમાં કચ્છ રાજ્ય પત્રમાં જાહેરનામું પ્રસીદ્ધ કરીને સદરહુ કલમ ખાસ લાગુ કરવામાં આવશે તે લશ્કરી સ્ટોર એવો સમજવો અને લશ્કરી સ્ટોર આ શબ્દમાં સઘળું સીસું તથા ગંધક તથા સુરોખાર તથા બીજા પદાર્થ જેને સદરહુ કલમ કચ્છ રાજ્ય વખતોવખતે સદરહુ પ્રમાણે લાગુ કરશે તેનો પણ સમાવેશ થાય છે એમ સમજવું.

"લાયસન્સ" આ શબ્દનો અર્થ આ કાયદા પ્રમાણે આપેલું અથવા હીન્દુસ્તાનના હથીયારના કાયદાની રૂએ યોગ્ય અધિકારીએ આપેલું લાયસન્સ એવો થાય છે.

તૈયાર કરવા, રૂપાંતર કરવા તથા વેંચવા બાબત.

વગર પરવાનગીએ તૈયાર કરવાની, રૂપાંતર કરવાની અથવા વેચવાની મના.

૫. કોઈપણ માણસે કોઈપણ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર લાયસન્સ વગર તથા તે લાયસન્સ ઉપરથી જે રીતની પરવાંનગી આપી હશે તે સિવાય બીજી રીતે અથવા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે તૈયાર કરવો નહીં, અથવા તેઓનું રૂપાંતર કરવું નહીં, મરામત કરવી નહી, અથવા તે વેચવો નહીં, અથવા વેંચવા સારૂ રાખવો નહીં અથવા વેંચવા સારૂં કાઢવો નહીં અથવા માંડી મૂકવો નહી.

પરંતુ જે કોઈ માણસે જે કોઈપણ હથીયારો અથવા યુદ્ધસામગ્રીઓ શુધ્ધબુધ્ધિથી પોતાના ખાનગી ઉપયોગ સારૂ કાયદેસર રીતે રાખ્યા હશે તે બીજા કોઇપણ માણસ જેને

તે પોતાના કબજામાં રાખવાની મના હશે નહીં તેને વેચવાની આમાંના કોઈપણ મજકુર ઉપરથી મના છે એમ સમજવું નહીં પણ હંમેશને માટે એવું ઠરાવ્યું છે કે, પોલીસ કમીશ્નરની પરવાનગી મેળવવામાં આવે નહીં ત્યાંસુધી આવું વેચાણ થઇ શકશે નહીં અને વેચાણ રાખનાર શખસે પોલીસ કમીશ્નરની પરવાનગી સિવાય રાખવું નહી.

આયાત કરવા તથા બહાર મોકલવા બાબત.

લાયસન્સ વગર લાવવું તથા બહાર મોકલવું

૬. કોઇ માણસે કોઈ હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર લાઈસન્સ વગર અથવા સદરહુ પ્રકારના લાયસન્સ ઉપરથી જે રીતની પરવાનગી આપી હશે તે સિવાય બીજી રીતે અથવા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે કચ્છ રાજ્યમાં અથવા કચ્છ રાજ્યની બહાર જળમાર્ગે અથવા ખુશ્કીને રસ્તે અથવા હવાઈમાર્ગે લાવવો નહીં. અથવા લઇ જવો નહીં.

ખાનગી ઉપયોગ માટે હથીયાર અથવા યુધ્ધસામગ્રી આણવા અથવા બહાર મોકલવા.

જે કોઈ માણસને હથીયારો અથવા યુધ્ધ સામગ્રી કબજામાં રાખવાનો કાયદેસર રીતે હક્ક હશે, તે માણસે પોતાના ખાનગી વપરાસ સારૂ વ્યાજબી પ્રમાણમાં જરૂર જોગ આણેલા અથવા બહાર મોકલેલા (તોપ સિવાય બીજા) હથીયારોને અથવા યુધ્ધસામગ્રીને આ કલમની પહેલી રકમના કોઈ ઠરાવ લાગુ નથી, પણ સદરહુ પ્રકારના હથીયારો બાબત અથવા યુધ્ધ સામગ્રી બાબત રાજ્યનો પોતાને હુકમ પહોંચતાં લગી તે હરકોઈ વખતે અટકાવી રાખવાનો અધિકાર કસ્ટમ ઓફીસરને અથવા પોલીસ કમીશ્નરને છે.

ખુલાસોઃ—જે હથીયાર તથા યુધ્ધ સામગ્રી તથા લશ્કરી સ્ટોર કચ્છ રાજ્યના એક ભાગમાંથી બીજા ભાગમાં જળ માર્ગે, અથવા કચ્છ રાજ્યનો ભાગ નહીં હોય તેવા દરમ્યાનના મુલકમાંથી લઈ જવામાં આવ્યો હશે તે આ કલમના અર્થ પ્રમાણે કચ્છ રાજ્યમાંથી બહાર લઈ જવામાં આવ્યો છે તથા કચ્છ રાજ્યમાં લાવવામાં આવ્યો છે એમ સમજવું.

હથીયારો વિગેરે વખારમાં રાખવા બાબત.

૭. કોઇપણ હથીયારો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર કોઈ પણ વખારમાં પોલીસ કમીશ્નરની મંજુરી વગર રાખવો નહીં.

એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવાની મના કરવાના અધીકાર.

૮. (૧) ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ કચ્છ રાજ્ય પત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને આખા કચ્છ રાજ્યમાં અથવા રાજ્યના અમુક ભાગમાં અમુક પ્રકારના હથીયારો યુધ્ધ સામગ્રીઓ, અથવા લશ્કરી સ્ટોર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવાના સબંધમાં નિયમો કરી શકશે, અથવા તેમ કરવાની સદંતર મના કરી શકશે અથવા લાયસન્સ વગર, અને સદરહુ લાયસન્સમાં બતાવેલી રીત અને પ્રમાણ કરતાં જુદી રીતે અને વધારે પ્રમાણમાં લઈ જવાની મના કરી શકશે, અને તેઓશ્રી

(૨) આવુ જાહેરનામું રદ પણ કરી શકશે.

ખુલાસોઃ—હથીયારો, યુધ્ધ સામગ્રી, અથવા લશ્કરી સ્ટોર કચ્છ રાજ્યના કોઈ બંદરમાં એક વહાણમાંથી બીજા વહાણમાં ચડાવ્યાં હશે તો આ કલમના અર્થ પ્રમાણે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં આવ્યાં છે એમ સમજવું.

જડતી લેવાના થાણા સ્થાપવાનો અધીકાર.

૯. શ્રી કચ્છ રાજ્ય, કચ્છ રાજ્ય અને પર રાજ્યના સિમાડાની હદની લાઈન ઉપર કોઈ પણ જગ્યાએ અને તે લાઈનની અંદર યોગ્ય જણાય તેટલા તેટલા અંતરે જડતી લેવા માટે થાણાઓ સ્થાપી શકશે. આ જગ્યાઓએ જે અમલદારને શ્રી રાજ્ય તરફથી

તેના નામથી અથવા હોદ્દાની રૂએ અધિકાર આપવામાં આવ્યો હશે તે અમલદાર પસાર થતાં બધા વહાણો, ગાડાઓ, ભારબરદારી જાનવરો અને સઘળી પેટીઓ, ગાંસડીઓ, પોટકાંઓ અટકાવી શકશે અને હથીયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર માટે તેઓની જડતી લઇ શકશે.

શકમંદ સ્થિતિમાં હથીયાર વિગેરેલઇ જનારને પકડવા બાબત.

૧૦. કોઇ શખસ કોઈ હથીયારો, યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર આ માટે તેના પાસે લાયસન્સ હોય કે ન હોય તોપણ લઈ જતો માલુમ પડે અને તે એવી રીતે અને એવા સજોગોમાં લઈ જતો હોય કે જેથી આ હથીયારો વિગેરે કોઇ ગેરકાયદેસર કૃત્ય માટે વાપરવાના અથવા તેવી રીતે વપરાય એવા ઇરાદાથી લઈ જવામાં આવે છે એવો શક ઉત્પન્ન થવાના વ્યાજબી કારણો મળતાં હોય ત્યારે કોઇ પણ માણસ વારંટ વગર તે સખસને પકડી શકશે અને તેવાં હથીયારો, યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર તેના પાસેથી લઈ શકશે.

માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર નહી હોય તેવા કોઇ માણસે પકડેલ કોઇ માણસ અને સદરહુ પ્રમાણે લીધેલાં હથીયારો, યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર જેમ બને તેમ જલ્દી પોલીસ અમલદારને સ્વાધીન કરવો.

પોલીસ અમલદારે પકડેલા અથવા પોલીસ અમલદારને સ્વાધીન કરેલા સઘળા માણસો અને સદરહુ પ્રકારના કોઇ અમલદારે પકડેલા અથવા આ પ્રમાણે તેને સ્વાધીન થયેલાં સઘળાં હથીયારો તથા યુધ્ધસામગ્રી વગર કારણે વાર ન લગાડતાં માજીસ્ટ્રેટ પાસે લઇ જવાં.

લાયસન્સ વગર હથીયાર સહીત જવાની મના બાબત.

લાયસન્સ વગર હથીયાર સહીત જવાની મના.

૧૧. લાયસન્સ વગર તથા તે લાયસન્સમાં જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે તથા જે રીતની પરવાનગી આપી હશે તે સીવાય બીજી રીતે કોઇ પણ હથીયાર બાંધીને કોઈ માણસે ફરવું નહીં,

લાયસન્સ વગર અથવા લાયસન્સના ઠરાવોનો ભંગ કરીને કોઇ માણસ હથીયારો બાંધીને સદરહુ પ્રમાણે ફરશે તેની પાસેથી તે હથીયારો લેવાનો અધિકાર કોઈ મેજીસ્ટ્રેટને અથવા પોલીસ અમલદારને અથવા જે બીજા કોઈ અમલદારને તેના નામથી અથવા તેના હુદ્દાની રૂએ રાજ્યે આ અર્થે અખત્યાર આપ્યો હશે તેને છે,

અગ્નીશસ્ત્રો વીગેરેનો લાયસન્સ વગર કબજો.

૧૨. લાયસન્સ વગર તથા તે લાયસન્સમાં જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે તથા જે રીતની પરવાનગી આપી હશે તે સીવાય બીજી રીતે કોઈ માણસે કોઈ પણ તોપ અથવા અગ્ની શસ્ત્રો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર પોતાના કબજામાં અથવા પોતાના નિર્બંધમાં રાખવો નહીં.

ચોકશ પ્રદેશમાં વગર લાયસન્સે હથીયારોનો કબજો રાખવાની મનાઇ કર્યા બાબત.

૧૩. કચ્છ રાજ્યના જે પ્રદેશમાં શ્રી કચ્છ રાજ્ય ખાસ કરી આ કલમ રાજ્ય પત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને લાગુ પાડશે તે પ્રદેશમાં કોઈ માણસે કોઈ પ્રકારના હથીયારો લાયસન્સ વગર તથા તે લાયસન્સમાં જે રીતની પરવાનગી આપી હશે તે રીત સિવાય બીજી રીતે તથા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે પોતાના કબજામાં રાખવાં નહીં.

જે હથીયારનો ગેર કાયદે કબજો હોય તે પોલીસ થાણાંપાં અનામત મૂકવાં.

૧૪. કોઈ માણસે હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર પોતાના કબજામાં રાખ્યા હોય એ કબજો લાયસન્સ રદ થવાના કારણસર, અથવા તેની મુદત પુરી થવાના અથવા માફી રદ થવાના કારણસર, અથવા ૧૩મી કલમ પ્રમાણે ગેરકાયદેસર થયો હશે, તે માણસના કબજામાં હથીયારો, યુધ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર હશે તે તેણે સોથી નજીકના પોલીસ થાણાનાં અમલદારની પાસે વગર કારણે વાર ન લગાડતાં અનામત મુકવા આ કલમ પ્રમાણે અનામત

મુકેલી કોઈ વસ્તુનો માલીક તે વસ્તુ પોતાના કબજામાં રાખવાનો અધિકાર પોતાને છે એ બાબતનું લાયસન્સ સદરહુ પ્રકારની વસ્તુ સદરહુ પ્રમાણે જે તારીખે અનામત મુકી હશે તે તારીખથી એક વરસની અંદર હાજર નહી કરે તથા તે વસ્તુ પોતાને સોંપવા બાબતની અરજી નહી કરે તો તે વસ્તુ રાજ્ય દાખલ થશે.

લાયસન્સ બાબત.

લાયસન્સની જાત.

૧૫. હથીયારથી સજ્જ થઈને ફરવું તથા હથીયાર કબજામાં રાખવાના લાયસન્સો ચાર જાતના રહેશે:-

૧. અ: લીલા:- જે ઉપરથી ધારણ કરનાર જે તાલુકાનો કે ગામનો રહેવાસી હોય તેની હદમાં તેને હથીયાર કબજામાં રાખવાનો તથા લઇને જવાનો અથવા તેનો ઉપયોગ કરવાનો હકક પ્રાપ્ત થાય છે.

૨. બ: રાતો: અથવા હંગામી પાસ જે ઉપરથી ધારણ કરનારને કોઈ નિર્દિષ્ટ કરેલા કચ્છના ભાગમાં એક વરસ કરતાં વધારે નહી હોય તેટલી નિયમિત મુદત સુધી હથીયારો લઈને જવાનો હકક પ્રાપ્ત થાય છે.

કચ્છ રાજ્ય બહારના ચાલુ લાયસન્સ ધરાવનાર શખસને આ રાજયની અંદર એક માશ સુધી આ હદનું લાયસન્સ લેવા જરૂર નથી, પણ તેઓ આ હદમાં આવેથી પોતા પાસેના હથીયાર બાબત નોંધ કરાવશે અને એક માસ બાદ તેને અહીનો પરવાનો લેવો પડશે.

૩. ક: પીળા અથવા જાથુના પાસ પોલીસ પટેલોને, પસાયતાઓને, તાલુકાદારોના બીજા પેશકારોને, તેમજ બીજા આબરૂદાર તથા વફાદારીવાળા માણસોને આપી શકાશે. અને તે ઉપરથી તે ધારણ કરનારઓને કચ્છના કોઇપણ ભાગમાં હથીયાર લઇ જવાનો હકક પ્રાપ્ત થાય છે.

૪. ડ: પીતલના બેજ અથવા બકલ જે હથીયાર સજ્જ થઇ કામ ઉપરે હોય ત્યારે કમરે બાંધવામાં આવે છે તે પ્રમાણે પસાયતાઓને, ગામની પોલીસને તથા બીજા ઉતરતા દરજ્જાના માણસોને જેમને પોતાની કામગીરી બજાવવા સારૂ હથીયાર ધારણ કરવાની જરૂર પડે છે તેને આપવામાં આવશે.

લાયસન્સ ધારણ કરનારને કોઇપણ સખસને પોતાના રીટેનર તરીકે દાખલ કરવાના હશે તેઓની અરજી ઉપરથી તેઓ લાયક જણાયેથી રીટેનર તરીકે દાખલ કરવામાં આવશે.

લાયસન્સ સંબંધી નિયમન કરવા બાબત.

મના કરેલાં હથીયારોના લાયસન્સ બાબત

૧૬. ૧. હિંદુસ્તાનની સરકારે જે પ્રકારના અને જે જાતના હથીયારો વાપરવાની, કબજામાં રાખવાની, અને વેચવાની મના કરી હશે અને જેના લાયસન્સો આપવાની મના કરી હશે તેવા હથીયારો માટે કોઈપણ જાતના કચ્છ સ્ટેટમાં ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબની મંજુરી વગર લાયસન્સ આપવામાં આવશે નહી.

લાયસન્સ આપનાર અધીકારી.

૨. આ કાયદા પ્રમાણે આપવાના લાયસન્સો માટે પોલીસ કમીશનરને લાયસન્સ આપનાર અધિકારી તરીકે ઠરાવવામાં આવે છે.

લાયસન્સ ફી.

૧૭. આ કાયદા અન્વયે આપવાના જુદા જુદા લાયશન્સોની વાર્ષિક ફી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

અ: ૧. પ્રથમ લાયસન્સ કઢાવવાની ફી જેમાં રાયફલ રીવોલ્વર અને પીસ્તોલ માટે કોરી ૩૦ ત્રીશ મુકરર કરવામાં આવેલ છે.

૨. મઝલ લોડીંગ ગન તથા બ્રીઝલોડ, સ્મુધબોર, બંદુક તથા તમંચા વીગેરેની ફી કોરી ૧૫ પંદર મુકરર કરવામાં આવે છે.

૩. તલવાર, જંબઈયા, ચપ્પુ, છરી કે જે છ ઇંચ ઉપરના હોય તેમના માટે કોરી ૫ પાંચ કરવામાં આવે છે.

લાયસન્સ તાજું કરાવવાની ફી.

આ: ૧. રાઇફલ તથા રીવોલ્વર અને પીસ્તોલ માટે તાજું કરાવવાની કોરી ૮ આઠ દર વરસેને માટે ઠરાવવામાં આવે છે.

૨. મઝલ લોડીંગ, ગન, બ્રીજલોડ, સ્મુધબોર, બંદુક તથા તમંચા વીગેરેની ફી કોરી ૫ પાંચ ઠરાવવામાં આવે છે,

૩. તલવાર, જંબઈયા, ચપ્પુ, છરી કે જે છ ઇંચ ઉપરના હોય તેઓને માટેની ફી કોરી ૨ બે ઠરાવવામાં આવે છે

વેચનાર તથા બનાવનાર માટે લાયસન્સ ફી.

૧. જે દુકાનદાર હથીયારો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર કલમ પમી અથવા ૬ઠી કલમમાં કહેલા પ્રકારના લાયશન્શ ધારણ કરનાર હોય તે માટે તે લાયશન્શ ફીની પ્રથમથી કોરી ૭૫ પંચોતેર ઠરાવવામાં આવે છે.

૨. દરેક જાતના હથીયારો રીપેર કરનારા હશે તેને લાયશન્શ માટેના ફી કોરી ૩૦ ત્રીશ આપવા ઠરાવેલ છે.

વેંચનારાની તથા બનાવનાર માટે લાયસન્સ વાર્ષિક તાજા કરાવવાની ફી.

૧: જે દુકાનદારો હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર કલમ ૫ મી અથવા કલમ ૬ ઠી કલમમાં કહેલા પ્રકારના લાયસન્સ ધારણ કરનારાઓ હોય તેઓ પાસે જે લાયસન્સ હશે તે એક વરસને માટે હોઇ તેને દર વરસે તાજું કરાવવુ પડશે જે રીન્યુઅલની ફી કોરી ૧૫ પંદર મુકરર કરવામાં આવે છે.

૨: દરેક જાતના હથીયારો રીપેર કરનાર લાયસન્સ ધારણ કરનારાનું જે લાયસન્સ હશે તે એક વરસને માટે હોઇ દર વરસે તાજું કરાવવુ પડશે જે રીન્યુઅલની ફી કોરી ૧૦ દશ મુકરર કરવામાં આવે છે.

ઉપર લખેલાં લાયસન્સ સારૂં અરજી પોલીસ કમીશ્નરને પરબારે અથવા તાલુકા ફોજદાર મારફતે કરી શકાશે. પોલીસ કમીશ્કરને યોગ્ય લાગ્યા પ્રમાણે હથીયાર કબજામાં રાખવાના કે ધારણ કરી ફરવાના લાયસન્સ આપવાનો અથવા મુદત ઠરાવવાનો અથવા પાછો લઈ લેવાનો અધીકાર છે. અને પોતાના હુકમના ખબર જે તાલુકાની હદમાં અરજદાર રહેતો હોય તે તાલુકા ફોજદારને પોલીસ કમીશ્નર લખી મોકલશે.

લાયસન્સની મુદત.

૧૮. ૧: જે માસમાં લાયસન્સ આપવામાં આવ્યું હોય તે માસની શરૂઆતથી એક વર્ષ સુધી લાયસન્સ અમલમાં રહેશે.

૨: દર વર્ષે લાયસન્સની મુદત પુરી થતી હોય તે તારીખે અગર તે તારીખ પહેલાં લાયસન્સ તાજું કરવા માટે પોલીસ કમીશનરને અરજી કરવી.

પોલીસ કમીશનરના વિશેષ અધિકાર.

૧૯. પોલીસ કમીશનરને પોતાને યોગ્ય લાગ્યાથી નીચે પ્રમાણે હુકમ કરવા અધિકાર છે:—

અ: આ કાયદો અમલમાં આવશે તે વખતે સદરહુ પ્રકારના કોઇ હથીયાર કબજામાં રાખવા કે સાથે લઇ ફરવાના લાયસન્સ ધરાવનારે ઠરાવેલા નમુના મુજબ રજીસ્ટર તથા હીસાબ રાખવાનો હુકમ ફરમાવવાનો અધિકાર પોલીસ કમીશનરને છે.

બ: કલમ ૫ મી અથવા ૬ ઠીમાં કહેલા પ્રકારના લાયસન્સ ધારણ કરનાર કોઇ માણસ જે જગ્યાએ હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર તૈયાર કરતો હોય અથવા તેણે રાખ્યો હોય તે જગ્યામાં પ્રવેશ કરવાનો તથા તે તપાસી જોવાનો અખત્યાર રાજ્યના કોઇ અમલદારને આપવાનો, અને

ક: સદરહુ પ્રકારના કોઈ માણસના કબજામાં અથવા તેના નિર્બંધમાં હથીયારનો તથા યુદ્ધ સામગ્રીનો તથા લશ્કરી સ્ટોરનો સંગ્રહ તે સઘળો તેણે સદરહુ પ્રમાણે અખત્યાર આપેલા રાજ્યના અમલદારને બતાવવો એવું ફરમાવવાનો, અને

ડ: કોઈ લાયસન્સ ધારણ કરનાર માણસને અથવા કોઈ લાયસન્સ અન્વયે કામ કરનાર માણસને તે લાયસન્સ હાજર કરવાનું અને જે હથીયારો અથવા યુદ્ધ સામગ્રી, અથવા લશ્કરી સ્ટોર બાબત તે લાયસન્સ હશે તે હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર હાજર કરવાનું અથવા તે સબંધમાં હિસાબ આપવાનું ફરમાવવાનો અધિકાર પોલીસ કમીશનરને છે.

લાયસન્સ રદ કરવું અથવા તે મોકુફ કરવું.

૨૦. કોઈપણ લાયસન્સ રદ કરવાનો અથવા મોકુફ કરવાનો અધિકાર:—

અ: તાલુકાના કોઇ મેજીસ્ટ્રેટ જેની હકુમતની સ્થળસીમામાં સદરહુ પ્રકારના લાયસન્સ ધારણ કરનારો હશે તે તાલુકાના મેજીસ્ટ્રેટને અથવા પોલીશ કમીશનરને લોકની સુલેહ શાંન્તિ જાળવવા સારૂં સદરહુ પ્રકારનું લાયસન્સ રદ કરવાની અથવા મોકુફ કરવાની જરૂર લાગે ત્યારે જે કારણો હોય તે દફતરમાં લખીને તે પ્રમાણે કરવાનો અધિકાર તે મેજીસ્ટ્રેટને અથવા પોલીસ કમીશનરને છે, અને

બ: આ કાયદા વિરૂદ્ધ અથવા આ કાયદા અન્વયેના નિયમો વિરૂદ્ધના કોઈ ગુન્હા માટે જે લાયસન્સ ધારણ કરનારને જે જહજે અથવા મેજીસ્ટ્રેટે તકસીરવાન ઠરાવ્યો હોય તે જહજ અથવા મેજીસ્ટ્રેટ સદરહુ લાયસન્સ રદ કરી શકશે અથવા મોકુફ કરી શકશે.

શ્રી કચ્છ રાજ્યને આખા કચ્છ રાજ્યમાં અથવા તેના કોઇ ભાગમાં સઘળા અથવા અમુક પ્રકારના લાયસન્સો રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને પ્રસંગોનુસાર રદ કરવાનો અથવા મોકુફ કરવાનો અધિકાર છે.

શિક્ષા બાબત.

૨૧. જે કોઈ હેઠળ લખેલા ગુન્હા પૈકી કોઈપણ ગુન્હો કરશે એટલે:—

કલમ ૫—૬—૮ અને ૧૧થી ૧૯સુધીનો ભંગ કરનારને શિક્ષા.

અ: કલમ ૫ મીના ઠરાવોનો ભંગ કરીને કોઈ હથીયારો, યુદ્ધસામગ્રી, લશ્કરી સ્ટોર તૈયાર કરશે, તેનું રૂપાંતર કરશે, તે વેંચશે, અથવા વેંચવાને કાઢશે અગર વેંચવા માટે મુકશે અથવા

બ: તેજ કલમમાં પરવાનગી મેળવવાનું ફરમાવ્યું છે તે પ્રમાણે પરવાનગી મેળવવાનું ચૂકશે અથવા

ક: કલમ ૬ ઠીના ઠરાવો વિરૂદ્ધ કોઇ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર આયાત કરશે અથવા બહાર મોકલશે, અથવા

ડ: કલમ ૮ મી પ્રમાણે કરેલા કોઈ નિયમો અથવા પ્રતિબંધ વિરૂદ્ધ કોઇ હથીયારો, યુદ્ધસામગ્રી, લશ્કરી સ્ટોર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જશે, અથવા

ઈ: કલમ ૧૧ મીના ઠરાવોનો ભંગ કરીને હથીયાર બાંધીને ફરશે અથવા

ફ: કલમ ૧૨ મીના અથવા કલમ ૧૩ મીના ઠરાવ વિરૂદ્ધ કોઇ હથીયાર, યુદ્ધસામગ્રી, અથવા લશ્કરી સ્ટોર પોતાના કબજામાં અથવા નિર્બંધમાં રાખશે, અથવા

ગ: કલમ ૧૯ મીના અ, રકમ પ્રમાણે ઠરાવેલા નમુના પ્રમાણે જે દફતર અથવા હીસાબ તેણે રાખવો જોઇએ તેમાં ખોટો મજકુર ઇરાદાપૂર્વક લખશે, અથવા

હ: કલમ ૧૯ મી ક, રકમ પ્રમાણે કરેલા નિયમ મુજબ જે પદાર્થ તેણે બતાવવો જોઇએ તે પદાર્થ બતાવવાને ઈરાદાપૂર્વક ચૂકશે, અથવા

આઈ કલમ ૧૨ મી અથવા ૧૪મીમાં ફરમાવ્યા પ્રમાણે હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર અનામત મુકવાને ચુકશે તેને ત્રણ વરસની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બન્ને શિક્ષા થશે.

કલમ ૫-૬-૮-૧૨ ૧૩ના છુપા ભંગ માટે શિક્ષા.

૨૨. કલમ ૨૧ મીની અ, અથવા ક, અથવા ડ, અથવા ફ, રકમમાં કહેલા કોઈ કૃત્ય ફોજદારી કાયદામાં રાજ્યના નોકરોની વ્યાખ્યા કરી છે તેવા કોઈ રાજ્યના નોકરને અથવા રેલ્વે ઉપર નોકરીએ હોય તેવો કોઇ માણસને અથવા કોઈ જાહેર ભારવાહકનું કામ કરનાર નોકરને ખબર ન પડે તેવો ઈરાદો જે રીતે માલમ પડે તે રીતે જે કોઈ સદરહુ પ્રકારના કૃત્ય કરશે.

અને કલમ ૨૬ મી પ્રમાણે જડતી લેવામાં આવતી હોય ત્યારે જે કોઈ માણસ હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર સંતાડશે અથવા સંતાડવાની કોશીશ કરશે તેને ઘણામાં ઘણી સાત વર્ષ સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બન્ને શિક્ષા થશે.

લાયસન્સ ભંગ માટે શિક્ષા.

૨૩. જે શરતને અનુસરીને લાયસન્સ આપ્યું હશે, તે શરતનો ભંગ કરીને જે શખસ કાંઇ કૃત્ય કરશ, અથવા કરવાનું વર્જન કરશે, અને સદરહુ કૃત્ય અથવા વર્જન માટે કલમ ૨૧ અથવા ૨૨ પ્રમાણે શિક્ષા થઈ શકતી ન હોય તેવા કૃત્ય અથવા વર્જન માટે ઘણામાં ઘણી છ મહિના સુધીની કેદની, અથવા ઘણામાં ઘણી પંદરસો કોરી સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે.

લાયસન્સ વગરના માણસ પાસેથી જાણી જોઇને હથીયાર વિગેરે ખરીદ કર્યા માટે શિક્ષા.

૨૪. જે માણસને હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર વેંચવા માટે પમી કલમના વિશેષ ઠરાવ મુજબ જેને પરવાનગી અથવા અધિકાર નહિ હોય તેની પાસેથી કોઈ શખસ જાણી જોઇને તે ખરીદ કરશે,

અથવા કોઇ હથીયારો, યુદ્ધસામગ્રી, અથવા લશ્કરી સ્ટોર કબજામાં રાખવાનો કાયદેસર રીતે અધિકાર છે કે નહિ તેની અગાઉથી ચોકસી કર્યા વગર તે માણસના કબજામાં આપશે તેને ઘણામાં ઘણી છ મહિના સુધીની કેદની અથવા ઘણામાં ઘણી પંદરસો કોરી સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે.

નિયમનનો ભંગ કર્યા બારે શિક્ષા.

૨૫. જે નિયમ આ કાયદા અન્વયે કર્યા હોય તથા જેના ભંગ બાબત આ કાયદામાં શિક્ષા ઠરાવી નહિ હોય તે નિયમનો જે માણસ ભંગ કરશે તે માણસને ઘણામાં ઘણી એક મહિના સુધીની કેદની અથવા ઘણામાં ઘણી ૬૦૦) છસો કોરી સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે.

જપ્ત કરવાનો અધિકાર.

૨૬. કોઈ હથીયાર, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર સબંધમાં આ કાયદા પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હો કર્યાની કોઈ સખસ વિરૂદ્ધ સાબીતી થઈ હશે ત્યારે દરહુ પ્રકારના સઘળા હથીયારો યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર અથવા તેનો કોઈ ભાગ અને તે લઈ જવા સારૂં ઉપયોગમાં લીધેલું વહાણ, અથવા ગાડું, અથવા ભારબરદારી જનાવર, અને જે પેટીમાં અથવા પોટલીમાં અથવા ગાંસડીમાં તે સંતાડયો હોય તે પેટી, પોટલી અથવા ગાંસડી તથા તે પેટીમાંનો, પોટલીમાંનો અથવા ગાંસડીમાંનો બીજો તમામ માલ જપ્ત કરવા બાબતનો તેમજ પ્રસંગાનુસાર બીજો વિશેષ હુકમ કરવાનો અધિકાર ગુન્હાની સાબીતી કરનારી કોર્ટને અથવા મેજીસ્ટ્રેટને છે.

જડતી લેવા તથા પકડવાનો અધીકાર માજીસ્ટ્રેટને તથા પોલીસ કમીશ્નરને છે.

૨૭. પોતાની હકુમતની સ્થળસીમામાં રહેનાર કોઇ માણસના કબજામાં કોઇ ગેરકાયદેસર કામ સારૂં હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર છે એવું માનવાને અથવા સદરહુ પ્રકારના કોઈ માણસના કબજામાં રહેવા દેવાથી લોકોની સુલેહ શાંન્તિને ધક્કો લાગશે તેવું માનવાનું મેજીસ્ટ્રેટને તથા પોલીસ કમીશ્નરને કારણ હોય ત્યારે,

પોતાને માનવાના કારણો હોય તે પ્રથમ દફતરમાં નોંધીને જે ઘરનો અથવા જગ્યાઓનો ઉપયોગ સદરહુ પ્રકારનો માણસ કરતો હોય તે ઘરનો અથવા જગ્યાઓનો અથવા જે ઘરમાં અથવા જગ્યામાં સદરહુ પ્રકારના હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર છે અથવા મળશે એવું માનવાને પોતાને કારણ હોય ત્યારે તે ઘરની અથવા જગ્યાની જડતી લેવડાવવાનો, અને તે બાબત લાયસન્સ હોય તોપણ તે હથીયારો વીગેરે પકડવાનો તથા પોતાને જરૂર લાગે તેટલી મુદત સુધી સુરક્ષિત જગ્યાએ અટકાવી રાખવાનો અધિકાર સદરહુ મેજીસ્ટ્રેટને તથા પોલીસ કમીશ્નર છે.

આવા પ્રસંગે મેજીસ્ટ્રેટ પોતે અથવા પોતાની સમક્ષ અથવા પોલીસ કમીશ્નરની સમક્ષ જડતી લેવી.

લાયસન્સ વગર હથીયાર વગેરે જેના કબજામાં હોય તે પકડવા બાબત.

૨૮. જો કોઇ સખસ લાયસન્સ વગર હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોરની આયત કરતો હશે અથવા પરવાના વિના તે ચીજોને એક જગ્યાએથી બીજી જગ્યએ લઈ જતો હસે અથવા આ નિયમોનો ભંગ કરીને પરવાના વિના હથીયારો અથવા યુદ્ધસામગ્રી પોતાના કબજામાં રાખતો હસે તો તેવાં હથીયારો યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોરને કોઈ મેજીસ્ટ્રેટ અથવા જમાદારથી ઉતરતા નહીં તેવા પોલીસ અમલદાર અથવા તેઓના હુકમ પ્રમાણે વર્તતો કોઇ સખસ કબજે કરી શકશે અને છેક નજીકના પોલીસ સ્ટેશનના અમલદારના હવાલામાં એકદમ અનામત મુકી દઇ શકશે.

રાજ્યે પકડવું અથવ જડતી લેવી.

૨૯. કોઈ હથીયારો, યુદ્ધસામગ્રી, અથવા લશ્કરી સ્ટોર કબજામાં રાખવા બાબતનું કોઇ માણસને લાયસન્સ આપેલું હશે તોપણ તે માણસના કબજામાંના કોઇપણ હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર હરકોઈ વખતે પકડવા અથવા પકડાવવા બાબતનો હુકમ કરવાનો, અને લોકની સલામતી સારૂ પોતાને જરૂર લાગે તેટલા વખત સુધી તે અટકાવી રાખવાનો અધિકાર શ્રી રાજ્યને છે એટલેઃ-

અ: આ કાયદા મહેના કોઇ પ્રતિબંધ અથવા હુકમના અમલમાંથી કોઈ માણસને તેના નામથી અથવા તેના હુદ્દાના સંબંધથી મુક્ત કરવાનો, અથવા હરકોઈ વર્ગના લોકને મુક્ત કરવાનો અથવા, હરકોઇ પ્રકારના હથીયારો અથવા યુદ્ધસામગ્રીને બાદ કરવાનો, અથવા કચ્છ રાજ્યના કોઇપણ ભાગને મુક્ત કરવાનો અને

બ: આવા પ્રકારનું કોઇ જાહેરનામું રદ કરવાનો, અને સદરહુ પ્રકારના પ્રતિબંધ અથવા હુકમનો અમલ તે માણસોને અથવા તે પદાર્થોને અથવા જાહેરનામામાં લખેલા શ્રી રાજ્યના ભાગને ફરીથી લાગુ કરવાનો અધિકાર છે.

ક: જે કોઇ સખસને આ કલમ અન્વયે હથીયારો રાખવાનો અધિકાર આપવામાં આવ્યો હશે તે સખસે જે હથીયારો બાબત જેટલી મુદત માટે આવો અધિકાર આપવામાં આવ્યો હશે તેના ખબર યોગ્ય મુદતમાં પોલીસ કમીશ્નરને લખી જણાવવા અને તેવા હથીયારમાં કંઇ ફેરફાર થાય અથવા તેને મરામત કરવામાં આવે તો તે ખબર પણ પોલીસ કમીશ્નરને લખી જણાવવા.

સાક્ષી આપવા અધીકાર.

૩૦. આ કાયદા મુજબ શિક્ષા કરવા લાયક ગુન્હો બન્યાની જે માણસને ખબર હશે તેણે તે બાબતની ખબર ન આપવાનું વ્યાજબી કારણ ન હોય ત્યારે નજીકમાં નજીકના પોલીસ અમલદારને અથવા મેજીસ્ટ્રેટને ખબર આપવા જોઇએ, વ્યાજબી કારણ હતું તે સાબિત કરવાનો બોજો તે માણસના ઉપર છે.

હથીયારો, યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર સંબંધમાં આ કાયદા વિરૂદ્ધ ગુન્હો કરવામાં આવ્યો છે, અથવા કરવામાં આવે છે તે હથીયારો, યુદ્ધસામગ્રી લશ્કરી સ્ટોર રસ્તે જતી કોઈ પેટીમાં પોટકામાં અથવા ગાંસડીમાં છે એવો શક લાવવાનું પોતાને કારણ હોય તે પેટી, અથવા પોટલાં અથવા ગાંસડી બાબત ખબર ન આપવાનું વ્યાજબી કારણ નહીં હશે ત્યારે દરેક રેલ્વે ઉપરના નોકરે અથવા દરેક જાહેર ભારવાહકના નોકરે પાસેમાં પાસેના પોલીસ અમલદારને ખબર આપવી, વ્યાજબી કારણ હતું એ સાબીત કરવાનો બોજો તે માણસના ઉપર છે અને ઉપર લખ્યા પ્રમાણે જો ખબર નહી આપે તો તે માણસ છ મહિના સુધીની આસાન કેદની અગર કોરી ૧૦૦૦ એક હજાર સુધીના દંડની અગર એ બંન્ને શિક્ષાને પાત્ર થશે.

ખબર આપનારાઓને ઇનામ.

૩૨. આ કાયદા મુજબ ગુન્હો બન્યાની જે સખસે ખબર હકીકત પુરી પાડી હોય તે ગુન્હો જો સાબિત થાય તો સદરહુ ખબર આપનાર સખસને આ ગુન્હાની તપાસ જે મેજીસ્ટ્રેટ પાસે ચાલતી હોય તે અથવા જે મેજીસ્ટ્રેટના તાબામાં તે હોય તે મેજીસ્ટ્રેટ પોતાને યોગ્ય લાગેથી ગુન્હેગારને કરેલ દંડની રકમના અર્ધા ભાગ સુધીની રકમ તથા આ કાયદાની રૂએ જપ્ત થએલ ચીજો વેંચી નાખતાં જે વેંચાણ કમત આવી હોય તેના અર્ધા ભાગ સુધીની રકમ અપાવી શકશે

કબજામાંથી હથીયાર જતાં લાયસન્સ ધરાવનારની ફરજ.

૩૩. જે હથીયારો અથવા યુદ્ધસામગ્રી સારૂં કોઈ સખસ આ કાયદાની રૂએ આપેલું લાયસન્સ ધારણ કરતો હોય, તે તેના કબજામાંથી કોઈપણ રીતે જતું રહે તો તેણે તે બાબતની લેખીત ખબર ફોજદારને અથવા મેજીસ્ટ્રેટને તાબડતોબ આપવી, અને તેણે પોતાનું લાયસન્સ રદ કરાવવું અથવા તેમાં જરૂરી જણાય તેવો ફેરફાર કરાવવો.

૩૪. જે કૃત્યથી અથવા વર્જનથી આ કાયદા પ્રમાણે અથવા આ કાયદાના

નિયમો પ્રમાણે ગુન્હો થતો હોય, અને તે કૃત્ય અથવા વર્જન માટે બીજા કોઇ કાયદામાં આ કાયદામાં ફરમાવેલી શિક્ષા અને દંડ કરતાં વધારે શિક્ષા અને દંડ ફરમાવ્યાં હોય તો તે બીજા કાયદા અન્વયે કામ ચલાવવાને અને શિક્ષા કરવાને આ કાયદાથી બાધ નથી પરંતુ એકજ ગુન્હા માટે કોઈ શખસને બે વખત શિક્ષા થઈ શકશે નહિં.

બીજા કાયદાનો અમલને બાધ આવતો નથી.

૩૫. - શ્રી કચ્છ રાજ્યને રાજ્યપત્રમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કોઈ વિસ્તારમાંના એકદર અગ્નિશાસ્ત્રોની ગણત્રી કરવાનો વખતો વખત હુકમ કરવાનો અધિકાર છે અને તવી ગણત્રા કરવાનો અખત્યાર કોઇપણ માણસને તેના નામથી અથવા હુદ્દાની રૂએ આપવાનો અધિકાર પણ શ્રી રાજ્યને છે.

અગ્નીશસ્ત્રોની ગણત્રી કરવા અધીકાર.

આવા પ્રકારનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોય ત્યારે સદરહુ વિસ્તારમાં સદરહુ પ્રકારના કાંઈ હથીયારો કોઇ માણસના કબજામા હોય તે બધા માણસોએ ને હથીયારો સબંધમાં જે માહીતી ઉપર પ્રમાણે અખત્યાર આપેલો અધિકારી માગે તે તેને આપવી, અને સદરહુ આવા હથીયારો તેણે પોતાની પાસે હાજર કરવાનું ફરમાવ્યું હોય તો હાજર કરવાં.

સદરહુ પ્રકારના કોઈ હથીયારો હાજર કરવાનું ફરમાવવામાં આવ્યું હોય ત્યારે તે હાજર કરવાની કોઇ માણસ ના કહેશે અથવા ગફલત કરશે તેને ઘણામાં ઘણા એક મહિના સુધીની કેદની અથવા ઘણામાં ઘણી કોરી ૬૦૦ છસો સુધીના દંડની શિક્ષા અથવા એ બન્ને શિક્ષા થશે.

૩૬. આ કાયદાને અનુસરીને કોઇ કૃત્ય કર્યા બદલ કોઇ માણસ ઉપર દીવાની દાવા સિવાય બીજું કાંઈપણ કામ ચલાવવું હોય તે કામ ચલાવવાનો ઇરાદો હોય તે બાબત એછામાં એછા એક મહીના આગળથી લેખી નોટીસ તેને આપ્યા વગર અથવા સદરહુ પ્રકારનું કારણ ઉત્પન્ન થયાની તારીખથી ત્રણ મહીના થયા પછી ચલાવવું નહિં.

કામની નોટીશ અને મુજત.

335

પરિશિષ્ટ અ

જેઓને રાજ્ય તરફથી માફી મળેલ તે તથા જેને રાજ્ય હુકમ ફરમાવી આ કાયદાના પ્રતિબંધમાંથી બાતલ કરી માફી આપી હોય તેને તથા ટાઈટલ હોલ્ડરોને આ કાયદાના પ્રતિબંધ લાગુ પડતા નથી.

પરંતુ આ રીતના માફી થયેલા અગર મુક્ત થયેલાઓને પોતાના હથીયારનો નોંધ પોલીસ કમીશનર પાસે કરાવવો પડસે અને તે હથીયારોમાં કાંઇ ફેરફાર થાય તો પણ જાહેર કરવું પડસે.

પરવાનો રાખવાની શરત.

૧. આ પરવાનો શાં. ૨૦૦૩ના શ્રી કચ્છ રાજ્યના હથીયાર સંબંધીનાં ધારા ધોરણ પ્રમાણે આપવામાં આવેલ છે.

૨. આ પરવાનો જે ધણીના નામ પર હોય તથા તેની અંદર જે પ્રકારનો હથીયાર દર્શાવેલ હોય અથવા તેની અંદર પરવાનો ધરાવનાર વાલી. જે રીટેન્રનું નામ કોલમ (૫)માં દર્શાવ્યા મુજબ દાખલ હોય તેનેજ લાગુ પડી શકસે શીવાયના માટે રહેસે નહીં.

૩. આ પરવાનો કોલમ (૧૦)માં દર્શાવ્યા સ્થળ તથા નિયત થએલી મુદત માટે ચાલી શકસે.

૪. આ લાયસન્સ ધરાવનાર શખસ અથવા તેનો રીટેન્ટર તે હથીયાર સારી નીયતથી સંરક્ષણ તથા દેખાવ માટે સાથે રાખી શકસે પરંતુ તેવું હથીયાર સાથે રાખી કોઈ ધારમીક સરઘસ યા પબ્લીક જાહેર સભામાં અથવા એવી કોઈ સંસ્થા યા સમેલનમાં સાથે રાખી ભાગ લઈ શકસે નહીં. અગર શીકાર પણ કરી શકસે નહીં.

૫. આ પરવાનાની રૂએ જ્યારે કોઇપણ પ્રકારનું હથીયાર ખરીદવામાં આવે ત્યારે તેને લગતી સઘળી હકીકત જેવાં કે હથીયારની જાત તેની પરનો નંબર તથા તે લીધાની તારીખ વીગેરેની નોંધ લખવી તથા વહેચનાર ધણીની સહી લેવી.

૬. આ પરવાનામાં જણાવ્યા પ્રમાણે જે દારૂ કે કારટીશ વીગેરેની રાખવાની પરવાનગી મલી હોય તેથી વધુ લઇ શકસે નહિ કે—રાખી શકસે નહીં.

૭. પરવાનો ધરાવનાર શખસ પોતા પાસેનો હથીયાર કે દારૂ ગોલી ને કારટીશ વીગેરે કોઇપણ ચીજ ગુમ થઇ જાય અથવા ગેરવલે થઇ જાય તો તેની તાત્કાલીક નજીકનાં પોલીશ સ્ટેશને ખબર આપવી.

૮. આ પરવાનાની રૂએ તેમાં દર્શાવેલ પ્રકારનાં હથીયારો સીવાય જે કાંઇ હથીયાર રાખવાં બંધી કરી હોય તેવા હથીયાર યા કારટીશો રાખી શકસે નહીં.

૯. લાયસન્સ ધરાવનાર શખસે પોતાના સરનામાની ફેરબદલ થાય તો તેણે પોતાના સરનામું બદલાવ્યું છે તેની ખબર આપવી.

૧૦. આ પરવાનો ધરાવનાર શખસે જ્યારે રેન્યુઅલની મુદત જે તારીખે પુરી થતી હોય તે તારીખ પહેલાં પંદર દીવસ એગાઉ ધોરણસરની ફી ભરી રેન્યુઅલ કરાવી લેવું—

૧૧. આ લાયસન્સ આપનાર સત્તાધારી અમલદાર પોતે યા પોતા તરફથી નિયત થએલ કોઇપણ પોલીસ અધીકારી જ્યારે જે વખતે અને સ્થળે પરવાનો ધરાવનાર શખસ પાસેના હથીયારો તથા દારૂ કારટીશ વીગેરે તપાસવા માટે માગે ત્યારે તેણે બનાવવા રજુ કરવા.

નોટઃ—

આ શરતોનો ભંગ થએ પરવાનો રદ કરવામાં આવસે અગર કાયદેસર પગલાં લેવામાં આવશે.

પોલીસ કમીશનર કચ્છ.

શીલ

કચ્છ
ગવરમેન્ટનું
શીલ

Licence for the possession of Arms and for going Armed for the purposes of protection.
display.

રક્ષણ તથા દેખાવ સારૂ હથીઆર પાસે રાખવા તથા લઇને ફરવાનો પરવાનો.

શીરીયલ નંબર.	પરવાનો ધરાવનાર અથવા મેળવનારનું નામ તથા સરનામું.	હથીયાર તથા દારૂ કારટીશ વીગેરેની વીગત.		રીટનર.					પરવાનાની આપ્યાની તારીખ તથા તેની મુદત.	પરવાનો પુરો થયાના તારીખ તથા વરસ.
		હથીયારની ટુકી વીગત.	દારૂ કે કારટીશની વીગત કે સંખ્યા.	નામ.	બાપનું નામ	સરનામું	દારૂ તથા હથીયારની વીગત.			
							હથીયાર	દારૂકારટીશ નીસંખ્યા.		

શીલ

સ્થળ—

પોલીસ કમીશનર કચ્છ.

Form of Renewal of Licence

દરસાલ ફરીથી ચાલુ રાખવા માટે તાજી કરવાનું પત્રક.

હથીયારો તથા યુદ્ધસામગ્રી તૈયાર કરવાનું અથવા તેનું રૂપાંતર કરવાનું લાયસન્સ.

(કલમ ૫ મુજબ)

લાયસન્સ ધારણ કરનારનું નામ વીગેરે તથા રહેવાની જગા.	ધંધાની કારખાનાની તથા દુકાનની જગા.	હથીયારનો પ્રકાર.	યુદ્ધ સામગ્રીનું બ્યાન.	જે તારીખે લાયસન્સ પુરૂં થાય તે તારીખ.

[સહી.]

હથીયારો અથવા યુદ્ધ સામગ્રીની મરામત કરવાનું તે વેચવાનું અથવા વેચવા સારૂં રાખવાનું, કહાડવાનું અથવા માંડી મુકવાનું લાયસન્સ.

(કલમ ૫ મુજબ)

લાયસન્સ ધારણ કરનારનું નામ વીગેરે તથા રહેવાની જગા.	ધંધાની કારખાનાની, અને દુકાનની જગા.	હથીયારોનો પ્રકાર		યુદ્ધ સામગ્રીનો પ્રકાર.	જે તારીખે લાયસન્સ પુરૂં થાય તે તારીખ.
		દુરસ્ત કરવાનાં.	રાખવાનાં કે વેચવાનાં.	રાખવાનાં કે વેચવાનાં.	

સહી.

હથીયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર મોકલવાનું લાયસન્સ (કલમ ૬ મુજબ)

લાયસન્સ ધારણ કરનારનું નામ તથા કોઈ એજન્ટ હોય તો તેનું નામ.	પેટીઓની સંખ્યા.	હથીયારો.		યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર.		જ્યાંથી મોકલ્યાં તે જગા અને કયે રસ્તેથી લઈ જવાનાં તે રસ્તો.	કન્સાઇનીને શા માટે જોઈએ છે તે	ક્યાં મોકલ્યાં તે જગા	કન્સાઈનીનું નામ અને રહેવાની જગા.	જેટલી મુદત સુધી લાયસન્સ ચાલે તે મુદત.	રીમાર્ક
		પ્રકાર	સંખ્યા.	પ્રકાર.	વજન અથવા સંખ્યા.						
										સને ૧૯ ના ... થી સને ૧૯ ના ... સુધી	

તારીખ—

સહી.

હથીયારો યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર એક જગાએથી બીજી જગાએ મોકલવાનું લાયસન્સ (કલમ ૬ મુજબ)

લાયસન્સ ધારણ કરનારનું તથા કન્સાઇનમેંટ સાથે જેને મોકલવામાં આવે છે તેનું અને કોઈ એજન્ટ હોય તો તેનું નામ વગેરે.	લાયસન્સ ધારણ કરનારનો ધંધો અને જગા.	પેટીઓની સંખ્યા.	હથીયારો		યુદ્ધ સામગ્રી		જ્યાંથી માલ મોકલ્યો હોય તે જગા જે રસ્તેથી લઈ જવાતો તે રસ્તો અને કઈ રીતે લઈ જવાતો તે.	જેટલી મુદત સુધી પાસ ચાલે તે મુદત.	જ્યાં માલ જવાનો તે જગા	કન્સાઇનીનું નામ અને રહેવાની જગા.	રીમાર્ક.
			પ્રકારો	સંખ્યા	પ્રકાર.	સંખ્યા અથવા કેટલા શેર વજન					

તારીખ.

સહી.

બ. રજીસ્ટર

હથિયારો યુદ્ધ સામગ્રી વિગેરે નું (કલમ ૧૯ મુજબ) રજીસ્ટર.

વેચાણ

મહીનો તથા તારીખ	રાઇફલો – બે નળીની – બ્રીચ લોડીંગ	રાઇફલો – બે નળીની – મઝલ લોડીંગ	રાઇફલો – એક નળીની – બ્રીચ લોડીંગ	રાઇફલો – એક નળીની – મઝલ લોડીંગ	સ્મુધબંદર – બે નળીની – બ્રીચ લોડીંગ	સ્મુધબંદર – બે નળીની – મઝલ લોડીંગ	સ્મુધબંદર – એક નળીની – બ્રીચ લોડીંગ	સ્મુધબંદર – એક નળીની – મઝલ લોડીંગ	રીવોલ્વરો	પીસ્તોલો	તલવાર	બંદુકનો દારૂ	બ્લાસ્ટીંગ પાઉડર સુરંગનો દારૂ	ફ્યુઝીઝ	ભરેલી ટોટી – કારતુસો	ખાલી ટોટી – કારતુસો	છરા	સીસાની ગોળા	પરકુશન કેપ – ટોટી	ગંધક	સોનારો	ખરીદ કરનારનું નામ તથા રહેઠાણ	શેરા

હથિયારો યુદ્ધ સામગ્રી વિગેરેનું (ક. ૧૯ મુજબ) રજીસ્ટર.

આવક

મહીનો તથા તારીખ	લાઇસન્સનો નંબર તથા તારીખ	જે સ્ટેશનથી આયાત કર્યો હોય તે	રાઇફલો – બે નળીની – બ્રીચ લોડીંગ	રાઇફલો – બે નળીની – મઝલ લોડીંગ	રાઇફલો – એક નળીની – બ્રીચ લોડીંગ	રાઇફલો – એક નળીની – મઝલ લોડીંગ	સ્મુધબંદર – બે નળીની – બ્રીચ લોડીંગ	સ્મુધબંદર – બે નળીની – મઝલ લોડીંગ	સ્મુધબંદર – એક નળીની – બ્રીચ લોડીંગ	સ્મુધબંદર – એક નળીની – મઝલ લોડીંગ	રીવોલ્વરો	પીસ્તોલો	તલવારો	બંદુકનો દારૂ	બ્લાસ્ટીંગ પાઉડર – સુરંગનો દારૂ	ફ્યુઝીઝ	ભરેલી ટોટી – કારતુસો	ખાલી ટોટી – કારતુસો	છરા	સીસાની ગોળીઓ	પરકુશન કેપ – (ટોટી)	ગંધક	સોનારો

340

હથીયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર વ્યાપાર કરવાનું લાયસન્સ (કલમ ૬ મુજબ)

લાયસન્સ ધારણ કરનારનું નામ અને પુરો.	પેઢીની સંખ્યા.	હથીયારો.		યુદ્ધ સામગ્રી અથવા ગોળા.		શા કામને સારૂ જોઈએ છે	સરકારમાં સરકારી કિલ્લા અથવા ફોજની કુચાવ.	જે વ્યક્તિને પરદેશી ફોજમાંની કે વ્યાપારી કોઈકંપનીની કે વ્યાપારી	કંપની કુદરતી કુદરતી લોકોસમાજ અથવા કે કુદરતી.	રીમાર્ક.
		પ્રકાર.	સંખ્યા.	પ્રકાર.	જથ્થો કે કેટલા ગોળા.					

341

જાહેરાત

નાં. ૨૬૬૩ શાં. ૨૦૦૩

ખુદાવિન્દ મહારાજા શ્રી હુજુર સાહેબના ફરમાનથી શાં. ૧૯૨૬ના કચ્છ ફોજદારી કાયદાની કલમ ૨૦૬માં અને તે ગુન્હાના તહોમત બાબત કામ ચલાવવાની રીતમાં ફેરફાર કરી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે:—

કોઈપણ જાતીના લોકોના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી કોઇ પુજાના સ્થાનને હાનિ કરવી અથવા તેને ભ્રષ્ટ કરવું.

કલમ ૨૦૬:— જો કોઇ શખસ કોઇ પૂજાના સ્થાનનો અથવા જે પદાર્થને કોઇપણ જાતીના લોકો પવિત્ર ગણતા હોય તે પદાર્થનો નાશ કરે અથવા તેને હાનિ કરે કે ભ્રષ્ટ કરે, એવા ઈરાદાથી કે તેમ કરીને કોઈપણ જાતીના લોકોના ધર્મને અપમાન પહોંચાડવુ, અથવા એવું જાણીને કે એ પ્રમાણે નાશ અથવા હાનિ, અથવા ભ્રષ્ટ કરવાથી કોઈપણ જાતીના લોકો પોતાના ધર્મને અપમાન પહોંચ્યું છે એમ સમજશે એવો સંભવ છે, તો તેને બે વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કદની અથવા દંડની, અથવા એ બન્ને શિક્ષા થશે.

ઉપરના ગુન્હા માટે પોલીસ તહોમતદારને વારંટ વગર પકડી શકશે, જામીન લઇ શકાશે, આંડીવાળી શકાશે નહીં અને તેનો ઈનસાફ કોઇપણ પહેલા વર્ગના ફોજદારી ન્યાયાધીશ કરી શકશે.

તારીખ:— ૨-૬-૪૭.

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ

નાં ૩૩૪૭ સરકયુલર

આ દેશમાંથી સોનું તથા ચાંદીની પાટ અથવા તેના કટકા લગડી, ચાંદીનાં પત્રાં તથા બ્રિટીશ હિંદમા ચલણમાં ન હોય તેવા સોના ચાંદીનાં સિક્કા તેમજ બ્રિટીશ હિંદમાં ચલણ નહિ થાય તેવા બીજા કોઈપણ પર રાજ્યનાં ચાંદીના સિક્કા તથા આ દેશનાં ચાંદીના સિક્કા જેવા કે પાંચીયાં, બદીયાં, કોરી આધીયાં, વીગેરે સરહદેથી કે બંદરેથી બહાર નિકાશ નહિ કરવા બાબત હુકમો થયા છે તેના અનુસંધાનમાં ઠરાવવામાં આવે છે. કે ઉપર લખી વસ્તુઓ રા રા. દિવાન સાહેબની પરવાનગી સિવાય નિકાશ કરી શકાશે નહિ ચાલુ ઘર વપરાસનાં ચાંદીનાં વાસણોનો આમાં સમાવેશ થતો નથી.

ઉપરનાં હુકમ વિરૂધ્ધનાં ગુન્હા કોગ્નીઝેબલ ઠરાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરવા બદલ કચ્છ ફોજદારી કાયદા મુજબ કામ ચલાવી ગુન્હો સાબીત થયે ૬માસ સુધીની સાદી કેદ અગર નિકાશ કરાયેલી લગડી યા ચાંદીની પાટ વિગેરેની કિંમતથી દશગણી રકમ સુધીનાં દંડ અગર બન્ને પ્રકારની શિક્ષા કરવામા આવશે. તથા પકડાએલો માલ શ્રી સરકાર દાખલ થશે.

જેઠ શુદ ૧૪ સોમ શાં. ૨૦૦૩ તા. ૨—૬—૪૭.

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ

જાહેરાત

ટેકની જા. નાં. ૨૭૧૯

કચ્છમાં મશીનરી આયાત કરવા માટે મંજુરી મળવા અમારી પાસે આવતી અરજ

ધ્યાનમાં લેતાં એવું ઠરાવવામાં આવે છે, કે, ખેતીવાડીને ઉપયોગી મશીનરી વત્રા કરવાનું મશીન, ખેતીવાડીને માટેનાં ઓઈલ એન્જીનો; શેરડી પીલવાના સંચા તથા ખાતર ઉપાડવા માટેની મોટર લોરીઓ, ફ્લોર મીલ, હાલ એક વરસની મુદત સુધી કોઇપણ શર્ત્સ વિના પરવાનગીએ ધોરણસર જકાત ભરીને આયાત કરી શકશે.

મિતી — જેઠ શુદ ૧૫ ભોમવાર શાં. ૨૦૦૩.

તાઃ ૩—૬—૪૭.

Tribhovandas J. Raja,
દિવાન,

યાદી.

ક. ઓ. નાં. ૧૩૯

ગોલાઈ ગામની વસ્તી તરફથી પોતાના ગામનાં રેવીન્યુ કામો અબડાસા કચેરીમાં ચાલતાં હોવા તથા દિવાનાં તથા ફોજદારી કામો લખપત કોર્ટમાં ચાલતાં હોવાને કારણે તકલીફ પડતી હોવાનું જણાવી રેવીન્યુ તેમજ જ્યુડીશીયલ અખત્યાર એકજ તાલુકા હસ્તે રહેવાની સગવડ થવા સબંધમાં થએલ અરજ પશ થતાં સદરહુ ગામ ગોલાઇનું રેવીન્યુ તેમજ જ્યુડીશીયલ જ્યુરીસ્ડીકશન અબડાસા તાલુકા હેઠળ રાખવા શ્રી યુવરાજ મહારાજ કુમાર શ્રી મદનસિંહજી સાહેબ બહાદુરનું ફરમાન થયું છે.

મિતી— જેઠ વીદ ૨ ગુરૂવાર શાં. ૨૦૦૩. તાઃ ૫—૬—૪૭.

Tribhovandas J. Raja
દિવાન, કચ્છ.

ક. ઓ. ના ૧૫૧. ઠરાવ

ભુજમાં મીઠાંના વેચાણ પર લેવાની કોટવાલી લાગત માફ કરવા યુવરાજ મહારાજ કુમારશ્રી મદન સિંહજી સાહેબનું ફરમાન થયું છે.

જેઠ વદ ૨ ગુરૂ શા. ૨૦૦૩.

તા. ૫—૬—૪૭

Tribhovandas J. Raja,
દીવાન કચ્છ.

યાદી.

શ્રી હજુર ઓફીસ રેવીન્યુ આ. નાં. જા. નાં. ૩૩૯૦

કચ્છ ગવર્નમેન્ટના તમામ નોકરોને એક માસનો પગાર બીજા માસની પહેલી તારીખે મળે એ ઉદ્દેસથી:—

સ્થાનીક ભુજનાં બધા ડિપાર્ટમેન્ટ તરફથી એક માસનાં પગાર બીલો તૈયાર કરી તે માસની વદ ૩૦ને રોજ ને તાલુકા ઓફીસોએ તે માસની વદ ૧૨ને રોજ રા. રા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફ મોકલાવી આપવા.

રા. રા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબે તે બીલો બીજા માસનાં ચંદ્રને રોજ જે તે ઓફીસે મંજુર કરાવી પરત કરાવવા એટલે શુદ ૩ને રોજ તે બીલનું પેમેન્ટ ટ્રેઝરીપરથી લઇ દરેક નોકરને ચુકાદો કરી શકાય.

અંગ્રેજી મહીના પ્રમાણે જેમનાં પગાર બીલો તૈયાર થતાં હોય તેમણે તે માસની તારીખ ૨૬ તથા ૨૭ મીએ અનુક્રમે મોકલવાં રીવાજ રખાવવો.

કેજ્યુઅલ રજા સિવાય બીજી કોઇપણ જાતની રજા ઉપર જે ઇસમ હોય તેનો પગાર બીલમાં દાખલ ન કરવો.

મિતિ જેઠ વદ ૨ ગુરૂવાર શાં. ૨૦૦૩.

તા. ૫-૬-૪૭.

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

ઠરાવ.

હ. ઓ. નાં. ૧૪૨

ભુજ મહારાણીશ્રી મિડલ સ્કુલના નિવૃત થએલ હેડ માસ્તર રા. ગુલાબશંકર વજેશંકર વૈદની લાંબી નોકરી નજરે અને સદગત રા. રા. સ્મીથ તરફથી અપાયેલ ઉમાણપત્ર ધ્યાનમાં લઇ તેમને સ્પેશીયલ કેસ તરીકે નિવૃત થવાની તારીખથી માસિક પેન્સન કોરી ૧૨૫ એકસોને પચીસ આપવા શ્રી યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ બહાદુરનું ફરમાન થયું છે.

મિતી જેઠ વદ ૩ શુકરવાર શાં. ૨૦૦૩.

તા. ૬-૬-૪૭.

J. J. Ashar,
નાયબ દિવાન,

ઠરાવ.

હ. એમ. નાં. ૧૪૩

શ્રી હજુર ઓર્ડર નાં. ૧૩૫ તા. ૮-૬-૪૬ થી પટાવાળાઓને પગાર વધારી કોરી ૪૦ ચાલીસ કરી આપવામાં આવેલ છે તે નજરે કન્યાશાળાઓના ખીજમતગારોને પણ માસિક પગાર કોરી ૪૦ ચાલીસ આપવાની કેળવણી ખાતાના નાં. ૧૦૭ મદા શુદ ૧૦ શાં ૨૦૦૩થી થઇ આવેલ ભલામણ મંજુર કરવા શ્રી યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ બહાદુરનું ફરમાન થયું છે.

મિતી જેઠ વદ ૩ શુકરવાર શાં. ૨૦૦૩.

તા. ૬-૬-૪૭.

J. J. Ashar.
નાયબ દિવાન.

ઠરાવ.

પો. જા. નાં. ૬૬૬.

જોધપુરના એર વાઈસ માર્શલ હિઝ હાઇનેસ રાજરાજેશ્વર મહારાજાધિરાજ સર ઉમેદસિંહજી બહાદુર જી. સી. એસ. આઇ., જી. સી. આઇ. ઈ., કે. સી. વી. ઓ., ના સ્વર્ગવાસી થયાના ચાઠા ખબર આવતાં શ્રી રાજ્ય કુટુંબને ભાયાતો તથા સમસ્ત પ્રજાવર્ગને ઘણો ખેદ થયો છે. તેઓશ્રીના માનમાં આજરોજ સર્વ ઓફીસો તથા સ્કુલો બંધ રાખવી તથા ભુજ શહેરમાં હડતાલ પડાવવી.

તા: ૧૧મી જુન ૧૯૪૭

Tribhovandas J. Raja,
દિવાન, કચ્છ.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૭મી મે સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ વૈશાખ વીદ ૨ બુધવાર ને રોજે રહ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	અંજાર.	મુંદરા.	માંડવી.	ભચાઉ.	રાપર.	અબડાસા જખઉ.	લખપત	પડીર (રહડા.)	ખાવડા.	નખત્રાણા	રીમાર્ક.
૧	ઘઉં કાલા.....	...	૭૮૪	...	...	...	...	...	...	...	...	૬૪૦	
૨	ઘઉં વાજીઆ.....	૬૧૫	૬૦૮	૬૪૦	૬૦૮	૬૦૦	૪૧૬	૮૯૬	...	૪૮૦	...	૪૪૮	
૩	બાજરી.....	૪૩૬	૩૮૪	૩૨૦	૪૬૪	૪૧૬	૩૦૪	૩૨૦	...	૨૭૨	...	૩૫૨	
૪	મગ.....	૪૩૬	૩૮૪	૪૦૦	૪૦૦	૩૬૦	૨૫૬	૩૩૬	...	૨૪૦	...	૩૨૦	
૫	મઠ (તારડ).....	૩૦૦	૩૦૦	૩૦૪	૩૦૦	૨૫૬	૧૯૨	૨૫૬	...	૨૦૮	...	૧૯૨	
૬	જાર.....	૪૦૫	૨૮૮	૪૦૦	૪૧૬	૨૮૦	૨૦૮	૨૦૦	...	...	...	૩૦૪	
૭	એરંડા (સદાફળા)....	૪૨૦	૪૧૬	...	૪૦૮	...	૪૦૦	૩૬૦	...	...	...	૩૨૦	
૮	ગોવાર.....	૩૧૫	૩૪૪	૩૪૪	૩૦૪	૨૯૬	૨૪૦	૨૮૮	...	૨૨૪	...	૨૭૨	
૯	તલ.....	૬૬૦	૬૪૦	૬૪૦	૬૧૨	...	૬૦૦	૫૬૦	...	...	...	૫૭૬	
૧૦	ચોખા ઉંચા.....	૧૪૪૦	...	...	...	...	...	...	...	...	...	...	
૧૧	ચોખા હલકા.....	૧૨૦૦	૧૨૯૬	...	૧૩૧૨	...	...	...	...	...	...	...	
૧૨	કાલાં ભાર.....	...	...	...	૨૫૦	...	૧૬૦	...	...	...	...	...	
૧૩	ઘી.....	૧૫૦	૧૫૦	૧૪૮	૧૫૦	૧૬૦	૧૬૦	૧૪૦	...	૧૪૪	...	૧૪૦	
૧૪	તેલ.....	૬૨	૬૦	૬૨	૬૭	૬૬	...	૬૬	...	...	...	૬૨	
૧૫	ખાંડ.....	૩૧	...	૩૧	...	...	...	...	...	...	...	...	
૧૬	ગોળ..... ...	૩૨	૩૬	૩૨	...	...	...	..	...	...	...	...	
૧૭	કડબ..... ...	૩।	૩॥	૪	૩॥	૪	...	...	...	...	...	...	
૧૮	કુટી	...	૨॥	...	૩॥	૪	...	...	...	...	...	...	
૧૯	ઘાસ.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાસીઆ..... ...	૧૨।	૧૨	૧૩	૧૩	...	૧૨	૧૨।	...	...	...	...	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૩૦૧॥	૩૦૨।	૩૦૦॥	૩૦૨	૩૦૪	૩૦૦	૩૦૦		...	...	૧૪	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	૩૦૧॥	૩૦૨	૩૦૦॥	૩૦૨	૩૦૪	૩૦૦	૨૯૯		...	..	...	

નોટ—નંબર . થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

કળશી ૧ માં માપ ૬૪ મણ ૧ના પાઉન્ડ ૨૮ મણ ૧ ના શેર ૪૮

ભાર ૧ માં મણ ૨૦ કળશી ૧ માં પાઉંડ ૮૯૬ કપાસીઆ તોલમા મણ ૧ના શેર ૫૪.

જેઠ સુદ ૯ બુધે સંવત ૨૦૦૩

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

શ્રી માંડવી નગર સભા તરફથી.

માં ન. સ. જા. નાં. ૫૦૯

માંડવી નગર સભાની ચોથા તથા પાંચમાં વિભાગની ખાલી પડેલી બેઠકોએ નીચે પ્રમાણે ઉમેદવારો બીન હરિફ ચુંટાયા છે.

ચોથો વિભાગઃ– ખેડુતો અને ખેતીની જમીન ધરાવનારાઓ

શ્રીયુત ઠાકર કલ્યાણજી હરિશંકર મોદી

પાંચમો વિભાગઃ– નોકરીયાત વર્ગ, પેન્સનર્સ

શ્રીયુત ભવાનજી કેશવજી બુધા.

જેઠ સુદ ૧૨ શનીવાર શાં. ૨૦૦૩ તા. ૩૧–૫–૪૭.

કલ્યાણજી ધનજી
માંડવી નગર સભા.
પ્રેસીડન્ટ

જાહેર ખબર.

શ્રી અંજાર નગર સભા તરફથી

અ. ન. જા. નાં. ૧૩૫૪

અંજારમાં હોટલ મીઠાપાણી કંદોઇઓ તથા વેજીટેબલ ઘીના વેચનારા વિગેર જેમને પોતાનો ધંધો ચલાવવા શ્રી અંજાર નગર સભા તરફના પરવાનાની કાયદેસર જરૂર છે તેવા પરવાના આવતી અશાડ શુદ ૨ સુધીના છે એટલે તે પરવાના અશાડ શુદ ૩થી નકામા થાય છે માટે જુના પરવાનાથી કે નવેસર પરવાના વેળાસર મેળવ્યા વગર તેવો ધંધો ચલાવનાર નગર સભાના બાયલોઝની કલમ ૬૬/૧૦૬ અનુસારગુન્હેગાર બને છે એટલુંજ નહી તે ધંધો તે ચલાવી શકતા નથી માટે વેલાશર પરવાના મેળવી લેવા આથી લાગતા વળગતાને ખબર કરવામાં આવે છે.

સંવત ૨૦૦૩ દરમ્યાન નગર સભાના કર કે તેવી ફોઇ લેણી જેણે નહી આપી હોય તેને નવેસર પરવાના

આપતાં પહેલાં તે માટે ઘટીત થતા જોવામાં આવશે તેમજ નગર સભાના સફાઇના કાયદાજ અંગે જેણે હરકત કરી હશે કે નગર સભાની સુચના કે સલાહની અવગણના કરી હશે કે શહેર સફાઇમાં હરકત કરી હશે તેવાના પરવાના નવેસર કરવા પહેલાં જોગતું જોગશે તેની પણ આથી લાગતા વળગતાને ખબર કરવામાં આવે છે.

ખાસ કરી નગર સભાની લેણી જેના પર બાકી રહેતી હશે તેમાને નવેસર પરવાના આપવા માટે ચાલતી સાલ અંગેની તમામ લેણી રકમ પ્રથમ ભરી જવાની રહેશે તેની પણ આથી લાગતા વળગતાને આથી જાણ કરવામાં આવે છે.

અંજાર તા. ૨૯-૫-૪૭

કાંતિપ્રસાદ ચ૦ અંતાણી
પ્રેસીડન્ટ
અંજાર નગર સભા

જાહેર ખબર

આથી સર્વ જનતાને ખબર આપવામાં આવે છે કે હાલે ચોમાસાની રૂતુ નજીક હોવાથી અસાડ સુદ ૩ સાં. ૨૦૦૪ તા. ૨૧-૬-૪૭ શનીવારથી શ્રી કચ્છ સ્ટેટ મોટર સરવીસની નીચે મુજબ લાઇનો ચાલુ રહેશે

ભુજ માંડવી લાઈન

ભુજથી ઉપડશે. સવારના ૮॥, બપોરના ૧૨, સાંજના ૪॥, ૬ અને ૬॥,
માંડવીથી ઉપડશે પરોઢના ૪, સવારના ૮॥ ને ૧૧॥, બપોર પછી ૩, સાંજના ૬॥.

ભુજ મુંદ્રા લાઇન

ભુજથી ઉપડશે. સવારના ૮, સાંજના ૪॥,
મુંદ્રાથી ઉપડશે. સવારના ૯, બપોર પછી ૩

માંડવી મુંદ્રા લાઇન (કેરા ઉપરથી)

મુંદ્રાથી ઉપડશે. સવારના ૮॥
માંડવીથી ઉપડશે. બપોર પછી ૩॥

ભુજ કેરા લાઇન

ભુજથી ઉપડશે. સાજના ૫॥,
કેરાથી ઉપડશે. સવારના ૭

ભુજ નખત્રાણા લાઇન

ભુજથી ઉપડશે. સવારના ૯, સાંજના ૫
નખત્રાણાથી ઉપડશે સવારના ૮, બપોર પછી ૩

જેઠ વીદ ૯ સુકરે શાં ૨૦૦૩ તા. ૧૩-૬-૪૭

Gangji Ladhubhai,
મેનેજીંગ મેમ્બર.

જાહેર ખબર.

ફી. ડી. શે. જા. નાં. ૪૩૪૨

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે કોટડીના ભાટીયા ઠા. નારણજી દયાળજીનો વિધવા રાધાબાઈ વાઘજીએ આ કોર્ટ પાશે એવા અરજ કરેલ છે કે મારા પતિના દાદા નેણશી હતા મજકુર નેણશીના બે પુત્રો નામે ખેતશી તથા દયાળજી હતા જેમાંથી દયાળજીના પુત્ર નારાણજી તે મારા પતિ હતા તે ગુજરી ગએલ છે અને ખેતશીના દીકરા ભાણજી હતા તથા મજકુર ભાણજી લગભગ ૩૫ વર્ષ પહેલા ગુજરી ગયા છે તેમની પાછળ તેમના ત્રણ પુત્રો નામે નરશી તથા પ્રાગજી તથા નારાણદાસને મુકી ગયા જેમાંથી નરશી તથા પ્રાગજી ગુજરી ગયા છે અને માત્ર એક નારાણદાસ હયાત છે તે સીવાય મારા શાશના પક્ષમાં પુરૂષ વર્ગમાં બીજો કોઇ નથી.

મજકુર નારાણદાસ ભાણજી કે જે મારા પતિના કાકાસસરાનો દીકરો થાય છે તેની ઉમર લગભગ ૪૦ વરશની છે. તે હાલે ૬-૭ વર્ષ થયા હાલેલીલ થઇ ગએલ છે. અને પોતાનું હીત સમજી શકે તેમ તેની સ્થિતી નથી તેમજ મીલકતનો વહીવટ પણ તે કરી શકે તેમ નથી તેના બાપ ભાણજી ખેતશીના ગામ કોટડી તથા મોટા કરોળીઆ તથા નાના કરોળીઆ તથા કોટડા તથા ચાંગડાઇમા ૮-૧૦ ખેતરો છે તથા માંડવી કોર્ટ પાશેની ત્રીજોરીમાં દસ્તાવેજો પડેલા છે.

તે નારાણદાસ ભાણજી ગાંડો થઇ ગએલ હોતાં હાલે કયાં ચાલ્યો ગએલ છે તેની મીલકતનો વહીવટ બરોબર થતો નથી જેથી મીલકત બરબાદ થઇ જાય છે એટલે તે મીલકતની યોગ્ય વ્યવસ્થા થવાની જરૂર છે

નારાણદાસ ભાણજીને બેરી છોકરા કાંઇ નથી અને મારા સીવાય બીજુ કોઇ તેનુ નજીકનું શગુ નથી તેમજ તે મીલકતનો વારશો પણ મને મળે છે જેથી શહેરના હાલેદીલ ઠા નારાણદાશ ભાણજીની મીલકતનો વહીવટ કરવા માટે તેની મીલકતનો પોતાને વાલી નીમવાને માટે અરજ કરવામાં આવેલ છે આ શબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોયતો તેણે શાં ૨૦૦૪ના અશાડ સુદ ૩ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાશે આવી જાહેર કરવુ તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવે તો મુદત બીતે અરજદારણને મીલકતનો વહીવટ કરવા વીશે વાલી નીમવાની અરજ વીશે ગટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી.

મુ. શ્રી ભુજનગર ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ કચ્છ
વશાખ વીદ ૧૦ ગુરૂવાર શાં ૨૦૦૩

સવાઇલાલ લક્ષ્મીશંકર
મે. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ જજના હુકમથી.

મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ડીસ્ટ્રીકટ અદાલત નાં. ૧૫૫૫

દાવાનો નંબર ૨ સવંત ૨૦૦૩

ભાટા ઠાકરસીંહ જેઠાભાઇની ઘરવાળી જમખુરબાઇ અંજાર.	વાદી
ભાટા લખમીદાસ હુગરશીં મુંબઇ	પ્રતીવાદી

દાવો—લેણા બાબત

અંજાર હાલે મુંબ ના રહેના ભડા લખમીદાસ ડુગરસીંહને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબતનો દાવો કર્યો છે. માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે, સંવત ૨૦૦૪ ના માસ અશાડ વદ ૦)) વાર શુક્રવારને રોજ સવારના ૧૦ા વાગતે ઉપર કહેલા વાદીના દાવાને જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલના મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવશે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જેના માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતાહો તે દસ્તાવેજો તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મીતી જેઠ શુદ ૧૫ બુધવાર સવત ૨૦૦૩

જયસુખલાલ દુર્લભદાસ
મે. ડી. સ. જ સા હુકમથી

જાહેર ખબર.

ચી. ક. જા નાં. ૭૯૯૪

અથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે માંડવીના નીચે લખ્યા દલાલોની સનદ કેન્સલ કરવામાં આવેલ છે. આ સનદો ન મળવાથી દલાલોએ અમારી ઓફીસે રજુ કરેલ નથી. સબબ અથી સર્વ લોકોને જણાવવામાં આવે છે કે આ સનદો કેન્સલ થઇ ગયેલ છે, અને તેનાથી કોઇએ દલાલી કરવાની નથી. જો કોઇ તે સનદોથી દલાલી કરશે અગર દલાલી કરતો હોવાનું જાણવામાં આવશે તો તેને ગુનેગાર ઠણી કાયદેશર કરવામાં આવશે.

૧ દલાલ ઠા દયારામ દે છ સનદ નાં ૬૩ શાં ૧૯૯૫. રસકસ તથા અનાજ
૨ દલાલ ઠા. શંકરલાલ નરશી શનદ નાં ૩૪ શાં ૧૯૯૫ રસકસ તથા અનાજ
૩ દલાલ સૈયદ ખુરસેદઅલી હાફેજઅલી શનદ નાં ૩૮ શાં. ૧૯૯૫ રસકસ અનાજ તથા તેલ
૪ દલાલ જોશી હરીદાસ ભીમજી શનદ નાં ૧૦૪ શાં ૧૯૯૫ રસકસ અનાજ તથા તેલ.

એ રીતે

મીતી જેઠ વદ ૬ સોમે શાં ૨૦૦૩ તા. ૯-૬-૪૭

P. M. Khambata.
ચીફ કસ્ટમ્સ ઓફીસર.

મહારાજા વિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

ખા. દિ. ૧ નાં ૧૫૫ સાં ૨૦૦૨

શ્રી અંજાર કોર્ટ

ઠકર ચત્રભુજ પ્રાગજી અંજાર વાદી

વિરૂધ્ધ

વોરા હશનભાઇ મુલાં જાફરજી વી. અંજાર પ્રતીવાદી

બાબત જગ્યા છોડાવવા

આદિકાં મધ્યે ગુજરનાર વોરા વલીજી નૂરભાઇનાં જે કોઇ વંશ વારશો હોય તેઓ અને દાવા વાલી જગ્યા શંબંધમાં કોઇનો હીત શંબંધ કે કોઇને કાંઇ લાગતું વળગતુ હોય તેઓને આથી ખબર આપવામાં આવે છે કે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી માસ એકની અંદર કોર્ટમાં કોર્ટનાં ટાઇમે હાજર થઇ અરજ કરવી. નહિંતો મુદ્દત વીતે કાયદેશર કરવામાં આવશે.

જેઠ શુદ ૪ શની શાં ૨૦૦૩ તા ૧૪-૫-૪૭.

H. C. Jethi.
અંજાર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી.કે.

શ્રી અંજાર કોર્ટ

ખા. દિ. કા. નાં. ૬૧ શાં. ૨૦૦૩

મીસ્ત્રી હરીલાલ રાજા કુંભારીઆ વાદી

મી ત્રાં પુંજા ગોવાની વારશ વિધવા રામુબાઇ ગેવીદ વી નાગલપુર } પ્રતિવાદી

કોરી ૪૭૮૦ મલવા બાબત.

નીચે લખ્યા ગામો તથા નામો વાળા શખ્સોને માલુમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર સદરહુ દાવો કરેલ છે અને જે ચાલે છે તે કામે આ કોર્ટ તરફથી "Multiferiousness" થાય છે એમ ઠરાવી વાદીને સુધારેલી દાવા પ્લેન્ટ રજુ કરવા હુકમ કરવામાં આવેલ હતો જે પર વાદીએ ના. શ્રી હાઇકોર્ટ હજુરે અપીલ કરતાં ત્યાંથી આ કામ રીમાઇન્ડ થઇ રીતશર આગળ ચલાવવા માટે પાછું આવેલ છે માટે આ નોટીશથી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી માસ એકની અંદર આ કોર્ટમાં કોર્ટનાં ટાઇમે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેસર થશે.

જેઠ વીદ ૨ ગુરવાર શાં. ૨૦૦૩ તા. ૫-૬-૪૭

૧. મીસ્ત્રી માડણ ગોવાનાં વારશ પુત્ર
મી અમરસી માંડણ અમદાવાદ
૨. મી મુલજી જગમાલ બીલાશપુર

જીવરામ જાદવજી,
મે. અંજાર ન્યાયાધીશ સા. ના હુકમથી.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અંજાર. દિ. કોર્ટ ખા. દિ. કા ના ૫૫ ૨૦૦૩
ના. ૭૮૨

સોની હંસરાજ જમુ વી તલોદ ગાંધી
વિરૂદ્ધ
આહેર રૂડા વાલેરા વી ભુજડ. પ્રતીવાદી
મીલ્કતમાંથી ભાગ મળવા બાબત.

માલુમ મધ્યે સોની રાઘવજી જમુને માલુમ થાય જે આ કામનાં વાદીએ તમારા ઉપર સદરહુ દાવો કરેલ છે. તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં આ નોટીસ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૩૦ની અંદર કોર્ટના નામે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેસર કરવામાં આવશે

જેઠ વીદ ૨ ગુરૂ શા. ૨૦૦૩ તા. ૫-૬-૪૭

જીવરામ જાદવજી
મે. અંજાર ન્યાયાધિશ સા. કુ. થી.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી અંજાર દિ. કોર્ટ ખા દિ. ૩૮ ૨૦૦૩ નાં ૨૯૫
આહેર ખેંગાર ભીમા . આંબાપર વાદી
આહેર ધયા મોજી વી. આંબાપર પ્રતિવાદી
વટાંતર મુકેલ ઢોર છોડાવવા બાબત

મુંદરા મધ્યે આહેર પોચા વાગાંને માલુમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર સદરહુ દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં આગામના ગા રાજેથી સં. ૨૦૦૪ના અશાડ શુદ ૧૨ સોમવારનાં રોજે અને ત્યારપછી હુકમ થાય ત્યારે સારે હાજર થજો નહિતર કાયદેસર થશે.

બીજી જેઠ વદ ૨ ગુરૂવાર સાં. ૨૦૦૩
તા. ૫-૬-૪૭

જીવરામ જાદવજી,
મે. અંજાર ન્યાયાધીશ સા. ના હુકમથી.

ના ૧૯૬૪ જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના સુમરા ઇબરામમીયાં ઇસ્માલમીયાં ગુજરી જતાં તેની મીલ્કતના કબજેદાર વારસ વિધવા ઇજતબાઇ પાસેથી જગ્યા ૧ ભુજ મધ્યે સુમરાની મોટી ડેલીમાં છે તે કોરી ૯૦૨) નવમોએકમાં વંચાણ લેતાં તેનું શેલ સર્ટીફીકેટ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ ન સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

જેઠ વીદ ૭ ભોમે શા ૨૦૦૩
M. M. Mehta.
ભુજ વહીવટદાર

નાં ૧૯૬૫ જાહેર ખબર

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજનાં ગા કાનજી નારાણજીએ ભુજના ગીરનારા બ્રાહ્મણ દોલત રામ લધુ પાસેથી કોરી ૩૫૦) પાંત્રીસસો વધારો આપી જગ્યા ૩ ભુજ મધ્યે નાગર ચકલામાં છે તે અઘાટ લેતા તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે આ જગ્યાઓ ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહિની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહીં સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે

જેઠ વીદ ૭ ભોમે શા. ૨૦૦૩
M. M. Mehta.
ભુજ વહીવટદાર

જાહેર ખબર.

હ. જા. નાં. ૧૪૨૨.
માંડવી વહીવટદાર કચેરી તરફથી

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે માં વીતા સોની ગોવિંદજી કાનજીએ માંડવીના પોકરણા જોશી કાંતીલાલ જેઠાને મતે જગ્યા એક માંડવીમાં ઓખાઇ બજારમાં મનજી પંડયાની નિશાળની, બાજુમાં ઘરોરીયાંવાળી ડેલીમાં જગ્યા એક ત્રણ ભોંવાળી ઓરડા ઓશરી તથા અગાસી વાળી વેચાણ લીધેલ છે તેનો અઘાટનો દસ્તાવેજ છાપો થવા માટે આંહી રજુ થયો છે. આ જગ્યા સંબંધમાં કોઇનો કોઇપણ હક હિસ્સો હોય તેણે માસ એકમાં આવી જાહેર કરવું નહીંતો મુદત વીતે છાપો કરી આપવા સંબંધમાં ઘટતુ થશે.

જેઠ શુદ ૧૦ ગુરૂવાર શાં. ૨૦૦૩
અંબાલાલ મનસુખરામ
માંડવી વહીવટદાર

-જાહેર સુચના.-

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવા થી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખાલી અગર તો મંજુરી મળે છે એવું સમજવાનું નથી

જાહેર ખબર

શ્રી કચ્છ રાજ્ય પત્ર પુ. ૭૪ અંક ૨૧ પાને ૨૭૭ ઉપર સા. દેવજી ધારસી વગેરેના વકીલ મોતીલાલ નાથાભાઈ છેડાની સહીથી તા. ૭-૪-૪૭ વાળી જાહેર ખબર પ્રસીધ્ધ થઈ છે આ જાહેર ખબર સંબંધમાં નીચે મુજબ જણાવવાની મારી અશીલણ વેલબાઈ તે શા. કરમશી પાલણની

વિધવા તરફથી મને શુચના મળી છે.

શા. નાનજી મોણશીની વીધવાને હિંદુ વીધવા તરીકે વીલ કરવાનો અધીકાર ન હોવાની તકરાર અને મજકુર વીધવા રતનબાઇએ દેવશી ધારશી વાગેરેના હક ડુબાડવા ખાતે વીલ વેલબાઇના નામનુ કરેલ હોવાની હકીકત ખરી નથી અને બરાબર નથી કેમકે શા. નાનજી મોણશીએ પોતાની મિલ્કતનુ વીલ શા. ૧૯૯૦ ના જેઠ શુદ ૧ ની મીતીનુ કર્યુ છે તેમાં પોતાની હયાતી બાદ પોતાની મિલ્કતની કુલ માલેક પોતાની ઘર વળી રતનબાઇને ઠરાવી વીલથી મિલ્કતોની વ્યવસ્થા કરવાનો અધીકાર તેણીને આપેલ છે એટલુજ નહીં પણ પોતાની ભાણેજી વેલબાઇને પોતે પોતા જેણી દીકરી કરીને રાખી પોતાની ઘરવાળી રતનબાઇની હયાતી બાદ પોતાની મિલ્કતની માલીક તે વેલબાઇ ઠરાવી ગએલ છે

છેલ્લા સંપુર્ણ માલીક નાનજી મોણશીએ પોતાની ઘરવાળી રતનબાઇને પોતાની હયાતી બાદ પોતાની મિલ્કતોની કુલ માલેક બનાવેલ હોવાથી અને વીલથી પણ વ્યવસ્થા કરવાનો અધીકાર આપેલ હોવાથી રતનબાઇને વિલ કરવાનો કાયદેશર અધીકાર હતો વળી શા. નાનજી મોણશીએ પણ વિલથી પોતાની ભાણેજી આ વેલબાઇને પોતાની વિધવા રતનબાઇની હયાતી બાદ પોતાની મિલ્કતોની માલેક ઠરાવી છે એટલે મારા અસીલ મજકુર શા. કરમશી પાલણના વિધવા વેલબાઇને શા. નાનજી મોણશીની સ્થાવર જંગમ મિલ્કતોની વ્યવસ્થા કરવા સંપુર્ણ કાયદેશરની સત્તા છે તેમાં દેવજી ધારશી નરશી ઉમરશી લાલજી ઉમરશી તથા મોરારજી ધનજી ખેરાજ વેલાણીને અટકાવ કરવા કાંઇ પણ હક નથી.

શા. નાનજી મોણશીએ કરેલ વિલ તેમજ તેની વિધવારતનબાઇએ કરેલ વિલ બંને વિલની નકલો મજકુર દેવજી ધારશી વગેરેના વકીલ શ્રીયુત મોતીલાલભાઇને મોકલવામાં આવી છે. આ વિલ અસલ જેમને જોવા તપાસવા હોય તેઓને અમારી ઓફીસે બોલાવી જોઇ તપાસી ઉપર જણાવેલ હકીકતની ખાતરી કરી લેવાની છુટ છે.

તા ૧૭-૫-૪૭

નાનાલાલ દેવરાકર વેધ

શા. કરમશી પાલણની વિધવા વેલબાઇના વકીલ.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર તેરાના સારસ્વત જોશી ખીમજી નારાણજી આથી સર્વ લોકોને જાણ કરૂં છું. મારી સ્થાવર જંગમ મીલ્કત કચ્છ તેરા મધેની કે જ્યાં જ્યાં છે તે બધી મારી સ્વકમાઇની છે તેમાં કોઇનો કાંઇપણ હક નથી છતાં પણ મારી મીલ્કતમાંથી મારા બંને છોકરા નરભેરામ તથા નરહરી (ઉર્ફે) શંભુ પ્રત્યેની મારી ફરેક ફરજો અદા કરી તે મને મારી સ્વઇચ્છાએ દરેકને કોરા ૧૦૦૦૦) દશ હજારની જંગમ મીલ્કતમાં દરદાગીનું રોકડ ફરનીચર ઘરનું રાચ રચીલું આપી શા. ૧૯૯૮ પોશ શુદ ૪ સોમવાર તા. ૨૨-૧૨-૪૧ ના રોજ કાળા કરી જુદા કરેલ છે; અને ત્યારથી તેઓ પોતાને દેશ કે પરદેશમાં ધંધો જુદો ચલાવે છે. તે સાથે મારો કોઇપણ જાતનો સંબંધ નથી. હું કચ્છમાં રહી માત્ર નિવૃત જીવન ગાળું છું અને મારી પાસેની સ્થાવર જંગમ મીલ્કત કે જે કચ્છમાં છે જેમાં જગ્યાઓ હાટો ખેત્રો વાડી બગ રોકડ દરદાગીના ફરનીચર તથા ઘરનુ રાચરચીલું જે મારા કબજા ભોગવટામા છે અને તેવી મીલ્કત જે મારા નામે ખાતાખાતી હોય તે તમામનો સ્વતંત્ર માલીક હું હોઇ મારી હૈયાતી લગી તે પર દરેક જાતની માલીકી મારી હોઇ હું તેનો સ્વતંત્રપણે ઉપયોગ કરી શકું છું અને મારી હૈયાતી બાદ મારી તમામ મીલ્કતની માલીકી શા. ૨૦૦૩ના વૈશાખ વીદ ૧૩ બુધવારની મીતી મધે વીલ કરી તેમાં મારી ધર્મપત્ની તે તેરાના જોશી ગોવીંદ ફકીરાની દીકરી આણંદાની ઠરાવેલ છે અને તે વીલ નામદારશ્રી અબ્બાસા કોર્ટમાં રજીસ્ટર કરાવેલ છે.

જેથી મારા છોકરા ઉપરના નામા વાલા મારાથી જુદા હોઇ તેમનો મારી મીલ્કતમાં કાંઇપણ હક રાખ્યો નથી જેથી મારી માલ્કતના અગે કે ભાવિષ્યના મારી મીલ્કતના વારસ થવાની આશાએ ભુલાવો ખાઇ કોઇપણ શખ્સે મારી સ્થાવર જંગમ મીલ્કત સર મારા બંને છોકરાના નામે કે મારા વહીવટ કરનાર તરીકે કોઇપણ જાતની ધીરધાર કે લેતીદેતી કરવી નહીં તેવી લેતીદેતી કોઇ પણ કશે તેમનાથી મને કરી આપેલ ફાળા

ની તારીખ પછી કરી હશે કે હવે પછી કરવા પામશે તો તેની જોખમદારી મારી મીલ્કત શર નેં રહેતાં તે મારા દોકરાઓના નામે અને જોખમે રહેશે તેના ખબર સૌની જાણ માટે આપવા જરૂર જણાતાં આપવામાં આવેલ છે.

મીતી વૈશાખ વીદ ૦)) ભોમવાર શા. ૨૦૦૩ તા ૨૦-૫-૪૭.

જોશી ખીમજી નારાણજી દા. પોતાના

ખાનગી જાહેરખબર.

હું નીચે સહી કરનાર માંડવીના આગરીઆ ધનબાઈ શુમારે આ જાહેરખબરથી જણાવું છું કે અંજાર તાલુકામાં ગામ મથડાંની સીમમાં બે ખેતરો નામે આટારીઆ તથા બે અજોરીઆ તથા ત્રણ ખારા એમ દામ સાત તથા મથડાંના શેઢામાં પડી ગયેલી જગ્યાનો પટ તથા ભુવડના સીમમાં ત્રણ પાટડા ખેતરો એટલા ઠામો મારી માલીકીનાં છે અને તેમાં મારા મરહુમ ભાઇ નુરમામદનો કાંઈ હક નથી છતાં પણ મારા ભાઇ નુરમામદની વિધવા હાજરાંબાઇ, સદરહુ ઠામો પોતાનાં હોવા કહી વેંચસાટ કરવાની તજવીજ કરે તેવો સંભવ છે, માટે સદરહુ ઠામો પર કોઇ એ કાંઈ લેતીદેતી કરવી નહિ, અગર કોઇ કરશે તો મારા ઠામો કે હું તે માટે જવાબદાર થશું નહીં.

૨૦૦૩ના જેઠ સુદ ૧૦ ગુરવાર

આગરીઆ ધનબાઈ શુમારની સહી દાઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર મુંબઈના રહેનાર જમના-બાઈ પરશોતમ નાકાઇતે ઠક્કર હરિરામ ઓધવજી રેલાણીની ગરવાઢી આથી જાહેર જનતાને જણાવું છું કે હાલે મુંબઈ મધે રહેનાર તે પ્રથમ લખપત (કચ્છ)ના રહેનાર જોશી વાગજી હામેદર જે જોશી સેવારામ આશાનંદ વાલાને નામે ઓળખાય છે તેના નીચે લખ્યા સ્ટેટો કચ્છ લખપત મધે હોઇ મારી પાસે આવેલ છે આ સ્ટેટોનો તેમણે મને સંવત ૨૦૦૩ના માહા વીદ ૧ ગુરવારના મિતીનો દસ્તાવેજ લખી આપી શ્રી લખપત-રજીસ્ટ્રાર કોર્ટમાં રજીસ્ટર કરાવી આપેલ છે અને કબજો સોંપી આપેલ છે સદરહુ સ્ટેટો પર કોઇનું લેણું લેણુ કે કોઈપણ પ્રકારનો હકક હિસ્સો હોયતો તેમણે આ જાહેર ખબર છપાયાની તારીખથી રોજ ૧૫ પંદર અમારી પાસે જાહેર કરવું તેમાં ખામી થશે તો આ મકાનો પર કોઈનું પણ કશી તરેહનો હકક ઇલાખો નથી. એમ મનવામાં આવસે સદરહુ સ્ટેટો કોરી ૩૦૦૦ ત્રણ હજારમાં આવેલ છે

૧ દુકાન ૧ એક શ્રી લખપત મધે માંડવી બજારમાં છે તે સેવારામ આશાનંદ વાલી વપાર ાં નામે ઓળખાય છે. જે હાલે લખપતનાં અમારા પુજય દેવજી માવજી હંવલજી જેઠાનાં વા સરતનબાઇ વાલજી અમારા ભાડુત તરીકે ભાડે ભોગવે છે એ દુકાન ઉતરાદી ઓઆડે છે તેની ચતુરદિશા

૧ ઉગમણી દિશાએ ઠકકર માવજી વિશનજીનાં કબજાની જગ્યા છે અને તેથી આગળ તે જગ્યાની ડેલી છે તેમાંથી આવવા જવાનો એ જગ્યા ત્યા હીરજી લખમીદાશની જગ્યાનો રસ્તો છે અને સદરહુ (વખાર) દુકાનનો ઉગમણો કશો છે એ જગ્યા સામજી માવજી હાલે ખાય ભોગવે છે અને જાદવજી નાનજી પાસે ભાડે છે અને એ ડેલીમાથી ભાટીયા ઠા હીરજી લખમીદાશની જગ્યામાં પણ આવવા જવાનો રસ્તો છે.

૨ દખણાદિ દિશાએ એ દુકાનની પછીત છે અને તે પછીત ઠા માવજી વિશનજી તથા હીરજી લખમીદાશની જગ્યાઓનાં આંગણામાં પડે છે ત્યાં વિચરણી છે અને દખણાદી બાજુ પછીત છે ત્યા નેવા પડે છે.

૩ આથમણી દિશાએ ભાટીયા ઠકકર ગોરધનદાશ વાલજીનું દુકાન છે અને જે ઠા દેવજી માવજી હી વાલજી જેઠાનાં વારશો રતનબાઇ વલજી પાસે ભાડે છે અને એ દુકાનની ચઢવા ઉતરવાની પગથીઓ ત્યા. ઓટલો છે.

૪ ઉત્તરાદી દિશાએ એ દુકાનનો કરવાએ

છે. તથા ઓટલો છે અને તે પર ઢાંકાઉ ચાલ છે અને રાજમાગ છે. અને તે સામે ઠક્કર વાગજી દામજી તથા રામજી દામજી ના દુકાનો છે તથા મહમદ હાજી અજમનુ દુકાન છે.

૨ દુકાનર બીજો શ્રી લખપત મધેથી માંડવી બજારમાં છે જે હાલે અમારા ભાડુત તરીક ભટ લખમીદાશ કલ્યાણજી પાસે ભાડે છે અને ઉગમણી મોઆડે છે તેની ચતુર દશાનો વિગત.

૧ ઉગમણી દિશાએ એ દુકાનનો ઓટલો અને ઢાકાઉ ચાલ છે.

૨ દખણાદિ દિશાએ એજ મતાદારની માલેકીની નીચે લખી જગ્યાની જમીન છે અને એ દુકાનનો દખણાદો કરો છે.

૩ ઉત્તરાદિ દિશાએ એ દુકાનનાં અડધા ઉતરવાની ઓરલાની પગઠી છે તથા નીચે લખી મજકુર વાગજી દામોદરની જગ્યાનો ડેલી છે.

૪ આથમણી દિશાએ એજ મતાદાર એટલે વાગજી દામોદરની જગ્યાનુ આંગણું છે અને એ દુકાનની પછીત છે.

૩ જગ્યા ૧ એક મેડીવાલી જે હાલે ઠાકરશી જાદવજી નાનજી પાસે અમારા ભાડુત તરીકે ભાડે ભોગવે છે તે દખણાદી મોઆડે છે અને તેમાં ૨ દરવાજા છે તથા મેડા ઉપરે બે દરવાજા છે જેમાં બે ખંડ નીચે છે અને બે ખંડ ઉપર છે તેની ચતુર્દશા.

૧ ઉગમણી દિશાએ એ જગ્યાની ડેલી તથા ઉપર જણાવેલ દુકાન જેમા હાલ ભટ લખમીદાશ કલ્યાણજી ભાડે લીધેલ છે તે છે તથા એ જગ્યાનાં આંગણાની જમીન છે અને એ ડેલીમાંથી એ જગ્યામા આવવા જવાનો રસ્તો છે.

૨ દખણાદી બાજુ એ જગ્યાનું આંગણુ છે અને તે સામે જોશી ભાનુશંકર મેતીરામનાં કબજાની જગ્યા છે.

૩ આથમણી દિશાએ એ જગ્યાનાં આંગણાની કોટડી છે તે પડી ગયેલ છે અને ખંડેર ઉભેલ છે ત્યા સુધી એ જગ્યાની કોટડીનો હદ છે.

૪ ઉતરાદી બાજુ એ જગ્યા પછવાડે અડધા ભાગમાં ઘરનાળ છે અને અડધા ભાગમાં વિચરણી છે અને તે ઉપર પાણીનાં નેવા પડે છે અને એ જગ્યાની પછીત છે અને ભાટીયા મહાજનની જગ્યા છે જેમાં હાલે ભટ ગીરધરલાલ માધવજી ભાડે બેઠેલ છે અને એ જગ્યાનો પછીત છે તે જગ્યાઓ કપટા જોશી હીરજી કેશવજી ની હોય ભાટીયા મહાજન પાસે આવેલ છે. એ રીતે ચતુર્દશા વચ્ચે એ સ્ટેટ આવેલા છે.

મીતી શાં ૨૦૦૩નાં જેઠ સુદ ૧૧ શુકરવાર તા. ૩૦ મે ૧૯૪૭.

ઠક્કર નારાયણજી સુલજી વકીલ
બાઈ જમનાબાઈ પરશોતમ નાકાશ
તે ઠાં હરિરામ ઓધવજી દેવાણીની મરવાડીનાં
વકીલ મુ. લખપત બંદર (કચ્છ)

ખાનગી જાહેર ખબર

અમો નીચે સહીઓ કરનારા ગામ શ્રી માતજીના નેત્રના રહીશ કરસી કરમશી તથા કરશન તથા રતનશી ભીમજી આથી સર્વની માહીતી માટે જણાવીએ છીએ કે અમારા પીતા ભીમજી જશા ઉ. વ. ૬૦ આશરેના છે તેઓ તદન ભોળા સ્વભાવના છે અને તેમના પાસેથી કેટલાક સ્વાર્થી માણસો પડખે ચડી બીન અવેજી ખાતા લખાવી લે છે એવી હકીકત અમોને જાણવા મલી છે તે પરથી જણાવવાનું કે તેમને કંઈ કરજ ઉપાડવાની જરૂર નથી કારણ તેમને અમો ત્રણે જણા ખોરાકી પોસકી આપીએ છીએ અને તેમને કરજ કરવા કારણ રહેતુ નથી.

આ જાહેર ખબર પ્રસિધ્ધ થયા પહેલાં કોઇએ કોઈ ખત કે દસ્તવેજ લખાવી લીધો હોય તો તે અવેજવાળો હોવાની ખાત્રી આપી આ જાહેર ખબરે પ્રસિધ્ધ થયા પછી રાજકોટમાં અમારી પાસેથી ચોખ્ખ કરાવી જવી અને આ જાહેર ખબર પ્રસીધ્ધ થયા પછી કોઇ

પણ આશ માંએ અમારા પીતા ભીમજી જશા સાથે કાંઇ લેણ દેણ કરવી નહી અને કોઈ માણસ તેમનાથી કાંઈ લેણ દેણ કરશે તો તે માટે અમો કે અમારા વડીલો પારજીત મિલ્કત જવાબદાર રહેશું નહિ તે અમારા પિતાને કરજ કરવા લેશ માત્ર હક ન હોઇ તેમજ તેઓ અમારા ભરણ પોશણ નીચે હોઇ અગે કે તેમના તરફથી અમને મળેલ વડીલ પારજીત મીલ્કતના અમો માલેક હોવાથી જવાબદાર રહેશું નહી એ સર્વને જાણ થવા આ જાહેર ખબરથી ખબર આપીએ છીએ તેની નંધ લેવા વિનંતી છે.

મીતી જેઠ શુદ ૧૩ રવીવાર સાં. ૨૦૦૩

કણબી કરમશી ભીમજીની સહી દ. કરસન ભીમજીના છે ધણીના કેવાથી.

કણબી કરસન ભીમજીની સહી દ. પોતાના

કણબી રતના ભીમજીની સહી દ પોતાતો

ખાનગી જાહેર ખબર

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અમે ભાઇઓ તથા અમારા પિતા સાથે રહેતા હતા પરંતુ હમણાં શા. ૨૦૦૩નાં જેઠ સુદ ૭નાં રોજ ફારકતી કરી જુદા થયા છીએ અને અમારી નાગલપરની જગ્યા તથા અમારા વડીલો પરંતુ કરજ મારે ભાગે આવેલ છે હવે થી મારા પિતા કે ભાઇઓ કઇ લેણદેણ કરશે તે માટે હું જવાબદાર નથી જે લેવદેવ કરશે તે પોતાને જોખમે કરશે.

જેઠ વદ ૬ ભોમવાર શા. ૨૦૦૩

૧ શા સામજી નરસી નાગલપુરવાલા ની સહી દાઃ પોતાના.

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અમારા અસીલ માંડવીના શા. જવેરીલાલ મોતીલાલ ભણશારીએ મોર મીઆ માણેકલાલ પર સોતણ પાસેથી જગ્યા ૧ એક ડેલી બંધ ત્રણ ભો વાલી વોકરામાં ગેબી પીરની દખણાદી કોરે છે તે રૂપીઆ ૨૪૨૫૦) ચોવીશ હજાર બશો ને પચાશમાં આડે અકે છેટા છુટ બાકીની બધી શહીત લેવાનો શાટા કરાર શા. ૨૦૦૩ ના જેઠ સુદ ૭ ને સોમવારના રોજ કરેલ છે શદરહુ જગ્યાની ચતુરદીશા નીચે મુજબ છે.

૧ આથમણી કોરે આ જગ્યાના દરવાજા રેલીના ચેકમા પડે છે તથા મુદરાવાલા રવાલી વાલાની જગ્યાની પછીત પડે છે

૨ ઉગમણી કોરે આ જગ્યાની પછીત છે તેમાં આ જગ્યાના દરવાજા પડેછે તે રાજ માગમાં પડે છે તથા આગલ ચોકી પમર્થ આ છે.

૩ ઉતરાદી કોરે શા હરજીવન વાગજીની જગ્યા છે.

૪ દખણાદી કોરે ધોમી બુઢાની રેગાકની જગ્યા છે તથા અમુક રાજ મરગમા પડે છે.

એ રીતે ચતુર દીશા વાલી જગ્યા અમારા અશીલે વેચતી લીધે હોઈ તેના ધનીક પણાની ફારકતી નામદાર માંડવી કોર્ટમાં અમારા અશીલે રજીષ્ટર કરાવવાનો છે જેથી આ જગ્યા પર કોઈ રતુ લેણુલેણું ભરણ પોષણ ગીરો બક્ષીશ વારશા હક કે કોઈ પણ તરેહનો હક હીસો હોય તો તેમણે આ જાહેર ખબરની તારીખથી દીવશ ૧૫ ની અંદર અમારી ઓફીશે તેવા હક શબંધીનાં આધારો બતાવી જવા અને પુરાવા કરી આપવા નહીંતર મુદત વીતયા બાદ તેવા દાવાઓ દરદા પુવક છોડી દીધેલા છે એમ માનવામાં આવશે અને અમારા ધનીક પણની ફારકતી રજીષ્ટર કરાવી લેવામાં આવશે અને શદરહુ જગ્યા કે અસીલ તે માટે જવાબદાર રહેસે નહીં.

મીતી શા. ૨૦૦૩ના જેઠ વીદ ૧૦ શનીવાર

તા. ૧૪-૬-૪૬.

માંડવી ના સ્ટ્રીટ કચ્છ માંડવા. } ચુનીલાલ રાઘવજી માડલી આ બી. એ. એલ. એલ. બી. ખરીદનારના વકીલ

શુદ્ધિ પત્ર.

આ કચ્છ રાજ્ય પત્ર પુસ્તક ૭૪ અંક ૨૩ પાને ૨૯૪ માં લીટી " ખાસ ભુજમાં પાળવાની રજામાં નીચે પ્રમાણે.

નામ પંચમી તા. ૨૧-૮-૪૮ છપાણું છે તથા રૂદ્રાણીની યાત્રા તા. ૨૪-૮-૪૮ છપાણું છે તેને બદલે તા. ૨૧-૮-૪૭ તથા તા. ૨૪-૮-૪૭ વાંચવું.

ખાતગી જાહેર ખબર

આથી સર્વેની માહેતી માટે જાહેર કરવામાં આવે છે કે ધી અંજાર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ લીમીટેડ અંજાર કચ્છના શેર હોલ્ડરો પોતાના શેરો ટ્રાન્સફર કરવા માગે છે એટલે તેમના વતી જાહેરને ખબર આપવામાં આવે છે કે સદરહુ મીલ્સ પર કોઇનું લેણું લેખું કે કાંઈ દાવો હોય યા કે મીલ્સના શેર પર કોઇનું લેણું લેખું ગીરો લખત કે દાવો હોય તો તેમણે તા. ૧૫-૭-૪૭ના રોજ સુધીમાં ધી અંજાર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ લીમીટેડની ઓફીસમાં મેનેજર પરસોતમદાસ બ્રીજલાણીને મલીને ખુલાશો કરી જવો તે પછી કોઇ તેવા લેણા લેખા માટે નવા શેર હોલ્ડરો જવાબદાર નથી તેવી જાહેરને ખબર આપવામાં આવે છે.

મીતી જેઠ વીદ ૧૦ શુક્રે શા. ૨૦૦૩.

તા. ૧૩-૬-૧૯૪૭

વકીલ ગોપાલજી ઉંમરસી

ધી અંજાર સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ લીમીટેડના ડાયરેક્ટરની સુચનાથી

☞ આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL 75] SATURDAY 5th JULY 1947 No. 2]

[પુ૦ ૭૫] અષાડ વદિ ૨ શનીવાર સંવત ૨૦૦૪ તા ૫ મી જુલાઈ સને ૧૯૪૭ [અંક ૨]

સુચના.

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨૪૩ અને મુંબઈ ગ્રાહકો પાસે ૧૫ કોરી ૧૯૫ લેવામ આવશે.

આ વર્ષ ૨૦૦૪ ના કારતક સુદ ૩ થી સં. ૨૦૦૫ ના કારતક સુદ ૨ સુધી મણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧-૨ પ્રમાણે ભરવાનું છે

આ લવાજમ માસ ૧૭ સતરનું અષાડ સુદ ૩ થી બારસ સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ બારસ સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧-૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ની લીટી ૨ ત્થા બીજી ૧૨ નુ તેમ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે બારે તે ચોડામાં મોકલે દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અડી પડોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

354

મહારાવ વધરાજમીરજી મહારાઓશ્રીસર વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જ. બી. કે.

શ્રી હાઇ કોર્ટ

વ. જા. દી. રે. અ. ન. ૧૦ શાં ૨૦૦૦

જાડેજા નોંઘણજી સાહેબજી વીગેરે | અપીલેન્ટ
રે. સાંયરા વી. | વાદીઓ

જાડેજા નારણજી મહારસંગજી વીગેરે | રીસ્પોન્ડન્ટ
રે. ખોમડી | પ્રતીવાદી

નીચેની શ્રી જાડેજા કોર્ટનો ઠરાવ રદ થઇ અમારા ભાગની ગામ બરંડા તથા વાચોન્ની પેદાશ મળવા બાબત

ખોંભડીનાં નીચે લખ્યા નામો વાળા શખ્સોને ખબર આપવામાં આવે છે કે આ કામે ઉપરનાં અપેલન્ટે આ કોર્ટમાં અપીલ કરેલ છે તેનો તપાસ સંવત ૨૦૦૬ના પ્રા. શ્રાવણ ૭ ગુરૂવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેશર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટનાં ટાઇમે હાજર રહેવું નહિંતર કાયદેશર થશે.

૧ જાડેજા રાયસંગજી મોમાયાજી રે. ખોંભડી હાલે મુંબઇ
૨ જાડેજા વાઘજી તેજમાલજી રે. ખોંભડી
૩ જાડેજા ભારમલજી દીપસંગજી સાંયરાનાં વાલી ઉમરસંગજી વિ. રે. ખોંભડી
૪ જાડેજા અમરસંગજી વીજયરાજજી રે ખોંભડી

મિતી જેઠ વીદ ૫ સોમવાર શાં ૨૦૦૩

B. N. Mehta,
મે. ચીફ જસ્ટીસ સાહેબનાં હુકમથી
રા. શિરસ્તેદાર હાઇ કોર્ટ

મહારાવ ધિરાજ મિરઝા મહારાઓ શ્રી વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જ. બી. કે.

શ્રી હાઇ કોર્ટ

વ. જા. દી. રે. સ. નાં ૭ સાં ૨૦૦૦

જેઠી જગજીવન ખીમજીનાં વારસ પત્ર, અપીલેન્ટ તે વેલજી જગજીવન રે. કુકમા મુળ વાદી
રા. જડોર મેનેજર મંતા સંગલાલ) રીસ્પોન્ડન્ટ
પનાચંદ બહદર્શી જતાં નીમાયલા મેનેજર) તે બળી
ઠા. વાઘજી રતનશી વાગડે રે. જડોર) ઘા ઓ.

નામદાર શ્રી જાડેજા કોર્ટે આ કામે કોરી ફડચારાનો રદ કર્યો છે તે ઠરાવ રદ થવા બાબત.

ગામ મુરનાં નીચે લખ્યા નામો વાળા શખ્સોને ખબર આપવામાં આવે છે કે આ કામે ઉપરનાં અપીલન્ટે આ કોર્ટમાં અપીલ કરેલી છે તેનો તપાસ સંવત ૨૦૦૪ના પ્રા. શ્રાવણ સુદ ૮ સુક્રવારને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેસર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટનાં ટાઇમે હાજર રહેવું નહીંતર કાયદેશર થશે.

૧ જાડેજા શીવુભા વેરાભા સગીરનાં વાલી જાડેજા પ્રતાપજી વેરાભા રે. મળુ
૨ જાડેજા રતનજી જીવણજી રે. એજ
૩ જાડેજા માલુભા ભાણજી રે એજ
૪ જાડેજા વીરમજી પ્રતાપજી રે એજ

મિતી જેઠ વીદ ૬ બોમવાર શાં ૨૦૦૩

B. N. Mehta.
મે. ચીફ જસ્ટીસ સાહેબનાં હુકમથી સરસ્તેદાર
હાઇ કોર્ટ

મહારાવ ધિરાજ મિરઝા મહારાઓ શ્રી વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી બી. કે.

દી. તા કમનાં ૬ સાં ૨૦૦૧

વા ગાવજી ને ફરી ગુ રાવારનાં વાલી
રા તાજી ઘા પ્રેમજી શાંતીની વાલી
માનજી હરાજાઇ કોડારનાં } વાદી

ડા. વીજી વચા ગુજરી જતાં તેન વારસો
૧ ડા. હરીરામ વીરજી ગુદાના હાલે મુંબઇ
૨ ડા. ગુરાજી વીજી એજ } પ્રતિવાદીઓ

લેણાં બાબત દાવો

મુંબઇનાં વીલસન્સ પ્રેસીડન્સીને ઓર્ડર હુકમ કરવામાં આવે છે કે શાં ૧૯૬૭ની સાલનાં દાવાની રકમમાં કોરી ૨૦૭૫) ફાળ તારીખથી તે વસુલ થતાં સુધી ટકા ના ખર્ચ તો આપે મુકામાં ખર્ચનું હુકમનામા શાં. ૧૯૮૮નાં સાલવાર સુદ ૧૨ શોમવારને રોજ થયું છે તે હુકમનામાં પ્રમાણે ડીગ્રી તામીલ કરવાનું કરી ત્યારે પરિણામી ત્યારે મીલકતનું તાલાવ થતાં તેમાં કોરી ૨૯૨૮૩ ઉપજી તે બાદ જતાં બાકી કોરી ઉપરના વ્યાજ ખર્ચ શાખે નહી તેની પ્રતિવાદીઓ તામીલ નહિ કરવાથી તેની સ્થાવર મીલકત એ કુર્ક સાર જપ્ત કરવામાં આવે છે માટે આ અખબારને બીજો હુકમ થતા સુધી આ સાથે રજુ રાખેલ લીસ્ટ પ્રમાણેની સ્થાવર મીલકત વેચાણની જાહેરાત ગીરવાણ કરી તે કોરને આપી દેવાની તાને આ લેખથી મનાઇ કરવા પ્રતિબંધ કરવામ આવે છે તેમજ સદરહુ મીલકત તમારી પાસેથી લીધી કોઇ લેવાની પણ બાકી મનાઈ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

૧ ડા. હરીરામ વીજી મુંબઇ
૨ ડા. નરારજી વારજી એજ

પ્રતિવાદીઓની સ્થાવર મીલકતનું લીસ્ટ.

૧. ગામ શ્રી જુવડનાં કટકીઆના વાલી ઉગમણી સીમની ભોમ પ્રાજ વાળી તેની ચતુ દીશા.
૧. ઉગમણી કોરે ગુરજી વાલો ખંધો
૨. ઉતરદા કોરે નાગજીભાઇ
૩. આથમણી કોરે કટકી સુ ૧૨ વાલી
૪. દક્ષણદી કોરે દશમાલ સેન્ડીઆની કટકી

૨. ગામ શ્રી જુવડ મધે કટકી આના વાલી બીજી ઉગમણી સીમની ભોમ પ્રાજ વાળી તેની ચતુર્દીશા
૧. ઉગમણી કોરે ગુરજી વાલો ખંધો
૨. ઉતરદા કોરે ખેત વાળા ધીણ

૩. આથમણી કોરે ખેત પાંતે વાડું
૪. દખણાદી કોરે સુતર રવજીની કટકી
૩. ગામ લીગાની ઉગમણી સીમેનો ખેત લાડકાવાળી કટકી બોબ પ્રાજા ાાની તેની ચતુરદીશા.
૧. ઉગમણી કોરે ખેત લાડકા લી કટકી ત્યા ખ ાંબો છે.
૨. ઉત ાદી કોરે ખેત ભાકરાવાળુ આમર કરૂમા ત્યા ખેત લાડકાવાળુ આમર રણમલજી વીમાજનું છે.
૩. આથમણે આમર કારભની કટકી છે.
૪. દખણાદે આમર રણમ જી વીમાજીનું ખેત બાધો છે.
૪. ગામ લીગારની ઉગમણી સીમે કટકી બીજી લારક લી ગામ પ્રાજ ા= તેની ગશે.
૧. ઉ મણી કરે ડેવી શબઆરાની કાકા છે.
૨. ઉત્તરાદી કોરે આમર કારભા કેશવજીનું ખેત બેરીમ છે.
૩. આથમણી કોરે આમર ભલજી ખીમજીનું ખેત ાકવાળુ છે.
૪. દખણાદે આમર ભગવાનજી શામાજીનુ ખેત મોથો છે.

એ રીતે ચતુરદીશા છે.

એ રીતે

મહા વદ ૧૦ શ્રી શાં ૨૦૦૩.

I. R Antani,

એડી. ડી. એન્ડ શેશન્સ જજ.

મહારાજા વિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ.

માંડવી કોર્ટના ફેશલા પર

દિ. રે. અપીલ નં. ૧૬૩ શાં ૨૦૦૩

સમન નંબર ૧૫૫૯

શા વલ્લભજી મણસી સગી ના વાળી નાનાજી મણીલાલ ઉર્ફે જેઠીબાઈ હાલાપર } મુળ અપીલ કરનાર

શા ખેરાજ નેણસી વીગે ાંએજ મુળજવાબદેનાર

દાવો—ઠરાવ રદ થવા બાબત.

હાલાપરના શા. ખીમજી ખેરાજની વિધવા વેલબાઈ જત આ અપીલેન્ટ આ કોર્ટમાં અપીલ કરી છે, વાસ્તે તમને ફરમાવવામાં આવે છે કે, એ અપીલની ચોકસી શાં. ૨૦૦૪ ના પ્ર. શ્રાવણ વદ ૨ સોમવારને રોજ થશે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાતનામા સહીત સવારના ૭ા વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહી રહો તો અપીલનો એક તરફો ફેસલો કરવામાં આવશે.

મીતી જેઠ વદ ૧૨ સોમે શાં. ૨૦૦૩

જયસુખલાલ દુર્લભદાસ,

મે. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ જજના હુકમથી.

મહારાજાધી રાજમાંડવી મહારાઓશ્રીવિજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી. કે.

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ ના ૭૩૮

દીવાની દાવા નંબર ૬૨ સંવત ૨૦૦૦

મીસ્ત્રી પચાણ નારાણ વગેરે આ અપરના વાદી

મીસ્ત્રી નારાણ હરદાસ ગુજરી જતા તેના વારશ દાદાકા રતીલાલ પોપટલાલ, રમણીકલાલ બાબુલાલ એ શગીરોના વાલી માતાજી વાલીબાઈ રાજાને મારફત } પ્રતિવાદી

લેણાં બાબત દાવો

, બાબુડીના મીસ્ત્રી નારાણ હરદાસ ગુજરી જતા નાં વારશ છોકરા રતીલાલ, પોપટલાલ રમણીકલાલ, બાબુલાલએ શગીરોની વાલી માતા-જી વાલીબાઈ રાજાને મારફત થાય જે વાદી અ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, સવત ૨૦૦૪ના માગશર અશાડવીદ ૧૪ ગુરૂવારને રોજે સવારના ૭ા વાગતે ઉપર કહેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતનાં તમારે જાતે અગર અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારા હકીકત સાબીતી શકે તમા દાવાના સબંધા જરૂરીયાત સાહેલતા જાબાર દઈ શકે અવા કોઈ બીજા યોગ્ય રીતે અધીકાર અપાયેલા શખ્સને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, આ ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાવા તો તમારી ગેરહાજરીનાં મુદ્દા ઠરાવામાં આવશે અને વાદી જેટલા માગે છે તે તથા તમારા જાબની પુષ્ટીમાં જે ઠરાવવે તે ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મિતી જેઠવીદ ૧૩ સોમવાર સંવત ૨૦૦૩

ફુલાઈલાલ લક્ષ્મીશંકર,

મે. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ જજના હુકમથી.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૨૨મી મે સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ જેઠ સુદી ૭ બુધવાર ને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	અંજાર.	મુન્દ્રા	અબડાસા	ભચાઉ.	નખત્રાણા.	રાપર.	લખપત.	પડીર (વદાણા).	માંડવી.	નલિયા.	રીમાર્ક.
૧	ઉંકાડા.....	...	૭૭૬	...	...	...	...	૮૯૬	...	...	...	૮૩૨	
૨	ઘઉં વાઝ્યા.....	૧૦૦	૧૪૦	૧૪૦	૧૦૮	૧૦૦	..	...	...	૫૩૨	૧૪૦	૧૪૦	
૩	બાજરી.....	૧૨૦	૩૮૪	૩૦૦	૪૧૪	૪૧૬	૩૫૬	૩૪૪	...	૨૮૮	૪૮૦	૧૫૨	
૪	મગ.....	૪૨૦	૪૧૬	૪૩૨	૧૦૦	૩૧૦	૨૬૦	૪૦૦	...	૨૫૬	૩૨૦	૩૮૪	
૫	મઠ (વારઠ).....	૩૦૦	૩૧૬	૩૨૦	૩૦૦	૨૭૨	૧૮૦	૨૮૦	...	...	૨૦૦	૨૫૬	
૬	જુવાર.....	૩૭૫	૩૧૨	૩૮૪	૪૧૬	૩૫૬	૯૨	૨૪૦	...	...	૩૨૦	૧૦૪	
૭	એરંડા (સદાફળા)....	૪૨૦	૪૩૨	...	૪૦૮	...	૪૧૨	૩૮૪	...	...	૩૩૬	૧૫૨	
૮	ગોવાર.....	૩૧૨	૩૬૦	૩૬૦	૩૦૪	૩૦૦	૨૪૮	૩૦૪	...	...	૩૨૦	૩૨૦	
૯	તલ.....	૧૬૦	૧૪૦	૧૫૬	૧૧૨	...	૧૪૦	૫૦૦	...	...	૫૧૬	૧૪૦	
૧૦	ચોખા ઉંચા.....	૧૪૪૦	...	...	...	...	...	...	...	...	...	...	
૧૧	ચોખા હલકા.....	૧૩૮૬	૧૩૧૨	...	૧૩૧૨	...	...	૧૦૨૪	...	...	...	...	
૧૨	કાલાં ભાર.....	..	...	...	૨૫૬	...	૧૭૦	...	...	...	...	...	
૧૩	ઘી.....	૧૪૫	૧૫૦	૧૬૦	૧૫૦	૧૬૦	૧૫૨	૧૪૪	...	૧૪૦	૧૨૬	૧૧૬	
૧૪	તેલ.....	૧૦	૧૦	૧૬	૧૭	૧૬	૧૭	૧૬	...	...	૧૩	૧૪	
૧૫	ખાંડ.....	૨૮	...	૩૨	...	...	...	...	...	...	...	...	
૧૬	ગોળ.....	૩૬	૩૬	૩૨	...	...	...	..	...	...	...	...	
૧૭	કડજ.....	૨॥	૪	...	૩॥	૪	...	...	...	...	૩	...	
૧૮	કુટી.....	...	૨॥	...	...	૪	...	...	...	...	...	...	
૧૯	ઘાસ.....	...	...		૩॥	...	...	...	...	...	...	...	
૨૦	કપાશીઆ.....	૪॥	૧૨	૧૩	૧૦	...	૧૩	૨૧	...	...	૧૫	૧૪	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી	૩૦૧।	૩૦૧॥	૦૧	૩૨	૩૦૨	૩૦૪	૩૦૧		...	૩૦૨	૩૦૧	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા	૩૦૧	૩૦૧	૩૦૧	૩૦૨	૩૦૨	૩૦૪	૩૦૦		...	૩૦૨	૩૦૧	

નોંધ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

રૂપીઆની કેરી ૨ મણ ૧ના પાઉન્ડ ૨૮ કળશી ૧ માં પાઉંડ ૮૯૬
કળશી ૧ માં માપ ૧૪ મણ ૧ના શેર ૪૮ ભાર ૧ માં મણ ૨૦
કપાસીઆ તોલમાં મણ ૧ના શેર ૫૪.

જેઠ વદ ૭ મંગળવાર સંવત ૨૦૦૩ ૧૦-૬-૪૭

T. M. Sheth,
રેવન્યુ કમીશનર.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાય બહાદુર જી બા. ઇ.
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ.
ભુજ કોર્ટના કેશરા પર.
દી. રે. અપીલ નાં. ૯૪ સાં. ૨૦૦૩.
સમન નાં. ૧૪૯

મીસ્ત્રી વાલજી પચાણ કુકમા મુળ અપીલ કરનાર
મીસ્ત્રી દેવરામ જેરામ વી. માધાપર } મુળ જવાબ દેનાર

દાવો—લેણાં બાબત.

માધાપરના નીચે લખ્યા શક્ષો જત આ એપીલેન્ટે આ કોર્ટમાં અપીલ કરી છે, વાસ્તે તમને ફરમાવવામાં આવે છે કે, એ અપીલની ઓકસી સાં ૨૦૦૪ અસાડ વીદ ૫ ભોમને રોજ થશે તે રોજે તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલનામા સહીત સવાલના જા વાબાથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહી રહો તો અપીલનો એક તરફો ફેસલો કરવા આવશે.

૧ મીસ્ત્રી દેવરામ જેરામ તથા નાગરી જેરામ સગી ના વાંધી મીતી દેવરામ જેરામ
૨ મીસ્ત્રી પ્રાગજી જેરામ
૩ ,, રણછોડ જેરામ
૪ ,, માધવજી જેરામ

મીતી જેઠ વીદ ૧૪ ભોમે સાં ૨૦૦૩

સવાઈલાલ લક્ષ્મીશંકર
એ. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજના હુકમથી.

પોલીસ હે. ઓ. જનરલ રજીષ્ટર
જા. નાં. ૧૩૩૧૭ તા. ૨૮-૬-૪૭
મુજબ સુદિધે પત્ર.

લખવાનું કે પોલીસ હે. ઓ. જનરલ રજીષ્ટર નંબર ૯૨૧૫ તા. ૧૦-૫-૪૭ ઉપરે મે. ફા. ગા.

357

દીવાનજી સાહેબની મંજુરીથી કી રૂદ્રાણી જાગીરમાંથી થયેલ મોટી રકમની ચોરી જે તહોમતદાર નીચે લખ્યા નામવાળા ગુન્હો કરી નાશી ગયેલા આ તહોમતદારોને પકડી રજુ કરવા માટે કચ્છ ગેઝેટમાં જે જેડ વીદ ૨ લગીની કોપીમાં જાહેર ખબર છપાવવામાં આવી છે તે પૈકી તહોમતદાર નં. ૧ વાલો ચગલ શીલુ હમીર જેની ઉ વ. ૩૦) ત્રીસ આશરેની છે. આ હકીકત ગેઝેટમાં છપાવેલ નહોતાં તહોમતદાર મજકુરની ઉમર વરસ ગેઝેટમાં છપાવી મોકલશો.

૧ ચંગલ શીલુ હમીર ઉ. વ. ૩૦ આશરે રે. ચુબડક
૨ બાફણ ઇસા હુસા રે. નાગીઆરી.

અસાડ સુદ ૧૦ શની શાં ૨૦૦૪.

Vrajlal K.
ઈ. પોલીશ કમીશ્નરે કચ્છ.

શ્રી ભુજ નગર સભા

ભુજ શહેરમાંથી ખાતર ઉપાડવા વાસ્તે આપવાનાં પરવાનાના નિયમો.

૧ આ પરવાના જ્યુ. જા. નં. ૧૫૮૧ ફાગણ સુદ ૧ શા. ૨૦૦૦ વાળા હુકમથી મંજુર થએલ છે અને તે શા. ૨૦૦૩ના કારતક સુદ ૩ થી અમલમાં આવે છે.

૨ પરવાના ફીની વારસીક કોરી નિચે પ્રમાણે રાખવામાં આવી છે.

નંબર	વાહન નીચાલ	સંખ્યા	વારસીક કોરી
૧	ઉંઠગાડી કે બળદ ગાડી	નંગ ૧	૬૦
૨	બળદની એકાગાડી કે ગધેડાંગાડી	નંગ ૧	૩૦
૩	છુટકગધેડું	નંગ ૧	૭૫

૩ ઉપર પ્રમાણેની પરવાના ફી દરવર્ષે કારતક સુદ ૨ પહેલાં નગર સભાની ઓફીસમાં ભરી જવાની રહેશે. ચાલતી શાલની ફી પ્રથમ શ્રાવણ સુદ ૨ સુધીમાં ભરી જવી.

૪ ખાતર ઉપાડનાર શખ્સે ખાતર ઉપાડતી વખતે ખાતર આજુબાજુ વેરાવ નહીં અને જ્યાંથી ખાતર ઉપાડે તે ઠેકાણે પણ પુરતી રીતે સફાઇ જળવાય તેમ ખાતર ઉપાડવું.

૫ ખાતર ઉપાડવાની પરવાનગી મલ્યા બાદ નગર સભા તરફથી નંબરવાળી "તકતી" આપવામાં આવશે તે "તકતી" ખાતર ઉપાડતી વખતે વાહનોના દેખાઇ શકે તેવા ભાગ પર રાખવી અને છુટક ગધેડાંથી ખાતર ઉપાડનારે ખાતર ઉપાડતી વખતે તેની તકતી પોતા પાસે રાખવી

જો કોઇપણ વ્યક્તિ પરવાનાની ભર્યા વગર ખાતર ઉપાડશે અગર તેની કોઇપણ શરતનો ભંગ કરશે તો નગર સભાનાં ઠરાવ પ્રમાણે તેના સામે કાયદેસર પગલાં લેવામાં આવશે.

મિતી જેઠ વિદ ૦)) બુધવાર શાં. ૨૦૦૩ તા. ૧૮-૬-૪૭.

Mulshankar K. Ghor
પ્રેસીડેન્ટ
નગર સભા—ભુજ,

શ્રી ભુજ નગરસભા.

જાહેર ખબર.

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે શ્રી ભુજ નગરસભા "દુકાનદારી વેરાધારો" અને "વાહન વેરાધારો" જ્યુ. જા. નાં. ૨૯૩૩ અશાડ શુ. ૯ શાં. ૨૦૦૪ વાળાથી મંજુર થયો છે તે આ નીચે પ્રસીધ્ધ કરવામાં આવ્યો છે અને લાગતવળગતા શખ્સોને તેનો અમલ કરવા બાબી જાણ કરવામાં આવે છે.

શાં. ૨૦૦૪ના અશાડ શુદ ૯ શુક્રવાર તા. ૨૭-૬-૪૭.

Mulshanker K. Gor,
પ્રમુખ.
ભુજ નગરસભા.

શ્રી ભુજ નગરસભા.

દુકાનદારી વેરાધારો.

૧ આ ધારાને ભુજ નગરસભા દુકાનદારી વેરાધારો કહેવો.

૨ આ વેરો જ્યુ. જા. નાં. ૧૫૮૧ ફાગણ શુદ ૧ શાં. ૨૦૦૩ વાળા હુકમથી મંજુર થયો છે અને તે શાં. ૨૦૦૩ના કારતક શુદ ૩થી અમલમાં આવે છે.

૩ આ વેરો ભુજ નગરસભાની હાલની અને હવે પછીથી વખતો વખત ઠરે તે હદમાં દુકાન રાખી પરીશીષ્ટ (અ) માં જણાવેલા ધંધા અગર વ્યાપાર કરતા દુકાનદારોને લાગુ પડેછે.

૪ આ ધારા પુરતા જુદા જુદા શબ્દોની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

(અ) "દુકાન" એ શબ્દમાં દુકાન, વખાર, પેઢી, ઓફીસ, વાડો, ગોડાઉન કે બીજી કોઇપણ જગ્યા કે જમીન કે જ્યાં વ્યાપાર અગર ધંધો થતો હશે તેનો સમાવેશ થાય છે.

અપવાદ-થાલાંવાળા ફેરીઆ તથા ખુલી જમીનપર છુટક વસ્તુઓ રાખી ધંધો કરતા શખ્સોને આ ધારો લાગુ થતો નથી.

(બ) "દુકાનદાર" એટલે જેવી દુકાનો શેઠ, માલીક, અગર તેના વતી વહીવટ ચલાવનાર શખ્સ.

૫ આ વેરો પરીશિષ્ટ (અ)માં જણાવેલ દુકાન દીઠ લેવામાં આવશે

૬ કોઇપણ દુકાનદાર પરીશિષ્ટ (અ)મા જણાવેલા ધંધા અગર વ્યાપાર પૈકી ૧ થી વધારે ધંધો અગર વ્યાપાર એક દુકાનમાં કરતો હશે તો તે પૈકી જે ધંધો અગર વ્યાપાર વધારે વેરાના ઠરવાળો હશે તે દર પ્રમાણે તેની પાસેથી વેરો લેવામાં આવશે.

૭ પરંતુ જો એકજ દુકાનદાર જુદી જુદી દુકાનો રાખી વ્યાપાર અગર ધંધો કરતા હશે તો દરેક દુકાનદાર અને દરેક ધંધા અગર વ્યાપાર માટે જુદો જુદો વેરો વસુલ લેવામાં આવશે.

અપવાદ–પણ જો કોઇ દુકાન ફકત ગોડાઉન કે સ્ટોર કે માલ રાખવા પુરતીજ વપરાશમાં આવતી હોય અને તેમાં સીધી કે આડકતરી રીતે છુટક કે જથાબંધ વ્યાપાર થતો નહી હોય તો તેવી દુકાન આ વેરાને પાત્ર થતી નથી.

૮ આ વેરો દરેક વર્ષના કારતક સુદ ૩ થી માગસર સુદ ૨ સુધીમાં નગરસભાની ઓફીસમાં ભરી જવાનો રહેશે અને ચાલુ વર્ષ માટે પ્રથમ શ્રાવણ શુદ ૨ સુધીમાં ભરી જવાનો રહેશે.

૯ કલમ ૮માં જણાવેલી મુદતની અંદર વેરાની રકમ ભરવામાં નહી આવે તો નીચે પ્રમાણે તે રકમ વસુલ કરવામાં આવશે.

(અ) નગરસભાના પ્રમુખની સહીથી તે રકમ દીવસ ૧૫ પંદરની અંદર ભરી જવા પ્રથમ નોટીશ કરવામાં આવશે.

(બ) આ મુદતની અંદર પણ રકમ ભરવામાં નહી આવે તો વેરાની રકમ ઉપરાંત કસુર બદલ કોરી ૫ પાંચ સહીતની રકમ પંદર દહાડાની અંદર ભરી જવા બીજી નોટીશ કરવામાં આવશે.

(ક) આ મુદતની અંદર પણ ભરવામાં નહી આવે તો વેરાની રકમ કસુર બદલની રકમ તથા તે અંગે વસુલ કરવાની ખર્ચ સહીતની તમામ રકમ નગરસભાના બાઇલોઝની કલમ ૧૦૩ (અ) મુજબ રીતસર જપ્તીથી વસુલ કરવામાં આવશે.

૧૦ કોઇપણ વર્ષના કારતક સુદ ૨ પછી અને વેશાખ સુદ ૨ સુધીમાં કોઇપણ દુકાનદાર નવેસરથી દુકાન કરશે તો આખા વર્ષનો વેરો ભરવો પડશે પણ જો વશાક સુદ ૨ પછી નવેસર દુકાન કરશે તો અર્ધા દરે વેરો લેવામાં આવશે.

૧૧ નગરસભાની ઓફીસમાં "દુકાનદારી વેરા રજીસ્ટર" રાખવામાં આવશે અને તેમાં વેરાને પાત્ર એવી તમામ દુકાનો તથા દુકાનદારોનો નોંધ રાખવામાં આવશે

૧૨ આ વેરાને પાત્ર એવી દુકાન જે દુકાનદાર ચલાવતો હોય તેના ખબર આપવાની જવાબદારી દુકાનદારની મનાશે.

૧૩ (અ) વર્ષ દરમીયાન નવેસર દુકાન ચાલુ કરવામાં આવે ત્યારે તેના ખબર નગર સભાની ઓફીસમાં દીવસ આંઠની અંદર તે દુકાનદારે આપવા જોઇએ.

(બ) તેમજ વર્ષ દરમીયાન દુકાન બંધ કરવામાં આવે અગર બદલાવવામાં આવે કે બીજા કોઇને આપવામાં આવે તો કયારે તેની દુકાન બંધ કરવામાં આવી છે અગર કયારે અને કોને બદલાવવામાં આવી છે અગર આપવામાં આવી છે તેના ખબર દુકાનદારે નગર સભાની ઓફીસમાં કારતક સુદ ૨ સુધીમાં આપવા અને તે પ્રમાણે ખબર આપવામાં નહી આવે તો દુકાનવેરા રજીસ્ટરમાં જેનુ નામ હશે તે દુકાનદાર જ વેરાને માટે જવાબદાર ગણાશે.

(ક) કારતક સુદ ૨ પછી વેરાની રકમની જવાબદારીમાંથી તે મુકત ગણાશે નહી તેમજ વર્ષ દરમીયાન ત્યારે બંધ કરવામાં આવી હોય કે બદલાવવામાં આવી હોય કે બીજા કોઇને આપવામા આવી હોય તોપણ વેરાની કંઈ પણ રકમ ઓછી થશે નહી.

૧૪ વેરો વસુલ કર્યા બદલની પહોંચ નગર સભા તરફથી સેક્રેટરીની સહીવાળી આપવામાં આવશે

૧૫ વેરાને પાત્ર તેવી કોઈપણ દુકાન વેરો ભર્યા વીના કોઇ દુકાનદાર ચલાવતો હસે અગર આ ધારાની કોઇપણ કલમનો ભંગ કરશે તો કસુર દાર કોરી ૨૦ વીસ સુધીના દંડને પાત્ર થસે અને તેવો દંડ નગર સભાના પ્રમુખ પોતાના અધીકારની રૂએ કરી શકશે અને તેવા દંડની રકમ રાસ્ત રીતે નહી આપવામાં આવે તો રીતસર જપ્તીથી વસુલ લેવામાં આવશે.

૧૬ આ ધારામાં કોઇપણ ફેરફાર કે સુધારા વધારા કરવાની તથા પરીશિષ્ટ (અ) માં જણાવેલા ધંધા અગર વ્યાપારની યાદીમાંથી કોઇ ધંધા અગર વ્યાપાર કમી કરવા કે વધારવાની સતા નગરસભાની રહેશે.

મીતી જેઠ વીદ ૦)) બુધવાર સાં ૨૯૦૩.

કુસુમરાય ચચ્ચળલાલ Mulshanker K.Gor,
સેક્રેટરી પ્રેસીડેન્ટ.
ભુજ નગર સભા. ભુજ નગર સભા.

પ્રીલ રામજી
એન્ડ મણીલાલ પ્રે ઇ૦
ચોકલા ફળીઆ ભુજ-કચ્છી૦

શ્રી ભુજ નગર સભા દુકાનદારી ધારાનું

" પરીશિષ્ટ અ. "

નંબર.	ધંધાની જાત.	વાર્ષિક દરની રકમ	રીમાર્ક
૧	વાણીઆવાડનું હારૂનું પીઠું	૬૦૦	
૨	હારૂની દુકાનો	૨૦૦	
૩	લોજીંગ બોર્ડીંગ, બોર્ડીંગ હાઉસ સોડા ફેક્ટરી, વીગેરે	૧૦૦	
૪	ચાની હોટલ	૬૦	
૫	મીઠાઈવાળા દુધ પેડા વિગેરે	૫૦	
૬	ફરસાણ, બીસ્કીટ, ડબલ રોટી વીગેરે	૩૦	
૭	પાન બીડી, સોપારી તમાકુ, દાળીઆ અમરા	૨૫	
૮	રસકસ, અનાજ, ઘી, કરીઆણા, મસાલો સુકી ચા વીગેરે	૩૦	
૯	કાપડ, તૈયાર કપડાં વહેચનાર, કટલરી બોબાંડ સોના ચાંદી, મીનાકારી કચ્છ વર્કસ, દવાવાળા, કાગદી, કપાસ, અને સરાફ વીગેરે	૩૦	
૧૦	લોહાર, રીપેર કામ કરનાર, મણીઆર સરાણી અને વાણીવાલા	૨૦	માત્ર મજુરી કરનારને આ વેરો લાગુ પડશે નહીં.
૧૧	કણસારા, મોચી, ભરત કામ, ટીનવાળા, ફરનીચર કે સુતાર કામની કોઈપણ ચીજ વેચનાર તથા બનાવી વહેચનાર કોલસા વાલા, સુકી ચપ્પુ વીગેરે	૨૫	
૧૨	સાસલેટ, તથા પેટ્રોલ વીગેરે	૧૦૦	
૧૩	લાકડાચારો, તથા લાકડાના વાડા વીગેરે.	૪૦	
૧૪	જુનો સામાન સાઇકલની દુકાનો બંગડી, ભઠીઆરખાના, વીગેરે	૧૫	
૧૫	અફીણ.	૧૦૦	
૧૬	ખોલાત્રી.	૨૫	
૧૭	ફોટોગ્રાફર.	૩૦	
૧૮	ગીરણી	૧૦૦	
૧૯	ગ્રેઇન ડીસ્ટ્રીબ્યુટીંગ કુમ્પની.	૩૦૦	
૨૦	ગ્રામોફોનવીજળી સામાન વીગેરે.	૩૦	
૨૧	ચામડાના વેપારી ઉનવાળા વીગેરે.	૧૦૦	
૨૨	સુતરના વેપારી	૨૫	
૨૩	ઇમારતી લાકડાના વેપારી.	૩૦	
૨૪	સીમેન્ટ જથાબંધ તથા માત્ર સીમેન્ટનો વેપાર પરચુરણ વહેચે તેવા.	૧૦૦	
૨૫	કમીશન એજન્ટ.	૩૦	

જેઠ વીદ ૦)) બુધવાર શાં. ૨૦૦૩ તા. ૨૩-૬-૪૭.

કુસુમરાય ચંચળલાલ,
સેક્રેટરી.
ભુજ નગર સભા.

Mulshanker K. Gor,
પ્રેસીડેન્ટ.
ભુજ નગર સભા.

શ્રી ભુજ નગર સભા.

વાહન વેરા ધારો.

૧. આ ધારાને શ્રી ભુજ નગર સભા વાહન વેરા ધારો કહેવો.

૨. આ વેરો જ્યુ. જા. નાં. ૧૫૮૧ ફાગણ શુદ ૧ શા. ૨૦૦૩ વાળા હુકમથી મંજુર થએલ છે અને તે શા. ૨૦૦૩ ના કારતક શુદ ૬થી અમલમાં

આવે છે.

૩. આ વેરો ભુજ નગરસભાની હાલની અને હવે પછીથી વખતો વખત ઠરે તે હદમાં ઉપયોગમાં લેવામાં આવતાં તથા ધંધા અર્થે વપરાતાં ખાનગી વાહનોને લાગુ પડશે.

૪. આ વેરા માટે ખાનગી વાહનોમા નીચેના વાહનો નો સમાવેશ થાય છે.

અ. દરેક જાતની મોટરો કે જેમા મોટર લોરીનો પણ સમાસ થાય છે.

બ. દરેક જાતની મોટર સાઈકલો.

ક. દરેક જાતના ટાંગા કે જેની અંદર વીક્ટોરીઆ ઘોડાવાળી શીગરામ કે રેકડીનો સમાવેસ થાય છે.

૫. નીચે જણાવેલા વાહનોને આ વેરો લાગુ થઇ શકશે નહિ.

અ. શ્રી કચ્છ સરકારના કોઇપણ વાહનો.

બ. નગરસભાના કોઈપણ વાહનો.

ક. વાહનોના વેપારીઓ પાસે કેવળ વહેચાણ માટે રાખવામાં આવતાં વાહનો કે જેનો અંગત ઉપયોગ કરવામાં ન આવતાં હોય તેવાં.

ખ. નગરસભાને હદ બહારથી આવતાં વાહનો.

૧. પરંતુ જો તેવા વાહનો ધંધા અર્થેજ પયોગમાં લેવામાં આવશે તો તથા વર્ષ દરમ્યાન એક માસથી વધારે વખત અંગત ઉપયોગમાં લેવામા આવશે તે તેવા વાહનોને આ અપવાદ લાગુ પડશે નહિ.

૬. આ વેરો વાહનોના માલીક પાસેથી અગર જેના કબજામાં વાહન હશે તેની પાસેથી વસુલ લેવામાં આવશે.

૭. આ વેરો નીચે પ્રમાણે વસુલ લેવામાં આવશે.

નં. વાહનનીજાત વાર્ષીક વેરાની રકમ કોરીમાં.

૧. મોટરકાર ૧૦૦)

૨. મોટર સાઇકલ ૫૦)

૩. ખાંનગી ટાગા ૫૦)

૪. ધંધા અર્થે વપરાતા ટાંગા- (ભાડુતી) ૬૦)

૮. આ વેરો દરેક વર્ષના કારતક શુદ ૩ થી માગસર સુદ ૨ સુધીમા નગર સભાની ઓફીસમાં ભરી જવ નો રહેશે.

૯. કલમ ૮ આ જણાવી મુદતની અંદર વેરાની રકમ ભરવામાં નહિ આવે તો નીચે પ્રમાણે રકમ વસુલ કરવામા આવશે.

અ. આ મુદતની અંદર પણ રકમ ભરવામાં નહિ આવે તો વેરાની રકમ ઉપરાંત કસુર બદલ કોરી ૫) પાંચ સહીતની રકમ પંદર દહાડાની અંદર ભરી જવા બીજી નોટીશ કરવામા આવશે.

ક. આ મુદતની અંદર પણ ભરવામા નહિ આવે તો વેરાની રકમ કસુર બદલની રકમ તથા તે અંગે વસુલ કરવાના ખર્ચ સહીતની તમામ રકમ નગરસભાના બાય લોઝની કલમ ૧૦૩ (અ) મુંજબ રીતસર જપ્તીથી વસુલ કરવામા આવશે.

૧૦. વર્ષ દરમ્યાન નવીન વાહન જે તારીખથી રાખવામાં આવે તે તારીખથી બાર માસનુંધીનાં હિસાબે વાર્ષીક વેરો લેવામાં આવશે.

૧૧. આ વેરો વાહન દીઠ લેવામા આવશે

૧૨. નગરસભાની ઓફીસમાં "વાહનવેરા રજીષ્ટર" રાખવામાં આવશે અને તેમાં વેરાને પાત્ર એવા વાહનો તથા વેરાને માટે જવાબદાર શખ્શોની વિગતો રાખવામાં આવશે.

૧૩. આ વેરાને પાત્ર કોઈ પણ વાહન જેની પાસે હોય તેના ખબર આપવાની જવાબદારી તે શખ્શની રહેશે.

361

(અ.) વર્ષ દરમ્યાન વાહન નવેસરથી રાખવામાં આવે ત્યારે તેવા ખબર નગરસભાની ઓફીસમા દીવસ આઠની અંદર રાખનારે લેખીત આપવા પડશે.

(વ.) તેમજ વર્ષ દરમ્યાન વાહનની માલીકી કે કબજો બદલાવવામાં આવે તો કોને અને કયારે તેની માલીકી કે કબજો બદલાવવામાં આવેલ છે તેનાં લેખીત ખબર માલીકી કે કબજો બદલાવનારે નગરસભાની ઓફીસમાં દિવસ આઠની અંદર આપવા પડશે. અને તે પ્રમાણે થતાં સુધી મુળ શખ્સ વેરો ભરવાને જવાબદાર ગણાશે આવી રીતે જે પરવાનો બીજાના નામ પર ટ્રાન્સફર કરવામાં આવશે તેની ટ્રાન્સફર ફી દરેક વાહન દીઠ કોરી ૧૦)દશ લેવામા આવશે.

૧૪. પોતા પાશે વાહન નથી અગર વાહનનો ઉપયોગ કરવાનો નથી એવા લખીત ખબર નગરસભાની ઓફીસમા આપવાં નહિ આવે તો નગરસભાની વાહન વેરા રજીષ્ટરમાં જેનુ નામ હશે તેને તે વર્ષનો વેરો પણ આપવો પડશે.

૧૫. કારતક શુદ ૨ પછી વાહન વેરાની રકમમાંથી તે મુકત ગણાશે નહિ વર્ષ દરમ્યાન વાહનનો ઉપયોગ બંધ કરવામાં આવશે તો વેરાની કંઈ રકમ ઓછી થશે નહિ.

૧૬. વેરો વસુલ કર્યા બદલની પહોંચ નગરસભા તરફથી સેક્રેટરીની સહીવાળી આપવામાં આવશે.

૧૭. આ વાહન વેરાને પાત્ર થતુ કોઇ પણ વાહન જો વાહનવેરો ભરાયા વગર વપરાતુ હશે અગર આ ધારાની કાઈ પણ કલમનો ભંગ કરવામાં આવશે તો કશુરદારને કોરી ૨૦) વીશ શુધી ના દંડને પાત્ર થશે અને તેવો દંડ નગરસભાના પ્રમુખ પોતાના અધિકારની રૂએ કરી શકશે. અને તેવા દંડની રકમ રાસ્ત રીતે નહિ આપે તો રીતસર જપ્તીથી વસુલ કરવામા આવશે.

૧૮. આ ધારામાં સુધારા વધારા કે ફેરફાર કરવાની સતા નગરસભાનો છે.

મિતી જેઠ (વિદ૦)) બુધવાર શા. ૨૦૦૩
તા. ૧૮–૬–૪૭

Mulsanker K. Gor,
પ્રેસીડેન્ટ નગરસભા – ભુજ.

કુસુમરાય ચંચળલાલ,
સેક્રેટરી નગરસભા ભુજ.

શ્રી જખૌ નગર સભા તરફથી

(૧) આથી જાહેર જનતાને વિદીત કરવામાં આવે છે કે નગર સભાનાં વિભાગ ૫ માંનાં સભ્યની ખાલી પડેલી જગ્યા માટે ચુંટણી જાહેર થતાં તેનાં પરિણામે શ્રી રામદાસ વલભદાસ શાહને બીન હરિફ ચુટાયલા જાહેર કરવામાં આવે છે.

(૨) શા. ૨૦૦૪નાં નગર સભાનાં ઉપપ્રમુખ તરીકની ચુંટણીનું કામ હાથ ધરતા શા કુરપાળ સામજી જીવાણીને ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે ચુંટાયલા જાહેર કરવામાં આવ્યા છે.

ઉપરનાં બંન્ને ઠરાવો શ્રી જખૌ નગર સભાની તા. ૨૧–૬–૪૭ની બેઠકે ચર્ચામાં લે મંજુર રાખ્યા છે.

આશાઢ શુદ ૩ શનિવાર શાં. ૨૦૦૩
તા. ૨૧–૬–૪૭.

મેઘજી ગુરૂદીનાં.
જખૌ નગરસભાનાં પ્રમુખ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.
શ્રી ભુજ કોટથી
નોટીશ

દી. તા. કે નં સંવત ૨૦૦૩

ખોજા કશમાલ રહીમ કેરા વાદી
માંડે સુરજી હંસરાજ ગુજરી જતાં તેના વારસ તેના
પુત્ર માંડે ક્રાંન્તીલાલ મુળજી વગેરે મુંબઇ પ્રતિવાદી
બજાવણી દાવો કોરી ડુબ્લારામળવા.

નીચે લખ્યા રહેવાશી મુંબઇ ને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સંવત ૧૯૯૦ના ચૈત્ર વીદ ૨ શનીના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીને પ્રતિવાદી કોરી ૧૧૯૮।।ન પૈકી કોરી ૬૫૦)ને શાં. ૧૯૯૦ના આસુ સુદ ૧૨ થી વસુલ થતાં સુધી ટકા ૧ લેખે ચડતે વ્યાજે આપે તથા મુકદમાં ખર્ચ આપે તે ન આપે તો વાદી પ્રતિવાદીની હરેક મીલ્કતથી વસુલ કરે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીસ પોચેથી રોજ ૧૫ માં હુકમ નામાં પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

સંવત ૨૦૦૩ના જેઠ વદ ૩ વાર શુક્રે
મુ. ભુજ

માંડે ક્રાંન્તીલાલ મુળજી
માંડે શાન્તીલાલ મુળજી

બળવંતરાય કેશવલાલ
મે. ભુજ ન્યાયાધીશ સાહેબના હુકમથી

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.
શ્રી ભુજ કોર્ટથી.
નોટીશ
દી. તા. કે. નં. સંવત ૨૦૦૩

જાની કાનજી કાલીદાસ ભુજ વાદી
મેતા મણીલાલ દેવજી મુંબઇ પ્રતિવાદી
બજાવણી દાવોકોરી પળા મળવા તથા સાટા કરારનો અમલ થવા

મેતા મણીલાલ દેવજી રહેવાશી મુંબઇ-ને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સંવત ૨૦૦૧ના વૈશાખ સુદ ૧ સોમેના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે પ્રતિવાદી શાં ૧૯૯૫ના ચૈત્ર વીદ ૧૧ની બીતીના સાટા લખત પ્રમાણે દસ્તાવેજ લખી આપે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી રોજ ૪૫માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

સંવત ૨૦૦૩ના જેઠ વીદ ૧૩ ભોમે મુ. ભુજ
બળવંતરાય કેશવલાલ,
મે. ભુજ ન્યાયાધીશ. હુ. થી.

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.
શ્રી ભુજ અદાલત નાં. ૧૬૯.
દાવાનો નંબર ૨૧૩ સંવત ૨૦૦૩
કણબી વાલજી લાલજી વી. રે. કેરા વાદી
કણબી વેલજી લાલજી વી. રે. કેરા પ્રતિવાદી
દાવો-કાયમી મનાઇ હુકમ મળવા બાબત.

કેરા તે હાલે આફ્રીકામાં મુબાશાના રહેનાર કણબી રામજી લાલજીને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કાયમી મનાઇ હુકમ મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ ના અશાડ વીદ ૮ શુક્રેને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરવવામાં આવશે. અને વા જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અગર તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ અશાડ સુદ ૧ ને ગુરૂવાર શાં. ૨૦૦૪
પુંડરીકરાય બહાદેવ પાઠક,
મે. ભુજ ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓ ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે
શ્રી અંજાર અદાલત નાં. ૧૩૫-૧૩૬
ખા. દી. તામીલ કામ નાં ૬૩ શાં. ૨૦૦૩
પટેલ જીવરામ માંડણ રે. અંજાર વાદી
ઠા. મંગલજી કરસન ભાણજી વિ. મુંબઇ પ્રતિવાદી
હુકમનામાંની તામીલ થવા બાબત.

મુંબઈ મધ્યે ઠા મંગલજી કરસન ભાણજી તથા ઠા માધવજી ભાણજીના વારસ પુત્ર પ્રતાપ માધવજી સગીરની વાલીમા મટુબાઇને માલમ થાય જે આ અંજાર એ શાં ૨૦૦૩ના મહા સુદ ૫ના રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૧૪૫૦।।ાર મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૩૦માં વાદીની તામીલ બજવણી કરવી

નહીંતો કાયદેશર થશે.

મિતી જેઠ વદ ૧૧ શોમે શાં ૨૦૦૩

જીવરામ જાદવજી

મે. અંજાર ન્યાયાધીશ સાહેબના હુકમથી.

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

તામીલના નોટીશ. ૯૯૨

ખા. દી. તામીલની દરખાસ્ત નંબર ૩૩ સંવત ૨૦૦૩

શ્રી મુદરા અદાલત તરફથી.

શડાઉ તે હાલે કરાંચી સ્થાને વેદાત વેલજી મેગજી ને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર શા ભોજરાજ જેઠા રહેનાર શડાઉના એ બાબત લખતનો અમલ કરાવવા બાબત દાવો નં. ૭૩ સવા૧ ૨૦૦૨ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૨૦૦૩ના માગશર વીદ ૧૦ સુધેતે રોજ અદાલત મુદરા તરફથી થયેલ છે તેમાં ઠર્યું છે કે વાદીએ પ્રા.ન કોરી ૩૦૦૦ આપવી અને પ્રા. એ દાવા વાલી જગ્યાનો પોતાનો અડધા ભાગનો દસ્તાવેજ લખાવી આપી રજીષ્ટર કરાવી આપવો અને કબજો સોંપીઆપવો વાદીનું ખર્ચ પ્રા. ને શીટ તે હુકમનામાપમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૪૫માં હુકમનામા પ્રમાણે તામીલ કબજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતિ જેઠ વીદ ૧૧ શની શાં ૨૦૦૩.

Vrajalal Harilal,

મુન્દ્રા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી મુન્દ્રા દીવાની અદાલત. નાં ૯૯૩

ખા. દી. દાવાનો નંબર ૮૦ સંવત ૨૦૦૩

શા નાગશી દેવુની વિધવા વેજબાઇ રે. મોખા વાદી

પાયણા પ્રાગ દેવુ. રે. મોખા હાલે પરદેશ પ્રતિવાદી

ડેલાનો કબજો મલવાનો દાવો

ગામ મોખાનાં તે હાલે પરદેશ તરફ રહેનાર પાયણા પ્રાગ દેવુને માલમ થાય જે વાદીએ આ કોર્ટમાં તમારા ઉપર ચડતાં ભાડે ડેલાનો કબજો મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૪નાં અશાડ વીદ ૧૧ શોમવાર ને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ જેઠ વીદ ૧૧ વાર શની સંવત ૨૦૦૩.

Vrajalal Harilal,

મુન્દ્રા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી મુન્દ્રા દીવાની અદાલત. નાં. ૯૯૪

ખા. દી. દાવાનો નંબર ૯૫ સંવત ૨૦૦૨

શા મોરારજી ડાહ્યા રે દેશલપર વાદી

શા દેવશી પદમશીની કુપનીનાં ભાગીદારો } પ્રતિ
શા મોણશી દેવશી વાગેરે રે. ગુંદાલા } વાદી

કોરી ૩૯૧૧॥૪ મલવાનો દાવો

મોરારા તે હાલે મુંબઇના રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે વાદીએ આ કોર્ટમાં તમારા ઉપર કોરી ૩૯૧૧॥૪ મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪નાં અશાડ વીદ ૧૧ શોમવારને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ શા મોરારજી વીજપાર

૨ શા પ્રેમજી વીજપાર

૩ શા ગાંગજી વીજપાર

મિતિ જેઠ વીદ ૧૧ વાર શોમે સંવત ૨૦૦૩

Vrajalal Harilal,

મુંન્દ્રા ન્યાયાધીશ.

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી

સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

તામીલની નોટીશ. નાં. ૩૦૬૨.

ગ્યાદી તામીલની દરખાસ્ત નંબર ૧૨૮ સંવત

રાપર અદાલત તરફથી.

સીંધ હેદરાંબાદ સ્થાને કાલર હીરા કાયાની

ઘરવાલી રાજીબાઇને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર મેઘાડીઆ ગોરધન સુંદરજી એ કાનમેરના રહેનાર પ્રતીવાદી ઉપરના લેણા બાબત કોરી ૮૫૦નો દાવો નં. ૧૬૮ સંવત ૨૦૦૧ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૨૦૦૨ના મહા સુદ ૧૪ સુકરવારને રોજ અદાલત રાપર તરફથી થએલ છે તેમાં હયું છે કે વાદીને પ્રતિવાદી કોરી ૭૫૦નેને ખર્ચ આપે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીસ પહોચેથી રોજ ૧૫માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતિ ફાગણ વીદ ૧૪ શુકર શાં ૨૦૦૩

લક્ષ્મીદાશ ગોપાલજી ઠક્કર.
મે. રાપર ન્યાયાધીશ. હુ શી.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ.

તામીલ નોટીશ. ૩૦૧૩

ઝાદી તામીલની દરખાસ્ત નંબર ૧૨૮ શાં ૨૦૦૩
શ્રી રાપર અદાલત તરફથી

સીંધ હેદરાબાદ સ્થાને કાલર દુદા કારાને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર મેઘાડીઆ ગોરધન સુંદરજીએ કાનમેરના રહેનાર પ્રતીવાદી ઉપરના નાલેણા બાબત કોરી ૮૫૦નો દાવો નં. ૧૬૮ સંવત ૨૦૦૧ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૨૦૦૨ના મહા સુદ ૧૪ શુકરવારને રોજ અદાલત રાપર તરફથી થએલ છે તેમાં હયું છે કે વાદીને પ્રતીવાદી કોરી ૭૫૦ને ખર્ચ આપે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોચેથી રોજ ૧૫માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતિ ફાગણ વીદ ૧૪ શુકર શાં ૨૦૦૩

લક્ષ્મીદાશ ગોપાલજી ઠક્કર
મે. રાપર ન્યાયાધીશ શા. હુ. વી.

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી. ઇ

શ્રી રાપર દીવાની કોર્ટમાં નાં. ૪૫૪૧
દી. તા. કામ નાં. ૨૮૦ શાં. ૨૦૦૩

કુબડીઆ હરખચંદ સીવચંદ સલરી વાલા કોલી સાદુરા ગાલા વી સીંધ પ્રતીવાદી

દાવો—કોરી ૧૦૧ મલવા

સીંધ મધે નીચે લખ્યા સ્થાને માલમ થાય જે આ વાદીએ તમારા પર શાં ૧૯૯૩ના ફાગણ સુદ ૫ વાલા હરાવ પ્રમાણે કોરી ૧૦૧) ની તામીલ થવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ ની અંદર તામીલ વાદીના લેણાની કોરી પોચ રજુ કરજો નહીંતર મુદત વીતે કાયદેશર થશે.

૧ કોલી સાદુરા માલા
૨ કોલી ભલા માલા
૩ કોલી હડુ માલા

મીતી જેઠ વીદ ૧૦ શનીવાર શાં. ૨૦૦૩

Thakarshi P.
જે. રાપર ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઈ બહાદુર જી. બી, ઇ.
શ્રી રાપર દી કોર્ટ નાં. ૫૦૨૧

મોબીયા સેજપાર જીવરાજ રાપર વાદી
બાંભણીયા ધરમશી મેઘા વી. સીંધ પ્રતિવાદી

દાવો—ભેણીનો કબજો મળવા

રાપરના તે હાલ સીંધ મધ્યે બાંભણીયા ધરમશી મેઘાને માલુમ થાય જે આ વાદીયે તમારા વાગેરે ઉપર ભેણીનો કબજો મળવા બાબતનો દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમા આ શમન શ્રી કચ્છ રાજ્ય પત્રની અંદર છપાયાથી માસ ૧ ની અંદર હાજર થજો મુદત વાતે કાયદેશર થશે.

મીતી અશાડ સુદ ૫ શોમવાર શાં. ૨૦૦૪

નારાણજી પ્રાગજી ઠક્કર,
મે. જે રાપરન્યાયાધીશ શા. ના હ. થી.

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી અબડાસા અદાલત.
દાવાનો નંબર ૬૧ સંવત ૨૦૦૩.

બનેજાન બેગારજી જીવાંજી હાલ નલીયા વાદી
ડા. વેલજી શીવજી વી. કોડારા હાલ મુંબે પ્રતિવાદી

દાવો—વિટાંતર છોડાવવા.

મુંબઇના રહેનાર નીચે લખ્યા શક્ષોને માલમ થાય જે વાદીએ તમારા ઉપર ખેત્રબોધી કોરી ૨૦૦) માં વીટાંતર છોડાવવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૪ના અસાડ વાદ ૭ ગુરવારને રોજ સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ. તમારી હકીકત સમજવા સારૂ તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો

અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર હિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

૧ ઠા. વેલજી શીવજી

૨ ઠા. મયરાદાસ શીવજી

મિતિ જેઠ વીદ ૧૦ વાર શની શાં. ૨૦૩

નવલશંકર પ્રાણજીવન,

અબડાસો ન્યાયધીશ સાના હુ. થી.

મહારાજા વેરાજ નિરજા મહાનાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી.ઇ.

શ્રી નખત્રાણાં અદાલત સાં ૨૪૭

ખા. દી. દાવાનો નંબર ૩૮ સવંત ૨૦૦૩

ઠા. અરજણ શુંદરજી ટોળીઆ. વાદી

ઉઢેજા હસણ શાજુ વિ. ટોળીઆ. પ્રતિવાદી

દાવો લેણા બાબત

ટોળીઆ. રહેનાર નીચ લખ્યા સખશોના ને માલમ થાય જે વાદીએ

તમારા ઉપર લેણાં બાબત.

બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવ માં આવે છે કે સવત ૨૦૦૪ અશાડ વીદ ૮ ગુરવાર ને રોજ સવારના વાગતા ઉપર કરેલા વાદી ના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમા તમારે જાતે અથવા, અદાલતને જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવા ના સવળા જરૂરીમાત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપર થી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ જેઠ વીદ ૪ વારશની સવત ૨૦૦૩

ઉઢેજા હસણ શાજુ રે ટોળીઆ
ઉઢેજા આમદ શાજુ રે કરાચી
ઉઢેજા ઓસમાણ શાજુ રે કરાચી

જયતીલાલમયાશંકર એ. નખત્રાણાન્યાયાધીશ સા.ના.હુ. થી

જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે શા. મનજીના મેનેજરના રીપોર્ટના ૩૭૭ જેઠ વદ ૧૪ ભોમે શાં ૨૦૦૩ વાલા સાથે ગેવાળ ઊંટ (ટોડલો) જીવ એક આવેલ છે જે વાંકો શામો ધડે વર્ણો ઉમર વરસ ૨ા આશરેનો ડાબી બાજુના કાન પાસે છાલીના ડાંભ છે કીમત રૂપીયા ૩૦૦) રૂપીયા આશરેનો આ ઊંટ જેનો હોય તેણે આ જાહેર ખબર પ્રસીદ્ધ થવાની તારીખથી એક માસની અંદર અહી હાજર થઇ ખાત્રી પુરાવો આપી થયેલ ખર્ચ વગેરે મૂકાવી લઇ જવો તેમાં જો ખામી આવશે તો મુદત બાદ સદરહુ ઊંટ શા કચ્છ સરકાર દાખલ કરવામાં આવશે.

અશાડ સુદ ૧ ગુરવાર સાં ૨૦૦૩

રેવાશંકર વિશ્રામ,

ભચાઉ વહીવટદાર.

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે જાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

અમારી અસીલણ હાલાપરના શા. લાલજી ખેતશીની વિધવા દેવાંબાઈ તરફથી મળેલ સુચના મુજબ આ નોટીસથી સર્વને જાણ કરવામાં આવે છે કે અમારા તરફથી આ પત્રનો શા. ૨૦૦૩ મહા વિદ ૨ શુકરવારની મીતીના અંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેર ખબર બાબત મારા અસીલની દેરાણી શા. મુળજી ખેતશીની વિધવા સાકરબાઈએ આ પત્રના શા. ૨૦૦૩ના વૈશાખ વદ ૨ બુધવારના અંકમાં પુષ્ટ ૨૮૯ પર જે જાહેર ખબર છપાવી છે. તેમાં જણાવેલ બધી હકીકત સત્યથી વેઘળી અને જનતાને ભુલાવો આપનારી છે. દાખલા તરીકે મારી અસીલણની ગ્વાલીઅર સ્ટેટ સર્વેની એસ્ટેટ બાબત મારી અસીલણે મરહુમ મુળજી ખેતશીને પાવર આપેલ તેનો ઈન્કાર કરવામાં આવે છે પણ તે ખોટું છે. સદરહુ પાવર તા. ૧૫-૬-૩૬નો તે વખતના માંડવી મેજીસ્ટ્રેટ સાહેબ રા પ્રભુરામ જેઠાભાઇ શાહની રૂબરૂ થયેલો હતો જેનો દાખલો મારી અસીલણ પાસે છે અને તે પાવર મારી અસીલણે પ્રથમ જણાવ્યા મુજબ રદ કરેલ છે.

તેજ રીતે મારી અસીલણ માત્ર નીચનોક જનારી વિધવા હોવા બાબત અને વારસા હક પોતાની પુત્રીને પહોંચવા બાબત તેમજ મારી

અસીલણે રૂપીઆની નોટ રાખી મુકવા બાબત તથા બીજા જે મજકુરો લખ્યા છે. તે સઘળા ખોટા છે અને મજકુર મુળજી ખેતશી ગુજરી જતાં તેની વિધવા એ મીલ્કત પચાવી પાડવા અને ખોટી રીતે હકદાર બની જવા બા ખેટી મને ભુલાવો આપનારી કીકતો વાળી જાહેર ખબર છપાવી છે બાકી હકીકત અમે છપાવેલ તા ૨૨ ૧-૪૭ ન મીતીવાળી ઉપરોકત જાહેર ખબર મુજબ છે જેની જનતાને ફરી જાણ કરવામાં આવે છે.

જેઠ સુદ ૧૫ ભોમે શાં ૨૦૩ તા ૩-૬-૪૭

શા. લાલજી ખેતશી વિધવા ની દેવાંબાઇ ની શઇ દાઃ પોતાના

અમારા મારફત,
સુબોધચંદ્ર અમૃતલાલ
એડવોકેટ

નવા પરા
કચ્છ માંડવી

ખાનગી જાહેર ખબર

ભીંસરાના અમારા અસીલ શા. ધેરાજ દેવજીને મળેલ સુચનાથી સાંભળી જાત ને જાણ કરવામાં આવે છે કે ભીંસરાના તે હાલે કોડાય રહેતા શા. લધા ઉમરશીએ અમારા મજકુર અસીલને દ-તક દીધેલ છે અને તેનુ લખાણ મુંબઇમાં રજીસ્ટર થયેલ છે મજકુર લધા ઉમરસી હાલે મિલ્કત વેચસાટ કરવા હીલચાલ કરતો હોવાનું અમારા અસીલની જાણમાં આવેલ છે પરંતુ તેમ કરવા તેને કશા હકકે અધીકાર નથી માટે મજકુર શા લધા ઉમરસી પાસેથી કોઇએ મિલ્કત વેંચાણ કે ગીરો લેવી નહીં તેમ છતાં જો કોઈ શખ્સ મિલકત વેંચાણ લેશે કે નાણું ધીરસે તો તે પોતાના હીસાબે અને જોખમે કરશે અને અમારા અસીલના હકને કશું બંધન થશે નહીં.

શાં. ૨૦૦૩ ના જેઠ વીદ ૧૩ ને ભોમે

પ્રેમજી ભવાનજી વકીલ
કચ્છ માંડવી

આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

367

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 75] SATURDAY 19th JULY 1947 [No. 3]

[પુ. ૭૫] પ્ર. શ્રાવણ સુદિ ૨ શનીવાર સંવત ૨૦૦૪ તા. ૧૯મી જુલાઈ સને ૧૯૪૭ [અંક ૩]

સુચના.

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨૪।૩ અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૯॥ લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૪ ના કારતક સુદ ૩ થી સા. ૨૦૦૫ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧॥

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

હુ. ઓ. ના ૧૭૧. ઠરાવ

ભુજ, માંડવી, મુંદરા, અંજાર અને નવાબંદર શહેરોમાં શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૫ સુધી પર્યુસણની મુદત ગણી તે મુદત દરમ્યાન કોઇએ પ્રાણી જીવહંસા કરવી કે કરાવવી નહિ એટલે ખાટકી, કસાઇ વગેરે લોકો જાનવરોનો વધ કરી શકે નહિ ને લોકો લોકો અચ્છી પકડી શકશે નહિ તેમ વેંચી શકશે નહિ એમ ઠરાવ નાં ૨૬૦ તા. ૧૩-૮-૪૩ તથા ઠરાવ ના ૬૭૮ તા. ૧૪-૮-૪૩ વાળાથી હુકમો કરવામાં આવેલ છે.

સદરહુ હુકમો સંપૂર્ણ વિચારણા પછી અને આ રાજ્યમાં ચાલતા આવેલા પુરાતની રીવાજો મુજબ કરવામાં આવ્યા છે, પરંતુ ચાલતી સાલે પર્યુસણ દરમ્યાન રમજાન ઇદ બીજા શ્રાવણ સુદ ૨ જી તા. ૧૭-૮-૪૭ ના રોજ આવતા તેને બીજે દિવસે આવશે મુસ્લીમ કોમ પણ પોતાનો તહવાર પોતાના ધર્મ મુજબ બરાબર ઉજવી શકે તેવા ઇરાદાથી જે દીવસે ઇદ નક્કી થાય તે દીવસે ખાસ કેસ તરીકે પર્યુસણ પાળવાનો પ્રતિબંધ દુર કરવામાં આવે છે

મિતી

તા. ૩૦-૬-૪૭

ત્રિભોવનદાસ જે. રાજા
દિવાન કચ્છ

O R D E R.

No 173 of 1947

Consequent upon the resignation of Mr. Avinash Y. Mehta, M. A, L L. B, Under Secretary, Dewan's Office, His Highness has been pleased to sanction the following arrangements :—

(1) Mr. Kantilal V. Bhatt, B. A., to be Secretary, Dewan's Office on a salary of Rs. 325/- in the grade of Rs 325-25-400

(2) Mr. K. A. G. Krishna, Personal Secretary to the Dewan, to work in addition as Head of the English Branch of the Dewan's Office and to draw Rs. 250/- per mensem in the grade of Rs. 250-25-350. Mr. Krishna will enjoy the status of a 'Ra Ra officer'

(3) The post of Under Secretary, Dewan's Office, is brought under retrenchment.

2. These orders will take effect from Ashad Sudi 3rd, Samvat 2004

Dewan's Office,
Bhuj, 1st July, 1947

Tribhovandas J. Raja,
DEWAN, KUTCH.

સી. જા. નાં. ૨૧૦૮ ઠરાવ

ડી. શી. એસ. નાં ૧૭૫૪ તા. ૧૪-૫-૪૭ વાળાં નોટીફીકેશનના અનુસંધાનમાં આથી ઠરાવવામાં આવે છે કે સુપીરીઅર તથા ઇન્ફીરીયર કેરોસીનના ભાવોમાં આઠ ગેલનના યુનીટે પાંચ આનાનો તા. ૧-૭-૪૭થી વધારો કરેલ હોવાનું 'ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીઆ' તરફથી જણાવવામાં આવેલ છે તે નજરે કચ્છમાં વેચાણ થતું કેરોસીન સુપીરીયર છે કે ઇન્ફીરીયર છે તે નક્કી થતાં સુધી ધોળા પ્લેટના તથા કાળા પ્લેટના ડબાની કિંમત ટીન સહીત ઠરાવ નાં. ૧૭૫૪ વાળામાં જે નક્કી કરવામાં આવેલ છે તે ઉપરાંત તા. ૧-૭-૪૭ થી દર ટીને અઢી આના ડીપોઝીટ તરીકે બીજો હુકમ થતાં સુધી લેવાની કેરોસીન એજન્ટોને પરવાનગી આપવામાં આવે છે.

ડી. સી. એસ. ઓફીસ,
ભુજ, તા. ૪-૭-૪૭

J. J. Ashar,
ફોર દિવાન કચ્છ

હુ૦ ઓ૦ નાં ૧૮૧ ૬૧૧

શ્રી હજુર ઓર્ડર નાં. ૧૮ તા: ૨૨-૧-૪૭વાળા હુકમના અનુસંધાનમાં ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબ હજુરથી નીચે પ્રમાણે ફરમાન થયું છે:-

શ્રી કચ્છ સરકાર તરફથી ભુજમાં ચલાવવામાં આવતી પ્રાથમિક શાળાઓમાં હરિજન વિદ્યાર્થિઓને અન્ય સવર્ણોની રીતે કશા ભેદભાવ વિના દાખલ કરવામાં આવશે.

તા: ૯-૭-૪૭ J. J. Ashar,

નાયબ દિવાન.

Order

H. O. No. 181 of 1947.

His Highness has been pleased to approve the following arrangement:-

Mr. Harilal C. Jethi, B. A., LL. B., at present Anjar Nyayadhish to be deputed for training in Jail Administration of Sabarmati and Dharwar Jails for a period of 6 months. During the period of his deputation, he will continue to draw his present salary of Krs. 410./. The actual expenses of his training will be paid by the Government of Kutch over and above the salary. On completion of the training Mr. Jethi will be placed in charge of the Bhuj Central Jail on a monthly salary of Krs. 600/- in the grade of Krs 600-50/2-800.

Dewan's Office, J. J. Asbar

Bhuj, 11th July, 1947. Naib Dewan, Kutch,

પો. અ. જા. નં. ૨૫૭ જાહેર ખબર

કચ્છ અને કાઠીયાવાડના પાસપોર્ટ ઓફીસર તરફથી નં કે. કે ૧-૮ તા. ૯-૬-૪૭ વાળો એકસ્પ્રેસ લેટર આવેલ છે તેની સાથે રેસ્ટીસ બોમ્બે તરફથી નં ૨૨૨૮ /૪૭ તા. ૫-૬-૪૭ ની નકલ અત્રે આવેલ છે તે લાગતા વળગતાની જાણ માટે આ નીચે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

Copy of a telegram No. P. C. 2228/ 47 dated the 5th June 1947 from Restis Bombay.

P. C. 2228/47 Telegram from Immigration Kampala May 14th Begins no objectione ntry Uganda Bhanumati W/o Kantilal Nanjibhai Madhavani ends applying you for Passport facilities.

તા. ૨૪-૬-૪૭ K. V. Bhatt,

ડેપ્યુટી સેક્રેટરી

નાં. ૫૨૩૧ જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે સુખપરના કણબી શીવાણી મુળજી ખીમજીની વિધવા અમરબાઇ શીવજીએ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે મારા પતીએ જે દિવસે વીલ કર્યું તેજ દિવસે બપોરે તેઓ લાંબા વખતથી ભોગવતા હતા તે ક્ષયની બીમારીમાં સુખપર મધ્યે ગુજરી ગયા છે તેમણે શા ૨૦૦૩ના જેઠ સુદ ૧ની મીતીનુ બીલ કરેલ છે તેમાં મને મારા પતીએ એક્ઝીક્યુટર નીમી છે માટે વીલમાં જણાવ્યા પ્રમાણે ઇસ્ટ આફ્રીકામાં કેનીઆ કોલોની મધ્યે ગામ નીકુરૂ મધ્યેના પ્લોટ નાં. ૧૩ વાળા મકાનનો વહીવટ કરવા માટે તે વીલમાં લખ્યા પ્રમાણેની વ્યવસ્થા કરવા માટે મને વીલનું પ્રોબેટ અપાવશો

આ સબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે શા ૨૦૦૪ના માસ અધીક શ્રાવણ સુદ ૧૫

શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇ ના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવે તો તે મુદત વીતે અરજદારણે માંગેલ વીલનું પ્રોબેટ તેને આપવા વીશે ગતીન થતાં પાછળથી કોઇ ની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી

મુ. શ્રી ભુજનગર ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ કોર્ટ

અશાડ સુદ ૬ મંગળવાર શા ૨૦૦૪

સવાઇલાલ લક્ષ્મીશંકર

એ ડીસ્ટ્રીક્ટ એન્ડ શેશન્સ જજના આ હુકમથી

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૫મી જુન સને ૧૯૪૭ સંવત ૨૦૦૩ ના માસ જેઠ વદ ૨ ગુરૂવાર ને રોજે સ્થા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુન્દ્રા.	અંજાર	ભચાઉ.	રાપર.	અબડાસા જખઉ.	લખપત.	પડીર (અદડા.)	ખાવડા.	નખત્રાણા	રીમાર્ક
૧	ચડ કાઠા.....	...	૭૬૮	...	...	...	...	૮૩૨	...	...	...	૮૩૨	
૨	ઘઉં વાજીઆ.....	૬૭૨	૬૪૦	૬૪૦	૬૦૮	૬૦૦	૫૫૦	...	...	૬૪૦	૬૪૦	૬૪૦	
૩	બાજરી.....	૪૫૦	૪૧૬	૪૪૮	૪૬૪	૪૧૬	૩૦૪	૩૪૪	...	૩૦૦	૪૪૦	૩૬૮	
૪	મઠગ.....	૪૪૮	૪૪૮	...	૪૦૦	૩૬૦	૩૦૦	૪૮૮	...	૨૯૦	૩૨૦	૪૦૮	
૫	મ (રારડ).....	૩૨૪	૩૨૦	૩૬૮	૩૦૦	૨૭૨	૨૦૮	૨૮૮	...	...	૨૦૦	૨૯૦	
૬	ચણા.....	૪૩૨	૩૨૦	૩૮૪	૪૧૬	૩૫૬	૨૮૮	૨૫૬	...	...	૩૨૦	૩૩૬	
૭	એરંડા (સદાફળા).....	૪૧૮	૪૩૨	...	૪૦૮	...	૩૫૦	૩૬૮	...	...	૩૩૬	૩૬૮	
૮	ગોવાર.....	૩૪૪	૩૮૪	૩૮૪	૩૦૪	૩૦૦	૨૫૬	૩૦૦	...	૨૫૬	૩૨૦	૩૨૦	
૯	તલ.....	૭૨૦	૬૪૦	૬૭૨	૬૧૨	...	૬૪૦	૫૬૦	...	...	૫૧૬	૬૪૦	
૧૦	ચોખા ઉંચા.....	...	...	...	...	...	...	...	...	...	...	૧૨૮૦	
૧૧	ચોખા હલકા.....	...	૧૩૧૨	...	...	...	...	...	...	...	...	૯૬૦	
૧૨	કાલાં ભાર.....	...	...	...	૨૫૦	...	૨૦૦	...	...	...	...	...	
૧૩	ઘી.....	૧૬૩	૧૫૦	૧૩૬	૧૫૦	૧૬૦	૧૬૦	૧૬૦	...	૧૨૦	૧૫૦	૬૪	
૧૪	તેલ.....	૬૬	૬૦	૬૫	૬૭	૬૬	૭૨	૭૦	...	...	૬૩	૬૮	
૧૫	ખાંડ.....	...	...	૩૧	...	...	૩૪	...	...	...	...	...	
૧૬	ગોળ.....	...	૩૪	૨૮	...	...	૩૬	..	..	...	...	...	
૧૭	કડબ.....	૩।	૪	...	૩॥	...	...	...	...	...	૩	...	
૧૮	કુટી.....	...	૨॥	...	...	...	...	...	...	...	...	૩	
૧૯	ઘાસ.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાસીઆ.....	...	૧૩॥	...	૧૩॥	...	૧૨	૧૨।	...	...	૧૫	૧૪	
૨૧	રૂપીઆ ૧૦૦ની હુંડી.	૩૦૧	૩૦૦॥	૨૮૫	૩૦૨	૩૦૨	૩૦૦	૩૦૧		૩૦૦	૩૦૨	૨૯૬	
૨૨	રૂપીઆ ૧૦૦ રોકડા.	૩૦૧	૩૦૦॥	૨૮૫	૩૦૨	૩૦૨	૩૦૦	૩૦૧		૩૦૧	૩૦૨	૨૯૬	

નોટ—નંબર થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩ થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

રૂપીઆની કોરી ૨ મણ ૧ના પાઉન્ડ ૨૮ કળસી ૧ માં પાઉંડ ૮૯૬

કળશા ૧ માં માપ ૬૪ મણ ૧ના શેર ૪૮ ભાર ૧ માં મણ ૨૦

કપાસીઆ તોલઆ મણ ૧ના શેર ૫૪.

અશાડ સુદ ૫ સોમે સંવત ૨૦૦૪. ૨૩-૬-૪૭

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્સ કોર્ટ.

ભુજ કોર્ટના ફેશલા પર.

દી. રે. અપીલ. નંબર. ૩૫ સંવત ૨૦૦૩.

સમન નંબર. ૧૫૭

કણબી સીવજી માધા દેશલપુર હાલે તલવાણા } મુળ અપીલ કરનાર

ખોજા કરમાલી મેનજી દેશલપુર મુળ જવાબ દેનાર

દાવો લેણાં

દેશલપરના ખોજા કરમાલી મનજીને જત આ અપીલેન્ટે આ કોર્ટમાં અપીલ કરી છે, વાસ્તે તમને ફરમાવામાં આવે છે કે એ અપીલની ચોકસી સં. ૨૦૦૪ ના પ્ર. શ્રાવણ સુદ ૧૧ સોમેને રોજ થશે તે રોજ તમારે અથવા તમારા મુખત્યાર વકીલે વકીલાતનામાં સહીત સવારના ૭ા વાગ્યાથી આ કોર્ટમાં હાજર રહેવું અગર એ પ્રમાણે હાજર નહી રહો તો અપીલનો એક તરફો ફેશલો કરવામાં આવશે

મીતી અશાડ સુદ ૧૦ સની શાં. ૨૦૦૪

સવાઇલાલ લક્ષ્મીશંકર.

એ ડીસ્ટ્રીક્ટ એન્ડ શેશન્સ જજ ના હુકમથી.

371

જાહેર ખબર.

સને ૧૯૪૭ ના માસ જુન તા. ૧૬ થી નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટ લગતાં પોષ્ટ ઓફીસના નિયમો સુધરી આવેલ છે તે મુજબ વ્યકતીગત રૂા. ૫,૦૦૦) બદલ રૂા. ૧૫,૦૦૦) રોકી શકાશે. અગાઉ રોકાણો પણ ત્રણગણી રકમ સુધીનાં થઇ શકશે. રોકેલ નાણાં હવેથી જરૂર પડતે બે વરસ બદલ દોઢ વરસે પાછાં મળી શકશે. વિશેષ હકીકત માટે મળો અગર પુછાવો રા. તાલુકા વહીવટદાર અથવા એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર સ્મોલ સેવીંગ્સ સ્કીમને.

ભુજ નગર, V. N. Patani
તા. ૧-૭-૪૭ એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર
સ્મોલ સેવિંગ્સ સ્કીમ, કચ્છ.

શ્રી મુંદ્રા નગર સભા તરફથી

મુ. ન. સ. જા. નંબર ૨૭૪

જાહેર ખબર.

શ્રી મુંદરા નગર સભાના માનનીય સભ્ય શેઠ મગનલાલ ગલાલચંદ કે જે વિભાગ બીજામાં વેપારી તરીકે ચુંટાએલા તેઓશ્રીએ પોતાની તબીયતને કારણે રાજીનામું આપતાં અને તે રાજીનામું મંજુર થતાં તેઓની ખાલી પડેલ જગ્યાએ કાયદેશરની ચુંટણી થવા અર્થે (વિભાગ ૨ જો વેપારી) નવી ચુંટણીની તારીખ પ્રથમ શ્રાવણ વદ ૦)) શનીવાર શાં ૨૦૦૪ તારીખ ૧૬-૮-૪૭ ના રોજ મુકરર કરવામાં આવેલ છે.

મતો નોંધવાનો વખત તે દિવસ સાંજના સ્ટા. ટા. ૩ થી ૫ સુધી રાખવામાં આવેલ છે.

ઉમેદવારી પત્રક બાધારણ મુજબ લખાએલું રીતસર ચુંટણીની તારીખથી પાંચ દિવસ અગાઉ નગર સભાની ઓફીસમાં આવી જવું જોઇએ.

મતદારોનું પત્રક નગર સભાની ઓફીસમાં છુટી સિવાયના દિવસોમાં સવારના સ્ટા. ટા. ૯ થી ૧૨ અને સાંજના ૩ થી ૬ લગી ખુલ્લું રહેશે.

ઉમેદવાર સબંધમાં કોઇને વાંધો હોય તો તે ચુંટણીની તારીખથી ત્રણ દિવસ પહેલાં અમોને જણાવવો.

મુદત વીત્યા બાદ કોઇનો કંઇ વાંધો કે તકરાર ચાલશે નહિ.

અસાડ સુદ ૧૦ શનીવાર સાં. ૨૦૦૪
તા. ૨૮-૬-૪૭

રેવાશંકર હરીશંકર વકીલ
પ્રમુખ
મુંદ્રા નગર સભા

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.

શ્રી મુંન્દા દીવાની અદાલત. નાં ૧૧૧૨
ખા. દી દાવાનો નંબર ૫૪ સંવત ૨૦૦૩

શા કેશવજી લખમશી મીંદડા હાલે રાયણુ વાદી
શા નાનજી દેવજી વીગેરે દેશલપર હાલે મુંબઇ પ્રતિવાદી
લેણા બાબત દાવો

રહેનાર દેશલપરનાં શા. ગાગજી સોજપારને માલમ થાય જે વાદીએ આ કોર્ટમાં તમારા ઉપર રૂપીઆ ૧૧૨૩ા ચડતાં વ્યાજે બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪ ના પ્રથમ શ્રાવણ વદ ૦)) શનીવારને રોજ સવારમાં ૭ા વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ અપ ા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારાં વકીલ સાથે મોકલાવજો.

મિતિ અશાડ વીદ ૮ વાર શુકરે સંવત ૨૦૦૪

Vrajlal Harilal,
મુંન્દા ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.

શ્રી અજાર દી. કોર્ટ.

ખા. દી. કા. નાં. ૮૪ શાં. ૨૦૦૩.

શંધવી પાશવીર આશકરણ વી. અંજાર વાદી
વિ.
વોરા પ્રભુલાલ કુશલચંદ વી. અંજાર પ્રતિવાદી
બાબત ભાડે આપેલ જગ્યા
ખાલી કરાવી કબજે મળવા

શતનામાં રહેનાર વોરા મણીલાલ શંભુને માલમ થાય જે આ કામનાં વાદીએ તમારા ઉપર મુદરહુ દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી માસ એક ની અંદર કોર્ટનાં રૂબરૂ હાજર થજો નહીતો મુદત વીતે કાયદેશર કરવામાં આવશે.

અશાડ સુદ ૮ શનીવાર શાં. ૨૦૦૪ તા ૨૮-૬-૪૭

જીવરામ જાદવજી.
મે. અંજાર. ન્યાયાધીશ શા. હુ. થી.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી સાહેબ સવાઈ બહાદુર જી. બી, ઇ.

શ્રી અંજાર દી. કોર્ટ નાં. ૮૯૭-૮૯૮

ખા. દી. કા. નાં. ૯૫. શાં. ૨૦૦૩

ગુ. લક્ષ્મીગર ભીમગર અંજાર વાદી
વી
ગુ. નારાણગર શામગર વી અંજાર પ્રતીવાદી.
બાબત મજુરીની જપ્તીની
વેચાણ થઈ૧/૩ ભાગ મળવા

નીચે લખ્યા નામ તથા ગામ વાળા શખ્શોને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદરહુ દાવો કર્યો છે. તેનો જવાબ આપવા તમો આ શમન્શ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી ૧ પંદર દી. ની. અંદર કોર્ટના ટાઇમે હાજર થશો નહીતા મુદત વીતે કાયદેશર કરવામાં આવશે.

મીતી. અશાડ સુદ ૯ શનીવાર શાં. ૨૦૦૪
તા. ૨૮-૬-૪૭.

૧ ગુ. વેરાગર રૂગનાથગર અંજાર
૨ ગુ. મુલગર(ઉર્ફે ભભો) મારાજગર મઉ
} જીવરામ જાદવજી મે. અંજાર ન્યાયાધીશ શા. હુ.થી.

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભચાઉ દીવાની અદાલત. તરફથી શ. ના. ૧૦૫૨

દાવાનો નંબર ૪૩ સંવત ૨૦૦૩.

ફટક માદેવા આણદા વા. ભચાઉ વાદી
ચોધરી નાથ દાદાનાં ગુજ ! જતા તેના વારશ ચોધરી દેવા દાના વીગેરે ભચાઉ } પ્રતિવાદી

લેણાનો દાવો

સુ. ભચાઉના રહેનાર ચોધરી દેવા દાનાને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪નાં પ્રથમ શ્રાવણ વીદ ૧૨ બુધવારને રોજ સવારના ૭ા વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખ્તયાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબંધા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ અશાડ સુદ ૧૨ વાર શોમે સંવત ૨૦૦૪
અમૃતલાલ તારાચંદ
ભચાઉ ન્યાયાધીશ ૨. શબ્બ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભચાઉ અદાલત. શ. ના. ૧૦૬૭

મેતા તેજશી જેઠાનાં વહીવટ કરનાર તથા વારશદાર મેતા કુશલચંદ લખમીચંદ રે ભચાઉ } વાદી
ગુશાઇ ભાણગર રેવાગર રે. કુંભારડી પ્રતિવાદી

લેણાં બાબત દાવો

કુંભારડી રહેનાર ગુશાઇ ભાણગર રેવાગરને માલમ થાયજે વાદીએ તમારા ઉપર અડત યાજે કોરી ૧૧૪ મલવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૩ના શ્રાવણ વીદ ૧૨ બુધવારને રોજ સવારના ૭ા વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખ્તયાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સબંધા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવા અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો

મીતી અશાડ સુદ ૧૩ શોવાર મંગલ ૨૦૦૪
અમૃતલાલ તારાચંદ.
ભચાઉ ન્યાયાધીશ ૨. શબ્બ.

મહારાજા ધીરાજમિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

સ્થાવર મિલકત જપ્ત કરવા બાબતનો હુકમ નાં. ૨૧૨૫

શ્રી ભચાઉ અદાલત. તરફથી

ગ્યા. દી. તા દાવો. નંબર ૨૯ સંવત ૨૦૦૩

ગુશાઇ દયાગરજી લક્ષ્મીગરજી રે.
ગુજરી જતાં તેના વારસ રૂગનાથગરજી દયાગરજી રે. } સાંડવી વાદી
જાડેજા ઓધુભા કાનજી ભાવનગર પ્રતિવાદી

દાવો

ભાવનગર મધે પ્રતિવાદી જાડેજા ઓધુભા કાનજીને ઓવો હુકમ કરવામાં આવે છે કે, સંવત ૨૦૦૦ના પોશ વિદ ૯ બુધેના સાલના નંબર ૮૮ના દીવાની દાવામાં વાદીની તરફમાં કોરી ૭૦૨૬નું હુકમનામુ તમારા ઉપર સંવત ૨૦૦૧ માસ પોશ વદ ૭ સુકે રોજ કરવામાં આવ્યું છે તે તમે પુરૂં કર્યું નથી માટે આ અદાલતનો બીજો હુકમ થતાં સુધી આ સાથે

જોડેલા વાદમાં જણાવેલી મિલ્કત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમોને આ લેખથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ મિલ્કત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઈ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

વાડી નામે આંબલી વારી કુભારડી મધેની

મિતિ અશાડ સુદ ૧૫ ગુરવાર શા૦ ૨૦૦૪

Narottam D. Mehta,

ભચાઉ ન્યાયાધીશ..

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

શ્રી રાપર દીવાની કોર્ટ નાં. ૫૦૫૩

ગ્યા દી. તા કા. નાં ૧૧૫ શાં ૨૦૦૪.

વોરા હેમચંદ શાકરચંદ ચોત્રાડ વાદી.

જાજા હમીર ભચુ વી. સીધ પ્રતીવાદી

દાવો કોરી ૨૭૬૧૩ મલવા.

સીધ મધે નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ વાદીએ તમારા પર શાં. ૨૦૦૩ ના પોષ સુદ ૨ વાલા ઠરાવ પ્રમાણે વાદી કોરી ૨૭૬૧૩ની તામીલ દરખાસ્ત કરે છે માટે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાના તારીખથી રોજ ૧૫ ના અંદર વાદીના લેણાંની તામીલ રોજ ૧૫ ની અંદર કરી પહોચ રજુ કરજો નહીતર મુદત વીતે કાયદેશર થશે.

મતી અશાડ સુદ ૭ બુધવાર ૨૦૦૪.

૧ જાજા હમીર ભચુ
૨ જાજા મેઘા ભચુ

ચુનીલાલ હરજી
મે. જા. રાપર ન્યાયાધીશ
શા. નાં. હુ. થા.

મહારાજાધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

શ્રી રાપર દી કોર્ટ નાં. ૫૦૧૯

કોલી જશા કાનાણી લખાગઢ વાદી.

ઠકર. ભાણજી ગણેશ વી. આડેશર પ્રતીવાદી.

દા ા-લેણા બાબત.

આડેશરના ઠકર હરજી ગણેશને માલમ થાય જે આ વાદીએ તમારા વી.પર કોરી૧૦૪૪) મલવા દાવો કર્યો. છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શા. ૨૦૦૪ ના પ્રથમ શ્રાવણ સુદ ૧૨ ગુરવારના રોજ હાજર થજો નહીતર મુદત વીતે કાયદેશર થશે.

અશાડ સુદ ૭ બુધ સા. ૨૦૦૪.

શા૦ પ્રભુલાલ જેઠાભાઈ.

રાપર ન્યાયાધીશ.

મહારાજાધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

શ્રી નખત્રાણા અદાલત.

આ. દાવાનો નંબર ૫૦ સંવત ૨૦૦૩

ડા. રામદાસ ભોજા વિરાણી વાદી

જોશી છગન ઉર્ફે મગન કાનજી વિ મુજબ પ્રતિવાદી

દાવો—લેણા

મુંબઈના રહેનાર જોશી છગન ઉર્ફે મગન કાનજીને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૪ શ્રાવણ વદ ૦)) શનીને રોજ લવાના વાગતે ઉપર કરેલા વાદાના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષત વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરની ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જેવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ અશાડ વદ ૭ વાર ગુરૂ સંવત ૨૦૦૪

જયતીલાલ મયાશંકર,

મે. નખત્રાણા ન્યાયાધીશ. સા. હુ.

જાહેર ખબર.

નાં ૨૨૬૦.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના દરજી ઉકા કાનજીએ ભુજના સલાટ મેગજી ઉર્ફે ટપુ ચાંપશી પાસેથી જગ્યા ૧ કોરી ૧૨૫૦૦) માં અવાટ લેતાં તેનો દસ્તાવેજ રજીષ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે આ જગ્યા ભુજ મધ્યે લુહાર ચકલામાં આવેલી છે માટે આ જગ્યા ઉપર કોઇનું કંઇ લેણું હક હીસો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવુ મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહી સંભળાતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

અશાડ વદ ૬ બુધે સાં. ૨૦૦૪.

M. M. Mehta,

ભુજ વહીવટદાર

શ્રી ખાવડા રેવેન્યુ કચેરી

જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અહિની કચેરીમાં શ્રી કચ્છ સરકારી છાડ બેટમાં ચરતા ઉંટ તથા ઉંટડી જીવ ૪૧) એકતાળીસ ગેયાળ રોલુ ચરતાં હાથ થતાં અંહિના કચેરી હસ્તેના ડબામાં રજુ કરવામાં આવેલ જેમાં માલીક છુટક છુટક

પાધરા થતાં માલ નીકળી જતાં બાકી તે પૈકી નીચે જણાવેલ ચેરા નીશાન વાળા ઉંટડી ૧ તથા ઉંટ ૧ નો કોઇ માલીક હજુ લગી હાજર થયો નથી વાસ્તે મજકુર ઉંટ ૧ તથા ઉંટડી ૧ એમ જીવ ૨ જેના તેણે તેની માલીકી બાબતનો સંતોષકારક ખાત્રી પુરાવો આપી હજરદારને રખાલમાં થયેલ નુકશાની તથા ખેપ ખર્ચ તથા ડબાદંડ અને અંહિના ડબા દરમ્યાન થયેલ ખાસ ખર્ચ આપી મજકુર ઉંટ તથા ઉંટડી માસ ૧ એકની અંદર લઇ જવી નહિતર મજકુર માલ શ્રી કચ્છ સરકાર દાખલ કરવામાં આવશે તો પાછળથી તે સબંધમાં કોઇનો હક્ક ઇલાખો રહેશે નહિ. ઉંટડી જીવ ૧ રંગે કણુક રંગી કેશર ધાગવાળી ઉ. વ. ૭ આસરેની કીંમત કોરી ૭૦૦)ની ઊંટ જીવ ૧ એક રંગે સાબો નીશાન વગરનો ઉ. વ. ૧ આસરે કિંમત કોરી ૬૦૦) છસો આસરે.

જેઠ વદ ૧૧ રવી શાં. ૨૦૦૩

તા. ૧૫—૬—૪૭

જાયા ત્રિભુવનલાલ વજેશંકર

ખાવડા થાણદાર

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છાપવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેરખબર.

અમારા અસીલ તે કોડાયના શા હંશરાજ લીલા વગી આથી સર્વ લોકોને જાણ કરવામાં આવે છે કે મા। અસીલના કાકા શા ગેલા જેતાણી ગુજરી જતાં તેના વારસ તરીકે કોડાય મધે જગ્યા ૧ કરઈ ઓસરી આંગણાં શીખે ખત્રા વાઢા હસણ ખમીસા વાલી મારા કબજા ભોગવટામાં છે સદરહુ જગ્યાનું મુળ ખત મારી પાસે છે પરતુ તેના પેટા ખતમાં કાળો શા ૧૯૪૮નો તથા વિટાંતરનું ખત શા ૧૯૨૦ની સાલનું ખત્રી જાફર મુસાણીની ઘરવાલી નુરબાઇ નામતાનું ગેરવલે ગયેલ છે જેથી સદરહુ બન્ને ખત જેના પાસે હોય તેણે અમને સોપવા અને તે ખત પર કોઇ ધીરધાર કરસે તો તે રદ છે એમ આથી સર્વને જાણ કરવામાં આવે છે.

શા ૨૦૦૩ના જેઠ વીદ ૧૧ રવીવાર

શા હંશરાજ લીલાના વકીલ

છોટાલાલ રામજીની સઇ દા. પોતાના

ખાનગી જાહેર ખબર

અમો આથી જાહેર કરનારા નળીઆના જાડેજા પ્રભાતસંગજી વેરાજી તથા મગળસંગજી અમેસંગજી આથી જાહેર કરીએ છીએ કે અમારા વડીલ વેરાજી જુણાજી ની મીલકત ના વારસદારો પૈકી જાડેજા રતનસીંગજી વેરાજી ઉર્ફે ભીખુભા ઉપરોક્ત અમારા કર્મભાગની મીલકતા અમારી સંમતી અને જાણ વગર ગીરવી યાતો વેચાણ કરવાની કોશીશો કરેલ છે તો આવા વેચાણ અથવા ગીરો અમારી સમતી વગરના હોઇ તે ઉપર કોઇ પણ શખ્સ નાણાં ધીરશે યાતો વેચાણ રાખશે તો તેના જવાબદાર અમો નથી તેમજ તેની સઘળી જવાબદારી વેચાણ રાખનારના શીરે રહેશે તેની કૃપા કરી નોંધ લેશો.

તા. ૨૮—૬—૪૭.

જાડેજા પ્રભાતસંગજી વેરાજી.

જાડેજા મગળસંગજી અમેસંગજી

ખાનગી જાહેર ખબર

લી. હું નીચે સહી કરનાર અજારનાં ભાટીઆ ઠા. સામજી દામોદરની વિધવા બાઇ પુરીબાઇ ઉર્ફે જમકુબાઈ આથી જાહેર પ્રજાને ખબર આપું છું કે, મારા પતિનાં વખતની જગ્યા ૧ અંજાર મધ્યે નવાપુરામાં આથમણેબાર વાલી મજમુ ડેલી અંદર જતાં બીજી આથમણેબાર વાલી ડેલી છે તે અંદર, દખણાદી તરફની બે ઓરડા ઓસરીવાલી મેડી બંધ ત્રણ ભોંવાલી આથમણેબાર છે આંગણા-માં દખણાદી તરફ રાવણીયું છે જે પર ભોંબાંધેલ છે આ જગ્યાનાં દસ્તાવેજો મારા પતિનાં ધનીકપણાનાં છે હાલે તે દસ્તાવેજોનાં તપાસ કરતાં તે મલતા નથી ગુમ થયેલા જણાય છે એટલે આથી સર્વને ખબર આપું છું કે મજકુર જગ્યા મારા સ્વતંત્ર હકની અને કબજા ભોગવટાની છે તેમાં બીજા કોઇનો કસો પણ હક કે અધીકાર નથી માટે કોઇએ તે દસ્તાવેજો પર કોઇપણ રીતની ધીરધાર કે લેતીદેતી કે કોઇ વહેવાર કરવો નહીં તેવું છતાં કોઈ પણ તે દસ્તાવેજો પર કંઈપણ લેતી દેતી કરશે તો તે અંગે જગ્યા કે હું કોઈપણ રીતે જવાબદાર થશું નહી એની આથી નોંધ લેવી

અને કોઇપણ શખ્સને તે દસ્તાવેજો મળ્યા હોય તો તે અમને નીચેને સરનામે પહોંચાડશે તો તેને યોગ્ય ઈનામ આપીશું એજ

મિતી સાં ૨૦૦૪નાં અશાડ સુદ ૧૩ ભોમવાર

અંજારના ભાટીયા ઠા લાખજી દામોદર ની વીધવા બાઇ પુરીબાઇ ઉર્ફે જમકુ-રબાઇની સઇ દઃ પોતાના

નવાપુરા.

અંજાર (કચ્છ).

જાહેર ખબર.

જત આથી શર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે અમારા અસીલ માંડવીનાં ભાટીયા ઠા વલજી ભીમજીએ ગામ માંડવીમાં જે સરાણી ડેલા પાસે જગ્યા બે ચાર મજલાવાલી અઘાટ હમીરાવાર તથા જે સરાણી ડેલામાં જગ્યા એક નાની ઉગમણી ખુવાડવાલી બે ભોંવાલી આડે આંક છેડા છુટ માંડવીનાં ભાટીયા ઠા ચત્રભોજ નારાણજી પાસેથી રોકડા રૂપીઆ ત્રીસ હજાર ૩૦૦૦૦)માં વેચાણ લેવાનો શોદો માંડવીનાં દલાલ કેશવજી ચત્રભોજ હસ્તક શા ૨૦૦૪ના અશાડ સુદ ૧૨નાં રોજ કરેલ છે જેથી અમારા અસીલના ધનીકપણાંનું ખત માંડવી કોર્ટમાં રજીસ્ટર કરાવવાનું છે.

પરંતુ શદરહું જગ્યાઓપર કોઇનું લેણું લેણું હોય અગર વારશા હક ગીરો બક્ષીસ ઈઝમેન્ટ ભરણ પોસણ અગર કોઇપણ પ્રકારનો હક્ક કે વર વાંધો હોયતો આ જાહેર ખબરની તારીખથી દીવસ ૧૫) પંદરની અંદર અમારી ઓફીસે તેવા હક શબધનાં આધારો બતાવી જવા અને ખાત્રી કરી આપવી નહીતર મુદત વીતાબાદ તેવા દર દાવાં અને હક હસેતો જતા કરવામા આવેલ છે એમ શમજી અમારા અસીલનાં ધનીક પણાંનું ખત નામદાર માંડવી કોર્ટના રજીષ્ટર કરાવી લેવામાં આવશે.

મીતી શા ૨૦૦૪નાં અશાડ સુદ ૧૪ બુધવાર

ચુનીલાલ રાઘવજી માંડલીઆ

બી. એ. એલ. એલ. બી.

ખરીદનારના વકીલ

માંડલીઆ સ્ટીટ

કચ્છ માંડવી

ખાનગી જાહેર ખબર

રજીષ્ટર નાં. ૫૭

અમે ત્રણેના જાડેજા સેરસી હજી સામતસંગજી તથા ભુરૂભા ભારાજી આથી જાહેર જનતાને ખબર આપીએ છીએ કે ત્રણેમાં અમારા સગા કાકા સુમરાજી લખાજી હતા અને તેઓ હાલે તુરતનાં ગુજરી ગયા છે તેમની પાછલ બે વીધવાઓ નામે કેસાંબા તથા લીલાબા છે આ વીધવાઓ માત્ર ભરણ પોશણની હકદાર છે અને ઉતરાધીકારી વારસો અમો છીએ

આ સુમરાજીના વીધવાઓને પુરતી આવક છે તેમજ પુરતી મિલ્કત છે કે જેથી તેઓનું પુરતી રીતે ભરણ પોશણ થઇ શકે તેમ છે છતા પણ અમ પાછલના ઉતરાધીકારી વારસોને નુકશાન કરવા માટે અને અમારા વીઘ્ન સંતોષીઓ પડયે ચડવાથી તેઓની બદસલાહથી અમારા કાકા સુમરાજીના ગરાસ પર કે મિલ્કત પર બોજો કરવા કે તેની કાઇ વ્યવસ્થા કરવા તજવીજ કરી ત્યાં હોય એમ જણાય છે આ સુમરાજીની મિલ્કતની કોઈપણ વ્યવસ્થા કરવાને વીધવાઓને શતા કે અધીકાર નથી છતા પણ કોઇ સક્ષ મજકુર અમારી કાકીઓ પાસેથી કાંઈ પણ વ્યવસ્થા કરવી લેસે કે સુમરાજીની મિલ્કત પર કાંઇપણ બોજો ઉત્પન કરસે તો તેની જવાબદારી સુમરાજીની મિલ્કત પર કે અમારા પર રહેશે નહી તેવી આથી જાહેર જનતાને ખબર આપીએ છીએ.

અશાડ વીદ ૬ ભોમે શા ૨૦૦૪

જાડેજા સેરસંગજી સામતસંગજીની સઇ

દઃ પોતાના

જાડેજા ભુરૂભા ભારાજીની સઈ દઃ પોતાના

ખાનગી જાહેર ખબર

હું નીચે શહી કરનાર નાની અરલનાં બારોટ કાંઈઆ ગોવીંદ આ જાહેર ખબરથી શર્વને જાણ કરૂંછુ કે—ગામ શ્રી નાની અરલમાં ભાગ છઠો ત્યા ગામશ્રી ગડાપુઠા ભારાપરમાં છુટક ઠામો ત્યા ઉરતીઆ ત્યા નાગીઆમાં છુટક ગરાશ છે. ત્યા વમગનો પડાર છે એ રીતે ગરાશમાં હું ત્ય મારા કાકાઇ ભાઇ હમીર દાજીની વિધવા ભાગ

દાર હતા પરંતુ મારા કાકામ્બાઇ હમીર દાજીની વિધવા હુરબાઈ પાસેથી તેણીનો ભાગ મને શા. ૨૦૦૪ ના અશાઢ વીદ ૧ શુક્રેની મીતીની રજીષ્ટર ફારગતીથી અગાટ આવીગયેલ છે એટલે ઉપરોકત ગરાશનો હું એકલો માલીક છું જેથી મારા શિવાય ઉપરોકત ગરાશની બીજા કોઈને વેચાણ કરવા કે કાંઇ વ્યવસ્થા કરવા અધીકાર નથી તે હકીકત શર્વેને જાણ થવા આથી જણાવું છું

ઉપરોકત ગરાશ પૈકી ગામશ્રી અરલનો ભાગ છઠો તથા ગડાપુડા ભારાપરના ઠામો વિરાણીના ઠકર રામદાશ ભોજા પાશે વટાંતર છે અને ઠકર શામજી વિશ્રામ પાશ વટાંતર છે તેમાંથી કટલોક ગરાશ શામજી વિશ્રામે દેવીપરના ઠકર ટોકરશી દેવચંદને આડે આંકે આપેલ છે તથા ઠકર દેવજી ગોકલદાશ પાશે વટાંતર છે તથા કણબી કરશન નાગજી પાસે વટાંતર છે તથા બારોટ લધુ રણમલ તથા રામા અરજણ પાસે વટાંતર છે આ વટાંતર ગરાશમાંથી અડધ ભાગ વટાંતર અને અડધ ભાગ અગાટ આપવાનો શાટા કરાર મે અરલના ભાટીયા ઠકર નારાણદાશ રામજી શાથે કરેલ છે અને તેથી વટાંતરના ઉપરોકત ધનીકો પાસેથી ગરાશ છોડાવવા મે તેમને જાણ કરી છે પરંતુ દેશ શીરસ્તા પ્રમાણે કાર શેડે છોડી આપવા સદરહુ ધનીકો વાંધો બતાવેલ છે બીજી બાજુ મને જાણવા મલ્યુ છે કે આ ધનીકો પૈકી કટલાક ધનીકો આડે આકે વેચાણ કરવાની તજવીજ કરે છે તો શર્વને જાણ કરૂંછું કે-આ ગરાશ આડે આંક લેનાર ને નાહક દસ્તાવેજના સ્ટાંપ રજીષ્ટર વગેર ખર્ચમાં ઉતરવા જેવું થશે માટે કોઇએ આ ગરાશ આડે આકે લેવું નહી અને લેશે તો આ ગરાશ અગે તે વેચાણના અંગે કાંઇ ખર્ચ પાળી આપવામા આવશે નહી એ આથી શર્વને જાણ માટે જણાવું છું.

અષાડ વીદ ૮ શુક્રવાર શા- ૨૦૦૪.

આ દાબા હાથના અંગુઠાની નીશાની બારોટ કાંઈયા ગોવંદની છે દા: હરીરામ કરશનદાશનાં ધણાના કેવાથી.

NOTICE.

આથી સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે, શ્રી કચ્છ સરકાર તરફથી હથીઆર ધારો શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ્ધ કરવામા આવેલ છે. તેમાં જણાવવા મુજબ પોતા પાસે હથિઆરો ધરાવનાર, બનાવનાર, વેચનાર, અને રીપેર કરનાર શખ્શોએ વહેલી તકે- અને છેવટ શાં. ૨૦૦૪નાં બી. શ્રાવણ શુદ ૩ મંગલવાર તા ૧૯-૮-૪૭ સુધીમાં અમારી ઓફીસેથી લાયશન્શ મેળવી લેવું. એ પછી કોઈ પણ શખ્શ પાસે લાયશન્શ વગરનું હથિઆર જોવામાં આવશે તો જપ્ત કરી કાયદેસર કરવામાં આવશે.

પોલીસ કમીશ્નર ઓફીસ
તા. ૧૦-૬-૪૭

Jaimal M.
પોલીશ કમીશ્નર કચ્છ.

☞ આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

377

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[પુ૦ ૭૫મું] પ્રથમ શ્રાવણ સુદ ૬ બુધવાર સંવત ૨૦૦૪ તા. ૨૩મી જુલાઇ સને ૧૯૪૭ [વિશેષઅંક]

વધારો

ફરમાન.

હ. ઓ. નં. ૨૧૦

તારીખ ૨૫–૭–૪૭ના રોજે અમારૂં હિંદુસ્તાન બહાર જવાનું થાય છે. અમારી ગેરહાજરી દરમ્યાન ચિરંજીવી યુવરાજશ્રી મદનસિંહજીને અમે અમારી કુલ સત્તાથી રાજ્યનું કામ ચલાવવા અધિકાર આપ્યો છે.

તારીખ ૨૧–૭–૪૭.

Maharao Vijayarajji.

મહારાવ કચ્છ.

☞ આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

378

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[પુ. ૭૫] પ્ર. શ્રાવણ વદિ ૧ શનિવાર સંવત ૨૦૦૪ તા. ૨ જી ઓગષ્ટ સને ૧૯૪૭ [વિશેષ અંક]

વધારો

જાહેરાત.

નાં ૩૪૨૩ શાં. ૨૦૦૪.

યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબના ફરમાનથી શાં. ૧૯૨૬નાં ફોજદારી કાયદામાં નીચેની કલમોનો વધારો કરવાનું ઠરાવવામાં આવે છે:—

કોઇ રાજ્યના નોકરને તેના રાજ્યના કામમાં હરકત કરવી.

૧૮૪. અ. કોઈ રાજ્યના નોકરને તેના રાજ્યના કામ કરવામાં જે શખસ બુદ્ધિપૂર્વક હરકત કરે તેને છ મહિનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા કોરી ૧૫૦૦ પંદરસો સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા કરવી.

આ ગુન્હા માટે પોલીસ વગર વારંટે પકડી શકશે, જામીન લઈ શકાશે અને તે માંડી વાળી શકાશે નહિ અને તેનો ઈન્સાફ કોઈપણ પહેલા વર્ગના ફોજદારી ન્યાયાધીશ કરશે.

રાજ્યના નોકરને કંઇ નુકસાન કરવાનો ડર દેખાડવો.

૧૮૪. બ. કોઈ રાજ્યનો નોકર પોતાની જાહેર ફરજોના કામોને સંબંધ રાખતું કાંઈ કામ કરવાને કરતાં અટકાવવાને કે કરવામાં ઢીલ કરવાને લલચાય તે સારૂ કોઇ શખસ રાજ્યના નોકરને અથવા તે રાજ્યનો નોકર જેનું હિત સાચવતો હોય એમ તે શખસ માનતો હોય તે શખસને કાંઈ નુકસાન કરવાનો ડર દેખાડે તો તેને બે વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્ને શિક્ષા કરવી.

આ ગુન્હા માટે પોલીસ વગર વારંટે પકડી શકશે, જામીન લઈ શકાશે અને તે માંડી વાળી શકાશે નહિ અને તેનો ઈન્સાફ કોઈપણ પહેલા વર્ગના ફોજદારી ન્યાયાધીશ કરી શકશે.

રાજ્યના નોકરને તેના હોદ્દાનો અમલ ચલાવતા ડરાવીને બંધ રાખવા સારૂ હુમલો વગેરે કરવા માટે શિક્ષા.

૧૮૪. ક. જે શખસ કોઈ રાજ્યના નોકરને પોતાના રાજ્યના હોદ્દાનો અમલ ચલાવતાં અથવા તે નોકરને અથવા બીજા કોઇ રાજ્યના નોકરને પોતાના રાજ્ય ના હોદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતાં બંધ રાખવાના ઈરાદાથી અથવા તે નોકરે પોતાના રાજ્યના હોદ્દાનો કાયદેશર રીતે અમલ ચલાવતાં કંઈ કૃત્ય કર્યું હોય અથવા કરવાની કોશિષ કરી હોય તેને લીધે તેવા નોકરના ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્ને શિક્ષા કરવી.

આ ગુન્હા માટે પોલીસ વગર વારંટે પકડી શકશે, જામીન લઈ શકાશે અને માંડી વાળી શકાશે નહિ અને તેનો ઈનસાફ પહેલા વર્ગના ફોજદારી ન્યાયાધીશ કરશે.

મીતીઃ— પ્રા. શ્રાવણ સુદ ૧૫ શનીવાર શાં. ૨૦૦૪.

તારીખઃ— ૨—૮—૪૭.

J. J. Ashar.
i/c. દિવાન, કચ્છ.

☞ આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રેશમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[પુ. ૭૫] પ્ર. શ્રાવણ વદિ ૩ મંગળવાર સંવત ૨૦૦૪ તા. ૫ મી ઓગષ્ટ સને ૧૯૪૭ [વિશેષ અંક]

વધારો

નોટીફીકેશન

એફ. નં. ૨૩૬

કચ્છમાં અત્યારે વરસાદની ખેંચ જણાઇ રહી છે અને અનાજનાં ઉત્પાદન બાબત ચિંતાજનક પરિસ્થિતી હાલ ઉભી થઈ છે. તે નજરે કચ્છની અનાજની પરિસ્થિતી શું છે તે બાબત ચોક્કસ ખ્યાલ આવી શકે અને તે અનુસાર અનાજની જરૂરીઆત બાબત ગેવર્નમેન્ટ ઓફ ઈન્ડીઆનાં ફુડ ડીપાર્ટમેન્ટને ચોકકસ માહીતી આપી શકાય તે ઈરાદાથી કચ્છમાં અનાજનો અને ખાસ કરી પ્રજાનાં મોટા ભાગના વપરાંસમાં આવતા બાજરા અને મગનો કેટલો જથ્થો છે તે જાણવા નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છેઃ—

૧. કચ્છના વેપારીઓ, ખેડુતો અને ઇતર વર્ગ પોતાના પાસે આ નોટીફીકેસન જે તે સ્થળે પ્રસિદ્ધ થાય તે દિવસે પોતાના બાજરા અને મગનો જે જથ્થો હોય અને તે જ્યાં રાખવામાં આવ્યો હોય તે હકીકત તાલુકાનાં મુખ્ય ગામોમાં જે તે તાલુકાના રા. વહીવટદારને અને તાલુકાના ગામોમાં જે તે ગામના ટ્રુને ચાર દિવસની અંદર જાહેર કરી દેવું. અનાજની નોંધ માપમાં કરાવવાની છે.

૨. ઉપરની કલમ ૧ પ્રમાણે વેપારીઓ તથા ખેડુતોએ પોતાની પાસે બાજરા તથા મગનો જે જથ્થો હોય તે બધો બતાડવાનો છે. ઇતર વર્ગે પોતાના કુટુંબના ત્રણ માસના વપરાસથી જો વધુ જથ્થો હોય તો પોતાની પાસેનો બધો જથ્થો જાહેર કરવાનો છે. પરતુ ત્રણ માસના વપરાસથી ઓછો જથ્થો જાહેર કરવાની જરૂર રહેતી નથી. આ પ્રમાણે પોતાના વપરાસનો જથ્થો નક્કી કરવામાં પોતાના કુટુંબના સભ્ય દીઠ માસીક બે માપ બાજરો અને બે માપ મગનો વપરાસ ગણવાનો છે અને તે ધોરણે પોતાના કુટુંબના વપરાસનો જથ્થો ગણવાનો છે.

૩. આ નોટીફીકેશન જે તે સ્થળે પ્રસિદ્ધ થાય ત્યારથી આઠ દિવસ સુધી કોઈ પણ વેપારી અગર ખેડુતે બાજરા કે મગનું વેચાણ કરવાનું નથી. તેમજ ઈતર વર્ગે પોતાનાં કુટુંબના વપરાસ સારૂં જે જથ્થો હોય તેનું કોઈપણ વખતે વેંચાણ કરવાનું નથી. આ મુદત દરમ્યાન કોઈ વેપારી બીજા વેપારીને અનાજ વેંચી શકશે નહિં પણ ઈતર વર્ગને પોતાના ઘરના વપરાસ સારૂ માણસ દીઠ એક માપ બાજરો અને એક માપ મગ વેંચી શકશે. પણ આવાં વેંચાણનો તેણે નામવાર નોંધ રાખવો પડશે.

૪. દરેક તાલુકાના વહીવટદારે આ નોટીફીકેશનમાં જણાવ્યા પ્રમાણેનાં અનાજના જથ્થાની નોંધ તૈયાર કરવાની છે અને તેમ કરવામાં જે તે તાલુકાની તાલુકા સમિતિઓ તરફથી એક કે બે સભ્યો મોકલવામાં આવે તેમને સાથે રાખીને આ કામગીરી કરવાની છે. તાલુકાના મુખ્ય ગામોમાં જે તે તાલુકાના વહીવટદાર ઉપર જણાવ્યાં પ્રમાણેના બે સભ્યો સાથે રાખી નોંધ કરવાની છે. અને તાલુકાના ગામો સારૂ જે તે ગામોના ક્રુઓ પોતાની સાથે ગ્રામ્ય કમિટિના એક કે બે સભ્યો સાથે રાખી જથ્થો નોંધવાનું કામ કરવાનું છે. અને જ્યાં કોઈ ગામડામાં ગ્રામ કમિટિ ન હોય તો ગામડાના એક કે બે પ્રતિષ્ઠીત ગૃહસ્થોને ક્રુએ સાથે રાખવાના છે અને આ પ્રમાણે જે નોંધ ક્રુ કરે તે પોતાના તાલુકાના રા. વહીવટદાર ઉપર મોકલવાની છે.

અને રા. વહીવટદાર તે ઉપરથી આખા તાલુકાનાં ગામવાર જથ્થો બતાવતું પત્રક મુળ કાગળો સાથે રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઈઝ તરફ બનતી તાકીદે મોકલી આપવું. ભાયાતી ગામોમાં ભાયાતના કારભારીએ તથા રેવીન્યુ પટેલ તથા જો ગ્રામ કમિટિ હોય તો તે કમિટિના એક સભ્ય સાથે રહી નોંધ કરવાની છે. આ કલમ અનવયે જે નોંધ કરવામાં આવે તેમાં રા. વહીવટદાર, રા ક્રુ તથા ભાયાતી ગામના કારભારી તથા જે પ્રજાજનો સાથે હોય તેમની સહી જથ્થાના નોંધમાં લેવાની છે.

૫. વેપારીઓ તથા ખેડુતોએ પોતાની પાસેના દર મહીનાની પહેલી તારીખના જથ્થાનો નોંધ તે મહીનાની તારીખ ૫ સુધીમાં રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઈઝ તરફ મોકલી આપવા.

૬. વેપારી તથા ખેડુત સિવાયના ઈતર વર્ગે પોતા પાસે કોઈપણ વખત પોતાના કુટુંબના ત્રણ માસના વપરાશથી વધુ જથ્થો રાખવાનો નથી અને તેથી વધુ જથ્થો હોય તો તે વખતો વખત રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઇઝને પોતા પાસેનો જથ્થો જાહેર કરવો પડશે.

૭. સદરહુ નોટીફીકેશન અંગે અનાજનો જથ્થો નોંધવાના અનવયે તપાસ વીગેરેના અધિકાર તાલુકાના ગામો સારૂ રા. વહીવટદાર તથા તાલુકા કમિટિએ નીમેલા એક કે બે સભ્યોને તથા તાલુકાના ગામો સારૂ જે તે ગામના ક્રુ અને તેમની સાથે રહેલા બીજા એક કે બે પ્રજાજનને આપવામાં આવે છે.

૮. આ નોટીફીકેશનથી અનાજ બાબત જે નોટીફીકેશનો થએલા છે તે અમલમાં રહેશે અને તેને આથી કાંઈ બાધ આવશે નહિં.

૯. આ નોટીફીકેશનનો ભંગ કરનાર બે વર્ષ સુધીની સખ્ત કેદ અથવા દંડ અથવા બંને પ્રકારની સજાને પાત્ર થશે.

૧૦. આ નોટીફીકેશનનો ભંગ કરનારને દરેક ગુન્હા દીઠ કોરી ૫૦૦૦ સુધી દંડ કરવાનો અધિકાર રા. રા. ડાયરેક્ટર સાહેબ ઓફ ફુડ સપ્લાઈઝને આપવામાં આવે છે. અને તેમના હુકમ ઉપર એક માસ અંદર મે. રા. રા. દિવાનજી સાહેબ સમક્ષ અપીલ થઈ શકશે. પરંતુ કોઈ કેસમાં આ કલમથી પોતાને મળેલ અધિકારથી વધુ સજા કરવા જરૂર છે એમ રા. રા. ડાયરેકટર, સાહેબ ઓફ ફુડ સપ્લાઈઝને જણાય તો તેવા કેસો ઈન્સાફ થવા સારૂં ન્યાય કોર્ટમાં મોકલી શકશે.

૧૧. આ નોટીફીકેશન અંગે ગુન્હો બન્યાની જો કોઇ માહીતી આપશે તેને તે બદલ સાબીત થઇ દંડ વસુલ આવે સદરહુ રકમની પચાસ ટકા સુધી રકમ ઈનામ તરીકે આપી શકાશે.

મિતી પ્રથમ શ્રાવણ વીદ ૩ મંગળવાર શાં. ૨૦૦૪ તારીખ ૫-૮-૪૭.

J. J. Ashar,
I/c દિવાન, કચ્છ.

આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રેશમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

[VOL. 75] MONDAY 4th August 1947 [No. 4]

[પુ૦ ૭૫મું] પ્રથમ શ્રાવણ વદ ૨ સોમવાર સંવત ૨૦૦૪ તા. ૪ થી ઓગષ્ટ સને ૧૯૪૭ [અંક ૪]

સુચના.

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨૪ાઉ અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૯ા લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૪ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૫ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રહાકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જે ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧ા

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ની લીટી ૨ તથા બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

હુ. ઓ. નાં. ૧૧૮

ઠરાવ

એસ્ટાબ્લીસમેન્ટ કમીટી તરફથી થઇ આવેલ ભલામણ પ્રમાણે પોલીસ ખાતામાં ઓફીસ સુપ્રીન્ટેન્ડન્ટની જગ્યાનો ગ્રેડ કોરી ૬૦૦–૫૨–૮૦૦ નો ઠરાવવા તથા તે જગ્યાએ હાલના ઓફીસ સુપ્રીન્ટેન્ડન્ટ રા. વૃજલાલ કે પુરોહીત જેમની પ્રોબેશનની મુદત સાં. ૨૦૦૩ ના જેઠ સુદ ૩ ને રોજ પુરી થાય છે તેમને તે તારીખથી ઓફીસ સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે સદરહુ ગ્રેડમા કાયમ કરવા યુવરાજ મહારાજ કુમાર શ્રી મદનસિંહજી સાહેબ હજુરથી ફરમાન થયું છે, હવેના ગ્રેડ મુજબનો વધારો રા. વૃજલાલને સાં ૨૦૦૨ ના જેઠ સુદ ૬ ના રોજ જે તારીખે તેમને છેલ્લો વધારો મળેલ હતો તે તારીખથી બે વરસ એટલે સાં. ૨૦૦૪ ના જેઠ સુદ ૬ થી મળશે.

મિતિઃ વૈશાખ વદ ૩૦ ભોમવાર સાં. ૨૦૦૩
તા. ૨૦–૫–૪૭.

જે. જે. આસર.
ફોર દિવાન.

સરક્યુલર.

નાં ૪૦૮૧

તાલુકા કચેરીએ અનામત તસલમાતનાં કળવાર રજીષ્ટર રહેતા નહિ હોવાથી લાંબી મુદતના સરવૈયા ચડત થઇ ગએલ છે ને લેણાં દેણાંની હકીકત કંઇ મળી શકતી નથી.

આ પધ્ધતિ પસંદ કરવા લાયક ન હોતાં સાં ૨૦૦૪ના કારતક સુદ ૩ થી તાલુકાવારે અનામત તસલમાતનાં કળવાર રજીષ્ટર એકાઉન્ટ ઓફીસે તયાર કરવા નિણ્ય થએલ છે.

સબબ આવતી સાલથી દરેક માસના માસીક હિસાબ સાથે રા. રા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી નિયત થએલ ફોર્મમાં અનામત તસલમાતની કળવાર હકીકત સાથે નિયમીત મોકલતે રહેવા કાળજી રાખવી કે તે માસીક પત્રકો પરથી એક દર પત્રક તૈયાર કરવામાં આવશે.

મિતિ અશાડ સુદ ૧૫ ગુરવાર સાં. ૨૦૦૪ તા. ૩–૭–૪૭.

J. J. Ashar,
ફોર દિવાન.

ORDER.

H. O. No. 187. Dewan's Office. Bhuj. the 17th July. 1947.

Owing to the sad and suddn demise of Mr. Y. M. Mehta. B. A. LL. B. Puisne Judge, High Court of Judicature. Bhuj, on Saturday the 12th instant, His Highness the Maharao Saheb has deen pleased to appoint Rao Saheb Bhogilal M. Baxi, B. A., LL. B., at present working as District & Sessions Judge, to work as Acting Judge, High Court of Judicature. Bhuj, until further Orders.

2. Mr. Ishvarlal R. Antani, High Court Pleader, at present working as Additional District and Sessions Judge to act as District and sessions Judge until furthur orders.

3. These Orders will take effect inmediately.

Tribhovandas. J. Raja.
Dewan,-Kutch.

ORDER.

No. 194. of 1947. Dewan'sOffice. Bhuj, The 19th July 1947.

His Highness the Maharao Shree has been pleased to sanction the following arrangements as an experimental measure for a period of one year with effect from 1st Shravan Sudi 3rd Samvat 2004:-

(1) Maharaj Kumar Shree Fatehsinhji to work as Additional Chief Customs Officer, in charge Western Division.

385

(2) Kumar Shree Narsinhji to work as Assistant Customs Officer, in charge Eastern Division.

2. The above-mentioned officers will be in charge of both Land and Sea customs work. The exact territorial limitations of the two divisions and the powers that will be enjoyed by these two Officers will be determined by a separate Order.

3. The Chief Customs Officer will arrange to Supply the required staff to work under the said two Officers from among the Customs establishment. The Headquarters of the Additional Chief Customs Officer, western Division, will be at Mandvi whereas that of the Assistant Customs Officer, Eastern Division, will be at Anjar Maharaj Kumar Shree Fatehsinhji will receive an allowance of Rs. 500/-(Rupees Fivehundred only) per mensom and Kumar Shree Narsinhji will receive Rs. 400/- per mensom for their services as Additional Chief Customs Officer and Assistant Customs Officer respectively.

Tribhovandas J. Raja,
Dewan. Kutch.

હુ. આ નં. ૧૯૮ **ઠરાવ.**

દોડતલપાળા પેટે સમા ફકીરમામદ પીરમામદ દાખલ છે તે રાજીનામું મંજુર કરાવ્યા વગર દોડતલપાળાનાં જમાદારની રજા લીધા વગર નોકરી છોડી ચાલી જતાં તે હકીકત કાશમ મામદ તરફથી રજુ થતાં ફરમાન થયું કે, દોડતલપાળા સમા ફકીરમામદ પીરમામદને કચ્છ સરકારની કોઇપણ ઓફીસ કે ખાતામા દાખલ કરવો નહીં એમ ખુદાવીંદ મહારાજશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

મિતિ શ્રાવણ શુદ ૧ શનીવાર સં. ૨૦૦૪
તા. ૧૯-૭-૪૭

ત્રિભોવનદાસ જે. રાજા.
દિવાન, કચ્છ

ORDER.

No 197 of 1947.

His Highness has been graciously pleased to appoint Jadeja Ranjitsinhji Karansinhji of Devpur as Aide-de-Camp to His Highness.

Jadeja Ranjitsinhji will hold the rank of Honorary Captain in the Kutch State Forces.

Dewan's Office
Bhuj, 21st July 1947.

Tribhovandas J. Raja,
Dewan Kutch.

No 206 of 1947. **ORDER.**

In appendix (1) of the Kutch State Gram Panchayat Act the names of the villages Bayath, Bada and Laija, which belong to the Jagir of Maharaj Kumar Shri Fatehsinhji Seheb, and of villages Godhra which belongs to the Jagir of Maharaj Kumar Shri Himatsinhji Saheb, have been included through oversight.

His Highness the Maharao Shri has, therefore, been pleased to order that the names of these villages should be taken out from the said list as these are the villages granted as Jagirs to both the Maharaj Kumar Sahebs.

Dewan's Office
Bhuj 22nd July 1947.

Tribhovandas J. Raja,
Dewan Kutch.

No 207 of 1947. **ORDER.**

M. K. S. Fatehsinhji Saheb and M. K. S. Himatsinhji Saheb having expressed a desire to have the Gram Panchayat Act, recently promulgated by the State, extended to their own Jagirs, His Highness the Maharao Shri has been graciously pleased to order that the same may be extended to the following villages of their Jagirs, subject to such adjustments as may be nacessary in the provisions relating to the collection of revenue and its administration.

(a) Bayath
Bada
Laija Mota
(b) Godhra

His Highness the Maharao Shri has futher been graciously pleased to order that in the Panchayats of these villages, nomination shall be made of such persons as may be recommended by the Maharaj Kumar Sahebs for their respe tive Jagirs.

Dewan's Office
Bhuj 22nd July 1947.

Tribhovandas J. Raja,
Dewan Kutch.

No. 2393 of 1947.

Subject:-Permanent Commission in the K. S. F.

ORDER.

His Highness the Maharao Shree has been pleased to confirm the following Ranks already conferred upon the following officers of the Kutch State Forces from the respective dates of the Emergency Commissions granted to them:-

1.	Capt. Ghanshyamsinh	Captain.
2.	Lt M. M. Kothawala.	Lieutenant.
3	Lt. C. M. Mudaliar.	,,
4.	Lt. Abdulrazaq Khan	,,
5.	Lt. Dilawar Singh.	,,

Dewan's Office
Bhuj, 22nd July 1947.

Tribhovandas J. Raja,
Dewan Kutch.

No. 2394 of 1947. ORDER.

His Highness the Maharao Shri has been pleased to sanction the appointment of Major M. W. Reed as Commandant, Kutch State Forces with effect from the date he leaves England for joining his duties here, on the following terms:-

1. Salary Rs. 1,100
2. Free passage to and from India.
3. Leave according to State Rules.
4. State Motor car.
5. Free furnished bungalow and such other easements as were allowed to him previously.

He is expected to arrive in the middle of September,

Dawan's Office
Bhuj, 22nd July 1947

Tribhovandas J. Raja.
Dewan Kutch.

હ. ઓ નાં. ૨૨૩

ઠરાવ.

મહોરમના તહેવારોમાં તેમજ હોળીના તહેવારોમાં બંદોબસ્ત માટે ભચાઉ માટે હ. ઓ. નાં. ૧૧૨ તા. ૧૮-૫-૪૬ વાળો તથા અંજાર શહેર માટે હ. ઓ. નાં. ૨૮૮ તથા ૨૯૦ તા. ૧૫-૧૧-૪૬ વાળા ઠરાવો થયા છે. સદરહુ ઠરાવોની અંદર અમુક શબ્દો એવા વપરાયા છે કે જેને લાધે મુસ્લીમ કોમને સંશય ઉત્પન્ન થયો છે. આ સબંધમાં મુસ્લીમ કોમની અરજ ઉપરથી સદરહુ નાં. ૨૮૮ તથા ૨૯૦ વાળા બંને ઠરાવો તથા નાં. ૧૫૨ તા. ૧૮-૫-૪૬ વાળા ઠરાવની કલમ ૧ પુરતો શિક્ષા સહીતનો ભાગ કાયમ રાખી બાકીનો ભાગ રદ કરવા તથા કચ્છ રાજ્યમાં જુના વખતથી પ્રત્યેક શહેર તથા ગામડામાં બંને કોમો વચ્ચે પરસ્પરનો એખલાસ જળવાય તથા કોઇની લાગણી ન દુખાય તેવી રીતે જે વર્તાવ ચાલ્યો આવે છે તે પ્રમાણે વર્તવા ખુદાવિંદ મહારાજાશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

મીતી પ્રથમ શ્રાવણ શુદ ૫ બુધવાર શ્રાં. ૨૦૦૪. તા. ૨૩મી જુલાઇ ૧૯૪૭.

Tribhovandas J. Raja,
Dewan Kutch.

હ. ઓ. નાં ૨૧૫

ઠરાવ

રા. રા. અમૃતલાલ વિશ્રનજી મહેતા કે જેઓ એડીશનલ કંન્ટ્રોલરની કામગીરી ઉપરાંત ડિસ્ટ્રીક્ટ અને સેસન્સ કોર્ટના સ્પેશીયલ જડજના કામગીરી કરે છે, તમને શ્રાં. ૨૦૦૪ના પ્રથમ શ્રાવણ સુદ ૩થી સ્પેશીયલ કામગીરી ચાલતા સુધી રૂ. ૫૦ પચાસ માસિક એલાઉન્સ આપવા ખુદાવિંદ મહારાજાશ્રી હજુર સાહેબ હજુરથી ફરમાન થયું છે.

મીતી પ્ર. શ્રાવણ સુદ ૭ ગુરવાર શ્રા. ૨૦૦૪ તા. ૨૪-૭-૪૭.

J. J. Ashar,
ફોર દીવાન કચ્છ.

ઠરાવ.

હ. ઓ. નાં. ૨૨૨

પોલીસ ખાતેથી નાં. ૧૫ તા. ૨૯-૧૦-૪૬વાળાથી થએલ ભલામણ ધ્યાનમાં લઇ રા. ફોજદાર પ્રબોધચંદ્ર ચંદુલાલ માકડને એક વરસના પ્રોબેશન પર માસીક કોરી ૪૫૦ના પગારથી પોલીશ ઇન્સ્પેક્ટરની જગાએ નીમવામા આવે છે.

તેમને કન્વેયન્સ એલાઉન્સ માસીક કોરી ૭૫ મળશે.

ઉપર પ્રમાણે ખુદાવીંદ મહારાજાશ્રી હજુર સાહેબ સવાઇ બહાદુરનું ફરમાન થયું છે.

મિતી- પ્રથમ શ્રાવણ શુદ ૭ ગુરૂવાર શ્રાં, ૨૦૦૪. તારીખઃ ૨૪-૭-૪૭.

J. J. Ashar,
I/c દિવાન કચ્છ.

ઠરાવ.

હ. ઓ. નાં. ૨૨૦

રાજેશ્રી નાનાલાલ ખુદાવિંદ મહારાજા શ્રી હજુર સાહેબના કોન્ફીડેન્સીયલ કલાર્ક તરીકે લાંબી મુદતથી કામ કરે છે, તેઓની નોકરીની કદર જાણી તેમને મળતા દરમાયામાં કોરી ૨૦૦ બસોનો વધારો કરી માસિક પગાર કોરી ૫૦૦ પાંચશો કરી આપવા ખુદાવિંદ મહારાજા શ્રી હજુર સાહેબે ફરમાન કર્યુ છે.

પ્રથમ શ્રાવણ શુદ ૮ શુક્રે શ્રાં. ૨૦૦૪

તા. ૨૫-૭-૪૭.

J. J. Ashar,
ફોર દિવાન – કચ્છ.

જયુ. જા. ના. ૩૩૪૫. ઠરાવ.

ભુજ ડીસ્ટ્રીકટ તાબે ગામ નાગીઆરીમાં રહેતા બાફણો ગુન્હેગાર કોમના સખ્સો હોઇ પોલીસ રૂલ્સની કલમ ૨૧ અન્વય તેઓ વિરૂધ્ધ ગુન્હા સાબીત થયા હોય નહિં તોપણ તેઓના નામ શકદારના લીષ્ટમાં રા. સ. પોલીસ કમીશ્નરના હુકમથી દાખલ થઇ શકશે. અને તેવા સખ્સોએ પોલીસ રૂલ્સની કલમ ૨૨ માં જણાવ્યાં પ્રમાણે હાજરી આપવી તથા ગામ છોડી પર-ગામ જવું હોય ત્યારે યોગ્ય અમલદારની પરવાનગી મેળવવી.

કોઈ સખ્સ મુકરર થએલ નિયમથી વિરૂધ્ધ વર્તન કરશે તો તે સખ્સ ઉપર કચ્છ ફોજદારી કાયદાની કલમ ૧૮૪ મુજબ કામ ચલાવી ગુન્હો સાબીત થયેથી તે કલમ અન્વય શિક્ષા કરવામાં આવશે.

મીતી, પ્રથમ શ્રાવણ સુદ ૯ શનિવાર શા. ૨૦૦૪. તા. ૨૬-૭-૧૯૪૭.

જે. જે. આશાર.
ફોર. દિવાન, કચ્છ.

જયુ. જા. નાં. ૩૧૪૭. ઠરાવ.

સ્કોલરશીપ સીલેકશન બોર્ડ નાં ૪ તા: ૯-૭-૪૭. થી થઇ આવેલ ભલામણ પ્રમાણે નીચે જણાવેલ સ્કોલરોને આપવામાં આવતી સ્કોલરશીપ જેનો મુદત શાં. ૨૦૦૪ ના રોજ અશાડ સુદ ૩ ના રોજ પુરી થએલ હોઇ સદરહુ સ્કોલરશીપો જેને તેને મુદત પુરી થયાની તારીખથી વિશેષ એક વરશ માટે ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે:-

૧. હાયર સ્ટડીઝ સ્કોલરસીપ રૂા. ૧૫ ની રતીલાલ ઓંકારલાલ વોરાને બી. એ ના અભ્યાશ વાસ્તે.
૨ હાયર સ્ટડીઝ સ્કોલરશીપ રૂા. ૧૫ ની હરીલાલ મગનલાલ વૈદને બી. એ. ના અભ્યાશ વાસ્તે.
૩ ટેકનીકલ સાયન્શ સ્કોલરશીપ રૂા ૨૦ ની જે. વીનોદરાય તનસુખલાલ વૈષ્ણવને મળતી તે સ્કોલર મજકુર નાદુરસ્ત તબીયતને કારણે ચાલુ વર્ષે અભ્યાશ કરવા માંગતો ન હોવાથી ખાલી પડેલ છે. તે સ્કોલરશીપ રૂા ૨૦ ની જાડેજા જુવાનસીંહ શીવુભાને બી. એ. ના અભ્યાશ વાસ્તે શાં. ૨૦૦૪ ના અશાડ સુદ ૩ થી એક વર્ષ માટે અભ્યાસનું સર્ટીફીકેટ અને રાજયની નોકરી કરવાના એગ્રીમેન્ટથી રજુ કરેથી આપવી.
૪. એગ્રીકલ્ચરલ રૂા ૩૦ ની સ્કોલરશીપના બે વિભાગ કરી રૂા. ૧૫ની એક એમ બે સ્કોલરશીપો શાં. ૨૦૦૪ ના અશાડ શુદ ૩ થી એક વર્ષ માટે અભ્યાસનું સર્ટીફીકેટ અને કચ્છ રાજયમાં નોકરી કરવાનો એગ્રીમેન્ટ રજુ કરવાથી નીચેના સ્કોલરોને આપવી :-
   ૧. કમલકાંત પ્રભુશંકર શુકલને રૂા. ૧૫ ની બી. એ. ના અભ્યાસ વાસ્તે.
   ૨. જનકરાય પ્રાણશંકર પંડયાને રૂા. ૧૫ ની બી. એ. ના અભ્યાશ વાસ્તે.
૫. ચાલતી સાલે પ્રીમેલ ટ્રેનીંગ સ્કોલરશીપ વાસ્તે કોઇની અરજી આવેલ ન હોઇ સદરહુ રૂા ૨૫ ની સ્કોલરશીપ બી કોમના અભ્યાસ વાસ્તે ફેરેન્દ્રરાય શીવપ્રશાદ વોરાને શાં. ૨૦૦૪ ના અશાડ શુદ ૩ થી એક વર્ષ માટે અભ્યાસનું સર્ટીફીકેટ તથા કચ્છ રાજયની નોકરી કરવાનો એગ્રીમેન્ટ કરી આપેથી આપવી.
૬. મહારાઓ શ્રી ખેંગારજી મેમોરીયલ સ્કોલરશીપ રૂા. ૨૦ ની મંજુરીછે તેમાંથી રૂા. ૧૨ ડેરા ઉમર મુસફને આપવામાં આવે છે. સ્કોલર મજકુરની આર્થીક સ્થિતી નજરે સાં. ૨૦૦૪ ના અશાડ શુદ ૩ થી રૂા. ૧૨ ને બદલે રૂા. ૨૦ બી એ. ના અભ્યાસ વાસ્તે આપવી
૭. પ્રતાપસંગજી આર જાડેજાને મહારાઓ શ્રી ખેંગારજી સ્કોલરશીપ રૂા. ૩૦ મળે છે તે મુદત પુરી થવાની તારીખથી અભ્યાસનું સર્ટીફીકેટ રજુ કરે વિશેષ એક વર્ષ સુધી ચાલુ રાખવી.
૮. જયુ. જા. નાં ૧૮૯ તા: ૮-૧૧-૪૬. થી મંજુર થએલ રૂા. ૨૦ ની મહારાઓ શ્રી ખેંગારજી મેમોરીયલ સ્કોલરશીપ નીચેના વિદ્યાર્થીઓને વિશેષ એક વર્ષ માટે ચાલુ રાખવી:-
   ૧. ત્રોપાઠી નર્મદાશંકર પ્રાણશંકર બી. એ. ના અભ્યાશ માટે. એજ.
   ૨. ભટ્ટી ઓશમાન હશન. એજ.
   ૩. દવે પ્રમોદચન્દ્ર ખરાશંકર. એજ.
   ૪. સલાટ ગોપાલજી જેરામ.

૫. વ્યાશ જયશુખલાલ ભવાનીશંકર. એજ.
૬. અયાચી નરશંગજી રવાજ. એજ.
મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી અંજાર કોર્ટ
નાં. ૫૪૮–૫૪૯
ખા. દી. કામ નાં. ૬૧ ૨૦૦૩

મીસ્ત્રી હરીલાલ રાજા કુંભારીઆ વાદી
વિરૂધ્ધ
મીસ્ત્રી પુંજા ગોવાની વારસ વિધવા રામુબાઇ ગોવીંદ વી. નાગલપુર } પ્રતિવાદી
બાબત–લેણાનો

નીચે લખ્યા નામ ત્યા ગામવાળાઓને માલુમ થાય જે આ કામનાં વાદીએ તમારાપર દાવો કર્યો છે. તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અંદર કોર્ટનાં ટાઇમે હાજર થજો. નહિતર મુદત વીતે કાયદેસર કરવામાં આવશે.

પ્રા. શ્રાવણ શુદ ૪ સોમે સા. ૨૦૦૪
તા. ૨૧–૭–૪૭

મીસ્ત્રીપુંજાગોવાનીવારશ વિધવા રામુબાઇ ગોવીંદ નાગલપુર } જીવરામ જાદવજી
મીસ્ત્રીકલ્યાણજીવીરા ખંભરા } મે રા.અજારન્યાયાધીશ શા. હુ. થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
સ્થાવર મિલકત જપ્ત કરવા બાબતનો હુકમ નાં ૨૩૫૪
શ્રી ભચાઉ અદાલત
તામીલ નંબર ૧૨૫ સંવત ૨૦૦૩

ઠા. પોપટ નામજી રે. ભચાઉ વાદી
ફરીયા નેણસી સાંયા વી. રે. મુંબઇ પ્રતિવાદી
દાવો તામીલ થવા

મુંબઇ મધે પ્રતિવાદી નીચે લખ્યા ને એવો હુકમ કરવામાં આવે છે કે, સંવત ૧૯૯૪ ની સાલના નંબર ૩૬ ના દીવાની દાવામાં વાદી ની તરફમાં કોરી ૪૩૪૦ નું હુકમનામું તમારા ઉપર સવત ૧૯૯૪ માસ ફાગણ વીદ ૧૩ ના રોજ કરવામાં આવ્યું છે તે તમે પુરૂં કર્યું નથી માટે આ અદાલતના બીજો હુકમ થતાં સુધી આ સાથે જોડેલા યાદમા બતાવેલી મિલકત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમોને આ લેખથી મનાઈ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ મીલકત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતીબંધ છે એમ સમજવું.

મીલકતનું લીષ્ટ

૧ જગ્યા ૧ ભચાઉ મધે
૨ વાડી ૧ મીઠી
૩ વાડી પાસોડા વાળી
૪ ખેતર કાછવાળું
૫ ખેતર બથવાળું
૬ ખેતર બથવાળું બીજું

ફરીયા નેણશી સાંયા
ફરીયા લખમશી સાંયા

મિતી પ્રથમ શ્રાવણ સુદ ૧૧ સોમે સાં ૨૦૦૪

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ

મહારાજા ધીરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભચાઉ અદાલત
સં નાં ૧૨૧૧
દી. દાવાનો નંબર ૯૯ સંવત ૨૦૦૩

ફટક ભુરા રવા વી. ભચાઉ વાદી.
ઠા. શીવજી દેવકરણ વી. આણંદ પ્રતિવાદી.
દાવો જગ્યા છોડાવવા

ગુજરાત રહેનાર ફટક પાંચા શીવજીને માલુમ થાય જે વાદીએ તમારા ઉપર જગ્યા છોડાવવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સમન છપાયાની તારીખથી રોજ ૧૫ ની અંદર સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ તમા-

રી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરી-આત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામા આવે છે કે જો ઉપર લખેલ દીવશે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માંગે છે તે. તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ પ્રા. શ્રાવણ વીદ ૬ વાર ગુરૂવાર સંવત ૨૦૦૪

Narottam D. Mehta,
ભચાઉ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ. નાં ૧૨૧૨

શ્રી ભચાઉ અદાલત

દી. દાવાનો નંબર ૧૨૫ સંવત ૨૦૦૪

શમા કોરશી વેરશી વી. ભચાઉ વાદી
નંદુ કરસન રણધીર વી. મુંબઇ પ્રતિવાદી

દાવો જગ્યા છોડાવવા

મુંબઈ રહેનાર નંદુ કરશન રણધીરને માલમ થાય જે વાદીએ તમારા ઉપર જગ્યા છોડાવવા બાબત દાવો કર્યો છે માટેત મને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સમન છપાયાની તારીખથી રોજ ૧૫ ની અંદર તે રોજ સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવા નો જવાબ આપવા સારુ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધિકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમા મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમા જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ પ્રા. શ્રાવણ વીદ ૬ વાર ગુરુવાર સંવત ૨૦૦૪

Narottam D. Mehta.
ભચાઉ ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી. ઇ.

શ્રી રાપર દી કોર્ટ.

મેતા સરૂપચંદ જીવરાજ લોદ્રાણી વાદી
રબારી દેવશી વશા લોદ્રાણી પ્રતીવાદી

દાવો લેણાં બાબત

પારકર તાબે સુખપરના રબારી ગોવા વશાને માલમ થાય જે આ વાદીએ તમારા પર કોરી ૮૦૦) મળવા દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં સં. ૨૦૦૪ના બીજા શ્રાવણ શુદ ૧૧ ભોમવારના રોજ હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

પ્રથમ શ્રાવણ સુદ ૬ બુધવાર સં. ૨૦૦૪.

પ્રભુરામ જેઠાભાઈ,
રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજમિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દીવાની કોર્ટ

ખા. દી. ના. ૩૧ ના. ૨૫૭ ૨૦૦૩

ઓરીચા રામજી ઊકા. ગાગોદર વાદી
કોલી. સુરા આણુદા- વી. સીંધ પ્રતીવાદી

દાવો ખેતર નદીવાફ તલવાડી કુંભાર ખડીવારી તો કબજો મળવાના ખર્ચની કો. ૫૪ મળવા

સીંધ હૈદ્રાબાદ મધે કોલી સુરા આણુંદાને માલમ થાય જે આ વાદીએ તમારા પર જેઠ વીદ ૩ સા. ૨૦૦૨ વાલા ઠરાવ પ્રમાણે ખેતર તથા વાડાનો કબજો મળવાના ખર્ચની કો. ૫૪ મળવા તામીલ દરખાસ્ત રજુ કરી છે માટે આ નોટીસ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ની અદર વાદી ના લેણાની તામીલ કરી પહોંચ રજુ કરજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

મીતી. પ્રથમ શ્રાવણ સુદ ૯ શનીવાર ૨૦૦૪

ચુનીલાલ હરજી.
મે જો. રાપર ન્યાયાધીશ શા.
ના. હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નંબર ૫૬૭૦.

ગ્યા. દી. તા. કામ નંબર ૮૬૨ સં. ૨૦૦૩.

શ્રી રાપર દીવાની કોર્ટ

મતા કેશવલાલ દેવસી સગીરની વાલીમા
ચતુરીબાઇ મોડ વાદી
ઠ. ટોકરશી પાનાચંદ વીગેર મોડ પ્રતિવાદી

ઠરાવ મુજબ જગ્યા અર્ધ મળવા તથા ખરચની કોરી મળવા

નીચે લખ્યાં નામો વાલા શખ્સને માલુમ થાય

જે આ કામનો ફેસલો નં. ૫ સં. ૧૯૯૭ના પ્રથમ વૈશાખ શુદ ૧૫ના રોજે થયો છે તે ઠરાવ મુજબ વાદી તામીલ કરાવવા દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી રોજ ૧૫ તામીલ કરાવવા દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી રોજ ૧૫ ની અંદર તામીલ કરી પોચ રજુ કરજો નહીંતર કાયદેસર કરવામાં આવશે.

૧ ઠ. વાલજી પાનાચંદ વારઇ
૨ ઠ. હરજી પાનાચંદ કરાચી

પ્રથમ શ્રાવણ શુદ ૧૨ ભોમે શં. ૨૦૦૪.

લક્ષ્મીદાશ ગોપાલજી ઠકર,
મે. રાપર ન્યાયાધીશના હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઈ.

શ્રી અબડાસા અદાલત

દાવાનો નંબર ૪૮ સંવત ૨૦૦૩.

ભા. વાલજી લધા સાંધાણુ વાદી
ગજણ ચીના દેવા એજ પ્રતિવાદી

દાવો નુકશાનીનો

સાંધાણના રહેનાર સાહી ઉમર ૪શુના ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર ભેલની નુકશાની કોરી ૨૮૦) મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સં. ૨૦૦૪ બી. શ્રાવણ વીદ ૧૦ બુધવારને રોજ સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલત ના જે વકીલને યોગ્ય રીતે અધીકાર આપેલા હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલ ના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે યોગ્ય રીતે આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ શાથે મોકલાવજો.

મિતિ પ્ર. શ્રાવણ વીદ ૨ વાર શોમ સં. ૨૦૦૪

S. D. Rana,
અબડાસા ન્યાયાધીશ.

૨૬૨૭ **જાહેર ખબર.**

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના પાઠક લાભશંકર મણીશંકરે ભુજના રજપુત સમક્ષના નાતના પટેલો હજુરી વાગજી સામત તથા પરમાર રામજી લખુ તથા રસુભાઇ રામજી તથા રાઠોડ મુળજી રામજીએ ભુજના પાઠક લાભશંકર મણીશંકરને મતેથી ડેલો ૧ ભુજ મધ્યે મહાદેવના નાકા નજીક વંડી ફલીયામાં છે તે કોરી ૧૫૦૦ પંદરશોમાં અધાટ લેતાં તેના દસ્તાવેજ છાપો થવા માટે રજુ થયા છે માટે આ ડેલા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીલા બાદ કોઇનું કંઇ નહી સાંભળતા છાપા થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

પ્ર. શ્રાવણ વીદ ૧૦ સોમે સાં ૨૦૦૪

M. M. Mehta
ભુજ વહીવટદાર

૨૬૨૮ **જાહેર ખબર**

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના રજપુત સમક્ષના નાતના પટેલો હજુરી વાગજી સામત તથા હજુરી પરમાર રામજી લખુ તથા રાઠોડ રસુભા રામજી તથા રાઠોડ મુળજી રામજીએ ભુજના પાઠક લાભશંકર મણીશંકરને મતેથી ડેલો ૧ ભુજ મધ્યે મહાદેવના નાકા નજીક વંડી ફલીયામાં છે તે કોરી ૧૫૦૦ પંદરશોમાં અધાટ લેતાં તેના દસ્તાવેજ છાપો થવા માટે રજુ થયા છે માટે આ ડેલા ઉપર કોઇનું કંઇ લેણું હક હીશો હોય તેમણે ૧ માસની અંદર આંહીની કચેરીએ આવી જાહેર કરવું મુદત વીલા બાદ કોઇનું કંઇ નહિ સાંભળતા છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવશે.

પ્ર શ્રાવણ વીદ ૧૦ સોમે સાં ૨૦૦૪

M. M. Mehta
ભુજ વહીવટદાર

જાહેર ખબર.

શરવ લોકે ને ખબર આપવામાં આવેછે કે મુંદરા પાંજરા પોળ ના વહીવટ કરનાર ઠા. નરશી નારણ ના ધનીક નામથી ખોજા લધુમાઇ અબદલા પાશેથી જગ્યા ૧ બારઇવાલા નાકા બહારની શાં ૧૯૭૦ના માગશર સુદ ૩ ના દસ્તાવેજથી કોરી ૪૮૭૦ માં અધાટ હમીરાવાર વેચાણ રાખેલ છે તેને છાપો થવા દસ્તાવેજ અહી આવેલ છે માટે આ જગ્યામાં કોઇનો કાંઇ હક હીશો હોય તો તે એક માશામાં આંહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું મુદ્દત વીતે છાપો થવા જશે ઘટીત કરવામાં આવશે

પ્રા. શ્રાવણ વીદ ૪ ભોમે ૨૦૦૪.

Harilal Somji
મુંદરા વહીવટદાર

જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે કોટેશ્વર બંદરના ભુતેવાલી રેલ તથા કારી છોડની રેલ વીગેર દરીઆઇ રેલમાં છુટક લાકડાં વોટર પોલીશ તરફથી ભુટાઉના જત અલીમામદ શાંવલા પાસેથી મહેનતાણાં બદલ અડધ ભાગ પર કાઢાવવામાં આવતાં

નીચે લખી જિતે લાકડા નંગ ૭ શાત કીમત કોરી ૧૩૫૦) એક હજાર ત્રણસો પચાશનાં યોગ્ય વ્યવસ્થા થવા રા. માડવી વોટર પોલીશ ઇન્સ્પેકટર સાહેબનાં શેરા નંબર ૯૧૯ પ્રથમ શ્રાવણ શુદ ૮ શુક્રે શા. ૨૦૦૪થી આવેલ છે માટે આ માલ જેના હોય તેણે અહીંની કચેરીએ એક માસની અંદર હાજર થઇ ખાત્રી પુરાવા સહીત જાહેર કરવુ નહાતર મુદત વીતે ત્રી કરજાર ખાલશા કરવાની યોગ્ય વ્યવસ્થા થશે.

૨૦૦) લાકડો જંગલી નંગ ૧ લાંબો હાથ ૧૧ પહોળો ફુટ ૩ા કીમત કોરી બેસો આશરે

૨૦૦) લાકડો જંગલી નંગ ૧ લાંબો હાથ ૧૧ પહોળો ફુટ ૩ા કીમત કોરી બેશો આશરે

૨૦૦) લાકડો જંગલી નંગ ૧ લાંબો હાથ ૮ પહોળો ફુટ ૩ા કીમત કોરી બેશો આશરે

૨૦૦) લાકડો જંગલી નંગ ૧ લાંબો હાથ ૧૨ પહોળો ફુટ ૩ા કીમત કોરી બેશો આશરે

૨૦૦) લાકડો જંગલી નંગ ૧ લાંબો હાથ ૧૦ પહોળો ફુટ ૩ા કીમત કોરી બેશો આશરે

૨૦૦) લાકડો જંગલી નંગ ૧ લાંબો હાથ ૮ પહોળો ફુટ ૩ા કીમત કોરી બેશો આશરે

૧૫૦) લાકડો જંગલી પકાતા બડા નંગ ૧ લાંબો હાથ ૭ પહોળો ફુટ ૧ જેની કીમત એકસે પચાશ

૧૩૫૦) એ રીતે.

શા. ૨૦૦૪ના ૫. શ્રાવણ વિ૦ ૪ બોમવાર

લાલજી જગરામ

લખપત મહાલદાર

જાહેર ખબર.

આથી સર્વ લોકાને ખબર આપવામા આવેછે કે છાડબેટના હજારદાર તરફથી છાડબેટમા ચરતી ગાયો જીવ ૧૫ પંદર તથા વોડા જીવ ૨ બે તથા ઊઠડા જીવ ૧ એક મળી જીવ ૧૮ અઢાર હાથે કરી તેને અહીના ડબામાં રાખતા પ્ર. શ્રાવણ શુદ ૨ શની શા. ૨૦૦૪ ની મોતીવાળા રીપોર્ટ સાથે ગૈયાળ તરીકે રજુ કરેલ છે જે પૈકી ગાયો જીવ ૧૫ પંદર તથા વોડા જીવ ૨ બે મળી જીવ ૧૭ સતરના માલીક પાધરા થઇ અહીના કચેરીએ હાજર થઇ ખાત્રી પુરા આપી ડબા દંડ ખાઇ ખરચ નુકશાના વીગેરે ચુકાવી લઇ જવેલ છે બાકી ઊઠડી જીવ ૧ એક નીચે લખ્યા નીશાન વાળા અહીના ડબામા ગૈયાળ તરીકે રહેલ છે વાસ્તે સદરહુ ઊઠડા જેની હોય તેણે આ જાહેર નામાના તારીખથી એક માસના અંદર અહીની કચેરીએ હાજર થઇ સદરહું ઊઠડી પોતાની છે તેવા ખાત્રી પુરાવા આપી દંડા ખાઇ ખર્ચ તથા નુકશાની વીગેરે ચુકાવી લઇ જવી મુદત વીતે શ્રી કચ્છ દરબાર દાખલ કરવામાં આવશે પાછળથી કોઇનો હેક ઇલાકો રહેશે નહી.

૧. ઊઠડા જીવ ૧ એક રંગે સાદ કેચી ધાગવા બંને ગાલો પર કુનર ઉ. ૨. ૮. આસરે કિમત કોરી ૩૦૦) ત્રણસો આશરેની.

મતી પ્ર શ્રાવણ શુદ ૯ શની શા. ૨૦૦૪.

છાંયા નાંભુવનલાલ વજેશંકર,

ખાવડા થાણદાર.

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છપાવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બહાલી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર મેરાઉના જાડેજા રાયસંગજી હાજાજીની પરમ પત્ની બાઇ લીલાબા જત આથી સર્વે લોકાને ચેતવણી આપું છું કે મારા પતી તદન ભોળા સ્વભાવના અને મંદ બુદ્ધના છે અને હાલે કેટલાક વખતથી તેમને દારૂના નશો કરવાના કુટવ પડેલ છે. અને તે સ્થિતમાં ઘણા ખટપટા અને સ્વાર્થી માણસો તેમના પાસથી નિલ્કતસર તેમજ અગાઉ બીજા અવેજી ખત ખાતાંઓ લખાવી લે છે. એટલે તેમણે હાલ લગી જે વહેવાર કરેલ છે તે કાયદેસરનો નથી અને હવેથી કોઇએ પણ તેનાથી અગાઉ ચીજ કે મીલ્કતશર કોઈ પણ જાતનો ગીરો કે વેચાણનો વહેવાર કરવા નહિ તેવો કોઈ વહેવાર કરવાના હશે તે અમે અમારી સયુક્ત સહીથી કરશું. તે સિવાય બીજી રીતે મજકુર મારા પતિથી કોઇ પણ શખ્સ તેવો કોઈ વહેવાર કરસે તો તે રદબાતલ ગણાશે અને તે માટે અમારી મીલ્કત કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહિ તેની આથી સર્વએ નોંધ લેવી.

શા ૨૦૦૪ ના અસાડ સુદ ૧૧ સોમવાર

આ નીશાની બા લીલાબાના જમણા હાથની છે સહ લીલાબાથી સહી ઉપર લખ્યા પ્રમાણે બાઇના કહેવાથી કરી છે

દ. રણછોડ અમરત

જાહેર નોટીસ

ભીરાગના શા. ખેરાજ દેવજીના તરફથી માંડવી ના વકીલ પ્રેમજીભાઇ ભવાનજી તરફથી જાહેર નોટીશ કચ્છ રાજ્ય પત્ર પુ. ૭૫ પાને ૪૪માં પ્રસીધ્ધ થએલ છે તેનો નીચે મુજબ જવાબ આપવા મુંબઇથી બનારા અસીલ લખા ઉમરશી તરફથી સુચના થએલ છે.

ખેરાજ દેવજી તરફથી જે હકીકત જાણવામાં આવેલ છે તે તદન ખોટી છે સદરહુ ખેરાજ દેવજીને અમારા અશીલે દતક લીધેલ નથી તેમજ આબારા અશીલની મીલ્કતમાં તેનો કંઈ પણ હક નથી અમારો અશીલ પોતાની મીલ્કતનો સ્વતંત્ર માલેક છે.

કચ્છી શા. ૨૦૦૪ના પ્રથમ શ્રાવણ સુદ ૮ શુક્રવાર.

માંડલીઆ સ્ટ્રીટ કચ્છ-માંડવી } ચુનીલાલ રાઘવજી માંડલીઆ બી. એ. એલ. એલ. બી.

ખાનગી જાહેર ખબર.

આથી સર્વે લોકોને ખબર આપવામાં છે કે અમારા અશીલ માંડવીનાં ઠા. ગોપાલજી હંશરાજે માંડવીની નાયકા મહેતાબજાન આદમ પાસેથી તેની નાયકા ગંગા અને તેની માતાજી લછીએ સાં. ૧૯૩૦ની શાલે અઘાટ વેચાણ લીધેલ માંડવીમાં ભડાલાપુડમાં આવેલ દક્ષણાદી મોહાડની ડેલીબંધ જગ્યાવીટાંતર વરસ ૯૯ની બંધીથી વેચાણ લેવાનુ. સાટું કરેલ છે અને તેનો દસ્તાવેજ રજીષ્ટર કરાવવાનો છે જેથી આ જગ્યા પર મારા અશીલ ની મતાંદારણ મહેતાબજાન શિવાય કોઈનું કાંઇ લેણુ લેખું ભરણ પોષણ ગીરો બક્ષીશ વારસાઈ હકક, ઈઝમેન્ટ, અગરતો કોઈપણ જાતનો હક હીસ્સો હોય તેણે આ જાહેર ખબરની તારીખથી પંદર રોજની અંદર મારી ઓફીસે આવી એવા કોઇ પણ હકકનાં આધારો હોય તો તે બતાવી પુરવાર કરી આપવું નહિતર મુદત વીત્યાબાદ એ જગ્યામાં બીજા કોઈનો કાંઇપણ હકક નથી અગર તેવા દાવાઓ ઇરાદાપુર્વક છોડી દીધેલા છે એમ માની મારા અસીલ દસ્તાવેજ રજીષ્ટર કરાવી લેશે પાછળથી એવા કોઇપણ દાવા માટે મારો અશીલ કે એ જગ્યા જવાબદાર રહેશે નહિ

શા. ૨૦૦૪નાં પ્રા. શ્રાવણ સુદ ૯ શનિવાર

કરીઆણાં બજાર માંડવી-કચ્છ. } વકીલ હરિરામનથુભાઇ ઠા.ગોપાલજીહંશરાજના વકીલ.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર ગામ કચ્છ બીદડાના શા કરમસી મોમાયા આથી સર્વને જાહેર કરૂં છું કે મે મારી દરેક પ્રકારની સ્થાવર જંગમ મીલ્કતનું વીલ મારા પોતરા ચી. ભાઇ ભવાનજી કુંવરજીના નામથી કચ્છી સાં. ૨૦૦૪ના અશાડ વીદ ૪ તા. ૭-૭-૧૯૪૭ના રોજ કરેલ છે મારો દીકરો કુંવરજી મારા કહેવા પ્રમાણે નથી પોતાની મરજીશર વરતે છે જે કારણશર મારા પોતરા ભવાનજીને મારી હરેક પ્રકારની મીલ્કતનું વીલ કરી આપેલ છે હવે મારા છોકરા કુંવરજી કરમશી સાથે કોઇ પણ માણસ કોઇ પણ પ્રકારની લેતી દેતી કરશે તેના જવાબદાર અમો કે અમારી મીલ્કત નથી અને જે કોઇ તેનાથી કાંઇ પણ લેતી દેતીનો વહેવાર કરશે તે તેના હીસાબે ને જોખમે સમજવું.

પ્ર. શ્રાવણ સુદ ૧૨ ભોમે સાં ૨૦૦૪

શા કરમશી મોમાયાની સહી દ. પોતાના

ખાનગી જાહેર ખબર.

નીરોણાના શેઠ. પેરાજભાઇ પૂજાભાઇ આથી સર્વે આલમને ખબર આપું છું કે નીરોણાની શીમના ખેતર નામે પીગોડો મોટો તથા શમકો તથા ફાચરીઓ એમ ઠામા ત્રણ નીરોણાનાં ઠા. વાલજી ભોજા વાલા પાસે વીટાંતર છે જેની બંધી હજુ પુરી થઇ નથી આ ત્રણે ઠામો રેલડીઆ લાધાજી ઉમરાજી પાસેથી શાં. ૨૦૦૩ના ચૈત્ર વીદ ૧૧ ની રીતી.નાં રજીષ્ટર દસ્તાવેજથી કારી ૧૦૦૦) એક હજારમાં બધી વરશ ૯૯ નવાણુથી વીટાંતર વેચાણ આપેલ છે. અને ઠકર વાલજી ભોજા વાલાની બધી પુરી થયે તેમના પાસેથી વિટાંતર છોડાવી મારે ૯૯ નવાણું વરસ સુધી આ ઠામો વિટાંતર ભોગવવાના છે. મારા શાંભળવામાં આવ્યુ

છે કે આ ત્રણે ઠામોપર લાધાજી ઉમરાજી પૈસા ઉપાડવાની હીલ ચાલ કરે છે પણ લાધાજી ઉમરાજીને આ ઠામો પરથી કાંઇ પણ પૈશા પાડવા હક રહ્યો નથી તેમ કોઈએ ધીર ધાર કરવી નહી અને કરશે તો તે માટે આ ઠામો જવાબ દાર થશે નહી તેવી આથી શવેને જોણ કરૂંછું.

પ્ર. શ્રાવણ સુદ ૧૩ બુધવાર શાં. ૨૦૦૪.

ઠા. પેરાજ પુજાની સહિ દાઃ પોતાના.

ખાનગી જાહેર ખબર.

હું નીચે સહી કરનાર કચ્છ રાયધણજરના ભાટીયા ઠા. દેવજી વલભદાસ જત આ જાહેર ખબરથી સર્વે લોકોને ખબર આપવામાં આવેછે કે હાલ મારી વૃધ્ધાવસ્થાના કારણે દવાદારૂ વીગેર કરાવવા માટે માંડવી ખાતે રહુંછું. રાયધણજરમાં મારી સ્વકમાઇની તેમજ વડીલો પાર્જીત સ્થાવર જંગમ મિલ્કત મારા કબજા ભોગવટામાં છે અને તેનો માલીક હું છું મને સંતતિમાં ચાર પુત્રો અને બે પુત્રી છે જેમા બન્ને છોકરીઓને તથા મારા મોટા મુરારજી તથા ઠાકરસી ને મેં પરણાવેલછે અને બે નાના છોકરા ખીમજી તથા ગોરધન દાસ હજુ કુંવારા છે અને તેઓ સગીર હોઈ માંડવીમાં અભ્યાસ કરેછે મારો મોટો છોકરો મુરારજી જે હાલે રાયધણજર મધ્યે રહેછે તે તદન ભોળા સ્વભાવનો અને મંદ બુધ્ધિનો છે એટલે તે સ્થિતિનો ગેરલાભ લઇ કેટલાક ખટપટી અને સ્વાર્થી માણસો તેને પડખે ચડેલ છે અને તેના પાસેથી મિલકતસર અગર અંગાઉં રીતે કંઇ ખતખાતા લખાવી લેવાનો પ્રયાસ કરવામાં આવે તેવો સંભવ જણાયાથી આ જાહેર ખબરથી હું સર્વે લોકોને ચેતવણી આપુંછું કે મજકુર મુરારજીએ કોઇ એ પણ અંગાઉ કે મિલ્ક તલર કોઈ પણ જાતની લેતી દેતી કે ધીરધાર કરવી નહી અને કોઈએ તેવો વહેવાર કરેલ હશે અગર કરશે તો તે માટે હું કે અમારી મિલ્કત કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહી તેની આથી સર્વેએ નોંધ લેવી

શાં ૨૦૦૪ના પ્રથમ શ્રાવણ વીદ ૧ રવિવાર

ભાટીયા ઠા. દેવજી વલભદાસ ની સહિ દા.

પોતે

☞ આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

414

KUTCH GOVERNMENT GAZETTE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[VOL 75] MONDAY 1st September 1947 [No. 6]

[પુ૦ ૭૫મું]બી.શ્રાવણ વદિ ૨ સોમવાર સંવત ૨૦૦૪ તા. ૧લી સપ્ટેમ્બર સને ૧૯૪૭ [અંક ૬]

સુચના.

આ ગેઝેટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨૪ાા અને કચ્છના ગ્રાહકો પાસેથી કોરી ૧૯ાા લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૪ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૫ ના કારતક સુદ ૨ સુધી મણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી બાહરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ બાહરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧ાા

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ની લીટી ૨ થી બીજી વાર તેનું તેજ છપાવે તો તેથી ઓછું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની સુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

415

હજુર ઓફીસ ૪૮૫૮ ઠરાવ

શેર અને સ્ટોકનો ધંધો કેટલાક શક્ષો તરફથી કરવામાં આવે છે, આ માટે જનસમુહની આર્થિક સલામતી તથા હિતને માટે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

૧. શેર અને સ્ટોકનો ધંધો કરનારાએ ધોરણસર સનંદ લેવી જોઇએ.

૨. સનંદ માટે સનદ દીઠ ફી કોરી ૧૦૦ એકસો તથા વારસીક ફી કોરી ૨૫ પચીસ લેખે લેવામાં આવશે.

૩. સનંદ વગર કોઇપણ શક્ષ શેર અને સ્ટોકનો ધંધો કરી શકશે નહિ.

૪. સનંદ મેળવનારે રા. રા. ચીફ કસ્ટમ ઓફીસર સાહેબ પાસે અરજ કરવી એટલે ત્યાંથી રીતસર સનંદ આપવા ઘટીત થશે.

૫. આ ઠરાવનો અમલ શાં ૨૦૦૪ ના ભાદરવા શુદ ૩ થી થશે.

બીજા શ્રાવણ શુદ ૧૦ સોમ શાં. ૨૦૦૪

તા. ૨૫-૮-૪૭

Tribhovandas J. Raja,
DEWAN

જાહેર ખબર.

રાજકોટથી પાસપોર્ટ ઓફીસરના નં. K K/5-44 તા ૬-૮-૪૭ થી નીચે પ્રમાણેનો એકસપ્રેસ લેટર આવેલ છે તે સર્વની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

તા. ૨૨-૮-૪૭

K. V. Bhatt
સેક્રેટરી

Express Letter.

From Pasport Officer, Kutch & Kathiawar.
To The Dewan, Kutch.
No K K/5-44

Rajkot, the 6th August, 1947.

Applications from Indians who wish to migrate to British Honduras.

It may kindly be brought to the notice of all applicants who wish to migrate to British Honduras that British Honduras Government are unable to consider applications to enter the Colony till investigation regarding the possibility of setting surplus West Indian Population and displaced Europeans in the Colony is over.

R. M. Trivedi.
Pasport Officer.
Kutch & Kathiawar.

શ્રી મુંદ્રા નગર સભા તરફથી

મું. ન. સ જા. ન. ૩૨૫

આ નગર સભાની વેપારી વિભાગ રજામાંથી ખાલી પડેલી જગોએ નીચેના ઉમેદવારને આ નગર સભાના સદરહુ વિભાગ રજામાં બહુમતે ચુંટાએલા જાહેર કરવામાં આવે છે.

૧ મહેતા હરિલાલ વેલજી

પ્ર. શ્રાવણ વિદ ૦)) શનીવાર શા. ૨૦૦૪

રેવાશંકર હરીશંકર વકીલ

પ્રમુખ. મુંદ્રાનગર સભા

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓ ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભુજ અદાલત નં. ૨૧૯૦

દાવાનો નંબર ૯૨ સંવત ૨૦૦૩

કણબી રામજી વાગજી સુખપર વાદી

ઠા હીરજી ખેરાજ વીગેરે કલ્યાણપુર પ્રતિવાદી

દાવો કોરી ૧૬૦૦ મળવા

કલ્યાણપુરનાં રહેનાર ઠા હીરજી ખેરાજને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૧૬૦૦ મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪નાં ભાદરવા સુદ ૪ ગુરૂને રોજ સવારનાં ૭॥ વાગતે ઉપર કરેલાં વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ અશાડ વીદ ૭ વાર ગુરૂ સંવત ૨૦૦૪.

પાઠક પુડીકરાય મહાદેવ.

ભુજ ન્યાયાધીશ. સાહેબના હુ ધી.

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભુજ અદાલત

દાવાનો નંબર ૧૫૭ સંવત ૨૦૦૩

શા વેલજી વેણીદાસ ડગાળા વાદી

વરચંદ દાના કરસન વીસામણ ડગાળા પ્રતિવાદી

દાવોઃ—ધાન માપ ૧૧૫ બીજનસ વસુલ મળવા

ડગાળાના રહેનાર વરચંદ દાના કરસન વીશામણને માલમ થાય જે વાદીએ તમારા ઉપર ધાન માપ ૧૧૫ બીજનસ વસુલ મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪ના ભાદરવા શુદ ૮ સોમવારને રોજ સવારના ૭॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર-હાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટિમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

માહી બીજા શ્રાવણ શુદ ૬ વાર શુકર સંવત ૨૦૦૩-૪

પુંડરીકરાય મહાદેવ

ભુજ ન્યાયાધીશ સાના હુથી

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દી. કોર્ટ. ના. ૫૭૮૮

ઠકર. માનશંગ. ચ.પસી. રવ. વાડી.

વેણુ. લાખા દેશરા સિંધ પ્રતિવાદી

દાવો

લેણા બાબત

સીંધના વેણુ લાખા દેશરાને માલમ થાય જે આ વાદીએ તમારા પર કોરી ૧૦૮) મળવા દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં શા. ૨૦૦૪ના ભાદરવા સુદ ૩ મંગળવારના રોજ હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

પ્રથમ શ્રાવણ વીદ ૭ શની શા. ૨૦૦૪

શા. પ્રભુરામ જેઠાભાઇ

રાપર ન્યાયાધીશ

મહારાજા ધીરાજ મીરજાં મહારાઓ શ્રી ૭ વીજયરાજજી. સાહેબ. શવાઇ બહાદુર. જી. બી. ઇ. શા. ના. ૫૭૮૯ શ્રી રાપર દીવાની કોર્ટમાં ખા. દી. ના. ૬૫ શા. ૨૦૦૧

ઠકર જાદવજી માનશંગ રાપર વાદી

દોસી ન્યાલ નીલાધર વી. ફતેગઢ પ્રતીવાદી

દાવો કોરી ૧૮૪૬॥॥ મલવાં

માંજુવાશ મધે વાધેલા ભુરભાનાં વીધવા બાઇ શાહેબ બાને માલમ થાય જે આ કામના પ્રતીવાદી તમારા પાસે કોરી૧૧૦૧ દસ્તાવેજોથી માગેછે તેકોરી તમારે

પ્રતીવાદી દેસી ન્યાત નીલાધર ને આપવી નહી તથા તે બાબતમાં તમારે જે કાંઇ જાહેર કરવું હોયતે કરવા તમો જાતે નોટીસ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી રોજ ૧૫ ની અંદર આંહી જાહેર કરી જશો નહીતર મુદત વીતે કાયદેશર થશે મીતી. પ્રથમ શ્રાવણ વીદ ૭ શુક્રવાર ૨૦૦૪

ચુનીલાલ હરજી મોરબીયા.

મે, જો. રાપર ન્યાયાધીશ. શા.ન. હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર અદાલત

શા. નાં. ૫૮૯૨

ખા. દી. દાવાનો નંબર ૨૧૩ સંવત ૨૦૦૩

કોડારી ભુરાલાલ જેઠાલાલ પળાંસવા વાદી

જોગુ ભગા રાસંગ એજ પ્રતિવાદી

દાવો

રહેનાર પળાંસવા તે હાલેસીંધ મધ્યે જોગુ ભગા રાસંગ ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૨૨૧) ચડતે વ્યાજે મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪ના આશો સુદ ૮ બુધવારને રોજ સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવ, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલ સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને

વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ બીજા શ્રાવણ સુદ ૩ વાર મંગળ સંવત-૨૦૦૪

નારાણજી પ્રાગજી ઠક્કર

મે. જો. રાપર ન્યાયાધીશ

શા હુ.થી

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી નખત્રાણા કોર્ટ.

ખા દી. તા કા. નાં. ૪૬ સાં ૨૦૦૩

જોશી વેણીલાલ વલભજી નખત્રાણા વાદી

ઠા. શંભુલાલ જેઠમલ દરશડી પ્રતિવાદી

ઠરાવ મુજબ તામિલ થવા બાબત

દરશડીનાં ઠા. શંભુલાલ જેઠમલને માલમ થાય કે વાદીએ તમારાપર ખા. દી. કા ના ૧૯ સા ૨૦૦૩ વાલો દાવો કરેલ તેનો ખુલાશો ૨૦૦૩નાં ફાગણ સુદ ૧૩ બુધેનાં રોજ આ કોર્ટથી થએલ છે તે હુકમનામા અનુસાર તમોએ તામિલ નહિ કરવાથી વાદીએ તામિલ દરખાસ્ત રજુ કરતાં આ નોટીસ પ્રસિધ્ધ થએથી માસ ૧ એકની અંદર કોરી ૨૯૨૪ની તામિલ પુરી કરાવી જશો તેમાં કસુર થશે તો કાયદેસર કરવામાં આવશે.

મીતી શ્રાવણ સુદ ૪ ભોમે સા ૨૦૦૪.

જયંતીલાલ મયાશંકર

મે. નખત્રાણા ન્યાયાધીશ સા. હુ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી નખત્રાણા અદાલત.

ખા. દી. દાવાનો નંબર ૭૧. સંવત ૨૦૦૨

રાજગોર. દયાશંકર હશરજ મરકા વાદી

રાજગોર હરીરામ ગોપાલજી વિ ભીટારા પ્રતિવાદી

દાવો વાડી છોડાવવા

ભીટારનાં રહેનાર રાજગોર કાકુ ગોપાલજીના ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર વાડી જુડકાનો અર્ધ ભાગ છોડાવવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪ ભાદરવા સુદ ૧૦ બુધવારને રોજ સવારના વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ બી. શ્રાવણ સુદ ૫ ગુરૂવાર સંવત ૨૦૦૪

જયંતીલાલ મયાશંકર

મે. નખત્રાણા ન્યાયાધીશ હુ. થી

જાહેર ખબર.

સર્વ લોકો ને ખબર આપવામાં આવે છે કે રા. ખાવડા ભોતલા મુ ના રી નાં ૨૨૪ પ્રથમ શ્રાવણ વીદ ૮ શની સા. ૨૦૦૪ વાલા સાથે ગાય જીવ ૨ એ નીચે લખ્યા ૨'૨. નીશાન વાલી ગામ ગોંડપુરની

શીમેથી ગેયાળ દબામાં રજુ થયેલ હોતાં તેનો કોઇ માલીક પાધરો ન થવાથી અ'હી મોકલાવી છે જેથી સદરહુ ગાયો જે ની હોય તેમણે આ જાહેર શ્રી કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીધ થયાની તારીખ થી એક માસ સુધીમાં ખાત્રી પુરાવો તેમજ ખાવા ખર્ચ આપી લઇ જવી નહીતર મુદત વીતે શ્રી કચ્છ સરકાર દાખલ કરવામાં આવશે

૧ જીવ ૧ વરણે ધોરી જી. વ ૫ આશરેની તેનાં બને ગાલ પર કુનચ્છે ત્યા તેના ડાબો કાન કપેલો છે કીમત કોરી ૧૫૦ આશરેની.

૧ જીવ ૧ વરણે બાકટી ઊ. વ. ૬ આશરેની નીશાન કંઇ નથી કીમત કોરી ૧૫૦ આશરેની એ રીતે

બીજા શ્રાવણ સુદ ૧ રવીવાર શા. ૨૦૦૪.

હરજી નારણજી.
ખાવડા થાણદાર ડી, સ.

-જાહેર સુચના.-

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છપાવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

આથી સર્વેને જાણ કરવામા આવે છે કે મારી અસીલ બાઇ મુળબાઈ તે કાનજી દેવરાજની વિધવા કચ્છ માંડવી તાલુકામાં બીધ ગામમાં આવેલી સ્થાવર મિલ્કત ઘર, ડેલો, ડેલી, વંડી અને ખેતરો જે તેના ધણી કાનજી દેવરાજના સયુંકત કુટુંબના એકલા સભ્ય તરીકે માલીકીના હતા તે સઘળા મિલ્કતના તેના ધણીના ગુજરી જવા પછી એકલા સંપુર્ણ માલીક છે. તે સઘળી મિલ્કત ઉપર બીજા કોઇનો પણ અધિકાર નથી. મારા અસીલના સાસુ મુળબાઈ કે કોઇ બીજાનો તે મિલ્કત ઉપર કંઇ હકકે અલાખો નથી અને જો તે ઉપરની મિલ્કતમાંથી કોઈપણ મિલ્કતનું વેચાણ કે ગીરોખત કરશે તો તે મારા અસીલને બંધન કર્તા થશે નહિ. વળી જે કોઇ શખ્સ મજકુર મિલ્કતની ઉપર નાણાં આપશે તો તે પોતાના જોખમે આપશે.

રાઉન્ડ બીલ્ડીંગ કાલબાદેવી મુંબઇ તા. ૧લી ઓગસ્ટ ૧૯૪૭ — આણંદીલાલ વાતડીયા બાઈ મુળબાઇ કાનજીના એડવોકેટ

ખાનગી જાહેર ખબર.

ત્રંબૌના મરહુમ જાડેજા સુમરાજી લાખાજી નાં વિધવા કેશાંબા તથા લીલાંબા આથી ત્રંબૌના જાડેજા શેરસી હજી તથા ભુરૂભા ભારાજી તથા શર્વ લોકોને ખબર આપીએ છીએ કે અમારા પતિ જાડેજા સુમરાજી લાખાજી ગઇ સાલમાં રામશરણ પામ્યા છે અમો પૈકી કેશાંબા સગર્ભા હતા પરંતુ ત્રંબૌના જાડેજા શેરસીંહજી શામતસીંહજી તથા ભુરૂભા ભારાજીએ પોતાની સ્વાર્થ વૃતીને વશ થઈ અમારી મીલ્કતનો વારસો પોતાને મળે અને અમો પઈકી કેશાંબાના હમેલને નુકશાન થાય તે રીતે અમારા પર જોર જુલમ અને ત્રાશ વર્તાવવામાં આવ્યો ગેર વ્યાજબી રીતે મહીનાઓ સુધી કેદ કરેલાં અને ત્રાશ અને મારકુટ કરી લગભગ ૭ મહીનાનું હમેલ પાડી નાંખ્યું આ સબંધમાં અમારા તરફથી ઘણે ઠેકાણે રાહત મળવા માટે તજવીજો કરવામાં આવી પરંતુ ઉપર જણાવેલ શખ્સો બહુજ શીરજોર અને લાગવગવાળા હોવાથી અને ગામનાં લોકો પણ તેમનાથી ત્રાશેલા હોવાથી અમને કાંઇ પણ રાહત મળી શકતી નહતી તેમ શ્રી રાજ્યના અધીકારીઓથી પણ જોઇએ તે રીતે અમે મદદ મેળવી શકયા નહી પરંતુ જેવી જેવી અમે અરજો કરી તેવી તેવી અમારી મુશ્કેલી ઓ વધતી જતી હતી છેવટે લાચારીએ અમારે હાલે દીવાની કોઝદારી કેશો કરવા પડયા છે અમારા ગરાસની પેદાશ પણ અમને મળી નથી અને બારોબાર ખવાઇ ગઇ છે એ સંયોગમાં હાલે અમે આવક બગરનાં થઇ ગયા છીએ અને તેની સાથે કાયદેશરની રાહત મેળવવા માટે અમારે દીવાની કેશો કરવા પડયા છે જે કેશો ચાલુ છે તેવા સંયોગોમાં અમારી વિશેષ કફોડી સ્થીતી થાય તે માટે જાડેજા શેરસીંહજી શામતસીંહજી તથા જાડેજા ભુરૂભા ભારાજીએ કચ્છ રાજ્ય પત્રમાં એક ખાનગી જાહેર ખબર અશાડ વીદ ૬ ભોમે શાં ૨૦૦૪ વાળી છપાવી છે જે અમારા જાણવામાં આવતાં અમારે અમારી પરીસ્થીતીનો ઉપર પ્રમાણે ખુલાશો કરવાની ફરજ પડી છે અમારી વિતક સર્વ ઠેકાણે જાહેર છે છતાં પણ આ જાહેર ખબરથી ખાસ પ્રસિધ્ધિ કરવાની ફરજ પડી છે.

જાડેજા શેરસીંહજી શામતસંગજી તથા જુરૂભા ભારાજીને અમો બને જણાની હયાતી બાદ પણ કાયદા પ્રમાણે વારસો પોંચે છે કે કેમ? તે એક શવાલ છે એમણે કરેલ કૃત્યથી કેશાંબાના હમેલ ની હત્યા કરવાથી કાયદા પ્રમાણે તેઓ વારસ થઈ શકતા નથી.

અમારી મીલકતનાં અમે અમારી હયાતી સુધી માલીક તરીકે સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકીએ છીએ અને યોગ્યતા અને જરૂરીયાત નજરે ખરા હકદારની રીતે કાયદા પ્રમાણે પૈસા પણ ઉપાડી શકીએ છીએ છતાં અમને મુંજવણમાં નાખવા અને અમારા વિરૂધ્ધ કેટલીક ગેરસમજ ઉત્પન્ન કરાવવા માટે શ્રી કચ્છ રાજ્ય પત્રમાં જાહેર ખબર છપાવવામાં આવી છે તેનો કશો અર્થ નથી તે અમને બંધન કર્તા નથી અને તે જાહેર ખબરથી ગેર શમજુતી ન થાય તે માટે આ જાહેર ખબર અમે છપાવીએ છીએ.

મીતી પ. શ્રાવણ વીદ ૭ શનીવાર શાં ૨૦૦૪
તા. ૯-૮-૧૯૪૭

બાઈ કેસાબાની સહ દઃ પોતાના

બાઈશ્રી લીલાબાની સહ દઃ બાઈશ્રી કેસાબા ના ધણીના કેવાથી

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર ગામ સામાત્રાના કણબી જેઠા કરસન વરસાણી આથી સર્વ લોકોને ખબર આપું છું કે ભુજ તાલુકાના ગામ સુખપરના કણબી રામજી તેજા હીરાણીની ધરવાલી અમરબાઈ જાદવાએ તેણીની દીકરી વેલબાઈનું સગપણ મારા છોકરા લાલજી વેરે આજથી દશ વરસ ઉપર કરેલ છે. હાલે મારા જાણવામાં આવેલ છે કે મજકુર અમરબાઇ સુખપર છોડી માધાપરમાં રહેવા ગયેલ છે અને તેણી દીકરી વેલબાઇનું સગપણ બીજે ઠેકાણે કરી ફેરા ફરવી અફ્રિકા જવા માગે છે મજકુર અમરબાઈએ મેં મારા છોકરાની વહુને કરેલ ઘરેણાં તથા કપડાં ઉતારી નાખેલ છે એટલે આ જાહેર ખબરથી સર્વને જાણ કરવાની કે કોઇ શખ્શ જ્યા લગી મારા છોકરાનું સગપણ વેલબાઇ સાથે કાયમ છે ત્યાં લગી તેની સાથે બીજે કોઈ સગપણ કરશે કે કરાવશે તે પોતાને હિસાબે ને જોખમે કરશે અને આવી રીતે નાતના કાયદાનો ભંગ કરવા બદલ ગુન્હેગાર થશે તેમજ મને થતી નુકસાની માટે જવાબદાર થશે.

સુ. સામત્રા

સિતિ પ્રથમ શ્રાવણ વદ ૧૪ ગુરૂ ૨૦૦૪

ક. જેઠા કરસનની સહી દા. પોતાના

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે મોટી રાયણનાં અમારા અસીલ કણબી સુજાજી નથુએ જોગી વીરજી કાના તથા રામજી વીરમ અને વસરામ કાના પાસેથી ગામ મોટી રાયણની ઉતરાદી સીમનો ખેતર નાગેવારી કોરી ૨૦૦૦) બેહજારમાં ૯૬) બરસની બંધીએ વટાંતર વેચાણ લેવાનો સોદો કરેલ છે તે સબંધમાં કોઇનો વરવાંધો હોય કે લેણું લેણું હોય કે બીજી કોઇ જાતનો હક હોય તો આ જાહેર ખબર છપાયાથી રોજ આઠની અંદર અમારી ઓફીસે આવી ખાત્રી કરી આપવી તે બાદ પાકો દસ્તાવેજ કરવામાં આવશે તે બાદ સદરહુ ખેતર કે અમારા અસીલ તે માટે જવાબદાર રહેસે નહીં તેની આથી નોંધ લેસો.

કચ્છ માંડવી } પ્રેમજી ભવાનજી
તા. ૧૬-૮-૪૭ } ખરીદનારનાં વકીલ

ખાનગી જાહેર ખબર.

હું મોટા આસંબીઆના શા. હીરજી પાંચારીઆ આથી સર્વે લાગતા વળગતા અને જાહેર જનતાને ચેતવણી આપું છું કે મારા ભાઈ રામજી પાંચારીઆ અને અમારા પિતા પાંચારીઆ માલશી શાં. ૧૯૯૩ની સાલે વેચાણ કરી જુદા થયા ત્યારે અમારે બંન્ને ભાઇઓને ફાળે નીચે પ્રમાણે મીલકતો આવી છે.

રામજીને ફાળે.

૧. જુની રેણુંકવાલી જગ્યા ગડા ફલીઆ માં.
૨. નવી રેણુંક જગ્યાથી ડખણાદો વાંડો.
૩. ખેતર ખંડ ૧ નામે ડુકરી
૪. ખેતર ખંડ ૧ નામે તુમી.

હીરજીને ફાળે.

૧. નવી રેહેણાંકવાલી જગ્યા ગડા ફલીઆમાં આવેલી.

૨. વરંડી ૧ વીસરાણી ફલીઆવાલી

૩. ખેતર નામે બંધ.

એ પ્રમાણેની સ્થાવર મિલ્કતોની વેંચણ કરવામાં આવી અને ગામથી દખણાદી બાજુનો વરંડો બન્ને ભાઈઓનો મજમુ રાખવા આવ્યો છે. તથા જુની રેણાક જગ્યામાં આવેલી ત્રીજોરી પણ મજમું રાખવામાં આવી. રામજીને ફાળે આવેલી મિલ્કત તેના કબજા ભોગવટામાં છે અને મારે ફાળે આવેલ ખેતર બંધ અને વીસરાણી ફલીયાવાલી વરંડી અને નવી રેણાક વાલી જગ્યા મારે કબજે છે. પરંતુ ફાળા કરતી વખતે રહેણાક જગ્યાઓ માટે ચીઠીઓ નાખવામાં આવી હતી. અને જેને ફાળે નવી રહેણાંક જગ્યા આવે તેના સાથે માતા પિતા રહે એમ નક્કી કરેલું હતું. અને નવી રહેણાંક જગ્યાની ચીઠી મારે નામે આવતાં મારા ભાગની નવી રેહેણાંક જગ્યામાં માતા પિતા મારા સાથે રહેવાનું નક્કીથયું આ ફાળા મુંબઈમાં કરવામાં આવ્યા હતાઆ ફાળા પ્રમાણે મારી માતાજી દેશમાં મારી નવી રહેણાક જગ્યામાં રહેતા હતા. અને મારા પિતા પણ મુંબઈથી આવી એ જગ્યામાં રહેતા હતા. અને હું શાં. ૧૯૯૬માં જ્યારે દેશ આવ્યો ત્યારે મારા માતા પિતા સાથેજ એજ જગ્યામાં રહયો હતો. પાછળથી મારી ઘરવાલી તથા મારી માતાજીનો મેળ નહિં ખાતાં શાં. ૧૯૯૭ની સાલે મારા ફાળાની વીસરાણી ફલીયાવાલી વરંડીમાં જગ્યા બંધાવી હું તેમાં રહેતો હતો. અને માતાજી અને મારા પિતા મારા ફાળાની નવી રહેણાંકવાલી જગ્યામાં રહેતા હતા. હાલે ગયા જેઠ વીદ ૧૪નાં મારા પિતા ગુજરી ગયા છે અને મારા માતાજી એ જગ્યામાં રહે છે. અને એ જગ્યામાં માત્ર તેમને હયાતી સુધી રહેવાનો હક છે.

શાં. ૧૯૯૩ની સાલે દેશની મિલ્કતનાં ફાળા કરવામાં આવ્યા ત્યારે અમો બન્ને ભાઈઓને નામે મુંબઈમાં હીરજી રામજી એન્ડ કંપની નામે દુકાન ચાલતી હતી તેમા માવિત્રોના ભરણ પોષણ માટે મારા પિતાજીનો બે આનાને ભાગ કરવામાં આવ્યો હતો. અને એ કંપનીમાં પિતાજીનાં નામે રૂા. ૬૦૦૦) જમા રાખવામાં આવ્યા હતા શાં. ૧૯૯૮ની સાલે હું અને મારા પિતા એ કંપનીમાંથી જુદા થયા. ત્યારે મારો પિતાના રૂા. ૫૯૦૩॥જમા હતા તે તેમણે લીધા અને રૂા. ૧૦૨૫) મેં લીધા તે લઇને જુદા થયા તે બાદ એ કંપની ભાઇ રામજીએ પોતાના દીકરા તલકશી રામજી કંપની નામે શરૂ કરી અને તે કંપનીમાં મારા પિતાના રૂા. ૫૯૦૩॥ જમા કરાવવામાં આવ્યા અને તેનું વ્યાજ બંને માવિત્રો હયાત હોય ત્યા સુધી ખાય અને બંનેમાંથી એક માવિત્ર ગુજરે ત્યારે એ રકમમાંથી અડધી રકમ અમો બંને ભાઇઓએ અડધો અડધ વેંચી લેવી. અને બંને માવિત્રો ગુજરી જાય ત્યારે આખી રકમ અડધો અડધ વેંચી લેવી એમ નકી થયેલું છે. હવે પિતાજી ગુજરી જતાં એ અડધી રકમ અડધો અડધ વેંચી લઈ લેવા માટેહું યોગ્ય કોર્ટના કાયદેશર ઇલાજ લેવાનો છું તેવીજ રીતે જે વરંડો ગામથી દખણાદી બાજુનો અમો બંને ભાઇઓનાં હાલ સુધી મજમુ ભોગવટામાં છે તેનો મજમું ભોગવટો શાંન્તીથી થઈ શકે તેમ ન હોતાં તેમાંથી અડધો ભાગ વેચાવી લેવા માટે પણ હું કાયદેશર ઇલાજ લેવાનો છું.

શાં. ૧૯૯૩ની શાલે દેશની મિલ્કતના ફાળા કર્યા ત્યારે અમો ભાઈઓમાં અને પિતા સાથે સારો સંતોષ હતો એટલે મારે ફાળે આવેલી મિલ્કતોના દસ્તાવેજો અને મારા કેટલાક હેમના દાગીના તોલા ૧૪–૧૫ આશરેના તથા શાં. ૧૯૯૩માં થયેલ દેશનો ફાળો એ બધા મારા પિતા પાસે રહેલો, અને ભાઇ રામજીને ફાળે આવેલ જુની રહેણાંકવાલી જગ્યામાં આવેલી મજમુંપણામાં રહેલી ત્રીજોરીમાં એ દસ્તાવેજો અને ફાળો તથા દાગીનાં મારા પિતા રાખતા. ભાઈ રામજી કેટલોક વખત થયા દેશમાંજ રહે છે અને હું પરદેશ રહેતો હોવાથી મારા પિતાના ગુજરવા વખતે મારી ગેરહાજરીનો લાભ લઈ એ મારા ફાળાની મિલ્કતોના દસ્તાવેજો અને દાગીના અને એ ફાળાનો કબજો રામજીએ કરી લીધેલો છે અને તેથી તેની વૃતિ બદલાઈ છે અને તેના

પાસે જમા રહેલ રૂા. ૫૯૦૩૩ પચાવી પાડવા મારી સાથે ખટપટો ઉભી કરવા લાગ્યો છે અને તે માટે મારી માતાજી કે જે ભોળા સ્વભાવના છે તેમને લાલચો આપી પોતાને પડખે લીધા છે એ દસ્તાવેજો ફાળો અને દામીનાં માટે પણ હું કાયદેશર ઈલાજ લેવાનો છું દરમ્યાનમાં આ જાહેર ખબરથી જાહેર જનતાને ચેતવણી આપું છું કે મારા ફાળાની મારા કબજા ભોગવટા અને માલીકીની મિલ્કતો ખેતર નાસે બંધ તથા વીસરાણી ફલીયાવાલી વરંડીવાલી જગ્યા તથા ગામથી દખણાદી બાજુનાં મજમુ વરંડામાંના મારા અડધા ભાગ ઉપર તેમજ મારા ફાળાની અને માલેકીની નવી રહેણાંકવાલી જગ્યા જેમાં મારી માતાજીને માત્ર હયાતી સુધી રહેવાનો હક છે તે ઉપર રામજીનાં કે મારી માતાજીના કબજામાં માત્ર દસ્તાવેજો જોઇને કોઈ કાંઇપણ ધીરધાર કરશે કે એ મિલ્કતો વેચાણ કે બક્ષિસ લેશે તો તે માટે હું કે મારી કોઇ મિલ્કતો જવાબદાર થશે નહિં તેની સર્વેએ નોંધ લેવી.

શાં. ૨૦૦૪નાં પ્ર. શ્રાવણ વીદ ૩૦ શનીવાર
૧ શા. હીરજી પાંચારીઆની સઇ દઃ પોતે

બાનગી જાહેર ખબર

મારા અશીલ માંડવીના ઠા. કાનજી વિશ્રામના વહેવટ કરનાર ઠા. મથરાંદાશ કાનજી તરફથી મળેલ સુચનાંથી સર્વ લોકોને જાણ કરવામાં આવેછે કે માંડવીનાં પોકરણાં જોશી વીઠલરૂસાદ જેષ્ટારામની વિધવાજમનાં બાઈ નારાણજી પાશેથી તેની માડવીમાં ખારવાનાં મના પાશે જેષ્ટારામ સકનજી વાલી ઉગમણી સુવાડ નીડેલીની અંદર ઉત્તરે બારણે આવેલ જગ્યાઓ બે મેડીવાલી જેની ચતુર દીશા આ નીચે બતાવવામાં આવેલી છે તે જગ્યાઓ તેનાં પાશેથી વીટાંતર વર્ષ ૬૬ નવાણુંની બંધીએ વેચાણ લેવાનોસોદો ગઈ કાલે કરેલોછે એજગ્યાનાં મુળ દસ્તાવેજો પોતાનાં હાથથી ઉતરી ગયાછે એમ મજકુર જમનાંબાઇનું કહેવું છે જે થી સદરહુ મીલ્કતો શર કોઇનું ગીરો બક્ષીશ વેચાણ વારશા ભરણ પોશણકે બીજી કોઇ પણ રીતનો કાંઇ હક્ક હીશ્શો હોય તો તેણે આ જાહેર ખબર પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસની અંદર અમારી ઓફીશે જેકાંઈ દસ્તાવેજ આધારો હોયતે સહિત આવી સાબીત કરી આપવુંજો એ મુદતની અંદર કોઇનાં તરફથી કાંઇ પણ જાહેરાત કરવામાં નહિં આવે તોએ મીલ્કતો શર કોઇનો કાંઈ પણ હકક નથી અગર તો એવો હકક તેણે ઈરાદા પુર્વક છોડી દીધેલો છે એમ ગણીને મારા અશીલ મજકુર જમનાં બાઇ પાશેથી પાકો દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઇ પણ શખ્શ પોતાનો હકક કે દર દાવો કરશે તેનાં માટે આ જગ્યાઓ કે મારા અશીલ ઉપર કશી જવાબદારી રહેશે નહિં તેની આથી નોંધ લેવી.

૧. ડેલીની બાજુમાં આવેલ જગ્યાની ચતુર દીશા.—

૧. ઉગમણી બાજુ રાજમાર્ગ છે
૨. આથમણી બાજુ પોકરણાં નંદીબાઇ રહેછે તે જગ્યાછે.
૩. દખણાદી બાજુ અમારી રહેણાંક જગ્યાઓછે તે તરફ પછીત પડેછે.
૪. ઉત્તાદી બાજુ ફળીઓછે.

૨. ડેલીની અંદર મેડીવાલી જગ્યાની ચતુર દીશા.—

૧. ઉગમણી બાજુ નંદીબાઇ રહે છે તે બીજી જગ્યાછે
૨. આથમણી બાજુ અમોને મથરાદાશ કલ્યાણજી પાશેથી આડે આંકે આવેલ જગ્યાછે
૩. ઉત્તાદી બાજુ ફળીઓ છે
૪. દખણાદી બાજુ અમારી રહેણાંક જગ્યાઓ તરફ પછીત પડે છે

તીતી:— બીજ શ્રાવણ સુદ ૪ બુધવાર
શા. ૨૦૦૪
કચ્છ- માંડવી. } હરીરામ નથુભાઇ
તા. ૨૦.૮.૧૯૪૭. } કોઠારી.
ખરીદનારનાં વકીલ

ખાનગી જાહેર ખબર.

હું સદાશીવ અપાજીરાવ ભોંસલે રત્નાગીરી જીલ્લાના ગામની પુટરા વાલાની વીધવા સુંદરાબાઇ બળવંતરાય ખાનવીલકર આ

નોટીશથી સર્વને જાણ કરૂં છું કે;

કચ્છ ભુજના ઠ. રવજી ગોવીંદજીને અમારી કચ્છ મધેની મીલકતને અંગે લેતીદેતી વૈવટ વ્યવસ્થા કરવાનો મેં સં. ૨૦૦૩ના કારતક માશમાં તા. ૨૭-૧૨-૪૬ રવીવારના રોજે જનરલ પાવર આપેલ છે જે પાવર કેટલાક સંયોગો વસાત પ્રથમ શ્રાવણ શુદ ૧૫ થી મેં રદ કરેલા છે અને તે બાબત ઠ. રવજી ગોવીંદજીને પણ લખીત નોટીશથી જાણ કરેલ છે અને આ જાહેર ખબરથી શર્વ લોકોને જાણ કરૂંછું કે આ પાવર મેં ઠ. મજકુર પાસેથી ખેંચી લઈ રદ કરેલ છે જેથી હવે એ પાવરને આધારે અમારી કચ્છ મધેની મીલકતને અંગે ઠ. રવજી ગોવીંદજીથી કોઈએ લેતીદેતી કે બીજો વહેવાર કરવો નહીં અને તે છતાં કોઇ આ મારા રદ જાહેર કરેલા પાવરના આધારે કાંઇ લેતી દેતી કે વહેવાર કરશે તે મને કે મારી મીલકત તે બંધનકારક થશે નહીં જે આથી સર્વને જાણ કરૂં છું એજ.

મિતી બીજ શ્રાવણ શુદ ૬ સુક્રે સં. ૨૦૦૪ તા. ૨૨-૮-૧૯૪૭

સદાશિવ આપાજીરાવ ભોંસલેને વીધવા સુંદરબાઇ બળવંતરાયની સહી દ. પો ૧ાના.

ખાનગી જાહેર ખબર

લીઃ બંદર માંડવી ના વોરા જીવનજી જાફરજી લોખંડવાલા જત આથી સર્વે લોકોને ખબર આપવામાં આવેછેકે અકબરઅલી આદમઅલીને અમારા નામથી દેશ પરદેશમાં કાંઇ પણ લેતી દેતી કરવી નહિ અને કરશે તેના અમો જવાબદાર નથી. અને જે કરશે તેના હીશાબે અને જોખમે કરે.

લીઃ આદમઅલી
મહમદઇલાઇ

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર ભુજના ઉપાધ્યાય નંદશંકર અંબાશંકર આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને ખબર આપું છું કે અમારા કરમ ભાગની આવગી આલીકીની જગ્યા ૧ શ્રી ભુજ મધે શોની ફલીયામાં વાલજી ગોરવાલી તરીકે ઓળખાતી નીચે લખી ચતુરદીશાવાલી અમે ભુજના લાટ હરીલાલ મણીશંકરને વેચાણ આપવાનું લાટુ કરેલ છે ને એ જગ્યા ડેલીબંધ અમારા વડીલ હરીરામ પ્રભુરામ પાસે લીલામમાં એ જગ્યાના કબજા તથા તેના અઘાટના ખત છાપા સહીત વેચાણ આવેલ છે જેના દસ્તાવેજો પૈકી નીચે લખી તારીખ શાલ વાલો પેટા દસ્તાવેજો અમારા ઘરમાં જોતા હાલે અમારા ઘરમાંથી ક્યાંક ગેરવલે થઈ ગયેલ છે તેની વીગત

૧ ખત ૧ અઘાટનો શાં ૧૭૬૧ના જેઠ વીદ ૬ના રોજનો કોરી ૩૫૦ નું
૨ ખત ૧ શાં ૧૯૩૫ના કારતક વીદ ૧૦ના રોજનો આડા આંકનો
૩ ફાડા લખત ૧ શાં ૧૯૭૪ના માગસર શુદ ૬ ના રોજનો
૪ લખત ૧ શાં ૧૮૬૮ના અશાડ વીદ ૨ ના રોજનું

એ રીતે ઉપર લખ્યા દસ્તાવેજો પૈકી કોઇ દસ્તાવેજ કોઇને મળ્યું હોય તેણે અમને સોપી જવાથી તેને યોગ્ય ઇનામ આપશું અગર એ સંબંધમા કોઇ પોતાના હકહીશો લેણું લેખું દાવો ઇલાખો સમજતો હોય તે શખ્સે દિવસ ૧૫ પંદરની અંદર અમારી રૂબરૂ આવી સાબીત કરી અમારી પાસેથી લઇ જવું નહીતર મુદત વીતે અમે મજકુર ધનીકને આ જગ્યાનો પાકો દસ્તાવેજ કરી આપશું ત્યારબાદ અમે કે ખરીદનાર કે આ અમારી જગ્યા તે માટે જવાબદાર થશે નહિ એમ આથી જાણ કરીએ છીએ સદરહુ જગ્યાની ચતુરદીશાની વિગત.

૧ ઉગમણી કોર રાજ આરગ છે
૨ ઉતરાદી કોર શોની ગણુ ઘેલાની જગ્યા છે
૩ આથમણી કોરે શોની ગણુ ઘેલાની જગ્યા છે
૪ દખણાદી કોરે શોની ભાઇલાલ દામજી નાક બજા વાલો બંગલો છે.

એ રીતે આ જગ્યાની ચતુર દીશા છે.

મિતિ શાં ૨૦૦૪ના બીજા શ્રાવણ સુદ ૬ શુક્ર

ઉપાધ્યાય નંદલાલ અંબાશંકરની સહી દ. પોતાના

423

ખાનગી જાહેર ખબર.

માંડવીના વોરા ફીદાહુશેન મહમદભાઈ શાઈગર જત આથી ખબર આપું છું કે ગામ માંડવીમાં ભહાલાપુરમાં આથમણી મુવાડે ડેલીબંધ જગ્યા મારી પાસે દોરી ૮૬૨૦) ના લેણામાં કબજે છે તે જગ્યાના અધાટના હકદાર ભુજની નાયકા લાલનજાન ચંદાજાન હોવાનું તે કહે છે તેથી તેનો અધાટ હક લેવાનો મેં શોદો કરેલ છે માટે તે સબંધે કોઈનો કંઇ વર વાંધો કે દરદાવો હોય તો આ નોટીશ છપાયેથી દિવસ પંદરની અંદર તેના આધાર બતાવી અમોને ખાત્રી કરી આપે નહિતર તેવો હક હશે તો જતો કરવામાં આવેલ છે એમ સમજી વેંચાણ પાકું કરવામાં આવશે.

શાં. ૨૦૦૪ના બીજા શ્રાવણ સુદ ૮ સોમે

ઠે. તૈયબપરા } વોરા ફીદાહુશેન મહમદ-
કચ્છ માંડવી } ભાઇ શાઇગર દા. પોતાના

ખાનગી જાહેર ખબર

હું ભુજનાં ખત્રી લધા મામદ આ જાહેર ખબરથી જાહેર જનતાને ખબર આપું છું કે ભુજના પીંજારા આદમ ઉર્ફે બુઢા સાલેમામદ પાસેથી ભુજ મધ્યે કમાગરોના ફળીઆમાં ગલરીઆ મશજીદ પાસે ડાડા બજારથી ખત્રી ચકલા તરફ જતાં સરીઆમ રાજમાર્ગના રોડ ઉપર ઉગમણી મુવાડની ડેલીબંધ જગ્યા ૧ એક જેની અંદર ઓસરી એક તથા ઓરડુ એક તથા આગલ આંગણું તથા ઢાકુ ડેલી બંધની અગાટ લેવાનું સાટાકરાર કરેલ છે તેનો પાકો દસ્તાવેજ આજથી માસ એકમાં અમારે લખાવી લેવાનું છે એ જગ્યા સબંધમાં કોઇનું કાંઇ હક સબંધ તથા ભાગ હોય અથવા કોઇનું કોઇ લેણુ લેણું હોય તેઓએ અમને આ નોટીસની તારીખથી દીવસ ૧૫ પંદરની અંદર અમારી પાશે અમારા દુકાને ડડા બજારમાં આવી અમોને પોતાનાં હકોનાં આધાર સહીત મલવા આથી ચેતવણી કરીએ છીએ તે જો ઉપર લખી મુદત દરમીઆન કોઇપણ હકદાર કે વારસ જાગશે નહીંતો એ જગ્યા પીંજારા આદમ ઉર્ફે બુઢા સાલેમામદ શીવાય બીજો કોઇ હકદાર નથી એવું માની અગાટનો ખત લખાવી લેવામાં આવશે એ જગ્યાની ચતુર દીશાની વીગત

૧ ઉગમણી કોરે એ જગ્યાની મોવડ પોતાની ડેલીનાં આંગણાંમાં પડેછે અને તેથી ઉગમણી મુવાડની રાજ માર્ગ ઉપરએ જગ્યાની ડેલી છે

૧ આથમણી કોરે એ જગ્યાની પછીત કમાગરોની શેરીનાં રાજમારગમાં પડે છે.

૩ દખણાદી કોરે કમાગર શાંહીઆ હાજી આણીનાં ખોરડા છે તથા કમાગર તમાચી સુમારાણીનો હાટ છે.

૪ ઉત્રાદી કોરે મેમણ હાજી રાજુઆણીની વરંડો છે જે હાલે ખત્રી ઈશા ઐબ પાસે છે.

એ રીતે ચતુર દીશા બંધની જગ્યા છે એ રીતેની જગ્યા છે તે સબંધમાં પાકો ખત લખાઇ ગયા પછી કોઇનું કાંઈ હક સબંધ કે લેણુ લેણું એ જગ્યાસર રહેશે નહીં તેવા આ દરેકને ખબર આપું છું.

મીતી બીજા શ્રાવણ સુદ ૧૦ બુધે શાં. ૨૦૦૪ના

૧ ખત્રી લધા મામદની સહી ઉ ૨ લખ્યુ
તે દઃ પોતાના

જાહેર ખબર

હું નીચે સહી કરનાર ભુજના ચવાણ લાલજી લધુ જત બીજું આ જાહેર ખબરથી જાહેર જનતા તથા લાગતા વળગતા જોગ ખબર આપું છું કે અમારી જગ્યા ૧ શ્રી ભુજ મધે કુંઢ ફળીઆમાં ઉગમણી મુહાડની ડેલીવાલી ડેલીબંધ છે તે અંદર જગ્યાઓ ૨ બે ઉગમણી મુહાડની ખંડ ૪ ચાર વાલી છે. જે અમારા વડીલ વખતની અમારા કબજા ખાલીકીની છે. તે જગ્યામાં કોઇ પોતાનું હક હોસો કે દાવો ઇલાખો હીત સબંધ લેણું લેણું હોવાનું સમજતો હોયતો તેણે આ જાહેર ખબરની તારીખથી દીવસ ૧૫) પંદરની અંદર અમારી પાસે આવી સાબીત કરી જવું નહિતર અમે આ જગ્યા ડેલીબંધ ભુજના ધોબી હુસેન ઇબ્રામને વેચાણ આપી છે તેનો પાકો દસ્તાવેજ મુદત વીતે તેને કરી આપવામાં આવશે તે પછી તે માટે અમારી ઉપર લખી જગ્યા કે અમે કોઇ જાતે જવાબદાર નથી એમ આથી નોંધ લેશો જગ્યાની ચતુર દીશાની વીગત

ઉગમણી કોરે રાજમારગ છે તેમાં ડેલીનું બારણું પડે છે

દખણાદી કોરે રાજમારગ છે

ઉતરાદી કોરે ચવાણ લાલજી પચાણની જગ્યાછે.

આથમણીકોરે ધોબીની જગ્યા છે

એ રીતેની આ જગ્યા ચતુર દીશાબંધછે

મિતિ. શાં ૨૦૦૪ ના બીજા શ્રાવણ સુદ ૧૧ મંગળવાર.

૧ ચવાણ લાલજી લધુ ની સહી દઃ પોતાના

હ. ઓ. નાં. ૨૪૪ ઠરાવ.

ખેડુતો તરફથી એવી અરજ થઇ છે કે રોઝડા તથા સુવર તેમનાં વાડી ખેતરોમાં નુકશાન કરે છે તે માટે યોગ્ય બંદોબસ્ત થવો જોઇએ. આ હકીકત લક્ષમાં લઇ ખેડુતોનાં પાકને નુકશાન ન થાય તે માટે શ્રીમાન યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ હજુરથી નીચે પ્રમાણે ફરમાન થયું છે.

૧. દરબારી રખાલો, દરીયા કાંઠે ડુઇની રખાલો, નવીનાળવાળો ડુઓ તથા બણોઢી સિવાયના સ્થળોએ સુવરને મારી નાખવાનો પ્રતિબંધ દુર કરવા રે. જા. નાં. ૧૧૧૫૪ તા૦ ૩૦–૪–૪૨ વાલાથી ફરમાન થયું છે, તે પ્રમાણે અમલ થતો રહે તેવી ખેડુતોને લાગતા વળગતા ખાતાઓએ સ્પષ્ટ સમજુત કરવી.

૨. રોઝડા બાડી કે ખેતરની હદની અંદર મોલમાં નુકશાન કરે ત્યારે તેને મારી નાખવાનો હાલ સુધીનો પ્રતિબંધ દુર કરવામાં આવે છે. ખેડુત પોતાના પાકની રક્ષા કરતાં રોજ મારી નાખે તો તેને તેમ કરતાં પ્રતિબંધ નથી, પરંતુ ખેતરની કે વાડીની હદની બહાર આથી રોઝને મારવાની પરવાનગી અપાઇ છે એમ સમજવાનું નથી.

૩. લાગતા વળગતા ખાતાઓએ આ બાબતનો દાખલો રાખવો.

બીજા શ્રાવણ સુદ ૧૩ ગુરૂ શાં. ૨૦૦૪ તા૦ ૨૮–૮–૪૭.

Tribhovandas J Raja,
દિવાન–કચ્છ.

☞ આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[વો ૭૫મું] પ્રથમ શ્રાવણ સુદ ૬ બુધવાર સંવત ૨૦૦૪ તા. ૨૩મી જુલાઇ સને ૧૯૪૭ [વિશેષઅંક]

વધારો

ફરમાન.

હ. ઓ. નં. ૨૧૦

તારીખ ૨૫–૭–૪૭ના રોજે અમારૂં હિંદુસ્તાન બહાર જવાનું થાય છે, અમારી ગેરહાજરી દરમ્યાન ચિરંજીવી યુવરાજશ્રી મદનસિંહજીને અમે અમારી કુલ સત્તાથી રાજ્યનું કામ ચલાવવા અધિકાર આપ્યો છે.

તારીખ ૨૧–૭–૪૭.

Maharao Vijayarajji

મહારાવ કચ્છ.

☞ આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[VOL. 75] TUESDAY 16th September 1947 [No. 7]

[પુ૦ ૭૫મું] ભાદરવા શુદિ ૨ મંગળવાર સંવત ૨૦૦૪ તા. ૧૬મી સપ્ટેમ્બર સને ૧૯૪૭ [અંક ૭]

સુચના.

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ ની બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી રૂ૪ાઉ અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૯ા લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૪ ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૫ ના કારતક સુદ ૨ સુધી ગણવાનુ હોતાં માસ ૧૭ સતરનું લવાજમ નીચે કલમ ૧–૨ પ્રમાણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૭ સતરનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં અહાકારે ભરવું.

૧. જેમનુ લવાજમ કારતક સુદ ૨ થી શરૂ થાય છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય અથવા અષાડ સુદ ૨ સુધી ભર્યું હોય તેઓએ ભાદરવા સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧–૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧ા

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ની લીટી ૨ તથા ત્રીજી વાર તેનું તેજ છપાવે તો તેથી અધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્યપત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામાં મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહી પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં

F ૨૫૫ **નોટીફીકેશન,**

હાલ વરસાદ સારો થયેલ હોવાથી તથા મધ્યસ્થ સરકાર તરફથી બહાર ગામથી અનાજનો કવોટા હંમેશ મુજબ મળનાર હોવાથી નોટીફીકેશન ના. ૨૩૬ તારીખ ૫-૮-૪૭ થી બાજરા અને મગના વેંચાણ ઉપર સદરહુ નોટીફીકેશનની કલમ ૩ થી જે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે ઉઠાવી લેવામાં આવે છે, તે સીવાયની સદરહુ નોટીફીકેશનની બીજી કલમોનો અમલ ચાલુ રહેશે

તારીખ. ૨૯-૮-૪૭

Tribhovandas J. Raja
DEWAN.

નોટીફીકેશન.

ડી. સી. એસ. નાં. ૨૬૧૪.

ડી. સી. એસ. નાં. ૨૧૦૮ તા. ૪-૭-૪૭વાળા ઠરાવથી કેરોસીનના કાળા તેમજ ધોળા પ્લેટવાળા ડબ્બાની કિંમત ઉપરાંત રૂા. ૦-૨-૬ ડીપોઝીટ તરીકે લેવાનું ઠરાવવામાં આવ્યું હતું. પણ કચ્છમાં જે જાતનું કેરોસીન આણવામાં આવે છે તે સુપીરીયર કવોલીટીનું આવે છે તેથી કાળા તેમજ ધોળા પ્લેટવાળા ડબ્બાની કિંમત તા. ૪-૯-૪૭થી બીજો હુકમ થતાં સુધી નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે:-

૧ કાળા પ્લેટવાળા ટીનની કિંમત ટીન સહીત રૂા. ૫-૯-૦

૨ ધોળા પ્લેટવાળા ટીનની કિંમત ટીન સહીત રૂા. ૫-૧૧-૬.

નોટીફીકેશન નાં. ૨૧૦૮ તા. ૪-૭-૪૭ વાળા અન્વયે લેવામાં આવેલ ડીપોઝીટની રકમ પાછી આપવામાં આવશે નહિ.

ડી. સી. એસ. ઓફીસ.
ભુજ તા. ૫-૯-૪૭.

J. J. Ashar,
I./c. દીવાન કચ્છ.

ડી. સી એસ નાં ૨૬૧૫ ઠરાવ.

ડી. સી. એસ. નાં ૨૧૧૩ તા. ૨૮-૬-૪૬ વાળા ઠરાવથી કેરોસીનના છુટક વેચાણનો ભાવ કચ્છી શેર એકના દોકડા ૮ આઠ ઠરાવામાં આવ્યો હતો, પણ હાલના હુંડીના ભાવની દ્રષ્ટિએ બીજો હુકમ થતાં લગી કેરોસીનના છુટક વેચાણનો ભાવ તા ૧લી સપ્ટેમ્બર ૧૯૪૭ થી કચ્છી શેર ૧ એકના ૦ ૧॥ કોરી પા અને છુટો દોઢ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ડી. સી. એસ. ઓફીસ. :
ભુજ તા.-૫-૯ ૪૭. :

J, J, Ashar.
I./c દીવાન કચ્છ.

જ્યુ. જા. નાં. ૩૭૯૪ **યાદી....**

શ્રી કચ્છ રાજ્યના સંવત ૧૯૯૫ ના મોટર ધારાની કલમ ૬ ની પેટાં કલમ ૨, ૧ (ક) માં મોટર વાહનોના રજીસ્ટ્રેશન ફી માટે જણાવેલ દરમાં સુધારો કરી હવેથી નીચે પ્રમાણે દર રાખવાનું ઠરાવવામાં આવે છે :—

દોઢ ટનના મોટર વાહનો વાસ્તે.....	વાર્ષિક કોરી ૧૮૦
દોઢથી અઢી ટનના મોટર વાહનો વાસ્તે.....	વાર્ષિક કોરી ૩૦૦
અઢીથી ત્રણ ટનના વાહનો વાસ્તે.....	વાર્ષિક કોરી ૩૬૦

આનો અમલ ચાલતી સાલના ભાદરવા શુદ ૩ થી થશે.

મિતિ બીજા શ્રાવણ વીદ ૬ શનીવાર સાં. ૨૦૦૪

તા, ૬-૯-૪૭

J. J. Ashar.
I/c દિવાન, કચ્છ.

હ. ઓ. નાં ૨૫૪ ઠરાવ

પયુંષણ સબબે હ. ઓ. નાં ૨૬૦ તા. ૧૩-૮-૪૩ વાળાથી લોધ કરનાર દરેક દીઠ દરરોજ ની કોરી ૨ બે આપવા ઠરેલ છે પણ હાલ મોંગવારી સખ્ત હોવાથી લોધ કરનાર તરફથી મળતી રકમમાં વધારો કરી આપવા અરજ થઈ છે સબબ ચાલતી સાલે બીજા શ્રાવણમાં પયુંષણ પાળવા સબબે લોધ કરનાર દરેક ઘર દીઠ દરરોજની કોરી ૨ બે બદલ કોરી ૩ ત્રણ લેખે જૈન મહાજન પાસેથી વસુલ લઇ વૈવદારે જેની તેની પહોંચ લઇ અપાવવી.

મિતિ. બી. શ્રાવણ વદ ૬ શનીવાર સા. ૨૦૦૪ તા. ૬-૯-૪૭

J. J. Ashar,
I./c. દિવાન કચ્છ.

હ. ઓ. નં. ૨૫૫. ઠરાવ.

ખુદાવિંદ મહારાઓશ્રી ૭ સર વિજયરાજજી સવાઇ બહાદુર જી. બી. ઇ., ના જન્મ દિવસ ચાલતી સાલના બીજા શ્રાવણ વદ ૮ સોમેના શુભ પ્રસંગે સેન્ટ્રલ જેલમાં જન્મ ટીપની સજા ભોગવતા નીચેના કેદીઓને થએલ સજા પેટે હાલે ભોગવવી બાકી રહેલ સજામાં વરસ ૨ બેની માફી આપવા યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબનું ફરમાન થયું છે.

૧. સોની વીરજી પ્રાગજી.
૨. શા. ખીંઅસી કલ્યાણ.
૩. ખોજા હસનઅલી લધા.
૪. ભુકેરા જુસબ નુરમોંમદ.
૫. ચાવડા માદેવા વાભા.
૬. કુંભાર ખીમા દેવા.
૭. જાડેજા મોડજી કારૂભા.
૮. સોની ભાઇચંદ કાળીદાશ.
૯. કકલ અલી હુશેન.
૧૦. કકલ જુસા હુસેન.
૧૧. રજપુત હરી સાદુર.
૧૨. ગુસાંઇ ખેતગર વેલગર.
૧૩. આહેર હીરા નામોરી.
૧૪. કણબી હંસરાજ શીવદાસ.
૧૫. ખોજા મોલુ બંદાલી.
૧૬. લુવાર મુઢા ઇસા.
૧૭. આહેર બીજલ હાજા.
૧૮. આહેર શીવા પુંજા.

મીતી બીજા શ્રાવણ વીદ ૬ શનીવાર શં. ૨૦૦૪. તારીખ ૬-૯-૪૭.

J. J. Ashar.
નાયબ દીવાન.

યાદી. ના. ઠી. જા. નાં. ૯૪૮

ચાલતી શાલે વરસાદની ખેંચ થવાને કારણે ક્રંડાર પટના જાનવરોને રાહત મળે એ દષ્ટિએ જુદા જુદા ગામની વસ્તી તરફથી થએલ અરજ પરથી અમુક ચોકકસ શરતોએ ચેરના પાન લેવા દેવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ હાલે દરેક સ્થળે સારા પ્રમાણમાં વરસાદ થએલ હોતાં, અહીંના નાં. ૧૧૭૭ તા. ૧૪-૯-૧૯૪૫ વાળાથી ચેરના પાન કાપવા સામે મુકવામાં આવેલ પ્રતિબંધ જારી રાખી આ રાજ્યના કોઇપણ સ્થળેથી ચેરના પાન કાપવાની મનાઇ કરવામાં આવે છે.

J. J. Ashar,
નાયબ દિવાન.

તા. ૫-૯-૧૯૪૭.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૨ જી ઓગસ્ટ સને ૧૯૪૭ સંવત ૨૦૦૪ ના માસે પ્ર. શ્રાવણ વીદ ૧ શની ને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી	મુન્દ્રા.	અંજાર.	ગાંધી.	નાંધર.	અબડાસા. જખાઉ	લખપત.	ભુજીર (ગઢડા)	ભચાવ	નખત્રાણા	રીમાર્ક.
૧	ઘઉ કાઠા.....	...	૮૦૦	...	...	...	...	૧૦૨૪	...	...	...	...	
૨	ઘઉ વાજીઆ.....	૭૮૦	૭૦૪	૭૬૮	૭ ૦	૬૪૦	૬૪૦	...	૮૩૨	...	૮૬૪	...	
૩	બાજરી.....	...	૬૪૦	...	૬૪૦	૪૮૦	૪૨૮	૫૦૦	૪૪૮	...	૭૬૮	...	
૪	મગ.....	૫૪૦	૬૪૦	...	૫૨૮	૪૪૮	૪૦૦	૫૦૦	૪૪૮	...	૬૪૦	...	
૫	મઠ (કોરડ)...	૬૦૭॥	૪૮૦	૫૭૬	૪૮૭	૩૪૪	૪૫૦	૩૮૪	૪૦૦	...	૬૦૦	...	
૬	જાર.....	૭૦૪	૫૧૨	...	૫૧૨	૪૪૮	૪૮૦	૩૮૪	૪૦૦	...	૬૦૦	...	
૭	એરંડા (સદાફળી).	૪૮૭	૪૨૦	...	૪૫૨	...	૪૫૦	૩૮૪	૪૪૮	...	૩૮૪	...	
૮	ગોવાર.....	૫૪૪	૪૮૦	૫૧૨	૪૩૨	૪૦૦	૩૮૪	૪૦૦	૪૧૬	...	૫૧૨	...	
૯	તલ.....	૮૮૦	૭૬૮	...	૭૮૪	...	૭૦૦	૬૪૦	૬૪૦	...	૭૦૦	...	
૧૦	ચોખા ઉંચા.....	૧૬૦૦	...	...	...	...	...	...	...	...	૧૦૨૪	...	
૧૧	ચોખા હલકા.....	૧૨૦૦	૧૪૦૮	...	૧૪૧૦	...	...	૯૬૦	૯૬૦	...	૯૬૨	...	
૧૨	કાળાં ભાર... ...	...	...	...	...	...	૨૫૦	...	...	...	...	...	
૧૩	ઘી.....	૧૮૮	૨૧૬	૧૯૬	૧૯૨	૨૪૦	૨૪૦	૧૮૫	૧૮૦	૧૭૫	૧૭૦	...	
૧૪	તેલ.....	૭૨	૬૦	૭૨	૭૫	૭૨	૭૫	૭૮	૭૬	૬૦	૭૬	...	
૧૫	ખાંડ.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૬	ગોળ	...	૩૪	...	...	...	...	...	...	...	...	...	
૧૭	કડબ.....	૧૦	૭	૫૧	૮॥	૫	...	...	...	...	૪	...	
૧૮	કુટી.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૯	ઘાસ	૨॥	...	...	...	...	...	...	...	...	...	...	
૨૦	કપાશીઆ.....	૧૫	૧૬	૧૬	૧૬	...	૧૭	૧૬	૧૭	...	૨૦	...	
૨૧	રૂપીઆ ૧૦૦ હુંડી	૨૭૦	૨૭૭	૨૭૧	૨૭૫	૨૭૬	૨૭૮	૨૭૭	૨૮૦	...	...	...	
૨૨	રૂપીઆ૧૦ રોકડ	૨૭૦	૨૭૭	૨૭૧	૨૭૫	૨૭૬	૨૭૭	૨૭૫	૨૮૦	...	૨૮૩	...	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે ૧૩થી તે ૨૦ સુધી વસ્તુ મણ પમાંણે વેચાય છે.

મણ ૧ના પાઉન્ડ ૨૮ કળશી ૧માં પાઉન્ડ ૮૯૬.

કળશી ૧ માં સાપ ૧૪. મણ ૧ ના શેર ૪૮.

ભાર ૧ માં મણ ૨૦. કપાશીના તોલમાં મણ ૧ ના શેર ૫૪.

બીજા શ્રાવણ સુદ ૧૦ સોમે શાં. ૨૦૦૪.

T. M. Sheth.

રેવીન્યુ કમીશ્નર

જાહેર ખબર.

નંબર ૪૦૯૪.

શ્રી અંજાર નગરસભાના ત્રણ સભ્ય સાહેબોની જગા ખાલીને માટે રીતસર ચુંટણી થતાં નીચે લખ્યા શખ્સ ચુંટાયલા જાહેર કરવામાં આવેલ છે.

૧. શ્રી રણછોડભાઇ લધાનામ

૨. શ્રી દેવનામભાઇ કુંવરજી

વર્ગ ૩માં બીનહરીફ ચુંટાયલા જાહેર કરવામાં આવેલ છે

૩. શ્રી રામચંદ્રભાઇ કૃષ્ણદાશ

વર્ગ છઠામાં બહુ મતથી ચુંટાઇ આવતાં ચુંટાયલા જાહેર કરવામાં આવેલ છે.

બીજા શ્રાવણ વિદ ૮ રવી સં. ૨૦૦૪.

કાન્તીપ્રસાદ ચંદ્રશંકર અંતાણી,

પ્રેસીડેન્ટ નગરસભા અંજાર.

મહારાજા ધિરાજ મિરઝા મહારાઓ શ્રી વિજયરાજજી સાહેબ સેવાઇ બહાદુરજી. બી. ઇ.

શ્રી ભુજ કોર્ટથી નોટીશ

દી. તા કે. નં, સંવત ૨૦૦૩

મીસ્ત્રી પચાણ નારણ માધાપર વાદી

મીસ્ત્રી ભાનમલ શીવજીના વારશ મીસ્ત્રી જાદવજી કરમણ વગેરે જાંબુડી } પ્રતિવાદી

બજાવણી દાવો કોરી ૧૪૬૯પા॥૧॥ મળવા

નીચે લખ્યા રહેવાશીને છોટાસુડી ને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર વાદી મજકુરે દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સંવત ૧૯૮૭ના ચત્ર સુદ ૧ સોમે ના રોજઆ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદી ને પ્રતિવાદી ૪૯૨૨૧૧॥ વસુલ થતાં સુધી ટકા ૧ લેખે ચડતે વ્યાજે આપે ન આપે તો હરેક મીલકતથી વાદી વસુલ કરે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આનો-

ટીશ પોચેથી રોજ ૩૦ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે

સંવત ૨૦૦૪ના બી, શ્રાવણવીદ ૨ વાર ભોમે
મુ. ભુજ

બળવંતરાય કેશવલાલ
મે. ભુજ ન્યાયાધીશના હુ. થી.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભુજ કોર્ટથી
નોટીસ

દી તા કે. નં. સવત ૨૦૦૪
મેતા મણીલાલ દેવજી મુદ્દા વાદી
જાની કાનજી કાલીદાસ ભુજ પ્રતિવાદી
બજાવણી દાવો કોરી ૨૨૩ મળવા

મેતા મણીલાલ દેવજી રહેવાશી મુદ્દાને ખબર આપવા આવે છે કે તમે પ્રતિવાદી મજકુરે ઉપર દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સવત ૧૯૯૦ના ચૈત્ર વીદ ૨ શની ના રોજે આ અદાલતમાં થએલછે તેમાં ઠર્યું છે કે વાદીનો દાવો ખર્ચ સાથ રદ બંને પક્ષનું સઘળું ખર્ચ વાદીને શીર તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા પ્રતિવાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પોચેથી રોજ ૩૦મા હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે

સંવત ૨૦૦૪ના બી. શ્રાવણ વીદ ૨ વારભોમે મુ. ભુજ

બળવંતરાય કેશવલાલ
મે. ભુજ એડી. ન્યાયાધિશ સાહેબના હુ. થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી ભુજ કોર્ટથી નોટીશ
દી. તા કે. નં. સવત ૨૦૦૪
મેતા મણીલાલ દેવજી સુંદરા વાદી
જાની કાનજી કાળીદાસ ભુજ પ્રતિવાદી
બજાવણી કોરી ૪૦૧૩ મળવા

મેતા મણીલાલ દેવજી રહેવાશી મુદ્દાને ખબર આપવા આવે છે કે તમે પ્રતિવાદી મજકુરે ઉપર દાવો કરેલ તેનો ખુલાસો નંબર વાળો સવંત ૨૦૦૪ ના બી. શ્રાવણ સુદ ૭ શનિના રોજે આ અદાલતમાં થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીનો દાવો કાંઢી નાખવો પ્રતિવાદીનું ખર્ચ વાદીને શીર તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા પ્રતિવાદી દરખાસ્ત કરે છેમાટે આ નોટીસ પોચેથી રોજ ૩૦માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

સંવત ૨૦૦૪ના બી. શ્રાવણ વીદ ૨ વારભોમે

બળવંતરાય કેશવલાલ
મે ભુજ એડી. ન્યાયાધીશ સાહેબના હુ. થી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
તામીલની નોટીશ
તામીલની દરખાસ્ત નંબર સંવત ૨૦૦૪
શ્રી ભુજ અદાલત તરફથી

કચ્ચી સ્થાને નીચે લખ્યા તે ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર શા નેણશી નથુ રહેનાર ભુજ ના બાબત કોરી ૩૪૨૩ મળવા તામીલ કરેલ તેનો ખુલાશો સંવત ૨૦૦૨ ના જેઠ વદ ૧ શની ને રોજ અદાલત ભુજ તરફથી થયેલ છે તેમાં ઠર્યું છે કે પક્ષકારો શરતી કરાર પ્રમાણે વરતે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૩૦ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતી બી. શ્રાવણ વદ ૬ શુક્રે શા ૨૦૦૪
૧ સમેજા ફાજલ સાલેમામદ

બળવંતરાય કેશવલાલ
મે. ભુજ ન્યાયાધીશ શા ના હુથી

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી મુદ્રા દાવાની અદાલત નાં. ૧૨૯૭
શ્રી ખા. દી દાવાનો નંબર ૭૬ સંવત ૨૦૦૩
ગુરજી વેલજી ગોવારજી રે. લાખાપર વાદી
ગુરજી ટાકરશી કુંવરજી વીગેરે રે રતાડીઆ પ્રતિવાદી
દાવો—જગ્યાનો કબજો મળવા બાબત

રતાડીઆના તે હાલે મુંબઇના રહેનાર શા. હંશરાજ ચનાને માલમ થાય જે વાદીએ આ કોર્ટમાં તમારા ઉપર વખાર નામે ઓળખાતી જગ્યાનો દસ્તાવેજો શર્ઇત કબજો મળવા બાબત દાવો કર્યો છે માટે આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૪ નાં ભાદરવા વીદ ૦)) ભોમેના રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે જો ઉપર લખેલ દિવશે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ બીજશ્રાવણ વદ ૩ વારબુધે શાં. ૨૦૦૪

Vrijlal Harilal,

મુદ્રા ન્યાયાધીશ

મહારાજા ધિરાજમિરઝાં મહારાઓશ્રી વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

૧૦૧૬-૧૦૧૭

ખા. દિ. કા. નાં ૪/૨૦૦૩ , શ્રી અંજાર દિ. કોર્ટ

ઠા. લધા નારાણજી વાદી

વિરૂદ્ધ

ગોવલ નથુ દેવુ વી. ભલોટ પ્રતિવાદી

બાબત ખેતરનો કબજો મળવા

ભલોટ મધ્યે નીચે લખ્યા શખ્સોને માલમ થાય જે આ કામનાં વાદીએ તમારા પર દાવો કર્યો છે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં આ સમન્સ શ્રી કચ્છ રાજ્યપત્રમાં છપાયાની તારીખથી માસ એકની અંદર કોર્ટનાં ટાઇમે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેસર કરવામાં આવશે.

પ્રા. શ્રા. સુદ ૧૫ શની શા. ૨૦૦૪

તા. ૨ ૮-૪૭

૧ ગોવલ કમા હીરા } જીવરામ જાદવજી
૨ ગોવલ ખીમા હીરા } મે. અંજારન્યાયાધિશસાહેબ

મહારાજા ધિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે. નાં ૧૦૧૮ ૧૦૧૯

ખા. દી. કા. નાં. ૪૩૩/૨૦૦૨ શ્રી. અંજાર દિ. કોર્ટ

ઠા. મંગલજી પોપટ .....વી અંજાર વાદી

વિરૂદ્ધ

ઠા. વિશ્રામ લધુ.....વી. તુણા પ્રતિવાદી

દાવો-વાડી ઓઠાવવા

તુણા મધ્યે નીચે લખ્યાશખ્સોને માલમ થાય જે આ કામનાં વાદીએ તમારા ઉપર સદર દાવો કરેલ છે. તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં આ સમન્સ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી માસ એકની અંદર કોર્ટના ટાઇમે હાજર થજો નહિતર મુદત વીતે કાયદેશર કરવામાં આવશે

ઠા વિશ્રામ લધુ

ઠા. બાબુ તથા નતીલાલ તથા પ્રતાપ તથા ધરમસી એ ચારે સગીરોનાં વાલી ભાઇ વશ્રામ લધુ

પ્રા. શ્રાવણ સુદ ૧૫ શની શા. ૨૦૦૪ તા. ૨ ૮-૪૭

જીવરામ જાદવજી

મે. અંજાર ન્યાયાધિશ

શા. હુંથી

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

રા. ના. ૧૨૮૨

શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી

ઠકર ભવાનજી લાલજી વિગેરે વોંધ વાદી

ઠાસી રામજી કુવરાજ વિગેરે વોંધ પ્રા.

દાવો — જગ્યા છોડાવવા

સદર મધે નીચે લખ્યા સખ્સોને માલમ થાય જે વદીઓએ તમો વિગેરે પર જગ્યા બાબત દાવો કર્યો છે તેનો જવાબ આપવા આ સમન શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી પદર રોજની અંદર તમજાતે કે મુખત્યાર વકીલ મારફત હાજર થજો મુદત વીતે કાયદેસર થશે.

૧ કુંભાર કારા નથુ
૨ કુંભાર માંવદ ઇભરામ
૩ કુંભાર આલી ઇભરામ
૪ કુંભાર જુમા ઇભરામ

બીજા શ્રાવણ વદ ૪ ગુરૂ સં. ૨૦૦૪

Narottam D. Mehta

ભચાઉ ન્યાયાધિશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. કે.

તામીલની નોટીશ

ના. ૪૪૨

તામીલ દરખાસ્ત નંબર ૧૩ સંવત ૨૦૦૩.

રા. દી. અદાલત તરફથી

કાશવા રથાને કુંભાર ઐબ માતાજી ધીરાંબાઇ ને ખબર આપવા માં આવે છે કે તમારી ઉપર ઠા રતનશી રાઘવજી ઉપ્યા રહેનાર ઉભયા ના

બાબત કોરી ૨૨૮૧ ૧ દાવો નં. ૧૩૬

સંવત ૧૯૯૫ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૧૯૯૬ના અસાડ સુદ ૫ બુધ ને રોજે અદાલત રાજ દી તરફથી થયેલ છે તમાં કહ્યું છે કે વાદી ને પ્રતિવાદી કોરી ૨૨૮૧ તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાદી દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

મિતિ માગશર વદ ૨ સોમ શાં ૨૦૦૩

લક્ષ્મીદાસ ગોપાલજી ઠા.

રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી. કે.

શ્રી લખપત અદાલત મેં ના. ૩૫૦.

ખા. દી દાવાના નંબર ૧૯૧ સંવત ૧૯૯૪

રાજડ રાયબ જગમાલ રે. ઢેઢાપર વાદી

ગુસાઇ ભવાનગર પ્રેમગર વગેર રે. લખપત પ્રતિવાદી

દાવો—તલોટ ઢેઢાપર ગામનો છોડાવવાનો

હાલે શિંધ રહેનાર નીચે નામના શખ્શો ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર તલોટ ઢેઢાપર ગામનો વછોડવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪ નાં ભાદરવા શુદ ૧૨ ના શુક્રવારને રોજ સવારના વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસ તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટિનાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી પ્ર. શ્રાવણ વદ ૧૧ વાર મંગળ સંવત ૨૦૦૪

રાજડ લખા શવરાજ રાજડ જુસબ, દરમાલ
રાજડ હાજી લખા રાજડ શવરાજ લખા

રવીશંકર અમરજી
ઈ. લખપત ન્યાયાધીશ

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
તામીલની નોટીશ નં ૬૫૧
આ દી તામીલની દરખાસ્ત નંબર ૫૭ સંવત ૨૦૦૪
શ્રી લખપત અદાલત તરફથી

ગામ મુડીવાનાં હાલ થર બેટડી સ્થાને હોથી હરભમજી ઓડજીને ખબર આપવામાં આવે છે કે તમારી ઉપર કા. શામજી ખટાઉ રહેનાર બરદાનાં હાલે લખપતવાળાના બાબત લેણાંના દાવો નં ૧૧૫ સંવત ૨૦૧ વાળો કરેલ તેનો ખુલાશો સંવત ૨૦૦૨ ના વૈશાખ શુદ ૧ ગુરૂવારને રોજ અદાલત લખપત તરફથી થએલ છે તેમાં ઠર્યું છે કે વાદીએ પ્ર. કોરી ૬૮૯૩ સુદલ કોરી ૨૦૫ પર ટકા વાનાં વ્યાજે ખર્ચ સહીત ચડતા વ્યાજે આપે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાની દરખાસ્ત કરે છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ દીવસમાં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિ તો કાયદા પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામા આવશે.

મીતી બીજા શ્રાવણ શુદ ૯ સોમે સંવત ૨૦૦૪

રવીશંકર અમરજી
ઈ. લખપત ન્યાયાધીશ

મહારાજા વિરાજ મીરઝા મહારાઓશ્રી ૭ વીજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.
શ્રી લખપત અદાલત
આ દી દાવાનો નંબર ૨૦ સંવત ૨૦૦૪

કા. દેવજી શવદાશના વારશ રામદાસ દેવજી રે હાલે મુંબઇ વાદી
જાડેજા રામશંગજી ગોવીંદજી વગેર રે મોટી અકરી પ્રતિવાદી

દાવો—કોરી ૩૨૮૬ મળવાનો

કરાંચી મધે રહેનાર જાડેજા લાખુભા ઉમેદશંગજીને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તેમને આ ઉપરથી ફરમાવામાં આવે કે સવત ૨૦૦૪ ના ભાદરવા શુદ ૯ મંગળવારને રોજ સવારના ૭ા વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામા આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટિમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મીતી બીજા શ્રાવણ વદ ૫ શુક્રવાર સવત ૨૦૦૪

રવીશંકર અમરજી
ઇ લખપત ન્યાયાધીશ

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ,
શ્રી અબડાસા અદાલત
દાવાનો નંબર ૭૧ સંવત ૨૦૦૩

સોનારા હુસન અલારખ્યા વી. સુથરી વાદી
સોનારા આમધ હાસમ વી હાલ કરાંચી પ્રતિવાદી

દાવો લેણાનો

કરાંચી રહેનાર સોનારા આમધ હાસમ ના તે માલમ થાય જે વાદીએ તમારા ઉપર કોરી ૨૫૯૯૩ મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સવત ૨૦૦૪ ભાદરવા વીદ ૧ બુધવાર ને રોજ સવારના ૭ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમા તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલા હોય તે વકીલની મારફતે હાજર થવુ. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર

તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો

મિતિ બી. શ્રા. વીદ ૧ વાર સોમ સંવત ૨૦૦૪

S. D. Rama.

અબડાસા પ્રાંતીશ.

---

૫ જા નાં ૪૩૧ **જાહેર ખબર**

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે મુંદ્રાના શા. મણીલાલ ધનજી તથા જગજીવન ધનજીએ મુંદ્રાના નંદવાણા વોરા કૃપાશંકર મકનજી સુત કલ્યાણ કૃપાશંકરની વારશ દીકરીઓ વસન્તગૌરી તથા નર્મદાગૌરીના મતાંથી વોરા હરી પીતાંબર નાથજી તેના વડીલના વખતથી ગોખડ ઓવારેલ મુંદ્રા મધે ઉગમણા ભાગમાં ઓશવાલ ફળીબામા આવેલ જગ્યાઓ પંચશેરી શીખે સાં ૨૦૦૩ ના ચૈત્ર વદ ૧૩ ના દસ્તાવેજથી કોરી ૪૩૫૦૧ માં અઘાટ હમીગઘાર વેચાણ લીધેલ છે. તે દસ્તાવેજ છાપો થવા અહી આવેલ છે માટે આ બાબતમાં કોઇને કાંઇ જાહેર કરવાનુ હોય તો તે આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમાં પ્રસીદ્ધ થયાની તારીખથી એક માસની મુદતમાં અહીંના કચેરીએ હાજર થઈ જાહેર કરવું. નહિતર મુદત બાદ છાપો થવા માટે યોગ્ય કરવામાં આવશે.

બીજા શ્રાવણ સુદ ૯ સોમે ૨૦૦૪

૨૫-૮-૪૭ Harilal S. mji

મુંદ્રા વહીવટદાર

જાહેર ખબર

મા. જા. નાં. ૬૯૭૨

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે જખૌના ભાટીયા હા. ધનજી ગોવદજીએ જખૌ તે હાલે નલીયા રહેના પુષ્કર્ણા જોશી પુરશોતમ ટોપણને મતે જગ્યા કોરી ૪૭૫)માં સા. ૧૯૯૭ના બીજા વૈશાક વીદ ૯ મુધે વાલા દસ્તાવેજથી અઘાટ વેચાણ લેતાં તેનો છાપો થવા માટે દસ્તાવેજ અહી આવેલ છે. માટે સદરહુ જગ્યા ઉપર કોઇનો કાંઇ લેણું કે હક હીસો હોયતો એક માસની અંદર આંહીના કચેરીએ આવી જાહેર કરવું, મુદત બાદ કોઇનો કાંઇ નહી સાંભળતાં છાપો થવા માટે શ્રી હજુરમાં લખવામાં આવસે.

મિતી બીજા શ્રાવણ સુદ ૧૫ સનીવાર સાં ૨૦૦૪

K. V. Thacker.

અબડાસા વહીવટદાર

-જાહેર સુચના.-

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છપાવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

હું નીચે સહી કરનાર રાજગર વેલબાઇ જેરામ આથી લખી જણાવું છું કે મને પરણે ચાર વરસ થયા છે પરણ્યા પછી બે માસે મારા ધણીએ મને કાઢી મુકીછે અને હુ મારા માવિત્રે થઈછું મારા પતિ રાજગર તુલસીદાશ દામજી ભારાપર વાલા પાસે મારા પિતા અનેક વખત ગયા અને આજીજી કરી તોપણ મારાપતિ મને પોતાને ત્યાં રાખવા ના મરજી બતાવે છે તમજ મારા ભરણા પોશણનો કાંઈ પણ બદોબસ્ત કરવા ચોકખી ના પાડે છે.

નાતીલામાંથી મોટા મોટાને અરજ કરી સગાં સબંધીયોને અરજ કરી તેઓએ મારા ધણીને સમજાવ્યો પણ મારાધણી સમજતાં નથી મારા પિતાની આર્થીક સ્થીતી સારી નથી અને આખી જીંદગી સુધી મને પાળી શકે તેવી તેમની સીજત નથી.

આથી આ જાહેર ખબરથી હું મારા પતિ તથા લાગતા વગગતા ઓ ને ચેતવણી આપું છું કે આ જાહેર ખબર છપાયા થી દીવસ ૧૫ ના અંદર મારા પતિ તરફથી મારા ભરણ પોશણનો કાંઇ પણ બદોબસ્ત કરી આપવામાં નહિ આવેતો હું મારી ઇચ્છા મુજબ બીજું ઘર કરીશ. અને મારા પતિ નો મારા પર કોઇ પણ જાતનો કાંઈ પણ હક રહશે નહિ.

૨૦૦૪ ના પ્રા. શ્રાવણ વીદ ૮ રવિ

આ નીશાની વેલબાઈ જેરામના હાથની છે દા. જોશી ભવાનજી બશનજી ભાઇના કહેવાથી.

ખાનગી જાહેર ખબર

અમારા અશીલ તે માંડવી તાબે કોડાયના શા. વેલજી ચનાની વિધવા મણીબાઈ ઉર્ફે નેણબાઈતરફથી જાણ કરવામાં આવેછે કે કોડાયમાં અમારી માલેકીની જગ્યાઓ ૨ બે ભોજાણી ફલીઆમાંછે તેની માલેકી મારા સગીર દીકરા હંશરાજ વેલજીની છે પરંતુ મારી નણંદ લીલબાઇ તથા તેનો દીકરો રામજી દેવસી પોતાના સ્વાર્થ ખાતર અમારી મીલકત વેચસાટ કરવા માગે છે માટે અમારી સંમતિ વગર ઉપર લખી મીલકત કોઈ

વેંચાતી લેશે કે ધીરધાર કરશે તેની જવાબદારી સદરહું મીલકત પર રહેશે નહીં

શાં૨૦૦૪ના બીજા શ્રાવણ સુદ ૧૦ ભોમે

છોટાલાલ રામજી વકીલ કચ્છ માં વી

ખાનગી જાહેર ખબર

આથી સર્વે લાગતા વળગતાઓને ખબર આપવામાં આવે છે કે માંડવી તાલુકામાં આવેલ ગામ નાસે નાના લાયજા ચારે શેડાબધ તમામ હકુમત વીયરી સહીત અમારા અસીલ માંડવીના શા. શાંતિદાસ તારાચંદ પાસે અઘાટ છે અને તેમાંની કાંઇપણ મીલ્કત કે ઠામ ઉપર જાડેજા કલુભા જીવણજી કે ટપુભા જીવણજીને કાંઇપણ વહેવાર કે ગીરો બોજો કરવા અધિકાર નથી તેમ છતાં જો કોઇપણ સદરહુ ગામની મીલકત સબંધી તેઓ સાથે વહેવાર કરશે તો તે માટે તેઓ પોતે જવાબદાર રહેશે.

૨૦૦૪ના બીજા શ્રાવણ શુદ ૧૧. ભોમવાર

તા. ૨૬–૮–૪૭

વકીલ કાંતિલાલ ગોવરધનદાસ
એલ એલ. બી.

ખાનગી જાહેર ખબર

ભુજના હજામ ગાભા લંબા જોગ હું મારા બાપ જુસુબ હાજી ઈશાકની હાજરીમાં તમોએ મને બે વરસ સુધી રોટલા આપેલ ન હોવાને કારણે અને મારકુટ કરતા હોવાને કારણે સ્ત્રી તરીકે તમોને તલાક આપું છું. તા. ૨૮-૮-૪૭

હકુબાઇ જુસબની સહ દઃપ્રભાશંકર અજરામલના ધણીના કેવાથી રૂબરૂમાં કરી

ખાનગી જાહેર ખબર

લી અમો નીચે સહીઓ કરનાર આથી સર્વે લોકોને ખબર આપીએ છીએ કે અમારી વતી વહીવટ કરવાનો જનરલ પાવર અમારા કાકા ઠા તુલસીદાસ સુરજીના નામનો મીતી માગસર સુદ ૭ સોમવાર શાં. ૧૯૬૯નો અમોએ આપેલ છે પરંતુ હવે સદરહુ પાવર આથી રદ કરીએ છીએ અને હવે તેઓ અમારા પાવરદાર તરીકે ન હોતાં તેઓ અમારા વતી કાંઇપણ કામકાજ (વહીવટ) કરી શકતા નથી અને કરશે તો તે અમોને બંધન કારક ગણાશે નહિ એવું લાગતા વળગતાને આથી જાહેર ખબર આપીએ છીએ.

મિતી બી. શ્રાવણ સુદ ૧૨ ગુરૂવાર શા. ૨૦૦૪

લી ઠા. લક્ષ્મીદાસ અરજણની સૈ દ્વા. પોતાના

લી. ઠા. મણીલાલ અરજણની સહી દ્વા. પોતાના

ખાનગી જાહેર ખબર

લી. હું નીચે સહી કરનાર ભુજના તે હાલે ધંધા અર્થે મુંબઇના રહેનાર ઠા તુલસીદાસ સુરજી આથી સર્વે લોકોને ખબર આપું છું કે મીતી પ્રથમ શ્રાવણ સુદ ૯ ભોમવાર શા. ૧૯૬૬નારોજનો લખેલ જનરલ પાવર મારા વતી મારા ભત્રીજા ઠા. લક્ષ્મીદાસ અરજણ ને આપેલ તે પાવર હવેથી હું રદ કરું છું અને હવે તેઓ મારા પાવરદાર તરીકે ન હોતાં તેઓ મારાવતી કાંઇપણ કામ કાજ કરી સકતા નથી અને કરશે તો તેના અંગ ઉપર રહેશે હું કે મારી મીલ્કત જવાબદાર નથી

મિતી બીજા શ્રાવણ સુદ ૧૨ ગુરૂવાર શા. ૨૦૦૪

લી ઠા. તુલસીદાસ સુરજી ની સ. દા. ઠા. લક્ષ્મીદાસ અરજણ તુલસીદાસસુરજી નાં તા. ૨૫–૮–૪૭ સોમવારનાં કાગલથી

ખાનગી જાહેર ખબર.

અમારા અસીલ ખેડોઈના તે હાલે મુંબઇના મેમણ ઉશમાન [illegible] ની [illegible] અનુસાર આથી લાગતા તથા જાહેર જનતાને ખબર આપીએ છીએ કે અમારા અસીલની ગામશ્રી અંજાર મધે ની નીચે દર્શાવેલ ચતુરદિશાવાલી જગ્યા એક અંજાર મધે સોરઠીઆના નાકા પાસેના મેમણોના ફલીઆમાં આવેલ છે તે જગ્યા મારા અસીલ તથા તેમની કુટુંબી કાકાઇ બહેનો આઇસાબાઈ તથા રાંબીઆબાઈ અબ્દુરેમાનનો વડીલ પરદાદા હાજીસુમારની સંયુક્ત કુટુંબની સ્થાવર મીલ્કત છે આ મીલ્કતના કચ્છના કાયદા મુજબ મારા અસીલ એકલા માલીક હકદાર છે પણ મારા અસીલ પરદેશ વસતા હોવાના કારણે આ જગ્યા

મારા અશીલની કુટુંબી કાકાઇ બહેન આઇસાબાઈ અબ્દરેમાનના પાસે છે અમારા અશીલને જાણવા મળ્યુ છે કે મજકુર આઇસાંબાઈ મારા અશીલનો હક્ક ડુબાડવા તેમજ આ મીલ્કત પચાવી પાડવાના હેતુથી વેચસાટ કરવાની તજવીજ કરે છે તો આથી દરેક લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે મારા અશીલની મજકુર બેન આઈસાંબાઇને આ મીલ્કત વેંચસાટ કરવા, ગીરો કે ચીતકામ મુકવા, બક્ષીસ આપવા કે તે પર કશા પ્રકારનો બોજો કરવાનો હકક કે અધિકાર નથી માટે આથી દરેકને જાણ કરીએ છીએ કે અમારા અશીલની મજકુર કુટુંબી બહેન પાસેથી કોઇએ પણ મજકુર મીલ્કત વેંચાણ, ગીરો કે બક્ષીસ કે બીજી કોઈ રીતે લેવી નાહકે તે પર કશો બોજો કે ધીરધાર કરવી નાહક તે છતાં કોઇ શખ્સ આ હકીકતથી વિરૂદ્ધ વર્તશે તો અમારા અશીલની મજકુર કુટુંબી બહેન પાસેથી કરાવેલ કોઇ લખાણ દસ્તાવેજ કે વ્યવહાર રદ બાતલ છે એમ સમજવું અને તેવા ગેરકાયદે કૃત્ય માટે મજકુર મારા અસીલ કે તેની મીલ્કત જવાબદાર થશે નહિ.

જગ્યાની ચતુર દિશા નીચે મુજબ છે

૧ ઉગમણી કોર રાજમાર્ગ છે.

૨ આથમણી કોરે સોરઠીઆની જગ્યાઓ છે અને ફરીઆની શેરીના વાટ છે.

૩ ઉતરાદી કોરે મેમણ ઇબ્રાહીમ નુરમામદની જગ્યા છે.

૪ દખણાદી કોરે મેમણ જાયુ વલીમામદની જગ્યા છે.

મિતિ ૧જા શ્રાવણ વદ ૧૦ બુધવાર સાં ૨૦૦૪

વકીલ ઓફીસ
વોરા બજાર પાસે
ભુજ કચ્છ

વોરા ગુલામહુસેન મહમદઅલી એડવોકેટ ફોર મેમણ ઓસમાણ હસા.

હ. આ. નં. ૨૬૨. **ઠરાવ.**

સંવત ૨૦૦૩ના શ્રી કચ્છ રાજ્યના હથીઆરના કાયદાની કલમ ૧૭ની પેટાં કલમ (અ) તથા (બ.) માં જણાવેલ હથીઆરોનાં લાઇસન્સ કઢાવવા માટેની વાર્ષીક ફી તથા લાઇસન્સ તાજું કરાવવાની ફીના દરમાં ફેરફાર કરી નીચે મુજબની ફી રાખવા યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબનું ફરમાન થયું છે:–

વાર્ષિક લાઇસન્સ ફી.

૧.	રાઇફલ, રીવોલ્વર અને પીસ્તોલ માટે	કોરી ૧૦
૨.	મઝલ લોડીંગ, ગન તથા બ્રીજલોડ. સ્મુથ–બોર, બંદુક તથા તમંચા વગેરે માટે	કોરી ૫

વાર્ષિક લાઇસન્સ તાજું કરાવવાની ફી.

૧.	રાઇફલ તથા રીવોલ્વર અને પીસ્તોલ માટે	કોરી ૩
૨.	મઝલ લોડીંગ, ગન, બ્રીજલોડ સ્મુથ–બોર, બંદુક તથા તમંચા વગેરે માટે.	કોરી ૨

તલવાર, જમૈયા, ચપ્પુ, છરી માટે લાઇસન્સ લેવાનું ફરજીયાત ન હોવાનું ઠરાવવામાં આવે છે અને તેથી કલમ અ તથા આ ની પેટાં કલમ ૩ રદ થશે.

બીજા શ્રાવણ વદ ૧૧ ગુરૂવાર શાં. ૨૦૦૪ તારીખઃ ૧૧–૯–૪૭.

J. J. Ashar,
I/c. દિવાન કચ્છ.

જ્યુ. જા. નાં ૩૮૪૯ **ઠરાવ**

હાલે કચ્છમાં બહારથી વિશેષ સંખ્યામાં હીજરતી વીગેર માણસો આવતાં હોઇ, મકાન ભાડાંના દરોમાં ઉછાળો ન આવે તે કારણે શ્રી કચ્છ રાજ્યનો સને ૧૯૪૫નો "**મકાન ભાડાં નિયમનનો ધારો**" જે અહીંના નાં. ૬૮૨૭ તારીખ ૨૦–૭–૪૬ વાળાથી મોકુફ રહેલ છે તે ધારો આ ઠરાવની તારીખથી, બીજો હુકમ થતાં સુધી તરતજ અમલમાં આવવાનું ઠરાવવામાં આવે છે.

મિતી ભાદરવા શુદ ૧ સોમવાર શાં. ૨૦૦૪ તારીખઃ ૧૫–૯–૪૭.

Tribhovandas J. Raja,
દિવાન–કચ્છ.

☞ આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

436

KUTCH GOVERNMENT GAZETTE.

EXTRAORDINARY

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

પુ. ૭૫] આદરવા વદ ૧ મંગળવાર સંવત ૨૦૦૪ તા. ૩૦મી સપ્ટેમ્બર સને ૧૯૪૭ [વિશેષ અંક

(વધારો)

Dewan Office,
Bhuj (Kutch)
29th September, 1947.

No. 2920 of 1947.

Order.

The Government of Kutch having entered into an Agreement with the Dominion Government of India and being desirous of giving effect to the terms and conditions of the said Agreement, it is hereby notified that :-

(1) On and after the Ist of October 1947 the Customs Rulings and Procedure as in force in the Dominion of India are adopted at all the ports of Kutch State;

(2) On and after the 1st of October 1947 the Customs Tariff as in force in the ports of the Dominion of India is adopted by the Kutch State and all articles of foreign (non-Indian) origin will be liable to duties 'ad valorem' and specific at the same rates and on the same basis as obtainiug in the ports of the Dominion Government;

(3) All articles, the import and export of which are prohibited in the territory of the Government of the Dominion of India, will be likewise prohibited in the territory of Kutch State.

Any information regarding the operation of the above order which merchants and others concerned may desire, will be given to them by the Dewan Office on application.

Tribhovandas J. Raja.
Dewan, Kutch.

Dewan Office.
Bhuj (Kutch).
29th September 1947.

No. 2921 of 1947.

Order.

The Government of Kutch having entered into an Agreement with the Dominion Government of India and being desirous of giving effect to the said Agreement, it is hereby notified that:-

(1) The provisions of the Foreign Exchange Control Act, 1947 (VII of 1947) as published in the Government of India Gazette Extraordinary, dated 11th of March 1947, and all notifications issued thereunder are hereby adopted by the Kutch Government and will have full effect of law on and after the 1st of October 1947;

(2) an authorised dealer will be appointed by the Government of Kutch to whom

all foreign exchange arising out of export will have to be handed over and from whom all foreign exchange required for the purposes of imports, will be taken;

(3) foreign exchange for this purpose is currency other than the currency of Kutch or the currency of the Dominion Government of India, i. e. non - Indian currency of any foreign country.

Details of the procedure and Rules to be adopted for this purpose will be available on application to the Collector of Customs and Foreign Trade Controller or the Dewan Office, Bhuj, by merchants and others, who may be interested.

Tribhovandas J. Raja.
Dewan, Kutch.

Dewan Office.
BHUJ (Kutch)
29th September 1947.

No. 2922 of 1947.

Order.

As a result of an Agreement between the Government of Kutch and the Government of the Dominion of India and with a view to implement the terms and conditions of the said Agreement, it is hereby notified that:

(1) the import of all goods in Kutch will, from the 1st of October 1947 and thereafter be regulated, and merchants and others desirous of importing goods into Kutch will have to apply for an Import Licence;

(2) the general policy in connection with the issue of these Import Licences will be the same as obtains at present in the territories of the Dominion Government of India;

(3) similarly, all persons desirous of exporting any articles from Kutch will have to apply for an Export Licence, and the generoal policy in relation to the grant of such Export Licences will be that, which btains in the territory of the Dominion Government of India.

Further information on the operation of these orders and the details and the pro--cedure to be adopted in connection herewith will be available to the merchants and others concerned by an application to the Import & Export Trade Controller for Kutch. Immediate representations and enquiries may also be addressed to the Dewan Office, Bhuj.

Tribhovandas. J. Raja
DEWAN, KUTCH.

Dewan Office,
Bhuj (Kutch)
29th September 1947.

No. 2923 of 1947.

Order.

The Government of Kutch having entered into an Agreement with the Dominion Government of India and being desirous of giving effect to the conditions of the said Agreement, it is hereby notified that:-

(1). Kutch has entered the All-India Matches Pool;

(2) All laws, rulings and procedure as provided in the Central Excises and Salt Act, 1944(Act No I of 1944) will operate hereafter and apply to the territory of Kutch.

(3) From and after the 1st of October 1947, this Order will be operative.

Parties concerned, desirous of having further information on the subject, should apply to the Collector of Customs and Foreign Trade Controller or the Dewan Office, Bhuj.

Tribhovandas J. Raja,
Dewan, Kutch.

નં. ૨૯૨૦ સને ૧૯૪૭ ઠરાવ

શ્રી કચ્છ રાજ્યે હિંદુસ્થાન સરકાર સાથે કસ્ટમ્સ સંબંધમાં એક કરાર કર્યો હોવાથી તે કરારની શરતોને અમલી બનાવવાના હેતુથી નીચે પ્રમાણે ફરમાવવામાં આવે છે:—

(૧) તા. ૧લી ઓકટોબર સને ૧૯૪૭ થી સમસ્ત હિંદમાં અમલમાં હોય તે કસ્ટમ્સ નિયમો અને વહીવટી ધોરણ કચ્છના તમામ બંદરોને લાગુ પાડવામાં આવશે.

(૨) તા. ૧લી ઓકટોબર સને ૧૯૪૭ થી હિંદના બંદરોએ અમલમાં હોય તે કસ્ટમ્સ ડયૂટી આ રાજ્યમાં પણ અમલમાં આવશે અને પરદેશથી (હિંદ સિવાયના ભાગોમાંથી) આયાત થતી તમામ વસ્તુઓ પર હિંદના બંદરે પર કિંમત ઉપર (ad valorem) અથવા તો બીજી રીતે (Specific) જે દરે અને જે હિસાબે કસ્ટમ્સ ડયૂટી લેવામાં આવે છે તેજ દરે અને હિસાબે કચ્છના તમામ બંદરોએ ડયૂટી (Customs Duty) લેવામાં આવશે.

(૩) હિંદુસ્થાનની હદમાં જે વસ્તુઓની આયાત કે નિકાસ કરવા સામે પ્રતિબંધ છે તે પ્રતિબંધ કચ્છ રાજ્યની હદમાં પણ લાગુ પાડવામાં આવશે.

આ ઠરાવને લગતી કંઈ પણ વિશેષ માહિતી વ્યાપારીઓ કે બીજાઓને જોઈતી હશે તો તે સંબંધમાં દિવાન ઓફીસને અરજ કરવાથી મળી શકશે.

દિવાન ઓફીસ, ભુજ (કચ્છ).
તા. ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૭.
મિતિ ભાદરવા શુદ ૧૪ સોમે સંવત ૨૦૦૪.

Tribhovandas J. Raja,
દિવાન—કચ્છ.

નં. ૨૯૨૧ સને ૧૯૪૭ ઠરાવ.

શ્રી કચ્છ રાજ્ય અને હિંદુસ્થાનની સરકાર વચ્ચે થયેલ કરારને અમલમાં લાવવાના હેતુથી નીચે પ્રમાણે ફરમાવવામાં આવે છે:—

(૧) તા. ૧૧મી માર્ચ સને ૧૯૪૭ના હિંદ સરકારના ખાસ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ "ફોરિન એક્ષચેન્જ કંટ્રોલ એકટ" (સને ૧૯૪૭નો એકટ ૭ મો)ના નિયમો અને તે નીચે પ્રસિધ્ધ થયેલ તમામ નોટીફીકેશનો આ રાજ્યમાં તા. ૧લી ઓકટોબર સને ૧૯૪૭થી આ હુકમથી અમલમાં લાવવા ઠરાવવામાં આવે છે.

(૨) શ્રી કચ્છ સરકાર તરફથી યોગ્ય વ્યકિતને "ઓથોરાઈઝડ ડીલર" તરીકે નિમવામાં આવશે જેને નિકાશ અંગે ઉત્પન્ન થતું તમામ ફોરિન એક્ષચેન્જ આપી દેવું પડશે. અને આયાત માટે જરૂરી હોય તેવું ફોરિન એક્ષચેન્જ તેના પાસેથી મળી શકશે.

(૩) આ ઠરાવમાં નિર્દિષ્ટ કરેલ "ફોરિન એક્ષચેન્જ" એટલે કે આ કચ્છ સરકાર તથા હિંદુસ્થાનમાં ચાલે છે તે સિવાયનું ચલણી નાણું એટલે કે હિંદ સિવાયના પરદેશના દેશોમાં ચાલતું ચલણી નાણું.

આ સંબંધમાં અમલદાર કરવામાં આવેલ ધોરણ તથા નિયમો બાબત વિગતવાર હકીકત વેપારીઓ તથા બીજા લાગતા વળગતા માણસોને રા. રા. કલેકટર ઓફ કસ્ટમ્સ એન્ડ ફોરિન એક્ષચેન્જ કંટ્રોલર અથવા દિવાન ઓફીસ, ભુજને અરજ કરવાથી મળી શકશે.

દિવાન ઓફીસ, ભુજ (કચ્છ).
તા. ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૭.
મિતિ ભાદરવા શુદ ૧૪ સોમે સંવત ૨૦૦૪.

Tribhovandas J. Raja,
દિવાન કચ્છ.

નાં. ૨૯૨૨ સને ૧૯૪૭. ઠરાવ.

શ્રી કચ્છ રાજ્ય અને હિંદુસ્થાન સરકાર વચ્ચે એક કરાર કરેલો હોવાથી તે કરારની શરતોને અમલમાં લાવવાના હેતુથી નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે:—

(૧) તા. ૧લી ઓકટોબર સને ૧૯૪૭થી કચ્છમાં આયાત થતી તમામ વસ્તુઓનું નિયમન કરવામાં આવશે. વેપારીઓ અને બીજાઓ જેઓ કંઇ માલ આયાત કરવા માગતા હોય તેઓએ "આયાત લાયસન્સ" મેળવવાનું રહેશે.

(૨) આવા "આયાત લાયસન્સ" આપવા સંબંધમાં સામાન્ય રીતે જે પદ્ધતિ હિંદુસ્થાનની સરકાર તરફથી હાલે અખત્યાર કરવામાં આવે છે તેજ પદ્ધતિ આ રાજ્યમાં પણ અખત્યાર કરવામાં આવશે.

(૩) જે શખ્સો કચ્છમાંથી માલ નિકાસ કરવા માગતા હશે તેઓએ "નિકાસ લાયસન્સ" લેવું પડશે અને આવા "નિકાસ લાયસન્સ" આપવા સંબંધમાં જે પદ્ધતિ સાધારણ રીતે હિંદુસ્થાનના બંદરોએ અમલમાં હશે તે આ રાજ્યમાં પણ અમલમાં આવશે.

આ ઠરાવના અમલ સંબંધમાં તેમજ તેમની તેની વિગતો અને ગ્રહણ કરવામાં આવેલ ધોરણ સંબંધમાં કસ્ટમ્સ કલેકટર એન્ડ ઈમ્પોર્ટ—એક્ષપોર્ટ ટ્રેડ કંટ્રોલર, કચ્છને અરજ કરવાથી માહિતી મલી શકશે.

જરૂરી હકીકતો માટે કાંઈ ખાસ અરજ કરવાની હોય અગર સમજુતી મેળવવાની હોય તો દિવાન ઓફીસેથી પણ મળી શકશે.

દિવાન ઓફીસ, ભુજ (કચ્છ).
તા. ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૭.
મિતિ ભાદરવા શુદ ૧૪ સોમે સંવત ૨૦૦૪.

Tribhovandas J. Raja,
દિવાન કચ્છ

નાં. ૨૯૨૩ સને ૧૯૪૭ ઠરાવ.

શ્રી કચ્છ સરકારે હિંદુસ્થાનની સરકાર સાથે એક કરાર કરેલ છે તે કરારની શરતોને અમલી બનાવવાના હેતુથી નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

(૧) કચ્છ રાજ્ય "ઓલ ઈંડીઆ મેચ પૂલ" માં દાખલ થયું છે.

(૨) સેન્ટ્રલ એકસાઇઝ અને સોલ્ટ એક્ટ (એક્ટ નાં. ૧ સને ૧૯૪૪) ને લગતા કાયદા, નિયમો અને ધોરણ હવે પછીથી આ રાજ્યમાં પણ લાગુ પાડવામાં આવે છે અને કાયદા સ્વરૂપે અમલમાં આવશે.

(૩) આ ઠરાવનો અમલ સને ૧૯૪૭ના ઓક્ટોબરની તારીખ ૧લીથી થશે.

આ સબંધમાં લાગતા વળગતાને વિશેષ માહિતીની જરૂરીઆત હોય તેવાઓએ રા. રા. કસ્ટમ્સ કલેકટર એન્ડ ફોરેન ટ્રેડ કંટ્રોલર અથવા દિવાન ઓફીસ, ભુજને અરજ કરવી.

દિવાન ઓફીસ, ભુજ (કચ્છ).
તા. ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૭
મિતિ ભાદરવા શુદ ૧૪ સોમે શાં. ૨૦૦૪

Tribhovandas J. Raja,
દિવાન-કચ્છ.

☞ આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રેશમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[VOL 75] WEDNESDAY 1st October 1947 [No. 8]

[પુ૦ ૭૫મુ ભાદરવા વદિ ૨ બુધવાર સંવત ૨૦૦૩ તા. ૧લી ઓકટોબર સને ૧૯૪૭ [અંક ૮]

ભુજના શાહ ડોસાભાઈ લાલચંદ તથા શાહ કરમચંદ લાલચંદ તરફથી ભુજમાં કન્યા કેળવણી માટે શ્રી રાજ્યને રૂ. ૧૦૦૦૦૦ એક લાખની રકમ આપવા સંબંધમાં નીચે મુજબ અરજી થએલ છે:-

મે. રા. રા. દીવાનજી સાહેબ,
ભુજ.

ભુજના શાહ ડોસાભાઈ લાલચંદ તથા શાહ કરમચંદ લાલચંદની વિનંતી કે શિક્ષણની અગત્ય વિષે બે મત નથી અને અમારા અનુભવ અને નિરક્ષણ પરથી જોઇ શકાયું છે કે સમાજમાં કન્યા શિક્ષણની જરૂરીયાત વિષે હવે ઘણી કેવી સમજણ આવેલીછે એટલુંજ નહીં પરંતુ કન્યા શિક્ષણને માટે સમાજમાં ઝરી જેવી ભુખ ઉઘડી છે અને તેની જોગવાઈ માટે મોટા પ્રમાણમાં માંગ થઈ રહી છે.

વધતી જતી માંગને પહોંચી વળવા ઘણી સંસ્થાઓ ખોલાય એટલુંજ પુરતું નથી પરંતુ શિક્ષણમાં આગળ વધતી બાળાઓને ઉચ્ચતર અભ્યાસની સગવડ આપવાનુ પણ હવે જરૂરી લાગે છે.

પ્રાથમિક શાળાઓમાંથી આગળ અભ્યાસની જોગવાઇ માટે અંગ્રેજી ધોરણો અને હાઈસ્કુલ વિદ્યાર્થીઓ માટે ચાલે છે. તેમાં લાભ કંઈક અંશે બાળાઓ લઇ રહેલ છે. પરંતુ આગળ વધતી બાળાઓ માટે ઈલાકાદી સગવડ ન હોવાથી સહશિક્ષણને ધોરણે અભ્યાસ કરાવવામાં સમાજને પસંદ નહીં હોવાને કારણે બાળાઓનો અભ્યાસ અટકી પડે છે અને સાથે સાથે કન્યા કેળવણીની વિશીષ્ટતા જળવાતી નહિં હોવાથી બાળાઓ માટે ઉદી સંસ્થાની અનિવાર્ય જરૂરીયાત રહેલી છે એમ અમને લાગે છે તેથી અમે કન્યા શિક્ષણના વિકાસ માટે નીચે પ્રમાણેની યોજના રજુ કરીએ છીએ:

અમો બે ભાઈઓ એટલે શાહ ડોસાભાઈ લાલચંદ તથા શાહ કરમચંદ લાલચંદ તરફથી "કરમચંદ ડોસાભાઈ એજયુકેશન ટ્રસ્ટ" એ નામથી કેળવણીના હિતાર્થે એક ટ્રસ્ટ કરવામાં આવેલ છે. જે કરાર-તામાં તારીખ ૫ ઓકટોબર સને ૧૯૩૯ના રોજે રજીસ્ટર થએલું છે.

અમારા તરફથી ૧૪ વર્ષ થયાં ભુજમાં ઇન્દ્રાબાઈ હિન્દુ સાર્વજનિક કન્યા વિદ્યાલય ચલાવવામાં આવે છે તેમાં આ ટ્રસ્ટની પેદાશ હાલે અપાય છે અને તે વિદ્યાલયનું મકાન ટ્રસ્ટ માલીકીનું છે.

આપણી બાળાઓને પ્રાથમિક શિક્ષણ તથા માધ્યમિક એટલે હાઇસ્કુલ શિક્ષણ એલાયદું અને સુવ્યવસ્થિત રીતે મળે એવી અમારી ઇચ્છા છે. એટલે બાળ વર્ગથી, સાત અંગ્રેજી–મેટ્રીક્યુલેશન લગીનું શિક્ષણ નામદાર કચ્છ ગવર્નમેન્ટ પોતાના ખર્ચે મફત હમેશને માટે ચલાવે એ શરતે તથા આ નીચે જણાવેલી બીજી શરતો પ્રમાણે અમો નામદાર કચ્છ ગવર્નમેન્ટને નીચે જણાવ્યા પ્રમાણેની વિગતે રૂપીઆ ૧,૦૦,૦૦૦ એક લાખ અમો બંને ભાઈઓ તરફથી આપવા માગીએ છીએ.

રૂપીઆ ૧,૦૦,૦૦૦ એક લાખની વિગતઃ

રૂ. ૩૨,૪૦૦ ટ્રસ્ટડીડમાં જણાવ્યા પ્રમાણે નીચેની વિગતેઃ

રૂ. ૧૪,૦૦૦ જશવંત સુગર કંપનીના ડીબેન્ચર સાત નંબર ૭૧ થી ૭૫ વાળા તથા નંબર ૧૦૮ થી ૧૦૯ વાળા દરેક રૂપીઆ ૨૦૦૦ બે હજારના આ ડીબેન્ચરો પાંચ ટકાના વ્યાજવાળાંછે.

રૂ. ૧,૦૦૦ નેલીમલી જ્યુટ કું. ની ડીબેન્ચર બે. દરેક રૂપીઆ ૫૦૦ પાંચસોના નંબર ૪૮૯ તથા ૪૯૦ વાળાં.

રૂ. ૧૫,૦૦૦ શ્રી બંગાળ કેમીકલ્સ પ્રેફરન્સ શેર ૭૫૦ તેનો ચાલુ ભાવ રૂપીઆ ૨૦ ના ફ્રી ઓફ ઇન્કમટેક્ષ છે તેના નંબર નીચે પ્રમાણે છે

શેર નંબરની વિગતઃ–

૨૦૦–૩૬૦૦૧ થી ૩૬૨૦૦.
૨૦૦–૪૭૧૦૧ થી ૪૭૩૦૦.
૧૦૦–૪૯૪૦૧ થી ૪૯૫૦૦.
૧૦૦–૪૯૦૦૧ થી ૪૯૧૦૦.
૧૦૦–૧૯૮૦૧ થી ૧૯૯૦૦.
૫૦–૫૪૭૪૬ થી ૫૪૭૯૫.

રૂ. ૧૪૦૦૦ ડન લોપ રબરના ફર્સ્ટ પ્રેફરન્સ શેર ૧૫ નંબર ૨૯૯૭૫ થી ૮૪ તથા ૨૯૯૯૦ થી ૬૪, ચાલુ ભાવ રૂ. ૧૬૦ નો છે.

૩૨, ૪૦૦.

રૂ. ૧૬, ૦૦૦ ભુજ શહેરમાં શ્રી ઇન્દ્રાબાઈ સાર્વજનિક હિન્દુ કન્યા વિદ્યાલય ચાલે

442

છે તે મકાન શ્રી દરબારી વાણીયા-વાડનીશ્કુલની સામે છે તેની કિંમત હાલે રૂપીયા ૧૬,૦૦૦ સોળ હજાર શ્રી કચ્છ ગવર્નમેન્ટે આંકેલ છે જેના દસ્તાવેજો અમારી પાસે જ છે. તે અમો સોંપશુ.

રૂ. ૫૧,૬૦૦ રૂપીઆ ૧,૦૦,૦૦૦ એક લાખની રકમ પુરી કરવા માટે ઉપર જણાવેલી રકમો બાદ કરતાં બાકીની રકમ રોકડી અમો બન્ને લાઇઓ તરફથી આપવા માગીએ છીએ તે રૂ. ૫૧,૬૦૦ રોકડા આપશું.

રૂ. ૧,૦૦,૦૦૦ એક લાખ

ઉપર જણાવેલ વિગત પ્રમાણે મકાન સહીત રૂપીઆ ૧,૦૦,૦૦૦ એક લાખ શ્રી કચ્છ રાજ્યને સોંપવા માગીએ છીએ તથા શ્રી ઇન્દ્રાબાઈ કન્યા વિદ્યાલયમાં સીવવાને સંચો તથા અન્ય ફરનીચર જે હાલે છે તે અમો સોંપી આપશું.

અમારી બીજી શરતો નીચે મુજબની છે:—

૧. નામદાર કચ્છ સરકાર કન્યા કેળવણી માટે બે સંસ્થાઓ:
   ૧. બાળ વર્ગથી ગુજરાતી ચાર ધોરણ સુધી.
   ૨. અંગ્રેજી ધોરણ ૧ લા થી 'મેટ્રીકયુલેશન' લગી હંમેશાં પોતાને ખર્ચે ચલાવે અને શિક્ષણ મફત-ફ્રી—આપે.

૨. અત્યારે જે મકાનમાં ઇન્દ્રાબાઇ સાર્વજનિક હિન્દુ કન્યા વિદ્યાલય ચાલે છે તે મકાનમાં બાળવર્ગથી ગુજરાતી ધોરણ ચાર લગીના વર્ગો રાખવા અને અભ્યાસ કરતી બાળાઓનો સુંદર રીતે સમ[illegible] તેની સગવડ આ મકાનમાં કરવી.

૩. આ કન્યા વિદ્યાલયનું નામ 'ઇન્દ્રાબાઈ કન્યા વિદ્યાલય, ભુજ કચ્છ' એ રીતે રાખવું અને મુખ્ય દરવાજા ઉપર એ નામનું બોર્ડ મોટા અને શુશોભીત અક્ષરવાળું રાખવું.

૪. મકાનની અંદર મારબલની તકતી રાખવામાં આવે અને એ મારબલની તકતીમાં આ સાથે ઈલાયદો નમૂનો રાખેલ છે તે પ્રમાણે તેમાં મોટા અને શોભિત અક્ષરે લખવું.

૫. કન્યાશાળામાં હાલે જે શિક્ષીકા બહેનો તથા બીજા નોકરોનો સ્ટાફ છે તેમની નોકરી શ્રી કચ્છ ગવર્નમેન્ટની નોકરીને ધોરણે રાખવી અને આ સંસ્થા શ્રી રાજ્ય હસ્તક આવ્યાથી પાંચ વર્ષ લગી નોકરી ચાલુ રહે તે આ સ્ટાફને પેન્શન, તથા ગ્રેચ્યુઈટી માટે આ સંસ્થાની આગળની નોકરીની તમામ મુદ્દત શ્રી રાજ્યની સેવી સમાં લેખાશે અને તે આખી મુદ્દત શ્રી રાજ્યની નોકરીમાં લેખવામાં આવે અને તેઓને પેન્શન અને ગ્રેચ્યુઈટી તે પ્રમાણે ગણીને આપવામાં આવે. પગાર અને ગ્રેડેશન શ્રી રાજ્યના ધોરણે શરૂઆતથી જ ચાલુ કરી દેવામાં આવે અને આ ઈન્દ્રાબાઇ કન્યા વિદ્યાલયમાં જે શિક્ષીકા બહેનો કામ કરે છે તેઓને આ સંસ્થામાંથી બદલી કરવી નહિ.

૬ કન્યાઓ માટે હાઇસ્કુલનું મકાન શ્રી રાજ્ય જુદું બંધાવી આપે. આ મકાન યોગ્ય સ્થળે અને કન્યા વિદ્યાલયને લાયક આધુનિક ઢબનું હોવું જોઈએ. હાઈસ્કુલના મકાન માટે સ્થળની પસંદગીમાં અમારી સંમતિ હોવી જોઈએ તથા મકાન માટે જે નકશો તૈયાર થાય તેમાં પણ અમારી સમતી હોવી જોઇએ.

૭. હાઇસ્કુલના મકાનમાં અંગ્રેજી ધોરણ ૧થી ૭ સુધી રાખવાં.

૮. આ હાઈસ્કુલનું નામ "ઈંદ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ" રાખવું અને એ નામ પ્રમાણે મુખ્ય દરવાજા ઉપર બોર્ડ મોટા અને સુશોભિત અક્ષરે લખવું.

૯. હાઈસ્કુલના સેન્ટ્રલ હોલમાં માર્બલની તકતી રાખવી અને તકતીમાં આ સાથે રાખેલ નમુનાના લખાણ પ્રમાણે મોટા અને સુશોભિત અક્ષરે લખવું.

૧૦. હાઈસ્કુલના સ્ટાફમાં શક્ય હોય ત્યાં લગી સ્ત્રી શિક્ષીકાઓને રાખવી.

૧૧. આ બંન્ને સંસ્થાઓનાં નામો હંમેશના માટે ઉપર દર્શાવ્યા પ્રમાણેજ રાખવાં તથા પત્ર વ્યવહાર અને વહીવટ પણ એજ નામથી રાખવો. આ કામ કયારે પણ બદલી શકાશે નહિં.

૧૨. આ બન્ને સંસ્થાઓમાં નીચેની રજાઓ ખાસ પાળવી.

૧. ફાગણ વીદ ૧૩ પુ. માતુશ્રી ઈન્દ્રાબાઈની અવસાન તિથિ.

૨. ચૈત્ર શુદ ૧૩ શ્રી મહાવીર જયંતિ.

૩. શ્રાવણ વીદ ૩૦ પર્યુષણની પાંખી.

૪. ભાદરવા શુદ ૫ પર્યુષણમાં સંવત્સરી.

૧૩. બંન્ને સંસ્થાઓમાં અભ્યાસક્રમ પ્રમાણે અપાતા શિક્ષણ ઉપરાંત ભરત, ગુંથણ સિલાઇ તથા શારીરિક વિકાસના અને સ્ત્રી શિક્ષણને લગતા વિષયોનો પ્રબંધ કરવો.

૧૪. બંન્ને સંસ્થામાં પુ. ઈન્દ્રાબાઇનો એક એક મોટો ફોટોગ્રાફ રાખવો. આ ફોટોગ્રાફ અમો આપીશું.

૧૫. બન્ને સંસ્થાનાં મકાનનો ઉપયોગ કન્યા કેળવણી સિવાય બીજા કશામાં કરવો નહિં

૧૬. દાતાઓ — — ના કુટુંબ તરફથી એક સભ્ય આ બંન્ને સંસ્થાઓનાં સંચાલનમાં ખાતા તરફના વહીવટમાં સાથે નિમવામાં આવશે અને તે આ સંસ્થાઓનાં સંચાલનમાં સલાહ અને સૂચના આપી શકશે જેનો ખાતાં તરફથી શક્ય હોય ત્યાંલગી અમલ કરવામાં આવે.

૧૭. આ પ્રમાણેની વ્યવસ્થા શ્રી રાજ્ય સ્વીકારે તો તે બધી શરતો સહીતનું લખાણ શ્રી કચ્છ દરબારી ગેઝેટમાં છપાવવું અને એક અસલ સહીવાળું લખાણ અમોને આપવું.

ઉપર પ્રમાણેની શરતો શ્રી રાજ્ય સ્વીકારે તો અમો ઉપર જણાવેલી મિલકત શ્રી રાજ્યને સોંપી આપવા તૈયાર છીએ. ગુજરાતી વિભાગના વર્ગો સંવત ૨૦૦૪ના ભાદરવા શુદ ૩થી શ્રી કચ્છ સરકાર પોતાના ખાતામાં લે અંગ્રેજી વર્ગો છ માસમાં મકાન તૈયાર કરાવી શરૂ કરે એમ અમે ઇચ્છીએ છીએ શરૂઆતના વર્ષોમાં હાઇસ્કુલમાં બધા વર્ગો શરૂ ન થઇ શકે અગર જોડાણ એફીલીએશન ન મળી શકે ત્યાં સુધી છ ધોરણો શરૂ થાય અને મેટ્રીકની યુનીવરશીટીની પરિક્ષા ભુજ ઓલફ્રેડ હાઈસ્કુલ મારફતે આપવી.

અમોને આશા છે કે શહેરની કન્યાઓ માટે કન્યા કેળવણીની સારામાં સારી વ્યવસ્થા થાય અને એ હેતુથી આ યોજના અમોએ શ્રી રાજ્ય પાસે મુકી છે. અમોને ખાત્રી છે કે શ્રી રાજ્ય પણ આમારો એ આશય સ્વીકારી યોગ્ય પ્રબંધ કરવા તૈયાર થશે.

વિનંતી સેવકો

તા૦ ૨૮-૯-૧૯૪૭. શા ડોસાભાઇ લાલચંદ.
શા કરમચંદ લાલચંદ.

૪૪૫

ઠરાવ.

શ્રી હજુર ઓર્ડર નં. ૨૫૯. ૪૭.

ભુજના શાહ ડોસાભાઇ લાલચંદ તથા શાહ કરમચંદ લાલચંદે ભુજમાં પ્રાથમિક કન્યા કેળવણી માટે તથા કન્યાઓને અંગ્રેજી અભ્યાસ માટે ઇલાવદી ગોઠવણ હોવાનું ખાસ જરૂર જણાવીને બાળવર્ગથી મેટ્રીકયુલેશન સુધીના વર્ગો ખોલવા માટે રૂ. ૧૦૦,૦૦૦ શ્રી રાજ્યને સોંપવા ઇચ્છા દાખી છે. આ રૂપીઆ રૂક લાખ પૈકી હાલે ભુજમાં શ્રી ઇન્દ્રાબાઇ સાર્વજનિક હિન્દુ કન્યાશાળા ચાલે છે મકાન જેની કિંમત રૂ. ૧૬,૦૦૦ આંકવામાં આવી છે ત્યાં શ્રી ઇન્દ્રાબાઇ કન્યા વિદ્યાલયમાં પ્રાથમિક શિક્ષણ ચાલુ રાખવા તથા શ્રી ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કુલ માટે મકાન બંધાવવા બંને સંસ્થાઓ શ્રી સરકાર પોતાને ખર્ચે ચલાવે એવી અરજ કરે છે. શ્રી કચ્છ સરકારે શેઠ ડોસાભાઇ તથા શેઠ કરમચંદ પાસેથી ઉપર જણાવેલ હેતુ માટે રૂ. ૧,૦૦,૦૦૦ એક લાખની રકમ સ્વીકારી છે અને તે બદલ તે બંને સદગૃહસ્થોને માન ઘટે છે. આ સંબંધમાં શેઠ ડોસાભાઇ તથા શેઠ કરમચંદની અરજ ઉપરથી શ્રીમાન યુવરાજ મહારાજ કુમારશ્રી મદનસિંહજી સાહેબ હજુરથી નીચે પ્રમાણે ફરમાન થયું છે:-

૧. શ્રી કચ્છ સરકાર કન્યા કેળવણી માટે બે સંસ્થાઓ પોતાને ખર્ચે ચલાવશે. (૧.) બાળવર્ગથી ગુજરાતી ચાર ધોરણ સુધી. (૨.) અંગ્રેજી ધોરણ ૧લાથી મેટ્રીકયુલેશન સુધી. આ સંસ્થાઓમાં કન્યાઓને મફત શિક્ષણ અપાશે.

૨. જે મકાનમાં હાલે ઇન્દ્રાબાઇ સાર્વજનિક હિન્દુ કન્યા વિદ્યાલય ચાલે છે તેમાં બાળવર્ગથી ગુજરાતી ચાર ધોરણના વર્ગો રહેશે અને તેનું નામ " શ્રી ઇન્દ્રાબાઇ કન્યા વિદ્યાલય-ભુજ-કચ્છ " રહેશે. તેના મુખ્ય દરવાજા પર એ નામનું બોર્ડ મોટા સુશોભીત અક્ષરે રાખવામાં આવશે.

૩. કન્યાશાળામાં હાલે જે શિક્ષિકાઓ તથા બીજા નોકરોનો સ્ટાફ છે તેમની નોકરી શ્રી કચ્છ સરકારી નોકરીના ધોરણે રહેશે અને આ સંસ્થા શ્રી રાજ્ય હસ્તક આવ્યાથી પાંચ વર્ષ લગી નોકરી ચાલુ રહે તો આ સ્ટાફને પેન્સન તથા ગ્રેચ્યુઇટી માટે આ સંસ્થાની આગળની નોકરીના તમામ સુદત શ્રી સરકારની નોકરીમાં લેખાઇ તે આખી નોકરી શ્રી રાજ્યની નોકરીમાં લેખવામાં આવશે. તેઓને પગાર તથા ગ્રેડેશન શ્રી રાજ્યનાં ધોરણે મળશે. જે શિક્ષિકાઓ હાલે આ કન્યા વિદ્યાલયમાં કામ કરે છે તેઓની નોકરી આ સંસ્થામાંજ ચાલુ રહેશે.

૪. કન્યાઓ માટે આધુનિક ઢબનું જુદું હાઇસ્કુલનું મકાન શ્રી સરકાર યોગ્ય સ્થળે બંધાવી આપશે, ને સ્થળની પસંદગીમાં તથા મકાનના નકશામાં શેઠ ડોસાભાઇ તથા શેઠ કરમચંદની સંમતિ લેવી.

૫. હાઇસ્કુલના મકાનમાં અંગ્રેજી ધોરણ ૧થી ૭ સુધી રાખવા અને હાઇસ્કુલનું નામ " શ્રી ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કુલ" રાખવું. એ નામનું મુખ્ય દરવાજા ઉપર બોર્ડ મોટા સુશોભિત અક્ષરે લખવું

૬. હાઇસ્કુલના સેન્ટ્રલ હોલમાં તથા કન્યા વિદ્યાલયના મકાનમાં બંને સ્થળે આ હકીકતની તકતી રાખવી અને તકતીમાં નીચે મુજબ લખાણ મોટા અને સુંદર અક્ષરે લખવું

'ભુજ કચ્છના શાહ ડોસાભાઇ લાલચંદ તથા શાહ કરમચંદ લાલચંદ તરફથી તેમનાં પુજ્ય માતુશ્રી ઇન્દ્રાબાઇના સ્મરણાર્થે કન્યા શિક્ષણ માટે "શ્રી ઇન્દ્રાબાઇ મફત હાઇસ્કુલ" એ નામોના શ્રી કચ્છ રાજ્યને હમેશને માટે નભાવે તે માટે રૂપીઆ ૧૬,૦૦૦ સોળ હજારની કિંમતનું મકાન તથા રૂપીઆ ૮૪,૦૦૦ ચોર્યાસી હજાર સીકયોરીટીઝ તથા રોકડા મળી રૂપીઆ ૧,૦૦,૦૦૦ એક લાખ શ્રી કચ્છ સરકારને સુપ્રત કર્યા છે.

બંન્ને સંસ્થાઓમાં શેઠ ડોસાભાઇ તથા શેઠ કરમચંદનાં માતુશ્રી ઇન્દ્રાબાઇનો ફોટો રાખવો.

૭. હાઇસ્કુલના સ્ટાફમાં શક્ય હોય ત્યાં સુધી સ્ત્રી શિક્ષિકાઓ રાખવી.

૮. આ બંન્ને સંસ્થાઓનાં નામો હમેશને માટે ઉપર દર્શાવ્યા પ્રમાણે રહેશે અને વહીવટ પણ એજ નામથી રહેશે. આ બંન્ને સંસ્થાઓનાં મકાનોનો ઉપયોગ કન્યા કેળવણી સિવાય બીજા કશામાં કરવો નહિં.

૯. આ બંન્ને સંસ્થાઓમાં નીચે પ્રમાણે ખાસ રજાઓ પાળવી –

૧. ફાગણ વીદ ૧૩ શેઠ ડોસાભાઇ તથા શેઠ કરમચંદનાં માતુશ્રી ઇન્દ્રાબાઇની અવસાન તિથી.

૨. ચૈત્ર સુદ ૧૩ શ્રી મહાવીર જયંતિ.

૩. શ્રાવણ વીદ ૩૦ પર્યુંષણની પાંખી.

૪. ભાદરવા શુદ ૫ પર્યુંષણની સંવત્સરી.

૧૦. આ બંન્ને સંસ્થાઓમાં અભ્યાસક્રમ પ્રમાણે ચાલતા શિક્ષણ ઉપરાંત સ્વચ્છતા સુંદરણ શિલાઇ, તથા શારિરિક વિકાસના અને સ્ત્રી શિક્ષણને લાગતા વિષયોનો પ્રબંધ કરવો.

૧૧. શેઠ ડોસાભાઇ તથા શેઠ કરમચંદના કુટુંબ તરફથી એક સભ્ય આ ભિન્ન સંસ્થાઓનાં સંચાલનમાં ખાતા તરફના વહીવટમાં સાથે નીમવો. અને તે આ સંસ્થાઓનાં સંચાલનમાં સલાહ અને સુચનાં આપી શકશે. આ સલાહ અને સુચનાનો શક્ય ત્યાં લગી ખાતાં તરફથી અમલ કરવામાં આવશે.

૧૨. હાઇસ્કુલ ચલાવવા માટે વાર્ષિક કોરી ૨૦,૦૦૦ વીસ હજાર સુધીનું રિકરીંગ ખર્ચ તથા ફરનીચર માટે કોરી ૨૦,૦૦૦નું તથા લાયબ્રેરી નકશા વિગેરે માટે કોરી ૩,૦૦૦ એમ કોરી ૨૩,૦૦૦નું નોન-રીકરીંગ ખર્ચ મંજુર કરવું.

બીજા શ્રાવણ વદ ૧૦ બુધવાર શાં. ૨૦૦૪.

તા. ૧૦-૯-૪૭.

J. J. Ashar,
નાયબ દિવાન.

No. 2765 of 1947. ORDER.

On account of the communal tension prevailing in Karachi, some enquiries have been received from Kutchee residents there regarding the coolie Charges at the Ports, Customs facilities in respect of household luggage and transport. The number of Kutchees in Karachi alone is reported to be about 60,000 and there are a number of Kutchee cultivators in the Lower Sind. In order to cope with the work which is likely to be created in the event of a large number of them returning to Kutch, which is their native land, the Government of Kutch have decided to grant to such evacuees all reasonable Customs facilities at their ports and to order that Coolie charges should be rigidly enforced for packages. Instructions have been issued to the Motor Transport Board to give priority to the demand for transport by such evacuees. Such piece meal action, however, will not in the opinion of Government be sufficient to cope with the situation. In the circumstances, they have decided to appoint Mr. Balmukund M. Mehta, B. Sc., at present Asst. Revenue Commissioner, Eastern Division, to act as a Special Officer for Evacuees. His Headquarters will be in Anjar and a special staff will be attached to his office. His functions will be mainly as follows:—

(1) To receive and answer all enquiries from Evacuees.

(2) To arrange for their reception on arrival, Customs Clearance and for their temporary accommodation in the Dharmashalas or Guest-houses etc., before they are despatched to their respective towns or villages.

(3) A sum of Krs. 25,000/- is sanctioned for free distribution of food, cloth and transport to those who appear to be in genuine need on arrival.

(4) He will arrange for rations to be issued to them by the Food and Civil Supplies Departments.

(5) To classify those evacuees who are in search of work according to their occupations and to settle genuine agriculturists on lands preferably commanded by the irrigation dams in consultation with the Irrigation Engineer and the Revenue Commissioner. All existing rules about concessions in respect of lands to be brought under cultivation will apply to such cases. The Revenue Commissioner on the recommendation of the Special Officer will grant to deserving evacuees Takavi in each case not exceeding Krs. 1000/- per head upto a maximum of Krs. 2,00,000/-

The present arrangement of giving a loan of seeds to be returned

446

in kind will be available fo vacuees also upto and inclnsive of the next Khariff Crops.

(6) A sum of Krs 6,00,000/ is placed at the disposal of the Revenue Commissioner for granting advances to deservidg evacuess for the purchase of lands for residential purposes and for the cost of building on the recommendations of the Special Officer.

Dewan's Office, J. J. Ashar.
Bhuj, 10th September 1947. I/c. DEWAN, KUTCH.

ઠરાવ. નં. ૮૮૮

રક્ષણાર્થીઓ. Refugees : બાબતમાં અંગેજી હુકમ નાં ૨૭૬૫ તા. ૧૦-૯-૪૭ વાળો થયો છે, તેના અનુસંધાનમાં નીચે પ્રમાણે વિશેષ ગોઠવણ કરવામાં આવે છે. :-

૧. આ કામગીરી માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવા માટે એક સેન્ટ્રલ કમીટી નીમવામાં આવે છે તે નીચે પ્રમાણે,

:૧: મે. રા. રા. દીવાન સાહેબ..... પ્રમુખ.

:૨: રા. રા. નાયબ દીવાન સાહેબ..... ઉપ પ્રમુખ.

મેમ્બરો.

:૩: રા. રા. રેવેન્યુ કમીશ્નર સાહેબ.....

:૪: રા. રા. પોલીસ કમીશ્નર સાહેબ.....

:૫: શ્રીયુત ગુલાબશંકર અમૃતલાલ ધોળકીયા...

રા. રા. બાલમુકંદ અવજી પહેતા એક્ઝીક્યુટીવ ઓફીસર તરીકે ચાલુ રહેશે.

૨. આ ઉપરાંત નીચે મુજબના પ્રદેશોમાં આ સંબંધી કામકાજ કરવા માટે લોકલ કમીટીઓ રા. રા. રેવેન્યુ કમીશ્નર સાહેબની ભલામણ મુજબ નીમવામાં આવશે.

પ્રદેશ.	સ્થળ.
:૧: અંજાર, ભચાઉ અને વામકા	અંજાર.
:૨: ભુજ અને નખત્રાણા.	ભુજ.
:૩: નખત્રાણા લખપત અને નખત્રાણા નજીક અબડાશાના ભાગો.	નખત્રાણા.
:૪: માંડવી અને અબડાસા.	માંડવી.

૩ સેન્ટ્રલ કમીટીનો કાર્યપ્રદેશ નીચે મુજબ રહેશે.:-

:૧: રક્ષણાર્થીઓને ઉતારવા માટેની તથા ફાલ્સ અલાઉ રહેવાની સગવડ તથા તેમને સ્થળે પહોંચાડવાની સર્વ ગોઠવણ કરવા.

:૨: શ્રી સરકારે નકકી કરેલ ધોરણ મુજબ ખેડુત વર્ગના રક્ષણાર્થીઓને ખેડવા માટે જમીન આપવા.

:૩: તકાવી વિગેરે માટે જે ગ્રાન્ટ આ ખાસ હેતુસર એકસર મંજુર થાય તેની હદમાં રહીને ખેડુત વર્ગના રક્ષણાર્થીઓને ખેતી માટે તથા રહેઠાણ માટે યોગ્ય તકાવી વિગેરે આપવા.

:૪: યોગ્ય કારણ વિના જે જમીન પડેતર હોવાનું આ કમીટીને લાગે તો તેવી જમીન લાયક રક્ષણાર્થીઓને ખેડવા માટે કમીટી રેવેન્યુખાતા મારફત અપાવી શકશે. આવા પ્રસંગે જમીન માલીકને કમીટીને યોગ્ય લાગે તે બદલો અપાવી શકશે.

:૫: રક્ષણાર્થીઓના ઉપયોગ માટે ઘરો, ધર્મ શાળાઓ, મહાજન-વાડીઓ વિગેરે મેળવવાનો યોગ્ય પ્રયાસ કરશે.

નોટ:- શ્રીયુત લખજી એલ. ઠક્કરે આ કાર્યમાં મદદ કરવા ઇચ્છા દર્શાવી છે તે સ્વીકારવામાં આવી છે.

મિતિ ભાદરવા શુદ ૯ મંગળવાર સંવત ૨૦૦૪ તા ૨૩-૯-૪૭.

Tribhovandas J. Raja,
દિવાન-કચ્છ.

447

યાદી.

જયુ. જા. નંબર ૩૯૭૮.

અહીંના નં. ૧૫૨૯ તા. ૧૮–૨–૪૭ વાળાથી નગરસભાઓના હિસાબ એકાઉન્ટ ખાતાં હસ્તક તપાસવાનું ઠર્યું છે. આ સંબંધમાં નગરસભાઓના પ્રેસીડેન્ટો તથા સેક્રેટરીઓની રા. રા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ સાથે થએલ ફળદ ચર્ચા અને સર્વાનુમતે નક્કી થએલ હિસાબ રાખવાની પદ્ધતિ વગેરે અંગેના, એકાઉન્ટ ખાતેથી આવેલ આ સાથેના નિયમો મંજુર કરવામાં આવે છે.

મિતી ભાદરવા શુદ ૮ સોમવાર સંવત ૨૦૦૪. તા. ૨૨–૯–૪૭.

J. J. Ashar,
નાયબ દિવાન.

નગરસભાઓના હિસાબ અંગે નક્કી થએલ ધારા ધોરણો.

૧. નગરસભાનાં નાણાં બોર્ડ જે પ્રમાણે ઠરાવ કરે તે પ્રમાણે જો તે જગ્યાએ ખાનગી બેન્ક હોય તો બેન્કમાં અથવા તો વહીવટદાર કચેરીએ રાખવાં અને પ્રેસીડેન્ટ સાહેબની અને સેક્રેટરીની સહીથી ઉપાડવાં. આ જે અમાનત ખાતું તેને વરસના ફેરબદલાનો બાદ લેવામાં નહીં આવે,

૨. વહીવટદાર કચેરીએ નગરસભાનાં નાણાંની પેટી નગરસભાની ઓફીસમાં પુરતો બંદોબસ્ત ન હોય તો વહીવટદાર કચેરીએ ઓફીસ બંધ થતાં પહેલાં સીલબંધ મુકી આવવી.

૩. જ્યારે નગરસભા પાસે જોઈતા પ્રમાણથી વધારે નાણાં એકઠાં થાય એટલે તેમણે પોતાનાં ખાતાંમાં વહીવટદાર કચેરીએ જમે કરાવવાં.

૪. જે નાણાં ત્રીજોરીએ ભરવામાં આવે તેને ભરણાંનાં રજીસ્ટરમાં અક્ષરે અને શબ્દોમાં દાખલ કરવાં અને તેને વહીવટદાર કચેરીએ ભરી દેવાં. આ રજીસ્ટરને હાયમના રજીસ્ટર તરીકે રાખવું.

૫. દરેક રકમ વસુલ થયેથી જે તે આસામીને પૈસા ભરેથી તેને સેક્રેટરીની સહીવાળી ઉપજ પહોંચ આપવી અને તેની કાઉન્ટર ફોઈલ રસીટ રાખવી

૬. પરચુરણ ઉપજ પેટે ઉઘરાણી કારકુન પોતાની સહીથી જે તે આસામીને પોંચ આપે અને દરેક પોંચની કાઉન્ટર ફોઈલ પાછળ દરેક પોંચો પાછળ હિસાબી કારકુને સહી કરવી અને એક દિવસની એવી એકંદર પોચોની રકમોનો સરવાળો કરી તે રોજની છેવટની પોચ ઉપર છેવટે તેમાં ચોકશી કરી સેક્રેટરીએ સહી કરવી. એટલીજ રકમની ખાતાં કરી રોજમેળમાં દાખલ થયાની ચોકસી કરી તે રોજના છેવટના સરવાળે સેક્રેટરીએ સહી કરવી.

૭. રોજમેળ રોજરોજ લખવો જોઇએ અને તેની બંને બાજુએ દિવસના આખરે સરવાળો કરી પ્રાત કાઢવી જોઇએ અને સેક્રેટરીને યોગ્ય લાગે તો તે પ્રાત તેમણે તપાસી પોતાની પાસે પેટીમાં રાખવી. મહીનાની આખરે સીલક પ્રમુખ સાહેબે તે તપાસવાનો શેરો પોતાને હાથે આવવો. રોજરોજ ચોપડામાં પ્રમુખ સાહેબ અને સેક્રેટરીએ સહી કરવી.

૮. દરેક દરેક પેમેન્ટનું બીલ સેક્રેટરીએ તૈયાર કરી નગરસભા તરફથી નીમાએલ ઓડીટરે ઓડીટ કરી સ્ટેન્ડીંગ કમીટી અથવા જનરલ કમીટી પાસે રજુ કરવાને તે પાસ થયા પછી લાલ સાહીના સેરામાં પ્રમુખ સાહેબની સહી થયા પછી સેક્રેટરીએ પેમેન્ટ કરવું.

૯. રોજનદાર કામ કરનાર માણસને માટે મસ્ટર રોલ રાખવુ અને તેની અંદર નામ દર, હાજરીના દિવસો અને કુલ્લે આપવાની રકમ અને છેલ્લા કોલમમાં ભણેલો હોય તો તેની સહી માટે અથવા તો અંગુઠાનાં નિશાનનો સમાવ રાખવો.

૧૦. સેક્રેટરી અથવા તો તેના હાથ નીચેના અદદનીસે ચુકાદો કરવો અને તે પછીથી કુલ્લે ચુકાદો હિસાબનાં દાખલ કરવો.

૧૧. જે કોઇ ઇસમ ચુકાદો કરતી વખતે હાજર ન હોય તેવાઓની એક જુદા રજીસ્ટરમાં પુરેપુરી નોંધ રાખવી અને પાછળથી ચુકાદો કરતી વખતે તે રજીસ્ટરમાં પેમેન્ટનો રેરો કરવો.

૧૨. કાયમી નોકરોનું બીલ મહીનાની આખર બનાવવું.

૧૩. હાલની ચાલતી પધ્ધતિ પ્રમાણે કાયમી ઠેકેદારો વીગેરેને મહીનો પુરો થતાં પહેલાં જે પ્રમાણે તસલમાત આપવામાં આવે છે તે બંધ રાખવું અને મહીના આખર પાકું બીલ બનાવી તેની ચીંધી થયા પછી પાકે ખાતે ખર્ચ પાડવું. તસલમાત જે કામ ખાતે અપાએલ હોય તે તે ખાતે ઉધારવી પછી તે પાકે ખાતે માંડી જમા કરાવવી.

૧૪. હિસાબી કારકુન પાસે હાલે જે તસલમાત રાખવામાં આવે છે તે બંધ કરી કાયમી તસલમાત બોર્ડની મંજુરીથી આપવી અને તેટલાનો જામીન લેવો. કાયમી તસલમાતમાંથી પરચુરણ ચુકાદા કરવાની અને એકદર બીલ બનેથી કાયમી તસલમાત ભરપાઈ કરી આપવી. કાયમી તસલમાતની રકમ જ્યારે જ્યારે હિસાબી અધિકારી કે બોર્ડના પ્રમુખ સાહેબ માગે ત્યારે વૌચર અને રોકડ રકમથી મેળવી બતાવવી

૧૫. પૈસા વહીવટદાર કચેરીએથી ઉપાડવા માટે આ સાથેના નક્કી કરેલ ફોર્મમાં પ્રમુખ સાહેબની તથા સેક્રેટરીની સહીથી રકમ ઉપાડવી અને તેની કાઉન્ટર ફોઇલમાં નોંધ પ્રમુખ સાહેબની ઇનીશીયલ રાખવી. આ ફોર્મ ઉપર રાજ્યની કોરી કાની રેવીન્યુ સ્ટેમ્પ ચોડવાની જરૂર નથી પણ તે સિવાયના નગરસભા જે તે ચુકાદો કરે તેનાં દરેક ચુકાદો કોરી ૧૦૦ ઉપરાંતનો હોય તો સ્ટેમ્પ એક્ટ પ્રમાણે કોરી કાનો રેવીન્યુ સ્ટેમ્પ ચોડાવવો જોઈએ. કોઈપણ કારણસર સ્ટેમ્પ ચોડાયો ન હોય તો વૌચર ઉપર સ્ટેમ્પ ચોડી કેન્સલ કરવાં જોઇએ.

૧૬. વહીવટદાર કચેરીએ જે નગરસભાનું ખાતું રાખવામાં આવ્યું હોય તે માટે પાસ બુક રાખવી અને દર મહીને વહીવટદાર કચેરીએ મોકલવી અને તે ભરાઇને આવ્યા પછી રોજમેળ ઉપરથી મેળવી લેવી.

૧૭. પરચુરણ કામ જેવાં કે રસ્તા રીપેર, જાજરૂ રીપેરીંગ તેમજ અન્ય કામો માટે હાલે જે પધ્ધતિએ ચડાખડી કરીને કોન્ટ્રાકટ આપવામાં આવે છે અથવા તો નગરસભાને યોગ્ય લાગે તો તે ડીપાર્ટમેન્ટ દ્વારા કરવાને વાંધો નથી. જો કામ કો-

ન્ટ્રાકટરને આપવામાં આવ્યું હોય તો કામ પુરૂં થયેથી અગર જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે તે કામ પેટે અગાઉ અથવા તો થએલ કામના પ્રમાણમાં ૮૦ ટકા સુધીની રકમ તગદ યોગ્ય અધીકારીની મંજુરીથી આપી શકાશે.

૧૮. આવી રીતની તગદ અપાએલ હોય તે જેમ બને તેમ પહેલી તકે પાકું બીલ તૈયાર કરી વસુલ થવી જોઈએ.

૧૯. જ્યારે ડીપાર્ટમેન્ટલી કામ કરવાનું નકકી થયું હોય તો તેને માટે નીચે જણાવેલ પત્રકો રખાવવાં જોઈએ:—

૧. હાજરી પત્રક.

૨. માલ કામ માટે ખરીદ થયાનું પત્રક.

૩. પેટાં રોજમેળ.

૨૦. ડીપાર્ટમેન્ટલી કામ કરાવવામાં કામના મેજરમેન્ટની યોગ્ય રજીસ્ટરમાં નોંધાવવા જોઈએ. જેના ઉપરથી કમીટીને જ્યારે ત્યારે કામ ખર્ચ અને કામ જોવાનું ઠીક થાય.

૨૧. કોન્ટ્રાકટર વગેરેને જે રકમ તગદ અપાએલ હોય તેને ખાતાં વહીમાં દાખલ કરવી અને કામ પુરૂં થયે તેનું ખાતું સરભર કરવું.

૨૨. માસીક તારીખે ખાતાંવાર કરવી જોઈએ. તેનો સરવાળો રોજરોજ બજેટના હેડવાર રોજમેળની બન્ને બાજુમાંથી આંકડા ભરી દેવા અને તેનો માસીક સરવાળો કરી એકંદર ઉપજ તથા ખર્ચની મેળવણી કરવી.

૨૩. અંદાજી પત્રકના ઉપર પુરેપુરો કાબુ રહે અને ખર્ચ વધી ન જાય તે જોવા માટે દરેક હેડવાર આંકડો દાખલ કરવામાં આવે તેના હેડ ઉપર લાલ સાહીથી ચાલુ સાલના મંજુર થએલ આંકડા દર્શાવવાથી ખર્ચ કોઇપણ સમયે વધી જાય તો યોગ્ય પગલાં લઈ શકાય.

૨૪. સાથેના નમુના પ્રમાણે ડેડસ્ટોક રજીસ્ટર રાખવું અને તેને વરસની આખરે ખરેખર હાથમાં જે સ્ટોક હોય તેની સાથે મેળવી તપાસટની માટે યોગ્ય કરવું.

૨૫. જો ચેક કરતી વખતે ઘટ દેખાય તો તેના માપે સરવે રીપોર્ટ બનાવીને યોગ્ય અધીકારીની મંજુરી લઇ રજીસ્ટરમાં દાખલ કરી સંખ્યા ખરેખરની બરાબર રજીસ્ટરમાં લાવી મુકવી.

No.

Particulars.

Kories

Rs.

NAGAR SABHA.

A. No.

Date

To

The Treasury Officer
The sub-Treasury Officer.

Pay

Amounts

Kories

Rupees

Secretary

President,
Nagar Sabha.

450

મ્યુનીસીપાલીટીની ઉપજની હેડવારી.

મેજર હેડ.	માઇનોર હેડ.	ડીટેલ હેડ.	સબ હેડ.
૧. સબ્વેન્સન.	૧. સબ્વેન્સન ફ્રોમ કચ્છ સ્ટેટ.		
૨. કાયમી ઉપજ.	૨. એન્ટરટેઇનમેન્ટ ટેક્ષ.		
	૩. મારકીટ પેદાશ.	૧. શાક મારકીટ.	
		૨. મટન મારકીટ.	
		૩. ધાન મારકીટ.	
		૪. પરચુરણ ભાડું.	
		૫. મચ્છી મારકીટ.	
	૪. ધંધાદારી ટેક્ષ.	૧. હોટેલ ટેક્ષ.	
		૨. ખાદ્ય અને પાણી અંગે ટેક્ષ.	
		૩. દુકાનો અંગે ટેક્ષ.	
		૪. ધંધાદારી વેરો.	
		૫. વાહન વેરો.	
	૫. મીલ્કત વેરો.	૧. દુકાન વેરો.	
		૨. ઘર વેરો.	
		૩. ગોદામ વેરો.	
	૬. વેપારી અંગેના વેરા.	૧. ટાઉન ડયુટી.	
	૭. પરચુરણ ઉપજ.	૧. મકાન બાંધ.	
		૨. કામની લાગત.	
		૩. પરવાના ફી.	
		૪. નકલ ફી.	
		૫. ચુના પાણી લાગત.	
		૬. દંડ	
		૭. સર્ટીફીકેટ ફી.	
		૮. ટોલ ટેક્ષ ફી.	
		૯. રખડુ જાનવરની ઉપજ.	
		૧૦. વિવાય ઉપજ.	
	૮. વેંચાણ ઉપજ.	૧. ખાતર વેંચાણ.	
		૨. ચીજ જણસ વેંચાણ.	

મ્યુનીસીપાલીટીના ખર્ચ ની હેડવારી.

મેજર હેડ.	માઈનોર હેડ.	ડીટેલ હેડ.	સબ હેડ.
૧. એસ્ટાબ્લીશમેન્ટ	૧. ઓફીસ એસ્ટાબ્લીશમેન્ટ.		
	૨. કામ ઉપરના કાયમી એસ્ટાબ્લીશમેન્ટ.		
	૩ ટેમ્પરરી નીમનોક		

	નો પગાર.
	૪ કન્ટીજન્સી ખર્ચ.
	૫ ભાડું ભર્યું તથા ચાડીકા ખર્ચ.
	૬ છપામણી ખર્ચ.
	૭ ડેડસ્ટોક ખર્ચ.
	૮ વકીલાત ફી તથા પ્રોસેસ ખર્ચ.
	૯ પરચુરણ ખર્ચ.
૨. શહેર સફાઇ.	૧ ખાતર કચરો ઉપડામણી.
	૨ મેલો ઉપડામણી.
	૩ ગંદું પાણી – ઉપડામણી.
	૪ ડીસાઈન્ફેકશન.
	૫ પાયખાના રીપેર.
	૬ મુતરણી ખર્ચ.
	૭ કચરા સ્ટેશન રીપેર
	૮ પબ્લીક સાર્વજનિક કુવા ખર્ચ.
	૯ સામાન ખરીદી ખર્ચ.
	૧૦ પરચુરણ ખર્ચ.
૩. રોશની ખર્ચ.	૧ ઈલેકટ્રીક ખર્ચ.
	૨ ફાનસ ખર્ચ.
	૩ પરચુરણ ખર્ચ.
૪. રસ્તા જાળવણી તથા દુરસ્તી ખર્ચ.	૧ રસ્તા દુરસ્તી ખર્ચ.
	૨ પાણી છાંટવાના ખર્ચ.
	૩ પરચુરણ ખર્ચ.
૫. સ્થાવર મીલકત	૧ મકાન રીપેર ખર્ચ.

452

એઈન્ટિનન્સ ખર્ચ.

૨ મારકીટ રીપેર ખર્ચ.

૬. આગ ઓલાવવા ખર્ચ.

૭. શીક્ષણ ખર્ચ. ૧ શીક્ષણ સંસ્થાઓની ગ્રાન્ટ.
૨ લાયબ્રેરી ગ્રાન્ટ.
૩ પરચુરણ ગ્રાન્ટ

૮. પ્રસંગોપાત ખર્ચ.

૯ હંગામી ખર્ચ.

૧૦ પેન્સન ખર્ચ ૧ પેન્સન.
૨ ગ્રેચ્યુઈટી.
૩ બક્ષીસ.

૧૧ આરોગ્ય રક્ષણ. ૧ આરોગ્ય.
વૈદકીય રાહત ખર્ચ. ૨ દવાઓ.
૩ ચાઇલ્ડ વેલ ફેર.
૪ મીડવાઈફરી.
૫ ઈન્ફેક્સીસ ડીઝીઝ.

૧૨ રખડુ જાનવર ખર્ચ.

૧૩ વેકશીનેશન ખર્ચ.

૧૪ પબ્લીક એન્ટરટેઇનમેન્ટ ખર્ચ.

૧૫ ઓરીજીનલ વર્કસ. ૧. મકાનો
૨. રસ્તાઓ
૩. કુવાઓ
૪. જળાશયો
૫. બાગ બગીચા
૬. મારકોટ
૭. પરચુરણ

૧૬ પ્રચાર પ્રકાશન, ઇલેકશન વગેરેનું ખર્ચ.

શ્રી નગરસભાની ઓફીસનું ડેડ સ્ટોક આર્ટીકલસનું રજીષ્ટર.

આર્ટીકલનું નામ	ઓપનીંગ બેલેન્સ.	ખરીદ કર્યાની તારીખ.	પડતર કિંમત.	જે સાલ દરમીઆન ખરીદ કરવામાં આવે તે સાલની કોલમમાં સંખ્યા ખરીદીનો માસ, વૌચર નંબર ત્થા કિંમત સહીત દાખલ કરવા.								નીરૂપયોગી થયે કમી કરવામાં આવે તેની સંખ્યા (લાલ શાહીમાં) ત્થા તેની મંજુરીના નંબર તારીખ–	ક્લોઝીંગબેલેન્સ
				સં. ૨૦૦૩	સં. ૨૦૦૪	સં. ૨૦૦૫	સં. ૨૦૦૬	સં. ૨૦૦૭	સં. ૨૦૦૮	સં. ૨૦૦૯	સં. ૨૦૧૦		

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકાનાં તારીખ ૧૬ ૮ ઓગસ્ટ સને ૧૯૪૭ સંવત ૨૦૦૪ ના માસ બી. શ્રાવણ સુદ ૨ સોમવાર તે રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ	માંડવી	મુંદરા	અંજાર	ભચાઉ	રાપર	અબડાસા જખઉ	લખપત	નલીયા	અબડાસા	નલીયા	રીમાર્ક.
	ઘઉં કાઠા.....	...	૯૩૨	...	...	...	...	૧૦૫૬	...	...	૯૫૪	૮૪૮	
	ઘઉં વાજીઆ.....	૭૮૦	૭૬૮	૭૬૮	૭૨૦	૭૫૦	૬૪૦	...	૮૩૨	૫૧૨	...	૬૬૦	
જાહેર ખબર

નંબર ૫૫૯.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે નામદાર શ્રી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ તરફથી કરીટ આવતાં જે કામોનો મુદ્દામાલ કોર્ટમાં આવેલો છે તે કામો પૈકી જે જે કામોનો નિકાલ છેવટની કોર્ટ તરફથી હાલ ભગીમાં થઇ ગએલ છે તે તે કામોનો મુદ્દામાલ જેને જેને આપવા ઠર્યું હોય તેમણે તે તે મુદ્દામાલ આ જાહેર ખબર પ્રસીધ્ધ થવાની તારીખથી એક માસની અંદર આ કોર્ટમાં હાજર થઇ લઇ જવો મુદત દરમ્યાન જે સખ્સ મુદ્દામાલ લેવા નહીં આવે તેનું પાછળથી તે બાબતમાં કાંઇ નહીં સાંભળાતાં મુદત વીતીગયાદ સદરહુ માલ જાહેર અદાલતથી રીતસર વેચાણ કરી ઉપજતા પૈસા શ્રી દરબાર દાખલ કરવામાં આવશે.

ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટ ભુજ

પોષ સુદ ૬ સુક્રવાર સં. ૨૦૦૪. તા. ૧૬-૧-૪૮.

I. R. Antani,
As ડી. એન્ડ સે. જડજ.

જાહેર ખબર

શ્રી રાપર નગરસભા તરફથી રા. ન. શ. જા. ન. ૬૦

આથી લાગતા વળગતાને ખબર આપવામાં આવે છે કે ચાલતી સાલે શા. ૨૦૦૪-૫ના બજેટના ત્રેટા માટે નીચે પ્રમાણે કરવેરા લેવા મે. રા. રા. દિવાનજી સાહેબ તરફથી માગસર સુદ ૯ સોમવાર શા. ૨૦૦૪ જયુ જા. નાં. ૪૭૭ થી મંજુર થઇ આવેલ છે.

૧ હોટલપર લેવાતી માંચક કોરી ૧૦ બદલે રૂા. ૧૫ લેવા.

૨ વિશિપર લેવાતી માંચક કોરી ૩ બદલે રૂા ૫ લેવી

૩ દારૂના પીઠાપર ચાલિક કોરી ૩૦ ત્રીસ લેવી.

૪ અફીણની દુકાનપર વેચાતાં દર કોરીભાર અફીણ પર કોરી ૭) ૧॥ છુટો દોઢ લેવો

એ રીતે મંજુરી મળેલ છે એટલે આર્ટમ નાં. ૧-૨-૩નો કારતક સુદ ૩ થી અમલ કરવો આર્ટમ ના. ૪ નો આજથી અમલ કરવા ઇલાયદી નોટીસથી ખબર આપવામાં આવેલ છે અને આથી પણ ખબર આપવામા આવે છે.

માગસર વીદ ૯ સોમવાર શા. ૨૦૦૪.

જીવરાજ લધા
શેક્રેટરી.

J. R. Morbiya,
પ્રેસીડેન્ટ શ્રી રાપર નગરસભા

જાહેર ખબર

શ્રી રાપર નગરસભાં તરફથી રા. ન. શ. જા. ન. ૫૯

શ્રી રાપર નગરસભાના માનનીય સભ્ય શ્રી સોમચંદ જીવરાજ પ્રેમચંદ મોરબીઆ જે વિભાગ પાંચમામાં ચુંટાયલા તેઓએ રાજીનામું આપતાં તેમની ખાલી પડેલી જગ્યા વિભાગ ૫ નોકરીઆત વર્ગ તથા પેન્સનર્સ માટે ચુંટણીની તારીખ મહા સુદ ૧૫ ભોમવાર શા. ૨૦૦૪ ના રાજે મુકરર કરવામાં આવે છે

મત નોંધાવાનો (વખત) સમય રોજ સાંજના ૩॥ થી ૬ સ્ટાન્ડ સુધી.

ઉમેદવારી પત્રક બધારણ અનવય લખાયલ રીતસર ચુંટણીની તારીખથી પાંચ દીવસ પહેલા નગરસભાના ઓફીસે મોકલી આપવું.

મતદાર પત્રક નગરસભાની ઓફીસે રજાના દીવસો સિવાયના દીવસોમાં સવારના સ્ટા. ૧૦ થી ૫ બપોરે ૩॥ થી ૬ સુધી ખુલ્લુ રહેશે.

ઉમેદવાર સબંધમાં કોઇને કાંઇ વાંધો હોય તો તે ચુંટણીની તારીખથી ત્રણ દીવસ પહેલાં અમને જણાવવો.

મુદત વીત્યા બાદ કોઇનો કાંઇ વાંધો કે તકરાર ચાલશે નહીં ચુંટણીનો સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે.

મિતિ માગસર વિદ ૧૩ ગુરૂ શા. ૨૦૦૪ તા ૮-૧-૪૮

જીવરાજ લધા,
શેક્રેટરી.

J. R. Morabiya,
શ્રી રાપર નગરસભા પ્રેસીડેન્ટ

જાહેર ખબર

રે. આ. જા. નાં ૩૯૯

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે શ્રી નારાયણ ગોરાવર જાગીર હસ્તે રહેતાં નીચે લખ્યાં ઘોડા અને બળદો જાહેર ઓડાખડીયા બહેરબાન રા રા. દીવાનજી સાહેબના મંજુર નાં. ૬, અને ૮ તારીખ ૨૫-૧૧-૪૭વાળા અંનવયે લખપત તાલુકાનું ગામ ગહુલી મુકામે પોષ વદ ૪ ગુરૂ સંવત ૨૦૦૪ તારીખ ૨૯-૧-૪૮ના રોજે સાંજના સ્ટાન્ડ ટાઇમ ૩ વાગે અમારા રૂબરૂ છેવટ આંકે વહેંચાણ કરવામાં આવશે સબબ જેઓનું વહેંચાણ રાખવાની ઇચ્છા હોય તેમણે તે તારીખે અને ઠામે ગહુલી મુકામે હાજર થવાનું છે.

૩ ઘોડી જીવ ૩ ત્રણ	૩ ઘોડા જીવ ૩ ત્રણ
૨ ઘોડાના વછેરા જીવ ૨ બે.	૬ બળદો જીવ ૬ છ ગોડના ઉપયોગમાં આવે તેવા.

૧૪ એ રીતે કુલ્લે જીવ ૧૪ ચૌદનું વહેંચાણ છેવટ આંકે અમારા રૂબરૂ મંજુર થશે.

માગસર વદ ૧૩ સુક્રવાર સંવત ૨૦૦૪
તારીખ ૮-૧-૪૮

પ્રા. વા. વૈષ્ણવ,
આસી. રેવિન્યુ કમીશ્નર.
પશ્ચિમ વિભાગ

મહારાજા વિરાજ વિરમાં મહારાઓથી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. સી. ઇ.

શ્રી ભુજ કોટ થી નોટીશસંવત ૨૦૦૪

મેમણ સાહેબાબાદ [illegible] વગેરે [illegible]
મેમણ [illegible] ઉર્ફે [illegible] પ્રતિવાદી
બજાવણી દાવો [illegible] કામનો
કબજો [illegible]

મેમણ [illegible] ઉર્ફે [illegible] કુંવર [illegible] કરેલી
કબાર્યી ને [illegible] આવે છે [illegible]
ઉપર વાદી રાજકુંવર [illegible] કરેલ તેનો ખુલાસો [illegible]
વાળો સંવત ૧૯૦૪ ના [illegible] ૧૧ [illegible] ના [illegible]
આ અદાલતમાં [illegible] છે તેમાં [illegible] કે [illegible]
પ્રતિવાદી નં. ૧ વાળો [illegible] આપે
તથા [illegible] ઉર્ફે [illegible] આપે
તે હુકમનામા પ્રમાણે [illegible] કરાવી દેવા વાદી અરજ
ખારત કરે છે માટે આ નોટીસ પોચેથી રોજ ૧૫
માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહિતો કાયદા
પ્રમાણે મુદત વીતે તાકીદ કરવામાં આવશે.

સંવત ૨૦૦૪ ના પોષ સુદ ૪ વાર ગુરૂ સુ ભુજ

જીવંતરાય કેશવલાલ,
મે. ભુજ ન્યાયાધીશના હુ. શી.

જાહેર ખબર

નં. ૧૦૩૨ સાં. ૨૦૦૪.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે
નામદાર શ્રી ભુજ કોર્ટમાં [illegible] કામો
નો તથા બીજા વારસુ મુદ્દા સાલ કોર્ટમાં [illegible]
તે કામો પૈકી જે કામોનો નીકાલ છેલ્લની કોર્ટ તર-
ફથી હાલલગીયાં થઇ ગયેલ છે તે તે કામોનો [illegible]
માલ જેને જેને આપવા ઠર્યું હોય તેવું તે તે મુદ્દા
માલ આ જાહેર ખબર પ્રસિદ્ધ થયાની તારીખથી
એક માસની અંદર આ કોર્ટમાં હાજર થઈ તેવા જેવી
મુદત દરમ્યાન જે શખ્સ મુદ્દામાલ લેવા નહિ આવે
તેનું પાછળથી તે બાબતમાં કાંઇ નહિ સાંભળાતાં
મુદત વિલા વાદ સદરહુ માલ જાહેર [illegible]
રીતસર વેંચાણ કરી ઉપજેલ પૈસા શ્રી સરકાર જ-
ખલ કરવામાં આવશે.

શ્રી ભુજ અદાલત ભુજ કચ્છ.
પોષ સુદ ૬ શુક્રવાર સાં. ૨૦૦૪ તા. ૧૬-૧-૪૮.

S. R. Vaida
ભુજ ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝા મહારાવશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. સી. ઇ.

શ્રી ભુજ અદાલત,
આ. દી. તામીલ કામ નં. ૧૨ સાં. ૨૦૦૪

ઠા નરશી રાઘવજીના વારસ રૂપારજી નરશી ભુજ વાદી
જાની છગનલાલ નથુરામના વારસ જાની
જેઠાંકર છગનલાલના વારસ બાપુલાલ } પ્રતિવાદી
જેઠાંકર

વાદીત
લેણાના તામીલ બાબ

કલકત્તા ગઝે નીચે લખ્યા તે માલમ થાય જે
આ વાદીએ સાં. ૧૯૯૧ના ભાદરવા સુદ ૩ શુક્રવારના
રોજે રજુ કરેલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૨૫૪૧॥॥
મળવાના તામીલ કરવાસ્ત રજુ કરેલ છે માટે આ
નોટીસ પહોંચેથી રોજ ૩૦ માં વાદીની તામીલ બજાવણી
કરજો નહીં ! કાયદેસર થશે.

૧. જાની જાપુલાલ જેઠાંકર
૨. જાની હીરાલાલ છગનલાલ
૩. જાની વ્રજલાલ છગનલાલ
૪. જાની [illegible] છગનલાલ
૫. જાની રતીલાલ છગનલાલ સગીરના વાલી
જાની હીરાલાલ છગનલાલ.

મિતી પોષ શુદ ૮ રોજે સાં. ૨૦૦૪.

જીવંતરાય કેશવલાલ
મે. ભુજ ન્યાયાધીશના હુ. શી

મહારાજા ધિરાજ મિરઝા મહારાવશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. સી. ઇ.

શ્રી અદાલત નં. ૧૪૭.
આ. દી. કામ નં. ૧૯૨ સાં. ૨૦૦૪

ઠા. [illegible] જાદવજી [illegible] વાદી
[illegible] પ્રતિવાદી
[illegible] વાદી કબજે મળવા.

[illegible] પ્રતિવાદીને માલમ
[illegible] વાદીએ તમારા ઉપર સદહુ
[illegible] જવાબ આપવા તમે આ કોર્ટમાં
બપોરના ૧૧ [illegible] સ. ૨૦૦૪ના આ સમન્સ થી
[illegible] તારીખથી એક માસ
[illegible] પછી હુકમ થાય ત્યારે ત્યારે
હાજર [illegible] નહીંતો કાયદેસર થશે.

મીતી પોષ શુદ ૪ ગુરૂ સાં. ૨૦૦૪.

જીવરાજ જાદવજી,
મે. [illegible] ન્યાયાધીશ આ. હુ. શી

મહારાજા ધીરાજ મિરઝા મહારાવશ્રી ૭ વિજયરાજજી
સાહેબ સવાઇ બહાદુર જી. સી. ઇ.
શ્રી ભચાઉ અદાલત સ. નં. ૧૪૯
દી. દાવાનો નંબર ૧૫૯ સંવત ૨૦૦૪
જા. ચતુરા કેશરીસંગજી લાડકીયા વાદી
ઠા. ધરમશી ડુંગરશી કલકત્તા પ્રતિવાદી
દાવો જમીન ખુલ્લી કરાવવા વી. બાબત

કલકત્તાના રહેનાર ઠા. ધરમશી ડુંગરશીનાને માલમ
થાય જે વાદીએ તમારા ઉપર જમીન ખુલ્લી કરાવવા
વી. બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી
ફરમાવવામાં આવે છે કે સંવત ૨૦૦૪ ના પોશ વદ ૨
બુધવારને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા
વાદીના દાવાનો જવાબ આપવા આ અદાલતમા
તમારે જાતે આવવા અદાલતના જે વકીલને યોગ્ય
રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે

હાજર થવુ તમારી હકીકત સમજાવી શકે તથા દાવા ના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવોઅને તમને આ ઉપરથી ખબર આપવામા આવે છે કે જો ઉપર લખેલે દિવશે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેર-હાજરીમા મુદા ઠરાવવામા આવશે અને વાદી જોવા માંગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમા જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ માગસર વદ ૩ ભોમવાર સંવત ૨૦૦૪.

Narottam D. Mehta

ભચાઉ ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓ શ્રી ૭ સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

ભ. કો. જા. નાં ૪૦૧

ના. શ્રી ભચાઉ દીવાની કોર્ટ તરફથી

જાડેજા મનુભા કેશરીશંગજી રે. લાકડીયા વાદી

ઠા. ધરમશી ડુંગરશી કલકતા પ્ર.

દાવો પ્રતિવાદીઓએ વળાકેલ જમીન ખુલી કરાવવા

કલકતા મધે ઠા. ધરમશી ડુંગરશીને માલમ થાય જે વાદીએ તમ વીગેર પર દાવો દાખલ કરી દરમ્યાન અરજ ગુજારેલ છે કે મારજીનમાં લખી ચતુર દીશાવાલી ર. ઉ. ૪ દરવાજાની તથા કીલાની દીવાલો તથા લાકડીયાની ગામની જમીનથી ઉત્તરી ઉગમણી દખણાદી } જમીનમાં ચણતર અને તેને લગતા કામો વીગેર કરો કરાવો નહિ તેમજ હદોના નીશાનોમા ફેરફાર કરો કરાવો નહી તેમજ જમીનની સ્થતીમા ફેરફાર કરો કરાવો નહી તેવો મનાઇ હુકમ મલવા અરજ કરેલ છે માટે તે સબધમા જવાબ આપવા તમારે આ અદાલતમા શા. ૨૦૦૪ ના પોશ વદ ૨ બુધવારના રોજ કોર્ટના ટાઇમે હાજર થવુ દરમ્યાન ઉપર લખી ચતુર દીશાવાલી જમીનમા બીજો હુકમ થતાં શુધી ચણતર કામ બંધ રાખવુ તેવો બાથી હુકમ કરવામા આવે છે આ હુકમ વિરૂધ વતન થશે તો કાયદેસર કરવામા આવશે

માગશર વદ ૩ સાં. ૨૦૦૪

Narottam D. Mehta,

ભચાઉ ન્યાયાધીશ.

મહારાજ ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી ભચાઉ અદાલત શ. ન. ૧૪૭

દી. દાવા નાં. ૪ સંવત ૨૦૦૪

જા. મનુભા કેશરીશંગજી રે લાકડીયા વાદી

ઠા. ધરમશી ડુંગરશી કલકતા પ્રતિવાદી

દાવો દરવાજાના કીલાની દીવાલો મુળ સ્થીતીમા કરાવવા

કલકતા રહેનાર ઠા. ધરમશી ડુંગરશીના ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર દરવાજાના કીલાની દીવાલો મુળ સ્થીતીમા કરાવવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪ ના પોશ વદ ૦)) શોમવારને રોજ સવારના ૧૧ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવુ તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા સક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામા આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમા મુદા ઠરાવવામાં આવશે અને વાદી જોવા માંગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ માગશર વદ ૧૨ વાર ગુરૂ સંવત ૨૦૦૪

Narottam D. Mehta,

ભચાઉ ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મીરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર અદાલત નાં. ૫૭

ખા. ફી કામ નાં. ૨૧ સાં. ૨૦૦૩

મેતા મેઘા ભાઇચંદ ઉર્ફે જેચંદ ચીમોડ વાદી

કોલી સાંજુ ભાયા વી કુંભારીઆ પ્રતિવાદી

લેણા બાબત

કુંભારીઆ મધે કોલી મોતી ભાયાને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર સદરહુ દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં ૧૧ વાગે સાં ૨૦૦૪ના મહા સુદ ૧ મંગળવારના રોજે અને બારપછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહીંતો કાયદેસર ચલે.

મીતી માગશર વીદ ૧૧ ગુરૂ સાં. ૨૦૦૪

સાહ પ્રભુરામ જેઠાભાઇ,

રાપર ન્યાયાધીશ.

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. બી. ઇ.

શ્રી રાપર દીવાની કોર્ટમાં સમન નાં ૫૭૨

ખા. ફી. ત. કામ નાં. ૪૨૧ સાં. ૨૦૦૩

ઠક્કર પોપટ નારાણ ઉર્મેચા વાદી

રબારી નોધા ડોસા વી. મોજ પ્રતિવાદી

દાવો કોરી ૬૭૫ મલવા

સીંધ મધે રબારી રાજા ડોસાને માલમ થાય જે આ વાદીએ તમારા પર કારતક વીદ ૧૦ સોમવાર સાં. ૨૦૦૩ વાલા ઠરાવ પ્રમાણે કોરી ૬૭૫ મલવાની તામીલ દરખાસ્ત કરે છે માટે આ નોટીસ શ્રી કચ્છ રાજ્ય પત્રમાં છપાયાની તારીખથી માસ ૧ની અંદર

વકીલના જવાબની તામીલ કરી પહોંચ રજુ કરજો નહીંતર મુદત વીતે હાજરીસર થશે.

માગશર વદ ૧૨ ગુરવાર સાં. ૨૦૦૪

Thakershi P.

જો. રાપર ન્યાયાધીશ.

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ સરવિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. સી. ૪

નાં ૧૨૭

શ્રી રાપર અદાલત

ખા. દી. કામ નાં. ૨૫ સાં. ૨૦૦૩

ગઢેચા ધનજી ભગવાનજી ભીમાસર વાદી

ગાચી આમદ ખાના ભીમાસર પ્રતિવાદી

બાબત કોરી ૮૪॥ ૧॥ ચડતે ૦વાજે મળવા

સીંધ મધ્યે ભીમાસરના ગાંચી આમદ ખાનાને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદહું દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં બપોરના ૧૧ વાગે શા. ૨૦૦૪ ના મહા વદ ૧૧ સોમવાર રોજે અને ત્યાર પછી હુકમ થાય ત્યારે હાજર થજો નહીંતો કાયદેશર થશે.

મિતી પોસ સુદ ૪ ગુરવાર સાં. ૨૦૦૪

Thakarshi P.

જોઈન્ટ રાપર ન્યાયાધીશ.

મહારાજા વિરાજમિરઝાં મહારાઓશ્રી૭ સરવિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. સી. ૪.

સમન નાં ૬ શ્રી લખપત અદાલત.

ખાલસા દાવાનો નંબર ૬૯ સંવત ૨૦૦૩ ૨૦૦૪

ઠા. રવજી પુંજા લખપત વાદી

જત કાસુ લીચાર કનોજ પ્રતિવાદી

દાવો

કોરી ૪૭૦॥ મળવાનો

રહેનાર કનોજનાં જત કાસુ લીચાર ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર મેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪નાં પોસ સુદ ૧૫ સોમવાર ને રોજ સવારના ૧૦॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા માટે આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તેમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિં થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને

વાદી જેવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ માગસર સુદ ૧૦ વાર ભોમવાર સંવત ૨૦૦૪

રવીશંકર અમરજી.

૪. લખપત ન્યાયાધીશ

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ સરવિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. સી. ૪.

સમન નાં ૫ શ્રી લખપત અદાલત

ખાલસા દાવાનો નંબર ૬૬ સંવત ૨૦૦૩ ૨૦૦૪

ઠા. રવજી પુંજા લખપત વાદી

હજામ આમદ હાજી પાનંધ્રો પ્રતિવાદી

દાવો

કોરી ૬૯)૫ મળવાનો

રહેનાર પાનંધ્રોનાં હજામ આમદ હાજી ને માલમ થાય જે વાદીએ તમારા ઉપર લેણા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સંવત ૨૦૦૪નાં પોસ સુદ ૧૫ સોમવાર ને રોજ સવારના ૧૦॥ વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા માટે આ અદાલતમાં તમારે જાતે અથવા, અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર આપેલા શક્ષને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિં થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને

વાદી જેવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

મિતિ માગસર સુદ ૧૦ વાર ભોમવાર સંવત ૨૦૦૪

રવીશંકર અમરજી

૪. લખપત ન્યાયાધીશ

મહારાજા વિરાજ મિરઝાં મહારાઓ શ્રી ૭ સર વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી. સી. ૪.

નાં ૩૮૦

શ્રી લખપત અદાલત

ખા દી, કામ નાં. ૧૦૦ સાં. ૨૦૦૩ (૪)

ઠા કલ્યાણજી એચજી રે. લખપત વાદી

ધરશ મલુક (લુઢા સુગાર વીગેર ૨ માલદા પ્રતિવાદી

બાબત

કોરી ૧૬૨)૧॥ મળવાનો

સિંધ શિરાણી મધ્યે ધરશ ઇસ્માલ સુગાર ને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદહું દાવો કરેલ છે તેનોજવાબ આપવા તમે આ કોર્ટમાં સવારના

૧૧ વાગે શાં. ૨ ૦૪ના માગશર શુદ ૧૫ શોમે નેગેજ અત ત્યાર પછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહિ તો કાયદેશર થશે

મિતી માગશર વિદ ૧૧ બુધે શાં. ૨૦૦૪

રવીશંકર જસાજી

ઇલખપત ન્યાયાધીશ

મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓશ્રી ૭ અને વિજયરાજજી સાહેબ સવાઇ બહાદુર જી બી ઇ. નાં ૭૬

સ્થાવર મીલ્કત જપ્ત કરવા બાબતનો હુકમ

નખત્રાણા અદાલત

ખાતા નંબર ૪૬ સંવત ૨૦૦૪

જોશી વેણીલાલ વલ્લભજી રે. નખત્રાણા વાદી

હા. શંભુલાલ જેઠમલ રે. દરશડી પ્રતિવાદી

દાવો લેણા બાબત

દરશડીના પ્રતિવાદી શંભુલાલ જેઠમલને એવો હુકમ કરવામાં આવે છે કે, સંવત ૨૦૦૩ની સાલના નંબર ૧૯ના દાવાની દાવામાં વાદીની તરફમાં કોરી ૨૯૨૪ નું હુકમનામું તમારા ઉપર સંવત ૨૦૦૩ માગશ્ર શુદ ૧૩ બુધેના રોજ કરવામાં આવ્યું છે તે તમે પુરૂં કર્યું નથી માટે આ અદાલતનો બીજો હુકમ થતા સુધી આ સાથે જોડેલી યાદમાં જણાવેલી મિલ્કત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમોને આ લેખથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ મિલ્કત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઈ તથા પ્રતિબંધ છે એમ સમજવું.

મિતી પોશ શુદ ૨ સોમે શાં. ૨૦૦૪

K. S. Rana

નખત્રાણા ન્યાયાધીશ.

જાહેર ખબર

આથી શર્ર લોકોને ખબર આપવામાં આવે છે કે અંજારના ઠક્કર દામજી દયાળ મતાદાર અંજાર તે હાલે માંડવીના મલેક મહમદપીરના વારસો મલેક પીરમહમદની વીધવા લાડલીબુ બાઇ તથા મલેક ચાંદમહમદના વારસ પુત્રો મલેક મહમદ ચાંદ તથા હાસમ ચાંદ શગીરના વાલી માનાજી જનુબાઇના મતાયા શા ૧૯૯૮ના ચૈત્ર સુદ ૧૫ ની મીતીના દસ્તાવેજથી કોરી ૮૦૦) આઠશોમાં અબાટ હમીરાબાર વેચાણ રાખતાં તેનો છાપો થવા અદરહુ દસ્તાવેજ રજુ થયો છે તે સ્થાવર મીલકત ઉપર કોઇનું લેણું લેખા કે હક હીસો હોય તેણે આ જાહેર ખબર કચ્છ રાજ્ય પત્રમા છપાઇ પ્રસીદ્ધ થવાના તારીખથી માસ એકની અંદર અહી કચેરીએ હાજર થવું નહિતર મુદત વીતે છાપો થવા વિષે ઘટીત કરવામાં આવશે.

માગશર વીદ ૭ શનીવાર શા. ૨૦૦૪

અબદુલઅઝીજ શહાબુદીન

અંજાર વહીવટદાર.

જાહેર ખબર.

રે. જા. ના. ૭૦૬

સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે જખાના ભણસારી જેઠા રામજી નરશીએ ભણશારી ખીમજી જેઠા તથા મઠુ જેઠાને મના જીગ્યા ૧ કોરી ૨૨૦૦) બાવીશશોમાં સંવત ૨૦૦૩ના પોશ વદ ૧૨ શોમવારની મીતીના દસ્તાવેજથી અઘાટ વેચાણ રાખેલ તેનો દસ્તાવેજ રજીસ્ટર થઇ છાપો થવા માટે આવેલ છે માટે શદરહુ જીગ્યા ઉપર કોઇનું લેણું હક હીસો હોય તો તેમણે એક માશની અંદર આહીની કચેરીએ હાજર થઇ જાહેર કરવું નહીતર મુદત વીત્યા બાદ કોઇનું કાંઇ નહી સાંભળતાં છાપો થવા માટે ઘટીત થશે.

માગશર વીદ ૯ શોમે શા. ૨૦૦૪

Kunvarji J. Thaker,

ભચાઉના વહીવટદાર.

જાહેર ખબર

આથી શર્ર લોકોને ખબર આપવામાં આવે છે કે દયાપરના હવાલદાર દમ પરની સીમમાંથી હાથ આવેલ ઊંઠ જીવ ૧ એક વાને રાતો ઉ. વ. ૧૩થી ૧૫ આશરેનો કાન નીચે બંન્ને બાજુ કુનર છે. તથા આગલા બેઉ પગ વચ્ચે બગલમાં ગાંઠ બંધાયેલી છે. તથા નાકની નીચેની ફોત્રીમા ચમરથી તુટેલી છે. તથા પાછળના પગમાં કોશનો ટાટો આવેલો છે. તેની કિંમત કોરી ૦૦૫) પાંચશો આશરેનો ગુંળ તરીકે રજુ થયેલો છે. સબબ આ ઊંઠ જેનો હોય તેણે આ જાહેર ખબર પ્રસીદ્ધ થવાની તારીખથી એક માશની અંદર હાજર થઇ ખાતા પુરાવો આપી ખાઇ ખોરાકી ખર્ચ તથા ડબાંદંડ પગચાલ વીગેરે ચુકાવી લઇ જવો નહીંતર મુદત વિતે શા સરકાર દાખલ કરવામાં આવશે

માગશર વીદ ૭ શનીવાર શાં ૨૦૦૪

લાલજી જીવરાજ.

ભખપર વહીવટદાર

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છપાવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખાનગી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

ભચાઉના નીશર ભીશી ખીમજી ઉ. વ. ૯. શગીરની વાલી તેની મા મોંઘીબાઇ આથી શર્ર લોકોને જણાવું છું કે—

ભચાઉના છેડા ઉગા લખમણના વીલની રૂએ

તેના વારશ તેની દિકરી રતનબાઇ તેણીના બે પુત્રો નામે ખીમજી તથા ડુંગરશી તે બધા ગુજરી ગયા છે ખીમજી શગીર ભીશીનો બાપ થાય ડુંગરશીને પુત્ર શતતી નથી એટલે ઉગા લખમણની મિલકતનો એકલો માલીક ભીશી છે. છતાં અમારો હક ડુબાવવા અને અમને નુકશાન કરવ ના બદ ઇરાદાથી ડુંગરશીની વીધવા હાંશબાઇ સ્વાર્થ માણશોને કાનેચડી છેલા નગા લખમણની મિલકતની વેચશાટ કરવા તજવીજ કરે છે જેથી જણાવવાનું કે ડુંગરશીની વીધવા હાંશબાઇ મર્યાદીત હક વાલી વીધવા છે તેણીના ભરણ પોષણથી ઘણીજ વધારે મિલકત હાંશબાઇ પાસે છે. તેથી ઉગા લખમણની મિલકતની વેચશાટ કે તેના પર પૈસા લેવા કે હતવેચ માડી આપવા હાંશબાઇને કાયદેશર હક કે અધીકાર નથી છતાં ઉગા લખમણની મિલકત બાબત હાંશબાઈ સાથે કોઇપણ શખ્સને કોઈપણ જાતનો કાંઈપણ વહેવાર કરશે પૈશા આપશે કે હતા-જો મડાવશે તે મને કે ઉગા લખમણની મિલકત બંધન કરતા નથી તેનું આથી હું જાહેર કરું છું

પોશ શુદ ૩ બુધવાર શા ૨૦૦૪

તા. ૧૪-૧-૪૮

નીરાર ભીશી ખીમજીની વાલી મા મોંઘી બાઇની શઇ દઃ મોંઘી ખેંગાર કરશનના બાઇ મોંઘીના કેવાથી.

T. O. No. 860 of 1948.

Dewan Office,
Technical Branch,
Bhuj, 20th January, 1948.

NOTIFICATION No. MIN 17.

Messrs Tejoo Kava & Co., (Cutch), Mandvi, are hereby granted a Certificate of Approval under chapter II of the Kutch Mining Concessions Rules, 1942

J. J. Ashar,
Naib Dewan.

હ. ઓ. નાં. ૧૧ **સરકયુલર.**

શુક્રવારનાં રોજ મુસ્લિમોનો જુમાનો દિવસ હોવાથી રાજ્યની ઓફીસો તથા શાળાઓના જુમાની બપોરની નમાઝ પડવા ઇચ્છતા મુસ્લિમો તે બપોરે કરી શકે તે હેતુથી જુમાની બપોરની નમાઝ પડવા ઇચ્છતા મુસ્લિમ વિદ્યાર્થીઓ તથા સરકારી નોકરોને દર શુક્રવારે બપોરનાં એકથી ત્રણ વાગ્યા સુધી રજા આપવી એવું બુદ્ધસિંહ મહારાજશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.

Tribhovandas J. Raja,
દિવાન કચ્છ.

તા. ૨૩-૧-૪૮

હ. ઓ. નાં. ૧૨ **ઠરાવ.**

તા. ૨૪ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ ઇદે-મિલાદનો મુસ્લિમ તહેવાર હોવાથી તે રોજે, તથા હવે પછી દર વર્ષે ઇદે-મિલાદનો દિવસ મુસ્લિમ તહેવાર તરીકે ગણી તે દિવસે કચ્છ રાજ્યની તમામ શાળાઓ તથા ઓફીસોમાં રજા પાળવા બુદ્ધસીંહ મહારાજશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.

તા. ૨૩મી જાન્યુઆરી ૧૯૪૮.

Tribhovandas J. Raja,
દિવાન કચ્છ.

આ પત્ર કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

595

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

EXTRAORDINARY

પુ૦૭૫] પોષ વિદ ૩ બુધવાર સંવત ૨૦૦૪ તા. ૨૮મી જાન્યુઆરી સને ૧૯૪૮ [વિ. અંક ૧૬ મો.

(વધારો)

OFFICE OF THE COLLECTOR OF CUSTOMS—KUTCH STATE-BHUJ.
C. O. C. No. 1036 of 1948.

Bhuj, 27th January 1948.

PUBLIC—NOTICE.

Rules for the issue of Licences to Clearing Agents and to Muccadams are hereby published for general information. Individuals and firms interested in applying for such licences should forward their applications to this office on or before 15th February 1948. Applications received thereafter will not be entertained.

K. S. Narsinhji,
Collector of Customs, Kutch.

Rules for the issue of licences to Clearing Agents.

Rules for the issue of licences to Clearing Agents:—

1. No licences will be granted except to persons who have a fair knowledge of English and can read & write English and Gujrati. They must also have a general knowledge of Custom House procedure and must produce certificate of character from a magistrate, Commissioner of Police or other person of position and known respectibility.

2. Licences will only be granted to persons or firms of established position.

3. When a firm or individual desires to start Customs Clearing Work, the following conditions must be satisfied before the applicant's claim can be considered:—

(1) There must be a vacancy in the list.

(2) Financial position of the applicant must be thoroughly satisfactory.

(3) The applicant must be in a position to produce letters from at least six firms of some standing expressing their readiness to employ the applicant as their Clearing Agent.

(4) The individual or the firm applying for a licence must furnish a declaration that he or the firm has not been convicted of any criminal offence.

(5) The individual or the firm may work either personally or may employ a person approved by the Customs Department. Such approval will not be given unless the clearing agent:—

(i) is able to satisfy the department that the person proposed to be employed by him is of satisfactory character.

(ii) subscribe a declaration that he has not been convicted of any criminal offence, and

(iii) has a fair knowledge of English and Gujrati and knows the Custom House working and procedure.

(6) Any person or firm who is granted a clearing agent's licence must furnish a security of Krs 4000/-(four thonsand) which may be either personal or in cash.

(7) The clearing Agent must also execute a bond on a stamped paper in the appended form.

(8) The clearing agent must pay a fee of Krs 300/- (Three hundred) per year.

(9) The licences issued to the clearing agents shall be renewable in the first week of January every year. The licences will be renewed only if the licencee produces documentary proof to show that he has done a reasonable volume of work during that period and his fitness to hold a licence is otherwise established.

(10) Applications for licences should be made to the Collecter of Customs-Kutch State Bhuj.

(11) The Collector of Customs reserves the right to refuse licence without assigning any reason and no appeal shall lie against his order.

Rules for the grant of Licences to Muccadams and their clerks for Customs woak:-

1. An application should be made to the Collector of Customs Kutch State Bhuj.
2. Application should contain:-
   A. Name and address of the applicant
   B. Evidence of the fact that he has been working as a Muccadam in the past. Such evidence should consist of letters from firms by whom he has been employed with name of port where he has been employed and is likely to be employed in future.
   C. Such applications should invariably be accompanied by (1) Certificates of character from a person of position and of known respectability and (2) Declaration that the applicant has not been convicted of any criminal offence.
   D. The applicant should possess a fair knowledge of English & Gujrati and knows the custom House working and procedure.
3. A licence to work as a Muccadam will be issued only after:-
   (a) A bond in the prescribed form is executed with a security of Krs. 2000/- two thousand only which may be personal or in cash.
   (b) the applicant pays a fee of Krs. 150/-one hundred rifty only per year.
4. If a muccadam or a firm of Muccadams employ elerks for the purpose of clearing goods, an application for a licence should be made on behalf of each clerk by the employing firm or Muccadam and should invariably be accompanied. by a certificate of character referred to in 2 (c) above and also by a declaration subscribed by the Muccadam employer that the person proposed to be employed has not been convicted of any criminal offence,

597

5. Each application should be accompanied by two photographs of the applicant of the usual pass-port size.

Note:—Passes for Muccadam's clerks will be issued on the same terms as for muccadams except that no seperate security will be required for the clerks.

6. When the applicants are partners of a firm of muccadams, a joint application should be made accompanied by the required particulars and two photographs of each partner so that separate licences could be issued to each member of the firm.

7. The licence should be carried by the holder on his person and should be produced on demand by any officer of customs.

8. No muccadam or muccada's clerk should present any documents in his own name, unless he can prove by documentary evidence that he is the real owner of the goods: nor should he sign any customs ducument on behalf of the owner of any goods.

9. When the Customs document presented is a Bill of entry, the Muccadam or his clerk presenting it should sign his name, in full with the licence number on the top right hand corner of the Bill of entry. In the case of Bill of Entry and other Customs documents he should sign below the results of examination, weightment or any other customs endorsement made in token of his presence.

10. The licences granted to Muccadams and their clerks do not entitle them to enter the precincts of any of the baggage examination sheds, nor to present any customs documents relating to passengers' baggage.

11. Should the holder of a licence be found to have contravened any of the above conditions, or other customs rules and regulations or to have been guilty of mis-conduct, he will be liable to be fined and the licence granted to him suspended or cancelled.

12. Licences of Muccadam and their clerks are to be renewed on every 1st January.

13. Applications for licences are liable to be rejected by the Collector of Customs, Kutch without reasons being assignsd therefor and no appeal will lie against such an order.

આ પત્ર ફરજી ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

599

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર

PUBLISHED BY AUTHORITY

EXTRAORDINARY

ફુ. ૭૫] પોષ વિદ ૧૪ રવિવાર સંવત ૨૦૦૪ તા. ૮ મી ફેબ્રુઆરી સને ૧૯૪૮ [વિ. અંક ૧૯ મા.

No. 29 of 1948. **ORDER.**

His Highness the Maharao Shree is pleased to order that February the 12th 1948, the day on which Mahatma Gandhiji's Sacred Ashes will be immersed in the holy waters at the confluence of the 'Triveni' (Prayag) should be declared as a day of National Mourning all over Kutch, and all schools, offices should be closed and business suspended on that day.

It is contemplated to have a similar ceremony performed in the Nakti Creek near the port of Kandla at the hands of Acharya Shri J. B. Kripalani ex-President of the Indian National Congress.

Dewan Office.
Bhuj, 7th February 1948

Tribhovandas J. Raja
Dewan, Kutch

600

હ. ઓ. નં. ૨૯

ઠરાવ.

તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૪૮ ના રોજ મહાત્મા ગાંધીજીની પવિત્ર ભસ્મ પ્રયાગરાજ પાસે ત્રિવેણી સંગમમાં પધારાવવાની હોવાથી તે દિવસ આખા કચ્છમાં શોકદિન તરીકે પાળવા તથા તમામ સ્કૂલો, ઓફિસો અને કામકાજ બંધ રાખવા ખુદાવિંદ મહારાજશ્રી હજુર સાહેબનું ફરમાન થયું છે.

કંડલા બંદર પાસે નકટી નેશમાં આવાજ પ્રકારની ક્રિયા ઇન્ડીયન નેશનલ કોંગ્રેસના માજી પ્રમુખ આચાર્યશ્રી જે. બી. કૃપાલાનીજીના હસ્તે કરવાનું ઠર્યું છે.

તા. ૭મી ફેબ્રુઆરી ૧૯૪૮

Tribhovandas J. Raja

દિવાન.

કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસ. ભુજ-કચ્છ

601

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[VOL. 75] WEDNESDAY February 11th 1948 [No. 17]

[પુ૦ ૭૫મું] મહા સુદિ ૨ બુધવાર સંવત ૨૦૦૪ તા. ૧૧મી ફેબ્રુઆરી ૧૯૪૮ [અંક ૧૭]

રે. જા. નાં. ૧૦૦૫ સરક્યુલર.

હાલે રાજ્યનાં સર્વ ખાતાઓનાં પગાર પત્રકો દેશી મહિના પ્રમાણે થાય છે, તે હવેથી અંગ્રેજી મહિના પ્રમાણે કરવાનું હજુર ઓર્ડર નાં. ૭ તાઃ ૧૭-૧-૪૮ વાળાથી ફરમાન થયેલ છે, તેના અનુસંધાનમાં એવું ઠરાવવામાં આવે છે કે જ્યારે કોઇપણ અમલદારને અગર ઇસમને ત્રોટક રોજનો પગાર અપાવવાનો પ્રસંગ થાય ત્યારે ત્રોટક રોજને લગતો માસ ૨૮-૨૯-૩૦ કે ૩૧ દિવસનો હોય તે મુજબ માસ ૨૮, ૨૯, ૩૦ કે ૩૧નાં હિસાબે ત્રોટક રોજનો પગાર બીલમાં દાખલ કરવાનું ધોરણ રાખવું.

પગારની રકમ સિવાય કોઇપણ નોકરને માસ દરમ્યાન કોઇ પ્રકારનું અલાવન્સ કે ગ્રેડ ઇન્ક્રીમેન્ટ મંજુર થાય તેવે પ્રસંગે અલાવન્સ કે ગ્રેડ ઇન્ક્રીમેન્ટનાં ત્રોટક દિવસો માટે પણ મહિનો જેટલા દિવસનો હોય તે પ્રમાણે ગણવો.

પોષ સુદ ૧૧ બુધવાર શાં. ૨૦૦૪ તાઃ ૨૧-૧-૪૮.

Tribhovandas J. Raja,
દિવાન.

રે. જા. નાં. ૧૧૯૮ સરક્યુલર.

શ્રી ખાનગી ખાતાનાં નાં. ૧૧૫ કારતક વદ ૬ શનીવાર શાં ૨૦૦૪ વાળા હુકમનાં ઉદેશ પ્રમાણે અને એ બાબતમાં રા. સંજા કોઠારનાં ઉપરીની સંમતિથી હવે પછી એવું ઠરાવવામાં આવે છે કે જે તે ખાતાઓ હાલ સુધી સંજા કોઠારેથી ધાન વગેર માલ માપનાં ભરપે તેમજ વજનનાં હિસાબે લેતાં તે બદલ હવે પછી તેઓ સંજા કોઠારેથી દરેક વસ્તુ વજનનાં હિસાબે માંગણી કરી તે પ્રમાણે મેળવે રા. સંજા કોઠારનાં ઉપરીએ દરેક વસ્તુનાં ભાવ વરસ માટે વજનનાં હિસાબે મંજુર કરાવવા

પોષ શુદ ૧૫ સોમવાર શાં ૨૦૦૪.

તા. ૨૬-૧-૪૮

Tribhovandas J. Raja,
દિવાન કચ્છ.

H. No. O. 24

ORDER

Dewan Office,
Bhuj 3rd February 1948.

Mr. Amritlal V. Mehta, B. A. LL. B. Eood Commissioner and Exchange Controller, Kutch, having expressed a desire to resume his career of Public Service as a non-official and to serve the people of Kutch thereby His Highness the Maharao Shree has been graciously pleased to grant his request and has directed that his resignation may take effect from the forenoon on Tuesday the third instant.

In appreciation of Mr. Mehta's loyal services and diligent work His Highness has been pleased to order that a sum of Kories 14,000/- fourteen thousand be granted to Mr. Mehta as a lump sum in consideration of his service since October 1941.

Until further orders the charge of Food Commissioner will remain with Mr. Tulsidas M. Sheth, M. A. LL. B. Bar-at-Law Revenue Commissioner and that of Exchange Controller with Mr. J. H. Mehta, Accountant General, Kutch.

Tribhovandas J. Raja,
Dewan-Kutch.

No 355 of 1948.

NOTIFICATION.

The Government of Kutch are pleased to declare the Rashtriya Swayam Sevak Sangh and Volunteer Bodies working under its direction or management as unlawful associations as Government are of the opinion that these Associations constitute a danger to the Public Peace.

Dewan Office,
Bhuj, 6th February 1948.

Tribhovandas J Raja,
Dewan, Kutch.

જ્યુ. જા. નાં. ૭૧૦ યાદી.

માંડવી નગરસભાના નાં. ૭૧૪ તા. ૨૯-૯-૪૭ વાળાથી ટોલ માપના ધારાનું નિયમન વિગેરે કાર્યવાહી નગરસભા હસ્તક રહેવા થયેલ માંગણી સબંધમાં જોયું તો નગરસભા બાયલોઝની કલમ ૧૧ની પેટા કલમ ૬ અનવય તોલ અને માપનો કાયદો અમલમાં આવે ત્યારે તેનો અમલ કરવા બાબતના અધિકારનો સમાવેશ નગરસભાના કાર્ય ક્ષેત્રમાં છે. હાલે તોલ માપના ધારા અનવય નિરીક્ષકોની કામગીરી ગામડાં તથા શહેરો વારતે જે તે તાલુકાના રા. વહીવટદાર કે થાણદાર હસ્તક છે પરંતુ રેવીન્યુ ખાતેથી આ બાબત લખાઈ આવેલ હકીકત ધ્યાનમાં લેતાં નગરસભા બાયલોઝની સદરહુ કલમ નજરે આ કાયદાનો અમલ નગરસભા તરફથી થાય તે વારતે માંડવી નગરસભાના પ્રમુખને માંડવી નગરસભાની હદ પુરતા નિરીક્ષક તરીકે આ ધારા હેઠળ કામ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

મિતી- પોષ શુદ ૩ ભોમે શાં. ૨૦૦૪ તા. ૧૩-૧-૪૮

J. J. Ashar,
નાયબ દિવાન.

603

OFFICE OF THE FOREIGN TRADE CONTROLLER KUTCH STATE - BHUJ.

I. T. C. No. 5 of 1948.

Bhuj, 22nd January 1948.

PUBLIC NOTICE.

All holders of Karachi Import Licences for the shipping period July/December 1947 are advised to send the licences to the undersigned for issue of fresh licences in lieu thereof in case the licence holders desire to import goods through Kandla.

T. H. Butani,
Foreign Trade Controller, Kutch State.

OFFICE OF THE FOREIGN TRADE CONTROLLER KUTCH STATE—BHUJ.

E. T. C. No. 8 of 1948. Bhuj, 22nd January 1948.

PUBLIC NOTICE.

It has been decided that the export of celluloid Bangles covered by metal wire should be treated as uncontrolled provided the wire is not made of silver or gold.

T. H. Butani,
Foreign Trade Controller, Kutch.

OFFICE OF THE FOREIGN TRADE CONTROLLER KUTCH STATE—BHUJ.

E. T. C. No. 9 of 1948.

Bhuj, 29th January 1948.

PUBLIC NOTICE.

In partial modification of this notice No. 7220 dated 13-12-47 as amended by notice No. 6 dated 18-1-48, it is hereby notified that with immediate effect export of raw-cotton except the following varities is prohibited to all destinations including Pakistan :—

(1) Bangal Deshi.
(2) Comara Deshi (excluding CP I & II).
(3) Mathia.
(4) Assams and
(5) Comillas.

K. S. Narshinhji,
for Foreign Trade Controller, Kutch State.

ઠરાવ.

હા. કો જા. નાં. ૪૯૦.

હા કો. જા. નાં. ૨૨૧૨ તાં: ૧૯ ૭-૪૭ વાળાથી તાલુકા ન્યાયાધીશોની ફેરબદલી બાબતમાં થએલ હુકમના અનુસંધાનમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે:—

રા. રાપર ન્યાયાધીશ પ્રભુરામ જેઠાભાઇ શાહને લખપત ન્યાયાધીશ તરીકે બદલાવવામાં આવે છે. રાપર જોઇન્ટ ન્યાયાધીશ રા. ઠાકરસી પ્રી. કંસારાએ રા. રાપર ન્યાયાધીશ તરીકે બીજો હુકમ થતાં લગી કામ કરવું.

તા: ૪-૨-૪૮.

J. D. Rana,
ચીફ જસ્ટીસ, હાઇકોર્ટ.

604

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૧૩મી જાન્યુઆરી સને ૧૯૪૭ સંવત ૨૦૦૪ ના માસે પોષ સુદ ૧ સોમે ને રોજે સ્યા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી	મુન્દ્રા.	અંજાર	મનાઉ.	નખત્રાણા.	અબડાસા જખઉ	લખપત	મકીર (ગઢ.)	ભચાઉ	નલિયા	રીમાર્ક
૧	ઘઉં કાડા.....	...	...	...	...	...	...	...	...	...	...	૧૨૮૦	
૨	ઘાઉં વાજીઆ. ...	૧૨૦૦	૧૦૫૬	૧૦૨૪	૧૧૨૦	૮૬૪	૮૦૦	...	...	...	૬૪૦	૧૦૨૪	
૩	બજરી.....	૧૦૦૦	૧૦૨૪	૮૩૨	૯૬૨	૭૫૨	૮૦૦	૮૫૦	૭૬૮	...	૮૯૬	૮૦૦	
૪	મગ.....	૧૦૦૦	૯૬૫	૮૬૪	૯૬૨	૮૧૬	૮૫૦	૮૯૬	૮૬૬	...	૮૩૨	૧૦૨૪	
૫	મઠ (કોરડ)...	૮૦૦	૮૬૭	૮૦૦	૮૩૨	૮૧૬	૭૫૦	૮૧૬	...	...	૭૦૪	૬૪૦	
૬	જાર..... ...	૬૭૫	૬૭૨	૫૭૬	૬૫૬	૪૮૦	૬૪૦	...	...	...	૭૬૮	૬૪૦	
૭	એરંડા .(સફાફળી..	...	...	...	...	..	૩૨૦	...	...	...	૫૧૨	૬૦૦	
૮	ગોવાર. .....)	૫૨૦	૬૫૦	૫૧૨	૫૨૮	૪૬૪	૪૫૦	૪૮૦	૪૪૮	...	૫૧૨	૬૦૦	
૯	તલ.....	૬૫૦	...	૮૦૦	૬૫૬	...	૬૦૦	૬૪૦	૫૪૪	...	૫૭૬	૮૦૦	
૧૦	ચોખા ઉંચા.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૧	ચોખા હલકા.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૨	કાલાં ભાર... ...	...	...	...	...	...	૨૫૦	...	...	...	...	૧૫૦	
૧૩	ઘી.....	૧૪૪	૧૫૦	૧૪૨	૧૪૪	૧૬૮	૧૪૪	૧૩૨	૧૪૪	૧૨૦	૧૩૨	૧૪૦	
૧૪	તેલ.....	૬૬	૬૨	૬૪॥	૬૨	૬૪	૬૫	૬૬	૬૪	૬૦	૭૨	૭૦	
૧૫	ખાંડ.....	૫૩	૫૦	૫૪	...	૬૧	૫૬॥	૭૨	૭૦	...	૬૬	૫૬	
૧૬	ગોળ	૩૦	૩૨	૪૫	...	૩૬	૩૦	૪૮	૩૨	...	૩૬	૪૦	
૧૭	કડબ.....	૨	૨॥	...	૩॥	૩	...	...	...	...	૪	૨	
૧૮	ફુટી.....	૬	૨॥	...	...	૩	...	...	...	...	...	૬	
૧૯	ઘાસ.....	૨	...	...	...	...	...	...	—	...	...	...	
૨૦	કપાશીઆ.....	૧૫	૧૪	૧૨	૧૫	૧૪॥	૧૬	૧૬	...	...	૧૬	૧૩	
૨૧	રૂપીઆ ૧૦૦ હુંડી	૨૯૭	૨૯૩	૨૯૩	૨૯૬॥	૩૦૦	૨૯૯	૨૯૭	૩૦૬	...	...	૨૯૬	
૨૨	રૂપીઆ૧૦ રોકડા	૨૯૭	૨૯૨	૨૯૨	૨૯૬॥	૩૦૦	૨૯૯	૨૯૭	૩૦૬	...	૩૦૮	૨૯૬	

નોટ—નંબર ૧ થી તે ૧૧ કળશી પ્રમાણે નંબર ૧૨ ભાર પ્રમાણે નંબર ૧૩થી તે ૨૦ સુધી વસ્તુ મણ પ્રમાણે વેચાય છે.

મણ ૧ના પાઉન્ડ ૨૮ કળશી ૧માં પાઉન્ડ ૮૯૬. કળશી ૧૨માં માપ ૬૪.

મણ ૧ ના શેર ૪૮ ભાર ૧માં મણ ૨૦ કપાશીયા તોલમા મણ ૧ના શેર ૫૪.

પોષ વદ ૮ સોમે શાં. ૨૦૦૪. તા. ૩-૨-૪૮.

T. M. Sheth,
રેવીન્યુ કમીશ્નર.

જાહેર ખબર

નંબર ૧૦૭૫.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે બગડાના શા. નેણસી ઉકેડાના વારસ દીકરા શા. ભાણજી દેવશીએ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે મારો પિતા શા. નેણસી ઉકેડા સં. ૨૦૦૪ના અશાડ શુદ ૨ સુકરવાર તા. ૧૯-૬-૪૭ના રોજ કચ્છ મુંદ્રા તાબે સડાઉ ગામમાં ગુજરી ગયા છે તેમની પાછળ તેમનો વારસ તેમનો એકનો એક દીકરો હું છઉં.

મારા મહુંમ પિતાએ બેન્ક ઓફ ઇંડીયા ભુજ શાખામાં સેવીંગ્સ બેન્કમાં રૂપીઆ પૈતાના નામ પર રાખ્યા છે તથા તેમના નામનું ખાતું છે અને ખાતાં ની ચોપડી તેમને મળેલી છે તે મુજબ તેમનાં ખાતાંને નંબર ૨૬૩ છે મજકુર ખાતાંની ચોપડી મારા પાસેછે.

મજકુર ખાતામાં તેમના રૂ. ૪૫૩-૧૦-૬ જમા તા ૩૦મી જુન સને ૧૯૪૭ સુધી છે આ રકમ લેવા જતાં બેન્ક વાલા તરફથી વારસા સર્ટીફીકેટની માગણી કરવામાં આવતાં આ અરજ ગુજારૂં છું

ગુજરનાર શા. નેણસી ઉકેડાનો વારસ હું તેનો દીકરો છું સિવાય બીજો કોઈ વારસ નથી શાખ ઇન્ડીયા બેન્ક ભુજ શાખામાં સેવિંગ્સ બેન્ક ખાતાં ની ચોપડીમાં જણાવેલ શા. નેણસી ઉકેડાના એકાઉન્ટ ન. ૨૬૩માં રૂપીઆ ૪૫૩-૧૦-૬ તેમના જમે પડેલા છે. તે રકમ લેવા હું અરજદાર ગુજરનાર મારા પિતા શા. નેણસી ઉકેડાનો પુત્ર તેનો કાયદેસર વારશ છું એવો વારશા સર્ટીફીકેટ અપાવશો.

આ સંબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સં. ૨૦૦૪ના માહા વદ ૪ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે જાહેર

605

કરવું તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહીં આવે તો મુદત વીતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીશે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહીં

મુ. શ્રી ભુજનગર ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ કચ્છ.

પોષ સુદ ૧૧ ગુરવાર સં. ૨૦૦૪.

સવાઇલાલ લક્ષ્મીશંકર,

પે. આક. ડી. એન્ડ સેસન્સ જજના હુકમથી

જાહેર ખબર

ટી. ડી જ. નં. ૧૦૭૬

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે બીબરના ભાટીયા ઠક્કર પારેખ દયાળ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે જેઠાભાઇ દયાળ મારા ભાઇ થતા હતા અને અમે બન્ને ભાઇઓ સંયુક્ત હીન્દુ કુટુંબના સભ્યો તરીકે ભેગી શાળામાં રહેતા અને મારા ભાઈ જેઠાભાઇ દયાળ ગુજરી ગયા સાં સુધી અમે ભેગી શાળામાં રહેતા હતા, અને ભેગી શાળામાં તેઓ ગુજરી ગયા છે એટલે હવે સંયુક્ત કુટુંબની તમામ મીલકતનો માલીક એકલો હું છું.

ગુજરનાર જેઠાભાઇ દયાળ મારા મોટા ભાઇ થતા હતા અને તેઓ કુટુંબના વેવટ કરનાર હતા, તેઓ શાં. ૨૦૦૩ના માગસર સુદ ૧૩ શુક્રવાર તા. ૬ઠી ડીસેમ્બર સને ૧૯૪૬ના રોજ ગુજરી ગયા છે, અને તેમણે કાંઇપણ વીલ કે વસીયતનામું કરેલ નથી.

મરનારના કુટુંબમાં તેમને કાંઇ પુત્ર કે પુત્રી નથી બહેન તેમની વિધવા નામે ઝવેરબાઇ ઉર્ફે રતનબાઇ પરશોત્તમ હયાત છે અને બીબર મધ્યે મારી સાથે રહે છે.

અમારી સંયુક્ત કુટુંબની મીલકતમાં મરનાર જેઠાભાઇ દયાળના નામ ઉપર ધી ઓમ્બે ઇલેક્ટ્રીક સપ્લાઈ એન્ડ ટ્રામવેઝ કંપની લીમીટેડ ના ૨૭ ઓર્ડીનરી શેરો છે, તેમાં ૨૫ શેરોના સર્ટીફીકેટ નાં. ૨૦૪૬૧ વાળી શેરો નાં. ૧૯૨૦૭૪ થી ૧૯૨૦૯૮ સુધીની તથા બીજા સર્ટીફીકેટ નાં. ૭૦૭૮૨ બે શેરોની જેના નંબર ૫૫૩૧૫૯-૫૫૩૧૬૦ છે એમ કુલ ૨૭ શેરો એ કંપનીના, તથા ધી ઇ. ડી. સાસુન યુનાઇટેડ મીલ્સ લીમીટેડના ૨૫ શેરો છે, તેના સર્ટીફીકેટ નાં. ૨૯૦૧૫ વાળી છે અને તેના શેરો નંબર ૨૫૪૭૪૧૨ થી ૨૫૪૭૫૮૬ સુધી છે, એ પ્રમાણે મારા ગુજરનાર જેઠાભાઇ દયાળના નામ ઉપર અમારી મજમુ કુટુંબની મીલકતના શેરો છે.

ગુજરનાર મારા સગા ભાઇ થતા હતા, અને તેમના નામ ઉપર જે શેરો છે તે અમારી સંયુક્ત કુટુંબની મીલકત હોવાથી તેમના ગુજરી જવાથી તેનો માલીક મ ણોતર હક્ક Right of surving ship થી હું માલીક છું, અને તે શેરોના માલીક તેના ગુજરી જવાથી હું થયો છું પણ કંપનીઓના રજીષ્ટરમાં શેરો તેમના નામ ઉપર હોવાથી તે શેરોની માલેકી મારા નામ ઉપર ફેરવવા Letters of administration ની જરૂર રહે છે તે મળવા આથી અરજ ગુજારૂ છું.

ગુજરનારનો હું એકલોજ ભાઇ છું તેને કાંઇ પુત્ર કે પુત્રી સંતતી નથી તેની વિધવા પણ મારા સાથેજ રહે છે, અને હું એકલોજ વારસ હોઇ અને મરજકુર જેઠાભાઈ દયાળના નામ ઉપરના ઉપર જણાવ્યા મુજબના શેરો માટે મને લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન આપવશો.

આ સબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે સાં ૨૦૦૪ના મહા વીદ ૪ શનીવાર સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહીં આવે તો મુદત વીતે અરજદારે માગેલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન તેને આપવા વીશે ઘટીત થતાં પાછળથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહીં.

મુ. શ્રી ભુજનગર ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ કચ્છ.

પોષ સુદ ૧૨ ગુરવાર સાં ૨૦૦૪

સવાઇલાલ લક્ષ્મીશંકર,

પે. આક. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજના હુકમથી.

મહારાજાધિરાજ મિરઝા મહારાવ શ્રી ૭ વિજયરાજજી સવાઇ સવાઇ બહાદુર જી. બી. ઇ.

નં. ૧૩૫

શ્રી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ

ખાલસા દીવાની દાવાનો નંબર ૨ સાં. ૨૦૦૪

શા. માણેકલાલ પુરૂષોત્તમ વાદી

શા. મણીલાલ ભગવાનજી વગેર ભુજ હાલે મુંબઇના પ્રતિવાદી

દાવો.

રૂપીઆ ૧૪૯૫૧ મળવા બાબત

ભુજ હાલે મુંબઇના રહેનાર નીચે લખ્યા શખ્શોને માલમ થાય જે વાદીએ તમારા ઉપર રૂા ૧૪૯૫૧ મળવા બાબતનો દાવો કર્યો છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, સંવત ૨૦૦૪ ના માસ માહા વીદ ૬ વાર સોમેને રોજ સવારના ૧૧ા વાગતે ઉપર કહેલા વાદીના દાવાના જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સત્રળા જરૂરીઆત સવાલના

જવાબ દઇ શકે એવા રાખ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા શખ્શને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો, ઉપર લખેલે દીવસે તમે એ પ્રમાણે હાજર નહ થશો તો તમારી ગેરહાજરીમાં મુદા ચલાવવામાં આવશે અને વહી જેવા માગે છે તે તથા તમારા જવાબમાં પુષ્ટમા જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

૧ શા. મણીલાલ ભગવાનજી
૨ શા. ગજવત ભગવાનજી

મિતી પોશ વદ ૮ વાર મોમે સંવત ૨૦૪

શચાઇલાલ લક્ષ્મીશંકર.
મે. આ. ક. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જડજના હુકમથી.

—જાહેર સુચના.—

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છંપાવાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની બહાલી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

લી. દહીશરાના તે હાલે માંડવીના કણબી માવજી ધનજી જત આથી સર્વ લેકોને ખબર આપવામાં આવે છે કે મારા ભાઇ લાલજી તથા ભીમજી તથા કેશરો તથા સામજી તથા લખમણ ધનજી એમ અમે છ ભાઈઓ છીએ અમારા બાપ કણબી ધનજી મુળજી ભોળા સ્વભાવના છે અને તેને પડખે સ્વાર્થી માણસો ચડી સાચું ખોટું સમજાવી તેના પાસેથી ખત ખાતા લખાવી તેમાં સહી કરાવી લેવાની પેરવી કરે છે જેથી અમારા બાપને અમારી સંમત વગર કોઇએ કંઈ વારધાર કરવી નહી કે તેના મતાના ખાતાં ખરાં માનવા નહી તેમ છતાં કોઇ શખ્શ તેવા ખત ખાતા સંબંધમાં અમારા બાપ પાસેથી કંઇ લખાણ કરાવી લેશે તે માટે અમે કે અમારી મીલકત જવાબદાર રહેશે નહી એમ આથી જાણવું.

શાં. ૨૦૦૪ના પોષ સુદ ૧૧ ગુરૂ

લી. કણબી માવજી ધનજી વતી
છોટાલાલ રામજી વકીલ માંડવી

ખાનગી જાહેર ખબર

હું બલદીઆ જાગીરના આયશ શ્રી ૭ ઉમર નાથજી ગુરૂ બાલાનાથજી આથી સર્વની માહિતી માટે જાહેર કરૂં છું કે..

ભાવનગર એક નાગર નામે રાજુ મારા ચેલા તરીકે થોડો વખત શુદ્ધ રહેલ તેનું નામ તે વખતે બહુકનાથજી આપવામાં આવેલ અને થોડાં વખત સુધી જાગીરમાં રહેલ પણ તેનો સ્વભાવ અને વર્તણુંક જોગી થવા માટે લાયક નહોતાં અને જોગી થનારને કુટુંબનો સબંધ ત્યાગ કરવો જોઇએ તે તેણે ત્યાગ ન કરતાં કુટુંબીયોનુ પાલણ પોષણ જાગીરની મીલકતમાંથી કરવા લાગતાં અને મારા બીજા ચેલાઓ તરફ વેર ભાવની વૃતીથી રહેવા લાગતાં અને ગુરૂ દ્રોહ કરવા લાગતાં તેને મેં ચેલા તરીકે રદ કરેલ છે. તેને આજે ૪ વર્ષ થયાં છે અને પરદેશ ચાલ્યો ગયો છે છતાં તે પોતે મારો ચેલો છે એવુ જાહેર કરે છે. આથી સર્વને માહિતી આપવામાં આવે છે કે મજકુર સખશ જે પોતાને જોગી બહુકનાથજી કહેવરાવે છે તે મારો ચેલો નથી અને તે જોગી કર્મકાંડથી ભષ્ટ થયેલ છે. એટલે મારા ચેલા તરીકે તેની સાથે કોઇએ કાંઇપણ સબંધ કે લેતી દેતી કે વેવાર કરવા નહી.

મીતી પોશ સુદ ૧૧ વાર ગુરૂવાર સાં ૨૦૦૪
પાર આશ્રમ શ્રી અમરનાથજીની સહી
હા. પોતાના.

ખાનગી જાહેર ખબર

નખત્રાણા તાલુકે ગામ નાગલપરનાં મુખી હરજી રામજી આથી જાહેર કરૂં છું કે દયાપરનાં કણબી કરમશી પરબત નુ. દોશાણીનાં મતાનો અને મારા ધનીકપણાનો દસ્તાવેજ રૂા. ૧૦૦૦) એકહજારનો દર માસે દર રોકડે પ્રત ટકા ૦॥ પોણાં લેખેનાં વ્યાજનો શા. ૨૦૦૩ નાં વૈશાખ સુદ ૪ની મીતીનો લખેલો જે મારા પાસેથી મજલ પાશે પુઅરાગઢ અને જખની વચ્ચના રસ્તામાં ગુમ થઇ ગયો છે તે દસ્તાવેજ કોઈને હાથ આવ્યો હોય તો તેણે મને પોંચાડી જવો અને તેને મારા તરફથી ઈનામ રૂા. ૧૦૦ એકસો આપવામાં આવશે.

પોશ વીદ ૨ ભોમે શાં. ૨૦૦૪
મુખી હરજી રામજીની સહી દઃ પોતાના

607

ખાનગી જાહેર ખબર

બીદડાના શા માવજી લાલજી આથી સર્વે લોકોને ખબર આપુ છું કે અમારા કબજા માલેકીની જગ્યા વંડા શહીત એક બીદડામાં ખાખરીઆ ફલીયામાં છે તેમાં પ્રથમ અમારા દાદીમા પાંચીબાઈ રહેતા હતા તથા વાડી નામે ઉગમણી તથા ખેતર ધરખડો અમારા કબજા ભોગવટાને માલેકીનાં છે તેનાં દસ્તાવેજો ગેરવલ્લે ગયેલ છે અગર ઉપડી ગયેલ છે. માટે તે પર કોઈએ કંઈપણ ધીરધાર કરવી નહી અને કરશે તો તે રદ બાતલ છે અને જો તે હાથ આવે તો અમોને શોંપી આપવા

મીતી શા. ૨૦૦૪ના પોશ વીદ ૨ બુધવાર

શા માવજી લાલજીની સહી દાઃ પોતે.

ખાનગી જાહેર ખબર.

હું નીચે સહી કરનાર કચ્છ મુંદરાના ભાટીઆ ઠા. રતનશી જાદવજી આથી લાગતા વળગતા સર્વેને જાણ કરૂં છું કે મારી જગ્યા એક ડેલીબંધ મુદ્રા મધ્યે ઓવાવાળી શેરીમાં આવેલ છે તે મારા કબજા માલીકીની છે મને બે દીકરા છે તેમાં રાવચન્દ્ર ઉર્ફે બાબુને પરણાવી મેં જુદો કરેલ છે. બીજો હરીદાસ મોટો છે તે વાઇનો દરદી હોતાં મારા સાથે રહે છે. અમારી જગ્યામાં રવિચંદ્રનો ત્રાજો હિસ્સો થાય તે હિસ્સા બદલ તેને પરણાવવાનો ખર્ચ દોરી ૧૫૬૨૧,૪ મે મારી કમાઈમાંથી કરેલ છે. તે રીતસર તેના ખાતે મંડાયલ છે, એટલે હવે આ જગ્યામાં મજકુર રવિચંદ્રનો કાંઈપણ હકક હિસ્સો અલાખો રહ્યો નથી. જગ્યા વેંચાતાં તેની વેંચાણ કીંમતમાંથી દોરી ૨૪૦૦) બે હજાર ચારસો મારે તેની ધરવાલી લક્ષ્મીવહુને મારે આપવાની છે તે તેની જમે છે. હાલે મારે મજકુર જગ્યા વેચવાની હોતાં આથી સર્વેને જાણ કરૂં છું કે આ જગ્યા ઉપર કોઇપણ સખસ પોતાનો કાંઇ હક હિસ્સો અલાખો લેણું લેખું કે કોઇપણ પ્રકારનો બોજો હોવાનું માનતો હોય તો તેણે આ નોટીસ પ્રસિદ્ધ થયા પછી એક માસની અંદર પોતાનો કલેમ મારા પાસે રજુ કરવો. જો કે તેવો કલેમ કોઇનો પણ કંઈપણ નથી તોપણ ધનીકને સંતોષકારક પાકો દસ્તાવેજ લખી દેવાનો હોતાં આ જાહેર ખબર પ્રસિધ્ધ કરી છે. તે પ્રસિધ્ધ થયા પછી એક માશની અંદર કોઇ તરફથી કાંઇપણ કલેમ રજુ નહી થાય તો વેચાણ પાકું કરી તેનો પાકો દસ્તાવેજ ધનીકને હું લખી આપી જગ્યાનો કબજો સોંપા આપીશ ત્યારપછી કોઈનોપણ કંઈપણ દર દાવો આ જગ્યાસર રહેશે નહી.

સુદરા કચ્છ શાં. ૨૦૦૪ના પોષ વીદ ૧૦ બુધવાર

ઠા. રતનસી જાદવજીની સહી દાઃ પોતાના

અમારા મારફત મેતા નાનાલાલ દેવશંકર વકીલ

ખાનગી જાહેર ખબર

આથી સર્વે લોકોને જાહેર કરવામાં આવે છે કે અમારા વડીલોના વખતથી અમારા કબજા ભોગવટા અને અમારી માલીકીની નીચે જણાવેલી જગ્યાઓ ત્રણ કે જેનાં ખતો સાથે રાખેલાં હતાં તે ગેરવલે ગયાં છે માટે તે ખતો પર કોઇએ પણ નાણાં સંબંધી અથવા બીજી કોઇપણ જાતની ધીરધાર ચીતઠામ ગીરવી વિટાંતર કે વેચાણ તરીકે કાંઈપણ લેતીદેતી કરવી નહિં, અને કોઇએ તેવી જાતની કાંઈપણ લેતીદેતી કરેલી હોય તો આ જાહેર ખબર પ્રગટ થયા બાદ પંદર દિવસની અંદર આવી તે બાબતની જાણ અમને કરવી નહીતો તે મુદત વિત્યાબાદ અમારી તે જણાવેલી જગ્યાઓ અથવા અમો પોતે ઉપર જણાવ્યા મુજબની લેતીદેતી માટે જવાબદાર રહેશું નહિં જગ્યાઓની વિગત નીચે મુજબ છે

જગ્યા એક ડાંડા બજાર તરફ ગલરીઆ ફળીઆમાં ઉગમણી મોહાડની ઓસરી કરઈ તથા ઉપર મેડીવાલી છે કે જેમાં અમારો ભાડુત હાલે બકાલી આદમ સલેમાન રહે છે તે જગ્યાની ઉગમણી કોરે રાજમારગ છે અને આથમણી કોરે ડાંડા બજારની સડકવાલો રાજમારગ છે તેમજ ઉત્તાદી કોરે ઠ. વાલજી હીરજી વાળો દુકાન છે. અને દખણાદી કોરે ગલરીઆ કાસમ જાનમાંમદની જગ્યા છે.

જગ્યા બીજી ઢાટીઆ ફળીઆ મધે મગીશેઠની ડેલીમાં ઉગમણી મુહાડની ઓસરી તથા કરઈ વાલી તથા તેની જોડમાં પડી ગઝેલી જગ્યાનાં ખંડેર સહીત છે કે જે જગ્યામાં અમારો

ભાડુત હાલે ઠ. ધરમસી પરશોતમ રહે છે તે જગ્યાની ઉગમણી કોરે તે જગ્યાની ચોકી તથા આંગણો છે અને આથમણી કોરે એ જગ્યાની પછીત રાજમારગમાં પડે છે તમજ ઉત્રાદી કોરે એ જગ્યાનો કરો છે.

જગ્યા ત્રીજી છઠ્ઠ ફુગીઆ મધે મસ્તર ઠ. પ્રેમજી જેવતની મોટર ગેરેજની પરલી તરફ તથા કલ્યાણપુર વાલા લોહાણાની નવી મોટી જગ્યાની સામેની હારમાં એકદમ મોટા દરવાજા વાલી ઉત્રાદી મુહ.ડની છે જેમાં જગ્યા ખંડ બે ઉત્રાદી મોઆડના છે તેમાં આથમણી તરફ વાલાં ખડ ૧માં અમારા ભાડુત હાલે ચાકી ઇસમાલ હાસમ રહે છે તે જગ્યાની આથમણી કોરે રાજમાગ છે અને દખણાદી કોરે ખંડ બેની પછીત તથા મહારાજ નરસંહની જગ્યા છે.

પોશ વીદ ૧૨ શુક્રેસં ૨૦૦૪.

લી. મેમણ નુરમહમદ આદમ,
ડાંડા બજારમાં ભુજ કચ્છ.

સુચના.

આ ગેઝટની અગાઉ આપવાની કીમત વર્ષ ૧ નો બાહેરના ગ્રાહકો પાસેથી ટપાલ ખર્ચ સહિત કોરી ૨૪ાઉ અને ભુજના ગ્રાહકો પાસેથી કોરી ૧૬ા લેવામા આવશે.

આ વર્ષ ૨૦૦૪ના કારતક સુદ ૩ થી શા. ૨૦૦૫ના કારતક સુદ ૨ સુધી ગણવાનું હોવાં માસ ૧૨ બારનું લવાજમ નીચે કલમ ૧—૨ પ્રમણે ભરવાનું છે.

આ લવાજમ માસ ૧૨ બારનું અસાડ સુદ ૩ થી ભાદરવા સુદ ૨ સુધીમાં ગ્રાહકોએ ભરવું.

૧. જેમનું લવાજમ સુદ ૨ થી શરૂ થાય કારતક છે તેમણે પોષ સુદ ૨ સુધી ભરી જવું.

૨. જે નવા ગ્રાહકો થવા ઇચ્છતા હોય તેઓએ કારતક સુદ ૨ સુધીમાં ભરી જવું.

જો ગ્રાહકો ઉપર લખેલ કલમ ૧—૨ પ્રમાણે ન ભરી જાય તો પછી ડબલ લવાજમ લેવામાં આવશે.

દરેક છુટક પ્રતની.....કોરી ૧ાા

જાહેર ખબરનો ભાવ કોરી ૧ ના લીટી ૨ લેવામાં આવશે અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે. આ રાજ્ય પત્રમાં જે જે વિષયો, જાહેર ખબરો વગેરે છાપવા માટે આવે તે મોડામા મોડા દરેક માસની શુદ ૧૨ અને વદ ૧૨ સુધીમાં અહીં પહોંચે તેવી રીતે સાફ અને શુદ્ધ અક્ષરથી લખી મોકલવાં.

બહારના ગ્રાહકો પાસેથી ગેઝેટના વર્ષના મોકલાવવાનું પેસ્ટેજ ખર્ચ લેવાતું નથી માટે જે ગ્રાહકો પેસ્ટેજ ખર્ચ ભરશે તેને વધારા પ્રસિદ્ધ થયાને દિવસે પેસ્ટથી મોકલવામાં આવશે માટે તેના ગ્રાહકોએ આઠી લખી મોકલાવવાથી સગવડ થશે.

☞ આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમા છાપ્યું.

609

KUTCH GOVERNMENT GAZETTE.

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY

[VOL. 75] THURSDAY February 26th 1948 [No. 18]

[પુ૦ ૭૫મું] મહા વદિ ૯ ગુરૂવાર સંવત ૨૦૦૪ તા. ૨૬મી ફેબ્રુઆરી ૧૯૪૮ [અંક ૧૮]

ડી. એસ. નં. ૫૭૯ ઠરાવ.

ઠરાવ નં. ૨૬૧૪ તા. ૫-૯-૪૭ વાળાથી કેરોસીન ટીનના વેચાણ ભાવ નકકી કરવામાં આવેલ પરંતુ માસ સપ્ટેમ્બરના રૂા ૦-૧-૦ વધી આવેલ હોવાથી તથા ચાલતા વરસના માસ ફેબ્રુઆરીથી રૂા ૦-૯-૯ વધી આવેલ હોવાથી હાલે બીજો હુકમ થતાં સુધી ટીનનો ભાવ નીચે મુજબ ઠરાવવામાં આવે છે :-

ધોળા પ્લેટના ટીન ૧ નો ભાવ રૂા. ૬-૬-૦
કાળા પ્લેટના ટીન ૧ નો ભાવ રૂા. ૬-૩-૬

તા. ૪-૨-૪૮

Tribhovandas J. Raja,
દિવાન

ડી. સી. એસ. નં ૫૮૦ ઠરાવ.

નોટીફીકેશન નં ૩૬૪ તા. ૨ ૧-૪૮ વાળાથી કેરોસીન શેર ૧ એકનો ભાવ કચ્છી શેર ૧ એકનો દોકડા ૮ ખાતે રાખવામાં આવેલ હતો તે રદ કરી હાલે બીજો હુકમ થતાં સુધી દોકડા ૮॥ સાડા આઠ ઠરાવવામાં આવે છે

તા. ૫-૨-૪૮

Tribhovandas J. Raja,
દિવાન-કચ્છ

જયુ જા. નં ૮૯૬ ઠરાવ.

ભુજ નગરસભાના રાજ્ય નિયુક્ત સભ્ય હરિશંકર કલ્યાણજી આચાની ખાલી જગ્યાએ ભુજના ડા. હ્યુમરાજ દેવક ણને ભુજ નગર સભાના થી રાજ્ય નિયુક્ત સભ્ય તરીકે નીમવામાં આવે છે.

મિતી પોષ વદ ૧૦ ગુરૂવાર સાં. ૨૦૦૪

તા. ૫-૨-૪૮

Tribhovandas J. Raja,
દિવાન કચ્છ

ઠરાવ.

જયુ. જા. નં. ૯૦૯.

ભુજમાં શ્રી ભારતીય સેવા મંડળ તરફથી ચાલતી પ્રૌઢ શાળા માટે આર્થીક સહાય મળવા બાબેલ અરજ સબંધમાં રા. રા. એજ્યુકેશન ઓફીસર સાહેબ તરફથી થઇ આવેલ ભલામણ નજરે હાલે માત્ર ૬ ૭ માટે માસીક ઉંચી ૩૦ ત્રીશની ગ્રાન્ટ મહા શુદ રથી મંજુર કરવામાં આવે છે.

બીજી શાળાઓને જે ધોરણે ગ્રાન્ટ-ઇન-એઇડ આપવામાં આવે છે તે ધોરણે આ સંસ્થાને પણ લાગુ પડશે.

પોષ વદ ૧૩ શનીવાર સાં. ૨૦૦૪

તા. ૭-૨-૪૮

Tribhovandas J. Raja.
દિવાન કચ્છ.

ટેકની જા નં. ૧ ૯૧ ઠરાવ.

ટેકનીકલ જાવ નંબર ૪૩૮૫ તા: ૨૭-૧૦-૪૭ વાળા ઠરાવના અનુસંધાનમાં ખાનગી માલીકીની ટ્રકો વિગેરે માટે નીચે પ્રમાણે નકકી કરવામાં આવે છે.

૧. જે કોઇ શખ્સ પોતા પાસેના મોટર ટ્રકથી પોતાનો અંગત વપરાસનો સામાન ઉપાડતો હશે અગરતો કોન્ટ્રકટનું કામ કરતો હશે તેણે પણ ઉપરોકત ઠરાવવામાં જણાવ્યા પ્રમાણે કચ્છ સ્ટેટ મોટર વરવીસ ઓડ પાસેથી લાઇસન્સ મેળવવુ પડશે. પરંતુ આવા પ્રકારનાં લાઇસન્સની ફી અરધી એટલે કે રૂ૦ ૬૦૦ ઓછી વાર્ષિક ભરવાની રહેશે.

૨ અરધી ફી ભરી મેળવેલાં લાઇસન્સવાળાથી પોતાની મોટર ટ્રકથી ભાડાથી માલની લાવ લઇજા કરી શકાશે નહિ તેમજ પેસેન્જર્સ પણ લઇ જઇ શકાશે નહી.

આ સિવાય ઠરાવ નં. ૪૩૮૫ તા: ૨૭-૧૦-૪૭ વાળામાં જણાવેલી શરતો નં. ૨, ૩, ૮, ૧૦, ૧૧ અને ૧૨ વાળી ઉપરોકત લાઇસન્સ ધરાવનારને પણ લાગુ પડશે.

ઉપર નં. ૧ માં જણાવ્યા પ્રમાણેનું લાઇસન્સ લાગતાવળગતા શખ્સોએ સં. ૨૦૦૪ના ફાગણ શુદ ૨ સુધીમાં મેળવી લેવું જોઇશે.

પોષ વદ ૩૦ સોમવાર સં. ૨૦૦૪ Tribhovandas J. Raja
તા. ૯-૨-૪૮ દિવાન

NOTIFICATION.

No. 413 of 1948.

The Government of Kutch are pleased to declare the Muslim League National Guard and Khaksar Organisation as unlawful Organisations as Government are of the opinion that these organisations constitute a danger to the Public Peace.

Dewan Office, Tribhovandas J. Raja,
Bhuj, 13th February 1948. Dewan Kutch.

યાદી.

જયુ. જા. નં. ૯૬૯

સુંદરા નૂગરસમાના રાજ્યનિયુકત સભ્ય શેઠ રતનસી જીવણદાસે પોતાની તબીયત નાદુરસ્ત હોવાને કારણે રાજીનામુ આપતાં તેમનુ રાજીનામુ મંજુર કરી સદરહુ ખાલી પડતી જગ્યાએ સુંદરાના શેઠ નારાણદાસ જમનાદાસને નમરસભાના રાજ્યનિયુકત સભ્ય તરીકે નીમવામા આવે છે.

મહા શુદ ૮ બુધ સં. ૨૦૦૪

ટી. એમ. શેઠ,
I. C. દિવાન કચ્છ

પો. અં. જા. નં. ૬૦ જાહેર ખબર

ઇમીગ્રેશન ઓફીસર તરફથી નં. K K/૧-૮ તા. ૯-૨-૪૮ વાળો એકસપ્રેસ લેટર અત્રે આવેલ છે તેની સાથે ટેલીગ્રામની નકલ અનુકકર સુલેમાન ઇસ્માલ જો કચ્છના વતની હોય તો તેની જાણ માટે આવતાં આ નીચે પ્રસિદ્ધ કરવામા આવે છે.

તા. ૧૯-૨-૪૮ K. A. G. Krishna,
સેક્રેટરી

Copy of telegram No R/125 dated 5-2-48 from Chief Immigration officer Southern Rhodesia

R 125 on application no objection grant travel facilities to Aboobakar born Umtali Southern Rhodesia 18-5-1934 to return Southern Rhodesia with father Suleman Ismail Holder Certificate of Identity no 1879.

611

પો અં જા નં ૬૧

જાહેર ખબર

પાસપોર્ટ ઓફીસર તરફથી નં K K/૧–૮ તા. ૭–૨–૪૮ વાળા એક્સ્પ્રેસ લેટર સાથે આવેલ ટેલીગ્રામની નકલ અબ્દુલ સતાર અયુબ સુલેમાન જો કચ્છનો વતની હોય તો તેની જાણ માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

તા. ૧૯–૨–૪૮

K. A. G Krishna,
સેક્રેટરી.

Copy of telegram No. R 124 of 5-2-48 from chief Immigration officer Southern Rhodesia.

R. 124 on application No odjection grant travel facilities to Abdul Satar born Southern Rhodesia son of Ayub Sulemon enable him return to Southern Rhodesia.

નીરખ પત્રક.

કચ્છ સ્ટેટમાં અનાજ વગેરેના ભાવ જુદે જુદા તાલુકામાં તારીખ ૨૮મી જાનયુઆરી સને ૧૯૪૮ સંવત ૨૦૦૪ ના માગશર વદ ૨ શુક્રવે ને રોજે સ્થા પ્રમાણે હતા તેનું પત્રક.

નંબર.	વસ્તુનું નામ.	ભુજ.	માંડવી.	મુન્દ્રા.	અંજાર.	ભચાઉ.	રાપર.	અબડાસા જખાઉ	લખપત.	ભુજપુર (મેઘપર)	ખાવડા	લખપત	રીમાર્ક
૧	ઘઉં કાડા.....	...	...	...	...	...	...	...	...	...	૨૮૦	...	
૨	બાજરી વાજીઆ.....	...	૧૦૫૬	૧૨૦૦	૧૧૫૨	૯૬૦	...	...	...	...	૧૦૨૨	૧૪૭૨	
૩	બાજરી.....	...	૧૦૨૪	૧૦૨૪	૧૦૨૪	૮૬૪	...	...	૭૬૮	...	૯૦૦	૧૧૫૨	
૪	મગ.....	...	૯૧૫	૮૦૦	૮૦૦	૮૧૬	...	૮૬૬	૮૩૨	...	૧૦૨૪	૧૦૨૪	
૫	મઠ (કોરડ)...	...	૮૬૦	૭૬૮	૭૦૪	૭૦૦	...	૭૬૮	...	...	૬૪૦	૮૦૦	
૬	જાર.....	...	૬૭૨	૬૯૬	૬૭૨	૬૪૦	...	૬૪૦	...	...	૬૪૦	૮૦૦	
૭	એરંડા .(સદાફળા..	...	...	...	...	...	...	૩૮૪	...	...	૬૦૯	૬૪૦	
૮	ગોવાર.....)	...	૬૫૦	૫૦૪	૪૮૦	૪૩૨	...	૪૬૦	૪૮૦	...	૬૦૯	૫૧૨	
૯	તલ.....	...	...	...	૬૭૨	...	...	૫૭૨	૫૭૬	...	૮૦૦	૫૧૨	
૧૦	ગોખા ઉંચા.....	...	...	...	...	...	...	...	...	...	...	...	
૧૧	ગોખા હલકા.....	...	...	...	...	...	...	..	...	...	..	...	
૧૨	કાલાં ભાર.....	...	...	...	...	...	...	...	...	.	...	...	
"Thermos flasks, empty glass. shells, tubes anb rods for manufacture of electric bulbs and glass chatons" IV 248

The following entry shall be substituted namely :-

"Vacuum flasks (eg. Thermos) empty glass shells, tubes and rods for manufacture of electric bulbs and glass chatons." IV 248

(h) For the entry -

"Watches and parts thereof and springs af clocks" IV 308

The following entry shell pe substituted namely.-

"Watches and time pieces and parts thereof and springs of clcks" IV 308

(i) For the entries -

Paints, colours and painters materials not packed ready for retail sale all sorts not otherwise specified including paints solutions and compositions containing dangerous petroleum within the meaning of Inpian Potroleum Act, 1934, but excluding aluminium powder and paint and sandpapers and glass papers. With the exception noted below.

Paints, colours and painters' materials, thhe following:- V 35

a) Red lead, genuine dry, genuine moist and reduced moist,
b) White lead, genuine dry,
c) Zinc white, genuine dry,
d) Paints, other sorts, coloured moist.
If not packed ready for retail sale.

i) Stiff paints.
ii) General purposes ready mixed paints and enamels.

Paints, colours and painters' materials the following nemely
a) Red lead, reduced dry,
b) White lead, genuine moist and reduced dry or moist.
c) Zinc white genuine moist
d) Zinc white reduced dry or moist.
If not packed ready for retail sale.

iii) Ordinary varnishes.
iv) Bitumi- V 36.
nous paints.
v) Dry Distemper.

The following paints, colours and painters' materials, namely barytes, V 37.
turpentine, turpentine substitnte, dangerous
and varnish not containing petroleum within the meaning of the Indian petroleum Act. 1934 if not packed ready for retail sale."

The following entries shall be substituted, namely :—

"Paints, colours and painters' V 34.
materials not packed ready for retail sale all sorts not otherwise specified including paints solutions and compositions containing dangerous petroleum within the meaning of the Indian Petroleum Act, 1934, but excluding aluminium powder and paint and sand papers and glass papers. with the exception noted below:

i) Stiff paints.

Paints, colours and painters'

materials the following :—

a) Red lead, genuine dry, genuine moist and reduced moist

b) White lead, genuine dry.

c) Zinc white, genuine dry,

d) Paints, other sorts, coloured moist.

If not packep ready for retail sale.

ii) General purposes ready mixed paints and enamels. V 35.

iii) Ordinary varnishes.

iv) Bituminous paints. V 36.

Paints, coloure and painters' materials, the following namely

a) Red lead, reduced dry.

b) White lead, genuine moist and reduced dry or moist.

c) Zinc white, genuine moist.

d) Zinc white, reduced dry or moist.

If not packed ready for retail sale

The following paints colours and painters' materials, namely barytes, turpentine, turpentine substitute, and varnish not containing dangerous petroleum within the meaning of Indian Petroleum Act, 1934, if not packed ready for retail sale. V 37

(j) For the entry —

"The following articles of builders' hardware: hinges and bolts. V 63.

The following entry shall be substituted, namely :

"The following articles of builders' hardware : hinges, locks and bolts." V 63.

G. R. Kamat.
Joint Secretary to the
Government of India.

GOVERMENT OF INDIA
MINISTRY OF COMMERCE.
OFFICE OF THE FOREIGN TRADE CONTROLLER-KUTCH.

I. T. C. NO. 53/PN/48 Bhuj, the 7th October, 1948

PUBLIC NOTICE.

In view of the changes in the import control policy involving the limitation of all import licences by value, importers have been advised in this office Public Notice No. I. T. C. 12/48 dated 27-3-48 that they should so adjust their orders that the actual imports against a licence do not exceed in c. i. f. value the limiting amount shown in the licence. Where owing to an increase in prices or freight charges etc. since the issue of a licence the cost of the goods to be imported exceed the value shown in the licence, the licence-holders are advised to follow the general principles notified for guidance.

(1) In the case of a rise in prices or an increase in freight or other incidental charges sudsequent to the issue of a licence importers are required to restrict the quantities to be imported under the licence so that the c i f. value shown in the licence is not exceeded.

(11) Where price variations are allowed in the contracts for the supply of goobs placed with the forign suppliers importers should duly warn the suppliers to adjust the delivery in quontities so as to ensure that the value specified in the licence is not exceeded,

917

(III) In exceptional cases, however, where in spite of the precautions mentioned above, a small unforeseen increase in value occurs not exceeding 10 per cent of the original value shown in the licence, clearance of the goods coverd by the licence will be allowed by the costoms authorities provided that they are satisfied that the importer had taken adequate action to ensure that the licensed value was not exceeded and that the excess was not deliberate, and

(Iv) any excess over the value shown in a licence which is not covered by (III) above will be treated as unauthorised and the consignment imported under the licence will be liable to heavy penalty.

2. in cases where it is not physically possible to reduce the quantities on order, such as plant and machinery, importers are repuired to apply for an amendment of the value specified in a licence, to the import control authority by whom the licence was issued, as soon they are notified of an increase in prices and the increase is in excess of 10% of the original value shown on the licence.

T. H. Butani.
FOREIGN TRADE CONTROLLER,
KUTCH

Date: 7-10-48.

શ્રી હાઇ કોર્ટ

જ. આ. દા. રી અપીલ નંબર ૩ સંવત ૨૦૦૩

ગીસ્ત્રી મુચર નારાણ વીગેરે રે. અંજાર } અપેલેન્ટ

હવે કાશીગમ ભગવાનજી તાં વારસ પુત્ર હવે હરીલાલ કાશીરામ વીગેરે રે. અજાર } રીસ્પોન્ડેન્ટ

જા ૧૧.

હિસાબ મોમના દાવામાં ચયેલ પ્રીલીમીનરી ડીક્રીમાં યોગ્ય સુધારો થવા બાબત અંજારનાં ને હાલે અમદાવાદનાં નીચે લખ્યા નએવાલ શખ્શોને ખબર આપવામાં આવે છે કે, આ કામે ઉપરનાં એપેલેન્ટે આ કોર્ટમાં અપીલ કરેલ છે તેનો તપાસ તારીખ ૧૫-૧૧-૪૮ સોમવાર ને રોજ આ કોર્ટમાં થશે તે રોજ તમારે જાતે અથવા કાયદેશર નીમેલા મુખત્યાર વકીલની મારફત આ કોર્ટ પાસે બરાબર કોર્ટનાં ટાઇમે હાજર રહેવુ નહીંતર કાયદેસર થશે.

તારીખ. ૨૯-૯-૪૮ બુધવાર.

H. S. Somaiya
એ. ચીફ જસ્ટીશ સાહેબના હુકમથી,
f. શિરસ્તેદાર હાઇકોર્ટ.

૧ શેઠની ચત્રભુજ સીવજીનાં વારસ પુત્રો
૨ શેઠની કલ્યાણજી ચત્રભુજ રે. હાલે અમદાવાદ.
૨ શેઠની ઓધવજી ચત્રભુજ રે. એજ.
૩ શેઠની લાલજી ચત્રભુજ શગીરનાં વાલી તેના ભાઇ શેઠની કલ્યાણજી ચત્રભુજ રે. હાલે અમદાવાદ

જાહેર ખબર

ડી. દી. જા. ના. ૭૦૧૯

આથી સર્વ લોકોને ખબર આપવામા આવે છે કે નખત્રાણાના શેઠ ચુનીલાલ ઉર્ફે પ્રેમચંદ શાકરચંદ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે મારા ભાઇ ઓ મગનલાલ શાકરચંદ તથા ગાંગજી શાકરચંદ શગીર હોતાં તેઓની મિલકતના વાલી મને નીમી આપવા અરજ છે

શગીર મારા નાના ભાઇ થાય મારા પીતા શાકરચંદ ના અમે પાંચ પુત્રો અનુક્રમે ૧ મણીલાલ ૨ ચુનીલાલ ઉર્ફે પ્રેમચંદ એટલે હું ૩ હીમતલાલ ઉર્ફે હેમચંદ ૪ મગનલાલ ૫ ગાંગજી કરાંચીમા હીન્દુ કુટુબ તરીકે વસતા અમારા પીતાશ્રી કરાંચીમા સા. ૧૯૯૬ ના પોશ વીદ ૧૧ ના અવશાન પામ્યા પીતાશ્રીના અવશાન બાદ કુટુબના વહીવટ અમારા પૈકી મણીલાલ તથા હું એટલે ચુનીલાલ કરતા કરાંચીમા અમારા બાપની જગ્યા રૂ. ૫૦૦૦૦, મા એક પારશી સદ ગ્રહસ્થને અમે વેચી શગીરોના ભાગ માટે વાલી નીમવા અંગે કાયદેશરની સલાહ મળતા પૈકી હીમતલાલે ચીફ કોર્ટ ઓફ સીન્ધકશમીમા શગીરોના વાલી નીમવાની અરજ કરી જે મંજુર થતા હીમતલાલ વાલીનીમા મા ઉપરોકત રકમમાંથી બને શગીરોના નામે સીન્ધ કોર્ટ નાઝર પાસે તા. ૧૭-૫-૪૪ ના રૂ. ૨૦૦૦૦) વીશ હજાર રાખવામા આવ્યા ત્યાર બાદ હીમતલાલ ઉર્ફે હેમચંદ સા. ૨૦૦૩ ના વૈશાખ સુદ ૪ ના અવશાન પામ્યા મણીલાલ જુદા થઇ ગયા અમે બધે કચ્છ નખત્રાણા સા ૨૦૦૧ લગભગની શાલે આવ્યા મારી સાથે હાલે બન્ને શગીરો તથા હીમતલાલની વિધવા રહે છે શગીરો મારી સાથે સંયુકત કુટુબ તરીકે રહે છે અમારો કચ્છમા વશવાટ કાયમ થયો એટલે સીન્ધ કોર્ટમા શગીરોના નામે પડેલ રૂ. ૨૦૦૦૦) વીશ હજાર આહીની કોઇ બેંકમા મુબઇ ઇલાકાની કોઇ સલ્વર બેંકમા ખસેડવા ઇરાદો છે પરતું વાલી તરીકે ત્યા હીમતલાલનું નામ છે ને તેઓ આહી અવશાન

918

પામતા સગીરોના આ રૂપીઆની હેર ફેર કરવા કે મેળવવા તેમજ સગીરોની બીજી મીલકતની વ્યવસ્થા કરવા જમાના પેઢી વાલી નીમવાની જરૂર છે મણીલાલ જુદો થયેલ હોતા હવે હુંજ કુટુંબમા વડીલ રહ્યો સગીરોના હીત ખાતર વાલી નીમી આપવા અરજ છે શબબ મજકુર સગીર મગનલાલ તથા ગંગજીની કરાંચી સીન્ધ કોટ મા પડેલ રૂા ૨૦૦૦૦) વીશ હજારની મીલ્કત છે તેની વ્યવસ્થા કરવા તથા નખત્રાણામા વંડો છે તેની વ્યવસ્થા કરવા સગીરોના કચ્છ તેમજ કચ્છ બહારની તમામ મીલ્કતની વ્યવસ્થા ને વહીવટ કરવા માટે તેના વાલી તરીકે પોતાને નીમવાને અરજ કરવામા આવેલ છે

આ સબંધમા કોઈને કાઇ તકરાર કે વાંધો હોય તો તેણે આસુ વીદ ૩ ગુરૂવાર શા. ૨૦૦૪ (૨૦૦૫) તારીખ ૨૧-૧૦-૧૯૪૮ સુધીમા અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવું તે પ્રમાણે તે મુદત સુધીમા કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામા નહી આવે તો મુદત વીતે અરજદારને સગીરોની મીલ્કતની વ્યવસ્થા કરવા માટે તેને સગીરોના વાલી તરીકે નીમવા ઘટીત થતા પાછળથી કોઇની કાઇ તકરાર કે વાંધો સાંભળવામા આવશે નહી

સુ. શ્રી ભુજ નગર ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ કચ્છ

ભાદરવા સુદ ૧૫ શનીવાર શા. ૨૦૦૪ (૨૦૦૫) તા ૧૮-૯-૪૮

શવાઇલાલ લક્ષ્મીશંકર
મે. ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ જજના હુકમથી

જાહેર ખબર

નંબર ૭૦૧૭

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ભુજના વોરા હુશેનઅલી મહમદઅલીએ આ કોર્ટ પાસે એવી અરજ કરેલ છે કે વોરા ઈબ્રાહીમજી ઇસ્માલજી ભુજ મધ્યે તા ૨૦ મી મે સને ૧૯૩૫ ની સાલે ગુજરી ગયા છે અને તેમનુ મારા સીવાય કોઇ વારસ નથી મારા કાકા મરહુમ ઇબ્રાહીમજી ઈસ્માલજી ગુજરી જતાં તેમના નજીકના સગામાં પણ મારા તથા મારી બ્હેન ખેરૂનિશા જે મારા સાથેજ રહેછે તેના સીવાય કોઇ નથી

મારા કાકા ઇબ્રાહીમજી ઇસ્માલજીના નામ પર કોમ્પટોર નેશનલર્ડ એરકોમ્પરેટ્ર પારીશની મુંબઇની શાખા ઘ્યે રૂા ૫૩૧૭-૭-૦ તથા ફેન્ક ૫૩૮૫-૩૦ છે તે મેળવવા માટે હું વોરા ઇબ્રાહીમજી ઈસ્માલજી નો વારસ છું એવું વારસા સર્ટીફીકેટ અપાવશો

આ સબંધમા કોઇને કાઇ તકરાર કે વાંધો હોય તો તેણે આસુ વીદ ૫ શનીવાર શા ૨૦૦૪ (૨૦૦૫) તારીખ ૨૩-૧૦-૧૯૪૮ સુધીમાં અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવુ તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાઇ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવે તો મુદત વીતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીશે ઘટીત થતા પાછળથી કોઇની કાઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી

શ્રી ભુજનગર ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ કચ્છ ભાદરવા સુદ ૧૪ શુક્રવાર શા ૨૦૦૪ (૨૦૦૫) તા ૧૭-૯-૪૮.

સવાઇલાલ લક્ષ્મીશંકર
મે ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ જજના હુકમથી

જાહેર ખબર

નં. ૭૦૧૮

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે ભુજના નાગર મેતા ધનમુખરાય ખુસાલરાયે આ કોર્ટ પાસે એવી અરજ કરેલછે કે મજકુવર તુલજાકુવરબાઇ શા ૧૯૯૯ ના અશાડ વદ ૪ સુકરવારની મીતીએ ગુજરી ગયાછે અને તેઓ તથા તેમના પતિ મારા વડીલ વ્રજલાલ કરશનજી તેઓ શા ૧૯૯૭ના માગશર સુદ ૧૧ ની મીતીએ ગુજરી ગયાછે તે મારી સાથે રહેતા અને અમો સયુંકત હીન્દુ કુટુંબના સભ્યો તરીકે રહેતા હતા મજકુર તુલજાકુવરબાઈના ગુજરી જવા બાદ તેમનો પુત્ર હરમુખરાય હયાત હતો પરંતુ તે હોલેહીલ હતો અને તેને તે સ્થિતીમાં મેં પાલણપોષણ અને ભરણપોષણ કર્યું છે અને મારા સાથેજ રાખેલ હતો તે પણ ચાલુ સાલના માગશર સુદ ૧૪ સુકરવારની મીતીએ ગુજરી ગયેલછે તેથી હવે બાઇતુલજાકુંવરનો હું માત્ર એકલોજ કાયદેશરનો વારસ છુ અને મારા સિવાય કોઇ વારસ નથી

મરનાર તુલજાકુવરે વીલ કે તેવી કોઈ પણ પ્રકારની વ્યવસ્થા કરી નથી શબબ હું મરનાર તુલજાકુવર જેમના નામથી ના. S.P.C. ૨૮૯B/ ૧૯૬૫ ડીપોઝીટ ૨ ના. ૧૪૮૬૮ વાલી સાડા ત્રણ ટકાની સને ૧૯૬૫ વાલી રૂા ૪૦૦૦) ની ગવર્નમેન્ટ પ્રોમીસરી લોન તારીખ ૨૧-૨-૩૮ ની મીતી વાલી લોન લેવામાં આવી છે તે મેળવવા તથા મજકુર બાઇતુલજાકુવર ને વ્રજલાલ કરશનજી ની ધર્મ પતિના નામે ધી ભુજ પોસ્ટ ઓફીસ સેવીંગ્સ બેંકમાના ૧૪૮૬૮ વાલી પાસબુકથી રૂા ૧૯૭૭-૧૧-૮ જમાછે તે મેળવવા માટે હું વારસ છુ એવું વારસા સર્ટીફીકેટ અપાવશો

આ સબંધમાં કોઇને કાઇ તકરાર કે વાંધો હોય તો તેણે આસુ વીદ ૫ શનીવાર શા ૨૦૦૪ (૨૦૦૫) તારીખ ૨૩-૧૦-૧૯૪૮ સુધીમાં અથવા તે રોજ આ કોર્ટ પાસે આવી જાહેર કરવાનુ હોય તે જાહેર કરવું તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાઇ તકરાર કે વાંધો બતાવવામાં નહી આવેતો મુદત વાતે અરજદારે માગેલ વારસા સર્ટીફીકેટ તેને આપવા વીશે ઘટીત થતા પાછળથી કોઇની કાઇ તકરાર કે વાંધો સાંભળવામાં આવશે નહી.

સુ શ્રી ભુજનગર ડીસ્ટ્રીકટ એન્ડ શેશન્શ કોર્ટ કચ્છ

ભાદરવા સુદ ૧૪ સુક્રવાર સા૦ ૨૦૦૪ (૨૦૦૫)
તારીખ ૧૭-૯-૪૮

સવાઈલાલ લક્ષ્મીશંકર
મે ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજના હુકમથી

જાહેર ખબર

ડી. દી. જા. નં. ૭૩૩૪

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના શુકલ અરવીંદરાય રઘુનાથરાયે આ કોર્ટ પાસે અશાડ વીદ ૦!) ગુરૂવાર સા. ૨૦૦૪ (૨૦૦૫ તા. ૫-૮-૧૯૪૮વાળા સુધારેલી અરજીથી એવી અરજ કરેલ છે કે શુકલ રઘુનાથરાય દેવશંકર મારા પિતા થતા હતા તે તા. ૪થી નવેમ્બર સને ૧૯૪૭ના રોજે ભુજ મધ્યે ગુજરી ગયા છે તેમના જનાર્દન હર્ષદરાય હું અને દીલીપરાય એમ ચાર પુત્રો થઇએ તેમાં દીલીપરાય મારા પિતાની હયાતીમાજ ગુજરી ગયો છે અને વાંશે તેની વિધવા સર્યુબાળા છે તે રાજકોટમાં રહે છે મારા ભાઇ જનાર્દન તથા હર્ષદરાય મારા પિતાની હયાતીમાજ જુદા થઇ ગયા છે અને મારા પિતાની જે કાંઇ મીલકત છે તે મારા પિતાની સ્વકસાઇની છે.

મારા પિતાએ ગુજરવાથી બગાડ તા. ૮-૧૦-૪૭ના રોજે પોતાનું છવટનું વીલ કરી પોતાની સર્વ મીલકતનો વારસદાર મને એકલાને કરેલ છે ત વીલમાં લખ્યા મુજબ મીલકતની વ્યવસ્થા કરેલ છે અને એ વીલમા મારા સ્વર્ગસ્થ ભાઇ દીલીપરાયની વિધવા સર્યુબાળા માટે જુદી જગ્યામ મીલકત આપી ગોઠવણ કરેલ છે તે સીવાયની સર્વે સ્થાવર જંગમ મીલકતનો વારશદાર મને એકલાને કરેલ છે.

મારા પતાના ભુજ પોષ્ટ ઓફીસ નેશનલ સેવીંગ્સ સર્ટીફીકેટો પોતાના તથા સ્વર્ગસ્થ દીલીપરામના જોઇન્ટ નામથી છે કુલે શર્ટીફીકેટોના મલી એકંદર રૂપીઆ ૧૦૦૦૦) દશ હજારના છે તે ઉપરાંત દુવારકા સહાલના વહીવટદાર શાહેબની કચેરીએ માશ સપ્ટેમ્બર તથા ઓકટોમ્બર સને ૧૯૪૭ના મારા પિતાના પેન્સનના રૂપીઆ ૧૨૦) એકસોવીશ લેણા છે. સદરહુ નેશનલસેવીંગ્સ શર્ટીફીકેટો રૂપીઆ દશ હજારના તથા પેન્સનના રૂપીઆ લેવા માટે હું એકલો મારા પિતાના વીલ અનુસાર કાયદેશર માલીક હકદાર હું વગેરે જણાવી સદરહુ શર્ટીફીકેટોના તથા પેન્શનની રકમના નાણા વસુલ કરવા તેમજ એ શર્ટીફીકેટો વેચવાટ કરવા તેમજ ટ્રાન્સફર કરવા અને વીલમા લખ્યા પ્રમાણેની વ્યવસ્થા કરવા માટે મને વીલનું પ્રોબેટ આપવશો.

આ સંબંધમાં કોઇને કાંઇ તકરાર કે વાંધો હોય તો તેણે આજ વીદ ૫ શનીવાર સા. ૨૦૦૪ (૨૦૦૫) તા. ૨૩-૧૦-૧૯૪૮ સુધીમા અથવા તે રોજે આ કોર્ટ પાસે આવી જાહેર કરવાનું હોય તે જાહેર કરવું તે પ્રમાણે તે મુદત સુધીમાં કોઇના તરફથી કાંઇ તકરાર કે વાંધો બતાવવામાં નહીં આવે તો મુદત વીતે અરજદારે માગેલ વીલનું પ્રોબેટ તેને આપવા ઘટીત થતાં પછીથી કોઇની કાંઇ તકરાર કે વાંધો સાભળવામાં આવશે નહીં.

મુ. શ્રી ભુજનગર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ કચ્છ
ભાદરવા વીદ ૧૪ શુકરવાર સાં. ૨૦૦૪ (૨૦૦૫)
તા. ૧-૧૦-૧૯૪૮

સવાઈલાલ લક્ષ્મીશંકર
મે. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજના હુકમથી

શ્રી ભુજ અદાલત.

ખા. દી. તામીલ કામ નાં. શાં. ૨૦૦૪

હોથી ભોજરાજજી નથુજી વી. નાનાબંધરા વાદી
હોથી કાંયાજી ખીમાજી વી. નાનાબંધરા પ્રતિવાદી

બાબત લેણાની

તામીલ થવા

નાનાબંધરા મધ્યે નીચે લખ્યા ને માલમ થાય જે વાદીએ શાં. ૨૦૦૩ ના ભાદરવા વીદ ૪ ગુરૂવાર ના રોજે થયેલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૧૦૩૭) મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પ્રસીધ્ધ થયાથી રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરજો નહીં તો કાયદેશર થશે

હોથી કાંયાજી ખીમાજી
હોથી રાણાજી વીશાજી
હોથી કરશનજી વીશાજી
તા. ૪ ૧૦-૪૮

B. M. Mehta.
ઓડી, ન્યાયાધીશ.

શ્રી ભુજ અદાલત

ખા. દી. તામીલ કામ નાં. ૭૯ શાં. ૨૦૦૪

મોઇ પરસોતમ દેવજીની વીધવા અમરતબાઈ વાદી
ઠા. વીશનજી શીવજી વીગેરે ભુજ પ્રતિવાદી

બાબત.

તામીલ. થવા.

કલકતા મધ્યે ઠા સામજી ભાલજી ને માલમ થાય જે આ વાદીએ શાં. ૨૦૦૩ના માગશર સુદ ૨ સોમેના રોજ થયેલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૧૨૧૭૭૫ મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫. માં વાદીની તામીલ બજવણી કરજો નહીં તો કાયદેશર થશે.

તા. ૫-૧૦-૪૮.

B. M. Mehta.
ઓડી. ભુજ ન્યાયાધીશ.

નાં. ૧૦૩૨ શ્રી મુંદરા અદાલત

ખા. દી. દાવાનો નંબર ૮૪ સંવત ૨૦૦૫

ખોજા જેનાબાઇ જાનમામદ વગેર મુંદરા વાદી
ખોજા આમદ જાનમામદ વગેર લાખાપર હાલે મુંબઇ } પ્રતિવાદી

દાવો લેણા બાબત

કપાયા તે હાલે મુબઇ રહેનાર ખોજા આમદ જનમામદ ના ને માલમ થાય જે વાદીએ આ કોર્ટ માં તમારા ઉપર કોરી ૭૪૦૭ા ચડતે વ્યાજે મળવા બાબત દાવો કર્યો છે માટે તમને આ ઉપરથી ફરમાવામાં આવે છે કે સવત ૨૦૦૫ આસો વદ ૨ બુધવાર તા. ૨૦-૧૦-૪૮ ને રોજ સવારના ૧૦ા વાગતે ઉપર કરેલા વાદીના દાવાનો જવાબ આપવા સારૂં આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજાં યોગ્ય રીતે અધીકાર આપેલાસજ્જને વકીલની સાથે હાજર રાખવો અને અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દિવસે તમે એ પ્રમાણે હાજર નહિ થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને

વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા વકીલ સાથે મોકલાવજો.

તા. ૨૫-૯-૪૮ વાર શની

Kirtikishore A. Mehta.

મુંદરા ન્યાયાધીશ

નાં. ૧૮૬ શ્રી અંજાર અદાલત.

ખા. દી. તામીલ કામનાં ૬૬ શાં. ૨૦૦૫

સોરઠીયા વસી હબુ અંજાર વાદી

અબ્દુલ સુતલબશા બિનતકીશા અંજાર પ્રતિવાદી

બાબત

હુકમનામાંની તામીલ થવા

અંજાર મધ્યે પીર અબ્દુલ સુતલબશા બીનતકીશા ને માલમ થાય જે વાદીએ શાં. ૨૦૦૪ ના જેઠ સુદ ૫ શુક્રવાર રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૭૨ા તથા જંધ કરેલ દાવાવાલી જાળીઓની ઇંટો કાઢી ખુલ્લી કરવી નહી તે પ્રમાણેની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરજો નહીંતો કાયદેશર થશે.

મિતી તા. ૨-૯-૪૮ સોમવાર

જી રામ જાદવજી

મે. અંજાર ન્યાયાધીશ.

સાહેબના હુકમથી

નાં. ૨૦૧ શ્રી અંજાર અદાલત

ખા. દી. તામીલ કામ નાં. ૭૦

મેમણ આમદ અબ્દલા રે. ખેડોઇ વાદી

કણુ તી કરસન શિવજી બિધવા કાનબાઇ ખેડોઇ પ્રતિવાદી

બાબત

હુકમનામાની તામીલ થવા

ખેડોઇ મધ્યે કણુબી કરસન શિવજીની વિધવા કાનબાઇ ને માલમ થાય જે આ વાદીએ શાં. ૨૦૦૪ ના વૈશાખ વિદ ૧ સોમે રોજે થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૬૬૨)૪ા તથા મુદલ પર ચડત ખર્ચ સીખે મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૧૫ માં વાદીની તામીલ બજવણી કરજો નહીં તો કાયદેશર થશે.

મિતી તા. ૧૭-૮-૪૮ મંગળવાર

જીવરામ જાદવજી

મે. અંજાર ન્યાયાધીશ

સાહેબના હુકમથી

શ્રી અંજાર દિ. કોર્ટ

ખા. દ. કા. ના. ૯૩ શાં. ૨૦૦૪

વારા ઇબ્રામ ઇસાક વી. અંજાર વાદી.

હીન્દુ ખત્રી સુતાર વીરજી ખીમજી પત્રી પ્રતિવાદી

દાવો લેણાંનો

પત્રી મધ્યે હીન્દુ ખત્રી સુતાર વીરજી ખીમજીને માલમ થાય જે આ કામનાં વાદીએ તમારા પર દાવો કર્યોછે તેનો જવાબ આપવા તમો આ કોર્ટમાં આ સમન જપાયાની તારીખથી પંદર રોજની અંદર કોર્ટનાં કાઇમે હાજર થજો નહીંતો મુદત રીતે કાયદેશર કરવામાં આવશે.

તા. ૨૫-૯-૪૮.

જીવરામ જાદવજી.

મે. અંજાર ન્યાયાધીશ ના હુકમથી

સ્થાવર મિલ્કત જપ્ત કરવા બાબતનો હુકમ

અદાલત ના. ૩૫

ખા. દી. ના દાવો નંબર ૭૯ સંવત ૨૦૦૩

સંઘવી મોહનલાલ જેવત રે. અંજાર વાદી

મેતા ત્રીભોવન ન્યાલચંદ રે ભીમાસર પ્રતિવાદી

દાવો તામીલ થવા

ભીમાસરના પ્રતિવાદી મેતા ત્રીભોવન ન્યાલચંદને એવો હુકમ કરવામા આવે છે કે, સંવત ૧૯૮૪ ની સાલના નંબર ૮૪ ના દીવાની દાવામાં વાદી ની તરફમાં કોરી ૧૬૩પા થતાં ખર્ચ નુ હુકમનામુ તમારા ઉપર સવત ૧૯૮૪ માલ કારતક સુદ ૧૪ ના રોજ કરવામાં આવ્યું છે તે તમે પુરૂં કર્યું નથી માટે આ અદાલતનો બીજો હુકમ મળ્યા સુધી આ યાદમાં જણાવેલી મિલ્કત વેચાણથી બક્ષીસથી અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમોને આ લેખથી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ એ મિલ્કત તમારી પાસેથી બીજા કોઇએ લેવાની પણ આથી મનાઇ તથા પ્રતિબંધ છે એમ સમજવુ. ભીમાસરને મધ્યેની જગ્યા જગ્યા સ્વરૂપચંદ દાનસંગને

ભાડે આપેલ છે તથા તેની જોડા જોડની જાહેરનામાં માં લખી ચતુર દીધા.

મિતિ તા ૨૩-૭-૪૮

જીવરામ જાદવજી

મે. અંજાર ન્યાયાધીશના હુકમથી

શ્રી અંજાર અદાલત

ખા ફી કા. ના. ૪ શાં. ૨૦૦૪

રબારી અનારીબા ભારાપર વાદી

પંડયા જાદવજી ગયાશંકર વી તુંબા પ્રતિવાદી

દાવો ઠામ કબજે મળવા

નીચે લખ્યા નામોવાળા શખ્શોને ખબર આપવામાં આવેછે કે કામનાં વાદીએ તમારા પર દાવો કર્યોછે તેનો જવાબ આપવા આ મમંન શ્રી કચ્છ રાજ્ય પત્ર માં છપાયાની તારીખથી રોજ પંદરની અંદર કોર્ટ'નાં ટાઇમે હાજર થજો નહીંતો મુદત વીતે કાયદેશર કરવામાં આવશે

મીતી તા. ૨૫-૯-૪૮.

જીવરામ જાદવજી.

મે. અંજાર ન્યાયાધીશના હુકમથી.

૧ રબારી શવા ભજુ.
૨ ,, થાવર ભયા.
૩ ,, સોમા ભયા
૪ ,, મેરા ભયા.
૫ ,, પરબત રૂપા.
૬ ,, શુભા રૂપા.

તામીલનો નોટીશ

ખા. તામીલની દરખાસ્ત નંબર ૩૭૭ ફરતે સંવત ૨૦૦૪

નખત્રાણા અદાલત તરફથી વમોટી તથા જંજાય સ્થાને નીચે લખ્યા શખ્શો ને ખબર આપવામાં આવેછે કે તમારી ઉપર ઠા જાદવજી વેલજી કોટડા રહેનારના લેણા બાબત દસ્તાવેજ ની રૂએ કોરી ૩૦૦) નો દાવો નં. ૭ સંવત ૨૦૦૩ વાળો કરેલ તેનો ખુલાસો સંવત ૨૦૦૩ તા ૪-૯-૪૬ ભાદરવા સુદ ૯ બુધને રોજ અદાલતના શ્રી જાડેજા કોર્ટ તરફથી થયેલ છે તેમાં ઠર્યું છે કે આ સો ખર્ચ સહીત કોરી ૩૮૮) આપે તે હુકમનામા પ્રમાણે તામીલ કરાવી દેવા વાડી દરખાસ્ત કરેછે માટે આ નોટીશ પહોંચેથી રોજ ૩૦ માં હુકમનામા પ્રમાણે તામીલ કરજો નહીંતો કાયદા પ્રમાણે મુદત વીતે તકરીદ કરવામાં આવશે.

મિતિ ૨૭-૯-૪૮

જયંતીલાલ. જયશંકર

મે નખત્રાણા ન્યાયાધીશ સાહેબના હુકમથી

૧ લોહાર કરીમના ઉમર વમોડી
૨ લોહાર ડબરામ આમદ કોટડા હાલે જંજાય
૩ લોહાર શાલેમામેદ આમદ ગુજરી જતાં તેના વારસ ડબરામ આમદ કોટડા હાલે જંજાય

શ્રી લખપત અદાલત

ખા. ફી કામ નાં. ૫૦. શા. ૨૦૦૪

ઠા. દામજી ગોપાલના વાલી ઠા. લાલજી દામજી વીગેરે રે- વીરાણી નખત્રાણાવાળા વાદી

શોની નથુ નાનજી વીગેરે દયાપર પ્રતિવાદી

બાબત.

કોરી ૭૨૫ા મળવા

દયાપર મધ્યે નિચે લખ્યા શખ્શોને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદ્દહ' દાવો કરેલ છે તેનો જવાબ તમે આ કોર્ટ'માં સવારના ૧૦ા વાગે શાં. ૨૦૦૫ના આસુ વદ ૧ સોમવાર તારીખ ૧૮-૧૦-૪૮ રોજે અને ત્યાર પછી હુકમ ત્યારે ત્યારે હાજર થજો નહીંતો કાયદેશર થશે.

મીતી તા ૧૪-૮ ૧૯૪૮ શાં. ૨૦૦૫

પુંડરીકરાય મહાદેવ પાઠક.

લખપત કોર્ટ. જજ નખત્રાણા મુબબ.

૧ સોની નથુ નાનજી.
૨ સોની ચાંપસી નાનજી.

શ્રી લખપત અદાલત.

ખા. ફી. કામ નાં. ૪૬ શાં. ૨૦૦૪

કણબી શીરજી કાનજી ગટુજી વાદી

કણબી કાનજી જેઠા વીગેરે લાખાપર પ્રતિવાદી

બાબત

જગ્યાનો કબજો મળવાના.

દયાપર મધ્યે કણબી લાલજી જેઠા ને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદ્દહ' દાવો કરેલ તેનો જવાબ આપવા તમે આ કોર્ટ'માં સવારના ૧૦ા વાગે શાં. ૨૦૦૫ના આસો વદ ૧ સોમવાર તા. ૧૮-૧૦-૪૮ રોજે અને ત્યાર પછી હુકમ થાય ત્યારે ત્યારે હાજર થજો નહીંતો કાયદેશર થશે.

મીતી. તા.૧૫-૮-૪૮. શાં. ૨૦૦૫

પુંડરીકરાય. મહાદેવ. પાઠક.

લખપત કોર્ટ' જજના હુકમથી

જાહેર ખબર

આથી સર્વ' લોકોને ખબર આપવામા આવે છે રા. ચીરઇ ધૂ ના રીપોર્ટ ના. ૪૧૩ વાલા શાથે ગૈયાળ શાંઢ એક હણ થયેલ તે આજે કોરી શાઇ ઉમર વરસ તથા આશરેની કીમત કોરી ૬૦૦) થી ૬૨૫) આશરેની છે ડાબે ખંડે ચાંદણુનો ડાગ છે તેમજ શાંઢ ઠાલી છે આ શાઢ જેની હોય તેણે આ જાહેર ખબર પ્રશીધ્ધ થયાની તારીખથી એક માશની અંદર આ ઓફીશે હાજર થઇ ખાત્રી પુરાવો આપી થયેલ ખરચ મુકાળ લઇ જવી તેવા હાજર થજો અને મુદત દરમ્યાન કોઇ માલીક નહી થાય તો શાદરહુ શાંઢ ની સરકાર દાખલ કરવામાં આવશે

તા. ૨૧-૯ મે ભોમવાર

રેવાશંકર વિશ્રામ

ભચાઉ વહીવટદાર

– જાહેર સુચના; –

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છપાયાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખ્હાલી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે બીદડાનાં અમારા અસીલ શા. તેજસી આસંગની વિધવા વેલબાઈની લેણ દેણનાં ખાતાવાહી વહી જેમાં શા. દેવજી પરબત તથા શા. હંસરાજ નેણસી તથા શા. લાલજી રાયસી વીગેરેનાં ખાતા છે તે મજકુર વેલબાઇ પાસેથી ગે. વલે ગએલ છે આ લેણાં બાબત મજકુર વેલબાઈએ કોઇને વહીવટ કરવા કે પતાવટ કરવા કઈ સતા આપેલ નથી અને લેણાં હજી કાયમ છે જેથી આ લેણાં બાબત મજકુર વેલબાઇ સિવાય બીજા કોઇએ કોઈએ કંઇ પણ જાતનો વહીવટ કે પતાવટ કરવા નહી. અને જે કોઈ કરસે તે પોતાનાં હીસાબે અને જોખમે કરસે. આ વહી જે કોઇ સખ્સને મળેલ હોય તેણે મજકુર વહી ગામ બીદડામાં વેલબાઇને સુપ્રત કરી આપવી.

તા. ૧–૧૦–૧૯૪૮.

પ્રેમજી ભવાનજી વકીલ

શા. તેજસી આસંગની વીધવા વેલબાઇનાં વકીલ.

ઠે. કંસારા બજાર કચ્છ માંડવી

જાહેર ખબર

દેશલપુર (કંઠી)

આથી શર્વ લોકોને ખબર આપવામાં આવે છે અમારી વડીલો પાજીત સ્થાવર મીલકત બાબત અમારા ભાઈ રામજી હીરાએ શાં. ૧૯૯૮ માં નામદાર શ્રી વરિષ્ટ અદાલતમાં નાદારીમાં દાવો કરેલ હતો ને તે દાવામાં ભાઈ રામજી હીરા શાં. ૨૦૦૧ ના વઈશાખ વદ ૯ શોમવાર શેરા નંબર ૪૨ અનવય નિષ્ફળ નિવડેલ છે અને હવે લોકોને અંધારામાં રાખી અને શ્રી નામદાર કોર્ટને જાણ કર્યા વગર પોતાના હક હિસ્સા વેચવાનું શાહુ કરેલ હોવાનું અમારા જાણવામાં આવેલ છે પરંતુ જ્યાં સુધી શ્રી નામદાર કોર્ટમાં પોતાનો હકક હિસ્સો શાબીત કરે નહી ત્યાં સુધી આવ પ્રકારનુ શાહુ અમને કે અમારી મીલકત ને બંધન કર્તા રહેશે નહી અને તે ગેર કાયદેશર ગણાસે એમ અમો આથી જાહેર કરીએ છીએ

તા. ૪–૧૦–૧૯૪૮

(શાહી) શા. નાનજી હીરા દા. પોતાના

ખાનગી જાહેર ખબર

આથી ઠા. હરીદાસ મોનજી તથા દેવજી ગોકલદાસ તે કુમારશ્રી નરશિંહજી હમીરજીના ગામ દેવીપરના તલોટના ધનીકો તરફથી ગામ દેવીપરની વસ્તીને આમ જાહેર નોટીસ આપવામાં આવે છે કે થોડો વખત થયા ગામની વસ્તી ખાનગી રીતે માલ આયાત કરી અને વેચાણ કરે છે અને તલોટીને તલોટ લખાવતા નથી તેમ આપતા નથી આ કૃત્ય તેમનું તલોટની લાગત છુપાવવાનો ગુન્હો છે અને તેથી તેવી રીતે કરનાર પાસેથી પાંચગણી તલોટ અમે લઇ શકીએ છીએ ઉપરાંત ગામ ધણી તેમને રેવીન્યુ રીતે દંડ પણ કરી શકે છે. અને તે રીતેની રસમ ચાલુ છે અને તેવા આગલ પણ દાખલા છે.

આથી ખબર આપવામાં આવે છે કે વસ્તીનો કોઇપણ માણસ છાનાઇથી કોઇપણ માલ આયાત કરશે અગર વેચાણ કરશે તો તે ઉપર જણાવ્યા પ્રમાણે પાંચગણી લાગત તેમ રેવીન્યુ રાહે થતાં દંડને પાત્ર થશે.

તા. ૨૭–૯–૧૯૪૮ સોમવાર

ઠા૦ હરીદાસ મોનજી તથા દેવજી ગોકલદાસની સહિ દા: ગોપાલદાસ હરીદાસના ધણીઓના કેબાથી.

ખાનગી જાહેર ખબર

અંજારના ભાટીઆ ઠકકર લક્ષ્મીદાસ ડુંગરસિંહ તે હું આથી સર્વ લોકોને જાણ કરૂં છું કે અમારા વકીલ અંજારના ભાટીઆ નાણા વટી શીવજી પ્રેમજી ઉપરે મીન્ટમાં ચાંદી સોનુ આપવા કરેલ એ બાબતમાં નુકસાનીની રકમ શાં. ૧૯૨૭ની શાલથી થયેલ છે તેની છેવટ

ચોખ શાં. ૧૯૩૦ની સાલે કરેલ તેમાં કોરી ૧૯૧૯૦૨।।।૨ અંકે એકલાખ અઢાણુહજાર નવસો બેણીત્રણ છુટા બેનુ લેણુ નામદાર હજુર ખાનગી ખાતા હસ્તેનું રહે તે લેણી રકમનાં કાંધાકરી આપવામા આવેલ જે વખતસર નહીં ભરાતાં અમારા વડીલો તરફથી અમારી મીલકતો જગ્યાઓ દુકાનો તથા ખતપત્રા સહીત તથા વાડી મુલાણીવારી તથા ગઢપાદરનો ગરાસ વીગેરે સર્વે દરબારશ્રીજીને જપ્તીમાં સોંપવામાં આવેલા હતા નામદાર હજુર ખાનગી ખાતા હસ્તેની મજકુર લેણી નીકળતી રકમોનું વ્યાજ સહીત કોરી ૨૪૭૭૨૨।।।૩ અંકે બેલાખ સણતાલીશ હજાર સાતસોબાવીત્રણ વીસછુટાત્રણ છેવટે થે તે અંગે અમારી અરજ ઉપરથી મારા વડીલો પરનું મજકુર લેણુ તે અંગેનાં હકકો સહીત રૂા ૨૫૦૦૦ અંકે પચીશહજારમાં ખાનગીખાતાનાં જાવક નંબર ૧૫૧૮ વદશાક વીદ ૩ બુધવાર શા ૨૦૦૪ના તા.૨૬-૫-૧૯૪૮ થી મને આડે આંક વેચાણ આવેલ છે હવે એ લેણાના જેવા માલીક નામદાર હજુર ખાનગીખાતું હતું તેવો માલીક હવે ખા.જા. નાં ૧૫૧૮ વદશાક વીદ ૩ શાં ૨૦૦૪ થી હું થયો છું અને અનો તેવો કબજો ભોગવટો મજકુર લખાણથી મને સુપ્રત થયોછે.

ઉપર પ્રમાણે મારા પાસે આડે આંક આવેલછે તે લેણાના અંગની મીલકતો શાં. ૧૯૩૦ના અરસાથી નામદાર હજુર ખાનગી ખાતા હસ્તેના ચીતમાં અને જપ્તીમાં હતી અને અને તેમાની કેટલીક જગ્યાઓ કે હાટોમાં જે રહેતા કે ભોગવતા તે સ્થિતિ ચાલુ છે પણ હકીકતમાં ઉપર લખ્યા મુજબ તે સર્વે ઉપરના ઉપર લખ્યા લેણાને અંગે હું હકદાર બન્યો છું અને મારા પાસે આડે આંક વેચાણ આવેલ હોવાથી તેની વસુલાત હું કરૂં તે દરમ્યાન અગાઉના ભાટીયા [illegible] ઠાં. શીવજી પ્રેમજી [illegible] હરેક પ્રકારની જે મીલકત જગ્યા હોય ત્યાં સરવેનો હું લેણદાર ઉપર મુજબ બનેલ છું તેવું આથી સર્વે લોકોને જાણ કરૂં છું કારણકે દરબારી લેણાની ચોખ થે સાંભળી તેના પોતાને સ્વતંત્ર માલીક માની હેર ફેર સાટુ સોદો હાલના કોઇ કબજેદાર કરે તો તે ઉપર લખ્યા પ્રમાણે ગેર કાયદે છે અને ઉપર લખ્યા મુજબનું મારા પાસે આડે આંક વેચાણ આવેલ કોરી ૨૪૭૭૨૨।।।૩ ચુકતે પોંચતા લગી આ મીલકત પેકી કોઇ મીલકત જવાબદાર નથી એવું આથી સર્વે લોકોને જાણ કરૂં છું.

શાં. ૨૦૦૫ ના શ્રાવણ સુદ ૧૨ બાર સોમે

ઠા. લક્ષ્મીદાશ ડુંગરસિંહ દા. પોતાના

☛ આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

KUTCH GOVERNMENT GAZETTE.

EXTRAORDINARY.

PUBLISHED BY AUTHORITY

[Vol 75] Wednesday 20th October 1948 [No. 5]

[પુ૦ ૭૫] તા. ૨૦ મી ઓક્ટોબર ૧૯૪૮ [વિ. અંક ૫ મો]

જ્યુ. જા નાં. ૪૨૬૫ નોટીફીકેશન.

૧ ચાલતી શાલના દુષ્કાળની તમામ પરિસ્થિતિ વિષે વિચારણા કરવા, નીતિ નક્કી કરવા, તે સંબંધી નિર્ણયો લઈ અમલ કરવા કરાવવા નીચે મુજબની એક અધ્યસ્થ સમિતિ નીમવામાં આવે છે:—

૧. ચીફ્ કમિશ્નર .... પ્રમુખ
૨. શ્રી ભવાનજી અરજણ મીયજી ... . ઉપ–પ્રમુખ
૩. શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકીયા .... ઉપ–પ્રમુખ
૪. શ્રી સાકરચંદ પાનાચંદ નગરશેઠ
૫. રેવન્યુ કમિશ્નર
૬. ફુડ કમિશ્નર
૭. પી. ડબલ્યુ. ડી. ઈન્જીનીયર
૮. ઇરીગેશન ઇન્જીનીયર
૯. શ્રી સરકારના સેક્રેટરી
૧૦. શ્રી ગોપાલદાસ પુંજાભાઇ
૧૧ શ્રી ગોરધનદાસ જાદવજી
૧૨ શ્રી દામજી જેઠાભાઇ
૧૩. શ્રી શીંગજી સુંદરજી
૧૪. શ્રી ધેરાજ ખટાઉ
૧૫. શ્રી કરસનદાસ હીરજી પંજુઆણી
૧૬. શ્રી લખમશી ધેલાભાઇ

} અથવા મુંબઈ દુષ્કાળ રાહત સમિતિ વખતો વખત જે પ્રતિનિધિઓ મોકલાવે તે.

૧૭. શ્રી જમીયતરાય ગુલાબશંકર
૧૮. શ્રી પ્રેમજી ભવાનજી
૧૯. શ્રી જગનલાલ વછરાજ ઝવેરી
૨૦. શ્રી મૂળશંકર કુંવરજી ગોર
૨૧. શ્રી લવજી લખમશી
૨૨. શ્રી કલ્યાણજી ધનજી
૨૩. શ્રી હરિરામ કરસન
૨૪. શ્રી ડો. નવસીર દસ્તુર
૨૫. શ્રી જાદવજી કાનજી ખારાવાલા
૨૬. શ્રી ડો. કે. એચ. રાવ
૨૭. શ્રી સામજી ખટાઉ

૨૮. શ્રી ખરાશંકર જટાશંકર વકીલ
૨૯. શ્રી ખીમજી ત્રીકમજી
૩૦. શ્રી બસરાજ તુલસીદાસ
૩૧. શ્રી રણછોડભાઈ નાથા
૩૨. શ્રી વાગજી કેશવજી સોલંકી
૩૩. શ્રી કાંતિપ્રસાદ અંતાણી
૩૪. શ્રી પરસોત્તમ સામજી વરૂ
૩૫. શ્રી મગનલાલ ઉત્તમરામ વકીલ
૩૬. શ્રી ત્રોતીલાલ લક્ષમણ શાહ
૩૭. શ્રી ઓરબીઆ સોમચંદ જીવરાજ
૩૮. શ્રી ભીખાસી ગણુસી
૩૯. } હવે પછી નિયુક્ત
૪૦. } થશે.
૪૧. }

આ કમીટી વખતો વખત જરૂર મુજબ મળશે પરંતુ ક્રમમાં ક્રમ દર ત્રણ મહીને એકવાર કમીટીની મીટીંગ બોલાવવી.

૨. આ કમીટીમાંથી એક નીચે મુજબની વ્યવસ્થાપક સમિતિ નીમવામાં આવેછે:–

૧. ચીફ કમિશનર
૨–૩. ઉપ પ્રમુખો
૪. રેવન્યુ કમિશનર –સેક્રેટરી તરીકે કામ કરશે.
૫. ઈરીગેશન ઇન્જીનીયર
૬. પી. ડબલ્યુ. ડી. ઇન્જીનીયર
૭. ફુડ કમિશનર
૮. શ્રી સાકરચંદ પાનાચંદ
૯. સરકારના સેક્રેટરી
૧૦. શ્રી કામજી જેઠાભાઈ અગર મુંબઈ સમિતિ મોકલાવે તે.
૧૧થી૧૪. જે કો–ઓપ્ટ થાય તે.

આ કમીટી દર અઠવાડિએ ક્રમમાં કમ એક વખત મળશે. મધ્યસ્થ સમિતિ તરફથી મંજુર થએલ યોજનાઓ તથા લેવામાં આવેલ નિર્ણયો અમલમાં આવે તે સંબંધી ઘટિત પગલાં તથા દુષ્કાળની પરિસ્થિતિને પહોંચી વળવા ઘટીત કાર્યવાહી કરશે.

૩. વ્યવસ્થાપક સમિતિએ પ્રત્યેક તાલુકાવાર દુષ્કાળ રાહત સમિતિઓ યોજવી. આ સમિતિએ તાલુકામાં અનાજની વ્હેંચણી તથા સોંપવામાં આવે તે રાહત કાર્યોની વ્યવસ્થા વ્યવસ્થાપક સમિતિની દેખરેખ નીચે કરવી.

C. K. Desai,
ચીફ કમિશનર.

તા. ૧૯–૧૦–૧૯૪૮.

આ પત્ર શ્રી કચ્છ ગવર્નમેન્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

926

KUTCH GOVERNMENT GAZETTE.

PUBLISHED BY AUTHORITY

[Vol. 75] Monday 1st November 1948 [No. 10.]

[પુ. ૭૫] તા. ૧ લી નવેમ્બર સને ૧૯૪૮ [અંક ૧૦ મો.]

No. 2961 of 1948.

Office of the
Chief Commissioner for Kutch,
Bhuj, 8th Oct. 1948.

MEMORANDUM:

Government servants who draw a salary above Rs 200/- shall be classed as Gazetted Officers.

C. K. Desai.
Chief Commissioner.

ન ૧૧૪ જાહેરાત.

જેથી શ્રી કચ્છ ગવર્નમેન્ટને આ નીચે જણાવેલ રસ્તે થઇને કંડલા બંદરથી દીસા અને રાણીવાગ સુધી રેલવે-મીટર ગેજ-જોડવાના સાર્વજનિક કાર્ય માટે રસ્તામાંની જમીન જોઇશે એમ લાગે છે.

તેથી લેન્ડ એકવીઝીશન એકટની કલમ ૪ તળે આથી જાહેર કરવામાં આવે છે કે તે રસ્તામાંની જમીન ઉપર જણાવેલ ઉપયોગ માટે જોઇશે.

આથી આ રસ્તામાં આવતી જમીનમાં સીધી કે આડકતરી રીતે હિત સંબંધ ધરાવતા તમામ સખ્સ કે સખ્સોને આ જમીન લેવા માટે આવતા કોઇપણ સરવેઅર કે તે રસ્તા ઉપર નીમાએલ બીજા સખ્સોના કામમાં કંઇ અંતરાય કે અટકાવ કરવા મનાઇ કરવામાં આવે છે.

આ રેલવે લાઇન નીચે જણાવેલા ગામોની હદમાંથી જશે :-

૧.	કંડલા		
૨.	લચાઇ		
૩.	સામખીઆળી	અથવા	૩. સામખીઆળી
૪.	લાકડીઆ		૪. કટારીઆ
૫.	ચિત્રોડ		૫. ચોરીઆલી
૬.	કીડીયાનગર		૬. ધાણીજલ
૭.	ભીમાસર		૭. ગાગોદર
૮.	આડેસર		૮. પલાસવા
૯.	પીપરાળા		૯. આડેસર

C. K. Desai.
ચીફ કમીશ્નર.

તા. ૧૯-૧૦-૧૯૪૮

જુ. જા. નં. ૪૩૩૪ ઠરાવ

કેળવણી ખાતાનાં નં ૪૩૩ તા. ૫-૧૦-૪૮ વાળાથી પુરા થતા તુમારે થઇ આવેલ ભલામણ ધ્યાનમાં લઇ કચ્છના કેળવણી ખાતા તરફથી નકકી થએલ ધારા ધોરણ પ્રમાણે સ્કુલ ચલાવવાની શરતે માંડવી તાલુકે ગામ શીરવાની " શ્રી ભાનુશાળી ખાનગી ગુજરાતી અંગ્રેજી પાઠશાળા" ને માન્ય રાખવાની પરવાનગી આપવામાં આવે છે,

તા. ૨૦-૧૦-૧૯૪૮.

C. K. Desai.
ચીફ. કમીશ્નર, કચ્છ.

No. 2969 of 1948. NOTIFICATION.

The Notification No. 2803 dated the 30th September 1948, published in the Extraordinary issue of the Kutch Government Gazette dated the 1st October 1948, should be read with the following amendment inserted therein.

4th Para-last line.

Read " The Sea Customs Order, 1945 " instead of " Sea Customs Order, 1948 ".

Office of the
Chief Commissioner for Kutch,
Bhuj, 15th Oct. 1948.

K. V. Bhatt
Secretary to Government.

No. 3003 of 1948. NOTIFICATION.

The following Press Note received under letter No. F. 68-IC/48 dated 27/28th September 1948 from the Government of India, Ministry of States, is published for the information of the public.

Office of the
Chief Commissioner for Kutch
Bhuj, 15th October 1948.

K. V. Bhatt
Secretary to Government.

MINISTRY OF EXTERNAL AFFAIRS & COMMONWEALTH RELATIONS.

" Consequent on the signature of the Debt Settlement Agreement between India and France, the French Government have agreed to allow remittances from Indo-China for the maintenance of the families in India of Indians residing in French Indo-China at a limited scale. The Government of India have in addition agreed for a limited period to advance upto Rs. 200/- per mensem subject to a maximum of Rs. 50,000/- per mensem in cases of proved hardship against deposit of equivalent piastres with the Indian Consul at Saigon. Application from persons now residing in India and desiring remittance facilities should be sent to the Indian Consul at Saigon through the Provincial Governments. "

No. 3075 of 1948. NOTIFICATION.

The following Notification received with letter No. F. 2(72)-IA/48 dated 30th September 1948 from the Government of India, Ministry of States, is published for the information of the public.

Office of the Chief Commissioner
for Kutch. Bhuj, 19 Oct. 1948.

K. V. Bhatt
Secretary to the Government.

GOVERNMENT OF INDIA.

AIR TRANSPORT LICENSING BOARD.

Dated the 22nd September 1948.

NOTIFICATION.

No. ATL 6-21(48). It has been decided by the Air Transport Licensing Board that the applications which were received by the Board before the 17th January 1947 and which have not yet been finally disposed of by the Board should be taken up for consideration with a view to the issue of licences covering a maximum period of five years. The Board have also decided that

928

intending air transport operators should be given an opportunity, if they so desire, to submit fresh applications in accordance with the relevant Indian Aircraft Rules 1937, before the applications now pending before the Board are taken up for consideration. Under Rule 137 of the Indian Aircaaft Rules 1937, the Air Transport Licensing Board have appointed the 15th December 1948 as the last date up to which such applications will be received for this purpose.

2. The ban imposed by the Air Transport Licensing Board on the receipt of fresh applications for licence to operate Air Transport Services in India is accordingly hereby lifted. It is however notifited that any applications received by the Director General of Civil Aviation after the 15th December 1948 will be considered by the Air Transport Licensing Board only after all applications which are now pending before the Board or which are received before the 15th December 1948 in response to paragraph 1 above have been disposed of and licences have been issued to suitable applicants on the basis of those applications.

3. Intending applicants for licences are advised to satisfy themselves before submitting applications, that adequate facilities exist for the operation of air services on the routes in respect of which they wish to apply for licences. Applications which are submitted without taking into account the facilities to operate the services or the traffic potential on the routes will naturally stand little chance of consideration.

IN THE HIGH COURT OF JUDICATURE AT BHUJ-KUTCH

Bhuj. 19th Octo. 1948.

To H. C. O. No 2716.

Pushpkant Jugalram Antani LL. B.

In conformity with section 12 of the Kutch High Court, Act, you are hereby approved, admitted and enrolled as a pleader and thus allowed to practise in the Bhuj. Court.

J. D. Rana.
Chief Justice, High Court.

OFFICE OF THE COLLECTOR OF CUSTOMS - KUTCH

C. O. C. No. 8802/48. Bhuj, the 18th October. 1948.

PUBLIC NOTICE

In accordance with this Office Notice No. 8662 dated 13th September 1948, the public is hereby informed that the Auction Sale of the following goods will take place at Mandvi Customs House at 4.00 P. M. on WEDNESDAY, the 3rd NOVEMBER 1948. The intending purchasers should remain present at the time of auction sale at the specified time and date :-

1.	Bag	Dry Chillies.
1.	,,	Cotton-seeds.
5	,,	Salt.

The sale will be subject to the approval by the Collector of Customs, Kutch.

The Collector of Customs reserves the right to reject the highest bid for any lot without assigning any reasons for the same.

K. S. NARSINH
Assistant Collector of Customs, Kutch.

જા. નં. ૮૮૫

શ્રી ભુજ કોર્ટ

દાવાનો નંબર ૭૩ સંવત ૧૯૯૪

ઠા મંગલજી મુરારજી વી. હાજાપર વાદી

શોઢા હનુજી ડોશાજી વી. ખીરસરા પ્રતિવાદી

દાવો

સુખડીની વ્યાજ સહીત કોરી ૨૭૪૬ મળવા બાબત ખીરસરાના રહેનાર શોઢા હનુજી ડોશાજીને માલમ થાય જે વાદીએ તમારા ઉપર સુખડીની વ્યાજ સહીત કોરી ૨૭૪૬ મળવા બાબતનો દાવો કર્યો છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, તા. ૨૩-૧૧-૪૮ ને રોજ સવારના ૧૦॥ વાગતે ઉપર કહેલા વકીલના દાવાના જવાબ આપવા સારૂ આ અદાલતમાં તમારે જાતે અથવા અદાલતના જે વકીલને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય તે વકીલની મારફતે હાજર થવું. તમારી હકીકત સમજાવી શકે તથા દાવાના સવાલ જરૂરીઆત સવાલના જવાબ કહે એવા કોઇ બીજા યોગ્ય રીતે અધીકાર અપાએલા માણસને વકીલની સાથે હાજર રાખવો અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો ઉપર લખેલે દીવસ તમે એ પ્રમાણે હાજર નહી થાઓ તો તમારી ગરહાજરીમાં મુદા ઠરાવવામાં આવશે અને વધી જવા આગે હોને તથા તમારા જવાબમાં પુષ્ટિમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે હોતા આપજો અથવા તમારા વકીલ સાથે મોકલજો.

મિતી તા. ૧૩-૧૦-૪૮

B. N. Mehta

ભુજ ઓડી. ન્યાયાધીશ

નં. ૪૦૦૭

શ્રી માંડવી ફ. ક મેજીસ્ટ્રેટ કોર્ટ તરફથી.

માંડવીના જોસી લાભશંકર મુળજી ને આથી ખબર આપવામાં આવે છે કે, માંડવીના શા શાન્તીદાસ નારાચંદે તમને ભાડે આપેલ વાડો મકાન સહીત કબજે મળવા દેશ સીરસ્તા સંગ્રહની કલમ ૫૦) મુજબ કબજે મળવા અરજ કરી છે માટે આ નોટીશ છપાવાની તારીખથી એક માસની અંદર હાજર થઇ જે કહેવું હોય તે કહેવા હાજર થજો નહીતર કાયદેસર થશે.

તા. ૪-૧૦-૪૮

Vrajlal. H. Dholakia.

માંડવી ફ. ક. મેજીસ્ટ્રેટ

નં. ૪૦૦૮

શ્રી માંડવી ફ. ક મેજીસ્ટ્રેટ કોર્ટ તરફથી

વાજા ટોપણ તુલસીદાસને આથી ખબર આપવામાં આવે છે કે માંડવીના શા. ક. પરશોત્તમ જેઠાએ તમને ભાડે આપેલ જગ્યા દેશ સીરસ્તા સંગ્રહની કલમ ૫૦) મુજબ કબજે મળવા અરજ કરી છે માટે આ નોટીશ છપાવાની તારીખથી એક માસની અંદર હાજર થઇ જે કાંઇ કરવું હોય તો હાજર થજો નહીતર મુદત વીતે કાયદેસર થશે.

તા. ૪-૧૦-૪૮

Vrajlal. H. Dholakia.

માંડવી ફ. ક. મેજીસ્ટ્રેટ

નં. ૪૦૦૯

શ્રી માંડવી ફ. ક મેજીસ્ટ્રેટ કોર્ટ તરફથી

માંડવીના તુરીયા કસમ કલ્યાણમને આથી ખબર આપવામાં આવે છે કે માંડવીના વોરા મસકજી મહમદભાઇએ પોતાનું હાટ તમને ભાડે આપેલ તે તમારો પોતાનો હોવા વગેર અરજ કરી દેશ સીરસ્તા સંગ્રહના કલમ ૫૦) મુજબ ભાડે આપેલ હાટ કબજે મળવા અરજ કરી છે માટે આ નોટીશ છપાવાની તારીખથી એક માસની અંદર હાજર થઇ જે અરજ કરવા હોય તે કબજે મુદત વીતે ભાડે આપેલ હાટ રીતસર કબજે આપવામાં આવશે.

તા. ૪-૧૦-૪૮ સોમે

Vrajlal. H. Dholkia

માંડવી ફ. ક. મેજીસ્ટ્રેટ

નં. ૪૦૧૦

શ્રી માંડવી ફ. ક મેજીસ્ટ્રેટ કોર્ટ તરફથી

માંડવીના ગાંધી સીધીક કાસમને આથી ખબર આપવામાં આવે છે કે માંડવીના વોરા તલકભાઇ અલીભાઇ તરફના નામની પહીલટ કરનાર વોરા કાસમે અબાસ તેયબભાઇએ તમને ભીડવાલા નાકાબાર પાંજરા પોળ પાસે ભાડે આપેલ વાડો તેમાં હાટ પાંસુ તમને ભાડે આપેલ છે તે દેશ સીરસ્તા સંગ્રહના કલમ ૫૦) મુજબ કબજે મળવા અરજ કરી છે માટે આ નોટીશ છપાયાની તારીખથી એક માસની અંદર હાજર થઇ જે કાંઇ કરવું હોય તો હાજર થશે નહીતર મુદત વીતે કાયદેસર થશે.

તા. ૪-૧૦-૪૮ સોમે

Vrajlal. H. Dholakia.

માંડવી ફ. ક. મેજીસ્ટ્રેટ

નં. ૪૧૦૬

શ્રી માંડવી ફ. ક. મેજીસ્ટ્રેટ કોર્ટ તરફથી

માંડવીના શેઠની શાંતુ ધનજીને આથી ખબર આપવામાં આવે છે કે માંડવીના શા શાન્તીદાસ તારાચંદે તમોને ભાડે આપેલ જગ્યા દેશ સીરસ્તા સંગ્રહની કલમ ૫૦) મુજબ કબજે મળવા અરજ કરી છે માટે

જગ્યા તેને રીજીશર ખબરથી કબજો સોંપવામાં આવેલ છે માટે અરજદારે કરેલ અરજ સંબંધમાં તમારે જે કરવુ હોય તે આ નોટીશ છપાયાની તારીખથી એક માસની અંદર હાજર થઈ અરજ કરશો મુદત વીતે કાંઇ સાંભળવામાં નહી આવે.

તા. ૧૧-૧૦-૪૮.

Vrajlal. H. Dholakia.
માંડવી ફ. ક. મેજીસ્ટ્રેટ.

શ. નં. ૨૬૪૯
દી. કાય ૧૦૮/૧૯૪૮

મેતા લીલાધર કરમચંદ ભીમાસર વાદી
સાંચી ભચુ ખીમા વી. એજ પ્રતીવાદી

દાવો લેણાં બાબત

જીનાસાના સાંચી ભચુ ખીમાન મારફત થાય જે આ વાદીએ તમારા પર કોરી ૧૧૧૪) મળવા દાવો કર્યો છે તે સંબંધી જવાબ આપવા તમો આ કોર્ટમાં આ સમન્સ ગેઝેટમાં છપાયાની તારીખથી માસ ૧ની અંદર હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે.

તા. ૧૫-૧૦-૪૮

મણીલાલ. ચુનીલાલ.
મે રાપર ન્યાયધીશ સા. ના હુ. થી.

શ. નં ૨૬૫૦
દી. કાય નં. ૧૫૫/૧૦૦૪

હાજીઆણી વસ્તા વી. રાપર વાદી
ફકર નરશંગ ભખમીચંદ એજ પ્રતિવાદી

દાવો જગ્યાનો કબજો મળવા

મુંબઇ મધ્યે હાલે લખ્યા શબ્દોને માલુમ થાય જે આ વાદીએ તમારા પર જગ્યાનો કબજો મળવા દાવો કર્યો છે તે સંબંધી જવાબ આપવા તમો આ સમન્સ ગેઝેટમા છપાયાની તારીખથી માસ ૧ની અંદર હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેસર થશે

તા. ૧૫-૧૦-૪૮

મણીલાલ. ચુનીલાલ.
મે રાપર ન્યાયધીશના હુકમથી.

શ. નં. ૨૬૫૨
ગ્યા. દી. સ. ૫૧૧/૨૦૦૩

શ્રી રાપર અદાલત

જોશી માનકુંવર લાધા પળાસવા વાદી
પરમાર નાગેરી સંઘડ પળાસવા પ્રતીવાદી

દાવો ખેતર છોડાવવા

પળાંસવાના પરમાર લાખા ઉર્ફે જુદા તોરાને માલુમ થાય જે આ વાદીએ તમારા પર દાવો કર્યો છે તે સંબંધી જવાબ આપવા તમો આ કોર્ટમાં આ સમન્સ ગેઝેટમાં છપાયાની તારીખથી માસ ૧ની અંદર હાજર થજો નહીંતર મુદત વીતે કાયદેશર થશે

તા ૧૫-૧૦ ૪૮

મણીલાલ. ચુનીલાલ.
મે. રાપર ન્યાયાધીશ ના હુ.થી.

જાહેર ખબર.

થી રાપર અદાલત તરફથી.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ ઓફીશમાં નીકાલ થઈ ગયેલ દાવાની ફોજદારી કામેમાં પક્ષકારો તરફથી ભરવામાં આવેલ અમાનત રકમો અહીંના દફતરે જુના વખતથી જમાં રહે છે

પક્ષકારોના કેશોનો નીકાલ થઈ ગયા બાદ ત્રણ વરસ સુધીમા અમાનત રહેલી રકમ જે પક્ષકારની રહેલી હોય તે લઇ ન જાય તો તેની રકમ ત્રણ વરસ બાદ રીતસર ઇચ્છા સરકાર દાખલ કરવામાં આવશે.

સબબ ઉપર જણાવ્યા મુજબ નીકાલ થઇ ગયેલ કામોની હાલ સુધી જે અનામત રકમો અહીંના દફતરે જમાં રહેલી હોય તો તે પૈકી જે રકમ ત્રણ વરસથી વધારે મુદતની હોય તો તે જેની હોય તેણે આ જાહેર નોટીશની તારીખથી માસ ૨ બેની અંદર અમારી આગીશે હાજર થઈ ખાત્રી પુરાવો રજુ કરી લઇ જવી.

ઉપરહુ નોટીશની મુદત પુરી થયે કોઇ શખ્શ લેવા હાજર નહી થાય તો તેવી રકમો કચ્છ સરકાર દાખલ કરવામાં આવશે એવી આથી જાહેર જનતાને ચેતવણી આપવામાં આવેછે.

Thakeashi. P.
રાપર ન્યાયાધીશ.

શ્રી રાપર અદાલત.

ખા. દી. તામીલ નાં. ૧૨૪ સાં ૨૦૦૫

મોરબીયા રાયસંગજી જીવરાજ રાપર વાદી
શોઢા કાશમ વીરસ સીંધ પ્રતિવાદી

કોરી ૮૨૩ની તામીલ થવા બાબત

સીંધ મધ્યે શોઢા કાશમ વીરમને માલુમ થાય જે વાદીએ સાં. ૨૦૦૪ના પોશ સુદ ૫ શુક્રવાર રોજ થએલ ઠરાવ મુજબ ખર્ચ સહીત કોરી ૮૨૩ મળવાની તામીલ દરખાસ્ત રજુ કરેલ છે માટે આ નોટીશ શ્રી કચ્છ રાજ્ય પત્રની અંદર છપાયાની રોજ ૧૫માં વાદીની તામીલ બજવણી કરજો નહી તો કાયદેશર થશે.

મિતી તા. ૧૧-૧૦-૪૮. શોમવાર

મણીલાલ ચુનીલાલ
રાપર ન્યાયાધીશ ના હુથી.

શ્રી લખપત અદાલત.

ખા. દી. કામનાં ૭૨ શા૦૨૫

ઠા કલ્યાણજી મેઘજી લખપત વાદી
હોથી દેશરજી આજના વારસો પ્રતિવાદી

કોરી ૫૬૦ મળવા બાબત

ગુનેરી મધ્યે હોથી નારણજી દેશરજીને માલમ થાય જે આ કામના વાદીએ તમારા ઉપર શદ્દુ દાવો કરેલ છે તેનો જવાબ આપવા તમે આ કોર્ટમાં સવારના બપોરનાં ૧૦ વગે શા, ૨૦૦૫ના કારતક વદ ૫ શોમે તા. ૨૧-૧૧-૪૮ રોજે અને ત્યારપછી હુકમ ત્યારે ત્યારે હાજર થજો નહીંતો કાયદેશર થશે

મીતિ તા. ૨૦-૧૦-૪૮. શાં ૨૦૦૫

પુંડરીકરાય મહાદેવ પાઠક
લખપત ન્યાયાધીશ. નખત્રાણા સબજ

શ્રી લખપત અદાલત.

ખા. દી. કામનાં ૩૭ શા. ૨૦૦૫

ઠા કલ્યાણજી મેઘજી લખપત વાદી
હોથી હમીરજી આશરીઆજી પ્રતવાદી

તમોક હીસાબમાંથી કોરી ૧૩૦૦ મળવા બાબત

ભુજ તલુકે દેશલપર મધ્યે હોથી તેજમાલજી ભાણસંગજીને માલમ થાય જે આ કામનાં વાદીએ તમારા ઉપર શદ્દુ દાવો કરેલ છે તો જવાબ આપવા તમે આ કોર્ટમાં સવારનાં બપોરનાં ૧૦ા વાગે શાં. ૨૦૦૫ના કારતક વદ ૫ ભોમે તા. ૨૧-૧૧-૪૮ રોજે અને ત્યાર પછી હુકમ ત્યારે ત્યારે હાજર થજો નહીતો કાયદેશર થશે.

મીતી ૨૦-૧૦-૪૮. શાં. ૨૦૦૫

પુંડરીકરાય મહાદેવ પાઠક
લખપત ન્યાયાધીશ. નખત્રાણા સબજ

પ. જા. નાં ૬૯૮ જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના નાગર કાંતીલાલ મોહનરાય કાપડીએ ભુજના નાગર બ્રાહ્મણ વોરા પ્રાણલાલ ફુલશંકર પાસેથી જગ્યા એ કોરી (૧૪૫૦૦) ચઉદ હજાર પાંચસોમાં બધાટ વેચાણ લેતાં તેનો દસ્તાવેજ શાં ૨૦૦૫ના આસુ સુદ ૯ સોમેની મીતીનો રજીસ્ટર થઇ છાપો થવા માટે અહીં આવેલ છે તે જગ્યા ઉપર કોઇનો હક હીસો કે લહેણો લખો હોય તો તેમણે એક માસની અંદર અહીંની કચેરીએ હાજર થઈ જાહેર કરવું મુદત વીત્યાબાદ કોઇનું કાંઇ નહીં સાંભળતાં છાપો કરી આપવા ઘટીત કરવામાં આવશે.

તા. ૨૨-૧૦-૪૮. સુક્રવાર

વાઘજી રતનશી
ભુજ વહીવટદાર ડી. શ.

પ. જા. નાં. ૬૯૯ જાહેર ખબર

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે ભુજના સોની મોતીરામ મેરાજીએ ભુજના વોરા સાદકઅલી મહમદઅલીના પાવરદાર વોરા નુરૂદીન ગુલામ હુસેન પાસેથી હાટ ૧ એક કોરી ૨૪૦૦૦, ચોવીસ હજારમાં બધાટ વેચાણ લેનાં તેનો દસ્તાવેજ સા. ૨૦૦૫ના ભાદરવા વીદ ૯ સોમેની મીતીનો રજીસ્ટર થઇ છાપો થવા માટે અહીં આવેલ છે માટે તે હાટ ઉપર કોઇનો હક હીસો કે લહેણો લેખો હોય તો તેમણે એક માસની અંદર અહીંની કચેરીએ હાજર થઈ જાહેર કરવું મુદત વીત્યા બાદ કોઇનું કંઇ નહીં સાંભળતાં છાપો કરી આપવા ઘટીત કરવામાં આવશે.

તા. ૨૨-૧૦-૪૮. સુક્રવાર.

વાઘજી રતનશી
ભુજ વહીવટદાર ડી. શ.

— : જાહેર સુચના : —

નીચેની ખાનગી જાહેર ખબરો વગેરે છપાયાથી તેમાંની હકીકતને શ્રી કચ્છ રાજ્યની ખાલી અગર મંજુરી મળે છે એવું સમજવાનું નથી.

ખાનગી જાહેર ખબર.

અમો નીચે સહી કરનાર ભુજના કસારા સોની મોહનલાલ માધવજી તથા જવેરલાલ માધવજી આ નોટીશથી અમારા માતુશ્રી નેણબાઈ વેલજીને તથા સર્વ લોકોને ખબર આપીએ છીએ કે અમારી મા "જાતમ ખાવા અઉ છું" જોરૂ કહી ચાલતી સાલના શ્રાવણ વીદ ૭ ના સવારના ૧૦ વાગ્યાથી કટલાંક ઘરેણાં પહેરી તથા સાથે લઈ પોતાનાં બાપ વેલજી ભાણજીને ત્યાં ભાગી ગયા છે અને હાગીના આપતાં નથી વળી એવું આથી જાહેર કરીએ છીએ કે જો આ જાહેર ખબર છપાયાની તારીખથી રોજ ચાર ની અંદર તમામ દાગીના અમને તે સોપસે નહી તો પછી સલાહ મળ્યા મુજબ અમે ફોજદારી અથવા દીવાની રાહે ઇલાજ લેશું તથા તેના ભરણ પોષણની જવાબદારી પણ અમારી નથી તથા મુદત વીતે અમારી સાથે રહેવા પણ દેશું નહીં તેથી કોઇએ પણ એ નેણબાઇને કાંઈ દાગીના ઉપર કે બીજી રીતે લેતી દેતી કરવી

નહીં નહીંતર તેના જવાબદાર લેનાર દેનાર થશે

તા ૧૬–૧૦–૪૮.

કંસારા સોની મોહનલાલ માધવજી
ની સહી દઃ પોતાના.

કંસારા સોની ઝવેરલાલ માધવજી
ની સહી દઃ પોતાના.

ખાનગી જાહેર ખબર

આથી સર્વ લાગતા વળગતા લોકોને તથા બળદીઆના લોહાર જેવત વાલજી ને માંડવીના લોહાર જશોદાબાઇ બેચર આ જાહેર ખબરથી ખબર આપું છું કે મારા લગ્ન બળદીઆના લોહાર જેવત વાલજી સાથે ત્રણેક વરસ ઉપર થયા હતા પરંતુ શરૂઆતથીજ મારા ધણીએ તેણીની ભાભીને કારણે મને મારકુટ કરવા માંડી તથા ત્રાસ આપવા માંડયો અને તે પછી છેલ્લા ત્રણ માસ થયા અને તેના ઘરમાંથી ત્રણ લુગડે કાઢી મુકી અને તે ત્યાં નીગવાર બાઈમાણસ ગામ કેરામાં મારા સગાને ત્યાં રહેવા લાગી એટલે ગુસ્સે થઇ મનમાં દ્વેશ આણી મારા ધણીએ મારા સામે પોલીશમાં ચોરીનો ખોટો આક્ષેપ મુકી તપાલ ચલાવી પરંતુ હું ગુનેગાર ન હોવાથી નિરદોશ ઠર્ક છુટી ગઇ આ પછી મૂળ મારા માતાપિતા માંડવીના હોવાથી માંડવી ની લોહાર નીનાત પાસે મારી બાબતમાં મારો ધણી મને ઘરમાં રાખવા માગેછે કે ભરણ પોષણ આપવા માગેછે કે છુટકો આપવા માગેછે તે બાબત ખુલાસો કરવા નાત ભેગી કરી તો માંડવીની નાતે કેરાની લોહારની નાત પાસે જવા કયું તેથી કેરામાં તેજ બાબત માટે નાત ભરવામાં આવી અને તેમાંપણ નાતમાં અગ્રેશરો તરફથી મારા ધણી જેવત વાલજીને હાજર થવાનું કહેવરાવ્યું છતાં તથા ખેપીઓ મોકલ્યા છતાં હાજર ન થતાં નાતના અગ્રેશરો દહીંશરાના લોહાર નથુ વિશરામ, તથા કેરાના લોહાર મંગળ પરશોતમ, તથા લોહાર કુવરજી જેઠા, તથા માંડવીના લોહાર હરીલાલ ભવાન, તથા લોહાર મુળજી બેચર; એમ જણાવ્યું મારા ધણીને ઘેર ગયા અને તેને તે હવે મારી બાબતમાં શું કરવા માગેછે એમ પુછતાં મારા ધણીએ પોતે હું છુટકો આપી દઉં પણ બાઇ ગમે ત્યાં ઘર કરે તેમાં મને વાંધો નથી એમ જણાવતાં નાતે તેને લેખીત છુટકો આપવાનું જણાવતાં તેણે લેખીત ની જરૂર નથી એમ જણાવ્યું અને હવે ભવીષ્યમાં મારી બાબતમાં કયાંય પણ ગેર સમજુત ઉભી ન થાય તેટલા માટે જાહેર ખબર જાહેર જનતાની જાણ માટે છપાવું છું.

આ ઉપરાંત મારા ભાઈ લોહાર મુળજી – બેચરે મારાવતી મારા ધણીને ઉપરની હકીકતનો ખુલાસો કરવા અને જો તે નહીં કરતો જ્ઞાતીના રીવાજ મુજબ બીજે ઠેકાણે ઘર કરાવવા બાબત માં તા. ૧૩–૮–૪૮ ની રજીસ્ટર્ડ નોટીશ કરેલ છે જે તેણે રીફયુઝ કરેલ છે આમ હું જાહેર કરૂં છું કે આ જાહેર ખબર કચ્છ ગેજેટ માં છપાયાની તારીખથી આઠ દીવસમાં જો મારા ધણી આ બાબતમાં કાંઈપણ ખુલાસો કરશે નહી તો તેણે મોઢાનો આપેલ છુટકો કાયમ કરેલ છે અને તે બાબતમાં તેણે કાંઇ કહેવા પણ નથી એમ સમજી હું બીજે ઠેકાણે ઘર કરીશ.

તા. ૧૬–૧૦–૪૮.

લોહાર જશોદાબાઇ બેચર. ની સહી
દઃ મુળજી બેચરના ભાઇના કેવાથી

ખાનગી જાહેર ખબર

અમારા અસીલ માંડવીના ગુ. ચ્યાનગરજી નિર્મળગીરજીના મઠના માલેક ગુ. ગોવિંદગરજી રૂગનાથગરજી તરફથી મળેલ સુચનાથી સર્વ લોકોને ખબર આપવાની કે

અમારા અસીલના મઠનો છોકરો નામે ચંદ્રગર છે તેની વર્તણુંક હાલે સ્વચ્છંદી બની ગઈ છે અને અમારા અસીલની આયનામાં રહેતા નથી. છતાં મઠને ખાતે ગામમાં લેતી દેતી કરી આવે છે પરંતુ તેને તેમ કરવા અધિકાર નથી માટે મજકુર ચંદ્રગરને કોઇએ કાંઇ ધારેલ હશે કે ધીરશે કે તેનાથી કાંઈ લેતી દેતી કરશે તો તે માટે મારા અસીલ કે તેના મઠની મિલ્કત જવાબદાર નથી તેની નોંધ લેવી.

આસુ સુદ ૧૧ બુધે શાં. ૨૦૦૫

તા. ૧૩–૧૦–૪૮.

શુભોધચંદ્ર અમૃતલાલ.
એડવોકેટ,
ગું. ગોવીંદગરજી. રૂગનાથગરજી ના વકીલ

ખાનગી જાહેર ખબર

લી. હું નીચે સહી કરનાર મોટી ખાખરના શા. દામજી ઉમરસી આથી સર્વ લોકોને જણાવું છું કે હું અને મારો મોટો ભાઇ વિશનજી ઉંમરસી અગાઉ વડીલની મિલકત ની વહેંચણી કરી શાં. ૨૦૦૦નાં ભાદરવા માસ માં જુદા થઈ ગયા છીએ તેના લખીત કાળા ખામને સામને શાં. ૨૦૦૦નાં ભાદરવા સુદ ૧૩ ના મીતીનાં થયેલ છે.

સદરહુ કાળામ લખ્યા પ્રમાણે જગ્યા ૧ મોટી ખાખર મધ્યેની દવાર ફરીબામાં આવલી તથા વડી સહીત નીચે લખી ચતુર દીશા વાલી શા ધારસી ખીમરાજ પાસેથી અમારા વડીલે અગાટ લીધેલ છે તે જગ્યા તથા વંડી મારે કાળે આવેલ છે તે જગ્યા તથા વંડી હાલે મારા કબજામાં છે

જગ્યા તથા વડી જોડ જોડ હોતાં તેની ચતુર દીશા

૧. ઉગમણી કોર ,, રસ્તો છે.
૨. ઉત્તરાદીકોર ,, મેઘજી શીવજીની જગ્યા છે.
૩. આથમણી તરફ ,, મહુ લાલજીના વંડોછે.
૪. દખણાદી કોર ,, રસ્તો છે.

સદરહુ જગ્યાનો અને વડીનો એકજ દસ્તાવેજ મારા પિતા ઉમરસી વેલજીનાં ધનીક નામનો અને ધારસી ખીમરાજનાં મતાંનો અગાટ હયીશવારનો મારા ઘરમાં મારા કબજામાં હતો, સદરહુ દસ્તાવેજ મારી બીમારીનાં વખતમાં ઘેર વસે ગયો હોય એમ મને જણાય છે કારણ કે હાલે દસ્તાવેજ મારા ઘરમાં શોધતાં મને મળતો નથી. જેથી આ જાહેર ખબરથી સર્વ લોકોને જાણ કરૂં છું કે સદરહુ દસ્તાવેજ મારી માલીકીનો છે તેમાં બીજા કોઈનો હક નથી. જેથી કોઈને પણ સદરહુ મારો દસ્તાવેજ હાથ લાગો હોય અગર જેના કબજામાં તે દસ્તાવેજ હોય તેણે આ જાહેર ખબરની તારીખથી ૧ એક માસની અંદર મને સોંપી આપવો તેમાં ઢીલ કરવી નહી નહીતર તે બાબત કાયદેશર પગલાં ભરવામાં આવશે. વળી મારી સદરહુ જગ્યાનાં સદરહુ દસ્તાવેજ ઉપર કોઇએ પણ કાંઈપણ પઈસા વ્યાજુ કે વગર વ્યાજુ ઉપાડવા નહીં તેમ કોઈએ પણ મારી તે જગ્યાનાં ખત ઉપર ધીરધાર કરવી નહી તેની આથી હું મનાઈ કરૂં છું છતાં જો કોઇ એવી ધીરધાર હક વગરનાં માણસ સાથે કરશે તો તેની જોખમદારી મારી જગ્યા ઉપર રહેશે નહી પણ તેના અગ ઉપર રહેશે એમ સહુએ જાણવું.

શાં. ૨૦૦૫ નાં આસુ સુદ ૯ ને સોમે.
તા. ૧૧–૧૦–૪૮.

શા. દામજી ઉંમરસીની સહી દઃ પોતાના.

જાહેર ખબર

